Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧)

(ગાથા ૧થી ૭, શ્લોક-૧થી ૩, પ્રવચન ૧થી ૨૯)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ

સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

| | | |
|---|---|---|
| વિક્રમ સંવંત<br>૨૦૭૩ | વીર સંવંત<br>૨૫૪૩ | ઈ. સન<br>૨૦૧૭ |

**પ્રકાશન**
તા. ૨૩-૩-૨૦૧૭
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યક્જયંતિ

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય
તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ


૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

આ પ્રવચનોના પ્રથમ ચાર ભાગ પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યક્ત્વ જયંતિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યાં છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી સુનીલભાઈ શાહ, મુંબઈ, શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધીનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર

કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૮–૦૭–૧૯૬૬ | શ્લોક–૧, ૨ | ૦૦૧ |
| ૨ | ૨૯–૦૭–૧૯૬૬ | શ્લોક–૧ | ૦૧૭ |
| ૩ | ૩૦–૦૭–૧૯૬૬ | શ્લોક–૨ | ૦૩૨ |
| ૪ | ૩૧–૦૭–૧૯૬૬ | શ્લોક–૨, ૩ | ૦૪૬ |
| ૫ | ૦૨–૦૮–૧૯૬૬ | ગાથા–૧ | ૦૬૨ |
| ૬ | ૦૩–૦૮–૧૯૬૬ | ગાથા–૧ | ૦૭૭ |
| ૭ | ૦૪–૦૮–૧૯૬૬ | ગાથા–૧–૨ | ૦૯૩ |
| ૮ | ૦૫–૦૮–૧૯૬૬ | ગાથા–૨ | ૧૦૮ |
| ૯ | ૦૬–૦૮–૧૯૬૬ | ગાથા–૨ | ૧૨૪ |
| ૧૦ | ૦૭–૦૮–૧૯૬૬ | ગાથા–૨ | ૧૪૦ |
| ૧૧ | ૦૮–૦૮–૧૯૬૬ | ગાથા–૩ | ૧૫૩ |
| ૧૨ | ૧૦–૦૮–૧૯૬૬ | ગાથા–૩ | ૧૬૮ |
| ૧૩ | ૧૧–૦૮–૧૯૬૬ | ગાથા–૩ | ૧૮૪ |
| ૧૪ | ૧૨–૦૮–૧૯૬૬ | ગાથા–૩ | ૨૦૦ |
| ૧૫ | ૧૩–૦૮–૧૯૬૬ | ગાથા–૩–૪ | ૨૧૫ |
| ૧૬ | ૧૪–૦૮–૧૯૬૬ | ગાથા–૪ | ૨૩૦ |
| ૧૭ | ૧૫–૦૮–૧૯૬૬ | ગાથા–૪ | ૨૪૫ |
| ૧૮ | ૧૬–૦૮–૧૯૬૬ | ગાથા–૪ | ૨૫૯ |
| ૧૯ | ૧૭–૦૮–૧૯૬૬ | ગાથા–૪–૫ | ૨૭૩ |
| ૨૦ | ૧૭–૦૮–૧૯૬૬ | ગાથા–૫ | ૨૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૧૯–૦૮–૧૯૬૬ | ગાથા–૫–૬ | ૩૦૧ |
| ૨૨ | ૨૦–૦૮–૧૯૬૬ | ગાથા–૬ | ૩૧૬ |
| ૨૩ | ૨૧–૦૮–૧૯૬૬ | ગાથા–૬ | ૩૨૯ |
| ૨૪ | ૨૨–૦૮–૧૯૬૬ | ગાથા–૬ | ૩૪૧ |
| ૨૫ | ૨૩–૦૮–૧૯૬૬ | ગાથા–૬ | ૩૫૪ |
| ૨૬ | ૨૪–૦૮–૧૯૬૬ | ગાથા–૬ | ૩૬૮ |
| ૨૭ | ૨૫–૦૮–૧૯૬૬ | ગાથા–૬–૭ | ૩૮૩ |
| ૨૮ | ૨૬–૦૮–૧૯૬૬ | ગાથા–૭ | ૩૯૭ |
| ૨૯ | ૨૭–૦૮–૧૯૬૬ | ગાથા–૭ | ૪૧૦ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૧)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**પ્રથમ શ્રાવણ સુદ ૧૧, ગુરુવાર તા. ૨૮-૦૭-૬૬**
**શ્લોક-૧, ૨. પ્રવચન-૧**

'સમયસાર', 'કુંદકુંદાચાર્ય' કૃત. સભામાં ચૌદ વાર પહેલેથી શરૂ થઈને પૂરું થઈ ગયું છે. આ પંદરમી વાર ચાલે છે. અને આમાં પહેલું '**वंदित्तु सव्वसिद्धे**' પહેલું આવે છે ને? સિદ્ધને નમસ્કાર-ચૌદ ગુણસ્થાનની પારને નમસ્કાર કર્યો છે ને? એનું શરૂઆતને પાને છે. '**ૐ શ્રી સર્વજ્ઞ વીતરાગાય નમઃ**' જુઓ! ૐ ભગવાનની ધ્વનિ છે. સર્વજ્ઞ પરમેશ્વર અભેદ પૂર્ણ વીતરાગદશાને પામ્યા એટલે એમની ધ્વનિ ૐ નીકળે છે. એ ૐ પાંચ પદરૂપ છે અથવા ૐ ધ્વનિ જ નીકળે છે. 'ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' એ 'બનારસીદાસ'માં આવે છે. ૐ એવો અવાજ અંદરથી આખા શરીરે (આવે છે). આ હોઠ આદિ હલે નહિ. આખી અખંડ વસ્તુ પ્રગટ થઈ છે એટલે અવાજ પણ આખા શરીરમાંથી ૐ ધ્વનિ આવે છે. પછી એને નિરક્ષરી કહો, સાક્ષરી કહો, જેમ તેને કહેવું હોય ઈ.

'**ૐ સર્વજ્ઞ વીતરાગાય નમઃ**' શ્રી સ્વરૂપલક્ષ્મીને પામેલા સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ જણાઈ ગયા છે એવા વીતરાગ-રાગના નાશવાળા, સર્વજ્ઞની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ એને હું નમસ્કાર કરું છું. ધર્મનું મૂળ સર્વજ્ઞદેવ છે. સમજાય છે કાંઈ? ૐ ધ્વનિથી ભગવાનની વાણીમાં (ધર્મ) નીકળ્યો માટે પહેલો ૐ અને સર્વજ્ઞદેવ ધર્મના મૂળ છે. કેમકે એમણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા એવું જ જ્ઞાનનું અને આત્માનું સ્વરૂપ છે. તેથી તે આત્મા જેને આવી પ્રગટ દશા થઈ, એને પહેલો નમસ્કાર કર્યો.

શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ :

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।१।।**

બિન્દુ સહિત ૐકારને યોગીઓ નિત્ય ધ્યાવે છે. કામના દેનારા એટલે? જ્યાં હજી અપૂર્ણ વીતરાગ દશા હોય છે, પુણ્ય આદિને આપનારા પણ ૐ કાર છે. અને તીર્થંકરપદ આદિ પદ આપનાર છે. '**मोक्षदं**' અને આત્માની પૂર્ણ આનંદ દશાને પણ આપનાર છે એવો જે ૐકાર. '**ॐकाराय नमो नमः**' એવા ૐ કારને નમોનમઃ, નમસ્કાર હો, નમસ્કાર હો! ભગવાનની ૐધ્વનિ સમવસરણમાં મધ્યમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં નીકળે છે. એવા ૐ ને સ્મરણ કરીને તેને નમસ્કાર કરીએ છીએ.

**अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलंका।**
**मुनिभिरूपासिततीर्थां सरस्वती हरतु नो दुरितान्।।२।।**

'**अविरलशब्दघनौघ**' જેના શબ્દની ધારામાં વિરલ નામ ફૂટાતું, તોડાતું નથી. ભગવાનની વાણી કે સંતોની વાણી જે નીકળી, '**अविरलशब्द**' વિરલ નહિ, છૂટા-છૂટા એમ નહિ, થોડા નહિ. એક ઘન જેમ વરસાદ મૂસળધાર વરસતો હોય એમ ભગવાનની વાણી દિવ્યધ્વનિ મૂસળધારની પેઠે વરસે છે. એવા '**अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतल**' આ જગતના ભૂતલના એટલે લોકના, મલરૂપી કલંક, એને ધોઈ નાખ્યા છે. મૂસળધાર વરસાદ. ભગવાનની વાણી, સર્વજ્ઞ પરમેશ્વરની એવી વાણી નીકળી કે જગતના મળરૂપી કલંક ધોઈ નાખ્યા છે. સંસારનો મેલ વીતરાગી પરમાત્માના આનંદના આશ્રયે એ વાણીમાં એ આવ્યું, તેથી વાણીએ મળ ધોઈ નાખ્યા છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું ?

'**मुनिभिरूपासिततीर्थां**' એ તીર્થસ્વરૂપ છે. સંતોએ સરસ્વતીની સેવા કરી છે. વાણી સર્વજ્ઞ અનુસારિણી છે એથી વાણીને પણ તીર્થ તરીકે મુનિઓએ સેવા કરી છે, એમ કહે છે. '**सरस्वती**' એવી વાણી. '**हरतु नो दुरितान्**' '**नो**' અમારા '**दुरित**' ને હરો. એ તો પોતાની ભાવના છે ને ! મળના પરિણામ અમારા નિર્મળાનંદને આશ્રયે ટળો એવું સરસ્વતી શાસ્ત્રને વંદન કરીને નમસ્કાર કરીને ભાવના કરી છે.

**अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।**
**चक्षुरून्मीलितं येन तस्मै श्रीगुरवे नमः।।३।।**

ગુરુ. '**अज्ञानतिमिर**' જુઓ ! ૐ કારમાં પહેલા દેવ આવ્યા. પેલામાં શબ્દ શાસ્ત્ર આવ્યા, હવે ગુરુ આવ્યા. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, એમ આવે છે ને પૂજામાં પણ ? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. એટલે દેવ આવ્યા ૐકારમાં, શાસ્ત્ર આવ્યા શબ્દમાં, અજ્ઞાનતિમિરમાં આવ્યા ગુરુ. એવી પદ્ધતિ ચાલી આવે છે. '**अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया**' જ્યાં અજ્ઞાનરૂપી અંધકારથી જે અંધ હતા, તેના નેત્ર જેણે જ્ઞાનરૂપી અંજનશલાકા દ્વારા ધોઈ નાખ્યા છે-ખોલી નાખ્યા છે. '**चक्षुरून्मीलितं**' ચક્ષુ જે ઢંકાયેલ હતી તે ખોલી નાખી છે. એને '**येन**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**तस्मै श्रीगुरवे नमः**' એવા સંતોને, ગુરુને અમે નમસ્કાર કરીએ છીએ.

'**श्रीपरमगुरवे नमः**' પરમગુરુ સર્વજ્ઞદેવને નમસ્કાર. '**परम्पराचार्य गुरवे**' પરંપરાએ જે આચાર્ય આવ્યા એ બધા ગુરુને નમસ્કાર.

'**सकलकलुषविध्वसंकं**' આ શાસ્ત્ર સકળ કલુષિતનો વિધ્વંસ કરનારું છે. '**श्रेयसां परिवर्धकं**' શ્રેયનું '**परिवर्धकं**'. શ્રેયને સમસ્ત પ્રકારે વરદાન વધારનારું છે. '**धर्मसम्बन्धकं**' ધર્મનું સંબંધ કરાવનારું છે. વીતરાગ દશા દ્વારા આત્માને સંબંધ કરાવનારું છે. '**भव्यजीवमनः प्रतिबोधकारकं**' ભવ્ય જીવના મનને પ્રતિબોધકારક છે. ભવ્ય નામ લાયક જીવના મનને પ્રતિબોધ કરનારું છે. '**पुण्यप्रकाशकं**' પુણ્યનું પ્રકાશક છે. પુણ્યના અર્થ બે છે. પવિત્રતાનું પ્રકાશક છે અને પુણ્યનું પણ વાસ્તવિક સ્વરૂપ શું છે તેને પ્રકાશનારું છે. અને ધર્માત્માને પુણ્યનો રસ ઉત્કૃષ્ટ બંધાય છે. અજ્ઞાનીને એવો રસ કોઈ દિ' હોય નહિ. સ્થિતિ ઘટી જાય પણ પુણ્યનો ઉત્કૃષ્ટ રસ, અહીં જેમ આત્મા રસમાં, આનંદમાં વધે, એમ ન્યાં અંદરમાં પુણ્ય પ્રકૃતિમાં રસ વધે છે. એવા રસને, અહીં શુદ્ધઉપયોગને, એવા રસને અને પવિત્રતાને પ્રકાશનારું છે.

'**पापप्रणाशकमिदं**' પાપનું નાશ કરનારું છે. '**शास्त्रं श्रीसमयसारनामधेयं, अस्य मूल ग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवा**' આ શાસ્ત્રના મૂળ કર્તા સર્વજ્ઞદેવ છે. ઉત્તરકર્તા '**अस्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः**' બધી અસ્તિ બતાવે છે. સર્વજ્ઞદેવ આના કર્તા, પછી ગણધરદેવ એ બધા હતા, એ વાણીમાં સમયસાર આવું આવ્યું છે. એ દેવ, ગણધરો અને શાસ્ત્ર. એની પ્રતીતિ કરાવે છે અને આ વસ્તુ આ રીતે ચાલી આવે છે. '**प्रतिगणधरदेवास्तेषां**' એના પછી ગણધર, સંતોના ટોળા અને આચાર્ય આદિથી ચાલ્યું આવે છે. એના વચનો અનુસાર ગ્રહણ કરીને '**आचार्य श्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं**' આચાર્ય ભગવાન કુંદકુંદઆચાર્ય મહા આ શાસનમાં અત્યારે ત્રીજે નંબરે કહેવાણા. મંગલં ભગવાન વીરો, મંગલં ગોતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. એવા કુંદુકંદાચાર્યથી વિરચિતં. '**श्रोतारः सावधानतया श्रुणवन्तु**' હે શ્રોતાઓ! જુઓ! સાવધાનીથી, પ્રમાદ રહિત (થઈને) આ વાતને સાંભળો. અમે સમયસાર કહેશું.

**मंगलं भगवान् वीरो मंगलं गौतम गणी।**
**मंगल कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलं।।३।।**

વીર ભગવાન મંગળરૂપ છે, ગૌતમ ગણધર મંગળરૂપ છે, આર્ય કુંદકુંદાચાર્ય મંગળરૂપ છે અને જૈનધર્મ જગતમાં મહામંગળરૂપ છે.

**सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनं।।४।।**

સર્વ મંગલમાં મંગળરૂપ સર્વ કલ્યાણ કરનારું, સર્વ ધર્મોમાં પ્રધાન. સર્વ ધર્મોમાં પ્રધાન એટલે? આત્માના અનેક પ્રકારના વીતરાગી ધર્મોમાં આ જૈનધર્મ મહા પ્રધાન છે. અન્ય ધર્મોમાં પણ આ ધર્મ પ્રધાન છે. બીજામાં એ છે જ નહિ, હોં ! પાછું કો'ક પ્રધાન

કરીને (વળી એમ માને કે) બીજામાં કાંઈક થોડું છે એમ નથી, પ્રધાન કહ્યું ને? કે, આ પ્રધાન છે તો એમાં કાંઈક થોડું હશે. એમ નથી.

જૈનશાસન જયવંત વર્તે છે. **'जैनं जयतु शासनं'** આહાહા..! મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા ત્રિલોકનાથ સીમંધરપ્રભુ દિવ્યધ્વનિ દ્વારા વરસાદ (વરસાવી રહ્યા છે). ધર્મધોરી ધૂરંધર દેવા, ધર્મના ધોરી, ધર્મને હાંકનારા. જેમ મોટા ગાડાને હાંકનારા મોટા બળદ હોય છે, એમ ધર્મના ધોરી ભગવાન છે. આવે છે ને આપણે? સમવસરણ (સ્તુતિમાં) પહેલી લીટી. 'ધોરી ધર્મ ધૂરંધરા'. અમારે પંડિતજીએ (બનાવી છે). ધોરી ધર્મ ધૂરંધરા. એ વીસ તીર્થંકર ભગવાન બિરાજે છે. એમાં આપણે અહીંયા સીમંધર ભગવાન છે. કહો, સમજાણું?

હવે કહે છે, મંગળ શરૂઆત કરે છે. આદિ કહેશે. આદિ મંગળમાં શિષ્યને લઘુ ... થાય માટે આદિમંગળ કહેવામાં આવે છે. મધ્યમંગળમાં એની વ્યુચ્છિતિ ન થાય, અવ્યુચ્છિત રહે, ધારાવાહી રહે માટે અને આખીર મંગળમાં નિર્મળાનંદનો પાર પડે. ત્રણ પ્રકારના માંગલિક કહેવામાં આવે છે. એમાં આ માંગલિક કરે છે, જુઓ!

**'ૐ શ્રી પરમાત્મને નમઃ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય વિરચિત શ્રી સમયસાર.' 'જીવ-અજીવ અધિકાર.'** હવે આ અર્થ કરનાર જયપૂરના જયચંદ્ર પંડિત હતા. એમણે આ હિન્દી ભાષામાં વચનિકા કરી. એમનું આ પહેલું એક માંગલિક છે.

**શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;**
**સમયસાર શાસન કરું દેશવચનમય ભાઈ!**

પરમાત્માને પ્રણમીને. અહો ! પરમાત્મા પૂર્ણ સર્વજ્ઞદેવ છે એની સત્તાનો સ્વીકાર કરીને. એની સત્તાનો સ્વીકાર અંદરમાં કર્યો, એને પ્રણમીને નામ નમસ્કાર કર્યો કહેવાય છે. **'શારદ...'** શાસ્ત્ર. શારદ (એટલે) શાસ્ત્ર જ્ઞાન. અને 'સુગુરુ...' ગુરુ. ત્રણે આવી ગયા. દેવ, શાસ્ત્ર અને ગુરુ ત્રણે એક લીટીમાં આવી ગયા. એને નમીને. દેવને, ગુરુને અને શાસ્ત્રને નમસ્કાર કરીને.

**'સમયસાર શાસન કરું...'** શાસન એટલે શાસ્ત્ર. સમયસાર શાસ્ત્ર કરું. પોતે સમયસાર શાસ્ત્ર નથી કરતા કાંઈ. **'દેશવચનમય'** ભાઈ! ચાલતી ભાષામાં આ સમયસારને કરું છું, એમ કહે છે.

**શબ્દ્‌બ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;**
**મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન-ભોગ.**

શબ્દ્‌બ્રહ્મ અને પરબ્રહ્મનો વાચકવાચ્ય સંબંધ છે. જેમ સાકર શબ્દ છે, સાકર એ વાચક છે. એ સાકર પદાર્થને બતાવે છે. સાકર એ વાચ્ય છે અને સાકર શબ્દ એ વાચક છે. એમ આ સમયસાર શબ્દ એ વાચક છે. વાચ્ય આત્મા છે. એને એ બતાવે છે. સમજાણું કાંઈ? **'શબ્દ્‌બ્રહ્મ પરબ્રહ્મનો...'** પરમબ્રહ્મ અને શબ્દ્‌બ્રહ્મનો **'વાચકવાચ્ય...'** વાચક શબ્દ્‌બ્રહ્મ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે અને પરમબ્રહ્મ એનું વાચ્ય છે. એનો નિયોગ નામ સંબંધ છે.

'**મંગળરૂપ પ્રસિદ્ધ એ,...**' આવું એ મંગળરૂપ. વાચ્ય પરમાત્મા પણ મંગળરૂપ છે અને આ વાણી પણ મંગળરૂપ છે. '**નમું ધર્મધન-ભોગ.**' મારા ધર્મની લક્ષ્મીના અનુભવ માટે. ધર્મનું ધન. મારું આનંદસ્વરૂપ જે ધન, એના અનુભવ માટે હું એને નમન કરું છું. લ્યો, આમાં પહેલી લક્ષ્મી આવી. આ લક્ષ્મી આવી. આખો દિ' પૈસા-પૈસા કરે છે ને? ધન આવ્યું, ધર્મધન આવ્યું.

મુમુક્ષુ :- ધન તો આવ્યું ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નામ તો આવે જ ને! પણ ક્યું ધન? આત્મા રાગરહિત વીતરાગી ચિદાનંદ પ્રભુ છે. એનું અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તે આત્માનું ધન છે. એના અનુભવ માટે હું આ વાણી કરું છું. બીજું મારે કોઈ કામ છે નહિ. આહાહા...!

'**નય નય સાર લહે શુભ વાર,...**' આ ચૌપાઈ છે. પહેલા દોહા હતા. '**પદ પદ માર દહે દુઃખકાર; લયલય પાર ગ્રહે ભવધાર, જય જય સમયસાર અવવિકાર.**' ભગવાન અવિકારી પરમાનંદમૂર્તિ સમયસાર શાસ્ત્ર અને સમયસાર આત્મા. અવિકારી આત્મા પોતે ભગવાન એ કેવો છે? અને શાસ્ત્ર કેવું છે? બન્ને. '**નય નય...**' નયે નયે. નિશ્ચયનય, વ્યવહારનય, ભેદનય, અભેદનય આદિથી જેટલા લખાણ એ '**નયે નયે સાર લહે શુભ વાર,...**' તે તે સમયમાં તે તે નયમાંથી સાર ને લાભ જ નીકળે એવું છે. વ્યવહાર જાણે તો પણ લાભ, નિશ્ચય જાણે (તો પણ લાભ). જાણે તો, હોં!

'**પદ પદ માર દહે દુઃખકાર**' મરણરૂપી દુઃખકાર જે મરણ છે એને પદે પદે શાસ્ત્રના પદે પદે, વાક્યનો મેળ કરીને પદ માર ને દહકાર-મારી નાખે છે. દુઃખકાર મરણ જે છે, એને મારીને સમાધિમરણ પ્રગટ કરાવે છે. '**લય લય પાર ગ્રહે ભવધાર,...**' લીન થતાં ભવના ધારવાનો પાર ગ્રહે છે. ભવધારણ ભવધારણ કરવું એવા આત્માના સ્વરૂપમાં લીન થતાં તે ભવના ધારણનો નાશ કરે છે. '**જય જય સમયસાર અવિકાર.**' એવો સમયસાર આત્મા અને વાણી, બન્ને જયકાર જય જય હો!! કામ અને મરણ બન્ને અહીંયા લીધા છે.

**શબ્દ, અર્થ ને જ્ઞાનસમયત્રય આગમ ગાયા,**
**કાળ, મત, સિદ્ધાંતભેદત્રય નામ બતાવ્યા.**

આ છપ્પય છે. શું કહે છે ? એક શબ્દને પણ સમય કહીએ, અર્થને સમય કહીએ અને જ્ઞાનને સમય કહીએ. 'પંચાસ્તિકાય' માં આવે છે ને ? અર્થસમય, જ્ઞાનસમય, શબ્દસમય. શબ્દને સમય કહેવાય, પદાર્થને સમય કહેવાય અને જ્ઞાનને સમય કહેવાય. 'પંચાસ્તિકાય' માં ભગવાન 'કુંદકુંદાચાર્યે' મૂળપાઠમાં લીધું છે. '**સમયત્રય આગમ ગાયા.**' આગમમાં ત્રણેને સમય કહેવામાં આવ્યા છે અને બીજી રીતે કાળને સમય કહેવાય. મતને સમય કહેવાય કે આનો મત આ છે. અને સિદ્ધાંતને સમય કહેવાય. '**ભેદત્રય નામ બતાવ્યા.**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,..**' આ બધામાં અર્થ જે છે ને? એ બધામાંથી શુભ અર્થ-પદાર્થ સમય. સમયસાર એવો જે પદાર્થ એની કથની '**સુણીએ બહુ.**' એની કથની આમાં કરશું. અર્થસમયમાં પણપદાર્થમાં પણ '**જીવ નામ છે સાર, સુણજો સહુ.**' ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે સાર તો આત્મા કહ્યો છે. તે સારની વાત સુણજો.

'**તે મહીં સાર વિણકર્મમળ...**' જીવમાં પણ કર્મમળ વિનાનું જે શુદ્ધનય શુદ્ધજીવ કહે. કર્મમળ વિનાનો ભગવાન આત્મા. શુદ્ધનય જે શુદ્ધ જીવ કહે. '**આ ગ્રંથમાં કથની સહુ,...**' આ ગ્રંથમાં બધી કથની. જુઓ! '**સમયસાર બુધજન ગ્રહે.**' જ્ઞાનીઓ આવા સમયસારમાં શુદ્ધનયે શુદ્ધજીવ કર્મ વિનાનો કહ્યો, એને ગ્રહણ કરે. લાખ વાત અંદર લખી હોય (પણ) સાર આ ગ્રહણ કરે. ભગવાન આત્મા શુદ્ધ બ્રહ્મ આનંદકંદ છે, કર્મના મળ વિનાનો છે એવી રીતે આત્માને અંદર ગ્રહણ કરવો. એ સારા સમયસારનો સાર છે. પછી એની બધી વ્યાખ્યા (છે). બુધજન કહ્યું છે ને? જ્ઞાની એમ ગ્રહે.

'**નામાદિક ષટ્ ગ્રંથમુખ,...**' છ નામ છે. મંગળ, નિમિત્તકારણ, શાસ્ત્રનું પ્રયોજન, પરિમાણસંખ્યા, નામ શું અને શાસ્ત્રના કર્તા. એ છ બોલ આવે છે.

**નામાદિક ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;**
**વિઘ્નહરણ, નાસ્તિકહરણ, શિષ્ટાચાર ઉચ્ચાર.**

આ માંગલિક કરવાનું કારણ વિઘ્નહરણ (છે). વિઘ્ન આવે નહિ. '**નાસ્તિકહરણ...**' નાસ્તિકપણાનો નાશ થાય. '**શિષ્ટાચાર...**' ઉત્તમ પુરુષના આચરણનું પાલન થાય. ઉત્તમ પુરુષોએ જે આચરણ કર્યું છે, શિષ્ટાચાર, એનો ઉચ્ચાર. એના પાલન માટે પહેલું આ માંગલિક કર્યું.

'**સમયસાર જિનરાજ છે,...**' એમાં પણ દેવ, શાસ્ત્ર, ગુરુ (લેશે). એમાં પણ દેવ, શાસ્ત્ર, ગુરુ. '**સમયસાર જિનરાજ છે, સ્યાદ્વાદ જિનવેણ;...**' સમયસાર આત્મા છે એ દેવ છે, એ જિનરાજ છે. '**સ્યાદ્વાદ જિનવેણ...**' કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય આદિની સ્યાદ્વવાદ ભાષા અને અનેકાંત એનું સ્વરૂપ કીધું. '**જિનવેણ...**' એ જિનવેણને નમસ્કાર કરું છું.

'**મુદ્રા જિન નિર્ગ્રંથતા,...**' વીતરાગ નિર્ગ્રંથ મુનિઓ દિગંબર સંત. દેવ, શાસ્ત્ર અને ગુરુ. '**નમું કરે સહુ ચેન.**' લ્યો, ત્રણે આવી ગયા. પહેલી ગાથાએ શરૂ કર્યું હતું, છેલ્લામાં પાછા એ લઈ લીધા. દેવ, શાસ્ત્ર અને ગુરુ.

'**આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશાભાષામાં વચનિકા લખીએ છીએ.**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં (પહેલા શ્લોક દ્વારા) મંગળ અર્થે ઈષ્ટદેવને નમસ્કાર કરે છે :'** આ શ્લોક મહામાંગલિક છે.

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

પંડિતજી! 'પરમ અધ્યાત્મ તરંગિણી' માં આઠ અર્થ ઊતાર્યા છે. આઠ અર્થ! સમયસારનો સામાન્ય અર્થ, પછી વિશેષમાં પાંચ પદ ઊતાર્યા છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એક સમયસાર શબ્દમાંથી બધા ઊતાર્યા છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમ્ + અય. સમય છે ને? સમય. સમ્યક્ એ દર્શન. અય એ જ્ઞાન. સમય, સમય સાર. સાર એ ચારિત્ર. ટીકામાં ઊતાર્યું છે. 'પરમ અધ્યાત્મ તરંગિણી' છે ને? આપણે તે દિ' શરૂ કર્યું હતું. ચાર વર્ષ શરૂ થયા એમાંથી કર્યું છે. છે કે નહિ? ક્યાં ગયું? બધા ઊતાર્યા છે, હોં! થોડું થોડું વાંચ્યું હતું. માંગલિક કર્યું હતું ને? જુઓ! એ પણ છે.

**'रत्नत्रयपक्षे सं सम्यक्त्वं, अयो ज्ञानं, सरणं सारः चरित्रं,'** 'અમૃતચંદ્રાચાર્ય' સમયસાર–દર્શન–અય, જ્ઞાન અને ચારિત્ર, રત્નત્રયની વ્યાખ્યા, એને સમયસાર કહે છે. અને પહેલામાં તો સમયસાર સમ્યકૃત્વ સત્ લક્ષણે.. છે ને? જિનપક્ષે કીધું છે. એમાં પણ ઘણા અર્થ ઊતાર્યા છે. સિદ્ધપક્ષમાં ઉતાર્યો છે, આચાર્યમાં ઉતાર્યા છે. **'सं सम्यक्, अयनं – गमनं यतं चरेदित्यादिलक्षणं चरणं येषां ते समयाते योगिनस्तेषु सारः – आचार्यः'** આચાર્યમાં ઊતાર્યું છે. ઉપાધ્યાયમાં પણ એમ ઊતાર્યું છે, **'समयः सिद्धांतः स्त्रियते, प्राप्यते येन स तथोक्त'** એમ કરીને. પછી **'साधुपक्षे – समयेषु कालावलिषु सारः साधुः शेषं पूर्ववत्।'** આઠ અર્થ ઊતાર્યા છે. છતાં પોતે કહે છે કે **'एवमर्थाष्टकं व्याख्यातं अत्याक्षिप्यमाणां बहुशोऽर्थेन व्याख्यायते, विस्तरभयान्नेक्षितं पद्यं।'** આથી ઘણા અર્થો થાય છે પણ વિસ્તારને કારણે કહ્યા નથી. શાસ્ત્ર છે ને આ તો અને તે પણ સંતોના મુખમાંથી નીકળેલી વાણી. ઓહો..હો...! એક શબ્દમાં અનંત આગમ સમાય છે, ભાઈ! એવી વાત છે.

આત્મા જ્યાં આનંદસ્વરૂપે પરિણમીને એમાં ચારિત્રનો આનંદ તો પ્રચુર સ્વસંવેદન, એના આનંદના ઝુલામાં ઝુલતો ભગવાન, એની વાણી હોય એનું શું કહીએ? આહાહા...! અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃતને રેડ્યું છે. તેથી એ ટીકાનું નામ 'આત્મખ્યાતિ' રાખ્યું છે. આત્માની પ્રસિદ્ધિ. ભગવાન આત્મા જેવો છે તેની પ્રસિદ્ધિ. એ ટીકાનું આત્મખ્યાતિ આપ્યું. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે, એને શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ દ્વારા પ્રગટ કરવો, પ્રસિદ્ધિ કરવી કે આ આત્મા, એને અહીંયા આત્મખ્યાતિ ટીકા કહે છે. આમાં ઘણા અર્થ ઊતાર્યા છે. આપણને કંઈ બહુ સંસ્કૃત નથી આવડતું. થોડું થોડું એમાં લખેલું (વાંચ્યું). સમજાણું કાંઈ? હવે એનો અર્થ કરે છે, દેખો!

**'नमः समयसाराय'** એક નમઃ શબ્દ પડ્યો રહ્યો છે, એમાં અધ્ધરથી અર્થ કરે છે. (સમય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અર્થાત્) '**જીવ નામનો પદાર્થ,...**' સમય નામ જીવ નામનો આ પદાર્થ, '**તેમાં સાર-જે દ્રવ્યકર્મ,...**' એટલે આઠ કર્મના રજકણો. જ્ઞાનાવરણીયના આઠ કર્મ જે જડ છે, એનાથી ભગવાન આત્મા જુદો છે. '**ભાવકર્મ,...**' પુણ્ય અને પાપના ભાવ થાય છે એ વિકારી પરિણામ છે, એનાથી આ આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ભાવકર્મથી જુદો છે. ભીખાભાઈ ! આ સમયસારની શરૂઆત (થઈ). તમે કુદરતી આવ્યા છો. પહેલીવહેલી થાય છે. ન્યાં ઘરે રાખ્યા હશે પણ એમ ને એમ રાખીને જતા હશે. આ હિંમતભાઈ હળવે હળવે આવે છે.

ભાઈ! આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ વીતરાગદેવ, એમની વાણીમાં જે આત્મા આવ્યો, એ આત્મા સંતોએ .. ચારિત્રસહિતનો. ઓહોહો..! એમની વાણીમાં પહેલો માંગલિકનો મહા શ્લોક (છે). **નમઃ સમય**. સમય નામ આ આત્મા, સાર-જડકર્મ, ભાવકર્મ એ પુણ્ય-પાપના ભાવ, નોકર્મ એ શરીર, વાણી-એનાથી રહિત એને હું નમું છું. મારું વલણ, મારું નમવું, મારો આદર આવો જે આત્મા (છે) એમાં મારું નમન છે. પુણ્ય-પાપ અને શરીર આદિને હું નમતો એટલે આદર દેતો નથી. ભગવાન આત્મા જ્ઞાનાનંદના તેજના પૂર છે, એ આત્મા ચૈતન્યનું પૂર છે, એ આનંદનો ઘન છે. એ આત્મા જડકર્મ, જે આઠ કર્મના રજકણો જે જ્ઞાનાવરણીય એ તો અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વથી આ ભગવાન નિરાળો છે.

મુમુક્ષુ :- ક્યારે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અત્યારે. ક્યારેની ક્યાં વાત ચાલે છે? વસ્તુ છે ને? પણ અજીવ તે જીવ છે? અજીવ તે જીવ છે? આઠ કર્મ તો અજીવ છે. કહો, એટલું સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- જીવને આઠ કર્મ છે કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આઠ કર્મ કર્મને છે. જીવને છે એ તો નિમિત્તથી કથન છે. જીવને અજીવ છે, એનો અર્થ શું ? જીવને આઠ કર્મ છે ને? જીવને અજીવ છે. ભાઈ! એ તો નિમિત્તના કથનો (છે). અજીવમાં જીવ નથી, જીવમાં અજીવ નથી. આહાહા...! વસ્તુ ભગવાન આત્મામાં જડનું ત્રણકાળમાં જડપણું નથી. એક (વાત થઈ).

નોકર્મ આ વાણી અને શરીર. એમાં ક્યાં હતો? એ પણ અજીવ છે. એ પણ અજીવ છે અને એ પણ અજીવ છે. એ અજીવ જીવમાં ક્યાં હતા? બે (વાત થઈ). હવે રહ્યો પુણ્ય અને પાપનો ભાવ, શુભ-અશુભભાવ એ તો આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વ જીવમાં ક્યાં આવ્યું? જેને જીવ કહીએ એમાં આસ્રવ ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? આસ્રવસહિત કહેવો એટલે નિર્મળાનંદ પ્રભુ વીતરાગ સ્વરૂપે બિરાજમાન આત્મા, એ આસ્રવવાળો. અનાસ્રવી વસ્તુ આસ્રવવાળો, એ તો નિમિત્તના વ્યવહારના કથન છે. એનું જ્ઞાન કરાવે છે, વસ્તુમાં એ છે નહિ. આહાહા...! સમજાણું કાંઈ? હિંમતભાઈ! સમજાય છે આ? થોડું થોડું, ઠીક કહે છે. આહા..હા...!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરમેશ્વર ત્રિલોકના નાથ થયા ક્યાંથી? અને એ સર્વજ્ઞે આ આત્માને જોયો કેવો? બધા આત્માને, અનંત આત્માને. આત્માને આત્મા તરીકે ભગવાને જોયો તે આત્મા કેવો જોયો? આત્મા એમ જોયો એમણે કે પુણ્ય, પાપ છે તે આત્મા છે, એમ જોયો છે? કર્મ તે આત્મા છે, એમ ભગવાને જોયું? શરીર તે આત્મા એમ જોયું ? ભગવાન સર્વજ્ઞદેવે એવો જોયો છે અને એવો તું જો, એમ અહીંયા કહે છે. આહાહા...!

ભગવાન આત્મા વીતરાગી કંદ પ્રભુ, અવિકારી રસનું આખું તત્ત્વ એ આત્મા. એમાં પુણ્ય-પાપનો વિકાર એ તો વિકારવાળો કહેવો, અવિકારી તત્ત્વ વિકારવાળું (એમ થયું). એ તો વર્તમાન નિમિત્તના સંબંધનું જ્ઞાન કરાવવા માટે છે, વસ્તુમાં એ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા...!

કહે છે, એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મા. એક ફેરી કહ્યું હતું નહિ ? એક 'દેવચંદજી' (થઈ ગયા). 'પ્રભુ તુમ જાણગરીતિ સૌ જગ દેખતા હો લાલ... પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.. નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ...' હે સર્વજ્ઞદેવ! પરમેશ્વર! હે વીતરાગ! આપે સારા જગતને જ્ઞાનમાં જોયું. 'પ્રભુ તુમ જાણગ રીતિ' તમારી જાણવાની રીત જ પ્રભુ! આવી છે. 'સૌ જગ દેખતા... નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા..' આહા..! એને ભરોસો નથી આવતો. આવો ભગવાન પોતે પણ એને ભરોસે આવ્યો નથી. એને ભરોસો (એમ છે કે) આ રાગવાળો ને કાં કર્મવાળો ને કાં આ વાળો ને કાં આ વાળો કાં દોષવાળો. અરે..! પણ ભગવાનને દોષ હોય? એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા છે. એ તો વ્યવહારનયનો વિષય છે. વસ્તુ તરીકે ભગવાન આત્મા, શુદ્ધ આત્મા, એને મારો નમસ્કાર. પ્રગટ થયેલા પરમાત્માને કહે છે. આહા..! કોઈ નામ કાઢીને નથી કહ્યું કે નમો મહાવીરાય, નમો આ.. આવો આત્મા છે. આવું જ આત્માનું સ્વરૂપ છે. શુદ્ધ અનંત ગુણનો પિંડ, એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત એને અહીં સમયસાર કહે છે. એને મારો નમસ્કાર હો. સમયસાર ભાવાય નમઃ. આવો પદાર્થ, આવો જે પદાર્થ, એને મારો નમસ્કાર. ઓહો..હો...! એક માંગલિકમાં તો... સમજાણું કાંઈ?

એટલે કે પૂર્ણાનંદના નાથ પૂર્ણ સ્વરૂપને પામ્યા એવો જ, હું પણ એવો જ છું. હું પણ મારા આત્માને નમું છું. વિકારનો આદર? નિર્દોષ ભગવાનને વિકારનો આદર? મિથ્યાભ્રમ છે એ તો. ભગવાન જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય, એને કર્મ અજીવનો આદર? જીવને અજીવનો આદર? ભ્રમ છે ઈ. સમજાણું કાંઈ? આદર કહો કે નમવું કહો. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ-એ જડકર્મ, પુણ્ય-પાપના ભાવકર્મ, નોકર્મરહિત એને હું નમું છું. એમાં મારું ઉપાદેયપણું છે. એનો હું આદર કરું છું. એ આત્માને સમયસારને નમ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ! આ શ્લોકમાં એકલી અસ્તિ લેશે. અજીવની વાત નહિ કરે, આસ્રવ-બંધની નહિ કરે. કરશે ફક્ત આત્મા, એની પૂર્ણ દશા મોક્ષ અને '**स्वानुभूत्या चकासते**' અંતરની અનુભૂતિની સંવર, નિર્જરાની ક્રિયાથી પ્રકાશે, એટલું. જીવ, સત્તા, એનો સ્વભાવ, એની દશાથી પ્રગટે, પૂર્ણને પ્રાપ્ત કરે, એવા તત્ત્વની એટલી વાત કરશે. આહા..હા...! સમજાણું કાંઈ?

કહે છે, આવો જે આત્મા એ કેવો છે ? 'શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે.' જુઓ! ભાવાય કીધો. ભાવાય. અસ્તિ છે, અસ્તિ છે, શુદ્ધ સત્તારૂપ વસ્તુ છે. સમજાણું કાંઈ? 'આ વિશેષણથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો.' સર્વથા અભાવ. પરની અપેક્ષાએ અભાવ છે એ બરાબર છે, પણ સર્વથા અભાવ જ છે એમ નથી. પરની અપેક્ષાએ અભાવ છે પણ સ્વસત્તાના ભાવની અપેક્ષાએ સદ્ભાવ છે. સમજાય છે કાંઈ? આ આત્મા કે પરમાત્મા સિદ્ધ આદિ, પર પદાર્થની અપેક્ષાએ અભાવ છે પણ એ પરની અપેક્ષાએ અભાવ છે, સ્વની અપેક્ષાએ ભાવ છે. એકાંત અભાવના માનનારા, ભાવરૂપ વસ્તુ છે એને નહિ માનનારા એનું અહીં ખંડન થઈ ગયું. સમજાણું કાંઈ? '**શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ...**' '**भावाय**' કીધું ને?

હવે, '**चित्स्वभावाय**' જુઓ! 'જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે.' '**भावाय**' કહ્યું. વસ્તુ '**भावाय**'. એનો ગુણ શું ત્યારે? એ તો પદાર્થ થયો. ગુણ ચેતનાસ્વરૂપ. જાણવું-દેખવું એનું સ્વરૂપ (છે). '**चित्स्वभावाय**' જ્ઞાન '**स्वभावाय**'. જ્ઞાન સર્વસ્વ જેનો ભાવ ત્રિકાળ છે. જ્ઞાન અને દર્શન જેનો સર્વસ્વ ત્રિકાળ ભાવ છે. સ્વ-ભાવ. '**चित्स्वभावाय**' આત્મા સર્વસ્વ ચૈતન્ય જ્ઞાન-દર્શન સ્વરૂપ. સર્વસ્વ એનું એ જ છે. રાગ, પુણ્ય એ એનું છે જ નહિ. સમજાણું કાંઈ? સર્વસ્વ ભાવ. સર્વ સ્વ-ભાવ. સર્વસ્વ, એનું સર્વસ્વ-બધું હોય તે તે ચેતનસ્વરૂપ જ એનું સર્વસ્વ છે. સમજાણું કાંઈ? હજી તો પેલા પૈસાવાળાને એમ કહે છે કે તમારા પૈસા નહિ. ત્યારે પૈસા કોના હતા? કાલે કો'ક કહેતો હતો, પંદર મિનિટ બેઠો હતો. એક જ વાત. ધૂળ.. ધૂળ.. ને ધૂળ. આહા..હા...! હવે આને કે દિ' સાંભળવું?

મુમુક્ષુ :- ધૂળ વિના...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળ વિના જ ચાલ્યું છે. કોણ કહે છે નથી ચાલ્યું? આમાં લખ્યું, જુઓ! એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અભાવ (છે). આ એક તત્ત્વએ બીજાના અભાવથી રોળવ્યું-ચલાવ્યું છે. બોલો લાવો! પંડિતજી! ચલાવ્યું છે, સમજ્યા? ચલાયા હૈ. એક તત્ત્વ પોતાથી છે અને બીજા અનંતથી નથી. પરથી નથી એ રીતે ટકી રહ્યું છે. માટે પર વિના એણે ચલાવ્યું છે. લાવો પ્રશ્ન (હોય તો). સમજાણું કાંઈ? શશીભાઈ! એ વાત અમારે બહુ થઈ હતી. એક ભાઈ હતા ને? (એ કહે), મહારાજ! પૈસા વિના કાંઈ ચાલે છે? 'બોટાદ' ના. (સંવત) ૨૦૧૦ ની સાલમાં. ઘણા માણસો (આવે). આ આંગળીએ આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આંગળી વિના જ ચલાવ્યું છે. આ આંગળીમાં આ આંગળી નથી. એટલે આના વિના જ એ ટકી રહી છે. એટલે આના અભાવથી ટકી રહી છે. આની નાસ્તિથી ટકી રહી છે.

એમ ભગવાન આત્મા પર અનંત દ્રવ્યના અભાવથી ટકી રહ્યું છે. એ પરના અભાવસ્વરૂપે જ ટકી રહ્યું છે એટલે પર વિના જ ટકી રહ્યું છે. પર વિના ન ચાલે, એની માન્યતા અંદર ખોટી છે. એણે પર વિના ન ચાલે એવી માન્યતા વિના ચલાવ્યું નથી. સમજાણું કાંઈ? ...ભાઈ! સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- પૈસા વિના..

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૈસા વિના શું આ શરીર વિના, અહીં તો રાગ વિના ચલાવ્યું છે. રાગ ને પુણ્ય-પાપ એનામાં છે નહિ, અભાવ છે. નિર્વિકારી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એમાં વિકારનો અભાવ છે. એ વસ્તુએ વિકાર વિના જ ચલાવ્યું છે. અજીવ વિના જ ચલાવ્યું છે. એની માન્યતા એમ છે કે આના વિના ચાલતું નથી. બસ! એ એનો ભ્રમ છે. શશીભાઈ! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :- આપ સમજાવો છો તો સમજાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બીજી ચીજનો સ્વ તત્ત્વમાં અભાવ છે અને અભાવથી તે ભાવ પોતાની ચીજને જાળવી રાખી છે. એનો અર્થ છે કે પર વિના જ એણે ચલાવ્યું છે. માન્યતા વિના ચલાવ્યું નથી, માન્યતા વિના ચલાવ્યું નથી. એના વિના કેમ ચાલે? માન્યતા ફરી ગઈ (પછી પણ) જેમ છે તેમ છે. હું તો મારાથી છું, પર વિના જ મેં ચલાવ્યું છે. આસ્રવ વિના હું રહ્યો છું અને કર્મ વિના હું રહ્યો છું. એ માન્યતા થઈ એણે સમ્યગ્દર્શનને ચલાવ્યું કે હું પર વિના એમ ને એમ છું. સમજાણું કાંઈ? આરે..! આવો આત્મા ? પણ એને એવી લપ અંદર ગરી ગઈ છે ને. ... વિના ચાલે? શાક વિના ચાલે ? બાયડી વિના ચાલે ? દેશ વિના ચાલે? બધા વિના ચાલ્યું જ છે ને, ન ચાલે, ન ચાલે (એ વાત ક્યાં છે?) સમજ તો ખરો. ન્યાલભાઈ! આહાહા..!

અહીંયા જેનો સ્વભાવ ચેતનાગુણ (છે). સ્વમાં શું છે? જેનો સર્વસ્વ ચેતનાગુણ છે. ભગવાન આત્મા એ ભાવ-પદાર્થ થયો. જેનું સર્વસ્વ ચેતનાસ્વરૂપ છે. .... બીજા અનંત ગુણ ભલે રહ્યા, અહીં તો પ્રધાનપણું લેવું છે ને? **'चित्स्वभावाय भावाय'** **'भावाय'** (એમાં) દ્રવ્ય લીધું **'भावाय'**. **'चित्स्वभावाय'** એનો ગુણ લીધું. એનું સર્વસ્વ તો ચેતનાગુણસ્વરૂપ જ સર્વસ્વ છે. આસ્રવ અને પર એનામાં છે જ નહિ. એનો એ ગુણ નથી, એની એ ખરેખર પર્યાય નથી. ખરેખર પર્યાય, હોં! ગુણની જે પર્યાય થાય તે તેની પર્યાય કહેવાય. આહા..હા...! સમજાણું કાંઈ?

ભાઈ! આત્મા એટલે શું? ઓહો..હો...! ભગવાન આત્મા એટલે કે જડકર્મનું અજીવપણું,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવકર્મનું મળપણું અને નોકર્મનું અજીવપણું, એનાથી રહિતપણું આત્માનું છે. અહીં તો ભલે ભગવાન આત્માને યાદ કર્યા છે. ... પણ આ આત્મા જ આવો છે.

મુમુક્ષુ :- .. એવો થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ વિના ક્યાંથી થયો? સમજાણું કાંઈ? એવા આત્માને અંદરમાં આવો આ, એમ અંદરમાં વળી જવું-નમી જવું, એ આત્માને-સમયસારને નમસ્કાર કર્યો કહેવાય. આદર નહિ, આદર નહિ. રાગ ને કર્મ ને નોકર્મનો આદર નહિ. જ્ઞાન ભલે હો. છે એનું જ્ઞાન હો, જાણેલું. પણ આદર નહિ. એ નહિ. આ છે અને આ નહિ. સમજાણું કાંઈ? આહાહા...! કહો, સમજાણું?

જુઓ! આ સમયસારની ટીકા કરતાં ટીકાકાર પહેલું માંગલિક કરે છે. આચાર્ય પોતે ગાથામાં પછી કરશે. આ તો ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્યદેવ,' શબ્દોનું સ્પષ્ટીકરણ કરવામાં પહેલું માંગલિક અંદરના ઉલ્લાસિત વીર્યથી કરે છે. અહો..! આત્મા! તને મારો નમસ્કાર! ભલે પરમાત્માને કર્યો. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**चित्स्वभावाय**' એમ કહીને એનો સર્વસ્વ ભાવ જ જ્ઞાનાનંદ છે અથવા જ્ઞાન, દર્શન સ્વભાવ જ એનો છે, બીજો એનો સ્વભાવ નથી. વિકાર નહિ, કર્મ નહિ, કોઈનું કરવું એ નહિ. ભાઈ! લ્યો વળી આવ્યું. ઈ વળી આ કહેતા હતા, આમાં કેમ નથી આવતું? આ બધું આવે છે. પરનું કરવું એ એનો સ્વભાવ જ નથી. '**चित्स्वभावाय**' રાગ એનું કરવું એ સ્વભાવ નથી. જાણવું, જ્ઞાન-દર્શન એનો સ્વભાવ છે. રાગ થાય એને જાણે, ચિત્ સ્વભાવને જાણે, શરીરને જાણે. જ્ઞાનની અસ્તિમાં રહીને, જ્ઞાનની મોજૂદગીમાં રહીને સ્વને અને પરને જાણે એવો એ ચિત્ સ્વભાવ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- જાણવું એ સ્વભાવ છે, એમ ને? કરવું એ નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કરવું એ સ્વભાવ જ નથી. કોને કરે? રાગ કરવો એવો સ્વભાવ નથી. ચિત્ સ્વભાવમાં શું કરવું આવ્યું? કે જાણવું-દેખવું આવ્યું? જાણવું-દેખવું ભગવાન આત્માનો સ્વભાવ છે.

'**भावाय**' એ દ્રવ્ય. દ્રવ્ય એટલે કોઈ વસ્તુ હોય એનો સ્વભાવ ન હોય? તો સ્વભાવ શું? કે પરમાણુ જડ. એનો સ્વભાવ શું ? કે મૂર્ત આદિ. વર્ણ, ગંધ આદિ. આત્મા એ '**भावाय**' (એનો) ગુણ શું? '**चित्स्वभावाय**'. જ્ઞાન-દર્શન ગુણ આખા આત્મામાં વ્યાપ્યો છે અને ખરેખર તો એનો ગુણ એની પર્યાયમાં વ્યાપે ત્યારે '**स्वानुभूत्या**' કહેશે. એ ક્રિયા કહેશે. સમજાણું કાંઈ? આહા..! **(આ વિશેષણથી) 'ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો.**' નામ ભેદે, લક્ષણ ભેદે ભેદ છે. '**भावाय**', '**चित्स्वभावाय**' અભેદ કહ્યું. '**चित्स्वभावाय**'. સર્વથા ગુણ-ગુણીનો ભેદ છે, એમ નથી. નામ લક્ષણે ભેદ છે, સ્વરૂપે અભેદ છે. એના અસંખ્ય પ્રદેશમાં જ્યાં આત્મા છે ત્યાં જ એના ચૈતન્યગુણ છે. એટલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રદેશ તો અભેદ જ છે. નામ લક્ષણે જરી ભેદ હો. સમજાય છે? તેથી કહ્યું કે સર્વથા ગુણ-ગુણીનો ભેદ માનનાર... એનો કોઈ પણ મતનો વસ્તુમાં આમ નથી, તેથી વિરૂદ્ધ મતનું ખંડન થઈ ગયું, એમ (કહેવું  છે). એ દ્રવ્ય-ગુણ લીધા.

'**स्वानुभूत्या चकासते**' એ હવે પર્યાય લીધી. કેવો છે આત્મા? '**પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે અર્થાત્ પોતાને પોતાથી જાણે છે-પ્રગટ કરે છે.**' ભગવાન આત્મા '**चित्स्वभावाय भावाय**' -દ્રવ્યનો સ્વભાવ. હવે એ કહે છે કે આ આત્મા છે એમ પ્રસિદ્ધ શી રીતે થાય? આ આત્મા '**चित्स्वभावाय भावाय**', '**चित्स्वभावाय भावाय**' પ્રસિદ્ધ શી રીતે થાય? કંઈ દ્રવ્ય-ગુણથી પ્રસિદ્ધ ન થાય. પર્યાયથી પ્રસિદ્ધ થાય છે. તો કહે છે, કઈ પર્યાય? '**स्वानुभूत्या चकासते**'. ભગવાન આત્મા, એના જ્ઞાન, દર્શનની અનુભવન ક્રિયા, અનુભવન ક્રિયા, એને અહીં સંવર, નિર્જરા કીધી. '**भावाय**' જીવ દ્રવ્ય લીધું, '**चित्स्वभावाय**' ગુણ લીધો, અને આ એની ક્રિયામાં સંવર, નિર્જરા તત્ત્વ લીધું. એ સંવર, નિર્જરા એટલે પરથી હટી ચૈતન્ય સ્વભાવવાન ભગવાન, એની ક્રિયા જ્ઞાનનું અનુભવવું, શ્રદ્ધાનું થવું, આનંદનું થવું, એ સ્વ-અનુભૂતિથી તે પ્રકાશે છે. રાગ વડે, નિમિત્ત વડે, સંયોગ વડે પ્રકાશે છે એ એનો સ્વભાવ જ નથી. એનો એ સ્વભાવ જ નથી. '**स्वानुभूत्या चकासते**' એ એનું સ્વરૂપ છે. પર્યાય દ્વારા-નિર્મળ જ્ઞાનાનંદ દ્વારા, એને શાસ્ત્ર ભાષાએ સંવર, નિર્જરા કીધી. આસ્રવથી પાછો હટી, પર્યાયે સ્વભાવનો આશ્રય લીધો એ પર્યાયને સંવર, નિર્જરા કહીએ. એ શુદ્ધ પર્યાય દ્વારા આ આત્મા છે એમ પ્રકાશમાન, પ્રસિદ્ધમાન પ્રગટ  આ આત્મા છે એમ અનુભૂતિથી પ્રસિદ્ધ થાય છે.

જુઓ! આત્મખ્યાતિ ટીકા કરે છે અને ટીકાના શ્લોકમાં માંગલિક કરે છે. આત્મખ્યાતિ-આત્મપ્રસિદ્ધિ કેમ થાય? '**स्वानुभूत्या**' એ આત્માનો ભરોસો, પ્રતીત કેમ થાય? કે એ ભગવાન આત્મા અંતરમાં સ્વસન્મુખની-પરથી વિમુખની, વિકાર અને સંયોગથી વિમુખની, વિમુખની વાત લીધી નથી, અહીં અસ્તિની જ વાત લીધી છે. અસ્તિના બોલ લીધા છે. સત્તા આવી છે. 'શ્નમળણૂધુટ્ટૂળ ખઈળલટજ્ઞ'. રાગથી પ્રકાશે નહિ એ વાત લીધી નથી. એ એમાં આવી જાય છે. પણ મૂળ આ છે.

વસ્તુ છે ભગવાન, એનો ચેતન જ્ઞાન-દર્શન સ્વભાવ ભરેલો ભાવ છે. એમાં એકાકાર થવું. એ નિર્મળ જ્ઞાન, દર્શન, શાંતિ એવી અનુભૂતિ-સ્વ-અનુભૂતિએ સ્વ-અનુભૂતિથી આ આત્મા પ્રસિદ્ધ થાય છે. જુઓ! એનો અસ્તિભાવ લીધો. સંવર, નિર્જરાથી પ્રસિદ્ધ થાય એવો અસ્તિ ભાવ લીધો છે. આસ્રવ અને બંધને અટકાવે તો પ્રસિદ્ધ થાય એ નાસ્તિથી વાત લીધી નથી. અસ્તિથી લેવી છે. મૂળ તો આખું અસ્તિ તત્ત્વનું જોર દેવું છે એકદમ. કેમ કે '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. અસ્તિ મહા પદાર્થનો આશ્રય કરતા સમ્યગ્દષ્ટિ થાય. એ અસ્તિથી છે. સમજાણું કાંઈ? અગિયારમી ગાથા વસ્તુના પ્રાણ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જૈનશાસનનું છે ને? સાધન એટલે વસ્તુ સ્વરૂપ. '**भूदत्थमस्सिदो खलु**'. ભગવાન આત્મા- '**भावाय**'. '**चित्स्वभावाय**' એનો આશ્રય કરતા, એ આશ્રય તે સ્વાનુભૂતિ ક્રિયા. આશ્રય દ્રવ્યનો, ક્રિયા સ્વાનુભૂતિ, એ દ્વારા આત્મા છે એમ પ્રસિદ્ધ થાય છે. આહા..હા...! ભારે વાત આકરી.

બાપુ! તું છે એવો, હવે એનું કરવું શું ? તું રાગથી પ્રસિદ્ધ થાય એવું તારું સ્વરૂપ જ નથી. હવે એમાં શું કરે? પહેલેથી અમૃતચંદ્રાચાર્યે આ માંગલિક નાખ્યું. ભાઈ! તું પ્રભુ છો ને! તારી પ્રભુતાની પર્યાય દ્વારા તું પ્રભુ! પ્રસિદ્ધ થાય એવો છો. રાગ ને રાંકા, રાગ ને વિકલ્પ તો ભિખારા છે, અચેતન છે. પુણ્ય-પાપના ભાવ તો અંધકાર છે. ચૈતન્યના તેજના નૂરનો જેમાં અભાવ છે. શરીર પરમાણુ તો અચેતન છે પણ દયા, દાન, કષાયની મંદતા, વ્યવહારનો રત્નત્રયનો રાગ પણ અચેતન છે, એમાં ચૈતન્યના પ્રકાશના નૂરના અંશનો અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા...! મને મારાથી ... ? ના, બાપા! કાંઈક લાકડી જોઈએ, પાંગળો છે. પાંગળો હોય ને? લાકડીના ટેકે ચાલ્યા જાય. પણ ચાલવાની ક્રિયા તારી, એ ટેકો શું કરે? મડદાને હાથમાં લાકડી આપો.

અહીં તો કહે છે કે પ્રભુ! તારું સ્વરૂપ જ અમે આ એક (કહીએ છીએ). નમઃ સમયસારાય. આહા..હા...! '**स्वानुभूत्या चकासते**' '**પોતાની જ અનુભવનરૂપ...**' '**જ**' છે ને? '**અનુભવનરૂપ ક્રિયા...**' લ્યો, આ પર્યાય, આ ક્રિયા. આ ક્રિયા ધાર્મિક ક્રિયા. વીતરાગના માર્ગની આ ક્રિયા. ક્રિયાના પ્રકાર શું? ક્રિયા પર્યાયનું ફરવું. જડની પર્યાયનું ફરવું જડક્રિયા. રાગનું ફરવું એ વિભાવિકક્રિયા. ભગવાન ચૈતન્ય સ્વભાવ એનું આમ ફરવું, એ થયું જ્ઞાન. એ ચૈતન્યની ક્રિયા. સમજાણું કાંઈ ? પેલા કહે, સોનગઢવાળા (આમ કહે છે). ભાઈ! સોનગઢને રહેવા દે. આ ભગવાનને કહે, જો ભગવાન આમ કહે છે.

મુમુક્ષુ :- ભગવાને ક્રિયા કીધી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ કીધીને ક્રિયા. '**स्वानुभूत्या चकासते**'. ભગવાન આત્મા એના સ્વ અનુભવથી. સ્વ-અનુભવ-સ્વને અનુસરીને થઈને તે પ્રકાશે છે. રાગને અનુસરીને, નિમિત્તને અનુસરીને પ્રકાશે છે (એમ નથી.) એમ નથી એવું તો અહીં લીધું જ નથી. આમ છે, બસ. આમ છે. આહા..હા...! સમજાણું કાંઈ? તકરાર.. તકરાર.. અરે..! ભગવાન! રહેવા દે, બાપા! આ તકરારનો કાળ જ નથી. આ તો તકરાર તોડવાનો કાળ છે. અરે...! આવો દેહ મળ્યો, બાપુ! આંખ્યું મીંચાઈ જશે, ભાઈ! કોઈ શરણ નહિ થાય, હોં! તું વાદવિવાદ કરીને મોટી વાત ઊંચી રાખીશ પણ એમાં કાંઈ નહિ થાય. ભગવાન આત્માને તેં માન ન આપ્યું, બહુમાન ન આપ્યું અને માન બીજાને આપ્યું તો અંદર શરણ છે ત્યાં જઈ શકીશ નહિ. સમજાણું કાંઈ? શરીરમાં માંદા પડેલા રોગ થાય. ણમો અરિહંતાણં કરો, ભાઈ! ણમો અરિહંતાણંની સામુ જુએ, એ તો વિકલ્પ થયો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક જણો હતો નહિ ? 'પોરબંદર' નો એક હતો ને? એ ભાઈ ગુજરી ગયા. બહુ સામાયિક ને પોષા કર્યા. પછી ગોળો ઉપડ્યો, ગોળો. ગોળો કહેવાય ને? વાયુનો ગોળો નથી કહેતા? પવનનો ગોળો... શું નામ? ભુલી ગયા. ગીરધરભાઈ પાસે પૈસા-બૈસા થયેલા, મકાન કરાવેલા, ગૃહસ્થ માણસ. હવે આપણે નિરાંતે ધર્મધ્યાન કરશું. અમે ત્યાં હતા. ત્યાં જ એને ગોળો ઉપડ્યો. ન્યાં ને ન્યાં મરી ગયો. બીજા એક ભાઈ હતા, કચ્છી હતા ને? (એ કહે), ભાઈ! તમે મહાવીર.. મહાવીર કરો. બાપુ! મહાવીર કરવાનો અવસર અત્યારે નથી. એટલી પીડા છે. પણ અત્યાર સુધી તમે શું કર્યું ? એ ગીરધરભાઈ હતા. બજારમાં મકાન છે ને? સાંઈઠ હજારના મકાન કરાવેલા. તે દિ', (સંવત) ૧૯૮૨ ની સાલમાં, ૧૯૮૨ ની સાલમાં. ચોવીસ વર્ષ થયા.

મુમુક્ષુ :- માથું દુઃખતું હોય..

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ માથું દુઃખે કોને? માથું માથામાં રહ્યું. એ તો અહીં કહે છે. માથાની પર્યાય અજીવ છે એ આત્મામાં નથી. માથાની આ પર્યાય શું છે? એ અજીવ છે. એ દ્રવ્ય અજીવ, ગુણ અજીવ અને અવસ્થા અજીવ. આત્મામાં છે નહિ. માથામાં કાંઈક થાય તો મને કાંઈક થયું. શરીરમાં કાંઈક થયું તો મને થયું. મને થયું, મને થયું. ન્યાં થાય તો (કહે), મને થયું. આ ભુલ જ તારી મોટી ભ્રમની છે. સમજાણું કાંઈ? આહા..હા...! કહે છે, આ તો માટી છે, જડ છે, અજીવ રજકણ છે એની આ પર્યાય છે. અજીવની પર્યાય જીવની પર્યાયમાં આવી જતી હશે?

મુમુક્ષુ :- પ્રભાવ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પ્રભાવ નાખતી હશે અંદર? આમ કાંઈક અંદર કિરણ નાખતી હશે કિરણ? આ પર્યાયનું કિરણ ન્યાં જાતું હશે? ભાઈ! તને ખબર નથી. તારું સર્વસ્વ તારામાં સમાયેલું છે. તારું ક્યાંય બહારમાં નથી અને બહારનું કાંઈ તારામાં નથી. આહા..! અરે..! પણ એ દૃષ્ટિને કેમ સંકેલે? સંકેલતા આવડે નહિ ને દૃષ્ટિ આમ પ્રસરાવે. ચિત્ત પ્રસરાવે. આહા..હા...!

કહે છે, **'પોતાને પોતાથી જ જાણે છે...'** દેખો! કોઈ એમ કહે કે, ભાઈ! જ્ઞાન જ્ઞાનને પોતે પોતાને જાણે? બીજું જ્ઞાન આને જાણે. ના, પ્રગટેલું જ્ઞાન જ્ઞાનને જાણે. પોતાથી જણાય એમ તો કીધું, પણ જે જ્ઞાન પ્રગટ્યું, અને પ્રગટ્યું પ્રગટેલાને જાણે ને પ્રગટેલું સ્વને આખાને જાણે. સમજાણું કાંઈ ? ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ...! આ સમયસારની 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકાના માંગલિકમાં આમ કહેવાય છે. સમજાણું કાંઈ?

ભગવાન! તું તો મોટો છો ને, પ્રભુ! એ મોટામાં એવા પામર ન સમાય, ભાઈ! તારામાં ન સમાય. એ વિકાર ને શરીર ને કર્મ બધા ભિખારા પામર છે. એ પ્રભુ પાસે ન આવી શકે. સમજાણું કાંઈ? તેં માન્યું છે એટલે તને લાગે છે. પ્રભુ પાસે ઝાંય ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નાખી શકે એવો એ ભગવાન છે. તને બેસતું નથી. આવો આત્મા ? '**स्वानुभूत्या चकासते**' એ આત્મા આવો છે. જેનું દ્રવ્ય '**भावाय**', જેનો ગુણ - '**चित्स्वभावाय**'. '**स्वानुभूत्या**' એ પર્યાય લીધી. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે આવી ગયા. આવું જૈનદર્શન સિવાય બીજે હોઈ શકે નહિ. સર્વજ્ઞથી કહેલું, જોયેલું, જાણેલું, અનુભવેલું. અનુભવીને અનુભવમાં આવે એવું. સમજાણું કાંઈ? આહા..હા...! આ પર્યાય-'**स्वानुभूत्या चकासते**'. રાગાદિની પર્યાય ગઈ અને સ્વભાવની અનુભૂતતાની જે પર્યાય થઈ એ દ્વારા તે જણાય એવો છે, એ દ્વારા એ પ્રસિદ્ધ થાય છે, એ દ્વારા આ આત્મા, એમ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એમ કરીને કોઈ એમ કહે કે, એ આપણને જણાય? એ કાંઈ આપણને ખબર પડે? ભગવાન જાણે. ભગવાન જાણે, આપણને સમ્યગ્દર્શન થયું કે નહિ એ ભગવાન જાણે. આ શું કહે છે અહીં? '**स्वानुभूत्या चकासते**' શું કહે છે ? સમજાણું કાંઈ? ગોટાના પાર ન મળે. એ કહે કે, આપણને નિશ્ચય સમકિતની ખબર પડે નહિ.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનની ખબર પડે નહિ અને ચારિત્રની ખબર પડે..

પૂજ્ય ગુરુદેવશ્રી :- ચારિત્ર એટલે એના માનેલા ક્રિયાકાંડ વ્યવહાર. એની ખબર પડે કે આ વ્રત અમે પાળીએ છીએ ને આ ત્યાગ કરીએ છીએ ઈ.

મુમુક્ષુ :- ન ખબર પડે એમાં શું વાંધો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અરે...! ન ખબર પડે એની વાત જ ક્યાં છે? સમજાણું? એ વળી એમાં છેલ્લું આવ્યું, લ્યો. પોતે પોતાને જાણે. '**स्वानुभूत्या**' થઈને જાણે અને પોતે પોતાને ખબર પડે, એવો આત્મા પર્યાયથી પ્રગટ થઈ શકે છે. નિર્મળ શાંતિ અને શ્રદ્ધા-જ્ઞાનથી પ્રગટ થઈ શકે એવો છે. એવું એનું સ્વરૂપ વિશેષ કહેશું...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ સુદ ૧૨, શુક્રવાર તા. ૨૯–૦૭–૬૬**
**શ્લોક–૧. પ્રવચન–૨**

ઈષ્ટદેવને નમસ્કાર કરે છે. એમાં આવ્યું કે '**नमः समयसाराय भावाय चित्स्वभावाय**'. સમયસાર એટલે આત્મા વસ્તુ, એ દ્રવ્યકર્મ નામ કર્મના રજકણો, ભાવકર્મ નામ વિકારીભાવ પરિણામ અને નોકર્મ–શરીર, વાણી વગેરે એ જે સ્વરૂપમાં નથી એવા પરમાત્મા થયા એને ઈષ્ટદેવ તરીકે મંગળિકમાં નમસ્કાર કરે છે અને એવું જ સ્વરૂપ અત્યારે આત્માનું પણ છે. સમજાણું કાંઈ? દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ, નોકર્મ રહિત. અને '**भावाय**' શુદ્ધ સત્તાસ્વરૂપ આત્મા છે. શુદ્ધ સત્તાસ્વરૂપ આત્મા, પરમાત્માનો આત્મા પણ શુદ્ધ સત્તાસ્વરૂપ છે. આ આત્મા પણ શુદ્ધ સત્તાસ્વરૂપ છે. '**चित्स्वभावाय**' એનો સ્વભાવ સર્વસ્વ સર્વજ્ઞ પરમેશ્વરનો સર્વસ્વ જ્ઞાન, દર્શન સ્વભાવ છે. આ આત્માનો પણ સર્વસ્વ જાણન–દેખન સ્વભાવ ત્રિકાળ છે.

'**स्वानुभूत्या चकासते**' એ આત્મા પોતાની અંતરની અનુભવક્રિયાથી જ પ્રસિદ્ધ અને પ્રગટ થયા છે. પરમાત્મા જે થયા એ આત્મા ભાવ એનો સ્વભાવભાવ, એની એકાગ્રતા દ્વારા '**स्वानुभूत्या**' અંતરમાં આત્માનો અનુભવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર, એમાં જ્ઞાનપ્રધાનથી આ વાત છે. '**स्वानुभूत्या**' જ્ઞાનની અનુભૂતિથી અંતરની એકાગ્રતા દ્વારા એ પ્રગટ થઈ શકે છે. એ રીતે અનંતા પરમાત્મા પ્રગટ થયા છે અને આ આત્મા પણ '**स्वानुभूत्या**' અંતરની જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતાની ક્રિયા દ્વારા આત્મા પ્રસિદ્ધ–પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ ક્રિયા કીધી. '**स्वानुभूत्या**' પર્યાય કીધી. પર્યાયતત્ત્વ કંઈ નવ તત્ત્વમાં તો આવવું જોઈએ ને? જીવ પોતે '**भावाय**' જ્ઞાન, દર્શન સ્વભાવ એ તો દ્રવ્યમાં ગયું, એ તો દ્રવ્યમાં સમાવેશ થયું. '**स्वानुभूत्या चकासते**' એ પર્યાય આવી. એ વીતરાગી નિર્દોષ જ્ઞાનની ક્રિયા એને અહીંયા સંવર, નિર્જરા શુદ્ધતાની પર્યાય દ્વારા આત્મા પ્રગટ થાય છે. એ શુદ્ધતાને સંવર અને નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? અહીં તો જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ–ચારમાં તત્ત્વ સમાડી દે છે.

કેટલાક એમ કહે છે કે જ્ઞાન જાણતું જ્ઞાનને ઉત્પન્ન થતું જ્ઞાન કેમ જાણે? આત્માનું જ્ઞાન સર્વજ્ઞનું, જે સર્વજ્ઞ પર્યાય ઉત્પન્ન થઈ અથવા '**स्वानुभूत्या**' અંતરની ક્રિયા આત્માના જ્ઞાન અને દર્શન દ્વારા ઉત્પન્ન થાય, એ ઉત્પન્ન થયેલો ઉત્પન્નને કેમ જાણે? સમજાણું કાંઈ? કહ્યું કે, જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતામાં એકાગ્ર થાય એ ઉત્પન્ન થતું પોતાને જાણે એવો જ એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- અજીવ..

ઉત્તર :- એ તો કહ્યું, જુઓને! '**આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જ માનનાર જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો; તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું-એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો.'** 'પ્રવચનસાર'માં આગળ પણ આવે છે.

મુમુક્ષુ :- એ તો નૈયાયિકને?

ઉત્તર :- નૈયાયિક ક્યાં? કોઈપણ માને. એ તો વાત કરી છે. 'પ્રવચનસાર'માં આગળ આવી ગયું છે. માણસ કંઈ ખંભે, માથે ચડે? અહીં ખંધે ખંધે કહેવાય ને? શું કહેવાય આ? છે ને ઈ? એમ જ્ઞાન ઉત્પન્ન થતું જ્ઞાનને જાણે ? 'પ્રવચનસાર'માં આવ્યું છે. કહે છે, હા, ઉત્પન્ન થતું જાણે. સમયે સમયે નવું ઉત્પન્ન થાય અને એ ઉત્પન્ન થતાં તેને જ જાણતું ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? શેમાં છે ઈ? શ્લોકમાં છે?

મુમુક્ષુ :- 'પંડિત હેમરાજજી'નું છે.

ઉત્તર :- હા, પણ છે ને અંદર? પાઠમાં પણ છે ને? ઉત્પન્ન થયું તે પોતાથી થાય છે ને? 'હેમરાજજી'એ તો સ્પષ્ટીકરણ કર્યું છે. સમજાણું કાંઈ? પોતે પોતાથી ઉત્પન્ન થાય છે, એમ છે. પણ ઉત્પન્ન થતાં જાણતું ઉત્પન્ન થાય છે. એ વિશેષ છે. એની દશા જ્ઞાન જ્ઞાનને ઉત્પન્ન કરે અને એ જ્ઞાન એને ન જાણે એમ નહિ. સમજાણું કાંઈ? એ જ્ઞાનના પર્યાયમાં પણ પ્રમેયત્વગુણ વ્યાપ્યો છે. પ્રમેયત્વગુણ જે છે એ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાય ત્રણેમાં વ્યાપ્યો છે. તો જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમાં પ્રમેયત્વગુણ વ્યાપ્યો છે. એ પર્યાય જાણે અને પ્રમેય થાય એવો એ પર્યાયનો ધર્મ છે.

મુમુક્ષુ :- ડબલ જાણે એવડો છે ?

ઉત્તર :- એવડો. છે ને અંદર? આની કોર છે, ઓલી કોરના ભાગમાં. સમજાણું કાંઈ? ભાઈ! એની ચૈતન્યની લીલા, લોકોએ ઈશ્વરની લીલા (કલ્પી લીધી), એ નહિ આ તો ચૈતન્ય ભગવાન પોતાની લીલા કરે છે. આમ સમયે સમયે પોતામાં જ્ઞાનની એકાગ્રતાથી જ્ઞાન ઉત્પન્ન થાય, ત્યારે (કોઈ) કહે કે એ ઉત્પન્ન થયેલું એને ન જાણે. બીજું એને જાણે. વળી બીજું ઉત્પન્ન થતાંને ત્રીજું જાણે. એ કાંઈ મેળ રહ્યો નહિ. એમ ન હોય.

ભગવાનઆત્મા દ્રવ્યસ્વભાવ શક્તિવાન, શક્તિ સ્વભાવ ગુણવાન-ગુણસ્વરૂપ, એની જે પર્યાય અંતરમાં પ્રગટ થઈ તે તે પર્યાયને જ્ઞાન જાણતું (ઉત્પન્ન થાય છે). બીજા ગુણોની પર્યાય ભલે હોય, એ પોતાને ન જાણે. સમજાય છે ? પણ પોતાનું અસ્તિત્વ તે સમયે જ્ઞાનમાં જણાય. બીજા ગુણની પર્યાયનું અસ્તિત્વ જ્ઞાનમાં જણાય અને જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનમાં જણાય. ઉત્પન્ન થતું અસ્તિત્વ જ્ઞાન જ્ઞાનને જાણે અને પ્રમાણ કરે અને પ્રમેય થાય. આહાહા..! સમજાણું કાંઈ? છે ક્યાંક. દાખલો આપ્યો છે. ઈ અહીં ખુલાસો કર્યો છે. કહો, સમજાણું આમાં? ભગવાન આત્મા જુઓ! આવો આત્મા છે એમ એને શ્રદ્ધામાં (આવવો જોઈએ).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- 'જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન' પહેલો અધિકાર..

ઉત્તર :- ૩૬ ગાથા એમ ને? **'કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ....'** એ. **'યહાં પર કોઈ પ્રશ્ન કરે કિ આત્મા અપને કો જાનતા હૈ, યહ બાત અસંભવ હૈ. જૈસે કિ નટકલા મેં અત્યંત ચતુર નટ આપ અપને ખંધે પર નહીં ચલ સકતા.'** આહા..!

મુમુક્ષુ :- ગમે એવું શીખ્યો હોય તોપણ પોતે પોતાના ખંભે ન ચાલી શકે.

ઉત્તર :- થઈ શકે? બેસીને જાય અને નાચે એમ નહિ બની શકે, એમ એક તર્ક કર્યો. નહિ, એ (તર્ક) અહીં લાગુ પડતું નથી. અહીં તો જ્ઞાન જ્ઞાનમાં પોતે પોતાને પ્રગટ કરતું (જાણી રહ્યું છે). વસ્તુ એવી છે. જ્ઞાન જ્ઞાનમાં પ્રમાણગુણ પોતે છે–પ્રમાણ થવું અને જ્ઞાનગુણમાં પાછો પ્રમેયગુણ છે ને? દરેક ગુણમાં એ વ્યાપ્યો છે. એટલે જ્ઞાન પોતે પ્રગટ થતું પોતાને જાણતું પ્રગટ થાય છે. નહોતું ને થયું તોય થતા વખતે જાણતું પ્રગટ થાય છે. ભાઈ! એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અલૌકિક વસ્તુ જ આવી છે. એ પોતે ચૈતન્ય પોતાનો પર્યાય પ્રગટ કરે અને એને ન જાણે તો એમાં પ્રમેયત્વ ક્યાં આવ્યું? પ્રમેયત્વ વિભુ તરીકે સર્વ ગુણમાં વ્યાપ્યો છે. વિભુ નામનો એક ગુણ છે ને? ભાઈ! સર્વ ગુણમાં વ્યાપ્યો છે આમ. ૪૭ શક્તિમાં બધું વર્ણન આવી ગયું છે. આમ વ્યાપ્યો છે. તો જ્ઞાન, દર્શન, આનંદ, સ્વાનુભૂતિ...

ભગવાન આત્મા ઈષ્ટ છે દૃષ્ટિમાં, પરમાત્મા ઈષ્ટ છે પર તરીકે આ આત્માને, વ્યવહાર તરીકે વર્ણવ્યું છે. એવા સર્વજ્ઞ પરમેશ્વર, એમની જે ક્રિયા, સર્વજ્ઞ થવાની સ્વાનુભૂત્યાની ક્રિયા, એ ક્રિયા ઉત્પન્ન થતાં ઉત્પન્ન થતાંને જાણતું ઉત્પન્ન થાય છે. જ્ઞાનમાં એવી તાકાત છે. સમજાણું કાંઈ? એ પહેલે સમયે પ્રમાણ પ્રમેય ન કરે તો એ પ્રમાણ બીજે સમયે કરે એનો અર્થ શું?

મુમુક્ષુ :- બીજે સમયે તો બીજી થઈ ગઈ.

ઉત્તર :- એ તો બીજી દશા થઈ ગઈ. આહાહા..! આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાય છે?

મુમુક્ષુ :- એ તો બીજા જાણે, એને ન ખબર પડે.

ઉત્તર :- એને ન ખબર તો આંધળું જ્ઞાન છે? એ જ કહે છે. સમજાય છે?

**'જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું–'** જૂઠી વાત છે. ભાઈ! જ્ઞાનનો સ્વભાવ.. અહીં તો સ્વાનુભૂત્યા વખતની વાત કરી છે, હોં! પૂર્ણ વખતની તો પછી કહેશે. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ અનંત ગુણનું ધામ (છે). એ અનંત ગુણોમાં એક વિભુ નામનો ગુણ છે અને એમાં એક પ્રમેયત્વ નામનો ગુણ છે. આમ વ્યાપક બધા ગુણમાં છે. એટલે જ્યારે ભગવાન આત્મા પોતાની અંતરની અનુભૂતિની ક્રિયા–શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરે તે વખતે તે જ્ઞાનને જ્ઞાન જાણે અને તે શ્રદ્ધા આદિ ગુણને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ તે જ્ઞાન જાણે. જાણતું ઉત્પન્ન થયેલાને તે જાણતું જ્ઞાન ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઝીણી વાતું છે, બાપા! એ તો ચૈતન્ય-બાદશાહની વાત છે, ભાઈ! એ પોતે જ એવો છે, અત્યારે. સમજાણું કાંઈ? લ્યો, ત્યાં સુધી આવ્યું હતું.

કેવળજ્ઞાનને સિદ્ધ કરે છે. આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ છે એ ત્રિકાળ છે. એ સર્વજ્ઞ સ્વભાવ બધા ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણવાની તાકાત રાખે છે. પણ સ્વાનુભૂત્યાથી અંતરની ક્રિયા દ્વારા જ્યારે કેવળજ્ઞાન પ્રગટ્યું, સાધક સ્વભાવ દ્વારા સાધ્ય દ્રવ્યને લક્ષમાં લેતું જે સિદ્ધ દશા પ્રગટી એ કેવી છે? મોક્ષતત્ત્વ નાખ્યું. આત્મા આત્માનો સ્વભાવ એટલે ભાવ-સ્વભાવ, સંવર, નિર્જરા અને મોક્ષ અસ્તિરૂપે ચાર તત્ત્વને સિદ્ધ કર્યા છે. આચાર્યની શૈલી કોઈ અલૌકિક છે! આ તો આચાર્ય મુનિ સંત છે. મહા અંતરના ચારિત્રથી રમણતા કરતા, આનંદમાં રમતા મુનિ છે. એ રમતા રમતા આ વિકલ્પ આવ્યો છે અને આ શાસ્ત્રો રચાઈ ગયા છે. બાપુ! આ કાંઈ કોઈ કલ્પનાની વાત છે કે આમ હશે કે આમ હશે, એમ નહિ. આમ છે.

મુમુક્ષુ :- ભગવાનની મહિમા માટે બતાવ્યું છે?

ઉત્તર :- મહિમા નહિ, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? આહાહા...! આવે છે ને પાછળના કળશમાં, નહિ? 'સમયસાર'માં પાછળના કળશમાં (આવે છે), અદ્ભુતાત્ અદ્ભુતમ્. આત્મા અદ્ભુત છે એક ઠેકાણે એમ આવ્યું અને પછી અદ્ભુતાત્ અદ્ભુતમ્ (કહ્યું). પાછળના કળશમાં, 'સમયસાર'ના પાછળના કળશમાં આવે છે. વસ્તુ જ માહાત્મ્યવાળી એવી ચીજ છે. અદ્ભુતાત્ અદ્ભુતામ્, આવે છે ને પાછળ? જુઓ! મિથ્યાદૃષ્ટિને પહેલું તો લાગે કે આવું તે સંભવતું હશે? એમ થાય. એમ લખ્યું છે ને અંદર? કળશ-૨૭૩. એમાં અદ્ભુતમ્. અને ૨૭૪ માં અદ્ભુતા અદ્ભુતમ્. ૨૭૩-૨૭૪ (કળશ).

**कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।।२७४।।**

એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. પરમેશ્વર જ એવો છે-પોતે જ એવો છે. સમજાણું કાંઈ? બીજાને તો એમ લાગે કે આવું હશે? જુઓ! એમાં છે ને? (કળશ-૨૭૩, ભાવાર્થ). **'અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે! જ્ઞાનીઓને જોકે વસ્તુ સ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્ભુત પરમ આનંદ થાય છે,...'** લ્યો, ૨૭૩નો અર્થ કર્યો. અર્થ કરનારે બહુ સરસ અર્થ કર્યો છે. સમજાણું કાંઈ?

હવે શું સિદ્ધ કરે છે? એક શ્લોકમાં તો બહુ સિદ્ધ કર્યું. વસ્તુ, વસ્તુનો સ્વભાવ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એની ધાર્મિક ક્રિયા અને એના ફળરૂપે સર્વજ્ઞપદ. સમજાણું કાંઈ? '**सर्वभावान्तरच्छिदे**' એના ('કળશ ટીકા'માં) બે અર્થ કર્યા. અહીં આપણે સર્વજ્ઞ (એવો) એક જ અર્થ છે. પોતે પોતાથી '**सर्वभावान्तरच्छिदे**'. સર્વ ભાવ અંતર. પોતાના આત્મા સિવાય અનેરા જે સર્વ ભાવો છે, '**પોતાથી અન્ય સર્વ જીવાજીવ,...**' અનંત જીવો અને અનંત અજીવો. '**ચરાચર પદાર્થ...**' કોઈ ગતિમાન અને સ્થિર હોય એ બધા પદાર્થને '**સર્વક્ષેત્રકાળસંબંધી,...**' ભગવાન આત્મા '**सर्वभावान्तरच्छिदे**'. પોતાનો આત્મા તો જાણવાની વાત કરી. પણ એ સિવાય અનેરા અન્ય અનંત આત્મા અને અનંત પરમાણુઓ. ચરાચર એ વાત કરી. પહેલી તો ગતિ, સ્થિર અને ગતિ એમ લીધું. કેટલાક ગતિવાન છે અને કેટલાક સ્થિર (છે). એક. જીવ-અજીવ. બે. '**સર્વ ક્ષેત્રકાળસંબંધી,...**' એવા પદાર્થને સર્વ ક્ષેત્ર અને સર્વ કાળ સંબંધી. '**સર્વ વિશેષણો સહિત,...**' સર્વ ગુણો સહિત. એની બધી શક્તિઓ જેટલી અનંતાઅનંત એક એક છે એ સહિત, '**એક જ સમયે,...**' વિશેષણમાં ગુણ અને પર્યાય બેય અંદર આવી ગયા. એક જ સમયે. ભાઈ! જ્ઞાન કોને કહે? આહાહા..! એ જ્ઞાન અક્રમે પહોંચી ન વળે તો દિવ્ય જ્ઞાન કોને કહેવું? પહોંચે જ ને. વસ્તુનો સ્વભાવ છે, ભાઈ! વસ્તુસ્થિતિ છે.

ભગવાન આત્મા પોતાનું ઈષ્ટ સ્વરૂપ પરમાનંદ. 'પ્રવચનસાર' શાસ્ત્રમાં એટલું લીધું છે. ઈષ્ટ આત્માના ગુણ ઈષ્ટ. અનિષ્ટ કોણ? વિકારભાવ. બસ. 'પ્રવચનસાર' પહેલા અધિકારમાં (લીધું છે). ઈષ્ટ પ્રભુ આત્મા અનંત ગુણનો પિંડ. અનિષ્ટ વિકાર. ઈષ્ટ પ્રભુની અંદર એકાકારની સ્તુતિ અથવા ક્રિયા કરતાં અનિષ્ટપણું ટળી જાય. એકલું ઈષ્ટપણું પ્રગટ થઈ જાય છે. એ પ્રગટ થયેલા ઈષ્ટદેવનું અહીંયાં માંગિલક કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ બધા વિશેષણ સહિત '**એક જ સમયે જાણનારો છે.**' ભગવાન '**सर्वभावान्तरच्छिदे**'. આ આત્મા એના સિવાયના સર્વ '**सर्वभावान्तर**'. અંતર એટલે અનેરા. આ સિવાય અનેરા બધા. એના દ્રવ્ય, ક્ષેત્ર, એનો કાળ-સમય અને એના ભાવ અને ત્રણ કાળ, બધાને એક જ સમયે જાણનારો છે. ભાઈ! જ્ઞાનનું સ્વરૂપ એક સમયમાં ન જાણે તો એ જ્ઞાન પૂરું શેનું? અને જેનો સ્વભાવ છે એને બે સમય જાણવા જોઈએ જ નહિ. અને બે સમય ન જોઈએ અને એકમાં પૂરું ન જાણે તો એ સ્વભાવ જ ન કહેવાય. વસ્તુ એવી છે. એવી છે. ભગવાન એ તો બધું જાણે છે. એક સમયમાં એ શું ન જાણે? સર્વ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ ચાર બોલ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. ચાર છે. 'પ્રવચનસાર'માં ચાર બોલ છે ને. સમજાય છે? સર્વને સર્વદા સર્વથી પૂર્ણ બધું એક સમયમાં ભગવાન જાણે.

મુમુક્ષુ :- કેટલુંક જાણે અને કેટલુંક ન જાણે તો અનેકાંત.

ઉત્તર :- જાણે અને બિલકુલ એમાં જાણવું ન જ હોય, ન જ હોય જાણપણું એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નામ અનેકાંત છે. પૂર્ણ જાણે અને અજાણપણું બિલકુલ નહિ. '**सत्थं ण याणदे किंचि**' શબ્દ નથી લીધો પાછળ? (ગાથા-૩૯૦થી ૪૦૪) ૧૫ ગાથાઓ. '**सत्थं ण याणदे किंचि**' શાસ્ત્ર કાંઈ જાણતું નથી. ભગવાન કાંઈ જાણ્યા વિના રહેતો નથી. બે વાત ગુલાંટ ખાઈને કરી છે. સમજાણું? પેલા કહે, શાસ્ત્ર જડ? અરર..! '**सत्थं ण याणदे किंचि**' શાસ્ત્ર બિલકુલ ન જાણે એમ કહ્યું છે. ત્યારે સામે ભગવાન...

મુમુક્ષુ :- પુદ્‌ગલ શું જાણે?

ઉત્તર :- પણ પુદ્‌ગલની પર્યાય શું જાણે? આ તો શાસ્ત્ર પુદ્‌ગલની પર્યાય છે, વીતરાગની વાણી પુદ્‌ગલની પર્યાય છે. કિંચિત્ ન જાણે. કિંચિત્ ન જાણેનો અર્થ બિલકુલ એમાં અજાણપણાનો સ્વભાવ જડમાં છે. ત્યારે ભગવાનનો બિલકુલ જાણવાનો સ્વભાવ આખો છે. એમાં કાંઈ ઓછું નહિ અને પેલામાં જરીએ કંઈ જાણવું છે એવો ભાવ નહિ. સમજાણું કાંઈ? અરે..! એવો આત્મા છે એને હજી શ્રદ્ધામાં તો લે. શ્રદ્ધા કરે તો પછી અનુભવ થઈ શકે. શ્રદ્ધાનું ફળ પછી અનુભવ છે અને અનુભવનું ફળ પછી સ્થિરતા કરીને કેવળજ્ઞાન છે. સમજાણું કાંઈ? આ વસ્તુ એવી છે, ભાઈ!

કહે છે, 'એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી,...' જુઓ! સર્વ ક્ષેત્ર કાળ. સર્વ ક્ષેત્ર એટલે આ બધું અનંત ક્ષેત્ર.. એનો એક તર્ક. અનંતને અનંત જાણે માટે અનંત નહિ, એમ કરીને તર્ક કર્યો છે કાંઈક.

મુમુક્ષુ :- અનંતને જાણ્યું પછી અંત આવી ગયો.

ઉત્તર :- કાંઈ અંત આવ્યો નથી, શેનો અંત આવે? આ મુઠીમાં હાથમાં એક ડુંગળી આવી. ડુંગળીને શું કહે છે? પ્યાજ. આમ હાથમાં આવી. હવે એમાં કેટલા જીવ છે? અનંતાનંત. અનંતાનંત જીવો. સિદ્ધ કરતાં અનંતાનંત. આમ ક્ષેત્રથી આમ આવી ગયા, પણ સંખ્યાએ કેટલા છે? સમજાય છે? અનંતાઅનંત જીવ. અને એક એક જીવમાં આકાશના પ્રદેશ (કરતાં) અનંતાનંત ગુણ. આમ એટલા ક્ષેત્રમાં આવ્યા અને જ્ઞાનમાં નથી આવ્યા? જ્ઞાનમાં આવી ગયા છે કે આ આટલા છે. અહીંયાં જ્ઞાનમાં આવે છે. સમજાણું કે નહિ? આ બટાકું લ્યો, ડુંગળી લ્યો, લસણ લ્યો. એક કળી આટલી લ્યો તો ક્ષેત્રમાં આવ્યું. પણ એ તો ક્ષેત્રમાં આવ્યું, પણ એનો ભાવ? અનંત જીવ અને અનંત જીવના એક એકના અનંતા અનંતા ગુણો છે. આમ ક્ષેત્રમાં ખ્યાલ આવી ગયો અને આમાં આટલું છે એ પણ જ્ઞાન ખ્યાલ લઈ લ્યે છે. એનામાં પ્રમેયપણું છે અને આમાં પ્રમાણપણું અને પ્રમેયપણું બેય છે. આત્મા પ્રમાણ અને પ્રમેય બેય છે. એ સિવાય બીજા દ્રવ્યોમાં એકલું પ્રમેયપણું (છે), પ્રમાણ નથી અચેતનને. સમજાણું કાંઈ? અને એ પ્રમેય પ્રમેયપણે ન જણાય તો એ પ્રમેય નહિ અને પ્રમાણ પ્રમાણપણે જ્ઞાન ન જાણે તો એ પ્રમાણ નહિ. આહાહા..! ભાઈ! એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન એક સમયમાં ત્રણ કાળની વિશેષ દશા સહિત, સામાન્ય અને વિશેષ, જે સમયે જ્યાં જે પ્રકારે નિમિત્ત અને નૈમિત્તિકની અવસ્થા જે ક્ષેત્રે, જે કાળે, જે યોગે થવાની એ ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં પહેલેથી આવી ગઈ છે. પહેલેથી આવી ગઈ છે.

મુમુક્ષુ :- પહેલેથી એટલે? પહેલા નહોતી?

ઉત્તર :- નહોતી, કેવળજ્ઞાન પહેલા નહોતી. કેવળજ્ઞાન પહેલા નહોતી. કેવળજ્ઞાનના પહેલા સમયે બધું આવી ગયું. આખું ચોસલું. ત્રણ કાળ ત્રણ લોકની વ્યવસ્થિત અવસ્થા, દ્રવ્ય-ગુણ-પર્યાય આમ જ્ઞાનમાં એક સમયના પર્યાયમાં પહેલા જ સમયમાં આવી ગઈ. પછી બીજે સમયે એ તો ગુલાંટ ખાય છે, પરિણમન કરે છે. એનો સ્વભાવ. પછી તો ત્યાં જે વર્તમાન પર્યાય હતી તે ભૂત થતી જાય છે. અને ભવિષ્યની આમ થતી જાય છે. એટલો ફેર. એટલું અહીં પરિણમન પોતાને કારણે થાય છે, એટલી વાત. વસ્તુ તો આખું ચોસલું આમ આવી ગયું. ભાઈ! એવું જ મોક્ષતત્ત્વ છે. સિદ્ધતત્ત્વ જ એવું છે. ઈ મોક્ષતત્ત્વ જ એવું છે. સાત તત્ત્વની શ્રદ્ધામાં મોક્ષતત્ત્વ આવું છે. સાત તત્ત્વની શ્રદ્ધા આવે ને? તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. એમાં મોક્ષતત્ત્વ આવું છે. એવા એવા મોક્ષતત્ત્વના અનંતા તત્ત્વને પેટમાં રાખનારું આત્મતત્ત્વ છે. અનંતાનંત મોક્ષપર્યાયને રાખનારું. ભૂતકાળની પર્યાય તો અનંત બહુ થોડી છે. કેવળજ્ઞાનની પર્યાય તો આનાથી અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતગુણી છે. પેલો તો અંત આવ્યો અને આ તો અંત આવવાનો નથી. એટલી બધી અનંતગુણી પર્યાય જેના ધ્રુવપણામાં છે, એવો ઈષ્ટપ્રભુ આત્મા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને આત્મા ઈષ્ટ છે. વ્યવહારે સર્વજ્ઞ પરમેશ્વર ઈષ્ટ છે. કહો, સમજાય છે?

કહે છે, '**એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનારા મીમાંસક આદિ...**' મીમાંસક આદિની તો વાત કરી છે. જૈનમાં પણ જેટલા સર્વજ્ઞને ન માને એનું નિરાકરણ કર્યું છે. નિરાકરણ એટલે ખંડન થયું કે સર્વજ્ઞ છે એમ તું સમજતો નથી. સર્વજ્ઞની એક સમયની પર્યાય.. ભાઈ! ત્રણ કાળ. અનંત કાળ થશે અને અંત નથી તે દ્રવ્યની પર્યાયનો. અંત કે દિ'? કોઈ પરમાણુ કે જીવની પર્યાયનો અંત કે દિ'? એમ ને એમ છે એ બધું જ્ઞાને એક સમયમાં જાણી લીધું છે. જાણ્યું માટે ત્યાં અંત થઈ ગયો છે (એમ નથી).

મુમુક્ષુ :- ... પરિણમન વગરની થઈ જાય.

ઉત્તર :- .. પર્યાય એમ ને એમ છે.. છે.. છે. દ્રવ્ય જેમ છે, છે.. છે. દ્રવ્યની વિનાની પર્યાય હોય? અને પર્યાય ન હોય અને પછી દ્રવ્ય રહે? એમ દ્રવ્ય છે.. છે.. છે.. એમ પર્યાય છે.. છે.. છે.. એમ છે. છે એમાં વળી નથી કે દિ' થાય? છે એમાં નથી થાય, તેવું જ્ઞાન કેવળજ્ઞાનમાં એક સમયમાં આવી ગયું છે. આહા..! આવી બધી ઝીણી વાત છે, બાપુ! એવો આત્મા કબુલવો એ તો નિર્વિકલ્પ પ્રતીતે કબુલાય. એને શંકા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ન રહે, સંદેહ ન રહે અને નિઃશંક આત્મા જ્ઞાયકસ્વભાવ એક સમયમાં જગતના તળિયાનું તળ લે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ?

નહોતું કહેતા? પહેલાં અમે જ્યારે છોકરાઓનું રમતા ને? કૂવામાં આમ પડે. કોસિયો પડે. સમજ્યા ને? સીધો. પછી પેલા છોકરાઓ બિચારા ઊભા હોય પણ એનું ડહાપણ બતાવવું હોય ને. હેઠેથી રેતી લઈ આવે. રેતી સમજ્યાને? કૂવાની નીચે. કૂવાને શું કહે છે? કૂઆં. પાણી હોય ને? પછી આમ પડે તો ઊંડું ન જાય. એને ઊભો કોસિયો કહેતા અમારે. છોકરાઓને કહેતા એ વખતની વાત છે. જેમ કોસ પડે ને? જેમ કોસ હોય ને ખોદવાની? આમ પડે અને જઈ હેઠેથી રેતી (લઈ આવે). એમ કે હેઠેથી કૂવાનું તળિયું લઈ આવ્યો છું. છોકરાઓને ખબર હશે કે નહિ? ધીરૂભાઈ! હવે નહિ પણ ઈ હતા. ઈ તો જૂના છે કે નહિ? ઈ ક્યાં નવા છે. નાનપણની વાત છે ને આ. ઈ તો આ લોકોને હવે ખબર ન મળે. પાલેજમાં ક્યાં એવો કૂવો હતો, કોણ પડે ન્યાં. સાંઈઠ-સાંઈઠ હાથના કૂવા. બહુ ઊંડા. સાંઈઠ હાથના. અમારી દુકાનની જોડે જ હતો. ત્યાં કોણ હેઠે પડે? આ તો પહેલાની વાત છે.

એમ તળિયા વિનાનો જ્ઞાનનો પર્યાય ત્રણ કાળ ત્રણ લોકના... તળિયાની જેમ રેતી લઈને કહે કે જુઓ! હું હેઠે પહોંચી ગયો છું. એમ ભગવાનનું જ્ઞાન બધાના તળમાં પહોંચી ગયું છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એવી એની એક સમયની દશા, એવી અનંતી દશાનો ધરનાર એક ગુણ, એવા અનંતગુણનો ધરનાર ભગવાન આત્મા, આની પ્રતીતિ થાય અને પરમેશ્વર ન થાય એમ બને નહિ. સમજાણું કાંઈ? પણ ઈ વાત એને ભરોંસે અંતર નિર્વિકલ્પમાં આવવી જોઈએ. સમજાણું કાંઈ?

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' આ શ્લોકમાં તો ગજબ વાતું મૂકી છે! એવી જ કોઈ મંગળ વાત નીકળી ગઈ છે. '**नमः समयसाराय**'. હું તો અહીં અંદર લઉં છું, હોં! ભગવાનને નમસ્કાર કરે છે. મારો આત્મા આવો, એને હું નમું છું. રાગ અને વિકારમાં મારો આદર નથી. છે, ભાવ છે દ્રવ્ય. સ્વભાવ છે જ્ઞાન દર્શન. અનુભૂતિ ક્રિયાથી મારું સર્વજ્ઞપણું મને પ્રગટશે. સમજાણું કાંઈ? જીવ. એનો ભાવ-સ્વભાવ... સ્વભાવભાવભૂત, એવું લીધું છે ને? નહિ? પહેલી ગાથામાં આવશે ને? '**वंदित्तु सव्वसिद्धे**'માં. '**धुवम**'નો અર્થ. ધ્રુવનો અર્થ એવો આવે છે ને? '**धुवम**' એટલે સ્વભાવભાવભૂતતયા. સંસ્કૃતમાં એમ છે ને? સંસ્કૃતમાં છે. સ્વભાવભાવભૂત, સ્વભાવભાવરૂપ, સ્વભાવભાવરૂપ. પર્યાયને સ્વભાવભાવરૂપ લીધી છે. પંડિતજી! સિદ્ધની પર્યાયને. '**वंदित्तु सव्वसिद्धे धुवम**' ધ્રુવ એટલે કે એ પર્યાય સ્વભાવભાવભૂતતયા-સ્વભાવભાવરૂપ છે. પર્યાય, હોં! ગુણ તો ત્રિકાળ છે. જેવો સ્વભાવભાવ છે એવી પર્યાય. 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી છે. આવશે પહેલી ગાથા. એમની ટીકાઓ તો હદ! આ ભરતક્ષેત્રમાં આવી ટીકા કોઈ છે નહિ ક્યાંય. આ ટીકા.. આહાહા..! કેવળજ્ઞાનીના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પેટ રેડ્યા છે. પર્યાય ધ્રુવ, ધ્રુવ પર્યાય એટલે શું? સિદ્ધની પર્યાય ધ્રુવ એટલે શું? ગુણ ધ્રુવ હોય. સાંભળ તો ખરો, ભાઈ! ધ્રુવ સ્વરૂપ જે છે ને સ્વભાવભૂત ધ્રુવ, એમાંથી પ્રગટેલી પર્યાયને અમે સ્વભાવભૂત, સ્વભાવભાવરૂપ કહીએ છીએ. સ્વભાવભાવરૂપ કહીએ છીએ. એ સ્વભાવભાવરૂપ જ પર્યાય, કેવળજ્ઞાન ઈ સ્વભાવભાવ છે. સમજાણું કાંઈ? એમ અનંતી પર્યાય સ્વભાવભાવભૂત છે. સ્વભાવભાવરૂપ છે, સ્વભાવભાવરૂપ છે. સ્વભાવભાવભૂતતયા સ્વભાવભાવરૂપ છે. આપણે પહેલા સાધારણ અર્થ કર્યો હતો. સ્વભાવથી ઉત્પન્ન થાય એવો અર્થ કર્યો હતો. સ્વભાવથી ઉત્પન્ન થાય એવો ભાઈ કર્યો હતો આમાં. મૂળ પછી પાઠની સાથે સ્વભાવભાવભૂતતયા શબ્દ છે. આપણે જો સ્વભાવથી ઉત્પન્ન થઈ છે એમ કર્યો હતો. ધ્રુવનો અર્થ કર્યો હતો. પણ એમ નહિ. સ્વભાવભાવભૂતતયા. સ્વભાવભાવરૂપ છે. ઓહોહો..! શું ગુણ કે દ્રવ્ય?

મુમુક્ષુ :- પહેલો શબ્દ છે.

ઉત્તર :- પહેલો શબ્દ છે. સંસ્કૃતમાં પહેલો છે, સ્વભાવભૂત. સમજાણું કાંઈ?

કહે છે, આ આત્મા જ્યાં કેવળજ્ઞાન આદિ અનંત પર્યાય પ્રગટ થઈ ગઈ એ સ્વભાવભાવરૂપ છે, સ્વભાવભાવરૂપ છે. જે એનો સ્વભાવ હતો એવી જ પર્યાય એની (સ્વભાવભાવભૂત થઈ ગઈ). ભલે આનો કાળ એક સમય છે, આનો ત્રિકાળ છે. પણ એ થઈ ગઈ તો સ્વભાવભાવરૂપ. આહાહા..! સમજાણું કાંઈ? એવી સ્વભાવભાવરૂપ પર્યાયના શું માપ? એક સમયમાં બધાના તળિયાં લઈ લીધા. ત્રણ કાળ ત્રણ લોક, અલોક. જેમ અહીં કાળનો અંત નથી, એમ ક્ષેત્રનો અંત નથી. એમ એક એક દ્રવ્યના અનંતાઅનંત ગુણનો અંત ક્યાં છે? અહીં અંત નથી તો એથી અનંતગુણા તો ગુણ છે. બધાનું તળિયું લઈ લીધું છે. કેવળજ્ઞાને બધાના પેટ પોતાની પર્યાયને જાણતાં જણાઈ ગયા છે. ઈ જાણતાં એમ નહિ. એવો ભગવાન '**सर्वभावान्तरच्छिदे**'. પોતાના સિવાયના અનંતા.. પેલા કહે ને કે પોતાને ને પોતાને જાણે, પરને જાણે ઈ વ્યવહાર છે. એમ કહે છે ને કેટલાક? પરને જાણે એ વ્યવહાર છે માટે અભૂતાર્થ છે. અરે..! ભગવાન! શું તારે કહેવું છે? અહીં તો '**सर्वभावान्तरच्छिदे**' એનું સ્વરૂપ છે એમ કીધું. સર્વ ભાવ લીધા. પોતા સિવાયના અનેરા અનંતા. એને જાણવું એ તો એનું નિશ્ચય સ્વરૂપ છે. એને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. એને જાણે, એમ. બાકી બધું સ્વરૂપ જાણે છે એ સ્વભાવભાવભૂત થઈને જાણે છે. પોતાનો પર્યાય પ્રમેય તરીકે અને પોતાનો પ્રમાણ તરીકે. સમજાણું કાંઈ? આહાહા..!

એવો ભગવાન આત્મા.. ભાઈ! એ વાત, એ વસ્તુની સ્થિતિ એવી છે. પરમેશ્વરે કાંઈ કરી નથી. પરમેશ્વરે તો આવું સ્વરૂપ છે એવું જાણ્યું અને પોતાનું હતું એવું પ્રગટ કર્યું. એમ જણાયું. ભાઈ! આત્મા તો આવો છે ને, ભાઈ! એ આત્માને આવો ન માન ત્યાં સુધી તારી પ્રતીત થાતી નથી. પ્રતીત થાતી નથી તો રમણતા જ્યાં કરવી છે એની તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રતીત થાતી નથી. જેમાં રમણતા કરવી છે-ચારિત્ર, એ જેમાં રમણતા કરવી છે એની તો સાચી પ્રતીત નથી, રમણતા આવશે ક્યાંથી? કરવી ક્યાં પણ? આટલો મોટો ભગવાન આત્મા, જેના એક સમયમાં.. આહાહા..! '**सर्वभावान्तरच्छिदे**'. ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય' ૯૦૦ વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં ચાલતા સિદ્ધ જેવા! એ કંઈ શરીર એનું નહોતું, રાગ એનો નહોતો. ઈ આત્મા હતા, ઈ આત્માનો આત્મા હતો. સમજાય છે કાંઈ? એને વાણીના કહેનાર તરીકે ઓળખાવવા એ તો નિમિત્તની વાતું છે. સમજાણું કાંઈ?

આત્મા એક સમયમાં અમારી અનુભૂતિની ક્રિયા દ્વારા અમે સર્વજ્ઞ થશું અને એવા સર્વજ્ઞ સ્વાનુભૂતિ ક્રિયાથી અનંતા થયા છે એને અમે નમસ્કાર કરીએ છીએ. સમજાણું કાંઈ? અમારું વલણ, નમન ત્યાં છે. અમે બીજાને નમતા નથી, એમ કહે છે. અન્યમતિમાં આવે છે ને? તુલસીનું આવે છે. શ્રીકૃષ્ણે દર્શન આપ્યા. મહારાજ! માથું નહિ નમે. ત્યારે? ધનુષબાણ લ્યો. ધનુષબાણ અને રામચંદ્રજીનું રૂપ લ્યો તો નમશું, બાકી નહિ નમીએ. એવી એક (વાત આવે છે). એમ અહીંયાં કહે છે, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો પર્યાયવાળો આત્મા (છે) એમ જે માનીને ઠરે એમાં અમારું માથું નમશે, બીજે નમશે નહિ. સમજાણું કાંઈ? ઈ આવે છે, હોં! શ્લોકો પણ આવે છે. શ્લોક આવડે છે. 'ધનુષબાણ લ્યો હાથ'. એઈ..! 'શશીભાઈ'! સાંભળ્યું છે કે નહિ તમે? તમે તો વૈષ્ણવ છો, બધું સાંભળ્યું હોય ને. અમે તો ઉપરથી અદ્ધરથી સાંભળ્યું હોય. એવા રામ સિવાય અમે બીજાને નમીએ નહિ.

એમ અહીંયા કહે છે, અમારો આત્મા અને બીજાનો આત્મા, જેણે સ્વાનુભૂતિની ક્રિયા દ્વારા, આ ક્રિયા દ્વારા જેણે આવી પર્યાય પ્રગટ કરી એ અમારા વ્યવહારે ઈષ્ટદેવ છે. નિશ્ચયથી અમારો આત્મા જ આવડો છે તે ઈષ્ટદેવ છે. સમજાણું કાંઈ? એમ '**આ પ્રકારનાં વિશેષણો (ગુણો)થી શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.**' લ્યો. શુદ્ધ આત્માને ઈષ્ટદેવ સિદ્ધ કરીને. ટીકામાં થોડો અર્થ બીજો છે. આ 'પરમ અધ્યાત્મ તરંગિણી'માં. '**सर्वभावान्तरच्छिदे**'. એટલે પોતાના સ્વભાવથી અનેરા વિકારી ભાવ હતા તેને પૃથક્ કરી નાખ્યા. એટલો જરી ફેર છે. એવો અર્થ કર્યો છે. થઈ શકે, એમાં કાંઈ નહિ. ભગવાન આત્મા પોતાનો સ્વભાવ અનાદિ ગુણ આદિ શુદ્ધ છે. એનાથી અનેરા ભાવ વિકલ્પો, વિકારાદિ છે એને છેદી નાખ્યા, નાશ કરી નાખ્યા. સ્વભાવની ઉત્પત્તિ થઈ, વિકારનો નાશ કર્યો અને ધ્રુવ તો ત્રિકાળ છે. એમ કરીને એવો પણ એક અર્થ કર્યો છે.

'**શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.**' ઓહોહો..! પરમ માંગિલક તે પણ..! પરમેશ્વરને ઉતાર્યા છે. પ્રભુ! આવો અમારી પાસે, આવ્યા વિના નહિ ચાલે. આહાહા..! રામચંદ્રજીનું આવે છે ને? રામચંદ્રજી નાની બે વર્ષની ઉંમરના હતા ને. ત્યારે માથે પૂનમનો ચંદ્રમા દેખ્યો. પૂનમ. ઓહોહો..! આમ તો મોક્ષગામી છે, મોક્ષ જાવું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઈ ચંદ્રમાને ગુંજામાં નાખો. એમ કે સિદ્ધ ઉપર છે એને હેઠે ઉતારો. જરી રોયા. દશરથ દિવાનને કહે છે, દિવાન! પુરષોત્તમ પુરુષ રામચંદ્રજી કેમ રોવે છે? અન્નદાતા! હું રાજનું પણ કામ કરું અને છોકરાને રમાડું, એમ બેય કામ કરું? શું કામ રડે છે? ઉત્તમ પુરુષ છે. ઉત્તમ પુરુષ છે ઈ, બળદેવ છે. એના પિતાને ખબર છે, આ બળદેવ છે. બળદેવને સ્વર્ગ અને મુક્તિ સિવાય બીજી ગતિ ન હોય. આ તો મુક્તિગામી જીવ, છેલ્લું શરીર (છે). કેમ રડે છે? રોવે છે એનું શું કરું? તપાસ કરો. ત્યાં બેઠા હતા. રામચંદ્રજીના હાથમાં એક અરીસો આપ્યો. ચંદ્ર આવ્યો આમાં, નાખ્યો ગુંજામાં. ગુંજા સમજો છો? જેબમાં નાખ્યો. ભગવાનને ઉતાર્યા અહીં. ઈ ચાળા હતા રામચંદ્રજીના બાળકપણે પણ પરમાત્માની સાથે. ભગવાન હેઠે ઉતરો, અમારી પાસે આવો. અમારા ગુંજામાં અહીં આવી જાવ. સમજાણું કાંઈ? આવે છે ને? સાંભળ્યું છે કે નહિ? ... નહિ, ગુંજામાં (જોઈએ). રોતા બંધ થઈ ગયા. દશરથ કહે છે, રોતા બંધ કેમ થયા? ચંદ્રમા ગુંજામાં (આવ્યા એટલે). એ તો ગાયનમાં પણ આવે છે, નહિ? ગુંજામાં નાખો રે ચંદ્રમા.. એવું ગાયન આવે છે. 'માડી મને ચાંદલિયો વ્હાલો, ચાંદલિયો નાખો...' એટલું તો બધું .. ગુંજામાં ઢાળો. ચંદ્રને ગુંજામાં લાવો. ત્યાં પરમાત્મા બિરાજે છે પ્રકાશમય અનંતા ભગવાન, એને મારા જ્ઞાનમાં લાવો, અહીં લાવો. સમજાય છે? જુઓ! સિદ્ધ ભગવાનને તો નમસ્કાર કરશે, '**वंदित्तु सव्व सिद्धे**'માં. આ તો પોતે આમ કહે છે, પરમાત્મા પ્રભુ અમારી સમીપમાં તો બિરાજે છે, હોં! અમે આપને ઈષ્ટદેવ તરીકે માનીએ છીએ. બીજાને અમે માનતા નથી. અમારો ઈષ્ટ આત્મા છે ને. ઈ હજી સાધકપણે છે, આપને પૂર્ણ દશા પ્રગટી છે એથી અમે સાધકજીવ સિદ્ધને નમસ્કાર કરીએ છીએ, ઈષ્ટદેવને નમસ્કાર કરીએ છીએ. લ્યો, ઈ એક ગાથાનું માંગલિક થયું.

આ ચાર અસ્તિપણે સિદ્ધ કર્યું. નાસ્તિની વાત લીધી નથી. એવો જેનો સ્વભાવ. કેમ? કે આવું જાણતાં સંવર, નિર્જરાની પર્યાયથી આત્માને સાધતા આસ્રવ અને બંધ એમાં નથી એવું જ્ઞાન એમાં આવી જાય છે. બીજો સિદ્ધાંત કહીએ તો નિશ્ચયનું જ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન એમાં આવી જાય છે. વ્યવહારનું જ્ઞાન નવું કરવું પડતું નથી. અસ્તિપણે જ્યાં આત્મા આવો છે અને સ્વાનુભૂતિની ક્રિયા દ્વારા મોક્ષ થાય. જીવ, જીવનો ભાવ, સંવર, નિર્જરા અને મોક્ષ, આ ચાર તત્ત્વો લીધાં. એનું ભાન થતાં એનામાં અજીવ અને પુણ્ય-પાપ ને આસ્રવ સાધકપણે પણ નથી એનું જ્ઞાન નિશ્ચયનું જ્ઞાન થતાં આવી જાય છે. વ્યવહારનું જ્ઞાન થતાં નિશ્ચયનું ન આવે. સ્વનું ભાન થતાં એમાં પરનું આવી જાય છે. એવો એનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. સમજાણું કાંઈ?

આ શ્લોકમાં એકલી અસ્તિની જ વાત કરી છે. જીવ, જીવનો ભાવ, સ્વાનુભૂતિની ક્રિયા અને પૂર્ણ મોક્ષ. જીવ, ગુણ એટલે જીવમાં આવી ગયા. સંવર, નિર્જરા અને મોક્ષ. શુદ્ધ ત્રણ તત્ત્વો અને દ્રવ્ય, ચાર વાત લીધી. સમજાણું કાંઈ? '**सर्वभावान्तरच्छिदे**' એમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવી ગયું. બીજા અનેરાનું જ્ઞાન અહીં અસ્તિમાં કરે છે. જ્ઞાનની પર્યાયમાં બધા અનેરા છે એનું જ્ઞાન કરે છે, એમ આવ્યું, ભાઈ! જુઓ! '**सर्वभावान्तरच्छिदे**' છે ને? આ ભગવાન આત્માની એ પર્યાય જ એવી છે, એમ કહે છે. પર્યાય જ એવડી છે કે અનંતને જાણે. આને જાણતાં એ અનંતને જાણે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ 'અમૃતચંદ્રાચાર્યે' આત્મખ્યાતિની ટીકા શરૂ કરતાં આવું પહેલું મંગળાચરણ કર્યું. કહો, સમજાણું આમાં? હવે એનો ભાવાર્થ 'જયચંદ્ર પંડિત' થોડો લ્યે છે. કહો, આમાં સમજાય છે કે નહિ? એઈ..! નટુભાઈ, છોટાભાઈ! આ બધા નવા આવ્યા છે ને, માંડ માંડ કો'ક દિ'. આ શું? સામાયિક કરીએ, પોષા કરીએ (તો સમજાય તો ખરું). આ તો સાદી વાત છે, બાપા! આમાં કાંઈ એવી ગુંચવણવાળી નથી. સંસારમાં ગુંચવણનો પાર ન મળે. એ ગુંચવણ, સમજ્યા? ગુંચ.. ગુંચ. સુતરમાં ગુંચ પડે છે ને? સુતરમાં ગુંચ પડી જાય તો ખોલવી કઠણ પડે. આ તો સીધો સરળ માર્ગ. નહોતું આવ્યું પેલામાં? 'યોગસાર'. સિદ્ધના મહેલ સુધી પહોંચી જાય એવી આ સડક છે. આવ્યું હતું કે નહિ? સિદ્ધના પર્યાય સુધી પહોંચી જાય એવી આત્માના અનુભવની ક્રિયા છે. એ સીધી સડક. ફડાક દઈને પૂર્ણાનંદને પ્રાપ્ત કરી લે. સમજાણું કાંઈ? આમાં આવ્યું હતું. ગલી-બલી નહિ, એમ શબ્દ આવ્યો હતો એમાં. બીજી ગલી-બલી છે નહિ, સીધી ગલી છે. માણસ એમ કહે, આ ગલીથી ક્યાં જાય? જુઓ! આ છેલ્લું મકાન આવશે. ફલાણું.

એમ ભગવાન આત્મા પોતાના પૂર્ણ અનંત સ્વભાવનું જ્ઞાન કરતો એકરૂપનું જ્ઞાન કરતો, એકરૂપની શ્રદ્ધા કરતો, એમાં ઠરતો સીધી સડકે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે. સમજાણું કાંઈ? એને બીજી ગતિ નહિ, બીજો ભાવ નહિ, બીજે રખડવાનું ત્રણ કાળમાં હોય નહિ.

**ભાવાર્થ :- 'અહીં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે.**' છે ને ભાવાર્થ? '**કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો?**' ણમો મહાવીરાણં, ણમો ઋષભદેવાણં.

'**તેનું સમાધાન :- વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ...**' ઈષ્ટદેવનું પ્રિયકર કરનાર પરમાત્મા, એનું સ્વરૂપ '**સર્વકર્મરહિત, સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ છે...**' ત્રણ વિશેષણ આપ્યા.. સર્વકર્મરહિત, સર્વજ્ઞ. જુઓ! અહીં સર્વકર્મરહિત થયો કારણ કે સર્વજ્ઞ થયો. નાસ્તિથી વાત કરી. સર્વકર્મરહિત, અહીં સર્વજ્ઞ. પણ સર્વજ્ઞ સાથે વીતરાગ એ 'શુદ્ધ આત્મા જ છે...' શુદ્ધ આત્મા જ આવો હોય છે, પરમેશ્વર જ આવા હોય છે. સિદ્ધ ભગવાન જ આવા હોય છે. એવું જ અંદર આત્માનું સ્વરૂપ છે, એમ લઈ લેવું. '**તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઈષ્ટદેવ આવી ગયા.**' સમયસાર કહેવાથી ઈષ્ટદેવ આવી ગયા. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત એવો જે સમયસાર એમાં જ એ આવી ગયું.

'**તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે...**' એક જ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નામ લેવું નહિ, ફલાણું નહિ. '**તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો...**' સમયસારના વિશેષણો કીધા. '**વર્ણવીને કર્યું.**' સમયસાર કેવો છે? જડકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત છે. ભાવવાળો છે, દ્રવ્ય છે, સ્વભાવવાળો છે, સ્વાનુભૂતિની ક્રિયાથી પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. એવું સમયસારનું સ્વરૂપ એના વિશેષણો વર્ણવીને કર્યું. '**વળી અન્યવાદીઓ પોતાના ઈષ્ટદેવનું નામ લે છે તેમાં ઈષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી.**' ભગવાન ભગવાન કરે પણ ભગવાનની પૂર્ણતા, એની પર્યાયની વીતરાગતા, એની સર્વજ્ઞતા અને સર્વ કર્મના લેપરહિતતા એ એના નામ એ લોકો કહે છે એમાં એ સિદ્ધ થતું નથી. બાધા આવે છે, વિરોધ આવે છે.

'**સ્યાદ્વાદી જૈનોને...**' અપેક્ષાથી પરમેશ્વરને કહેનારા '**તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઈષ્ટ છે.**' સર્વજ્ઞ વીતરાગ. એક સમયનું જ્ઞાન પૂરું અને જેની સ્થિરતા વીતરાગી પૂરી. એવો શુદ્ધ આત્મા જ જેને ઈષ્ટ નામ પ્રિય છે. '**પછી ભલે તે...**' 'તે' એમ લેવું. અહીં વજન છે. '**પછી ભલે તે...**' એમ પેલામાં આવ્યું હતું ને? ભાઈ! 'યોગસાર'માં. 'તો' જેવા પરમાત્માને વર્ણવ્યા એને ઈષ્ટ ઈશ્વર કહો, ... તે. આવા કહ્યા તેને. લોકો કહે એને એમ નહિ. તેથી એમાં આવ્યું હતું. અહીં 'તે' શબ્દ વાપર્યો છે. આવા પરમેશ્વર જેનો આત્મા પૂર્ણ સર્વજ્ઞપણે પરિણમ્યો છે, વીતરાગદશા પૂરી થઈ ગઈ છે, પૂર્ણ આનંદ આદિને પ્રાપ્ત છે અને કર્મના એક રજકણનો પણ લેપ જેને બિલકુલ રહ્યો નથી. '**તે ઈષ્ટદેવને...**' આવા ઈષ્ટદેવને '**પરમાત્મા કહો,...**' આવા ઈષ્ટદેવને પરમાત્મા કહો. પરમસ્વરૂપી થયા ને ઈ. '**પરમજ્યોતિ કહો,...**' પણ આને. તેને પરમજ્યોતિ કહો. '**પરમેશ્વર,..**' કહો. એ પરમેશ્વર છે. જૈન પરમેશ્વર નથી માનતા એમ નહિ, પણ આવાને પરમેશ્વર માને છે. સમજાણું? કોઈ કર્તા-હર્તા એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. એટલે કે બીજો કર્તા-હર્તા પરમેશ્વર નથી. પણ પરમેશ્વર નથી એમ નથી. સમજાણું કાંઈ? 'કર્તા ઈશ્વરકો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ.' 'શ્રીમદ્' 'આત્મસિદ્ધિ'માં કહ્યું ને? 'કર્તા ઈશ્વરકો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ.' સમજાણું? શુદ્ધ સ્વભાવ. પૂર્ણ જેની દશા પ્રગટ થઈ છે તે ઈશ્વર છે. શક્તિરૂપે તો બધા ભગવાન ઈશ્વર છે. પણ પ્રગટરૂપે ઈશ્વર શુદ્ધ પરમાત્મદશા જેને પ્રગટી, એને પરમેશ્વર કહો.

'**પરબ્રહ્મ,...**' કહો. નવામાં છપાણું છે, જૂનામાં રહી ગયું છે. પરમબ્રહ્મ-પરબ્રહ્મ-ઉત્કૃષ્ટ આનંદસ્વરૂપ. સમજાણું? 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે...' એવું દસ વર્ષની ઉંમરે સાંભળતા. અમારી જોડે બ્રાહ્મણ રહેતા. દરરોજ નાહે. અમે મામા કહેતા. અમારા મામા થાય ને મોસાળના. 'અનુભવીને એટલું રે આનંદમાં રે રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે...' એમ બોલતા વારંવાર. ઈ તો બિચારા સમજતા પણ નહિ હોય. પણ તે દિ'નું અમારે અંદરમાં ગરી ગયેલું. આ કાંઈક કહે છે. પરબ્રહ્મ. પરબ્રહ્મ ઈ પોતે, હોં! પરબ્રહ્મ કોઈ કર્તા-બર્તા એમ નહિ.

મુમુક્ષુ :- ઈ તો પર બીજા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ઈ તો પર ઈશ્વર. એને તો એ હતું ને. સમજાણું?

તેવા, જેવો માથે કહ્યો તે પરમબ્રહ્મ છે. તેથી તો તે શબ્દ (વાપર્યો છે). '**પછી ભલે તે ઈષ્ટદેવને...**' આ કહો, કોઈપણ શબ્દથી લાગુ પાડો. '**શિવ,..**' કહો. પણ આને શિવ કહો. આવા સ્વરૂપને. પૂર્ણ સ્વરૂપ ભાવવાન સ્વભાવવાળું નિર્મળ પર્યાયથી પૂર્ણને પ્રગટ કરે એવા જે પરમેશ્વર, એને શિવ કહો. એને શિવ કહો. શિવને આ કહો, એમ નહિ. પેલા શિવ છે તેને આ કહો, એમ નહિ. આને શિવ કહો. સમજાણું કાંઈ? એને '**નિરંજન,...**' કહો. અંજન જરીયે નથી. પૂર્ણાનંદની પ્રાપ્તિ પરમાત્માને થઈ એને અંજન નથી. '**નિષ્કલંક,...**' કહો. કલંક નથી એને. જ્યાં નિષ્કલંક પૂર્ણ દશા પ્રગટ થઈ.

'**અક્ષય,..**' કહો, હવે ક્ષય થવાનો નથી. એ તો એવી ને એવી દશા રહેવાની છે. '**અવ્યય,...**' કહો. કોઈ અંશે પણ નાશ થવાનો નથી. સંપૂર્ણ તો નાશ નથી પણ અવ્યય એટલે થોડો પણ નાશ થવાનો નથી. '**શુદ્ધ,...**' આ પરમેશ્વર આવા જે કહ્યા, '**नमः समयसाराय भावाय स्वानुभूत्या चकासते सर्वभावान्तरच्छिदे**'. આવા સ્વરૂપને શુદ્ધ કહો, '**બુદ્ધ,...**' કહો. એને બુદ્ધ કહો. પેલા બુદ્ધિને બુદ્ધ કહો એમ નહિ. આને બુદ્ધ કહો. સમજાણું કાંઈ? આ એની મેળાએ બરાબર સમજાય એવું નથી. છોટાભાઈ! ખરું ને? એમ લાગે છે કે નહિ? ઘરે પડ્યું હશે, પુસ્તક તો હશે. હશે ને? કાંતાબેન છે તો લઈ તો ગયા હોય ને. આહાહા..!

આ સમયસાર એટલે પરમેશ્વરનું વાચક. પરમેશ્વર વાચ્ય અને આ વાચક. એ શબ્દ કહેશે. સાક્ષાત્ પરમેશ્વરની દશા પ્રગટ થઈ છે અને આત્મા તેવો સ્વરૂપે ત્રિકાળ છે. એને બતાવનારું તે આ સમયસાર વાચક છે. કહે છે કે '**અવિનાશી,...**' કહો. આવા સ્વરૂપને અવિનાશી (કહો). નાશ થવાનો નથી. આગળ ધ્રુવ લેશે. '**અનુપમ,...**' કહો. ઉપમા શી કહેવાય? એની એને ઉપમા હોય, એને બીજાની ઉપમા ન હોય. સિદ્ધને સિદ્ધની ઉપમા. આહાહા..! એવો અનુપમ પરમેશ્વર, એવો આત્મા પણ શક્તિએ-સ્વરૂપે લઈ લેવો. આ પર્યાયે પ્રગટ (થયા છે).

'**અચ્છેદ્ય,...**' છે. છેદાય નહિ. કટકા ન થાય. અચ્છેદ્ય એટલે કટકા ન થાય, અભેદ એટલે ભુક્કો ન થાય, ભુક્કો. ભુક્કો સમજો છો? ચૂર્ણ કરે છે ને? અભેદ છે. '**પરમપુરુષ,...**' છે. ભગવાન જ પરમપુરુષ છે. પરમપુરુષ અવતર્યા હતા ને આ કર્યા ને જગતને બનાવતા હતા. એ કોઈ પરમપુરુષ નથી. આહા..! પુરષોત્તમ પુરુષ, રામચંદ્રજીને કહે છે કે નહિ? એનો આત્મા છે આવો. એ પૂર્ણપણાને પામ્યા માટે પરમપુરુષ કહેવાય. '**નિરાબાધ,...**' જેને કોઈ બાધા નથી. એ આવા સ્વરૂપને બાધા કોઈ છે નહિ. '**સિદ્ધ,...**' કહો. '**સત્યાત્મા,...**' સત્ય આત્મા. એ સાચો આત્મા પર્યાયે પરિણમી ગયો. જેવું એનું સત્ય સ્વરૂપ હતું એવું પર્યાયે પરિણમ્યું, સત્ય આત્મા એ છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- અસત્ય આત્મા અજ્ઞાન અને રાગ-દ્વેષ અસત્ય આત્મા છે. અને નિર્મળ પર્યાયનો આત્મા એક સમયની પર્યાય થઈ, એક સમયની પણ વ્યવહાર. આખું દ્રવ્ય સહિતનો આખો સત્ય આત્મા હોય.

'**ચિદાનંદ,...**' કહો. જ્ઞાનાનંદ. ચિદાનંદરૂપી આનંદના અમૃતનું પૂર છે, એમ નહોતું આવ્યું કાલે? ચિદાનંદરૂપી આનંદામૃતનું પૂર ભગવાન છે. આહાહા..! જેમ પાણીનું પૂર સામું આવતું હોય ને, એમ આખું આનંદનું પૂર પડ્યું છે અંદર. આ પૂર પડ્યું છે, ભાઈ! તારી નજર તો કર, નજર તો કર ત્યાં. એ આનંદના પૂર વહે છે ત્યાં. આહાહા..! પાર વિનાનો આનંદ છે, અપાર આનંદ છે. એવો સ્વભાવ તારો છે, એને પ્રગટેલો પરમાત્માને પર્યાયમાં પૂર્ણ થઈ જાય છે. '**સર્વજ્ઞ,...**' કહો. એને સર્વજ્ઞ (કહો). આને સર્વજ્ઞ, હોં! લોકો કલ્પે કે આમ છે, એમ નહિ. '**વીતરાગ,...**' '**અર્હંત,..**' કહો. અર્હંત શબ્દ છે, હોં! પૂજવાયોગ્ય. પૂજવાયોગ્ય હોય તો આવો આત્મા, જેને સ્વાનુભૂતિની ક્રિયાથી '**सर्वभावान्तरच्छिदे**' થઈ ગયું. એને '**જિન,...**' કહો, '**આપ્ત,...**' કહો. હિત માટે માનવાલાયક. '**ભગવાન,...**' કહો. આને ભગવાન કહો. આ નમઃ સમયસારને. '**ઈત્યાદિ હજારો નામોથી કહો;...**' લ્યો. ૧૦૦૮ નામ તો આવે છે.

એને પુણ્યવંત કહો. એને પુણ્યવંત કહેવાય. પુણ્ય એટલે પવિત્રવંત. પુણ્ય પેલું નહિ. પોતાના પવિત્રતાના સુધારસને પૂર્ણ કહીએ છીએ. સમજાય છે? પ્યાલો છે. સિદ્ધ ભગવાન આનંદનો પ્યાલો છે. સમજાય છે? પ્યાવ. આ પાણી પીવાના. શું કહે છે? પાણીના પરબ. '... કાંઠે પંથ ભયો' એ જેઠાલાલભાઈ બોલતા. જેઠાલાલભાઈને? એ બહુ બોલતા. 'પ્યાવા કાંઠે પંથ ભયો છે આ તો.' પાણી પીવાના કાંઠે પંથ મળ્યો છે. પાણી પી-પીને ચાલ્યા જાવ.

અહીં કહે છે, એ ભગવાનને કોઈપણ નામે કહો પણ એના ગુણો-વાચક એના નામને લાગુ પડવું જોઈએ. હોય એને લાગુ પડવું જોઈએ. એમાં ન હોય અને અધ્ધરથી વાતું કરે એને પરમેશ્વર કહેવાય નહિ. એ કથંચિત્ સર્વ સત્યાર્થ છે. કથંચિત્ સર્વ સત્યાર્થ. કેમકે અનંત નામો છે ખરા ને. એ '**સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે, સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.**' સહજાનંદી આત્મા એને પણ કહેવાય. ત્યારે પેલો કહે, સહજાનંદી સ્વામિનારાયણમાં હોય. અરે.. સાંભળને! એક ફેરી એવું થયેલું કે સહજાનંદી શુદ્ધ સ્વરૂપ છે. ત્યારે એક શેઠાણી કહે, આપણે સહજાનંદી ક્યાંથી આવ્યા? સહજાનંદ તો સ્વામિનારાયણમાં હોય. પોતે સહજ સ્વરૂપનો સ્વામી છે. એ સ્વામિનારાયણ આ આત્મા પોતાનું સ્વરૂપ એને કહેવાય છે. એને સહજાનંદ (કહેવાય છે). ગમે તે એના ગુણનિષ્પન્ન નામથી યાદ કરો તો ઈષ્ટદેવનું નામ લાગુ પડે છે. એને માંગલિક તરીકે કહેવામાં આવ્યો છે, લ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ સુદ ૧૩, શનિવાર તા. ૩૦-૦૭-૬૬**
**શ્લોક-૨. પ્રવચન-૩**

'સમયસાર'. જીવ-અજીવ અધિકાર શરૂ કરતાં 'અમૃતચંદ્રાચાર્ય' માંગલિક કરે છે. એમાં પહેલી ગાથાનું માંગલિક કર્યું એનું હિન્દી, અહીંયા આપણે ગુજરાતી કર્યું.

**પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;**
**સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ. -૧.**

સમયસાર, નમઃ સમયસારનું ટૂંકું કર્યું. હિન્દીમાં ભાઈએ 'જયચંદ્ર પંડિતે' કર્યું છે. 'પ્રગટે નિજ અનુભવ કરે,...' કેવો છે આત્મા? કે પોતે પોતાના અનુભવથી પ્રગટ થાય એવો એ આત્મા છે. '**स्वानुभूत्या चकासते**' આવ્યું હતું ને? સમજાણું? ભગવાન આત્મા શુદ્ધ અનંત ગુણનું ધામ, એ પોતે પોતાની અનુભૂતિની ક્રિયા, અનુભવ દ્વારા એ પ્રગટ થાય છે. '**સત્તા ચેતનરૂપ,...**' અને એ સત્તારૂપ ભાવ છે અને એનો ગુણ ચૈતન્ય છે. એ આવી ગયું છે. '**भावाय चितस्वभावाय**'. એનું ટૂંકી વ્યાખ્યા કરી.

'**સૌ-જ્ઞાતા લખીને નમું,...**' એ આત્મા સર્વને ત્રણ કાળ ત્રણ લોકને જાણનારો. '**सर्वभावान्तरच्छिदे**'. એવું એ તત્ત્વ છે. એવો આ '**સમયાસર સહુ-ભૂપ**'. એ આત્મા બધાનો ભૂપ નામ રાજા (છે). જાણવાની અપેક્ષાએ. બધા ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને જાણે છે એવો આત્મા મહા સમયસાર ભૂપ-રાજા છે. એને નમસ્કાર માંગલિક તરીકે કર્યા છે.

હવે સરસ્વતીને નમસ્કાર બીજા શ્લોકમાં (કરે છે). એ પણ નમસ્કાર કરીને માંગલિક કર્યું છે. નમસ્કાર કરીને એ જાતનું માંગલિક કર્યું છે.

**(अनुष्टुभ्)**
**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।**

બસ, એ માંગિલક કર્યું. '**नित्यमेव प्रकाशताम्**'-નિત્ય પ્રકાશ કરો. કાયમ રહો. કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વીતરાગની વાણી, ત્રણેય લેશે. દ્રવ્યશ્રુત તરીકે સરસ્વતી વાણી, ભાવશ્રુત તરીકે જ્ઞાન અને કેવળજ્ઞાન. એ જ્ઞાનની મૂર્તિ છે. '**नित्यमेव प्रकाशताम्**' કાયમ રહો. એમ કરીને માંગલિક કરવામાં આવ્યું છે.

**શ્લોકાર્થ :-** '**જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન...**' જેમાં અનંત ધર્મ (છે) એવું જ્ઞાન '**તથા વચન...**' જુઓ! જ્ઞાનના બે અર્થ લેશે-શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન. '**તે-મય મૂર્તિ સદાય પ્રકાશરૂપ હો.**' સર્વજ્ઞજ્ઞાન જે અનંત ધર્મવાળું છે, શ્રુતજ્ઞાન પણ અનંત ધર્મવાળું છે, વાણી પણ અનંત ધર્મવાળી છે. તે મૂર્તિ સદા પ્રકાશરૂપ હો, રહો. એમ કરીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પોતાનો સાધક સ્વભાવ કાયમ રહો જેથી સિદ્ધપદ થાય તે પણ કાયમ રહો અને વીતરાગની વાણી પણ કાયમ રહો. એમ ત્રણ પ્રકારે કહીને માંગલિક-સરસ્વતીને વંદન કરીને માંગલિક કર્યું છે.

'**કેવી છે તે મૂર્તિ?**' કઈ મૂર્તિ? જ્ઞાન અને વાણી. એ કેવી છે? '**જે અનંત ધર્મવાળો છે...**' હવે (કહે છે), કેવી છે? આવા આત્માને તે દેખે છે, જાણે છે અને બતાવે છે. એમ કહ્યું છે ને. '**કેવી છે તે મૂર્તિ?**' કેવી છે તે મૂર્તિ એટલે જ્ઞાન અને વાણી કે જે અનંત ધર્મવાળો આત્મા છે એને એ જ્ઞાન અને વાણી બતાવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? '**અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી...**' જુદો છે. કોણ? આત્મા. '**ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન...**' ભગવાનઆત્મા અનંત ધર્મવાળો છે અને પરદ્રવ્યોથી તદ્દન જુદો છે અને પરદ્રવ્યના ગુણ અને પર્યાયોથી પણ આત્મા ભિન્ન નામ જુદો છે.

'**તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી...**' જુઓ! પરદ્રવ્યના નિમિત્તથી થતાં. એ પોતાનો સ્વભાવ નથી. નિમિત્તને આશ્રયે થતાં પોતાના વિકાર. પોતામાં જે વિકાર થાય છે-શુભ-અશુભભાવ, એનાથી '**કથંચિત્ ભિન્ન...**' સર્વથા ભિન્ન નહિ. પરદ્રવ્યથી સર્વથા ભિન્ન. પરદ્રવ્યના ગુણ-પર્યાયથી સર્વથા ભિન્ન અને વિકારથી કથંચિત્ ભિન્ન. કેમકે દ્રવ્યની અપેક્ષાથી ભિન્ન પણ પર્યાયની અપેક્ષાએ કથંચિત્ ભિન્ન '**એકાકાર...**' પાછું. દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ વિકાર ભિન્ન પણ પર્યાયના વિકારની અપેક્ષાએ તે અભિન્ન. વિકાર એના એક સમયનું તદાત્મ્ય રૂપ છે. એક સમયનું. સ્વભાવની અપેક્ષાએ ભિન્ન, પર્યાયની અપેક્ષાએ અભિન્ન. એટલે તદાત્મ્ય અનિત્ય રાગ. એવો એકાકાર છે. છતાં એ બધા ગુણ-પર્યાયનો પિંડનું એકરૂપ એવું દ્રવ્ય છે. એવા આત્મામાં, '**એવા આત્માના તત્ત્વને...**' અહીંથી આ લીધું છે, હોં! પેલી મૂર્તિ આવા આત્માના તત્ત્વને (પ્રકાશે છે).

મુમુક્ષુ :- '**प्रत्यगात्मनः**'..

ઉત્તર :- ઈ પછી. એ '**प्रत्यगात्मनः**' જુદો.

મુમુક્ષુ :-

ઉત્તર :- હા. '**प्रत्यक्**' પરથી ભિન્ન. પેલામાં (-સમયસાર કળશમાં) '**प्रत्यक्**' નો અર્થ પરમાત્મા કર્યો છે. '**प्रत्यक्**'. આખો આત્મા છે ને. અહીં પરદ્રવ્યથી ભિન્ન '**प्रत्यक्**'. પરથી ભિન્ન. પરથી ભિન્નનો અર્થ-પરદ્રવ્યથી ભિન્ન, પરદ્રવ્યના ગુણ-પર્યાયથી ભિન્ન, પરના નિમિત્તે થતા વિકારથી કથંચિત્ ભિન્ન. સર્વથા ભિન્ન હોય તો પર્યાયમાં ન હોય અને સર્વથા અભિન્ન હોય તો દ્રવ્ય સાથે પણ અભિન્ન થઈ જાય. જુઓ! આ સ્વતંત્ર દ્રવ્ય આવું છે એમ સિદ્ધ કરે છે.

'**એવા આત્માના તત્ત્વને, અર્થાત્ અસાધારણ...**' મૂળ તો પાછું ચેતન લેવું છે એને. અસાધારણ નિજસ્વરૂપ અહીં લેવું છે. આત્માના તત્ત્વને એટલે કે નિજસ્વરૂપને. વચ્ચે થોડી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાંબી વ્યાખ્યા કરે છે. '**એવા આત્માના તત્ત્વને, અર્થાત્ અસાધારણ-સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ-**' ચૈતન્યસ્વરૂપ. એ અસાધારણ સજાતીય બીજા આત્મા હોય તોપણ એનાથી આત્માનું જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે. સૌનું જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે. વિજાતીય જડ પરમાણુથી પણ વિલક્ષણ છે. જેનું લક્ષણ તદ્દન જુદું છે. બસ, એટલું. '**એવા આત્માના તત્ત્વને...**' એટલે કે નિજસ્વરૂપને, એમ લેવું. વચ્ચે આ બધા એના વિશેષણ આવ્યા.

'**તે મૂર્તિ...**' તે મૂર્તિ એટલે જ્ઞાન અને વાણી '**અવલોકન કરે છે-દેખે છે.**' સમજાણું કાંઈ? છે ને સામે? પાઠ છે કે નહિ સામે? હમણાં ભાવાર્થ કરશે વિશેષ. અનંત ધર્મવાળું. જ્ઞાનનો પણ અનંત ધર્મસ્વભાવ છે. પછી શ્રુતજ્ઞાનની પર્યાય હો કે કેવળજ્ઞાનની હો, એ અનંત ધર્મવાળું છે. અને વાણીનો પણ અનંત ધર્મને બતાવવાનો ધર્મ છે. અને એ જ્ઞાન ને વાણી અનંત ધર્મવાળો એવો જે આત્મા,.. ન્યાં આત્મા છે પાછો. પેલો જ્ઞાન અને વાણી અનંત ધર્મવાળી. હવે આત્મા અનંત ધર્મવાળો એ કેવો છે? કે પરવસ્તુથી જુદો- '**प्रत्यक्**'. અને પરદ્રવ્યના ગુણ-પર્યાયથી જુદો. પણ પોતામાં પરના લક્ષે થતો વિકાર, એનાથી કથંચિત્ ભિન્ન. સર્વથા ભિન્ન નહિ. સર્વથા ભિન્ન હોય તો એ વિકારી પર્યાય એક સમય પણ એનામાં તદાત્મ્ય હોઈ શકે નહિ. 'ન્યાલભાઈ'! ધ્યાન તો રાખે છે પણ આ ઝીણું બહુ, ભાઈ! સમજાણું કે નહિ આમાં?

આત્માને અનેકાંતમય મૂર્તિ અનંત ધર્મવાળા તત્ત્વને દેખાડે અને પ્રકાશે છે, એમ અહીં સિદ્ધ કરવું છે. અનંત ધર્મવાળા આત્માને અનંત ધર્મવાળી મૂર્તિ જ્ઞાન અને વાણી તે આવા અનંત ધર્મવાળા આત્માને '**पश्यन्ती**' દેખાડે છે. એનો અર્થ કર્યો કે અનંત જેમાં જ્ઞાન અને વાણીમાં પણ ધર્મ છે. એ અનેકાંતમય મૂર્તિ છે.

હવે '**अनन्तधर्मणस्तत्त्वं**' જે આત્મા અનંત ધર્મવાળું તત્ત્વ છે. અનંત ધર્મ. તત્ત્વ કહેશે એ અનંત ધર્મમાં વ્યાપક ચૈતન્ય છે. ચૈતન્ય અનંત ધર્મમાં વ્યાપક છે. એવા અનંત ધર્મવાળા નિજસ્વરૂપને તે સમ્યગ્જ્ઞાન શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ બતાવે છે અને વાણી તેને દેખાડે છે. સમજાણું કાંઈ આમાં? 'શશીભાઈ'! સમજાણું કે નહિ આમાં? થોડું થોડું લાગે છે. ઈ પણ થોડું થોડું. બુદ્ધિવાળા માણસને થોડું થોડું? બે વાર તો આમ સ્પષ્ટ કર્યું.

'**अनन्तधर्मणस्तत्त्वं**' અનંત ધર્મવાળું તત્ત્વ એટલે આત્મા. એ તત્ત્વ દેખે ત્યાં ચૈતન્ય. આત્માનું મૂળ તત્ત્વ ચેતન. પણ એ અનંત ધર્મવાળો આત્મા, એ બધામાં એ ચેતન વ્યાપક છે. એવા અનંત ધર્મવાળું તત્ત્વ '**पश्यन्ती**' પ્રત્યક્ષ ભિન્ન આત્માને. કોણ? અનેકાંતમય મૂર્તિ. સમ્યગ્જ્ઞાન શ્રુતજ્ઞાન સાધકદશામાં. કેવળજ્ઞાન સાધ્યમાં અને વીતરાગની વાણી. એ જ્ઞાન એને બતાવે છે. અનંત ધર્મવાળા ચૈતન્ય તત્ત્વને, જે ચેતન અનંત ધર્મમાં વ્યાપક (છે) એવા આત્માના તત્ત્વને એ સમ્યગ્જ્ઞાન બતાવે છે, કેવળજ્ઞાન બતાવે છે, સમ્યક્ શ્રુતજ્ઞાન (બતાવે છે). કેવળજ્ઞાન બતાવે છે અને વાણી તેને દેખાડે છે. સમજાણું કાંઈ? લ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ...'** ભાષા જુઓ! સજાતીય આત્મા એનું પણ જે જ્ઞાનસ્વરૂપ છે એનાથી આ જ્ઞાન વિલક્ષણ છે. ભાઈ! એમ લીધું. શું કીધું? બીજા અનંત આત્માઓનું સજાતીયપણું જે જ્ઞાન આદિ છે એનાથી આ જ્ઞાનસ્વરૂપ એના સજાતીય જ્ઞાનથી વિલક્ષણ છે. આનું લક્ષણ જ જુદી જાતનું છે. એના જ્ઞાનનું લક્ષણ એની પાસે રહ્યું, આના જ્ઞાનનું લક્ષણ અહીં રહ્યું. વિલક્ષણનો અર્થ કર્યો પાછો. આત્માના તત્ત્વને એટલે કે અસાધારણ નિજસ્વરૂપને એટલે? અસાધારણ એટલે શું? બીજા સજાતીય આત્માઓમાં પણ જ્ઞાન છે. છતાં તેનાથી આ જ્ઞાન અનંત ધર્મમાં વ્યાપેલું એવું જે તત્ત્વ એ બીજા જ્ઞાન કરતાં આનું લક્ષણ વિલક્ષણ છે. કારણ કે આ જ્ઞાન લક્ષણ આત્મા-આનું છે, એ બીજાનું જ્ઞાન લક્ષણ એનું છે. તેથી કહે છે કે અસાધારણ (અર્થાત્) બીજામાં નહિ. અસાધારણની વ્યાખ્યા એમ પણ કરશે કે આત્માના અનંત ગુણો છે એમાં પણ એ અસાધારણ એક છે-જ્ઞાન. સમજાણું? અને એ જ્ઞાન બીજા જડમાં પણ નથી માટે પણ અસાધારણ. પણ અનંત ગુણ માહ્યલો એક જ્ઞાનગુણ એવું તત્ત્વ છે કે અસાધારણ એવા કોઈ ગુણ છે નહિ. ચૈતન્ય આત્માનું તત્ત્વ ચેતન અનંત ધર્મમાં વ્યાપેલું છે. પોતાના જેટલા અનંત ધર્મ છે એમાં વ્યાપ્યું છે. એવા આત્માના તત્ત્વને કે જે પરથી ભિન્ન છે, પરદ્રવ્ય ગુણ-પર્યાયથી ભિન્ન છે, પરદ્રવ્યના નિમિત્તથી થતી વિકૃત અવસ્થા કથંચિત્ ભિન્ન છે. કેમકે પર્યાયમાં અનિત્ય તદાત્મ્ય તે વિકાર છે. દ્રવ્યના કારણે સ્વભાવની અપેક્ષાએ ભિન્ન છે. એવા વિકાર સહિત પર્યાય અને ચૈતન્યનું વ્યાપક અનંત ધર્મવાળું એને જ્ઞાન જે અનંત ધર્મવાળું તત્ત્વ છે, જ્ઞાન પણ અનંત ધર્મવાળું છે, એને જાણે છે ને? એટલી તાકાત છે, એ શ્રુતજ્ઞાન એને બતાવે છે. શ્રુતજ્ઞાન એ આત્માને બતાવે છે કે આવો છે. વિકાર એની એક સમયની પર્યાયમાં તદાત્મ્ય છે. દ્રવ્યમાં નથી. એમ શ્રુતજ્ઞાન આવા તત્ત્વને બતાવે છે. માટે શ્રુતજ્ઞાન પણ અનેકાંતમય મૂર્તિ થઈ. અને અનેકાંત ચૈતન્યતત્ત્વ ચૈતન્યમાં અનંત ધર્મવાળું વ્યાપક એને તે જ્ઞાન બતાવે છે. કેવળજ્ઞાન એને બતાવે છે, વાણી તેને દેખાડે છે. જ્ઞાનમાં એટલી તાકાત છે એમ કહે છે.

કેવળજ્ઞાન તો દેખે. શ્રુતજ્ઞાન, પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ અને ચેતન અનંત ધર્મમાં વ્યાપક છે અને વિકાર એ કૃત્રિમ ક્ષણિક અનિત્ય તદાત્મ્યપણે છે, એમ શ્રુતજ્ઞાન એવા આત્માને દેખાડે છે કે આ આત્મા. ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! પરની અપેક્ષા કાંઈ આવી નહિ કે પરને દેખે છે કે નહિ. પરના લક્ષે થયેલી વિકૃત અવસ્થા અનિત્ય તદાત્મ્યરૂપ એના અસ્તિત્વમાં છે. ગુણ સ્વભાવમાં નથી એવો જે આત્મા પરથી તદ્દન ભિન્નવાળો, વિકાર અવસ્થા પણ પરથી ભિન્ન, પરથી ભિન્ન એવા આત્માને શ્રુતજ્ઞાન દેખે છે, કેવળજ્ઞાન દેખે છે, વાણી દેખાડે છે. ભાવાર્થમાં વિસ્તાર કરશે, આ કહ્યું એનો વિસ્તાર કરે છે.

ઈ જ **નમસ્કાર** આવ્યો છે. આમ રહો, જ્ઞાન '**नित्यमेव प्रकाशताम्**' છે કે **નહિ**? શું આવ્યું? જુઓ! છેલ્લો શબ્દ શું છે? '**नित्यमेव प्रकाशताम्**'. આવું જ્ઞાન કાયમ રહો, એવું કેવળજ્ઞાન કાયમ રહો, તે વાણી પણ કાયમ રહો. એ રીતે એની અસ્તિતા કાયમ ટકવી એ એનું માંગિલક કરવામાં આવે છે. તત્ત્વજ્ઞાન. સમજાણું કાંઈ? જગતમાં એની હયાતી આવી છે તેમ રહો, એ જ માંગલિક છે. શ્રુતજ્ઞાન સાધકભાવ એમ રહો, નિત્ય રહો. સાધકમાંથી બાધક ન થાઓ અને સાધકમાંથી સિદ્ધ થાઓ. બેય એમ રહો. એને બતાવનાર વાણી વાચક પણ રહો. આ તો શાસ્ત્ર છે, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ ગૂઢ છે.

ઉત્તર :- .. છે. આ તો સંતોની વાણી છે. પેલા કબીરમાં કહે છે કે **નહિ**? કબીરની અવળી વાણી. એમ **નહિ**. આ તો સવળી વાણીમાં ગંભીરતા બહુ છે.

મુમુક્ષુ :- ગોરખની અવળી વાણી.

ઉત્તર :- ગોરખની અવળી. પણ આ તો અલૌકિક ચૈતન્યની વાણી છે. આત્મા થઈને આત્મા એકવાર બોલ, એમ કહ્યું છે. સમજાણું? ... એક પત્ર આવે છે, ભાઈ! આત્મા થઈને આત્મા એકવાર બોલે, આત્મા થઈને એટલે?

મુમુક્ષુ :- એ રૂપે પરિણમીને.

ઉત્તર :- એની વાણી સમ્યક્ જ નીકળે. સમજાણું કાંઈ?

જ્ઞાનસમય આત્મા થઈ, અર્થસમયને બતાવે શબ્દસમય દ્વારા. પંડિતજી! ઈ આવતું હતું ને? પંચાસ્તિકાયમાં. શબ્દસમય અને એક .. માં લીધું છે ને? એ દ્વારા. અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે.. (ગાથા-૩ની) ટીકા છે. '**જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) ઈરાદો છે.**' સમજાણું કાંઈ? ઈ છેલ્લા શબ્દ છે ને? '**तदत्र ज्ञानसमयप्रसिद्ध्यर्थं शब्दसमयसम्बन्धेनार्थसमयोऽभिधातुमभिप्रेतः**' જ્ઞાનસમયને પ્રસિદ્ધિ, સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ કરવા શબ્દસમયના સંબંધથી અર્થસમયને બતાવે છે. એમ ભગવાન કુંદકુંદાચાર્યનો આમાં અભિપ્રાય છે. ત્રણે આવી ગયા. જુઓ! જ્ઞાનસમય, શબ્દસમય અને અર્થસમય. જ્ઞાન-સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ માટે શબ્દસમયના સંબંધે અર્થસમય બતાવે છે. હવે એની વ્યાખ્યા કરે છે. 'જયચંદ્ર પંડિત' પોતે વિસ્તાર કરે છે ને. સામાન્ય જે કર્યો એમાં જરી વિશેષ (ભાવાર્થ કહે છે).

**ભાવાર્થ :- 'અહીં સરસ્વતીની મૂર્તિને...'** લ્યો, આવ્યું. '**આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે.**' છે? આશીર્વચન એટલે આશીર્વાદ કહો કે આશીર્વચન કહો. આશીર્વાદ નથી કહેતા? આનો આશીર્વાદ અમને છે. વાદ એટલે વચન. આશીર્વચન-આશીર્વાદ. નથી કહેતા? અમારે આશીર્વાદ જોઈએ. આશીર્વાદ. વાદ એટલે આશીર્વચન. '**અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચન...**' એટલે આશીર્વાદરૂપ **નમસ્કાર** કર્યો છે. ઠીક! આશીર્વાદરૂપ **નમસ્કાર** કર્યો છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હે જ્ઞાનમૂર્તિ! હે કેવળજ્ઞાન! હે શ્રુતજ્ઞાન! વાણી! તમે રહો. એમ આશીર્વાદરૂપે નમસ્કાર કર્યો છે. સમજાણું કાંઈ?

**'લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી...'** લોકો કહે છે ને? મોર ઉપર બેસે છે ને હાથમાં વીણા (છે). મૂર્તિ એમ કહેવા માગે છે કે જેમ મોરને સર્પને ખાય છે, સપૂંછો. મોર હોય છે ને મોર? એ સર્પને પહેલો પૂંછડેથી પકડે. એટલી તાકાત છે. મોઢેથી ન પકડે. આમ ચાલ્યો જતો હોય તો પૂંછડું પકડે. ત્યાં પેલો ઠરી જાય અંદર. આખા શરીરમાં સર્પ આવી જાય. એમ સરસ્વતીનું વાહન એ લોકો કહે છે, પણ એનો અર્થ ઈ છે કે સમ્યગ્જ્ઞાનરૂપી સરસ્વતી અજ્ઞાનના ઝેરને ગળીને મારી નાખે છે. જ્ઞાનને સરસ્વતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મોર સપૂંછો ખાય. એવા બધા શ્લોક આવે છે, હોં! વાંચેલા છે. મોર સપૂંછો ખાય. મોર સર્પને સપૂંછો ખાય. આમ પૂંછડેથી ખાય. મોઢેથી નહિ. જ્યાં પૂંછડું પકડે ત્યાં પેલો આમ એના મોઢામાં ઈ પૂછડું સરખું સમાઈ જાય એવું મોરનું મોઢું હોય છે. પૂછડું સરખું દબાઈ જાય. આમ એના પ્રમાણમાં. ત્યાં પેલો ઢીલો પડી જાય. એના મોઢામાં પૂંછડું આમ પકડાય એવો ગોળાકાર ખાલી ભાગ એવો હોય. ખાલી ભાગ મોઢામાં (એવો હોય કે) પૂંછડું આમ સરખું થઈ જાય. ... ક્યાંય આમ હલવાની સ્થિતિ અંદર ન હોય એવું એનું સ્થાન હોય. એમ સમ્યગ્જ્ઞાન અજ્ઞાન અને રાગ-દ્વેષના ઝેરને મારી નાખીને, મારી નાખીને જીવતું ચૈતન્ય છે. એવી સરસ્વતી અહીં વર્ણવી છે. આ જ્ઞાન સરસ્વતી છે, હોં!

મુમુક્ષુ :- સાપનો ફેણ કે ફુંફાડો કામ આવતા નથી?

ઉત્તર :- ફુંફાડો શું? ફરે નહિ. કીધું નહિ? એવો બરાબર સમાઈ જાય ને. મોઢાનો ભાગ જ એવો હોય છે. જોયું છે? કો'ક દિ' આમ ... ઉપરથી જોજો ને. .. શું છે ઈ. મોઢું આમ ને આમ (હોય) એટલે વચમાં એટલી (જગ્યા) ખાલી હોય કે એમાં બરાબર સરખો સમાઈ જાય. એમાં ક્યાંય હલી શકે નહિ જરીયે. મોર સપૂંછો ખાય. મોર સર્પને પૂંછ સહિત ખાય એવી કહેવત છે.

એમ સરસ્વતી જ્ઞાન-સમ્યક્ શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન ઝેરને મારી નાખીને અમૃત બનાવી દે આત્માને. વાણી પણ એવી જ, હોં! વીતરાગની વાણી પણ એવી છે. ઝેરને મારી નાખી અનેકાંતમય વસ્તુ.. છે ને? પંચાસ્તિકાયમાં આવે છે, નહિ? પ્રવચનસારમાં. અનેકાંત. પહેલું ક્યાંક આવે છે. પહેલા શ્લોકમાં શરૂઆતમાં આવે છે. પછી 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં આવે છે.

મુમુક્ષુ :- એકાંત અને અનેકાંત.

ઉત્તર :- એ છે. આ તો બીજી ટીકા.

મુમુક્ષુ :- અસ્તિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- હા, અસ્તિ નાસ્તિમાં આવે છે એ અનેકાંત. પેલું તો આવે છે એ અનેકાંત નહિ. ... ચૌદ બોલ. શેમાં છે ઈ? પંચાસ્તિકાય? પ્રવચનસાર. સ્યાત્કાર રૂપી અમોઘ મંત્ર પદ જકારમાં રહેલા સઘળા વિરોધવિષના મોહને દૂર કરે છે. સપ્તભંગી. સમ્યક્ રીતે સપ્તભંગી સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતા સ્યાત્કારરૂપી અમોઘ મંત્રપદ વડે જકારમાં રહેલા- એકાંતમાં રહેલા સઘળા વિરોધવિષના મોહને દૂર કરે છે. જ્ઞાન પણ એવું છે અને વાણી પણ એવી છે. બેય એવા છે. જુઓ! ઉચ્ચારવામાં આવતા, એમ કીધું છે ને? શાસ્ત્રમાં તો બહુ ભર્યું છે, ઘણું ભર્યું છે! ઓહોહો..!

અહીં કહે છે, **'લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી તેથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે.'** સમજાણું કાંઈ? **'જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે.'** જે સમ્યગ્જ્ઞાન છે, જે આત્માના સારા (-આખા) પૂર્ણ સ્વરૂપ જેવું પરથી ભિન્ન (છે), વિકાર ક્ષણિક આદિ, સ્વભાવ અનંત ગુણ, એવું એ જ્ઞાન બરાબર બતાવે છે. સમજાણું કાંઈ? ૪૭ નયમાં એમ આવ્યું ને? શ્રુતજ્ઞાન કર્તા છે, વિકાર છે. ઈ નય બતાવે છે ને? પોતાનું કર્તાપણું. વિકારનું પરિણમન મારું પરિણમન છે, મારું છે. હું પરાધીન છું, .. મારો પોતે એવો ધર્મ છે. એવા ધર્મને શ્રુતજ્ઞાન બતાવે છે. ત્યાં પણ શ્રુતજ્ઞાન લીધું છે ને? શ્રુતજ્ઞાન આમ બતાવે છે. અહીં પણ એ લીધું છે. યથાર્થ વર્ણન (કર્યું છે). સમ્યગ્જ્ઞાન તે જ સાચી મૂર્તિ છે.

**'તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે.'** ઓહોહો..! કેવળજ્ઞાન એક સમયની દશા કે જેમાં સંપૂર્ણ પદાર્થો-પર પદાર્થ પ્રત્યક્ષ ભાસે છે. કહો, સમજાણું આ? એવું કેવળજ્ઞાન **'नित्यमेव प्रकाशताम', 'नित्यमेव प्रकाशताम'**. આહાહા..! આવું કેવળજ્ઞાન સદાય રહેજો. એની પ્રતીતમાં કેટલું આવ્યું છે! સમજાણું? આ કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલા.. કારણ કે ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારાનો વિરહ કોઈ દિ' ન હોય. શું કીધું? ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારાનો વિરહ ત્રણ કાળમાં કોઈ દિ' ન હોય. ત્રણ કાળમાં, હોં! ત્રણે કાળમાં ત્રણ કાળને જાણનારનો ત્રણે કાળમાં કોઈ દિ' વિરહ ન હોય.

મુમુક્ષુ :- એક..

ઉત્તર :- એક જ સિદ્ધાંત કહ્યો ને. ત્રણ કાળમાં ત્રણ કાળને દેખનારનો એક સમય વિરહ હોય નહિ. શું કહ્યું આમાં? 'શશીભાઈ'! એવું જ્ઞાન સદાય રહો. ત્રણે કાળ, હોં! પાછું. ત્રણે કાળમાં ક્યો કાળ એક સમય છે કે ત્રણ કાળના જાણનારાઓ ત્રણે કાળમાં ન હોય? આહાહા..! બધું પૂર્ણ જ્ઞેય છે તો પૂર્ણ જાણનારો અનાદિ જ છે. આમ બધું છે, આમ બધું એમ ને એમ અનાદિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવા કેવળજ્ઞાનની પ્રતીતિ.. બાપુ! એને કહે છે કે સદાય રહો. આહાહા..! મારા ગુણમાંથી એ પર્યાય પ્રગટ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થવાની છે. હું સાધક છું, એમ શ્રુતજ્ઞાનમાં કહે છે ને. આમ રહો, શ્રુતજ્ઞાની કહે છે ને? આમ રહો. કેવળજ્ઞાન રહો, સાધક શ્રુતજ્ઞાન રહો. સમજાણું?

એક પ્રશ્ન એવો આમાં-શ્વેતાંબરમાં આવે છે. સાધુને મારનારને અનંતગુણું પાપ લાગે છે. કેમકે સાધુ સાધક છે. એ સાધક જીવનો અભાવ કરવા માગે છે એ મહાપાપી છે. સંસારીજીવ બાધકવાળા છે. એ તો મારે છે તો એને પાપ (લાગે છે). પણ જેને આત્માના સ્વરૂપનું સાધકપણું પ્રગટ્યું છે એને મારી નાખવાનો ભાવ એનો અર્થ કે એ સાધકપણું જગતમાં ન રહો. ત્રણ કાળમાં સાધકપણું ન રહો એવી એની મારનારની માન્યતામાં છે. સમજાય છે આમાં? ભગવતીમાં એક લેખ હતો એમાંથી આવું કાઢતા. ત્યાં તો બધું સાધારણ હતું. પણ અંદરથી થોડું થોડું (કાઢતા). એક સાધકજીવ છે સ્વરૂપનો સાધનાર, જેની અલ્પકાળમાં સાધ્ય દશા પૂરી થવાની છે. એને જેને મારી નાખવાનો ભાવ છે એના સાધકભાવનો અભાવ કરવા માગે છે. અત્યારે નહિ પણ ત્રણ કાળના જીવો જે સાધક હોય એનો અભાવ કરવા માગે છે. સાધકપણું ન હો અને મહા મિથ્યાત્વનું બાધકપણું હો એવા નિગોદનો આરાધક એ સાધકને મારીને અભાવ કરવા માંગે છે. સમજાણું કાંઈ?

એમ જગતમાં કેવળજ્ઞાની ન હો, કેવળજ્ઞાની ન હો. આહાહા..! એક સમયમાં જાણનાર. ત્રણે કાળમાં ત્રણ કાળમાં ત્રણ લોકને જાણનારનો વિરહ નથી કોઈ દિ'. એમાં એમ કહે કે આવું કેવળજ્ઞાન ન હો. અનંત આત્માની શક્તિની વ્યક્તતાનો અભાવ હો જગતમાં, એમ એ કહેવા માગે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેવળજ્ઞાન છે એમ માને અને નિયત..

ઉત્તર :- એ વાત જ ખોટી છે. કેવળજ્ઞાન એટલે શું! ભાઈ! આહાહા..! આમ બધું વ્યવસ્થિત છે. એક સમયમાં એ પર્યાયને જાણતાં એ જણાઈ જાય છે. એવી વસ્તુ પર્યાયનો ધર્મ છે. એનો ધર્મ વ્યવસ્થિત જે છે એ બધું જણાઈ જાય. ત્રણે કાળમાં ત્રણ લોકમાં, ત્રણ કાળમાં ત્રણ લોકની અંદરમાં, લોકની અંદરમાં ત્રણ કાળમાં કોઈ દિ' ત્રણ કાળને જાણ્યા વિનાનું જગત રહે, એ જગત રહેશે જ નહિ. જગત નહિ રહે. કારણ કે જગત અનાદિ બધું જ્ઞેયરૂપ પડ્યું છે એનો જાણનાર સાક્ષી ન હોય તો આ જ્ઞેય છે, એનું અસ્તિત્વ છે એ જાણ્યું કોણે? બેય એમ ને એમ અનાદિ છે. સમજાણું કાંઈ?

આચાર્ય અહીંયા આશીર્વાદ આપે છે. આહાહા..! કહે છે, સંપૂર્ણ જ્ઞાન '**તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે...**' આત્માનું અનંત ધર્મવાળું તત્ત્વ એટલે ચૈતન્ય, એવું મૂળ તત્ત્વ અહીં અર્થમાં ગણશે. એ ચૈતન્ય અનંત ધર્મમાં વ્યાપક છે એને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે. આ સમયસાર છે. પેલા તમારે કહે છે ને? શું? ભાગવતની પારાયણ માંડે છે. આ તો મોટી પારાયણ પરમાત્માની છે. આહાહા..! પરમેશ્વર સિવાય સર્વજ્ઞ સિવાય એવી પારાયણ ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, જે '**તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે...**' અનંત ધર્મ સહિત આત્મતત્ત્વને, પાછું એમ લીધું ને? ભાઈ! અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે '**તેથી તે સરસ્વતીની મૂર્તિ છે.**' કેવળજ્ઞાન એ સરસ્વતીની મૂર્તિ છે. સરસ્વતી.. સરસ્વતી. સ્વરસવતી. કેવળજ્ઞાન આનંદના રસવતી કેવળજ્ઞાન છે. ક્યાંનું ક્યાં ગયું. એવો સરસ. સરસ-વતી. સરસ-વતી. એવી કેવળજ્ઞાનની મૂર્તિ. એ કેવળજ્ઞાનની વ્યાખ્યા કરી. સમજાણું? '**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम**'. એમાં અનેકાંતમયમાં પહેલું કેવળજ્ઞાન કાઢ્યું. સમજાણું? એને સદા રહો એમ આશીર્વચન કહ્યું.

'**તદ્નુસાર જે શ્રુતજ્ઞાન છે...**' તદ્અનુસાર શ્રુતજ્ઞાન છે ને?

મુમુક્ષુ :- તદ્નુસાર..

ઉત્તર :- બધું પૂરું. શ્રુતજ્ઞાન પણ પૂરું. પંડિતજીને ... નથી? સ્યાદ્વાદ અને કેવળજ્ઞાનમાં જરીયે કાંઈ ફેર નથી. પરોક્ષ પ્રત્યક્ષનો ફેર. શ્લોક આવે છે ને? હા, ઈ. એમને તો ઘણું બધું... સ્યાદ્વાદ એ કેવળજ્ઞાન છે. પરોક્ષ પ્રત્યક્ષનો ફેર, બાકી કાંઈ ફેર નથી. સાધક શ્રુતજ્ઞાન કોને કહે! સમજાણું?

'**તદ્નુસાર જે શ્રુતજ્ઞાન છે...**' કેવળજ્ઞાની જેવું જાણે છે તે અનુસારે શ્રુતજ્ઞાન પણ જાણે છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાની ક્રમબદ્ધ જાણે, શ્રુતજ્ઞાની..

ઉત્તર :- વાત જ બધી (ખોટી). કંઈ વસ્તુની એવી સ્થિતિ છે? આ અંદરમાંથી હાથ આવવું... અંદરના કોઈ મહાન પુરુષાર્થ વિના એ (હાથ આવતું નથી). કાં સંસ્કાર જોઈએ અને કાં કોઈ ગુરુગમ જોઈએ. એ વિના જૈનદર્શન સમજાય એવું નથી. પૂર્વે કોઈ ગુરુગમ કર્યો હોય અને કાં અત્યારે ગુરુગમ હોય, એ સિવાય આ તત્ત્વ બેસે એવું નથી. 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત'. 'શ્રીમદ્' કહે છે ને? 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત'. એના પહેલા શબ્દ છે ને? 'બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત. બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત.' આંખ ... ની વાતું.

**બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત,**
**પાવે નહીં ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત.**

મુમુક્ષુ :- સેવે સદ્ગુરુ કે ચરણ તો પાવે સાક્ષાત્.

ઉત્તર :- સાક્ષાત્. એ શબ્દ છે.

**બુઝી ચહત જો પ્યાસ કો, હૈ બુઝન કી રીત,**
**પાવે નહીં ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત.**

એવું આવે છે. 'શ્રીમદ્દે' અંદર ઘણાં ગોઠવેલા. ટૂંકા શબ્દ પણ ઘણું સમાવ્યું છે. કહે છે, ઓહો..! ભગવાન આત્મા.. શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનને અનુસારે. શ્રુતજ્ઞાન પણ

એમ જ જાણે છે. જયપુરની ચર્ચામાં મૂળમાં તો એમ આવ્યું છે. મૂળમાં લખ્યું એમાં. કેવળજ્ઞાની તો તે તે પર્યાયને સ્વકાળે જાણે એ જ બરાબર છે. નહિતર કેવળજ્ઞાન નહિ. એમ ચર્ચામાં આવ્યું છે. પણ આમાં હમણાં પાછું ફેરવ્યું કે કેવળજ્ઞાની એમ નહિ, કેવળજ્ઞાની પણ નિયત અનિયતને જાણે, શ્રુતજ્ઞાની પણ નિયત અનિયતને જાણે. હમણાં લખાણ આવે છે એમાં એવું આવે છે. પેલામાં એવું આવ્યું. અહીં તો ઈ પણ આખુ વાંચ્યું છે ને. શું કહેવાય તમારે? જયપુરની ચર્ચા બધી વાંચી છે, આખી વાંચી છે. બધું છપાવ્યું છે ને. પંડિતજી અહીં હતા ને ત્યારે? પૂરું આપવામાં ઈ અહીં હતા તાકડે. પૂરું અહીં આવ્યું હતું ને? પંડિતજી! પૂરુંએ અહીં આવ્યા હતા. તમે અહીંથી મોકલ્યું પૂરું. ઈ મધ્યસ્થ હતા ને. લોકોને વહેમ પડે કે ન્યાં ગયા. ન્યાં પૂરું થયું. એ તો કુદરતે આવ્યા હતા. ઈ કાંઈ ... નહોતું. ખબરેય નહોતી એ વખતે અહીં પૂરું આવશે અને અહીંથી પંડિતજીને મોકલવું પડશે. લોકોએ મધ્યસ્થતાથી જોવું જોઈએ. સમજાણું?

અહીં કહે છે, 'શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે...' લ્યો. ઓલામાં પ્રત્યક્ષ દેખાડે છે કહ્યું હતું. છે ને બેય શબ્દ? ઉપર પ્રત્યક્ષ દેખાડે છે કહ્યું. (અહીંયાં) પરોક્ષ દેખાડે છે. એમાં ઓછંવત્તું એમ નહિ. ફક્ત પ્રત્યક્ષ અને પરોક્ષ, બસ, એટલી વાત છે. '**તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે.**' શ્રુતજ્ઞાન પણ સરસ્વતીની મૂર્તિ છે. આહાહા..! શ્રુતજ્ઞાન– આ ભાવશ્રુતજ્ઞાનની વાત ચાલે છે, હોં! દ્રવ્યશ્રુત પછી લેશે. કહો, સમજાણું કાંઈ?

'**વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે...**' એ ત્રીજી વાત આવી. '**તે પણ તેની મૂર્તિ છે,...**' દ્રવ્યશ્રુત વચન છે તે પણ સરસ્વતીની જ નિમિત્તરૂપે મૂર્તિ છે. સરસ્વતીની મૂર્તિ છે. શ્રુતજ્ઞાન સરસ્વતીની મૂર્તિ, કેવળજ્ઞાન સરસ્વતીની મૂર્તિ. કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે. પેલો વ્યવહાર ઉપચાર છે. '**કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.**' વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. સ્વતઃ સ્વભાવ વાણીમાં, હોં! આત્મા સિવાય. વાણીમાં સ્વપર કથા કહેવાની વાણીની પર્યાયમાં તાકાત છે. એ તાકાત ચૈતન્યને લઈને વાણીમાં આવે છે, એમ નથી. સમજાણું કાંઈ? અને ભગવાન આત્મા સ્વપરને જાણવાની તાકાત રાખે છે. એ તાકાત પરથી આવતી નથી અને વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે એ કેવળજ્ઞાનને લઈને એમાં આવે છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે, ભાઈ! વસ્તુની સ્થિતિ છે એમ હોય કે નહિ? સ્વપર વાર્તા કહેવાની વાણીમાં તાકાત છે. કહ્યું છે ને? પ્રવચનસારમાં કહ્યું છે છેલ્લે. હે જીવો! મોહથી ન નાચો. શબ્દો મેં કહ્યા અને શબ્દો તમને સમજાવે એમ મોહથી ન નાચો. 'અમૃતચંદ્રાચાર્ય' 'પ્રવચનસાર'માં (કહે છે), મોહથી એમ ન મિથ્યાત્વમાં ન નાચો ભાઈ! એ શબ્દ સ્વતંત્ર પરિણમે છે. હું તો જ્ઞાનમાં ગુપ્ત છું. એ જ્ઞાન ગુપ્તપર્યાય વાણીમાં આવી ગઈ છે? ગુપ્ત અંદર પડી છે. વાણીની પર્યાયથી પાર અંદર પડી છે. એ પર્યાય અહીં વાણીમાં કેમ આવે? માટે હું વાણી કરનાર અને શબ્દો

જ્ઞેયોનો બતાવનાર અને જ્ઞાન કરાવનાર, એમ ક્યાં છે? એમ ક્યાં છે? ભાઈ! તારું જ્ઞાન તારાથી થાય છે. શબ્દોમાં સ્વપરને નિમિત્તપણે કહેવાની તાકાત છે. જ્ઞાનસ્વરૂપને સ્વપર જાણવાની તાકાત છે. અને તારી તાકાત પણ સ્વપરને જાણવાની લાયકાત તારામાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.**' અનેક ધર્મો છે, હોં! એની અંદર. બધી થોડી વાત કરશે. '**આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી...**' આ રીતે આ પ્રકારે સર્વ પદાર્થોના તત્ત્વને એટલે એના સ્વરૂપને જણાવનારી '**જ્ઞાનરૂપ તથા વચનરૂપ...**' ત્રીજા પદનું (ચાલે છે). '**अनेकान्तमयी मूर्ति**'. '**અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે;...**' એ છે, એમ કહે છે. જ્ઞાનમય મૂર્તિ કેવળજ્ઞાન છે, શ્રુતજ્ઞાનરૂપી સરસ્વતી છે, વાણી પણ છે. ત્રણે કાળે ત્રણ કાળમાં આ ત્રણનો વિરહ કોઈ દિ' હોય નહિ. શ્રુતજ્ઞાનનો વિરહ હોય? કેવળજ્ઞાનનો હોય? વાણીના કહેનારને વાણીનો વિરહ હોય? મહાવિદેહમાં તીર્થંકરો બિરાજે છે. દિવ્યધ્વનિ નીકળે છે. ચાર-ચાર ઘડી, સવાર-બપોર-સાંજ અને રાત્રે. ચાર વખત નીકળે છે. સમજાણું કાંઈ? શાશ્વત પ્રતિમા પણ વીતરાગની છે, શાશ્વત આ જાતની વાણીનો પ્રવાહ (પણ છે). આવે છે ને શ્રુતપ્રવાહ? આગમ આવશે ને આપણે? '**वंदित्तु सव्व सिद्धे**'માં. આગમ પ્રવાહરૂપે અનાદિ છે. સમજાણું? અનાદિ છે. કાંઈ નવું એને કોઈ કરતા નથી. આવશે ત્યારે વાત.

'**વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.**' કોણ? વાણી. સરસ્વતીની મૂર્તિ એટલે વાણી. પાછા વળી કેટલાક એવું કહે છે. આ લોકો કહે છે ને? કે વાણીમાં એ ભગવાનના કહેલા બધા ભાવ ભર્યા છે. ભગવાને કહેલા. માટે વાણી પૂજ્ય છે, મૂર્તિ પૂજ્ય નહિ. અરે..! જગતને પણ કંઈક કલ્પનાઓમાં કંઈક કલ્પના. મૂર્તિ જેમ પર છે એમ વાણી પણ પર છે. વાણીમાં ભગવાનના ભાવ એમાં ભર્યા છે? વાણીમાં તો એના દ્રવ્ય-ગુણ-પર્યાય છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય છે. ભગવાનની પર્યાય અહીં આવી ગઈ છે? દિવ્યધ્વનિમાં ભગવાનનો પર્યાય આવે છે? એટલે ... ને મૂર્તિ ઉથાપવી છે ને એટલે એને ખાતર વાણી પૂજ્ય છે, વાણી પૂજ્ય છે, વાણીને પૂજીએ તો એમાંથી જ્ઞાન મળે. અહીંથી શું મળે? પણ ન્યાંથી ક્યાં જ્ઞાન મળે? એ તો જડની પર્યાય છે. અરે..! જે દ્રવ્ય જડ છે, એના ગુણ છે, એની પર્યાય-જડની પર્યાય છે એ તો. એનો ભાવ તો ગુણ-પર્યાય એનો ભાવ છે. એના ગુણ-પર્યાયનો ભાવ એમાં છે. ભગવાનનો ભાવ એમાં આવે છે? કેટલાક કહે છે, આ વાણી છે ને? જુઓ! વાણી છે એમાં પેલો ભાવ આવે છે કે નહિ? એમ નથી. આહાહા..! ગુણ કેમ આવે? એ વાણીનો સ્વભાવ એવો છે તે કાળે. સમજાણું? કે જે કહેવાનું જ્ઞાન છે એ રીતે વાણીમાં પોતાને કારણે પરિણમીને વાણી તે પરિણમીને વાત કરે છે. અરે..! ભારે વાત, ભાઈ! આમાંથી કેમ નીકળતું નથી? વળી એક જણો

એમ કહેતો હતો. ભાઈ! ત્યાં આગળ એની ભાષાનો કાળ હોય ત્યારે જ્ઞાનનું એવું જ ત્યાં આગળ નિમિત્ત (હોય). પણ નિમિત્ત છે, ઈ કર્તા નથી. જ્ઞાન નિમિત્તની વ્યાખ્યા જ એવી છે કે નિમિત્ત એક પ્રત્યક્ષ ચીજ છે પણ કર્તા નથી. એને લઈને ન્યાં થયું છે એમ નથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં પણ ગોટો આમ વળ્યો છે ને. નિમિત્ત કહે ખરા, પાછા એને સિદ્ધ કરે કર્તા-કર્મ સંબંધ. એમ નથી. જ્ઞાન નિમિત્ત છે. ત્યારે નૈમિત્તિક પરમાણુની પર્યાય સ્વતઃ પોતાપણે સ્વપર કહેવાની તાકાતથી પરિણમી રહી છે. નિમિત્તને લઈને નહિ.

સર્વજ્ઞ ભગવાનની વાણીમાં તો એકસાથે બધું આવે છે. સાંભળનાર બધાને એકસાથે બધું પરિણમે છે? ગણધરને આમ પરિણમે, બીજાને આમ પરિણમે, વળી આ નારદ પૂછવા ગયા. પ્રધ્યુમન ક્યારે આવશે? સોળ વરસે. એને એમ પરિણમ્યું. એને એટલું જ્ઞાન. જેની જેટલી યોગ્યતા એને એટલું નિમિત્ત કહેવામાં આવે છે. નહિતર એ તો આખો મોટો ધોધ નીકળે છે એકસાથે. ન્યાં ક્યાં (એવું છે કે) પહેલું ધર્માસ્તિકાયને ખોલું પછી અધર્માસ્તિકાયને. એમ ક્યાં છે? ત્યાં તો એકસાથે વાણી નીકળે છે. જેની યોગ્યતા જેટલી ક્ષયોપશમની છે ઉપાદાનની, એટલાને તે વાણીનું નિમિત્ત કહેવામાં આવે છે. એટલાને નિમિત્ત કહેવામાં આવે. વધારે સમજે એને એટલામાં. એ તો એનો આધાર થયો. સમજાણું કાંઈ?

**'અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે...'** **'સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીનાં નામ વાણી, ભારતી, શારદા...'** લ્યો, ઘણાં નામ છે ને એના? **'વાગ્દેવી,...'** વાગ્દેવી. વાગેશ્વરી, વાગેશ્વરી. પેલામાં આવ્યું હતું ને? **નમો** જૈન વાગેશ્વરી. ત્યારે પેલો કહે, અહીં વાગેશ્વરી ક્યાંથી આવી ગઈ? પેલા વાઘ ઉપર સરસ્વતી (દેખાડે છે). અહીં વાગેશ્વરી **નથી,** વાકેશ્વરી છે. એક જણો એમ કહેતો હતો, હોં! વાગેશ્વરી આવ્યું ને. વાઘ ઉપર બેસે છે. પણ એ વાઘ નહિ, અહીં તો વાકેશ્વરી. વાણીમાં ઈશ્વર-ભગવાનની વાણી મોટી વાણી દિવ્યધ્વનિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... આવે છે પણ એને પણ આવે છે. સરસ્વતીને આવે છે, ઘણાંને આવે છે. અન્યમતીને ક્યાં કંઈ ઠેકાણા છે? જ્યાં-ત્યાં ગોઠવી દે. કો'કને કૂકડાનું વાહન. નથી આવતું? આ તો વસ્તુ પરમસત્ય છે એની વાત છે. કલ્પિત કરીને રૂપક કરે એથી કાંઈ વસ્તુ સાચી થાય?

**'ઈત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્'પદથી...'** કથંચિત્ પદથી **'એક ધર્મીમાં...'** એક વસ્તુમાં અનેક ધર્મોને **'અવિરોધપણે...'** વિરોધ ન હોય તે રીતે **'સાધે છે...'** એક વસ્તુમાં. અનંત વસ્તુ નહિ. એનામાં હોય ને, એનામાં એનું હોય એને સ્થાપે કે નહિ? સમજાણું? **'તેથી તે સત્યાર્થ છે. કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.'** માટે

આ શ્લોક અહીં લીધો.

જુઓ! અહીં પહેલો દેવનો લીધો, આ શાસ્ત્રનો. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. ગુરુમાં નહિ લીધા. ભાઈ! પોતે મુનિ છે ને. નમઃ સમયસારાય દેવની વ્યાખ્યા થઈ ગઈ. આ શાસ્ત્રની થઈ. હવે ગુરુની. 'અમૃતચંદ્રાચાર્ય' પોતે ગુરુ છે ને. એ પોતે પોતાની વાત કરશે, ત્રીજા શ્લોકમાં. એ તો કુદરતે સહજ એવું જ આવી જાય. એ કંઈ કરતા નથી. સહેજે આમ જ છે. એવી શૈલીની કથા, શ્લોકોની રચના ને પ્રકાર બધો સહજ બની ગયો છે. સહજ બને છે. કર્તા-બર્તા થઈને નહિ. વસ્તુની સ્થિતિ છે, ભાઈ! ભગવાન તો જ્ઞાતા છે. જાણનારો ક્યાં રાગમાં આવી જાય છે? જાણનારો વાણીમાં આવી જાય છે? આહાહા..! એવો ભગવાન ચૈતન્યસ્વરૂપ ગુપ્ત છે. એ ગુપ્ત રાગમાં આવતો નથી તો વાણીમાં ક્યાંથી આવે? એવું આત્માનું સ્વરૂપ છે એનો એણે નિર્ણય કરવો જોઈએ.

**'કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે...'** ધર્મ સમજ્યાને? સ્વભાવ, હોં! ધર્મ એટલે સ્વભાવ. અનંત ધર્મવાળો એટલે અન્યનો ધર્મ અને ફલાણાનો ધર્મ એ અહીં વાત નથી. એક જૈનધર્મ ને એક સ્વામીનારાયણ ધર્મ ને વૈષ્ણવ ધર્મ, એ અહીં વાત નથી. અહીં તો તે પદાર્થમાં રહેલા અનંત સ્વભાવ, તેને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું? **'તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે?'** એમ પૂછે છે. 'જયચંદ્રજી પંડિત' પોતે પ્રશ્ન ઉઠાવીને પૂછે છે.

**'તેનો ઉત્તર :- વસ્તુમાં...'** હજી સામાન્ય વાત કરે છે, હોં! આત્માની પછી છેલ્લી લીટીમાં કરશે. કોઈપણ વસ્તુ છે જગતમાં છ દ્રવ્ય (છે), એમાં **'સત્પણું,...'** ન્યાંથી ઉપાડ્યું, જુઓ! સત્પણું ત્યાંથી ઉપાડ્યું. સત્પણું-હોય એની વ્યાખ્યા હોય ને? ન હોય એની શું વ્યાખ્યા? હોય એના કેટલા ગુણ, હોય એની કેટલી પર્યાય અને હોય એ કેટલો કાળ, તો એ હોય એની વ્યાખ્યા થાય ને. 'ષટ્ખંડાગમ'માં સત્ પ્રરૂપણા પહેલી લીધી. છતા પદોને-પદાર્થને અમે કહીએ છીએ. સત્પદપણું. દરેક વસ્તુમાં હોવાપણાનો ગુણ છે. **'વસ્તુપણું,...'** અનંત ગુણને રાખે છે એવી દરેક વસ્તુ છે, વસ્તુ છે, વસ્તુ. ગુણો વસેલા એવી દરેક વસ્તુ છે. દરેક, હોં! આ છએ દ્રવ્યની વાત છે.

**'પ્રમેયપણું,...'** દરેક દ્રવ્યમાં વસ્તુમાં કોઈપણ જ્ઞાનનો વિષય થવાને લાયક તે કાળે પ્રમેયપણું સદાય હોય છે. વસ્તુમાં તે કાળે સદાય પ્રમેયપણું છે તો સદાય પ્રમાણ કરનારા પણ જગતમાં સદાય હોય છે. એવો પ્રમેય ધર્મ દરેક દ્રવ્યમાં સ્વતંત્ર ધર્મ છે. સમજાણું કાંઈ? આત્મામાં પ્રમેય ધર્મ છે. તે આત્મા પોતાના જ્ઞાન વડે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રમેય વ્યાપ્યું છે એને જાણી શકે છે. પ્રમેયગુણ ત્રણમાં વ્યાપ્યો છે. દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં. વસ્તુ એક પણ વ્યાપ્યો ત્રણેમાં. ત્યારે જ્ઞાનપર્યાય જે પ્રગટ છે, પ્રગટ, શક્તિરૂપે છે એ નહિ, પ્રગટ જે પર્યાય પ્રમાણરૂપ છે, પ્રમાણ એને કહેવું ને? પ્રગટ છે એને, એ પ્રમાણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એ ત્રણેયને પ્રમેય કરે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયને પ્રમેય કરે છે. જ્ઞાન, દ્રવ્ય-ગુણ-પર્યાય વિકારી કે અવિકારી, એને બરાબર પ્રમેય કરે છે. જેમ છે તેમ એ જાણે છે. પ્રમેય થવનો ધર્મ છે અને પ્રમાણ કરવાનો પણ પોતામાં પોતાનો ધર્મ છે. બીજા બધામાં એકલું પ્રમેય છે. પ્રમાણજ્ઞાન જડમાં નથી. પ્રમેયપણું એ દરેક દ્રવ્યનો સ્વભાવ છે. અહીં તો કહે છે કે એ દ્રવ્ય-ગુણ-પર્યાય ન જણાય એવું દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? માણસને એમ (થાય કે) અરે..! આ જણાય નહિ. પણ એ દ્રવ્યમાં એવું પ્રમેયપણું છે. ન જણાય એવું દ્રવ્ય નથી. ન જણાય એવો ગુણ અને પર્યાય નથી. આહાહા..! પ્રમેયપણું લીધું ને?

'**પ્રદેશપણું,...**' દરેક વસ્તુમાં એના પ્રદેશો હોય છે. ભલે પરમાણુ એક પ્રદેશી (છે). એ પ્રદેશ છે ને. એ આવે છે ને? પ્રદેશ વિનાનું અને .. વિનાનું દ્રવ્ય તે દ્રવ્ય હોય નહિ. 'પ્રવચનસાર'. હોય નહિ. '**ચેતનપણું,...**' એક એનો ધર્મ છે. અહીં તો સમુચ્ચય વાત કરવી છે ને. '**અચેતનપણું,...**' જડમાં. '**મૂર્તિકપણું, અમૂર્તિકપણું,...**' પાંચ (દ્રવ્યમાં). '**ઈત્યાદિ (ધર્મ) તો ગુણ છે.**' ઈત્યાદિ ધર્મ તો ગુણ કહેવાય છે. '**અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે...**' જુઓ! આ વસ્તુ. સમય-સમયવર્તી પરિણમન. બે સમયની પર્યાય કોઈ દિ' ક્યાંય ભેગી થાય નહિ. પર્યાયનો એક સમયવર્તીનો ધર્મ છે. વ્યતિરેક છે. છે ને ૧૦૭ ગાથામાં, નહિ? દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. તે સત્નો વિસ્તાર છે. ૧૦૭ ગાથા. ('પ્રવચનસાર') 'જ્ઞેય અધિકાર'. દ્રવ્ય સત્-વસ્તુ. ગુણ સત્-શક્તિ. પર્યાય સત્-એક સમયની. પણ એક સમયનું પણ સત્ છે. એક સમયની છે માટે નથી એમ નહિ. ઉત્પાદ્વ્યયધ્રુવયુક્તં ત્રણે સત્ છે. ત્રણે સત્ છે ને? વ્યય પણ સત્ છે, ઉત્પાદ્ પણ સત્ છે, ધ્રુવ પણ સત્ છે. દરેક ગુણોના ત્રણે કાળે સમય સમયવર્તી એક એક સમયમાં વર્તનારો પરિણમન થવું તે એનો પર્યાય છે. ચાહે તો વિકારપણે પરિણમો, ચાહે તો અવિકારપણે પરિણમો. સમય-સમયવર્તી જ એનું પરિણમન છે. સમજાણું કાંઈ? '**જે અનંત છે.**' સમજાણું? એને ગુણ કહ્યા છે ત્યાં, હોં! સમજાણું? હવે બીજા ધર્મ કહેશે, અપેક્ષિત ધર્મ. 'આલાપ પદ્ધતિ'માં આવે છે ને? ૯૭ પાને. ગુણની અપેક્ષાએ ધર્મ કહેવાય પણ ધર્મ તે ગુણ ન થાય. 'આલાપ પદ્ધતિ'માં આવે છે. ગુણને અપેક્ષાએ ધર્મ કહેવાય પણ ધર્મને અપેક્ષિત ગુણ ન કહેવાય, ધર્મને ગુણ ન કહેવાય. વચમાં છે. તે અનંત છે.

'**વળી વસ્તુમાં...**' આ ગુણની વ્યાખ્યા થઈ. '**વળી વસ્તુમાં એકપણું,...**' એ ધર્મ છે. સમજાણું કાંઈ? પેલાને તો બધાને પર્યાય હોય છે. આ એકપણું છે એને પર્યાય ન હોય, ઈ તો ધર્મ છે. પોતે ભાવાર્થ નાખ્યો છે. સમજાવ્યું પેલા અનંત ધર્મને બતાવ્યું છે. અનંત ધર્મ જે નાખ્યું છે ને? એનો પોતે ખુલાસો કરે છે. એવા એવા અનંત ધર્મો છે. ગુણ કીધા. હવે ધર્મો છે એની વ્યાખ્યા બાકી. ધર્મ સિદ્ધ કરવા છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ સુદ ૧૪, રવિવાર તા. ૩૧-૦૭-૬૬**
**શ્લોક-૨, ૩. પ્રવચન-૪**

જીવ અધિકારમાં મંગલાચરણ તરીકે પહેલાં ત્રણ શ્લોક છે. એમાં પહેલાં શ્લોકમાં દેવની સ્તુતિ થઈ. દિવ્યસ્વરૂપ એવા પરમાત્મા કેવા છે અને એને ઓળખીને નમસ્કાર કર્યો છે. ઈ નમઃ સમયસાર દેવ. બીજામાં શાસ્ત્ર.

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।**

એની વ્યાખ્યા અહીં સુધી આવી ગઈ છે. એક એક દ્રવ્યની અંદર અનંત ધર્મ છે. ધર્મ એટલે સ્વભાવ. એક એક પદાર્થને વિષે. એમાં પહેલાં કેટલાક ગુણોની વ્યાખ્યા થઈ ગઈ. હવે ધર્મની વ્યાખ્યા કરે છે. જુઓ! આ અસ્તિત્વ આવું છે એવા અનંત ધર્મવાળું આત્મતત્ત્વ કે જે જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાન આત્માના અનંત ગુણમાં વ્યાપેલું છે તેથી તે આત્માના ચૈતન્યને આત્મતત્ત્વ કહેવામાં આવે છે. આત્મામાં અનંત ગુણ છે. એમાં ચૈતન્ય એનું ખરું તત્ત્વ છે. એ ચૈતન્યતત્ત્વ આત્મતત્ત્વ તરીકે આત્માનું એ તત્ત્વસ્વરૂપ છે એમ કહ્યું. એ ચેતન આત્માના અનંત ગુણમાં વ્યાપક છે. તેથી ચૈતન્યને આત્મતત્ત્વ કહેવામાં આવે છે. એ અનંત ધર્મવાળો આત્મા. એને અનંતધર્મસ્વરૂપ એવું જ્ઞાન દેખે છે, જાણે છે. સમજાણું કાંઈ?

અનંત ધર્મવાળું જ્ઞાન. જ્ઞાનનો એક ધર્મ નથી, એમાં અનંત ધર્મ સ્વભાવ છે. એ અનંત ધર્મવાળું શ્રુતજ્ઞાન કે અનંત ધર્મવાળું કેવળજ્ઞાન એ અનંત ધર્મમાં વ્યાપેલું ચૈતન્ય રૂપ એવા આત્મતત્ત્વને શ્રુતજ્ઞાન દેખે છે અને કેવળજ્ઞાન દેખે છે. અને વાણી એને દેખાડે છે. ત્રણેને સરસ્વતી કહેવામાં આવે છે. લોકો કહે ઈ સરસ્વતી નહિ. સમજાણું કાંઈ? ત્યારે કહ્યું કે આમાં ધર્મ કેટલા? એવા કેટલાક ગુણની વાત સામાન્ય કહી ગયા.

હવે, '**વળી વસ્તુમાં...**' ત્યાંથી આવ્યું છે. '**એકપણું,...**' એવો એક ધર્મ છે. સમજાણું કાંઈ? આલાપ પદ્ધતિનો શ્લોક છે. '**स्वभावनाम एकाधारत्वात एक स्वभावः**' સંસ્કૃત છે, 'આલાપ પદ્ધતિ'. એ એના ઉપરથી લખ્યું છે. 'આલાપ પદ્ધતિ' છે ને? આ શું છે? એમાં છે. એકની વ્યાખ્યા છે. '**स्वभावनाम एकाधारत्वात एक स्वभावः**' આ દરેક તત્ત્વની વાત છે, હોં! હજી આત્માની પછી કહેશે. દરેક રજકણ, દરેક આત્મા, દરેક કાલાણું, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને કાળ એ બધા તત્ત્વો, એમાં એક ધર્મ છે, એક ધર્મ. એક ગુણ છે ઈ જુદો, આ જુદો. ૪૭ શક્તિમાં એક ગુણ વર્ણવે છે એ જુદી ચીજ. એ ગુણ તો ત્રિકાળી. એની પર્યાય હોય પાછી. આ એકને પર્યાય હોતી નથી. આ તો અપેક્ષિત ધર્મ છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? જેમ આત્મામાં જ્ઞાનગુણ છે તેની પર્યાય છે. આ એક ધર્મ છે એની કોઈ પર્યાય નથી. એવો એક સ્વભાવ છે. સ્વભાવ એટલે સર્વ સ્વભાવના એક આધારની અપેક્ષાએ તેને એક સ્વભાવ ગણવામાં આવ્યો છે. આ એક સ્વભાવ ગુણ છે અને વળી એની પર્યાય છે એમ નથી. એવો એક સ્વભાવ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ગુણ નહિ, આ ધર્મ. એમ તમે ક્યાં કહ્યું એવું અહીં? ઈ વાત તો કાલે કહેવાણી હતી. ગુણોને અપેક્ષા લગાડીને ધર્મા ભવંતિ. પણ ધર્મો છે તે ગુણ ન થાય. આ એક આદિ ધર્મ છે. એક આદિ ગુણ નથી. જ્ઞાન, દર્શન (ગુણ છે). વસ્તુ સત્‌પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું એ બધા ગુણ છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો તત્ત્વ છે ને. પંડિતજીએ પોતે બહુ સારું સ્પષ્ટીકરણ કર્યું છે. '**अनन्तधर्मणस्तत्त्वं**' અનેકાંતમય મૂર્તિ એને દેખે છે. અનેકાંતમય ધર્મ પણ વાણીમાં, શ્રુતજ્ઞાનમાં અને કેવળમાં અનંતા ધર્મો છે. એવા અનંત ધર્મવાળી વાણી, અનંત ધર્મવાળું શ્રુત અને કેવળજ્ઞાન એ અનંત ધર્મવાળા તત્ત્વને આમ જાણે અને દેખે છે. એમ કેટલાક ગુણો છે અને કેટલાક અપેક્ષિત ધર્મો છે. આહાહા..! ભારે આકરું! સમજાણું કાંઈ? ગુણ જે છે જ્ઞાન, દર્શન, આનંદ અને એક ગુણ જે ૪૭ શક્તિમાં કહ્યો એ તો એક ગુણ છે અને એની પર્યાય સમયે સમયે હોય છે. આ તો એક અપેક્ષિત સ્વભાવ છે. બધાના આધારભૂત એકસ્વભાવત્વાત એક ગુણ–એક સ્વભાવ. ભારે ઝીણું. છે ને? '**स्वभावानाम एकाधार**'ની અપેક્ષાએ એક સ્વભાવ છે.

એમ '**અનેકપણું...**' સમજાણું? એ પણ '**एकस्याति अनेकस्वभाव उपलंभात् अनेकस्वभावः**' એ આલાપ પદ્ધતિનો સિદ્ધાંત છે. એકમાં પણ અનેક ધર્મ પ્રાપ્તિ છે માટે તેને અનેક નામનો એક ધર્મ અનંત પદાર્થમાં પ્રત્યેકમાં ગણવામાં આવ્યો છે. સમજાણું આમાં? શું કહે છે પણ આ? આવું શું કહે છે? સમજાણું એમ ન કહે તો શું કહે? ન સમજાણું કહે?

મુમુક્ષુ :- અમે તો શિખવતા આ દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે આ તો...

ઉત્તર :- ચોસલું નથી. એ એકપણું, અનેકપણું એના અપેક્ષિત ધર્મ છે. (જેમ) એના ગુણ છે અને ગુણની પર્યાય છે, એમ આ અપેક્ષિત ધર્મ છે. એમ. પાછા એ અપેક્ષિત ધર્મને પર્યાય હોય એમ નથી. બધાના આધારભૂત એકપણું એવો એક ધર્મ. અને એકમાં પણ અનેક ધર્મની પ્રાપ્તિ એવો અનેક ધર્મ. ભાઈ! આ તો માર્ગ–તત્ત્વની એવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? પંડિતજી!

મુમુક્ષુ :- ધર્મ પર્યાય કેમ નથી?

ઉત્તર :- ધર્મ એ સ્વભાવ છે, ગુણ પણ નથી. ધર્મ એ ગુણ નથી. એક સ્વભાવ છે, અપેક્ષિત સ્વભાવ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ ગુણ છે. એ તો એક ધર્મ છે. ધર્મ છે એને પર્યાય નથી. અથવા આ પરમાણુ, લ્યો. એક પરમાણુના વર્ણ, ગંધ, રસ ગુણ છે. પણ એના સ્વભાવનું આધારપણું એક છે માટે એક સ્વભાવ છે એ ગુણ નથી. અપેક્ષિત ધર્મ છે. સમજાણું કાંઈ? ભાઈ! એને વિચારવું પડશે, બાપુ! તત્ત્વ એવું છે. ઈ પછી કહેશે, 'આત્મા પણ વસ્તુ છે તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.' ઈ છેવટે કહેશે. આ તો બધા તત્ત્વોનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ?

'**નિત્યપણું,...**' પદાર્થમાં નિત્યપણું એવો એક ધર્મ છે. નિત્યપણું કોઈ ગુણ અને નિત્યપણાની પાછી પર્યાય (થાય) એમ નથી. કાયમ ટકવાની અપેક્ષાએ તેને નિત્યધર્મ ગણવામાં આવ્યો છે. આમ વાત છે. સમજાણું કાંઈ? વળી, નિત્ય એક ગુણ છે (એમ હોય તો) ગુણ હોય તો પછી પર્યાય હોય. તો એની પર્યાય અનિત્ય છે? નિત્યગુણની પર્યાય અનિત્ય? એમ નહિ. પાછું અનિત્યપણું પણ એક ધર્મ છે. બદલે છે એવો એક ધર્મ છે, એમ. અપેક્ષિત બદલવાની અપેક્ષાએ તેને અનિત્ય કીધું. ટકવાની અપેક્ષાએ તેને નિત્ય કીધું. એવો કોઈ ગુણ નથી, અપેક્ષિત એનો ધર્મ થયો. સમજાણું કાંઈ? ટકવાની અપેક્ષાએ નિત્ય ધર્મ. પલટવાની અપેક્ષાએ અનિત્ય ધર્મ. અનિત્ય ધર્મ છે એને પાછી કોઈ પર્યાય (છે) એમ એ વસ્તુ નથી. ધર્મ એટલે સ્વભાવ. એમાં એની લાયકાતની યોગ્યતાવાળો સ્વભાવ. સ્પષ્ટ ભવનં સ્વભાવ. એનો ભાવ.. ભાવ-સ્વભાવ. ગુણરૂપ એમ નહિ. અપેક્ષા લાગુ પડી ને એને? કાયમ રહેવું એટલી અપેક્ષા લાગુ પડી. એનું નામ નિત્ય ધર્મ. પણ નિત્ય કોઈ ગુણ છે અને એની પાછી અનિત્ય પર્યાય છે, અનિત્ય કોઈ ગુણ છે અને એની પાછી કોઈ પર્યાય છે, એમ નથી. એમ હોય નહિ એમ. સમજાણું કાંઈ? વળી ઝીણું આવ્યું. એઈ..! 'જોગીદાસભાઈ'!

મુમુક્ષુ :- ભાવનગરનો હક છે.

ઉત્તર :- 'ભાવનગર'નો હક છે, કહે છે. આવે ત્યારે ઝીણું આવે એમ કહે છે. આહા..!

નિત્યપણું, અનિત્યપણું એ એક સ્વભાવ છે. એનો સ્વભાવ-એની એ જાતની યોગ્યતા છે. '**ભેદપણું,...**' લ્યો. સમજાણું કાંઈ? છે ને? પદાર્થમાં ગુણ-ગુણી સંજ્ઞા આદિના ભેદે એનો ભેદ ધર્મ છે. ધર્મ પાછો ગુણ છે એમ નહિ. ગુણી અને ગુણ એવા ભેદ એની સંજ્ઞા, એના લક્ષણો લક્ષણભેદે ભેદ એવો એક એનો ધર્મ-ભેદ ધર્મ છે. સમજાણું કાંઈ? દરેક દ્રવ્યનો ગુણ અને ગુણી અથવા પર્યાય એવા લક્ષણભેદે ભેદ એક એવો એનો એક ધર્મ છે. ગુણ નહિ. અપેક્ષિત ધર્મ છે. '**અભેદપણું,...**' દરેક દ્રવ્યમાં પોતાના, જેના જે પ્રદેશ છે તે એકરૂપે અભેદ છે. ગુણના પ્રદેશના ભેદ નથી. એ અપેક્ષાએ ગુણના બધા પ્રદેશ એક છે એ અપેક્ષાએ તેને અભેદ ધર્મ કહેવામાં આવે છે. આપણે તો આ પહેલેથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શરૂઆત કરી છે ને. હજી ત્રણ દિ' થયા, ચોથો દિ' છે. અગિયારસથી શરૂ કર્યું છે. રાજકોટવાળા ચોથે દિ' આવ્યા અહીં. કહો, અમરચંદભાઈ! અભેદપણું.

'**શુદ્ધપણું,...**' શુદ્ધ છે. જે દ્રવ્ય શુદ્ધ છે એ એનો એક ધર્મ છે. '**અશુદ્ધપણું,...**' એ પણ એનો ધર્મ છે. અશુદ્ધપણું એ કોઈ કાયમી ગુણ છે અને એની પર્યાય (થાય છે) એમ નથી. વિભાવપણું બે દ્રવ્યમાં હોય છે, ચારમાં તો છે નહિ. પુદ્ગલ અને જીવમાં વિભાવપણે થવાનો અશુદ્ધપણું એવો એનો એક ધર્મ છે. અને શુદ્ધપણું પણ એવો એનો ધર્મ છે. '**આદિ અનેક ધર્મ છે. તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે.**' કેટલાક સામાન્ય ધર્મ વચનગમ્ય છે '**પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે-જે જ્ઞાનગમ્ય છે.**'

દરેક પદાર્થમાં સામાન્ય ગુણ પણ અનંત છે અને વિશેષ ગુણ પણ અનંત છે. અને આવા ધર્મો પણ અનંત છે. શું વળી કહ્યું? દરેક પદાર્થ આત્મા હો કે પરમાણુ હો કે કાલાણુ હો, અહીંયાં સામાન્ય છ એ તો વાણીમાં આવ્યું એટલી વાત કરી. અસ્તિત્વ આદિ સામાન્ય ગુણો કહ્યા ને? બાકી દરેક દ્રવ્યમાં સામાન્ય ગુણો.. ગુણો હોં! ધર્મ બીજા. સામાન્ય ગુણો જેને પર્યાય હોય છે, વિશેષ ગુણો જેને પર્યાય હોય છે એવા દરેક દ્રવ્યના ગુણ સામાન્ય છે અને વિશેષ-બીજામાં ન હોય એવા એક એકમાં વિશેષ પણ અનંત ગુણ છે. એ ઉપરાંત આવા અપેક્ષિત અનંત ધર્મ છે. સમજાણું કાંઈ? આવો પદાર્થ મોટો.

'**આત્મા પણ વસ્તુ છે...**' હવે કહ્યું. ભાઈ! એ તો સ્વભાવનો સાગર આત્મા. એક પરમાણુ પણ સ્વભાવનો સાગર છે ને. પરમાણુ એટલે ક્ષેત્ર નાનું એનો પ્રશ્ન નથી. એના સ્વભાવનું દળ તે પરમાણુ છે. એક મૂર્ત સ્વભાવનું દળ તે પરમાણુ છે એમ લેવું જોઈએ. આમ કદ લઈને આવડો માટે એમ પ્રશ્ન નથી. એવા અનંત ગુણો સામાન્ય અને અનંત વિશેષ. પરમાણુમાં પણ અનંત વિશેષ (ગુણ છે), હોં! વર્ણ, ગંધ આદિ અનંત વિશેષ ગુણો (છે) અને અનંત અપેક્ષિત ધર્મો નિત્ય, અનિત્ય, એક અનેક આદિ એવા પણ અનંતા ધર્મનો પિંડ એક આટલો રજકણ છે. એ સ્વાભાવિક છ સ્વભાવવાળા છ પદાર્થ છે. છ સ્વભાવવાળા છ પદાર્થ. સમજાણું કાંઈ? '**તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.**' આત્મામાં અનંત ધર્મો (છે). જુઓ! આવ્યું. પેલું આત્મતત્ત્વ કહ્યું છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મ અનંતા છે એમાં પણ. ગુણ અનંતા છે. સામાન્ય વિશેષ અનંતા છે. ધર્મ અનંતા છે. અશુદ્ધપણું ભલે ન હોય, એની સાથે અહીં સંબંધ નથી. એક કાલાણુ આટલો છે એક રજકણ જેટલો. એમાં સામાન્ય ગુણ અનંત, વિશેષ ગુણ અનંત અશુદ્ધ ભલે ન હો, પણ ધર્મ અપેક્ષાએ અપેક્ષિત ધર્મ અનંત છે. એક પદાર્થ અનંત પદાર્થના, એક પદાર્થ એક અન્ય પદાર્થના નાસ્તિપણે જેમ ટકી રહ્યો છે, પોતાના અસ્તિત્વથી, એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંત પદાર્થના મધ્યમાં અનંતાઅનંતની મધ્યમાં અનંતાઅનંતના અભાવરૂપે ટકી રહે એવા એમાં અનંતા ધર્મ છે. ભાઈ! આ તો વસ્તુ કોને કહે? પદાર્થ કોને કહે? આહાહા..! એક આત્મા બીજા આત્માના અભાવરૂપે ટક્યો, એમ અનંત આત્માના અભાવરૂપે ટક્યો, એમ અનંત રજકણના અભાવરૂપે ટક્યો. તો એક એકના અભાવરૂપ ધર્મ એવા અનંતના અભાવરૂપ ધર્મ એમાં અનંતા ધર્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અનંત છે ને. વ્યાવૃત્ત છે ને. આનાથી વ્યાવૃત્ત તો આનાથી વ્યાવૃત્ત. એકથી વ્યાવૃત્ત છે તો અનંતથી વ્યાવૃત્ત છે. આહાહા..! ભાઈ! મહાન પદાર્થ છે. એનું ક્ષેત્ર આવડું મોટું એમ ન લેવું જોઈએ. એ વસ્તુ સ્વભાવ જ અનંત અનંત અનંત બેહદ સંખ્યાનો પિંડ વસ્તુ છે.

આત્મા પણ એવા અનંત સામાન્ય ગુણોનો પિંડ, અનંત વિશેષ ગુણ. જ્ઞાન, દર્શન આદિ થોડા કહેવામાં આવ્યા છે. 'પરમાત્મ પ્રકાશ'ની ટીકામાં છે ને? ભાઈ! 'પરમાત્મ પ્રકાશ'ની ટીકામાં લીધું છે કે એક એક પદાર્થમાં અનંત સમાન્ય ગુણ અને અનંત વિશેષ ગુણ છે. સમજાણું કાંઈ? ટીકામાં (લીધું છે). એમ ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ એવા ગુણો ભલે થોડા ગણવામાં આવે પણ વસ્તુમાં તો એવા વિશેષ ગુણો પણ આત્મામાં અનંતા છે. જે પરમાણુમાં એવા નથી. પરમાણુમાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અનંત ગુણ વિશેષ છે કે જે આત્મામાં નથી. સમજાણું કાંઈ? આમ એને શ્રદ્ધામાં બેસે ત્યારે આત્મા પણ આવડો છે. એવડા અનંતા અનંતા સામાન્ય વિશેષગુણને પેલો શ્રુતજ્ઞાનનો પર્યાય જાણે છે. આહાહા..! શ્રુતજ્ઞાન પ્રમાણ છે અને આ બધા ગુણો પ્રમેય છે એના. પોતાનો ગુણ પણ પ્રમેય છે અને પોતે પણ પ્રમાણ છે. શ્રુતજ્ઞાનનો પર્યાય પોતે પણ પ્રમેય છે અને પોતે પ્રમાણ પણ છે. અને બીજા આટલા બધા જે ગુણો છે, એ શ્રુતજ્ઞાન પ્રમાણમાં એ પ્રમેય છે. શ્રુતજ્ઞાનની કેટલી તાકાત! સમજાણું?

તેથી તો ૧૫મી ગાથામાં કહ્યું ને? '**पस्सदि जिणसासणं सव्वं**'. જે અબદ્ધસ્પૃષ્ટ કહ્યો. ભગવાન આત્મા આવો સામાન્ય અને વિશેષ વિનાનો. વિશેષ એટલે કે ભેદ આ નહિ. વસ્તુ સામાન્ય એટલે એકરૂપ ધ્રુવ, એકરૂપ સામાન્ય. સમજાય છે? પોતાનું. પોતાનું ને પોતાનું, હોં! બીજાનું સામાન્ય એના ઘરે રહ્યું. એવી એકરૂપ વસ્તુ, એને વિશેષ વિનાનો એટલે સામાન્યપણે અબદ્ધસ્પૃષ્ટ આદિ દેખે છે તે '**पस्सदि जिणसासणं**'. ભાવશ્રુતને શાસન કહ્યું છે. ભાવશ્રુતરૂપી દશાને શાસન કહ્યું છે. દ્રવ્ય-ગુણને નહિ. સમજાણું કાંઈ? ભાવશ્રુતજ્ઞાન-સમ્યક્ શ્રુતજ્ઞાનનનો પર્યાય, જેને અહીંયા સરસ્વતી કહી છે, સરસ્વતી. એવા ભાવશ્રુતને ૧૫મી ગાથામાં જૈનશાસન કહ્યું છે. એ ભાવશ્રુત, આખો આવા આત્મા અનંત ગુણ સામાન્ય, વિશેષ અને ધર્મ, એને એ જાણે. એવા જ્ઞાનમાં અનંત ધર્મ થયા. જ્ઞાનમાં અનંત ધર્મ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. અનંતાઅનંતને જાણે એવી તાકાતવાળી જ્ઞાનની પર્યાય અનંત ધર્મવાળી થઈ. આહાહા..! જૈનદર્શન સ્વભાવનું સ્વરૂપ બતાવે છે. સમજાણું કાંઈ? તેથી ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'પંચાસ્તિકાય'માં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશની વાત ચાલી **'लोकस्वभाव श्रुण..'** લોકના સ્વભાવને સાંભળનારા શ્રોતાઓ સમવસરણમાં હતા એને ભગવાન આમ ફરમાવતા હતા. 'પંચાસ્તિકાય'માં આવે છે. **'लोकस्वभाव श्रुण..'** લોકનો સ્વભાવ. લોક શબ્દે દરેક દ્રવ્યનો સ્વભાવ, ગુણનો સ્વભાવ, પર્યાય સ્વભાવ. લોકનો બધો સ્વભાવ. લોકના સ્વભાવને સાંભળનારા શ્રોતાઓ જે સમવસરણમાં ભગવાન પાસે બિરાજતા હતા એને ભગવાને આમ કહ્યું હતું. લોક સ્વભાવના સાંભળનારને. સમજાણું કાંઈ?

એની જ્ઞાનની એક સમયની પર્યાય, પ્રભુ! કેટલી તાકાત! આહાહા..! ગુણની તો શું કહેવી! જ્ઞાનગુણમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાય પડી છે. પણ આવા સાધકની શ્રુતજ્ઞાનની સાધક પર્યાય જે અસંખ્ય હોય છે. અનંત ન હોય. શ્રુતજ્ઞાનનો પર્યાય સમ્યક્પણે રહે તો અસંખ્ય પર્યાયપણે જ રહે. પછી અનંત કેવળજ્ઞાન થઈ જાય. એવી એક એક સાધકની, શ્રુતજ્ઞાનની એક એક પર્યાય અનંત ધર્મવાળી. આવા અનતં ગુણો-વિશેષ સામાન્ય અને ધર્મોને જાણે એટલી તાકાત એક પર્યાયમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ.. છોટાભાઈ! અહીં કોઈ દિ' સાંભળ્યું ન હોય. શું છે આ તે? રળવાનો ભાવ કેમ થાય છે? પુણ્યથી મળે એમ માને તોય. એ.. નટુભાઈ! એ રાગ છે. રાગની એની યોગ્યતાને લઈને એવો ભાવ થાય. મળવું કાંઈ રાગને આધારે બહારની ચીજ મળે છે? દરેક સ્વતંત્ર પદાર્થ છે, દરેકનો પર્યાય સ્વતંત્ર છે, એવું ભગવાન આત્માનું જ્ઞાન શ્રુત જાણે છે. કેવળજ્ઞાન તો પરિપૂર્ણ પ્રત્યક્ષ જાણે છે. આ પરોક્ષ જાણે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક ભાવ એવો પણ એમાં આવ્યો કે આ જીવ અમુક કાળે થોડા કાળમાં મુક્તિ પામશે. એવું એક અંદરમાં પ્રમેયપણું છે એને જ્ઞાન જાણી લ્યે છે. એઈ..! બધા પ્રમેયમાં ઈ એક પ્રમેય આવ્યું કે નહિ? ધીરેથી સમજવા જેવી વાત છે, હોં! આ શ્રુતજ્ઞાનનો પર્યાય સાધકપણે અમુક વખત સુધી રહેશે અને પછી સિદ્ધ થઈ જશે આત્મા ... એ બધા પ્રમેયને આ કેવળજ્ઞાનનો પર્યાય જાણી લ્યે છે. શ્રુતજ્ઞાનનો પર્યાય, શ્રુતજ્ઞાનનો પર્યાય (જાણી લ્યે છે). સમજાણું કાંઈ? એને ભરોંસો નથી આવતો. આવો મોટો આત્મા હશે? સમજાણું? એક સમયની પર્યાય આવડી. આહાહા..!

પ્રશ્ન :-...

ઉત્તર :- એવડું સ્વરૂપ છે એનું. સમજાણું આમાં?

એક ફેરી કીધું હતું ને? ભાઈ! (સંવત) ૧૯૭૭માં પ્રશ્ન થયો હતો. દેવીલાલભાઈ ઘેવડિયા હતા ને? 'શ્રીમદ્' આમ કેમ કહે છે? એકાવતારી છું, એકભવતારી. શું છે? સાંભળવું છે તમારે? શેના તર્ક કરો છો આવા? લખ્યું છે ને એમણે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે...
તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે...

મુમુક્ષુ :- ક્ષાયિક સમકિત નહોતું.

ઉત્તર :- ક્ષાયિક સમકિત નહોતું, ક્ષાયિકનું શું કામ છે તમારે? અહીં તો આત્માની નિર્મળ પર્યાય પ્રગટી ઈ કેવળજ્ઞાનને લેનારી છે. એવી તાકાત અહીં છે. ક્ષાયિક હોય કે બીજી હોય. અહીં તો શ્રુતની પર્યાયની કેટલી તાકાત છે! સમજાય છે? એ ૧૯૭૭માં પ્રશ્ન લાવ્યા હતા. દેવીલાલ ઘેવડિયા. આમ કેમ? શું છે? સાંભળવું છે તમારે? 'ભગવતી સૂત્ર'માં લેખ છે, કીધું, લાવો. 'શ્રુતજ્ઞાન સવ્વં દવ્વં, સવ્વં ક્ષેત્રં, સવ્વં કાલં, સવ્વં ભાવં જાણિયો' એવો પાઠ છે. શ્રુતજ્ઞાન સર્વ દ્રવ્યને, સર્વ ક્ષેત્રને, સર્વ કાળને, સર્વ ભાવને જાણે એવો પાઠ છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં તો હજી પંડિતજી! એમ છે ને? સર્વ પર્યાય અનંત ભાગે. કેટલીક પર્યાયને જાણે છે એમ છે. આમાં તો બધું જાણે એવો એક લેખ છે. ભગવતીમાં લેખ છે. જુઓ! શ્રુતજ્ઞાનની પર્યાયની તાકાત જુઓ! સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવ પરોક્ષ રીતે જાણે છે. સર્વ કાળ, સર્વ ભાવમાં શું બાકી રહી ગયું હવે? સમજાણું કાંઈ? સ્વરૂપની દૃષ્ટિ થઈ, મિથ્યા ભ્રાંતિ ગઈ અને સ્થિરતા દ્વારા ઢીલું ઢીલું પડી ગયું. એમણે પોતે આવો એક દાખલો આપ્યો છે ને? આમ હાથનો. દોરડું બાંધ્યું હોય, અહીંથી ગાંઠ છોડી દીધી તો અહીંથી આમ ઢીલું પડવા માંડ્યું છે આમ કરતાં કરતાં. આમ ઢીલું પડીને છૂટી જશે અલ્પકાળમાં, એમ ખાત્રી નથી આવતી બંધનવાળાને? સમજાણું કાંઈ? એમ રાગની અસ્થિરતાનો ભાગ થોડો રહ્યો છે. છૂટો, છૂટો, છૂટો થઈ ગયો. થોડો અસ્થિરતાનો બંધ પણ છૂટ્યો અને આ મોળું પડ્યું ને ઢીલું પડીને અલ્પ કાળમાં છૂટી જશે. એમ શ્રુતજ્ઞાનનો પર્યાય પોતાના ભાવને પણ બરાબર જાણી શકે છે. સમજાણું કાંઈ? આમાં એ કહ્યું.

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।**

મહા માંગલિક છે. આ શાસ્ત્ર તો સંતોની વાણી છે. સમજાય છે કાંઈ? આ કાંઈ કોઈ કલ્પિત કરેલી કે કોઈ અજ્ઞાનીની કવિતાને કવિ રચી નાખે કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ', એવું નથી આ. સમજાણું કાંઈ? ઓહો..! એવો ચૈતન્યપ્રભુ..

કહે છે કે '**આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે.**' અસાધારણ ધર્મ છે. જુઓ! એના ગુણની વાત, એની પર્યાયની વાત શું કહેવી! કહે છે. '**બીજાં અચેતન દ્રવ્યોમાં નથી.**' એવો એનો ચૈતન્યનો ગુણ અને એનો પર્યાયધર્મ આવો છે. '**સજાતીય જીવદ્રવ્યો અનંત છે...**' પોતાની જાત જેવા જીવદ્રવ્યો અનંત છે. '**તેમનામાંય જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે...**' કોઈનું ચેતન એક છે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સૌનું ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? એક જ વ્યાપક, એક જ વ્યાપક પાખંડ છે. .. કાઢ્યું હતું ને પંડિતજીએ? ... પંદરમો બોલ. પાખંડ છે. આવું તત્ત્વ એક અખંડ અનંત ગુણનું ધામ એને તું બધાને એક જ ઠરાવી દે છે. કહે છે કે ચેતન દરેકનું જુદું છે. દરેકનું જુદું અને દરેકનું સામર્થ્ય પણ જુદું. ભાઈ! આત્માની પ્રતીતિ થવી એ તો અનંત પુરુષાર્થ છે. એ કાંઈ રમતું નથી કે આ જરી લાડવો ખાઈ લીધો ને ખાધો ને પેટ ભરાઈ ગયું, જાઓ! અનંત ભગવાન નિર્વિકલ્પ નિરાલંબી પ્રભુ, એની પ્રતીતિ નિર્વિકલ્પ દશાએ થવી એ કંઈ ઓછી વાત છે? એ તો મુક્તિના ભણકાર વાગી ગયા. 'સમયસાર'માં એક કળશમાં તો મુક્ત જ છે એમ કીધું છે, લ્યો. મુક્ત જ છે. રાગપણાનો ભાવ થોડો રહ્યો એ તો જ્ઞેયમાં જાય છે. પોતાની જ્ઞાનદશામાં એ રાગ-બાગ આવતો નથી, જ્ઞેયમાં જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ ન માનવું કે અમે બાળક છીએ ને સ્ત્રીનો દેહ છે. આત્મા બાળક, સ્ત્રી છે જ નહિ. સમજાણું કાંઈ? અમને ન સમજાય એમ લેવું જ નહિ. ભગવાન કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળો અંતર્મુહૂર્તમાં લે, એવી તાકાત છે. સાંભળતા એમ નહિ કે આ અમને ન સમજાય એમ વાત કાઢી નાખવી. અમને નહિ સમજવા દે એ શલ્ય એને નહિ સમજવા દે. નવરંગભાઈ! એને બિચારાને (નહિ સમજાય). અરે..! બિચારા નહિ, પ્રભુ છો તું. ના ન પાડ. પામરતા ન લે, પામરતા ન ઓઢ. પ્રભુતાને ઓઢ ને! સમજાણું કાંઈ? 'રણે ચડ્યા રજપુત છૂપે નહિ' ઈ છૂપતો હશે? ચૈતન્યનું સ્વરૂપવીર્ય સ્વરૂપની રચના કરવા જાગ્યું. વીર્યનો ગુણ એ છે. સ્વરૂપ રચના કરે તેને વીર્ય કહીએ. વિકાર રચના કરે એ શું વીર્ય છે? સમજાય છે કાંઈ?

દરેક ચૈતન્યનું સ્વરૂપ અનંતા અનંતા ધર્મવાળી વસ્તુ (છે). અહીં તો કહેશે, ચૈતન્ય અનંત ધર્મમાં વ્યાપ્યું છે એમ કહેશે. **'કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી...'** દેખો! દરેકનું ક્ષેત્ર જુદું છે, પ્રદેશભેદ જુદાં છે. **'કોઈનું કોઈમાં ભળતું નથી.'** આહાહા..!

મુમુક્ષુ :- કર્મનો..

ઉત્તર :- કર્મ એના ઘરે રહ્યા. કર્મ કે દિ' અહીં ગરી ગયું હતું? કોઈ ભળતું નથી. કર્મનો પર્યાયનો ઉદય ત્યાં એનો પર્યાય સ્વતંત્ર (થાય છે). એનો પણ એકબીજાની પર્યાયમાં પ્રવર્તન થાતું નથી. આની પોતાની એક સમયની પર્યાય, બીજા સમયની પર્યાય એમ પ્રવર્તન (છે). અપ્રવર્તન રૂપે દરેકની પર્યાય સ્વતંત્ર છે. સમજાણું કાંઈ?

કહે છે, એ કોઈ કોઈમાં ભળતું નથી. અહીં તો કહે છે કે એક સમયની પર્યાય બીજા સમયમાં ભળતી નથી, પ્રવર્તતી નથી, રહેતી નથી. એવો એક એક પર્યાયનો ધર્મ છે. 'ચિદ્‌વિલાસ'માં છે, ભાઈ! 'ચિદ્‌વિલાસ'માં ભાઈએ લખ્યું છે. એ ૧૦૧મી ગાથા છે. એક પર્યાય બીજા પર્યાયના ધર્મ સાથે મળતી નથી. એક એક પર્યાય ભિન્ન (ધર્મવાળી) છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભલે વિકારી હોય કો અવિકારી, સ્વતંત્ર ભિન્ન ધર્મવાળી છે. સમજાણું કાંઈ?

'દીપચંદજી'એ બહુ લખ્યું. 'દીપચંદજી' (જેવા) દિગંબરોમાં આવા પહેલા પંડિતો પાક્યા છે. રહસ્ય ગૂઢ વાતોને પ્રકાશી છે. ભલે ચારિત્રમાં ફેર હોય, મુનિ અને એમાં. દર્શન અને જ્ઞાનમાં કાંઈ ફેર હોતો નથી. ચારિત્રમાં ફેર હોય. આ મહા ચારિવંત સંતો! એની દશા (અલૌકિક છે)! પણ ચારિત્રના ફેરે શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ ફેર છે (એમ નથી). શ્રદ્ધા તો જેવી તિર્યંચને હોય છે એવી શ્રદ્ધા સિદ્ધને અને સિદ્ધની શ્રદ્ધા જેવી તિર્યંચને (હોય છે). સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા કહે છે, **'કોઈનું કોઈમાં ભળતું નથી.'** અહીંયા ચેતનનું લીધું. ત્યાં વળી પેલું યાદ આવ્યું (કે) કોઈ પર્યાય કોઈમાં ભળતી નથી. પોતાની, હોં! પરની તો વાત જ નહિ અહીંયા. સમજાણું કાંઈ? એ 'ચિદ્‌વિલાસ'માં છે. જ્યાં પર્યાયની વ્યાખ્યા છે ને. પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું કારણ એનું વીર્ય. એનું વીર્ય, હોં! પર્યાયનું વીર્ય. પર્યાયનું વીર્ય. એનું ક્ષેત્ર પર્યાય, એનો ભાવ પર્યાય. એ પર્યાયનું પ્રવર્તન પોતાથી છે. બીજામાં એવું છે નહિ. દરેકનો સમય સમયનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે.

એવું ચેતનપણું, **'આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે...'** આત્મતત્ત્વ કહ્યું છે ને? '**अनन्तधर्मणस्तत्त्वं**' એમ કહ્યું હતું ને? એટલે '**अनन्तधर्मणस्तत्त्वं**'. તત્ત્વ એ આત્માનું સ્વરૂપ એમ કહ્યું. અને આત્માનું સ્વરૂપ-તત્ત્વ એટલે જ્ઞાન. અને એ જ્ઞાનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક હોવાથી **'તેને આત્માનું તત્ત્વ કહ્યું છે.'** દેખો! ચેતનને જ આત્માનું તત્ત્વ કહ્યું. સમજાણું કાંઈ? આ તો ગુણની વ્યાખ્યા છે. આહાહા..! **'તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે...'** ઈ જ્ઞાન લેવું. દેખાડે છે તે વાણી લેવી. તેને ભગવાન સમ્યગ્જ્ઞાન-શ્રુતજ્ઞાન, પોતાનો આવો ચૈતન્ય એક ગુણ અનંત ધર્મોમાં વ્યાપક છે એ બધાને આ શ્રુતજ્ઞાનનો પર્યાય જાણે છે. કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે. અને વાણી દેખાડે છે. વાણીમાં દેખાડવાની તાકાત છે. ઈ વાત ભારે આકરી પડે છે. વાણીમાં આવું? વાણી જે સરસ્વતી-વાણી ઈ દેખાડે છે. પોતાની શક્તિને અને પરની શક્તિને દેખાડવાની પરમાણુની વાણીની પર્યાયમાં તાકાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બધું બતાવે, બધું. બીજાનું અનુમાન કરાવે પણ બતાવ્યું કે નહિ એ રીતે? એ રીતે બતાવ્યું કે નહિ? આવા અનુમાન ગમ્ય અનંત છે એમ કરીને પણ બતાવ્યું કે નહિ વાણીએ? બાપુ! આ તો જૈનદર્શન છે, અલૌકિક વાત છે. સમજાણું કાંઈ?

**'એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે.'** શ્રુતજ્ઞાનથી, કેવળથી અને વાણી નિમિત્તથી. **'સદા પ્રકાશરૂપ રહો,'** લ્યો, એ માંગલિક છે. છે ને? '**नित्यमेव प्रकाशताम्**'. '**नित्यमेव प्रकाशताम्**'નો અર્થ કર્યો. **'સદા પ્રકાશરૂપ રહો.'** મહા માંગલિક! આવું ભાવશ્રુતજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જે આત્માના ચેતનતત્ત્વને અંતરંગમાં વ્યાપકવાળાને જે શ્રુતજ્ઞાન જાણે, કેવળજ્ઞાન જાણે, વાણી દેખાડે તે સદા રહો. '**એવું આશીર્વાદરૂપ...**' આશીર્વાદ એટલે આશીર્વચન. '**આશીર્વાદરૂપ વચન...**' જુઓ! પહેલામાં શરૂઆતમાં આશીર્વચન હતું. એ વચન કહો કે વાદ કહો. '**વચન તેને કહ્યું છે.**' ઓહોહો..! જુઓને! 'જયચંદ્ર પંડિત' પણ કેવા અર્થ ભર્યા છે ને! પહેલાના એ લોકો બહુ ભવભીરૂ અને અંતરની કઈ રીતે વાસ્તવિક સ્થિતિ છે એ રીતે વાત કરનારા. બીજી આડીઅવળી કરનારા નહિ. બે (શ્લોક) થયા, લ્યો. દેવ અને શાસ્ત્રને વંદન કર્યું. હવે, ગુરુ તો 'અમૃતચંદ્રાચાર્ય' પોતે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન એમ આવે છે ને બધે?

'**હવે (ત્રીજા શ્લોકમાં) ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે :-**'

**(मालिनी)**

**परपरिणतिहेतोर्मोहनाम्नोनुभावा-**
**दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।**
**मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-**
**र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।**

ભાષા, વજન જુઓ! '**समयसारव्याख्ययैव**'.

મુમુક્ષુ :- ચોખ્ખી છે.

ઉત્તર :- ચોખ્ખી છે તે એમાં વાંધો શું છે? શું કીધું સમજાણું કાંઈ? એ.. નવરંગભાઈ! એમ કહે છે, સમયસારની વ્યાખ્યા કરતાં મારી શુદ્ધિ થશે એમ કહ્યું. કેમ ચોખ્ખી હા પાડો છો તમે? સમયસારની હું આ ટીકા કરું છું એને લઈને મારી આત્મશુદ્ધિ થશે, એમ કહે છે. એનો અર્થ સમજવો જોઈએ કે નહિ? '**समयसारव्याख्ययैवानुभूतेः र्भवतु मम परमविशुद्धिः**'. ભાઈ! એનો અર્થ એમ છે કે આ અત્યારે મારું ઘોલન ચાલે છે કે આમ છે, આમ છે, આમ છે. છે ભલે વિકલ્પ, પણ એના પાછળ ઘોલનમાં મારી જે એકાગ્રતા છે, આ ટીકાના કાળમાં જ મારી એકાગ્રતા વધીને શુદ્ધિ થઈ જશે. સમજાણું કાંઈ?

આની ટીકા કરે છે, જુઓ! '**तद्गुणलब्धये**' પંડિતજી! ઈ આવે છે કે નહિ? 'મોક્ષ શાસ્ત્ર'. '**वन्दे तद्गुणलब्धये**'. દેખો! ત્યાં એ વાત કરે છે. દેખો! ભાઈ! ભગવાનને વંદન કરવાથી તેના ગુણો પોતાને પ્રાપ્ત થાય છે. ઈ જાતના પોતાના. કોઈ કહે કે ભગવાનને વંદન કરવાથી વિકલ્પ અને પુણ્ય છે. જુઓ! '**तद्गुणलब्धये**' (કહ્યું છે). અરે..! ભગવાન! એનો અર્થ સમજવો જોઈએ, ભાઈ! એવી વાત છે. '**तद्गुणलब्धये**' આ ગુણો છે તે મારામાં ભર્યા છે એને મારી એકાગ્રતા દ્વારા હું વંદન કરું છું. પણ એકાગ્રતા દ્વારા એ ગુણની મને પ્રાપ્તિ થજો. પરના વંદન કરવા એ તો વિકલ્પ છે, રાગ છે, પરાશ્રિત વ્યવહાર છે. પરાશ્રિત વ્યવહારમાં સંવર, નિર્જરા હોય? સમજાણું કાંઈ? શું થાય? અર્થમાં ફેર પડી જાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે બહુ. શાસ્ત્રમાં જે ભાવથી શાસ્ત્ર કહેવા માગે છે એ ભાવે એનો અર્થ ન કરતાં બીજો કરે એટલે આખી વાત ફરી જાય. તકરાર કરવા બેસે તો આ રહ્યું. રામજીભાઈ જેવા વકીલને સોંપો આ વાત. શબ્દનો અર્થ શું થાય છે? લ્યો. એઈ..!

'**समयसारव्याख्ययैव**' એમ છે. એના ઉપદેશથી અમને પરમ વિશુદ્ધિ થજો. શું આચાર્ય જૂઠું બોલે છે? અરે..! પણ ભાઈ! સાંભળને, બાપુ! વ્યાખ્યામાં વિકલ્પ છે એ તો પરાશ્રિત છે, ભાઈ! સમજાણું? અને પરાશ્રિત ભાવ તો બંધનું કારણ છે. બે ચીજો જ જુદી છે. સ્વઆશ્રય નિર્જરાનું કારણ છે, પરાશ્રય બંધનું કારણ છે. પણ મારું સ્વઆશ્રયપણું આવા વિકલ્પના કાળમાં જેટલું સ્વઆશ્રયપણું વર્તે છે એમાં મારી એકાગ્રતાનું ઘોલન છે. એ એકાગ્રતાના ઘોલનમાં મારી શુદ્ધિ થજો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, જ '**एव**' છે ને? છે ભઈ બધું, સાંભળોને! જુઓ! 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે ને? હમણાં અમારું મન 'નિયમસાર'ની ટીકા થવામાં વારંવાર આવ્યા કરે છે. વારંવાર આવ્યા કરે છે. એમ પહેલાં શ્લોકમાં છે કે નહિ? હમણાં અમારું મન.. છે ને? 'નિયમસાર'. ઈ છે. વિકલ્પ આવ્યા કરે છે પણ પાછળ અમારું ઘોલન છે. જુઓ! '**હમણાં અમારું મન...**' છઠ્ઠો શ્લોક છે.

**अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः।**
**परमागमसारस्य रुच्या मांसलयाऽधुना।।६।।**

'**હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.**' આમ વિકલ્પ આવ્યા જ કરે છે કે આની ટીકા હો, નિયમસારની ટીકા હો એમ વિકલ્પ આવ્યા કરે છે. એટલે આ ટીકા થવાનો પ્રસંગ લાગે છે. સમજાણું કાંઈ? 'અમૃતચંદ્રાચાર્ય' પણ એમ કહે છે. અમારું મન (એમ છે કે) આની ટીકા આત્મખ્યાતિ થાય, આમ થાય. અમારું ઘોલન છે ને? એ ઘોલન આ કાળમાં મારી શુદ્ધિ થઈ જશે. સમજાણું કાંઈ? ભાઈ! એને માહાત્મ્ય પોતાની શુદ્ધતા ઉપર ન આપતાં રાગ ઉપરના માહાત્મ્યથી નિર્જરા થાય? સમજાણું? એ તો આ લોકો કહે છે, આ દેવચંદજી આવી વાત કરે છે. એ લોકો કહે છે, ભગવાનની પૂજાથી આસ્રવ ટળે અને સંવર વધે. આસ્રવ ચાલ ટળે અને સંવર વધે. ભાઈ! એમ ન હોય. પરદ્રવ્યાશ્રયે વિકલ્પ શુભભાવ હોય, પુણ્યભાવ-પુણ્યાસ્રવ હોય પણ એને આશ્રયે આસ્રવ ટળે (એમ નથી). અશુભ ટળે એટલી અપેક્ષા કહે તો જુદી વાત છે. પણ ત્યાં સંવર થાય છે (એમ નથી). એક પણ ન્યાય પલટતાં આખું તત્ત્વનું ચક્કર ફરી જાય છે.

અહીં આચાર્ય પોકાર કરે છે, '**શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે આ સમયસાર (શુદ્ધાત્મા તથા ગ્રંથ)...**' બે લીધાં. જુઓ! અહીં શુદ્ધાત્મા અને આ વાચક. વાચક અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાચ્ય. '**ની વ્યાખ્યા (કથની તથા ટીકા)થી જ...**' એમ છે, જુઓ! '**व्याख्ययैव**'. છે ને? એ જ શબ્દ પડ્યો છે ને. '**મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની...**' મારા અનુભવનરૂપ શુદ્ધ દશા, જે સ્વભાવ આશ્રયે શુદ્ધ પરિણતિ વર્તે છે, એની '**પરમ વિશુદ્ધિ (સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) થાઓ.**' '**णियमेण य जं कज्जं**' અમારું કાર્ય શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થવું એ અમારું કાર્ય છે. એમાં એકાગ્રતાથી શુદ્ધિ થાઓ, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! શબ્દની શૈલીમાં આચાર્યોનો અભિપ્રાય છે તે કાઢવો જોઈએ. શબ્દમાં એકલા શબ્દના સીધા અર્થ કરવા જાય.. સમજાણું? ન્યાય ન મળે ને વસ્તુ નહિ મળે.

'**કેવી છે તે પરિણતિ? પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ...**' નિમિત્ત કહે છે. '**તેના અનુભાવ (–ઉદયરૂપ વિપાક)ને લીધે જે અનુભાવ્ય (રાગાદિ પરિણામોની) વ્યાપ્તિ છે...**' મારામાં. રાગની વ્યાપ્ય-વ્યાપ્તિ તો મારામાં છે પણ એનું નિમિત્તપણું કર્મનું નિમિત્ત છે. '**તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.**' મારી દશા.. જુઓ! મુનિ કહે છે. છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન છે. વિકલ્પ ઊઠે છે. જેટલો વિકલ્પ છે ને એ મલિન છે એ હું જાણું છું. વિકલ્પ છે એ મલિન છે, દશા મારી છે, મારામાં છે, નિમિત્ત મોહકર્મનો પાક છે. નૈમિત્તિક મારી દશા છે. સમજાણું કાંઈ? એવી કલ્માષિત છે.

મુમુક્ષુ :- જ્ઞેયમાં નથી લાગતું.

ઉત્તર :- ઈ દૃષ્ટિની અપેક્ષાએ જ્ઞેયમાં, જ્ઞાનની અપેક્ષાએ પર્યાયના પરિણમનમાં. ચારિત્રની અપેક્ષાએ રાગને ઝેર (કહે). ત્રણ અપેક્ષા છે. દૃષ્ટિની અપેક્ષાએ તે પર, જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનની પરિણતિ મારામાં એ અશુદ્ધ છે એમ જ્ઞાન જાણે. ચારિત્રની અપેક્ષાએ રાગને ઝેર માને. બાપુ! એની જે સ્થિતિ છે એમ જોવી જોઈએ ને. મોક્ષ અધિકારમાં ભગવાને શું લીધું? પ્રતિક્રમણ આદિ ઝેર લીધું. કારણ કે ચારિત્રનો અધિકાર છે. પેલો વિકલ્પ ઊઠે ઈ ઝેર છે. દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું કે મારામાં ઝેર નહિ. જ્ઞાનની અપેક્ષાએ કહ્યું કે જ્ઞાનની પરિણતિ મારામાં છે એમ હું જાણું છું. મારામાં છે. ૪૭ નયમાં આવ્યું કે નહિ? 'પ્રવચનસાર'. કર્તા-ભોક્તા હું છું એમ, હોં! મારી પર્યાયમાં. આહા..! એમ શ્રુતજ્ઞાન જાણે છે. શ્રુતજ્ઞાન જાણે છે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક બધાનો ડબલ સ્વભાવ જાણવાનો છે ને એનો. ખેંચાતાણ ન હોય. ભાઈ! આ તો જેવી વસ્તુ છે એને ત્યાં સત્‌ને સત્ તરીકે ઊભું રાખવું જોઈએ. કચરડી મરડીને ઘરના અર્થ કરવા એમ વસ્તુને ન પાલવે.

કહે છે, એ કર્મના પાકને લીધે અનુભાવ્ય એટલે કે મારા સ્વભાવને લઈને વિકારનો પાક નથી. આમ પર ઉપર લક્ષ જાય છે એટલો મારામાં રાગાદિ (થાય છે). દ્વેષાદિ લીધું, રાગાદિ લીધું ને સાધારણ. .. એક અંશ સ્થાપે છે ને કે આમ ન હોય. આમ ન હોય, ભાઈ! આમ માર્ગ ન હોય. એટલો દ્વેષનો અંશ છે. ભલે પ્રશસ્ત છે. ભગવાન એકલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્યના નેત્રવાળો એને આ એટલું ક્યાં પાલવે? આ માર્ગ આમ નથી. છદ્મસ્થને, હોં! કેવળીને તો બધું ઈચ્છા વિના (જણાય છે). આ માર્ગ આમ નથી. સમજાણું કાંઈ? એટલો દ્વેષનો અંશ છે. ભલે પ્રશસ્ત છે, પુણ્યબંધનું કારણ છે. છદ્મસ્થ છે, રાગી છે, મોહી છે ને એ અપેક્ષાએ ત્યાં આવો ભાવ આવે. સ્થાપે છે કે આ આમ છે. એટલું રાગને લઈને, હોં! વિકલ્પનું, રાગનું ઉત્થાન છે, કષાય છે. કહે છે, એટલો મલિન ભાવ છે. આહાહા..!

ભગવાન આત્મામાં, આ સત્યને હું ટીકામાં લખું છું, એ વિકલ્પ છે તે મલિન છે, યોગ્યતા ભલે મારી, નિમિત્ત છે કર્મ પાક. પેલામાં 'કળશ ટીકા'માં તો એમ લખ્યું છે ને? જે પૂર્વે મેં રાગ કર્યો હતો એ રાગનું નિમિત્ત પામીને જે કર્મ થયું હતું, એ જ કર્મ વર્તમાનમાં મારા રાગમાં નિમિત્ત થાય છે, બીજું નહિ. 'કળશ ટીકા'માં એમ લીધું છે. આ 'કળશ ટીકા'માં. ક્યાં ગયું 'કળશ ટીકા'?

મુમુક્ષુ :- પરંપરા..

ઉત્તર :- પરંપરાની સંધિ કરે છે. છે ને? ભાઈ! પાઠ. આ આખું વંચાઈ ગયું છે. જુઓ! **'કેવું છે મોહનામક કર્મ?'** **'परपरिणतिहेतोः'** આની એવી વ્યાખ્યા કરી કે **'અશુદ્ધ જીવના પરિણામ જેનું કારણ છે...'** મોહકર્મ આવું કર્મ હતું કે જેમાં મારો રાગ નિમિત્ત હતો. **'ભાવાર્થ આમ છે-જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને મોહકર્મ બંધાય છે, પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે.'**

મુમુક્ષુ :- પેલામાં પણ નિમિત્ત...

ઉત્તર :- પેલામાં પણ નિમિત્ત થવાની લાયકાત છે. 'પંચાધ્યાયી'માં છે ને. સમજાણું કાંઈ? પૂર્વે (મારો) રાગ હતો. નિમિત્ત પામીને કર્મ ઉપાદાનપણે થયું. એ જ જ્યારે ઉદયમાં આવ્યું તો એ ઉદય મારા વર્તમાન રાગમાં નિમિત્ત થશે. સમજાણું કાંઈ? એ **'परपरिणतिहेतोः'**નો એવો અર્થ કર્યો છે ત્યાં. અહીં કર્યો છે સામાન્ય અર્થ કે પરપરિણતિનો હેતુ-નિમિત્ત કર્મ. બસ એટલું.

મુમુક્ષુ :- નિરંતર કલ્માષિત...

ઉત્તર :- હા, ઈ તો અહીં કર્યો છે પણ પેલાએ તો આ રીતે નિરંતર કલ્માષિતમાં પણ પૂર્વે મેં કલ્માષિત કરી હતી એની સંધિ કરી. કલ્માષિત થઈ, મેલી હતી એ કર્મને નિમિત્ત થયું અને એ કર્મ ઉદય વર્તમાન કલ્માષિત હું કરીશ તો એમાં એ નિમિત્ત થશે.

અહીં સીધી વાત લીધી કે **'તેનાથી નિરંતર...'** એમ છે ને અહીં તો? મોહથી નિરંતર. **'વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.'** મારી પર્યાય નિરંતર મારામાં વ્યાપે છે. મલિનતા અહીં નિરંતર છે, છૂટી નથી. એકતા તૂટી છે, અસ્થિરતા તૂટી નથી. અસ્થિરતા અનાદિની ચાલી આવે છે એ અસ્થિરતા છે. સમજાણું કાંઈ? એકતા તૂટી ગઈ છે, અસ્થિરતા તો જે અનાદિની ચાલે છે એ જાતની જ અસ્થિરતા છે, નિરંતર ચાલી આવે છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :-...

ઉત્તર :- ઓછાનો પ્રશ્ન ક્યાં છે અહીં. આ તો પર્યાય છે એ કોઈ દિ' નાશ થઈ ગઈ હતી? નાશ થઈ ગઈ હોય તો વીતરાગ થઈ ગયો હોય. એકત્વ નાશ થઈ ગયું છે, એકત્વ (તૂટીને) ભાન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થઈ ગયું છે. પણ જે લાઈન અનાદિથી આમ ને આમ પર્યાય ચાલે છે એ પર્યાય કોઈ દિ' તૂટી ગઈ છે અને વીતરાગ થઈ ગયો છે (એમ નથી). એ અપેક્ષાએ વાત ચાલે છે. સમજાણું કાંઈ?

'**અને હું કેવો છું?**' લે. મારી પરિણતિ આવી છે એમ કરીને (હવે કહે છે), હું '**દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.**' હું તો દ્રવ્ય વસ્તુથી.. છે ને? '**शुद्धचिन्मात्रमूर्तेः**'. આહાહા..! શુદ્ધ ચિન્માત્રમૂર્તિ. વસ્તુ તો આ છે. પર્યાયમાં કલુષિતતા જરી આવી છે, આગંતુક. નિમિત્તના લક્ષે આગંતુક છે, મહેમાન તરીકે છે, રહેવાની નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- પરપરિણતિનો અર્થ શું?

ઉત્તર :- પરપરિણતિનો અર્થ વિકાર પરિણામ. પોતાના વિકાર પરિણામને પરપરિણતિ કીધી. એનો હેતુ કર્મનું નિમિત્ત. પરિણતિ તો પોતાની છે. પરપરિણતિ-વિકાર એનું નામ પરપરિણતિ. છે ને? જુઓને! '**પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ...**' પરપરિણતિ કેવી છે? કે રાગ-દ્વેષવાળી છે. નિરંતર કલ્માષિત છે મારા પોતામાં.

મુમુક્ષુ :- પરપરિણતિનો હેતુ મોહ..

ઉત્તર :- મોહ. અને એ મારી પરપરિણતિ કેવી છે? કે મારામાં વ્યાપ્તિ છે. તેથી કહ્યું ને? '**અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.**' મારી પર્યાયમાં નિરંતર કલ્માષિત છે. પેલું તો નિમિત્ત છે. એને પરપરિણતિ કહેવામાં આવી છે. છે તો એની પર્યાય, પણ સ્વભાવ નથી ને માટે પરપરિણતિ કહેવામાં આવી છે. છે તો એની પર્યાય. વિકારને પરભાવ કીધાં છે એનો અર્થ? પરભાવ એટલે કે એ સ્વભાવમાં નથી, પણ ઉત્પન્ન થયેલો મારી પર્યાયમાં છે. ત્રિકાળની અપેક્ષાએ તેને પરભાવ કીધો છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરના નિમિત્તથી પોતામાં થયેલી, એમ. આપણે કાલે આવ્યું હતું ને? ભાઈ! નહિ? કાલે આવ્યું હતું. એમાં આવ્યું હતું. 'નિયમસાર'માં ક્યાંક આવ્યું હતું. સમજાણું? વિકારની દશા તો ઉદયભાવ જીવના સ્વતત્ત્વમાં છે. જીવના સ્વતત્ત્વમાં અસ્તિમાં છે. એ કાંઈ રજકણ નથી. વિકાર કોઈ રજકણ નથી. અરૂપી વિકારી વિભાવદશા છે, એ રજકણ નથી કંઈ, રસ, ગંધ નથી. પણ તેનો હેતુ મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ એનું કારણ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- પુદ્‌ગલ કીધા છે.

ઉત્તર :- ઈ પુદ્‌ગલ આ રીતે પુદ્‌ગલ પરિણામ કીધા. પોતાની જાતના ભાવ નથી માટે પુદ્‌ગલ પરિણામ. પુદ્‌ગલ પરિણામ એટલે શું એ રજકણ છે? રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા પરિણામ છે ઈ? ગળે અને ઉત્પન્ન થાય, ગળે અને ઉત્પન્ન થાય પુદ્‌ગલ, એ અપેક્ષાએ એને પુદ્‌ગલ પરિણામ કહ્યા. સ્વભાવમાં ક્યાં છે? એ અપેક્ષાએ કહ્યા. સમજાણું કાંઈ?

બે વાત લીધી. મારી પર્યાય મેલી છે એ હું જાણું છું. જુઓને! સંધિ તો જુઓ આચાર્યની! ઓહોહો..! વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. ૧૨મી ગાથામાં કહેશે. મારી પર્યાયમાં વિકાર છે તે જાણેલો પ્રયોજનવાન છે. છે, છે, છે. આમ જોઈએ તો નથી, આમ જોઈએ તો છે. કષાય કલિંત, પાછળ આવે છે ને? એક કોર જોઈએ તો કષાય, એક કોર જોઈએ તો અકષાય, એક કોર જોઈએ તો મુક્તિ સ્પર્શે છે, એક કોર જોઈએ તો સંસાર દેખાય છે. એમ પોતામાં ને પોતામાં, હોં! એના અસ્તિત્વમાં. સમજાણું કાંઈ? આ તો ધ્યાન રાખે તો સમજાય એવું છે, નહિતર છોકરાઓને ઊંઘ આવે એવું છે. કાલે નહોતી એકને ઊંઘ આવી ગઈ હતી? ધ્યાન રાખવું. ન સમજાય એમ આપણે માનવું નહિ, છોકરાઓએ. છોકરાઓ કોઈ છે જ નહિ. ભગવાન આત્મા છે ને બધાય. વર્તમાન સિવાય ભવિષ્યનો સમય કોણ લાવ્યા છે અત્યારે? લાવો. બધા અનાદિસાંત અત્યારે જ છે. આ કાળે બધા સરખા છે આમ અનાદિથી. મોટા છે કોણ? નાના છે કોણ? સમજાણું કાંઈ? આવડા છોકરાઓ નાની ઉંમરના દસ વર્ષના, બાર વર્ષના, પંદર વર્ષના.

મુમુક્ષુ :-

ઉત્તર :- કોઈ મોટા-નાના છે જ નહિ. અનાદિકાળથી કોને ભવિષ્યનો સમય વર્તમાનમાં આવ્યો છે? બધાને વર્તમાન સમય સુધી છે. આમ એને જોવું જોઈએ. હું દ્રવ્યથી તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. પર્યાયમાં જરી મલિનતા છે એવું જ્ઞાન કરવું જોઈએ કે જેથી આગળ સ્વભાવમાં એકાગ્રતા થઈને તેને ટાળી શકાય. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'આચાર્ય કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો હું...'** જુઓ! દ્રવ્યાર્થિક એટલે આ દ્રવ્ય કયુ? સામાન્ય. ત્રિકાળ સામાન્ય. નહિતર દ્રવ્ય તો સામાન્ય અને વિશેષ બે થઈને દ્રવ્ય કહેવાય. પ્રમાણનો વિષય. દરેક ઉત્પાદ-વ્યય પર્યાય અને ધ્રુવ બે થઈને પ્રમાણ. એને દ્રવ્ય કહેવું એ તો પ્રમાણના વિષયનું દ્રવ્ય. પણ આ દ્રવ્યાર્થિક જે છે એ સામાન્ય જે ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ઉત્પાદ-વ્યય વિનાનું.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાય..

ઉત્તર :- વર્તમાન પર્યાય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વર્તમાન પર્યાય લઈએ તો..

ઉત્તર :- નહિ, નહિ. વર્તમાન પર્યાય ગૌણ કરી નાખી. વ્યવહારનયનો વિષય ગૌણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરી નાખ્યો. એકલો શુદ્ધને મુખ્ય કરી નાખ્યો. શુદ્ધ ચૈતન્યમૂર્તિ, ચૈતન્યમૂર્તિ. સામાન્ય એટલે એકરૂપ, એમ સામાન્ય. પોતાનું એકરૂપ, હોં! દ્રવ્યનું. દ્રવ્ય એટલે વસ્તુ આ સામાન્ય.

શુદ્ધ દ્રવ્ય એટલે સામાન્ય. આર્થિક-એના પ્રયોજનવાળી નય. એમ. '**શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ...**' શુદ્ધ સામાન્ય ત્રિકાળ ચૈતન્ય ધ્રુવ. એને જોનારની દૃષ્ટિએ તો '**હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.**'

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ કીધું ને પેલું '**तत्त्वं**'. એમાં બધું સમાઈ ગયું. વ્યાપક થઈ ગયું. એ તો પહેલેથી કહી ગયા. '**अनन्तधर्मणस्तत्त्वं**'. ચૈતન્યતત્ત્વ અનંત ધર્મમાં રહેતું. સમજાણું?

'**પરંતુ મારી પરિણતિ...**' જુઓ! અર્થ લીધો છે. '**મારી પરિણતિ...**' ત્યાં એમ પણ કીધું છે ને, પરપરિણતિનું કારણ.. '**કેવી છે તે પરિણતિ? પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ્ય (ઉદયરૂપ વિપાક)ને લીધે જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.**' ઈ મારી દશા મેલી છે. સમજાણું? '**રાગાદિસ્વરૂપ થઈ રહી છે. તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ, મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. બીજું કાંઈ પણ-ખ્યાતિ, લાભ, પૂજાદિક-ચાહતો નથી. આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત એના ફળની પ્રાર્થના કરી.**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૧, મંગળવાર તા. ૨-૦૮-૬૬**
**ગાથા-૧. પ્રવચન-૫**

'સમયસાર'. જીવ-અજીવ અધિકાર. જીવ અધિકાર ઉપાડતાં 'કુંદકુંદાચાર્ય' પહેલી ગાથામાં માંગલિકપૂર્વક પ્રતિજ્ઞા કરે છે. '**મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :-**' મંગળિક કરીને હું સમયસાર કહીશે એમ પ્રતિજ્ઞા કરે છે.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**
**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

જ્યારે ગાથાના પરમાણુરૂપે પરિણમવાનો એનો કાળ હતો ત્યારે એ શબ્દની ધ્વનિ અંદર વિકલ્પ આવ્યો પોતાને કારણે, તે વખતે આ ગાથા આમ ધ્વનિમાં ઊઠી છે અંદર 'કુંદકુંદાચાર્ય'ને.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

પહેલા થોડો અન્વયાર્થ લઈએ. શરૂઆત છે ને.

**ગાથાર્થ :- 'આચાર્ય કહે છે : હું...**' આચાર્ય એ વ્યક્તિ છે, એક આત્મા છે એમ ત્યાં સિદ્ધ કરે છે. કથન કરનાર અધ્ધરથી મફતલાલ નથી, એમ કહે છે. હું.. 'પ્રવચનસાર'માં આવ્યું ને? ભાઈ! હું વંદન કરનાર. જ્ઞાન દર્શનસ્વરૂપે સ્વસંવેદનવાળો આત્મા તે તીર્થંકરોને વંદન કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- 'આ'.

ઉત્તર :- હા. સ્વસંવેદન કહ્યું ને? સ્વસંવેદન પ્રત્યક્ષ. આ હું સ્વસંવેદનપ્રત્યક્ષ આત્મા જ્ઞાન દર્શન સંપન્ન તે હું અનંત તીર્થંકરોને ભૂત, વર્તમાન, ભાવિ બધાને સામાન્યને અને પ્રત્યેક પ્રત્યેક એક વ્યક્તિને લક્ષમાં લઈ સામાન્ય વિશેષ બેય પ્રકારે વંદન કરે છે.

એમ અહીં કહે છે કે '**હું ધ્રુવ,...**' સિદ્ધગતિ કેવી છે? કે ધ્રુવ. જુઓ! ન્યાંથી પહેલો શબ્દ ઉપડ્યો છે. આમાં અન્વયાર્થમાં હોં! પાઠમાં '**वंदित्तु**'થી ઉપડ્યો છે. '**वंदित्तु**'માંથી 'અમૃતચંદ્રાચાર્યે' એ કાઢ્યું છે કે અમે સિદ્ધને અમારા આત્મામાં સ્થાપીએ છીએ એ જ વંદન છે. '**वंदित्तु**'માંથી કાઢ્યું છે. અમારા આત્મામાં એની પર્યાયમાં અલ્પજ્ઞતા અને રાગ હોવા છતાં અમે આત્મામાં સિદ્ધ ભગવાનને સ્થાપીએ છીએ. અને શ્રોતાઓ '**वंदित्तु**' કહેતાં, હે શ્રોતા! તમારા જ્ઞાનની દશામાં પણ અમે સિદ્ધને સ્થાપીએ છીએ. ઈ '**वंदित्तु**'માંથી કાઢ્યું છે. એનો અર્થ કે આ સિદ્ધ પરમાત્મા જે છે એનો અમે અંતરમાં આદર કરીએ છીએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને શ્રોતાઓને કહે છે, હે શ્રોતાઓ! તમારા જ્ઞાનમાં પણ હું સ્થાપન કરું છું. એમ કહે છે, ભાઈ! આહાહા..!

જેને સિદ્ધ ભગવાન અંતરમાં સ્થપાણા, પરમેશ્વર પર્યાયમાં પધાર્યા. અમે પરમેશ્વરનો આદર કર્યો છે એટલે અમે આત્માની દશામાં એને સ્થાપ્યા છે એનો અમને આદર છે. અમને નિમિત્તનો, વિકલ્પનો, અલ્પજ્ઞતાનો આદર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો મહાસિદ્ધાંત છે. અમે અને શ્રોતાઓને કહે છે, સ્થાપીએ છીએ. બે બોલ '**वंदित्तु**'માંથી કાઢ્યા છે. મારા આત્મામાં અને તમારા આત્મામાં હું સિદ્ધ ભગવાનને સ્થાપું છું. એ સિદ્ધ ભગવાન કેવા છે? કે ધ્રુવ છે. એનો અર્થ ટીકામાં આવશે.

'**અચળ...**' છે. અસ્તિ કરી છે પછી નાસ્તિ કરી છે. વિશ્રાંતિ છે ચાર ગતિના અભાવની. '**અનુપમ...**' છે. એને કોઈ ઉપમા નથી. સમજાણું? ધ્રુવ સામે અધ્રુવ નથી ઈ. અચળ સામે હવે એને નાશ થવું નથી. અનુપમ-ઉપમાવાળા પદાર્થો કરતાં આ અનુપમ સિદ્ધ ભગવાન છે. ટીકામાં બધું લેશે. '**એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને...**' ગતિને માટે ત્રિવર્ગ કાઢશે. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ છે. એનાથી ગતિ તે અપવર્ગ છે, એમ કાઢશે. શબ્દોમાંથી કાઢ્યું છે. સમજાય છે કાંઈ? '**પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને....**' સર્વ સિદ્ધોને પાછું, હોં! એક સિદ્ધ નથી, અનંત સિદ્ધ (છે). ઓહો..! જ્યારથી વંદન કરે છે ત્યાં સુધીના જેટલા સિદ્ધ થયા, પછી પણ પાંચ-પચ્ચીસ વર્ષે જ્યારે શ્રોતા સાંભળે છે અને કહેવા માંગે છે ત્યાં પણ જેટલા સિદ્ધ છે, એ '**સર્વ સિદ્ધોને નમસ્કાર કરી,...**' નમસ્કારના બે અર્થ કાઢશે. ભાવ અને દ્રવ્ય.

'**અહો! શ્રુતકેવળીઓએ કહેલા...**' એમાંથી બે કાઢશે. શ્રુતકેવળીમાંથી બે કાઢશે. એક સર્વજ્ઞ અને શ્રુતકેવળી. અને એમાંથી ત્રીજું કાઢશે-આગમ કાઢશે. શ્રુત એટલે આ પ્રવાહ એ આગમ. કેવળીમાંથી બે કાઢશે. '**આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.**' કહીશમાંથી બે કાઢશે-ભાવવચન અને દ્રવ્યવચન. પાઠમાંથી જ કાઢ્યું છે, હોં! આચાર્યે મૂળ પાઠમાં જે ધ્વનિ છે ને એની જ ટીકા (કરી છે). ટીકા તો એની જ હોય ને. હોય એમાંથી (કાઢે). ભેંસના આઉમાં દૂધ હોય એને બળુકી બાઈ અંગૂઠો મારીને કાઢે. આઉ સમજો છો? આંચળમાં અંદરમાં દૂધ હોય ને? અંદરમાં છે ઈ કાઢે છે ને? એ પણ દોહવાની એક કળા છે. દોહવામાં આમ ન ખેંચે ઈ. આ અંગૂઠો અહીં રાખે અને આંચળ રાખે વચમાં. એટલે આ ભાગ એને દબાય. આમ નીકળે. એમ આ ટીકા.. સમજાય છે? 'અમૃતચંદ્રાચાર્યે' પોતાના જ્ઞાન અને વીર્યના જોરના બળથી એમાં શું કહેવું છે એવી ટીકા કરી છે. તે અલૌકિક ટીકા! આ ટીકા ભરતક્ષેત્રમાં અત્યારે ક્યાંય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એટલો આપણે શબ્દાર્થ કર્યો, હોં! હવે એનો અર્થ-ટીકા લઈએ.

'**અહીં (સંસ્કૃત ટીકામાં) '**अथ**' શબ્દ...**' પડ્યો છે. '**अथ**'. '**अथ**' એ મંગળિકપણાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સૂચવે છે. સાધકપણું નવું શરૂ થાય છે એમ સૂચવે છે. '**अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' સમજાણું કાંઈ? એનો અર્થ-ધ્વનિ એવો છે અંદરમાં કે વસ્તુસ્વરૂપનું શુદ્ધ સાધન શરૂ થાય છે-સાધકપણું. એ ત્યાંથી એની મંગળિક દશા શરૂ થાય છે. અથવા આ ટીકાકાર સાધકજીવ છે. મંગળિકપણું એનું દશામાં પ્રગટેલું છે, એ નવું છે. અનાદિનું નહોતું. સમજાણું કાંઈ? એથી ટીકાકાર ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' '**अथ**' શબ્દ કહ્યો છે એ મંગલના અર્થે, મંગળિક છે. એ સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ. બે થાય છે ને મંગળમાં? મંગ એટલે પવિત્રતા અને લ એટલે પ્રાપ્તિ. અથવા મંમ એટલે પાપ અને ગળ એટલે ગળવું. આ અસ્તિ-નાસ્તિ દરેકમાં બબ્બે ઊઠે છે. એમ આ મંગળમાં અશુદ્ધતાનો નાશ અને શુદ્ધતાની પ્રાપ્તિ. એમ એ પોતાના ભાવમાં સૂચવે છે. અમારો ભાવ શુદ્ધની પર્યાયની પ્રાપ્તિ મંગળિક છે, અશુદ્ધતાનો નાશ એ પણ એક મંગળિક છે. સમજાણું કાંઈ?

'**ગ્રંથના આદિમાં...**' ભલે આમાં પ્રથમ શબ્દ ન નાખ્યો. સમજ્યા ને? પ્રથમનો અર્થ કર્યો છે ને? આદિ. એટલે. પેલામાં-હિન્દીમાં પ્રથમ એટલે, એમ કર્યું છે. એ પ્રથમ આવી ગયું. '**ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને...**' આ શબ્દ પડ્યા છે. સર્વ સિદ્ધ. પરમાત્મદશા પ્રાપ્ત અનંત છે. કોઈ કહે એક છે. પરમાત્મા થાય પછી ચુલા જુદાં શેના? ચોકા જુદાં (શેના)? સંસારમાં ચોકા જુદાં હોય. જીવ સત્તા (જુદી હોય) પણ મુક્ત થયા પછી વળી જુદાં? જ્યોતમેં જ્યોત મિલાઈ. એમ નથી. સમજાણું? કાં એમ કહે છે, મત છે ને? મોટો મત છે. પૂર્ણ સિદ્ધ થયા પછી શું? આ અમારા પાનાચંદના બાપે પૂછ્યું હતું. બરવાળામાં (સંવત) ૧૯૮૩ની સાલ, ૮૩. આ મોક્ષ થાય એમાં વળી જુદી સત્તા શું રહે? એ બહુ વેદાંતમાં ચડી ગયેલા. એના બાપ બહુ ચડેલા. પાંચ-પાંચ કલાક, છ-છ કલાક ધ્યાનમાં રહે. ત્રણથી તે અગિયાર સુધી આમ આઠ-આઠ કલાક. ખોટું, હોં! વસ્તુની કાંઈ ખબર ન મળે. કેમ સાચી વાત છે કે નહિ? વેદાંતમાં એના બાપ ચડી ગયેલા. મસ્ત માણસ, મસ્ત, હોં! દરકાર નહિ. છોકરાઓનું કેમ થાશે એની દરકાર નહિ. બસ, મસ્ત. પણ મૂળ તત્ત્વ મળેલ નહિ. અમારા પ્રેમ બહુ ઘણો, પણ અહીં રહે નહિ બહુ. ઈ પૂછતા હતા કે જુદાં ટોળા શું? ભાઈ! સિદ્ધ થાય ત્યાં... ટોળા સમજ્યાને? જુદી સત્તા.

મુમુક્ષુ :- એને પૂછો સિદ્ધની પર્યાયનું શું કામ છે?

ઉત્તર :- ઈ તો વળી સાધારણ. એ તો વળી આ ભાઈ પૂછતા હતા કે સિદ્ધ થાય તોય હજી પર્યાય લાગુ પડી ગઈ? હજી પર્યાયે છોડી નહિ એને? વળી એમ પ્રશ્ન કરતા હતા. ઈ વળી એક અહીં હતા. મોટી દાઢીવાળા ને બહુ ભાષણ આપે. નામ નથી દેતા. સમજાણું? ઈ કહે, સિદ્ધને હજી પર્યાયે છોડી નહિ? સિદ્ધને પણ? પર્યાય જાણે કોઈ લપ હશે. ભાષણ દે, હોં! હજારો માણસમાં ભાષણ દે. ઘણાં લાખોપતિ માણસ ને ત્યાગી બાવા જેવા લાગે. એ પૂછતા હતા. જૈન દિગંબર. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં કહે છે, સર્વ સિદ્ધો. એક એક સિદ્ધ અનાદિના અનંત સિદ્ધો છે. સત્તા શુદ્ધ અનંત છે. નિર્મળ થયેલી દરેક સત્તા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન રાખે છે. સિદ્ધ થયા એટલે એક થાય છે એમ છે નહિ. એમ કરીને સર્વ સિદ્ધો કરીને અનંત સિદ્ધપણું પૃથક્ છે એ સિદ્ધ કર્યું છે. એક કોઈ કહેતા હોય તો ખોટું છે.

હવે '**वोच्छामि**' માંથી આ કાઢ્યું. ભાવ દ્રવ્ય સ્તુતિથી. જુઓ! એ '**वोच्छामि**'ના બે કાઢ્યા. ભાવ અંદર ક્ષયોપશમનો ભાવ શરૂ થયો છે અને દ્રવ્ય... અંદર ભાવ નમસ્કાર શરૂ થયો છે. સ્તુતિ. રાગરહિત નિશ્ચયથી આરાધ્ય આરાધક તે હું જ છું એવી નિર્વિકલ્પ નમસ્કાર દશા અંદર પ્રગટી છે એને ભાવસ્તુતિ કહે છે. અને દ્રવ્ય-વાણી નીકળી તે. અસદ્ભુત વ્યવહારનયે એમાં વાણી નીકળી. એવા ભાવ-દ્રવ્ય સ્તુતિથી બે શબ્દ કાઢ્યા. પછી '**वंदित्तु**'માંથી આ કાઢ્યું. આ '**वोच्छामि**'માંથી કાઢ્યું.

હવે '**પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને...**' એ '**वंदित्तु**'માંથી કાઢ્યું છે. આદર કરીએ છીએ, વંદન કરીએ (છીએ). વંદન એટલે કે આમ. આહાહા..! અમારી પર્યાય અલ્પ છે, એમાં જરી રાગ (છે). આગળ કહેશે. મોહ નાશ માટે કહે છે ને? ભાઈ! બબ્બે બોલ છે, બબ્બે બોલ, હોં! સામેસામા. મારા અને પરના મોહના નાશ માટે. એ પણ અનાદિ શબ્દ વાપરશે. કારણ કે ભલે મુનિને અસ્થિરતાનો રાગ છે એ અનાદિની છે, એ કાંઈ નવી નથી. એટલે શબ્દ ભલે મોહ પડ્યો છે. પણ મુનિને મોહ નથી. પણ પેલો અસ્થિરતાનો મોહ છે એને ધ્વનિ કરીને (કહે છે). છે ને? '**अनादिमोहप्रहाणाय**' એ શબ્દ છે. અનાદિના મોહના નાશ માટે. મારે પણ હજી અસાવધાનીનો થોડો ભાવ છે એના નાશ માટે અને શ્રોતાઓના અનાદિના મિથ્યાત્વ અને અજ્ઞાનના નાશને માટે. સમજાણું કાંઈ? અહીં (પરના) આત્મામાં અને પોતાના આત્મામાં સ્થાપીને. દેખો! પરના આત્મામાં સ્થાપીને, હોં! અમે સિદ્ધ સમાન પર્યાયમાં સિદ્ધને સ્થાપીએ છીએ. એવી જેને અંતરમાં લક્ષ દશા થઈ તેને અલ્પજ્ઞ અને રાગનો આદર રહેતો નથી, એને સ્વભાવનો આદર રહે છે. શ્રોતાને પણ કહે છે, શ્રોતાઓ! અમારા શ્રોતા આવા હોય છે કે જેની પર્યાયમાં સિદ્ધને સમાડી શકે છે. સમાડતાં એનું લક્ષ શુદ્ધ ઉપર હોય છે. અલ્પજ્ઞ અને રાગનો એને આદર નથી. એને અમે સમયસાર કહેતા કહેતા એની એકાગ્રતા થશે અને એનો મોહ હણાઈ જશે અને પરમાત્મપદને પામશે, એમ કહે છે. થશે જ. અહીં એક જ વાત (છે). ન થાય ઈ પ્રશ્ન છે જ નહિ. સમજાણું કાંઈ? કહો, જયકુમારજી! તમે વળી પહેલી ગાથામાં આવી ગયા. શરૂઆતની બે ગાથા. આજ થયો, આમ ચાર દિ'થી વંચાય છે. ચાર દિ'થી વંચાય છે પણ શરૂ તો અગિયારસથી કર્યું છે. ત્યાં વળી બેય પોગી ગયા. આહાહા..!

પ્રભુ! કહે છે, અરે..! પણ સામાના શ્રોતાની કેટલી યોગ્યતા કે તમે એને પાધરા સિદ્ધપણે સ્થાપો છો? સાંભળને પ્રભુ! અમારા શ્રોતાઓ તો એવા છે... એ છેલ્લે પાંચમીમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેશે, **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं'** ગાથાનું પ્રમાણ કરજે. એવા અહીંયાં લીધા છે. આહાહા..! આ તો અલૌકિક શાસ્ત્ર છે. સમજાણું? એમાં 'કુંદકુંદાચાર્ય' સાક્ષાત્ ભગવાનને મળેલા. ભરતક્ષેત્રના માનવી મહાવિદેહ ક્ષેત્રની જાત્રા! આહાહા..! સમજાણું કાંઈ? સદેહે, હોં! પાછા. આહારક શરીર નહિ. ચૌદ પૂર્વ કહે એ આહારક શરીર, એ નહોતું. એવી લબ્ધિ જ હતી. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં પરમાત્મા વર્તમાન બિરાજમાન છે. એ કાળે બિરાજમાન હતા. ત્યાં ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા.

અહો! મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપું છું. મહામંગળિક કર્યું! સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'માં આવે છે ને? ભાઈ! સ્વયંવર મંડિત, નથી આવતું? સ્વયંવર. ત્રીજી ગાથામાં. સ્વયંવર. અમારી દીક્ષા સ્વયંવર. મોક્ષલક્ષ્મીને ઉપાદેય કરીને અમે અમારી દીક્ષાનો સ્વયંવર માંડ્યો છે. 'પ્રવચનસાર'માં એમ લખ્યું છે. હે સિદ્ધો! હે પરમાત્માઓ! અમારા સ્વયંવર મંડપમાં પધારો. લગ્ન કરવા જાય છે ને? તો મોટા માણસને સાથે લઈ જાય. કદાચિત્ પેલો છોડીનો બાપ પાંચ-દસ હજાર માટે ખૂટે (તો) મોટા માણસને દેવા પડે. આઠ વાગે કન્યા કેમ ન આવી? એનું હોય છે ને? શું કહેવાય? હસ્તમેળાપનો ટાઈમ હોય. કેમ ન આવી? કાંઈક ગડબડ થઈ. પાંચ મિનિટ (મોડી આવે) ત્યાં શેઠિયાને શંકા પડે. કેમ છે? ત્યાં ખાનગી કોઈ કહે, કન્યાના બાપને દસ હજાર જોવે છે. અરે..! આ શું? અંદર જાય. શું છે? હાર કાઢીને આપે. હું સાથે (છું), કન્યા એની ફરે નહિ. ઈ મોટાને લઈ જતા પહેલાં, હોં! મોટાને લઈ જતા. આ બધી પહેલી રીત હતી. પહેલા એવું થાતુંય ખરું. અંદર પેલા ટાણે ફૂટે, હોં! ટાણે ક્યાં જાશે? નહિતર એનું નાક જાશે.

એમ કહે છે કે હે નાથ! અમારી સ્વયંવર દીક્ષા અમારા મોક્ષના સાધનમાં આપને સિદ્ધને સાથે રાખ્યા છે, હોં! સાથે રાખ્યા. અમારો મોક્ષ પ્રભુ! ન ફરે, એમ કહે છે. આહાહા..! સિદ્ધને અહીં સ્થાપીએ છીએ. પણ ઉપર છે ને? ઉપર છે તે અહીં સ્થાપીએ છીએ. અમે અહીં સ્થાપીને ત્યાં આવવાના છીએ. સમજાણું કાંઈ? જુઓ! તો ત્યાં ધ્વનિ એનો. જંગલમાં બેઠા હશે જ્યારે આ ધ્વનિ ઊઠ્યો છે. આહાહા..! ત્યાં પંડિતો એ કહેતા, પોન્નુર હિલમાં આ સમયસાર આદિ લખાયેલા છે. પોન્નુર હિલ છે ને? મદ્રાસથી એંસી માઈલ. આપણે બે વાર ગયા હતા ને? ત્યાં આગળથી ભગવાન પાસે આઠ દિ' ગયા હતા. આવીને પછી (આ શાસ્ત્ર બનાવ્યા છે). લાખો તાડપત્ર છે અત્યારે. અત્યારે, હોં! એ વખતે તાડ બહુ હતા. જોડે એક ધવલગિરિ છે. ધવલગિરિ. ન્યાંથી દેખાય છે. ત્યાં ધવલ, મહાધવલ લખાયેલા. જોડે જ છે. વ્યવહારના ન્યાં અને નિશ્ચયના ન્યાં (લખાણા). તે દિ' વાત કરી હતી ત્યાં. તમે હતા? બીજી વાર નહોતા. ત્યાં અત્યારે શંકરના દેવળ થઈ ગયા. છે જૈનનું મૂળ તો ધવલ ગિરિ. ધવલ ગ્રંથ ત્યાં લખાયેલા. અત્યારે શંકરનું મંદિર છે. આ ખાલી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં કહે છે, ત્યાં આમ અંદરમાં ધ્વનિ ઉઠ્યો હશે. '**वंदित्तु**'. અનંત સિદ્ધને અમારા અંતરમાં સ્થાપી, તમારા આત્મામાં સ્થાપીને અમે ભાવ-દ્રવ્ય સ્તુતિથી અંતર આનંદના નમસ્કાર દ્વારા અંતર નમીને અને વાણી ને વિકલ્પ બધું ભેગું લઈને, અસદ્ભુત વ્યવહારનયે, એનાથી અમે નમસ્કાર કરીએ છીએ, સ્તુતિ કરીએ છીએ, સ્તુતિ. '**આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન...**' એટલે ક્ષયોપશમ. '**દ્રવ્યવચન...**' એટલે વાણી. એનાથી 'પરિભાષણ શરૂ કરીએ છીએ...' આ પરિભાષણમાંથી અર્થકાર 'જયચંદ્રજી પંડિત' કાઢશે, ભાઈ! પાઠમાં છે ને? '**परिभाषणमुपक्रम्यते**'. પરિભાષણનો અર્થ કરશે. એવા સૂત્રમાં ઘણાં પાઠ-નામ છે એમાં એક પરિભાષણ (છે). યથાસ્થાનમાં જે ભાવ જોઈએ ત્યાં તેને ગોઠવવા એ પરિભાષા સૂત્ર કહેવાય. એવું અમે '**પરિભાષણ શરૂ કરીએ છીએ-એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.**' કહો, સમજાણું કાંઈ?

(૧) ભાવ-દ્રવ્યસ્તુતિથી એક-બે આવ્યા. (૨) પોતાના અને પરના આત્મામાં સ્થાપીને-બે આવ્યા અને (૩) ભાવવચન અને દ્રવ્યવચન આવ્યા. ડબલ ડબલ ભાવ. આમ તો ધ્રુવ અને એમાં ડબલ છે એ જુદી વાત છે. અને એક (૪) આવશે ત્રિવર્ગ અને અપવર્ગ અને (એક) આવશે, મારા અને તમારા મોહના (નાશ માટે). લ્યો, પાંચ ડબલ ભાવ કહ્યા છે અંદર. સમજાણું કાંઈ? '**એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.**'

'**એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે...**' જુઓ! સામે બે ઉપાડ્યા. સિદ્ધ ભગવાન કેવા છે? કે અમને આદર્શ છે. પડઘો.. પડઘો. પડઘો સમજ્યા? પ્રતિચ્છંદ. મોટા મકાન હોય ને? તું સિદ્ધ (એમ બોલે તો) સામો અવાજ આવે, તું સિદ્ધ. ઈ પડઘો કહેવાય. પડઘો-પ્રતિઘાત, પ્રતિઘાત. અવાજ આવે, તું સિદ્ધ. સામો અવાજ આવે, તું સિદ્ધ. એવો પ્રતિધ્વનિ. આ પડછંદ. ઓલામાં આદર્શ શબ્દ મૂક્યો છે, ભાઈ! હિન્દીમાં. આ પ્રતિચ્છંદ શબ્દ છે ને? એનો અર્થ ત્યાં પ્રતિચ્છંદના સ્થાને છે એટલે આદર્શ છે, એમ હિન્દીમાં લખ્યું છે. આદર્શ છે ને ઈ? આદર્શ છે ને. પ્રતિધ્વનિ. હે ભગવાન! તમે પૂર્ણાનંદ છો. સામો અવાજ (આવે), હે ભગવાન! તમે પૂર્ણાનંદ છો. આહાહા..! એ સિદ્ધ ભગવાન સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદ-પડઘાને સ્થાને છે.

'**જેમના સ્વરૂપનું...**' જેમના સ્વરૂપનું-સિદ્ધનું. જે સિદ્ધમાં નથી તે મારામાં નથી. જે સિદ્ધમાં છે તેટલું મારામાં છે. સમજાણું કાંઈ? આદર્શ તરીકે છે. '**સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,-જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો...**' સંસારી ભવ્ય જીવો. સંસારી ભવ્ય જીવો. સમજાણું કાંઈ? પ્રતિચ્છંદના સ્થાને. એનો થઈ ગયો ભવ્ય. ભવ્ય ધ્યાન કરે છે ને. બીજો કોણ કરે? એમ કહે છે. અભવ્યને હોય નહિ. સિદ્ધ.. તું સિદ્ધ. એનો ધ્વનિ અહીં ભવ્યમાં ઝીલાય છે, એમ કહે છે. અભવ્યને હોય નહિ. આહાહા..! સમજાણું? '**તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...**' ધ્યાન કરીને. તે

સમાન. બે આવ્યું પાછું. એના સમાન હું છું, એના સમાન હું છું. એ તે કઈ દષ્ટિનું જોર કહે? પણ અહીંયાં રાગ છે ને? અલ્પજ્ઞતા છે ને? નહિ. એ નહિ. સિદ્ધ સમાન હું છું. સમજાણું કાંઈ? એમ સાધકજીવ શ્રોતાને પોતે સાધક કહે છે કે શ્રોતાઓ આ પ્રમાણે તમે નિર્ણય કરો.

સિદ્ધ સમાન '**પોતાના સ્વરૂપને ધ્યાઈને, તેમના જેવા થઈ જાય છે...**' કોલકરાર થઈ જાય છે, એમ. ન થાય એ અમારા ચોપડામાં નથી. સમજાણું કાંઈ? '**તેમના જેવા થઈ જાય છે...**' કીધું ને? પ્રતિસ્થાનનો અર્થ શું થયો? આ ભગવાન છે, આ ભગવાન છે. તેના જેવા થઈ જાય છે. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન પૂર્ણ કેવળજ્ઞાન અનંત ચતુષ્ટય પ્રાપ્ત અને એમાં અલ્પજ્ઞતા નથી, રાગાદિ નથી. તેવો જ હું છું. એવો હું છું, એમ ધર્માત્મા પોતાના આત્માને સિદ્ધ સમાન ધ્યાન કરી, એકાગ્ર થઈ અને તે સિદ્ધ સમાન ધ્યાન કરીને સિદ્ધ થઈ જાય છે. પોતે પણ સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! મંગળિક તે મંગળિક છે ને ગાથા! એમાં 'કુંદકુંદાચાર્ય'...

'**અને ચારે ગતિઓથી વિલક્ષણ...**' ગતિ શબ્દ છે ને? '**પંચમગતિ મોક્ષ તેને પામે છે.**' ચાર ગતિથી વિલક્ષણ. ચાર ગતિનું લક્ષણ અને સિદ્ધનું લક્ષણ જ વિલક્ષણ છે. કોઈ એની સાથે મેળ ખાય એવું નથી. આહા..! સર્વાર્થસિદ્ધની ગતિ તો એનાથી સિદ્ધગતિ વિલક્ષણ છે. સમજાણું? જ્યાં સર્વાર્થસિદ્ધના દેવો એની બાર જોજન જ ફક્ત સિદ્ધ છે. એકાવતારી અને કેટલાક ચૌદ પૂર્વના ભણનાર છે. ત્યાં પણ. બાર જોજન છેટે છે પણ એને મનુષ્યપણું આવીને પ્રાપ્ત થાય એવું છે, ન્યાં આમ જઈને પ્રાપ્ત થાય એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં જઈ મનુષ્યપણું પામીને આ સિદ્ધ સમાન ધ્યાન કરશું ત્યારે અમે સિદ્ધ થશું. ન્યાં સિદ્ધના પાડોશી છે, નજીક છે, લ્યો, બહુ નજીક કહેવાય ઈ તો. એની પાસે નિગોદ રહે છે એ વળી જુદાં. જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદ બિરાજે છે. નિગોદ છે કે નહિ? એના પેટમાં નિગોદ છે. પંડિતજી! આખા લોકમાં નિગોદ છે ને. એને ને એને શું સંબંધ? આ સમકિતી જ્ઞાની છે. કેટલાક દેવ તો ચૌદ પૂર્વના ભણેલા છે. અહીંથી મુનિ થઈને ચૌદ પૂર્વ લઈને ગયા છે. તોપણ આંતરો અહીં બાર જોજન ક્ષેત્રથી છે, ભાવથી આંતરો ઘણો છે. એ મનુષ્યપણામાં પ્રાપ્ત થઈ સિદ્ધ જેવા ત્યાં ધ્યાન કરશું અને અમે સિદ્ધ થશું. સમજાણું કાંઈ? ત્યાં તો સમકિતી પહેલેથી કહે છે કે ના, ના તમે સિદ્ધ સમાન નહિ, સિદ્ધ સમાન નહિ. આવા સાધારણ પ્રાણીને બિચારાને સિદ્ધ સમાન સ્થાપો છો પાધરા પહેલે ધડાકે? કેટલાક એમ કહે છે, લ્યો. પાધરો આવો ઊંચો ઉપદેશ? આ શું કહે છે? સાંભળનારાને કહે છે કે અમે તમારા આત્મામાં સિદ્ધને સ્થાપીએ છીએ. ના પાડીશ નહિ. વિકલ્પ કરીશ નહિ, નકાર કરીશ નહિ કે આમ કેમ છે એમ પ્રશ્ન ઉઠાવીશ નહિ. ચીમનભાઈ! આ તો મોટા વીરપણાની સભામાં જવાની વાત છે. વીર બેઠા હોય એની સભામાં જાય

તો શૂરવીરતા હોય (એ જાય કે) નમાલા પામર થઈને એં...એં.. કરતા (જાય)? કહો, સમજાણું આમાં? આહાહા..!

કહે છે, '**જે પંચમગતિ મોક્ષ તેને પામે છે.**' એક જ વાત છે. '**वंदित्तु**' જેણે આદર કર્યા સિદ્ધના તે સિદ્ધ જેવા થઈ જાય, એમ કહે છે. '**वंदित्तु सव्व सिद्धे**' સિદ્ધોને વાંદ્યા એટલે અંદર સ્થાપ્યા એમ એનો અર્થ છે અહીં. આદર કર્યા પર્યાયમાં અંદરમાં, હોં! એ સિદ્ધ જ થઈ જાય છે. એ સિદ્ધ થયા વિના રહે નહિ. આહાહા..! આ તે કાંઈ વાત કરે છે! ઉપડેલા, ઉપડેલાની જ વાત કરે છે. પામરની જેવી વાત, અમારાથી નહિ થાય ભાઈસા'બ. પાંચમા આરાના પ્રાણી (છીએ). આ પાંચમા આરાના પ્રાણીને કહે છે. કોને કહે છે આ? ચોથા આરાને કહે છે? કોને કહે છે? પંડિતજી! આહાહા..! ભાઈ! પહેલી વાતે? પહેલી વાતે સિદ્ધ? પાધરા સિદ્ધ અમારા જ્ઞાનમાં સ્થાપો? ભાઈસા'બ થોડા પાત્ર તો થવા દો. થોડું-થોડું આમ. અરે..! ભગવાન! બાપુ! તું તો પાત્ર છો, પ્રભુ! તને પાત્રતાની કિંમત નથી. આત્મા પરમાત્મસ્વરૂપ છે. એની પર્યાયમાં સિદ્ધને સ્થાપવાની પાત્રતા પ્રગટ કર અને એ પ્રગટ કરવાને તું લાયક છો. ના ન પાડ, ના ન પાડ. આમ મોટી વાત અમને કેમ કરે? એ તર્ક ન કર. અત્યારે જુઓને રાડેરાડ પાડે છે. અરે..! અધ્યાત્મનો આવો ઉપદેશ? હવે સાંભળને! પામર થઈને તારે સાંભળવું છે? પ્રભુતા કે દિ' પામીશ? સમજાણું કાંઈ?

એ પંચમગતિને પામશે. ઈ '**वंदित्तु**'માંથી ગતિ પ્રાપ્ત થઈ ગઈ, જાઓ! એ સિદ્ધ તો ગતિને પ્રાપ્ત છે, પણ જેણે વંદન કર્યા, જેણે આત્મામાં એનું સ્થાપન કર્યું એ સિદ્ધ થશે, ચોક્કસ થશે. આહાહા..! એટલું તો '**वंदित्तु**'માંથી કાઢ્યું છે. સમજાણું કાંઈ? સ્વયંભુ સ્તોત્રમાં કહ્યું, પ્રભુ! આપને ... સત્ નહિ નમે. પંડિતજી! આવે છે ને? .. સત્ નહિ નમે, નહિ નમે. કારણ કે રાગની એકતા છે એને સિદ્ધપણું કોઈ રીતે પર્યાયમાં નહિ બેસે. અહીં કહે છે કે અમે આદર કરીએ છીએ સિદ્ધનો અને વંદન કરીએ છીએ પૂર્ણાનંદ પ્રાપ્તને. સમજાણું કાંઈ? અમારો આદર રાગમાં, વ્યવહાર વિકલ્પમાં, અલ્પજ્ઞમાં અમારો આદર નથી. ઓહોહો..! સમયસાર શરૂ કરતાં સાંભળનાર અને પોતે કહેનાર, બેય અમે આ પ્રમાણે છીએ. અમારા સંગાથીઓ પણ સિદ્ધપદને જ પામશે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલું મહાન મંગળિક. '**वंदित्तु सव्व सिद्धे**'. સ્થાપ્યા છે ભગવાનને, તે ભગવાન થયા વિના રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

આ ઓલું નથી કરતા? આ શું કહેવાય? ક્યાંક જાય છે, નહિ? કાળ અકાળ હોય છે ને? ભાઈ! પસ્તાનું મૂકે છે ને? પસ્તાનું. બહાર જાવું હોય, મંગળવાર કે એવો વાર હોય.. આપણને બહુ ખબર પડતી નથી, એવો વાર ન હોય તો કહે, નહિ નીકળાય. બે-ચાર કવાર હોય ને? બે-ચાર બીજું હોય (તો) બીજે પસ્તાનું મૂકી આવે. મૂકી આવે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી જ્યારે આવવું ત્યારે બીજે દિ' લઈ જવાય. એમ અત્યારે કેવળજ્ઞાનનો થોડો કવાર છે. પણ સ્થાપન કર્યા છે સિદ્ધ ભગવાનને આ કાળે અમે. કવાર છે માટે જ્યારે ગતિને પામવાના હશું મનુષ્યભવ થાશે તે દિ' અમે કેવળજ્ઞાન લઈને પૂર્ણ થઈ જશું. પણ અમે તો અત્યારથી સિદ્ધને સ્થાપીએ છીએ. પસ્તાનું મૂક્યું છે અમે, એમ કહે છે. પસ્તાનું કહે છે? પંડિતજી! તમારે હિન્દીમાં કાંઈ ચાલે છે? પસ્તાનું મૂકે છે. પસ્તાનું મૂકે એમ અમારામાં કહે છે. બહાર જાવું હોય ને? ઈ મૂકે છે. આમ જવું હોય પણ કંઈક વાર ઠીક ન હોય તો પહેલું મૂકી આવે. પછી જાય. જઈ આવ્યો, એટલું શરૂ કરી દીધું. છે કે નહિ? ..ભાઈ! એવું પ્રસ્થાન છે કે નહિ તમારે? એમ આ પ્રસ્થાન મૂકે છે. અમે પસ્તાનું મૂક્યું છે. સિદ્ધપણાને સ્થાપ્યા છે. અમારી ગતિ ભલે આ કાળે સિદ્ધ નથી પણ અમે સિદ્ધ થવાના એ પસ્તાનું મૂક્યું છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે એ પંચમગતિ કેવી છે એના વિશેષણ (કહે છે). જેને વંદન કર્યું છે, જેને અહીં સ્થાપ્યા છે ઈ કેવા છે એનું જ્ઞાન કરીને સ્થાપ્યા છે, એમ કહે છે. એની ઓળખાણ કરીને સ્થાપ્યા છે, હોં! '**ध्रुवम**'નો અર્થ છે. '**સ્વભાવભાવરૂપ છે...**' ધ્રુવનો અર્થ. '**स्वभावभावभूततया**' ઈ પહેલો શબ્દ છે. '**स्वभावभावभूततया**' ઈ શબ્દ છે ને એમાં? '**स्वभावभावभूततया**'. અર્થમાં શું છે? અર્થમાં. સ્વભાવથી ઉત્પન્ન થઈ છે એમ લખ્યું છે. પણ આ '**स्वभावभावभूततया**'. શું કહે છે? '**स्वभावभावभूततया**'. એ સ્વભાવભાવરૂપ જ છે. સિદ્ધગતિ સ્વભાવભાવરૂપ છે. સ્વભાવભાવ પર્યાયની વાત છે, હોં! સિદ્ધગતિ સ્વભાવભાવરૂપ છે. અસ્તિથી સ્થાપન કર્યું. ધ્રુવ.. ધ્રુવ. કેવું? સ્વભાવભાવરૂપ છે. સ્વભાવભાવરૂપ હોય તો ધ્રુવ જ રહે. સમજાણું કાંઈ?

જુઓ! સિદ્ધગતિ-મોક્ષગતિ સ્વભાવભાવભૂત છે. '**स्वभावभावभूततया**'. સમજાણું કાંઈ? પહેલામાં આપણે જરી અર્થ ફેર થઈ ગયો છે. હિન્દીમાં એમ ને એમ લખ્યું છે આણે પણ. પાછા કાંઈ ફેરવે નહિ. આ છપાવ્યું ને દિલ્હીથી. જરીએ વાંચે નહિ. નવા છપાવે પણ કાંઈક નક્કી તો કરવું જોઈએ કે આ શું છે કેમ છે. પંચમગતિ સ્વભાવસે ઉત્પન્ન હુઈ હૈ ઈસલિયે ધ્રુવરૂપ કા અવલંબન કરતી હૈ. આપણે જે પહેલાં લખ્યું છે, 'જયચંદ્ર પંડિતે' લખ્યું હતું એમ લખ્યું છે. સ્વભાવસે ઉત્પન્ન હુઈ હૈ. પણ અહીં એમ નથી. અહીં તો સ્વભાવભૂત છે. પહેલાના અર્થો જે ભર્યા ઈ એમ ને એમ હાંકે રાખે છે.

'**ध्रुवम**' સ્વભાવભાવરૂપ છે, વર્તમાન છે. ઉત્પન્ન થયું છે એમ નહિ. સ્વભાવભાવભૂત સિદ્ધની પર્યાય છે. જેમ દ્રવ્ય સ્વભાવ છે, જેમ ગુણ સ્વભાવ છે, એમ પર્યાય પણ સ્વભાવભાવરૂપ છે. સમજાણું કાંઈ? અસ્તિથી અસ્તિથી સિદ્ધ કર્યું છે. દ્રવ્ય-ગુણ તો અસ્તિ સ્વભાવરૂપ છે પણ પર્યાય પણ સ્વભાવરૂપ છે, સ્વભાવભાવરૂપ છે. પર્યાય સ્વભાવભાવરૂપ છે. પર્યાયને સાધારણ કરી નાખે છે ને કે પર્યાય એટલે શું? ઈ પર્યાય સ્વભાવભાવરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સાંભળને! તને શું ખબર પડે? આહાહા..! આવો એક સમયનો પર્યાય સ્વભાવરૂપ છે. સમજાણું કાંઈ? પર્યાય એટલે શું? પર્યાય એટલે કાંઈ નહિ. પણ એ પર્યાય વસ્તુનું સ્વરૂપ છે. અને સિદ્ધને જે પર્યાય પ્રગટી એ સ્વભાવભાવરૂપ એ વર્તમાન છે. સ્વભાવભાવરૂપ છે. ત્રણેય સ્વભાવભાવરૂપ થઈ ગયા. દ્રવ્ય સ્વભાવભાવરૂપ હતું, ગુણ સ્વભાવભાવરૂપ હતા, પર્યાય સ્વભાવભાવરૂપ રહી, થઈ ગઈ. ત્રણે એકાકાર થઈ ગઈ. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! ઓહો..! 'કુંદકુંદાચાર્યે' કેટલા ભાવ ભર્યા છે અંદર! અને 'અમૃતચંદ્રાચાર્ય' એનો ખુલાસો કરે. એના ગણધર હતા ઈ. તીર્થંકર જેવા. પંચમકાળમાં 'કુંદકુંદાચાર્યે' તો પંચમકાળની અપેક્ષાએ તીર્થંકર જેવું કામ કર્યું છે અને 'અમૃતચંદ્રાચાર્યે' એના પેટ ખોલ્યા છે. એટલું બધું જો ન હોય તો એકદમ કાઢી શકાય નહિ. એટલી ટીકામાં અંતરના ઉત્સાહથી, હોંશથી જેટલું એનું વીર્ય (હતું) એટલી કરી. સમજાણું કાંઈ?

(લૌકિકમાં) કહે છે ને? લગન હોય ને? ભાઈ! સારા સગાંને લખે. તમારે આવ્યે મંડપની શોભા (વધશે). લખે, તમારે પણ લખતા તો હશે. કોઈ દીકરી હોય, જમાઈ હોય. દૂર હોય ને? દૂર પરદેશમાં. ભાઈના લગન છે, તમારે આવ્યે મંડપની શોભા (વધશે). અહીં કહે છે, પ્રભુ! તમે અહીં પધારો ત્યારે અમારા સાધકની શોભા છે. પધારો, અહીં પધારો. પોતે પધરાવે છે, હોં! કોઈ પધરાવતું (નથી). અમારા મોક્ષમાર્ગની શોભા પ્રભુ! તમે અહીં અમારામાં બિરાજો એમાં અમારી શોભા છે. આહાહા..! સમજાણું કાંઈ! ત્યાં 'પ્રવચનસાર'માં સ્વયંવર દીક્ષા લીધી છે. અમારો સ્વયંવર. અમે પોતે વરીએ છીએ. અમારા મોક્ષને અને સાધકદશાને, દીક્ષાને અમે વરીએ છીએ. કોઈ બીજા નહિ. સ્વયં-વર છીએ અમે, એમ કહે છે. મોક્ષલક્ષ્મીને અમે વરીએ છીએ. સ્વયંવર પોતે વરે કે બીજો પાસ કરે તો વરે તો સ્વયંવર કહેવાય? ઈ 'પ્રવચનસાર'માં આચાર્યે એમ લીધું છે. અમે સ્વયં મોક્ષ વરીએ છીએ. અમારા શુદ્ધ સ્વરૂપને સાધન કરી અમારી સિદ્ધપદ દશા જ પર્યાયમાં સ્થાપી છે. અમે સ્વયં પોતે સ્થાપન કરીએ છીએ અને સ્વયં પછી સિદ્ધને વરીએ છીએ. સમજાણું કાંઈ? કોઈને આધારે આશ્રયે નિમિત્તથી, રાગથી એને આધારે અમારી મોક્ષગતિ નથી. અમારી દીક્ષા પણ એવી નથી. આહાહા..! એ તો દિગંબર સંતો વાત કરે ઈ. સમજાય છે?

મુમુક્ષુ :- આટલી બધી વાત અમને તો આપના દ્વારા સાંભળવા મળી.

ઉત્તર :- આ છે એમાંથી કહીએ છીએ ને. આમાં છે કે નહિ? જુઓને! પણ જુઓને. આહાહા..!

પંચમગતિ, જેને અમે અહીંયાં અમારી પર્યાયમાં, સ્થાપી છે ભગવાન 'કુંદકુંદાચાર્ય' (કહે છે). અમને મનુષ્યગતિ છે ને? અમને મનુષ્યગતિ છે ને? ના. ગતિ-ફતિ રહેવા દે. જ્ઞાનચંદજી! શું? મનુષ્યગતિને છોડી દે. ગતિ સિદ્ધગતિ છે. સિદ્ધને સ્થાપ. સિદ્ધને અમે સ્થાપીએ છીએ ને તું ના શું કરવા પાડે છે? તારા આત્માની જ એવી લાયકાત છે કે સિદ્ધ જેવો આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, બાપુ! ના ન પાડજે, હોં! હા પાડીને ઠરજે. (પાંચમી ગાથામાં) પ્રમાણમાં ઈ કહે છે ને ન્યાં? કહીશ. '**दाएज्ज पमाणं**' નહિ કરશે કે એમ કંઈ વાત નહિ. '**छलं ण घेत्तव्वं**' કોઈ શબ્દોમાં અમારી ભૂલ પડે, બોલવામાં તો અમારું લક્ષ (ત્યાં) નથી, અમારું તો અનુભવ પ્રમાણ છે. '**छलं ण घेत्तव्वं**' દુર્જનવત્ છે ને એમાં? ભાઈ! 'જયસેનાચાર્ય'માં. એમાં એમ છે. બહુ લખ્યું છે. આચાર્યે પણ કહ્યું છે ને. વાંચ્યું છે ને. '**छलं ण घित्तव्वं तहिं छलं न ग्राह्यं दुर्जनवदिति**' 'જયસેનાચાર્ય'ની સંસ્કૃત ટીકા છે. અમારો આશય વસ્તુનો અનુભવ અને આત્માની પૂર્ણ શક્તિની પ્રગટતા કેમ થાય, એ અમે સ્થાપીએ (છીએ). અનુભવની વાત, સાધકની વાત કરીએ એમાં તારું લક્ષ હોવું જોઈએ. આ વ્યાકરણમાં આમ ભૂલી ગયા ને ફલાણું આમ ભૂલી ગયા (એમ ન હોવું જોઈએ). કદાચિત્ તારો ક્ષયોપશમ હોય એનો અને તારા ખ્યાલમાં વાત આવે તો ત્યાં ઊભો રહીશ નહિ. દુર્જનવત્ કાઢીશ નહિ કે લે, અહીં ભૂલ્યા. હવે ભૂલ્યા નથી, સાંભળને! સમજાણું કાંઈ?

એમ અહીંયાં આચાર્ય કહે છે, ઓ..હો..! એક તો સિદ્ધની પર્યાય એને સ્વભાવભૂતપણું! અન્યમતી તો રાડ નાખી જાય. પર્યાય અને સ્વભાવભાવપણું. પર્યાયને જ હજી માને નહિ. અહીં તો કહે છે, પર્યાય '**स्वभावभावभूततया**' મંગળિક ન્યાંથી કર્યું પહેલું. '**अथ प्रथमत एव स्वभावभावभूततया**'. સંસ્કૃત ટીકાનો પહેલો શબ્દ જ ન્યાંથી શરૂ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય છે. સિદ્ધ એક પર્યાય છે, મોક્ષ ગતિ છે, પર્યાય છે. તો વળી પર્યાયને સ્વભાવપણું? પર્યાય તો વિષમપણું હોય કાં અસ્થિરપણું હોય કાં દુઃખરૂપ હોય. એક જણો નહોતો કહેતો? પેલો બિચારો કહેતો હતો, હજી સિદ્ધને પર્યાય વળગી રહી? શું કહો છો તમે? કીધું. આટલા વર્ષ થયા શું કરો છો આ? પેલો એક પંડિત આવ્યો હતો, નહિ? પર્યાયથી ... આટલો મોટો પંડિત. શું નામ? સુવૈયા શાસ્ત્રી. માણસ નરમ માણસ, હોં! પણ વીસપંથીનો આગ્રહ ઘણો હતો. સાંભળીને તો.. આ યોગ્યતા અને પર્યાયની વાત તો અમે... પણ તમે પંડિત છો ને? સુવૈયા શાસ્ત્રી ક્યાંક આપણને મળ્યા હતા, નહિ? ત્યાં આવ્યા હતા. પર્યાય એક સમયની સ્વતંત્ર શુદ્ધ અને તે પોતાની યોગ્યતાથી થઈ. આ પર્યાય અને યોગ્યતા..? પર્યાયનું તમે નવું કહો. કાર્ય તો પર્યાયમાં છે, દ્રવ્ય ધ્રુવમાં કાર્ય કે દિ' હતું? મોક્ષમાર્ગ પર્યાયમાં, સંસારમાર્ગ પર્યાયમાં, સિદ્ધપણું પર્યાયમાં. બધું છે પર્યાયમાં. હવે એની પર્યાયની સ્વતંત્રતાની જ ખબર નથી ત્યાં શું થાય?

અહીં તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' ધ્રુવ શબ્દમાંથી આ કાઢ્યું. સિદ્ધગતિ ધ્રુવ? ધ્રુવ તો દ્રવ્ય-ગુણ હોય. સમજાણું? તેથી પહેલો શબ્દ ભગવાને (એ કહ્યો), '**वंदित्तु सव्व सिद्धे धुवम**'. સિદ્ધ પર્યાય છે પણ ધ્રુવ છે. 'કુંદકુંદાચાર્યે' ધ્રુવ કીધી. પણ ધ્રુવ તો પ્રભુ! દ્રવ્ય-ગુણ હોય. સાંભળને! એ પર્યાય સ્વભાવભાવભૂત છે માટે ધ્રુવ છે. સમજાણું કાંઈ? વીતરાગી પરમાનંદની પરિણતિ પારિણામિકભાવની પર્યાય પૂરી થઈ ગઈ. પારિણામિક જેવો એ દ્રવ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને ગુણરૂપે હતો એવી એની પર્યાય જ્ઞાયકની પારિણામિકની પૂરી થઈ ગઈ. એ એનો સ્વભાવભાવભૂત છે. આહાહા..! રાડ નાંખે. પેલા એક આત્માને માનનારા અને પર્યાયને નહિ માનનારા,... એમાં વળી અનંત સિદ્ધોની એક એકની પર્યાય સ્વભાવભૂત. સર્વ સિદ્ધોને નાખ્યા ને પાછા એ સિદ્ધની એક એક પર્યાયને સ્વભાવભૂત (કહી). બાપુ! એ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા..!

પંચમગતિ '**સ્વભાવભાવરૂપ છે...**' '**स्वभावभावभूततया**' એનું રૂપ છે, રૂપ છે. ભગવાન આત્મા જેવો સિદ્ધ સ્વરૂપે શક્તિમાં હતો એવી જ પર્યાય વ્યક્તરૂપે સિદ્ધ સ્વભાવભૂત થઈ ગઈ. એને મોક્ષ ને એને સિદ્ધ ને એને ધ્રુવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ પર્યાયને ધ્રુવ કીધી. આહાહા..! એ તો એક ન્યાયે એમ ને એમ રહેવાની છે ને. અહીં તો વર્તમાન સ્વભાવભૂત છે. એક સમયની પર્યાય સ્વભાવભૂત છે એમ સિદ્ધ કરવું છે. વળી રહેશે, ભલે રહે ઈ. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુની સ્થિતિ આમ છે, ભાઈ!

પોતે પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એનું જ્ઞાન કરતાં, સિદ્ધનું ધ્યાન કરતાં સિદ્ધ જેવી પર્યાય થાય. સિદ્ધની સ્વભાવભૂત પર્યાય છે. તારી પર્યાય પણ ધ્યાન કરતાં સ્વભાવભૂત થઈ જશે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? એઈ..! છોટાભાઈ! કોઈ દિ' ક્યાંય સાંભળવા મળ્યું ન હોય. એકેન્દ્રિયની દયા પાળો, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. એ.. ભગવાનજીભાઈ! અરે..! ભગવાન! બાપુ! મૂળ વર છે કોણ એને તો જો. વર વિનાની જાન? વર વિનાની જાન કહે છે ને? દુલ્હા વિનાની. દુલ્હા વિનાની જોડી દીધી જાન. જાન કહે છે? બારાત. બારાત.. બારાત. અહીં તો વર પહેલો લીધો– સિદ્ધ ભગવાન. એવો તું પોતે છો, એમ કહે છે.

'**ધ્રુવપણાને અવલંબે છે...**' '**સ્વભાવભાવરૂપ છે તેથી...**' એમ કહ્યું ને? '**स्वभावभावभूततया ध्रुवत्वमलम्बमाना**' આહાહા..! ભગવાન સિદ્ધ પ્રભુ જેનો દ્રવ્ય અને ગુણ સ્વભાવ સ્વભાવભૂતપણે ધ્રુવ છે એવો સિદ્ધ ભગવાનનો પર્યાય સ્વભાવભૂતપણાને લઈને ધ્રુવને અવલંબે છે. સમજાણું કાંઈ? કારણ આપીને સિદ્ધ કર્યું છે. '**स्वभावभावभूततया ध्रुवत्वमलम्बमाना**'. ધ્રુવનું અવલંબન કેમ છે? કે સ્વભાવભૂત છે માટે. આહાહા..! સમજાણું કાંઈ? એને ભરોંસા.. બાપા! આ તો એના ચોસલે વાત બેસવી જોઈએ. સમજાણું કાંઈ? એક ફેરી દાખલો આપ્યો હતો ને? મોટું આવું તપેલું હોય ને? (એમાં) પાણી ભર્યું હોય. પછી લાકડાનો ડાટો કરીને એમાં અંદર નાખે (તો) પાણી બધું નીકળી જાય. તપેલા સમજો છો? બર્તન. આવડું તપેલું હોય ને? મણ–બે મણ પાણી ભર્યું હોય. આટલો લાકડાનો ડાટો (નાખે). ડાટો સમજ્યા ને? લાકડાનો. જેટલું વાસણ (છે) એટલો અંદર લાકડાનો ડાટો નાખે (તો) પાણી બધું નીકળી જાય. એમ તારી પર્યાયમાં સિદ્ધને અંદર નાખ (એટલે) આ બધો વિકાર અને અલ્પજ્ઞ ટળી જશે. એમ કહે છે આમાં પહેલું. સમજાણું કાંઈ?

આ તો સિદ્ધાંત છે. મહા મંત્રો છે. આ કાંઈ કોઈ વાર્તા કથા નથી. આ તો એક એક શબ્દોમાં મહા આગમો ભર્યા છે, મોટા આગમો! એક એક સિદ્ધપર્યાય સ્થાપી સ્ભાવભૂત. દ્રવ્ય-ગુણ સ્વભાવ. પહેલો સ્વભાવ નહોતો, વિભાવ હતો તે ટળીને આ દશા થઈ છે. એ દશા એમ ને એમ રહે છે. એવા અનંતા સિદ્ધો છે તો એથી અનંતગુણા બીજા આત્માઓ છે. અનંત કાળમાં જ્યારે આટલા અનંતા થયા એ થોડા કાળે સિદ્ધ થાય છે. અસંખ્ય સમયમાં સિદ્ધ થાય છે. સિદ્ધ થવાને અનંત કાળ ન જોઈએ. એટલા અનંતની સંખ્યા, (એમાં) તું પણ ભળને, ભાઈ! હાલને. તને સાગમટે નોતરું આપીએ છીએ. સાગમટે સમજ્યા? બધાને. એ છેલ્લે આવે છે ને? '**मज्जन्तु**' એવો શબ્દ આવે છે. નહિ? છેલ્લો શ્લોક. બધા આવો. છેલ્લે ૩૨ (શ્લોક).

**मज्जन्तु निर्भरमयी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः।**
**आप्लाव्य विभ्रमतिरस्करिर्णी भरेण**
**प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।**

જુઓ! ઈ કહે છે, હોં! '**આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને (દૂર કરીને) પોતે સર્વાંગ પ્રગટ થયો છે; તેથી હવે આ સમસ્ત લોક તેના શાંત રસમાં એકીસાથે જ...**' દેખો! સાગમટે નોતરું. બધી આખી દુનિયા અહીંયા શાંતરસમાં આવી જાઓ. '**मज्जन्तु निर्भरमयी सममेव लोका**' જુઓને! 'અમૃતચંદ્રાચાર્ય' ૩૮ ગાથા પૂરીને (કહે છે), આખા આત્માઓ પ્રભુ! બધા આવોને. શાંતરસમાં બધા ડૂબી જાઓને. એકીસાથે પાછું, હોં! '**સમસ્ત લોક તેના શાંત રસમાં એકીસાથે જ અત્યંત મગ્ન થાઓ.**' આહાહા..! '**કેવો છે શાંત રસ? સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.**' એટલે લોકાલોકનું જ્ઞાન જેમાં થઈ જાય છે. એમાં આવો, પ્રભુ! એમાં આવો. આખી દુનિયા આવી જાઓ. અહીં અમારે ક્યાં નોતરામાં... ભગવાનની દીકરી પરણે છે, કહે છે. આવી જાઓ બધાય. ભાઈસા'બ પણ માંદા હોય ને ન આવે તો? તો એના ઘરે રહ્યા. સમજાણું કાંઈ? પણ અમે તો બધા લોકને કહીએ છીએ, આવો આવો અહીંયા. એ.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- મોટાના ઘરે લગન થવાના હોય તો રાહ જોતા હોય.

ઉત્તર :- ભગવાનની દીકરી પરણે છે અહીં તો. આહાહા..! પરિણતિ.

કહે છે, એ સિદ્ધની પર્યાય સ્વભાવભાવરૂપ તેથી ધ્રુવને અવલંબે છે. કારણ આપ્યું. '**स्वभावभावभूततया ध्रुवत्वमलम्बमाना**'. એક ધ્રુવનો પહેલો એટલો અર્થ કર્યો. સમજાણું કાંઈ? આહાહા..! મહા સિદ્ધનો વિનય કરીને... આહાહા..! જે ઉપર બિરાજે છે તેને પોતાની પર્યાયમાં સ્થાપીને, નીચે લાવીને. આહાહા..! 'રામચંદ્રજી'નું નહોતું કહ્યું? ચંદ્રને ગુંજામાં નાખ્યો. એમ આ 'કુંદકુંદાચાર્ય' કહે છે, અમારી પર્યાયના ગુંજામાં અનંતા સિદ્ધને અહીં નાખ્યા છે,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોં! આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાનની વાતું એના જેવડી જ હોય ને.

ઉત્તર :- ભગવાન મોટો. એના જેવો મોટો દુનિયામાં કોણ છે? એના જેવો મોટો કોણ છે? જે બીજાને મોટપ આપે એની મોટપની વાત શું કરવી? આહાહા..! એવો ભગવાન આત્મા, જેને સિદ્ધ ભગવાન સિદ્ધપણાના ધ્રુવપણાને અવલંબે છે, સ્વભાવભૂતપણાને લઈને. એવું સિદ્ધપણું જેને અંદર બેઠું. એને સ્વભાવ ઉપર લક્ષ જઈ અસ્થિરતા અને અલ્પજ્ઞતા ટળી સર્વજ્ઞ અને સ્થિર વીતરાગ થઈ જશે, એમ કહે છે. કોલકરાર પોતે કહે છે. અમે સિદ્ધ થવાના. પાંચમો આરો જરી કાળ છે એટલે અત્યારે સ્વર્ગમાં જાશું. સમજાણું? ત્યાંથી મનુષ્ય થઈને સિદ્ધ થવાના, એમ પોકાર કરે છે. સમજાણું કાંઈ?

'**ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...**' અસ્તિ-નાસ્તિ કહ્યું. વાત અસ્તિથી ઉપાડી છે, હોં! ધ્રુવ એટલે સ્વભાવપણું, બસ એટલું. પછી ખુલાસો કરવા (કહે છે), '**ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...**' પરનિમિત્તથી થાય એ કાંઈ સ્થિર રહે? આ તો સ્વભાવપણા રૂપે થઈને સ્વભાવભૂત દશા થઈ ગઈ એટલે ધ્રુવ રહી ગઈ. ચાર ગતિમાં તો ગમે તે સ્થિતિ હોય, સ્વર્ગ આદિ હોય. એ કાંઈ અમર નથી. અમર તો ઘણો કાળ રહે છે માટે કહે છે. બાકી તો પર્યાય (દેવની) જ્યાં પૂરી થાય એટલે થઈ રહ્યું. ઓહો..! અઢાર સાગર નહોતી વાત કરી? આઠમા દેવલોકની અઢાર સાગરોપમની સ્થિતિ અને મિથ્યાદૃષ્ટિ જીવ કોઈ પુણ્ય કરીને આવ્યો. સ્થિતિ પૂરી થઈ ગઈ. હાય..! ક્યાં જાશું? અઢાર સાગરમાં ક્યાંય મરવું ભાસતું નહોતું. અસંખ્યાતા અબજ વર્ષમાં આમ.. અસંખ્યાતા અબજ વર્ષ તો પલ્યોપમમાં જાય. એવા એવા દસ ક્રોડાક્રોડીનું સાગરોપમ અને એવા અઢાર સાગર. ક્યાંય આમ ભાસતું નહોતું. આમ જ્યાં ભાસ્યું... હાય.. હાય..! હવે? હવે શું? જાઓ ત્યાં. આ ક્યાં સ્વભાવભૂત ગતિ હતી. તે પાછા કેટલાક તિર્યંચમાં જાય. મનુષ્ય થાય કોઈક એ જુદું. આહા..! આઠમા દેવલોકનો દેવ આત્માના ભાન વિના ધ્રુવ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ એના ભાન વિના જાય ઢોરમાં પાછા. પશુ પંચેન્દ્રિય, હોં! પંચેન્દ્રિય થાય, એકેન્દ્રિય ન થાય. આહાહા..! ક્યાં ક્ષણ પહેલાં આઠમું સ્વર્ગ અને ક્યાં ક્ષણ પછી તિર્યંચ. એ બધી અસ્થિર દશા છે. આ તો ચાર ગતિ પરનિમિત્તથી થતી હોવાથી સ્થિર ન હોય. એ અઢારે પણ પૂરા થઈ ગયા, એકત્રીસ પણ પૂરા થઈ ગયા. નવમી ગ્રૈવેયક. મિથ્યાદૃષ્ટિ અનંત વાર ૩૩ સાગરોપમે ગયો. આત્માના શુદ્ધ અંતર સચ્ચિદાનંદ પ્રભુના અંતર ભાન વિના એણે ક્રિયાકાંડ એવી અનંત વાર કરી. નવમી ગ્રૈવેયકે ૩૧ સાગરે ગયો, અંત આવી ગયા એના. ગતિ છે ને, એ ક્યાં વસ્તુ છે. પરના નિમિત્તવાળી ગતિ પૂરી થઈ ગઈ. એ માણસમાં આવે. નવમી ગ્રૈવેયકવાળા માણસમાં આવે. હાય.. હાય..! બસ! થઈ રહ્યું? ક્યાં ગયું બધું? ગયું બધું. હતું કે દિ' શાશ્વત? સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાર ગતિ પરના નિમિત્તથી ઉત્પન્ન થતી હોવાથી. મોટા રાજા મહારાજા અહીં થયો, લ્યોને. ક્રોડ પૂર્વના આયુષ્યવાળા, લ્યોને. મહાવિદેહ ક્ષેત્રમાં ઈ હતા. અત્યારે ભગવાનનું ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. ભગવાન, 'સીમંધર' ભગવાન. અહીં ક્રોડ પૂર્વનું આયુષ્ય હતું. 'ઋષભદેવ'નું ચોર્યાસી લાખ પૂર્વનું. પણ એ વખતના બીજા મનુષ્યનું ક્રોડ પૂર્વનું. ક્રોડ પૂર્વ-એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર ક્રોડ વર્ષ જાય. એવા એવા ક્રોડ પૂર્વ. હવે એ કેટલો કાળ પણ? એ જ્યાં પૂરા થયા.. હાય.. હાય..! એ બધી મનુષ્યગતિ, દેવગતિ, નારકીગતિ અને પશુગતિ પરનિમિત્તથી (થતી) હોવાથી 'ધ્રુવ નથી, વિનાશિક છે; ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.' એમ કરીને ધ્રુવ શબ્દમાં ઘણું સમાડી દીધું છે. ધ્રુવ કરીને સિદ્ધ ભગવાનની સ્થિતિ બતાવી. બીજા શબ્દની પછી આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૨, બુધવાર તા. ૩–૦૮–૬૬**
**ગાથા–૧. પ્રવચન–૬**

'સમયસાર' શરૂ કરતાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' સિદ્ધને નમસ્કાર કરી અને સમયપ્રાભૃત શરૂ કરે છે. સિદ્ધને નમસ્કારમાં જુઓ! આમ શબ્દ તો એવો આવ્યો કે સર્વ સિદ્ધને નમસ્કાર કરું છું. પણ ભાવનમસ્કાર સિદ્ધને એમ કહેવાય કે પોતે પોતામાં એકાકાર થઈને આરાધ્ય અને આરાધક હું જ, આરાધક કરનારો હું, આરાધન કરનારો અને આરાધ્ય હું, એવું ચૈતન્ય સ્વરૂપ એની અંતરમાં રાગના સંગ રહિત સ્વરૂપની શુદ્ધતામાં એકાગ્રતા જે નિર્વિકલ્પ શાંતિ અથવા શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા (થાય) એને અહીંયાં સિદ્ધને ભાવનમસ્કાર કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કે નહિ આમાં?

ફરીને. અહીં તો પહેલી ગાથામાં '**वंदित्तु**'થી ઉપાડ્યું છે. એક '**वंदित्तु**'માંથી એટલું કાઢ્યું, વંદન કરું છું એનો અર્થ સિદ્ધ ભગવાન આમ છે (એને નમસ્કાર કરું છું) એમ નહિ. પણ વંદન કરું છું એનો અર્થ કે જે સિદ્ધ સ્વરૂપ પરમાત્મા છે એવું મારું અંતર સ્વરૂપ છે. એવા સિદ્ધ સ્વભાવ મારો છે એમાં હું એકાકાર થઈ અને ભાવઆરાધનરૂપી નમસ્કાર થવો, નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ (થવા) એને અહીંયાં ભાવનમસ્કાર સિદ્ધને કર્યો એમ કહેવામાં આવે છે. કહો, આમાં લાંબુ ક્યાં થયું? અહીં તો '**वंदित्तु सव्व सिद्धे**' (એમ છે). સર્વ સિદ્ધ તો અનંત છે.

મુમુક્ષુ :- સર્વ સિદ્ધને નમું છું, સહેલું સટ.

ઉત્તર :- ઈ જ કહે છે ને. સહેલું સટ. આ બધા વાંધા ઉઠ્યા છે ને ઈ. કેટલાક એમ બોલે છે, પેલા શ્વેતાંબરના સાધુ, કે 'કાનજીસ્વામી' કહે છે એ નિશ્ચય કહે છે એ વાત તો સાચી પણ આ વ્યવહાર કરતા કરતા થાય (એમ નથી કહેતા). અરે..! પણ સાંભળને! સાચી નિશ્ચય(ની વાત) તને બેઠી છે જ ક્યાં? નિશ્ચય હોય એને વ્યવહાર હોય ત્યારે એને વ્યવહાર કહેવાય છે. એકલા નિશ્ચય વિનાના વ્યવહાર–ક્વ્યવહાર એ વ્યવહાર તો આંધળો છે. આંધળાને જાણનાર જાગ્યા વિના વ્યવહાર છે (એમ) જાણશે કોણ? સમજાણું કાંઈ? મોટો વાંધો. બહાર સત્ય આવ્યું એટલે માણસને જરી કહેવું પડે કે નિશ્ચયની વાત તો સાચી. પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે આરોપિત ઉપચારિત કથન અને ઉપચારિત ભાવ. ઉપચારી હોય તો આ નિશ્ચય અણઉપચારી તત્ત્વ પ્રગટે. એમ છે જ નહિ.

આ પહેલા શ્લોકમાં જ એમ કહી દીધું કે સિદ્ધોને ભાવ–દ્રવ્યથી હું નમસ્કાર કરું છું એનો અર્થ, સિદ્ધ ભગવાન જેવા છે તેને મેં મારા લક્ષમાં સિદ્ધ સ્વરૂપ હું છું એમ લીધું છે. અને લઈને મેં મારી એકાગ્રતામાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ દ્વારા મેં આત્માનું આરાધન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યું, એ જ ભાવ સિદ્ધને ભાવનમસ્કાર કર્યો એમ કહેવાય. એવા ભાવનમસ્કાર કાળે વિકલ્પ જે અમને ઊઠ્યો છે અને વાણી નીકળે છે તે અસદ્ભુત વ્યવહારનયે દ્રવ્યનમસ્કાર કર્યો છે. એનો અર્થ થયો કે ભાવ હોય ત્યારે આ દ્રવ્ય હોય. એમ સાથે ને સાથે વાત લીધી. આ તો શાસ્ત્ર છે. એમાં પણ 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્ર. સર્વજ્ઞના ભેટા કરીને આવેલા એમના લખેલા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાવસ્તુતિ અને દ્રવ્યશ્રુત...

ઉત્તર :- દ્રવ્યશ્રુત ક્યાં કીધું? ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ કીધું. આ શું કહ્યું?

મુમુક્ષુ :- આમાં તો '**वंदामी**' એટલું જ લખ્યું છે.

ઉત્તર :- '**वंदामी**'નો અર્થ આ જ કાઢ્યો. 'અમૃતચંદ્રાચાર્ય', '**वंदामी**'નો અર્થ આ છે એમ કહે છે. 'કુંદકુંદાચાર્ય' '**वंदित्तु**' કહે છે એનો અર્થ આ છે. એઈ..! એ વસ્તુ એમ છે. વંદન એટલે મહા અનંત સિદ્ધો કેવળજ્ઞાન પ્રાપ્ત પરમાત્મા, એનો જ્યાં સ્વીકાર અંદર થાય ત્યારે એની દૃષ્ટિ અંદર નિર્વિકલ્પ સ્વભાવમાં જાય ત્યારે તે '**वंदित्तु सव्व सिद्धे**'ને ભાવે નમસ્કાર કર્યો એમ કહેવામાં આવે છે. 'કુંદકુંદાચાર્ય'નું હૃદય એ છે. 'અમૃતચંદ્રાચાર્યે' તેમનું હૃદય ખોલ્યું છે. સમજાણું કાંઈ આમાં? આહાહા..! ભારે વાત, ભાઈ! શબ્દની પાછળ કથનનો આશય શું છે એ ન સમજે તો એમાં એક્કેય અર્થ સમજે નહિ. લખાણ તો ઘણાં પ્રકારના હોય. અહીં તો કહે છે, '**वंदित्तु**'માંથી આ કાઢ્યું. હું '**भावद्रव्यस्तवाभ्यां स्वात्मनि परात्मनि**'. પછી આ જરી પ્રશ્ન ઉઠ્યો પણ અમારા બેયમાંથી એકેય પંડિત બોલ્યા નહિ. સ્પષ્ટ કર્યું નહિ. આપણને કંઈ સંસ્કૃત આવડે નહિ. ભાવની સંધિ કરીએ. સંસ્કૃતનો શબ્દ તો...

આમ કહ્યું ને હમણાં? કે '**भावद्रव्यस्तवाभ्यां स्वात्मनि**' એ તો બરાબર છે. પોતાના આત્મામાં ભાવથી સ્થાપું છું અને દ્રવ્ય એટલે વિકલ્પ અને વાણીથી સ્તુતિ કરું છું. હવે સ્વઆત્મામાં તો ભાવ-દ્રવ્ય કરીને સ્થાપું છું. પણ પરાત્મામાં? એને ભાવ-દ્રવ્ય સ્તુતિ લાગુ પડીને કહે છે? કે હું ભાવ-દ્રવ્ય સ્તુતિ કરીને સમયસારના અવયવને કહીશ. સમયસાર એટલે પ્રવચનના અવયવને. એમ છે ને છેલ્લો? છેલ્લો શબ્દ એમ છે ને? '**भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते**'. એ ભાવવાચા અને દ્રવ્યવાચા આને-કહેનારને લાગુ પડે છે. ભાઈ! શું કહું છું સમજાય છે? 'કુંદકુંદાચાર્ય'ને લાગુ પડે છે. એ કાંઈ શ્રોતાને લાગુ નથી પડતું. છે ને છેલ્લા શબ્દો? '**भाववाचा द्रव्यवाचा**' કહેનારને લાગુ પડે છે. '**भावद्रव्यस्तवाभ्यां**' એ પોતાને લાગુ પડ્યું. કહેનાર છે, હું કહું છું, ભગવાન સિદ્ધની સ્તુતિ કરીને એટલે હું પોતે નિર્વિકલ્પ દૃષ્ટિ અને શાંતિમાં છું એ મારો ભાવનમસ્કાર સિદ્ધને છે. એવો દ્રવ્યનમસ્કારનો વિકલ્પ ઉઠ્યો તેને વ્યવહારનમસ્કાર-દ્રવ્યનમસ્કાર કહેવાય. એવો હું હવે સમયસાર પ્રવચનનો એક અવયવ એને હું કહેવા માંગુ છું. એટલે કહેનાર આવો હોય એમ પણ ત્યાં સ્થાપ્યું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાન વિનાનું અંદર હોય અને સમયસારના પ્રવચનના અવયવને કહે એ હોઈ શકે નહિ, એમ પણ સિદ્ધ કર્યું, ભાઈ!

'પંચાસ્તિકાય'માં કહ્યું કે જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધે અર્થસમયને હું કહીશ. અહીં કહે છે કે આવું સ્વરૂપ જે મને જણાણું છે તે હું પ્રવચનના અવયવ એવો સમયસાર કહીશ. એટલે કહેનાર આવો હોય. જેને શ્રદ્ધા-જ્ઞાનનું અંતર ભાન નથી અને એ આ સમયસારને અંશને કહે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એને હોઈ શકતો નથી. સમજાય છે કાંઈ વાત? આ તો પંદરમી વાર ચાલે છે સભામાં. કાંઈ વધારે સ્પષ્ટ તો થવું જોઈએ ને થોડું. કેમ જ્ઞાનચંદજી? ઓહોહો..!

પ્રભુને રેલમછેલ કર્યા છે. ભાઈ! તું પરમાત્મા છો ને પ્રભુ! તું સર્વ સિદ્ધમાં ભળવાનો છો ને. થોડા કાળે બાહ્યથી ભળવાનો. એટલે એ ક્ષેત્રમાં (ભળવાનો). અહીંયાં સિદ્ધને નમસ્કાર કરતાં પોતે કહે છે કે ભાવનમસ્કાર સર્વ સિદ્ધને, પરદ્રવ્યને. કેટલાક કહે છે કે આ સર્વ સિદ્ધને નમસ્કાર કર્યો એ 'કુંદકુંદાચાર્યે' વ્યવહાર કર્યો છે. કહે છે કે નહિ? તલોદમાં પ્રશ્ન આવ્યો હતો. જુઓ! એણે નમસ્કાર આમ કર્યો છે. ના, **'वंदित्तु सव्व सिद्धे'**નો અર્થ ઓલામાં-પત્રોમાં આવે છે. એમણે 'કુંદકુંદાચાર્યે' પણ પહેલો વ્યવહાર સિદ્ધ કર્યો છે. સર્વ સિદ્ધને નમસ્કાર કર્યો એ વ્યવહાર સિદ્ધ કર્યો છે, એમ કહે છે. ભાઈ! એમ નથી. બાપુ! તને એના અર્થની ખબર નથી. એમ કે **'वंदित्तु सव्व सिद्धे'** કહ્યું, તો સિદ્ધ તો વ્યવહાર છે, પર છે. તો એમણે પહેલો વ્યવહાર સિદ્ધ કર્યો છે. એમ ઈ કહે છે. એમ નથી. સમજાણું કાંઈ? ઈ આવે છે, પત્રોમાં આવે છે. પત્રોમાં તો ઘણું એમ તમે લખ્યે જાવ, બાપા! એમ ન ચાલે. આ તો સર્વજ્ઞનો પંથ છે. વીતરાગમાર્ગ છે, ભાઈ! એ વીતરાગની દૃષ્ટિ વિના એ વીતરાગના ભાવના અર્થ સમજવામાં ન આવે. એમ ને એમ લખ્યે જાય અને કહે જાય એમ ન હોય.

તેથી ત્યાં 'પંચાસ્તિકાય'માં પણ કહ્યું ને કે અમે અર્થસમયને શબ્દસમયના સંબંધે જ્ઞાન થવા માટે કહેશું. તો એ પોતાને અર્થસમય યથાર્થ ભાન પ્રગટ્યું છે એ શબ્દસમયના સંબંધે જ્ઞાનને કહેશું. શબ્દથી જ્ઞાનને કહેશું કે આ વસ્તુ આત્મા છે. અને એમાં ઘણું આવ્યું છે ને? ભાઈ! વીતરાગ નથી લીધું? શું કહેવાય? શબ્દો પણ રાગ વિનાના શબ્દો હોય છે. એમ આવે છે 'પંચાસ્તિકાય'માં. રાગ-દ્વેષ વિકૃતિ વિનાનો પાઠ છે. ત્યાં એવો પાઠ છે. પંડિતજી! 'પંચાસ્તિકાય' (ગાથા-૩માં) છે. પાઠ એવો છે. જુઓ! એની શૈલી કોઈ ગજબની છે! **'સમ' એટલે મધ્યસ્થ અર્થાત્ રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો; 'વાદ' એટલે વર્ણ (અક્ષર),...'** દેખો! શબ્દોમાં વીતરાગની વાત આવશે. એ વિકૃતપણામાં રાગ છે એ શબ્દોમાં નહિ આવે. એ તો 'પંચાસ્તિકાય'માં છે. પંડિતજીને દો, પંડિતજીને દો. અમારા પંડિતજી માંડ અહીંયાં કો'ક દિ' (રહે). ૯ પાને છે. પાનું-૯. ત્રીજી ગાથા છે ને? જુઓ! ૯ પાનું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'અહીં (આ ગાથામાં) શબ્દરૂપે, જ્ઞાનરૂપે અને અર્થરૂપે (-શબ્દસમય, જ્ઞાનસમય અને અર્થસમય)-એમ ત્રણ પ્રકારનો 'સમય' શબ્દનો અર્થ કહ્યો છે તથા લોક-અલોકરૂપ વિભાગ કહ્યો છે.' 'अमिओ लोओ अलोओ' 'સમ' એટલે મધ્યસ્થ અર્થાત્ રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો; 'વાદ' એટલે વર્ણ (અક્ષર). પદ (શબ્દ) અને વાક્યના સમૂહવાળો પાઠ.'** દેખો ભાષા! જે વીતરાગભાવ કહે છે, પોતાનો વીતરાગભાવ છે તો વાણીમાં પણ વીતરાગભાવનું સ્થાપન આવે છે. એમ આ વિકારથી બનેલો પાઠ કે રાગની એકત્વબુદ્ધિવાળો જે જીવ છે એના શબ્દોમાં રાગવાળો જ પાઠ આવે. સમજાણું કાંઈ? આ તો 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્ર એટલે સાક્ષાત્ કેવળીના વચનોની સંધિ કરનારા છે! જુઓ!

**'વિકૃત નહિ બનેલો; 'પાઠ'...'** એક તો અક્ષર, પછી પદ-શબ્દો અને એનો સમૂહ. એ **'પાંચ અસ્તિકાયનો 'સમવાદ' અર્થાત્ મધ્યસ્થ (-રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો) પાઠ (-મૌખિક કે શાસ્ત્રારૂઢ નિરૂપણ)...'** મોઢેથી કહો કે શાસ્ત્રમાં લખેલો કહો પણ એમાં વીતરાગભાવનું સ્થાપન હોય છે. વીતરાગભાવ વાણીમાં આવે છે. સમજાય છે કાંઈ? ત્યાં આખું કથન વીતરાગનું વીતરાગભાવની વાણી છે. ચાહે સો અનુયોગ કહો, કોઈપણ અનુયોગ (હો) પણ વીતરાગભાવથી ગુંથાયેલો એ પાઠ હોય છે. સમજાણું? એ શબ્દસમય. **'એટલે કે શબ્દાગમ તે શબ્દસમય છે. (૨) મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં, તે પંચાસ્તિકાયનો જ સમ્યક્ અવાય અર્થાત્ સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે,...'** દેખો! મિથ્યાત્વનો નાશ થઈને જે જ્ઞાન પ્રગટ્યું તેને જ્ઞાનસમય કહે છે અને એમાં કહેલો વીતરાગી શબ્દો-પાઠ એને વીતરાગી શબ્દસમય કહે છે. ખુબી તો જુઓ! ઓહોહો..! સમજાણું કાંઈ?

**'મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં, તે પંચાસ્તિકાયનો જ સમ્યક્ અવાય...'** જુઓ! નીચે ભાઈએ (અર્થ) કર્યા છે. **'સમ્યક્જ્ઞાન, જથ્થો, સમૂહ (આ પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રમાં અહીં કાળદ્રવ્ય કે જે દ્રવ્ય હોવા છતાં અસ્તિકાય નથી તેથી તેને વિવક્ષામાં ગૌણ કરીને...'** એનું કાંઈ નહિ. આપણે અહીંથી મૂળ તો વીતરાગપણું લેવું છે. **'મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં, તે પંચાસ્તિકાયનો જ સમ્યક્ અવાય અર્થાત્ સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે. (૩) કથનના નિમિત્તે જણાયેલા તે પંચાસ્તિકાયનો જ વસ્તુરૂપે સમવાય અર્થાત્ જથ્થો તે અર્થસમય છે. એટલે કે સર્વ પદાર્થસમૂહ તે અર્થસમય છે. તેમાં, અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) ઈરાદો છે.'** ઓહોહો..! એક શ્લોકમાં તો કેટલું કહ્યું!

શબ્દો પણ રાગથી વિકૃત બનેલા નથી. શબ્દો એ તો જડ છે ને. પછવાડે ભાવ છે વીતરાગપણું કહેવું છે. એ શબ્દોમાં વીતરાગપણાનું જ સ્થાપન આવે છે. એને શબ્દઆગમ કહીએ, એને શાસ્ત્ર કહીએ, એમ અહીં કહે છે. શાસ્ત્ર એને કહીએ કે વીતરાગદષ્ટિવાળો વીતરાગ સમભાવ પ્રગટ્યો છે એ જે વાણી એની નીકળે છે તે વાણીને શબ્દઆગમ વીતરાગ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગથી વિકૃત નહિ બનેલા પાઠને આ કહેનારા આવા છે માટે શબ્દને વીતરાગપણું લાગુ પડે છે. એને શબ્દસમય કહેવામાં આવે છે. આહાહા..!

અહીં ભાવમાં વીતરાગપણું છે એટલે શબ્દમાં વીતરાગપણાનું જ સ્થાપન આવે. રાગ કરવા જેવો છે, રાગથી લાભ (થશે) એ શબ્દો શાસ્ત્રના નથી. એ શાસ્ત્રના શબ્દો જ નથી. એમ પોકારે છે. આહાહા..! શાસ્ત્રના શબ્દો એવા હોય કે જે રાગના રહિત સ્થાપનવાળો જે જીવ છે, વીતરાગ દૃષ્ટિ અને જ્ઞાનાદિ સ્થિરતા પ્રગટી છે એ વીતરાગપણાનું સ્થાપન કરે છે. વીતરાગપણું તે કરવા જેવું છે. રાગ તે કરવા જેવો છે અને રાગથી વીતરાગપણું પ્રાપ્ત થશે એ શબ્દ શાસ્ત્રમાં નહિ આવે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનચંદજી! દેખો! કેટલી ટીકા કેવી સરસ! આહાહા..!

ભાઈ! એને અમે શબ્દસમય કહીએ છીએ કે જે ભાવઆગમથી જે અંદર સમ્યક્‌જ્ઞાન પ્રગટ્યું એની જે વાણી થઈ એને શબ્દઆગમ (કહીએ છીએ). કેમકે એમાં રાગથી વિકૃત બનેલો પાઠ આવશે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ પંચાસ્તિકાય (છે). બાપુ! પંચાસ્તિકાય એટલે શું? પંચાસ્તિકાયને સિદ્ધ કોણ કરશે કે આમ વસ્તુ છે. જેને એક જ્ઞાનમાં એક સમયમાં છ દ્રવ્યને જાણવાનો સ્વભાવ છે. એવી જ્ઞાનની પર્યાયનો અનંતગુણ અનંત અનંત પર્યાય તે ગુણ છે, એવા અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે. એવી જ્યાં અંતરમાં નિર્વિકલ્પ, રાગ વિનાની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ એ જે વાણી કહે છે એ વાણીમાં રાગથી બનેલો વિકૃત પાઠ હોઈ શકશે નહિ. સમજાણું કાંઈ? ભગવાન! આ તો પરમાત્માની પેઢી છે. એ કાંઈ રાંકા ભિખારીની પેઢી નથી. અબજોનો વેપાર કરનારો હોય તો ૨૫ રૂપિયાના પગારવાળો નોકર રાખતો હશે? એવો મુનિમ હશે એનો? અબજોનો વેપાર કરતો હોય એનો નોકર ઘાંચી રાખતા હશે, ૨૫ના પગારવાળો? એના પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના મહિનાના પગાર હોય. એમ ભગવાનની પેઢીના કહેનારા સંતો કેવા છે, જો તો ખરો. સર્વજ્ઞને સ્થાપે છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથનો કહેલો વીતરાગભાવ, કહે છે કે અમે કહેનારા આવા વીતરાગભાવવાળા છીએ. એના મુખમાંથી વાણી નીકળે અને એ વાણી પછી શાસ્ત્રમાં લખવામાં આવે, એ રાગથી વિકૃત નહિ બનેલા પાઠને શબ્દઆગમ કહે છે. પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ શબ્દો પણ શબ્દની પર્યાયમાં સ્વપર કહેવાની તાકાતવાળા એ શબ્દ છે. અને એમાં સ્વપરમાં વીતરાગપણું સ્થાપવાની એનામાં તાકાત છે. આત્માને લઈને નહિ. અહીં તો શબ્દઆગમ કોને કહેવો? (રાગ) રહિત વીતરાગતાથી બનેલો. રાગ એમાં હોઈ શકે નહિ. વિકલ્પની વૃત્તિ છે એ વસ્તુનું સ્વરૂપ નથી. અને એ વાણીમાં કોઈ (પણ) ચાર અનુયોગ વીતરાગની વાણીમાં રાગથી-વિકારથી બનેલું સ્થાપન શાસ્ત્રમાં હોઈ શકે જ નહિ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેમકે પોતે વીતરાગ અને સર્વજ્ઞ થયા તો એની વાણીમાં વીતરાગ અને સર્વજ્ઞપણું થવાનું જ આવે. રાગ અને અલ્પજ્ઞપણાનું રહેવું રાખવું છે એ વાણીમાં આવે જ નહિ. સમજાણું કાંઈ?

એ વાત એક વાર કરી હતી. તીર્થંકરને વિકલ્પ એવો ઉઠ્યો કે હું પૂર્ણ થાઉં. બંધન પડે ત્યારે પૂર્ણ થવાનો વાણીનો ધ્વનિ અસ્તિપણે એવો જ આવે. તમે પાછા પડી જશો અને રાગ કરવા જેવો છે એ વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પોતના સાધકપણામાં સહેજે એવો વિકલ્પ ઉઠ્યો હતો કે હું પૂર્ણ થાઉં. એનો બંધ પડી ગયો, પરમાણુનો. એ પરમાણુનો ધ્વનિ જ એવો આવશે. જગતને વીતરાગપણાની ઉત્પત્તિ અને વીતરાગતાની વૃદ્ધિ કરે એવા શબ્દો હશે. બાપુ! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! કહો, સમજાણું આમાં?

અહીં તો જરી પોતાના આત્મામાં ભાવનમસ્કાર સિદ્ધને કર્યો. અરે..! પ્રભુ! પણ સિદ્ધ તો પરદ્રવ્ય છે ને. અમે કહીએ છીએ કે સ્વદ્રવ્યની આરાધકદશાથી જ સિદ્ધને ભાવનમસ્કાર કહેવામાં આવે છે. પણ પ્રભુ! અમે પૂછીએ છીએ, તમે કહો છો કે સિદ્ધને નમસ્કાર કરીએ. પરદ્રવ્યને. તમે એક બાજુ કહો કે પરદ્રવ્ય પરાશ્રિત વ્યવહાર, સ્વઆશ્રિત નિશ્ચય. પરાશ્રિત વ્યવહાર તો ભગવાનને નમસ્કાર (કરો) એ તો પરાશ્રિત વ્યવહાર વિકલ્પ થઈ ગયો. સાંભળને ભાઈ! એ સિદ્ધને અમે અંતરમાં સમાડ્યા છે, અંતર મારું સ્વરૂપ જ સિદ્ધ સ્વરૂપ એવું ભાન કર્યું છે એમાં એકાકાર છે. એ સિદ્ધને નમસ્કાર સ્વઆશ્રય કર્યો એને પરને કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે આ દ્રવ્ય-ભાવમાં '**स्वात्मनि परात्मनि**'. ખરેખર તો પોતાનું જ છે આમાં. પરાત્માને હજી કહે છે ને હું આવો અવયવ કહીશ. નિર્વિકલ્પ દૃષ્ટિ સહિત,... એ કીધું, સિદ્ધ સ્થાપું એમ કીધું. છતાં કેવો શબ્દાર્થ નીકળે એ તમે વ્યાકરણવાળા જાણો. તેથી તો પૂછ્યું. '**भावद्रव्यस्तवाभ्यां स्वात्मनि परात्मनि**' બેને લાગુ પડે છે કે પોતાને જ એકલું (લાગુ પડે છે)? ભાવ-દ્રવ્ય સ્તુતિ હું કરું છું. તમારા આત્મામાં સિદ્ધપણાને સ્થાપું છું. એ તો વાત છે. સમજાણું કે નહિ? પછી વિચારજો. પંડિતજીને થોડો મોખ આપીએ. આહાહા..!

આ તે શું કર્યું છે, જુઓને! '**वंदित्तु सव्व सिद्धे**'. આ વંદન વંદન મારું સર્વ સિદ્ધોને! ઓહો..! તારી પર્યાય અલ્પજ્ઞ, મતિ-શ્રુતની પર્યાય અલ્પજ્ઞ અને અનંતા કેવળજ્ઞાનને પ્રાપ્ત થયેલાને તું મતિજ્ઞાનનો અલ્પ જ્ઞાની તે આવા અનંતને નમસ્કાર (કરે)? એવા અનંત શી રીતે તારી પર્યાયમાં સમાશે? સ્થાપ્યા છે ને આમ? સ્થાપ્યા છે. મારી પર્યાયમાં અનંત સિદ્ધને સ્થાપું છું. એનો અર્થ અનંત અનંત કેવળજ્ઞાન પ્રાપ્ત મારી પર્યાયમાં કર્યા તો એ પર્યાય દ્રવ્ય ઉપર ઢળી ગઈ છે. સ્વભાવ ઉપર ઢળેલી નિર્વિકલ્પ દૃષ્ટિની સ્થિરતા થઈ એને અમે સિદ્ધોને ભાવથી નમસ્કાર કરીએ છીએ એમ લાગુ પડે છે. અને વિકલ્પ જે ઉઠ્યો છે અને વાણી (નીકળે છે) એ દ્રવ્યનમસ્કાર છે. પણ આવું હોય એને આવું હોય. ભાવનમસ્કાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યનમસ્કારથી પ્રાપ્ત થાય છે એમ નથી અને ભાવનમસ્કાર વિનાનો એકલો દ્રવ્યનમસ્કાર હોય એમ નથી. એમ એટલા એમાં સિદ્ધાંતો નીકળે છે. સમજાણું કાંઈ?

ઓહોહો..! 'કુંદકુંદાચાર્ય' પંચમઆરાના તીર્થંકર! ધર્મધુરંધર ધર્મના થાંભલા, ધર્મના થાંભલા. આકાશને થાંભલા ન હોય. આ તો ધર્મના સ્તંભ! આહા..! ભાઈ! પેલા કહે છે, જુઓ! સિદ્ધોને નમસ્કાર (કર્યા છે). પ્રભુ! સાંભળ, ભાઈ! એ વ્યવહાર કાઢવા માગે છે. પરજીવ છે ને? પર. જુઓ! એમણે પહેલો સિદ્ધને નમસ્કાર કર્યો છે. માટે પોતાને નમસ્કાર નથી કર્યો. ભાઈ! એનો અર્થ તું સમજ નહિ. એટલા બધા અનંતા સિદ્ધો, છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ પામે, એવા અનંત પુદ્ગલ પરાવર્તનના સિદ્ધો, અનંત પુદ્ગલ પરાવર્તનના. ભૂતકાળ અનંત પુદ્ગલ પરાવર્તન. એક પુદ્ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીશી જાય. એક પુદ્ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીશી જાય. એવો એક પુદ્ગલ પરાવર્તન. એવા એવા એક ચોવીશીમાં અસંખ્ય મોક્ષ જાય. ચોવીશીનો કાળ ક્રોડા ક્રોડી સાગરોપમ છે ને. છ માસ ને આઠ સમયે ૬૦૮ જાય. એમાં અસંખ્યાતા એક ચોવીશીમાં મોક્ષ જાય. એવા એવા પુદ્ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીશી, એવો એક પુદ્ગલ પરાવર્તન. એવા અનંત પુદ્ગલ પરાવર્તનના સિદ્ધો, એ બધાને અહીં સમાડ્યા. આસ્થા કરી. આટલા થયા, આટલા છે, સંખ્યા આટલી છે. આટલી બધી સંખ્યાને અહીં સમાડી દઉં છું. એ પર્યાયમાં દૃષ્ટિ રહે તો સમાય નહિ. સમજાણું કાંઈ?

ભગવાન મારો આત્મા સર્વજ્ઞના પેટમાં આખું સર્વજ્ઞ-પેટ પડ્યું છે મારું. અનંતા સિદ્ધો આમાં પડ્યા છે. મારી એક એક સિદ્ધપર્યાય જે થવાની એવી અનંતી સિદ્ધપર્યાયો, અનંતી સિદ્ધપર્યાયો મારા અંદરમાં પડી છે. એને અંદર વળીને નમસ્કાર કર્યો તે અનંતા સિદ્ધને ભાવનમસ્કાર કર્યો એમ કહેવામાં આવે છે. કહો, છોટાભાઈ! ઓહોહો..! 'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદ...' પડઘો. હિન્દીમાં શું કહે છે? પ્રતિધ્વનિ. પ્રતિઘાત કહે છે ને? પડઘો. આદર્શ થાય પણ આ પ્રતિઘાત. શબ્દો પ્રતિઘાત (પામે). પડછંદો આપણે નથી કહેતા? પડછંદો પડ્યો. પહેલા અહીં બહુ પડતો. અહીં બોલે ત્યારે. આ મકાન નવું હતું ને (ત્યારે). મોટા મકાનમાં બહુ પડછંદો આમ સામો ઉઠે. પ્રતિધ્વનિ. એમ સિદ્ધ ભગવાન હે પરમાત્મા તમે પૂર્ણાનંદ અનંત છો. હે પરમાત્મા તું પૂર્ણાનંદ અનંત છે. સમજાણું કાંઈ?

એમ આચાર્ય કહે છે, તે સિદ્ધ સમાન '**પોતાના સ્વરૂપને ધ્યાઈને, તેમના જેવા થઈ જાય છે...**' એ ચાર ગતિથી (વિલક્ષણ) પંચમગતિ મોક્ષને પામે છે. હવે '**કેવી છે તે પંચમગતિ?**' એક બોલનો અર્થ થઈ ગયો છે. '**સ્વભાવભાવરૂપ છે...**' ગતિ, હોં! પર્યાય. એ અનંતા સિદ્ધોની વર્તમાન પર્યાય ધ્રુવ છે. ધ્રુવ એટલે સ્વભાવભાવરૂપ છે. સ્વભાવભાવરૂપ છે. જેવો એનો સ્વભાવ હતો એ રૂપ એની દશામાં થઈ ગયું છે. સમજાણું કાંઈ? પરિણામિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવે ભાવ હતો, એ પર્યાયમાં ક્ષાયિકભાવ આવ્યો એ ક્ષાયિકભાવ પણ સ્વભાવભાવરૂપ છે એમ કીધું અહીં તો. સમજાણું કાંઈ? **'તેથી ધ્રુવપણાને અવલંબે છે.' 'સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે.'**

**'ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી.'** વિભાવ છે ને. કર્મનું નિમિત્ત અને નિમિત્તના અવલંબે જે વિકાર થાય એ ધ્રુવપણાને અવલંબે નહિ. એ તો નાશવાન પદાર્થ છે, એ **'વિનાશિક છે;...'** ચાર ગતિ વિનાશિક છે. સ્વર્ગની ગતિ પણ વિનાશિક છે. **'ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.'** ભગવાન સિદ્ધપર્યાય એ અવિનાશી છે. ચાર ગતિની પર્યાય વિનાશિક છે. સર્વાર્થસિદ્ધનો ૩૩ સાગરનો ભવ હોય, લ્યો. અંતે વિનાશિક. આ તો પર્યાય પ્રગટી, જેવો સ્વભાવ અંદરમાં હતો એવી જ પર્યાયરૂપ પરિણમીને આમ એકાકાર અભેદ થઈ ગઈ. દ્રવ્ય-ગુણ-પર્યાય એકલા સ્વભાવરૂપ થઈ ગયા. ચાર ગતિનું જે નિમિત્તપણું આધીન હતું તેનો નાશ કર્યો. એ એક બોલ કહ્યો-ધ્રુવ.

હવે, **'ધ્રુવમચલમ'**. 'જયસેનાચાર્ય'ની ટીકામાં **'अमलं अचलं'** બે શબ્દો પડ્યા છે. આમાં અચલ શબ્દ એકલો છે. અચલ છે. **'વળી તે ગતિ કેવી છે?'** સિદ્ધગતિ. આહાહા..! ભગવાન જ યાદ કર્યા છે અહીં તો. રાગ કેવો, વિકલ્પ કેવો, નિમિત્ત કેવું. ભગવાન વસે છે ને પ્રભુ! તારા પેટમાં, તારા ગર્ભમાં-તારા ધ્રુવપણામાં. આ ધ્રુવ આમ કીધું અને આ ધ્રુવ અહીં પડ્યું છે તારું. આહાહા..! એવા ધ્રુવમાંથી પર્યાય પ્રગટી એને ધ્રુવપણાનો આરોપ કહેવામાં આવે છે. ધ્રુવપણાનો ભાવ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ (કહેવામાં આવે છે). એને-કેવળજ્ઞાનને કથંચિત્ કૂટસ્થ કહ્યું, લ્યો. એમ સદશ.. સદશ.. સદશ.. (રહે છે માટે). એમ એને ધ્રુવ કીધું. 'પંચાસ્તિકાય'માં 'અમૃતચંદ્રાચાર્યે' કૂટસ્થ કહ્યું છે.

**'અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ...'** અનાદિ કાળથી પરભાવના નિમિત્તથી વિકારના કારણે થતું જે પરમાં ભ્રમણ **'તેની વિશ્રાંતિ...'** પહેલામાં-ધ્રુવમાં અસ્તિ સ્થાપ્યું છે, બીજામાં અભાવ સ્થાપ્યો છે-નાસ્તિ સ્થાપી છે. સમજાણું કાંઈ? **'વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે.'** અચલ. હવે ચળવાનું નથી. ચળવાનો અભાવ. ધ્રુવભાવ, ચળવાનો અભાવ. સમજાણું કાંઈ? આવા અનંતા સિદ્ધો ગતિપણે એટલે પરિણમનપણે પરિણમેલા પડ્યા છે. સમજાણું કાંઈ? ગતિનો અર્થ ક્યાંક છે એવો, હોં! ક્યાંક છે. ક્યાં હોય, બધું કાંઈ યાદ હોય છે? ગતિનો અર્થ પરિણામ.. કાંઈક છે. સમજ્યાને? આમાં છે, જુઓ! સિદ્ધગતિ સિદ્ધપરિણતિ. 'જયસેનાચાર્ય'ની ટીકા. ગતિ શબ્દ છે ને? **'गदिं'** શબ્દ છે. સિદ્ધગતિ સિદ્ધપરિણતિ. ગતિનો અર્થ પરિણતિ કર્યો છે. સંસ્કૃત જુઓ. ગતિ. કહેવું છે ઈ (કે) ગતિ એટલે પરિણમન થઈ ગયું છે. સિદ્ધપણાનું પરિણમન થઈ ગયું છે. પેલાને વિષમ પરિણમન ચાર ગતિમાં વિકારનું હતું. એનો અભાવ થયો. આ ગતિપણે પરિણમન થયું એ ધ્રુવ રહ્યું. અચલ-ચળવાનું નથી. અભાવ થઈ ગયો. ચળવાનો અભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ ગયો છે. પર્યાયમાં અસ્તિ-નાસ્તિ સિદ્ધ કરી. પર્યાયમાં, હોં! સાદિઅનંત.

મુમુક્ષુ :- એક પર્યાયમાં બે?

ઉત્તર :- અનંત. બે શું, અનંત. અનંતી પૂર્વની પર્યાયનો એમાં અભાવ. ભવિષ્યની અનંતીનો અભાવ અને વિકારી પર્યાય ને ગતિનો એમાં અભાવ, આખા ગુણનો એમાં અભાવ. એક પર્યાયમાં અનંત સપ્તભંગી ઊઠે છે. આહાહા..! એક પર્યાયમાં અનંતી સપ્તભંગી. એવો એક પર્યાયનો અનંત સપ્તભંગી ઉઠવી એ એનો સ્વભાવ-ધર્મ છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું, હોં! નટુભાઈ! પાલેજમાં ક્યાંય સંભળાય એવું નથી. સમજાય નહિ અને અહીં કો'ક દિ' આવે એમાં પાછું ટકે નહિ. કોણ જાણે કેવું છે? આ તે શું હશે? બાપુ! આ તારી વાત છે, ભાઈ! તારા ઘરની વાત છે. ઘરમાં તું આવડો મોટો છો. કહે છે કે સિદ્ધ થયા એ સિદ્ધને લાયક તું આત્મા છો. એ સિદ્ધને નમસ્કાર કરનાર સિદ્ધ જેવો થવા માટે તૈયાર થયો છે. આહાહા..! અમે એને નમીએ છીએ, રાગને અલ્પજ્ઞતાને, નિમિત્તને અમે નમતા નથી. નમતા નથી એટલે જાણીએ ખરા, આદર કરતા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે.**' સમજાણું? જુઓ! પાઠ છે. '**परिवृत्तिविश्रान्तिवशेनाचलत्वमुपगताम**' લ્યો, એ સંસ્કૃત છે. શેની વાત ચાલે છે આ? અનંતા સિદ્ધોને વંદન કર્યું એ સિદ્ધ કેવા? અને એ સિદ્ધ મારા ભાવનમસ્કારમાં આવી જાય છે. હું આવી ગયો એમાં એ આવી ગયા, એમ કહે છે. 'પ્રવચનસાર'માં ન કહ્યું? આ જ્ઞાન દર્શન સંપન્ન સ્વસંવેદનથી પ્રત્યક્ષ એવો હું એમ ઉપાડ્યું છે. પાંચ ગાથામાં. એવો હું. ભગવાન અનંતા તીર્થંકરો આવા અનંત જ્ઞાન દર્શન આદિ, એને નમસ્કાર. નમસ્કાર કરનાર કોણ? હું રાગવાળો એમ નહિ, રાગવાળો એમ નહિ. દર્શન જ્ઞાન સામાન્ય એવો હું આ પ્રત્યક્ષ સંવેદનવાળો તે હું. રાગ ને વ્યવહાર ને વિકલ્પ એ હું નહિ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'. અને 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી છે. સમજાણું કાંઈ? હું એટલે કોણ? હું એટલે શું વિકલ્પ? હું એટલે વાણી? હું તો જ્ઞાન દર્શન સામાન્ય ત્રિકાળ સ્વરૂપ આ પ્રત્યક્ષ, પ્રત્યક્ષ. સ્વસંવેદનથી પ્રત્યક્ષ થનારો હું. એ હું. પરોક્ષ રહું એ હું નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! પ્રકાશગુણ છે ને એનામાં? બારમો ગુણ છે પ્રકાશ. પ્રકાશ એટલે પ્રત્યક્ષ થાય એ એનો ગુણ છે. પરોક્ષ રહેવું એ આત્માનો ગુણ છે જ નહિ. એ એણે કૃત્રિમ ઊભું કર્યું (છે). સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વસંવેદનજ્ઞાનથી પ્રત્યક્ષ એવો હું, બસ. એમાં કહેનારનો વિકલ્પ ને વાણી એ હું એમાં છું? એમાં હું ક્યાંય નથી. આહાહા..!

મુમુક્ષુ :- મતિ-શ્રુતમાં પ્રત્યક્ષ છે?

ઉત્તર :- મતિ-શ્રુતમાં પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન ક્યાં હતું અહીં? અવધિ, મનઃપર્યય તો એક ઋદ્ધિ છે. એ ક્યાં સાધક છે. અવધિ, મનઃપર્યય તો વચમાં આવતી એક ઋદ્ધિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સાધકપણામાં અવધિ, મનઃપર્યય કામ કરતું નથી. સમજાણું કાંઈ? મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ? ઓલા વાંધા ઉઠાવે છે કે પ્રત્યક્ષ કહેવાય નહિ.

મુમુક્ષુ :- તત્ત્વાર્થ સૂત્રમાં પરોક્ષ લખ્યું છે.

ઉત્તર :- તત્ત્વાર્થ સૂત્રમાં ભાઈએ લખ્યું છે બરાબર. સાંભળને! એ તો અપવાદિક વાત લખી છે. અંદર અપવાદિક વાત રહી જાય. ઉત્સર્ગ વાત એકદમ કરી દીધી. સાધારણ પરદ્રવ્યને જાણે માટે પરોક્ષ કહી દીધું. પણ મતિ-શ્રુત પોતાને જાણતાં પ્રત્યક્ષ છે. રાગને અવલંબે જાણે એ આત્મા જણાય? આહાહા..! એ તો પરની અપેક્ષાએ છે, પરની અપેક્ષા છે. સ્વમાં નહિ. સમજાણું કાંઈ?

એવા અચલપણાને પામેલા '**ચાર ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' લ્યો, બે (વિશેષણ) થયા. '**ધ્રુવમચલમ**' બે વાત થઈ.

હવે, અનુપમં. '**વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો...**' લ્યો. જગતમાં જે કોઈ આના જેવો આ અને આના જેવો આ, એવા પદાર્થોની કોઈ ઉપમા સિદ્ધને લાગુ પડતી નથી. ચાર ગતિમાં પણ ઉપમા છે, કહે છે. છે ને? ચાર ગતિમાં ઉપમા છે, આવશે અંદર. '**સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' આહાહા..! સિદ્ધ ભગવાનની પર્યાયની વાત ચાલે છે, હોં! ગુણ-દ્રવ્યનું તો શું કહેવું! આહા..! ગતિપ્રાપ્ત પરિણમન એનું આવું સ્વરૂપ છે. એવા સિદ્ધોને અમે ભાવથી દ્રવ્યથી નમસ્કાર ઓળખીને કરીએ છીએ, એમ ને એમ આંધળી દોડે નહિ, એમ કહે છે. ઓળખીને કરવું પડે કે નહિ? શું છે ત્યારે? ઓળખ્યા વિના કરતા હશે? માલ લેવા જાય તો ઓળખ્યા વિના જાતો હશે? શાક (આપો). ક્યુ? ઈ મને ખબર નથી. મૂર્ખો લાગે છે આ. કહો. ન્યાં જાણવાની જરૂર છે, અહીં ધર્મકામમાં આંધળુ ચાલતું હશે. શાક લેવા ગયો. બે રૂપિયાનું શાક આપજો. બે રૂપિયાનું. મારા બાપે બે રૂપિયાનું શાક (મંગાવ્યું છે). શાક સમજો છો ને? તરકારી. બે રૂપિયાનું શાક. પણ કયુ? એ મને ખબર નથી. આ પચાસ જાતના શાક છે એમાં કયુ? ઈ મને ખબર નથી. પણ શું લઈ જઈશ તું? આ શાક અને આ નહિ, એમ એના જ્ઞાન વિના શું લેશે? એમ આત્મા આ જ્ઞાનાનંદ તે આત્મા અને રાગ તે નહિ. એમ બેને જુદાં પાડ્યા વિના લેશે, ઉપાડશે શેમાં? ઠરશે શેમાં? છોડશે કોને? સમજાણું કાંઈ?

'**ઉપમા મળી શકતી નથી.**' જોયું! એ ભગવાનને ઉપમા? અનુપમ પદાર્થ, અનુપમ પદાર્થ. એની ઉપમા એને, એની ઉપમા એને. પરની ઉપમા શું લાગુ પડે? ક્યાં કેવળજ્ઞાન! આહાહા..! એક સમયના પર્યાયમાં અનંતા કેવળી સમાઈ ગયા. પર્યાયમાં! તે કાંઈ ગાડા ભર્યા? એક જણો પૂછતો હતો કે એટલા ગાડા ભર્યા પર્યાયમાં? અરે..! ભગવાન! ભાઈ! તને ખબર નથી પડતી? અહીં જ્ઞાનની પર્યાયમાં તને કેટલો ખ્યાલ આવી જાય છે. કેટલો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખ્યાલ આવી જાય છે. અનંતુ અનંતુ. એક લાકડું લે, એક પાંદડું લે લીંબડાનું. આમ ખ્યાલ આવતા એ અસંખ્ય જીવ છે, એમાં તૈજસ કાર્માણ છે. કાર્મણ, તૈજસના અનંતા રજકણ છે, એક એક રજકણને અનંત ગુણ છે, એક એક ગુણની અનંત પર્યાય છે. એક પાંદડાનું લક્ષ કરે તો આટલું જ્ઞાન તારા ખ્યાલમાં આવી જાય. વર્તમાન. રાગ વિના. એ રાગ ખ્યાલ કરે છે? રાગમાં ક્યાં તાકાત હતી? જ્ઞાન (ખ્યાલ કરે છે કે) આ પાંદડું (આવડું છે).

(સંવત) ૧૯૭૮માં આ પ્રશ્ન બહુ ચાલ્યો હતો. અમારે 'નારણભાઈ' વચ્ચે. ૧૯૭૮ની સાલ. રાણપુરના અપાસરે ઉપર બેઠા હતા. મેડી ઉપર. સામે પીપળો હતો. ૧૯૭૮ની વાત છે, ૪૪ વર્ષ થયા. પીપળાનું પાંદડું આમ હતું. લાંબી શેડ હોય ને? લાંબી. પાંદડું પહોળું અને એટલી લાંબી એની શેડ હોય. એ આવે છે, ઈ વાત પણ આમાં આવે છે. પેલો ક્યો? બીરબલનું આવે છે. બીરબલને સાંભળતા સાંભળતા ઊંઘ આવી ગઈ. પછી દરબાર કહે કે સાંભળ્યું આ? ઊંઘેય આવી નથી. ત્યારે શું હતું? હું વિચાર કરતો હતો કે પીપળાનું પાંદડું મોટું હશે કે એની શેડ લાંબી મોટી હશે? તર્કબાજ હતા. બે લાંબા હોય. બીજી વખતે જ્યારે ઊંઘ આવી ત્યારે કહે, શું કરતા હતા? સાહેબ! ખીસકોલીની પૂંછડી લાંબી કે એનું શરીર સરખું લાંબુ? ખીસકોલ આવે છે ને? શું કહે છે? આમ ટેં.. ટેં.. બોલે. પૂંછડી આવડી લાંબી હોય. ગિલહરી. ગિલહરી કહે છે ને? અમારે ખીસકોલી કહે છે. એના વિચારમાં એવો તર્ક કરતો હતો. હતો તો ઊંઘતો. ઓલાને પૂછ્યું, શું સાહેબ? સાહેબ! વિચારમાં હતો. તમે વિચાર કર્યો છે એવો? હું એ વિચાર કરતો હતો.

અહીં પાંદડે આમ જોયું. આમ નજર પડી. નારણભાઈ તો તર્કબાજ બહુ હતા ને અમારે. ૧૯૭૮ની સાલ. સાહેબ! જુઓ! આ પાંદડુ છે. કેટલા જીવ? અસંખ્ય. એક એક જીવને તૈજસ કાર્મણના આટલા રજકણ. એક એક પરમાણુ. આટલામાં આટલું સમાણું એ જ્ઞાન ખ્યાલ કરી લે છે. જ્ઞાનનો પર્યાય ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને ખ્યાલ કરી લે એવો પદાર્થના પર્યાયનો ધર્મ છે. સમજાય છે કાંઈ? આ તો (સંવત) ૧૯૭૮માં એ બધા વિચાર ચાલતા. એ પાંદડાનું હતું. પાછળ એક મોઢનું ઘર છે. ઈ મોઢના ઘરની સામે છે. દેખાય છે કે નહિ અહીં? ભલે આગમ પ્રમાણ. પણ આગમે આમ કહ્યું છે એવી અસ્તિ છે, એમ છે.

અહીં એ સિદ્ધ કરે છે. અનંત સિદ્ધો છે. મુક્તિને પામ્યા છે. ધ્રુવ છે, અચળ છે, એને કોઈની ઉપમા નથી. એવી વસ્તુ છે કે નહિ? એમ ને એમ માનવું એમ નહિ. આ રીતે અસ્તિ સત્તા છે. એટલી સત્તાનો સ્વીકાર કરનાર આત્મા મોક્ષતત્ત્વનો સ્વીકાર કરવા જાય છે તો એની પર્યાયનો સ્વીકાર એકલા દ્રવ્યના જ્ઞાન વિના સ્વીકાર ન થઈ શકે. એનું જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માની પ્રતીતિ, ભાન થતાં મોક્ષપર્યાયની પ્રતીત અને શ્રદ્ધા દ્રવ્યના ભાને પર્યાયનું ભાન થાય. સમજાણું કાંઈ? એવી અનુપમ છે, કહે છે. ઓહો..! એ સિદ્ધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાનને ઉપમા શું? ઉપમા શું? સમજાણું?

કહે છે, **'આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે...'** લ્યો. ગતિ પરસ્પર મળે છે કે નહિ? કોઈ બાદર છે, કોઈ સૂક્ષ્મ છે, કોઈ ફલાણું છે એમ કરીને પણ સમાનપણું છે. આ પંચેન્દ્રિય છે. પંચેન્દ્રિયપણું લ્યોને. સર્વાર્થસિદ્ધને પંચેન્દ્રિયપણું, નારકીને પંચેન્દ્રિયપણું. એ અપેક્ષાએ સમાન દેખાય છે. આને-સિદ્ધને તો કોઈની સાથે સમાનતા જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. **'કથંચિત્ સમાનપણું મળી આવે છે...'** એવું પંચમગતિમાં રહ્યું નહિ. એકલી પોતાની દશા. તેને કોની ઉપમા આપવી? આને તો બાદરપણું મળ્યું, પંચેન્દ્રિયપણું મળ્યું, આને પણ મળ્યું છે. (બાદરને) બધાયને હોય છે. એક સૂક્ષ્મ સિવાયના. સૂક્ષ્મમાં પણ પર્યાપ્તપણું હોય, અપર્યાપ્તપણું હોય. પર્યાપ્તિ, અપર્યાપ્તિ ગતિવાળાને. એટલું તો દરેક ગતિમાં સમાનપણાના બોલ ઘણાંય છે. સિદ્ધની પર્યાયને કોઈ સમાનપણું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવા સિદ્ધને લક્ષમાં લઈને આત્મા તરફની એકાગ્રતા કરવી એને સિદ્ધને વંદન કર્યું અને આત્મામાં સ્થાપ્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે એક બોલ રહી ગયો છે. ગતિ શબ્દ છે ને એમાંથી કાઢ્યું છે. ગતિ છે ને? અનુપમ અને ગતિ. **'धुवमचलमणोवमं गदिं'**, **'गदिं'**માંથી આ બોલ કાઢ્યા છે. ગતિમાંથી આ કાઢ્યું છે. ગતિ પરિણમન છે એ અપવર્ગ છે અને આ બીજા છે તે ત્રિવર્ગ છે. જુઓ! બે કાઢ્યા એમાંથી. **'અપવર્ગ તેનું નામ છે.'** ગતિનું, હોં! અપવર્ગ. અપવર્ગ નામ સિદ્ધગતિ પર્યાય. અપવર્ગની સામે ત્રિવર્ગ. **'ધર્મ, અર્થ અને કામ...'** ધર્મ એટલે પુણ્ય. અર્થ એટલે પૈસો, કામ એટલે વિષયવાસના. બે પાપ, એક પુણ્ય. આ અપવર્ગ સિદ્ધગતિ ત્રિવર્ગથી બીજી જાત છે આખી. સમજાણું કાંઈ? ધર્મ, અર્થ, કામ. જુઓ! કેટલા બોલ ગુલાંટ મારી મારીને કાઢે છે. **'એ ત્રિવર્ગ કહેવાય છે.'**

**'મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...'** મોક્ષગતિ પુણ્યમાં નથી, લક્ષ્મીમાં નથી, કામમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-...

ઉત્તર :- ધર્મ કે દિ' હતો લક્ષ્મી? ઈ પૂછતા હતા, લક્ષ્મીથી પુણ્ય થાય. પંડિતજીની સાથે વાત થઈ હતી કે નહિ? ન્યાં શેત્રુંજય. જીવાભાઈ. બધા શેઠિયાઓ પૈસા ખર્ચે. પાંચ-દસ હજાર, પચાસ હજાર. થઈ ગયા ધર્મ. ધૂળમાંય નથી, સાંભળને! પૈસાવાળાને એમ અભિમાન થાય કે અમે પૈસાવાળા છીએ માટે આ ધર્મ ટકે છે. શોભા અમારી છે. ધૂળમાંય નથી, સાંભળને હવે. બહારમાં એવા મંદિર કરવા, ફલાણાં કરવા એ બધા પૈસાવાળા (કરે છે). ધૂળેય નથી કર્યા તેં, સાંભળને. એ તો પુદ્‌ગલની પર્યાયથી ત્યાં થયા, કોણ કરે છે એને? પૂછ્યું હતું પંડિતજીને. ખાનગીમાં શું પૂછ્યું હતું? તમે પુણ્ય માનો છો ને? પુણ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માનો છો? ઉપર પૂછ્યું હતું ને. મોદીના ઘરે. પુણ્ય માનો છો? પુણ્ય માનો છો તો શું થાય? પુણ્યને લઈને પૈસા મળ્યા અને પૈસાને લઈને પાછો ધર્મ થાય.

મુમુક્ષુ :- પહેલાં એમ પૂછ્યું કે ક્રિયામાં માનો છો?

ઉત્તર :- ક્રિયામાં માનો છો? પહેલા એમ પૂછ્યું. આવા ને આવા અગ્રેસરો બધા. પેલા નહિ? કેવા? શું કહેવાય? જીવા પ્રતાપ. મોટા શેઠિયા. નવકાર ગણતા. નવ લાખ. નવ લાખ જપંતા નરક નિવારે. ધૂળમાંય નથી, સાંભળને! નવ લાખ (શું) અનંત વાર નવકાર ગણ્યા. એ તો શુભભાવ છે, પુણ્યબંધ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ધર્મથી-પુણ્યથી મોક્ષગતિ જુદી જાત છે અને પાપથી પણ જુદી જાત છે. એ પુણ્યનું ફળ નથી, પાપનું ફળ નથી. આહા..! ત્રિવર્ગથી અપવર્ગ એ જુદી જાત છે આખી. આહાહા..!

મુમુક્ષુ :- વર્ગ એટલે સમૂહ..

ઉત્તર :- સમૂહ નથી આવતું તમારે? એકડિયાનો વર્ગ, બે વર્ગ નથી કહેતા? ત્રિવર્ગ–ત્રણ પ્રકારનો સમૂહ-ધર્મ, અર્થ અને કામ. અપવર્ગ-વર્ગમાંથી નીકળી ગઈ. અનંતા સિદ્ધો વર્ગથી રહિત થઈ ગયા. અપવર્ગ છે, અપવર્ગ છે. ધર્મ એટલે પુણ્ય-પાપના ફળો. ધર્મ એટલે પુણ્ય અને અર્થ એટલે પાપ. બેયનું ફળ ઈ નથી અને એ બે ચીજ પણ નથી. વર્તમાન બે ચીજ પણ નથી કે બે એનું ફળ પણ નથી. એ તો અપવર્ગ ચીજ છે. કારણ કે ધર્મ, અર્થ ને કામથી જુદી ચીજ છે. એવા સિદ્ધ ભગવાન, જેને ઉપમા નથી, જેનું અવિનાશીપણું ધ્રુવ છે-સ્વભાવભૂત છે, જે અચળ છે, ઉપમા નથી અને ત્રિવર્ગમાંથી નીકળીને અપવર્ગ છે.

**‘આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો...’** લ્યો. **‘મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી. આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.’** અનંતા આત્મા સંસારીપણે હતા, એ આ રીતે સિદ્ધપણાની પર્યાયને પામ્યા છે. ધ્રુવપણે આત્મા એ રહ્યા છે. સંસારી પર્યાયનો વ્યય થયો છે, સિદ્ધપર્યાય અપવર્ગપણે ઉત્પન્ન થઈ છે. સમજાણું કાંઈ? એ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એનો પ્રયત્ન જ્ઞાનમાં જોઈએ. સમજાણું? રાગમાં પ્રયત્ન એ કાંઈ આત્માનો પ્રયત્ન છે? એ આવા સિદ્ધ ભગવંતો તે પોતાના વીર્યથી પરિણમનને પામ્યા છે. અનંતા સ્વરૂપને જેણે ધારી રાખ્યું એવું પરિણમન છે. **‘તેમને...’** માથે કહ્યું હતું પણ ફરીને લીધું પેલો મેળ કરવા. વસ્તુ તો એકવાર કહી છે ટીકામાં.

‘પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને,...’ લ્યો. એવા મારા આત્મામાં અને પરના આત્મામાં સ્થાપીને. અહો..! હું આ સિદ્ધ ભગવાનને વંદન કરી અને એવા સિદ્ધને મારા પર્યાયમાં મેં (સ્થાપ્યું). સિદ્ધપણું તે રાગમાં સ્થપાતું હશે? રાગ છે ને વિકલ્પ, એમાં રાગમાં સિદ્ધ સ્થપાય? વિકારમાં અવિકારી પર્યાય સ્થપાય? રાગ વિનાની જે જ્ઞાનપર્યાય છે તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નિર્મળ છે ક્ષયોપશમ ભાવે, એમાં અનંતા સિદ્ધ નિર્મળપણે સ્થાપ્યા છે. સમજાણું કાંઈ? એ અમે સ્થાપીને બીજા જીવને પણ.. કહે છે, પરના આત્મામાં સ્થાપીએ છીએ. ભગવાન આવા છે, ભાઈ! ધ્રુવ છે, અચળ છે, અનુપમ છે, અપવર્ગ છે. ગતિને પ્રાપ્ત છે. એવા સિદ્ધને તમારા આત્મામાં સ્થાપું છું. હવે હું સમયસાર કહીશ. એ શ્રવણ કરતાં કરતાં તારી એકાગ્રતા વધી જશે અને અણએકાગ્રતા ટળી જશે, આ એમ કહેવા માગે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો આ પ્રાભૃત નામનો...'** સમયપ્રાભૃત છે ને? **'અર્હતપ્રવચનનો અવયવ...'** છે આ તો એક. આ કંઈ આખું પ્રવચન નથી. બાર અંગ આખું નથી. આ તો અર્હતપ્રવચનનો એક ભાગ-અવયવ છે. આહાહા..! **'(સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો)...'** એમાં બધું આવી જાય. **'એવો જે પ્રાભૃત નામનો અર્હતપ્રવચન...'** અર્હતપ્રવચન.. અર્હતપ્રવચન. ઈન્દ્રોને પૂજવા લાયક એવા ભગવાન અર્હત, એનું પ્રવચન-એની જે વાણી-ધ્વનિ, એનો એક અંશ છે આ તો. સમયપ્રાભૃત.. સમયપ્રાભૃત એ તો ભગવાનના પ્રવચનનો એક અવયવ-અંશ છે. આહાહા..! **'(અંશ) તેનું,...'** શું કરવા કહીશ? **'અનાદિ કાળથી ઉત્પન્ન થયેલા...'** અનાદિ કાળથી ઉત્પન્ન થયેલા. પોતાનો જે રાગ છે એ અનાદિ કાળનો છે, એ કંઈ નવો નથી. 'પંચાસ્તિકાય'માં આવે છે ને? અનાદિથી.. ઈ આ શૈલી છે. 'અમૃતચંદ્રાચાર્ય'. વ્યવહાર... અનાદિ વાસિત બુદ્ધિ.. છે ને ઈ? ઈ આ શબ્દ છે. ૭૨. અનાદિવાસિત બુદ્ધિ. અનાદિવાસિત બુદ્ધિ એટલે પેલો રાગ અનાદિનો છે ને એમ. નિશ્ચયનું ભાન છે પણ વ્યવહાર રાગ વચમાં આવ્યો. આ તો અહીંથી જ પાધરું નાખ્યું ને. **'અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા...'** હવે પોતે તો મુનિ છે. પણ હજી સમકિતમોહનીયનો ભાગ બાકી છે, ક્ષાયિક નથી થયું. સમજાણું કાંઈ? અને જરી અસ્થિરતાનો વિકલ્પ બાકી છે. એને અહીં મોહ શબ્દે વર્ણવ્યો છે. એટલો પાતળો પણ હજી મોહ મારે અનાદિનો છે. સમજાણું કાંઈ? કોઈ દિ' મોહ તૂટી ગયો હોય અને મોહ થાય, એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? બિલકુલ મોહરહિત થાય અને પછી મોહ થાય, એમ બને નહિ. આ ધારા મેં સ્વભાવની એકતા દ્વારા તોડી છે, પણ આ અસ્થિરતાની ધારા સમકિતમોહનીય આદિ થોડો છે એ તો એમ ને એમ પ્રવાહ અનાદિનો છે, નવો નથી. સમજાણું કાંઈ?

**'મારા અને પરના મોહના નાશ માટે,...'** પાઠ તો આટલો જ છે. સમજાણું? **'अनादिमोहप्रहाणाय'**. બસ. પેલાએ અજ્ઞાન અને મિથ્યાત્વ નાખ્યા ને? પણ ઈ કાંઈ જરૂર નહિ. ખરી રીતે મોહ. મોહ નાખતાં પોતાનો ભાવ પણ અસ્થિર છે એ પણ આવી જાય છે અને મોહ નાખતાં સામાને મિથ્યાત્વ ને અજ્ઞાન હોય તો એ પણ આવી જાય છે. બેયના નાશ માટે આ કહીશ. સમજાણું કાંઈ? **'મારા અને પરના મોહના નાશ માટે...'** એક જ વાત. અર્હતપ્રવચનનો અવયવ મોહના નાશ માટે છે. મોહના રાખવા માટે આ

પ્રવચન અને એનો અંશ નથી. વ્યવહાર છે એ નાશ કરવા માટે છે. પ્રવચન એમ કહે છે, નાશ કરવા માટે છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને વ્યવહારનો રાગ બાકી છે હજી. રાગ ન હોય તો વીતરાગ થઈ ગયેલા હોય. પણ એ વ્યવહારનો રાગ પણ નાશ કરવા માટે આ પ્રવચનનો અંશ છે. સમજાણું કાંઈ? પણ આ વ્યવહાર કંઈ કરે, વ્યવહાર હોય તો નિશ્ચય થાય. ભાઈ! એમ ન હોય. રાગ હોય તો અરાગ દશા થાય એમ ન હોય. બેય વિજાત છે, બેય વિજાત છે. સમજાણું કાંઈ? એવો વીતરાગ માર્ગ છે. ભગવાન આત્મા રાગના અવલંબન વિના ત્રિકાળ ચૈતન્યના વીતરાગી પિંડને અવલંબતો જે પર્યાય પ્રગટે એ વીતરાગી દશા હોય અને જે રાગ બાકી છે અનાદિનો એને તો નાશ માટે આ અર્હતપ્રવચનનો અવયવ છે. રાખવા માટે, કરવા માટે, કરવા જેવો છે માટે આ પ્રવચનનો અંશ નથી.

મુમુક્ષુ :- મોહ-ચારિત્રમોહ?

ઉત્તર :- હા, ચારિત્રમોહ. સમકિતમોહ પણ બાકી છે ને થોડો. થોડો સમકિતમોહ પણ બાકી છે ને. ક્ષાયિક સમકિત નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. કોણ કહે છે? ચુનીલાલ. એને ક્યાં (ખબર છે).

અહીં તો મોહ શબ્દ વાપર્યો છે. થોડો અસાવધાનીનો અંશ છે, અસાવધાની. રાગ છે ને? એ સમકિતમોહનીય. ક્ષયોપશમ સમકિતીની ક્ષાયિક લેવાની તૈયારી છે. ભગવાન પાસે ગયા હતા. અહીં તો મોહ શબ્દે જરી અસ્થિરતા. હવે એને શી ખબર. ઈ ભગવાન પાસે ગયા નહોતા, ઈ ક્યાં છે? ફલાણું.. આ છે. પંચાસ્તિકાયની ટીકામાં છે, જુઓ! છે કે નહિ પંચાસ્તિકાયમાં પેલું સંસ્કૃત નહિ? 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. તારે આચાર્યનો આધાર જોઈતો હોય તો. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. છે ને પંચાસ્તિકાયમાં? છે ને. અને 'દર્શનસાર'માં દેવચંદજીમાં છે. અરે..! પદ્મનંદી નાથ જો ભગવાન પાસે ન ગયા હોત તો અમને મુનિને.. એ આપણે લખ્યું છે આમાં. છે ને? ઈ શ્લોક છે ને? દર્શનસાર.

**जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण।**
**ण विवोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।**

'જયસેનાચાર્ય'માં છે. લાવોને. દેખો! '**अथ श्रीकुमारनन्दिसिद्धान्तदेवशिष्यैः प्रसिद्धकथान्यायेन पूर्वविदेहं गत्वा**' 'જયસેનાચાર્યદેવ' કહે છે. '**वीतरागसर्वज्ञसीमंधरस्वामी परमदेवं दृष्ट्वा तन्मुखकमलविनिर्गतदिव्यवाणीश्रवणावधारितपदार्थाच्छुद्धात्मतत्त्वादिसार्थं गृहीत्वापुनरप्यागतैः**' ભગવાન પાસે જઈને આવ્યા. 'જયસેનાચાર્યદેવ'ની 'પંચાસ્તિકાય'ની ટીકા. અથવા... સમજ્યાને? '**एवं श्रीमत्कुन्दकुन्दाचार्यदेवैः पद्मनन्द्याद्यपराभिधेयैरन्तस्तत्त्वबहिस्तत्त्व-गौणमुख्यप्रतिपत्यर्थं, अथवा शिवकुमारमहाराजादिसंक्षेपरुचिशिष्यप्रतिबोधनार्थं विरचिते**' ભગવાન પાસે ગયા હતા, ઈ પણ ના પાડે છે. હવે પણ તને એક્કેય ખબર ન મળે. અહીં તો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે,.. સમજાણું?

**'મારા અને પરના મોહના નાશ માટે...'** મોહ શબ્દે એ તો આણે અજ્ઞાન અને મિથ્યાત્વ નાખ્યું છે. પોતાને નહિ. જેમ પરમ વિશુદ્ધ થઈ...

મુમુક્ષુ :- લાગુ પડે ઈ હોયને.

ઉત્તર :- એમ જ હોય ને. 'અમૃતચંદ્રાચાર્યે' શું કહ્યું? મને પરમ વિશુદ્ધિ હજો. પરમ વિશુદ્ધિ. શુદ્ધિ તો છે. પંડિતજી! શુદ્ધિ તો છે. પરમ વિશુદ્ધિ. જરી રાગ છે (તો) એ કાળમાં પરમ વિશુદ્ધિ હજો. એને વિકલ્પને કારણે નહિ. સ્વભાવને કારણે. અહીં આચાર્યે એ જ મૂક્યું છે. એ ધ્વનિ એક જ ધ્વનિ છે. મારો અને પરનો મોહ. જરી અસાવધાની થોડી બાકી છે, (ટીકા) કરતા નાશ થઈ જશે. તમારું મિથ્યાત્વ અને અજ્ઞાન છે એ પ્રવચનનો અર્થ કરતાં નાશ થશે. એ માટે આ કહીશું. વિશેષ કહેશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૩, ગુરુવાર તા. ૪-૦૮-૧૯૬૬**
**ગાથા–૧, ૨, પ્રવચન-૭**

પહેલી ગાથા. 'કુંદકુંદાચાર્ય' સમયપ્રાભૃત કહેતાં પહેલું મંગળાચરણ કહ્યું છે. દરેકનો અર્થ આવી ગયો. '**वंदित्तु**'નો આવી ગયો. સર્વ સિદ્ધને. ધ્રુવનો આવી ગયો. '**धुवमचलमणोवं गदिं पत्ते**'નો આવી ગયો. હવે '**वोच्छामि**'. એ બીજા પદથી શરૂ થાય છે. જુઓ!

'**હું પરિભાષણ કરું છું.**' એ '**वोच्छामि**'નો અર્થ છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજ કહે છે, હું સર્વ સિદ્ધોને વંદીને એનો અર્થ કે સર્વ સિદ્ધોને અંતરમાં આદર કરીને, હું ધ્રુવ, એ સિદ્ધપદ પામેલી દશા ધ્રુવ છે, સ્વભાવભૂત છે, અચળ છે. ચાર ગતિની પેઠે ચળ નથી, અચળ છે. જેમાં અસ્થિરતાનો અભાવ છે. પાછું ફરવાનો જેમાં અભાવ છે. અનુપમ છે. સિદ્ધગતિને કોઈ ઉપમા નથી. ગતિ એટલે એ અપવર્ગ છે. ધર્મ, અર્થ અને કામથી ભિન્ન એવી ગતિને પ્રાપ્ત એવા સિદ્ધોને હું મારા આત્મામાં અને પર આત્મામાં સ્થાપીને વંદન કરું છું. એટલે એ સ્થાપીને કરું છું, એમ. સમજાણું કાંઈ? હવે, એ બીજા પદનો પહેલો શબ્દ '**वोच्छामि**'. એનો અર્થ '**वक्ष्यामि**' કર્યો સંસ્કૃતમાં. અને અહીંયાં 'અમૃતચંદ્રાચાર્યે' પરિભાષણ કરું છું, એમ કર્યો. એનું '**હું પરિભાષણ કરું છું.**'

હવે, સમયપ્રાભૃત. એના પછીનો શબ્દ છે ને? '**समयपाहुडमिणमो**'. '**કેવો છે તે અર્હંતપ્રવચનનો અવયવ?**' અર્હંતનું આખું બાર અંગનું પ્રવચન નથી આમાં. બાર અંગનો એક અંશ-અવયવ-ભાગ છે એને હું કહીશ. કેવો છે તે અર્હંતનો પ્રવચન સર્વજ્ઞથી થયેલો દિવ્યધ્વનિનો પ્રવચનનો ભાગ? '**અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી,...**' આ સમયસાર કહીશે એ પ્રમાણ છે, પ્રમાણિક છે. કેમ પ્રમાણિક છે એના કારણો આપે છે. અનાદિઅનંત પરમાગમ શબ્દબ્રહ્મ જે પ્રવાહથી અનાદિઅનંત વાણીનો ધ્વનિ શબ્દબ્રહ્મ અનાદિથી ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દિવ્યધ્વનિ વિનાનો ...

ઉત્તર :- શબ્દના પ્રવાહ વિનાનો કોઈ સમય નથી, એમ કહે છે. ભલે ભગવાન ચાર પહોર કહે પણ બીજા મુનિઓ આદિ છે ને? સમજાણું કાંઈ? બીજું શું સમજાણું?

અનાદિઅનંત પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત છે. આ પેલું શું આવ્યું? 'સિદ્ધો વર્ણમ્ સમામ્નાય'. એ અક્ષરની આમન્યા અનાદિની છે. એમાં સૂત્ર છે. પહેલું અમે જ્યારે નિશાળે ભણવા બેઠા હતા, ધૂળી નિશાળે, ત્યારે એ શબ્દ પહેલો આપ્યો હતો. ઈ ખબર છે મને, લ્યો. ધૂળી, હોં! હજી પહેલી ચોપડીની બીજી નિશાળ ધૂળ. ધૂળમાં આમ એકડા ને બગડા લખે ને. ધૂળ સમજ્યાને? ધૂલી. પાટીમાં ધૂળ નાખીને પછી એકડો લખાવે. ત્યાં અમારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉમરાળામાં પહેલો આ શબ્દ આપેલો. હજી તો એકડોય આવડે નહિ. સિદ્ધો વર્ણમ સમામ્નાય. અમારા માસ્તર એક નથુ માસ્તર હતા. બિચારા ગરીબ માણસ હતા. લોટ લઈને જાઈએ. એટલે એને રોટલા થાય. એ વખતે આ શબ્દ આપ્યો હતો, મને ખબર છે. ગોખો, છોકરાઓ ગોખો. સિદ્ધો વર્ણસમામ્નાય. એ આપણે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે કે એ આમ્નાય અનાદિની છે. છે ને? અક્ષરની આમ્નાય અનાદિની છે. એ પોતે લખ્યું છે. જુઓ! ઈ આવ્યું, જુઓ! '**सिद्धो वर्णसमाम्नायः**' 'ગ્રંથની પ્રમાણિકતા' ભાઈ! આમાં પણ એમ કહ્યું છે. ગ્રંથની પ્રમાણિકતા વર્ણવતા '**सिद्धो वर्णसमाम्नायः**'. 'અર્થાત્ વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે.' એ કાંઈ કોઈ નવો કર્તા નથી. પ્રવાહ પ્રવાહ એ શબ્દની ધ્વનિ એમ ને એમ અનાદિથી ચાલી આવે છે. લાલુભાઈ! શું તમારે શીખવ્યું હતું પહેલું? મને તો ખબર છે, હોં! ધ્વનિ હજી ઊઠે છે તે દિ'ની. છ વર્ષની ઉંમર હશે લગભગ. પહેલા નથુ માસ્તર (આ કહેલું). પહેલું આ શીખો. ગોખો. '**सिद्धो वर्णसमाम्नायः**'. અર્થ-બર્થ ઈ પણ કાંઈ કરે નહિ. '**सिद्धो वर्णसमाम्नायः**' અક્ષરની આમ્નાય અનાદિની છે. એમ પહેલું શીખવતા.

અહીં પણ ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, '**અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી,...**' જુઓ! એક સમયનો વિરહ નથી એમાં, ભાઈ! એ ખ્યાલમાં આવી ગયું હતું પહેલેથી. અનાદિનો આમ પ્રવાહ (ચાલે છે). મુનિઓના મુખે, તીર્થંકરના મુખે, કેવળીના મુખે.. કે દિ' સંતો નથી જગતમાં? સમજાણું કાંઈ? ત્રણ કાળના જાણનારા ત્રણ કાળમાં કે દિ' નથી? અને ત્રણ કાળમાં સંતો સાધક કે દિ' નથી? ભાઈ! આહાહા..! ત્રણ કાળમાં સ્વરૂપના સાધક સંતો કે દિ' નથી? ત્રણ કાળમાં ત્રણ લોકના જાણનાર કે દિ' નથી? અને ત્રણ કાળમાં ત્રણ લોકમાં મિથ્યાત્વને સાધનારા કે દિ' નથી? આહાહા..! પોતે કહે છે કે વાણી જે છે (એ) અનાદિનિધન - અન આદિ અને અ નિધન એમ શબ્દ છે. અણઆદિ, અનિધન. જેની શરૂઆત નથી, જેનો અંત-મૃત્યુ નથી, અંત નથી. અનાદિ પ્રવાહ શબ્દબ્રહ્મે એ વાણી ચાલી આવે છે. જુઓ! આહાહા..! સમજાણું કાંઈ?

પરમાગમ શબ્દબ્રહ્મ, શબ્દબ્રહ્મ. આત્મા આનંદબ્રહ્મ પરમબ્રહ્મ. આત્મા પરમબ્રહ્મ. વાચક શબ્દબ્રહ્મ, વાચ્ય પરમબ્રહ્મ એમ કહેશે. અભિધેય અભિધાન સંબંધ કરશે ને. સમજાણું કાંઈ? ઈ 'જયસેનાચાર્ય'માં છે, ભાઈ! આ અભિધેય સંબંધ પ્રયોજન છે ને? એ 'જયસેનાચાર્ય'માં છે. 'અમૃતચંદ્રાચાર્ય'માં નથી. 'જયસેનાચાર્ય'માં ત્યારપછી આવશે. સમજાણું કાંઈ? કહે છે, અહો..! શબ્દબ્રહ્મ અનાદિ પરમાગમથી પ્રકાશિત છે, ભાઈ! એક વાત. પણ એ શબ્દબ્રહ્મમાં કોઈ જ્ઞાની જોઈએ કે નહિ? પુરુષ જોઈએ કે નહિ?

'**સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી...**' હોવાથી.. હોવાથી કહીને પ્રમાણપણું સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? '**હોવાથી પ્રમાણતાને પામ્યો છે.**' અનાદિઅનંત પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી પ્રમાણતાને પામ્યો છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ ત્રણેમાં લઈ લેવું. ઈ છેલ્લું છે, ભાઈ! સમજાણું કાંઈ? અને '**સર્વ પદાર્થોના સમૂહને...**' ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થો, દ્રવ્ય-ગુણ-પર્યાય ભગવાન કેવળજ્ઞાની સાક્ષાત્ કરનાર. એને સાક્ષાત્ સમયની પર્યાયમાં પ્રત્યક્ષ કરનાર કેવળી ભગવાન સર્વજ્ઞથી પ્રણીત નામ કથન. જુઓ! વાણી તો હતી પણ એમાં નિમિત્ત સર્વજ્ઞ હતા, એમ કહે છે. વાણીનો પ્રવાહ હતો પણ એમાં સર્વજ્ઞ પુરુષ પ્રધાન નિમિત્ત હતા. એની મેળાએ વાણી નીકળી એમાં એકલો વાણીનો ધ્વનિ છે, એમ નથી. એ વાણીમાં સર્વજ્ઞનું નિમિત્ત છે. સર્વજ્ઞથી કહેવામાં આવ્યું હોવાથી આ અર્હંતનો પ્રવચન અંશ સમયસાર પ્રમાણતાનો પામ્યો છે, એમ કહે છે. કોઈ અધ્ધરથી લખિતંગ સહી મફતલાલની એમ નથી. શું કીધું?

આ મકાન તમારે નથી વેચતા? મકાન. ચઉ દિશા કહે છે ને? મકાન જ્યારે આપે ને? ચઉદિશા-ચતુર્દિશા લખે છે ને? કોર્ટમાં. સીમા. એનો અર્થ કે એ મકાન છે અને એ મકાન ચારે દિશામાં ફલાણાં ફલાણાં ઘર છે એના મધ્યમાં છે. એમ ઈ છે. લખિતંગ ફલાણાં અમૃતલાલ જીવણલાલ. સમજાણું કાંઈ? એમ આ શબ્દ છે એના કહેનાર છે અને એ વસ્તુ છે. એના લખિતંગ મફતલાલ નથી, લખિતંગ કેવળજ્ઞાની છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ જેમ મકાન છે, એમ આ શબ્દબ્રહ્મ વસ્તુ છે, વસ્તુ છે એમ કહે છે. બે (વાત).

'**અને કેવળીઓના નિકટવર્તી...**' પાઠ તો, સ્વયં અનુભવી એમ છે. પણ શબ્દ એણે વધારે નાખ્યો છે. '**કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર...**' એટલે સાંભળવાનું મુખ્ય લીધું. પાઠમાં અનુભવનારા છે. અનુભવ્યું છે પણ સાંભળ્યું છે અહીંયાં. સર્વજ્ઞ મૂળ છે ને. સર્વજ્ઞ મૂળ છે ને. ઉપદેશના મૂળ કર્તા સર્વજ્ઞ છે. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. ત્યાંથી શરૂ કર્યું છે. એટલે સર્વજ્ઞ છે એવા જે ભગવાન એની પાસેથી ગણધરોએ સાંભળ્યું છે. છદ્મસ્થ છે ને. સાંભળ્યું એમ અર્થમાં સંધિ કરી. '**તેમ જ પોતે અનુભવ કરનાર...**' એ શ્રુતકેવળીઓએ અનુભવ કર્યો. આ આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વસંવેદનથી પ્રાપ્ત છે એવો અનુભવ કર્યો. સમજાણું કાંઈ? ઈ પ્રયોજન કહેશે છેલ્લું, ભાઈ! ત્રણ કહે છે ને? અભિધેય, સંબંધ અને પ્રયોજન. પ્રયોજન તો શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિ પ્રયોજન છે. એ ત્યાં સંતોને શ્રુતકેવળીઓને થઈ છે. સમજાણું કાંઈ?

અંતરમાં સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદકંદ આત્મા, એનો અનુભવ કર્યો છે. એમનાથી પ્રકાશિત હોવાથી આ શબ્દબ્રહ્મનો જે અવયવ, અર્હંતનો અવયવ તે પ્રમાણપણાને પ્રાપ્ત છે. પ્રમાણપણાને પ્રાપ્ત છે. એમાં અપ્રમાણપણું જરીએ નથી. આહાહા..!

મુમુક્ષુ :- સાક્ષાત્ નિકટવર્તી સાંભળ્યું.

ઉત્તર :- સાક્ષાત્ જોડે સાંભળનાર. સાંભળીને પાછું કો'કે કીધું એમ નહિ. ભગવાન પાસે ગણધરે સાંભળ્યું અને ગણધર બીજાને સંભળાવે અને પેલાએ સાંભળ્યું એમ નહિ. એના સમીપમાં બેસનારાએ સાંભળ્યું છે. સભામાં બેસીને ભગવાનની દિવ્યધ્વનિ-અવાજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જે અનાદિ શબ્દબ્રહ્મ ભગવાન નિમિત્ત, વાણી છે એને સાંભળીને અનુભવ કર્યો. સમજાણું કાંઈ? કેવળીના ભગવાન નથી. એટલે સીધી વાત લઈ લીધી. ધર્મના મૂળ ઉપદેશક તો એ થયા. પછી એની પાસે સાંભળી..

ભગવાન આત્મા એને કહીએ કે સ્વસંવેદનથી અનુભવમાં આનંદથી આવે એવો આત્મા અનુભવ્યો. એમના કથનથી આ અવયવ નીકળ્યો છે માટે તે અર્હંતનો અવયવ સમયસાર પ્રમાણપણાને પામ્યો છે. પ્રમાણિક છે એમાં સંદેહ કરવાને સ્થાન નથી. કહો, આચાર્યે કેટલું બાંધીને નક્કી કર્યું. આહા..! ચાર દિશા બાંધી. શબ્દો છે અનાદિ પ્રવાહ. સર્વજ્ઞે કહ્યું છે અને વાણી સર્વજ્ઞની આવી એને સાંભળનારાએ સીધું જાણ્યું નથી, સીધો આત્મા એણે સાંભળ્યો છે. સાંભળીને પછી સ્વનો અનુભવ કર્યો છે. અનુભવીને નીકળેલા વચનો એવા અર્હંત ભગવાનના પ્રવચનનો આખો ભાગ નહિ પણ એક અંશ આમાં છે. પરમબ્રહ્મ કહેનારો, પરમબ્રહ્મ ભગવાનને કહેનારો શબ્દબ્રહ્મ અવયવ પ્રમાણપણાને પામ્યો છે. ભાઈ! એમાં અક્ષર અપ્રમાણપણાને નથી પામતો. સમજાણું કાંઈ? આહાહા..!

**'શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી...'** ભલે એમાં ગણધરદેવ નથી લખ્યા પણ 'જયસેનાચાર્ય'ની ટીકામાં ગણધર લખ્યા છે, ભાઈ! ગણધર. એ શ્રુતકેવળીનો અર્થ જ ત્યાં ગણધર કર્યો છે. એટલે એવા શ્રુતકેવળી ગણધર-સંતોના ગણના ધરનારા સમૂહના અને અંતરમાં ગુણના ગણના ધરનારા એવા ગણધરો (દ્વારા) પ્રકાશિત હોવાથી **'કહેલ હોવાથી...'** ઈ બધામાં હોવાથી.. હોવાથી આવ્યું. જુઓ! **'અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને...'** આખા સમૂહને, બધાને. **'સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી...'** અહીંયાં પ્રણીત હોવાથી કહ્યું, પેલામાં પ્રકાશિત હોવાથી કહ્યું, અહીંયાં કહેલ હોવાથી કહ્યું. સમજાણું કાંઈ? આહા..! **'श्रुतप्रकाशित्वेन केवलीप्रणीतत्वेन अनुभवद्भिरभिहितत्वेन'** ત્યાં એ શબ્દ મૂક્યો છે, ભાઈ! ત્રણેને ત્રણ શબ્દ મૂક્યા છે. **'अभिहितत्वेन'** ઈ ને? **'अभिहितत्वेन'**. પંડિતજી! ત્રણ શબ્દ. ત્રણે જુદાં મૂક્યા છે. **'अभिहितत्वेन'** ત્રણ શબ્દ મૂક્યા છે. કારણ કે પેલી વાણી પ્રકાશિત થઈ છે. ભગવાન એના કહેનારા છે એટલે પ્રણીત છે, શ્રુતકેવળીઓએ **'अभिहित'** કહેલ છે. આહાહા..! તેથી પ્રમાણતાને આ શ્રુતનો એક અંશ-પ્રવચનનો ભાગ પ્રમાણિક છે એમ સિદ્ધ કર્યું. પહેલી ગાથા કહીને સિદ્ધ કર્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો અહો એમાં આવી ગયું ને? કહેવું છે જેને એટલે અહો તમને કહીએ છીએ. એમાં આવી જાય, એમાં આવી જાય છે. **'मिणमो'** ઈ. આ અને અહો આવી ગયું. કહેનારને કહેવું છે. **'અન્યવાદીઓનાં...'** આ પછી અધ્ધરથી પોતે લખ્યું છે. ટીકાકાર અને 'જયચંદ્ર પંડિતે'. **'અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પના**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**માત્ર નથી...**' એ નાસ્તિથી એમણે વાત સિદ્ધ કરી. અહીં તો આચાર્યે અસ્તિથી વાત કરી. અહીં પ્રકાશિત છે, પ્રમાણતાને પામેલ છે. અન્યવાદીની (જેમ) અપ્રમાણ નથી એ વાત એણે સિદ્ધ કરી. કહો, સમજાણું કાંઈ? શબ્દે શબ્દાર્થ થઈ ગયા. '**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं**' અપવર્ગ '**पत्ते**' '**वोच्छामि**' '**वक्ष्यामि**' પરિભાષણ કરું છું. સમયપ્રાભૃત એટલે શાસ્ત્રનો પ્રવચનનો એક અવયવ. '**मिणमो**' અહો જીવો '**सुदकेवलीभणिदं**' શ્રુત-અનાદિ પ્રવાહ શાસ્ત્ર, '**केवलीभणिदं**' શ્રુતકેવળી અને કેવળીઓનું કહેલું છે તે કહેશું. એમ કરીને એક ગાથાના દરેક શબ્દના ભાવ અર્થ ભર્યા છે. એમાં છે એનો અર્થ કરે છે ને, ઉપરથી ક્યાં કરે છે. સમજાણું કાંઈ? હવે એનો જરી 'જયચંદ્રજી પંડિત' ખુલાસો કરે છે.

**ભાવાર્થ :- 'ગાથાસૂત્રમાં આચાર્યે 'वक्ष्यामि' કહ્યું છે.**' છે ને? '**वोच्छामि**'. એનો અર્થ '**वक्ष्यामि**' થાય છે. જુઓ! સંસ્કૃતમાં '**वक्ष्यामि**' થાય છે. '**वोच्छामि**' નીચે '**वक्ष्यामि**' કીધું. સંસ્કૃત છાયા છે. એ '**वक्ष्यामि**' (કહ્યું છે) '**તેનો અર્થ ટીકાકારે 'वच् परिभाषणे'...**' '**वच् परिभाषणे**' સંસ્કૃતનો શબ્દ છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'નો. '**પરિભાષણ કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે.**' પરિભાષણનો અર્થ ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકારે કહ્યો એનો એ અર્થ સૂચિત થાય છે કે '**ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વમાં બાર 'વસ્તુ' અધિકાર છે;...**' કોઈમાં પહેલા છઠ્ઠો લખાઈ ગયું છે. છઠ્ઠું પૂર્વ. સમજ્યાને? પાંચમું પૂર્વ જોઈએ. '**પાંચમા પૂર્વમાં બાર 'વસ્તુ' અધિકાર છે; તેમાં પણ એક એકના વીશ વીશ 'પ્રાભૃત' અધિકાર છે.**' એ અધિકારોના નામ છે એ તો. '**તેમાં દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે...**' લ્યો, જુઓ! અહીં કહ્યું. '**દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે તેનાં મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું...**' મહાસંતોને '**તેના અર્થનું જ્ઞાન...**' અર્થનું જ્ઞાન '**આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું.**' પહેલાને હતું અને આમને પણ હતું, માટે પણ નાખ્યું. પહેલાં પણ હતું અને આમને પણ હતું. સમજાણું કાંઈ? '**તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું...**' ભગવાનના પ્રવચનના અંશનું પરિભાષણ કર્યું. '**પરિભાષાસૂત્ર બાંધ્યું.**' એનો અર્થ કર્યો. પરિભાષણ કર્યું એટલે પરિભાષાસૂત્ર બાંધ્યું.

'**સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે.**' એ હશે શાસ્ત્રમાં. '**તેમાં એક 'પરિભાષા' જાતિ પણ છે.**' હવે પરિભાષાની વ્યાખ્યા કરે છે. પરિ-સમસ્ત પ્રકારે જ્યાં જ્યાં જે સ્થાને જોઈએ, આસ્રવના સ્થાનમાં આસ્રવ, જઘન્ય કહેવું હોય ત્યાં જઘન્ય, ઉત્કૃષ્ટ કહેવું હોય ત્યાં ઉત્કૃષ્ટ. એવું '**જે યથાસ્થાનમાં અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે. શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ...**' એમાં કહેલા અર્થને '**યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે.**' જુઓ! આસ્રવ અધિકાર કીધો, ત્યાં આસ્રવ, બંધ સમકિતીને નથી એમ કહ્યું. વળી જ્યાં જરૂર પડી ત્યાં એમ સ્થાપ્યું કે ના, એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ જઘન્ય પરિણમનને ચોથે, પાંચમે, છઠ્ઠે બંધ છે. એ ગાથા પણ વચમાં નાખી. જ્યાં જ્યાં જરૂર પડી જે સ્થિતિ, ત્યાં ત્યાં તે યથાસ્થાને ગોઠવાયેલું છે. સમજાણું કાંઈ? 'જયચંદ્ર પંડિતે' પણ આમાંથી સારું કાઢ્યું છે.

**'આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે. સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે...'** સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે, ભાઈ! સંસારીને પૈસા રળવા ને આ સાધ્ય ન હોય, એમ કહે છે અહીં. એઈ..! નટુભાઈ! ધર્મીજીવ સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે. આવો ભવ મળ્યો છે, મનુષ્યપણું મળ્યું છે એને શુદ્ધ આત્મા સાધ્ય કરી લેવાનો છે. એને માટે આ અવતાર છે, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? એ વિષયભોગ ને રળવા માટે આ મનુષ્યભવ નથી, એમ કહે છે. એવું છે ને, આપણે કાંઈક લખ્યું છે ને? **'દુર્લભ મનુષ્યપણું પામીને વિષયોમાં રમે તે રાખને માટે રતનને બાળે છે.'** 'સ્વામી કાર્તિકેય'નું છે. રતનને બાળે છે, ભાઈ! સમજ્યાને?

'શ્રીમદ્‌' કહ્યું ને? 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો' ૧૬ વર્ષે, હજી ૧૬ વર્ષની ઉંમર (છે).

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો એક પળ તમને હવો.

એક પળ પણ ન હવો. સમજાણું કાંઈ? આહાહા..! પછી છેલ્લે શબ્દ છે.. 'રે આત્મ તારો, આત્મ તારો શીઘ્ર એને ઓળખો..' ૧૬વર્ષે હજી, હોં! લગ્ન પછી કર્યા હતા. પંડિતજી! લગન પછી થયા હતા. ૨૦ વર્ષે. ૧૬ વર્ષે સંસ્કાર સ્ફુર્યા છે અંદરથી. ૧૬ વર્ષે લખતા લખતા ૧૦૮ પાઠ લખી નાખ્યા છે. જેમ માળાને ૧૦૮ મણકા હોય. માળાને પારા.. પારા ૧૦૮ (હોય). લખવા મંડ્યા. ૧૦૮ લખી નાખ્યા. ત્રણ દિ'માં ૧૦૮ પાઠ લખ્યા. ૧૬ વર્ષની ઉંમરે. 'રે આત્મ તારો, રે આત્મ તારો..' તારો એટલે તારી દો આત્માને.

રે આત્મ તારો, આત્મ તારો શીઘ્ર એને ઓળખો
સર્વાત્મમાં સમદૃષ્ટિ દો એ વચનને હૃદયે લખો.

બધા ભગવાનસ્વરૂપે છે, એમ ત્યાં કહે છે, હોં! આહાહા..! બધા જ્ઞાનસ્વરૂપે પ્રભુ છે ને. એ આસ્રવતત્ત્વ તો ભિન્ન છે. શરીરતત્ત્વ ભિન્ન છે. બધા ભગવાનઆત્માઓ સમભાવ સ્વરૂપના પિંડ પડ્યા છે બધા. એને એમ જુઓ તો તમને સમભાવ થશે. કહો, ૧૬ વર્ષે પોકાર કર્યો છે આ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નકલ કરીએ તો ..

ઉત્તર :- નકલ કરે તો ન લખાય. ત્યાં તો અંદરથી ફટ ફટ ચાલ્યું આવે. એને નકલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કરવાનું આવ્યું. પુસ્તક રચે ખરા ને. ઈ તો જે હોય ઈ આવે ને. એમાં શું છે? તમે ચોપડી કરતા ને. એ જ આવે ને. એ લખ્યું. 'આત્મસિદ્ધિ' તો કેટલા કીધું? દોઢ દિવસ કે દોઢ કલાક? દોઢ કલાકમાં લખ્યું, કહે છે. 'આત્મસિદ્ધિ' ૧૪૨ શ્લોક. ભાઈ કોણ ઓલા? અંબાલાલભાઈ ફાનસ લઈને ઊભા અને ઉપાડી... 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત' પહેલી ગાથા ઉપાડી, 'આત્મસિદ્ધિ'. બીજી વાત ન લીધી.

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.

ત્યાંથી ઉપાડ્યું છે. ૧૪૨ ગાથા દોઢ કલાકમાં. એમ ને એમ ફાનસ લઈને ઊભા હતા. ક્ષયોપશમ ઘણો હતો. ગજબનો ક્ષયોપશમ લઈને આવેલા. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે...**' અહીં તો અમારો ધ્વનિ એટલો ઊઠ્યો. અરે..! સંસારીજીવ મનુષ્યપણું પામ્યા. બાપુ! એને તો આત્મા સાધ્ય (છે). સાધવા જેવું આ છે. સમજાણું કાંઈ? આ વેપાર વધાર્યા ને વેપાર સાધ્યા. એઈ..! છોટાભાઈ! એ નટુભાઈ એક વેપાર વધારવાના છે. કીધું, પૈસા વધે તો શું કરે? પાપ જ વધે ને પછી. પાપ જ. કરો આ ધંધા, કરો આ ધંધા. જેમ પૈસા વધે એને નાખવા ક્યાં? અહીં તો કહે છે, ભગવાન! આવો દેહ તે.. આહાહા..! એક તળાવની અંદર મોટું લીલ ફૂગનું પડ હોય. લીલ ફૂગ સમજ્યા? કાઈ.. કાઈ. કાઈ હોય ને? કાઈનું દળ જામે એમાં. એની નીચે અંદર કાચબા થાય. કાચબા.. કાચબા સમજ્યા? કછુઆ. કાચબો રહેતો હતો. કોઈ વખતે એવું ફાટ્યું.. ચંદ્ર દેખ્યો. લાવ, મારા કુટુંબને કહેવા જાઉં. ઈ જ્યાં કહેવા જાય છે ત્યાં ફૂગનું દળ પાછું સંધાઈ ગયું. પેલા કહે કે આમ હતું. ખોટો લાગે છે. ... શુદ્ધાત્માનું કહેશે. સમજાણું કાંઈ?

ઓહો..! રાગથી ને નિમિત્તથી ને વ્યવહારથી પ્રાપ્ત થાય એ વાત જ નથી કોઈ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ એ સીધો પોતાની નિર્મળ પર્યાય દ્વારા સ્વસંવેદનથી પ્રાપ્ત થાય, એ આ સમયસારનું પ્રયોજન છે. સમજાણું કાંઈ? ઈ 'જયસેનાચાર્યે' ટીકામાં નાખ્યું છે, હોં! પછી આવશે, ટીકામાં છે. '**સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે...**' સાક્ષાત્. બીજા આત્માઓ શુદ્ધ છે, સાક્ષાત્ પર્યાયમાં શુદ્ધ નથી. બીજા આત્માઓ દ્રવ્યે શુદ્ધ જ છે, પણ દ્રવ્યે શુદ્ધ એમાં આનંદ ક્યાં આવ્યો? '**સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે...**' પ્રત્યક્ષ પર્યાયમાં પૂર્ણ શુદ્ધ ભગવાન સિદ્ધ પરમાત્મા થઈ ગયા છે. '**તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે.**' સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે તે શુદ્ધપણું સિદ્ધ ભગવાનને પ્રગટ થયેલું છે. માટે તેમને નમસ્કાર કરવો એ પહેલો શરૂઆતમાં વ્યાજબી, ઉચિત અને યથાસ્થાને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :- સિદ્ધ જ વાત. અહીં તો બધી સિદ્ધ સત્ થઈ ગયેલી છે.

**'કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે તે અહીં પણ જાણવી. સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે;...'** એ ટીકામાં મંગળિકમાં કહી ગયા છે. હવે 'સર્વ' એવું વિશેષણ આપ્યું. સર્વ સિદ્ધ કીધું ને? પહેલો '**वंदित्तु**'નો અર્થ કર્યો. નમસ્કાર કરવો ઉચિત છે એમ પહેલું સિદ્ધ કર્યું. '**वंदित्तु**' હવે 'સર્વ' શબ્દ નાખ્યો એનો કરે છે. **'તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો...'** '**वंदित्तु सव्व सिद्धे**' 'શુદ્ધ આત્મા એક જ છે' એવું કહેનાર અન્યમતીઓનો વ્યવચ્છેદ કર્યો.' સિદ્ધમાં એક જ શુદ્ધ આત્મા હોય એમ નહિ. અનંત આત્માઓ છે. સિદ્ધ પણ અનંત છે. પોતાની સત્તાની શુદ્ધતા પ્રાપ્ત છે. સત્તાનો અભાવ નથી. પરમાં ભળી જાય તો સત્તાનો અભાવ થઈ જાય. આ સત્તાની શુદ્ધતા પ્રાપ્ત છે કે સત્તાનો અભાવ પ્રાપ્ત છે એને? સમજાણું કાંઈ? સિદ્ધ પરમાત્મા અનંતા થયા એ શુદ્ધ સત્તાને પ્રાપ્ત છે. પોતાની શુદ્ધ સત્તાની નિર્મળ થઈ. એવા સિદ્ધ અનંત છે.

**'શ્રુતકેવળી શબ્દના અર્થમાં,...'** હવે ઓલું લીધું, જોયું! શ્રુતકેવળી. છેલ્લો શબ્દ કહ્યો ને? એનો અર્થ કરે છે. '(૧) **શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ...**' કહ્યું. અનાદિઅનંત પ્રવાહ. અઢી દ્વિપમાં કોઈ દિ' શ્રુતનો પ્રવાહ બંધ હોય, એમ ન હોય. ઓ..હો..! સમજાણું કાંઈ? રાત્રિના ભાગમાં? ત્યાં રાત્રિ હોય તો અહીં દિવસ હોય, અહીં દિવસ હોય તો ત્યાં રાત્રિ હોય. સમજાણું? શ્રુતના પ્રવાહપણાના શબ્દો અનાદિઅનંત પ્રવર્તી રહ્યા છે. કેવળી શબ્દથી સર્વજ્ઞ અને પરમાગમના જાણનાર શ્રુતકેવળી કહ્યા. કેવળી '**सुदकेवलीभणिदं**' આવ્યું ને પહેલું? '**सुदकेवलीभणिदं**'નો અર્થ કર્યો. શ્રુત એટલે શબ્દનો પ્રવાહ કીધો. કેવળીના બે અર્થ કર્યા. '**તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે. એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો; અન્યવાદી છદ્મસ્થ...**' અહીં સિદ્ધને નમસ્કાર કરી એટલી વાત કરી. સિદ્ધ કેવા છે એનું કાંઈ આમાં કામ નથી. એટલું કહ્યું કે સિદ્ધ સાક્ષાત્ શુદ્ધ આત્મા છે. એમાં આવી ગયું. ધ્રુવ, અચલ, અનુપમ, ગતિ ચારે શબ્દ આવી ગયા. સિદ્ધ સાક્ષાત્ શુદ્ધ આત્મા છે એમ કહ્યું ને? એટલે દરેક શબ્દનો અર્થ પાછો 'જયચંદ્ર પંડિતે' પણ લઈ લીધો. સમજાણું કાંઈ? '**પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે તેનું અસત્યાર્થપણું બતાવ્યું.**' લ્યો, હવે શરૂઆત કરે છે.

**'આ ગ્રંથનાં અભિધેય,...'** અભિધેય એટલે શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય. કહેવું છે (તે) વાચ્ય.. વાચ્ય. એ વાચ્ય કહેવા ધારેલો પદાર્થ શુદ્ધ આત્મા. ઓહો..! પણ આસ્રવતત્ત્વ અને બંધતત્ત્વની કે દિ' વાત કરશો? અમે તો શુદ્ધ આત્મા (કહીએ છીએ). એ શુદ્ધ આત્મા જ છે એમાં પછી પેલું નાસ્તિનું જ્ઞાન આવી જાય છે. શુદ્ધાત્મા એનું જ્ઞાન કરતાં આસ્રવ, બંધ, અજીવ આદિ એમાં નથી એવું એમાં આવી જાય છે. શુદ્ધ આત્મા તે અભિધેય-

કહેવા યોગ્ય વસ્તુ છે. એ વાચ્ય કીધું. '**તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે...**' જેમ સાકર ગાંગડો કહે. ગાંગડો.. ગાંગડો. શું કહે છે? ડલ્લી. એનો સાકર શબ્દ ઈ વાચક છે. સાકર શબ્દ ઈ સંજ્ઞા વાચક છે. વાચ્ય પેલો સાકરનો ગાંગડો છે. એમ ભગવાન શુદ્ધાત્મા અમૃતનો સાગર એ વાચ્ય-અભિધેય છે, આ વાણી એની વાચક છે. સમજાણું કાંઈ? એમ કહીને ભાઈ! એમ કહ્યું, કે આ વાચક પેલા શુદ્ધાત્માને બતાવે છે. એ વાચકને કહેવું છે શબ્દોમાં ઈ આવ્યું. શુદ્ધાત્મા.. શુદ્ધાત્મા. સાકર શબ્દ બતાવે છે સાકરના ગાંગડાને. આ સમયસાર શબ્દ એમ બતાવે છે, શુદ્ધાત્મા.. શુદ્ધાત્મા.. શુદ્ધાત્મા. આહા..! પુણ્ય-પાપના વિકલ્પ રહિત, દેહ, કર્મ રહિત તો છે જ, એ તો પરદ્રવ્ય છે, પણ પોતાની પર્યાયમાં થતો અનિત્ય તદાત્મ્ય વિકાર પરિણામ એ પણ જેના તદાત્મ્ય અનાદિઅનંત સ્વભાવમાં છે નહિ. એવો શુદ્ધાત્મા તે અહીંયાં અમારે અભિધેય-કહેવા લાયક વાચ્ય છે. આહા..! પેલા કહે, આત્માની માંડી પાધરી? બીજી માંડોને. અહીં તો કહે છે, અમારે અભિધેય આત્મા જ કહેવો છે. ઈ તો માંડી છે તેં. અને એ અનાત્માનું જ્ઞાન આત્માના જ્ઞાન વિના અનાત્માનું થશે જ નહિ. સમજાણું કાંઈ? આત્મા-શુદ્ધાત્મા પરમાનંદની મૂર્તિ એના ભાન વિના બીજા આત્માઓનું, અરે..! બીજા કેવળી અને સિદ્ધોનું પણ આ આત્માના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ. સમજાણું કાંઈ?

એટલે કહે છે, '**શુદ્ધ આત્માનો વાચ્યવાચકરૂપ સંબંધ તે સંબંધ છે.**' અભિધેય શુદ્ધ આત્મા બતાવવો છે, વાચક તેના શબ્દો છે. એ વાચક અને વાચ્યનો સંબંધ છે. બે વચ્ચેનો સંબંધ છે. જુઓ! ઈ વાચક શબ્દો ઓલા વાચ્યને કહે છે. આ એકલો શુદ્ધ આત્મા. એમ અહીંયાં વાચક શબ્દો કહે છે. ઓહો..! આ આત્મા. ભલે ઈ આસ્રવ અને બંધની વ્યાખ્યા બધી કરી. પણ એ બધું આમાં નથી એવા શુદ્ધ આત્માને બતાવે છે. શુદ્ધ આત્મા બતાવવાનો ત્યાં હેતુ છે. હેતુ બતાવવાનો હજી તો, હોં! અને 'શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.' જે બતાવ્યું છે તેવી ઓલાને પ્રાપ્તિ થાય એ આનું પ્રયોજન છે. આહાહા..!

મુમુક્ષુ :- બેયમાં સિદ્ધપણું સ્થાપવું છે.

ઉત્તર :- આ પ્રયોજન છે. બીજું શું પ્રયોજન હોય? ભાઈ! શુદ્ધાત્માનું સ્વરૂપ આનંદકંદ જ્ઞાયકમૂર્તિ એવા સ્વરૂપની પ્રાપ્તિ થવી, પ્રાપ્તિ થવી તે આ શાસ્ત્રનું પ્રયોજન છે. કહેવામાં એ આવ્યું એ એને પ્રાપ્ત કરવાનું પ્રયોજન છે. કહેવામાં એ આવ્યું તો પ્રયોજન શું છે? એને એ પ્રાપ્તિ થાય એવું એનું પ્રયોજન છે. સમજાણું કાંઈ? પેલો સમજેને ત્યારે વાણીના નિમિત્તથી સમજ્યો એમ કહેવામાં આવે. એમ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- અર્થ તો યથાશક્તિ કરાય છે. પૂરી શક્તિ તો અહીં ક્યાંથી હોય એવી? આ આત્મા-ભગવાન આત્મા શુદ્ધ રાગરહિત, પુણ્યરહિત તો કર્મ ને શરીર રહિત તો

છે, પણ પર્યાયમાં જરી વિકલ્પની વિકારની દશાની ક્ષણિક કૃત્રિમતા છે એથી રહિત આત્મા શુદ્ધાત્મા અભિધેય છે. આખા સમયસારનો અથવા આખા શાસ્ત્રનો અમારે કહેવાનો અભિપ્રાય આ છે. અને એમાંથી પેલાને પ્રાપ્તિ થવી પાછી. કહેવું એટલું જ રાખ્યું નથી. જે કહ્યું એવું એને પ્રાપ્તિ થાય. શુદ્ધ ભગવાન આત્મા. એને વાણીનું પણ અવલંબન નહિ, કહ્યું એનું એને અવલંબન નહિ. એઈ..! વાણી કીધું ખરું ને. બાપુ! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! વાણી તને વાચક કીધી પણ સાંભળનારે એને અનુસરવું નહિ. ભાઈ! આવ્યું ને? સમયસાર-૮મી ગાથા. વ્યવહારથી વાત કરીએ છીએ કે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. પણ તે વ્યવહારને અનુસરવો નહિ. અંદર અનુસર. બાપુ! આ તો વીતરાગના પંથ છે. શુદ્ધાત્માની શ્રેણીના રસ્તે જવું એ તો કહે છે.. જુઓ! ત્યાં કીધું ખરું. આત્મા કોને કહેવો? .. ગચ્છતિ ઈતિ આત્મા. દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય (તે આત્મા). ભેદથી પ્રાપ્ત થાય એટલું કહ્યું છતાં કહેનારને તે વ્યવહાર અનુસરવા લાયક નથી, છેલ્લે ટીકામાં એમ છે, **'व्यवहारनयो नानुसर्तव्यः'**. એનું અનુસરણ ન કરવું. આવે છે, કહે છે એનું અનુસરણ ન કરવું. ન્યાં કરજે. આહાહા..!

ચૈતન્ય ભગવાન સાક્ષાત્ બિરાજે છે ને, ભાઈ! એની પ્રાપ્તિ તે આ શાસ્ત્રનું પ્રયોજન છે. કોઈ વિદ્વત્તા થવી કે પુણ્યને બાંધે, પુણ્ય બાંધીને પછી સ્વર્ગમાં જાય અને પછી ભગવાન પાસે જાશે, પછી ન્યાં સમકિત પામશે એવું પ્રયોજન શાસ્ત્રનું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઈ તો વાયદાની વાત.

ઉત્તર :- વાયદા પણ ખોટા. વાયદા પણ ક્યાં હતા? વાયદા તો પૈસા પાંચ લાખ દેવાના હોય એમાંથી દસ કાંધા પાડીને પચાસ પચાસ આપે તો ને. એ માહ્યલા પચાસ હજાર આપે તો કાંધા કહેવાય ને. અમારે કાંધા કહે છે, તમારે હિન્દી ભાષામાં કાંઈક હશે. હપ્તા. દસ લાખનું દેણું હોય ને? તો દેનાર એમ કહે કે અમે એકસાથે નહિ આપી શકીએ. પંદર-પંદર દિવસે પાંચ-પાંચ હજાર કે દસ હજાર કે પચાસ હજારનો હપ્તો આપશું. પણ પૈસા હશે કે નહિ? પંદર દિ'એ પણ પચાસ હજાર દેવા છે કે નહિ? કે અધ્ધર વાતું જ કરવી છે?

અહીં તો કહે છે, શુદ્ધાત્મા અમે જે કહીએ છીએ તેની પ્રાપ્તિ એ જ અમારું પ્રયોજન છે. પછી એના હપ્તા-ફક્તા નહિ. પુણ્ય બાંધશું ને.. એવું કેટલાક લખે છે ને? કે પહેલાં આપણે પુણ્ય બાંધો. ન્યાંથી જાશું સ્વર્ગમાં. અને સ્વર્ગમાં જઈને પછી ત્યાં 'સીમંધર' ભગવાન પાસે જાશું અને સમકિત પામશું. એ શાસ્ત્રને કહેવાની રીત જ નથી, કહે છે. એ હપ્તો જ નથી. હપ્તો એ છે, હપ્તો એ છે, શુદ્ધાત્માની પ્રાપ્તિ પહેલી અને પછી સ્થિરતા કરીને કેવળજ્ઞાન લેવું એ એનો હપ્તો છે. સમજાણું કાંઈ? હપ્તા બીજી ભાષા હશે. અમારે તો

અહીંની સાદી ભાષા છે.

કહે છે, ભગવાન શુદ્ધાત્માની પ્રાપ્તિ. એ પ્રાપ્તિ થવી એ પ્રયોજન છે. આ સમયસાર કહે છે એ આચાર્યનો આશય બીજાને પ્રયોજન શુદ્ધાત્મા પ્રાપ્ત થાય તે તેનું પ્રયોજન છે. પ્રાપ્ત થવાને લાયક જીવો છે એને માટે છે, એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ? એ પાંચમી ગાથામાં મેળવશે. અહીં કહે છે, સમયસાર એ પ્રવચનનો એક અંશ છે. ભગવાનના પ્રવચનો તો સાગર ફાટ્યા છે. એની વાણીમાં સાગર ફાટ્યા છે. દિવ્યધ્વનિ એની શું વાત! પણ એના આખા પ્રવચનનો એક અવયવ થોડો આ છે, એક ભાગ છે એ પણ શુદ્ધાત્માને બતાવે છે એ એનું પ્રયોજન છે. આખી દિવ્યધ્વનિ પણ શુદ્ધાત્માને બતાવે છે, આ અવયવ પણ શુદ્ધાત્માને જ બતાવે છે. સમજાણું કાંઈ? માટે શ્રોતાએ શુદ્ધાત્મા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો, એમ અહીંયાં બતાવે છે. આહાહા..!

‘**પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી.**’ સમયનું પ્રાભૃત અધિકાર અથવા શાસ્ત્ર. ‘**ત્યાં એ આકાંક્ષા થાય...**’ છે ને? ‘**तत्र तावत्समय एवाभिधीयते**’. સંસ્કૃતમાં એટલું છે. હવે ખુલાસો કરે છે. સમય એટલે શું? એમ પ્રશ્ન ઉઠાવ્યો. ‘**તેથી હવે પહેલાં સમયને જ કહે છે :–**’ ‘**तावत्समय एवाभिधीयते**’. કારણ કે પ્રશ્ન (થયો કે) તમે શું કહો છો? એ અધ્ધર રાખ્યું, અધ્ધર રાખ્યું. ‘**समय एवाभिधीयते**’ હવે અમે સમયને કહેશું.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**
**જીવ ચરિત–દર્શન–જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

‘**હે ભવ્ય!**’ જીવ. પહેલા થોડો શબ્દાર્થ–અન્વયાર્થ લઈએ. ‘**જે જીવ દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ;...**’ ભગવાન આત્મા.. જુઓ! ભાષા આમ લીધી છે. ચારિત્ર, દર્શન, જ્ઞાનનો વિષય જે આત્મા એમાં ઠર એમ ન લીધું. આત્મા અનાદિથી આમ પુદ્ગલકર્મના પ્રદેશમાં ઠરેલો છે એટલે કે વિભાવમાં, એને પોતાના આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થાપ. એમ આમ કીધું, જોયું! નહિતર તો ‘**भूदत्थम**’ દર્શનને આત્માનો આશ્રય બનાવી, આત્માનું ધ્યેય બનાવીને દર્શન પ્રાપ્ત કર. આ તારી પર્યાય ગુલાંટ ખાય છે અવળી એને સવળી પર્યાયમાં આત્માને સ્થાપ. કર્તાપણે સિદ્ધ કરીને આત્મા પોતે અહીંયાં સ્થાપ એમ સિદ્ધ કરે છે. શું કહ્યું સમજાણું કાંઈ? ‘**દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ;...**’

‘**અને જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે...**’ દેખો! પુદ્ગલકર્મના પ્રદેશો એવો શબ્દ લીધો છે. કંઈ જડના રજકણમાં સ્થિત નથી થતો. પણ ત્યાં એનું લક્ષ જાય છે ને એટલે એકલા વિભાવના પરિણામમાં સ્થિત થઈ જાય છે. એ પુદ્ગલકર્મના પ્રદેશમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્થિત છે. ભગવાન આત્માની પર્યાયમાં સ્થિત નથી. ભગવાન આત્મા એની પર્યાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ (હોય), એમાં સ્થિત તે સ્વસમય અને તે આત્માની પર્યાય છે. સમજાણું કાંઈ? પણ ભગવાન આત્મા પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાયમાં સ્થિત ન થતાં આમ પુદ્ગલ કર્મના પર લક્ષે સ્થિત, શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા પરમાં કરે છે એથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવ્રતના રાગના પરિણામમાં સ્થિત થયેલો તેને પરસમય કહેવામાં આવે છે. આહાહા..!

ભારે સમયસાર પણ! આ ભરતક્ષેત્રનું... 'અમૃતચંદ્રાચાર્ય' પોતે કહે છે ને? અદ્વિતીય ચક્ષુ છે. અજોડ ચક્ષુ. પાછળ આવે છે ને? અજોડ ચક્ષુ. શ્લોક આવે છે ને? જુઓ! છેલ્લે. અજોડ ચક્ષુ. પૂરું કરે ને? જ્યારે પૂરું કરે (ત્યાં). ૨૪૫.

**इतमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।**
**विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।२४५।।**

અક્ષય અદ્વિતીય નેત્ર સમાન છે, જુઓ! અક્ષય અદ્વિતીય નેત્ર સમાન છે. '**एकम्**' અદ્વિતીય અજોડ શાસ્ત્ર છે. અજોડ એક છે. ટીકાકારે અર્થ કર્યો છે. અદ્વિતીય નેત્ર સમાન જગતનો ચક્ષુ છે. દેખો! જગત-ચક્ષુ છે ને? '**इदम् एकम् जगत-चक्षु**'. પૂરું કરે છે. એ જગતની આંખ છે. સમયસાર અદ્વિતીય અજોડ એક શાસ્ત્ર, એનું વાચ્ય જેને કહ્યું એ જગતનો સાક્ષી છે. જગતની આંખ છે ઈ. દુનિયાનો જોનાર છે ભગવાન આત્મા. સમજાણું કાંઈ?

'**તેને પરસમય જાણ.**' એ શબ્દાર્થ (થયો). હવે ટીકામાં 'અમૃતચંદ્રાચાર્ય મહારાજ' એટલું સ્પષ્ટ કરે છે.

**ટીકા :- 'સમય' શબ્દનો અર્થ આ પ્રમાણે છે : 'सम्' તો ઉપસર્ગ છે, તેનો અર્થ 'એકપણું' એવો છે;...**' એક સાથે. 'અને '**अय् गतौ**' ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે;...' '**अय् गतौ**' ગમન છે અને '**अय्**' એટલે જ્ઞાન છે. '**તેથી એકસાથે જ (યુગપદ્) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે તે સમય છે.**' જુઓ! ભાષા. ભગવાન આત્મા એક સમયે જાણે અને તે સમયે જાણવારૂપે પ્રગટે અને પરિણમે. જાણવાપણે થાય અને તે જાણવાપણે પરિણમે એવો બેય સમય આત્માનો છે. સમજાણું કાંઈ? એકસાથે જાણવું અને પરિણમન કરવું એ બે ક્રિયાઓ જેમાં હોય તે સમય છે. જડમાં નથી. જડમાં પરિણમન છે, જ્ઞાન નથી. જાણે છે, જાણે છે ઈ જ તે કાળે પરિણમે છે. જાણતો પરિણમે છે, પરિણમતો જાણે છે, જાણતો પરિણમે છે.

મુમુક્ષુ :-...

ઉત્તર :- ઈ બધા સાથે છે ને, એમ કહે છે. જાણવું અને પરિણમવું. ક્રિયા જાણવાની. નવું નવું જાણવું થાય ઈ પરિણમે અને તેને જાણતું પરિણમે. બીજા પદાર્થમાં એ ન હોય. ભગવાન આત્મા જ્ઞાનનું થવું એટલે જાણવું, જાણવું દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું આવે. પરિણમન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એનું પર્યાયમાં આવે. જાણવું એ જાણવાની પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જાણે. જાણવું અને પરિણમવું. પરિણમવું પર્યાયમાં છે. એકસાથે બધાને જાણવું અને પરિણમવું એવો ભાવ સમય-જીવમાં જ હોય છે. સમજાણું કાંઈ? રાગ ને વિકાર કરવું એવું સમયમાં છે જ નહિ, એમ કહે છે. એ તો જાણે અને પરિણમે એવા સમયને જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે...'** પરિણમે પણ છે. બીજું લેવું છે ને સાથે. **'અને જાણે પણ છે...'** સમજાણું? જાણતું જ્ઞાન, નવું નવું થતું જ્ઞાન, જાણતું સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતું, પોતાના આત્માને જાણતું અને પરિણમે છે. જાણવું અને થવું-પરિણમવું એ જીવમાં જ છે. જાણવું અને થવું-પરિણમવું એ જીવ સિવાય ચારમાં નથી, જડમાં નથી. જડમાં પરિણમવું છે, જાણવું નથી. આ વાતની વિશેષતા... ભગવાન આત્મા જાણવાપણે પરિણમે અને જાણવું એ કામ સાથે જ થાય. એવા જીવપદાર્થને અહીંયાં સમય કહેવામાં આવે છે.

**'આ જીવ પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી,...'** હવે આવ્યું. એ સદાય પરિણમનસ્વરૂપ જીવ પોતે. જુઓ! અન્યમતમાં આવું તત્ત્વ હોય નહિ. ભલે આત્મા આત્મા આત્મા કરે. તેથી **'जीवो'** શબ્દ પડ્યો છે પહેલો. **'जीवो'** એની વ્યાખ્યા સાત બોલે કરશે. **'जीवः'** **'जीवः'** એ જીવના સાત બોલ લેશે. આને જીવ કહેવો. સમજાણું કાંઈ? જે સદાય પરિણમનસ્વરૂપ (છે). ભગવાન આત્મા સદાય, જુઓ! પરિણમવા સ્વરૂપ એનું સ્વરૂપ છે. કોઈને લઈને પરિણમે એમ નથી. ક્યાંક કાળને સિદ્ધ કરવું હોય તો એમ કહેવાય કે કાળ ન હોય તો જીવ પરિણમે નહિ. પણ એ તો નિમિત્તને સાબિત કરવા વાત છે. પરિણમવું તો એનો પોતાનો સ્વભાવ છે, એમ કહે છે. કાળ હોય તો જ પરિણમે છે, એકનું હોવું એ બીજાના પરિણમનનું હોવું છે (એમ નથી). સમજાણું કાંઈ? સદાય પરિણમનસ્વરૂપ. સદાય શબ્દે કોઈ સમયે પરિણમન વિનાનો એ નથી.

મુમુક્ષુ :- થાકી ન જાય.

ઉત્તર :- એ તો કીધું છે ને. 'પ્રવચનસાર'માં કહ્યું નહિ? વિશ્રામ.. ત્યાં થાક નથી લાગતો. કેવળજ્ઞાનને થાક નથી, દુઃખ નથી. પરિણમવું એ તો એનું સ્વરૂપ જ છે. સમજાણું? ઈ આવે છે એક ગાથામાં. કઈ ગાથા? કેવળજ્ઞાનની વાત છે ત્યાં. કેવળજ્ઞાન થયા જ કરે. એક સમયમાં પરિણમ્યા કરે અને થયા કરે (તો) ખેદ નહિ થતો હોય? કહે છે, પરિણમન તો સ્વરૂપ છે, ત્યાં આનંદ છે. એક શબ્દમાં છે ક્યાંક ઈ. સુખરૂપ છે, ખેદ નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રોમાં તો બધું ઘણું ટૂંકે ટૂંકે ભર્યું હોય છે ને.

અહીં કહે છે, **'સદાય પરિણામસ્વરૂપ...'** જુઓ! પહેલો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ લીધો. આહાહા..! પેલાને ઉત્પાદ-વ્યય-ધ્રુવ શબ્દ ૩૨ સૂત્રમાં આવા પ્રશ્ન થાતા નથી. સાધુ ૨૨

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાષાનો જાણનાર. એવી ભાષા લડાવે. શું કહે છે? આ છ પુત્રો થયા ને? દેવકી. ભાષા ભૂલી ગયા. 'માતા શ્રીકૃષ્ણજીકી મુને તું જો સુણાવે રે..' છ-છ સાધુ જાય છે ને? બે-બે સાધુ. શ્રીકૃષ્ણ પહેલા થયા ને? છ સાધુ થયા છે. દેવકીને છ પુત્ર થયા ને? છ. પછી સંહાર, ઉપસંહાર થઈને બીજે લઈ ગયા હતા ને. ત્યાં ઉછર્યા હતા અને છએ જણા મુનિ થયા છે. આમ જુઓ તો કૃષ્ણના અવતાર જેવા મહાપુણ્ય! બે-બે સાધુ દેવકીને ત્યાં વ્હોરવા આવે. દેવકીના ઘરે. પહેલા આવી જાય છે, ત્યાં બીજા આવે છે પછી ત્રીજા આવે છે. મહારાજ! આ મારા કૃષ્ણની દ્વારિકામાં આપ એક જ ઘરે વારંવાર કેમ આવ્યા? કારણ કે આવડી મોટી નગરી (છે). મહારાજ! આપ તો મહાસંત છો. કહે છે, માતા શ્રીકૃષ્ણજીકી મુને તું જો સુણાવે રે... એ બોલતા હતા. લોકોને એમ ... તત્ત્વ શું છે એ તો વાત થઈ. લોકો રાજી રાજી. રાયચંદ ગાંધી પણ હતા. આહા..! શું છે પણ તમારે? એ તો વાતનું રૂપ છે એને દેશી રીતે બોલીએ તો લોકોને આહાહા..! થઈ જાય. પણ તત્ત્વ તો જો. પહેલું તત્ત્વ જોયા વિના એકલી ગાથા ગાય. ભાષા શું કામની ન્યાં? પેલા મુનિને પૂછે છે, પ્રભુ! તમે ફરીવાર કેમ આવ્યા? ત્યારે કહે છે, હે માતા! અમે ઈ ના ઈ નથી. અમે એક માના છ પુત્રો છીએ. એને કાંઈ આની ખબર નથી કે આ દેવકીના છે. બીજો ગયા હતા ખરા ને. અમે તો એક માતાના છ પુત્ર છીએ. ... ૩૨ રાણીઓ અમારે હતી. .. અમને વૈરાગ્ય થયો. છએ જણાં દીક્ષિત થયા છીએ. અમે .. પારણે બે-બે દિવસને આંતરે અમારો આહાર છે. છએ જણાં બે-બે જણા નીકળ્યા છીએ, પણ અમે તે નહિ, માતા! ત્યાં દેવકીને એમ થાય છે, અરે..! મારા કૃષ્ણ જેવો ત્રણ ખંડમાં કોઈ પુરુષ નહિ. આના જેવા પુત્ર લાગે છે. આ કોણ છે? શંકા પડે છે. શ્રીકૃષ્ણ જેવા છ લાગે છે. પોતાના પુત્ર છે, એને ખબર નથી. ભગવાન પાસે જાય છે. એમ આમાં તો આવે છે. દેવકી તારા પુત્ર છે. આમાં તો એમ આવે ને. વાણી કરે ને. અહીં તો ભગવાનની દિવ્યધ્વનિ હોય છે. આમ દેખીને સ્તનમાં દૂધ આવે છે. તારા પુત્ર છે, બીજે ઉછર્યા છે. પછી પગે લાગવા જાય છે. ઓહો..! ધન્ય અવતાર.. ધન્ય અવતાર! જનેતાને પણ તેં ઉજાળી. એમ કરીને પગે લાગે છે. આહાહા..! રતનના અવતાર જેવા. એકદમ ખુમારી ચડી છે. છેલ્લો ભવ છે, ચરમશરીર. બોલે પાઠ, પણ આત્મા તત્ત્વ શું છે? તત્ત્વદૃષ્ટિ જ્ઞાયકની પ્રગટી છે, એના સ્વરૂપમાં રમે છે એવા એ સંત છે. સમજાણું કાંઈ? એકલા એમ ને એમ માન્યું, દેવ-ગુરુ-શાસ્ત્ર આ માન્ય ને એમ માન્યા. એવું વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એના ધ્યેયમાં અંદર દૃષ્ટિમાં ભગવાન તરવરે છે અને જેની સ્થિરતામાં આનંદના છોળ ઊઠે છે. આનંદના છોળ. અતીન્દ્રિય આનંદની ભરતી પર્યાયમાં આવે છે. દરિયો ઉછળે ને જેમ પાણી આવે-ભરતી-બાઢ.. બાઢ, એમ પર્યાયમાં આનંદ (આવે છે). એ મુનિઓ ભીક્ષા માટે આવ્યા છે અને કૃષ્ણના પોતે જ સગા ભાઈઓ છે. એટલે એને શંકા પડી. ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પાસે ખુલાસો કરે છે. સમજાણું? પણ પહેલું આ જોવે. એ બધું આવડતું હોય, ભેગું આ બોલો. (સંવત) ૧૯૭૯ના જેઠ વદ-૩-૪ની આ વાત છે. પાંચમે તો .. ગયા હતા. ૧૯૭૯.

કીધું, ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ૩૨ સૂત્રમાં ક્યાં છે? શબ્દો ક્યાં છે એટલી જ વાત. એવા પ્રશ્નો તો અમારે ચાલતા નથી. ન ચાલતા હોય તો એનો અર્થ શું? કીધું. જુઓ! આ પહેલો બોલ આચાર્યે લીધો. 'અમૃતચંદ્રાચાર્ય'. '**जीवः**' પછી લેશે '**जीवः चरित्रदर्शनज्ञानस्थितः**'. '**આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવ...**' ઈ એનો સ્વભાવ છે, પરિણમન એનો સ્વભાવ છે. કોઈને લઈને પરિણમવું એવો સ્વભાવ નથી. '**સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં...**' પરિણમનસ્વરૂપ સ્વભાવમાં '**રહેલો હોવાથી,...**' જુઓ! કારણ આપ્યું. પંડિતજી! અહીં તો એક-એક શબ્દનું વાચ્ય જે હોય ઈ બરાબર આવવું જોઈએ ને. 'અમૃતચંદ્રાચાર્યે' તો ગજબ ટીકા કરી છે. મૂળ પાઠમાં છે ને? જુઓને! '**योऽयं नित्यमेव परिणामात्मनि स्वभावेऽवतिष्ठमानत्वादुत्पाद-व्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया**' લ્યો. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે. પુદ્ગલમાં પણ અનુભૂતિ ક્યાંક આવે છે ને? ભાઈ! પુદ્ગલમાં આવે છે. પુદ્ગલ અનુભૂતિ. અનુભૂતિ એટલે એ રૂપે થવું. અહીં તો જ્ઞાનના સહિતની અનુભૂતિ છે. પુદ્ગલમાં પણ બે, ચાર, પાંચ ભેગા થાય એને અનુભૂતિ કહી છે. એ રૂપે થવું. અહીં તો જ્ઞાનસહિત અનુભૂતિ છે.

'**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ...**' અનુભૂતિ એટલે અનુભવવું એમ અહીં નથી. અહીં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવનું એકરૂપે થવું. બસ એટલી વાત છે. સમજાણું કાંઈ? કહે છે, '**સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી,...**' વજન ક્યાં દેવું છે? '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ...**' ઉત્પાદ-નવી અવસ્થા ઊપજે, જૂની જાય અને ધ્રુવ (રહે). ત્રણનું થવું, ત્રણનું થવું. અનુભૂતિ-ત્રણનું થવું એવું '**જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.**' સમજાણું કાંઈ? નહિતર તો અહીં જ્ઞાનનો અનુભવ, ઈ અત્યારે કામ નથી. અહીં તો સત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. સત્ દ્રવ્ય લક્ષણં. સત્-છે એ દ્રવ્યનું લક્ષણ. સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણં. એ સિદ્ધ કર્યું પહેલું. સમજાણું કાંઈ? '**जीवः**' એમાંથી આ પહેલું ઉપાડ્યું આચાર્યે. આહા..! જે '**સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ...**' એટલે થવું. ત્રણનું થવું એવું '**જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.**' એવી સત્તાથી પોતે સહિત છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવની ત્રણની એકતારૂપ સત્તાથી સહિત છે. સમજાણું કાંઈ? આ જીવ એવો એમ પહેલામાં પહેલો સમય કહેવામાં આત્મા કહ્યો એમાં આત્મા આવો છે પહેલો, એ વાત એક શબ્દે સિદ્ધ કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૪, શુક્રવાર તા. ૫-૦૮-૧૯૬૬**
**ગાથા -૨. પ્રવચન-૮**

આ 'સમયસાર' શાસ્ત્ર છે. જીવ-અજીવ અધિકારની બીજી ગાથા ચાલે છે. સ્વસમય અને પરસમય કોને કહેવો એને માટે આ ગાથા છે. એટલે કે ધર્મ પરિણત જીવ કેવો હોય અને અધર્મ પરિણત જીવ કેવો હોય, એનું અહીં વર્ણન છે. સમજાણું કાંઈ? સ્વસમયની વાત છે ને? સ્વસમય અને પરસમય એ પરિણતની અપેક્ષાએ વાત છે. ધર્મરૂપે થયેલ આત્મા અને ધર્મરૂપે નહિ થયેલ આત્મા, એનું શું સ્વરૂપ છે? એમ વર્ણવતાં પહેલાં હજી તો સમય વર્ણવ્યો. સ્વસમય અને પરસમય પછી વર્ણવશે. પહેલો તો સમય વર્ણવ્યો, સમય. એ ટીકામાં પાછળ વચમાં છે. '**स समयः, समयत एकत्वेन युगपज्जानाति गच्छति**' શું કહે છે? કે સમય કોને કહેવો? પછી સ્વસમય અને પરસમય. પર્યાયનું વર્ણન-પરિણમન. નિર્મળ પર્યાયનું વર્ણન, હોં! પરિણમન તો આમાં સમયમાં સિદ્ધ કર્યું.

સમય એટલે, સમય એટલે અહીં જીવ લેવો છે. એક સમયમાં અય એટલે જાણે અને પરિણમે. '**गच्छति**' એમ છે ને? '**गच्छति**'. એક સમયમાં જાણે અને પરિણમે, '**गच्छति**' એટલે પરિણમે એને અહીં સમય કહીએ. તો એ સમય જીવ છે. બીજામાં એવું એક સમયે જાણવું અને પરિણમવું એવું નથી. પરિણમવું એવું બીજા જડમાં છે, પણ જાણવું એવું એક સમયમાં પરિણમવાને કાળે એ વસ્તુ બીજામાં નથી. એટલે પહેલો અર્થ સમયનો લીધો. સમય કેવો, એ આવ્યું ને? '**જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે.**' છે? ક્યાં છે? ઈ ત્યાં અગ્રેસર છે. 'પોરબંદર'માં. હમણાં આવ્યા છે. એ માટે તો સામે પુસ્તક રાખે છે. તમે ત્યાં વાંચનારા કેવી રીતે વાંચો છો ત્યાં? પાઠ ચાલે છે કાંઈ ને જ્યાં હોય ત્યાં.. પણ ક્યાં સુધારવું? આખું સમયસાર પડ્યું છે. અહીં સમજાણું કાંઈ?

આપણે અહીં ચાલે છે, '**चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**'. અને '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं**'. અધિકાર તો એ લેવો છે, ભાઈ! પણ એ પહેલાં 'અમૃતચંદ્રાચાર્યે' સમયનો અર્થ લીધો કે સમય કોને કહેવો. એક સમયમાં જાણે અને પરિણમે એને સમય કહેવો. એ તો સમય જીવ છે. ત્યાં સુધી સિદ્ધ કર્યું. '**આ જીવ-પદાર્થ કેવો છે?**' પહેલો બોલ. સાત બોલ ઉપાડશે. '**जीवः**' શબ્દ પહેલો પડ્યો છે ને. એ જીવના સાત બોલ ઉપાડશે. જીવ કોને કહેવો? સમય કોને કહેવો? ધર્મનો કરનાર કેમ છે? કોણ છે? ધર્મરૂપે પરિણમનાર કે અધર્મરૂપે પરિણમનાર એ જીવ છે કેવો? એટલે પહેલો જીવ શબ્દ ઉપાડ્યો છે. જીવના સાત બોલે જીવનું વર્ણન કરે છે. પહેલું આ જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી,...'** છે? કાઢો. એ શરીરમાં નાનો દેખાય છે. કેટલા વર્ષ છે ખબર છે તમને? એને કેટલા વર્ષ થયા હશે? ૮૧. એંસી ઉપર એક. શું છે જુઓ! **'આ જીવ-પદાર્થ કેવો છે?'** આ જીવ પદાર્થ. કેમકે સમય આને કહ્યો. સમ-અય. સમ્યક્ પ્રકારે ગમન અને જાણવું એ એમાં છે. એવો જે આ આત્મા. આત્મા ધર્મ કરનાર એની પર્યાયમાં પણ એનું સ્વરૂપ શું છે? ત્યારે કહે છે કે, પહેલું અસ્તિથી ઉપાડ્યું છે. છે એની વ્યાખ્યા હોય ને? છે ઈ. છે સત્. પેલામાં પણ લખશે-ભાવાર્થમાં પણ લખશે. સમજાય છે? પદાર્થ કેવો છે? **'જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.'** ઈ ભાવાર્થમાં લેશે. કારણ કે સત્ પદ પ્રરૂપણા ત્યાંથી શરૂ (કર્યું છે). 'અમૃતચંદ્રાચાર્યે' એ શરૂ કરી.

આત્મા છે. એ આત્મા છે. તો છે તો કેવો છે? કે **'સદાય પરિણામસ્વરૂપ...'** પોતે સદા બદલવાના સ્વરૂપ એવા સ્વભાવમાં રહેલો. ભાષા જુઓ! સમજાણું કાંઈ? એ પોતે સદા પરિણમનસ્વરૂપ એવો સ્વભાવ, એમાં રહેલો હોવાથી. ભાઈ! એમ લીધું. **'પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી...'** ભાષા તો જુઓ! **'પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી...'** આમ લીધું છે. ભાષા એમ છે ખરી ને. **'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण'**. એમ સ્થાપશે ને? ભગવાન આત્મા, એને સમય કહીએ કે જે સમય સદા એટલે ત્રણે કાળે પરિણમનસ્વરૂપ-બદલવાના સ્વરૂપ એવો જે સ્વભાવ. બદલવાના સ્વરૂપ એવો જે સ્વભાવ. એમાં રહેલો હોવાથી. ઓહો..હો..! ટીકા પણ 'અમૃતચંદ્રાચાર્યે'...!

**'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ...'** ઉત્પાદ સદા પરિણમન સ્વભાવમાં રહેલો હોવાથી એની નવી અવસ્થાની ઉત્પત્તિ, જૂનાનો વ્યય, સદશતાનું કાયમ રહેવું. જાતની ભાત કાયમ રહેવી. અને ઉત્પાદ-વ્યય. એ ત્રણેનો એક સમય, હોં! **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ...'** દેખો! પાછો સમય એક છે. સમજાણું કાંઈ? **'અનુભૂતિ...'** એટલે થવું. એકતારૂપનું રહેવું, થવું. પરિણમનસ્વભાવમાં રહેલો હોવાથી. એને ભાવમાં ખ્યાલ આવવો જોઈએ ને. એમ ને એમ વાંચે અને સમજે (એમ ન ચાલે). આ આત્મા પોતાના પરિણમનસ્વભાવરૂપ એવા સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ એટલે થવું. અનુભૂતિ એટલે અહીં અનુભવવું એમ અહીં નથી. થવું. ઉત્પાદ-વ્યય. નવી અવસ્થાએ ઊપજે, જૂની અવસ્થા બદલે અને ધ્રુવપણે રહે એવા પોતાના પરિણમનસ્વભાવમાં આ રીતે પોતે રહેલો ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતાવાળું સ્વરૂપ **'જેનું લક્ષણ છે...'** એવું જેનું લક્ષણ છે. કહો, સમજાય છે કાંઈ? **'એવી સત્તાથી સહિત છે...'** લ્યો, એ સિદ્ધ કર્યું.

દ્રવ્ય સત્ લક્ષણં. સત્-ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. પહેલેથી ઉપાડ્યું ન્યાંથી. ભગવાન આત્મા દ્રવ્ય છે તેથી હોવાવાળું એનું લક્ષણ છે. સત્ એનું લક્ષણ છે. સત્ લક્ષણ અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્ય તે લક્ષ છે. સત્ લક્ષણ અને દ્રવ્ય તે લક્ષ. દ્રવ્ય શું? આત્મા. અહીંયાં આત્માની વાત ચાલે છે ને. સત્ તે લક્ષણ છે, દ્રવ્ય તે લક્ષ છે. હવે ન્યાંથી. સત્ તે લક્ષણ છે. સત્તા લક્ષણ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે લક્ષણ છે અને સત્તા તે લક્ષ છે. એ સિદ્ધ કર્યું. આહાહા..! પોતાને કારણે આત્મા પોતામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવથી પરિણમતો પોતામાં એકરૂપે થઈને રહે છે. સદા આમ રહે છે, એમ કીધું ભાઈ! સદા-ત્રણે કાળ. નિગોદથી માંડીને સિદ્ધ.

મુમુક્ષુ :- ત્રણ કાળની સામે એકાંત...?

ઉત્તર :- ઈ અહીં વાત નથી. અહીં અત્યારે ચાલે એનું લ્યો ને. અહીં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેની વાત છે. હજી અભ્યાસ કરો હળવે હળવે. સમજાણું કાંઈ? પરમપારિણામિક એ તો એકલો ધ્રુવ સ્વભાવ. ઈ અહીં ક્યાં છે? ત્રણ બોલ ભેગા લીધા ને. ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતા સત્તા. સત્તા એટલે દ્રવ્યસત્તા-ધ્રુવસત્તા એ નહિ. સત્તા એને કહીએ કે જે ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી હોય. ઈ અત્યારે પેલો પરમપારિણામિક ક્યાં છે. ઈ નક્કી કર્યા પછીની વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતે સદા બદલવાના સ્વભાવમાં સ્વભાવમાં રહેલો હોવાથી. બદલવાના સ્વભાવમાં રહેલો હોવાથી. લ્યો, આ યાદ આવ્યું. એ..! તમારા શાસ્ત્રીએ કેટલું માંડ્યું હતું આમાં. કેટલા કાગળ લખેલા. આમ છે ને તેમ છે. અહીં તો પહેલે નંબરે કહે છે... અમારે એક શાસ્ત્રી હતા. અમરેલીવાળા છે. અહીં આવી ગયા હતા. ભણેલો, વાંચેલું ઘણું. પણ વેદિયા જેવું ઘણું. એક પરિણમન સ્વભાવમાં તો કેટલી વાતું! 'પંચાધ્યાયી'માંથી કેટલા લખાણ કરે. કીધું, દ્રવ્યનો પરિણમન સ્વભાવ છે. હવે, ફલાણાને લઈને પરિણમન છે એમ છે નહિ. જુઓ! આ પહેલે બોલે ઈ આવી ગયું.

મુમુક્ષુ :- એમાં અવિભાગ પ્રતિચ્છેદો..

ઉત્તર :- હવે લાખ અવિભાગ પ્રતિચ્છેદ ભલે એના હો. પણ એ પરિણમન સ્વભાવમાં રહેલું એવું આત્મતત્ત્વ તે પોતાથી ઉત્પાદ-વ્યય-ધ્રુવથી એકરૂપે રહેલું છે, થયેલું છે, હોય છે. આ તો યાદ આવ્યું. પહેલે જ ફેરે આવ્યું આ. આહાહા..! એવી સત્તા હોવાવાળા, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્તાથી તે આત્મા છે. આ રીતે ભાષા (છે). સમજાણું કાંઈ? ઓહોહો..! કોઈપણ શાસ્ત્રનો શબ્દ લ્યો તો એ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે છે, પરભાવથી નથી. એમ ત્રિકાળ સિદ્ધ કરે છે.

**'આ વિશેષણથી, જીવના સત્તા નહિ માનનાર...'** છે જ નહિ, એમ માને છે ને? જીવ છે જ નહિ. જીવ છે નહિ એમ કોણે નક્કી કર્યું? જીવ છે નહિ, એ કઈ સત્તામાં નક્કી કર્યું? એરણ હોય, એરણ. એરણ સમજ્યાને? સોનીની એરણ હોય ને? સોનીની લોઢાની એરણ હોય ને? એમાં ઘડેને. લોઢાની એને શું કહે છે? એરણ. એમાંથી દાગીના ઘડે છે ને? પણ હેઠે કોઈ આધાર છે કે નહિ? એમાં એ ઘડે છે કે આકાશમાં એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને એમ ઘડે છે? એમ કહે છે, કોઈ સત્તા છે કે નહિ? સમજાય છે? છે કે નહિ? જે નથી એમ કહે એ કોની હયાતીમાં નથી એવો નિર્ણય કર્યો? એ નથી કહે છો ત્યાં અસ્તિ છે. જે જ્ઞાનના હોવામાં, જે જ્ઞાનના હોવામાં હું નથી, એમ જે કહે છે ત્યાં હું છું એમ નક્કી થઈ જાય છે. 'શ્રીમદ્દે' એમ કહ્યું છે, હોં! 'ના ના નાસ્તિ વિચાર'. નાસ્તિ નાસ્તિ કરવા જ્યાં અસ્તિ થાય છે. તું ક્યાં જઈશ? એવું છે એમાં? 'કરી કલ્પના દૃઢ કરે, ના ના નાસ્તિ વિચાર, પણ તે અસ્તિ સૂચવે તે જ ખરો નિર્ધાર.' 'શ્રીમદ્દે' તો બહુ ટૂંકામાં ઘણું ઘણું કહેલું. નથી નથી કરવા જાય, જે ભૂમિકામાં નથી કરવા જાય ત્યાં અસ્તિ સિદ્ધ થઈ જાય છે. કહો, સમજાણું આમાં? કહો, આ તો બાળકને સમજાય એવી છે. આમાં કાંઈ એવી બહુ ઊંડી નથી. આહાહા..!

**'જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો...'** ભગવાન! તું છે ને. 'ઘટ પટ આદિ જાણ તું જેથી તેને માન, જાણનારને માન નહિ આ તે કેવું અજ્ઞાન?' સત્તા પહેલી સિદ્ધ કરે છે. છે એની વાત હોય. પછી ગુણ કેટલા, ફલાણું શું. છે એની વાત હોય કે ન હોય એની વાત હોય? આત્મા છે. જે એને નહિ માનનાર એનું ખંડન કર્યું. **'તથા પુરુષને (જીવને) અપરિણામી માનનાર...'** જીવ છે પણ કૂટસ્થ છે. કૂટસ્થ. શિખરની પેઠે. શિખર હોય ને ઈ આમ ઉપરથી હલે નહિ. પાણીમાં જેમ દ્રવે છે, આમ આમ દ્રવે છે એવું ઈ નથી માનતા. એવા **'માનનાર સાંખ્યવાદીઓ...'** સાંખ્યમતી એટલે કોઈપણ આ જાતના અભિપ્રાયવાળા હોય એનું ખંડન કર્યું.

મુમુક્ષુ :- જૈનમાં..

ઉત્તર :- જૈનમાં આવા મતવાળા હોય એનું પણ ખંડન કર્યું. નથી કહ્યું ત્યાં? સર્વવિશુદ્ધ અધિકારમાં. સાંખ્યમતના અભિપ્રાયવાળા અમારા શિષ્યો એમ કહે કે આત્મામાં પરને લઈને જ વિકાર (થાય છે), કર્મને લઈને જ વિકાર થાય છે. છે ને? સર્વવિશુદ્ધ અધિકાર. સમજાણું કાંઈ? સાંખ્યમતીઓના જેવા આશયવાળા શિષ્યો હોય એને કહીએ છીએ કે ભાઈ! એમ નથી. તારો વિકાર તારાથી થાય છે. પેલું આવે છે ને? જીવ સૂવાડે, જીવ જગાડે ને જીવ જ્ઞાન કરાવે, ઉઘાડ કરાવે. એમાં એ ગાથામાં ઈ છે ન્યાં. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં લખ્યું છે કે સાંખ્યમતિના અભિપ્રાય એ પોતે ... કરે છે. એવો પાઠ આવે છે ને? સાંખ્યમતીના આવા માન્યતાવાળા જૈનમાં હોય તેને પણ ખંડિત કર્યું. કર્મને લઈને, કર્મને લઈને. ભાઈ! કર્મ તો પરદ્રવ્ય છે. તારે લઈને તને થયું. નિમિત્ત હો, પણ વિકાર તેં કર્યો, જ્ઞાનનો ઉઘાડ તેં કર્યો, આવરણ પણ તેં કર્યું, ભાવ આવરણ તેં કર્યું ત્યારે પેલાને નિમિત્ત કહેવામાં આવ્યું.

એટલે કહે છે કે **'અપરિણામી માનનાર...'** નથી બદલતો આત્મા, નથી પલટતો આત્મા એમ માનનારનો વ્યવચ્છેદ કર્યો. એમ નથી. તું વાત કરે છે એમાં પરિણમે છે કે નહિ ક્ષણે ક્ષણે? જુઓને! જુદા જુદા જુદા ભાવો પરિણમે છે કે નહિ? અને ઈનો ઈ રહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે **નહિ**? આમ હોય, આમ હોય, આમ હોય એમ કહેવામાં પરિણમન છે. અને પરિણમન પાછું એમ હોય એમ લંબાય છે તો ધ્રુવ પણ છે. સમજાય છે કાંઈ? એમ પરિણમનમાં આમ હોય એમ કરતો જાય ત્યાં પહેલું બદલતું જાય છે, નવું થતું જાય, બદલતું જાય. વસ્તુ એની એ રહે છે. '**પરિણમનસ્વભાવ કહેવાથી થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે...**' એકલી નિત્ય જ છે. એનું પણ ખંડન (થયું). '**અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું.**' એક બોલ થયો.

બીજો બોલ. '**વળી જીવ કેવો છે?**' જીવ. બસ, એક '**જીવ**'. એક શબ્દના સાત અર્થ કરે છે. કેવો છે તે જીવ? '**ચૈતન્યસ્વરૂપપણાથી...**' ચૈતન્યસ્વરૂપ જાણવું-દેખવું એવું ચૈતન્યસ્વરૂપ. કેમકે જીવ છે એ ચેતન છે અને આ ચૈતન્યસ્વરૂપપણાથી '**નિત્ય-ઉદ્યોતરૂપ...**' છે. નિત્ય-ઉદ્યોતરૂપ છે. કાયમ પ્રકાશ પ્રકાશરૂપ છે. '**નિર્મળ સ્પષ્ટ...**' પાછું. નિર્મળ સ્પષ્ટ. નિર્મળ અને પ્રત્યક્ષ. '**દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે...**' કહો, સમજાણું કાંઈ? ચૈતન્યસ્વરૂપપણાથી, જાણવા-દેખવાના સ્વરૂપપણાને લઈને નિત્ય ઉદ્યોતરૂપ છે. નિર્મળ અને સ્પષ્ટ પ્રત્યક્ષ '**દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે...**' એવો એ આત્મા એને અહીં જીવ કહેવામાં આવે છે. પછી એ જીવનું પરિણમન. પરિણમે તો છે પણ સ્વલક્ષે પરિણમે તો દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત એવો ધર્મ કહેવાય. પરલક્ષે પરિણમે તો તે પરસમય એવો મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

વળી, ઈ આવી ગયું મગજમાં. પેલું આવે છે ને? ભાઈ! સ્વસમય પરસમય લીધું છે ને 'રયણસાર'માં? એમ કે બહિરાત્મા અને અંતરાત્મા પરસમય છે અને પરમાત્મા સ્વસમય છે. ઈ ત્યાં બીજી વાત છે, અહીં બીજી વાત છે. અહીં તો મિથ્યાદૃષ્ટિને જ પરસમય કીધો છે. એ તો સૂક્ષ્મની વાત ત્યાં લીધી છે. એટલે કેટલાક એમ કહે છે કે જુઓ! સ્વસમય તો તેરમે ગુણસ્થાને થાય. એમ આવે છે છાપામાં. કેવળીને સ્વસમય હોય. નીચે તો હજી બધાને પરસમય હોય. અહીં તો કહે છે, પરસમય મિથ્યાદૃષ્ટિને હોય. સમજાણું? અને સમ્યગ્દૃષ્ટિને સ્વસમય હોય. એમ બીજી ગાથાથી તો ઉપાડેલી વાત છે. અરે..! પણ કોઈ શાંતિથી ધીરેથી મેળ કરતા નથી અને શાંતિથી; પોતાનો પક્ષ રાખીને નહિ, વસ્તુ કેમ છે, સત્ય કેમ છે એને શોધવા માટે જો જોવે તો એને સત્ય મળી જ રહે. શોધકને સત્ય ન મળે એમ હોઈ શકે નહિ.

કહે છે, ભગવાન આત્મા '**ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે.**' એથી નિત્ય દર્શન-જ્ઞાનસ્વરૂપે બિરાજમાન ભગવાન છે. '**આ વિશેષણથી,...**' જુઓ! આ દર્શનજ્ઞાનસ્વરૂપને જ ખાસ લીધું છે. સમજાણું કે નહિ? બીજા ભલે અનંતા ગુણો છે પણ ચૈતન્ય લીધો. ચેતન એવો આત્મા, એનું એકલું ચૈતન્ય ઉપયોગમય. ઈ દર્શન અને જ્ઞાન સ્વરૂપ. ખરેખર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ જ આખી વસ્તુ છે. દર્શન, જ્ઞાન. ભલે એમાં વ્યાપક પછી અનંતા ગુણો છે. પણ દેખવું-જાણવું જે ખાસ ઉપયોગ તે ખરું ચેતન છે. સમજાણું? તેથી સપ્તભંગીમાં એ દર્શન જ્ઞાન ઉપયોગને જીવ લીધો છે. ચેતન. અને પેલો અચેતન. બીજા બધા એક ન્યાયે અજીવ લીધા છે. સપ્તભંગી લીધી ત્યાં, સપ્તભંગી. તરંગિણીમાં. આ તેથી ઉપાડ્યું.

ચૈતન્યનું સર્વસ્વ જાણવું-દેખવું એ એનું સ્વરૂપ છે, એ એનું પરિણમન છે. એ એ રીતે પરિણમી રહ્યો છે. પછી માને ન માને, રાગને પોતાનો માને ઈ પ્રશ્ન પછી. પણ એનું સ્વરૂપ તો જાણવા-દેખવાના ચૈતન્ય સ્વભાવરૂપે આત્માનું એટલે જીવનું એટલે ચેતનનું ચૈતન્યપણે પરિણમવું જ્ઞાન-દર્શનરૂપે થઈ રહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર...'** જાણવું નહિ, જાણવું નહિ, જ્ઞાનની પર્યાય નહિ. જાણવું પર્યાય થાય તો દોષ છે. ભુંસાડી નાખો. સમજાણું? એવા **'સાંખ્યમતી...'** અથવા એવા અભિપ્રાયવાળા. **'જ્ઞાનાકારસ્વરૂપ...'** ભગવાન આત્મા જ્ઞાનના પરિણમનરૂપે પરિણમે છે. પર્યાય છે. જ્ઞાન અંધ થઈ જાય, જ્ઞાન ચાલ્યું જાય તો મોક્ષ થાય એમ કેટલાક કહેનાર છે. પણ એનો સ્વભાવ જ છે એમાં જાય ક્યાં? જ્ઞાનાકારે પરિણમવું, સ્વભાવમાં થવું એ તો એનું સ્વરૂપ છે, ચૈતન્ય એનું સ્વરૂપ છે, ચેતનનું ચૈતન્ય એનું સ્વરૂપ છે. એ સ્વરૂપ જાય ક્યાં? કહે છે ને એ લોકો? દીવો ઓલવાઈ જાય ત્યારે દીવાની મશ હોય ને? મશ. દીવામાં શું કહે છે? પેલી કાળી મશ નથી નીકળતી? કાજલ. કાજલનો નાશ કરવો હોય તો દીવાનો પણ નાશ કરવો પડે. એમ કહે છે કે મેલનો નાશ કરવો હોય તો જ્ઞાનાકાર પરિણમે છે એનો નાશ કરવો પડે. પણ એમ ક્યાં નાશ થાય? સાંભળ તો ખરો. જાણવાનું પરિણમન એ તો સદાય તેનો સ્વભાવ છે. આહાહા..! આ આત્મા કહીએ એને. જડનું જડમાં રહ્યું. આ વાણી જડ માટી એ તો એનામાં રહી. તારે ને એને શું સંબંધ છે? કર્મનું કર્મમાં રહ્યું. ઈ જડમાં એનું પરિણમન અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સત્ એનામાં છે.

અહીં તો કહે છે, ખરેખર... પહેલી સત્તા ઉપાડી. પછી સત્તાથી આ ચેતનનું ચૈતન્યપણું ઉપાડ્યું. ઈ ચૈતન્યપણું છે તેનું જ્ઞાનાકાર દર્શનાકાર પરિણમન (થાય છે). દર્શનમાં તો સામાન્યપણું આવે. આ વિશેષપણું-જાણવું એ શું? વિશેષપણું એ તો ઉપાધિ થઈ. આટલું બધું જાણે? વિશેષપણું પરિણમવું એ તો એનો સ્વતઃ સ્વભાવ છે. પેલું કાઢ્યું હતું, હોં! ભાઈ! 'પંચાસ્તિકાય'નું નહિ? ખેદ નથી. એ ૬૦મી ગાથા. 'પંચાસ્તિકાય'ની ૬૦મી. કેવળીનું પરિણમન છે પણ ખેદ નથી. 'પ્રવચનસાર'ની. ઈ 'પ્રવચનસાર'ની. પણ તે દિ' પેલી ગાથા કીધી. ૬૦મી તે દિ' નહોતી આવી. ૬૦મી છે. છે ને ઈ? જુઓ!

**जं केवलं ति णाणं तं सोक्खं परिणमं च सो चेव।**
**खेदो तस्स ण भणिदो जम्हा घादी खयं जादा।।६०।।**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘાતિકર્મનો ક્ષય થયો એટલે પરિણમવું એ ખેદ નથી. પરિણમવું એ દુઃખ નથી એમ સિદ્ધ કરવું છે. એ પ્રશ્ન આપણે બે દિવસ પહેલા આવ્યો હતો ને? ખેદ નથી. પરિણમન એનો સ્વભાવ (છે). કેવળજ્ઞાન પણ પરિણમન છે. તો (કોઈ) કહે, કેવળજ્ઞાન અને સુખ એ રીતે પરિણમે છે ને. હજી પરિણમનની લપ લાગી? પણ પરિણમન તો સ્વભાવ છે. એ પરિણમન દુઃખરૂપ નથી, ખેદ નથી. છે ને? '**खेदो तस्स ण भणिदो**'. પલટે માટે ખેદ છે, કેવળજ્ઞાનની પર્યાય પૂર્ણાનંદ પ્રભુ સાથે પરિણમે છે (એ) ખેદ નથી. એ તો એનું સ્વરૂપ સ્વતઃ સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યયપણે પરિણમવું (એ એનો સ્વભાવ છે).

મુમુક્ષુ :- ખેદને બદલે આનંદ છે.

ઉત્તર :- હા, કેવળ એટલે શું! એમ કે પૂરી પર્યાયને પણ હજી પરિણમવું રહી ગયું? બદલવું? બદલવું, એ બદલવું એ તો ખેદ છે. ભાઈ! તને ખબર નથી. પલટવું એ તો સ્વતઃ સ્ભાવ આનંદ સહિત પલટે છે. સમજાણું કાંઈ? કારણ કે કેવળજ્ઞાન પર્યાય છે ને, કાંઈ ગુણ નથી. કેવળજ્ઞાન ગુણ નથી. કેવળજ્ઞાન પર્યાય છે. ગુણ તો આત્માનો ત્રિકાળ જ્ઞાન છે. ત્યારે કોઈ કહે, આ પર્યાય પરિણમે, પરિણમે, પરિણમે થાક નહિ લાગતો હોય કોઈ દિ'? પણ પરિણમવું તો એનો આનંદ સહિતનો સ્વભાવ છે. તેથી ૬૦મી ગાથામાં (કહ્યું), '**जं केवलं ति णाणं तं सोक्खं परिणमं च सो चेव।**' એ આનંદપણું એ જ એનું પરિણમન છે. '**खेदो तस्स ण भणिदो जम्हा घादी**' નિમિત્તરૂપ છે એ તો નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? એટલે અહીંયા કહે છે, ચૈતન્યનું જે પરિણમન છે, જુઓ! આ જ્ઞાનદર્શનસ્વરૂપ, એ પરિણમન એ એનું સ્વરૂપ જ છે, ખેદ નથી, દુઃખ નથી. એ તો પરસમયમાં પરિણમે તો એ દુઃખ છે. બાકી પરિણમવું એ તો ચેતનનું, ચૈતન્યસ્વરૂપનું થવું, પરિણમવું એ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અરે..! આ વાત કેવી? આ તો હજી એને જીવ કેવો છે એમ સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ સમજ્યા વિના? એની દૃષ્ટિ થાય, અનુભવ થયો પછી સ્થિર થવાનું આવે. ... લેશે. આચાર્ય પોતે ચારિત્રવંત હતા ને! અને પણ છતાં આચાર્ય પોતે ચારિત્રવંત હતા ત્યાંથી ઉપાડ્યું છે. '**चरित्तदंसणणाणठिदो**'. પોતાથી ઉપાડ્યું છે ને છઠે? છઠી ગાથામાં પણ ઉપાડ્યું ને? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. ત્યાંથી ઉપાડ્યું છે. '**ण वि होदि**' સજોગી અજોગી એમ નથી ઉપાડ્યું. '**ण वि होदि**' અસંજત-સંજત એમ નથી લીધું. કારણ કે એની ભૂમિકામાંથી ઉપાડ્યું છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. કારણ કે પ્રમત્ત-અપ્રમત્ત ભૂમિકામાં છે એનો નિષેધ કરે છે, જ્ઞાયક છું. જ્યાં છે ત્યાંથી નકાર કરે છે. સમજાણું કાંઈ? ઈ આચાર્યે પોતે પોતાના હૃદયની જ વાત આખી મૂકી છે.

અહીં પણ '**चरित्तदंसणणाणठिदो**' શબ્દ મૂક્યો છે. નહિતર દર્શન, જ્ઞાન અને ચારિત્ર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહેવાય. એ તો મેળવણી માટે-પદ માટે શબ્દ છે. બાકી તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર એમ છે. આ તો મેળવવા. પદ છે ને એટલે. કારણ કે પોતે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં છે (એટલે) ત્યાંથી જ ઉપડીને વાત કરી છે. કહે છે, એ ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ પરિણમન નહિ માનનાર સાંખ્યમતીઓ (કહે છે), પલટવું? અરર..! હજી બદલવું રહે? અમારે પણ બદલવું અને સિદ્ધને પણ બદલવું. એમ કેટલાક કહે છે. હજી એને બદલવું? ભાઈ! બદલવું તો એનું સ્વરૂપ છે. સ્વરૂપ ક્યાં જાય? આહાહા..! સ્વરૂપનો નાશ થાય? કાયમ ટકીને પલટવું, બદલવું એ ચૈતન્ય પોતાના સ્વરૂપમાં એ રીતે છે. છે એને તું નકાર શી રીતે કરીશ? સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યની ઘણી ગંભીરતા છે. પરિણમન પરિણમન છે ને, બાપુ! ચેતનનું ચૈતન્યરૂપ એકલું ફૂટસ્થ નથી. એ ચેતન એનું ચૈતન્ય દર્શન, જ્ઞાનચેતના એનું (સ્વરૂપ) એકલું ફૂટસ્થ નથી. પરિણમે છે, પરિણમે છે. સદાય પરિણમે છે. સમજાણું? એને અહીંયાં જીવ કહેવામાં આવે છે. પર્યાયની વાત પછી લેશે. સત્ય પર્યાય અને અસત્ય પર્યાય એ પછી લેશે. એ બે બોલ થયા. બે બોલ થયા. પહેલો થયો સત્તાનો, બીજો થયો ચેતનના ચૈતન્યના પરિણમનનો. જાણવા-દેખવાનો એનો સ્વભાવ એ રૂપે પરિણમવું એ જીવ છે.

**'વળી તે કેવો છે?'** સમજાણું કાંઈ? **'અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે.'** શું કહે છે? કેવો છે ભગવાન આત્મા? અનંત ધર્મો છે એમાં, અનંત ગુણો છે એમાં. અહીં ધર્મ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? નહિતર ગુણો લેવા છે. પણ શબ્દ ધર્મ વાપર્યો છે. **'અનંત ધર્મોમાં...'** ભગવાન આત્મા બેહદ સંખ્યાવાળા અનંતાનંત ગુણોમાં રહેલું.. જોયું! અનંત ગુણોમાં રહેલું. ભાઈ! આત્મામાં ગુણ રહેલા એમ અહીં નથી લેવું.

મુમુક્ષુ :- દ્રવ્યમાં ગુણ છે એમ નથી.

ઉત્તર :- એમ નથી. આખી શૈલી.. અહીં પાઠમાં એમ ઉપાડ્યું છે ને? **'जीवो चरित्तदंसणणाणठिदो'**. દર્શન, જ્ઞાન, ચારિત્ર દ્રવ્યને આશ્રયે આધાર કરીને પ્રગટ્યા એમ નહિ લેતાં, જીવ આમાં સ્થિત થાય તો સમય છે અને એમાં ન સ્થિત થાય અને પુદ્ગલકર્મમાં એટલે રાગ-દ્વેષમાં સ્થિત થાય તો પરસમય છે. આમ ગુલાંટ મારીને વાત કરી છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા.. અંદર વસ્તુ એક એક આત્મા, હોં! એક એક જીવ અનંત ગુણોમાં રહેલું જે એક ધર્મીપણું, અનંત ગુણોમાં રહેલું એક ગુણીપણું. ધર્મ કેમ લીધા છે? પેલા ધારી રાખે છે ને? ધારી રાખે છે એ અપેક્ષાએ એને ધર્મ શબ્દથી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ગુણ-પર્યાય વિશેષણ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- હા, ઈ. પછી કહેશે, પછી આવશે હજી. આ તો હજી ફક્ત દ્રવ્ય પૂરતું સિદ્ધ કરે છે. અહીં તો હજી દ્રવ્યને સિદ્ધ કરે છે, ભાઈ! હજી તો જીવને સિદ્ધ કરે છે, પેલું પછી આવશે. હજી તો ત્રીજા બોલમાં પહેલા દ્રવ્યને સિદ્ધ કરે છે. ગુણ-પર્યાય પછી સિદ્ધ કરશે. ઈ પછી. ઈ દ્રવ્ય સિદ્ધ કરવા માટે. ઈ ચોથો બોલ આવશે. ઈ પછી ચોથો. આ તો ત્રીજામાં તો કેવો છે ભગવાન આત્મા? પહેલી સત્તા સિદ્ધ કરી, પછી સિદ્ધ કર્યું જ્ઞાન, દર્શન પરિણમન, પછી સિદ્ધ કર્યું દ્રવ્ય. ઈ અનંત ગુણોમાં રહેલું એક દ્રવ્યપણું. વસ્તુ એક છે. અનંત ગુણમાં રહેલું માટે અનંતા દ્રવ્ય છે એમ નથી. અનંતા પદાર્થ છે એમ નથી. અનંતા ગુણોમાં રહેલું એકરૂપ દ્રવ્ય છે એ અહીં સિદ્ધ કરવું છે. ગુણ-પર્યાયની વાત પછી ચોથા બોલમાં. સમજાણું કાંઈ? પણ આ દ્રવ્ય સિદ્ધ થયા પછી ઈ વાત આવે ને. ક્રમસર વાત લીધી છે.

સત્તા ચૈતન્ય અનંત ધર્મમાં રહેલું દ્રવ્ય. પછી એ દ્રવ્ય ગુણ-પર્યાયવાળું, ક્રમ-અક્રમવાળું. સમજાણું આમાં? આ તો ભાઈ! આધ્યાત્મિક શાસ્ત્ર છે ને. એક એક શબ્દમાં.. અને 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા ન ભૂતો ન ભવિષ્યતિ. અત્યારે ભરતક્ષેત્રમાં તો આવી કોઈ ટીકા છે નહિ. સમજાણું કાંઈ? વસ્તુને આમ સિદ્ધ કરીને સામાન્ય શબ્દોમાં આખી ચીજને બતાવે છે કે આ વસ્તુ છે. અને એમાં અનેક ન્યાયો ભેગા આવી જાય એવી આ શૈલી છે.

કહે છે, ભગવાન આ આત્મા.. અનંત ગુણો સિદ્ધ કર્યા. પેલાં એકલું લીધું હતું, જ્ઞાન-દર્શન બે લીધા હતા. ચૈતન્ય. પેલામાં-બીજામાં તો બે લીધા હતા. ફક્ત ચૈતન્ય.

મુમુક્ષુ :- પહેલામાં એક લીધો હતો, સત્તા લીધી.

ઉત્તર :- એ સત્તા લીધી. આમાં લીધા બે, આમાં લીધા અનંત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ચિત્ સત્તા નહિ. ચૈતન્યપણું. ચૈતન્યપણું એટલું ત્યાં લીધું. એ ચૈતન્યપણું. હવે બે ગુણો લીધા-જ્ઞાન, દર્શન. હવે અનંત ગુણમાં રહેલું એક દ્રવ્યપણું. સમજાણું કાંઈ? એ ન સમજાય એમ ન રાખવું, હોં! બૈરા કેટલાક એમ કહે. અમારા ગોદાવરીબહેન કહે, એ.. નટુભાઈ! ન સમજાય એમ ન રાખવું કે અમને ન સમજાય, આવું ક્યાં માંડ્યું? સમજાય એવું જ અહીં કહેવાય છે. પણ જરીક એણે ધ્યાન રાખવું. એ.. નટુભાઈ! આત્મા આમ છે, વસ્તુ આમ છે, એમાં અનંત ગુણો છે. એ અનંત ગુણોમાં રહેલું દ્રવ્ય એક છે. એમાં રહેલું, જોયું! ભાષા કેવી છે! મૂળ પાઠ લીધો છે ને, એટલે એને આધારે શબ્દો જ એવા કાઢ્યા છે. પાઠ આમ લીધો છે ને. '**जीवो चरित्तदंसणणाणठिदो**'. એને સ્વસમય જાણ. એટલે આખી શૈલી આચાર્યે 'કુંદકુંદાચાર્ય'ની છે તે જાળવી રાખીને કરી છે. સમજાણું કાંઈ? કેટલા ગુણો આત્મામાં છે? હવે એ ગુણોમાં રહેલી વસ્તુ કેટલી છે? એક પોતે વસ્તુ. અનંતા ગુણોમાં રહેલું એક તત્ત્વ છે, દ્રવ્ય એક છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'જે એક ધર્મીપણું...'** ધર્મી એટલે ઓલા ધર્મોનો ધરનાર ધર્મીપણું. **'તેને લીધે જેને...'** જોયું! **'અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે...'** તેને લીધે જેને, જેને એટલે આખા જીવને **'દ્રવ્યપણું પ્રગટ છે...'** સમજાણું કાંઈ? **'(કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે).'** જુઓ! એ ઠીક કર્યું છે. અનંત ગુણની એકતા તે દ્રવ્ય છે. અનંત ગુણની પૃથકતા પૃથકતા તે દ્રવ્ય છે, એમ નથી. અનંત ગુણ પૃથક પૃથક તો ગુણમાં જાય છે. અનંત ગુણની એકતા તે દ્રવ્ય છે. દ્રવ્ય એટલે શું હશે? પૈસા? દ્રવ્ય એટલે આ વસ્તુ. અહીંયાં અત્યારે તો આત્માની વાત ચાલે છે, અત્યારે ક્યાં પૈસાની વાત ચાલે છે. દ્રવ્યદૃષ્ટિ તે.. છે ને? 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ'. મોટો ચાકળો છે સામે, જુઓ! પછી એક જણે પૂછ્યું હતું કે મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. પૈસાવાળો સમ્યગ્દૃષ્ટિ ક્યાંથી આવ્યો અહીં? કહો, હવે. આવા ને આવા. જૈન હતા. તે દિ' તો અહીં નહોતું, તે દિ' અહીં હતા. સામે બેઠો હતો. ઘણાં વર્ષ થઈ ગયા, વીસ વર્ષ થઈ ગયા. આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ, અહીં પૈસાવાળા બહુ આવે અને અહીંની આબરૂ મોટી ખરીને પૈસાવાળાની. આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ? તમે જૈનમાં જન્મ્યા, તમને કાંઈ ખબર ન મળે. દ્રવ્યદૃષ્ટિ એટલે આ આત્મા અનંત ગુણનો ધરનાર દ્રવ્ય, એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દૃષ્ટિ છે. અહીં તમારા પૈસા-ફૈસાની ક્યાં વાત છે. ન્યાલભાઈ! બધું આવું જ પોકળ રાખ્યું છે બધાએ, હોં! થાનના હતા. બાપુ! તમે જૈનમાં જન્મ્યા એને દ્રવ્ય એટલે શું કહીએ? દ્રવ્ય તો છએ દ્રવ્ય છે. અહીં તો ચૈતન્ય દ્રવ્યની વાત છે. ભગવાન આત્મા.. અનંત ગુણોની સિદ્ધિ કરી અને એમાં રહેલું એકપણું, કારણ કે અનંતમાં રહેલું એકપણું તેને દ્રવ્ય-વસ્તુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતી...'** બૌદ્ધમતી ધર્મ-બર્મ માનતા નથી. કારણ કે એ તો એક ક્ષણિક માનનાર. સ્વભાવને માને નહિ. ત્રણ થયા. હવે એના અનંત ગુણમાં રહેલું એકપણું એના હવે ગુણો અને પર્યાયની વ્યાખ્યા કરે છે. ચૈતન્યનું પહેલું લીધું. પછી સત્તા લીધી, પછી ચૈતન્ય લીધું, પછી અનંત ધર્મ લીધા, હવે એના ગુણ-પર્યાય લે છે. કેવો છે ભગવાન આત્મા? **'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો...'** ક્રમરૂપ પ્રવર્તતી પર્યાય, અક્રમરૂપ પ્રવર્તતા ગુણો. આ વસ્તુનું સ્વરૂપ જ છે.

મુમુક્ષુ :- આ ક્રમ અક્રમ.

ઉત્તર :- એ ક્રમ ક્યાં.. પર્યાયને ક્રમવર્તી કીધી એનો અર્થ જ એ છે, ભાઈ! ક્રમ એટલે પગ છે. ક્રમનો અર્થ પગ. પંડિતજી! પગ હોય ને? એ પાદવિક્ષેપ. એ 'પંચાધ્યાયી'માં લીધું છે. ક્રમનો અર્થ પગ ભક્તામરમાં આવે છે. જ્યાં પેલો સિંહ હરણને પકડે છે. પોતાના પગ ક્રમમાં પકડે છે. ક્રમે એટલે પગમાં પકડે છે, પેલા હરણને. ભક્તામરમાં આવે છે. એમાંથી પણ એમ કે જો ભગવાનનું સ્મરણ કરે તો છૂટી જાય. સિંહની દોટમાં આવેલો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવું આવે છે ને? સિંહની દોટમાં આવેલું હરણ પણ જો આ ભગવાનનું સ્મરણ કરે તો છૂટી જાય. દોટમાં પેલો પગમાં પકડેલો એમ કહે છે.

અહીં કહે છે, ક્રમરૂપ. આત્મામાં જે અવસ્થા થાય છે, દશા થાય છે એ ક્રમરૂપ છે. એ ક્રમરૂપમાં જ આખી વાત આવી ગઈ. ભલે ક્રમબદ્ધ તો પછી આપણે ત્યાં સ્પષ્ટતા માટે ત્યાં સર્વવિશુદ્ધ (અધિકારમાં) કર્યું છે. શુદ્ધજ્ઞાન અધિકાર છે, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર કહો કે સર્વજ્ઞ સ્વભાવે જાણનાર-દેખનાર આમ છે એમ કહો, એવો તું સર્વજ્ઞસ્વભાવ છો. જાણવા-દેખવાના સ્વભાવવાળું તત્ત્વ છો. એ જાણવા-દેખનાર જે કંઈ ક્રમે પર્યાય થાય એને જાણે, અક્રમે તો ગુણ છે એને જાણે. જાણનાર જાણે. એને કાંઈ કરવું કે ફેરવવું એવું કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? કરવું એ જ્ઞાન કરવું એ એનું કામ છે. એ વાતને સ્પષ્ટ ક્યાં કરી? અહીં તો પહેલેથી ઉપાડ્યું. ક્રમવર્તી તે પર્યાય, અક્રમવર્તી તે ગુણ. બીજી ભાષાએ સહવર્તી તે ગુણ, ક્રમવર્તી તે પર્યાય. અહીં આ શબ્દ ખાસ સિદ્ધ કર્યો છે. ખાસ સિદ્ધ કર્યો છે આચાર્ય મહારાજે.

'**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો...**' જોયું! એ અસ્તિપણે છે. આત્મામાં ક્રમે ક્રમે પ્રવર્તતી પર્યાયો પણ ભાવ છે, એને ભાવ કીધા અને અનેક અક્રમરૂપે પ્રવર્તતા એ પણ ભાવ કહ્યા, બેયને ભાવ કહ્યા. છે કે નહિ? '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો...**' ગુણો પણ અક્રમે અનેક છે અને પર્યાયો પણ અનેક ક્રમે ક્રમે એક સમયે પણ અનંત છે. પર્યાય એક સમયે પણ અનંત છે. અને ક્રમે ક્રમે પ્રવર્તતી અનંત છે એમ ને એમ. અનંત ગુણની પર્યાય. '**જેનો સ્વભાવ હોવાથી ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો...**' કેટલાક ભાવમાં તકરાર કરે, લ્યો. ભાવ તો ભાવને કહેવાય. પણ પર્યાયને ભાવ કહેવાય, ગુણને ભાવ કહેવાય, આ દ્રવ્યને ભાવ કહેવાય, શું કહેવું છે તારે? '**नमः समयसाराय चित्स्वभावाय भावाय**'. લ્યો, એ '**भावाय**' દ્રવ્યને કીધું છે. '**चित्स्वभावाय**' ગુણને લીધું છે. સમજાણું? અહીં પર્યાય અને ગુણ બેયને '**भावाय**' કીધું છે. જ્યાં જેને સિદ્ધ કરવું હોય એ શબ્દ હોય.

કહે છે કે કેવો છે જીવ? આ એક જીવ શબ્દનો અર્થ ઉપાડે છે હજી તો. બીજી ગાથા શરૂ કરતાં. પહેલી (ગાથામાં) તો નમસ્કાર વંદન કર્યું છે. વંદન કરીને હવે હું સમયસાર એટલે આત્મા અને જીવ અજીવ આખો ભેગો અધિકાર લીધો છે ને, જીવ આવો હોય. એ જીવમાં પછી સ્વસમયની પર્યાય કઈ રીતે હોય અને પરસમયની પર્યાય કેવી રીતે હોય એ પછી કહેશું. પહેલા આ વસ્તુને સિદ્ધ કરીને.

ક્રમે પ્રવર્તતા અને અક્રમે પ્રવર્તતા. એ પ્રવર્તતા કીધું, ભાઈ! શું કીધું? ક્રમે પ્રવર્તતા અને અક્રમે પ્રવર્તતા. વર્તતા.. વર્તતા. વર્તેલા છે ને? છે કે નહિ એમાં? આમ ચાલુ છે ને? અનંત ભાવો આમ કાયમ છે. આત્મામાં ગુણરૂપ અનંત ભાવો કાયમ છે. પર્યાયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્રમે ક્રમે કાયમ છે. એટલે કહે છે, '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા...**' બેય, હોં! ક્રમરૂપે પ્રવર્તતા અને અક્રમરૂપે પણ પ્રવર્તતા '**અનેક ભાવો...**' એ ક્રમ અને અક્રમ બેયને લાગુ પડે છે. '**જેનો સ્વભાવ હોવાથી...**' એ તો એનો સ્વભાવ છે. સ્વભાવ હોવાથી, આ કારણ મૂક્યું. '**સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.**' ભાષા જુઓ! શું છે અંદરમાં? '**उत्सङ्गितगुणपर्यायः**'. અંગીકાર કર્યા છે. નવા કર્યા હશે? પકડ્યા હશે? '**उत्सङ्गितगुणपर्यायः**' ભગવાન આત્મા ક્રમે પ્રવર્તતી પર્યાયો એને અંગીકાર કરી છે અને અક્રમે પ્રવર્તતા ગુણો તેને અંગીકાર કર્યા છે. અંગીકાર એણે કરી છે એટલે એનામાં છે.

વસ્તુ જીવ ક્રમે પ્રવર્તતા, અક્રમે પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી. આ જીવનો. જેણે એટલે જીવે. '**ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.**' જેનામાં સહવર્તી અને અક્રમવર્તી ગુણો, ગુણ અને પર્યાય છે. એનો પોતાનો સ્વતઃ સ્વભાવ (છે), પરને કારણે નહિ. સમજાણું કાંઈ? '**(પર્યાય ક્રમવર્તી હોય છે...)**' એ જ સિદ્ધાંત આખો. ભગવાન આત્મા એની પર્યાયો ક્રમવર્તી હોય છે. હવે ક્રમવર્તી હોવા છતાં એને ક્યે લક્ષે ક્રમવર્તી થાય? એ પછી બીજો વિષય થઈ ગયો, એ તો પછી કહેશે. ક્રમવર્તી પર્યાય છે, અક્રમે વર્તતા ગુણો છે. પર્યાય ક્રમવર્તી છે. હવે એમાં એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થવું, ક્રમે ક્રમે થવાની પર્યાયમાં ત્યારે એને જીવ ઉપર લક્ષ જતાં એની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાયના ક્રમમાં એ સ્થિત થાય છે. જીવ એમાં સ્થિત થાય છે. ત્યારે તેને સ્વસમય એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજો.. સમજો. પણ એ સમજ્યો એ જ્ઞાન સમજણરૂપ છે. એમાં બીજું છે શું? કેવળજ્ઞાન કહો. જ્ઞાન આત્મા એ તો કીધું. જ્ઞાન, દર્શનનો પિંડ એ જ આત્મા છે, વળી આત્મા બીજી ચીજ શું છે? જ્ઞાન દર્શન ન હોય તો આત્મા એટલે શું? ચૈતન્યસૂર્ય છે એ તો. ચૈતન્યસૂર્ય, ઝબકતો ચૈતન્યસૂર્ય. જ્ઞાન દર્શન સ્વભાવ. એટલે આ કોઈને મોંઘું પડે તો ભેગું આ કહીએ છીએ. ભઈ, એ તો સમજવું પડશે એને. કારણ કે સમજણનો પિંડ છે. સમજાણું આમાં? આ વાસ્તવિક દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાન વિના અત્યારે મોટો ગોટો ઉઠ્યો છે.

મુમુક્ષુ :- મૂળમાં જ ભૂલ પડી.

ઉત્તર :- મૂળમાં ભૂલ પડી. હવે એને સમજાય નહિ. ભાંગ કહે છે ને કાંઈક? કૂવામાં ભાંગ. જે પીધા એને બધાને મગજ અસ્થિર થઈ ગયા. બાપુ! મૂળ ચીજ છે ને, ભાઈ!

અહીં તો જીવની વ્યાખ્યા કરવી છે તો બધા જડ પણ એ રીતે જ છે. અહીં દર્શન, જ્ઞાન સ્વભાવવાળો જીવ સિદ્ધ કરવો છે ને. બાકી આ ક્રમ-અક્રમરૂપ એ તો દ્રવ્યનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અને અનંતા ધર્મવાળો ધર્મી એ પણ એનો સ્વભાવ છે. ફક્ત ચૈતન્ય એનો સ્વભાવ નથી. અહીં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ બધાનો સ્વભાવ છે. આહાહા..! પર્યાય એટલે આત્મામાં થતી અવસ્થા-દશા એ ક્રમે, ક્રમે, ક્રમે ચાલે છે. જેમ ડાબા પગ પછી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જમણો અને જમણા પછી ડાબો. આમ ચાલે ત્યારે એમ ચાલતા હશે ને? કૂદે એ જુદી વાત છે, હોં! કૂદે ઈ કાંઈ ચાલ્યું ન કહેવાય. આમ કરીને કૂદે. એમ આત્માની પર્યાયમાં એક પછી એક જે ક્રમવર્તી ક્રમે વર્તવાવાળી જે અવસ્થા છે તે તેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પગ પછી પગ, એમ.

'**(ગુણ સહવર્તી હોય છે...)**' બધા ગુણો એકસાથે હોય છે, હોં! ગુણની વ્યાખ્યા. સમજાણું કાંઈ? સહવર્તી એટલે દ્રવ્યની સાથે રહેલા અત્યારે એનો અર્થ નથી. ગુણો એકસાથે રહેલા (છે). સહવર્તી ગુણો અનંત એકસાથે રહેલા છે, પર્યાય એકસાથે રહેલી નથી. એ 'પંચાધ્યાયી'માં કાઢ્યું છે ને? દ્રવ્ય સાથે ગુણ રહેલા હોય તો પર્યાય પણ સાથે રહેલી (છે). (માટે એ) એનું લક્ષણ નહિ આવે. માટે ગુણો બધા એકસાથે રહ્યા એનું નામ સહવર્તી છે અને પર્યાય કર્મવર્તી એકસાથે નથી માટે એને ક્રમવર્તી (કહે છે). 'પંચાધ્યાયી'માં લીધું છે, બહુ સરસ લીધું છે. વાત તો બરાબર છે. એને પણ ખોટી ઠરાવે છે. ભાઈ! બાપુ! તને આવો ભવ મળ્યો, ભાઈ! કરને સવળું કરને, ભાઈ! માંડ કરવાના કાળ છે. આહાહા..!

'**(ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે).**' સાથે રહેનારા આમ. આમ ક્રમ એકસાથે છે. આમ સાથે રહેનારા અનંત ગુણો અક્રમ. પર્યાય આમ ક્રમ. ઊર્ધ્વ બધી ક્રમસર વ્યવસ્થિત અનાદિઅનંત ચાલે છે. એક સમયમાં અનંતા ધર્મો તીરછા વ્યાપક છે, તીરછા વ્યાપક છે. પર્યાય ઊર્ધ્વ વ્યાપક છે આમ. એ વસ્તુનું જ એવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જીવ જ આવો છે એમ સિદ્ધ કરે છે.

'**આ વિશેષણથી,...**' આ વિશેષણ કહ્યું ને? આવું ગુણ-પર્યાયવાળું. '**(ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે). આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર...**' છે ને કેટલાક (માનનારા) કે આત્માને ગુણ નહિ. એ તો પેલા રજો, તમો અને સત્ત્વ ગુણ નહિ. એના ગુણ ન હોય તો વસ્તુ શું? વસ્તુ છે એ વસ્તુ કંઈ સ્વભાવ ન હોય તો એ વસ્તુ શી રીતે થઈ? વસ્તુ તો વસ્તુ (છે) પણ વસ્તુનો કોઈ સ્વભાવ હોય કે નહિ? પરમાણુ દ્રવ્ય તો એનો સ્વભાવ હોય કે નહિ? રંગ, ગંધ, રસ સ્વભાવ છે. આત્મા વસ્તુ તો જ્ઞાન, દર્શન અનંત ધર્મ એ એનો સ્વભાવ છે. સમજાણું? '**પુરુષને નિર્ગુણ માનનાર...**' આત્માને વળી ગુણ હોય કાંઈ? આત્માને ગુણ હોય? એ તો નિર્ગુણ છે. ભાઈ! ગુણ તો વિકારી પર્યાય થાય એવા ત્રિકાળી ગુણ નથી. ફરી ફરીને પર્યાય પણ જે વિકાર છે એ પણ ખરેખરો એનો સ્વભાવ નથી. પણ છે ખરો. '**નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો.**' ચાર બોલ થયા, ચાર બોલ થયા.

'**વળી તે કેવો છે?**' જીવ. '**પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી...**' દેખો! '**જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' લ્યો. એક પોતાના અને પોતાના પરદ્રવ્યોના આકારોને (પ્રકાશનારું). પેલામાં સામાન્ય હતું ને? પહેલામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દર્શન, જ્ઞાન જ્યોતિસ્વરૂપ સાધારણ વાત હતી. પણ હવે એનું સામર્થ્ય કેટલું છે? કે પોતાના અને પરદ્રવ્યો, બેયના. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનું વિશેષપણું અને પરદ્રવ્યના આકાર એટલે વિશેષપણું એનું પ્રકાશવાનું સામર્થ્ય. આકારો એટલે લીમડાનો આકાર આવો છત્રીસ હાથનો છે અને એ છત્રીસ હાથ આમ લાંબો થઈને જાય, એમ નથી. આ નીમ છે ને? નીમ. છત્રીસ હાથનો લાંબો. તો છત્રીસ હાથનો અહીં આકાર પડી જાય, એમ નથી. આકાર શબ્દ છે ને? આકાર એમ નહિ. આકાર નામ દ્રવ્ય-ગુણ-પર્યાયની જેટલી વિશેષતાઓ છે એ વિશેષતાનું જ્ઞાન સ્વનું અને પરનું પોતામાં થાય છે. આકારની વ્યાખ્યા એ છે. કેટલાક કહે છે, આકાર આમાં પડે. આવું હોય તો અહીં આકાર પડે. એવો આકાર પડતો હશે? લોકનો સંસ્થાન ૩૪૩ રાજૂ છે તો એવો આકાર અહીં દેખાય? આકાર અહીં પડતો હશે? એ સંબંધીની જે વિશેષ અવસ્થા છે, એના દ્રવ્ય-ગુણ એવું અહીં જ્ઞાનરૂપે પરિણમવું એનું નામ અહીંયા આકાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**પોતાના અને પરદ્રવ્યોના આકારોને...**' વિશેષતાઓને '**પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને...**' બધા રૂપને. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ને... દ્રવ્ય એટલે શક્તિવાન, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે ક્રમે પ્રવર્તતી અવસ્થા. એવા બધા પદાર્થને. સમસ્ત રૂપને, એમ કીધું છે. પ્રકાશનારું. ઝળકાવનારું એવું પહેલા લખ્યું હતું. પણ એ પ્રકાશનારું (છે). '**એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે.**' છતાં એકરૂપપણું પ્રાપ્ત છે. એવા સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતાં એ કાંઈ ખંડ નથી થઈ જતો. સમજાણું કાંઈ? એકરૂપપણું પ્રાપ્ત છે. આહા..! એક જ જ્ઞાનની અવસ્થારૂપે બધું છે. શું કીધું? અનંતા દ્રવ્યના ગુણના પર્યાયને આકારે જાણતો છતાં એ પોતાનું જ્ઞાનનું પરિણમન તો એકપણે થયું. કાંઈ ખંડ ખંડ નથી થયું. જુઓ! '**(જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે).**' એવા એક જ્ઞાનનો આકાર. જ્ઞાનસ્વરૂપની અવસ્થા એકરૂપ છે. ખંડ ખંડ નથી થઈ ગઈ. એકમાં અનંતુ જણાણું છતાં એકરૂપ રહીને અનંતુ જણાણું છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**પોતાના અને પરદ્રવ્યોના આકારોને...**' નામ બધી વિશેષતાઓને '**પ્રકાશવાનું સામર્થ્ય...**' એનું છે. પરને લઈને નહિ. લોકાલોક છે માટે આ આત્માનું સામર્થ્ય છે એમ નહિ. સમજાણું કાંઈ? લોકાલોક છે માટે અહીં સત્તાનું સામર્થ્ય છે. સમજાણું? એવી ચર્ચા ચાલી હતી, ભાઈ! (સંવત) ૧૯૮૩માં. વિરજીભાઈને અને દામોદર શેઠને. ૧૯૮૩ની સાલ. પેલા કહે, આ લોકાલોક છે, બધું છે માટે અહીં (જ્ઞાન થાય) છે. વિરજીભાઈએ તો પહેલેથી કીધું, નહિ. અહીં પોતાનો એવો સ્વભાવ છે. સ્વપરપ્રકાશક એવું પોતાનું સામર્થ્ય છે. પરને લઈને પરપ્રકાશક સામર્થ્ય છે, લોકાલોક આટલા છે, જ્ઞેય આટલા (છે) માટે જ્ઞાન એટલા પણે પરિણમે છે એમ નહિ, એને કારણે નહિ. જ્ઞાનનું જ સ્વરૂપ છે (કે) સ્વ ને પરની બધી વિશેષતાઓને અનેક અનંતને જાણતા છતાં જ્ઞાન એકરૂપમાં પોતાના અસ્તિત્વમાં જાણે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? જેની જ્ઞાનપર્યાયમાં અનંતુ જણાય છતાં અનંતના અસ્તિત્વો અહીંયા આવ્યા નથી. અનંત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના જે અસ્તિત્વો ત્યાં છે એ અહીં નથી આવ્યા. અહીં તો એ સંબંધી અને પોતા સંબંધીનું એક સમયમાં જ્ઞાનનું પરિણમવું તેનું સામર્થ્ય છે એ રીતે પરિણમી રહ્યો છે. આવડી મોટી ભગવાન આત્માની શક્તિ લીધી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાંય વાંધા.

ઉત્તર :- બધામાં વાંધા. એકે એકમાં. શાંતિથી જોવે ને ધીમેથી જોવે. ભાઈ! આ વસ્તુ શું છે એમાં તમારે વાંધો? આ સ્વપર પ્રકાશક વસ્તુ છે. તો કહે, નહિ. પરપ્રકાશક તમે કહેશો તો તે વ્યવહારનય થઈ જશે. અને વ્યવહારનય છે તે અભૂતાર્થ છે માટે બધાને જાણતું નથી.

મુમુક્ષુ :- આચાર્યે 'નિયમસાર'માં કહ્યું છે.

ઉત્તર :- 'નિયમસાર'માં કહ્યું છે ત્યાં. ભાઈ! બાપુ! એ બીજું છે. એ તો એને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. પણ એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થવું એ તો આત્મજ્ઞ દશા છે. આત્મદર્શી સર્વદર્શી સર્વજ્ઞશક્તિ પોતાની છે. એને નિશ્ચય કહેવાય, એને વ્યવહાર કહેવાય નહિ. આહાહા..! એ તો પરની અપેક્ષાથી આને જાણે એમ કહેતાં ઉપચાર આવે છે. પોતામાં એ બધા સંબંધીનું પોતાનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? આગળ લેશે, ૪૭ શક્તિમાં બધું છે.

**'પોતાના અને પરદ્રવ્યોના આકારોને-વિશેષતાઓને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત...'** પોતાનું જ સામર્થ્ય હોવાથી **'જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...'** પોતાની પર્યાયમાં અનંતને અનંતના અનંતના મોટા થોકના થોકને જાણે છતાં એકરૂપપણું અંગીકાર કર્યું. એકનો બે થયો નથી. પર્યાયના એક સમયના કાળમાં જ એ બધું જાણે છે. એકરૂપમાં જ્ઞાનની એક સમયની અવસ્થામાં એ બધું જણાય છે. સમજાણું? **'જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...'** સમજાણું?

**'(અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે...)'** જુઓ! પ્રતિભાસે છે. **'(એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે).'** એવો એક જ્ઞાનાકાર છે. **'આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું...'** એમ કહેનારનો નિષેધ કર્યો. પરને જાણવું એ વ્યવહાર છે એમ નથી. એ સંબંધી અને પોતાના સંબંધીનું જ્ઞાન પોતાનું તે નિશ્ચય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આવું ધર્મનું સ્વરૂપ સમજે ત્યારે... પછી કહે છે કે એ દ્રવ્ય પરિણમે તો એની .. વાત ચાલે. પણ અસ્તિ છે, કેવું છે કેવા પ્રકારે, એને જાણ્યા વિના આંધળો ક્યાં જાશે? ધર્મ કરવો છે, પણ એ ધર્મ કરનારો કેવો છે? સમજાણું કાંઈ? એને સમજ્યા વિના ધર્મ થાય, લ્યો. એમ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો,...'** નિષેધ કર્યો. તો એકાકાર કહેવાય. પોતાને જ જાણે અને પરને ન જાણે તો એકાકાર કહેવાય. પરને જાણે એ તો અનેકાકાર થઈ ગયું. કહે છે, ના, ના. સ્વપરને બેયને જાણે છતાં એકાકાર પર્યાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનને આકારે પર્યાય છે. પરને આકારે છે જ નહિ. આહાહા..! ભારે! જ્યારે અહીં ભરતક્ષેત્રમાં 'અમૃતચંદ્રાચાર્ય' બિરાજતા હશે.. આહાહા..! ... ભીક્ષા માટે નીકળતા એમાં આ રમણતા વર્તે છે જેને, હોં! આહાહા..! આ તો ક્ષયોપશમ આટલો છે. કોઈને ક્ષયોપશમ વિશેષ ન પણ હોય છતાં અનુભવ હોય. પણ આ તો ક્ષયોપશમ પણ એટલો બધો. જે વાતને કહેવા માગે છે તેને તે રીતે તે જ થોડા શબ્દોમાં મોટી વાત (કરે છે). એટલો ક્ષયોપશમ, એટલો ક્ષયોપશમ. મુનિ છે અને ક્ષયોપશમ એટલો છે. સમજાણું કાંઈ?

કહે છે, પોતાને જાણે અને પરને ન જાણે. જો પરને જાણે તો આત્મા અનેકાકાર થઈ જાય છે. એની વાત ખોટી થાય છે. બાપુ! પરને જાણતાં પણ વસ્તુ તો એકાકાર પોતાના જ્ઞાન આકારે રહી છે. જ્ઞાન આકારે રહી છે. એ જ્ઞેયના આકારે થઈ ગઈ નથી. સમજાણું કાંઈ? **'તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે...'** પોતાને નથી જાણતું, પરને જાણે. જ્ઞાન પોતાને શી રીતે જાણે? પોતે પોતાને શી રીતે જાણે? જાણે તો પરને જાણે. વળી એવા માનનારા છે ને કેટલાક. **'એમ અનેકાકાર જ માનનાર..'** પરને અનેકને અનેકાકાર થઈને જાણે, એકને શી રીતે જાણે? એનો **'વ્યવચ્છેદ થયો.'** તારી વાત ખોટી છે. ભગવાન આત્મા પોતાના અનંતા ગુણનું ધરનાર દ્રવ્ય, એની પર્યાયને પણ પોતાના જ્ઞાનમાં જાણે છતાં એકરૂપ રહ્યું છે અને અનેકને જાણતા છતાં પણ જ્ઞાન અનેકરૂપ રહ્યું એવો જ જ્ઞાનનો એકાકાર થવાનો સામર્થ્ય સ્વભાવ સ્વપરને જાણવાનો છે. એવું એ જીવતત્ત્વ છે. એટલા બોલ કહ્યા. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૫, શનિવાર તા. ૬-૦૮-૬૬**
**ગાથા -૨. પ્રવચન-૯**

'સમયસાર'ને હું કહીશ કેવળીઓએ કહેલું. પછી શ્રુતકેવળી અને વાણી. જે સર્વજ્ઞે કહેલું છે કે હું સમયસાર પ્રાભૃતને કહીશ. પછી બીજામાં કહ્યું, એ છે કેવો આત્મા? કે જેને સમય કહીએ. અહીં સમય શબ્દે આત્મા છે. એ જીવ છે કેવો કે જેનું સ્વસમય રૂપે પરિણમન-ધર્મ થાય અને પરસમય રૂપે પરિણમન-જેને અધર્મ થાય. એવો એ સમય પદાર્થ-જીવ કેવો છે? પહેલેથી શરૂ કર્યું છે ને?

જીવ સત્તા સ્વરૂપ છે તેથી એનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપે એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ત્યાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેને સ્વભાવ કીધા છે. એવા સ્વભાવવાળું એ તત્ત્વ છે, સમજાણું? વળી કેવો છે? એ ચૈતન્યરૂપ છે. ચેતન એટલે જીવ ચૈતન્યરૂપપણાથી ચૈતન્ય એટલે સામાન્ય જાણવું-દેખવું એવું ચૈતન્ય, એને કારણે નિત્ય ઉદ્યોત સ્પષ્ટ વિશદ્ દર્શન-જ્ઞાન સ્વરૂપ છે. ચૈતન્યપણાને લઈને, એ સ્વરૂપ આત્માનું ચૈતન્યપણું છે. ચેતનનું ચૈતન્યપણાને લઈને જેમાં ઉદ્યોત નિર્મળ દર્શન ને જ્ઞાનરૂપ જેનું પરિણમન છે. એવું એ આત્મતત્ત્વ છે.

વળી અનંત ધર્મોને ધરનાર ધર્મી એક છે. દ્રવ્યપણું પ્રગટ કરે છે. અનંત ધર્મો એટલે ગુણો અહીં ધારે માટે ધર્મ લીધા. અનંત ધર્મ અને ગુણોને ધારનાર એવું એકરૂપ એ આત્મતત્ત્વ છે. દ્રવ્ય તરીકે એક છે. ભલે અનંત ધર્મ અને ગુણો હો, દ્રવ્ય તરીકે એક છે. સમજાણું? એની સામાન્ય વ્યાખ્યા કરી હતી પછી ક્રમ-અક્રમ એનો સ્વભાવ છે. ક્રમે પર્યાયરૂપ થવાનો સ્વભાવ, પછી ભલે વિકાર કે અવિકાર (પરિણામ હોય), પણ એ ક્રમરૂપ થવાનો સ્વભાવ છે એમ કીધું છે. વિકારને પણ ત્યાં સ્વભાવ લીધો છે. છે ને? ક્રમ અક્રમરૂપ '**પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ...**' (છે). વિકારરૂપે પરિણમો કે અવિકારરૂપે પરિણમો પણ પરિણમન એ ક્રમસર છે અને ગુણો તે અક્રમ છે. એવા અનેક ભાવો એનો સ્વભાવ હોવાથી જેમાં ગુણ અને પર્યાય છે. અંગીકાર કર્યા છે એનો અર્થ કે એમાં છે. વસ્તુ તે ત્રિકાળ છે તેમાં સહવર્તી અનંત ગુણો સાથે છે. ક્રમવર્તી પર્યાય એ જીવમાં છે. છે. એ બેયને સ્વભાવ કીધો છે. પછી કહ્યું કે પોતાના અને પરના આકારોને સ્પષ્ટપણે પ્રકાશે. અનેકને જાણતાં છતાં પર્યાય તો એકરૂપે જ્ઞાનાકાર રહે છે. એવો જેનો સ્વભાવ છે. કહો, આ પાંચ કીધા ને?

હવે આ છઠ્ઠો. આ છઠ્ઠો બોલ છે. શેનો? જીવનો. '**જીવો**' પહેલો શબ્દ છે ને? એની વ્યાખ્યા છે. વળી કેવો છે આત્મા અથવા જીવ? '**અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો...**'

આત્મા કેવો છે? કે જે અન્ય દ્રવ્યના ખાસ ગુણો-વિશિષ્ટ ગુણો. આકાશનો અવગાહન ગુણ, ધર્માસ્તિનો ખાસ ગતિગુણ, અધર્માસ્તિનો ખાસ-વિશિષ્ટ સ્થિતિ ગુણ, કાળનો ખાસ વર્તનાહેતુ ગુણ અને પુદ્ગલનો રૂપી ગુણ. પછી કર્મ હો, શરીર હો, વાણી હો બધા પુદ્ગલ છે. એનો રૂપી સ્વભાવ ખાસ ગુણ છે. એવા જે ગુણો તેમના ભાવને લીધે આત્મા બીજા જે પાંચ દ્રવ્યો-અવગાહન, ગતિ, સ્થિતિ, વર્તનાહેતુ અને રૂપી, એવા જે ગુણો એનો આત્મામાં અભાવ છે. સમજાણું કાંઈ?

કહે છે કે એવું રૂપીપણું '**તેમના અભાવને લીધે...**' કર્મનું ઉદયપણું એ પણ રૂપીપણું છે. ભાઈ! એઈ..! કર્મ દ્રવ્ય, ગુણ અને પર્યાય રૂપી છે. એ એનો રૂપી ગુણ છે. એનો આત્મામાં અભાવ છે.

મુમુક્ષ :- ...

ઉત્તર :- એમાં આવી જાય છે. આ તો મહા ગૂઢ શાસ્ત્ર છે. આ સમયસાર એટલે.. અને એમાં 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા ગજબ કરી નાખ્યું છે! એવા બધા શાસ્ત્રોના સારનો સાર ભરી દીધો છે. ગજબ છે! ... તો ઠીક પણ એનો સાથે ક્ષયોપશમ એટલે કે જે વાતને મૂકવી હોય તેમાં સામાન્યમાં એટલું બધું ભર્યું હોય છે કે અપાર..! કાઢે એટલું નીકળે એટલું. શું કહે છે? જુઓ!

મુમુક્ષુ :- હવે આપ કાઢો.

ઉત્તર :- આ થોડું કહીએ છીએ ને. થોડું આવે એટલું કહીએ છીએ. આ પાંચ બોલ તો કહ્યા.

ભગવાન આ આત્મા અંદર જીવ છે એ કેવો છે? જીવ પાંચ બોલે કહ્યો. હવે છઠ્ઠે બોલે... વસ્તુ તો ઈની ઈ છે. એ જીવ પાંચ દ્રવ્યના ગુણો જે છે, અવગાહન, સ્થિતિ, ગતિ, વર્તના અને રૂપી એનો જેમાં અભાવ છે. કહો, સમજાણું આમાં? એનો અર્થ થયો કે શરીરનો ગુણ, વાણીનો ગુણ, કર્મનો ગુણ બધાનો રૂપી ગુણ છે. એથી ગુણ રૂપી છે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે રૂપી છે. સમજાણું કાંઈ? તો એ દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપી જેના છે એનો આત્મામાં અભાવ છે. 'તેમના અભાવને લીધે...' સમજાણું કાંઈ?

'**અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે...**' દેખો! અસાધારણ એક ચૈતન્યરૂપ તો સ્વભાવ છે એનો. પણે લીધું હતું કે '**ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે...**' એમ સિદ્ધ કર્યું હતું. ચેતન ચૈતન્યપણાને કારણે તેમાં દર્શન જ્ઞાન જ્યોતિ નિત્ય ઉદ્યોત નિર્મળપણે પરિણમે છે એવો એનો સ્વભાવ છે, એમ કહ્યું. અહીં કહ્યું કે પાંચના જે ગુણો છે, એનાથી ગુણ લેવો છે હવે, ભાઈ! પાંચના જે ગુણો છે તેના અભાવને લીધે '**અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે...**' અસાધારણ જે ગુણ એક, બીજા બધા ભલે ગુણો હો, પણ આ ચૈતન્યરૂપતા-ચેતનનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્યરૂપપણું એવા સ્વભાવના સદ્ભાવને લીધે, એવા ગુણના સ્વભાવના સદ્ભાવ-હયાતીને લઈને, હયાતીને લઈને એ આત્મા '**આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ-એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે.**' કહો, સમજાણું કાંઈ? એમાં નીકળે છે કે નહિ? જુઓને! કહો, સમજાણું આમાં?

કર્મના દ્રવ્ય-ગુણ-પર્યાયો રૂપીથી જીવમાં અભાવસ્વરૂપ છે, એનાથી ભિન્ન છે. ત્યારે નિમિત્ત કહેવાય. ભિન્નપણું હોય તો નિમિત્ત કહેવાય. એનાથી આ હોય તો નિમિત્ત ક્યાં રહ્યું? તો તો એક થઈ ગયું. સમજાણું કાંઈ? કહે છે, અસાધારણ જે ચૈતન્યરૂપસ્વરૂપ સ્વભાવ એની હયાતીને લીધે '**આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ...**' પુદ્ગલમાં બધું આખું આવી ગયું. એ પાંચ દ્રવ્યોથી ભગવાન આત્મા પોતાના અસાધારણ ચૈતન્યરૂપતાના સ્વભાવના સદ્ભાવને કારણે પરના ગુણોથી ભિન્ન હોવાથી અસાધારણ સ્વભાવમાં રહેલો પરથી ભિન્ન છે. પહેલા સદ્ભાવ કીધું ને? સમજાણું કાંઈ?

બીજા પાંચના ગુણમાં રહેલા એ પાંચ (દ્રવ્યો), એ પાંચ ગુણોનો આમાં અભાવ હોવાથી આત્મામાં ચૈતન્યરૂપતા ગુણનો સદ્ભાવ હોવાથી એમાં રહેલો છે. તેથી તે પાંચ દ્રવ્યના ગુણોથી તે ભગવાન ભિન્ન છે. તેથી તે ગુણોથી ભિન્ન માટે દ્રવ્યથી પણ ભિન્ન છે.

મુમુક્ષુ :- પર્યાયથી?

ઉત્તર :- એ તો એમાં આવી ગયું. એ ત્રણે (આવી ગયા). સમજાણું કાંઈ? આહાહા..! એ તો સ્પષ્ટ કરે ને. વકીલ છે ને. વકીલાત બહુ કરી છે ત્યાં. કહો, સમજાણું કાંઈ? આહા..!

'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા, એમાં આ સમયસારની ટીકા તો એટલા ઉત્સાહથી એમણે કરી છે ને કે જેમાં બધો સાર આખા બાર અંગનું બધું એમાં સમાઈ જાય એવું છે. એવી ટીકા તે પણ ટીકા! એક જીવને સાત બોલે વર્ણવતા કેટલું બાકી રાખ્યું એમાં. સમજાણું કાંઈ?

એ ભગવાન આ આત્મા જોડે રહેલા પુદ્ગલો અને જોડે રહેલા અથવા ભલે એ પોતે છે ત્યાં રહેલા ધર્માસ્તિ, અધર્માસ્તિ એના ક્ષેત્રમાં છે ને? એ ક્ષેત્ર પછી લેશે. પહેલી આ વાત કરીને ક્ષેત્ર પછી લેશે. જ્યાં પોતે છે તે જ ઠેકાણે આ બધા પાંચ દ્રવ્યોનો ભાગ છે. કેટલાક પરમાણુ આદિ દ્રવ્યો આખા છે અને કેટલાકનો ભાગ છે. કાળ આદિ આખા છે. અસંખ્ય પ્રદેશમાં કાળ આદિ આખા છે. અસંખ્ય દ્રવ્ય. પરમાણુ આખા દ્રવ્ય છે, અહીં છે ત્યાં. અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશનો ટૂકડો છે. અને જીવ પણ કેટલાક આખા છે અંદર. આખા સમજાણું? પૂરા. જ્યાં જીવ છે ત્યાં અનંતા નિગોદ છે કે નહિ? અનંતા નિગોદના જીવ પણ આખા છે અને કો'ક વળી થોડો ભાગ લાંબો હોય, આમ પહોળો ઘણાં પ્રદેશમાં રોકાણો હોય (તો) આમ રહી ગયો, થોડો આ રહી ગયો, થોડામાં ભાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહેલો હોય. સમજાય છે કાંઈ?

કહે છે, આ ભગવાન આત્મા બીજાના રૂપી આદિ ગુણોથી અભાવસ્વભાવે અને પોતાના ચૈતન્યરૂપતાના સ્વભાવના સદ્ભાવને કારણે પરથી ભગવાન આત્મા અહીં ભિન્ન છે. કહો, આમાં તો સમજાય એવું છે કે નહિ? આમાં કાંઈ બહુ ઝીણી એવી વાત નથી. ભાષા તો બહુ (સાદી છે).

મુમુક્ષુ :- ભિન્ન જ હોય ને, એમાં શું?

ઉત્તર :- એમ ભિન્ન હોય? આમ સમજીને ભિન્ન કહે.

એકબીજામાં નથી માટે ભિન્ન છે એમ સિદ્ધ થવું જોઈએ. સમજાણું કાંઈ? જેના ગુણો જેમાં રહ્યા છે તેનાથી તે અભિન્ન છે. અને એ ગુણોનો આમાં અભાવ હોવાથી તે દ્રવ્યોનો આમાં અભાવ છે માટે એનાથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એક જ વાતમાં કીધું કોઈ કહે. પહેલાં કીધી હતી ને? '**वंदित्तु सव्व सिद्धे**'. ત્યાં પણ સર્વ સિદ્ધો કરીને એક દ્રવ્ય નથી એમ સિદ્ધ કર્યું. અહીં પાછું (કહ્યું), પાંચ દ્રવ્યોનો અભાવ એટલે કે પાંચ દ્રવ્યો છે, એના ગુણો છે, એનો આમાં અભાવ છે. અને એકદમ માનનાર–એક જ આત્મા માનનાર જૂઠા છે એમ ઠરાવ્યું. સમજાણું કાંઈ? શૈલી એવી છે, જુઓ! લખ્યું છે એનો પછી ખુલાસો કર્યો છે.

'**આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.**' અત્યારે ઘણો ગોટો ઉઠ્યો છે. જૈનમાં પણ આ નિશ્ચય વાત જ્યારે અહીંથી આવી એટલે હવે કેટલાક લોકો (કહે છે), આત્મા એક છે ને શૂન્ય થઈ જાઓ, વિકલ્પ ઘટાડો. ત્યારે બીજાને એમ લાગે છે કે આ તો આપણા સોનગઢ જેવું લાગે છે, હોં!

મુમુક્ષુ :- એ રૂપ..

ઉત્તર :- એ રૂપનો અર્થ એના જેવું લાગે છે એમ કહે છે. હોય ખોટે ખોટું. બાપુ! આ વાત જ બીજી છે, ભાઈ! આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો આત્મા. પહેલેથી ઉપાડ્યું ને, જુઓને! '**नमः समयसाराय सर्वभावान्तरच्छिदे**' ત્યાંથી ઉપાડ્યું. કેવળજ્ઞાન ઉપાડ્યું ત્યાંથી. એક સમયમાં જેને ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં આવ્યા. '**सर्वभावान्तर**' પોતાના ભાવ તો જાણ્યા પણ એનાથી અનેરા ભાવને જેણે જાણ્યા. એવું એક સમયની પર્યાયવાળું તત્ત્વ એવા ભગવાને આ બધું કહ્યું છે. કહો, બીજામાં કહ્યું ને? '**अनन्तधर्मणस्तत्त्वं**'. એને પણ સર્વજ્ઞ સરસ્વતી જોવે છે. એમ આવ્યું ને ભાઈ! એમાં? ત્યાં પણ આવ્યું. સર્વજ્ઞ વિના તો આ પગલું ચાલે એવું નથી. એનો સ્વભાવ સર્વજ્ઞ છે. પ્રગટ સર્વજ્ઞ છે અને આનો સ્વભાવ સર્વજ્ઞ છે. એવું દ્રવ્ય જ્યાં સુધી પૂરું ન માને ત્યાં સુધી એ આત્માને માન્યો જ નથી એણે. સમજાણું કાંઈ? પછી ત્રીજામાં ન નાખ્યું. પોતે પરમ વિશુદ્ધિ માંગી છે ને. પરમ વિશુદ્ધિ માંગી છે એનો અર્થ કેવળજ્ઞાન માંગ્યું છે. પરમ વિશુદ્ધિ ત્યાં આગળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ લીધું. કેવળ મારે પરમ વિશુદ્ધ હો. હું તો મારામાં એકાગ્ર થાઉં અને કરતાં કરતાં પરમ વિશુદ્ધિ કેવળજ્ઞાન થાઓ, એમ લીધું. '**वंदित्तु सव्व सिद्धे**'માં એમ કીધું, ભગવાને '**वोच्छामि**' આ કેવળજ્ઞાનીઓએ કહેલું છે. શ્રુતકેવળી શબ્દ એક કોર રાખો. કેવળજ્ઞાનીનું કહેલું છે, આ કેવળજ્ઞાનીનું કહેલું છે. પદે પદે ન્યાયે ન્યાયે કેવળજ્ઞાન મૂકે છે. સમજાણું? અને આ બીજીમાં લ્યોને. સમજાણું? આ આવ્યું, જુઓ! પછી આવશે હજી, હોં! આ એક સાધારણ... ભાઈને પૂછ્યું હતું પણ વળી બે વાર વર્ણવ્યું. સમસ્ત રૂપને ઝળકાવનારું છે ને? એમાં કેવળજ્ઞાન પણ નીકળે અને સામાન્યપણું નીકળે એમ લાગે છે.

અહીં કહે છે, જુઓ! '**એક બ્રહ્મવસ્તુને માનનારો વ્યવચ્છેદ થયો...**' હવે કેવો છે? એક ક્ષેત્રમાં ભેગા રહ્યા છે એની વાત કરે છે. '**અનંત અન્યદ્રવ્યો સાથે...**' અનંત અન્યદ્રવ્યો છે. આ ભગવાન આત્મા અહીં છે ત્યાં અનંતા પરમાણુ અહીં અંદર છે. આ ક્ષેત્રમાં, હોં! આ ક્ષેત્રમાં અનંત પરમાણુ છે. એ ક્ષેત્રમાં અનંતા જીવ છે, એ ક્ષેત્રમાં અસંખ્યાતા કાળાણુ છે, એ ક્ષેત્રમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશના અસંખ્ય પ્રદેશ છે. ભલે એનો ભાગ (છે) પણ આખું દ્રવ્ય નહિ. સમજાણું? એ વસ્તુ આખી પોતે ભિન્ન છે. એક ક્ષેત્રમાં આવા અનંતા પરમાણુ.. સમજાણું કાંઈ? ઓહો..!

સિદ્ધ ભગવાન છે ત્યાં પણ એવું છે. ત્યાં પણ અનંતા જીવ છે. અનંતા પરમાણુ છે. ધર્માસ્તિનો અસંખ્યમો એક ભાગ-ક્ષેત્ર છે, અધર્માસ્તિનો અસંખ્યમો (ભાગ છે). કારણ કે કોઈપણ જીવ નિગોદનો લ્યો તોપણ આકાશનો અસંખ્ય પ્રદેશ સ્પર્શ્યા વિના તો રહે નહિ. અસંખ્ય પ્રદેશ એને હોય જ તે. ભલે એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત જીવ છે, અનંત. અનંત કીધું ને? એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત જીવ છે. અનંત સ્કંધ પરમાણુઓ છે. છતાં એક જીવ એક પ્રદેશમાં ન રહી શકે. એક જીવની પહોળાઈ એની રહેવા માટે અસંખ્ય પ્રદેશ હોય છે. સમજાણું કાંઈ? પુદ્‌ગલના અનંત પરમાણુનો પિંડ છે એ તો એક પ્રદેશમાં રહે. અનંત પ્રદેશનો પિંડ એકમાં રહે, પણ અસંખ્ય પ્રદેશી એક જીવ એક પ્રદેશ શું સંખ્યાત પ્રદેશમાં ન રહે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા '**અનંત અન્ય દ્રવ્યો સાથે...**' એ અન્ય દ્રવ્યો સાથે. અહીં પણ અનંત પરમાણુઓ છે, અસંખ્ય કાલાણુઓ છે. એક અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય કાલાણુ છે અંદર. કારણ કે આકાશના પ્રદેશ અસંખ્ય છે ને એટલામાં. એક એક પ્રદેશદીઠ એક કાલાણુ છે. ભાઈ! આવું મોટું અસ્તિત્વ-સત્તા છે. સમજાણું કાંઈ? એ '**અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ...**' અત્યંત કેમ કીધું? કે અહીં જ્યાં આત્મા છે એ જ પ્રદેશમાં બધા છે. અનંત જીવો છે, અનંત રજકણો સ્કંધ છે, કાલાણુ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિનો ભાગ છે. એ અત્યંત એકક્ષેત્રાવગાહ '**અત્યંત એકક્ષેત્રાવગાહ...**' વળી જીવ રહે છે અહીં ને પરમાણુ રહે છે અહીં, એમ કાંઈ નથી. ન્યાં ને ન્યાં એક પ્રદેશમાં બધા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ઓહોહો..! આ વસ્તુ આવી છે. એટલે સ્પષ્ટ કર્યું છે. જીવ.. જીવ.. જીવ કરે એમ ન ચાલે.

જીવ ભગવાન પોતાના અનંત ગુણ-પર્યાયના સમૂહરૂપે બિરાજમાન આત્મસમય છે. તે સ્થાનમાં અનંતા રજકણો અને આત્માઓ રહેવા છતાં એક એક આત્માએ અસંખ્ય પ્રદેશ રોક્યા છતાં એના એ અસંખ્ય પ્રદેશમાં અનંતા જીવ રહે છે. છે? 'અનંત અન્યદ્રવ્યો સાથે...' અનંત જીવો છે કે નહિ ત્યાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જોઈ શકાય છે.

અહીંયાં અસંખ્ય પ્રદેશમાં એક જીવ પણ અસંખ્ય પ્રદેશનો અમુક થોડો ભાગ રોકે. આ આત્માએ પણ લોકના જે પ્રદેશ છે એના અસંખ્યમા ભાગે અહીં રોકાયેલા છે. સમજાણું કાંઈ? કોઈ જીવ નાનો હોય તોપણ લોકના પ્રદેશથી અસંખ્યમા ભાગમાં જ એ રોકાયેલો હોય. અસંખ્ય પ્રદેશમાં. એ અસંખ્ય પ્રદેશમાં અનંતા રજકણો ને અનંતા આત્માઓ રોકાયેલા (છે). એ એક એક આત્મા પણ અસંખ્ય પ્રદેશમાં રોકાયેલા છે. એવા એવા એક પ્રદેશમાં એક જીવ ન રહે, પણ એક પ્રદેશમાં એક જીવનો અસંખ્યમો ભાગ, એવા અનંત જીવનો અસંખ્યમો ભાગ, એવા એક પ્રદેશમાં અનંતા પ્રદેશ રહે. એમ રહે. પણ એક જીવદ્રવ્ય અસંખ્ય પ્રદેશ સિવાય સંખ્યાત પ્રદેશમાં રહે એમ બને નહિ. સમજાણું કાંઈ? ઈ કહે છે.

'**અનંત અન્દ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહ...**' એકક્ષેત્રાવગાહ રહેલા, વ્યાપેલા છતાં '**હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી...**' ભગવાન જીવસમય, એને સમય કીધો. એ પોતાના સ્વરૂપથી છૂટ્યો નથી. જ્યાં રહ્યો ત્યાં પોતાના સ્વરૂપમાં જ રહેલો છે. ઓહોહો..! સમજાણું કાંઈ? ઈ એટલા બધા અનંતા દ્રવ્યો અને એના અનંતા ગુણો ને પર્યાય.. હમણાં કહેશે. સમજાય છે? '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' ભાઈ! એમ કહે છે ને? કેવળજ્ઞાન. સ્વભાવ શબ્દે ત્યાં વિકાર ને અવિકાર ને બધો એનો સ્વભાવ છે. સમજાણું? એને જાણવાની એક સમયની પર્યાયની તાકાત છે. આટલા બધા ભલે કહ્યા, આટલામાં આ છે ને આ છે બધું, પણ જ્ઞાનની એક સમયની દશામાં... શ્રુતજ્ઞાનમાં, હોં! કેવળજ્ઞાન તો પ્રત્યક્ષ જાણે. શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય આટલા બધાને જાણવાની તાકાત રાખે છે. આહાહા..! એવી અનંત પર્યાયનો પિંડ એક શ્રુતજ્ઞાન, એક જ્ઞાનગુણ, એ તો પર્યાય છે, એવા અનંત ગુણનો પિંડ જીવ તેને સમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં કેટલું યાદ રહે? ઘણી વાત આવે. એઈ..! નટુભાઈ! દુકાનની વાત કેટલી યાદ આવે. બધી વાત આવે ને નવો એક સંચો ખોસ્યો પાછો. ઈ બધું યાદ આવે. આમ કરવું.. આમ કરવું.. આમ કરવું.. આમ કરવું, લ્યો. કરે શું? ભાવ કરે. ધૂળ કરે છે પરનું. કોણ કરે છે? આંખને આમ ફેરવું એ આત્માના અધિકારની વાત નથી. સંચા કોણ ફેરવે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આરે..! આ શું હશે આ બધું? ઈશ્વર કરતો હશે વચમાં આવીને?

એક જાણો હતો. ... સાધુ થયો ને, અહીં આવ્યો હતો. એક સાધુ થયેલો. ત્રિલોકચંદ સાધુ થયા પછી પાંચ વર્ષમાં ભણી ચૂક્યો. ૭૧૦૦૦ શ્લોક સ્થાનકવાસીના સૂત્રના. એક વર્ષમાં ભણી જાય એવું છે. ભણી ગયા પછી એને શંકા પડી અંદર. એવી શંકા આવી કે આ એક બળદ નીકળ્યો હોય.. બળદ. બળદ સમજો છો? બૈલ. એ બળદ નીકળ્યો અને એક માણસ નીકળ્યો. બળદે એને શીંગડુ માર્યું તો અશાતાના ઉદયને શી (રીતે) ખબર પડી કે આ બળદ આવશે? અમારે વાત થઈ. રામજીભાઈ હતા. (સંવત) ૧૯૯૨ની સાલ. ૩૦ વર્ષ થયા, ૩૦. પછી એનાથી શ્રદ્ધાભ્રષ્ટ થઈ ગયો એટલે છોડી દીધું. સ્થાનકવાસી સાધુપણું છોડી દીધું. પછી થઈ ગઈ વેદાંતની શ્રદ્ધા. પછી આ એક પ્રશ્ન કર્યો. પહેલો પ્રશ્ન તો બીજો કર્યો હતો, હોં! ઉડાડવા માટે. પહેલો તો પ્રશ્ન એવો કર્યો કે કેવળજ્ઞાની બધાને જાણે તો પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું? એવો પ્રશ્ન કર્યો. આ ૧૯૯૨ની વાત છે. ૩૦ વર્ષ થયા. રામજીભાઈ બેઠા હતા. કોઈ નહોતું, બે-ત્રણ જણા જ હતા. સવારમાં. ૩૦ વર્ષ થયા. પછી કહે, આ કેવળજ્ઞાન જો માન્યું, એક સમયમાં બધાને જાણનારું, તો ભગવાને જાણ્યું, એ કેવળજ્ઞાનીએ જાણ્યું એવું થાય પછી એમાં પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું?

મેં કહ્યું, સાંભળ! કેવળજ્ઞાન તું માને છો? કેવળજ્ઞાન તું માને છો? એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી પર્યાય તું માને છો? (તો કહેવા લાગ્યો), હું એમ નથી પૂછતો, હું એમ નથી પૂછતો. પણ તું પૂછે છે તો ઈ જ પહેલું. કેવળજ્ઞાન ત્રણ કાળને જાણે તો.. કેવળજ્ઞાન છે એમ માને છે? જો શ્રદ્ધા ન હોય તો એમ કહે કે કેવળજ્ઞાન હોઈ શકે કે નહિ? કેવળજ્ઞાન હોઈ શકે કે નહિ? એમ પહેલો પ્રશ્ન હોવો જોઈએ. તું કેવળજ્ઞાન છે એમ કહીને એણે જાણ્યું એ પ્રમાણે થાય તો પુરુષાર્થ ક્યાં રહ્યો? પ્રશ્ન જ જૂઠો છે. કેવળજ્ઞાન છે એમ અસ્તિ કરીને જે જાણે એને તો કેવળજ્ઞાનની શ્રદ્ધા કરવામાં આત્માના જ્ઞાયક સ્વભાવ તરફ પુરુષાર્થ જાય ત્યારે એની શ્રદ્ધા થાય. સમજાણું કાંઈ? એ ૧૯૯૨ની સાલની વાત છે. ૩૦ વર્ષ થયા. બાપુ! એમ ન ચાલે. તત્ત્વને અધ્ધરથી ઊડાવે તો કાંઈ ચાલે? પછી એણે કહ્યું, મારા પ્રશ્નનો જવાબ નથી આપતા. પ્રશ્ન તારો એ છે કે કેવળજ્ઞાની ત્રણ કાળ ત્રણ લોકને જાણે તો પુરુષાર્થ ક્યાં રહ્યો? તો કેવળજ્ઞાનનું અસ્તિત્વ તો સાબિત કરીને તારો પ્રશ્ન છે. હજી સાબિત કરીને તારો પ્રશ્ન છે કે કેવળજ્ઞાન છે એમ તને બેઠું છે? તો કહે, હું પૂછતો નહોતો. પણ તું વાત કરે છો કેવળજ્ઞાનની અને એ વાત તને બેઠી નથી અને તર્ક ઉડાડવા છે, એમ ન ચાલે. પછી કેવળજ્ઞાન હોઈ શકે કે નહિ? એ પ્રશ્ન કર. જગતમાં કેવળજ્ઞાનનો એક પર્યાય ત્રણ કાળને જાણી શકે એવો પર્યાય હોઈ શકે નહિ, એ પ્રશ્ન કર તો એનું સમાધાન થાય. સમજાણું? પેલો નાસ્તિક થઈ ગયો હોય ને એટલે બધું ઉડાડે. એમ ન ઊડે, કીધું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કેવળજ્ઞાન એક સમયની જ્ઞાનગુણની પર્યાય બધાને જાણે એવું જેને પ્રતીતમાં આવ્યું, કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય આવડો મોટો જગતમાં હયાતી ધરાવે છે. એ તારી એક સમયની પર્યાયમાં એ સ્વીકાર ક્યારે થશે? એ સ્વીકાર ક્યારે થશે? પર્યાયમાં તો અલ્પજ્ઞતા છે. આટલી પર્યાય જગતમાં મહાસત્તાવાળી વર્તે છે એ કઈ રીતે સ્વીકાર કરીશ? તારા આત્મામાં એમ સ્વીકાર થાય કે એ પર્યાય છે એટલી તાકાતનો ધરનાર આત્મા છે. એવી અનંતી પર્યાયને ધરનારો આત્મા છે. એ આત્માના જ્ઞાયકની દૃષ્ટિ થયે કેવળજ્ઞાનની શ્રદ્ધા (થશે). એમાં પુરુષાર્થ આવી ગયો. બીજો પુરુષાર્થ ક્યો કરવો હતો? ઊડાડવા (પૂછ), બધું ઉડાડો. રામાયણ ને ફલાણું ને ઢીકણું. એમ ન ચાલે. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! અહીં તો ઘણા એવા મળ્યા છે ને માથાફોડિયા. બાપુ! એમ ન હોય.

તું એમ કહે કે આત્મા છે એનો જ્ઞાનસ્વભાવ છે કે નહિ? વસ્તુ છે, વસ્તુ છે તો કોઈ સ્વભાવ મુખ્ય-ખાસ ક્યો છે? સ્વભાવ તો બીજા અનંત છે. ખાસ ક્યો છે? ખાસ તો જ્ઞ-સ્વભાવ છે, જ્ઞ-સ્વભાવ છે, સ્વભાવવાન છે એનો જ્ઞ-સ્વભાવ છે. હવે જ્ઞ-સ્વભાવ જેનો છે એ ઓછો કેમ હોય? વિપરીત કેમ હોય? પંડિતજી! આહાહા..! જ્ઞ-સ્વભાવ આત્મા છે એમ કહેતાં જ એ સર્વજ્ઞ સ્વભાવ છે એમ થઈ જાય છે. જ્ઞ-સ્વભાવ, ભગવાન આત્મા જ્ઞ-સ્વભાવ છે એટલે કે જ્ઞ પૂરો સ્વભાવવાળો છે એમ સિદ્ધ થાય છે. એ સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. સમજાણું કાંઈ? એને સર્વજ્ઞ સ્વભાવી છે એવું ધ્યાન થયું એને સર્વજ્ઞ પ્રગટ પર્યાયમાં આવ્યું. એ પર્યાય પુરુષાર્થ થયા વિના રહે જ નહિ એને. સમજાણું કાંઈ? અહીં ઈ કહે છે, જુઓ! સમજાણું? ઈ પછી આવશે, હોં!

'**અનંત અન્યદ્રવ્યો સાથે...**' પણ અનંત અન્ય દ્રવ્યો છે, હું એનાથી ભિન્ન છું. કેટલું જ્ઞાને કામ કર્યું એમાં! જ્ઞાનની પર્યાયે કેટલું કામ કર્યું! અનંત દ્રવ્યમાં એક જગ્યાએ રહેવા છતાં હું એનાથી ભિન્ન (છું). પોતાના અસ્તિત્વનું જ્ઞાન અને એ મારામાં નથી એવું જ્ઞાન (કર્યું). પરનું અસ્તિત્વ સિદ્ધ થયું, પણ મારામાં નથી. અનંત એટલા અનંત મારામાં નથી એનું ભાન થયું. બાપુ! એ તો વસ્તુ છે આ. ચૈતન્ય ભગવાન સૂર્ય ચૈતન્ય છે ને! તેથી અહીં કહ્યું ને? બીજો બોલ. '**ચૈતન્યસ્વરૂપપણાથી...**' આમ ભાષા લીધી છે. '**નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે...**' ચૈતન્યસ્વરૂપપણાને કારણે સામાન્ય અને વિશેષ જાણવાની પર્યાયની તાકાત રાખે છે. સમજાણું કાંઈ? આહા..!

સાતમાં તો ઘણું સમાડ્યું છે, હોં! બહુ સમાડ્યું છે. ઓહોહો..! પહેલી સત્તા સિદ્ધ કરી. પછી ચૈતન્યસ્વરૂપપણાથી. ચેતનનું એટલે જીવનું ચૈતન્યસ્વરૂપપણાથી '**નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ...**' ભલે વિશદ્ લીધું. વિશદ્ '**દર્શન-જ્ઞાનજ્યોતિસ્વરૂપ...**' એના બે ભાગ પાડી દીધા. ચૈતન્યસ્વરૂપપણાથી દર્શન-જ્ઞાનપણે પરિણમન (થવું) એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઓહોહો..! બાપુ! આત્માની મહત્તા આવી નથી. એ આત્મા કેવડો અને કેમ છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ બતાવે છે અહીં તો. સમય આવો છે, સમય આવો છે. એ સમયની પછી પલટન દશા આમ ગુલાંટ ખાય છે કે આમ ખાય છે એ પછી કહેશે. સ્વસમય બતાવવું છે ને. સમજાણું કાંઈ?

કહે છે, **'અનંત અન્યદ્રવ્યો સાથે...'** ઈ બળદનો પ્રશ્ન પછી બપોરે કર્યો હતો. કીધું, પ્રત્યક્ષ છે. સાંભળો! એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનંત સાથે થાય છે. કીધું, આ ઝાડ હલે છે કે નહિ? જુઓ! અહીં તડકો છે. તડકો.. તડકો સમજ્યાને? ધૂપ. આ ઝાડ હલે છે ને? અહીં કાંઈ થાય છે એ કાંઈક અસ્તિત્વ છે કે નહિ? સામું અસ્તિત્વ છે કે નહિ? તડકાનું અસ્તિત્વ છે કે નહિ? અસ્તિ દેખાય કે નાસ્તિ દેખાય? અસ્તિ. એ અસ્તિમાં આમ આમ થાય છે. પેલા ઝાડ હલે ને એટલે આમ આમ થાય. ઈ અસ્તિત્વ પોતે આમ આમ થાય છે કે આના અસ્તિત્વને લઈને આમ આમ થાય છે? બાપુ! આ તો પ્રત્યક્ષ અનંત સાથે સાથે આમ દેખાય છે. તને ખબર પડતી નથી? આમ ઝાડ આખું હલે ત્યાં અંદર (આમ આમ થાય) ઈ શું છે? ત્યાંનું અસ્તિત્વ ત્યાં રહ્યું. અહીં અસ્તિત્વ દેખાય છે કે નહિ કાંઈ? ધોળી, કાળી, ધોળી અસ્તિત્વ છે કે નહિ? હોવાપણે છે ને પદાર્થ? આમ દેખાય છે ને? રૂપી અસ્તિત્વ. પેલાના અસ્તિત્વથી ભિન્ન અસ્તિત્વ. એ અસ્તિત્વમાં આમ આમ થાય છે એ કોને લઈને થાય છે? પોતાને લઈને થાય છે. આ તો નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ? આના હોવાને લઈને એનું હોવાપણું? આની પર્યાયના હોવાને લઈને આની પર્યાયનું હોવાપણું? કે એના દ્રવ્ય-ગુણને લઈને એની પર્યાયનું હોવાપણું? એના દ્રવ્ય-ગુણને લઈને એની પર્યાયનું હોવાપણું (છે). વાત છૂટી જાય છે. જુઓ! આવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનંત દેખાય છે છતાં તેનો કોઈ કર્તા નથી. માટે વચમાં શીંગડુ મારે ને અશાતાનો ઉદય આવે, ઈ ઈશ્વર હોય તો મેળ કરે. કીધું, વાત ખોટી છે. એને એમ કે મેળ શી રીતે કરે છે? મેળ સમજ્યા? આ સંબંધ શી રીતે જોડી દે છે? અશાતાનો ઉદય અને આ શીંગડું (વાગવું), આ કેમ કર્યું? શું છે આ? કીધું. પ્રત્યક્ષ દેખાય છે, અનંતી વાત જગતમાં પ્રત્યક્ષ છે. ૧૯૯૨ની વાત છે. ૩૦ વર્ષ થયા. બધી વાત દેખાય છે. શું અસ્તિત્વ ઉડાડવું છે? નહિ ઊડે. ઊડી જઈશ તું. સમજાણું કાંઈ? એમ છે. આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો કર્તા કોઈ નથી. અશાતાનો ઉદય એને હોય એને અહીં શીંગડું વાગે ઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એને ખબરની જરૂર નથી કે બળદને અહીં આવવું અને પેલા અશાતાના ઉદયને આવવું. કેમ ભેગું થયું? ઈ નિમિત્ત-નૈમિત્તિકનો મેળ એવો છે. માટે ઈશ્વર વચ્ચે હોય તો આવો મેળ કરે. તદ્દન જૂઠી વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, **'અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી...'** ભેગા રહ્યા છતાં પોતાની પર્યાયથી પણ છૂટ્યો નથી. આમ પોતે રહ્યો છતાં પોતે પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાયથી તે દ્રવ્ય છૂટ્યું નથી. અનંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક ક્ષેત્રે રહ્યા છતાં પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે 'ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે.' ભગવાન એવો ને એવો અણઘડિત ઘડેલો, અણઘડિત–ઘડ્યા વગરનો ચૈતન્યસ્વરૂપ છે. અણઘડેલો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અણઘડેલો ઘટ...

ઉત્તર :- અણઘડેલો ઘાટ, અણઘડેલો ઘાટ. ઘાટ એટલે વસ્તુ. આ કોઈ ઘડી નથી આમ ટાંકણા મારીને. ટાંકણા સમજો છો? એમ નથી. અણઘડેલો ઘાટ. નહિ ઘડેલો ઘાટ એ ચીજ અનાદિ એવી છે. છે એવો ને એવો રહે. આહા..!

મુમુક્ષુ :- ટાંકણાથી ઘડેલો જેમ સ્પષ્ટ દેખાય એમ આ સ્પષ્ટ છે.

ઉત્તર :- એવો ને એવો સ્પષ્ટ છે. ટાંકણાથી ખોદીને જેમ મૂર્તિ દેખાય ને. અદબદનાથ અહીં છે. એવો આ અંદર એવો ને એવો દેખાય. સમજાણું? અહીં ઓલું નથી? શું કહેવાય? આ છે અહીંયા.. ભીમ.. ભીમ. અહીં નથી? પાલીતાણા છે. એ અદબદનાથ છે ને? આખા મકાન પ્રમાણે. અંદર પત્થર તો એમ ને એમ આખા મકાન પ્રમાણે. અહીં ખોદીને કાઢ્યું નથી, એમ ને એમ એવો ને એવો છે. એવો ને એવો જાણે અખંડ અકૃત્રિમ ટંકોત્કીર્ણ અણઘડેલો ઘાટ.

મુમુક્ષુ :- ટાંકણાથી ઘડેલો હોય એવો ઘાટ સ્પષ્ટ છે.

ઉત્તર :- એવો આ સ્પષ્ટ છે. વગર ઘડ્યાનો એવો ને એવો સ્પષ્ટ છે. અસંખ્ય પ્રદેશી એના આકારમાં અને એના ગુણમાં રહેલો છે.

'**ચૈતન્યસ્વભાવરૂપ છે.**' આપણે ક્યાંક અર્થ કર્યો છે ને? ટંકોત્કીર્ણનો. ૩૧ ગાથામાં? ક્યાંક કર્યો છે. પહેલામાં ક્યાંક કર્યો છે. ૩૧ ગાથામાં ક્યાંક નીચે કર્યો છે ખરો. નોટમાં કર્યો છે. પહેલા આવી ગયું હતું. ક્યાંક છે નીચે. ગાથા ૩૧? કઈ છે? બરાબર છે, એ ૩૧માં છે. '**जं इंदिये जिणित्ता**' છે, એમાં છે. '**પથ્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર જેવો ને તેવો સ્થિત.**' બસ ઈ. ટંકોત્કીર્ણ શબ્દ છે ને. ફૂટનોટમાં. મૂળ તો અંદર આવ્યો છે. ૩૧માં આવ્યો છે ને ક્યાંક? આ રહ્યો, જુઓ! '**જ્ઞેયજ્ઞાયક–સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે...**' સંસ્કૃત છે. '**ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા એવા...**' લ્યો, ન્યાંય એમ લીધું છે. ૩૧ ગાથા. પથ્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર, એમ કહેવું છે. જેવો ને તેવો સ્થિત છે. કહો, સમજાણું કાંઈ?

શેની વ્યાખ્યા ચાલે છે આ? જીવ કેવો છે? જીવ એટલે સમય કેવો છે? સમયની પહેલી વ્યાખ્યા થઈ ગઈ. એકસાથે પરિણમે અને જાણે તેને સમય અહીં લેવામાં આવે છે. ત્રીજી ગાથામાં સમય બધા પદાર્થોને લેશે. ત્રીજી ગાથામાં બધાને સમય (કહેશે). સમય એક શબ્દ પણ ત્રીજીમાં બધાને લેશે. અહીં સમયને આત્મા લેવો છે. જીવ. એ જીવ આવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાત બોલે કરીને સહિત છે. કહો, સમજાણું?

**'આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો.'** ઈ 'જયચંદ્રજી પંડિતે' પોતે ખુલાસો કર્યો. **'આ વિશેષણથી...'** આત્માનો જે સ્વભાવ સાતે બોલે જે છે તેનો નિયમ (બતાવ્યો). એમ પોતાના સ્વભાવે આ છે એમ બતાવ્યું. હવે સ્વસમય અને પરસમય. હવે આવ્યું. એક જીવ શબ્દની વ્યાખ્યા કરી. **'जीवः'** હવે **'चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण'**. હવે એ વ્યાખ્યા ચાલે છે. **'આવો જીવ નામનો પદાર્થ સમય છે.'**

**'જ્યારે...'** જુઓ! અહીં વચન છે. **'જ્યારે...'** સમજાણું કાંઈ? **'अयं खलु यदा'** એમ છે ને? જુઓ! અંદર સંસ્કૃત છે. **'अयं खलु यदा'** એમ સંસ્કૃતમાં શબ્દ પડ્યો છે. **'सकलभावस्वभावभासनसमर्थविद्यासमुत्पादकविवेकज्योतिरुद्गमनाकत्समस्तपरद्रव्यात्प्रच्युत्य'**. વિશેષ લેવાય છે, જુઓ! **'જ્યારે...'** આવો સમય પદાર્થ હોવા છતાં જ્યારે પોતે **'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...'** કેવળજ્ઞાન લીધું પાછું. **'આ (જીવ)...'** આવા કેવળજ્ઞાનને પ્રકાશવાનું કારણ ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ કરે એમ સિદ્ધ કરવું છે. કેટલા બોલ સિદ્ધ કરશે એમાં, જુઓ! એક તો એવો સમય જે છે એ સર્વ પદાર્થોના સ્વભાવને. એ સ્વભાવ શબ્દે વિભાવ, સ્વભાવ બધું આવી ગયું. નિગોદની વિકારી પર્યાય હો, વ્યંજનપર્યાય વિકારી હો, અર્થપર્યાય વિકારી હો. ગુણ અને દ્રવ્ય, બધાને અહીંયાં સ્વભાવ શબ્દમાં નાખ્યા છે. સ્પષ્ટ ભવનં સ્વભાવ. એનો પોતાનો ભાવ છે ને. પોતામાં છે ને. **'આ..'** શું કહે છે? **'સર્વ પદાર્થોના સ્વભાવને...'** એટલે ત્રણ કાળના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ સ્વભાવને. છે ને, પાઠમાં છે, જુઓ! **'सकलभावस्वभावभासन'**, **'सकलभावस्वभावभासन'**. સંસ્કૃત છે એ તો બહુ સરસ! આપણે ભાઈએ શબ્દાર્થમાંથી જ નાખ્યું છે. હવે જુઓ! એક જીવ આવો કહ્યો. સમજાણું? એ જ્યારે ભેદજ્ઞાન પ્રગટ કરે. કોને માટે?

**'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...'** આહાહા..! ત્યાંથી જ ઉપાડી વાત. ભગવાન આત્મા બધા પદાર્થોના સ્વભાવ, વિભાવ, સ્વભાવ-ગુણસ્વભાવ, દ્રવ્યસ્વભાવ એને પ્રકાશવામાં સમર્થ. કેવળજ્ઞાન વિના એક ડગલું ચાલે એવું નથી. સર્વજ્ઞ ધર્મના મૂળ છે. એણે જાણ્યું નહિ તો કહ્યું કોણે પછી? અને એને જે પહેલા લક્ષમાં ન લે અને પોતાની કલ્પનાએ માને.. કોણે કહ્યું? આ જુઓ! ભગવાન પોતે કહે છે આ. સમજાણું કાંઈ? **'સર્વ પદાર્થોના સ્વભાવને...'** પોતાનો આત્મા પણ એ સર્વ પદાર્થમાં આવી ગયો. કેવળીનો આત્મા એ પણ બધા પદાર્થમાં આવી ગયો ને? એનું કંપન આદિ. જ્યાં સુધી સિદ્ધ ન થાય તોપણ કેવળજ્ઞાન છે ત્યાં સુધી અને સિદ્ધ થયા પછી બધી પર્યાયો બધો સ્વભાવ, આ સ્વભાવ. **'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશમાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...'** એવા કેળજ્ઞાનને, એટલું રાખો અહીં હવે. કેવું કેવળજ્ઞાન છે? **'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...'** હવે આમાં કોને ન જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેવળજ્ઞાન? એક સમયમાં જાણે કે આઘેપાછે જાણે?

મુમુક્ષુ :- અનિયત પદાર્થને ક્યાં જાણે?

ઉત્તર :- અનિયત છે જ કે દિ'.

સકળ પદાર્થનો સ્વભાવ. ત્રણ કાળ જે આમ ને આમ પડ્યા છે, એક સમયમાં જણાય છે, હોં! એવા સ્વભાવને પ્રકાશવામાં સમર્થ. એ પોતાનો ગુણ-પર્યાય સમર્થ છે, હોં! પોતાનું સામર્થ્ય છે ઈ. '**એવા કેવળજ્ઞાન...**' પાધરી કેવળજ્ઞાનથી જ ઉપાડી. સાધકને સાધ્ય, કેવળજ્ઞાન પ્રગટ કરવું એ છે. દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્ય ભલે ધ્યેય છે પણ આશ્રય અને પ્રગટ કરવાનું તો કેવળજ્ઞાન છે. સમજાણું કાંઈ? સાધકને મોક્ષ... સાત તત્ત્વમાં મોક્ષતત્ત્વ છે કે નહિ? મોક્ષની એને શ્રદ્ધા ક્યારે થઈ? કેવળજ્ઞાન ધરનાર આત્મા અનંતા છે. એની શ્રદ્ધા ક્યારે થઈ એને? કે એ પર્યાયને, અનંત પર્યાયને ધરનાર મારું દ્રવ્ય છે. એ દ્રવ્યનું અંદર જ્ઞાન થતાં એને અનંતા કેવળજ્ઞાનની મોક્ષતત્ત્વની શ્રદ્ધા થઈ. એ જ શ્રદ્ધામાં કેવળજ્ઞાન લેવાની પ્રતીત થઈ. કેવળજ્ઞાન લેવું છે મારે. મારી દશા પૂર્ણ મારે કરવી છે. સમજાણું કાંઈ? '**એવા કેવળજ્ઞાનને...**' એટલી વાત.

હવે ઉત્પન્ન કરનારી કોણ? ભેદજ્ઞાનજ્યોતિ. એવું જે કેવળજ્ઞાન એને ઉત્પન્ન કરનારું કોણ? ભેદજ્ઞાનજ્યોતિ. આ બીજી વાત ઊડી જાય છે, ભાઈ! પેલો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર છે એમ નથી. એ વ્યવહાર રત્નત્રયથી ભિન્ન ભિન્ન, સ્વભાવથી અભિન્ન એવી ભેદજ્ઞાનજ્યોતિ તે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી છે. આહાહા..! સમજાણું કાંઈ? છે કે નહિ પુસ્તક સામે? એથી તો આ પુસ્તક સામે રાખીએ છીએ. પછી પેલા ટીકા કરે કે (પોતે) ઉપર બેસે અને પુસ્તક હેઠે રાખે. બાપા! એમાં અશાતનાની વાત નથી, ભાઈ! જે હેતુ છે એને (સમજવો જોઈએ). એ વાત છે, ભાઈ! બાપા! એમ ન જો તું. એનો ભાવ કેટલો ગંભીરતાથી ભરેલો એવું એને એ શબ્દના ખ્યાલમાં બહુમાન આવે તો એ જ શાસ્ત્રનું બહુમાન છે. પણ કઈ અપેક્ષા છે એને ખ્યાલ ન મળે. એય.. આમ કરે છે. ભગવાન! બાપુ! તું સ્વતંત્ર છો, ભાઈ! આહાહા..! એ પ્રભુ છે ને! એ સવળો પડ્યો (તો) કેવળજ્ઞાન લે એવો છે. અવળો પડે (તો) નિગોદ લે એવું છે. એ તો એની ને એની દશા છે ને. બે ઈ કહેશે. સમય આમ સ્વભાવમાં સ્થિત થાય તો સ્વસમય છે, પરમાં સ્થિત થાય તો પરસમય છે. પાછું થયો એટલે એ પોતે સ્થિર થાય છે, એમ. કોઈ કર્મને લઈને એ વાત નથી. તેથી લીધું, '**चरित्तदंसणणाणठिदो**'. પોતે પોતાની નિર્મળ પર્યાયમાં સ્થિત થાય છે. તેથી સ્વસમય કહેશે. કોઈને કારણે (કે) કર્મ મંદ પડ્યા, ઢીકણું થયું માટે થયું એમ નહિ. સમજાણું કાંઈ? એક એક પદની ધ્વનિ જ કોઈ સમયસારની.. ઓહોહો..! એવી કોઈ સ્થિતિએ (રચાઈ ગયું છે), મંગળ મુહર્તે સમયસાર થયું છે. આહાહા..! એ 'કુંદકુંદાચાર્ય' વનમાં રહ્યા અને આ સમયસાર (બની ગયું). ગજબ વાત લખી છે!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું?

કહે છે કે એવું જે કેવળજ્ઞાન. કેવું કેવળજ્ઞાન? સર્વ પદાર્થના વિકાર, અવિકાર ગુણ-પર્યાય પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને. એટલી વાત.

મુમુક્ષુ :- નિમિત્ત આવ્યું.

ઉત્તર :- ક્યાં આવ્યું પણ આમાં નિમિત્ત? નિમિત્તનું જ્ઞાન આવ્યું.

મુમુક્ષુ :- નિમિત્ત તો અનિશ્ચિત છે. જ્યારે આવે ત્યારે થાય.

ઉત્તર :- એમ હોય નહિ, બાપા! એમ પ્રભુ! નથી, ભાઈ! એ એણે ફેરવવું પડશે. સવળી વાત છે તેને લેવી પડે, એમાં શું છે? ભૂલ હોય. એમાં શું છે? ભૂલને કબુલ કરવી એમાં એની મહત્તા છે. મોટપ તો એમાં એની છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન! સર્વ પદાર્થને પ્રકાશવામાં. પ્રકાશવામાંને કે કરવામાં? પ્રકાશવામાં. પર પરમાણુને રચવામાં, સ્કંધને રચવામાં, શરીરને રચવામાં, રાગને રચવામાં એમ નથી ને? સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં-જાણવામાં સમર્થ '**એવા કેવળજ્ઞાનને...**' એ કેવળજ્ઞાન સિદ્ધ કર્યું. '**ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ...**' સિદ્ધ કરી. એવા કેવળજ્ઞાનને. કેવળજ્ઞાન પર્યાય છે અને આ ભેદજ્ઞાન પણ પર્યાય છે. પેલો આખો સમય છે, જે સાધારણ વાત કરી એ. હવે રાગથી, પરથી ભિન્ન છું અને મારા સ્વભાવમાં અભિન્ન છું એવી ભેદજ્ઞાનજ્યોતિ. એટલે પેલો વ્યવહાર રાગને-શુભરાગને જે વ્યવહાર કહ્યો એ એને સાથે લઈને ભેદજ્ઞાન થાતું નથી. એને છૂટું પાડે કે આ નહિ અને આ હું. એથી એમ રહેતું નથી કે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ? સંતોએ પણ માર્ગને સહેલા કરી દીધા છે. આહાહા..! મુનિઓ એ માર્ગ પામીને પહોંચી ગયા પણ જગતને માટે સહેલો (કરી નાખ્યો). સંતોએ સહેલા સ્તંભ રોપ્યા છે. સહેલો સમજાય છે? સહેલો એટલે? સરળ, સોંઘો. સહેલાનો ભાવ નથી આવતો. સહેલી આપણી ગુજરાતી ભાષા છે ને. સહેલો કર્યો છે. આસાન. હા, સરખું આવવું જોઈએ ને. આસાન ઈ બરાબર છે.

'**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' જુઓ! ઉદય એટલે પર્યાય છે આ. આ કાંઈ અનાદિથી નથી. રાગ અને પુણ્ય-પાપના ભાવ શરીરાદિથી આત્મા ભિન્ન (છે). આ નહિ, આ હું. એમ ભેદજ્ઞાન કરવું એ જ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? નિમિત્ત અને રાગને સાથે લઈને એનાથી જુદું ન પડાય. રાગ અને નિમિત્તને ત્યાં રાખીને-જ્યાં છે ત્યાં રાખીને એનાથી જુદો થાય. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! એમાંથી નીકળે છે કે નહિ? જુઓ! પેલા એમ કહે છે કે સોનગઢ... બાપા! પ્રભુ! તેં સાંભળ્યું નથી. તું આ કોને કહે છો? આરોપ કોને દે (છો), ભાઈ તને ખબર નથી. એ શું છે એ તને ખબર વિના આ તું શું બોલે છે? ભાઈ! આહાહા..! અરે..! આ વાત... એ.. ઘરના ઊંધા અર્થ કરે છે અને ... અરે..! પ્રભુ! ભાઈ! તેં સાંભળ્યા નથી. ભગવાનના સમીપણા તેં સેવ્યા નથી. આહાહા..! સમજાણું

કાંઈ?

કહે છે, જેને આવો આત્મા સાત બોલે કહ્યો, હવે એને સ્વસમય સિદ્ધ કરે છે અને પરસમય સિદ્ધ કરે છે. એવો ભગવાન આત્મા '**કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદય થવાથી,...**' પાછું જોયું! કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ એનો ઉદય થવાથી. ભાષા જુઓ! જેમ કર્મનો ઉદય, રાગનો ઉદય. આ ઉદય થવાથી. ઉદય એટલે પ્રગટ. ભેદજ્ઞાનજ્યોતિ. ભાષા કેવી વાપરી છે? જ્યોતિ ઉપમા આપી છે. રાગ ને પરથી આમ ભિન્ન પાડે, બાળીને રાખ કરી નાખે પરને. ભિન્ન પડેલી ચીજ અહીં થતાં એ રહી શકે નહિ. સમજાય છે કાંઈ? આ ઉધઈ થાય છે ને? ભાઈ! ઉધઈ. શું કહેવાય? કીડા નથી થતા ઝીણા? ... પણ ઈથી પણ (ઝીણા) ઉધઈ હોય. ધૂળમાં થાય. દીમક. બહુ ધોળી સુંવાળી હોય છે. તડકો લાગે ત્યાં સડસડાટ (બળી જાય). મેં નજરે જોયેલી, હોં! એક ફેરી. પહેલા તો અપવાસ કરતા ને. મહિનાના ચાર. બાર વાગે આહાર કરીને એક વાગે દિશાએ જાવું પડે. ધોમ તડકે. ઈ બહાર દિશાએ ગયા તો આમ ઉધઈ.. ઉધઈ ધોળી ઝીણી ઝીણી દિમક ધૂળમાં થાય. આમ નીકળી ત્યાં તડકો લાગ્યો તો બળી ગઈ, ખલાસ થઈ ગઈ. તતડી ગઈ અગ્નિ વિના. એટલી સુંવાળી.

અહીં કહે છે કે રાગાદિથી ભેદ પાડનાર ભગવાન જ્યાં જાગ્યો એ રાગ હવે રહી શકે નહિ. ભેદજ્ઞાનજ્યોતિ જાગી છે. આહાહા..! સમજાણું કાંઈ? એના પ્રકાશ આગળ, મહિમા આગળ કોઈની મહિમા રહે નહિ. આહા..! શબ્દો વાપરીને કેટલું કહે છે! ઉત્પન્ન કરનારી પેલાને. કોણ કરનાર? ભેદજ્ઞાનજ્યોતિ. વિકલ્પ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરે? વ્યવહાર મોક્ષમાર્ગ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરે? અને વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગને ઉત્પન્ન કરે? વ્યવહાર મોક્ષમાર્ગ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરે? અને વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગ ઉત્પન્ન કરે? કારણ કે જેનાથી જુદું પડવું (છે), એનાથી તો જુદું પડવું છે. જુદું પડવું છે, એને જુદું પાડવામાં રાગ મદદ કરે? સમજાણું કાંઈ? ભઈ આ તો મૂળ માર્ગ છે ને. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે...' છે ને? 'કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ માર્ગ સાંભળો જિનનો રે..' 'શ્રીમદ્' કહ્યું છે ને ઈ? આવે છે કે નહિ? ત્યાં તો ઘણીવાર બોલ્યા હશો. બધું જોઈ આવ્યા ને નિરાંતે. આહાહા..!

કહે છે, કે ભેદજ્ઞાનમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે આવ્યા. એમ કરીને અહીં પછી સિદ્ધ કરશે, જુઓ! જેને '**કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' હવે આવ્યું, જુઓ! હવે જ્યારે પરથી જુદો પડીને પોતાને ભેદજ્ઞાન થયું ત્યારે '**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' સર્વ પરદ્રવ્યોથી છૂટી. અંદર રાગ, વિકલ્પ પરથી છૂટી '**દર્શનજ્ઞાનસ્વભાવમાં...**' જુઓ! ધ્યાન રાખજો હવે. કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન–રાગથી ભિન્ન પાડવાની ચૈતન્યજ્યોતિ જ્યાં પ્રગટ થઈ, ઉદય એટલે પ્રગટ થઈ. પર્યાય છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે. '**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' રાગ વ્યવહાર વિકલ્પ, શરીર, કર્મ, નિમિત્ત આદિ બધાથી છૂટી '**દર્શનજ્ઞાનસ્વભાવમાં...**' એ દર્શનજ્ઞાન સ્વભાવ તો આત્માનો કાયમનો છે. સામાન્ય દર્શન, વિશેષ જ્ઞાન એવો ત્રિકાળ સ્વભાવ આત્માનો છે. એવા સ્વભાવમાં '**નિયત વૃત્તિરૂપ...**' એમાં નિયત વૃત્તિરૂપ-અસ્તિત્વપણે રહેવારૂપ. શેમાં ...? જે દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચિત અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ. આમ દર્શનજ્ઞાન સ્વભાવ એમાં રહેવારૂપ આત્મતત્ત્વ. જુઓ! આમ છે. દર્શનજ્ઞાન એનો ચૈતન્યસ્વભાવ એમાં ચેતન એટલે આત્મતત્ત્વ એમાં રહેલું છે.

એવા '**આત્મતત્ત્વ સાથે...**' આવા આત્મતત્ત્વ સાથે. હવે પેલી મૂળ વાત લેવી છે. હવે જોડાવાની વાત. '**चरित्तदंसणणाणठिदो**' શબ્દ છે ને? સમજાણું કાંઈ? આ થોડું સમજાય તો કાંઈ વાંધો નહિ. લાંબી વાત ન સમજાય, પણ થોડું પણ મૂળ સત્ય સમજવું જોઈએ. એટલે એમ નહિ કે એકદમ વાત કરી નાખીએ, એકદમ વાંચી જાય માટે ઝટ સમજાય જાય એવું કાંઈ નથી. એક જણો કહેતો હતો, સમયસાર ... ને? હું તો પંદર દિ'માં વાંચી ગયો આખું. એ તો એક દિ' વાંચી જાય. સવારથી ચોવીસ કલાક બેસે તો. બાપુ! એમાં નવ તત્ત્વની (વાત છે). આમાં નવની (વાત) છે બાપા! પણ નવમાં મોટી ગંભીરતા છે એક એક તત્ત્વની. ભાઈ! એમ તું ગડિયાની પેઠે વાંચી ગયો એથી કાંઈ એના ભાવ સમજાય જાય એવી વાત નથી. અંગ્રેજીના લખાણ લખ્યા હોય અને અંગ્રેજી કાંઈક ભણ્યો હોય શબ્દે એ વાંચી જાય પણ ભાવ સમજાય એને? ગુજરાતીમાં લખ્યું હોય, લ્યોને. બીજી ચોપડીવાળો વાંચી જાય. ચે.. ત.. ન.. સ્વ.. રૂપ.. એમ એ વાંચે. જોયા છે ને અમે. બીજી ચોપડીવાળા એમ વાંચે. કારણ કે એને આખી શબ્દની સંધિ કરતા ન આવડે. ચૈ..ત..ન્ય.. આટલી બધી વાર લાગે તો શબ્દ ભેગા કે દિ' થાય ને ભાવ ભેગો કે દિ' થાય? એઈ..! આ બધા જોયેલા છે ને. બધાને પરખ્યા. ગુજરાતીનું સારામાં સારું તત્ત્વ લખે પેલો શબ્દ વાંચે. પણ એનો ભાવ શું છે? ઈ ભાવને સમજે નહિ.

એમ અહીંયાં કહે છે કે ભગવાન આત્મા જેના દર્શનજ્ઞાન સ્વભાવમાં જેનું રહેવું છે. જુઓ! ભગવાન એમાં રહેલો છે, ભાઈ! એ રાગ-દ્વેષ વિકાર, શરીર, કર્મમાં રહેલો નથી એમ પહેલું સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? અનુભાઈ! ઈ અનુભાઈ બે-ત્રણ દિ' સાંભળવા આવ્યા છે. ચાલો, સમયસાર વંચાય છે. કહો, સમજાણું આમાં? આહાહા..! કહે છે, '**સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ)...**' એમાં જેનું હોવાપણું છે એવું '**આત્મતત્ત્વ...**' એટલે એ આત્મતત્ત્વ દર્શનજ્ઞાન સ્વભાવમાં રહેલું છે. એ આત્મતત્ત્વ કર્મમાં, શરીરમાં, રાગમાં, વિકલ્પમાં રહેલું એ આત્મતત્ત્વ નથી. સમજાણું કાંઈ આમાં? એ 'પ્ર' શબ્દ છે ને વધારાનો? વૃત્તિ શબ્દ છે. '**दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूप**' ભગવાન આત્મા એ દર્શન, જ્ઞાન જે કાયમ સ્વભાવ છે એ મૂળ સ્વભાવ લીધો. દર્શનઉપયોગ. ઉપયોગ લીધો ને? ઉપયોગ લક્ષણે કીધો છે ને? '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**णिच्चं**’. ભગવાને કેવળજ્ઞાનમાં ઉપયોગલક્ષણ આત્માને દીઠો છે. તું બીજી રીતે શી રીતે માનીશ એને? સમજાણું કાંઈ? એ દર્શન, જ્ઞાન ત્રિકાળ ઉપયોગ છે, ત્રિકાળ સ્વભાવ છે એમાં રહેલો આત્મા, એમાં રહેલો આત્મા. સમજાણું કાંઈ?

એવું આત્મતત્ત્વ એની સાથે એકત્વરૂપે લીન થઈ. જુઓ! ઈ દર્શનજ્ઞાનમાં રહેલો આત્મા એની સાથે એકત્વ થઈ એટલે અહીંથી છૂટ્યો છે અને અહીં એકત્વ થયો છે. પરદ્રવ્ય રાગાદિથી છૂટો પડ્યો, દર્શનજ્ઞાન સ્વભાવમાં રહેલો આત્મા એની સાથે એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે છે. એકત્વરૂપે લીન પ્રવૃત્તિ કરે છે. પછી હજી આની વ્યાખ્યા આવશે, બહુ મોટી છે, હોં! જ્યારે શબ્દ પડ્યો છે ને? ત્યારે એમ શબ્દ હવે પછી આવે છે. ‘દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે **‘સ્વસમય’ એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**’ લ્યો. એ ઉતાવળે થઈ ગયું છે, કાલે વાત. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પ્રથમ શ્રાવણ વદ ૬, રવિવાર તા. ૭-૦૮-૧૯૬૬**
**ગાથા-૨, પ્રવચન-૧૦**

આ સમયસાર. જીવ-અજીવ અધિકારની બીજી ગાથા ચાલે છે. જીવ કોને કહેવો એના સાત બોલ ચાલ્યા. જીવ-આત્મા. પહેલો જીવ લીધો. પેલા વળી કહે, જીવ અને આત્મા જુદા છે. એમ નથી. જીવ કહો કે આત્મા કહો. જીવને જીવવાની અપેક્ષાએ એને જીવ કહ્યો અને આત્મા-.. ગચ્છતિ ઈતિ આત્મા. વસ્તુ તો ઈની ઈ છે. આત્મા નિર્લેપ છે અને જીવ કોઈ સલેપ છે, એવી કોઈ વ્યાખ્યા છે નહિ. તેથી કહે છે કે જીવ, એને સાત બોલે વર્ણવ્યો. સમય.. સમય છે, ઈ સમય. પોતે એક સમયમાં પરિણમે છે અને જાણે છે એથી એને સમય કહેવામાં આવે છે. સાત બોલે. 'આવો જીવ નામનો પદાર્થ સમય છે.' કાલે બધું થોડું થોડું ઉતાવળથી લીધું હતું ને.

'**જ્યારે આ (જીવ),...**' જ્યારે એ પોતે જીવ, એમ. '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...**' જ્યારે આ જીવ પોતે કરે ત્યારે, એમ કહેવા માગે છે. સમજાણું છે કાંઈ? જ્યારે આ આત્મા, આવો છે એ વર્ણવ્યો. વસ્તુ તરીકે આખી. એ '**સર્વ પદાર્થોના સ્વભાવને...**' જગતના બધા આત્માઓ, પરમાણુઓ, ગુણો અને સ્વભાવ ને વિભાવ એ બધાને અહીંયાં સ્વભાવ કહેવામાં આવ્યા છે. '**સર્વ પદાર્થોને સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' એક સમયમાં જાણવામાં-પ્રકાશવામાં સમર્થ '**એવા કેવળજ્ઞાનને...**' એ કેવળજ્ઞાનની વ્યાખ્યા કરી. '**એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી...**' એવો આત્મા સત્તારૂપે ચૈતન્યરૂપે-જ્ઞાનદર્શન પરિણમનરૂપે, અનંત ધર્મના આધાર દ્રવ્યરૂપે, ક્રમ-અક્રમ ગુણ અને પર્યાયરૂપે, ષટ્ દ્રવ્યના ગુણોથી ભિન્નરૂપે એકક્ષેત્રમાં રહેવા છતાં અત્યંત જુદાપણે (રહ્યો છે). સાત બોલ થઈ ગયા. એવો આત્મા જ્યારે સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી. કેવળજ્ઞાનને ઉત્પન્ન (કરનારી)-કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન કાંઈ અનાદિનું નથી. અનાદિનો જ્ઞાનગુણ છે, પણ કેવળજ્ઞાન પર્યાય તો નવી ઉત્પન્ન થાય. એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ પણ નવી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી. ઉદય નામ પ્રગટ થવાથી.

'**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' ભગવાન આત્મા સાત બોલે વર્ણવ્યો એવો આત્મા સમય છે. તોપણ એ જ્યારે પોતાના પૂર્ણ સ્વભાવને પ્રગટ કરનારી કેવળજ્ઞાન દશા, એને પ્રગટ કરનારું ભેદજ્ઞાન. એ ભેદજ્ઞાનજ્યોતિ કીધી. એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે સમાઈ ગયા, ભાઈ! શું કીધું? ભેદજ્ઞાનજ્યોતિમાં ત્રણે સમાઈ ગયા છે. ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થયો ત્યારે શું થયું? પરથી જુદો એવા આત્માની શ્રદ્ધા, પરથી જુદો એવા આત્માનું જ્ઞાન, પરથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુદો એવી સ્વરૂપની સ્થિરતા. એને ત્રણને એક કરીને ભેદજ્ઞાન કહ્યું છે. કહો, સમજાણું આમાં? પણ એ ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી કેવળજ્ઞાન થાય છે એમ સિદ્ધ કર્યું. કોઈ નિમિત્તને કારણે કે રાગની સહાયને કારણે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય કે રાગ ને નિમિત્તની સહાયને કારણે ભેદજ્ઞાનજ્યોતિ ઉત્પન્ન થાય, એમ નથી. સમજાણું કાંઈ? જેનાથી જુદું પડવું છે એની સહાયથી જુદો પડે, એમ હોઈ શકે નહિ. શું કીધું ઈ? પંડિતજી કહે છે, સંમતિ તો જોઈએ, જેનાથી જુદું પડવું હોય. બે ભાઈ ભેગા હોય ને... અહીં સંમતિ કોની રાગની લેવી છે? કર્મની લેવી છે? શરીરની લેવી છે? બે ભાઈઓ સંમતિથી જુદા પડે કે નહિ? અહીં ક્યાં બે ભાઈ છે? અહીં તો બે જુદી ચીજ છે. અહીં તો એક જડ રાગ છે તે અચેતન છે, કર્મ છે તે અચેતન છે, રાગ અચેતન છે, એમાં ક્યાં જ્ઞાનનો અંશ છે? બે ભાઈ જ ક્યાં છે. સમજાય છે? એકસાથે રહ્યા છે. એટલી અપેક્ષાએ એને બંધુ કહ્યા છે. બંધુ. 'પરમાત્મ પ્રકાશ'માં કહ્યું છે. બંધુનો નાશ કરે. અરે..! તું મુનિ થઈને બંધુનો ઘાત કરે છે. આવે છે ને? અહો..! તારી સાથે અનાદિના રહેલા કર્મ અને રાગ એનો તું નાશ કરનારો, બંધુનો ઘાત કરનારો એમ કરીને ગુણનું વર્ણન છે. સમજાણું કાંઈ?

એમ અહીંયાં સાથે રહેનારા રાગ, શુભરાગ, કર્મ, શરીર, સહનન વગેરે દેવ-ગુરુ કે વાણી એ બધાથી ભિન્ન પાડવું છે. અને સ્વભાવમાં એકત્વ થવું. અહીં તો ત્રીજી ગાથાથી ઉપાડશે. એકત્વ-વિભક્ત. સ્વભાવમાં એકત્વ અને પરથી વિભક્ત એ અમે કહીશું. ન્યાંથી ઉપાડશે.

**एयत्तणिच्छयगदतो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

ભગવાન આત્મા પોતાના અનંત સ્વભાવ સંપન્ન એ પોતે રાગ અને કર્મથી જુદો પડીને ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી અને એમાં રાગ, વ્યવહાર ને નિમિત્તની સહાય હોય તો ભેદજ્ઞાન થાય (એમ નથી). જેનાથી જુદું પડવું એની સહાય શેની હોય? સમજાણું કાંઈ? એથી એમ કહ્યું કે ભેદજ્ઞાનજ્યોતિ. ભગવાન આત્મા પોતાના અનંત ગુણોનો પિંડ પ્રભુ, એના સ્વભાવની એકત્વતા કરતાં રાગાદિથી પૃથક્ કરતાં જે ભેદજ્ઞાન ઉત્પન્ન થયું એ ભેદજ્ઞાન કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર છે. કહો, સમજાણું આમાં? એમાં તો કાલે ઘણાં ન્યાય આપ્યા હતા.

પરથી જુદું પડે છે એમાં ઈ ક્યાં સહાયક થાય? અને એ ભેદજ્ઞાન ઉત્પન્ન કરવામાં મદદ નથી, તેમ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવામાં રાગ ને નિમિત્તની મદદ નથી. કેવલજ્ઞાનને ઉત્પન્ન કરવામાં તો ભેદજ્ઞાનજ્યોતિને કારણ અહીંયાં ભગવાને કીધી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. કીધું હોય.

ઉત્તર :- એ ભલે કહ્યું હોય. બીજે ઠેકાણે કહ્યું હોય વ્યવહારનયથી. 'પંચાસ્તિકાય'માં આવે છે. સાધન-સાધ્ય, ભેદ સાધ્ય-સાધન. પંડિતજી ઈ યાદ તો કરે ને. બીજે ઠેકાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું છે ને. એ તો 'છ ઢાળા'માં કહ્યું છે. નિયતનો હેતુ. નિયતનું કારણ. છે ને, બધો ખ્યાલ નથી? બધી વાત છે. પણ એ બધું વ્યવહારનું સ્વરૂપ સિદ્ધ કર્યું છે કે એ છે. પણ એનો ભેદ પાડ્યો ત્યારે પેલાને વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ?

એથી કહે છે, બહુ સિદ્ધાંત ભર્યા છે આમાં, જુઓને! કહે છે, પાધરું કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાનું ... એકદમ. પરમાત્મ દશા પોતાની ઉત્પન્ન કરનારી, ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. વ્યવહાર વિકલ્પ, સંહનન, વજ્રવૃષભનારાચ સંહનન વિના કેવળ ન થાય. ઘણાં વર્ષ પહેલાં એક પંડિત આવ્યા હતા ને? કુચામણના. મનુષ્યપણા વિના કેવળ ન થાય, વજ્રનારાચ સંહનન વિના કેવળ ન થાય. અહીં એક ફેરી રહ્યો હતો. ..., શું નામ હતું? ઘાસીલાલજી. પંડિત હતા. ઘાસીલાલજી, કુચામણના. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, **'કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ...'** વજ્રવૃષભ સંહનન ને મનુષ્યદેહ ને ચોથો આરો ને મહાવિદેહક્ષેત્ર એ કાંઈ નથી, એમ કહે છે. છે એમાં, છે કે નહિ? જુઓને! એ.. રતિભાઈ! પ્રગટ થવાથી એટલે જ્યારે પોતે પ્રગટ કરે ત્યારથી એમ કહે છે. **'સર્વ પરદ્રવ્યોથી છૂટી...'** બધા રાગાદિ પરદ્રવ્યથી છૂટી **'દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે...'** ભગવાન આત્મા.. આત્મા એકરૂપ પદ છે-વસ્તુ છે. તેનું દર્શન જ્ઞાન પણ એકરૂપ એનું પદ સ્વભાવ છે. સમજાણું કાંઈ? દર્શન-જ્ઞાન, દૃષ્ટા-જ્ઞાતા. એવો એકરૂપ સંપૂર્ણ સ્વભાવ સામર્થ્યવાળા બે ગુણો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દ્રવ્ય એક છે તેથી તે પૂર્ણ છે. અને એનો દર્શન-જ્ઞાન સ્વભાવ પણ, દ્રવ્ય એક તે જ્ઞાન-દર્શન સ્વરૂપે છે તેથી તે દર્શન જ્ઞાન પણ સંપૂર્ણ સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

એમાં **'નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ...'** એમાં રહેવારૂપ આત્મતત્ત્વ, એમાં રહેવારૂપ આત્મસ્વરૂપ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા કહે છે કે એ આત્મા એટલે શું? અહીં જેમ **'चरित्तदंसणणाणठिदो'** જીવ કીધો. એમ અહીંયાં આત્મા દર્શન જ્ઞાન સામાન્ય પૂર્ણ (છે). એનો સ્વભાવ.. વસ્તુ એક છે, અખંડ છે, અભેદ છે. એનો સ્વભાવ પણ મૂળ ઉપયોગ તો દર્શન જ્ઞાન છે. મૂળ ઉપયોગ લક્ષણ સ્વભાવ એ છે. એ દર્શન જ્ઞાન સ્વભાવ પરિપૂર્ણ પરિપૂર્ણ, એમાં કંઈ અપૂર્ણ અને વિપરીતતા સ્વભાવમાં હોઈ શકે નહિ. એવો જે દર્શન જ્ઞાન સ્વભાવ, એમાં રહેલું આત્મતત્ત્વ. એમાં રહેલું આત્મતત્ત્વ. એની સાથે, એવો જે ભગવાન આત્મા તત્ત્વની સાથે એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે છે. એકત્વ આવ્યું. એકત્વ-વિભક્ત. ત્રીજી ગાથાથી કહેશે. એકત્વરૂપે લીન થઈ, આમ એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે છે. સમજાણું? સ્વભાવમાં પોતાનો સ્વભાવ દર્શન જ્ઞાન, એમાં રહેલું આત્મતત્ત્વ એટલે કે આત્મસ્વરૂપ. એવું જે આત્મસ્વરૂપ એમાં એકત્વ થઈ, એકત્વરૂપે લીન થઈ, પરથી ભિન્ન પડી. એ તો પહેલાં કીધું, પરદ્રવ્યથી. અહીં એકત્વરૂપે, આમાં એકત્વરૂપે લીન થઈ. આમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરદ્રવ્યથી છૂટી અને આમાં એકત્વરૂપે લીન થઈ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો.. અહીં ખરા તો પુણ્યના વિકલ્પો છે. કારણ કે એ વખતે જ્યારે વિચાર કરે ત્યારે આમ છે ને આમ છે, ત્યારે તો એને શુભભાવ વર્તતો હોય છે ને. એ શુભભાવથી પૃથક્પણે. શુભભાવ પરદ્રવ્ય છે ખરેખર, એનાથી છૂટી પોતાનું જે દ્રવ્ય છે એ દર્શન જ્ઞાન સ્વરૂપમાં રહેલું તે આત્મતત્ત્વ છે. સમજાણું કાંઈ?

એમાં એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે છે એમાં ત્રણે આવી જાય છે. એકત્વરૂપે- શ્રદ્ધામાં એકત્વરૂપે, જ્ઞાનથી એકત્વરૂપે અને ચારિત્રથી એકત્વરૂપે. એ એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ (કરે છે). પાઠ છે ને? '**आत्मतत्त्वैकत्वगतत्वेन वर्तते**' એમ છે. '**एकत्वगतत्वेन वर्तते**'. અહીંથી છૂટ્યો, આમ રાગથી છૂટ્યો. સમજાવવાની શૈલી તો કેવી (હોય)? ઈ કાંઈ પહેલા- પછી નથી. અહીં પહેલો છૂટ્યો અને પછી આમ થયું. પણ કથનપદ્ધતિ શું આવે? રાગથી છૂટ્યો છે, આમથી છૂટ્યો છે, આમ એકત્વથી છૂટ્યો છે. સ્વભાવરૂપ ભગવાનઆત્માથી એકત્વરૂપે થયો છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? ઝીણું પડે છે? છોકરાઓએ પણ સાંભળવું. છોકરાઓ મોટા થાય છે કે નહિ?

મુમુક્ષુ :- ભગવાન છે.

ઉત્તર :- ભગવાન છે. ભગવાન છે ને પરમાત્મા છે, ભાઈ!

'જયસેનાચાર્ય'ની ટીકામાં એ લીધું. જેમ અહીં દર્શન જ્ઞાન તેમાં રહેલું આત્મતત્ત્વ. ત્યાં એમ લીધું. જ્ઞાન દર્શન એમ શબ્દ લીધો પાછો, ભાઈ! અહીં દર્શન જ્ઞાન, ત્યાં જ્ઞાન દર્શન પાઠ છે. અહીં દર્શન જ્ઞાન લીધું છે. ત્યાં જ્ઞાન દર્શનની વાત છે. જ્ઞાન દર્શન એટલે પાછો ખુલાસો થઈ જાય. દર્શન ને જ્ઞાનમાં સમકિત ને જ્ઞાન થઈ જાય માટે ત્યાં જ્ઞાન, દર્શન વાત લીધી. વિશુદ્ધ જ્ઞાન દર્શન એવું જે આ પરમાત્મતત્ત્વ એમાં જે લીન થાય છે. અહીંથી છૂટીને એમાં લીન થાય છે. એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે છે. કહો, સમજાણું આમાં?

'**ત્યારે...**' પેલું જ્યારે હતું ને? જ્યારે આમ કરે ત્યારે, એમ. સમજાણું કાંઈ? '**દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી...**' ત્યારે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સ્થિત થવાથી પોતાના સ્વરૂપને એ પોતાના સ્વરૂપને ત્રિકાળ જ્ઞાન દર્શનની એકતારૂપે, જુઓ! એકતારૂપે. એક જ વખતે પોતાના સ્વરૂપને-પોતાનું જે ત્રિકાળ સ્વરૂપ એને એકતારૂપે એક જ વખતે, એક જ કાળે જાણતો અને પરિણમતો. '**गच्छंश्च**' શબ્દ છે. '**गच्छंश्च**' છે ને? '**गच्छंश्च**' એટલે પરિણમતો. જાણતો અને '**પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' એને સ્વસમય આત્મા તેને એમ ભરોસો કરવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલી ગાથાઓમાં તમે આવી ગયા બરાબર. આવી ગયા છે ને. આહાહા..!

ભાઈ! તું તો છો, એમ કહે છે. વસ્તુ તો છે આ. જીવ વસ્તુ પોતે પોતાના સ્વભાવમાં જ છે. એ વસ્તુ એને કહીએ કે જે સ્વભાવમાં છે. એ વસ્તુ પરના રાગાદિનો વિભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એનાથી જુદી, પોતાના સ્વભાવમાં એકત્વગતત્વ વર્તન કરે ત્યારે એકત્વગતત્વમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે આવી ગયા. એટલે એ દર્શન, જ્ઞાન ને ચારિત્રમાં સ્થિત થયો છે ને. એમાં સ્થિત થવાથી. દર્શન, જ્ઞાન, ચારિત્રને આત્મામાં સ્થિત કરવાથી એમ ન લીધું. દર્શનને આમ વાળવાથી, જ્ઞાનને આમ વાળવાથી (એમ નથી લીધું). આ તો આત્મા એવા પોતાના સ્વરૂપનું એકત્વગતનું પરિણમન કરતાં, પરથી છૂટીને પરિણમન કરતાં એના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થાય છે, સ્થિત થાય છે. સમજાય છે? એથી પોતાના સ્વરૂપને એકતારૂપે એક જ વખતે જાણતો પરિણમતો એવો સ્વસમય (છે). એ પર્યાય છે. એટલે અભેદ રત્નત્રયરૂપે પરિણમ્યો તેને સ્વસમય કહેવામાં આવે છે. ભાઈ! આમાં ભેદરત્નત્રયનું નામેય ક્યાંય લીધું નથી. આ અભેદરત્નત્રયની વાત છે. અભેદ એકત્વગત આ બાજુની છે ને. સ્વઆશ્રયમાં પોતે આશ્રય લીધો પણ પોતે એમાં સ્થિર થયો, એમ કીધું અહીં. આવો જે સ્વભાવ, ભગવાન દર્શન જ્ઞાન સ્વભાવમાં રહેલું આત્મતત્ત્વ, એવું જે આત્મસ્વરૂપ એ પોતામાં એકત્વગતરૂપે પોતામાં એકપણે પરિણમ્યો ત્યારે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થયો તેને તે જ કાળે જાણતો અને પરિણમતો એવો સ્વસમય તેને તે કાળે પ્રતીત કરવામાં આવે છે. તે જ કાળે એટલે સમજાણું કાંઈ? એ સમયરૂપે પરિણમે છે ત્યારે એને પ્રતીત કરવામાં આવે છે કે આ સ્વસમય છે. સમજાણું આમાં કાંઈ? ઈ એક વાત કરી. પહેલા પદની, પહેલા પદની. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**'. આ બે પદની વ્યાખ્યા થઈ. આટલામાં બે પદની વ્યાખ્યા થઈ. આહાહા..! કેટલી સ્પષ્ટતા કરી છે!

હવે, '**पोग्गलकम्मपदेसट्ठिदं च**' ત્યાં પણ '**ट्ठिदं च**'. '**तं जाण परसमयं**'. ત્યારે પણ, એમ છે ને? પેલી એક વાત થઈ ગઈ એટલે પણ જ્યારે.. પહેલી ઓલી સવળી લીધી છે, ભાઈ! સવળી પહેલી લીધી છે. અવળી પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત તો અનાદિનો છે. એ ન લેતાં પહેલું આમ લીધું છે. ત્યારે પેલા છે એવાનું જ્ઞાન થાય એને. સમજાણું કાંઈ? અજ્ઞાની એમાં સ્થિર છે અથવા રાગમાં કંઈ થોડું બાકી છે એનું જ્ઞાન સ્વસમયમાં એકત્વગતપણે દર્શન, જ્ઞાન, ચારિત્રના અભેદ રત્નત્રય (રૂપે) પરિણમે ત્યારે. પહેલો બોલ ત્યાંથી શરૂ કર્યો છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એમ આવે છે. શ્વેતાંબરમાં સૂયગડાંગમાં પહેલા ઈ આવે છે ... બંધનને તું પહેલું જાણ. ત્યાં એમ આવે છે. સમજાણું કાંઈ? નહિ. એ બંધમાં પાછળ ફેરવ્યું. બંધ અધિકારમાં. બંધમાં શું થયું? બંધની ચિંતાથી શું થયું અને બંધના જ્ઞાનથી શું થયું? પંડિતજી! ઈ બે ગાથા આવે છે ને? બંધની ચિંતાથી શું થયું અને બંધના જ્ઞાનથી શું થયું? ચિંતા એ તો વ્યવહાર મોક્ષમાર્ગ, વ્યવહારધર્મ છે. ચિંતાથી વ્યવહારધર્મ એટલે પુણ્ય છે એ તો. એમાં ક્યાં મોક્ષ આવ્યો?

શરૂઆત આત્માના સ્વસ્વભાવના જ્ઞાન અને ભાનથી થઈ છે. સમજાણું કાંઈ? 'સમયસાર' ગાથા શરૂ કરતાં. પહેલો પાઠ જ ઈ છે ને. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**जाण**'. '**પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ...**' અજ્ઞાનરૂપી કેળ. અજ્ઞાન.. અજ્ઞાન, હોં! '**તેના મૂળની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો) મોહ...**' મોહકર્મ, હોં! હવે ઈ કર્મ છે. અજ્ઞાનથી પુષ્ટ થયેલો જે મોહ. કેળની ગાંઠ હોય છે ને? કેળ.. કેળ. કેળની ગાંઠમાં બચડા નીકળ્યા જ કરે. બચડા સમજો છો? કેળ. કેળની ઝાડ. ઝાડમાં બચડા હોય. નીકળ્યા જ કરે એમાંથી. અમારી ભાષામાં બચડા કહે. તમારી ભાષા હશે કાંઈક. ગાંઠ હોય ને કેળની? પડ.. પડ અમારે કહે છે. એકમાંથી એક પડ નીકળ્યા જ કરે. તમારી કઈ ભાષા હશે? અમારે તો ગાંઠ કહે છે. કેળની ગાંઠ. આમ પડ નીકળ્યા જ કરે. પડ સમજ્યા? ઉપરના પટ. કેળની ગાંઠ હોય છે કે નહિ? હિન્દીમાં શું હશે? હિન્દીમાં શું છે? હિન્દી. ... એ તો એટલું લીધું છે. 'અવિદ્યારૂપી મૂલવાલે કંદ' પાઠમાં-ટીકામાં કંદ શબ્દ છે ને? મોહકે ઉદય અનુસાર. એમ કહ્યું છે, લ્યો. આપણે કેળના કંદનો અર્થ કર્યો છે. સમજાણું કાંઈ?

'**કેળ તેના મૂળની ગાંઠ જેવો...**' કંદ છે ને? અંદર હેઠે ગાંઠ (હોય). એવો પુષ્ટ થયેલો જે મોહ. એ મોહ કર્મ છે. મોહ એ કર્મ છે. અવિદ્યા એ અજ્ઞાન છે. ન્યાંથી ઉપાડ્યું છે. અજ્ઞાનને લઈને મોહની પુષ્ટ થયેલી ગાંઠ '**તેના ઉદય અનુસાર...**' દેખો! અહીં લેવું છે ને. એનો ઉદય એને અનુસરે છે. આમ અનુસરવું જોઈએ, ભગવાન આત્મા દર્શન, જ્ઞાનસ્વભાવ સ્વરૂપ એને અનુસરવું જોઈએ, એને ન અનુસરતાં આ કર્મ ઉદય આવે તેને અનુસરે છે. કર્મનો ઉદય અનુસરાવે છે એમ નહિ. જુઓ! '**તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી...**' શું કહ્યું? સમજાણું આમાં? જ્યારે પોતે પોતાના સ્વભાવમાં એકત્વપણાને પામે ત્યારે સ્વસમય કહેવાય છે, જ્યારે તે, જ્યારે તે જીવ અનાદિ અજ્ઞાનથી પુષ્ટ થયેલો મોહ, એના ઉદય અનુસાર. એના ઉદયને અનુસાર પોતે પ્રવર્તે છે. ઈ ઉદય એને પ્રવર્તાવે છે એમ નહિ. કારણ કે ઉદય તો એક નિમિત્તરૂપ પર્યાય જડની છે. આમ જ્યારે પ્રવર્તતો નથી ત્યારે ઉદયને અનુસારે પ્રવર્તે છે.

'**તેના ઉદય અનુસાર...**' જુઓ! પાઠ છે હોં! એ બધો. '**मोहानुवृत्तितन्त्रतया**' '**मोहानुवृत्ति**' અનુવૃત્તિ. ટીકા તો ઘણી સ્પષ્ટ! મોહ જે જડ છે તેના પાકની પર્યાયના કાળમાં જીવ આમ ન અનુસરતાં ત્યાં અનુસરે છે. સમજાણું કાંઈ? '**તેના ઉદય અનુસાર...**' હવે ઉદય અનુસારની વ્યાખ્યા એમ કરે છે, એ કર્મનો જેવો ઉદય એને અનુસરવું પડે. એમ નથી. જ્યારે આમ નથી કરતો ત્યારે આ ઉદયને અનુસરે છે. પોતે સ્વતંત્ર થઈને અનુસરે છે. સમજાણું કાંઈ? '**તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી,...**' પ્રવૃત્તિને આધીન થઈ ગયો. એમ છે ને એમાં? '**मोहानुवृत्तितन्त्रतया**' અનુવૃત્તિનો અર્થ કર્યો ને ઈ?

મુમુક્ષુ :- તન્ત્ર-પરાજીત.

ઉત્તર :- હા, પરાજીત. હું તો પેલો પ્રવૃત્તિનો શબ્દ કાઢવા માંગુ છું. અનુવૃત્તિનો અર્થ. બસ. અનુવૃત્તિ. અનુસાર પ્રવૃત્તિ. અનુવૃત્તિ-અનુસાર પ્રવૃત્તિ. એના ઉદયને અનુસાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રવૃત્તિ, એમ. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાના સ્વભાવને અનુસારે પ્રવૃત્તિ ન કરતાં પરદ્રવ્યના અનુસારે પ્રવૃત્તિમાં જોડાઈ ગયો. સમજાણું? ત્યારે તે પરના આધીનપણાથી. પોતે આધીન થાય છે, હોં! ઈ થઈ ગયેલું છે વળી નક્કી ક્યાં કરવું? કહો, સમજાણું આમાં? એ તો ૪૭ (નયમાં)... ગણધરજીવ પણ શ્રુતજ્ઞાની એમ માને છે. ઈશ્વરશક્તિ છે-પોતાના પર્યાયમાં એક ધર્મ (છે). હું પોતે પરને આધીન થાઉં છું એવો એક મારો પર્યાયનો ધર્મ છે. એમ ગણધરદેવ શ્રુતજ્ઞાનમાં પણ ૪૭ નયમાં એક નયથી જાણે છે. સમજાણું કાંઈ? એકલી ભેદજ્ઞાનની વાત છે. સમજાણું આમાં કાંઈ? આ તો એકતા અજ્ઞાનની વાત છે. પેલું તો સમ્યક્જ્ઞાન, ચાર જ્ઞાન, ચૌદ પૂર્વ અને ... કેવળજ્ઞાન લેવાની તૈયારી હોય તોપણ જ્યાં સુધી શ્રુતજ્ઞાનમાં છે ત્યાં સુધી જેટલો રાગમાં પરાધીન (થાય છે) એટલી ઈશ્વર (નયનો) ધર્મ પરને આધીન થવું એ મારો પર્યાય ધર્મ (છે). પર્યાય ધર્મ, હોં! ગુણ ધર્મ નહિ. ગુણ ધર્મ નહિ. ગુણ ધર્મ જુદો, પર્યાય ધર્મ જુદો. એક સમયની પર્યાયનો એવો એક ધર્મ છે એમ જાણે. બસ. કાયમ ગુણ ધર્મ હોય તો કોઈ દિ' રાગ છૂટે નહિ. એમ ગુણમાં તો રાગ થવાનો કોઈ ગુણ જ નથી. પર્યાયમાં, પરમાં એકત્વ થવાની પર્યાયનો ધર્મ (છે). પોતે પરને અનુસરે છે. એ પરિણમન પરને આધીન છે એમ જ્ઞાની પણ પોતાના શ્રુતજ્ઞાનમાં, કેવળજ્ઞાન નથી, અધૂરો છે માટે સાધકભાવ છે ત્યાં થોડો બાધકભાવ છે. બાધકભાવ ન હોય તો સાધક ન રહે, પૂરો થઈ જાય. સાધકભાવ છે ત્યાં થોડો બાધક છે. પણ એ બાધક મારા પરિણમનનો પર્યાયના ધર્મને લઈને છે એમ એ જાણે છે. સમજાણું કાંઈ?

અહીં તો એકલો અજ્ઞાની છે. એને કાંઈ ખબર નથી. છતાં એમ કહેશે, જાણે અને પરિણમે એમ કહેશે. જાણે એટલે જ્ઞાનમાં એવું તો છે ને, એને ભાન નથી. પણ જ્ઞાનનો એવો સ્વભાવ છે કે જાણે છે અને પરિણમે છે. રાગની એકત્વતારૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? '**મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી,...**' પોતાના સ્વભાવ તરફની સન્મુખતા નહિ કરતો કર્મના ઉદય અનુસારે વૃત્તિઓને કરતો. '**દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ...**'

મુમુક્ષુ :- આગળ કહ્યું હતું તે.

ઉત્તર :- હા. એવું કહ્યું તે. એનું ઈ. એનાથી '**છૂટી...**' એટલે એના તરફનો આશ્રય નહિ કરી, એને નહિ અનુસરતો. એનાથી છૂટી, શબ્દ વાપર્યો, જુઓ! '**આત્મતત્ત્વથી છૂટી...**' એટલે આત્મસ્વભાવભાવ છે ત્યાંથી છૂટી. '**પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન...**' પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન '**મોહરાગદ્વેષાદિ ભાવો સાથે...**' દેખો! અહીં ત્રણે લીધાં. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. મોહ-મિથ્યાત્વ. મોહ અને રાગ-દ્વેષ આદિ ભાવોમાં એકતા રૂપે લીન થઈ પ્રવર્તે છે. ઓલો એકતારૂપે સ્વમાં લીન થઈને પ્રવર્તતો હતો, ભાઈ! આત્મતત્ત્વમાં એકતા-એકત્વગતેન પ્રવર્તતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હતો. આ ઉદય અનુસારે મોહ અને રાગ-દ્વેષમાં એકત્વતા રૂપે પરિણમે છે, લીન થઈ પ્રવર્તે છે. કહો, સમજાણું આમાં?

આત્માના સ્વભાવમાં એકત્વગતે પરિણમતો હતો. આમ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં. આ કર્મના ઉદયને અનુસારે પોતે અનુસરતો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવને એકત્વપણે, એના એકત્વપણે (પરિણમે છે). જેનાથી વિભક્ત થવું જોઈએ તેને એકત્વપણે (જાણે છે). સમજાણું કાંઈ? એકતારૂપે લીન થઈ પ્રવર્તે છે. '**एकत्वेन**' છે. '**परमेकत्वेन**'. પરમાં એકત્વ. પેલું સ્વનું એકત્વ છે. '**स्वमेकत्वेन**' છે. '**स्वमेकत्वेन**' છે ને. દેખો! છે, છે. '**दर्शनज्ञानचारित्रस्थितत्वा-त्स्वमेकत्वेन**' છે. સંસ્કૃત જુઓ! જુઓ! ત્યાં છે. સામે સામે શબ્દ છે. છે કે નહિ? એઈ..! આ જુઓ! છેલ્લું. '**दर्शनज्ञानचारित्रस्थितत्वात्स्वमेकत्वेन**' નથી? શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ ઠીક. એમાં કાંઈ નહિ. રહી ગયો હશે. આમાં સ્વ શબ્દ છે. પોતાના સ્વરૂપને ... છે. સ્વનો અર્થ. કર્યું છે આમાં. રહ્યું નથી. એ પોતાના સ્વરૂપને કર્યું છે. સ્વનો અર્થ કર્યો છે. અહીં પરને અર્થ કર્યો છે. પોતાના સ્વરૂપને... અને અહીં કહે છે, પરના સ્વરૂપમાં. મોહરાગદ્વેષ ... એકતારૂપ છે. બસ. આહાહા..!

અહીં તો વસ્તુ પોતાના સ્વભાવના એકપણે પરિણમે છે તેને સ્વસમય કહે છે. અને વસ્તુ પોતાના સ્વભાવમાંથી છૂટી એટલે સ્વભાવમાં એકત્વ નહિ પરિણમતા, ઉદયને અનુસારે મોહરાગદ્વેષમાં એકપણે અભિન્નપણે પરિણમે છે. ન્યાં ક્યાં જુદું રાખે છે? પર્યાયમાં એકપણે પરિણમે છે તેને પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત છે એમ કહેવામાં આવે છે. છે તો રાગદ્વેષમાં. પણ પરદ્રવ્યમાં સ્થિત છે. જુઓ! ત્યારે. જ્યારે આમ કરે છે ત્યારે. પુદ્ગલકર્મના કાર્માણસ્કંધરૂપ પ્રદેશોમાં સ્થિત થવાથી. એટલે પર ઉપર લક્ષ છે ને. એમાં એકતા થઈ ગઈ. એમાં એકતા થઈ-પરના નિમિત્તમાં. અહીં એકત્વ છૂટી ગયું. પાઠ એ છે ને? પાઠમાં છે ને? પુદ્ગલકર્મપ્રદેશે સ્થિત છે, એમ કીધું છે. નહિતર તો મોહરાગદ્વેષમાં સ્થિત થયો. પણ ન્યાં પ્રદેશમાં ઉદય થયો એને અનુસારે વર્ત્યો. એ તો એકત્વ બતાવે છે. કહો, સમજાણું?

પુદ્ગલકર્મના કાર્માણસ્કંધના પિંડના પ્રદેશમાં, પાછી એમ ભાષા છે. અર્થ શબ્દે શબ્દનો કરવો જોઈએ ને. કાર્મણસ્કંધરૂપ પ્રદેશોમાં એમ શબ્દ છે ને? સમજાણું કાંઈ? શું છે એમાં જુઓને! પુદ્ગલકર્મપ્રદેશ. એનો ખુલાસો કર્યો. પુદ્ગલકર્મ કોણ? પુદ્ગલ કેમ? સ્પષ્ટતા કરી. પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવાથી પરદ્રવ્યને પોતાની સાથે એકપણે. દેખો! અહીં પરદ્રવ્યને (કહ્યું). પેલું રાગ-દ્વેષમાં એકત્વ થાય છે, એ પરદ્રવ્યમાં એકત્વ થાય છે-પુદ્ગલમાં એકત્વ થાય છે એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? પરદ્રવ્યમાં પરદ્રવ્યને પોતાની સાથે, પોતાની સાથે. લ્યો. સમજાણું? '**त्वात्परमेकत्वेन**' છે ને? '**परमेकत्वेन युगपज्जानन्**'. એકપણે એક કાળમાં જાણતો. લ્યો. અજ્ઞાનમાં જાણતો? ઈ જ્ઞાનનો અંદર સ્વભાવ અવ્યક્તપણે પણ

એકપણું છે એનું જ્ઞાન એવું અંદર છે. ભાન નથી કરતો. જ્ઞાનનો સ્વભાવ આમ એકપણું નથી એટલે આમ એકપણું અંદર જાણે છે કે નહિ? જાણવાનો ખ્યાલ ભલે એને ન હોય. સમજાણું કાંઈ? રાગની સાથે, કર્મની સાથે, પરદ્રવ્યની સાથે એકપણાના સંબંધથી એકસાથે એકપણે એક કાળમાં જાણતો. અને એ જ કાળમાં રાગાદિરૂપે પરિણમતો. દેખો! પરદ્રવ્યને પોતાની સાથે એકપણે એક કાળમાં જાણતો અને રાગાદિ રૂપ પરિણમતો તે જ કાળે રાગ-દ્વેષ અને મોહપણે થાય છે. કાળ બીજો નથી.

'**તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' એને પરસમય એમ શ્રદ્ધા કરવામાં આવે છે. એ પરસમય છે, સ્વસમય નથી. ઓહોહો..! ક્યાંથી કાઢ્યું! અહીં તો મિથ્યાદષ્ટિની જ વાત લીધી છે, હોં! બીજી આવશે આગળ. આપણે આવશે, આમાં જ 'નિયમસાર'માં આવશે. કેવળજ્ઞાની સ્વસમય છે. અંતરાત્મા પરસમય છે. છે ને? આવશે. એ ચર્ચા થઈ હતી ને પહેલી. આપણે ચાલે છે ને? કેટલામું ચાલે છે આ? જુઓ! છે. '**શુદ્ધાત્મ તત્ત્વને વિષે બહિરાત્મા અને અંતરાત્મા એવો જે વિકલ્પ...**' એ જુદું, એ બીજી વાત છે. એ કુબુદ્ધિ ન હોય. ૧૪૯ (ગાથાના શ્લોક). '**માર્ગપ્રકાશમાં પણ બે શ્લોક દ્વારા કહ્યું છે...**' મેં કીધું ક્યાં ગયું. '**અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને અંતરાત્મા એમ બે પ્રકારે છે;...**' અન્ય સમયમાં બે પ્રકાર કહ્યા. કંઈ અપેક્ષા છે ને ત્યાં. હજી એટલો રાગ બાકી છે ને. જુઓ! પાઠ છે, હોં!

**दित्तु बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा।**
**बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधीः।।**

'**તેમાં બહિરાત્મા દેહ-ઈન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.**' ૧૪૯ ગાથામાં માર્ગપ્રકાશનો આધાર આપ્યો છે એમાં આ વાત છે. અન્યસમયમાં બહિરાત્મા અને અંતરાત્મા બે પ્રકારે કહ્યા છે. અહીં એક મિથ્યાદષ્ટિને પરસમય-અન્યસમયમાં કહેવામાં આવ્યો છે. '**માર્ગપ્રકાશમાં પણ બે શ્લોક દ્વારા કહ્યું છે.**' ઈ અપેક્ષાથી કહ્યું છે. અન્યસમય એટલે પરસમયમાં બહિરાત્મા અને અંતરાત્મા બેય સમાઈ જાય છે અને પરમાત્મા એકલા સ્વસમય છે.

અહીં એમ નથી. અહીં તો મિથ્યાદષ્ટિ તે પરસમય છે અને સમ્યગ્દષ્ટિ તે સ્વસમય છે. મુનિ પોતે છે એટલે ઉપાડ્યું છે ચારિત્રથી. '**चरित्तदंसणणाणठिदो**'. સ્વસમય સ્વભાવમાં આવ્યો છે એ સ્વસમય છે. વિભાવમાં એકલો રહેલો છે, એકલો, હોં! એ પરસમય છે. સમજાણું કાંઈ? એ આવે છે. '**પરસમય' એમ પ્રતીતિરૂપ કરવામાં આવે છે.**' કેટલું યાદ રાખવું? કેટલા પ્રકાર હશે? આ તો ટૂંકી વાત છે. આત્મા અંતર સ્વભાવનો ભરેલો ભંડાર ભગવાન છે. એના તરફની એકતા કરવી તે મોક્ષનો માર્ગ છે અને પરના અનુસારે એમાં એકતા કરવી તે બંધનો માર્ગ છે. એ તો આમની વ્યાખ્યા લાંબી છે. ટૂંકું હોય એના સૂત્ર હોય ને લાંબા. સમજાણું કાંઈ? પછી તો શબ્દાર્થ, વ્યાકરણ અને એના નિયમ પ્રમાણે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બધું ચાલતું હોય ને. આ તો આચાર્યના કથન છે. એ કંઈ એક દેશ માટે ન હોય. સર્વ દેશોમાં જે કંઈ વાત છે એની એકધારા સમજે એવી શૈલીથી વાત હોય છે. સમજાણું આમાં?

**'આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય-એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.'** આ રીતે દ્વિવિધપણું પ્રગટ થાય છે. પણ એ દ્વિવિધપણું સારું નહિ, એમ કહે છે. એકપણું સુંદર છે. એકપણું સુંદર છે. દ્વિપણું એ સુંદર નથી એમ સિદ્ધ કરશે હવે. આ વાત સ્થાપીને, હોં! સમજાણું આમાં? ભગવાન આત્મા.. આહાહા..!

કાલે તો એ બધું ઘણું ચાલ્યું. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી. એ પછી આપણે કાઢ્યું ને? ૨૦૪ ગાથામાંથી. ન્યાં એ જ કીધું છે. આત્મા એક છે. જ્ઞાન તે જ છે માટે જ્ઞાન એક છે. એક છે એનો અર્થ કે સંપૂર્ણ છે. આત્મા એક છે એટલે કે સંપૂર્ણ છે. એનું જ્ઞાન એક છે, પદ એક છે. તે પણ સંપૂર્ણ છે. સંપૂર્ણ છે સર્વજ્ઞસ્વભાવ. સમજાણું કાંઈ? ૨૦૪ ગાથામાં છે. બહુ ટૂંકામાં કરી નાખ્યું. પરમ પદાર્થ એક છે. એને જ્ઞાન તે આત્મા. જ્ઞાન છે એટલે જ્ઞાન એક છે, એક છે. અને તે જ્ઞાન ત્રિકાળી સ્વભાવ સામર્થ્ય સર્વજ્ઞ સ્વભાવ એક જ્ઞાન અખંડ જ્ઞાન. દ્રવ્ય એક છે તો જ્ઞાન એક છે. એ મોક્ષનો ઉપાય છે. એટલે કે તેને આશ્રયે મોક્ષનો ઉપાય થાય છે. સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્માને આશ્રયે મોક્ષનો સ્વભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જેનો સ્વભાવ છે એનું શું કહે! વસ્તુ અખંડ છે. પદાર્થ આમ ક્ષેત્રની એમ ન લ્યો. ક્ષેત્ર ભલે આટલું હોય શરીર પ્રમાણ. પણ દ્રવ્ય છે ને. અખંડ છે ને. એક છે ને. તો એનો ગુણ એક છે ને. અખંડ છે ને. પૂર્ણ છે ને. દ્રવ્ય સામર્થ્ય પૂર્ણ છે, જ્ઞાન સામર્થ્ય પૂર્ણ છે. બસ, એનો અર્થ થયો ભગવાન આત્મા સર્વ-જ્ઞ, જ્ઞ-સ્વભાવ, જ્ઞ-સ્વભાવે પૂરો છે એટલે સર્વજ્ઞ સ્વભાવે પૂરો છે. એવા ભગવાન આત્માની અંતર્મુખ, આવા સર્વજ્ઞસ્વભાવીની રુચિ, એનું જ્ઞાન, એની રમણતા. એ અભેદ રત્નત્રય પરિણતિની આ વાત કરી છે, લ્યો. સમજાણું કાંઈ? અરે..! એને અંદરમાં બેસવું જોઈએ ને. એ કાંઈ વાતે ન ચાલે. શબ્દ કામ કરે નહિ, વિકલ્પ કામ કરે નહિ ત્યાં. આહાહા..!

આ આત્મા, આ આત્મા એટલે કે આહાહા..! જેનો એકરૂપ ભાવ દ્રવ્યનો, જેના ગુણનો પણ એકરૂપ ભાવ. એકરૂપ ભાવના દ્રવ્યનું સામર્થ્ય પૂર્ણ. વસ્તુ એક, એનું સામર્થ્ય અપૂર્ણ કેમ હોઈ શકે? તો એનો જ્ઞાનભાવ અપૂર્ણ કેમ હોઈ શકે? એ વસ્તુ એવી અખંડ છે. સમજાણું કાંઈ? ભલે એક પરમાણુ હોય. એમાં અસ્તિત્વ ગુણ આખો પૂરો છે. એક પરમાણુ છે એનો અસ્તિત્વ ગુણ પૂરો છે. અને આકાશ છે અનંતગુણું તોપણ અસ્તિત્વ ગુણ પૂરો છે. ક્ષેત્રે જુઓ તો આવડો માટે આ અસ્તિત્વગુણ મોટો છે અને પરમાણુનો અસ્તિત્વ ગુણ નાનો છે એમ સ્વભાવની અપેક્ષામાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ક્ષેત્રની મહત્તા નથી, એના ભાવની મહત્તા છે. આહાહા..! લોકોએ વ્યાપક વ્યાપક કરીને ઊંધું માર્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે બધું. આ મોટો આત્મા કહેવાય ... એમ નથી, ભગવાન! એક પરમાણુ છે એનો અસ્તિત્વ ગુણ એટલામાં છે, પણ એ નાનો છે એમ નહિ. એનો સ્વભાવ એ પરમાણુને ત્રિકાળ ટકાવેલું સામર્થ્ય એટલામાં છે. એમ આકાશનો અસ્તિત્વ ગુણ છે, ભલે અનંતગુણો લાંબો થયો પણ એ જ આકાશને જેમ પરમાણુનું અસ્તિત્વ ત્રિકાળ ટકાવી રાખે એવું એ અસ્તિત્વ ત્રિકાળ આખાને ટકાવી રાખે એવો એ ગુણ તો બેયનો સરખો જ છે. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી!

એમ ભગવાન આત્મા, એનો જ્ઞાનગુણ પૂરો સ્વભાવ છે, પૂરો સ્વભાવ છે. પૂરામાં એ સામર્થ્ય એક છે. વસ્તુ એક છે, દ્રવ્ય છે, વસ્તુ છે. વસ્તુ એક છે. ક્ષેત્ર નાનાનો પ્રશ્ન નથી. વસ્તુ એક છે, અખંડ છે તો એનો જ્ઞાનગુણ (પણ અખંડ એક છે). આ તો જ્ઞાનથી લઈએ છીએ બાકી બધા ગુણ, એનો આનંદ ગુણ દ્રવ્યનું સામર્થ્ય એક છે તો એના આનંદ ગુણનું સામર્થ્ય એક છે. આનંદ ગુણ પૂર્ણ અનંત સામર્થ્યવાળો પૂરો છે. દ્રવ્ય એક છે તો દર્શન ગુણ પણ એનો એક છે. એક છે એટલે પૂર્ણ છે. એમ શ્રદ્ધા. દ્રવ્ય પૂર્ણ છે, આખું છે તો શ્રદ્ધા ગુણનું સામર્થ્ય, શ્રદ્ધા ગુણનું પૂરું છે. ગુણની વાત છે, હોં! પર્યાયની નહિ. એક એક ગુણનું સામર્થ્ય સંપૂર્ણ પૂરેપૂરું ન હોય તો એ દ્રવ્ય જ સિદ્ધ ન થાય. સમજાણું કાંઈ?

એ અહીંયાં કીધું, ઓ..હો..! વિશુદ્ધ દર્શન, જ્ઞાન તત્ત્વ આત્મતત્ત્વ અથવા પરમાત્મતત્ત્વ એવો જે ભગવાન એને એકત્વપણાને પામતો જીવ સ્વસમય કહેવામાં આવે છે. એને એકત્વપણું છોડતો અનાદિનો જીવ કર્મના નિમિત્તને અનુસરતો એકત્વપણાના મોહ રાગ-દ્વેષપણાને પામે છે તેને જાણતો, પરિણમતો પરસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં સમજાય એવું છે. એવી કાંઈ વાત બહુ જાડી (કે) ભાષા એવી બહુ આકરી નથી. આ તો સાદી ભાષામાં આવે છે. નહિ? શશીભાઈ! છોકરા સમજે એવું છે. ચાર ચોપડીનો ભણેલો (સમજી જાય), અમારે ધર્મચંદભાઈ કહે છે. ચાર ચોપડીનો ભણેલો (સમજે). ... સ્પષ્ટ ઘણી હોય. લખવામાં તો એને ક્યાં આગળપાછળનો મેળ કરવો એ તો એને કરવો (પડે) પાછો.

અહીં તો કહે છે, પ્રભુ! પણ તું છો ને, ભાઈ! તું દ્રવ્ય છો ને. અને વસ્તુ છે તે એક અને પૂર્ણ છે. સામર્થ્યે પૂર્ણ છે. તો ભાઈ! એનો એક એક ગુણ એટલો જ ત્રિકાળી રહેનાર સ્વભાવે પૂરું સામર્થ્ય છે. પૂરું સામર્થ્ય છે એનો અર્થ જ થયો કે જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવી છે, દર્શન સર્વદર્શી સ્વભાવી છે. નિત્યાનંદ પૂર્ણ સ્વભાવ છે. સ્વચ્છતા પૂર્ણ સ્વભાવ, પરમેશ્વરતા પૂર્ણ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! પૂર્ણ ઈદં. ઈ કહે છે. પૂર્ણ ઈદં. ભગવાન! એ પૂર્ણ ઈદં આ છે. આ.. આ.. ઈદં આ. પૂર્ણ ઈદં. આ ઈદં-આ પૂર્ણ. દ્રવ્ય પૂર્ણ, જ્ઞાન પૂર્ણ, દર્શન પૂર્ણ, આનંદ પૂર્ણ, સત્તા પૂર્ણ, પ્રભુતા પૂર્ણ, અસ્તિત્વ પૂર્ણ, વસ્તુત્વ પૂર્ણ. એવા અનંતા એક એક ગુણ. જેવું દ્રવ્ય પૂર્ણ આખું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એવા એક એક ગુણનું સામર્થ્ય પૂર્ણ છે. બસ. એના ઉપર દૃષ્ટિ મૂકવી અને એના પરિણમનમાં એકત્વ પરિણમવું એને સ્વસમય, સ્વસમય ધર્માત્મા તેને આત્મા થયો, આત્મા છે તેવો થયો તેને આત્મા ખરેખર કહીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા..!

જે સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, રમણતામાં સ્થિત થયો, .... થયો એ સંવર, નિર્જરામાં સ્થિત (થયો). સંવર, નિર્જરા તત્ત્વ થયું ને? મોક્ષનું કારણ ભેદજ્ઞાન, ભેદજ્ઞાનના ત્રણ બોલ, ત્રણ બોલમાં બે બોલ. મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ ત્રણનું ભેદજ્ઞાન એક. અને એ ભેદજ્ઞાનમાં સંવર, નિર્જરા બે આવી ગયા. સમજાણું આમાં? એ આવે છે ને? 'જયસેનાચાર્ય'ની ટીકામાં. સુખ ને સુખનો ઉપાય આ, એમ આવે છે. 'પંચાસ્તિકાય'ની ટીકામાં છે. એક ટીકામાં ક્યાંક આવે છે. સુખ ને સુખનો ઉપાય સંવર, નિર્જરા. મોક્ષ અને મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ તે સંવર, નિર્જરા એમ આવે છે. બંધ દુઃખ અને એનો માર્ગ આસ્રવ, બંધ એમ કરીને આવે છે. સંસાર ને સંસારનું... એ આવે છે ટીકામાં. એ સિદ્ધ કર્યું હશે પણ આ તો બીજું. 'પંચાસ્તિકાય'.

અહીં શું કહે છે સમજાણું? ભગવાન તું. આ તારા સ્વભાવ ઉપર ઢળ, એકત્વ થા એ મોક્ષનો માર્ગ, એ ભેદજ્ઞાન, સ્વસમય એને કહીએ. એને ખરો આત્મા છે એમ કહીએ, એમ કહે છે. આત્મખ્યાતિ ટીકાનું નામ છે ને. પંડિતજી! આત્મખ્યાતિ નામ છે ને. સ્વસમય થયો એ આત્મખ્યાતિ પ્રસિદ્ધ થઈ. આત્મા પ્રસિદ્ધ થયો કે હું આવો છું. શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં પ્રસિદ્ધ થયો કે આ આત્મા આવો પરિપૂર્ણ ભગવાન પૂર્ણાનંદ છે. જ્ઞાયકભાવ આવિર્ભાવ પામ્યો. એ જ્ઞાયકભાવ આવિર્ભાવ પામ્યો. જ્ઞાયકભાવ તો છે ઈ છે. એ ૧૧મી ગાથામાં આવશે. જ્ઞાયકભાવ આવિર્ભાવ પામ્યો. આવિર્ભાવ એટલે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં ભાન થયું કે આ આત્મા, એ જ્ઞાયકભાવ શ્રદ્ધામાં નહોતો એ પામ્યો એ જ્ઞાયકભાવ આવિર્ભાવ પામ્યો. આવિર્ભાવ તો પર્યાય છે. સમજાણું કાંઈ? લ્યો.

**'આ રીતે જીવ નામના પદાર્થને...'** આ રીતે, હોં! જે કહ્યું ઈ. એમ છે ને? **'एवं किल'** એમ છે ને? જુઓ! **'एवं किल समयस्य द्वैविध्यमुद्धावति'**. આ રીતે આત્માના બે પ્રકાર પર્યાયની અપેક્ષાએ પડી જાય છે. એક સ્વસમય અને પરસમય. એ શોભતું નથી. એકના બે ભાગ પડવા, બંધકથા તે અસત્યકથા એ વસ્તુના મૂળ સત્યની વાત નથી. એથી સાથે બંધનું દ્વિધાપણું એ સુંદર નહિ, એ એને શોભતું નથી. સમજાણું કાંઈ? એ ત્રીજીમાં કહેશે.

**ભાવાર્થ :– 'જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે.'** જુઓ! ન્યાંથી ઉપાડ્યું હવે ... **'જીવ' એવો અક્ષરોનો સમૂહ...'** જીવ. બે અક્ષરનો સમૂહ. જી અને વ. બે અક્ષર થયા ને? આમ સમૂહ થયો. જીવ તે 'પદ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું...' જે દ્રવ્યપર્યાયરૂપ. સામાન્ય દ્રવ્ય અને વિશેષ પર્યાય, બેય. 'અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.' પેલી વસ્તુ. જીવ પદ છે, એનું પેલું વાચ્ય છે. 'એ જીવપદાર્થ ઉત્પાદ–

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે.' ટૂંકા બોલ લઈ લીધા. તેનું સત્ છે. સત્ તે દ્રવ્ય છે, સત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકપણે રહેલું છે. 'દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે.' દર્શનજ્ઞાનમય ચેતના પરિણમન લીધું ત્યાં. ટીકામાં-અર્થમાં. અનંત ધર્મસ્વરૂપ દ્રવ્ય છે. પેલા બે જ ગુણ લીધા હતા. પાછા અનંતા ગુણ છે. એ તો મૂળ ગુણની વાત કરી હતી-ઉપયોગની. પાછા અનંત ધર્મને ધારનારું તે એક દ્રવ્ય છે. અનંત ધર્મને ધારનારું એક દ્રવ્ય રૂપે પ્રગટ છે. એક દ્રવ્ય રૂપે પ્રગટ છે.

**'દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે,...'** કર્મ, નોકર્મમાં આવ્યું. અહીં કાઢ્યું. **'ગુણપર્યાયવાળો છે,...'** સ્વપર અને ક્રમ ને અક્રમ જેની દશા અને ગુણો છે એવું એ આત્મતત્ત્વ છે. **'તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે,...'** ભગવાન આત્મા જ્ઞાનમાં સ્વને પરને અનેકને જાણવા છતાં જ્ઞાન એકાકારથી છૂટીને ખંડ થતો નથી. અનેકાકારરૂપ પણ એક છે, એક છે. **'વળી તે (જીવપદાર્થ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે...'** પાંચના ગુણ લીધા હતા ને? **'આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી.'** સાત બોલ થઈ ગયા. હવે અહીં કહે છે, જુઓ!

**'જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય...'** આમ કરી ટૂંકું કરી નાખ્યું. કહ્યું? જ્યારે તે આત્મા આવો પોતાના સ્વભાવમાં સ્થિત હોય **'ત્યારે તો સ્વસમય છે...'** આમ લીધું. સમજાણું કાંઈ? પોતાના સ્વભાવમાં એટલે દર્શનજ્ઞાન સ્વભાવમાં સ્થિત હોય અને પોતે દર્શનજ્ઞાનચારિત્ર પર્યાય એ પણ સ્વભાવ છે. સમજાણું કાંઈ? એમાં સ્થિત હોય ત્યારે તે સ્વસમય છે. **'અને પરસ્વભાવ રાગદ્વેષમોહરૂપ થઈને રહે...'** આમ વલણ નથી એટલે આમ વલણ કરીને ઉદયને અનુસારે રહે તો મોહ ને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય અને એમ રહે (તે) પરસમય છે. **'એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.'** બહુ ટૂંકામાં આખું મૂકી દીધું. ભાષા સાધારણ. ટીકાની વ્યાખ્યાને ચાલતી ચાલતી ભાષામાં મૂક્યું. ચાલતી ભાષા. પેલી ટીકાની ભાષા હતી. સંતોની ભાષા ... અને આ ચાલતી ભાષામાં ટૂંકું (કહ્યું). બે ગાથા થઈ.

**'હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે :-'** અરે..! ભગવાન એકલો અને આ બેકલો ક્યાં થયો? એકડે એક ને બગડે બે. ભાષા એમ આવે છે ને આપણે? બગડે બે, તમારે શું કહે છે? તમારામાં શું કહે છે? એકડે એક અમારે બોલે. એકડે એક, બગડે બે. એમ બગડે. બે એટલે બગડે. અમારી ગુજરાતી ભાષા એવી આવે છે. અહીંયાં સમય નામ એક ભગવાન દર્શન, જ્ઞાન આદિ અનંત ગુણોનો પિંડ પ્રભુ, એમાં પોતાના સ્વભાવનું પરિણમન હોય એ તો વસ્તુસ્થિતિ છે. આ એકબીજાનું પરિણમનનું થયું એ દ્વિવિધપણું બાધા આવે છે. એને વિસંવાદ અસત્ય કથા યથાર્થની અપેક્ષાએ (કહે છે), હોં! છે ખરું ઈ. આ તો વિસંવાદ એને કહેશે. ત્રીજી ગાથા લેશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૭, સોમવાર તા. ૮-૦૮-૧૯૬૬**
**ગાથા -૩. પ્રવચન-૧૧**

'સમયસાર'. બીજી ગાથા પૂરી થઈ. આત્મા એ સમય વસ્તુ છે એમાં સ્વસમયની અંદરની પરિણતિ અભેદ રત્નત્રયરૂપ પરિણતિ અથવા સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય નિર્મળની અંદર પરિણતિ થવી, એને સ્વસમય કહે છે. અને એમાં કર્મને અનુસરીને વિકારની પરિણતિ થવી અને એમાં સ્થિત થવું એને પરસમય કહે છે. બે વ્યાખ્યા ટૂંકામાં આવી ગઈ. સમજાણું કાંઈ આમાં?

સમય નામનો આ આત્મા પદાર્થ એક સમયે જાણે અને પરિણમે. એવો અનંત ગુણસ્વરૂપ સમય. એ પોતાની પર્યાયમાં નિશ્ચય રત્નત્રય એવું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એમાં પરિણમે તો એને સ્વસમય કહેવામાં આવે છે. સ્વસમય એટલે એ જ આત્મા, એને જ ખરેખર આત્મા કહીએ. એ આત્મા પોતાના સ્વસમયમાં ન પરિણમતાં પર કર્મના અનુસારે રાગ-દ્વેષ, મોહમાં પરિણમે તો તેને પરસમય, એ વસ્તુનું સ્વરૂપ નથી તેથી એને પરસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે કે એ સમયના દ્વિવિધપણામાં બાધા બતાવે છે. છે ને? '**अथैतद्बाध्यते**'. સંસ્કૃત શબ્દ છે. એ એકમાં બેપણું એ વિરોધ આવે છે. શું કહ્યું સમજાણું આમાં? ઝીણું બહુ પણ.

મુમુક્ષુ :- મજાનું છે.

ઉત્તર :- મજાનું?

આ આત્મા અનંત ગુણ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આત્મામાં અનંતા અનંતા અનંત ગુણ જોયા. એવા અનંતા અનંત ગુણસ્વરૂપ આત્મા, પોતાની નિર્મળ દ્રવ્ય-ગુણની પર્યાયપણે પરિણમે, નિર્મળ દ્રવ્ય-ગુણ તો છે પણ એ ગુણની નિર્મળ દશા, વીતરાગી શ્રદ્ધા-વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ રૂપે જીવ થાય તો તેને ધર્મી કહેવાય છે. તેની દશાને ધર્મ કહેવાય છે. તેને સ્વસમય પરિણમન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આત્મા પોતાના શુદ્ધ ગુણ અનંત છે એને અનુસરીને ન પરિણમતાં, ન અવસ્થા કરતાં કર્મના ઉદયની પર્યાયને જીવ સ્પર્શતો નથી પણ કર્મના ઉદયનું લક્ષ કરીને રાગ-દ્વેષ અને મિથ્યાત્વપણે પરિણમે એને પરસમય-અનાત્મા-વાસ્તવિક આત્માનું સ્વરૂપ નથી એથી તેને પરસમય અધર્મ દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માંડ હજી પકડાય નહિ આ શું કહે છે? પેલું તો કહે, દયા પાળવી, વ્રત કરવા એ તો સમજાય. ઊંધું અનાદિનું અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો કહે છે કે, ભાઈ! તું આત્મા છો ને. સમય છો ને, પદાર્થ છો ને. એક સમયે જાણવું અને પરિણમવું એ તો તારામાં છે. કોઈ જડમાં નથી. અને તે તારું જાણવું, પરિણમવું તારા શુદ્ધ ગુણ જે છે, દ્રવ્ય શુદ્ધ છે, ગુણો શુદ્ધ છે એના આશ્રયે શુદ્ધ પરિણમન થાય, શુદ્ધ ગુણપર્યાય થાય, અરાગી-વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન થાય એને આત્મધર્મ કહે છે. એને સ્વસમય કહે છે, એને આત્મા પોતાના ગુણની શુદ્ધતાપણે પરિણમ્યો માટે આત્માને અભેદ રત્નત્રય થયા એમ કહેવામાં આવે છે. હાય..હાય..! ભારે વાત, ભાઈ! ભાષા અભેદ ને રત્નત્રય ને શું હશે આ તે? સમજાણું કાંઈ?

એ આત્મા પોતાના અનંત શુદ્ધ ગુણને નહિ અનુસરતો, આમ કર્મ એક બીજો પદાર્થ છે એને અડ્યા વિના, સ્પર્શ્યા વિના.. સમજાણું કાંઈ? તે માટે તો ત્રીજી ગાથા લીધી છે. બીજા દ્રવ્યની પર્યાયને, ગુણને કે દ્રવ્યને સ્પર્શ્યા વિના લક્ષ ત્યાં એકાકાર કરે છે એથી તેમાં પોતાના સ્વદ્રવ્યની પ્રતીતિ ન થતાં ભ્રમણા મિથ્યાત્વનો ભાવ ઉત્પન્ન થાય છે. રાગ એ હું, પુણ્ય એ હું, પરદ્રવ્ય એ હું-એવો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષનો ભાવ થાય છે એને અધર્મભાવ કહે છે. એને આત્માની એક બીજી દશા એવી પરસમયભાવ કહે છે. સમજાય છે કાંઈ? અરે..! આ શું પણ? આવો ધર્મ તે કેવો? વીતરાગનો આવો ધર્મ હશે? સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જેણે જોયા અને જાણ્યા એ ભગવાનની વાણીમાં આ સમયસાર એટલે આત્માનું સ્વરૂપ આવ્યું. એની વાણીમાં આવ્યું કે ભાઈ! તું આત્મા છો ને, પ્રભુ! અને તને જાણવું અને થવું-પરિણમવું એ તો તારો સ્વભાવ છે. જાણવું કંઈ બીજાથી થાય અને પરિણમવું એ બીજાથી થાય એવો તું નથી. તું જાણવારૂપે અને પરિણમવારૂપે થાય એ તારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પણ જાણનારો પોતાને ન જાણતાં પોતાના અનંત ગુણોને ન જાણતાં, પોતાના વસ્તુ સ્વભાવને ન જાણતાં પરવસ્તુને જાણવાનું તો કામ કરશે એટલે પરવસ્તુના ઉદય એટલે નિમિત્તની જે જડની પર્યાય છે એને અનુસરવાનો ભાવ કરીને એને અડ્યા વિના, પોતાના સ્વભાવને સ્પર્શ્યા વિના, પોતાના શુદ્ધ સ્વભાવને સ્પર્શ્યા વિના નિમિત્તને સ્પર્શ્યા વિના અંદરમાંથી ઊભી કરેલી ભ્રાંતિ ને રાગ-દ્વેષપણે પરિણમે એને પરમાં ઠીક એવો પરસમય, પરસમય કહેવામાં આવે છે. આહા..! ભારે ઝીણી વાત, ભાઈ! કહો, રતિભાઈ! સમજાણું આમાં? એઈ..! લુહાર! સમજાય છે આમાં? અમારે એ જૂના વૃદ્ધ શેઠિયા છે ને. આવી ભાષાય ક્યાં હતી ન્યાં. આહાહા..!

ભાઈ! વીતરાગ પરમાત્મા પૂર્ણ સર્વજ્ઞ, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયના પરિણમનમાં જણાઈ ગયા. અને વાણી ભગવાનની ઇચ્છા વિના નીકળી. એને ઇચ્છા હોતી નથી. ભાઈ! તું આત્મા છો ને પ્રભુ! એમ ભગવાન કહે છે, હોં! ભગવાન!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તું આત્મા છો ને ભાઈ! સમજાય છે? અને આત્મા એટલે મહા અનંત ગુણનો મહિમાવાળો પદાર્થ. અનંત અનંત શાંતિ, આનંદ, શ્રદ્ધા, જ્ઞાન, અસ્તિત્વ, વસ્તુત્વ એવા અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા, એવા ગુણનો ધરનાર ગુણી આત્મા, એના જે ગુણ એને વર્તમાન દશાએ દ્રવ્યગુણને અનુસરવું જોઈએ. જો એને-અંતરના દ્રવ્ય-ગુણને અનુસરે તો તો અનુસરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની સ્વસમયરૂપ પર્યાય થાય. એને ભગવાન આત્મા કહે અને એને ધર્મ કહે છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

એ ભગવાન આત્મા પોતાના અનંત ગુણને ન અનુસરતાં, પર્યાયે એને ન અનુસરતાં, અવસ્થાએ એને ન અનુસરતાં એ અવસ્થા આમ પરને અનુસરે છે. એને ભલે ખબર ન હોય કે આ પર કર્મ છે કે બીજી શું ચીજ છે, પણ અહીં અનુસરતો નથી એટલે આમ અનુસરે છે. એમ શાસ્ત્રની ભાષામાં કથનમાં આવે કે કર્મને ઉદયને અનુસરે છે. એને ખબર ન હોય કે આ કર્મનો ઉદય છે અને એને અનુસરું છું. ભાઈ! પણ જ્યારે ભગવાન આત્મા અનંત શાંત, આનંદરસનો પિંડ પ્રભુ પોતાને નથી અનુસરતો એથી એ પરને અનુસરે છે, પરના ભાવના લક્ષે પોતે પરિણમે છે. ત્યારે એ પરને પોતાનું માનવાપણે પોતાના અનંત ગુણરૂપ દ્રવ્યને ન માનવાપણે પરને પોતાનું માનવાપણે પરને અનુસરતો મિથ્યાત્વપણે પરિણમે અને રાગ-દ્વેષપણે પરિણમે છે. એને અધર્મદશા અને પરસમય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એ શું કામ કરતો હશે?

ઉત્તર :- આ કરે છે ને. શું કરવા કરતો હશે? આની કોર એને રુચિ નથી. સમજાણું કે નહિ? લઈને પડે છે કે નહિ? .. પડે છે ને. આ પણ નથી પડતા? પેલા કહે કે ભાઈ! તમે રહેશો ત્યારે અહીં થશે. આ કડિયામાં. આરાદાર માણસ કહેવાય, ઊંચા માણસ કહેવાય. મોટી છલાંગ મારે તો પેલી ક્રિયા દેખે તો એમ થાય કે ઘરમાં એક માણસ.. રખોપું કરવું એને સોંપે અને તમને .. સોંપે. રહે છે કે નહિ? કીધું ને, ભાઈ! આ કહ્યું નહિ તમને? શું કહ્યું? ઉત્તમચંદભાઈ કહે, તમારે બીજો કોણ છે નાનો? જયંતિ. ભાઈ! તમારે રહેવું પડશે, હોં! ભાઈનું થયું ગામતરું. ... લાગે, હોં! ... દાખલો ઘરનો સારો કે નહિ?

એનો અર્થ એ થયો કે પોતાનો આત્મા છે એ મહા મહિમાવંત અનંત અનંત શાંતિ અને આનંદનો રસકંદ છે. અનંત અનંત આનંદ ને શાંતિ ને અનંત પ્રભુતાનો પિંડ પ્રભુ આત્મા છે એવી એની પ્રભુતાને અનુસરવું, એમ એને ભાસતું નથી.

મુમુક્ષુ :- પ્રભુતા ભાસતી નથી કે ...

ઉત્તર :- ભાસતી નથી. ભાસે તો તો પ્રભુને અનુસરે ને. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે ને. ભાઈ! જોને! તારે જોવું છે ને કે આ આત્મા વસ્તુ છે, દ્રવ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. તો એ દ્રવ્ય તો પૂર્ણ એકરૂપ અખંડ છે. તો એનામાં ભાઈ! એક આનંદ નામની શક્તિ છે. કારણ કે શક્તિવાન શક્તિ વિનાનો ન હોય. દ્રવ્ય જે કહેવાય એ શક્તિવાન કહેવાય. દ્રવ્ય જેને કહીએ, વસ્તુ.. આ દ્રવ્ય એટલે પૈસાની વાત નથી, હોં!

મુમુક્ષુ :- એનામાં પણ શક્તિ છે.

ઉત્તર :- ધૂળમાંય શક્તો નથી. એમાં એની શક્તિ ખરી. આને કાંઈ મમતા કરાવે ને મજા કરાવે એવી શક્તિ પૈસામાં હશે? એવી હશે કે નહિ? હિંમતભાઈ! આ બધા પૈસાવાળા ઘણાંય છે. આ મોટા પૈસાવાળા.. આ ખીમચંદભાઈ રહ્યા, આ રહ્યા મોટા. આ સૌથી મોટા ઈ રહ્યા, લ્યો! ઈ તમારું સામું (જોતા હતા). ઈ મોટા કરોડપતિ છે, લ્યો, આ બેઠા. પૈસા મજા આપતા હશે? પૈસા મમતા કરાવતી હશે? કહો. મમતા કરે છે ઈ. ભાઈ! ઈ અનુસરે છે. ઈ તો નોકર્મ છે. પૈસો એ તો નોકર્મ એટલે બાહ્ય ચીજ છે. પણ આ કર્મ જે છે અંદર એ દ્રવ્યકર્મ છે. અહીં દ્રવ્યકર્મનું અનુસરવું એ સિદ્ધ કરવું છે. કારણ કે એકક્ષેત્રાવગાહે અનાદિ સંબંધમાં નિમિત્ત-નિમિત્તે પડ્યા છે. સમજાણું કાંઈ?

હું આત્મા.. આહા..! જેની એક આનંદની પર્યાય એમાં અનંતા અનંત અનંત આનંદનો સ્વાદ છે. એક સમયની આનંદની પર્યાય-અવસ્થા એવી અનંતી આનંદની અવસ્થાનો પિંડ તે એક ગુણ આનંદ છે. એવા એક કેવળજ્ઞાનની પર્યાય એમાં અનંતા લોકાલોક જણાઈ જાય. અનંતા કેવળી કેવળજ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય. એવી અનંતી પર્યાયનો પિંડ તે જ્ઞાનગુણ છે. એવા એવા અનંતી પર્યાયવાળો એક એક ગુણ, એવા અનંત ગુણ એનું એકરૂપ પ્રભુ એનું એને માહાત્મ્ય આવતું નથી.

મુમુક્ષુ :- પેલામાં ચુંબકપણું..

ઉત્તર :- ચુંબક કોણે કીધું? કોણ ખેંચે? ઈ ખેંચાય છે પોતે. ઈ ખેંચે એટલે અડતોય નથી. હમણાં આવશે. આ તો હજી ઉપોદ્‌ઘાત થાય છે. ત્રીજી ગાથાનો ઉપોદ્‌ઘાત થાય છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને પરસ્પર સ્પર્શતું નથી. આ એકત્વ નિશ્ચયગતમાં એ કાઢ્યું છે અને છે.

એક રજકણ બીજા રજકણને અડતો નથી. અડે તો ભાવરૂપ થઈ જાય છે. એકબીજામાં અભાવરૂપ છે માટે તે એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું નથી, સ્પર્શતું નથી એમ સિદ્ધ કરવા ઉપોદ્‌ઘાત કરીએ છીએ. સમજાણું કાંઈ? એક આત્મા કર્મના ઉદયની જડપર્યાયને અડતો નથી, સ્પર્શતો નથી. ત્રણ કાળમાં સ્પર્શતો નથી. વીંછીનો ડંખ એ શરીરને સ્પર્શતો નથી. શરીરનો સ્પર્શ આત્મા એને સ્પર્શતો નથી. સ્પર્શ આત્માની પર્યાયને સ્પર્શતી નથી. આત્માની પર્યાય જ્ઞાન હો કે રાગ હો, સ્પર્શની દશાને સ્પર્શતી નથી-અડતી નથી. સમજાણું કાંઈ? આ અડ્યા વિના એક ધર્મ ઊભો કર્યો છે એમ કહે છે અહીં તો. આહાહા..!

ભાઈ! તારી ચીજની તને મહિમા ન મળે. અહો..! એક એક સમયનો એક પરમાત્મા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનનો પરમાત્મા એવા અનંત પરમાત્માનો પિંડ કેવળજ્ઞાનની પર્યાય તેને પરમાત્મા જ્ઞાનની અવસ્થાથી કહીએ. બરાબર છે? કેવળજ્ઞાનની અવસ્થા જે દશા છે, કેવળજ્ઞાન પર્યાય છે. સર્વજ્ઞ પરમેશ્વર સિદ્ધને કે અરિહંતને કેવળજ્ઞાન છે એ પર્યાય છે. ગુણ નહિ. એક સમયની પર્યાય એ પરમાત્મા, જ્ઞાનનો પરમાત્મા પૂરો. પર્યાયે પરમાત્મા છે. એવા અનંતા પરમાત્મા. જ્ઞાનની પર્યાયના અનંતા પરમાત્મા જ્ઞાનગુણમાં પડ્યા છે. સમજાણું?

પરમાત્મા એટલે પરમ સ્વરૂપ. એક સમયની પરમ સ્વરૂપ દશા એવી અનંત પરમ સ્વરૂપ દશા એક ગુણમાં પડી છે. શશીભાઈ! આહાહા..! ક્યાં એને.. આત્મા કેવડો ક્યાં છે એની ખબરું વિના એને ધર્મ થાય શી રીતે? કહે છે કે ભગવાન! એ તો ભગવાન તરીકે બોલાવ્યો છે, હોં! 'અમૃતચંદ્રાચાર્યે'. આ ભગવાન આત્મા દુઃખનું કારણ નથી એમ કહે છે. હોં! ૭૨ ગાથા. ભગવાન આત્મા દુઃખનું કારણ નથી. આસ્રવ દુઃખરૂપ. પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ અને દુઃખનું કારણ છે. ત્યારે આત્મા-ભગવાન આત્મા... છે ને? ૭૨ ગાથા છે. ૭૨... ૭૨. આધાર આપવો ઠીક. જુઓ! ૭૨.

શેવાળ જેમ જગતમાં હોય, શેવાળ.. શેવાળ. શેવાળ સમજાય છે? આ કાઈ.. કાઈ. હિન્દીમાં કાઈ કહે. આપણે શેવાળ-લીલ ફૂગ (કહે છે). 'શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે...' અનુભવાય છે. પુણ્ય-પાપના ભાવ પાણીમાં જેમ શેવાળ-કાઈ છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ મેલપણે છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના ભાવ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ બેય મેલપણે છે. ત્યારે '**ભગવાન આત્મા...**' દેખો! 'અમૃતચંદ્રાચાર્ય'નો શબ્દ છે. '**સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે, ઉજ્જ્વળ જ છે).**' આહાહા..! પુણ્ય-પાપના ભાવ, જેને અહીં પરસમયના પરિણમનરૂપે થઈ ગયો છે એ પુણ્ય-પાપના ભાવરૂપે પરિણમ્યો છે એટલે ત્યાં મિથ્યાત્વ ને રાગ-દ્વેષ ત્રણેય એકાકાર થઈ ગયા છે. એ પુણ્ય-પાપના ભાવ મેલ છે. પાણીમાં શેવાળની પેઠે તે શેવાળ છે. દુઃખરૂપ છે.

બીજા ઘણાં બોલ છે, હોં! '**णादूण असुचित्तं विवरीयभावं दुक्खस्स कारणं**'. શુભ-અશુભભાવ દુઃખરૂપ અને દુઃખનું કારણ છે. ત્યારે ભગવાન આત્મા.. દેખો! (આસ્રવો) આકુળતાના ઉપજાવનારા (છે). '**અને ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' જુઓ! ભગવાન આત્મા, એ દુઃખના પુણ્ય-પાપના ભાવ એનું એ કારણ નથી. આહાહા..! શી રીતે એને (બેસે)? એ તો આનંદનું કારણ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું કારણ છે. અને પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ અને દુઃખના કારણ છે. એમ બે વચ્ચે ભેદજ્ઞાન થતાં આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમે છે તેને ધર્મ કહેવાય છે. ભારે ઝીણી વાત. નેમિદાસભાઈ! જુઓ! ભગવાન ત્રણેમાં લીધું છે, હોં!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા. આહા..! આચાર્યો ભગવાન તરીકે બોલાવે છે. ભાઈ! તું મહિમાવંત પ્રભુ છો ને! અનંત અનંત શાંત વીતરાગી આનંદનો રસકંદ તેને આત્મા કહીએ. પુણ્ય-પાપના ભાવ તો આસ્રવ, આસ્રવતત્ત્વ છે. કર્મ, શરીર તો જડતત્ત્વ છે-માટી તત્ત્વ છે. એવો ભગવાન આત્મા પોતાના અનંતા ગુણોની શુદ્ધતાને સ્પર્શીને એને સ્પર્શીને પરિણમે છે તેને સ્વસમય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. અને એવો આત્મા અનંતા પોતાના શુદ્ધ ગુણને સ્પર્શ્યા વિના અને કર્મના ઉદયના નિમિત્તને સ્પર્શ્યા વિના.. આહાહા..! એઈ..! સ્પર્શવાનું આવવાનું છે એટલે આ ઉપોદ્ઘાત થાય છે. આમ સ્પર્શતો નથી, આમ સ્પર્શતો નથી. ભાઈ! એ પર્યાયમાં ઊભું કરે છે, ભ્રમણા અને રાગ-દ્વેષ. આહા..! પરને અનુસરીને. પરને સ્પર્શીને નહિ. સમજાણું કાંઈ? શું કર્યું તો અત્યાર સુધી ન્યાં કલકત્તા? ગપ્પા માર્યા હોય. મોટા અધિકારી થઈને ફરે. અમે અગ્રેસરો છીએ, અગ્રેસરો. હવે ક્યાં છે, કહે છે. આહા..!

ભગવાન! તું તો તારા સ્વભાવનો અધિકારી છો, ભાઈ! સમજાણું કાંઈ? એને છોડી કહે છે કે જીવ પરને અનુસરે, પરને સ્પર્શ્યા વિના, સ્વને સ્પર્શ્યા વિના. આ પરને અનુસરીને જે પરસમય મિથ્યાત્વ ને રાગ-દ્વેષભાવ પરસમય થાય, એ એકમાં બે થાય તે બાધા છે, કહે છે. એ શોભતું નથી. એકનું એકપણે રહેવું એ શોભે છે. પણ એકનું બેપણે થવું એ શોભતું નથી. તેથી એ શબ્દ મૂક્યો છે. '**अथ**' હવે. '**एतत्**' '**एतत्**' એટલે જે બે ભાગ કહ્યા-સ્વસમય અને પરસમય, એમાં બે ભાગનું કહેવું તે '**बाध्यते**' વિરોધ છે. હવે ગાથા. લ્યો, આમાં ઘણો વખત ગયો.

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

નીચે હરિગીત.

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

આહાહા..! જુઓ! એનો અર્થ હવે. ટીકા છે ને? ત્રીજી ગાથાનો અર્થ.

**ટીકા :- 'અહીં...'** સમજાય છે? ક્યારે આવ્યા? રાત્રે? તમારી સાથે આવ્યા કે આજે આવ્યા? એમ! ઠીક. પછી ઓળખાણ ... નારણભાઈ જેવું મોઢું લાગ્યું ને પછી ખ્યાલ આવી ગયો. સમજાણું કાંઈ? '**અહીં 'સમય' શબ્દથી...**' 'સમય' શબ્દથી '**સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે...**' સમ-અય. જે પદાર્થ પોતે કાયમ રહીને. અય-અય એટલે ગમન કરે પરિણમે તેને સમય કહેવામાં આવે છે. જીવમાં સમય કહ્યો હતો એનો બીજો અર્થ હતો. સમય જીવ આત્માને ભગવાને સમય કહ્યો એથી તો જાણવું અને પરિણમવું એવા ભાવને કારણે જીવને સમય કહ્યો હતો. અહીં બધા પદાર્થ-જેટલા ભગવાને છ દ્રવ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોયા છે. ભગવાનના કેવળજ્ઞાનમાં ભગવાને જાતિએ છ દ્રવ્ય જોયા. સંખ્યાએ અનંત. અનંત આત્મા, અનંતગુણા એથી પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય જોવામાં આવ્યા છે. એ એક એક દ્રવ્યને સમય કહેવામાં આવે છે. કેમ? જુઓ! કહે છે.

**'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે...'** સર્વ એટલે ભગવાને જેટલા છ જોયા. જડ, ચૈતન્ય, રૂપી, અરૂપી બધા. બધાને સમય (કહેવામાં આવે છે). **'કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે 'समयते' એટલે એકીસાથે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે.'** શું કહે છે? સમય તે એકસાથે, એકસાથે, એકસાથે અનંતા ગુણ જે પોતાના છે એની જે પર્યાય-વર્તમાન અવસ્થા છે તેને પ્રાપ્ત કરે. પ્રાપ્ત કરે કહો કે પરિણમે કહો, એક જ વાત છે. શું કહ્યું આ? જેટલા ભગવાને અનંત આત્માઓ, નિગોદમાં અનંત આત્મા છે. બટાકા, શક્કરકંદની એક કણી લો તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંત ગુણા જીવ છે. સમજાણું કાંઈ? એ બધા જુદે જુદા દ્રવ્ય-વસ્તુ છે. એથી અનંતગુણા પરમાણુ જુદેજુદા છે. એ છ દ્રવ્યો એકસાથે, એકસાથે (પરિણમે). ગુણ કાંઈ પહેલો પરિણમે, બીજો ગુણ પછી પરિણમે એમ છે કાંઈ? **'એકીભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને...'** આત્મા પોતાના ગુણ-અનંત ગુણોની પર્યાયને, ગુણપર્યાયને પરિણમે અથવા પોતાના ગુણપર્યાયને પ્રાપ્ત કરે બધું એક જ છે. પ્રાપ્ત કરે કહો કે પરિણમે કહો.

પરમાણુ જે આ રજકણ-પોંઈટ છે, આ કાંઈ મૂળ ચીજ નથી. આ તો ઘણાં રજકણનો સ્કંધ છે. જેને ભગવાન સ્કંધ-પિંડ કહે છે. એનો પોંઈટ જે છેલ્લો રજકણ છે એને ભગવાન પરમાણુ દ્રવ્ય કહે છે. એ પરમાણુ પણ પોતાના અનંત ગુણપર્યાયને, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ આદિ જે અનંત ગુણો છે તેની પર્યાયને તે રજકણ પ્રાપ્ત કરે છે. તેની પર્યાયપણે તે રજકણ પરિણમે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કીધું સમજાણું કે નહિ આમાં?

આ આંગળી છે ને? આ અનંતા રજકણનો પિંડ છે. ઈ એક એક રજકણ પોતાના ગુણપર્યાયને પરિણમે છે. એ ગુણની પર્યાયપણે પરિણમે છે. એના જે ગુણો અનંતા છે તેની પર્યાયને પ્રાપ્ત કરે છે. એ બીજાની પર્યાયને પ્રાપ્ત કરે કે બીજાની પર્યાયને પ્રાપ્ત કરાવે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! પેલા ઈશ્વર કહે ને? ઈશ્વર કર્તા છે જગતનો. એ જૂઠ વાત છે. આ જૈન થઈને પણ એમ માને કે આ આત્મા પોતાના ગુણની પર્યાયને પ્રાપ્ત કરે એમ આ શરીરની પર્યાયને પણ એ પોતે કરે. તો એ અનંત પદાર્થનો કર્તા માને. માને, થઈ શકતો નથી. સમજાણું?

મુમુક્ષુ :- ઉપાદાન..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ઉપાદાનનો અર્થ જ ઈ છે. નિમિત્તનો અર્થ જ અહીં આવે છે. નિમિત્તને સ્પર્શતો નથી પણ એક ચીજ છે એને નિમિત્ત કહેવામાં આવે છે. વાત તો બાપુ! આ તો પદાર્થ તત્ત્વની વસ્તુ છે અને એ સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલી એ ચીજ છે. એવા પરમેશ્વર સિવાય ક્યાંય ત્રણ કાળમાં ત્રણ લોકમાં એ વસ્તુ હોઈ શકે નહિ. એના વાડાવાળાને હજી ખબર નથી કે શું તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ ત્રીજી ગાથાનો થોડો ઉપોદ્ઘાત કર્યો હતો. બહુ સૂક્ષ્મ વાત ને સ્પર્શની વાત કરશે. ભાઈ! ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાનની ઈચ્છા વિના દિવ્યધ્વનિ નીકળી. વાણી. વર્તમાન પણ મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે. એમની ઈચ્છા વિના ઈન્દ્રોની ઉપસ્થિતિમાં દિવ્યધ્વનિ નીકળે છે. એમની વાણીમાં એમ આવ્યું કે આ દરેકને અમે સમય કહીએ છીએ. સમય એટલે સમ-અય, સમ-અય. એકસાથે દરેક પદાર્થ પોતાના ગુણની પર્યાયને પરિણમે છે, પર્યાયપણે પરિણમે છે, તેને પ્રાપ્ત કરે (છે). બીજાના ગુણની પર્યાયને એ પ્રાપ્ત કરે કે બીજાના ગુણની પર્યાયને પ્રાપ્ત કરાવે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? રતિભાઈ! ભારે વાત, ભાઈ! અરે..! તત્ત્વની ખબર ન મળે અને પછી અમે ધર્મ કરીએ છીએ અને અમે ધર્મ કરશું. ધૂળમાંય ધર્મ નથી. હજી વીતરાગ પરમેશ્વર તત્ત્વ કોને કહે છે, એ તત્ત્વનું સ્વતંત્ર સ્વરૂપ શું છે એની ખબર ન મળે. પર્યાયની સ્વતંત્રતાની જેને ખબર ન મળે, એને દ્રવ્ય-ગુણ જે અવ્યક્ત ત્રિકાળ સામાન્ય પડ્યા છે એની શ્રદ્ધા એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

**'समयते' એટલે...'** જુઓ! અંદરમાં ટીકામાં છે, હોં! **'समयत एकीभावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्तेः'**. સંસ્કૃત છે, લ્યો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા હો કે રજકણ આ પરમાણુ પોંઈટ હો, દરેક પદાર્થ-પ્રત્યેક પદાર્થ જેટલા ભગવાને અનંત પ્રત્યક્ષ જોયા છે. અનંતના કોઈ ભેગા ભેળસેળ (થતા જોયા નથી). ત્રણે કાળે અનંત અનંતપણે રહીને પલટે છે. શું કીધું? અનંત પદાર્થ એ અનંતપણે રહીને અનંતપણે રહીને, પરપણે થઈને એમ નહિ. અનંત અનંતપણે રહીને પોતાના ગુણની શક્તિની વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે છે. આ સિદ્ધાંત મહા ત્રિકાળી. સમજાણું કાંઈ? જીવ વિકારની પર્યાયને પ્રાપ્ત કરે, અવિકારની પર્યાયને પ્રાપ્ત કરે પણ પ્રાપ્ત પોતે પોતાના ગુણની પર્યાયને કરે છે. સમજાણું કાંઈ? નિમિત્ત તો પરચીજ છે એ વાત છે. નિમિત્ત પણ પોતાની પર્યાયને જ પ્રાપ્ત કરે છે, બીજાની (પર્યાયને પ્રાપ્ત) કરે છે એમ હોઈ શકે નહિ. ભારે વાત, ભાઈ!

સમયસારનો ભાવ ભગવાનના કેવળજ્ઞાનનું માખણ છે. ભગવાને કેવળજ્ઞાનમાં જે જોયું એનું સ્વરૂપ આખું આમાં ભરી દીધું છે. અદ્વૈત ચક્ષુ આવે છે ને? અજોડ ચક્ષુ. સમયસાર ભરતક્ષેત્રની અજોડ આંખ છે. આહાહા..! અરે..! પણ એને સાંભળવાનો અવસર ન મળે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને સમજવાનો અને રુચવાનો અવસર કે દિ' થાય? સમજાય છે કાંઈ?

કહે છે, દરેક પદાર્થ સમ એટલે એક ભાવે, એક ભાવે પોતામાં એક કાળે. પોતાના જ ગુણ-પર્યાયને (પ્રાપ્ત કરે છે). આત્મા પોતાના ગુણો જે અનંત છે એની પર્યાયને પર્યાયપણે પરિણમે છે. પરિણમે એટલે થાય છે. પરિણમે એટલે પ્રાપ્ત કરે છે. એ રજકણની પર્યાયને પ્રાપ્ત કરે છે કે રજકણની પર્યાયને પરિણમાવે છે, આ બોલાય છે એ પર્યાય આત્માથી થાય છે એમ નથી. એ અનંતા રજકણો જે છે એ રજકણના જે અનંત ગુણ છે એ એની વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે કહો કે પરિણમે છે (એમ કહો). આત્મા એને પ્રાપ્ત કરે કે એ પરમાણુ કરવામાં અહીં આત્મા હોય તો પર્યાય (થાય એમ નથી). એના અનંતા ગુણો હોય તો તે પર્યાયને પ્રાપ્ત કરે, એમ છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા લાભુભાઈ? કહો, સમજાણું કે નહિ? ત્યાં ચલાવતા હતા લાભુભાઈ, શું? કલકત્તા. ક્યાં? રંગુન.. રંગુન. આહા..! અરે..! ભગવાન! તારી સાચી વાતેય તને સાંભળવા મળે નહિ અને તને ધર્મ થઈ જાય?

અહીં કહે છે, જુઓ! આમાંથી ઘણું નીકળશે. બીજા જીવનું બચવું, આયુષ્ય હોય અને એ પર્યાયનું થવું એ રજકણ કે એ આત્મા પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. આ આત્મા રાગને પર લક્ષે પ્રાપ્ત કરે પણ એ પર્યાયને પ્રાપ્ત કરે અને એની જીવની બચાવવાની પર્યાય રચે એ પર્યાયમાં, ગુણમાં કે દ્રવ્યમાં સ્વભાવ નથી. આ તો હળવે હળવે થાય છે ને. કહો, સમજાણું આમાં? બાબુભાઈ!

કહે છે, ભગવાન! એકવાર સાંભળને, ભાઈ! તું કોઈ તત્ત્વ છે એમ માને છો? વસ્તુ છે એમ તું માને છો? તો વસ્તુ કેટલી છે? વસ્તુ તો અનંત છે. અનંત વસ્તુ છે તો એક એક વસ્તુમાં કોઈ શક્તિઓ છે એની? શક્તિઓ છે? એના ગુણ છે એનું કોઈ સામર્થ્યપણું છે? સામર્થ્યવાન દ્રવ્ય પણ એનું સામર્થ્યપણું છે? હા. દરેક દ્રવ્યનું એના ગુણરૂપે એનું સામર્થ્યપણું છે. એના ગુણરૂપે સામર્થ્યપણું છે એ ક્ષણે ક્ષણે કંઈ પ્રાપ્ત કરે કે નહિ? એ ગુણ તો અનાદિ એમ ને એમ રહ્યા છે. એ દ્રવ્ય અને ગુણ વર્તમાન કોઈપણ પર્યાયને-અવસ્થાને પ્રાપ્ત કરે કે નહિ? તો એ ત્રિકાળ જે રહ્યાં એ વર્તમાન પોતાની અવસ્થાને પ્રાપ્ત કરે અથવા તે અવસ્થાપણે પરિણમે તેને સમય કહેવામાં આવે છે. તો છએ દ્રવ્યને ભગવાને સમય આ રીતે કહ્યા છે. જ્ઞાનચંદજી! આહા..! સમય એટલે.. છે ને? પુસ્તકમાં છે ને? ભાઈ! છે કે નહિ આમાં? કો'ક દિ' માંડ આવ્યા. વાંચો તો ખરા. એના ચોપડામાં કેવું છે. બાપા મૂકી ગયા હોય તો ચોપડા કેટલા જોતા હશે? નારણભાઈએ જોયા, એ ચુનીભાઈએ જોયા, ચુનીભાઈએ જોયા એને તમારે જોવા. આ ભગવાન ચોપડા મૂકી ગયા છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! સાંભળને પ્રભુ એકવાર. અમે એને સમય કહીએ છીએ. સમ અય,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ અય. સમ્યક્ પ્રકારે એક ભાવે, અય નામ અહીં પરિણમવાના અર્થમાં છે, હોં! અહીં જ્ઞાનના અર્થમાં અત્યારે નથી લેવું. છ દ્રવ્યો છે ને? એ પોતે પોતાના એક ભાવે (પરિણમે છે). બે ભાગ થાય છે ત્યાં ખંડ થઈને? એક ભાવે એ આત્મા અને રજકણ અનંતા દ્રવ્યો પોતાના ગુણ-પર્યાય, ગુણ તો છે, હવે એ ગુણની પર્યાયને ક્ષણે ક્ષણે પ્રાપ્ત કરે છે. ક્ષણે ક્ષણે તે આત્મા કહો કે આ રજકણ-પોંઈટ કહો એ પોતાના ગુણની વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે માટે તેને અમે સમય કહીએ છીએ, એમ આચાર્ય મહારાજ પોકાર કરે છે. સમજાણું કાંઈ?

એ કેટલા છે દ્રવ્ય? જુઓ! '**તેથી ધર્મ...**' દ્રવ્ય. જુઓ! ધર્મ એટલે ધર્માસ્તિકાય એક પદાર્થ છે. ચૌદ બ્રહ્માંડમાં જીવ અને જડ ગતિ કરે પોતાની પર્યાયને પ્રાપ્ત (કરતી) વખતે એક બીજું તત્ત્વ છે. એ તત્ત્વ પણ પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય. ધર્માસ્તિકાય પણ પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. પેલાને ગતિ કરે એને પ્રાપ્ત નથી કરતું અને એને કરાવતું નથી. સમજાણું કાંઈ? ધર્માસ્તિ નામનો એક પદાર્થ ભગવાને તીર્થંકરે જોયો છે કે જે અનંતા એના ગુણો છે તેની વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે અથવા વર્તમાન પર્યાયપણે પરિણમે છે માટે ધર્માસ્તિકાયને સમય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

બીજો અધર્મ. આ ધર્મ-અધર્મ પાપની વાત નથી, હોં! એક અધર્મ નામનો પદાર્થ છે. ભગવાને અધર્માસ્તિકાય (નામનો પદાર્થ જોયો છે). જડ અને ચૈતન્ય ગતિ કરતાં અટકે તો તેને એક નિમિત્તરૂપે અધર્માસ્તિકાય નામનો ભગવાને ચૌદ બ્રહ્માંડ પ્રમાણે, ચૌદ રાજૂલોકમાં પદાર્થ જોયો છે. એ કેવો છે? કે એ અધર્માસ્તિકાય પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે તેવો એક અધર્માસ્તિ નામનો પદાર્થ (છે) એને અમે સમય કહીએ છીએ. કહો, સમજાણું કાંઈ?

એક આકાશ. આકાશ છે. લોકમાં અને અલોક ખાલી છે ને? ખાલી ભાગ. અલોક.. અલોક.. અલોક જેને અમેય અલોક કહ્યું છે. અમેય અલોક. પંડિતજી! અમયા એટલે મર્યાદા વિનાનું. અલોક અમેયા. આહા..! આ તો મર્યાદિત છે. તેથી બે ભાગ પાડ્યા. આ ચૌદ બ્રહ્માંડમાં આકાશ છે તે મર્યાદિત છે. અમયમ. એમ ને એમ અનાદિથી. એમ ને એમ માપ વિનાનું ક્ષેત્ર. એ આકાશ નામનો પદાર્થ પણ પોતાના ગુણ જે અનંતા આકાશમાં છે એની પર્યાયને તે પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ?

કાળ નામનો પદાર્થ અસંખ્ય છે. કાળ એક એક આકાશના પ્રદેશ ઉપર અણુ છે, અરૂપી પદાર્થ છે. ભગવાને અસંખ્ય કાળાણુ જોયા છે કે જે જડ અને ચૈતન્ય પરિણમે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. છતાં એ કાળ તો પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે.

પુદ્ગલ. પુદ્ગલનો એક એક પરમાણુ, એને નિશ્ચયથી પુદ્ગલ કહીએ. સ્કંધ આદિને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો ઉપચારિત પુદ્ગલ કહેવામાં આવે છે. એક એક પોઈન્ટ. આ નહિ, એનો રજકણ અંદર છે એ એક એક રજકણ જ્યાં હોય ત્યાં, જે ક્ષેત્રે હોય ત્યાં, જે કાળે ત્યાં હોય ત્યાં તે પરમાણુમાં અનંતા ગુણો છે તે ગુણ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. એ વખતે સ્થુળપણે પર્યાય પ્રાપ્ત કરે કે સૂક્ષ્મપણે પણ પોતાના ગુણની પર્યાયને પ્રાપ્ત કરે છે. પરને લઈને નહિ, પરમાં નહિ.

મુમુક્ષુ :- અડીને તો પરિણમે ને?

ઉત્તર :- અડીને તો વાત નથી. હવે આવશે. પહેલું અડીને નથી એમ તો કહ્યું હતું. હવે પછી આવશે. અડે કોણ? એક રજકણની પર્યાય બીજા રજકણની પર્યાયને ત્રણ કાળમાં અડતી નથી. કેમકે પરસ્પર અભાવ છે. ઈ કહેશે. સ્પર્શે તોપણ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી. હજી મહાસિદ્ધાંત તો હવે આવશે. આ તો હજી એકત્વગત સુંદર છે એટલું સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ પુદ્ગલ એક પરમાણુથી માંડીને અનંત રજકણનો સ્કંધ હો કે દરેક રજકણ, એને સમય કહીએ. કેમ? એ પરમાણુ તે તે સમયે એકીભાવે પોતાની શક્તિઓ જે અનંત ગુણ છે એની પર્યાયપણે પરિણમે છે, પ્રાપ્ત કરે છે માટે તેને સમય કહેવામાં આવે છે. કર્મનો એક એક રજકણ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. આત્માએ અહીંયા રાગ કર્યો માટે ચારિત્રમોહનીયની પર્યાય થઈ એમ નથી. એ ચારિત્રમોહનીય જે પર્યાય રજકણમાં થઈ એ એક એક રજકણ પોતાની પર્યાયપણે પરિણમવાને પ્રાપ્ત કરે છે, એ પરમાણુના ગુણ-પર્યાયને (પ્રાપ્ત કરે છે) માટે સમય કહીએ. આણે રાગ કર્યો માટે ચારિત્રમોહનીયની (પર્યાય) થઈ અથવા બીજો પરમાણુ ત્યાં એની પર્યાયે પરિણમે છે માટે આ આમ પરિણમે છે એમ વસ્તુના સ્વરૂપમાં અસ્તિત્વમાં નથી. અને નથી તેમ માનવું તેનું નામ જ મિથ્યાત્વ અને ભ્રમ છે. સમજાણું કાંઈ?

પુદ્ગલની વ્યાખ્યામાં તો બધા લેવા. આ શરીર, આ વાણી, કર્મ. દરેક રજકણ પોતાની શક્તિઓ જે અનંત સામર્થ્ય ધરાવે છે એની પર્યાયપણે, એના વર્તમાન દશાપણે, એની વર્તમાન અવસ્થાપણે થવું માટે એને સમય કહેવામાં આવે છે. નહિતર એને સમય નહિ કહી શકાય, એમ ભગવાન કહે છે. આહાહા..! ભારે વાત.

સવારમાં જંગલ જતાં કીધું, આ લાકડીના ટેકે ચાલે છે કે શું ચાલે છે? કહ્યું હતું ને બળવંતભાઈ? સવારમાં સાથે હતા. બાપુ! આ વીતરાગમાર્ગ એ એને સાંભળવા મળે નહિ એ સમજે કે દિ'? કહે છે કે એ લાકડીને આમ અડતો નથી. લાકડી નીચે ધૂળને અડતી નથી. જમીનને અડતી નથી અને આ હાથ લાકડીને અડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- દષ્ટ (થાય છે).

ઉત્તર :- ક્યાંય દષ્ટ નથી. ધૂળેય દષ્ટ નથી. એની દષ્ટિમાં ફેર છે. ચાલે છે આમ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પગ આમ આમ (ચાલે છે). એ પગનો એક એક રજકણ તે સમયે એક ભાવે પોતાના ગુણની પર્યાયને પ્રાપ્ત કરે છે. એ આત્મા ત્યાં ઈચ્છા અને જ્ઞાન છે માટે તે પર્યાયને પ્રાપ્ત કરે છે એમ છે નહિ. આમ કહે એમ હશે કાંઈ? નિર્ધાર. એમાં છે. ભગવાન શું કહે છે? સમય એકત્વ ગચ્છતિ એનો અર્થ કરવો છે હજી તો, હોં! એકત્વ ગચ્છતે સમય લોકમાં સુંદર છે એમ સિદ્ધ કરવું છે ને. આહાહા..! સમજાણું કાંઈ? રતિભાઈ! જુઓ! આ ચશ્માને હાથ-આંગળી અડતો નથી, કહે છે. એમ અહીં કહે છે. અને આ ચશ્મા અહીં મૂકતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- અડવા શબ્દનો વાચ્ય...

ઉત્તર :- અડવાનો શબ્દનો અર્થ એક જગ્યાએ આમ છે એને અડવું કહેવામાં વ્યવહારનયથી આવે છે. એક ક્ષેત્ર, ઈ ઓલામાં છે. અડવાનો પાઠ આમાં છે. એણે પૂછી લીધું. અડવું છે એનું કોઈ વાચ્ય છે કે નહિ? અડવું શબ્દ છે તો. એમ પૂછી લીધું. અડવું એટલે સ્પર્શવું. છૂના.. છૂના. એમ કહે છે, અડવું એવો શબ્દ જગતમાં છે. શબ્દ છે તો એનું કોઈ વાચ્ય છે કે નહિ? પ્રશ્ન કર્યો. એનું વાચ્ય એવું (છે કે) એક જગ્યાએ રહેવું એને અડવું એમ કહેવામાં આવે છે. 'ધવલ'માં એમ લીધું છે. એક આખો સ્પર્શ અધિકાર છે. સ્પર્શ અધિકાર. આત્મા આત્માને સ્પર્શે, આત્મા કર્મને સ્પર્શે, આત્મા આકાશને સ્પર્શે. સંયોગ છે તેને સ્પર્શે એમ કહેવામાં આવ્યું. સંયોગપણું બતાવવું છે. સ્પર્શવું એમ નહિ. આહાહા..! અહીં કહે છે, સમજાણું કાંઈ? એ.. રતિભાઈ! આ બધા વેપાર.. તોય ઈ એમ છે. સ્વતંત્ર છૂટથી કોઈ પાંચ-દસ હજાર, પચાસ હજાર લખાવવા હોય તો ન લખાવી શકે. પૂછો એને. ઈ પછી એમ ગણો, આ તો એક રાગ છે. એમાં પણ આજ્ઞાંકિત છે. મોહનલાલ કાનજીના. એ સ્વતંત્ર સૌની પર્યાય છે, કોઈને લઈને નથી. માને ભલે કોઈને લઈને પણ છે નહિ. કહો, સમજાય છે કે નહિ આમાં? બળવંતભાઈ! આ સમજાય છે આમાં? પેલું સમજ્યા છે ઈ બધા ગોટા છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હતું કે દિ' તો નાખી દે? નહોતું, ખોટું હતું એટલું સમજવું. બસ. બીજું કાંઈ (નથી). નાખવું હતું ક્યાં ને હાલવું હતું ક્યાં? આહાહા..!

આમાં પર જીવની દયા પાળી શકે એમ આમાં-સમયમાં આવે છે? પરજીવ પણ આત્મા. એ સમય છે. રજકણ એનું શરીર પણ સમય છે. એ દરેક એના ગુણ-પર્યાયને સમયે સમયે પ્રાપ્ત કરે છે. એમાં આ એની પર્યાયને પ્રાપ્ત કરે, જીવાડે કે બચાવે એ વસ્તુ ક્યાં છે? વસ્તુમાં એ નથી. અજ્ઞાનીએ ભ્રમ ઉત્પન્ન કર્યો. સમજાણું કાંઈ? આરે..આરે..! ભારે આકરી વાત. દયા એ ધર્મ છે ને? અરે..! સાંભળને હવે. દયા ધર્મ શેનો? દયા તો તારા આત્મામાં રાગની ઉત્પત્તિ ન થાય, અહિંસા સ્વભાવની ઉત્પત્તિ થાય, આત્માના ભાવમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનંત ગુણો પિંડ એ પોતાના ગુણની નિર્મળ પર્યાયે પરિણમે તેને અહિંસા કહેવામાં આવે છે. ભગવાન મહાવીરની એ અહિંસા છે. ઓલાની સાથે મેળ (કરે). મહાવીરની આવી અહિંસા, એની સાથે આમ મળતું છે, ઈસુને મળતું છે ને ઢીકણાને મળતું છે. ધૂળેય એક્કેય મળતું નથી, સાંભળને!

મુમુક્ષુ :- ઘણું નિકટ છે.

ઉત્તર :- ધૂળમાંય નિકટ નથી. ઈસુની અહિંસા આમ.. રાડ નાખી ગયા. ... એમ કાંઈક કહેતા હતા. અમારે ધીરૂભાઈ કહેતા હતા. પેલા બધા કહે, હવે એનો ... તો આપણે કાંઈ દેવું નથી. પાણી-બાણી દેવું નથી. લાવો એનો ભગવાન આવે તો. પછી ત્રીજી રાડ નાખી છેલ્લે મરતાં. નવ ... હતા ને? બહુ પીડા થતી હશે. એ જાતની લૌકિકની કરૂણાબુદ્ધિ. બાકી ક્યાં તત્ત્વ. બાપુ! આ વીતરાગ કહે છે એ તત્ત્વ ત્રણ કાળમાં ક્યાંય નથી. અને કોઈની સાથે એને અહિંસાનો પણ મેળ નથી. આહાહા..! શું આ ક્યાં આવ્યું છે? આ પુદ્ગલમાં આવે છે અત્યારે.

પુદ્ગલનો એક એક રજકણ શરીરનો, વાણીનો, કર્મનો દરેક રજકણ, આ દાળનો, ભાતનો, શાકનો, આ ઘડિયાળનો કોઈપણ અંદર (છે) એ રજકણ છે, આમાં રહેલો રજકણ પોતાની ગુણ-પર્યાયને ક્ષેત્રાંતર થાય તો એ પોતાની ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. આમ હતું ને અહીં આવ્યું એ પોતાના ક્ષેત્રાંતરની ગુણ-પર્યાયને પ્રાપ્ત પરમાણુ કરે છે. આંગળીને લઈને નહિ, આત્માની ઈચ્છાને લઈને નહિ. કહો, શિવલાલભાઈ! શું હશે આ? અરે..! ભાઈ! એના બાપ એક ફેરી પૂછતા હતા. દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ એ પર કહેવાય? એઈ..! (સંવત) ૨૦૧૦ની સાલમાં પૂછ્યું હતું. ઈ પર? કીધું, લાખ વાર પર. ભગવાન પર છે. પરનું લક્ષ કરવાથી રાગ થાય છે. ૨૦૧૦ની સાલમાં પ્રશ્ન કર્યો હતો. બહુ ભક્તિ કરે ને. આમ ટોકરા વગાડે. ભક્તિ 'શ્રીમદ્'ની કરે. પૂછ્યું, દેવ-ગુરુ પર? શુદ્ધ એ પર? શુદ્ધ એના ઘરના રહ્યા, અહીં શું છે? આત્માથી પર છે. કેવળી પર છે. પરદ્રવ્યનું લક્ષ કરવાથી વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય છે. એ શુદ્ધ છે માટે અહીં શુદ્ધતા ઉત્પન્ન થાય એમ છે નહિ અને તે શુદ્ધ છે માટે અહીં વિકલ્પ થાય એમ પણ નથી. એને તે કાળે પોતાના ગુણની ચારિત્રગુણની પર્યાય તે રાગપણે પ્રાપ્ત કરે છે. બસ, ચારિત્રગુણ તે રાગની પર્યાયને પ્રાપ્ત કરે છે. પોતાને કારણે. ભગવાન છે માટે આ પ્રાપ્ત કરે છે એમ નથી. સમજાણું કાંઈ? નટુભાઈ! સમજાય છે આ? ન્યાં જાશે પછી થઈ રહ્યું. થોડું થોડું રહે, અહીં સાંભળે ત્યાં સુધી. કોણ જાણે..?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લ્યો, ઠીક. તમારી દલાલી કરી.

પુદ્ગલ. આહાહા..! જીવદ્રવ્ય. લ્યો હવે જીવ આવ્યા. અનંત આત્માઓ છે ને? સિદ્ધમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંત આત્મા છે. નિગોદની એક કટકીમાં અનંતા આત્મા છે. એ બધા આત્મા એક આત્મા પોતાના ગુણ-પર્યાયે (પરિણમે છે). નિગોદનો જીવ, નિગોદનો જીવ ભાવકલંક ... ભગવાને ગુણસ્થાનમાં કહ્યું છે એ પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ? અહીં તો હજી સામાન્ય વાત છે, હોં! પછી તો નિશ્ચયગત આવશે. આમ શુદ્ધ થાય એ શોભે. પરને લઈને વિકાર થાય એ શું શોભે? એમ કહે છે. પરને લઈને એટલે? પરને અનુસરીને. પરને અનુસરીને વિકાર થાય એ તે શોભા છે? કહે છે. પોતાના ગુણને અનુસરીને નિર્મળ દશા થાય તે એકત્વપણું શોભા છે, એ સુંદરપણું છે એમ સિદ્ધ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ?

'**જીવદ્રવ્યસ્વરૂપ...**' જેટલા અનંત આત્માઓ જગતમાં છે એ બધા '**લોકમાં...**' એનું ક્ષેત્ર કીધું. આ તો લોક છે ને? '**સર્વત્ર...**' સર્વત્ર-આખા ક્ષેત્રમાં '**જે કોઈ જેટલા જેટલા પદાર્થ છે...**' લ્યો. જે કોઈ જેટલા જેટલા સંખ્યાએ (છે). આકાશ એક હોય, ધર્માસ્તિ એક હોય, કાળ અસંખ્ય હોય અને જીવ અનંત હોય. '**તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જે સુંદરતા પામે છે...**' લ્યો. દરેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયને શુદ્ધતાને પ્રાપ્ત કરે તો એ શોભા છે. સમજાણું કાંઈ? છે ને? એકત્વનિશ્ચયગત સમય. જુઓ! ... લોકે દ્રવ્યાંતર પછી કહેશે. '**लोके ये यावन्तः**' એ તો સમયની ઉપર લઈ ગયા, સમયની સાથે. સમજાણું કાંઈ? એ સુંદરતા પામે છે. બધા ભગવાન આત્મા અને રજકણો, રજકણો તો ભલે કોઈ વિભાવ હોય, ચાર તો તદ્દન સ્વભાવને પ્રાપ્ત છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ તો સ્વભાવને પ્રાપ્ત છે. પરમાણુ જરી વિભાવપણે (પરિણમે છે) પણ એને કાંઈ સુખ-દુઃખ નથી. પરમાણુ સ્વભાવપણે પરિણમો કે વિભાવપણે પરિણમો, એને કંઈ દુઃખ-સુખ નથી. દુઃખ-સુખ અહીં આત્માને છે.

આત્મા બધા એકત્વ નિશ્ચયને પ્રાપ્ત હોવાથી પોતે પોતાના... આત્મા એકત્વ નિશ્ચય એટલે અભેદ રત્નત્રયને પ્રાપ્ત હોવાથી અથવા પોતાના શુદ્ધ ગુણની પર્યાયને પ્રાપ્ત હોવાથી સુંદરતાને પામે છે. સમજાણું? આ તો બધાની વાત છે ને. પણ આપણે આત્માની અંદર કામ છે. પેલા ચારમાં કાંઈ (કામ નથી). ચાર તો સ્વભાવ જ છે. ચારને તો સ્વભાવ (છે), એમાં કોઈ બીજું છે નહિ. અને પુદ્‌ગલમાં કો'કને વિભાવ છે, બાકી અનંતાઅનંત ગુણો સામાન્ય પડ્યા છે.

અહીં હવે આપણે જીવનું લેવું છે. છે બધાનું, પણ જીવ તે એકત્વ નિશ્ચયને પ્રાપ્ત હોવાથી.. ભગવાન આત્મા તે નિમિત્તને અનુસરીને જે પ્રાપ્ત થાય તે એકત્વપણું નથી, એ સુંદરતા નથી. સમજાણું કાંઈ? એકત્વ નિશ્ચયને પ્રાપ્ત. આત્મા.. અહીં આત્માનું લેવું છે, પેલા ચારનું સ્વરૂપ બતાવ્યું. ભગવાન આત્મા એકત્વ નિશ્ચયને પ્રાપ્ત એટલે કે નિમિત્તને અનુસરીને થતાને પ્રાપ્તપણું છોડી. કારણ કે એમાં દ્વિવિધપણું આવ્યું છે એમાં. બાધાપણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમાં. ભગવાન આત્મા અનંતા શુદ્ધ ગુણનો પિંડ એ પોતાની વર્તમાન પર્યાયથી અનુસરીને પોતાના ગુણને અનુસરીને, નિમિત્તને અનુસરવું છોડી પોતાના ગુણની પર્યાયને સુંદરતા– અભેદ રત્નત્રયપણે પરિણમે, સ્વસમયપણે પરિણમે એ શોભા ને સુંદર કહેવાય છે. અથવા એકલું દ્રવ્ય જે શુદ્ધ છે જ્યાં બધે, એકેન્દ્રિય આદિમાં શક્તિરૂપ શુદ્ધ છે એ સુંદરતાને પ્રાપ્ત છે. અહીં પર્યાયરૂપ આ સુંદર છે. સમજાણું કાંઈ? એકેન્દ્રિય આદિમાં પણ લીધું છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. પેલું દ્રવ્ય લીધું છે. એકેન્દ્રિય આદિમાં પણ રહેલો જીવ. 'જયસેનાચાર્ય'ની ટીકામાં લીધું છે. છે. દ્રવ્ય લેવું છે. અહીં તો સ્વસમય પ્રગટ થયેલાની વાત લેવી છે. '**सर्वत्रैकेंद्रियाद्यवस्थासु शुद्धनिश्चयनयेन सुंदर उपादेय इति।**' આ શુદ્ધ નિશ્ચય (એટલે) ત્રિકાળ. ત્યાં લીધું છે.

અહીં તો કહે છે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે સુંદર અને એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પોતાને અનુસરીને નિમિત્તનું અનુસરવું છોડી શુદ્ધ ગુણની નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે, અભેદ રત્નત્રયને પ્રાપ્ત કરે તે સુંદર અને શોભાને પ્રાપ્ત છે. એને સ્વસમય કહેવામાં આવે છે. વિશેષ વ્યાખ્યા આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૯, બુધવાર તા. ૧૦-૦૮-૬૬**
**ગાથા -૩. પ્રવચન-૧૨**

'સમયસાર'. જીવ-અજીવ અધિકાર. એની ત્રીજી ગાથા. એની ટીકા ફરીને લઈએ, જુઓ! આવી ગયું છે આપણે પરમ દિ'. આ આત્માની આ વાત છે, આત્મા. આત્મા એ સમય છે. સમય એટલે વસ્તુ અને સમ એટલે એકીભાવે પરિણમે, બદલે અને જાણે. એવો પદાર્થ એને અહીંયાં આત્મા કહે છે. બીજા બધાને સમય કહે છે પણ જાણવું એમાં-પાંચમાં નથી. આ આત્મા જ્ઞાયકસ્વરૂપ (છે). અહીં બધા દ્રવ્યની વાત કરવી છે. છએ. ભગવાન કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય જોયા. એ છએમાં ચાર-ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ તો સ્વભાવરૂપ જ એની પરિણમન દશા અનાદિઅનંત છે. નવનીતભાઈ! સ્વરૂપચંદભાઈ! જરીક ઝીણું પડશે. આજે બહુ ઝીણું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવવા દો. આત્મા તૈયાર છે ને! આત્મામાં ક્યાં ન્યાં... આત્મા નવો છે? અનાદિનો છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કેવળજ્ઞાન થયું ત્યારે છ દ્રવ્ય જોયાં. કે દિ' કેવળજ્ઞાન વિનાનું કોઈ દિ' આ જગત હોઈ શકે નહિ. અનાદિકાળથી સર્વજ્ઞ થતા આવે છે. અનાદિકાળથી છ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયને તે ભગવાન જાણતા આવે છે. અનાદિ. કોઈ દિ' સર્વજ્ઞ ન હોય, દુનિયા ત્રણ કાળમાં ત્રણ લોકમાં સર્વજ્ઞથી ખાલી હોય એવું કોઈ દિ' બને નહિ. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો આત્માનો અંદર સ્વભાવ છે. એની પ્રગટ દશા જેની થઈ એને અરિહંત, એને સિદ્ધ ભગવાન કહે છે. સિદ્ધ ભગવાનને શરીર હોતું નથી અને અરિહંત ભગવાનને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન થવા છતાં હજી વાણી હોય છે, વાણી. એટલે ઉપદેશ ઈચ્છા વિના નીકળે છે. પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ છે એને ઈચ્છા હોતી નથી. ત્યારે એમણે જગતમાં છ દ્રવ્ય જોયાં.

કહે છે કે **'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે.'** પહેલી લીટી. 'સમય' શબ્દે સામાન્ય એટલે ટૂંકામાં કહીએ તો બધા પદાર્થ સમયથી કહેવામાં આવે છે. **'કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે...'** હવે સમયની વ્યત્પત્તિ કરે છે. એટલે સમ એટલે **'એકીભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે.'** શું વ્યાખ્યા કરી? પદાર્થ એને કહીએ કે જે એકસાથે અનંતા ગુણો જે એના છે એ પોતાની વર્તમાન દશાને-અવસ્થાને તે ગુણ અને પર્યાયપણે પ્રાપ્ત થાય એને સમય કહેવામાં આવે છે. છએ દ્રવ્યો જગતમાં અનાદિઅનંત છે, એ પોતાની શક્તિ અનાદિ છે અને એની વર્તમાન દશા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને એ દ્રવ્ય નામ પદાર્થ પ્રાપ્ત થાય છે. એ બીજા પદાર્થને પ્રાપ્ત થતો નથી, તેમ બીજા પદાર્થથી પોતાની ગુણપર્યાયને પ્રાપ્ત કરતો નથી. લોજીકથી કંઈક ધ્યાન રાખવું પડશે. આ જુદી જાતનો અભ્યાસ છે. આપણે તો આજે ચૂંબેનું વધારે લેવાનું છે. આ તો થોડું થોડું (ફરીને લીધું). આ તો પરમ દિ' આવી ગયું છે પણ નવા (લોકો આવ્યા છે) એટલે ન્યાંથી લઈ લીધું. સમજાણું કાંઈ?

કહે છે, સમય કીધો. પદાર્થને સમ-અય. સમ-અય બે શબ્દ છે. સમ (એટલે) એકીસાથે, અય (એટલે) પરિણમવું થવું, બદલવું. એની શક્તિઓ જેટલી છે તેની વર્તમાન અવસ્થાપણે-હાલતપણે-દશાપણે એ પદાર્થ પ્રાપ્ત થાય તેને સમય-સમ+અય કહેવામાં આવે છે. સમજાણું? લોજીકથી તો વાત છે, હોં! એમ ને એમ બેસાડવાની વાત નથી. પણ હવે ધ્યાન તો એને રાખવું પડે ને. કોઈ દિ' અભ્યાસ ન મળે. બળવંતભાઈ! કહે છે, છએ વસ્તુઓ જગતમાં ભગવાને જાતિએ છ, સંખ્યાએ અનંત (જોઈ). સંખ્યાએ અનંત આત્મા, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ એમ ભગવાનના જ્ઞાનમાં, અનાદિ કેવળીઓના જ્ઞાનમાં આ આવ્યું અને એમ છે. એ છ દ્રવ્યને અહીંયાં સમય કહેવામાં આવે છે. સમય-સમ+અય. બધા પ્રત્યેક પદાર્થ પોતાના જેટલી પોતાની ગુણ-શક્તિ સ્વભાવ છે એ વર્તમાન પોતાની દશાને-હાલતને-પર્યાયને પ્રાપ્ત થાય તેથી તેને સમય કહેવામાં આવે છે.

**'તેથી ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્‌ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોકમાં...'** હવે અહીં કહે છે. **'સર્વત્ર...'** એ છ દ્રવ્ય **'લોકમાં સર્વત્ર...'** દરેક સ્થાનમાં **'જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી સુંદરતા પામે છે...'** શું કહે છે? છએ પદાર્થ એમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ તો સ્વભાવથી એકત્વને પ્રાપ્ત અનાદિના છે. એ તો સ્વભાવપર્યાય છે એને. ધર્માસ્તિ અરૂપી છે, અધર્માસ્તિ અરૂપી છે ચૌદ બ્રહ્માંડ પ્રમાણે. એ બધું સિદ્ધ કરવા જાય તો ચાલે નહિ. અહીં તો છે એમ સાબિત કરીને હવે એનો અર્થ થાય છે. એ ચાર દ્રવ્યો તો સ્વભાવમાં એની પરિણતિ નામ અવસ્થા સ્વભાવરૂપ છે. ભાઈ! એને વિભાવરૂપ નથી. એટલે એને કંઈ બંધકથાની આપત્તિ ચારને લાગુ પડતી નથી. સમજાણું કાંઈ?

હવે અહીંયાં જીવ અને પુદ્‌ગલ બે (દ્રવ્યની વાત કરવી છે). ખરેખર તો જેટલા છે **'તે બધાય એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી સુંદરતા પામે છે...'** દરેક પદાર્થ પોતામાં એકપણાને પ્રાપ્ત થાય અને બેકલાપણું એટલે બીજાપણાના પ્રાપ્તપણે પ્રાપ્ત ન થાય અને પરથી ખસીને પોતાના સ્વભાવની પર્યાયપણે એકત્વ પ્રાપ્ત થાય તો તે પદાર્થ સુંદર અને શોભા પામે છે. નવનીતભાઈ! આ તો પરમ દિ' આવી ગયું છે. આ તો તમારા માટે થોડું લઈએ છીએ. મૂળ આ તત્ત્વનું દ્રવ્ય-ગુણ અને પર્યાય આખી વસ્તુનું સ્વરૂપ અત્યારે લોપ થઈ ગયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જૈનમાં પૂછો તો પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષના પડ્યા હોય. સામાયિક દ્રવ્ય હશે, ગુણ હશે કે પર્યાય હશે? ભગવાન જાણે. બળવંતભાઈ! આ બધા જૈનમાં જન્મેલા છે કે નહિ? એને પૂછો કે તમારી સામાયિક શું કહેવાતું હશે? ક્યા પદાર્થની અવસ્થા? ક્યા પદાર્થનો ગુણ? અથવા ક્યો પદાર્થ?

આ આત્મા અનાદિઅનંત શાશ્વત વસ્તુ-પદાર્થ છે. એની શક્તિઓ-ગુણો પણ શાશ્વત છે. એની વર્તમાન હાલત-દશા-અવસ્થા જો સ્વભાવ સન્મુખ થઈને નિર્મળપણે રાગરહિત થઈને વીતરાગી અવસ્થાપણે પરિણમે તો તે પર્યાયને સામાયિક કહે છે અને તે પર્યાય સહિતના દ્રવ્યને સુંદરતા ને શોભા પ્રાપ્ત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તમારી દવામાં કેટલું મન ચોંટે છે. બેન કહેતા હતા કે નહિ? કમળાબેન કહેતા હતા કે આમાં નથી ચોંટતું. ત્યાં કેમ ચોંટો છો? આ દવા આની થાય, આ ક્ષયની આ થાય, ગુમડાની.. શું કીધું કાંઈક બીજાની કીધી હતી? સંધિવા. એ તો અજ્ઞાન છે. અનાદિની રુચિ છે.

આ આત્મા, ભગવાને કહ્યો એવો આત્મા શું છે એને એણે જાણવાનો એક સમય પણ અનંત કાળમાં પ્રયત્ન કર્યો નથી. એ વિના બધા કૂચા ખાંડ્યા છે, ફોતરા ખાંડ્યા. ફોતરા સમજો છો? છિલકા. છિલકા ખાંડ્યા. છોતરા-ફોતરા. ફોતરામાં કાંઈ અનાજ છે? એમ આ ભગવાન આત્મા.. જુઓ! એનું નામ ચોખો છે ને? ચોખો. ચોખાનું નામ ચોખ્ખો છે. ચાવલ. તુષ, એના રહિત ચોખો. માથે ફોતરું છે ને? એનાથી રહિત અને માથે ઓલી લાલપ છે, લાલપ. ચોખામાં હોય છે ને? લાલ લાલ અંદર. ફોતરી હોય ને? (એની) અંદર લાલપ-લાલ હોય. એણે કોઈ દિ' જોયું નહિ હોય. ચોખામાં બે ભાગ હોય છે. એક ઉપર ફોતરી હોય છે એ તો ખુલ્લી નીકળી જાય. પણ ચોખા ઉપર એક લાલ ભાગ હોય છે. જ્યારે સંચામાં ઓલું થાય ને? ત્યારે લાલ ભાગ નીકળી જાય. ત્યારે એકલો ચોખ્ખો ચોખો થાય. એકલો ચોખ્ખો ચોખો થાય.

એમ આ આત્મા, એનું ઉપલું ફોતરું આ કર્મ અને શરીર. ઉપલું ફોતરું-છીલકા-નોકર્મ. અને કર્મ અંદર જડ એ પણ ઉપર ફોતરું છે. બીજી વાત, અંદરમાં રાગ ને દ્વેષ અને વિકારી પરિણામ છે એ ચોખાની ઉપરની લાલપ છે. એ ચોખા તમે જોયા નથી? મૂળ ચોખા અંદર ઉપર લાલ હોય. પછી સંચામાં ઓલા કરે (ત્યારે નીકળી જાય). સમજાણું કાંઈ? એ ચોખામાં ઓલી ઉપરની ફોતરી હોય એ તો તરત નીકળી જાય છે. અને જેની ફોતરી નીકળી છતાં ઓલી લાલપ રહી જાય છે. તો લાલપ જે ભાગ છે એ નીકળે ત્યારે ચોખો ચોખ્ખો થાય. એમ આ આત્મા, આ છ દ્રવ્યની અંદર ચાર દ્રવ્ય તો ચોખ્ખા છે અનાદિના. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એ તો દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે, દ્રવ્ય-ગુણ તો બધાય શુદ્ધ હોય પણ એની પર્યાય-ચારની અવસ્થા પણ અનાદિની શુદ્ધ જ છે. એને સ્વભાવ પરિણમન એનું કહેવાય છે. પોતાના સ્વભાવની પર્યાયને પ્રાપ્ત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એટલે ચાર દ્રવ્ય તો નિશ્ચયગત પ્રાપ્ત જ છે શુદ્ધ. હવે રહ્યાં જીવ અને પુદ્ગલ-બે.

જીવ જે છે... એ આગળ કહેશે, હોં! અહીં તો હજી એટલી વાત કરે છે કે '**એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી સુંદરતા પામે છે...**' ભગવાન આત્મા પોતે પોતાના પુણ્ય-પાપનો ભાવ જે રાગ છે, મેલ (છે), જેમ ચોખા ઉપર લાલપ છે, એનાથી રહિત થાય ત્યારે તે ચોખો ચોખ્ખાપણાને સુંદરતાને પામે. ત્યારે તો ચોખો ચોખ્ખો કહેવાય. સ્વરૂપચંદભાઈ! એમ ભગવાન આત્મા આ શરીર અને કર્મ જે છે, આ શરીરાદિ છે એ નોકર્મ જડ પર (છે), કર્મ પણ પરવસ્તુ તદ્દન અજીવ છે. એટલે એનાથી તો રહિત જ છે. હવે એના ઉપર જે લાલ- રાગ અને દ્વેષ, એ કર્મના પુદ્ગલો છે જડ એમાં લક્ષ કરવાથી, આમ લક્ષ છોડવાથી અને આમ લક્ષ કરવાથી, જે કંઈ ભ્રમણા કે હું આ રાગ છું, હું પુણ્ય છું એવી ભ્રમણા મિથ્યાત્વ અને એ રાગ-દ્વેષના પરિણામ, એ ચોખા ઉપર જેમ લાલપ છે એ ચોખાની શોભા નથી. એ ચોખાની અશોભા છે. સમજાણું કાંઈ?

એમ આત્મામાં કર્મ અને શરીરનો સંયોગ એ તો પર છે, એ આત્માને શોભાનું કારણ નથી. અને એના લક્ષે કર્મના લક્ષે.. પાઠ તો એમ છે ને આમાં? કે પુદ્ગલકર્મમાં સ્થિત થવાથી, પુદ્ગલકર્મ જડ છે એનામાં લક્ષ કરવાથી આમ પરમાત્મા પોતે શુદ્ધ આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, પરથી ભિન્ન અને સ્વથી તન્મય, આત્મા સ્વભાવના ભાવથી તન્મય અને વિકારાદિથી પૃથક્ એવું જે એનું તત્ત્વ છે એવા તત્ત્વ ઉપર એણે અનંત કાળમાં કોઈ દિ' લક્ષ આપ્યું નથી. તેથી કર્મના ઉપર આમ લક્ષ ન આપતાં એ કર્મના ઉપર લક્ષ આપતાં જે પુણ્ય અને પાપના ભાવ મલિન ઉત્પન્ન થાય એ બંધભાવ છે. એ બંધભાવ આત્માને શોભાનું કારણ નથી, એ આત્માનું સ્વરૂપ નથી. એ બંધભાવથી રહિત આ બાજુ પુણ્ય અને પાપના રાગથી લક્ષ છોડી શુદ્ધ આનંદકંદ છે એમ સ્વભાવની દૃષ્ટિ કરતાં જે રાગરહિત આત્માની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું પરિણમન-દશા થાય તો એ આત્મા શોભાને પામે છે. તો એ આત્માને આનંદની પ્રાપ્ત થાય. એવા સ્વસમય શુદ્ધના લક્ષે પરિણમન થઈ પરથી ભિન્ન પડેલો એને સ્વસમય, એને આત્મા કહેવામાં આવે છે. ન સમજાય એવી વાત નથી. બળવંતભાઈ! પણ ધ્યાન જ કોઈ દિ' (આપ્યું નથી). તમારા બાપાય એમ ને એમ છે. એ બધું એમ ને એમ કુટારા પડ્યા હોય. ઈ કર્યા કરે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાંણં.. પણ વસ્તુ શું છે? આ તો દાખલો (છે), બધાએ એવું જ કર્યું છે અનંત કાળથી. કેમ શિવલાલભાઈ? આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે બિરાજે છે. પરમાત્મા 'સીમંધર' પ્રભુ બિરાજે છે. એવા અનંત તીર્થંકરો આ ભરતક્ષેત્રમાં થયા. બધાનો એક જ અવાજ નામ દિવ્યધ્વનિ છે. દિવ્યધ્વનિ-પ્રધાન અવાજ ઈચ્છા વિના. હે આત્મા! આ જગતમાં છ વસ્તુ છે એમાં દરેક પોતાના એકપણાને પામે, પરથી ભિન્નપણે રહે એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુની શોભા અને વસ્તુપણું છે. વસ્તુની શોભા અને એ વસ્તુપણું છે. તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ તો પોતે પોતાથી પરિણમી રહ્યા છે. એને પરનો કાંઈ સંબંધ નથી, પરમાં અટકવું નથી, એને પરનો કાંઈ સંગ નથી. એ તો પોતાની દ્રવ્ય-ગુણની શુદ્ધતા, શક્તિવાન-શક્તિની શુદ્ધતા એવી વર્તમાન દશાની શુદ્ધતા પરિણમે છે. એટલે એ તો સ્વસમયની પરિણતિપણે સ્વભાવપણે પરિણમે છે. સ્વસમય શબ્દે એનું જડપણું, હોં! અહીં આત્માની અપેક્ષાએ વાત નથી.

કહે છે, હવે એમાં રહ્યાં જીવ અને પુદ્ગલ. તો જીવ જે છે એ જ્યાં સુધી કર્મના સંબંધમાં લક્ષ કરીને થાય એ બંધકથા છે. વિસંવાદ ઊભો કરે છે, અસત્યપણું ઊભું થયું છે. આત્મા નથી તેવી દશા એણે ઊભી કરી છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપરૂપે આત્મા નથી. ભાવપુણ્ય-પાપ, હોં! સમજાણું કાંઈ? આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્ય. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના પાપ, બેય વિકલ્પની વાસના વિકાર છે. એ વિકારપણે થવું એ એની શોભા નથી. એ તો કર્મના લક્ષે અટક્યો માટે તે ઉત્પન્ન થયેલો છે. એને પરસમય, પરસમય નામ પરપદાર્થમાં એકત્વ થયેલો વિકારીભાવવાળો આત્મા, તેને ખરેખર આત્મા કહેતા નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, જ્ઞાનચંદજી!

કહે છે, દરેક પદાર્થ '**એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે...**' આત્મા પણ.. ચારને તો સુંદરતા જ છે, એક જીવ અને પુદ્ગલ બેમાં ફેર છે થોડો. જીવ છે એ ત્યાં પરમાં અટકે છે ત્યારે પુણ્ય-પાપ ને મિથ્યા ભ્રમ ઉત્પન્ન થાય એ આત્માના એકત્વ અબંધસ્વરૂપમાં આ બંધની કથા અસત્યપણું વિસંવાદ-ઝઘડો ઉત્પન્ન કર્યો છે અનાદિનો. આત્મા સાથે પોતે ઝઘડો ઉત્પન્ન કર્યો છે, એમ કહે છે. વિકારભાવ ઉત્પન્ન કરી અને આત્માના સ્વભાવમાં નથી એવો એણે વિસંવાદ અસત્યપણું જીવનું સ્વરૂપ નથી તેવું એણે ઊભું કર્યું છે. એને જીવનું સ્વરૂપ કહેવામાં આવતું નથી, એમ કહે છે. પણ પુણ્ય ને પાપ ને બંધ જે પરપદાર્થ, એનાથી ખસી સ્વભાવની શુદ્ધતાની એકતાને પામે તેને સુંદરતા અને સુખી અને તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એટલું તો સાંભળ્યું પણ ન હોય આ શું છે ઈ. દયા પાળો, કરો વ્રત ને કરો ચોવિહાર ને બાઈયું નવરી હોય તો વર્ષીતપ કરી નાખે. શું થયું પણ એમાં? તેં કર્યું શું? જ્યાં કરનારો પરથી ભિન્ન છે એ કરનારો કરે છે વિકાર કે અવિકાર એની જેને ખબર નથી, એ ધર્મ ક્યાંથી લાવે અને કરે ક્યાંથી? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત શુદ્ધ ચૈતન્યના ગુણનો પિંડ પ્રભુ છે. કહે છે, કે એ પોતામાં એકત્વ થઈને પુણ્ય-પાપના પરિણામ-ભાવ અને કર્મ નિમિત્ત, બેનું લક્ષ છોડીને પોતાના સ્વભાવપણે જાય ત્યારે તેને શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિરૂપે થાય એને ધર્મીજીવ કહે છે, એને આત્મા કહે છે, એને સ્વસમય કહે છે. એ દશાને મોક્ષનો માર્ગ કહે છે. લાંબુ બહુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે આમાં. સ્વરૂપચંદભાઈ! અભ્યાસ કરવો પડશે ભઈ હવે. પહેલા નવા નિશાળિયા કીધું હતું.. આહાહા..! જગતમાં પણ એક એલ.એલ.બી. કે બી.એ. ભણે છે તો પાંચ-સાત વર્ષ કાઢવા પડે છે કે નહિ? અને હેરાન હેરાન કૂચે મરવાનું છે ત્યાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. કહે છે, છએ વસ્તુને પોતામાં એકપણે રહેવું તે શોભાનું કારણ છે. એકપણાથી તેને બેપણે થાય તે બગડ્યો છે. આપણે કહે છે ને? એકડે એક ને બગડે બે. દ્વિવિધ છે ને? દ્વિવિધ. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ તરફના લક્ષ વિના રાગ અને પુણ્ય ને પાપને ઉત્પન્ન કરી પરના બંધભાવમાં ટકીને જે વિકારીપણે ઉત્પન્ન થાય તે, વસ્તુ એક એમાં બીજાપણું ઊભું કર્યું એ બગાડ છે, એ અનાત્મા છે, એ આત્મા નથી. આહાહા..! ભારે વાત ભાઈ! આત્માની વ્યાખ્યા લાંબી આ તો. પેલો કહે આત્મા કોને કહેવો? ત્રસને કહેવો. હાલે, ચાલે એને ત્રસ અને સ્થિર રહે એને સ્થાવર (કહેવાય). લ્યો, આ શીખી ગયા. એમ નથી. સાંભળ તો ખરો. પુદ્ગલ પણ ચાલે છે-ગતિ કરે છે. આ પરમાણુ ગતિ કરે છે. એમાં ગમન થાય એ એનો ધર્મ છે. પુદ્ગલનો-પરમાણુનો ગમનતા-ગમન કરવું-ગતિ કરવી-એ એનો ધર્મ-એનો સ્વભાવ છે. તેથી જીવ કહેવાય? એમ નહિ.

જીવ એટલે આત્મા એને કહીએ કે જે પરના લક્ષ ને પોતાના અસ્તિત્વમાં રહેતો પરના લક્ષને છોડી શુદ્ધ સ્વભાવના લક્ષે એકત્વપણું શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિપણે પરિણમે, એકત્વપણે થાય તેને ભગવાન આત્મા કહે છે. એને અહીંયાં સ્વસમય-પોતાનું સ્વરૂપ આત્મા એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત. હજી તો સાંભળી ન હોય ને માથામાં.. માથું તો જડ છે, હોં! આ બધું. પણ જ્ઞાનનું માથું છે ને? ચૈતન્યપુર, એના ખ્યાલમાં આ વાત આવ્યા વિના ઈ શી રીતે પરિણમે? સમજાણું કાંઈ?

'**કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે.**' શું કહે છે? જો પદાર્થ પોતાપણે ન રહે અને પરમાં જો એકત્વ થાય તો તેમાં સંકર આદિ દોષો છે. સંકર એટલે? સર્વેષામ્ યુગપદ્ પ્રાપ્ત એ સંકર. બેનું એકપણું થઈ જાય, બેય એક થઈ જાય. સમજાણું કાંઈ? ભિન્ન ન રહે તો અનંત પદાર્થ ભિન્ન છે. અનંત, અનંતપણે અનાદિથી રહેલાં છે. જાતિ છ ભલે. આત્મા પુદ્ગલ (આદિ). જાત એક પણ છે સંખ્યા અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્મ, અધર્મ, આકાશ એ અનંતા પોતાપણે જો ન રહે એ પરપણે જો થાય તો પોતાપણું ગુમાવી બેસે. તો એમ હોઈ શકે નહિ.

કહે છે, એમાં સંકરદોષ અને વ્યતિકર-પરસ્પર વિષય ગમન. જીવ જડ થઈ જાય અને જડ જીવ થઈ જાય. એ શબ્દમાં છે ને? સંકર વ્યતિકર, એવા આઠ દોષો છે. આઠ. જો આત્મા આદિ પદાર્થો પોતાપણે ભિન્ન ન રહે અને પરની સાથે જો એકત્વ થાય તો બેપણું ગુમાવે અને પોતે કાં પરમાં જાય અને કાં પર આમાં આવી જાય. માટે એમ કોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દિ' બનતું નથી. દરેક પદાર્થ પોતામાં ટકીને ત્રણે કાળે ટકી રહ્યો છે. પરને લઈને નહિ, પરમાં નહિ, પરને આશ્રયે નહિ. એવું જેનું સ્વરૂપ છે.

કહે છે, '**સર્વસંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો?**' આટલું તો પરમ દિ' આવ્યું હતું. હવે કેવા છે તે સર્વ પદાર્થો? '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' બહુ ઝીણું છે. આ લીટી તો બહુ વસ્તુના મર્મના ગર્ભની વાત છે. કહે છે, કે દરેક આત્મા, દરેક આ રજકણ-પોઈન્ટ. આ એક ચીજ નથી. આ તો કટકા કરતાં કરતાં કરતાં કરતાં છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ કહે છે, એને મૂળ પદાર્થ કહે છે. આ તો સંયોગી-ઘણા સંયોગ થઈને ભેગું થયું છે. આ મૂળ ચીજ નથી. એના કટકા થતાં છેલ્લો એક પોઈન્ટ રહે કે જેના બે ભાગ ન થાય, એને ભગવાન પરમ અણુ કહે છે. પરમ અણુ-છેલ્લામાં છેલ્લો નાનો ભાગ. એવા પરમાણુઓ અનંત છે, આત્મા પણ અનંત છે. એ દરેક દ્રવ્ય '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન...**' આત્મામાં અનંત ગુણો અંતર્મગ્ન છે, રજકણમાં પણ રંગ, ગંધ આદિ અનંત ગુણો એમાં અંતર્મગ્ન છે. એવા '**પોતાના અનંત ધર્મોના ચક્રને...**' એ પરમાણુ એક એક અનંત ગુણધર્મવાળો છે અને એની પર્યાય અનંત છે. એ રજકણ પોતાના અનંત ગુણો અને એની પર્યાયને ચુંબે છે. ચુંબે છે એટલે આલિંગ્ન કરે છે, સ્પર્શે છે-અડે છે-એમાં રહે છે.

આત્મા એક વસ્તુ છે એમાં ભગવાને જોયેલા અનંત ગુણ છે. એની અનંતી પર્યાય-અવસ્થા-હાલત-દશા (છે). આત્મા પોતાના અનંત ગુણોના... ધર્મ કેમ લીધું છે? ધારી રાખ્યા માટે. છે તો બધા ગુણો, પણ આત્માએ અનંત ગુણને ધાર્યા છે, અનંતી અવસ્થાને ધારી છે. એવો આત્મા પોતાના અનંત ગુણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ, એની અવસ્થા મતિ-શ્રુત આદિ કે (બીજી) અવસ્થા, એ પોતાના ગુણ ને પર્યાયને, ગુણ નામ કાયમ રહેનારું સત્ત્વ અને પર્યાય નામ વર્તમાન પ્રગટરૂપ દશા, તે પદાર્થ પોતાના ગુણ અને પર્યાયરૂપી ધર્મને સ્પર્શે છે, અડે છે, ચુંબે છે. એમ રજકણ પણ પોતામાં રહેલાં અનંતા ગુણ અને તેની વર્તમાન અવસ્થાને તે રજકણ ચુંબે છે, સ્પર્શે છે. છે?

'**તોપણ...**' એમ શબ્દ વાપર્યો છે. કેમ વાપર્યો છે ઈ સમજાણું? દરેક પદાર્થ પોતાના ગુણધર્મને સ્પર્શે છે. તો સ્પર્શવું તો છે ને એનામાં? અમારે અહીં એક કહેવાય છે કે એક ગાયનો ગોવાળ ને પાંચ ગાયનો પણ ગોવાળ. એમ કાઠિયાવાડમાં કહેવાય છે. ગોવાળ સમજો છો? તમારે મુંબઈમાં ક્યાં હતું. આ ગોવાળિયો ગાયને ચારવા જાય ને? ગોવાળ. ગોવાળિયો ગાયને ચારવા જાય. એક ગાયને ચારે તો સાથે પાંચને પણ ચારે. એમાં તારે કામ તો ભેગું છે ને? એમ એકને ચારતાં પાંચને ચારજે. એમ અમારે કાઠિયાવાડમાં કહેવત છે. ગોવાળિયો એક ગાય ચારે તો ભેગી પાંચ ચારે. એમ દ્રવ્ય-દરેક વસ્તુ પોતાના અનંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુણ અને પર્યાય-અવસ્થા, ગુણ કાયમ રહેનારા અને પર્યાય વર્તમાન દશા-હાલત, એને ચુંબે છે તો પરદ્રવ્યને ભેગો ચુંબે તો શું વાંધો છે? પરદ્રવ્યને સ્પર્શે, અડે, છૂએ તો શું હરકત છે? નહિ. પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્ર નામ સમૂહને સ્પર્શે છે.

**'તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.'** આ મહાસિદ્ધાંત. એક આત્મા બીજા આત્માને અડતો નથી. ત્રણે કાળે. એક આત્મા આ રજકણ શરીરને અડ્યો નથી. નવનીતભાઈ!

મુમુક્ષુ :- કે દિ'?

ઉત્તર :- ત્રણે કાળે કીધું ને પહેલું. સમજાણું કાંઈ? લ્યો, આ બે ચીજ છે ને? આમાં આ રહેલી છે, આમાં આ રહેલી છે. આ આમાં નથી, આ આમાં નથી. અને એકબીજી અડતી નથી. અડે-સ્પર્શે તો બેનો એક ભાવ થઈ જાય છે. અડે-સ્પર્શે તો બેની એકતા થઈ જાય છે. બેની એકતા નથી માટે બે ભેગાં થઈને બે અડતા નથી. અડ્યા નથી, હોં! આ. અડવું સમજો છો ને? મિલા અથવા છુઆ હુઆ. ચુંબે છે શબ્દ પડ્યો છે ને? ચુંબે છે. સમજાય છે કાંઈ? છુતા નહીં હૈ, હિન્દી ભાષામાં છુતા નહીં. શું કહે છે?

આ રજકણ છે-એક પોઈન્ટ બીજા રજકણને અડતો નથી, ચુંબતો નથી. કેમકે પરસ્પર એકબીજામાં અભાવ છે. એક રજકણ અને બીજા રજકણમાં પરસ્પર એકબીજામાં અભાવ છે. એક રજકણમાં બીજાનો અભાવ અને બીજામાં આનો અભાવ છે. એકબીજામાં અભાવને લઈને, અભાવને લઈને સ્પર્શનો એવો ભાગ એકબીજામાં હોતો નથી. ભારે ઝીણું. આ લીટી-પંક્તિ જ ઝીણી છે. સ્વરૂપચંદભાઈ! ઝીણી છે મહા. જૈનદર્શનની વસ્તુ જગતના તત્ત્વોનો મર્મ. જો અનંત વસ્તુ છે તે અનંત અનંતપણે રહીને પરમાં અભાવરૂપે થઈને પોતાના ભાવરૂપે રહીને બધી ટકી રહી છે. સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! તમારે આ તો કાંઈ ન્યાં ભણાવાય નહિ. બેય જણા ભણાવતા હશે ન્યાં? ન ભણાવે? આહાહા..!

ભગવાન! એકવાર સાંભળને, પ્રભુ! જેને વસ્તુ કહીએ, પદાર્થ કહીએ એ પદાર્થ પોતાના દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ભાવ એટલે શક્તિ અને પર્યાય એટલે કાળ. બસ, એ ગુણ-પર્યાયના કાળના પિંડમાં પોતે પોતાને સ્પર્શે અને અડે છે. બીજા દ્રવ્યને, એક દ્રવ્ય બીજા દ્રવ્યને ત્રણ કાળમાં અડતું નથી, છૂતું નથી-સ્પર્શતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, પોતાનામાં રહેલાં. ભગવાન આત્મામાં રહેલાં અનંતા ગુણો અને એની વર્તમાન દશા, એને આત્મા સ્પર્શે છે-ચુંબે છે-આલિંગન કરે છે. સમજાણું કાંઈ? પણ એ આત્મા પરપદાર્થના કોઈપણ પર્યાયને સ્પર્શતો નથી-અડતો નથી-આલિંગન કરતો નથી. કેમકે તે પરપદાર્થથી અભાવ સ્વભાવરૂપે ત્રિકાળ ટકી રહેલો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક રજકણ બીજા રજકણને...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- કીધું ને, એક રજકણ બીજાને અડતો નથી.

મુમુક્ષુ :- આમાં?

ઉત્તર :- આમાં. હજી તો દાખલા આપવા બાકી છે ને. આ વીંછી અહીં જે કરડે છે, કહે છે, એ વીંછીનો ડંખ શરીરને અડ્યો નથી.

મુમુક્ષુ :- વીંછીએ...

ઉત્તર :- ક્યાંય ગર્યું નથી, કાંઈ થયું નથી. શું થયું છે? આ શું કહે છે ભગવાન? વીંછીના ડંખના અનંત રજકણો છે. વીંછી જીવ જુદો છે અંદર. જે પાછળ આમ હોય છે ને? એ અનંતા રજકણનો સ્કંધ-પિંડ છે ઈ ઝેર. ઈ એક એક સ્કંધમાં... સ્કંધ એટલે પિંડ, ઘણાં રજકણનું દળ, એનો એક એક રજકણ-પોઈન્ટ બીજા રજકણને અડ્યો નથી. કેમકે બેય પરસ્પર.. જુઓ! 'પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.' પરસ્પર. કેમકે એકબીજામાં પરસ્પર અભાવરૂપ છે. એક રજકણમાં બીજા રજકણનો અભાવ, બીજા રજકણમાં આ રજકણનો અભાવ. એ અભાવ વિના પોતાના ગુણ-પર્યાયનો ભાવ અને પરનો અભાવ, એ વિના વસ્તુ કોઈ રીતે હોઈ શકે નહિ. થઈ શકે નહિ. સમજાણું કાંઈ?

હવે અહીં વીંછી. બિચ્છુ કહે છે ને? આરે..આરે..! ભારે ભગવાન! ભાઈ! સાંભળ તો ખરો, બાપુ! તને ભ્રમ થાય છે, હોં! એ વીંછીના રજકણનો પિંડ જે છે એ એના ગુણ-પર્યાયને સ્પર્શે છે. એના સ્કંધના પિંડના ગુણ-પર્યાયને સ્પર્શે છે. આના ગુણ-પર્યાયને એ વીંછીનો ડંખ કોઈ દિ' સ્પર્શતો જ નથી. આરે..! ભારે ભ્રમ જગતને! નવનીતભાઈ!

મુમુક્ષુ :- ગળે ઉતરવું કઠણ.

ઉત્તર :- પણ ઉતારવું પડશે, એને જો સત્ જોઈતું હોય તો. તૃષા લાગી હોય તો પાણી ગળે ઉતારવું પડશે. પછી કેન્સર થયું હોય અને દુઃખે તોય ઉતારવું પડે, શું કરે? ગળાનું કેન્સર થાય છે ને? ભાઈસા'બ! મને દુઃખ થાય છે. પણ તૃષા લાગી છે કે નહિ? તૃષા તો એવી લાગી છે પણ ત્યાં પાણી અડે તો આમ રાડ નાખે. ડૉક્ટર-બાક્ટર શું .. નાખતા હશે ન્યાં? એને તૃષા લાગી હોય તો ભાઈસા'બ ભલે થોડી પણ અંદરની પીડા એટલી લાગે છે એના કરતાં આ થોડી પીડા થાશે. ઉતારે છૂટકો. એમ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલાં પદાર્થોનો સ્વભાવ (સ્વીકાર કર્યે છૂટકો છે). પણ આવો ન હોય તો બીજી રીતે વસ્તુ સ્વભાવ ન હોઈ શકે. એક વીંછી અહીં અડ્યો નથી અને આ શરીરના રજકણ કર્મને અડ્યા નથી. અને કર્મના રજકણ આને અડ્યા નથી. અને આમાં જે ફોડલો પડે કાંઈક થાય એ જીવને સ્પર્શ્યો નથી. જીવદ્રવ્ય જુદું, આ દ્રવ્ય જુદું. ..ભાઈ! આવું શું? તમારી ભાષા હશે ને કાંઈક? આ તો બાપુ! એ વસ્તુ એવી છે. સર્વજ્ઞે કહી છે માટે એવી છે એમ નહિ. ભગવાને તો જોઈ છે, જાણી છે, કહી છે પણ જેવી છે તેવી કહી છે. જેવી છે એવી જાણી છે, જાણી છે એવી વાણીમાં આવી છે, આવી છે એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુ છે. સમજાણું કાંઈ?

કહે છે, આ રજકણ-શરીરનો રજકણ છે, આમ ટાઢિયો તાવ આવે, ઊનો તાવ શરીરમાં આવે. તાવ એટલે? આ પુદ્‌ગલની સ્પર્શગુણની એક વિકારી પર્યાય. અહીં શરીર છે ને? એક પરમાણુની પર્યાય આખી જુદી. એ સ્પર્શ સ્વભાવ. આ પુદ્‌ગલો પરમાણુનો પિંડ છે એમાં ઊની દશા થાય એ એના સ્પર્શગુણની ઊની અવસ્થા-ઉષ્ણ અવસ્થા એ આત્માને કેમ સ્પર્શે? આ રૂપી, આત્મા અરૂપી. આ તો એક રજકણનો સ્પર્શપર્યાય બીજા રજકણના સ્પર્શપર્યાય રૂપી રૂપીને અડે નહિ. અડે તો બે ભાવ એક થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ જગતની પદાર્થ વ્યવસ્થા જૈનમાં જન્મ્યા એણે સાંભળી ન હોય. હવે એને કે દિ' બેસે? અને પછી કરીએ છીએ સામાયિક અને પોષા. શેના? મિથ્યાદૃષ્ટિના? નવનીતભાઈ! હજી બે દ્રવ્ય પૃથક્ કેમ છે એની ખબર નહિ અને પૃથક્ પાડીને સ્વલક્ષે અંદર જવું અને પરિણમવું એ વિના એને ધર્મ કોઈ દિ' ત્રણ કાળમાં થાય નહિ. સમજાણું કાંઈ?

હવે અહીંયાં એક કર્મ છે કર્મ જડ, એ જડ કર્મ સત્તામાં રજકણો પડ્યા છે એ પાકપણે આવે, પાકપણે. પાક-વિપાક જેને કહે છે, એ કર્મના રજકણની રૂપી અવસ્થા છે. એ રૂપી અવસ્થા જીવને અડતી નથી-સ્પર્શતી નથી. તેમ એની પર્યાયને આ જીવ સ્પર્શતો અને અડતો નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? અંતર્મગ્ન પોતાના ધર્મમાં રહેલું તત્ત્વ છતાં તે બીજા તત્ત્વને પરસ્પર સ્પર્શતું નથી, પરસ્પર એકબીજાના અભાવને લઈને સ્પર્શવું તે ભાવરૂપ થઈ જાય છે માટે તે સ્પર્શતો નથી. અસ્તિત્વ એક નથી એટલે સ્પર્શતો જ નથી, ભિન્ન ભિન્ન રહે છે. નિમિત્ત કહેવું જુદું છે અને એનું કાર્ય એનાથી થાય એ કહેવું જુદું છે. સ્પર્શતો નથી એટલે કોઈને લઈને કોઈનું કાર્ય નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ સ્કંધ છે આ રજકણ. આ પિંડ. એમાંથી એક રજકણ છે અહીંથી છૂટો પડે છે. એક સમય. છૂટો પડીને ત્યાં પ્રદેશમાં રહે તો એ સ્વતંત્ર અને એ પ્રદેશ ત્યાં રહીને એક સમયમાં આમ ઊંચો ચાલ્યો જાય એ સ્વતંત્ર. એ કોઈને સ્પર્શ્યા વિના, કોઈને અડ્યા વિના. એના પોતાના ગુણ-પર્યાયના ધર્મમાં એ રજકણ રહેલો છે. એમ એ સૂક્ષ્મ એક રજકણ છૂટો હોય અને અહીં સ્કંધ સાથે આવ્યો. આવ્યો તો એ રજકણ આને અડતો નથી. છતાં તે રજકણ પોતાની સૂક્ષ્મ પર્યાયરૂપે પહેલો હતો, અહીં આવ્યો એટલે પોતાની સ્થુળ પર્યાય થઈ. એ સ્થુળ પર્યાય પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. એ પર્યાય આના સ્કંધને અડતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

કહે છે, એમ આ દયા. લ્યો, માણસ એમ કહે છે કે અમે પરની દયા પાળી. એટલે શું? વ્યાખ્યા કરો એની. દયા એક શબ્દ, એની વ્યાખ્યા કરો. આ જીવ છે એને મરતા અમે બચાવી દઈએ. એટલે શું? બચાવવું એટલે શું? એની જે અવસ્થાનું આયુષ્ય છે એ પ્રમાણે જીવ ત્યાં પોતાની યોગ્યતાથી રહેલો છે. આયુષ્ય પોતાની પર્યાયને કારણે આયુષ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્મ રહ્યું છે. આયુષ્ય કર્મ નથી જીવને સ્પર્શ્યું, જીવની પર્યાય નથી આયુષ્યને સ્પર્શી. અને એ બેને સ્પર્શી નથી તો બીજો કહે કે એને અડીને એને જીવાડી દઉં! અડી શકતો નથી, પરને સ્પર્શી શકતો નથી તો જીવાડીશ ક્યાંથી? સમજાણું કાંઈ? સ્વરૂપચંદભાઈ! એ વસ્તુનું સ્વરૂપ એવું છે.

મુમુક્ષુ :- સ્વરૂપ નામ છે.

ઉત્તર :- કીધું ને, ભાઈનું નામ લીધું ને. વસ્તુનું સ્વરૂપ એવું છે. સ્વ-રૂપ. એનું સ્વ-રૂપ, પોતાનું, સ્વ એટલે પોતાનું રૂપ. રજકણનું પોતાનું રૂપ એવું છે કે બીજા રજકણને અડતો નથી, બીજા રજકણનું સ્વરૂપ એવું છે કે એ રજકણને અડતો નથી. આત્માનું સ્વરૂપ એવું છે કે કર્મના ઉદયની પર્યાયને સ્પર્શતો-અડતો-છૂતો નથી. ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માની પર્યાયની તો વાત ચાલે છે આ. એની પર્યાય-અવસ્થા જે છે એ થઈને આખો આત્મા (છે). ગુણ-પર્યાયે પરિણમતું દ્રવ્ય સમય કીધું ને. એના ગુણ-પર્યાયે પરિણમતો સમય કીધું. હવે એ પર્યાય છે એ બીજાના ગુણ-પર્યાયે પરિણમતો એ છે. આના ગુણ-પર્યાયે પરિણમતો આ છે. એકબીજામાં અભાવ છે, એકબીજાને સ્પર્શતા નથી. સમજાણું કાંઈ? આરે..! આ બધા હોશિયાર કામ કરે ને? બધા થોથા ઉડાવે છે અહીં. ધૂળેય કરતા નથી. એની પર્યાયને સ્પર્શે, પરને શું છે? કહો, બળવંતભાઈ! એ સંધિવાતની દવા ને ક્ષયની દવાને આત્મા નથી કરતો, એમ કહે છે. કેમકે જગતના પરમાણુઓ છે. એ પરમાણુઓ રજકણો છે. એની વર્તમાન અવસ્થાને તે સ્પર્શીને ઊભા થાય છે. બીજાને સ્પર્શીને કે બીજાને અડે છે એમાં સ્વભાવ છે નહિ. ભારે વાત, ભાઈ!

આ તાવ આવ્યો ને, તાવ. લીધું ક્વિનાઈન. ક્વિનાઈન કહે છે ને? ઈ ક્વિનાઈનના રજકણોનો પર્યાય અહીં શરીરને અડતો નથી. સમજાણું કાંઈ? આ તો કહ્યું હતું, ભાઈ! પહેલી એવી વાત છે (કે) જૈનમાં રહ્યાએ જિંદગીમાં સાંભળી નથી. આહાહા..! એકબીજા તદાત્મ્ય નથી એનો અર્થ કે પૃથક્ છે. પૃથક્ છે એટલે બીજાને સ્પર્શતા નથી. સ્પર્શે તો તો અડે, અડે તો તો બેનો એક ભાવ થઈ જાય છે. એકબીજામાં અભાવ છે ત્યાં અડવું-સ્પર્શવું ક્યાંથી આવ્યું? એમ ચુંબે છે એમ શબ્દ પડ્યો છે. છે ને ટીકામાં? જુઓ! '**अनन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि**' '**पि**' લીધો છે. દરેક પદાર્થ પોતાના અનંત ગુણ અને પર્યાયને ચુંબતો થકો, સ્પર્શતો થકો પણ '**परस्परमचुम्बन्तोऽत्यन्तप्रत्यासत्तावपि**' એ પછી બીજો શબ્દ છે. '**परस्परमचुम्बन्तो**'. એકબીજા એકબીજાને સ્પર્શતા નથી. બાપુ! આ વાત એને (બેસવી કઠણ પડે).

હજી તો ભિન્નની ખબર નથી એને આ ભિન્ન છે એ કેમ એને બેસે? અનંત વસ્તુ છે ને? એ એક સમયમાં અનંત અનંત રહીને પલટે છે કે અનંતમાં કોઈ ભેગા થઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પલટે છે? જો ભેગા થાય તો અનંત અનંતપણે રહ્યા નહિ. ગડબડ થઈ ગઈ. નવનીતભાઈ! જેટલી સંખ્યાએ દ્રવ્ય છે એટલા ત્રિકાળ રહેવાના છે. ભલે સંસારી થઈને સિદ્ધ થાય પણ દ્રવ્યની સંખ્યા કાંઈ ઘટે-વધે છે? જેટલા અનંતા આત્માઓ, અનંતા રજકણો, અસંખ્ય કાળાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ અનંત અનંતપણે પૃથક્ પૃથક્ અનંતપણે રહે અને અનંત અનંતપણે રહી પરપણે ન રહે તો અનંતપણું ટક્યું એમ કહેવાય. તો અનંત કાળથી પોતે પોતામાં રહ્યા અને પરને અડ્યા વિના રહ્યા તો ટકી રહ્યા છે. આહાહા...! સંયોગી દ્રવ્યનો ભ્રમ જગતને ઊભો થયો છે. આ વીંછી ન કરડ્યો હોત તો અહીં દુઃખ ક્યાંથી થાત? સાંભળને! એ દુઃખ તો તારી આનંદદશાને ચૂકી અને વિકાર ઉત્પન્ન કરે છે એનું તને દુઃખ છે. શરીરના ફોડલા પડ્યા ને વીંછી કરડ્યો એનું આત્માને દુઃખ છે જ નહિ. બળવંતભાઈ! ન્યાં કોઈ દિ' સાંભળ્યું ન હોય. મુંબઈમાં ક્યાંથી (સાંભળ્યું હોય)? કો'ક દિ' આવે એમાં જાય એમાં.. આહાહા..! અને આવી વાત કાંઈ એ વખતે થાય? આઝાદ મેદાનમાં બધા શું કહે છે? ન્યાં અમુક વાત ચાલે. નવનીતભાઈ! ન્યાં મોટા મોટા દસ દસ હજાર માણસ હોય એમાં... શું કહે છે આ? પેલા અન્યમતી હોય એ તો છક થઈ જાય કે આ શું કહે છે? સાંભળને! તને ખબર નથી.

વસ્તુ જેને કહે અને ટકતું તત્ત્વ કહે, અનાદિઅનંત સ્વંયસિદ્ધ કહે એવા તત્ત્વો એકબીજાને અડતા નથી તો તે ટકી રહ્યા છે. એ આગળ કહેશે હજી. વિરૂદ્ધ વિરૂદ્ધ કાર્યના (હેતુપણાથી) હંમેશાં વિશ્વને ઉપકાર કરી રહ્યા છે. સમજાણું કાંઈ? હવે આમાં ભગવાનને અડે છે એમ નથી થતું, લ્યો! ઓહો..! ભગવાનની મૂર્તિને અડે છે? હાથ અડાડે તો અડે છે? હાથની દશાને આત્મા સ્પર્શતો નથી તો વળી હાથ પરને સ્પર્શે, ભગવાન! એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. અંતર તત્ત્વ આ ભિન્ન છે એમ ભાસ નથી એટલે બીજા તત્ત્વને લઈને અહીં થાય છે, એને લઈને અહીં થાય છે, આને લઈને ન્યાં થાય એવો અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે. એ ભ્રમ જ મોટો મિથ્યાત્વભાવ છે. આહાહા..! એ પરથી ભિન્નતાને દેખવા દેતું નથી અને મારાથી તે ભિન્ન ભિન્ન છે એમ એને દેખવા દેતું નથી. સમજાણું આમાં કાંઈ?

રોટલી તાવડીમાં ચડે છે એ તાવડીને રોટલી અડતી નથી. રોટી.. રોટી. તાવડી સમજો છો? તવા.. તવા કહે છે ને? એ તવાને અમારે તાવડી કહે છે. સ્વરૂપચંદભાઈ! આ તો સાંભળી લેવું બરાબર. કો'ક દિ' આવ્યા છે. તાવડી છે એ અનંતા રજકણનો પિંડ, પુદ્‌ગલનો સ્કંધ ભિન્ન છે અને રોટલીના અનંત રજકણનો પિંડ ભિન્ન છે. તો ભગવાન કહે છે અને એમ છે. છે તેમ કહે છે, કહે છે તેમ જાણ્યું છે, જ્ઞાનમાં તેમ આવ્યું છે. સમજાણું કાંઈ? એ રોટલીના રજકણની પર્યાય એમાં પોતાના ગુણ-પર્યાયને (સ્પર્શે છે), લોટના ગુણ-પર્યાયને લોટ સ્પર્શે છે. પણ એ લોટનો પર્યાય તાવડીને અડતી નથી અને શેકાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..!

અગ્નિ આવી તો પાણી ઊનું થયું. નહિતર દષ્ટ ઈષ્ટમાં વિરોધ આવે છે. જુગલકિશોર, દિલ્હીવાળા (સંવત) ૨૦૦૯ની સાલમાં આવ્યા હતા. અરે..! ભગવાન! સાંભળો તો ખરા, બાપુ! ભાઈ! એ ... વિનાની વાત નથી, આ તો તત્ત્વની વાત છે. કહે છે કે પાણીમાં અગ્નિ આવી. પહેલું પાણી ટાઢું-ઠંડું હતું. એ પાણીના સ્પર્શ ગુણની ઠંડી અવસ્થા. એ પાણીના ઠંડા પરમાણુઓ એના ગુણ-પર્યાયધર્મને સ્પર્શે-ચુંબે છે. એના ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે અવસ્થા એને એ પદાર્થ ચુંબે-સ્પર્શે છે. પણ અગ્નિની પર્યાયને એ ઠંડો (રજકણ) સ્પર્શતો જ નથી. એમ કહે છે અને ઊનું થાય છે પોતાના સ્પર્શગુણની પર્યાયને કારણે ઊનું થાય છે. પોતાના ગુણ-પર્યાય ધર્મ ધારી રાખ્યા છે એને લઈને એ છે. અગ્નિને લઈને નહિ. અગ્નિ એને અડતી જ નથી. આહાહા..! જુઓ! શું કહ્યું?

‘**તોપણ...**’ અંતર્મગ્ન રહેલા દરેક આત્મા અને રજકણ પોતાના ગુણ અને પર્યાયના ધર્મને ધારી રાખ્યા છે અને તેને સ્પર્શે છે. પણ બીજાના ગુણ-પર્યાયને તે સ્પર્શતો નથી. ભારે વાતું, ભાઈ! વનસ્પતિ છે ને? વનસ્પતિ. વનસ્પતિ હોય ને? આ દૂધી. સ્વરૂપચંદભાઈ! આ દૂધી.. દૂધી. ભગવાન કહે છે કે છરી એને અડતી નથી. કારણ કે છરીના રજકણો જુદા. છરી કહે છે ને? છૂરી.. છૂરી. એના રજકણના અનંત ધર્મો અને પર્યાય તેને તે રજકણ સ્પર્શે છે, પણ તે છરીના રજકણનું સ્પર્શવું શાકના પરમાણુ જે છે તેના ગુણ-પર્યાયને સ્પર્શીને રહેલા એને આ સ્પર્શતું નથી. આહાહા..! આ તે વાત. આવી વાત હશે? ભગવાન કહે છે ને. હશે શું? સાંભળને! આહાહા..! સમજાણું કાંઈ? આજ તો પહેલું કહ્યું હતું, બાપા! કે આજે વાત ઝીણી છે. ભાઈ કહે, અમે નવા નિશાળીયા (છીએ). પણ નવા નિશાળીયાએ શીખવું તો પડશે કે નહિ આ? પહેલોવહેલો એકડો નવો લાગે કે નહિ?

અમે ભણવા પહેલા ગયા ત્યારે પહેલું પાધરું શીખવ્યું હતું અમને, લ્યો. એક ફેરી કીધું હતું. સિદ્ધોવર્ણ સમામ્નાય. એ વખતે ધૂળી નિશાળ હતી. ઉમરાળા. ધૂળી એટલે આ ધૂળમાં એકડા લખાવે. પણ હજી લખાવે ઈ પહેલાં આમ બોલાવ્યું હતું. મને યાદ છે બરાબર. બોલો! શું કીધું? સિદ્ધોવર્ણ સમામ્નાય. એનો અર્થ પણ આપણને આવડે નહિ. ઈ તો કહે, આ શીખો, ગોખો. એનો અર્થ એવો થાય છે કે વર્ણની સંપદા, અક્ષરોની સંપદા અનાદિની છે. એને વર્ણના અક્ષરને કોઈ બનાવી શકતું નથી. એવું તો પહેલાં શીખવ્યું હતું, લ્યો.

મુમુક્ષુ :- અમારે આ ગોખી લેવાનું.

ઉત્તર :- ગોખી નહિ, સમજી લેવાનું. લે ઠીક. ગોખવાનો અર્થ અંદર જ્ઞાનમાં ગોખવું. ગોખી લેવું બરાબર છે. શેમાં? પોતામાં કે પરમાં? આ વાણી તો પરની છે. એમાં ગોખવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? આ સમયસારમાં તો આખી દુનિયાના તત્ત્વોને જે રીતે છે એ જ ટૂંકામાં વર્ણવી નાખ્યા છે. આખા કેવળજ્ઞાનના પેટ ભર્યા છે એમાં. એવા કોઈ ચોઘડીયે સમયસાર લખાઈ ગયું છે. 'કુંદકુંદાચાર્ય'ના મુખમાંથી વાણી આવી. વાણીનું પરિણમન એ વખતે એ વિકલ્પ એ જ્ઞાનનો ઉઘાડ એ. એવું આવ્યું છે કે ચૌદ બ્રહ્માંડનો, ચૌદ પૂર્વનો, બાર અંગનો સાર આ એક એક ગાથામાં છે. સમજાણું? આ એક લીટી સમજે, આ એક લીટી.

દરેક આત્મા અને પરમાણુઓ પોતામાં રહેલા ગુણ-પર્યાય, ગુણ એટલે કાયમ રહેલી શક્તિ અને પર્યાય એટલે પ્રગટ દશા, એને સ્પર્શે છે. છતાં તે પરસ્પર માહોંમાહે અડતા-સ્પર્શતા-ચુંબતા નથી. આહાહા..! ભેદજ્ઞાન કરાવ્યું અહીં તો. ભાઈ! ભેદજ્ઞાન એટલે વાત નથી. આ તો અભિમાન (કરે). બીજાને કરતો ભાળે તો આ એણે કર્યું, એમ માને. પોતાને કરતો ભાળે તો મેં કર્યું. બીજો કરે તો એમ ભાળે. પણ ઈ કરતો જ નથી. ઈ તો સૌ સૌની પર્યાયને સ્પર્શીને કરે છે. પર્યાયને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈ કોઈનું કરશે નહિ.

ઉત્તર :- કોણ કરે છે પણ? ધૂળમાંય કરે છે? અજ્ઞાની અનાદિનું અભિમાન કરે છે. અમે ઉપદેશ આપ્યા, અમે પુસ્તક રચ્યા. ધૂળેય રચતો નથી. કોણ રચે? ઉપદેશની વાણી, વાણીના રજકણોની અવસ્થા છે. આત્મા કાંઈ એને સ્પર્શે છે? આત્માનો વિકલ્પ થયો એ વિકલ્પ એને-વાણીને અડે છે તો વાણી નીકળે છે? બિલકુલ નહિ. સ્વરૂપચંદભાઈ! કેટલા વર્ષ થયા, જુઓ! કેટલા જૂના જૈન માણસ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો નિમિત્તથી ત્યાં કોણ હતું એનું જ્ઞાન કરાવે એ વ્યાખ્યા છે. બનાવ્યું એ રજકણની પર્યાયે બન્યું છે. એ વખતે કોણ હતું, બસ એટલું. એ વખતે કોણ હતું? બનતાના કાળમાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. એનાથી બન્યું છે, તો તો એ નિમિત્ત ન રહ્યું. આ રચવાની ક્રિયા એણે કરી એમ થઈ ગયું. નિમિત્ત ન રહ્યું. નિમિત્તની વ્યાખ્યા જ આવી છે. પદાર્થના સ્વકાળે થતી કાર્ય દશામાં બીજી ચીજ સંયોગી અનુકૂળ હોય તેને નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી બન્યું નથી. બને તો બેય એક થઈ ગયા. નિમિત્ત વાણીને સ્પર્શ્યું નથી. સાંભળને ભાઈ! આહાહા..! બીજાને એવું લાગે સાંબેલા ગળે ઉતારવા જેવું લાગે. સાંબેલુ હોય ને મોટું. આ તો મોસંબીના પાણી ઉતારવા જેવું છે, ભાઈ! આહાહા..! સાંભળ્યું નહિ હોય આવું જિંદગીમાં. ૫૩-૫૪ વર્ષમાં. એઈ..! બળવંતભાઈ! આહા..!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણીમાં એમ આવ્યું. વાણીમાં સ્વપર વાર્તા કહેવાની તાકાતથી વાણીમાં આવ્યું એ વાણીને કેવળજ્ઞાની આત્મા સ્પર્શ્યો નથી. એ વાણીની પર્યાયને કેવળજ્ઞાન અડ્યું નથી, આ એને અડ્યું નથી. વાણી એવી નીકળે. કેવળજ્ઞાન અનુસારી,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સર્વજ્ઞ અનુસારી વાણી. આરે..આરે..! ભારે ધર્મ, ભાઈ! સમજાણું કાંઈ? એ વાણીના પરમાણુઓ પોતાના એક એક પરમાણુના ધર્મને ધારેલા (તેને કારણે પરિણમે છે). વસ્તુ હોય એને ગુણ હોય કે નહિ? ગુણ કહો કે શક્તિ કહો. એની કોઈ હાલત હોય ને? વર્તમાન દશા વિનાનું કોઈ દ્રવ્ય રહે? પજ્જય વિહુણં દ્રવ્યં? પર્યાય વિનાનું દ્રવ્ય નહિ. દ્રવ્ય વિનાની પર્યાય નહિ. ખલાસ થઈ ગઈ (વાત). એ વસ્તુ પોતાની વર્તમાન અવસ્થાને, ગુણને અડીને-સ્પર્શીને રહેલી છે. બીજાના ગુણ-પર્યાયને અડતી નથી એનો અર્થ જ બીજાથી કાર્ય થતું નથી. એક દ્રવ્યથી બીજાની પર્યાયનું કાર્ય ત્રણ કાળ ત્રણ લોકમાં થતું નથી. કહો, સમજાણું આમાં? આ મકાન-બકાન તો હોશિયાર કરતા હશે ત્યારે થાતા હશે કે નહિ? તો ઈજનેરને શું કરવા લાવ્યા મુંબઈથી? આરે..આરે..! ભારે ભ્રમ, ભાઈ! બાપુ! પુદ્‌ગલ પુદ્‌ગલ છે ને? પુરાવું અને ગળવું એવો એનો સ્વભાવ છે. પરમાણુનો પુદ્‌ગલ સ્વભાવ. એક વર્ણથી અનંત ગુણો થઈ જાય, અનંતગુણથી એક રંગ થઈ જાય. એક રજકણમાં, હોં! પોતાને કારણે. એક સમયમાં અનંતગુણો કાળો હોય તો બીજે સમયે અનંતગુણો ધોળો થઈ જાય. પરમાણુ સ્વયં સ્વતઃ કારણ. કારણ કે ગુણ અને પર્યાયને સ્પર્શતો પરમાણુ પોતાના પરિણમનને કરે છે. એક પોઈન્ટ-રજકણ છે એમાં એક સમય પહેલાં અનંતગુણી કાળી પર્યાય હોય. બીજે સમયે અનંતગુણી ધોળી થઈ જાય. કારણ કોણ? સમજાણું કાંઈ? કારણ કોણ? કાળ છે. કાળ તો બધાને નિમિત્ત છે. દ્રવ્ય-ગુણ. તો દ્રવ્ય-ગુણ તો બધાયના દ્રવ્ય-ગુણ છે. સમજાણું કાંઈ? પૂર્વની પર્યાય. પૂર્વ પર્યાય તો બધાયને સરખી છે. બાપુ! એ વસ્તુ જ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શતી પર્યાય ઊભી થાય છે. પૂર્વ પર્યાયને સ્પર્શતી નહિ. વળી પાછું, ભાઈ!

વસ્તુ એને કહીએ કે જેમાં અનંત ધર્મો રહેલાં અને એ પર્યાય ધર્મ. એ પોતે પોતાના ગુણ-પર્યાયને સ્પર્શીને ઊભી થાય છે. પૂર્વની પર્યાયને (સ્પર્શીને) નહિ, એને કારણે નહિ, પછીને કારણે નહિ, નિમિત્તને કારણે નહિ, પરને કારણે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ તો વર્તમાન.. વર્તમાન.. વર્તમાન ત્રિકાળ સિદ્ધ કરવું છે ને. કોઈપણ સમયે રહેલો પદાર્થ પોતાના અનંત ગુણ અને પર્યાયને ટકાવતું, ટકતું પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. વર્તમાન. પૂર્વ પર્યાય તો ગઈ. ભવિષ્યની પર્યાય આવી નથી. વર્તમાન પોતાના જેટલા ગુણો (છે) એની પર્યાયને સ્પર્શીને તે રહે છે. પણ બીજા સાથે અડતું નથી. આ તે કાંઈ (વાત)! લ્યો ત્યારે તમારે એમ થાતું હોય તો ખાવું છોડી દો એક મહિનો, એમ કહે છે. તમે ક્રમબદ્ધ માનતા હોય તો એક મહિનો ખાધા વિના રહો. ભગવાન! ભાઈ! તું શું કહે છે? ભાઈ! ખાવા-ન ખાવાની ક્રિયા, ભાઈ! એ તો જડની પર્યાય છે. એ આત્મા કરી શકે નહિ અને એને અટકાવી શકે નહિ. આહાહા..! ભાઈ! રજકણના પિંડ છે એનું પરિણમન થઈને અહીં આવવું હોય એ પોતાના ધર્મથી આવે છે. આત્માની ઈચ્છાથી નહિ. અને ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવવાના હોય, એ ઈચ્છા કરે અને આવે એમ છે નહિ. વાત એવી છે, ભાઈ!

કહે છે કે જીવે રાગ કર્યો.. એક એક દાખલા આકરા પડે એવા છે. વસ્તુની વસ્તુની સ્થિતિની જ ખબર ન મળે. વસ્તુ એને કહીએ કે જેમાં અનંતા ગુણ-પર્યાય વસેલા હોય. વાસ્તુ એને કહીએ કે જ્યાં મકાન લેવાય. વાસ્તુ એને કહીએ કે આકાશમાં અધ્ધર વાસ્તુ થાય, એમ હશે? એમ વસ્તુ એને કહીએ કે જેમાં ગુણ અને પર્યાય વસેલા હોય. અને વસેલાને તે દ્રવ્ય સ્પર્શે છે. બીજા ગુણ અને પર્યાયમાં વસેલું બીજું તત્ત્વ, આ એને અડતું અને છુતું નથી. સમજાણું? નિમિત્ત કહેવું જુદી ચીજ છે અને એકબીજાને એડવું એ જુદી ચીજ છે. આહાહા..! એ તો જેમ ધર્માસ્તિને ગતિ કરતાં નિમિત્ત કહેવાય પણ ધર્માસ્તિની પર્યાય ગતિ કરનારના પર્યાયને સ્પર્શતી નથી. આહાહા..! '**परस्परमचुम्बन्तो**'. '**परस्परमचुम्बन्तो**'. જડ અને ચૈતન્ય આમ ગતિ કરે. ધર્માસ્તિ આખા લોકમાં પડ્યું છે. ભગવાને જોયેલું એક તત્ત્વ છે, હોં! એ નિમિત્ત રૂપે કહેવાય. પણ આ પર્યાય ગતિ કરે એને એ પર્યાય પરસ્પર સ્પર્શે છે, એમ છે નહિ. ત્યારે પેલા નિમિત્ત કહેવાય. આહાહા..!

આવી વસ્તુની સ્થિતિ છે એમ જે નક્કી કરે, એને પર ઉપરથી લક્ષ ઉડી જાય. પરથી ઊડી અને સ્વ લક્ષ ઉપર આવે. સ્વ લક્ષ ઉપર આવતાં એને શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન થાય. એને ધર્મ કહેવામાં આવે છે, એને સ્વસમય કહેવામાં આવે છે. વિશેષ વાત છે, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૧૦, ગુરુવાર તા. ૧૧-૦૮-૬૬**
**ગાથા-૩. પ્રવચન-૧૩**

'સમયસાર'. જીવ-અજીવ અધિકાર ચાલે છે. એની ત્રીજી ગાથા. શું કહે છે? જુઓ!

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

અહીં સુધી આવ્યું છે, જુઓ! તે બધાય પદાર્થ. ત્યાં સુધી આવ્યું છે ને? પંક્તિ. પહેલા શું કહ્યું? જુઓ! સર્વ પદાર્થ-જગતમાં છ પદાર્થ છે. જાતિ અપેક્ષાએ છ છે અને સંખ્યા અપેક્ષાએ અનંત પદાર્થ છે. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાલાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. જાતિ અપેક્ષાએ (છ), સંખ્યાએ અનંત. 'તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે...' નિજ પદાર્થ પોતાના સ્વભાવથી પરના સંબંધ વિના પરિણમન થાય તેમાં તેની સુંદરતા અને શોભા છે. સમજાય છે કાંઈ?

પહેલા સમયનો અર્થ કર્યો. **'એકીભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે.'** બીજી લીટી. એની બીજી પંક્તિ. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાયમાં પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત થાય છે એમ કહો કે પરિણમન કરે છે એમ કહો, (એકાર્થ છે). **'ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે...'** શું કહે છે? કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ તો સ્વભાવ પરિણતિરૂપ જ અનાદિથી છે. એમાં તો વિભાવ અને વિરૂદ્ધતા ક્યારેય કિંચિત્ કાળ માટે કિંચિત્ પણ થતાં નથી. સ્વભાવ પરિણતિ છે તો સુંદરતાને પ્રાપ્ત છે, એના પદાર્થની અપેક્ષાએ.

હવે જીવ અને પુદ્ગલ બે રહ્યા. જીવ અને પુદ્ગલમાં પણ પોતાના સ્વભાવમાં એકત્વ (થાય તો સુંદરતાને પ્રાપ્ત થાય). કેમ? જો એમ ન થાય તો **'અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે.'** બે દ્રવ્ય એક થઈ જાય કાં એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં મળી જશે. એમાં દ્રવ્યની શોભા રહેતી નથી. રહતી નહીં, કહતે હૈં? રહેતી નથી. (પર સાથે સંબંધ) છોડીને પોતાના સ્વભાવરૂપ પરિણમે છે એનું નામ જૈન ધર્મ અને જૈનશાસન કહે છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે જૈનશાસનપણે, જગતના પદાર્થપણે બધા પદાર્થ **'પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે...'** સૂક્ષ્મ છે. સ્વરૂપચંદભાઈ! આ સ્વરૂપની વાત છે. પ્રત્યેક પદાર્થ અનંત પરમાણુ હો કે અનંત જીવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હો કે અસંખ્ય કાલાણુ હો, ધર્માસ્તિ આદિ તો એક એક છે, પ્રત્યેક પદાર્થ પોતામાં અંતર્મગ્ન (અર્થાત્) પદાર્થમાં રહેવાવાળા ગુણ અને પર્યાય, એ પદાર્થમાં અંતર્મગ્ન રૂપ ધર્મ છે. સમજાય છે કાંઈ? પ્રત્યેક આત્મા અને પ્રત્યેક રજકણ, રજકણ નામ પરમાણુ, એમાં અંતર્મગ્ન-પોતાના ગુણ અને પર્યાય તે પદાર્થમાં અંતર્મગ્ન છે. તેમાં રહેલા '**પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે...**' પ્રત્યેક પદાર્થ પોતાની શક્તિ અર્થાત્ ગુણ અને પર્યાય અર્થાત્ અવસ્થાને ચુંબે છે, સ્પર્શે છે. આવો દ્રવ્યનો સ્વભાવ અનાદિનો છે. સોમચંદભાઈ!

અનંત જીવમાં એક એક જીવ અને એક એક જીવની સાથે તૈજસ અને કાર્માણ અનંત રજકણ છે. તે પ્રત્યેક રજકણ અને પ્રત્યેક આત્મા પોતાના અંતરમાં અનંત ગુણરૂપી ધર્મ (ધારે છે). ધર્મ કેમ લીધું છે? દ્રવ્યે ધારણ કર્યા છે માટે ધર્મ લીધું છે. છે તો ગુણ. પદાર્થ છે તે ગુણ અને અવસ્થા-પર્યાય, ગુણ નામ ત્રિકાળી શક્તિ અને પર્યાય નામ વર્તમાન દશા, તેને પદાર્થ ધારણ કરે છે. તેથી તેને ધર્મ ગણવામાં આવ્યા છે. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાયરૂપ ધર્મને સ્પર્શે છે. પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે. પોતાના ગુણ-પર્યાયને આલિંગન કરે છે. પોતાના ગુણ-પર્યાયને, અમારી કાઠિયાવાડી ભાષામાં (કહીએ તો) અડે છે. સમજાય છે કાંઈ?

'**તોપણ...**' તોપણ શબ્દમાં ઘણું વજન છે. આમ દરેક પદાર્થ પોતાના ગુણ કાયમ (રહેનારા), પદાર્થ-વસ્તુ, શક્તિવાન એ પદાર્થ, શક્તિ તે ગુણ અને તેની વર્તમાન પ્રગટ દશા તે પર્યાય. તો એ પદાર્થ પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે-સ્પર્શે છે. આમ છે. '**તોપણ જેઓ પરસ્પર...**' જેઓ પરસ્પર એક પરમાણુ બીજા પરમાણુ સાથે, એક પરમાણુ બીજા આત્મા સાથે, એક આત્મા બીજા પરમાણુ સાથે '**પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' એક પદાર્થ બીજાને ચુંબતો નથી, સ્પર્શ નથી કરતો. એક પદાર્થ કદી બીજા પદાર્થને અડતો નથી. સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉપર તો કહ્યું કે પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે. પણ પરને, કોઈ પદાર્થ પરના ગુણ-પર્યાયને પરદ્રવ્યને ત્રણ કાળ ત્રણ લોકમાં અડતો જ નથી, સ્પર્શતો જ નથી. સમજાય છે કાંઈ? કાલે દાખલો આપ્યો હતો. દૃષ્ટાંત નહોતો આપ્યો ?

વિંછીનો ડંખ જે રજકણ છે તે અહીંયાં શરીરને અડતા જ નથી. પંડિતજી! આ સિદ્ધાંત બહુ સૂક્ષ્મ છે. એક પદાર્થ બીજાથી ભિન્ન છે. તો ભિન્ન છે તો બીજા ભિન્નને એ પદાર્થ કદી અડતો નથી. અડે તો એકબીજા પદાર્થમાં અભાવરૂપ ભાવ છે. એક પદાર્થ અને બીજા પદાર્થ વચ્ચે અભાવરૂપ ભાવ છે. જો અડે તો ભાવરૂપ ભાવ થઈ જાય છે. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ?

પરમાણુ-એક રજકણ-પોઈન્ટ-છે તે પણ પોતાના અનંત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમાં અનંત ગુણ છે. જેટલા આત્મામાં ગુણ અને પર્યાયની, શક્તિની સંખ્યા છે એટલી સંખ્યા એક રજકણમાં અનંત ગુણ-પર્યાયની સંખ્યા છે. કેટલા? ફક્ત આત્મામાં આનંદ, જ્ઞાન આદિ છે એટલો ફેર છે. પણ વસ્તુ તો ગુણની સંખ્યાએ નથી. તો પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે, આલિંગન કરે છે, સ્પર્શે છે, અડે છે. પણ કોઈ પદાર્થ બીજા પદાર્થને ચુંબતો નથી. ભાઈ! સ્પર્શે છે એ તો હિન્દીમાં છે. હિન્દીમાં સ્પર્શે પાઠ છે. સ્પર્શનું કાલે કાઢ્યું હતું ને. આ હિન્દીમાં શબ્દ છે. મૂળ હિન્દીમાં પણ છે. આપણે 'જયચંદ્ર પંડિત'માં. આ સ્પર્શે છે. જુઓ! ચુંબતેનો અર્થ જ કર્યો છે-એકબીજાને સ્પર્શ કરતા નથી. એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શ નથી કરતો. આહાહા..! અહીંયાં ક્યાં ગુણની વ્યાખ્યા છે. અહીં તો અડતો નથી, સ્પર્શતો નથી (એમ સિદ્ધ કરવું છે). સમજાય છે કાંઈ? વિંછીના રજકણ, એક એક રજકણ-પરમાણુ-પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે-સ્પર્શે છે. પણ એક રજકણ આ રજકણને-શરીરના રજકણને અડે છે-સ્પર્શે છે-એમ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. નથી, વસ્તુ એવી છે.

અનંત પદાર્થ જેટલી સંખ્યામાં છે તે અનંતપણે રહીને પોતાના ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. અનંતપણે રહીને. અનંતમાં એક પણ દ્રવ્ય ઓછું થાય છે કે વધે છે એમ કદી થતું નથી. તો અનંત પરમાણુઓ અને અનંત આત્માઓ પોતપોતાના ગુણ નામ શક્તિ નામ સ્વભાવ અને પોતાની વર્તમાન પ્રગટ અવસ્થાને પદાર્થ ચુંબે છે-સ્પર્શે છે-અડે-છે. પણ એક પદાર્થ આત્માને કર્મના ઉદયની પર્યાય અડે છે, એમ ત્રણ કાળમાં નથી. પંડિતજી! સમજાય છે કાંઈ? થોડી થોડી હિન્દી આવડે છે, હોં! અમને બહુ હિન્દી નથી આવડતી. ...

ભગવાન! ભગવાન કહે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્માને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાય-દશાને જાણતાં બધું જણાઈ ગયા છે. સમજાય છે કાંઈ? પોતાની એક સમયની જ્ઞાનની પ્રગટ પર્યાયને ભગવાનનું જ્ઞાન પોતાની પર્યાયને જાણતાં, એમની પર્યાયમાં જેવા લોકાલોક છે એમ પોતાના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી પોતાની પર્યાય સ્વપરપ્રકાશકપણે પરિણમી છે તેને દેખે છે, તેમાં લોકાલોક આવી ગયા. સમજાય છે કાંઈ? આવા ભગવાનના જ્ઞાનમાં જેવું આવ્યું એવું વાણીમાં આવ્યું. ઇચ્છા વિના. વાણીને પણ આત્મા સ્પર્શતો નથી. વાણી નીકળે છે, વાણી, તો વાણીના પ્રત્યેક પરમાણુ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. જો એક પરમાણુ બીજા પરમાણુના ગુણ-પર્યાયને સ્પર્શતો નથી તો ભગવાનનું જ્ઞાન અને યોગનું કંપન પરમાણુની પર્યાયને અડતા જ નથી, સ્પર્શતા નથી. ભારે વાત, ભાઈ! સ્વરૂપચંદભાઈ! જૈનમાં રહ્યા હોય કેટલા વર્ષ. સીત્તેર-સીત્તેર, સાંઈઠ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાંસઠ (વર્ષ). આ તે શું વાત છે?

ભાઈ! ... શાસ્ત્રમાં આવે છે ને? પંડિતજી! '...' આવે છે કે નહિ? એનો અર્થ બીજો છે. શબ્દ નજીક સંયોગમાં આવે છે ત્યારે ખ્યાલ આવે છે. ... પણ '...'નો અર્થ કાંઈ શરીરને શબ્દ સ્પર્શે છે કે આત્માને શબ્દ સ્પર્શે છે એમ વાત જ નથી. સમજાય છે કાંઈ? અરે..! ભારે વાત, ભાઈ! આ એક સિદ્ધાંતે સર્વ પદાર્થની ભિન્નતાનું ભેદજ્ઞાન કરાવ્યું છે. છે એવું.

એક કર્મનો ઉદય છે, કર્મનો ઉદય, તે અનંત પરમાણુની પાકરૂપ અવસ્થા છે. તો એમાં એક પરમાણુની પર્યાય પણ બીજા પરમાણુને અડતી નથી. તો આત્મા રાગ કરે છે તો રાગને અડે છે, પણ રાગને ઉદયની પર્યાય અડે છે અને રાગ કર્મના ઉદયની પર્યાયને સ્પર્શે છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? સ્વરૂપચંદભાઈ! કર્મ વિકાર કરાવે, કર્મ વિકાર કરાવે ક્યાં ગયું આમાં? સાંભળ તો ખરો, પ્રભુ!

વસ્તુની સ્થિતિ એવી છે કે કર્મનો ઉદય જે કહેવાય છે, એ ઉદય એક જડની પર્યાય છે. એ એક પર્યાય નથી, એ તો અનંતા રજકણની વિભાવિક સંયોગી પર્યાય છે. એ કંઈ ખરો પુદ્ગલ નથી, વાસ્તવિક પુદ્ગલ નથી. વાસ્તવિક પુદ્ગલ તો એક પરમાણુ છે. એક પરમાણુ, કર્મના અનંત પાકમાં જે એક પરમાણુ છે તેમાં પણ કર્મની પર્યાયરૂપ પરિણમન છે. એ પરમાણુમાં પણ, હોં! અનંતમાં છે તો એક પરમાણુમાં પણ કર્મરૂપ પર્યાયનું પરિણમન છે. પણ તે પર્યાય પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. તે પર્યાય આત્માના રાગને સ્પર્શ કરે છે અને રાગ-પર્યાયને સ્પર્શ કરે છે એમ વસ્તુમાં ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

હજી પદાર્થ ભિન્ન ભિન્ન કઈ રીતે કામ કરે છે એની ખબર નથી. પરથી ખસીને પોતાના દ્રવ્યસ્વભાવમાં લક્ષ કરીને શુદ્ધિ-શ્રદ્ધાની શુદ્ધિ પ્રગટ કરવી એ જ સમ્યગ્દર્શન ધર્મ છે. સમજાય છે કાંઈ? મને અને પરપદાર્થ વચ્ચે કોઈ સંબંધ નથી. નિમિત્ત સંબંધનો અર્થ ઈ છે કે પૃથક્ એક ચીજ છે. પણ પૃથક્ ચીજની પર્યાયને-પૃથક્ દ્રવ્ય પર્યાયને અડે છે એમ (નથી). કેમકે... પરસ્પર સિદ્ધ કરે છે. જુઓ!

સર્વ પદાર્થ '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન...**' અંતરમાં રહેલાં-તે પ્રદેશમાં રહેલાં. આત્માના અસંખ્ય પ્રદેશમાં પરમાણુનો એક પ્રદેશ નથી, આકાશના અનંત પ્રદેશ નથી. '**રહેલ પોતાના અનંત ધર્મોના...**' પોતાના અનંત ધર્મ સ્વભાવને. ગુણ-પર્યાયને અહીંયાં ધર્મ કહે છે. તેના '**ચક્રને (સમૂહને)...**' સમૂહ છે. ગુણ એક નથી. અનંત ગુણ, અનંત પર્યાય છે. તેને પ્રત્યેક પદાર્થ '**ચુંબે છે-સ્પર્શે છે તોપણ...**' શું કહે છે? આવું પોતાને ચુંબન કરે છે તો પરને ચુંબન કરે છે? આવું ચુંબન કરે છે '**તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ, અમારી એવી ભાષા છે. આહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ! આ જીભ છે ને? જીભને આત્મા અડતો નથી. આ જીભ પુદ્ગલ સ્કંધની પર્યાય છે. એ પર્યાય આત્માની પર્યાયને અડતી નથી, આત્માની પર્યાય જીભને અડતી નથી. સમજાય છે કાંઈ? અને ખાટા, ખારાની જે પર્યાય મોઢામાં આવી... ખાટી, ખારી કહેવાય? આ મીઠી, મીઠી. ખાટી-મીઠી જડની પર્યાય છે. પોતાનું જ્ઞાન પોતાની પર્યાયમાં રહીને, પોતાના ગુણ-પર્યાયના સ્પર્શમાં રહીને પોતાની પર્યાય ખાટી-મીઠીને અડ્યા વિના, ખાટી-મીઠીને અડ્યા વિના તે સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાને કારણે થાય છે. ... અહીં તો ન્યાયથી વાત છે. તીર્થંકરદેવ અહીં લોજીકથી વાત કરે છે. ન્યાયોયમ. નિ ધાતુ છે. જેવી વસ્તુ છે તે તરફ જ્ઞાનને લઈ જવું તેનું નામ ન્યાય કહેવામાં આવે છે. પંડિતજી નિ ધાતુ છે ને? નિ. ન્યાયથી વાત કરે છે. ભગવાન ... આવે છે ને? .... જૈન ધર્મ સર્વાર્થસિદ્ધિમાં આવે છે. નિયત છે, ન્યાય માર્ગ છે, નિયત છે. પ્રત્યેક પદાર્થ ન્યાયથી સિદ્ધ કરે છે. ... 'પ્રવચનસાર'. વિસ્પષ્ટ તર્કણાથી પ્રત્યેક પદાર્થ સિદ્ધ થાય છે. એમ 'પ્રવચનસાર'માં જ્ઞાનીના જ્ઞાનમાં ભગવાને જેવું કહ્યું એવો પદાર્થ વિસ્પષ્ટ તર્કણાથી તેમના જ્ઞાનમાં સિદ્ધ થાય છે. આવી વસ્તુની સ્થિતિ છે અને એવી પોતાની જ્ઞાનની (તાકાત છે). જેવો છે તેવો સ્પષ્ટ નિર્ણય કરવાની પોતાના જ્ઞાનમાં તાકાત છે. સમજાય છે કાંઈ? તાકાત છે, હોં! ના ન પાડવી કે અમે નવા નિશાળીયા છીએ. આહાહા..!

ભગવાન! અહીં તો ભગવાન તરીકે જ આત્માને બોલાવે છે, હોં! ભગવાન આત્મા એમ કહ્યું છે. ૭૨ ગાથામાં એમ કહ્યું છે, ભગવાન આત્મા. અહીં તો પરથી ભિન્ન બતાવે છે, પણ ત્યાં તો પુણ્ય-પાપના ભાવ છે, દયા, દાનના વિકલ્પ આસ્રવ છે તેનાથી પણ આત્મા ભિન્ન છે. અહીં તો પર પદાર્થથી ભિન્ન બતાવે છે. પછી સ્વસમયના પરિણમનમાં... શરીર, કર્મ તો અજીવ છે તેનાથી તો ભિન્ન છે. હવે રહ્યા પુણ્ય અને પાપભાવ. એ તો આસ્રવતત્ત્વ છે. એ કંઈ જીવતત્ત્વ નથી. સમજાય છે કાંઈ? સાત તત્ત્વમાં શરીર, કર્મ અજીવતત્ત્વ છે અને દયા, દાનના વિકલ્પ, ભક્તિ આદિના વિકલ્પ છે એ શુભ આસ્રવતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરીનું પાપ આસ્રવતત્ત્વ છે. ઈ આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ આત્મતત્ત્વ નથી. નહિતર બે તત્ત્વ એક થઈ જાય છે. તો અજીવતત્ત્વ ભિન્ન છે... બીજી વાત, ભાઈ!

અહીં સ્પર્શતું નથી એમ કહ્યું ને? તો અજીવતત્ત્વની કર્મની જે પર્યાય છે એ અજીવતત્ત્વ છે અને અહીંયાં રાગ થયો એ આસ્રવતત્ત્વ છે. તે છે તો આ છે, એમ હોય તો બે તત્ત્વ એક થઈ જાય છે. પરંતુ એમ નથી. સમજાય છે કાંઈ? કર્મના ઉદયની પર્યાય છે એ અજીવતત્ત્વ છે અને અહીંયાં રાગાદિ થયા એ આસ્રવતત્ત્વ છે. તો આ અજીવ છે તો આસ્રવ છે એમ થતું નથી. બે તત્ત્વ ભિન્ન નિરપેક્ષ છે. સમજાય છે કાંઈ? આસ્રવ છે તો આત્મા છે એમ નહિ. સમજાય છે કાંઈ? આસ્રવ જે પુણ્ય-પાપના ભાવ છે તો આત્મા છે, એમ નથી. મલિન પરિણામ છે તો આત્મા છે એમ છે? તો સદા મલિન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહેશે. આત્મા, જેને આત્મતત્ત્વ કહે છે... મલિનતા આસ્રવની અપેક્ષાએ ગણવું, હોં! પણ જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ પોતાના સ્વભાવથી અભિન્ન છે અને પુણ્ય-પાપના ભાવ આસ્રવતત્ત્વથી ભિન્ન છે. અજીવથી ભિન્ન પડી ગયો. અજીવની પર્યાય કર્મનો ઉદય છે તેને રાગ સ્પર્શતો નથી અને રાગને કર્મનો ઉદય સ્પર્શતો નથી. આ બે વાત.

અહીંયાં તો સ્વસમયમાં એમ લેવું છે કે રાગ છે તે પોતાની સુંદરતાને પ્રાપ્ત નથી. એ સ્વસમય પરિણમન ન થયું. રાગથી પૃથક્ થઈ પોતાના જ્ઞાયક સ્વભાવનો આશ્રય લઈને જે સુંદર શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ નિર્વિકારી પર્યાયનું થવું તે જ પોતાના સ્વસમયના ધર્મથી આત્મા સુંદર નામ શોભાને પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? અજીવથી ભિન્ન, આસ્રવથી ભિન્ન. પોતાનો શુદ્ધ પૂર્ણાનંદ ભગવાન સ્વભાવથી અભિન્ન આત્મા છે. સ્વરૂપચંદભાઈ! આ બધું સમજવું પડશે, સત્ય જોઈતું હોય તો. એમ સમજ્યા વિના એક્કેય ડગલું ધર્મમાં ચાલે એવું નથી. અજ્ઞાનીઓ એની મેળાએ કલ્પનાથી બેસાડે.

અહીં આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્ય પ્રભુ' ભગવાન પાસે ગયા હતા અને આઠ દિવસ રહ્યા હતા. અહીં તો હજી દ્રવ્યને સિદ્ધ કરે છે કે પ્રત્યેક પદાર્થ પોતાના અંતર્મગ્ન ધર્મને અડે છે, પરના દ્રવ્યને, પર્યાયને અડતો નથી. આ લક્ષણ ભારે. આ દ્રવ્યની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થાય છે. ઈ બતાવવું છે. સ્વસમય બતાવવું છે ને. રાગ છે એ પરના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયો છે તો વિસંવાદ કથા છે, એ વિસંવાદ કથા છે. છે ઈ? **'बंधकहा एयत्ते'** **'एयत्ते'** નામ એકત્વ-તન્મયપણામાં બંધનો ભાવ, જડ અને રાગ **'एयत्ते'**ના **'विसंवादिणी होदि'**. ... ઈ વિખવાદ ઊભો કરે છે. ઈ તો અહીં સિદ્ધ કરવું છે. પહેલું સુંદરપણું સિદ્ધ કરવું છે.

આત્મા રાગમાં રોકાય, સ્વસમય પરના સંબંધમાં રોકાય એ સુંદર નથી. એ એકત્વ નિશ્ચયગત નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો મહા સિદ્ધાંત છે. આ કાંઈ વાર્તા કથા નથી. મહા સિદ્ધાંત (છે). એક એક શબ્દમાં મહા અધ્યાત્મ ભર્યું છે. એમાં 'કુંદકુંદાચાર્ય'નું કથન! સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ ત્યાં સમવસરણમાં 'સીમંધર' ભગવાન પાસે રહ્યા હતા. સંવત ૪૯માં ભગવાન 'કુંદકુંદાચાર્ય' ભરતક્ષેત્રમાં દિગંબર મુનિ થાય. અહીં લબ્ધિ હતી. ચારણલબ્ધિ. અને બીજો કોઈ દેવ એમનો મિત્ર હતો. આઠ દિવસ ત્યાં ભગવાનના સમવસરણમાં રહ્યા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા, બન્યા છે. સમજાય છે કાંઈ?

ઈ તો ઘણી વાર કહ્યું છે. પોન્નુર હિલ છે ને? મદ્રાસથી એંસી માઈલ દૂર પોન્નુર હિલ છે. ત્યાં અમે બે વાર ગયા છીએ. ત્યાં રહ્યા હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. ત્યાંના પંડિત લોકો ... મદ્રાસના પંડિત. શું નામ? ... એણે ભાષણ કર્યું હતું. અહીંથી ગયા હતા એ તો બરાબર છે. ત્યાં આગળ એક મઠ છે, બીજો મઠ. ત્યાં પણ આવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નીકળ્યું કે અહીંયાં એક મહામુનિ બિરાજતા હતા અને મોટી લબ્ધિ હતી. પોન્નુર છે ત્યાં નીચે પાંચ માઈલ છેટે એક ગામ છે. ત્યાં બે હજાર વર્ષ જૂનું એક મંદિર છે. ત્યાં પણ એમ વાત ચાલે છે કે 'કુંદકુંદાચાર્ય' જ્યારે નીચે ઊતરતા હતા ત્યારે અહીંયાં દર્શન કરતા હતા અને આહાર લેવા જતા હતા. અમે ગયા છીએ, બધા ઠેકાણા જોયા. સંઘ લઈને ગયા હતા. એક હજાર માણસ સાથે હતા. બે વાર ગયા છીએ. પહેલાં સંવત ૨૦૧૫માં ગયા હતા. ત્યાં ત્રીસ-પાંત્રીસ હજારનું નવું મકાન બનાવ્યું લોકોને યાદગીરી માટે કે સોનગઢવાળા આવ્યા હતા.

ત્યાં કહેતા હતા કે 'કુંદકુંદાચાર્ય' અહીંથી ભગવાન પાસે ગયા હતા. ગયા હતા ... ત્યાં ભગવાન પાસે આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને... ત્યાં આસપાસ લાખો તાડી છે અત્યારે, અત્યારે ત્યાં લાખો તાડી છે, એ તાડપત્રમાં લખ્યું. ઈ ગાથા અહીંયાં કહે છે. અરે..! પ્રભુ! સાંભળો! ભગવાન આમ કહે છે. સમજ્યા? '**वोच्छामि समयपाहुडमिणमो**' એમ આવ્યુંને પહેલી ગાથામાં? કહીશ હું સમયપ્રાભૃતને. ભગવાને જેમ કહ્યું તેમ અમે કહીશું. તો કહે છે, ભાઈ! કર્મના ઉદયની અવસ્થા, ભલે આત્માના વિકારી પરિણામ હો પણ વિકારી પરિણામને કર્મ અડતા નથી અને કર્મની પર્યાયને (વિકારી પરિણામ) અડતા નથી. આટલી સ્વતંત્રતામાં ભિન્નતા છે. આવી સ્વતંત્રતાની એમાં ભિન્નતા છે. સમજાય છે કાંઈ?

જીભ દ્વારા આમ હલાવવું... પેલો દ્રવ્યલિંગીનો પ્રશ્ન હતો ને? દ્રવ્યલિંગી નહિ? અરસ, અગંધ. ... આ જડ છે ને. એને આમ હલાવે છે આત્મા? આત્મા હલાવી શકતો જ નથી. એના દ્વારા ચાખે છે એવો આત્મા છે જ નહિ. રસનું જ્ઞાન ઈન્દ્રિય દ્વારા આત્મા કરી શકે (એમ નથી). ઈન્દ્રિયના સ્વાદમાં આત્મા છે? આવી શકે છે? જડની આવી અવસ્થા થવી, ક્ષેત્રાંતર થવું, રૂપાંતર થવું, ક્રિયાંતર થવું તો પોતાના પર્યાયધર્મમાં થાય છે. આત્માને કારણે એ પર્યાય (થાય છે), આમ આમ જીભ ચાલે છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? આરે..! આ ક્યાં હશે? આ ક્યાંની વાત હશે? હજી તો આમાં મૂળ તત્ત્વ ભિન્ન છે એ વાત કરે છે. સમજાય છે કાંઈ? આત્મા રસને ચાખે તો ઈન્દ્રિય દ્વારા ચાખી શકે. શું ઈન્દ્રિયનો સ્વામી આત્મા છે? આ તો જડ છે, માટી છે, ધૂળ છે. ધૂળના પોતાના ગુણ-પર્યાય રાખે છે, સ્પર્શે છે. શું એ રજકણની પર્યાય આત્માને સ્પર્શે છે? આત્મા પોતાના ગુણ-પર્યાયને સ્પર્શ કરે છે. શું આત્મા પોતાની પર્યાયને છોડીને જડની પર્યાયને અડે છે- સ્પર્શ કરે છે? બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? અરે..! કઠણ આ પડે છે ને માણસને. આ થાય છે ને, દેખાય છે. શું છે? શું દેખાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ મૂકે? મૂકે કોણ? શું હાથમાં અધિકાર છે આત્માનો? હાથ આમ ઊંચો કરવો એ આત્માનો અધિકાર છે? પરમાણુમાં અનંત ગુણ છે, એમાં પર્યાય છે. એની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્ષણે ક્ષણે પર્યાય વિનાનું દ્રવ્ય રહે છે? '**पज्जय विज्जुतं दव्वं**'? પંડિતજી! (પર્યાય વિના) રહી શકે? પાઠ છે ને. એ તો સાધારણ ભાષામાં આખો સિદ્ધાંત છે. '**पज्जय विज्जुतं दव्वं, दव्वं विज्जुतं पज्जय**' દ્રવ્ય વિના પર્યાય નહિ, પર્યાય વિના દ્રવ્ય નહિ. બીજી ભાષાએ કહીએ તો કાર્ય વિના દ્રવ્ય નહિ અને કારણ વિના કાર્ય નહિ. દ્રવ્ય વિના કાર્ય નહિ અને કાર્ય વિના કારણ નહિ. આહાહા..! ભગવાન! વસ્તુની સ્થિતિ એવી છે, પ્રભુ! તારે એમ કબુલ કરવું પડશે. દેખાય છે ને અમને. શું દેખાય છે? ઈ તો વાત હમણાં કરી હતી આમાં. આ નહિ પેલું કાઢ્યું હતું? શ્લોક. છે ને? 'શ્રીમદ્' લખ્યું છે, હોં! 'શ્રીમદ્'નો એક પત્ર છે. એ વખતે બહુ ભ્રમણા કરનારા એને મળતા હતા. હિન્દીમાં હશે, હોં! હિન્દીમાં ૨૯૧ પત્ર છે.

'**આ લોકની સ્થિતિ જ એવી છે...**' છે તો ગુજરાતી, એનું હિન્દી કર્યું છે. જગદીશ પંડિત કો'ક થયા ને? એણે આખું હિન્દી કર્યું છે. .... હશે, જૈનની શ્રદ્ધા નહોતી. 'શ્રીમદ્'માંથી એમ કાઢ્યું છે કે એની આવી શ્રદ્ધા છે. અમે તો બધું જોયું છે ને. બધા પુસ્તક. હિન્દી, ગુજરાતી જેટલા આપણા છે (એ બધા). સ્થાનકવાસી, દેરાવાસી બધા જોયા છે. એની શ્રદ્ધા ખોટી હતી. એમ કહેતા હતા, કે 'શ્રીમદ્ રાજચંદ્ર' ઈશ્વર તત્ત્વને માનતા હતા. બિલકૂલ જૂઠ છે. 'આ લોકસ્થિતિ એવી છે એમાં સત્‌ની ભાવના કરવી પરમ કઠણ છે. સમસ્ત રચના અસત્યનો આગ્રહની ભાવના કરાવવાળી છે.' આનાથી આ થાય છે, આનાથી આ થાય છે એમ દેખાય છે. લોકોનો અસત્ય આગ્રહ ઘૂસી જાય છે. સમજાય છે કાંઈ? 'સમસ્ત રચના અસત્યનો આગ્રહની ભાવના કરાવવાવાળી છે. લોકસ્થિતિ આશ્ચર્યકારક છે. જ્ઞાનીને સર્વસંગપરિત્યાગ કરવાનો હેતુ શું હશે?' એ તો પછી પ્રશ્ન કર્યો છે. ... સમજાય છે? ... બીજે ઠેકાણે (આવે છે), દેખત ભૂલી. દેખત ભૂલી આવ્યું ને? 'દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય.' 'શ્રીમદ'ના વાક્યો કેટલી વાર તો ઘણાં (ગૂઢ)... સાત વર્ષે તો જાતિસ્મરણ (થયું હતું). સાત વર્ષની ઉંમરે. સાત વર્ષે જાતિસ્મરણ અને ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. ૧૬ વર્ષની ઉંમરે મોક્ષમાળા બનાવી. મોક્ષમાળા ૧૦૮ પાઠ. માળાના ૧૦૮ મણકા હોય ને? મણકા. એમણે ૧૬ વર્ષે, એક અને છ. ૧૦૮ પાઠ બનાવ્યા. એટલું છે કે કોઈ વૃદ્ધ પણ ન કરી શકે. એટલું અંદર ગૂઢ ભરી દીધું છે. મોક્ષમાળા નામ દીધું છે. એવી એની શક્તિ હતી. એકાવતારી થઈ ગયા.

અહીં કહે છે, 'દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય.' દેખત ભૂલી–આ સંયોગથી આમ થાય છે, સંયોગથી આમ થાય, પેલાથી આમ થાય છે. 'એવો સ્પષ્ટ અનુભવ થાય છે. આમ હોવા છતાં એની સાફ દેખાતી ભૂલના પ્રવાહમાં જીવ વહ્યો જાય છે.' પરથી થતું નથી, પરથી સ્વતંત્ર છે. એવો વસ્તુનો સ્વભાવ છે. પણ દેખતમાં એમ લાગે છે કે એનાથી આ થયું, એનાથી આ થયું. સ્વરૂપચંદજી! આહાહા..! પરકાર્ય તો છોડી છૂટે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૂધી, દૂધી હોય ને? દૂધીને શું કહે છે? દૂધી અને છરી. છરીના પરમાણુ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. એક એક પરમાણુ. શું પરની પર્યાયને સ્પર્શે છે? દેખત ભૂલી, આ કહે છે. દેખત ભૂલી. એ ટૂકડાના રજકણ પોતાના ગુણ-પર્યાયને ધારીને પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. છરીની પર્યાયને કદી સ્પર્શતા જ નથી. આહાહા..!

અહીંયાં ઈ કહે છે, 'દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય.' સંયોગદૃષ્ટિ ટળે તો પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ આપે તો આત્માનો અનુભવ સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ અને સર્વ દુઃખનો ક્ષય ત્રણ કાળમાં થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? પોતામાં પણ સંયોગથી થતું જોવે અને પરમાં પણ એનાથી આ થયું, એનાથી આ થયું, તો એ તો એની દૃષ્ટિ બેની એકતાની થઈ. ભિન્નતાની ન થઈ. બીજાને પણ એમ દેખે કે બહુ સારું કર્યું, બહુ સારું કર્યું. તો એ બેની એકતાની દૃષ્ટિ થઈ. પોતામાં પણ દેખે કે પરથી મારામાં થાય છે અને મારાથી પરમાં થાય છે. એવી દેખતભૂલી ટળ્યા વિના એને આત્માના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કદી થતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- લોકસ્થિતિ ભૂલ કરાવે ...

ઉત્તર :- ભૂલ કરાવે એમ અહીંયાં નથી કહ્યું. લોકસ્થિતિની રચના એવી દેખાય છે કે અજ્ઞાનીને એમ લાગે છે કે અરે..! આનાથી આ થયું, આનાથી આ થયું. મિથ્યાભ્રમમાં એમ દેખાય છે. એની દૃષ્ટિમાં ભૂલ છે. વસ્તુ તો છે એવી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'બંધ અધિકાર'માં કહ્યું ને? પંડિતજી! આકાશના ફૂલને કોઈ તોડી ન શકે. એમ પરદ્રવ્યને જીવન-મરણ, સુખ-દુઃખ કોઈ કરી શકે નહિ. પરમાં પદાર્થ અકિંચિત્કર છે. એવો 'અમૃતચંદ્રાચાર્ય'નો પાઠ છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. અકિંચિત્કર છે. પરના જીવન-મરણ, પરની દયા પાળી શકે છે. શું પરજીવની પર્યાયને આત્મા અડે છે કે પરની પર્યાયની દયા પાળી શકે? ભારે ગજબ વાત, ભાઈ! જૈનદર્શનનો મર્મ સમજવો (બહુ કઠણ). પંડિતજી! ઈ તો કહે છે ને પરની દયા એ ધર્મ છે. બહુ આવે છે ને તમારે. એ... સોનગઢવાળા દયાને ધર્મ નથી માનતા. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! શાંતિથી સમજવું જોઈએ. ભાઈ! એમ વાદવિવાદથી અને બીજાને વિરોધ છે એમ જોઈને ન સમજવું જોઈએ. શું કહે છે, એ શું કહે છે એ શાંતિથી સમજવું જોઈએ. પ્રભુ! તારી પણ પ્રભુ શક્તિ છે. તારામાં પણ પરમાત્મા જ પડ્યા છે. આહાહા..! વસ્તુ જુઓ તો ભગવાન (છે).

ઈ કહ્યું ને? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા...' પ્રભુને વિનંતી કરી છે. હે નાથ!

પ્રભુ તુમ જાણગ રીતે સૌ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.

હે નાથ! પ્રભુ! તમે બીજા આત્માને શુદ્ધ સત્તાવાળા આત્માને તમે કહો છો. પુણ્ય-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાપનો ભાવ તો આપ મેલ તરીકે દેખો છો. અને કર્મ આદિ અજીવ તરીકે આપ દેખો છો. અને આપ મેલ અને કર્મથી રહિત જે શુદ્ધ આત્મા છે એવી શુદ્ધ સત્તાને આપ આત્મા દેખો છો. સમજાય છે કાંઈ?

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.

હે પરમાત્મા! હે જ્ઞાનપ્રભુ! આપ દરેક આત્માને આત્મા તરીકે આપ તો શુદ્ધ તરીકે જ એને દેખો છો. કારણ કે પુણ્ય-પાપના ભાવ તો આપ આસ્રવ તરીકે દેખો છો અને અજીવ કર્મના ભાવને આપ અજીવતત્ત્વ તરીકે દેખો છો. પંડિતજી! આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાને તો આમ કહ્યું છે એમ તું જો. ભગવાને જોયું એમ છે, એમ તું દેખ. બેયનું જ્ઞાન એક થશે તો સમ્યગ્દર્શન થશે. સમજાય છે કાંઈ? દેખતભૂલીની વાત (ચાલે છે). ભૂલ છે મોટી દેખવામાં. આ મને થયું, આને હું કરું છું, શરીર આને અડે છે, કટકા થાય છે એમ કહીએ તો કહે છે કે નિમિત્તને તો માનતા નથી. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! નિમિત્ત ક્યારે કહેવાય? કે એકબીજાને અડે નહિ. અડે તો એક બીજું ઉપાદાન (થઈને) બેય એક થઈ જાય છે. ધર્માસ્તિકાય નિમિત્ત ક્યારે કહેવાય? કે જીવ અને પુદ્ગલ સ્વયં પોતાની ગતિપર્યાયનું પરિણમન પોતાના નિજ પર્યાયના ધર્મમાં રહીને ચુંબીને કરે છે તો ધર્માસ્તિને નિમિત્ત કહેવાય છે. એ પર્યાય આ પર્યાયને અડતી નથી. અડતી નથી એટલે નિમિત્ત કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન! વસ્તુ એવી છે, પ્રભુ! તું ના પાડ કે... ભગવાન કહે છે કે ભાઈ! એ પરજીવ અને પુદ્ગલ બે વસ્તુ છે કે નહિ? તો વર્તમાનમાં એના ગુણ-પર્યાયને સ્પર્શતા પરમાણુ અને જીવ એના ગુણ-પર્યાયને સ્પર્શતો જીવ, એમ છે કે નહિ? તો એની વર્તમાન પર્યાયને તારી પર્યાય કઈ રીતે છોડીને બહાર જાય છે? સમજાય છે કાંઈ?

ભગવાને દયા તો.. એ તો 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું ને? પંડિતજી! રાગની ઉત્પત્તિ ન થવી તે અહિંસા છે. ભગવાન! પરનો ભાવ થાય, પણ ઈ રાગ છે તે હિંસા છે. સમજાય છે કાંઈ? ભાઈ! એ આત્મા નિર્વિકલ્પ સહજાનંદ મૂર્તિ છે. એમાં શુભરાગની ઉત્પત્તિ થવી, પ્રભુ! આત્માની શાંતિની લૂંટે છે. ભાઈ! તારે નક્કી કરવું પડશે. આહાહા..! તો આ કહે, પરની દયા એ ધર્મ, નહિતર જૈન ધર્મ નહિ. અરે..! ભગવાન! જૈન ધર્મ તો અલૌકિક ચીજ છે. જૈન ધર્મ એટલે કે જગતની વસ્તુનું-આત્માનું સ્વરૂપ છે એવું પ્રગટ કર્યું. જૈન ધર્મ એ કોઈ સંપ્રદાય નથી, જૈન ધર્મ કોઈ વાડો નથી. વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું.. એ ૧૫મી ગાથામાં આવ્યું ને?

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેણે ભગવાન આત્માને અબદ્ધ-રાગથી અબદ્ધ અને ગુણથી અભેદ, ગુણના ભેદ પણ નહિ એવા પોતાના આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ, અસંયુક્ત એવા ભગવાન આત્માને જોયો, એવી જે શ્રુતજ્ઞાનની પર્યાયને, ભગવાન કહે છે કે એને અમે જૈનશાસન કહીએ છીએ. જૈનશાસન કંઈ બહારમાં નથી રહેતું. જૈનશાસન દશા છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ જૈનશાસન કહે છે ને? જૈનશાસન-'**पस्सदि जिणसासणं सव्वं**'. ભગવાન આત્મા, પોતાના કર્મથી ભિન્ન, રાગથી ભિન્ન, ગુણ-ગુણીના ભેદથી પણ ભિન્ન. આ જ્ઞાન છે ને આ દર્શન છે, ચારિત્ર છે-એ ભેદ છે. ભેદના લક્ષે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? પોતાનો આત્મા એક સમયમાં અબદ્ધસ્પૃષ્ટ આદિ જોવાથી જે દશા-ભાવ શ્રુતજ્ઞાનની રાગથી રહિત નિર્મળાનંદની પર્યાય પોતામાં ગુણ-પર્યાયને સ્પર્શતી ઉત્પન્ન થઈ તેને ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જૈનશાસન કહે છે. સમજાય છે કાંઈ? અરે..! એક એક વાત માણસને એવી કઠણ પડે ને. ભાઈ! કઠણ નથી, બાપુ! તારા ઘરની વાત છે. તારા ઘરની વાત છે, પ્રભુ! તું એવી શક્તિનો ધરનાર જ છે, તારી શક્તિ જ એવી છે. સમજાય છે કાંઈ?

અહીં તો પરને સ્પર્શતો નથી. એવો પર્યાયમાં ધર્મ નથી (કે પરને સ્પર્શે). હવે ગુણમાં એવો ધર્મ નથી. વિકાર કરે એવો કોઈ ગુણ નથી. આ સુંદરતા બતાવવી છે ને. પરને સ્પર્શે એવો પર્યાયમાં ધર્મ નથી અને પર પોતાને સ્પર્શે એવો પર્યાયમાં ધર્મ નથી. તો કોઈ કોઈને સ્પર્શતા નથી. હવે, આત્મામાં જે વિકાર થાય છે એવો કોઈ ગુણ-ધર્મ નથી. કોઈ ગુણ છે તો વિકાર થાય છે. એમ (હોય તો) ગુણ કાયમ કરે છે તો વિકાર કદી ટળે નહિ. પર્યાયમાં એક સમયમાં પરનું લક્ષ કરીને એક સમયના ધર્મમાં વિકૃતિ ઊભી કરે છે. ગુણમાં નથી. સમજાય છે કાંઈ? ગુણ જો વિકાર કરાવે તો ગુણ તો કાયમ રહે છે. તો વિકાર કાયમ થાય. તો કદી સમ્યગ્દર્શન પણ પામી શકે નહિ અને કદી મુક્તિ થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? સુંદર બતાવવો છે. સમજાય છે કાંઈ?

પહેલા તો હજી એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. ... અડતું નથી તો દુઃખ કેમ થયું? દુઃખના અસ્તિત્વની દશા, દુઃખના અસ્તિત્વની મોજૂદગીની દશા, શું વિંછીના રજકણ અહીંયા અડે છે તેથી થયું છે? નહિ. તો શરીરમાં જ્યાં પરમાણુ... ઝેર ચડે ને? ઝેર, તેથી શું આત્માની પર્યાયમાં દુઃખ થયું? નહિ. કેમકે એ પરમાણુની પર્યાય પણ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શ કરે છે, આત્મા પોતાના ગુણ-પર્યાયને સ્પર્શ કરે છે. આત્મા પરનું લક્ષ કરીને અંદર દ્વેષ ઉત્પન્ન થાય છે તેને દુઃખ કહે છે. જેમાં આનંદ છે એમાં ઊલટી અવસ્થા થાય છે. શું પરમાં આનંદ છે? પરમાં આનંદ હોય તો એના કારણે ઊલટી અવસ્થા થાય. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' પંડિતજી! ઈ આવે છે ને? 'બનારસીદાસ'માં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચેતન રૂપ અનૂપ અમૂરતિ,
સિદ્ધ સમાન સદા પદ મેરો.
મોહ મહાતમ આતમ અંગ,

પર્યાયમાં થોડો કૃત્રિમ કર્યો છે. 'કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ.' 'કિયૌ પરસંગ'.

જ્ઞાનકલા અપજી અબ મહિો,
કહૌં ગુન નાટક આગમકેરૌ.
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ,
વેગિ મિટૈ ભવવાસ બસેરૌ. ૧૧.

સમજાય છે કાંઈ? કહે છે, ભગવાન આત્મા કર્મની પર્યાયને અડતો નથી. શરીરની પર્યાયને અડતો નથી. ઓહોહો..! આ વાત આખી દુનિયાથી (જુદી). સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ દુનિયામાં ક્યાંય નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં બીજાનો સંબંધ કરે, વેદાંતની સાથે કે બીજા કોઈની એની મિંઢવણી થાય નહિ. સમજાય છે કાંઈ?

એક એક આત્મા અનંતગુણ પ્રભુઆત્મા છે, એવા અનંત આત્મા છે. એવા અનંતગુણાથી અનંતગુણા પરમાણુ છે. સમજાય છે કાંઈ? એનાથી અનંતગુણી ત્રિકાળની પર્યાય છે અને એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે. અમયમ પંચાસ્તિકાયમાં છે ને? આકાશ અમયમ છે... અમયમ–જેની મર્યાદા નથી. એટલા પ્રદેશ ... એ બધા એક સમયની પોતાના જ્ઞાનને અડે છે. એ પર્યાયમાં બધું જણાય છે. એવો પર્યાયનો ધર્મ છે. શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં સર્વ દ્રવ્ય અને એના ગુણ ને પર્યાય જાણવાની તાકાત એક સમયની પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? જેણે એક સમયમાં છ દ્રવ્ય ન માન્યા એણે એક સમયની પર્યાયની તાકાતને માની નહિ. સમજાય છે કાંઈ? એક સમયની પર્યાયની તાકાતને માનવા છતાં દ્રવ્યની ત્રિકાળ તાકાત ન માને તો અંદર સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, આ તો મહાસિદ્ધાંત છે. ઓહોહો..! એક રજકણ બીજા રજકણને, રૂપી રૂપીને સ્પર્શતા નથી. પ્રભુ! શું કહો છો આ? પણ એમાં સ્પર્શ ગુણ છે ને. પરમાણુમાં તો સ્પર્શગુણ છે તો બીજાને સ્પર્શ કરે તો એમાં વાંધો શું છે? એ સ્પર્શની વાત અહીંયાં છે જ નહિ. અહીંયાં તો બેય અડતા નથી–સ્પર્શતા નથી. આ સ્પર્શની પર્યાય આ સ્પર્શની પર્યાયને અડતી નથી. પાણીને અગ્નિ અડતી નથી અને પાણી પોતાની પર્યાયના ધર્મથી ઉષ્ણ થાય છે. પાણીના એક એક રજકણ પોતાના ગુણ–પર્યાયના ધર્મને ધારણ કરીને પોતાના ગુણ–પર્યાયને ચુંબે છે. અગ્નિની પર્યાયના રજકણને એ પર્યાય અડતી નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એવી જ વસ્તુસ્થિતિ છે એમાં તારે કરવું છે શું? સ્વીકાર કર કે ન કર.

'આપ્તમિમાંસા'માં આવ્યું છે ને? ભાઈ! 'આપ્તમિમાંસા'માં આવ્યું છે. આત્મા આવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નિત્ય છે ને અનિત્ય છે ને એક છે ને અનેક છે. એમાં તો વિરોધ દેખાય છે. તો કહ્યું, ... વસ્તુ તો આવી છે. એવું 'જયચંદ્રજી પંડિતે' લખ્યું છે. 'આપ્તમિમાંસા'માં લખ્યું છે. પોકાર કર તો કર, વસ્તુ આવી છે. તારા તકોથી કે તારી શ્રદ્ધાથી બદલાઈ નહિ જાય.

ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' એકત્વ નિશ્ચયગતમાંથી આ કાઢે છે. **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे**' એની ટીકા કરે છે. શબ્દોમાં ભાવ ભર્યા છે એને કાઢે છે કે 'કુંદકુંદાચાર્ય' આ કહેવા માગે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ આંગળી આને- લાકડીને અડતી નથી. ... સમજાય છે કાંઈ? એની પર્યાયમાં એ સ્પર્શ કરે છે. એની પર્યાયમાં એ રજકણ સ્પર્શ કરે છે. શું આ રજકણની પર્યાય એને સ્પર્શ કરે છે? .. ભેદ છે એમ બતાવે છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિ વિરોધ આવે છે, એક જણ એમ કહેતો હતો. અગ્નિથી પાણી ઊનું ન થાય એમ કહો તો દૃષ્ટિ વિરોધ વાત છે. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ પોતાની પર્યાયને સ્પર્શ કરે છે. ખુબી તો એ છે કે દરેક પદાર્થ પોતાના ગુણ- પર્યાયને સ્પર્શ કરે છે એનો અર્થ, પૂર્વની પર્યાયને નહિ. વર્તમાન ગુણ અને પર્યાયને ચુંબે છે-સ્પર્શ કરે છે. તો પૂર્વની પર્યાયને કારણે આ છે એમ પણ નથી. અને પરને કારણે આ છે એમ પણ નથી. આહા..! સમજાય છે કાંઈ?

પ્રત્યેક પદાર્થ પોતામાં અંતર્મગ્ન અનંત ધર્મોના સમૂહને ચુંબન કરે છે. વસ્તુ એક છે, ગુણ-ધર્મ અનંત છે એને ચુંબે છે-સ્પર્શ કરે છે. '**તોપણ જેઓ પરસ્પર...**' એક દ્રવ્ય પરસ્પર, એક પદાર્થ પરસ્પર '**એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' લ્યો, આ એનો અર્થ ચાલે છે. આ છે એનો અર્થ ચાલે છે. પોતાની દૃષ્ટિથી અર્થ કરે અને પછી કહે, આનો અર્થ બદલી નાખે છે. ભગવાન! તું પણ તૈયાર છે ને, ભાઈ! એ પણ ભગવાન છે ને, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? તારી અશુદ્ધતા પણ મોટી અને તારી શુદ્ધતા પણ મોટી. પ્રભુ! તું તો મોટો છો ને, મહા મોટો! તારી અશુદ્ધતા પણ તેં મોટી કરી છે, તારી મોટી શુદ્ધતાની તો શું વાત કરવી! 'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'એ કહ્યું છે. 'અનુભવ પ્રકાશ' બનાવ્યું ને? 'દીપચંદજી'! તારી અશુદ્ધતા પણ મોટી, પ્રભુ! અનંત તીર્થંકરો આવે તોપણ તું ન છોડ. અને તારી શુદ્ધતા પણ મોટી. અનંત પ્રતિકૂળ ઉપસર્ગ આવી જાય ... તારી શુદ્ધતાની મોટપ છે. તારા કારણે તારી છે, પરને કારણે તારામાં નથી. અને તારી મોટપ પરને કારણે બિલકુલ નથી. કહો, સમજાણું કાંઈ?

'**પરસ્પર...**' બસ, આ મહા શબ્દ છે. '**પરસ્પર એકબીજાને...**' આ આને, એ આને. પરસ્પર છે ને? 'પરસ્પર એકબીજાને...' આ એને અને એ આને '**સ્પર્શ કરતા નથી,...**' આટલા શબ્દમાં આટલી પરથી ભિન્ન ... એક પંક્તિમાં બધાનો ખુલાસો કરી નાખ્યો. આખા ચૌદ બ્રહ્માંડના અનંત પદાર્થ. અનંત અનંતપણે રહીને, અનંત અનંતપણે રહીને વધઘટ થયા વિના પોતાના ગુણ-પર્યાયના ધર્મને સ્પર્શે છે અને બીજાના ગુણ-પર્યાયને એ સ્પર્શતા નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૌદ બ્રહ્માંડ રહેનારા આટલા પદાર્થ બધાને એક પંક્તિમાં ભિન્ન બતાવી દીધા. સમજાય છે કાંઈ?

હવે બીજો બોલ. એમાં તો દૃષ્ટાંત દેવા હોય એટલા દઈ શકાય. કૂંચી આ. ચાર પૈસે શેર તો મણના અઢી. પંડિતજી! કૂંચી કહે છે ને? તમારે હિન્દીમાં શું કહે છે? .. કહે છે? જેમ ચાર પૈસે શેર તો મણના અઢી. મણના અઢી તો કેટલા? ... બધા આવી ગયા. મણના અઢી, સાડા સત્તર શેરના સાડા સત્તર આના. સાડી સાડત્રીસ શેરના સાડી સાડત્રીસ આના. એ તો ચાવી લાગુ પડી ગઈ. આ તો ચાવી છે. સમજાય છે કાંઈ? બધામાં લગાવવી.

... પડ્યું છે ને? લોઢાની પર્યાય આને અડી જ નથી. આહાહા..! જુઓ! ખાડો પડી ગયો ને? ... સ્વરૂપચંદજી! દેખતભૂલી. કેમકે એનો પણ સ્કંધ છે. એના ગુણ-પર્યાયમાં ક્ષેત્રાંતર, રૂપાંતર પોતાથી થયું છે. આ આમ છે ને? તો આમ થયું. તો ક્ષેત્રાંતર થયું તે પણ એની પર્યાયને કારણે થયું. આ પર્યાયને કારણે નહિ. અડ્યા નથી તો થાય ક્યાંથી? આહાહા..! આ તો ગાંડા કહે. .. એક જણ એમ કહે, સોનગઢવાળાને ઇસ્પિતાલમાં મોકલી દો. પાગલ છે, એમ જણાએ લખ્યું હતું. આવી વાતું કરે છે. સાંભળ તો ખરો, પાગલ તું છો. તને પાગલપણાની ખબર નથી. ઇસ્પિતાલમાં મોકલી દો. કોઈનું કાંઈ કરે નહિ, ક્રમબદ્ધ થાય (એમ કહે છે). બેસાડી દો એક મહિના સુધી ભોજન કર્યા વિના. જુઓ માગે છે કે નહિ? અરે..! ભગવાન! તું શું કહે છો? પ્રભુ! ભાઈ! તને ખબર નથી, પ્રભુ! તારું દ્રવ્ય અને બીજા દ્રવ્ય, એની અવસ્થા વ્યવસ્થિત એના ક્રમે એના કાળે-એના સ્વકાળે એની પર્યાય અને પરને કાળે નહિ અને પરને કારણે નહિ. આવો દરેક પદાર્થની પર્યાયનો આવો જ ધર્મ છે, પ્રભુ! તું માન કે ન માન, માન્યે છૂટકો છે.

આ એક લીટીમાં તો... ઓહોહો..! પરની દયા પાળી શકે એ નીકળી ગયું, પરની હિંસા કરી શકે છે? નીકળી ગયું? તને ભાવ થાય છે. ... અહીં તો સુંદરતા બતાવવી છે. અહીં તો હજી પરથી પૃથક્ બતાવ્યું. પછી જે વિકાર છે.. એ પછી કહે છે ને? વિકાર છે એ તો બંધ કથા વિસંવાદિની છે. ભગવાન અબંધસ્વરૂપ પરની અપેક્ષા વિના રહેવાવાળી ચીજ હોય એમાં બંધ કથા અસત્ય ઉત્પન્ન (થાય છે). 'જયસેનાચાર્યે' વિસંવાદનો અર્થ ઈ કર્યો છે. વિસંવાદ નામ અસત્યાર્થ, એમ અર્થ કર્યો છે. છે ખરી, રાગ-દ્વેષ છે ખરા, પણ સ્વભાવની દૃષ્ટિમાં આ સત્ય નથી માટે અસત્ય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

જેમ ભગવાન આત્મા પોતાનું દ્રવ્ય છે એ પોતાના દ્રવ્યથી છે અને પરદ્રવ્યની અપેક્ષાથી આ દ્રવ્ય અદ્રવ્ય છે. એમ આ દ્રવ્યની અપેક્ષાથી બીજા અનંત દ્રવ્ય અદ્રવ્ય છે. એના દ્રવ્યની અપેક્ષાથી દ્રવ્ય છે, પણ આ દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. આ ક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર, આ સ્વકાળ-પર્યાયના સ્વકાળની અપેક્ષાએ એ અકાળ છે, આ ત્રિકાળ ભાવની અપેક્ષાએ અભાવ છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પોતે છે. પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. તો એનો અર્થ એ થયો ને, પ્રભુ! તારા દ્રવ્યથી તારું દ્રવ્ય છે, પરદ્રવ્યથી અદ્રવ્ય છે. તારી વર્તમાન દશા તારા સ્વકાળથી છે. પરદ્રવ્યની પર્યાય જે એનો સ્વકાળ છે, સ્વકાળ છે, એ સ્વકાળથી તારી પર્યાયનો સ્વકાળ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વકાળ માટે એને નિમિત્ત કીધું. નિમિત્તનો સ્વકાળ જુદો અને આનો સ્વકાળ જુદો. સમજાય છે કાંઈ? આહા..!

'**પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' મહાસિદ્ધાંત ત્રણ કાળ ત્રણ લોકનો. ઓહોહો..! '**एयत्तणिच्छयगदो**' ત્યાંથી શરૂ કર્યું છે. હવે, બીજું ... '**અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે...**' જુઓ! આકાશનું ક્ષેત્ર તો બધાનું એક છે. જ્યાં આત્મા છે ત્યાં અનંત આત્મા છે. જ્યાં આત્મા છે ત્યાં અનંત આત્મા છે. નિગોદ, સૂક્ષ્મ એકેન્દ્રિય. પ્રત્યેકના અસંખ્ય છે અને સૂક્ષ્મ નિગોદના અનંત છે. ભલે એક ક્ષેત્રે હો. અનંત પરમાણુ, સ્કંધ અહીંયા છે, આત્મા છે ત્યાં. ધર્માસ્તિકાયનો અસંખ્યમા ભાગનો ટૂકડો છે. ધર્માસ્તિકાય જે અસંખ્ય પ્રદેશી છે, એના અસંખ્ય ભાગનો એક ટૂકડો અહીંયા (રહે છે). અને અધર્માસ્તિકાયનો એક ટૂકડો અસંખ્ય ભાગનો છે. કાળના અસંખ્ય અણુ અહીંયા છે. જેટલા અસંખ્ય છે એના અસંખ્યમા ભાગે અહીંયાં અસંખ્ય અણુ છે. આખો અસંખ્ય છે એ મોટો છે. પણ અહીંયાં અસંખ્ય છે એ મોટા અસંખ્યમા ભાગના અસંખ્ય છે. અને આકાશના પ્રદેશનો ટૂકડો પણ અસંખ્ય પ્રદેશ અહીંયા છે. એ અનંતમે ભાગે છે. આકાશ અનંત છે. એના અનંતમે ભાગે અસંખ્ય પ્રદેશનો અહીંયાં ટૂકડો છે. તો જ્યાં આત્મા છે ત્યાં બધા છે. હો, તેથી શું?

અત્યંત એક ક્ષેત્રાવગાહ. અત્યંત નિકટ કેમ કહ્યું? કે જ્યાં આત્માના પ્રદેશ છે ત્યાં જ ઈ છે. પણ એકબીજાથી સ્પર્શિત થતાં નથી. સમજાય છે કાંઈ? જુઓ! એક નિગોદનું આટલું શરીર લો. એક રાઈ જટલો ટૂકડો. બટાટા, લીલ-ફૂગ. લીલ-ફૂગ સમજ્યા? કાઈ.. કાઈ. પાણીમાં ફૂગ થાય ને? ફૂગનો એક રાઈ જેટલો ટૂકડો લ્યો તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા, અનંત પુદ્ગલ પરાવર્તનથી સિદ્ધ થતા આવ્યા છે. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ (સિદ્ધ થાય). અનંત પુદ્ગલ પરાવર્તનથી છ માસ અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થતા આવ્યા છે. એ સિદ્ધની સંખ્યા કરતાં એ રાઈના ટૂકડામાં અસંખ્ય શરીરમાં એક શરીરમાં સિદ્ધની સંખ્યા કરતાં અનંતગુણા આત્મા છે. સ્વરૂપચંદજી! આ ભગવાન સિવાય ક્યાંય નથી. બધાએ ગપ માર્યા છે. બધા વાતું કરે આત્માની, અમારામાં આત્મા. અરે..! સાંભળ તો ખરો, આત્મા કોને કહીએ? અમારે નિર્વિકલ્પ આત્માની વાત છે. નિર્વિકલ્પ. અરે..! પણ આત્માનું અસ્તિત્વ કેવડું છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઈ ખબર છે તને? ખબર વિના નિર્વિકલ્પ ક્યાંથી લાવ્યો તું? સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્મા એવા અનંતગુણા આત્મા એમાં છે. એક એક આત્મા એક ક્ષેત્રે રહેવા છતાં નિજ સ્વરૂપથી પતિત થતાં નથી. અને એક એક નિગોદ આત્માની સાથે બે-બે શરીર છે. એક તૈજસ અને એક કાર્માણ. ઔદારિક એક અને તૈજસ ને કાર્માણ શરીર અનંત. એવા અનંત શરીરમાં એક એક રજકણ સાથે રહેવા છતાં, રજકણ એકક્ષેત્રાવગાહ (રહેવા) છતાં પોતાના સ્વરૂપથી પતિત થતા નથી. કર્મ પોતાના સ્વરૂપથી પતિત થતા નથી. નિગોદનો જીવ પણ પોતાના સ્વરૂપથી પતિત થતો નથી. નિગોદનો જીવ પણ કર્મની પર્યાયને સ્પર્શતો નથી. આહાહા..! કેટલાક એમ કહે છે ને, અસંજ્ઞી પ્રાણી હોય ત્યાં સુધી તો કર્મના જોરે ત્યાં રહે છે. પછી ક્ષયોપશમ થયો એટલે.. જૂઠ વાત છે, એમ છે જ નહિ. નિગોદમાં પણ પોતાનું ભાવકલંક પહુરા છે. 'ગોમ્મટસાર' છે ને? પંડિતજી! ભાવકલંક પહુરા. પોતાના પ્રચુર ભાવકલંકને કારણે, પોતાની પર્યાયને કારણે ત્યાં રહ્યા છે. પરદ્રવ્યથી રહ્યા છે એમ વાત છે નહિ. વિશેષ આવશે...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૧૧, શુક્રવાર તા. ૧૨-૦૮-૬૬**
**ગાથા-૩. પ્રવચન-૧૪**

'સમયસાર'. જીવ-અજીવ અધિકાર ચાલે છે. ત્રીજી ગાથા. અહીંયાં આવ્યું છે, જુઓ! બધા પદાર્થ. બધા પદાર્થની વ્યાખ્યા છે ને અહીંયાં? જીવની વ્યાખ્યા તો પછી ચાલશે. આ જગતમાં બધા પદાર્થ, જેટલા જીવ છે, જેટલી સંખ્યાએ પરમાણુ અનંતગુણા છે, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ (છે). એ પોતાના દ્રવ્યમાં પોતાની વસ્તુમાં અંતર્મગ્ન રહેનારા. અંતર્મગ્ન, અભેદ છે ને? ગુણ અને ગુણી અભેદ છે અને અંતરમાં પર્યાય પણ અભેદ છે. પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેવાવાળા '**પોતાના અનંત ધર્મોના...**' પોતાનો અનંત ચેતના ધર્મ. ધર્મ શબ્દે અહીંયાં ગુણ છે પણ ધારી રાખ્યાની અપેક્ષાએ ધર્મ (કહ્યું છે). '**અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...**' આત્મા નિજ-પોતાના અનંત ગુણ અને એની અનંત પર્યાય એકરૂપ એને સ્પર્શે છે. પરદ્રવ્યને કોઈ આત્મા કે કોઈ રજકણ કદી આલિંગન-ચુંબન-સ્પર્શ-અડતા નથી. સમજાય છે કાંઈ? ઈ એક દ્રવ્યથી વાત કરી. દ્રવ્ય.. દ્રવ્ય. પ્રત્યેક દ્રવ્ય પોતાના અનંત ગુણ-પર્યાયને ચુંબે છે. પરદ્રવ્યને ચુંબતા-સ્પર્શતા નથી.

હવે ક્ષેત્રની વાત કરે છે. પાઠમાં છે ને? અત્યંત '**अत्यन्तप्रत्यासत्तावपि**'. '**અત્યંત નિકટ...**' પ્રત્યેક પદાર્થ અત્યંત નજીક છે. જ્યાં આત્મા છે ત્યાં નિગોદ આદિના અનંત આત્મા છે, પ્રત્યેકના અસંખ્ય (આત્મા છે). અહીંયાં નિગોદના અનંત છે. અને એક એક આત્માની સાથે બે-બે શરીર છે, તૈજસ અને કાર્માણ. પણ પ્રત્યેક પદાર્થ એક નજીકના ક્ષેત્રમાં રહેવા છતાં '**अत्यन्तप्रत्यासत्तावपि**'. એ તો ક્ષેત્રને લાગુ પડે માટે એ લીધું છે. ભાઈ! કારણ કે દ્રવ્યનો ખુલાસો તો થઈ ગયો. ભાવનો પછી કહેશે, ભાવનો પછી કહેશે. આ ક્ષેત્રથી વાત ચાલે છે. સમજાય છે કાંઈ? અને '**अत्यन्तप्रत्यासत्तावपि**' તો નજીકપણું ક્ષેત્રનું બતાવે છે. એ કારણે. અત્યંત નિકટ. શાસ્ત્રમાં તો એટલો જ શબ્દ પડ્યો છે. બસ! '**अत्यन्तप्रत्यासत्तावपि**'. એમાંથી કાઢીને. બીજામાં દ્રવ્યને બતાવી દીધું કે પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના ગુણ-પર્યાયને ચુંબે છે. એ દ્રવ્ય લીધું. પછી '**अत्यन्तप्रत्यासत्तावपि**'. પ્રત્યેક પદાર્થ એકક્ષેત્રાવગાહી રહે છે એમ કહે છે. જુઓ!

'**નિકટ એકક્ષેત્રાવગાહ...**' એક ક્ષેત્રમાં અવગાહન વ્યાપકરૂપે હો. ભગવાન આ આત્મા છે ત્યાં અનંત આત્મા છે. અહીંયાં તો કોઈ બીજા અભવિ પણ છે. આત્મા જ્યાં છે ત્યાં બીજા અભવિના આત્મા પણ છે, ભવિના આત્મા પણ છે, પરમાણુ પણ છે, ધર્માસ્તિકાયનો અસંખ્યમા ભાગનો ટૂકડો પણ છે, અધર્માસ્તિકાયના અસંખ્યમા ભાગનો ટૂકડો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, આકાશના અનંતમા ભાગનો ટૂકડો છે, કાળ અસંખ્ય અણુ છે. એક આત્મા, પોતાનો એક આત્મા આકાશના અસંખ્યમા ભાગમાં અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. સમજાય છે કાંઈ? આ આત્મા કહો કે નિગોદનો આત્મા કહો, પ્રત્યેકની વાત છે ને? નિગોદનો આત્મા પણ, એક આત્મા, ભલે એક શરીરમાં અનંત હો, પણ એક આત્મા આકાશના અથવા ધર્માસ્તિકાયના જેટલા લોકના પ્રદેશ છે તેનાથી અસંખ્યમા ભાગમાં અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. સમજાય છે કાંઈ? એક એક આત્મા. નિગોદનો આત્મા પણ અસંખ્ય પ્રદેશી છે. તો આકાશના અસંખ્ય પ્રદેશ રોક્યા વિના કદી રહેતો નથી. સંખ્યાત પ્રદેશ એને નથી હોતા.

એક પ્રદેશમાં અનંત પરમાણુનો સ્કંધ રહે. પણ એક પ્રદેશમાં એક જીવ નથી રહેતો. અસંખ્યાત ભાગમાં અસંખ્ય પ્રદેશ તો હોય જ છે. સમજાય છે કાંઈ? એક આત્મા અસંખ્ય પ્રદેશમાં (રહે છે, ત્યાં) એ અસંખ્ય પ્રદેશમાં બીજા અનંત રહે છે. અને એવા એક પ્રદેશમાં એક જીવના અસંખ્યમા ભાગના પ્રદેશ, બીજાના અસંખ્યાતમા ભાગના પ્રદેશ, અનંતના અસંખ્યાતમા ભાગના પ્રદેશ (રહે છે). એમ એક પ્રદેશમાં અનંત આત્માના અસંખ્ય પ્રદેશ રહી શકે છે. પણ એક આત્મા અસંખ્યાત પ્રદેશ સિવાય સંખ્યાત પ્રદેશમાં ન રહી શકે. સમજાય છે કાંઈ? એક આકાશના પ્રદેશમાં અનંત આત્માના અસંખ્યમા ભાગના અનંત પ્રદેશ રહી શકે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનચંદજી!

આ આંગળી છે ને અહીંયાં? જુઓ! ત્યાં અંદર અનંત જીવ છે. આકાશના પ્રદેશ અસંખ્ય છે. અસંખ્ય પ્રદેશમાં પણ જે એક એક જીવ છે એ અસંખ્ય પ્રદેશ રોકીને પોતાના ક્ષેત્રમાં રહ્યા છે. ઘણાં નિકટ. અહીં નિકટ વર્ણવવું છે ને. એટલા નિકટ. જ્યાં આત્મા એક અસંખ્ય પ્રદેશમાં, પોતાના અસંખ્ય પ્રદેશ છે એ તો લોક જેટલા છે, અહીંયાં જે અસંખ્ય પ્રદેશ રોક્યા છે એ લોકના અસંખ્યમા ભાગના રોક્યા છે. એ અસંખ્ય પ્રદેશમાં અનંત આત્મા છે. એ જ અસંખ્ય પ્રદેશમાં અનંત આત્મા છે, એ જ અસંખ્ય પ્રદેશમાં અનંતા પરમાણુ અનંતનો સ્કંધ છે. અત્યંત નિકટ છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે...'** હો, **'તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી,...'** ઓહોહો..! સમજાય છે કાંઈ? સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં સિદ્ધના આત્માએ પણ આકાશના અસંખ્ય પ્રદેશને રોક્યા છે. એ પોતાના અસંખ્ય પ્રદેશમાં છે. અને સિદ્ધના જ્યાં જ્યાં એક એક પ્રદેશ છે ત્યાં એક પ્રદેશમાં નિગોદના અનંત પ્રદેશ છે. સમજાણું કે નહિ? સિદ્ધનો આત્મા પણ અસંખ્ય પ્રદેશમાં રહે છે. લોક અસંખ્ય પ્રદેશ છે, તેનો અસંખ્યમો ભાગ. કેમકે આત્મા અસંખ્ય પ્રદેશી છે. કેટલો? કે લોક પ્રમાણે. અડધા ભાગમાં રહે તો એક પ્રદેશમાં બે પ્રદેશ આવી જાય છે. ચોથા ભાગમાં રહે તો એક પ્રદેશમાં ચાર આવી જાય.

આ પ્રશ્ન અમારે (સંવત) ૧૯૭૪માં બહુ થયેલો. ૭૪ની સાલ. અમારા સંપ્રદાયના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાધુ બહુ તકરારી હતા. એને ન્યાયથી વાત કરીએ તોપણ બેસે નહિ. એને એ વખતે કહ્યું, ૭૪ની વાત છે. ૨૬+૨૨=૪૮ વર્ષ થયા. એક આકાશના પ્રદેશમાં એક જીવ ન રહી શકે. પણ અનંત જીવના અનંત પ્રદેશ રહી શકે છે. અને એક જીવ લોકના અસંખ્યમા ભાગમાં અહીંયાં રહ્યા છે. છે જીવના અસંખ્ય પ્રદેશ લોક જેટલા, પણ લોકના પ્રદેશ તો.. તો કહે, એમ નહિ, એમ નહિ. અસંખ્ય ભાગ નહિ એમ કહ્યું. ભાઈ! ૭૪ની સાલ. .. યાદ ન હોય. ...બેન બેઠા હતા. તમે બેઠા હતા. મને ખબર છે, બેઠા હતા તમે. ૭૪માં. મેં કીધું, આ તો ગણતરીનો વિષય છે. ભાવથી જુદી વાત છે. આ ગણતરી તો ગોરાને બતાવો, યુરોપિયનને બતાવો તો એ પણ કબુલ કરે.

એક આત્મા લોકાકાશ પ્રદેશ જેવડો છે. એક આત્માએ અત્યારે લોકનો અસંખ્યમો ભાગ રોક્યો છે. નિગોદનું શરીર હો, એ જીવ કે આ જીવ હો, કેવળી સમુદ્‌ઘાત થાય એની વાત નથી, લોકનો અસંખ્યમો ભાગ રોક્યો છે. એક એક પ્રદેશમાં આખો એક આત્મા નથી રહેતો. પણ એક એક પ્રદેશમાં એક જીવના જે પ્રદેશ છે એનો અસંખ્યમો ભાગ એક પ્રદેશમાં રહે છે. અને એવા અસંખ્ય પ્રદેશમાં આખો આત્મા રહે છે અને એમાં અનંત આત્મા રહે છે. તો કહે, એમ નહિ. મેં કીધું, સિદ્ધાંત લો, ન્યાયથી લો.

એક આત્મા લોક પ્રમાણે અસંખ્ય પ્રદેશી છે. કેવળી સમુદ્‌ઘાત કરે તો એક પ્રદેશમાં એક પ્રદેશ આવે. અડધામાં એક પ્રદેશમાં બે પ્રદેશ આવે. આકાશના એક પ્રદેશમાં (જીવના) બે (પ્રદેશ) આવે છે. ચોથો ભાગ કરો તો આકાશના એક પ્રદેશમાં ચાર પ્રદેશ આવે છે. દસમો ભાગ કરો તો એક પ્રદેશમાં દસ આવે. સંખ્યાત ભાગ કરો તો એક પ્રદેશમાં ઘણાં આવે છે. અસંખ્યમો ભાગ કરો તો એક પ્રદેશમાં અસંખ્ય આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આપ ઝીણી ઝીણી વાત કરો છો..

ઉત્તર :- આ ક્યાં ઝીણી (વાત છે)? આ તો સાધારણ (વાત છે). ૭૪માં સાધારણ શીખતા ત્યારે આ વાત હતી. એ કોઈની પાસે હતી નહિ, અમે તો અંદરથી કાઢી હતી. અમારા ગુરુભાઈને એમ લાગ્યું કે આવું કેમ હોય? ભાઈ! આ તો એક ક્ષેત્રની વાત છે. એમાં અનંત ભાવ ભર્યા છે એ જુદી વસ્તુ છે. સમજાય છે કાંઈ? ગણતરીનો વિષય છે આ તો, આ કાંઈ અંતરનો અનુભવનો વિષય નથી, આ તો ગણતરીનો વિષય છે. તો એ ન બેસે એવી ક્યાં વાત છે?

ભગવાન આત્મા અહીંયાં છે. તો છે અસંખ્ય પ્રદેશી લોક પ્રમાણ. પણ લોક પ્રમાણ અત્યારે અહીંયાં અવગાહનમાં નથી. આટલામાં છે. તો લોકના અસંખ્યમા ભાગમાં અહીંયાં છે. એક એક આકાશના પ્રદેશમાં એક એક જીવના અસંખ્ય પ્રદેશ છે. એવા અસંખ્ય પ્રદેશમાં એક આત્મા છે. એમાં અનંત છે. અત્યંત નિકટતા બતાવવી છે. સમજાય છે કાંઈ? કહે છે, **'અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે...'** કર્મનો સ્કંધ, સ્કંધનો સ્કંધ આકાશના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક પ્રદેશમાં તો અનંત સ્કંધ છે. એટલી નિકટતા, એટલી નિકટતા હો. એમાં શું છે? એક આકાશ પ્રદેશમાં અનંત જીવના અસંખ્યમા ભાગમાં અનંત પ્રદેશ અને એક પ્રદેશમાં અનંત સ્કંધ અને એક પ્રદેશ ધર્મસ્તિકાય, એક પ્રદેશ અધર્માસ્તિકાય, એક કાળાણુ આકાશના એક પ્રદેશમાં (રહ્યા છે). એમ અત્યંત નિકટ રહેવા છતાં કોઈ દ્રવ્ય પોતાના ક્ષેત્રથી પતિત થતાં નથી. સમજાય છે કાંઈ?

પહેલાં દ્રવ્યની વાત કરી કે પ્રત્યેક દ્રવ્ય પોતાના અનંત ગુણને ચુંબે છે–સ્પર્શે છે–અડે છે–પરદ્રવ્યને અડતા નથી. (એ) દ્રવ્યની ભિન્નતા બતાવી. અહીંયાં એક ક્ષેત્રમાં અત્યંત નિકટ, અત્યંત નિકટ ક્ષેત્રથી હો તો શું થયું? છે. '**તોપણ...**' પહેલામાં પણ આવ્યું હતું ને? ભાઈ! '**તોપણ...**' એમ આવ્યું હતું ને? સર્વ પદાર્થ '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે–સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.**' તોપણ. એમ અહીંયાં પણ આવ્યું. '**અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ...**' વસ્તુ સિદ્ધ કરવી છે ને. '**જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી,...**' આહાહા..! અરે..! વસ્તુ કેવી છે એમ પહેલાં બતાવે છે. પછી કાળમાં દોષ બતાવશે. સમજાય છે કાંઈ? પ્રત્યેક પદાર્થ પોતાના દ્રવ્યમાં રહે છે, પરને અડતા નથી. પ્રત્યેક પદાર્થ પ્રત્યેક પદાર્થની નિકટ રહે છે છતાં પોતાના ક્ષેત્રથી ચ્યુત નથી થતાં. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે ત્રીજો બોલ. '**પરરૂપે નહિ પરિણમવાને લીધે...**' એની સાથે સંબંધ છે ને. સમજાય છે કાંઈ? જુઓ! '**पररूपेणापरिणमनादविनष्टा**' દેખો! પરરૂપે નહિ થવાથી. કોઈ પદાર્થના કોઈ ગુણ અને પદાર્થ પરરૂપે નહિ થવાથી પોતાની '**અનંત વ્યક્તિતા...**' પોતાની અનંત વ્યક્તિ. વ્યક્તિ એટલે અહીંયાં દ્રવ્ય નથી લેવું. પોતાના અનંત ગુણની જે પ્રગટતા–ભાવ–છે એ ભાવથી નષ્ટ નથી થતાં. જેટલા પદાર્થના ભાવ અનંત સંખ્યામાં છે એમાં એક પણ ભાવ ઓછો થતો નથી. સમજાય છે કાંઈ? પેલામાં ખુલાસો નથી કર્યો, નહિ?

ભગવાન આત્મા કે પરમાણુ, અહીં છએ દ્રવ્ય લેવા છે, પોતે પરરૂપે નહિ થવાથી પોતાની અનંત પ્રગટતા (નાશ પામતી નથી). પ્રત્યેક પદાર્થમાં જે અનંત ગુણ છે, સંખ્યાએ, સંખ્યાએ એ સંખ્યામાં જેટલા ગુણ છે એટલા અનાદિઅનંત રહે છે.

મુમુક્ષુ :- જુદાં જુદાં...

ઉત્તર :- જુદાં જુદાં (રહે છે). દરેક અનંત પ્રગટતા ગુણ ગુણદીઠ ભિન્ન છે. અનંત ગુણ છે. સમજાય છે કાંઈ? જરી સૂક્ષ્મ વાત છે. સીધું નથી નિકળ્યું, પણ નિકળે છે. આઠમા અનંતમાં નીકળે છે ને? લોક અલોકના આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ એક એક દ્રવ્યમાં છે. સમજાય છે કાંઈ? સિદ્ધ કરતાં અનંત ગુણા જીવ એક શરીરમાં છે. એનાથી સિદ્ધ કરતાં અનંતગુણા સંસારી જીવ છે. એનાથી અનંતગુણા પરમાણુ છે, એનાથી અનંતગુણા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્રિકાળ સમય છે. એનાથી અનંતગુણા આકાશ પ્રદેશ છે, એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. એમ આઠમા અનંતમાં આમ નીકળે છે અને શ્વેતાંબરમાં તો સ્પષ્ટ છે. જેટલા આકાશના પ્રદેશ અમાપ-અમેયં છે, તેનાથી એક દ્રવ્યમાં, એક જીવમાં, એક રજકણમાં.. ત્યાં જીવમાં લીધું છે, અનંતા અનંતગુણા છે. આકાશના પ્રદેશ જે સંખ્યામાં છે, અમેયં-અમાપ અમાપ છે ને? ક્યાં અંત છે? ક્યાંય અંત છે? પરિમિત નથી, અપરિમિત છે. પછી પછી ન હોય તો પછી શું? પછીની વાત જ નથી. એવો ક્ષેત્રનો સ્વભાવ છે. નાસ્તિકે પણ કબુલ કરવું પડે. પછી પછી પછી શું? અનંત જોજન. અનંત જોજન અનંતને અનંત વર્ગ કરી અનંત જોજન ચાલ્યા જાઓ. પછી? પછી શું? અંત નથી. છતાં જ્ઞાનમાં આવી જાય છે. જ્ઞાનમાં આવી જાય માટે અંત આવી ગયો એમ નથી. એ મોટી તકરાર કરે છે. હમણાં આવ્યું છે ને? અનંત છે. અનંતને અનંતપણે જાણે છે. જ્ઞાનની પર્યાય અનંતને અનંતરૂપે જાણે છે. શું જ્ઞાનની પર્યાય અનંત જાણે એટલે ત્યાં અંત આવી ગયો? સમજાય છે કાંઈ? એટલા અનંત. અમાપનો એક વિચાર નાસ્તિકપણે કરે તો આ ક્ષેત્રનો સ્વભાવ શું છે?! પછી શું હશે? વાડ? .. ? પિઠીકા? શું છે? ચાલ્યા જાઓ, ચાલ્યા જાઓ. ક્યાંય અંત નથી.

નાસ્તિક કહે, અહીં નહિ, અહીં નહિ. છે.. છે.. છે.. છે.. છે.. છે.. એમ ચાલ્યા જાઓ. જુઓ! અસ્તિ. છે.. છે.. છે.. છે.. છે.. એમ ચાલ્યા જાઓ. ક્યાંય નથી એમ આવશે જ નહિ. એ સાધારણ ખ્યાલમાં ક્ષેત્રના સ્વભાવની અચિંત્યતા અપરિમિતતા પણ ખ્યાલમાં લે કે આવો તો ક્ષેત્રનો સ્વભાવ છે. તો ભગવાન આત્માના જ્ઞાનની એક સમયની પર્યાય બધાને જાણે એમાં વિસ્મયતા, આશ્ચર્ય શું છે? સમજાય છે કાંઈ? પોતાની જ્ઞાનપર્યાય અમેયં છે એમ નક્કી કરે છે કે નહિ? ખ્યાલ કરે છે કે નહિ? કોણે નક્કી કર્યું? એ વખતે છે પણ જ્ઞાનમાં પ્રમેય આવ્યા વિના પ્રમેય આટલું છે એમ નક્કી કોણે કર્યું?

અહીં શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ અમેયં પર્યાય પ્રતીતમાં આવે છે. શ્રુતજ્ઞાનની પર્યાય. ફક્ત પરોક્ષ-પ્રત્યક્ષનો જ ભેદ છે. કેવળીને પ્રત્યક્ષ છે અને (શ્રુતજ્ઞાનમાં) પરોક્ષ છે. બીજો કોઈ ભેદ નથી. સમજાય છે કાંઈ? શ્રુતજ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત અમેયં! એટલું છે. છે.. છે.. એમ આવે  છે. નથી એમ જ્ઞાનમાં આવ્યું જ નહિ. એટલી જ્ઞાનની પર્યાયની તાકાત કે કેટલી છે પર્યાય? છે.. છે.. છે.. છે.. અપરિમિત પર્યાય (છે). એ પર્યાય અપરિમિત છે. આહા..! સમજાય છે કાંઈ? એવી પર્યાયનો પિંડ એવા ગુણ અનંત છે આત્મામાં. એ અનંત ગુણમાંથી એક ગુણ પણ ઓછો થતો નથી.

ભાઈ! પદાર્થનું સ્વરૂપ મહા અચિંત્ય પદાર્થ પરમેશ્વર છે. જડેશ્વર છે, વિભાવ ઈશ્વર છે, સ્વભાવ ઈશ્વર છે. ત્રણ પ્રકારના ઈશ્વર છે. અજીવ પાંચ છે એ જડેશ્વર ભગવાન છે. ભગવાન નામ મહિમાવંત પદાર્થ છે. મહિમાવંત પદાર્થ છે, અચિંત્ય પદાર્થ (છે). બીજું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહીએ છીએ, આ તો હજી જડેશ્વર કહ્યું. પછી પોતાનો શુદ્ધ (ઈશ્વર). પહેલાં જડેશ્વર કહ્યું. પછી જીવમાં સ્વભાવ ઈશ્વર, વિભાવ ઈશ્વર બે બીજા કહીએ છીએ. સમજાય છે કાંઈ?

કહ્યું હતું ને? એક પરમાણુ છે, એક સમયનો પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે એક સમયમાં જાય છે. બીજા સમયે ચૌદ બ્રહ્માંડ કાપે. કારણ કોણ? બતાવો કારણ. પંડિતજી! કારણ કોણ? કારણ કોઈ નહિ. પર્યાયનો સ્વભાવ છે. એક સમય પહેલાં એ રજકણે એક પ્રદેશથી બીજા પ્રદેશે ગતિ કરી. જડ છે, એને કાંઈ ખબર છે? ખબરનું શું કામ છે? એક આ થયું, બીજા સમયે ચૌદ બ્રહ્માંડ ફરી ગયો. કારણ કોણ? કારણ શું, પર્યાયનો એટલો અચિંત્ય સ્વભાવ (છે), એનું માહાત્મય છે. સમજાય છે કાંઈ? પરમાણુની એટલી શક્તિ સ્વતઃ (છે). જડમાં ભાન ક્યાં છે? જ્ઞાનની ક્યાં વાત છે? આહા..! પર્યાયની શક્તિ અગાધ. કોઈથી રોકી જાય નહિ. અને કઈ રીતે? ... કહે છે, એવા અનંત પદાર્થ જેટલા ગુણ રાખે છે તે બધા ગુણમાં કોઈ એક ગુણ ઓછો થાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? એ ભાવ લીધો.

**'પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા...'** ટંકોત્કીર્ણ–જેવા છે તેવા શાશ્વત **'સ્થિત રહે છે...'** સર્વ પદાર્થ. એવા ને એવા પદાર્થ રહે છે, બસ. શાશ્વત. સમજાય છે કાંઈ? ઓ..હો..! અહીંયાં તો જ્ઞાનમાં પ્રમેય કેટલું આવે છે એ પ્રમાણની મહિમા છે. સમજાય છે કાંઈ? વસ્તુ તો વસ્તુમાં છે. અહીંયાં કહેશે.. અહીંયાં સ્વસમય પરસમય સિદ્ધ કરવું છે. વસ્તુ આવી છે.

**'અને સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે...'** અનુગ્રહ શબ્દ છે પાઠમાં. **'विश्वमनुगृह्णन्तो'**. શું કહે છે? બધા પદાર્થ પોતાથી અસ્તિ છે, પરથી નાસ્તિ છે. વિરુદ્ધ છે. પોતાથી અસ્તિ છે, પરથી નાસ્તિ છે. એક બોલ. પહેલેથી લઈએ છીએ. બીજો (બોલ). પર્યાયથી વિરુદ્ધ છે. કેમકે પર્યાય ઉત્પાદ–વ્યય, ઉત્પાદ–વ્યય, ઉત્પાદ–વ્યય બધું વિરુદ્ધ છે. ભાવ અભાવ. ગુણ ભાવરૂપે અવિરુદ્ધ છે. એ પાઠ 'ધવલ'માં છે. ગુણ પર્યાય. પર્યાય વિરુદ્ધ છે. ભાવ અભાવ, ભાવ અભાવ. એક સમયમાં ભાવ અભાવ. ઉત્પાદ ભાવ, વ્યય અભાવ. એ વિરુદ્ધ છે. ગુણ વિરુદ્ધ અપેક્ષાએ અવિરુદ્ધ છે. દરેક પદાર્થ વિરુદ્ધ અવિરુદ્ધથી પણ ટકી રહ્યા છે. સમજાય છે કાંઈ? એમણે 'જયચંદ્ર પંડિતે' જે કહ્યું છે, આમાં નથી આવ્યું, એમણે–'જયચંદ્ર પંડિતે' એમ લખ્યું છે, વિરુદ્ધ કાર્ય નામ વિભાવભાવ. પણ એની અત્યારે અહીંયાં જરૂર નથી. અહીં તો સાધારણ વસ્તુ સિદ્ધ કરવી છે ને. પછી સ્વસમય પરસમય કાળમાં લેશે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે બધા પદાર્થ પોતાના અસ્તિત્વમાં રહે છે. પરથી નાસ્તિ છે. એક બોલ. પર્યાયમાં વિરુદ્ધ છે, ગુણમાં અવિરુદ્ધ છે. બીજો બોલ. ત્રીજો પંડિતજીનો પ્રશ્ન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પહેલાં ત્રણ-ચાર બોલ તો કહેતા હતા કે છ દ્રવ્ય છે તો પરસ્પર વિરુદ્ધ ધર્મ છે. કોઈની ગતિ, કોઈની સ્થિતિ એમ, છતાં અવિરુદ્ધ છે. છતાં.. છતાંને શું કહે છે? વિરુદ્ધ હોનેપર ભી. છે. વિરુદ્ધ અવિરુદ્ધ છે એમ રહે છે. સમજાય છે કાંઈ? વિરુદ્ધ હોય તો નથી એમ થઈ જાય? વિરુદ્ધ કાર્ય અને અવિરુદ્ધ કાર્ય.. પાઠમાં એમ છે કે નહિ? '**समस्तविरुद्धाविरुद्धकार्यहेतुतया**'. દરેક પદાર્થમાં પોતાના વિકારી અથવા પોતાની અસ્તિ અને નાસ્તિ, ગુણ અને પર્યાયથી વિરુદ્ધ અવિરુદ્ધથી દરેક પદાર્થ પોતાથી ટકી રહ્યા છે અને આખી દુનિયાનો-વિશ્વને અનુગ્રહ (કરી રહ્યા છે). (અર્થાત્) વિશ્વ જે રૂપે છે તેમ રહે છે. વિશ્વ જે રૂપે છે તેમ રહે છે. એમાં વધઘટ થતી નથી. પર્યાયથી વિરુદ્ધ, ગુણથી અવિરુદ્ધ. અસ્તિ-નાસ્તિથી અસ્તિ-નાસ્તિ વિરુદ્ધ. બધા દ્રવ્યની પર્યાય બધાથી વિરુદ્ધ છે. ગતિ, સ્થિતિ, અવગાહન બધી. વિરુદ્ધ હોવા છતાં બધા અવિરુદ્ધપણે ટકી રહ્યા છે. એમ આખું વિશ્વ એક સમયમાં આમ ને આમ અસ્તિરૂપે ટકી રહ્યું છે. અસ્તિ રૂપે. એમાં આકાશ પણ આવી ગયું, હોં! બન્નેના (-વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના) '**હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે...**' અનુગ્રહનો અર્થ વિશ્વ જેમ છે તેમ રહે છે. સમજાય છે કાંઈ?

'**આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી...**' હવે કાળની વાત લે છે. ભાઈ! કાળથી પોતાની પર્યાયમાં છે એટલું કહ્યું. પણ અહીંયાં હવે કહે છે કે '**એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે;...**' બસ, આ આવ્યું. એ કાળની વાત આવી. અહીં સ્વસમય પરસમય સિદ્ધ કરવું છે ને. પર્યાયમાં સ્વસમય પરસમય છે. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવમાં નથી. સમજાય છે કાંઈ? દ્રવ્યમાં વિપરીત-અવિપરીત શું? દ્રવ્ય તો છે ઈ છે. ક્ષેત્રમાં શું? ઈ તો છે ઈ છે. ભાવમાં શું? ઈ તો છે ઈ છે. ઈ તો છે એમ સિદ્ધ કરી દીધું. દ્રવ્ય છે ઈ છે. કોઈને અડતું નથી. ક્ષેત્રમાં એક ક્ષેત્રમાં રહેવા છતાં કોઈ ક્ષેત્રથી પતિત થતાં નથી. ભાવમાં અનંત છે તો એક ગુણ પણ પતિત થતો નથી. કેમકે પરરૂપ નથી થતાં તો અનંત ગુણ એમ ને એમ રહે છે. હવે વાત રહી કાળની. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ (થઈ ગયા). હવે રહ્યો કાળ.

કહે છે, '**આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને...**' જીવ નામના પદાર્થને બંધની કથા-આ દ્રવ્યમાં બંધ છે, સંબંધ છે એ વિસંવાદ ઊભો કરે છે, અસત્યાર્થપણું ઊભું કરે છે, એમ કહે છે, હોં! અહીંયાં, અબંધ પદાર્થ છે,.. જુઓ! અહીંથી અબંધ લઈ લીધું છે. ૧૪-૧૫ ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ લેશે. ભગવાન આત્મા, એનું સ્વરૂપ અબદ્ધસ્પૃષ્ટ છે. નિશ્ચયથી પર્યાયમાં બંધ છે એમ કહેવું એ વિસંવાદ થાય છે. પાઠમાં એમ છે ને? '**तेण विसंवादिणी**' '**बंधकहा**' કથાની વાત છે, પાઠ તો કથા છે. પણ ભાવની વાત છે અહીંયાં. સમજાય છે કાંઈ? શબ્દને ન વળગવું જોઈએ. અહીં કહે છે, '**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि**'. બંધકથાનો અર્થ? એ તો વાચક લીધું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પણ બંધ વાચ્યથી વિસંવાદ થાય છે, એમ કહેવું છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, ભાવમાં બિરાજમાન છે. તો એની વર્તમાન દશા કર્મના સંબંધમાં રોકાય તે વિસંવાદ છે. વિસંવાદ ઉત્પન્ન થાય છે. વિભાવ ઉત્પન્ન થાય છે, વિકાર ઉત્પન્ન થાય છે તે દુઃખ છે, વિસંવાદ છે, અસત્ય છે. અસત્ય કઈ અપેક્ષાએ? છે તો ખરો. ટીકામાં-'જયસેનાચાર્ય'ની ટીકામાં અસત્ય લીધું છે. લોકો શબ્દથી ભડકે છે. એ.. અસત્ય કહ્યું. અસત્ય પણ કઈ અપેક્ષાએ? સાંભળ તો ખરો. વસ્તુ નથી? વેદાંત કહે છે એમ છે? કોઈ દુઃખ જ નથી, વિકલ્પ નથી એમ છે? વિસંવાદ છે. '**विसंवादिणी कोर्थः विसवादिनी कथा। प्राकृतलक्षणबलात् पुल्लिंगे स्त्रीलंगिनिर्देशः। विसंवादिनी असत्या होदि भवति।**' અસત્ય થાય છે. અસત્યનો અર્થ જે સત્ સ્વરૂપ નિર્મળાનંદ દ્રવ્ય-ગુણ છે એનાથી વિરુદ્ધ પર્યાય થાય (તે અસત્ય છે). નિર્મળ પર્યાય થાય તો સત્યરૂપ છે. કેમકે દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તો એના આશ્રયે ઉત્પન્ન થનારી સ્વસમય પરિણતિ (અર્થાત્) શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવું સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્ય છું એવું સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપ રમણતા એ અવિસંવાદિણી ભાવ છે, અવિસંવાદ ભાવ છે. છે સ્વકાળની વાત. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવમાં શું છે? એ તો ત્રિકાળીની વાત થઈ. હવે રહ્યો વર્તમાન સમય.

આવા ભવગાન આત્મામાં એનું લક્ષ જે બંધ ઉપર જાય છે અને ભાવબંધ જે ઉત્પન્ન થાય છે તે અસત્યાર્થ ભાવ છે-વિસંવાદ-ઝઘડો-દુઃખ-ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? અસત્યાર્થનો અર્થ-પોતામાં આનંદ છે, આત્મા આનંદ છે અને પરમાં આનંદની માન્યતા થઈ ગઈ. પુણ્યમાં, પાપમાં ક્યાંય સુખની બુદ્ધિ થઈ ગઈ એ બુદ્ધિ અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? વિસંવાદ ઊભો કરે છે. ભગવાન આત્મામાં આનંદ છે. જ્યાં પુણ્ય પરિણામમાં આનંદ માન્યો, પાપમાં માન્યો અથવા વ્યવહાર વિકલ્પથી મને લાભ થશે તો વ્યવહારનો પ્રેમ રહી ગયો તો એમાં સુખબુદ્ધિ થઈ ગઈ. સમજાય છે કાંઈ? એને અવિસંવાદ કેમ નથી થતો? કેમેક વિસંવાદમાં એને પ્રીતિ લાગી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. આ અનંત ધર્મ કહ્યું ને? અનંત ધર્મમાં આનંદ પણ એનો ત્રિકાળ ધર્મ છે. એ વ્યક્તિ-પ્રગટતાનો, આનંદનો કોઈ દિ' નાશ નથી થતો. વસ્તુ છે, ગુણ છે. એ ગુણની વર્તમાન પરિણતિમાં આનંદ આવવો જોઈએ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકારી પર્યાય દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં આનંદ ગુણ છે તો આનંદ આવવો જોઈએ. એ સ્વ પરિણતિ અવિસંવાદ છે. સ્વસમયની પરિણતિ અવિસંવાદ નામ સત્ય છે. એમ નહિ થઈને કર્મના બંધના લક્ષમાં જઈને જે વિકાર, મિથ્યા ભ્રાંતિ (થાય છે) કે એમાં ઠીક છે, ઠીક છે, રાગ થયો ઠીક છે, પુણ્ય થયું ઠીક છે, વિકલ્પ થયો ઠીક છે, બીજાને પણ પુણ્યના પરિણામ વ્યવહાર છે તો એ ધર્મ કરે છે એ ઠીક છે (એ વિસંવાદ છે). સમજાય છે કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'સમયસાર' એટલે ચૌદ બ્રહ્માંડનું આ ભરતક્ષેત્રનું જગતચક્ષુ! અદ્વૈત ચક્ષુ એમ છેલ્લે લીધું છે. આ સમયસાર, આવી ટીકા આખા ભરતક્ષેત્રમાં નથી. વસ્તુના સ્વરૂપનું આવું વર્ણન, વાચ્ય છે એવું વાચક છે. કહે છે કે ભગવાન! તું તો આત્મા છો ને, પ્રભુ! તારા અનંત ગુણ તારામાંથી ક્યારેય ઓછા નથી થયા. આનંદગુણ પણ તારામાં ઓછો નથી થયો. શાંતિ ગુણ, શાંતિ એટલે ચારિત્ર ગુણ ત્રિકાળ, હોં! એ પણ ઓછો નથી થયો. છે એવો ને એવો પડ્યો છે. શાંત, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા. પરમેશ્વરતા એક ગુણ આત્મામાં છે. પ્રભુતાનો નામનો (ગુણ છે). એ પણ એમ ને એમ પડ્યો છે. પ્રભુતાના આશ્રયે પરના આશ્રય વિના નિજ આશ્રયથી સમ્યગ્જ્ઞાન, દર્શન પરિણતિ થવી જોઈએ. એ તો અવિસંવાદિણી છે. કેમકે જેવા દ્રવ્ય-ગુણ છે એવી પર્યાય શુદ્ધ થઈને અભેદ થઈ. એ તો અવિસંવાદ થયો-સત્યાર્થ-થયો. પરંતુ એમ નહિ થઈને કર્મના સંબંધમાં લક્ષ જવાથી, પોતાને કારણે બંધ ઉપર લક્ષ જવાથી વિસંવાદ ઉત્પન્ન થયો, ભ્રાંતિ ઉત્પન્ન થઈ કે હું આવડો છું, હું છું, એમાં છું, આ હું. સમજાય છે કાંઈ? એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ (છું) એમ પ્રતીતિમાં ન આવ્યું તો પ્રતીત ત્યાં ગઈ. સમજાય છે કાંઈ? હું નિમિત્તમાં છું, હું રાગમાં છું, હું પુણ્ય-પાપના પરિણામમાં છું અને હું એમાં છું. વાસ્તવિક સ્વભાવ એમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ત્રીજી ગાથાથી સર્વ દ્રવ્યની શરૂ કરે છે, એમાં આ જીવ લીધો છે. ભાઈ! બીજા ચાર દ્રવ્ય તો અનાદિથી સ્વાભાવિક પરિણમનવાળા છે જ. ધર્માસ્તિ, અધર્માસ્તિક, આકાશ અને કાળ એ તો અનાદિઅનંત દ્રવ્ય પારિણામિકભાવે (છે), ગુણ પણ પારિણામિકભાવે (છે), પર્યાય પણ પારિણામિકભાવે છે. એ ચારમાં કંઈ ઉદય-બુદય કાંઈ છે નહિ. અનાદિઅનંત પારિણામિકભાવ સીધો ચાલ્યો જાય છે. એક જીવ અને પુદ્ગલ બેમાં વાંધા છે. જીવ પરનું લક્ષ કરવાથી પુણ્ય-પાપ ને ભ્રાંતિ ઉત્પન્ન થાય છે એ વિસંવાદ છે. એનું નિમિત્ત પામીને રજકણ વિભાવરૂપ થઈને કર્મરૂપે પરિણમે છે. પણ એને દુઃખ નથી. પરમાણુઓને સ્કંધ રૂપે હો કે વિભાવ રૂપે હો એને દુઃખ નથી. અહીંયાં દુઃખ છે. સમજાય છે કાંઈ?

'જયચંદ્ર પંડિતે' શરૂઆતમાં લખ્યું છે. ગાથાઓની અનુક્રમણિકા કરી છે ને? અનુક્રમણિકા. વિષય અનુક્રમણિકામાં છે. જુઓ! અહીંયાં છે. '**પરસમયપણું છે તે સુંદર નથી, કારણ કે એમાં જીવ સંસારમાં ભમતાં અનેક પ્રકારનાં દુઃખ પામે છે;....**' અહીંયા છે, જુઓ! '**ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ ચાર દ્રવ્ય તો સ્વભાવપરિણતિરૂપ જ છે. અને જીવ, પુદ્ગલ દ્રવ્યના અનાદિકાળના સંયોગથી વિભાવ પરિણતિ પણ છે.**' બે વાત લીધી છે. પહેલા અનુક્રમણિકામાં લીધું છે. પહેલા શરૂઆતમાં. બસ, ઈ. ચાર દ્રવ્ય તો સ્વભાવપરિણતિરૂપ જ છે. એમાં તો કંઈ દુઃખ પણ નથી, વિભાવ નથી અને હિનાધિક કંઈ નથી. જીવ, પુદ્ગલ બેમાં વિભાવ પરિણતિ છે. વિભાવ પુદ્ગલમાં છે તો એને દુઃખ નથી. ચાહે સ્કંધરૂપે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણમો, ચારે એક પરમાણુપણે હો, વિભાવરૂપે પરિણમો, ચાહે સ્વભાવરૂપ (પરિણમો). સ્કંધમાં પણ એનું વિભાવરૂપ પરિણમન છે. ભિન્ન, હોં! સ્કંધથી ભિન્ન. સ્કંધમાં પણ પરમાણુનું ભિન્ન વિભાવરૂપ પરિણમન છે. પણ દુઃખ નથી. એને દુઃખ ક્યાં છે? જડને શું દુઃખ છે? આત્મામાં વિસંવાદ દુઃખ છે.

ભગવાન આત્મા પોતામાં આનંદની બુદ્ધિ છોડીને જે સ્વસમયનો આશ્રય ચૈતન્ય છે તેનો આશ્રય છોડીને, આનંદબુદ્ધિ ક્યાંય પણ રહી જશે-રાગમાં, પુણ્યમાં, વિકલ્પમાં, ભેદમાં, નિમિત્તમાં.. સમજાય છે કાંઈ? જ્યાં સુખબુદ્ધિ છે ત્યાં પોતાનું સ્થાન પામે છે, એ હું છું એમ માન્યું છે. સમજાય છે કાંઈ? આ ઈન્દ્રિયોમાં સુખ છે, ભોગમાં સુખ છે, લક્ષ્મીમાં સુખ છે. મૂઢ બુદ્ધિ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? અને પાપભાવમાં સુખ છે, પુણ્યભાવમાં સુખ છે, આ અજ્ઞાનીના એકલા વ્યવહાર રત્નત્રય, મંદ રાગનો, હોં! એ પણ મને ઠીક છે એ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. વ્યવહારાભાસ, હોં! નિશ્ચય વિના તો વ્યવહાર હોતો નથી. પણ આત્માનો જ્યાં અનુભવ, સમ્યગ્દર્શન નથી ત્યાં કષાયની મંદતાનો, પંચ મહાવ્રત આદિ, શાસ્ત્રનો અગિયાર અંગ, નવ પૂર્વનો બોધ-ક્ષયોપશમ અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, પરલક્ષી શ્રદ્ધા એ બધું દુઃખરૂપ છે, રાગ છે. તેનાથી પોતાને લાભ માને છે તો રાગમાં આત્મા માન્યો. આહાહા..! ભગવાન આત્મા એક જીવમાં વિસંવાદ ઊભો થયો છે, કહે છે. એમાં ભાઈએ ભલે બે લખ્યું, જીવ અને પુદ્‌ગલ. પણ વાત આ એક જીવની (છે), બાપુ!

આનંદસ્વરૂપ છો ને, પ્રભુ! તારા સ્વરૂપમાં તો અતીન્દ્રિય આનંદ કેટલો? કેટલો? કે અનંત ચતુષ્ટયમાં એક આનંદ પૂર્ણ પ્રગટ થયો એવી અનંત આનંદની પર્યાય એક આનંદગુણમાં પડી છે. સમજાય છે કાંઈ? અને આનંદની ઊંધી અવસ્થા જે થઈ-વિકલ્પ, તે પણ એમાં સમાઈ ગઈ છે. કેમકે ત્રણ કાળની પર્યાયના પિંડને ગુણ કહે છે. સમજાય છે કાંઈ? અને ત્રણ કાળની પર્યાયનો પિંડ ગુણ અને અનંત ગુણનો પિંડ એ દ્રવ્ય. એવો ભગવાન આત્મા પોતાના અનંત ગુણમાં આનંદ છે, પરમેશ્વરતા છે, પ્રભુતા છે તે તરફનું લક્ષ, રુચિ, આશ્રય ન કર્યો. પરનો આશ્રય કરીને તેમાં સુખબુદ્ધિ-હિતબુદ્ધિ-ઠીકબુદ્ધિ-..બુદ્ધિ માની એ વિસંવાદ ઉત્પન્ન કર્યો છે. ભગવાન કહે છે, અરે..! તારી પર્યાયમાં વિસંવાદ ઊભો થયો. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવમાં તો કોઈ વિપરીતતા છે નહિ. પંડિતજી! દ્રવ્ય, ક્ષેત્ર, ભાવમાં તો ક્યાં છે? એ તો છે જ. કાળ લીધો. સમજાય છે કાંઈ? ચૌદમી ગાથામાં જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઉતાર્યા. ચૌદમીમાં. એ જીવના ચાર બોલ લીધા. અહીંયાં સર્વ પદાર્થના ચાર બોલ શરૂઆતમાં લીધા છે. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન! તારા એકમાં આ વિસંવાદ ઊભો થયો છે. જીવ નામક સમયને-પદાર્થને બંધની કથા શબ્દ ન લેવો, બંધનો ભાવ, કથા તો શબ્દ પડ્યો છે પાઠમાં, એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો.. શું કહેવાય? શું કહેવાય આ? પદ્ય.. પદ્ય. આ પદ્ય છે ને? તો પદ્યમાં મેળ કરવા માટે કથા (શબ્દ) લીધો છે. મૂળ તો બંધભાવ (છે). કથા શું? કથા તો વાર્તા છે, એમાં શું નુકશાન કરે છે? સમજાય છે કાંઈ? બંધકથા, બંધકથાનો અર્થ બંધભાવ. એકમાં બંધનો ભાવ. એકત્વ તન્મયમાં બંધભાવ વિસંવાદદાયક થાય છે. દ્વૈત થાય છે, પ્રભુ! તારી શાંતિ એમાં લુંટાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણની નિધિ-નિધાન. એના પરિણમનમાં જેવા શુદ્ધ ગુણ છે એમ એના અંશમાં સ્વસમયનું પરિણમન-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વઆશ્રય કરીને થવા તે તો સત્યાર્થ છે, અવિસંવાદ છે, એ સુખરૂપ છે, એ આનંદરૂપ છે. એમાં તો કાંઈ ખરાબ વિખવાદ નથી. પણ ભગવાન પોતાના આત્માના ગુણનો-સ્વભાવનો આશ્રય છોડીને અજ્ઞાની અનાદિનો (તેનો આશ્રય કરે છે). જેમાં એ કર્મ વસ્તુ નથી, છે નહિ એવા અસ્તિત્વમાં લક્ષ કરીને પોતાના સ્વભાવમાં વિકાર નથી, એવા નિમિત્તનું લક્ષ કરીને વિકાર ઉત્પન્ન કરે છે અને વિકારમાં ઠીકબુદ્ધિ કરે છે એ મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ વિસંવાદ ઊભો થયો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અનંત વાર.. આવ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત તો કેવા? અઠ્યાવીસ મૂળગુણ કેવા? આગમની વ્યવહારની રીતમાં એક દોષ ન નીકળે. એવા. શરીરના ખંડ ખંડ કરે તોય ક્રોધ ન કરે. બીજા દેવની ઈન્દ્રાણી ચળાવવા આવે (તો ચળે નહિ). એને ઈન્દ્રાણીયોગ કહેવામાં આવે છે, ચૌદ બ્રહ્માંડમાં. બીજા દેવની સ્ત્રી ચળાવવા આવે તો ચળે નહિ. એ બધું રાગની મંદતાનું લક્ષણ છે. સ્વભાવની દૃષ્ટિ નથી. શુક્લલેશ્યા છે. શુક્લલેશ્યા તો અભવિને પણ હોય છે. શુક્લલેશ્યા. શુક્લધ્યાન બીજું, હોં! શુક્લલેશ્યા જુદી. શુક્લલેશ્યા થાય છે. કષાય મંદ એટલો, પરલક્ષી ભાવમાં રાગ મંદ કરીને નવમી ગ્રૈવેયક ગયો. ભગવાન એને અહીંયાં કહે છે કે વિસંવાદ તેં ઊભો કર્યો છે. ભગવાન આનંદમૂર્તિની રુચિ અને આશ્રય તેં લીધા જ નહિ. સમજાય છે કાંઈ? અને આત્માના આનંદનો આશ્રય લે અને પર્યાયમાં આનંદ (આવે) આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. ત્યાં લીધું, જુઓ! આત્મજ્ઞાનમાં આનંદ છે. આ રાડ પાડે છે ને અત્યારે? સમ્યગ્દર્શનમાં (આનંદ) નહિ, અનુભવ નથી. સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધામાત્ર છે. એમ છે જ નહિ. સાંભળ તો ખરો. શ્રદ્ધાનું નામ જ અનુભૂતિ છે અને અનુભૂતિમાં આનંદ આવે છે. સમજાય છે કાંઈ? એવો આનંદ તો સ્વસમયની પરિણતિ છે એમ કહે છે. આ (વિકાર) વિસંવાદ છે. નિમિત્તના લક્ષે વર્તમાન અવસ્થા જેની છે એ તરફ ઝુકાવ નહિ કરીને, જે અવસ્થા છે તે અવસ્થા અહીંયાં રાગ-દ્વેષ, નિમિત્તનું લક્ષ કરે છે. સમજાય છે કાંઈ?

એ બંધના ભાવથી '**વિસંવાદની આપત્તિ આવે છે;...**' લ્યો, પંડિત લોકો આપત્તિ આવે છે એમ કહે છે. અમારી આપત્તિ સમજ્યા? વિસંવાદની આપત્તિ આવે છે. પેલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પંડિત આવ્યા હતા ને? ઈ આપત્તિ કહેતા હતા. શું નામ? હીરાલાલ? પ્રોફેસર આવ્યા હતા, બે દિવસ રહ્યા હતા. લાકડી કઈ રીતે થઈ? આ નાની લાકડી પડી છે ને? ...થી થઈ. શું છે? સુથાર સુથાર કહે છે ને? બઢાઈ વિના થઈ? કીધું, હા, એના વિના થઈ. શું એની પર્યાયને સુથાર સ્પર્શે છે તો એનાથી થઈ? તો પહેલાં કેમ ન થઈ? મારી આપત્તિ તો આપ સમજો છો, એમ બોલ્યા. આપત્તિનો શું અર્થ? પ્રત્યક્ષ દેખાય છે ને. પ્રત્યક્ષ કોને કહે? જડને પ્રત્યક્ષ થાય છે કે જ્ઞાનને પ્રત્યક્ષ થાય છે? પ્રત્યક્ષ કોને લાગુ પડે છે? જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે કે જડમાં પ્રત્યક્ષ થાય છે? જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. પ્રત્યક્ષ જ્ઞાન સમ્યક્ થાય છે તો જાણે છે કે એ પર્યાય એનાથી થઈ, (સુથાર) એમાં નિમિત્ત હતો એટલું. પણ પર્યાય એનાથી થઈ એમ જ્ઞાન પ્રત્યક્ષ જાણે છે. તમે કહો છો કે આનાથી થઈ એવો પ્રત્યક્ષ ક્યાંથી લાવ્યા? બે પંડિત આવ્યા હતા. ઉપાધ્યાય નથી? એન. કે. ઉપાધ્યાય. એન. કે. ઉપાધ્યાય ને? આદિનાથ સુહાઈ. પછી અમે ગયા હતા, ત્યાં મળ્યા હતા. બિચારા સાથે ને સાથે હતા. ત્યાં ૨૦ની સાલમાં ગયા હતા.

ભાઈ! પ્રભુ! અહીં તો પ્રત્યેક પદાર્થની પર્યાયનું પરિણમન પોતાથી છે એમ તો પહેલાં દ્રવ્યને સિદ્ધ કર્યું. સમજાય છે કાંઈ? અને તેમ કહેશો કે આ સ્થુળ પદાર્થ આમ નથી થતા, આમ નથી થતા? મેં તો કહ્યું, સ્થુળ પદાર્થની સંખ્યા કરતાં સૂક્ષ્મ પદાર્થ પરમાણુ પુદ્‌ગલ અસંખ્યગુણા છે. તો અસંખ્યગુણામાં ... થાય છે તેને કારણે. એમાં લાવો નિમિત્ત કોણ છે? આ તો સ્થુળ છે. અસંખ્યમે ભાગે સ્થુળ છે. જેટલું દેખાય છે, સૂક્ષ્મ પુદ્‌ગલથી સ્થુળ તો અસંખ્યમે ભાગે છે. પંડિતજી! સૂક્ષ્મ બહુ છે. બે પરમાણુથી અનંત સૂક્ષ્મ પરમાણુ ઘણાં છે. એમાં અનંત પરમાણુ એકઠા થાય છે, છૂટા પડે છે, એકઠા થાય છે, છૂટા પડે છે. છૂટા પડે છે, એકઠા થાય છે. કોણ કરે છે? કોનાથી થાય છે? ભગવાન! આ સ્થુળ જ્યાં આવ્યું ત્યાં તમારી દૃષ્ટિ સંયોગ ઉપર ગઈ. સ્વભાવ ઉપર ગઈ નહિ. પણ અમને આપત્તિ થાય છે કે કેમ થયું? જે ચાલ્યું ગયું પણ કેમ ટક્યું? કુતર્ક કરશો કે કેમ ટક્યું? ... કેમ ટક્યું છે? પહેલા એણે કર્યું હતું. પહેલા એણે કર્યું હતું તો અત્યારે પર્યાય છે કે નહિ? નવી નવી થાય છે કે નહિ? તો કેમ ટકી રહ્યું છે? પોતાને કારણે. સમજાય છે કાંઈ? ભારે કઠણ જગતને. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્મા.. જુઓ! અહીંયાં કર્મનો દોષ નથી કાઢતા. બંધભાવમાં રોકાય છે તે પરસમય છે, એમ કહ્યું છે. ભગવાન આત્મા અનંત અનંત શાંતરસનો કંદ પ્રભુ છે. તેમાં આ વિસંવાદ અનાદિનો ઊભો થયો છે. કેમ? બંધભાવ. ભગવાન આત્મા પરથી ભિન્ન અબંધસ્વરૂપ છે. દ્રવ્ય અબંધસ્વરૂપ, ગુણ અબંધસ્વરૂપ. તો પર્યાયમાં પણ અબંધપર્યાય ઉત્પન્ન થવી જોઈએ. અબંધપર્યાય કહો કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહો. અબંધપર્યાય કહો કે સ્વસમયનું પરિણમન કહો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એની દૃષ્ટિ નહિ કરવાથી, છે આવો મહા પદાર્થ છે, એવી મહાસત્તા અનંત ગુણનો પિંડ પ્રભુ, એની સત્તાનો અંતર્મુખ થઈને સ્વીકાર ન કર્યો એ વિસંવાદ પરના આશ્રયે બંધભાવ ઉત્પન્ન કર્યો. બીજામાં એવું નથી-ચાર (દ્રવ્યમાં એવું) નથી. ધર્માસ્તિ આદિમાં. તારામાં આ ઘૂસી ગયું. અસત્ય ભાવ છે. અસત્યનો અર્થ તારા સ્વરૂપમાં આનંદ છે, તેનાથી વિપરીત દુઃખરૂપ દશા એ અસત્ય છે. એ ટકવાવાળી નથી. કાયમ ટકનારો તો આનંદ છે અને એની સાથે પર્યાય પ્રગટ થાય તો અભેદ થાય છે, તે પણ ટકવાવાળી છે. તો કહે છે, બંધભાવ વિસંવાદની આપત્તિ આવે છે. કેમ? બંધકથાનું મૂળ-બંધભાવનું મૂળ 'પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું...' (તે છે). ભાઈ! એમ લીધું. પુદ્ગલકર્મનો ઉદય આને સ્થિત કરાવે છે એમ નહિ. તેથી બીજી ગાથામાં લીધું ને? **'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण। पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाणपरसमयं।।'**. આત્મા જ પોતાના ઊલટા પુરુષાર્થથી કર્મના નિમિત્તમાં સ્થિત થાય છે. કોઈ એને કર્મનો ઉદય રોકે છે, બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓને!

'**પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત...**' કર્મના પ્રદેશ તો જડ અજીવ છે. પણ એમાં લક્ષ ગયું ને? અહીં દ્રવ્યમાં સ્થિત નથી તો પુદ્‌ગલકર્મમાં એની દૃષ્ટિ સ્થિત થઈ. '**જેનું મૂળ છે...**' બંધભાવનું મૂળ પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું '**તે જેનું મૂળ છે એવું પરસમયપણું,...**' ઈ પરસમય થયો. ભગવાન આત્મા પોતાનો શુદ્ધ સ્વભાવ, તેનો આશ્રય પોતાનું પૂર્ણ અસ્તિત્વ, તેના પૂર્ણ અસ્તિત્વ તરફનો આશ્રય છોડીને પરના આશ્રયમાં સ્થિત થયો તો વિસંવાદ ઉત્પન્ન થયો, પરસમય ઉત્પન્ન થયો, પરસમય ઉત્પન્ન થયો. થયો તો એની પર્યાયમાં પણ સ્વસમય, જે સમયમાં, સમય નામ દ્રવ્ય-ગુણમાં નથી, વિકાર નથી. દ્રવ્ય-ગુણમાં વિકાર છે જ નહિ, દ્રવ્યમાં વિકાર નથી, ગુણમાં વિકાર નથી, કોઈ ગુણમાં નથી એવું પર્યાયમાં ઉત્પન્ન કર્યું તો એનું નામ પરસમય કહેવાય છે. છે તો એની પર્યાય. સમજાય છે કાંઈ? આહાહા..! તત્ત્વજ્ઞાન એવી વાત છે કે ભૂલ પણ ઈ પોતે કરે છે અને ભૂલ પણ ઈ પોતે ટાળે છે. કોઈની સાથે કંઈ સંબંધ નથી.

(પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું) 'તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું...' પાઠમાં તો એટલું જ છે, ભાઈ! '**जीवाह्वयस्य**' એટલે શું? જીવ નામનો. '**समयस्य बन्धकथाया एव विसंवादापत्तिः। कुतस्तन्मूलपुद्गकर्मप्रदेशस्थिततत्वमूलपरसमयत्वोत्पादितमेतस्य द्वैविध्यम्।**' બસ, આટલો પાઠ છે. આમ પરમાં ગયો માટે દ્વિવિધપણું ઉત્પન્ન થયું. સમજાય છે કાંઈ? પછી અહીં ખુલાસો એમ કર્યો કે દ્વિવિધપણું જીવને આવે છે. '**(પરસમય-સ્વસમયરૂપ) દ્વિવિધપણું તેને...**' આવે છે. એમ ખુલાસો કર્યો. પાઠ તો આટલો છે. ભગવાન આત્મા પોતાના અબંધ સ્વભાવ ઉપરનો આશ્રય છોડીને અનાદિથી બંધભાવમાં રોકાયો, બંધભાવમાં રોકાયો એ પરસમય થયો, એ પરસમય થયો. પરસમય થયો તો દ્વિવિધતા થઈ ગઈ. એકરૂપમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરસમયપણું દ્વિવિધપણું થઈ ગયું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનો સચ્ચિદાનંદ પ્રભુ સહજાનંદની મૂર્તિ આત્મા (છે), એની અંતર આનંદની રુચિ, આનંદનું જ્ઞાન અને આનંદમાં લીનતા (થાય) તે તેની પર્યાય સત્યાર્થ-સ્વસમય છે. તેમ નહિ કરતાં અનાદિકાળથી એ નિમિત્ત પરચીજમાં લક્ષ કરીને પોતાની પર્યાયમાં, જે ગુણ-દ્રવ્યમાં નથી એવો વિકાર, મિથ્યા ભ્રમ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે, જેમાં મૂળ પુદ્ગલકર્મનું નિમિત્ત છે તેના આશ્રયે ઉત્પન્ન થયેલું પરસમયપણું એ દ્વિવિધપણું થયું. સ્વસ્વરૂપમાં એક બીજો ભાગ થઈ ગયો-વિકારભાવ.

મુમુક્ષુ :-..

ઉત્તર :- વિકારી પર્યાય પણ એ બીજી. પર્યાય વિકારની વર્તમાન પર્યાય પરિણમી છે, ગુણ નથી પરિણમતો. ગુણ તો ધ્રુવ રહે છે.

મુમુક્ષુ :- ગુણ વિકારા પર્યાયા..

ઉત્તર :- ઈ બીજું. એ બીજો અર્થ છે. ગુણ વિકારા પર્યાયનો અર્થ વિશેષ કાર્યરૂપ પર્યાય, એમ અર્થ છે. પર્યાયની વ્યાખ્યા એમ નથી. વિકારા પર્યાયા એમ અર્થ હોય તો તો સ્વભાવરૂપ પર્યાયને શું કહેવું? ગુણ વિકારા પર્યાયાનો અર્થ ગુણનું વિશેષ કાર્યરૂપ એનું નામ પર્યાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિશેષ કાર્ય પણ વિપરીત છે. ઈ વિપરીત છે, ઈ વિપરીત છે. અને ઈ જે ગુણ વિકારા પર્યાય લખ્યું છે એનું નામ ત્યાં વિકાર નથી લેવાનું. વિશેષ કાર્યરૂપી પરિણમન. સામાન્ય જે છે તેનું વિશેષ પરિણમન. એ તો છએ દ્રવ્યમાં લાગુ પડે.

અહીંયા તો વિકારની પર્યાય (થવાની) યથાર્થમાં તો ગુણમાં તાકાત નથી. દ્રવ્યમાં વિકાર થવાની તાકાત નથી. એની એક સમયની પર્યાયમાં ગુણનો વિકાર ઉત્પન્ન થવાનો ધર્મ છે. મિથ્યાત્વમાં અથવા અસ્થિરતામાં. બેયમાં લઈએ છીએ, હોં! ગુણ તો કૂટસ્થ છે, એનું પરિણમન એ પર્યાય થઈ. ધ્રુવ તો કાયમ સદશ રહે છે. ગુણની વ્યાખ્યા સદશતા છે. 'લબ્ધિત્રય'માં 'અકલંકદેવ' (કહે છે). ગુણને શું કહે છે? સદશતા. એકરૂપ કાયમ રહે તે. આ વિપરીત થઈ ગયું. પર્યાય થઈ ગઈ, એનો અંશ થયો. એનો અંશ શુદ્ધ થવો જોઈએ એને ઠેકાણે અશુદ્ધ થયો, તે જ દુઃખદાયક વિસંવાદ કથા પરસમય ઉત્પન્ન કર્યો. એકમાં દ્વિવિધપણું ઉત્પન્ન થઈ ગયું. શુદ્ધની અપેક્ષાએ દ્વિવિધતા કહે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- કર્મપ્રદેશનું લક્ષ કરે છે. લક્ષ કરે છે. પહેલાં કહ્યું, પરલક્ષ કરે છે. આમ લક્ષ નહિ કરતાં, આમ લક્ષ કર્યું. એને ખબર નથી કે અહીં પુદ્ગલકર્મ છે. પણ અહીં લક્ષ નથી તો ક્યાંક છે એને પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત છે એમ આચાર્યે ખુલાસો કર્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો બીજું કહેવું છે, '**પુદ્દગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું, તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું...**' પરસમયપણું દ્વિવિધતા જીવને આવે છે. પાઠ આટલો છે. પછી એણે ખુલાસો કર્યો, '**(પરસમય-સ્વસમયરૂપ) દ્વિવિધપણું...**' પણ એ તો પરસમયની દ્વિવિધતા પર્યાયમાં આવી ને? સ્વસમય હોય ત્યારે પરસમય નથી અને પરસમય હોય ત્યારે સ્વસમય નથી.

મુમુક્ષુ :- સ્વસમયમાં દ્વિવિધતા નથી?

ઉત્તર :- નથી. એક આત્મા જ્યાં પર તરફના લક્ષથી પરિણમન થયું ઈ પરસમય થયો. તો ત્યાં પરસમય વખતે સ્વસમય છે જ નહિ. સમય છે, સ્વસમય નથી.

મુમુક્ષુ :- દ્રવ્ય સ્વસમય છે, પર્યાય પરસમય છે. એ દ્વિવિધતા..

ઉત્તર :- એટલું. દ્રવ્ય સમય છે, શુદ્ધ છે, પવિત્ર છે. એમાં પર્યાયમાં અપવિત્રતા થઈ તો એને પરસમયની દ્વિવિધતા લાગુ પડી. દ્વિવિધતા. એ જ સમયે સ્વસમય છે અને આ પરસમય બીજો થયો એમ બે બોલ નથી. સમજાય છે કાંઈ? ભારે ભાઈ! આ તો સમયસાર છે. એકલા માખણની મૂળની વાત છે. તત્ત્વ વસ્તુ કહે છે.

ભગવાન આત્મા પરથી તો ભિન્ન છે અને પરના તો અભાવસ્વભાવરૂપ છે. જેટલા પદાર્થ જગતમાં છે તે બધાથી એક આત્મા અભાવસ્વભાવરૂપ છે. અભાવસ્વભાવરૂપ હોવા છતાં પરના અસ્તિત્વનું લક્ષ કરીને વિકાર ઉત્પન્ન કરે છે. છે તો પરના અભાવસ્વભાવરૂપ, પણ પોતાના શુદ્ધ સ્વભાવનો અભાવ થઈને વિકાર ઉત્પન્ન થયો એ વિસંવાદ ઉત્પન્ન થયો. સ્વભાવની દૃષ્ટિની વાત કરવી છે ને. સમજાય છે કાંઈ?

'**પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું...**' પાઠ તો આટલો છે. '**परसमयत्वोत्पादितमेतस्य द्वैविध्यम्**'. બસ, એટલું. દ્વિવિધ એટલે કે એકપણું સમય છોડીને બેપણું-પરસમયપણું થયું. એ વિસંવાદ ઝેર છે, દોષ છે, ભ્રમ છે. '**માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.**' લ્યો. સિદ્ધ તો આ કરવું છે. '**સમયનું એકપણું હોવું...**' છે ને સાર એમાં? છેલ્લો શબ્દ છે. '**समयस्यैकत्वमेवावतिष्ठते**'. ભગવાન આત્મા પોતાની પર્યાય પોતાના દ્રવ્ય-ગુણ સાથે એકત્વ કરે એ જ સુંદરતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરની સાથે એકત્વ કરે છે તે અસુંદર છે, અશોભા છે, દુઃખ છે. ભગવાન આત્મા પોતાના પદાર્થની સાથે અભેદ પર્યાય પ્રગટ કરે છે તે સ્વસમય સુંદરતાને (પામે છે). કેમકે તેમાં આનંદ છે અને તેમાં નિર્મળ પર્યાય છે તો એ સુંદરતાને પ્રાપ્ત થાય છે. એ વાત '**अथेतदसुलभत्वेन विभाव्यते**'. લ્યો. હવે એ એકત્વપણું સુલભ નથી, દુર્લભ છે એ વાત ચોથી ગાથામાં કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૧૩, શનિવાર તા. ૧૩-૦૮-૬૬**
**ગાથા–૩, ૪. પ્રવચન–૧૫**

આ 'સમયસાર' એની ત્રીજી ગાથા પૂરી થઈ. એનો ભાવાર્થ. જુઓ! શું કહે છે? **ભાવાર્થ :- 'નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે.'** ખરેખર જગતમાં જેટલા પદાર્થ છે તે પદાર્થ પોતાના સ્વભાવમાં પરના સંબંધ વિના સ્વભાવમાં સ્થિતિને પ્રાપ્ત થાય છે તે સુંદરતા અને શોભાને પ્રાપ્ત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત ક્યાં..

ઉત્તર :- નિમિત્ત નિમિત્તમાં રહ્યું. નિમિત્ત પણ પોતાના સ્વભાવમાં સ્થિત થાય તો સુંદરતાને પ્રાપ્ત થાય છે.

**'સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત...'** સ્વભાવમાં સ્થિત રહેતા થકા શોભાને, સુંદરતાને, પ્રશંસાને પ્રાપ્ત થાય છે. **'પરંતુ જીવ...'** કેમકે છ દ્રવ્યમાં ચાર દ્રવ્ય તો સ્વભાવપરિણતિરૂપ જ સદાય અનાદિઅનંત છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ અનાદિઅનંત શુદ્ધ સ્વભાવરૂપ પરિણતિમાં જ (સ્થિત છે). એમાં કોઈ વિભાવ કે વિકાર કે અપૂર્ણતા કે સદોષતા થતી નથી, ચારમાં. બે રહ્યાં-જીવ, પુદ્ગલ. **'જીવ નામના પદાર્થની અનાદિ કાળથી...'** ભગવાન આત્માની અવસ્થા અનાદિ કાળથી **'પુદ્ગલકર્મ સાથે...'** જડ પુદ્ગલકર્મ છે તેની **'સાથે નિમિત્તરૂપ...'** સંયોગરૂપ. સંયોગરૂપ કહો, નિમિત્તરૂપ કહો (એકાર્થ છે). **'બંધ-અવસ્થા છે;...'** આત્મામાં કર્મના નિમિત્તની બંધ અવસ્થા અને પોતાની દશામાં ભાવ-વિકારની ભાવબંધ અવસ્થા છે તે દુઃખદાયક છે. સમજાય છે?

પોતાના આત્મામાં કર્મના નિમિત્તના સંબંધમાં જે અવસ્થા થાય છે તે નિમિત્તના સંબંધથી પોતામાં અવસ્થા થઈ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ આનંદકંદ (છે). તેની અવસ્થા અનાદિ કાળથી કર્મ જડ પદાર્થના નિમિત્તના સંબંધમાં, નિમિત્ત અવસ્થા જડની, પણ એના સંબંધમાં પર્યાયમાં ભ્રમણા અને રાગ-દ્વેષની બંધ અવસ્થા છે તે દુઃખદાયક છે. સમજાય છે કાંઈ? **'તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે...'** ઝઘડો ઊભો થાય છે, દુઃખ થાય છે, દુઃખ થાય છે. એ જીવનું સ્વરૂપ નથી. શું કહે છે?

ભગવાન આત્મા નિમિત્તના સંબંધમાં જોડાઈને જે ભ્રમણા, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે તે દુઃખદાયક છે. એ વિસંવાદ ઊભો થયો છે. સમજાય છે કાંઈ? દુઃખરૂપ છે. **'તેથી તે શોભા પામતો નથી.'** તેથી ભગવાન આત્માને સુંદરતા, પ્રશંસનિક અને શોભાને પ્રાપ્ત નથી. એકલા બંધભાવમાં એકત્વપણે રહેવું, કર્મના નિમિત્તનું લક્ષ કરીને જે વિકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્પન્ન થયો છે તે વિકારમાં એકત્વપણે રહેવું તે દુઃખદાયક છે. જીવને પ્રશંસનીય નથી. કેમકે એ જીવનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? કર્મનો સંબંધ, નિમિત્ત એ તો જીવનું સ્વરૂપ નહિ, એ તો અજીવની પર્યાય છે. અજીવની પર્યાયના સંબંધમાં અહીંયાં સ્વભાવનો સંબંધ છોડી, ભગવાન જ્ઞાનજ્યોત ચૈતન્ય અનાકુળ આનંદ ધ્રુવ સ્વરૂપનો સંબંધ, સંબંધ-સંગ, અસંગ તત્ત્વનો સંગ છોડી કર્મના નિમિત્તના સંગમાં જોડાય છે તે પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ બંધભાવ-બંધ અવસ્થા (ઉત્પન્ન કરે છે) તે આત્માનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ?

નિશ્ચયથી એ શુદ્ધ સ્વરૂપ નથી. વ્યવહારથી વિકાર અવસ્થા એની દશામાં ભાવબંધરૂપ જડ બંધ નિમિત્તના સંબંધમાં ભ્રમણા, અહીંયાં સ્વરૂપની શુદ્ધ દૃષ્ટિને ચૂકીને તે પર નિમિત્તનું એકાંત લક્ષ કરીને જેટલા રાગ અને દ્વેષ, પુણ્ય-પાપ, કામ, ક્રોધ આદિ વિકલ્પ ઉઠે છે તે આત્માનું સ્વરૂપ નહિ. શુદ્ધનયથી એ આત્માનું સ્વરૂપ નહિ. સ્વરૂપ નહિ તો આત્માને એ ભાવ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ?

'**વિસંવાદ ખડો થાય છે તેથી તે શોભા પામતો નથી.**' પોતાની સુંદર અવસ્થા, સુંદર ચેતન ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ તરફ દૃષ્ટિ થવાથી જે સ્વસંવેદન જ્ઞાન શાંતિનું થવું, સમ્યક્ અનુભવ આનંદ આદિનું થવું તે એનું શુદ્ધ સ્વરૂપ છે. તે આનંદદાયક છે, તે સ્વસમય છે. પોતાની દશા પોતાના સ્વરૂપથી અભેદ છે. સમજાય છે કાંઈ? વિકારનો ભાવ-શુભ-અશુભભાવ અને તેમાં એકત્વભાવ તે મિથ્યા ભાવ છે, રાગ-દ્વેષ છે તે દુઃખરૂપ ભાવ છે. પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ નથી તો એને આત્મામાં વિસંવાદ ખડો થયો છે. પોતાના આનંદસ્વરૂપને ચૂકીને, પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપની અનુભવદૃષ્ટિ છોડીને, છોડીને એનો અર્થ શું? પહેલાં હતી ને તેને છોડીને? અનાદિથી પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપની સમ્યક્ દૃષ્ટિ, સ્વસમયનો આશ્રય કરીને, સ્વઆત્માનો આશ્રય કરીને શુદ્ધ શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિ, આનંદનો અનુભવ (થાય) તે તો સ્વ સુંદરતાને પ્રાપ્ત છે. એ તો પર્યાય શુદ્ધ આત્મસ્વરૂપ જ છે. આત્મા જેવો શુદ્ધ છે તેવી એની પર્યાય શુદ્ધ થાય એ તો આત્મસ્વરૂપ જ છે, આત્મા સાથે અભેદ જ છે. એ સુંદરતાને પ્રાપ્ત છે.

મુમુક્ષુ :- વિકાર અસુંદરતાને પ્રાપ્ત થયો છે.

ઉત્તર :- શું થયું? જુઓ! બીજું શું છે? વિકાર તો દુઃખરૂપ છે, અસુંદરતાને પ્રાપ્ત છે. વિસંવાદ (હોવાથી) અત્યંત બુરું કરનારી એ દશા છે. એ પછી ચોથામાં લેશે. એમાં અર્થ છે, આમાં નથી લીધો. અત્યંત અનિષ્ટ કરવાવાળી એમાં લીધું છે. આમાં અત્યંત બુરું કરવાવાળી (છે એમ છે). ખબર છે. જરી શાંતિથી સમજવાની ચીજ છે. આ તો મૂળ ચીજની વાત છે. સમજાય છે કાંઈ? આ કાંઈ વાર્તા કથા નથી. આ તો આત્મ પરમેશ્વરની કથા છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરમેશ્વર પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેના અંતરના અવલંબનથી નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદની દશા પ્રગટ થવી તે જ સુંદરતાને પ્રાપ્ત છે. કેમ? કે શુદ્ધ છે તો શુદ્ધ પર્યાય પ્રગટ થઈ. એ તો અભેદ થયો તો એ શુદ્ધ સ્વરૂપને આત્મા કહેવામાં આવે છે. એ સંવર, નિર્જરાની શુદ્ધ પર્યાયને અભેદ દૃષ્ટિથી આત્મા કહે છે. સમજાય છે કાંઈ? અને કર્મના નિમિત્તના સંબંધથી ઉત્પન્ન થયેલા એકાંત રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વ્રતાદિના પરિણામમાં એકત્વ થવાથી મિથ્યાત્વ છે અને દુઃખદાયક દશા વિકાર છે. સમજાય છે કાંઈ?

કહે છે કે સ્વભાવને પ્રાપ્ત નથી. **'માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદર છે;...'** એકત્વનો અર્થ – ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુમાં એકત્વ થવું અને પુણ્ય-પાપના વિકલ્પથી-રાગથી પૃથક્ થવું અને સ્વભાવથી એકત્વ થવું તે જ સુંદરતાને પ્રાપ્ત છે. આહાહા..! ભારે ઝીણી વાત, ભાઈ! પરની સાથે કાંઈ સંબંધ નહિ. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય તો પરદ્રવ્યમાં છે, પણ પરદ્રવ્યના સંગથી ઉત્પન્ન થયેલો વિકાર પણ સ્વસ્વભાવ નહિ. એ સુંદરતાને પ્રાપ્ત નથી. ચાહે તો શુભભાવ (હો). અસંખ્ય પ્રકારના શુભ છે અને અસંખ્ય પ્રકારના અશુભ છે. કોઈપણ પ્રકારના શુભ-અશુભભાવ ઉત્પન્ન થયા (તે) નિમિત્તના સંબંધથી ઉત્પન્ન થયા છે. સ્વભાવના સંબંધથી ઉત્પન્ન નથી થતાં. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કોઈ અપવાદ તો..

ઉત્તર :- અપવાદ કેવો? અપવાદનો અર્થ નિંદા થાય છે. અપવાદનો અર્થ લોકો શું કરે છે? એનો અપવાદ બોલ્યા, એનો અપવાદ થયો. વિરોધ ને નિંદા થાય છે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને પણ જેટલા રાગાદિ થાય છે તે દુઃખદાયક છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ભગવાન પ્રભુના અંતર અનુભવથી સમ્યગ્દર્શન થયું ત્યારે આનંદની દશાનો અનુભવ થયો. તે જ સમ્યગ્દૃષ્ટિને શાંતિ ને સુખદાયક ને મોક્ષમાર્ગ છે. તેને પણ જેટલો રાગ ઉત્પન્ન થાય છે તેનાથી દુઃખ થાય છે. એ 'પંચાધ્યાયી'માં નથી લીધું? પંડિતજી! 'પંચાધ્યાયી'માં એક શ્લોક લીધો છે. સમ્યગ્દૃષ્ટિ પણ તેના દુઃખના ઘાતથી બચ્યા નથી. વજ્ર જેવું દુઃખ થાય છે, એમ લખ્યું છે. એક શ્લોક છે, શ્લોક યાદ નથી આવતો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, હા. અનુસંધિ સંધિ ઈ. સંધિ શબ્દ છે. જેમ સંધિ સંધિમાં સંધિવા થાય છે ને? સંધિ સંધિમાં સંધિવા થાય છે ને? એમ સમ્યગ્દૃષ્ટિને પણ પોતાના સમ્યક્નો આનંદનો અનુભવ થવા છતાં જેટલા રાગ-દ્વેષ છે, સંધિ સંધિમાં જેમ સંધિવા થાય છે, સંધિવા થાય છે, શું કહે છે? સંધિયા વા, ગઠિયો વા. આપણે અહીં સંધિવા કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંધિ-જ્યાં જ્યાં સાંધ છે, જ્યાં જ્યાં ગ્રંથિ છે ત્યાં ત્યાં પકડાઈ જાય છે. આપણે અહીંયાં સંધિ કહે છે. એ લોકો ગાંઠ કહે છે. જ્યાં જ્યાં ગાંઠ છે, અહીંયાં, અહીંયાં, અહીંયાં, અહીંયાં..

એમ સમ્યગ્દૃષ્ટિને પણ પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય હોવા છતાં પૂર્ણ આશ્રય નથી. પૂર્ણ આશ્રય જો હોય તો વીતરાગતા થઈ જાય. અલ્પ આશ્રય ભગવાન ચિદાનંદની એકત્વબુદ્ધિમાં આનંદ આવ્યો અને આ આનંદ છે તો આખું સ્વરૂપ આનંદમય છે, આખું સ્વરૂપ આનંદમય છે એમ અનુભવમાં પ્રતીતમાં પણ આવ્યું. જ્ઞાન પણ એવું થઈ ગયું- સ્વસંવેદન. સ્થિરતા પણ અંશે થઈ ગઈ. શાંતિસ્વરૂપ આચરણ વિશેષ વિશેષ (થતી જાય છે). જેટલો રાગ છે, સંધિવાની જેમ દુઃખનો ઘા મારે છે. સમજાય છે કાંઈ? શુભાશુભ રાગ બેય, હોં! સંધિવા, ગઠિયો વા. એમ અસંખ્ય પ્રદેશમાં જેટલી રાગની અસ્થિરતા, આસક્તિ (થાય છે), ઈષ્ટપણું નહિ, ઈ ઠીક છે એવી રુચિ નથી, પણ અસ્થિરતા જે થાય છે તે પણ દુઃખદાયક કંપવા જેવું દુઃખ થાય છે. આહાહા..! કંપવા સમજો છો ને? આમ આમ થાય. લકવો નહિ. આ જુઓ! આ ભાઈને થાય છે. મકનભાઈને થાય છે ને? જુઓ! માથું કંપે છે, માથું કંપે છે. એમ કંપે છે. આમ આમ થાય.

એક સાધુને હતું. એક શ્વેતાંબર સાધુ હતા. જામનગરમાં. બહુ દુઃખી હતા બિચારા. પછી ઈયળ પડી. આઠ વર્ષ રહ્યો ને, આઠ વર્ષ. ઈયળ.. ઈયળ. ઈયળ સમજો છો? જીવ જીવ. હું એની પાસે ગયો હતો. અરે..! મહારાજ! હું દુઃખી છું. મોટી ઉંમર હતી સાંઈઠ- પાંસઠ વર્ષની. સુંદર શરીર હતું. ભાઈ! શું કરશો? શરીરની સ્થિતિ છે. શરીરસ્થિતિને કોઈ રોકી શકે છે? કોઈ રોકી શકે છે? સનતકુમાર ચક્રવર્તી મુનિ થયા પછી કોઢ થયો. એ શરીરની દશા છે. શરીરની દશાને કોણ રોકી શકે છે? કોણ મટાડી શકે છે? ... કોણ કરી શકે છે? અહીંયાં ભગવાન આત્મા અંદર છે ને. ચિદાનંદ પ્રભુ બિરાજે છે. એની દૃષ્ટિ લગાવો. આનંદ છે. દુઃખ છે જ ક્યાં? સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિને પણ જેટલી સુંદરતા ઉત્પન્ન થઈ તેટલી સુંદર છે. સ્વભાવના આશ્રયે. અને જેટલો હજી પરના લક્ષે રાગાદિ આસક્તિ થાય છે તે પણ દુઃખદાયક છે. તેનાથી આ જીવ શોભા પામે છે. અંદર સુંદર સ્વભાવ (છે), એની સુંદરતા (છે). એ ત્રીજી ગાથા થઈ. હવે ચોથી (ગાથા).

'**હવે તે એકત્વની અસુલભતા બતાવે છે :-**' રાગથી પૃથક્ અને પોતાની શાંતિ આદિ શ્રદ્ધા-જ્ઞાનથી અભેદ એકત્વ. અભેદ કહો-એકત્વ કહો, ભાષા (ફેર છે). ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક્-વિભક્ત અને પોતાના શુદ્ધ સ્વભાવથી એકત્વ, સ્વભાવથી તન્મય, સ્વભાવથી તન્મય, રાગથી વિભક્ત (છે). એવી વાત જગતને સુલભ નથી. આ વાત જગતને સુલભ નથી. સમજાય છે કાંઈ? ઈ વાત કહે છે, જુઓ! '**એકત્વની અસુલભતા...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુલભ નથી એમ કહ્યું. સુલભ નથી. મહાદુષ્કર છે. એને પહેલા તો વાત સાંભળવા મળવી દુર્લભ છે. પછી એને પૃથક્ કરવા, સમ્યક્ ભેદજ્ઞાનની ભૂમિકામાં એ વિકલ્પ ઊઠે છે તેનાથી પૃથક્ (કરી), દ્રવ્યનું લક્ષ કરીને, દ્રવ્યનું લક્ષ કરીને રાગથી પૃથક્ થવું અને સ્વભાવથી એકત્વ થવું એ વાત બહુ દુર્લભ છે. અશક્ય નથી. સમજાય છે કાંઈ? દુર્લભનો અર્થ એમ નથી કે અશક્ય છે. ન થઈ શકે એવી વાત નથી. પણ દુર્લભ છે. ઈ વાત કરે છે, જુઓ!

**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**
**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।**
**શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

પ્રાપ્ત કેવળ સુલભ ના-લાભ કેવળ સુલભ ના. હવે ટીકા. પહેલા થોડો શબ્દાર્થ લેવો છે? થોડો અન્વયાર્થ લઈએ, થોડો. શબ્દાર્થ એકસાથે મળી જાય.

**ગાથાર્થ :- 'સર્વ લોકને...'** સર્વ જીવને. એ ટીકામાં લેશે. એકેન્દ્રિયથી માંડી આખા લોકને, હોં! નિગોદની માંડી. ખુલાસો પછી કરશે. **'સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા...'** ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું, એની બંધની કથા, બંધની કથા. ઈચ્છા કરવી અને ઈચ્છાનું ભોગવવું એવી કામભોગની કથા અથવા ઈચ્છાનું કર્તૃત્વ અને ઈચ્છા-રાગના હરખનું ભોગવવું એવી જે બંધની કથા **'તો સાંભળવામાં આવી ગઈ છે,...'** સાંભળવામાં આવી ગઈ છે. સર્વ લોકનો, એ પછી અર્થ કરશે, હોં! નિગોદને પણ સાંભળવામાં આવી ગઈ છે, એમ કહે છે. **'પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે;...'** અનાદિકાળથી એ વાત છે તો સુલભ છે.

**'પણ ભિન્ન આત્માનું...'** રાગ, વિકલ્પ માત્ર ઉપાધિ ભાવ (છે) તેનાથી નિરાગી ભગવાન આત્મા તે રાગથી ભિન્ન અને નિજ આનંદ, શુદ્ધ સ્વભાવથી અભિન્ન (છે) એવી વાત **'એકપણું હોવું કદી સાંભળ્યું નથી,...'** કદી સાંભળ્યું નથી. સાંભળ્યું ક્યારે કહેવાય? કે વાચકથી સાંભળ્યું એને કહેવાય કે વાચ્યનું ભાન થાય તો સાંભળ્યું કહેવામાં આવે છે. આહાહા...! આ તો શાસ્ત્ર છે. અધ્યાત્મ શાસ્ત્ર મર્મની વાત (છે). સાંભળ્યું નથી. સાંભળ્યું નથી? અનંત વાર સર્વજ્ઞના સમવસરણમાં ગયો છે ને? અનંત વાર સમવસરણમાં ગયો. ભગવાનના સમવસરણમાં અનંત કાળમાં અનંત વાર ગયો અને સમવસરણમાં અનંત વાર કલ્પવૃક્ષના ફૂલથી, મણિરત્નના દીવાથી ભગવાનની પૂજા પણ અનંત વાર અનંત કાળમાં કરી છે. સમજાય છે કાંઈ? સાંભળ્યું નથી. સાંભળ્યું એને કહેવાય છે કે જે કહેવામાં આવ્યું તેવો ભાવ અંતરમાં રાગથી પૃથક્ થઈને અનુભવે તો સાંભળ્યું એમ કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'કદી સાંભળ્યું નથી,...'** ઓહોહો..! ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ સમવસરણની મધ્યમાં ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ગયો હતો. અનંત પુદ્‌ગલ પરાવર્તન થયા છે. નથી સાંભળ્યું,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન! સાંભળ્યું તો એને કહેવાય કે અંદરમાં જાગી જાય. રાગ શુભ-અશુભ વિકલ્પ કોઈપણ હો, પરના સંબંધે પરના લક્ષે ઉત્પન્ન થવાવાળા, એનાથી પૃથક્ પોતાનું આનંદ શુદ્ધ સ્વરૂપ, રાગથી પૃથક્ એવો અનુભવ કરે અને એનું વેદન કરે ત્યારે એણે સાંભળ્યું છે એમ કહેવામાં આવે છે. નહિતર કદી સાંભળ્યું જ નથી. '**પરિચયમાં આવ્યું નથી...**' સાંભળ્યું નથી તો અભ્યાસ પણ કર્યો નહિ '**અને અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી.**' પૈસા-બૈસા મળવા એ સુલભ નથી એમ નથી કહ્યું, શેઠ! પૈસા મળવા સુલભ નથી (એમ નથી કહ્યું).

મુમુક્ષુ :- એ તો કહે છે કે...

ઉત્તર :- ધૂળમાંય મળ્યા નથી. શું મળ્યું છે? અહીં તો ઉપલંભ કહેશે, ઉપલંભ કહેશે. '**उपलम्भः**'. ઉપલંભ કહો, લાભ કહો, અનુભવ કહો. સેઠી! આહાહા..! એમ નથી કહ્યું કે પૈસા સુલભ નથી, આબરૂ સુલભ નથી. એક કરોડનું મકાન બનાવવું એ સુલભ નથી, પુત્ર-પુત્રી થવા એ સુલભ નથી, એમ નથી કહ્યું. અને પુણ્ય-પાપ નથી કર્યા એમ પણ નથી. પુણ્ય-પાપ પણ સુલભ નથી એમ નથી કહ્યું. પુણ્ય-પાપ ભાવ પણ અનંત વાર કર્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે કે એ સુલભ નથી.

**ટીકા :- 'આ સમસ્ત જીવલોકને,...'** દેખો ટીકા. પાઠમાં સમસ્ત વિ શબ્દ પડ્યો છે. 'અમૃતચંદ્રાચાર્ય મહારાજે' સમસ્ત વિનો અર્થ લોક, સમસ્ત લોક (કર્યો છે). લોક એટલે જીવ. જીવલોક એમ. સમસ્ત જીવલોક (કહ્યું તો) એકેન્દ્રિયમાં ક્યાં સાંભળ્યું હતું? અહીં તો કહે છે સર્વ જીવોએ સાંભળ્યું છે. સમજાય છે કાંઈ? એકેન્દ્રિય નિગોદ અનાદિ નિગોદ પડ્યા છે. હજી કદી બહાર નથી આવ્યા. તો કહે છે કે, અમે તો (એમ કહીએ છીએ) '**સમસ્ત જીવલોકને, કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બૂરું કરનારી છે) તોપણ, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે,...**' સમજાય છે કાંઈ? એકેન્દ્રિય જીવને પણ અંતરમાં રાગાદિ વિકલ્પનો એકત્વપણે અનુભવ છે, તે જ એના પરિણામ (એમ દર્શાવે છે કે) સાંભળવામાં આવી છે, કોમભોગની (કથા) સાંભળવામાં આવી છે. એનો અર્થ કે નિજ આનંદસ્વરૂપ ચૂકીને કામ નામ ઈચ્છા અને ભોગવવું થયું છે. એણે કામભોગની વાત અનંત વાર સાંભળી છે.

મુમુક્ષુ :- ભાવથી સાંભળી છે.

ઉત્તર :- ભાવથી, એ ભાવ છે ને. અહીં ભાવની વાત કહેવી છે ને. સમજાય છે કાંઈ?

'**સમસ્ત જીવલોકને,...**' એમ છે ને? પંડિતજી! સમસ્ત જીવલોક. પાઠમાં સમસ્ત પણ છે અને 'અમૃતચંદ્રાચાર્યે' (એમ કહ્યું), '**सकलस्यापि जीवलोकस्य**'. સકલમાં એક સમ્યગ્દૃષ્ટિ જીવને બાદ કરીને. એની વાત છે ને અહીંયાં? અજ્ઞાનીની વાત છે. દિગંબર જૈન સાધુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા પાળીને, શુક્લલેશ્યા ધારણ કરીને નવમી ગ્રૈવેયક ગયો. શુક્લલેશ્યા. નવમી ગ્રૈવેયક અંતિમ ગ્રૈવેયક (ગયો) પણ એણે કામભોગની વાત સાંભળી છે.

મુમુક્ષુ :- અગિયાર અંગ ને નવ પૂર્વ ભણે અને કામભોગની વાત સાંભળી?

ઉત્તર :- ઈચ્છા છે ને ઈચ્છા? આ ઈચ્છા અને ઈચ્છાને ભોગવવી એ કામભોગ છે. કામભોગ એટલે એકલી સ્ત્રીનો ભોગ, ઈ વાત છે અહીંયાં? નિજ શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ ઈચ્છા રાખવી અને ઈચ્છાનો કર્તા થવું અને ભોગનો ભોગ થવો એનું નામ કામભોગ છે. બંધભાવના અનુભવનું નામ કામભોગ છે. ભગવાન તો એમ કહે છે. વિષયભોગ ને બાયડી-છોકરા ભોગ એ તો સ્થુળ અનંત વાર છોડ્યા છે, એમાં શું છે?

મુમુક્ષુ :- એકેન્દ્રિય ને છે નહિ.

ઉત્તર :- એ તો એકેન્દ્રિયને છે જ નહિ.

અહીં તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય મહારાજ' કહે છે, પ્રભુ! સર્વ જીવલોકે આત્માના શુદ્ધ સ્વરૂપને રાગથી પૃથક્ ન કર્યું તો એણે અનંત વાર ઈચ્છા-રાગ અને ભોગ (એને જ ભોગવ્યા છે). 'જયસેનાચાર્યદેવે' સંસ્કૃત ટીકામાં એવો શબ્દ લીધો છે. '**कामरूपभोगाः कामभोगाः कामरूपभोगाः**' એમ લીધું છે. વળી બીજું પણ લીધું છે. ત્રણ-ચાર અર્થ કર્યા છે. એ ઠીક છે. '**कामरूपभोगाः**' કામભોગ અથવા કામ-સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય બેને કામ કહે છે. અને ત્રણ ઈન્દ્રિયને ભોગ કહે છે. એમ બે ભાગ પાડ્યા છે 'જયસેનાચાર્ય'ની ટીકામાં.

અહીં તો ઈ લેવું છે, પોતાનો અતીન્દ્રિય સ્વભાવ જે છે એની દૃષ્ટિ કર્યા વિના, અતીન્દ્રિયનો અનુભવ સમ્યગ્દર્શન અતીન્દ્રિયનો અનુભવ છે, તેને છોડીને જેટલા મિથ્યાદૃષ્ટિ અનાદિ નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ થઈને ગયો, તો કહે છે કે એણે કામભોગની વાત અનંત વાર સાંભળી છે. ભગવાન પાસે સાંભળ્યું છે ને? શાસ્ત્ર અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો છે ને? સમજાય છે કાંઈ? તો કહે છે કે એણે કામભોગની જ વાત સાંભળી છે. કેમકે રાગથી પૃથક્ પોતાના ભગવાન આત્માનો અનુભવ કર્યો નહિ, દૃષ્ટિ કરી નહિ તો એનાથી વિરુદ્ધ (જ સાંભળ્યું છે). શાસ્ત્રમાંથી પણ એ જ કાઢ્યું કે રાગથી કંઈક લાભ થાય છે, રાગથી કંઈક લાભ થાય છે, શરીરની ક્રિયાથી થાય છે, પુણ્યથી કાંઈક થાય છે, એમ રાગની કથા-ભાવબંધની કથા એને અનુભવમાં આવી છે તો અનંત વાર સાંભળી છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? આહાહા..!

'**સમસ્ત જીવલોકને,...**' ઓહોહો..! એકેન્દ્રિય, અપર્યાપ્ત, પર્યાપ્તથી માંડી બધા જીવ, બાદર, સૂક્ષ્મ, ત્રસ ને સ્થાવર પંચેન્દ્રિય. જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન આત્માને વિષય ન બનાવ્યો તો એણે પરને જ વિષય બનાવ્યો છે,

એમ કહે છે. પરને વિષય બનાવ્યો એને અહીંયાં કામભોગ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિને વિષય ન બનાવ્યો. એને વિષય બનાવે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. એને વિષય ન બનાવ્યો તો આને વિષય બનાવ્યો. કંઈક સાંભળવું કે આ રાગ કરવો, રાગને ભોગવવો. એ રાગ ને રોગનું ભોગવવું એ કામ-ઈચ્છા અને ઈચ્છાનો ભોગ, એ જ વાત- કામભોગની વાત મિથ્યાદષ્ટિ જીવે (સાંભળી છે). એક સમ્યગ્દષ્ટિને છોડીને સમસ્ત લોક લીધો છે. એકેન્દ્રિયથી માંડી બધા. જૈન દિગંબર સાધુ હોય પણ એણે રાગથી લાભ માનીને વ્યવહાર ક્રિયાકાંડ જે અઠ્યાવીશ મૂળગુણ આદિ, એ રાગથી લાભ માન્યો છે તેણે કામભોગની જ કથા સાંભળી છે. સમજાય છે કાંઈ? આહાહા...!

પરની દિશા તરફનું લક્ષ કરીને ઉત્પન્ન થયેલો ભાવ તો વિકારી જ હોય છે. અને સ્વઆશ્રયને વિષય કરીને ભાવ ઉત્પન્ન થાય છે એ નિર્વિકારી હોય છે. સમજાય છે કાંઈ? આ કામભોગ શબ્દ વાપર્યો છે ને એટલે લોકોને એમ થઈ જાય કે આ કામભોગ (એટલે) ભોગવવું એ કામ. એમ નથી.

અહીંયાં તો નિજ ચૈતન્યપ્રભુને વિષય નહિ બનાવીને આમ પરને વિષય બનાવ્યો એ જ ઈચ્છા અને ઈચ્છાનો ભોગ જ એણે કર્યો છે. સમજાય છે કાંઈ? ભાવબંધની કથા સાંભળી છે એમ કહે છે. કામભોગ ને બંધ ત્રણ શબ્દ પડ્યા છે ને? '**કામભોગસંબંધી...**' ભાઈ! એમ છે ને? પાઠમાં છે ને? '**कामभोगानुबद्धा कथा**'. સંસ્કૃતમાં એમ શબ્દ છે. પંડિતજી! સંસ્કૃતમાં '**कामभोगानुबद्धा**' છે. અનુબંધ-સંબંધ કરવાવાળી. સંસ્કૃતમાં છે. સમજાય છે કાંઈ? આ બાજુ છે. ત્રીજી લીટી. '**कामभोगानुबद्धा कथा**'. કામભોગ સંબંધી કથા. સ્વભાવની એકત્વ સંબંધી વાત સાંભળી નથી. આ વાત એણે અનંત વાર સાંભળી છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી કેવી વાત? વાત સાંભળી નથી એટલું કહે છે ને? વાત સાંભળી છે ને. સાંભળી હોય પણ જ્યાં સુધી અંદરમાં રાગથી પૃથક્ પોતાનો અનુભવ નથી કરતો અને રાગની મીઠાશ વેદે છે તો એણે કામભોગની જ કથા સાંભળી છે. સમજાય છે કાંઈ? પરને વિષય કરીને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એ જ કામભોગની કથા છે. ભગવાન ચૈતન્યપ્રભુને પોતાના શ્રદ્ધા-જ્ઞાનનો વિષય બનાવીને, પોતાના અનુભવમાં અતીન્દ્રિય આનંદ સ્વનો વિષય બનાવીને આવ્યો એણે તો યથાર્થ વાત પરથી ભિન્નતાની વાત, સ્વથી એકત્વની વાત સાંભળી. પરિચયમાં આવી અને એને તો અનુભવમાં પણ આવી ગઈ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા રાગ, વિકલ્પ સૂક્ષ્મ પણ વિકલ્પ. એની ઈચ્છા અહીંયાં કહે છે. સ્વભાવનો આશ્રય કરવાથી ઈચ્છા નથી. અહીંયાં બહારના (પદાર્થને) વિષય કરવાથી, ચાહે તો મહાવ્રત પાળે એ બધો પર તરફનો વિષય છે. એ પરની ઈચ્છા, પર તરફનો વિષય અને ઈચ્છાનો અનુભવ. કેમકે જેને કરે છે તેને ભોગવે છે. જેની ઈચ્છા છે તેમાં રોકાય છે. આવી ભાવબંધની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કથા સમસ્ત લોકે સાંભળી છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ કષાય મંદ હોય, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પની રાગની મંદતા હો, શાસ્ત્ર સંબંધી અગિયાર અંગ નવ પૂર્વનું જ્ઞાન હોય અને નવ તત્ત્વની ભેદપૂર્વક શ્રદ્ધા હો, તે બધાને કામભોગની કથા કહે છે. સમજાય છે કાંઈ?

ફરીથી. ભગવાન આત્મા નિજ શુદ્ધ સ્વભાવનો આશ્રય કર્યા વિના જેટલો એકાંતે પરનો આશ્રય નવ પૂર્વનું જ્ઞાન કર્યું, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા કરી એ મિથ્યાદૃષ્ટિ છે. નવ પૂર્વનું જ્ઞાન કર્યું પણ પરલક્ષી કર્યું. એ મિથ્યાજ્ઞાન છે. નવ તત્ત્વની શ્રદ્ધા ભેદવાળી મિથ્યાશ્રદ્ધા છે અને પંચ મહાવ્રત અઠ્યાવીસ મૂળગુણનો રાગ એ વિકાર છે. એમાં લાભ છે એમ માનીને રહ્યો એણે કામભોગની કથા સાંભળી છે. આહાહા..! નવ તત્ત્વના અનુભવ મિથ્યાત્વ કહ્યું છે. કેમકે ભેદ છે ને. સમજાય છે કાંઈ? રાડ નાખે. (સંવત) ૧૯૯૯ની સાલમાં પહેલી વાર કહ્યું હતું. અરર..ર..! ક્યાં પણ તમારે લઈ જવા છે? છે ને એમાં? 'કળશ ટીકા'માં છે. છે ને પણ, એ વસ્તુની સ્થિતિ છે. અભેદ ચૈતન્યનો અનુભવ થવો એ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? ક્યાં છે ઈ? ૬.

'**नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः**' નવ તત્ત્વની સંતતિનો અનુભવ મિથ્યાત્વ છે એમ એમાંથી કાઢ્યું, જુઓ! કહે છે, '**સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.**' એણે બહુ મર્મ ખોલી નાખ્યો છે. '**एको**' એમ કહ્યું ને? '**मेकोऽस्तु नः**'. '**मेकोऽस्तु नः**' અમારે તો એક હો. શ્લોક છે ને? '**एको**' ભગવાન આત્મા.. છે? છેલ્લો શબ્દ છે. '**अयमेकोऽस्तु नः**'. '**नः**' એટલે હું. અમારે તો એકલો આત્મા જ્ઞાયકમૂર્તિ ભગવાન તે જ અમને હો. નવ તત્ત્વના ભેદની સંતતિ અમને ન હો. સમજાય છે કાંઈ? બહુ સરસ! 'રાજમલે' 'કળશટીકા' બનાવી છે. બહુ મર્મ! જેવી ચીજ છે એવી બનાવી છે. 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટકકે મર્મી.' 'બનારસીદાસે' આમ કહ્યું છે. આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. આમાંથી. 'સમયસાર નાટક' આમાંથી બનાવ્યું છે. સમજાય છે કાંઈ? અંતરનું રહસ્ય ખોલીને મૂકી દીધું છે. કાલે પુસ્તક આપ્યું ને? 'કળશટીકા'. ઈ. ઈ વાંચ્યું છે? પહેલા તો આ ગુજરાતી વાંચ્યું હશે ને? આ હિન્દી છે? હિન્દી છે. ગુજરાતી તો હવે છપાય છે. ૩૩૦૦ ખલાસ થઈ ગયા. પંડિતજી! ૩૩૦૦ હિન્દી છપાય છે કિશનગઢ. અને ૪૪૦૦ ગુજરાતી અહીંયાં છપાય છે. ૭૭૦૦. ૩૩૦૦ ખલાસ થઈ ગયા. લોકોને કોઈ રીતે ખ્યાલમાં આવે.

પ્રભુ! આવો માર્ગ તને મળ્યો, મનુષ્યદેહ મળ્યો અને વાસ્તવિક તત્ત્વ દૃષ્ટિમાં ન આવે તો શું કર્યું એણે? સમજાય છે કાંઈ? શું કર્યું? પંચ મહાવ્રત પાળે કે અઠ્યાવીસ મૂળગુણ પાળે, ધૂળ છે. મિથ્યાદૃષ્ટિ અભવિ પણ ઈ તો પાળે છે, એમાં શું થયું? બંધ અધિકારમાં ન લીધું? અભવિ પણ એવી પરવિષયની ક્રિયાકાંડ તો કરે છે. જિનવરે કહેલા વ્રત, નિયમ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંયમ (પાળે છે). બંધ અધિકારમાં ઈ ન કહ્યું? એમાં શું છે? એ કંઈ નવી વસ્તુ છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. અહીંયાં કહે છે, **'સમસ્ત જીવલોકને...'** એક આત્માનો સ્વવિષય છોડી, જેણે એકલો પરને વિષય બનાવ્યો તો સ્વ વિષય તો સમ્યગ્દષ્ટિને જ હોય છે. ચોથે ગુણસ્થાને સ્વ વિષય. થોડો પર રહે છે એટલો બાધક છે. જેટલો સ્વવિષય બનાવ્યો તેટલો સાધક છે. અજ્ઞાનીએ સ્વવિષય બિલકુલ ન બનાવ્યો તો એકલો બાધક છે. તો એણે કામભોગની કથા સાંભળી છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શું નામ? શેઠ! ધન્યકુમાર. આ સમજાય તો ધન્યકુમાર છે. જુઓ! અમારે એક બ્રહ્મચારી છે ધન્યકુમાર. બાળ બ્રહ્મચારી છે ને. દસ ભાઈ છે ને? એમાં બાળ બ્રહ્મચારી છે. આહાહા..!

અહીં તો ધન્ય એને છે, રાગથી પૃથક્ થઈને પોતામાં એકત્વ થવું તે જ ધન્ય છે. સમજાય છે કાંઈ? એ જિનેશ્વરનો લઘુનંદન છે. લઘુનંદન છે. તીર્થંકરના નાના પુત્ર. મોટા પુત્ર તો ચારિત્રવંત સાધુ છે. અનુભવ સહિતની સ્થિરતા, આનંદની ઉગ્રતા, પ્રચુર સ્વસંવેદન. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' કહ્યું ને? પાંચમી ગાથામાં આવશે કે અમે પ્રચુર સ્વસંવેદનથી કહીએ છીએ. સંવેદન તો ચોથેથી છે. સંવેદન-આત્માનો અનુભવ. મુનિ છે તો કહે છે,.. પાંચમી ગાથામાં આવશે, અમે પ્રચુર સ્વસંવેદનથી કહીએ છીએ. ટીકામાં છે. એક એક શબ્દમાં ઘણાં ભાવ ભર્યા છે. આ કંઈ એવી કથા-વાર્તાની વાત નથી. એક એક શબ્દમાં મર્મ ભર્યો છે. 'કુંદકુંદાચાર્ય'નું કથન સર્વજ્ઞ અનુસારી વાત (છે). ત્રિલોકનાથ પરમાત્માને અનુસારી (છે). છે ને? પાંચમી ગાથામાં છે. જુઓ! **'નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે.' 'તેની છાપવાળું...'** હિન્દીમાં ૧૫ પાનું છે. પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન. ભાષા કેવી છે જુઓ! **'પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન...'**. એટલી ભાષા છે. પ્રચુર નામ એ મુનિ છે માટે લીધું છે. સ્વસંવેદન (અર્થાત્) નિજ આનંદનું પ્રત્યક્ષ વેદન છે. સ્વ-પોતાનું, સંવેદન-પ્રત્યક્ષ. એવા સ્વસંવેદનથી અમારો વૈભવ ઉત્પન્ન થયો છે. મુનિની દશા કહે છે. અમારી મુનિની દશા આવી છે. આહાહા..!

ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને સ્વસંવેદન છે, પણ ત્રણ કષાયના અભાવ (સ્વરૂપ) પ્રચુર સંતોને છે એવું નથી. પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ, સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન. બે ભાષા લીધી છે. સ્વસંવેદનનું વિશેષણ છે. સ્વસંવેદન કેવું? કે પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ. સમજાય છે કાંઈ? આમ ને આમ મુનિ કહી દે તો મુનિ એવા છે જ નહિ. મુનિને તો પ્રચુર આનંદની, અતીન્દ્રિય આનંદની પર્યાયમાં ભરતી આવે છે. ભરતીને શું કહે છે? બાઢ. દરિયામાં ભરતી આવે ને. ભગવાન અંદર આનંદના સાગરથી ભર્યો છે એમાં એટલી એકાગ્રતા થઈ. છઠ્ઠી-સાતમી ભૂમિકા મુનિ કોને કહીએ! એટલી એકાગ્રતા થઈ કે પોતાની પર્યાયમાં-અવસ્થામાં આનંદની ભરતી આવે છે. અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે તો ભગવાન 'કુંદકુંદાચાર્ય'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે, પ્રચુર સ્વસંવેદનરૂપ સ્વસંવેદનથી અમારો નિજ વૈભવ ઉત્પન્ન થયો છે. ઈ વૈભવ છે. ધન્યકુમારજી! અહીં તમારા પૈસાના વૈભવની વાત નથી કરતા, જુઓ! નિજ વૈભવ. એ.. સેઠી! આ તમારી ધૂળ છે, એ તો ધૂળ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે જ ક્યાં એની? એવી એની છે જ નહિ ને.

નિજવૈભવ. આહાહા...! ભગવાન આત્મા રાગથી પ્રથમ પૃથક્ થઈને સ્વભાવથી અપૃથક્ નામ અભેદ તન્મય થઈને પોતાનું સંવેદન-સ્વસંવેદન પ્રગટ કર્યું. પછી આગળ વધીને બહુ પ્રચુર સ્વસંવેદનરૂપ સ્વસંવેદન પ્રગટ કર્યું. એવો અમારો નિજવૈભવ વર્તમાનમાં છે. એનાથી હું સમયસાર કહીશ. એમ કહેશે. સમજાય છે કાંઈ? અમારી ભૂમિકામાં અમારી દશા છે એવી. એ દશામાં હું સમસયાર કહીશ. આહાહા...! ભગવાન કહે છે ને કહીશ એમ નહિ. અમારે કાંઈ લેવાદેવા નથી એમ નહિ. અમે પ્રચુર સ્વસંવેદનથી અમારો વૈભવ-પર્યાયમાં આનંદની ભરતી આવી ગઈ છે-સાધુપણું આ માર્ગ કેવો છે એ કહીશું. ઈ આવે છે ને?

'પ્રવચનસાર'માં ચરણાનુયોગમાં આવે છે. આ ચારિત્રના પ્રણેતા અમે ઊભા. આ ઊભા. ઈ ચરણાનુયોગમાં છે. પહેલી ગાથા છે ને? આ રહ્યા અમે પ્રણેતા. જુઓ! શું છે? '**तत्प्रतिपद्यताम्। यथानुभूतस्य तत्प्रतिपत्तिवर्त्मनः प्रणेतारो वयमिमे तिष्ठाम**' કહે છે, યથાનુભૂત માર્ગ-શ્રામણ્યનો યથાનુભૂત માર્ગ, સાધપુણાનો યથાનુભૂત માર્ગ '**તેના પ્રણેતા અમે આ ઊભા.**' આ અમે ઊભા છીએ. માર્ગ કેવો છે એ અમારા (જ્ઞાનમાં છે). ત્રણ કષાયના અભાવમાં આનંદ કેવો છે અને એ ભૂમિકામાં અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ કેવો છે, તે બધાની અમારા અનુભવથી અમે વાત કરીએ છીએ. ચરણાનુયોગમાં શરૂઆતમાં પહેલી ગાથામાં લીધું છે. પહેલી ગાથા, હોં! શરૂઆતમાં જુઓ. ૨૦૧ (ગાથા). સમજ્યા? '**दुःखमोक्षार्थी तथा तत्प्रतिपद्यताम्। यथानुभूतस्य तत्प्रतिपत्तिवर्त्मनः प्रणेतारो वयमिये तिष्ठाम**'. આહાહા..! ભગવાન કહે છે એમ નહિ, અમે કહીએ છીએ. અનુભવ કરીને સાધુપદ કેવું છે અને સાધુપદની ભૂમિકામાં ચરણાનુયોગનો બાહ્ય વ્યવહારનો વિકલ્પ કઈ જાતનો છે, અઠ્યાવીસ મૂળગુણ આદિ અમારા ખ્યાલમાં નિશ્ચય-વ્યવહાર બધું છે. એમ અમે કહીશું. સમજાય છે કાંઈ? આ તો શાસ્ત્ર છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' 'પંચાસ્તિકાય', 'અષ્ટપાહુડ' તો ભરી દીધા છે. ન્યાયથી ભર્યા પડ્યા છે. કેવળજ્ઞાનની ખોટ પૂરી કરી નાખી છે. સમજાય છે કાંઈ? ભગવાન પાસે ગયા હતા. કહો.

કહે છે, '**આ સમસ્ત લોક...**' એક સમ્યગ્દષ્ટિ સિવાય. '**કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી...**' ભાષા લીધી, ભાઈ! શું કહે છે? એકત્વથી તો વિરુદ્ધ છે. પોતાનો શુદ્ધ સ્વભાવ, પોતામાં એકત્વ કરવું તે તો યથાર્થ છે. એવા એકત્વથી વિરુદ્ધ છે. એકલા રાગમાં એકત્વ થવું એ રાગથી પૃથક્ અને સ્વભાવથી એકત્વથી તો વિરુદ્ધ છે. સમજાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? આહાહા..! એ કથા બધાએ સાંભળી છે એ એકત્વથી તો વિરુદ્ધ છે. પોતાનો ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિમાં એકપણું, એકપણું તેનાથી આ કામભોગ કથા વિરુદ્ધ છે. **'એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે...'** અત્યંત દુઃખદાયક વાત છે. સમજાય છે કાંઈ?

કથા શબ્દ એટલે? ભાષા નહિ, ભાવ. એ તો કથા શબ્દ ક્યાં નુકસાન કરે છે? એ તો કથા શબ્દ લીધો છે. પણ કથા (શબ્દ) તો વાચક છે, એમાં જે ભાવબંધ છે-જે રાગથી પૃથક્ એવું જે એકત્વ છે, એમાં રાગમાં લાભ માનવાની એકત્વબુદ્ધિ છે એ કામભોગની બંધ કથા એકત્વથી વિરુદ્ધ હોવાથી અત્યંત બૂરું કરનારી છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? શુભરાગમાં એકત્વબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ અત્યંત બૂરું કરનારી કામભોગની કથા છે, એમ કહે છે. એકપણાથી વિરુદ્ધ એ કામભોગની કથા. અથવા રાગથી ભિન્ન સ્વભાવથી એકત્વ, તેનાથી વિરુદ્ધ રાગથી એકપણું, પુણ્ય-પાપના વિકલ્પથી એકપણું છે તે જ કામભોગની કથા છે. સમજાણું?

**'અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બૂરુ કરનારી છે).'** આમાં ઈ શબ્દ લીધો છે, (ગુજરાતીમાં) અત્યંત બૂરુ કરનારી લીધો છે. આપણે જૂની પ્રતમાં. અનિષ્ટ કહો કે બૂરું કહો. સમજાય છે કાંઈ? **'તોપણ,...'** હવે ભાષા કરે છે, જુઓ! આમ છે. ભવગાન આત્મા પોતાની શુદ્ધ દશાથી શુદ્ધ સ્વભાવમાં એકત્વ છે એ તો વસ્તુસ્થિતિ છે. એવા એકત્વથી વિરુદ્ધ. પરરાગ પોતાના એકત્વથી વિરુદ્ધ, હોં! રાગમાં, પુણ્યમાં, વિકલ્પમાં, પરના લક્ષમાં, પરની ઈચ્છામાં, પરના ભોગમાં. રાગાદિ, હોં! એમાં એકત્વ થવું એ મહા ભૂંડું છે. ભૂંડાને શું કહે છે? મહા બૂરા હૈ. ભૂંડા અમારી ગુજરાતી ભાષા છે. બૂરું કરનારી છે-ભૂંડું કરનારી છે, દુઃખદાયક છે. **'તોપણ, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે,...'** દેખો! સમસ્ત જીવલોકને, માથે શબ્દ પડ્યો છે. સમસ્ત જીવલોકને. એકેન્દ્રિયથી માંડીને જ્યાં સુધી રાગ અને પુણ્યનો વિષય કરીને પડ્યો છે, તે સમસ્ત લોકને એકત્વથી વિરુદ્ધ દુઃખદાયક હોવા છતાં એ અનંત વાર ભાવબંધની વાત એણે સાંભળી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કેટલાક તો નિગોદ-નિત્યનિગોદમાંથી નીકળશે પણ નહિ. ત્રસ પણ નહિ થાય. એને ક્યાં એમાં નાખ્યા? નાખ્યા. સાંભળ તો ખરો! કોઈક ત્રસપણું પણ નહિ પામે. એવા અનાદિઅનંત જીવની સંખ્યા ઘણી છે. સમજ્યા? તોપણ સાંભળ્યું છે. કેમકે એણે રાગથી, વિકલ્પથી પૃથક્ ભગવાન એવા એકત્વથી વિરુદ્ધ રાગની ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું એણે સાંભળ્યું છે. સાંભળ્યા કરતાં વેદન કરે છે. પછી સાંભળ્યું નથી ક્યાં આવ્યું? ભાવથી સાંભળ્યું છે, ભાવથી પરિચય કર્યો છે અને ભાવથી વેદન કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! 'મૂળ માર્ગ સાંભળો જૈનનો રે...' 'શ્રીમદ્દે' ગાયું છે ને? ભાઈ! આ રાગાદિ વિકલ્પથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર શુદ્ધ ચિદાનંદ પ્રભુની અંતરમાં દૃષ્ટિ થવી અને એનું સ્વસંવેદનજ્ઞાન થવું અને એમાં સ્વરૂપઆચરણની સ્થિરતા થવી એ જ જૈનશાસન છે. એ જૈનશાસન ત્યાંથી શરૂ થાય છે. સમજાય છે કાંઈ? એ મૂળ માર્ગ જૈનનો છે. જૈન પરમેશ્વરે એ માર્ગ કહ્યો છે.

કહે છે, આ એકત્વથી ભગવાન સ્વભાવના એકપણાથી વિરુદ્ધ રાગ, પુણ્ય, ઈચ્છા, ભોગ, કર્તા-ઈચ્છાનું કરવું.. આ બધાના આમાં બીજડાં છે, ભાઈ! કર્તા-કર્મનું પણ બીજડું છે અને બધાના બીજડાં આમાં છે. આ તો બાર ગાથામાં તો આખી ભૂમિકા 'જયસેનાચાર્યે' કહી દીધી છે. બાર ગાથામાં.. શું કહેવાય? પીઠિકા, બાર ગાથામાં પીઠિકા કીધી છે. પછી તેરમી ગાથાથી વિસ્તાર કર્યો છે. થોડામાં તો બાર ગાથામાં સમજી લેશે એમ 'જયસેનાચાર્ય' અંદર ટીકામાં કહે છે. પીઠિકા. ઝાડ હોય છે ને? પીઠિકા બાંધી. બાર ગાથામાં બધું સમાવી દીધું છે. બાર અંગનો સાર. પછી વિસ્તાર (કર્યો છે). સામાન્ય બુદ્ધિ સંક્ષેપમાં ન સમજી શકે તો પછી એને તેરમીથી વિસ્તારમાં કહેવામાં આવ્યું છે. પીઠિકા છે ને? ભાઈ! એમાં ક્યાંક છે. બાર ગાથા સુધી પીઠિકા કહી છે. '**अथ कश्चिदासन्नभव्यः पीठिकाव्याख्यानमात्रेणैव हेयोपादेयतत्त्वं परिज्ञानय विशुद्धज्ञानदर्शनस्वभावं निजस्वरूपं भावयति।**' '**अथ कश्चिदासन्नभव्यः**' જીવ. બહુ નજીક મુક્તિ છે એવો પ્રાણી '**पीठिकाव्याख्यानमात्रेणैव**' આ બાર ગાથાની પીઠિકામાત્ર વ્યાખ્યાનથી '**हेयोपादेयतत्त्वं**' આવ્યું, જુઓ! રાગ હેય છે તો ભગવાન આત્મા ઉપાદેય છે. એવું '**परिज्ञानय विशुद्धज्ञानदर्शनस्वभावं निजस्वरूपं भावयति। विस्तररुचिः**' માટે હવે અધિકાર શરૂ થાય છે. તેરમી ગાથાથી. હેય ઉપાદેય કીધું ને? પાછું ઉત્પન્ન કરે છે વિશુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર. ભગવાન આત્મા રાગથી વિકલ્પથી પૃથક્ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની અંતર રુચિ, દૃષ્ટિ, અનુભવ છે તે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. સમજાય છે કાંઈ? એમ ગાથા સાંભળીને પણ હેય ઉપાદેયનું ભાન કરી શકે છે. ન કરી શકે એને વિસ્તાર રુચિથી તેરમીથી સમજાય. આ તો બધી ગાથાઓનું બીજ છે. શું કહ્યું?

પહેલા અનંત વાર સાંભળવામાં આવી છે. ઓહો..! નિગોદનો જીવ પણ રાગને, વિકારને વિષયને અનુભવે છે. એ વિષય જ છે. પરવિષય છે, પરવિષય. સમજાય છે કાંઈ? તેથી ૩૧મી ગાથામાં લીધું ને? ભાઈ! '**जो इंदिये जिणित्ता**'. એમ લીધું. સમ્યગ્દર્શન જ્યાં ઉપાડ્યું પહેલું '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**'. અતીન્દ્રિયની સામે ઈન્દ્રિય. ઈન્દ્રિયને જીતી એને કહીએ કે વિકલ્પ છે, વિષય છે અને ખંડ ઈન્દ્રિય છે. ખંડ ઈન્દ્રિય છે, દ્રવ્યેન્દ્રિય છે. ખંડ ઈન્દ્રિય એટલે ભાવેન્દ્રિય. ખંડ ઈન્દ્રિય એક સમયની પર્યાય ખંડ. દ્રવ્યેન્દ્રિય અને વિષય. ત્રણેનું લક્ષ છોડી પોતાના અતીન્દ્રિય આત્મામાં એકાકાર થાય છે તેણે ઈન્દ્રિય જીતી કહેવામાં આવે છે. પાઠમાં છે ને? ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય, એનો વિષય. ત્રણ લીધા છે પાઠમાં, ૩૧ ગાથામાં. '**जो इंदिये जिणित्ता**'. 'અમૃતચંદ્રાચાર્યે' ત્રણે લીધા છે. '**इंदिये जिणित्ता**'માં ઈન્દ્રિયને જીતવામાં ત્રણ બોલ લીધા છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે વિષય. વિષયમાં તો બધું આવે છે. લોકોને જરી કઠણ પડે છે. અહીં તો કામ આવ્યું ને એટલે જરી ખ્યાલમાં આવી ગયું. વિષય સમજ્યા? શબ્દ સાંભળવાની ઈચ્છા પણ એ પરવિષય છે. આકરી વાત છે. સમજાય છે કાંઈ? પરવિષય છે. શબ્દ સાંભળવા એ પરવિષય છે, સ્વવિષય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્ર સાંભળે એ પરવિષય છે. ભગવાનની મૂર્તિને જોવી એ પરવિષય છે, સ્વવિષય નહિ.

આ તો ભાઈ મૂળ વાત છે. મૂળ વાતમાં એકલા તત્ત્વના બીજડાં પડ્યા છે. 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય'. ટીકા તે ટીકા, ભરતક્ષેત્રમાં કોઈ અજોડ ટીકા છે. છે એવા સત્યનો પ્રવાહ ખોલી નાખ્યો છે. સમજાય છે કાંઈ? પોતાની ભૂમિકામાં રહીને વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયા. વાણીથી, હોં! અમે નથી રચ્યા, હોં! ભાઈસા'બ. અમને નહિ કહેતા, ગાળ નહિ દેતા એમ કહે છે ત્યાં. એમ મોહથી નહિ નાચતા, હોં! 'પ્રવચનસાર'માં છેલ્લી ગાથામાં કહ્યું છે. એમ મોહથી નહિ નાચતા કે અમે બનાવ્યું છે. શબ્દ તમને સમજાવી શકે છે અને અમે શબ્દના કર્તા છીએ એમ નહિ માનતા. એમ મોહથી ન નાચો. સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'ની છેલ્લી ગાથામાં છે. લઈ લીધા છે. શબ્દને કંઈ અમે નથી બનાવ્યા, ટીકા અમે નથી બનાવી, શબ્દથી બની છે. પુદ્‌ગલની પર્યાય છે. શું અમે એના કર્તા છીએ? હું તો જ્ઞાનમાં ગુપ્ત છું. ... 'અમૃતચંદ્રાચાર્ય' જ્ઞાનમાં ડૂબેલા છે. એનું કિંચિત્ કાર્ય નથી. આહા..! અહીં તો થોડા શબ્દ બોલે અને જ્યાં ભાષણ કરે ને એક પુસ્તક (બનાવે ત્યાં).. લખો, લખો. છાપામાં લખો કે અમે બનાવ્યું છે. અરે..! ભગવાન! શું છે? પરદ્રવ્યની ક્રિયા કોણ કરી શકે છે તું આવું અભિમાન કરે છે. સમજાય છે કાંઈ? ભગવાન! વાણી નીકળે છે એ કોણ બોલે? વાણીની પર્યાય શબ્દવર્ગણાથી ઉત્પન્ન થાય છે. આત્માનો વિકલ્પ છે તો વિકલ્પનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે એમ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? કોણ કરે વાણી અને કોણ રચે શાસ્ત્ર ને કોણ કરે ટીકા? નટુભાઈ! આ વકિલાત જુદી જાતની છે. આહાહા..!

કહે છે, ભલે એકત્વથી વિરુદ્ધ હો પણ અનંત વાર સાંભળવામાં તો આવી છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ જ વાત સાંભળી છે. જ્યારે તીર્થંકર પાસે ગયો (ત્યારે પણ) એને રાગ રુચ્યો છે, રાગ. વિકલ્પ ઠીક છે, પુણ્ય ઠીક છે, પરવિષય કર્યો તો રાગ થયો અને રાગ થાય તો સ્વભાવની દૃષ્ટિ થશે. તો એની મીઠાશ રાગમાં જ રહી ગઈ છે. સમજાય છે કાંઈ? એ કામભોગની કથા ભગવાન પાસે સાંભળી. દિવ્યધ્વનિ સાંભળીને? દિવ્યધ્વનિમાં જે કહેવું હતું, રાગથી પૃથક્ અને સ્વભાવથી એકત્વ એ તો કર્યું નહિ. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? ત્યાં પણ (એમ જ માન્યું કે) ભગવાન આમ કહે છે, હોં! રાગ છે ને, રાગ છે ને, કષાય મંદ છે ને, મંદતાથી અંદરમાં જવાની અનુકૂળતા થશે. ધર્માનુરાગથી અંદર (જવાશે). પણ ભગવાન! રાગની દિશા પર છે અને એની દશા છોડીને સ્વની દિશા કરવી એ તો એની દિશા છોડતાં થાય છે. શું પરની દિશા રાખીને સ્વમાં જાય છે? સમજાય છે કાંઈ? એવા જીવે પણ ભગવાન પાસે કામભોગની વાત સાંભળી છે. પોતાનો સ્વભાવ, રાગથી ભિન્નની વાત સાંભળી નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પ્રથમ શ્રાવણ વદ ૧૩, રવિવાર તા. ૧૪-૦૮-૬૬**
**ગાથા-૪. પ્રવચન-૧૬**

ચોથી ગાથા ચાલે છે. શું કહે છે આચાર્ય મહારાજ? 'કુંદકુંદાચાર્યદેવ' ચોથી ગાથામાં એમ કહે છે કે આ ભગવાન આત્મા જે શુદ્ધ આનંદઘન છે, તેને રાગ પુણ્ય-પાપના વિકલ્પ રાગ અને શરીર, કર્મથી ભિન્ન પોતાનું શુદ્ધ સ્વરૂપ પોતાની શુદ્ધ દૃષ્ટિ કરીને રાગથી ભિન્ન એકત્વની પ્રાપ્તિ થવી, આત્માને મહાદુર્લભ છે. સુલભ નથી. અહીં તો એમ શબ્દ છે, સુલભ નથી.

આત્મા એક સમયમાં પૂર્ણ આનંદ જ્ઞાયક અનંત ગુણનો પિંડ પ્રભુ, એને વિકલ્પ દયા, દાન આદિ વ્યવહાર વિકલ્પ કે અશુભ આદિ રાગ, તેનાથી ભિન્ન નિજ સ્વભાવની દૃષ્ટિ કરી રાગથી પૃથક્ કરી પોતાનું એકપણું પામવું મહાસુલભ નથી, એ સુલભ નથી. બીજી બધી ચીજ સુલભ છે. સમજાય છે કાંઈ? પુણ્યનું કરવું, પાપનું કરવું, એનું ફળ ભોગવવું એવી વાત અનંત વાર મળી છે તો એ સુલભ નથી એમ નથી. સુલભ નથી એમ નથી. બે નકાર થઈ ગયા ને? પંડિતજી! એ તો અનંત વાર (મળ્યું છે). આ ઈ વાત કરે છે, જુઓ!

ટીકા થોડી ચાલી છે. ફરીથી. '**આ સમસ્ત જીવલોકને,...**' એકેન્દ્રિયથી માંડી સમસ્ત જીવ જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધીની અહીંયા વાત કરે છે. સમ્યગ્દૃષ્ટિની વાત નથી. એ તો રાગથી, પુણ્યથી, વ્યવહારથી ભિન્ન પડી પોતાના એકત્વનો અનુભવ થયો છે તેની વાત અહીંયાં નથી. સમજાય છે કાંઈ? સમસ્ત લોકમાં એ કાઢી નાખ્યું. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સામાન્ય જ્ઞાયકસ્વભાવ ધ્રુવનું અવલંબન લઈને વિકલ્પ દયા, દાનાદિના રાગથી પૃથક્ થઈને નિજ એકત્વનો અનુભવ થયો એ તો સમ્યગ્દૃષ્ટિ છે. એને તો એકત્વ જે અસુલભ હતું એ સુલભ થઈ ગયું છે. સેઠી! જે અસુલભ હતું અર્થાત્ દુર્લભ હતું તેને સુલભ પ્રાપ્તિ થઈ ગઈ છે. ઉપલંભ. સમજાય છે કાંઈ? '**एयत्तस्सुवलंभो**' છે ને? ત્રીજા પદમાં. ભાઈ! '**एयत्तस्सुवलंभो**'. એકત્વની પ્રાપ્તિ કહો, એકત્વનો લાભ કહો, એકત્વનો અનુભવ કહો. એ ત્રીજા પદમાં છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એકત્વને પ્રાપ્ત-આત્માનો લાભ-સમ્યગ્દૃષ્ટિને તો થઈ ગયો છે. આત્માનો લાભ થઈ ગયો છે. એનો અર્થ શું? કે અનંત કાળમાં શુદ્ધ અભેદ ચૈતન્યમૂર્તિ હતો એનો લાભ નહોતો. તો લાભમાં શું હતું? રાગ, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ વિકારનો લાભ હતો. એ તો મિથ્યાત્વનો લાભ છે, આત્માનો લાભ નથી. સમજાય છે કાંઈ? આત્માનો લાભ તો એને કહે છે... આ વાણિયા નથી કહેતા? લાભ સવાયા. લક્ષ લાભ. વાણિયા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ કહે, સવાયા લાભ. એ લાભ નહિ. અહીંયાં તો ભગવાન ઉપલંભ. આત્મા આનંદસ્વરૂપનો અતીન્દ્રિય અનુભવ થવો, આનંદનું વેદન થવું. વેદન દ્વારા આખો આત્મા અતીન્દ્રિય આનંદ છે એમ અનુભવપૂર્વક નિર્વિકલ્પ પ્રતીતિ થવી એનું નામ આત્માનો લાભ થયો કહેવામાં આવે છે. આત્માના લાભનો અર્થ આત્મા કોઈ નવી ચીજ છે? પણ દૃષ્ટિમાં લાભ નહોતો એ દૃષ્ટિમાં લાભ થયો. એ અપેક્ષાએ એકત્વ ઉપલંભ કહ્યું છે. એ સુલભ નથી, સુલભ નથી પણ જ્ઞાનીને સુલભ થઈ ગયું છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એ સિવાયના જીવ '**સમસ્ત જીવલોક...**' એકેન્દ્રિય નિગોદથી માંડી બધા. '**કામભોગસંબંધી કથા...**' કામ નામ ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું. ઈચ્છાનું કરવું અને ઈચ્છાનું ભોગવવું. એવી કથા અથવા બંધભાવની કથા. ભગવાન આત્મા અબંધસ્વભાવી છે. વસ્તુ અબંધસ્વભાવી આત્મા છે. એમાં બંધ કથા–પુણ્ય ને પાપ વિકલ્પથી બંધ થાય છે એવી વાર્તા, બંધકથા '**એકપણાથી વિરુદ્ધ હોવાથી...**' એ રાગ ભાવબંધથી પૃથક્ પોતાનું સ્વરૂપ છે એવા એકપણાથી પુણ્યની વાત, પુણ્યનું કરવું, રાગનું કરવું, રાગને ભોગવવો એ સ્વભાવના એકત્વથી વિરુદ્ધ હોવા છતાં. હોનેપર ભી, કહે છે? હિન્દીમાં શું કહે છે? સમજાય છે કાંઈ? વિરુદ્ધ હોવા છતાં અત્યંત વિસંવાદ કરનારી છે. વિરુદ્ધ હોવાથી ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ કરવા, ભોગવવા અને બંધભાવમાં એકત્વ થવું એ, સ્વભાવથી–રાગથી ભિન્ન (સ્વના) એકપણાથી–વિરુદ્ધ હોવાથી અત્યંત ઝઘડો કરાવનારી છે, દુઃખ કરાવનારી એ કથા છે. કથા શબ્દે ભાવ. કથાના વાચકનું અહીંયાં કામ નથી. શબ્દ તો કથા લે છે, હોં! કામભોગ સંબંધી કથા. કથાનો અર્થ ભાવ. સમજાય છે કાંઈ?

એવો ભાવ અત્યંત વિસંવાદી હોવાથી '**તોપણ, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે,...**' અનંત વાર નિગોદના જીવને અને પંચેન્દ્રિય જીવને પણ રાગ કરવો, રાગને ભોગવવો, બંધભાવ મારી વસ્તુ છે એવો અનુભવ અનંત વાર જીવને થઈ ગયો છે. સમજાય છે કાંઈ? '**અનંત વાર પરિચયમાં આવી છે...**' અનંત વાર અભ્યાસ પણ થઈ ગયો છે. નિગોદથી માંડી મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી નવમી ગ્રૈવેયક સુધી ચાલ્યો ગયો તોપણ એ રાગની કથા એણે અનુભવી છે, એને વિકારનો જ અનુભવ છે. વિકારથી રહિત મારું અખંડ આનંદસ્વરૂપ છે એનો એને અનુભવ નથી. તો કહે છે કે પહેલા અનંત વાર વિકથા અને વિકાર અભ્યાસમાં આવી ગયો છે. ભાવબંધ, ભાવબંધ. પુણ્ય-પાપનો સ્વભાવ, એમાં રોકાવું એવો ભાવબંધ અનંત વાર ભાવબંધથી ભિન્ન એકત્વથી વિરુદ્ધ હોવા છતાં અનંત વાર એ ભાવ અનુભવમાં આવી ગયો છે. અનંત વાર અનુભવમાં આવી ગયો છે. કેમ?

જીવલોક–આ જગતના એકેન્દ્રિય, પંચેન્દ્રિય આદિ પ્રાણી '**સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે,...**' આહાહા..! ચક્ર હોય ને? ચક્ર. ઘંટી હોય ને? ઘંટીને શું કહે છે? ચક્કી. ચક્કીના બે પડની મધ્યમાં. બે પડની મધ્યમાં. એમ લખ્યું છે, જુઓ! '**સંસારરૂપી ચક્ર...**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુણ્ય-પાપરૂપી ભાવ એ સંસારની ચક્કી છે. આહાહા..! શુભ-અશુભભાવ એ કર્મચક્ર છે. સૂક્ષ્મ વાત છે પણ ભાષા સાદી છે. એમાં કંઈ કઠણ નથી. એમ લાગે કે અરે..! આ તો ઝીણી ઝીણી (વાત છે). ભગવાન! અહીંયાં કહે છે, સંસારરૂપી ચક્ર. ચક્ર કેમ કહ્યું? ચક્કીના બે પડની વચ્ચે રહે છે ઈ પિસાઈ જાય છે. એમ પુણ્ય અને પાપના ચક્રમાં રહે છે તે ચાર ગતિમાં દુઃખમાં પિસાઈ જાય છે. સમજાય છે કાંઈ? સંસારરૂપી ચક્ર, એમાં પણ મધ્યમાં પાઠ લીધો છે. છેડે હોય એ તો નીકળી જાય. વચ્ચે હોય.. ઘંટીનું પડ હોય ને? વચ્ચે જ્યાં ખીલો હોય ને? ખીલો હોય છે ને? ખીલો કહે છે ને? ખીલામાં હોય તો પીસાય નહિ.

એમ ભગવાન આત્મા પોતાના સ્વરૂપની રાગથી પૃથકતાને ભૂલી રાગ સાથે એકાકાર થઈને ચક્રની મધ્યમાં સ્થિત છે. પુણ્ય-પાપના વિકલ્પની મધ્યમાં સ્થિત છે. પુણ્ય અને પાપ, પુણ્ય અને પાપ, શુભ ને અશુભભાવ. સમજાય છે કાંઈ? શુભ-અશુભભાવથી રહિત સ્વદિશાનું, સ્વદશાનું સ્વદિશા તરફ થઈને સ્વદશામાં પુણ્ય-પાપથી ભિન્નતા થવી એને સુલભ નથી. સમજાય છે કાંઈ? દુર્લભ છે. કેમકે અનંત કાળથી એ દિશા જ જોઈ નથી. ખુલાસો કરશે. '**ચક્રના મધ્યમાં સ્થિત છે,...**' શુભ-અશુભ વિકલ્પની મધ્યમાં સ્થિત છે. ભગવાન આત્મા એ શુભ-અશુભ રાગથી ભિન્ન છે, એની સાથે એકપણું નથી. સ્વભાવથી એકપણું છે. એવું સ્વરૂપ છે. પણ એને ખોઈને પુણ્ય-પાપની મધ્યમાં સ્થિત છે તો નિરંતર.. નિરંતર ને? '**अश्रान्त**'. '**अश्रान्त**'નો અર્થ કર્યો ને? ભાઈ! '**अश्रान्त**' સંસ્કૃતમાં છે ને? વિરામ (નથી). '**अश्रान्त**'-શાંતિ નથી. વિરામ વિના. નિરંતર-હંમેશાં.

'**દ્રવ્ય,...**' પ્રત્યેક પ્રાણી. નિગોદથી માંડી, નિત્યનિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધી મિથ્યાદષ્ટિ ગયો એ બધા જીવની વાત લીધી છે. પંચ મહાવ્રત અનંત વાર લીધા, અઠ્ઠાવીસ મૂળગુણ અનંત વાર પાળ્યા. એ બધું કર્મ ચક્ર છે. સમજાય છે કાંઈ? આહાહા..! એની મધ્યમાં રહીને '**નિરંતરપણે દ્રવ્ય,...**' જગતના પદાર્થના સંયોગમાં પરિભ્રમણ કર્યું, ક્ષેત્રમાં પરિભ્રમણ કર્યું, કાળમાં પરિભ્રમણ કર્યું, ભવમાં પરિભ્રમણમાં કર્યું. હવે આપણે વજન અહીંયાં લેવું છે, ભાઈ! ભાવમાં લેવું છે. ભાવ-શુભ અને અશુભ બેય ભાવ. બેય અનંત પરાવર્તનને કારણે. બેયમાં અનંત વાર શુભાશુભ ભાવ થઈ ગયા છે. દેખો! અહીંયાં કહે છે, નિગોદને પણ અનંત વાર શુભાશુભ ભાવ થઈ ગયા છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આ શું કહે છે?

જીવલોક. જીવલોકમાં પહેલાં શું (કહ્યું)? સમસ્ત જીવલોક. સમસ્તમાં પહેલાં શું? એકેન્દ્રિયથી નવમી ગ્રૈવેયક ગયો મિથ્યાદષ્ટિ એ સમસ્ત લોકની વાત છે. એમાં '**ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે...**' ભાવ-શુભ અને અશુભ બેય નિગોદમાં પણ છે. બધામાં અનંત પરાવર્તન કર્યા. ફૂલચંદજીએ તો હમણાં કાઢ્યું હતું ને? શાતા-અશાતા, શાતા-અશાતા, શાતા-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અશાતા ક્ષણે ક્ષણે બાંધે જ છે. નિત્યનિગોદ પણ. નિત્યનિગોદમાં શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ અનંત વાર થયા છે. સમજાય છે કાંઈ? મનુષ્ય થાય છે ત્યારે શુભ થાય છે એ જુદી જાતના. નિગોદમાંથી જ્યારે મનુષ્ય થાય છે ત્યારે જે શુભભાવ થાય છે એ બીજી જાતના. એ શુભભાવ થાય છે તો મનુષ્યનું આયુષ્ય બંધાઈ જાય છે અને બહાર આવી જાય છે. ઈ નહિ. ઈ સિવાય અનંત વાર મનુષ્યપણું પ્રાપ્ત કર્યા વિના નિગોદમાં પણ તેમાં રહીને શુભ અને અશુભભાવ અનંત વાર પરાવર્તન કર્યા છે.

મુમુક્ષુ :- પરાવર્તન એટલે?

ઉત્તર :- પરિભ્રમણ, રખડવું. પરાવર્તન-ફરવું. શુભ-અશુભમાં ફરવું. શુભ-અશુભમાં ફર્યો. ભગવાન આત્મા શુભ-અશુભથી રહિત છે એવો અનુભવ કદી કર્યો નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એને શુભાશુભ ભાવ છે. અહીં તો ભાવપરિભ્રમણ કર્યું તો ચાર ગતિનું ભ્રમણ થયું, એમ. બહાર ભલે ન નીકળ્યો હોય, એ તો પહેલાં કહ્યું નહિ? એ કથા સાંભળી તો નથી પણ એ ભાવનો અનુભવ થયો તો કથા સાંભળી એમ કહેવામાં આવે છે. એમ ચાર ગતિનો જે ભાવ છે તેને વેદન કરે છે તો ચાર ગતિમાં ભ્રમણ કરે છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો આપણે વજન દેવું છે, ભાવ (ઉપર). ભાઈ! નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક પર્યંત મિથ્યાદૃષ્ટિ જે જૈન દિગંબર થઈને ગયો એણે ભાવ શુભાશુભ પરાવર્તન અનંત વાર કર્યા છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ. શુક્લલેશ્યાની વાત છે, હોં! એને શુક્લલેશ્યા નથી. નિગોદને શુભભાવ છે. શુક્લલેશ્યા નહિ. બહાર નીકળીને જૈન દિગંબર સાધુ થયો, મહા પંચ મહાવ્રત ચોખ્ખા (પાળે). બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવવા આવે તો ચળે નહિ એવો શુભભાવ (થયો) પણ રાગ એ મારું કર્તવ્ય છે, મારી ફરજ છે, મારું આચરણ છે, એ જ મારું કામ છે. એવી બુદ્ધિ ત્યાં રોકાઈ ગઈ છે તો એણે શુભાશુભભાવમાં અનંત વાર પરિભ્રમણ કર્યું છે. સમજાય છે કાંઈ? આ કામભોગ શબ્દમાં ઈ છે. કામભોગ એટલે આ ભોગ ને એવી વાત નથી. એવું તો બહારનું અનંત વાર છોડ્યું છે. બહારના કામભોગ બાયડી-સ્ત્રી, છોકરાના ભોગ તો અનંત વાર છોડ્યા. એમાં શું થયું? નવમી ગ્રૈવેયક ગયો ત્યારે

કામ નામ રાગ અને ભોગ નામ ભોગવવું-અનુભવવું. બીજી ભાષાએ (કહીએ તો) રાગ-વિકલ્પનું કરવું અને વિકલ્પને ભોગવવો. એવો નિર્વિકલ્પ પોતાનો સ્વભાવ, રાગથી ભિન્નની વાત (અને) એકપણાની સાંભળી નથી. આ વાત અનંત વાર સાંભળી છે. ઝીણી વાત છે, જયસુખભાઈ! આહાહા..! ભગવાન! કહે છે કે તેં વાત સાંભળી નથી. રાગ છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ બંધભાવ છે અને બંધભાવમાં શુભાશુભભાવ (છે). બસ, એને કારણે અનંત વાર દ્રવ્યસંયોગ મળ્યો, અનંત વાર ક્ષેત્રમાં પરિભ્રમણ કર્યું, અનંત વાર કાળમાં પરિભ્રમણ કર્યું, અનંત વાર ભવમાં (પરિભ્રમણ કર્યું). અને એ ભવના કારણરૂપ ભાવ એમાં અનંત વાર શુભાશુભ ભાવ કર્યા.

**'અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે...'** એ તો ભ્રમણ-ગતિ, ભ્રમણ.. ભ્રમણ.. ભ્રમણ.. ભ્રમણ થયું છે. ભગવાન આત્મા રાગ અને વિકલ્પથી રહિત, એના અનંત આનંદનો અનુભવ નહિ કરીને એ શુભાશુભ ભાવના કર્તા-ભોક્તાના દુઃખનું જ એને વેદન થયું છે. શુભભાવ પણ દુઃખ છે. પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખ છે.

મુમુક્ષુ :- દેવને પણ દુઃખ છે?

ઉત્તર :- દેવને તો વળી મોટું દુઃખ છે. શાસ્ત્રમાં લખ્યું છે ને? અંગારા. દેવના વિષયના અંગારામાં શેકાશે. શેકાશેને શું કહે છે? શેકાય છે. સમજાય છે કાંઈ? દેવલોકમાં ધૂળ છે. ત્યાં ઈન્દ્રિયના વિષય તરફ અશુભ (ઉપયોગ) જાય છે તો રાગ-અગ્નિ છે, અગ્નિ છે. શુભભાવના ફળમાં અગ્નિના અંગારામાં શેકાશે, એમ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે.

મુમુક્ષુ :- એકેન્દ્રિયમાં જાય..

ઉત્તર :- ધૂળમાં દેવમાં છે શું? દેવમાં ને એકેન્દ્રિયમાં બધા ગતિના ભેખ છે. ગતિના પરના ભેખ છે. શુભભાવ થયો તો ગતિનો ભેખ પલટાયો-સ્વર્ગનો. આત્મા ક્યાં પલટાયો એમાં? બધા ભેખ પલટ્યા. કોઈ વખત સ્વર્ગનો ભેખ આવ્યો, કોઈ વખત નરકનો ભેખ આવ્યો. ભેખ પલટ્યો પણ અંતર દશા ક્યાં પલટી છે? સમજાય છે કાંઈ?

અહીંયાં તો પહેલેથી વાત (છે કે), ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદ પ્રભુ એ રાગનો પણ કર્તા નથી. વિકલ્પ, વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો કર્તૃત્વ આત્મામાં નથી. થઈ જાઓ, પણ હું કરું એવી બુદ્ધિ સમ્યગ્દૃષ્ટિની નથી. આવો મિથ્યાદષ્ટિ શુભભાવમાં કર્તૃત્વ માનીને શુભભાવનો સ્વામી થઈ, મિથ્યાદષ્ટિ થઈ શુભ-અશુભભાવમાં અનંત વાર પરિભ્રમણ કર્યું. સમજાય છે કાંઈ? **'જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે,...'** એમ કહે છે. ગતિ, ગતિ, ગતિ. ફૂદડી ફરે છે ને? આમ ફૂદડી નથી ફરતા? આમ આમ ફરતાં ફરતાં ગતિ એવી થઈ જાય છે, હોં! એકદમ ભમે. એકદમ જો રોકે તો પડી જાય. એવા ચક્કર આવે. દાખલો નહોતો આપ્યો? ચક્કર.

'શ્રીમદ્ રાજચંદ્રે' લખ્યું છે. સોળ વર્ષની ઉંમરે, હોં! એની તો બુદ્ધિ બહુ હતી ને! સોળ વર્ષ-એક અને છ. સમજાય છે કાંઈ? 'તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો'. સોળ વર્ષે કહે છે. મોક્ષમાળા બનાવી. ૧૦૮ પાઠ (લખ્યા). સાત વર્ષે જાતિસ્મરણ થયેલું. સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ પૂર્વ ભવનું ભાન હતું. અને ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. સોળ વર્ષે ૧૦૮ પાઠ બનાવ્યા- મોક્ષમાળા. માળાના ૧૦૮ મણકા હોય છે. તો ૧૦૮ બનાવ્યા. સોળ વર્ષ-એક અને છ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દેહની બાળ અવસ્થા. આત્માને કોઈ અવસ્થા-બવસ્થા લાગુ નથી પડતી. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,' જુઓ! એનું ચક્ર શું કહે છે? 'તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' શું કહે છે? જુઓ! સોળ વર્ષે. 'તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' આંટો સમજ્યા? ચક્કર. એક ચક્કર જો ફરી જાય તો બધું ફરી જાય. એક આંટો ફરી જાય તો બધું ફરી જાય. પણ અનંત કાળમાં પરિભ્રમણ કરીને ચક્રને.. જુઓ! ત્યાં પણ ચક્ર આવ્યું, અહીંયાં પણ ચક્ર છે. 'તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' કેમ કર્યું? આમ ચક્ર ચાલતાં.. ચાલતાં.. ચાલતાં.. ચાલતાં.. જો ઊભો રહી જાય તો ચક્રનો ફેર મટી જાય. ગુલાંટ ખાઈ જાય તો મટી જાય. શું કહે છે? આમ આમ કરતાં જો ઊભો રહી જાય તો પડી જાય. પણ આમ ફૂદડી ફરતા ફરતા જો આમ એક વાર ફરી જાય તો ઊભો રહી જાય. એક ચક્કર ઊંધું મારે તો ઊભો રહી જાય. ચક્કર મટી જાય. સમજાય છે કાંઈ?

એમ અનંત કાળથી મિથ્યાદૃષ્ટિ.. અહીં હમણાં કહેશે. ભૂત વળગ્યું છે, મિથ્યાત્વનું ભૂત વળગ્યું છે એને. પાંચ વિષયોની અંદર શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ (બધા આવી જાય). વિષય શબ્દે એકલો ભોગ નહિ. ભગવાનની વાણી સાંભળવી પણ પરલક્ષે સાંભળવી એ પણ વિષય છે.

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરવા એ પણ વિષય થઈ ગયો?

ઉત્તર :- વિષય છે તો શું છે? ખંડ ઇન્દ્રિય, પોતાની ખંડ ભાવઇન્દ્રિય છે તેનું લક્ષ કરીને બહાર જોવું તે ઇન્દ્રિયનું અજીતવું છે. ખંડ ઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય તો કહી હતી. ખંડ ઇન્દ્રિય એટલે ભાવઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને વિષય. બધા વિષય. એ ત્રણેને જીતીને અતીન્દ્રિય દૃષ્ટિ થાય છે ત્યારે ઇન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આમ ઇન્દ્રિયને બહારથી જીતી એમ ઇન્દ્રિયને જીતી નથી. ઇન્દ્રિયનું ભાવજ્ઞાન જે ખંડ ખંડ છે તેના દ્વારા અવલંબન કરીને જોવું એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમજાય છે કાંઈ? છે ને એમાં? ૩૧ ગાથામાં છે ને? ભાઈ! એમાં બહુ વિસ્તાર કર્યો છે. જુઓ!

ભાવેન્દ્રિય... '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે.**' જ્ઞાનને ખંડ ખંડ રૂપે જણાવે છે. ગુજરાતી ભાષા છે. જ્ઞાનની પર્યાયમાં ખંડ ખંડ જાણે છે અને ખંડ ખંડ એક વિષયને જાણે છે એ મિથ્યાદૃષ્ટિ છે. જુઓ! અંદર. આ સમયસાર તો બધા ગૂઢ રહસ્યથી ભર્યું છે. ભાવઇન્દ્રિય છે ને વચમાં? ભાઈ! વચમાં છે. આપણે ભાવેન્દ્રિયની વાત છે. '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે.**' જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે. '**(અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિય...**' એ જ્ઞાનની ખંડખંડ ઇન્દ્રિયથી જોવું એ પણ બંધકથાની વાત છે. અહીંયાં અખંડ જ્ઞાયકભાવ જે ચૈતન્ય છે, એની દૃષ્ટિ કરીને જાણતો

નથી અને એકલી ભાવેન્દ્રિય ખંડખંડથી એમાં લક્ષ કરીને જ્ઞાનને ખંડખંડ જણાવે છે અને તે સમયે એકલું પરવિષય ઉપર જ લક્ષ જાય છે. બેય બંધકથા છે અને બેય ભાવબંધનું કારણ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! નથી સમજાતું એમ ન લેવું, હોં! આત્મા છે, ભગવાન છે ને, ભાઈ! એમ ન લેવું કે કોઈ વાત સૂક્ષ્મ આવી જાય તો અમને ન સમજાય. સમજમાં તો લ્યો, ખ્યાલમાં તો લ્યો કે આ ચીજ શું છે? આહાહા..!

સંસ્કૃતમાં છે. ખંડખંડ દેખાડે છે. બહુ સૂક્ષ્મ વાત છે ઈ. '**जो इंदिये जिणित्ता**' શબ્દ તો એવો પાઠ છે. પણ એ '**इंदिये जिणित्ता**'નો અર્થ એવો નથી. ઈન્દ્રિય નામ ભાવેન્દ્રિય જે અંદર ખંડખંડ ઈન્દ્રિય તરફની પર્યાય ઉપર લક્ષ કરીને પરને જોવું છે, એ બધો મિથ્યાત્વભાવ છે. એણે ઈન્દ્રિયને નથી જીતી. એમાં છે. ૩૧ ગાથા. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એકત્વ હોવા છતાં... દેખો! પરથી ખંડખંડ, વિષયો અને દ્રવ્યેન્દ્રિયથી ભિન્ન એકત્વ થવું, આ ઈ કહે છે. મહાઅસુલભ છે, સુલભ નથી. અનાદિથી આ સુલભ થઈ ગયો. જૈન સાધુ થયો. સમજાય છે કાંઈ? જૈન શ્રાવક દ્રવ્યલિંગી અનંતવાર થયો પણ એને આ ભાવેન્દ્રિય ખંડખંડથી આમ જવું એ બધું પર્યાયબુદ્ધિ છે, ખંડખંડ બુદ્ધિ છે. એ મિથ્યાબુદ્ધિથી ચાહે તો ભગવાનની દિવ્યધ્વનિ સાંભળે તોપણ એ પરવિષયમાં જ જાય છે. એ ઈન્દ્રિયને નહિ જીતવામાં જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ કહેશે, ભાઈ! મૃગજળની પેઠે વિષયગ્રામને ઘેરો ઘાલે છે. હવે આવશે. આમાં બધું લીધું છે. 'અમૃતચંદ્રાચાર્યે' તો ગજબ ટીકા કરી છે. ઓહોહો..! આવી અનુભવપૂર્વકની ટીકા ભરતક્ષેત્રમાં નથી. ભગવાન પાસે હોય તો એ વાત જુદી છે, ભગવાન બિરાજે છે. સમજાય છે કાંઈ? આ સંતોની વાણી આત્મસ્પર્શ કરીને નીકળી છે. યથાર્થ જ્ઞાન કરીને. વાણી તો વાણીથી નીકળી છે.

કહે છે, અહીંયાં હવે પછી આવશે, હોં! અહીં તો આપણે જરી શુભાશુભભાવની વાત આવી ને. શુભભાવ પણ ખંડખંડ ઈન્દ્રિય દ્વારા પરને જાણવાથી, ભલે કષાય મંદ થયો, ભગવાનના દર્શનથી, વાણી સાંભળવાથી, પણ એ ભાવ ખંડખંડ ઈન્દ્રિયથી જાણવાથી થયો છે. અતીન્દ્રિય જ્ઞાનના લક્ષે શુભભાવ થતો જ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય પ્રભુના લક્ષે તો રાગની પૃથક્તાનો ભાવ પ્રગટ થાય છે. એ ખંડખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયો ત્રણેના લક્ષે તેનું જ્ઞાન નથી થતું. આહાહા..! સમ્યગ્દષ્ટિને ખંડખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષય તરફથી જ્ઞાન નથી થતું. ભગવાન આત્મા.. આ ભારે પણ મોક્ષના માર્ગની વાત છે, પ્રભુ! સાદિઅનંત (આનંદ)... 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' મોક્ષ એટલે?

**સાદિ અનંત અનંત સમાધિસુખમાં**
**અનંત દર્શન જ્ઞાન સહિત જો**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા પૂર્ણ આનંદની ચતુષ્ટય પર્યાય સહિત પ્રાપ્ત, અનંત ચતુષ્ટય સહિત પૂર્ણ દશાની ભાવના કરવાવાળો કહે છે કે અહો..! અમારો આત્મા રાગથી પૃથક્ છે એવું ભાન થયું પણ અસ્થિરતા ટાળી સ્થિરતા થઈને પૂર્ણ કેવળજ્ઞાનની પર્યાય ક્યારે હું પામીશ? સમજાય છે કાંઈ?

કહે છે, અજ્ઞાની અનાદિ કાળથી જૈનની બાહ્ય ક્રિયાકાંડમાં પણ ઝુકી ગયો. જૈનશાસ્ત્રની જે વ્યવહારુ આજ્ઞા છે, જિનદેવે કહેલા વ્રત, નિયમ, તપ (પાળ્યા). બંધ અધિકારમાં છે. જિનવરે કહેલાં. સમજાય છે કાંઈ? ટીકાકારે પછી જિનવર શબ્દ ન મૂક્યો. સંપૂર્ણ શબ્દ મૂક્યો છે, સંપૂર્ણ શબ્દ મૂક્યો છે. એમાં સિદ્ધાંત છે. પાઠમાં જિનવર કહ્યું છે. બંધ અધિકારમાં જુઓને! આ નવો ગ્રંથ છે ને અમારી પાસે. જૂનો અમારી પાસે નથી. બંધ અધિકાર. ૨૭૩ (ગાથા) જુઓ.

**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।**
**कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु।।२७३।।**

આહાહા..! ક્યાં લખ્યું છે? જુઓ! પાઠમાં જિનવર છે, ટીકામાં જિનવર નથી લીધું. કારણ છે. શીલ અને તપથી પરિપૂર્ણ શબ્દ લીધો છે. કેમ પરિપૂર્ણ લીધું? કે જિનવરે કહેલો જે ભાવ, વ્યવહાર હોં! તેને અહીંયાં પરિપૂર્ણ કહે છે. વ્યવહાર પરિપૂર્ણ. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિનો જે વ્યવહાર છે એ પરિપૂર્ણ નથી એનો. ૨૭૩ ગાથા છે, ૨૭૩. તોંત્તેર સમજ્યા? તિહત્તર. ભઈ અમને ક્યાં તમારી હિન્દી આવડે છે. બે, સાત, ત્રણ. '**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं। कुव्वंतो वि अभव्वो**' અભવિનો દાખલો આપ્યો છે, હોં! '**अण्णाणी मिच्छदिट्ठी**'. ૨૭૩ છે ને. એની ટીકા જુઓ! ટીકામાં જિનવર શબ્દ નથી લીધો. ટીકામાં શીલ, તપ પરિપૂર્ણ શબ્દ લીધો છે. પરિપૂર્ણ શીલ પાળે. કષાય મંદ.. મંદ.. મંદ.. અને તપ તે કેવું તપ? બાર બાર મહિનાના અપવાસ આદિ. પરિપૂર્ણ શબ્દનો અર્થ શું છે? કે જિનવર જે વ્યવહાર કહે છે એ વ્યવહાર ચોખ્ખો છે, વ્યવહાર, તો જિનવરે કહેલા શબ્દ નહિ નાખીને નીચે પરિપૂર્ણ શબ્દ લીધો છે. મિથ્યાદૃષ્ટિની આજ્ઞામાં આવો વ્યવહાર કદી હોતો નથી. સમજાય છે કાંઈ? જિનવરે કહેલો વ્યવહાર. નિશ્ચય વિના જે એકલો વ્યવહાર કર્યો તો જિનવરે કહેલા એમ આચાર્ય મહારાજે શબ્દ લીધો. ટીકાકારે સંપૂર્ણ લીધો. સંપૂર્ણનો અર્થ વીતરાગની આજ્ઞામાં જે વ્યવહાર આવ્યો, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની આજ્ઞામાં નહિ, તે વ્યવહારની જે ઉત્કૃષ્ટ ક્રિયા છે તેવા ઉત્કૃષ્ટ પરિણામ એને થઈ ગયા છે. એને અહીંયાં શીલ અને તપથી પરિપૂર્ણ કહેવામાં આવ્યું. વ્યવહારમાં શીલ અને તપથી પરિપૂર્ણ. એનો અર્થ–જિનવરે કહેલાં વ્યવહારની આજ્ઞામાં પરિપૂર્ણ ચોખ્ખો ભાવ છે. સમજાય છે કાંઈ? પછી શબ્દ છે, જુઓ!

**'શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાનીભરેલું,...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ શબ્દ લીધો છે. ભગવાને કહેલા વ્યવહાર ક્રિયાકાંડ દયા, દાન, વ્યવહાર રત્નત્રય આદિ નિશ્ચય વિના, હોં! સાવધાનીભરેલું કહ્યું, જુઓ! '**અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત), અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.**' નિજ સ્વરૂપના દર્શન અને જ્ઞાન જે મૂળ કારણ છે તે કારણથી રહિત છે. એકલા વ્યવહાર વ્રત શીલાદિ સંપૂર્ણ પાળે છે તોપણ એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અભવિ જેવો છે. અભવ્યનો તો દૃષ્ટાંત આપ્યો છે. પેલા લોકો કહે છે, આ તો અભવિની વાત છે. રતનચંદજી એમ કહે છે. આ તો અભવિનો દૃષ્ટાંત આપ્યો છે. અભવિએ આવી વ્યવહારની આજ્ઞા પ્રમાણે કર્યું તો તું ભવિ પણ એમ કર તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. ઈ બંધભાવ છે. આ બંધ અધિકાર છે કે નહિ? જિનવરે કહેલો વ્યવહાર-વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ એ બંધનું કારણ છે. તેથી બંધ અધિકારમાં લીધું. વ્યવહાર આજ્ઞાની ક્રિયા બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આવી પરિપૂર્ણ સાવધાની અનંત વાર કરી. શેઠ! સૂક્ષ્મ વાત છે. લક્ષ્મી-બક્ષ્મી મળવી એ કંઈ દુર્લભ નથી. ધૂળ અનંત વાર મળી છે. એય..! સેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મળે છે ક્યાં? મમતા મળે છે. લક્ષ્મી તો દૂર રહે છે, એની પાસે આવે છે? એની પાસે આવી-મને મળ્યા-એવી મમતા એની પાસે આવી. ચીજ તો બહાર રહી જાય છે.

મુમુક્ષુ :- મમતા મળી?

ઉત્તર :- બીજું શું મળ્યું? ધૂળ મળી? ક્યાં મળી? મમતા કરી કે મારી પાસે આવી. ક્યાંકથી અહીં આવી તો કહે મારી પાસે આવી. મમતા કરી. રાજમલજી! શું છે? આ કરોડપતિ ને.. એઈ..! ક્યાં ગયા? શું મળ્યું? એમ કહે છે. અહીં તો કહે છે એ તો દૂર રહો, જિનવરે કહેલાં શુભભાવની પરિપૂર્ણતા શબ્દ લીધો છે. એવો શુભભાવ તો જિનવરની આજ્ઞાનો વ્યવહાર (છે). અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની આજ્ઞા છે એમાં તો આવી પરિપૂર્ણ શુભભાવ હોતો જ નથી. મિથ્યાદૃષ્ટિની આજ્ઞાવાળો નવમી ગ્રૈવેયક જઈ શકતો જ નથી. સમજાય છે કાંઈ?

એવા શીલ, તપ, હોં! તપમાં ઘણું આવ્યું. અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય (બધું આવી ગયું). ઘણો વિનય કરે. તપમાં તો બધા વ્યવહાર બોલ આવી ગયા. પરિપૂર્ણ તપ. ઘણો વિનય, ઘણો કષાય મંદ. પ્રાયશ્ચિત્, વયાવચ, કષાય મંદ, શાસ્ત્રની સ્વાધ્યાય બહુ કરે, બહુ કરે. એ બધું તપમાં-શુભરાગમાં આવે છે. સમજાય છે કાંઈ? એ શીલ અને તપથી... એ તો ગાથા ચાલતી હોય ત્યારે વ્યાખ્યા ચાલે. આ તો ... કરે છે. તપની વ્યાખ્યા છે એમાં. વ્યવહાર .. પરિપૂર્ણ પાળે છે. પણ એ બંધનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાવ છે. પરલક્ષી ખંડખંડ ઈન્દ્રિયથી લક્ષ કરીને આવો જે ભાવ થયો તે મિથ્યાત્વભાવ છે, તે બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! બંધ અધિકારમાં ઈ કેમ નાખ્યું? ઈ નાખ્યું છે. વ્યવહારની ક્રિયાની આજ્ઞા જેટલી છે એ બંધનું કારણ છે. નિશ્ચયની આજ્ઞાની જે અંદર ક્રિયા છે તે અબંધની ક્રિયા છે. બેયનો વિષય ભિન્ન છે. આહાહા..! ભાઈ! હજી એને ચીજ ખ્યાલમાં નથી આવી, દૃષ્ટિમાં આવી નથી તો એમાં સ્થિરતા ક્યાંથી થશે?

ભગવાન આત્મા એક સમયમાં અખંડાનંદ પ્રભુ ખંડ ઈન્દ્રિયથી પણ પાર. ખંડખંડ ઈન્દ્રિયથી જોવું તેનાથી પણ પાર. અખંડ જ્ઞાયક અસંગતાથી જોવો તેનું લક્ષ કરીને જોવું એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, ભગવાન પરમેશ્વરે કહેલું સંતો કહે છે. સંત કોઈ ઘરની વાત નથી કરતા, કલ્પનાની વાત નથી કરતા. આમ તો ઘરની છે.

'**ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ...**' ભ્રમણ. ચક્રમાં પડ્યો છે એમ કહે છે. ચક્રમાં રોકાતો જ નથી, ચક્રમાં જ ચાલ્યો જાય છે. '**જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે,...**' એમ શબ્દ પડ્યો છે. આમ ચાલ્યો, આમ ચાલ્યો તો એમાં ગતિ જ એ બાજુ વઈ ગઈ. ખંડખંડ ઈન્દ્રિય તરફ, વિષયો તરફ. વિષય શબ્દે ચાહે તો શુભ કે અશુભ બધું વિષય છે. ખંડ ઈન્દ્રિયથી જોવું એ બધું વિષય છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! પણ ભ્રમણ પ્રાપ્ત થયું છે એમ કહ્યું છે. ચક્કર માર્યા છે ને ચાર ગતિમાં. તો એ જ ભ્રમણ થઈ ગયું. ચક્કર એટલે ઈ. આહાહા..!

હવે કહે છે, કેમ એમ થયું? '**સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત...**' મિથ્યાત્વરૂપી ભૂત વળગ્યું છે. મોટું ભૂત. મહા મોહ એટલે મિથ્યાત્વ. રાગ-દ્વેષ છે એ તો અસ્થિરતા, એ તો સાધારણ દોષ છે. સમજાય છે કાંઈ? '**સમસ્ત વિશ્વને...**' દેખો! સમસ્ત વિશ્વને એટલે અજ્ઞાનીને, હોં! એકેન્દ્રિયથી માંડીને જે કહ્યું હતું. સમસ્ત જીવલોક કહ્યું હતું. જેને પહેલાં સમસ્ત જીવલોક કહ્યું હતું તેને અહીંયાં સમસ્ત વિશ્વ કહ્યું. સમ્યગ્દૃષ્ટિને બાદ કરીને. સમજાય છે કાંઈ? ચાહે તો જૈનનો દિગંબર સાધુ હોય, ચાહે તો પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખો પાળનાર હો, પણ ખંડ ઈન્દ્રિયથી લક્ષ કરવું અને એમાં લાભ માનવો અને એનાથી વિષય કરવો એ મિથ્યાદૃષ્ટિનો વિષય છે. બહારનો વિષય, જે દૃષ્ટિનો પર છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય સ્વ છે. ભગવાન આત્મા એકત્વ છે... એકત્વમાં પર્યાયમાં રાગરહિત પર્યાય થઈ છે પણ એની દૃષ્ટિ છે દ્રવ્ય ઉપર. સમજાય છે કાંઈ?

આ એકત્વ જે કહ્યું છે તેમાં રાગથી પૃથક્પણું કર્યું છે. એનો અર્થ લક્ષ અહીંયાં હતું ત્યાંથી છૂટ્યું. ત્યાંથી છૂટ્યું તો દ્રવ્ય ઉપર લક્ષ ગયું. લક્ષ અંદર ગયું તો અંદર સ્થિરતા પ્રગટ થઈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વરૂપાચરણ આદિ સ્થિરતા થઈ. એ પર્યાય થઈ. પણ લક્ષ

બહારથી છૂટીને અહીં ગયું-દ્રવ્ય ઉપર ગયું. ત્યારે સ્થિરતા, સમ્યગ્દર્શન આદિ થયા. પરથી ભિન્ન અને સ્વથી એકત્વ પ્રાપ્ત કરવું એ મહાદુર્લભ છે. સાધુ દ્રવ્યલિંગી અનંત વાર થયો તેને પણ દુર્લભ છે. કેમકે આ વાત ખ્યાલમાં આવી નહિ, ખ્યાલમાં આવી નહિ. શું ચીજ છે, કઈ રીતે પ્રાપ્ત થાય એ ખ્યાલમાં ન આવ્યું. બસ, આમ જ ભ્રમણ કરતો રહ્યો. આ કરો, કરો ભાઈ! બેડો પાર થઈ જશે એકવાર. સમજાય છે કાંઈ? કરતા રહો, મંદ કષાયની ક્રિયા કરતા રહો, બેડો પાર થઈ જશે. એવી મિથ્યાદષ્ટિની દષ્ટિ ભ્રમણને પ્રાપ્ત થઈ છે. સેઠી! આ તો નાગા મુનિ છે. નાગા બાદશાહથી આઘા. જગતને સત્ય કહેવામાં એને ખચકાટ નથી કે આવું કેવું લાગશે? કેવું લાગશે ઈ તમે જાણો. વાત તો આવી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી...**' એકછત્ર કેમ કહ્યું? રાજ હોય ને? તો રાજની મહોર ચાલે છે. પૈસાની મહોર ચાલે ને? મહોર. એના રાજમાં કોઈ ના ન પાડે. ના ન પાડે સમજ્યા? એના રાજમાં નોટ છપાય તે બધે ચાલે. એમ આ મિથ્યાત્વનું રાજ્ય એવું છે કે એકેન્દ્રિયથી માંડીને મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી પર્યંત આ મિથ્યાત્વનું રાજ્ય ચાલે છે. કોઈ ના ન પાડે કે અમારી પાસે મિથ્યાત્વ નથી. મિથ્યાત્વી છે એમ ભગવાન કહે છે. એને ખબર નથી. એકછત્ર રાજ્યથી વશ કરનારું મિથ્યાત્વભૂત એકછત્રથી (રાજ્ય કરે છે). એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય દ્રવ્યલિંગી જૈનનો સાધુ (થયો ત્યાં સુધી).

મુમુક્ષુ :- મોહનું રાજ ચાલે છે.

ઉત્તર :- મોહનું-મિથ્યાત્વનું રાજ છે અહીંયાં તો. મોહ તો બે પ્રકારના છે ને? રાગ-દ્વેષ અને (મિથ્યાત્વ). અહીં તો એકછત્ર રાજ્યથી વશ કરનાર મહા મિથ્યાત્વ. મિથ્યાદષ્ટિનું લક્ષ જ ખંડખંડ ઉપર, નિમિત્ત ઉપર, સંયોગ ઉપર, તેને જાણવું-દેખવું, પરપ્રકાશ જોવું એ મિથ્યાજ્ઞાન છે. એ મિથ્યાત્વરૂપી ભૂતે તેને જોડી દીધો છે. શું કહે છે? જુઓ!

'**ભૂત જેની પાસે બળદની જેમ...**' બળદ.. બળદ હોય ને? બૈલ. ભાર વહન કરાવે છે. બળદ ઉપર ગાડું નાખે ને? સો-સો મણ, પચાસ મણ (લાદે), હોં! કલકત્તામાં તો બહુ (નાખે). ખેંચે બિચારા. છાણ નીકળી જાય, હોં! છાણ. છાણને શું કહે છે? ગોબર. એમાં લોહી નીકળી જાય. પાડા ઉપર નાખે. અહીં બળદનું દષ્ટાંત આપ્યું છે. બળદમાં બહુ જોર હોય ને. '**બળદની જેમ...**' મિથ્યાત્વરૂપી ભૂત શુભાશુભ પરિણામ કહાવવામાં ભાર વહેવડાવે છે. સમજાય છે કાંઈ? ઈ આવે છે ને? પંડિતજી! તપભારેણ. નહિ? શ્લોક, કળશ. '**क्लिष्यताम् एव तपोभारेण**'. તપરૂપી ભાર એને થઈ ગયો. બોજો છે. આ બોજો છે. રાગનો, વિકલ્પનો એને ભાર છે. મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ છે ને તો એ ભાવનો બોજો ઉઠાવે છે, ભાર ઉઠાવે છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' કળશમાં લીધું છે. સમજાય છે કાંઈ? કળશોમાં, ટીકામાં મૂળ પાઠમાં બહુ ગૂઢ મર્મ-રહસ્ય ભરી દીધું છે. આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. નિજ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વરૂપને સ્પર્શ કરવાની વસ્તુ છે. સમજાય છે કાંઈ?

નિજ સ્વરૂપ ભગવાન આત્મા.. અહીંયાં કહે છે, પોતાના સ્વરૂપને પરથી ભિન્ન અને પોતાથી એકપણું પામવું સુલભ નથી. દુર્લભ છે. કેમ? કેમ દુર્લભ છે? મિથ્યાત્વ ભૂત એની પાસે ભાર વહેડાવે છે. પર ઉપરની બુદ્ધિ છે. ખંડખંડ ઈન્દ્રિય ઉપર બુદ્ધિ છે. પરવિષયને જાણવું (થાય છે). આ જોયું તો તો જાણ્યું, આ જોયું તો જાણ્યું. અહીં જોયું તો જાણ્યું. પોતાના જ્ઞાનને જાણે છે એમ નહિ. આ આવ્યું તો આ જાણ્યું, આ નિમિત્ત આવ્યું તો આ જાણ્યું, આ આવ્યું તો આ જાણ્યું. અને ખંડખંડ ઈન્દ્રિયમાં લક્ષ કરીને પર્યાયબુદ્ધિથી જાણે છે તે મિથ્યાદષ્ટિને મિથ્યાત્વનું ભૂત વળગ્યું છે. તો ભાર વહેવડાવે છે કે કરો, આમ કરો, આમ કરો. ભાર વહેવડાવે છે. શુભભાવ કરો. મીઠાશ છે એમાં કરો. કરો.. કરો.. કરો.. કરો.. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, **'મોટું મોહરૂપી ભૂત...'** **'महता मोहग्रहेण'** એમ છે ને? **'महता मोहग्रहेण गोरिव'** **'गोरिव'** ગો એટલે બળદ. **'बाह्यमानस्य'** ભાર વહન કરે છે. શું કહે છે? ભગવાન આત્મા ખંડખંડ ઈન્દ્રિયથી બાહ્ય વિષયો અને દ્રવ્યેન્દ્રિયથી છૂટી પોતાની દષ્ટિ કરીને સ્વભાવમાં એકત્વ થવું એમાં તો હળવાશ છે, હળવાશ છે. સહજ સ્વભાવ ભાર વિનાની વાત છે. સમજાય છે કાંઈ? અને પોતાનો સ્વભાવ પરથી ભિન્ન છે એવું એકપણું પ્રાપ્ત ન થયું. કેમ ન થયું? પર ઉપરના લક્ષથી બધો બોજો ઉપાડ્યો. તપ કર્યા, વ્રત કર્યા એ શુભભાવનો ભાર ઉપાડ્યો છે. મિથ્યાત્વ રૂપી બળદ બોજો ઉપાડે છે. પરાણે જોડીને આમ કરો, આમ કરો, આમ કરો. સેઠી! આહાહા..! બાર ગાથામાં આખી પીઠિકા બાંધી છે. પછી તેરમી ગાથાથી તો વિસ્તાર કરશે. આ બધું તો બહુ ગૂઢ શબ્દોમાં ભરી દીધું છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુભ-અશુભ વિકલ્પ અને ખંડ ઈન્દ્રિયથી અખંડ ભિન્ન છે. આહાહા..! તેથી ઈન્દ્રિયગ્રામ લેશે, ભાઈ! ઈન્દ્રિયવિષય ગ્રામ. જે ૩૧માં કહેવું છે ઇ અહીંયાં કહેવું છે. વિષયગ્રામ. મિથ્યાત્વનું ભૂત વળગ્યું હોય ને તો શુભાશુભ ભાવનો બોજો ઉપાડીને આમ લક્ષ કરું, આમ લક્ષ કરું, ભગવાનને જોઈ લઉં, મૂર્તિને જોઈ લઉં, દયા પાળું, વ્રત પાળું, આમ કરું એમ ઈન્દ્રિયગ્રામને ઘેરો ઘાલ્યો છે. ઘેરો શબ્દ છે ને? જુઓ! **'વિષયગ્રામને જે ઘેરો ઘાલે છે..'** ચોથી લીટી. વચમાં પડ્યું છે, ખબર છે. એ તો ઈન્દ્રિયના વિષયમાં એણે ઘેરો ઘાલ્યો છે, ત્યાં જ ડેરા નાખ્યા છે. ચક્ર. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા રાગ ને વિકલ્પ ને એક સમયની પર્યાય જેવડો પણ નથી. એવા એકત્વસ્વરૂપ ભગવાન શુદ્ધ, એનું અંતરમાં એકપણું પ્રાપ્ત કરવું સુલભ નથી. કેમ નથી? મિથ્યાત્વરૂપી ભૂતથી બોજો ઉપાડ્યો. અંતરમાં પુરુષાર્થ લાવવાની ગતિની સૂઝ પડતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આ કંઈ કથા નથી કે ઝટઝટ શબ્દ વાંચી લે. આ તો અધ્યાત્મના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શબ્દ ટ્રેડ માર્ક રજીસ્ટર્ડ છે. એમાં એક શબ્દ પણ આઘોપાછો નીકળે એ ન ચાલે. સમજાય છે કાંઈ? કથામાં તો બહુ ચાલે. આ શબ્દો એવા નથી. એક એક શબ્દમાં ભાવ ભર્યા છે.

કહે છે, '**સમસ્ત વિશ્વને...**' એકેન્દ્રિયથી માંડી મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયેક સુધી દિગંબર (સાધુ થઈને) ગયો. '**એકછત્ર રાજ્યથી વશ...**' એક જ પ્રકારનું મિથ્યાત્વનું રાજ બધા ઉપર છે. બધા ઉપર મિથ્યાત્વનું રાજ છે. તેને '**વશ કરનાર મોટું મોહરૂપી ભૂત...**' પિશાચ કહે છે ને આપણામાં? જેની પાસે-અજ્ઞાની પાસે મિથ્યાદૃષ્ટિને કારણે ખંડખંડ ઈન્દ્રિયમાં જોડી દીધો, પરના વિષયમાં જોડી દીધો અને દ્રવ્યેન્દ્રિયના આલંબનમાં એને જોડી દીધો. મિથ્યાદૃષ્ટિને કારણે. ભારવહન કરે છે બિચારો. આહાહા..! અપવાસ કરે, ખેદ થઈ જાય તો ઈ માને કે અમે સહન કર્યું. નહિ. ખેદ થયો એ તો આર્ત્તધ્યાન થયું. સમજાય છે કાંઈ? પછી ઉપચાર બહારમાં ન કર્યું એમાં શું થયું? એ તો બહારની ક્રિયા ન થઈ. ખેદ છે તે જ આનંદનો નાશ કરનાર છે. ભાર છે, બોજ છે. શક્તિ સહજ સ્વભાવ તરફની દૃષ્ટિ થઈને સહજ શાંતિની પ્રાપ્તિ ન થઈ તો એકલો બોજો ઉપાડ્યો.

જ્ઞાન સહજ સહજ, શાંતિ સહજ, સ્થિરતા સહજ. પ્રતિકૂળતા આવે તોપણ સહજ ક્ષમાથી જ્ઞાતા-દૃષ્ટાપણે જોવે છે એનું નામ સહજ પરિષહ સહન કર્યા, એમ કહેવામાં આવે છે. પરિષહમાં વ્યાખ્યા આવે છે ને? નહિ? પરિષહો ... બીજા બે વિશેષણ છે ને. માર્ગ અચ્યવં. માર્ગથી અચવ્યં. એમાં ખુબી છે. માર્ગથી અચ્યવં, નિર્જરા .. બે વિશેષણ છે. પરિષહો ... મહા સિદ્ધાંત છે એમાં. માર્ગથી અચ્યુત. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વભાવ ઉપર દૃષ્ટિ છે, જ્ઞાન ઉપર દૃષ્ટિ છે, એમાં સ્થિરતા છે તેનાથી અચ્યવન-ખસે નહિ. સ્વભાવનો જે આશ્રય લીધો એમાંથી ખસે નહિ. ખસે નહિને એટલે સમજ્યા? હટે નહિ. માર્ગથી ખસે નહિ. પંડિતજી! શું શબ્દ છે ઈ? માર્ગ અચ્યવનં. મહા સિદ્ધાંત છે. પરિષહ સહન કર્યા એને કહેવાય કે માર્ગ જે અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વભાવના આશ્રયે, ધ્યેયથી, લક્ષથી પ્રગટ થયો તેનાથી ચ્યવે નહિ. લક્ષથી ચ્યવે નહિ, લક્ષથી ખસવું નહિ. અને નિર્જરા .. બીજો શબ્દ ઈ છે. વિશેષ શુદ્ધિ માટે તેનું લક્ષ છોડ્યા વિના શુદ્ધિ માટે શાંતિથી રહે છે તેનું નામ પરિષહ સહન કર્યા, એમ કહેવામાં આવે છે. પરિષહજય. સમજાય છે કાંઈ? આહાહા..! દિગંબર સંતોની વ્યાખ્યા જુદી. બધાની, હોં! અલૌકિક માર્ગમાં ચડ્યા છે. સમ્યગ્દૃષ્ટિને ઈ શું કહે છે તે ખબર પડે છે, એમ કહે છે. આહાહા..! શું કહે છે? જુઓ અહીંયાં.

'**બળદની જેમ ભાર વહેવડાવે છે,...**' બળદની જેમ ભાર વહેવડાવે છે. એવો ભાર પડે ને? એમ બોજો પડે છે. મિથ્યાત્વભાવ છે ઈ ભૂત વળગ્યું છે તો પુણ્ય-પાપનું કર્તૃત્વ કરીને ભોગવીને ભાર વહન કરે છે. નિજ ભગવાન આત્મા સહજાનંદ પ્રભુ વિકલ્પથી પાર,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરથી વિભક્ત અને સ્વથી એકત્વ, એની તો ખબર નથી. સમજાય છે કાંઈ? તો પરથી એકત્વનો ભાર ઉપાડે છે, એમ કહે છે.

**'જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી...'** જુઓ! શું કહે છે હવે? મિથ્યાભ્રાંતિ ભ્રમ છે ને તો જોરથી તૃષ્ણા ઉત્પન્ન થઈ. સંતોષ તો છે નહિ, સમ્યગ્દર્શન વિના સંતોષ ઉત્પન્ન થતો નથી. મિથ્યાત્વમાંથી તૃષ્ણા પ્રગટ થઈ એમ કહે છે, ભાઈ! આમ ગયો. આ લઉં, આ લઉં, આ લઉં એમ જોરથી. તૃષ્ણા ઉદ્ભવે. તૃષ્ણા જ ઉત્પન્ન કરે છે. સમજાય છે કાંઈ? કહે છે, જોરથી ફાટી નીકળેલો તૃષ્ણારૂપી રોગ મિથ્યાદષ્ટિને લાગુ પડ્યો. ઈચ્છા ઉત્પન્ન હુઈ. તૃષ્ણા નામ ઈચ્છા. આમ કરું, આમ કરું, આમ કરું, આ કામ કરું. શું કરે? શું પરનું કામ કરે છે? રાગ ક્યાં કરે છે? ભગવાન! તું સાંભળ તો ખરો. રાગનો સ્વામી થાય છે એ મિથ્યાદષ્ટિ છે. શુભાશુભ પરિણામનો સ્વામી મિથ્યાદષ્ટિ છે. સહજાત્મ સ્વરૂપનો સ્વામી સમ્યગ્દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આત્મામાં એવો ગુણ છે. ૪૭ શક્તિમાં સ્વસ્વામી સંબંધ શક્તિ. છે? છેલ્લી ૪૭મી. ૪૭ ગુણ વર્ણવ્યા એમાં એક ગુણ એવો છે. ૪૭ સમજ્યા? ચાર સાત-૪-૭. ૪૭ શક્તિ વર્ણવી છે અને ૪૭ નય વર્ણવી છે. બેયમાં ૪૭ વર્ણવ્યા છે. 'ભૈયા ભગવતીદાસે' ૪૭ દોહા કર્યા છે. ૪૭ ૪૭ ચાલે છે. ચાર ને સાત, ચાર ને સાત. ઘાતિકર્મની ૪૭ પ્રકૃતિ છે કે નહિ? તો બધે ઠેકાણે ૪૭ ચાલે છે. અહીંયાં ૪૭ શક્તિમાં એક છેલ્લી શક્તિ એવી લીધી, ભગવાન 'કુંદકુંદાચાર્ય' (કહે છે), આત્મામાં સ્વસ્વામીસંબંધ નામની એક શક્તિ છે-ગુણ છે. આત્મામાં સહજાનંદ અનંત ગુણ સ્વ છે એના સ્વામી થવું, એવો આત્માનો એક ગુણ છે. રાગના સ્વામી થવું એ ગુણ નથી.

મુમુક્ષુ :- એવો ગુણ જ નથી કોઈ?

ઉત્તર :- જુઓ! ૪૭મી શક્તિનો કરો અર્થ. સમજાય છે કાંઈ? સ્વસ્વામીસંબંધ શક્તિ. ભગવાન આત્મા શુદ્ધ અનંત ગુણનો પિંડ પ્રભુ, એનું દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાય અભેદ થઈને સ્વ પોતાની લક્ષ્મી, સ્વનો સ્વામી. સમ્યગ્દષ્ટિને દ્રવ્યદષ્ટિ થઈ છે, દ્રવ્યમાં એ ગુણ પડ્યો છે તો ગુણનું ફળ ઈ આવ્યું છે કે સમ્યગ્દષ્ટિ સ્વનો સ્વામી છે. શુદ્ધ દ્રવ્ય-ગુણનો, પર્યાયનો સ્વામી છે. એ રાગ ને નિમિત્તનો સ્વામી સમ્યગ્દષ્ટિ છે જ નહિ. કેમકે દષ્ટિમાં સ્વસ્વામીસંબંધ ગુણવાળું દ્રવ્ય દષ્ટિમાં આવ્યું છે. શું કહ્યું? સમ્યગ્દષ્ટિમાં સ્વસ્વામીસંબંધ નામનો ગુણ ધરનારું દ્રવ્ય, એ દ્રવ્ય દષ્ટિમાં આવ્યું છે તેથી સમ્યગ્દષ્ટિને રાગ ને નિમિત્તનું સ્વામીત્વ ઊડી ગયું છે. વ્યવહાર રત્નત્રયનો સ્વામી સમ્યગ્દષ્ટિ નથી. સમજાય છે કાંઈ? કેમકે પોતાનો એવો એક ગુણ છે, ગુણ એવો છે. સ્વસ્વામીસંબંધ ગુણ છે. પરસ્વામીસંબંધ પર્યાયમાં કરે છે એવો ગુણ જ નથી. મિથ્યાદષ્ટિ પરનો સ્વામી થઈને રાગ મારો અને હું તેનો સ્વામી (એમ માને છે) એ દષ્ટિ મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાંથી તૃષ્ણા ફાટી છે. જોરથી-બળથી જેમ ફાટે. જુઓ!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગ...'** રોગ લાગ્યો છે. આશા.. આશા.. આશા.. આ કરું, આ કરું, આ કરું તો ઠીક ને આ કરું તો ઠીક ને આમ બનાવું. શું કરે? આશા તૃષ્ણા બધું મિથ્યાત્વમાંથી ફાટ્યું છે એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિને (સ્વમાં) એકત્વ (થઈને) પરથી ભિન્નતા થઈ છે તેને સંતોષ થયો છે. એને સંતોષ પ્રગટ થયો છે, પેલાને તૃષ્ણા ફાટી છે. સમજાય છે કાંઈ? બરાબર છે ને આ? 'આશા ઔરનકી ક્યા કીજે' 'આનંદઘનજી' કહે છે.

જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરનકી ક્યા કીજે,
ભટકત દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી.

કૂકર નામ કૂતરો જ્યાં ત્યાં મકાન પાસે ભટકે છે. એક ટૂકડો દો, ટૂકડો દો. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ્યાં ત્યાં ભટકે છે. કોઈ શુભરાગમાં લાભ છે, અશુભમાં મીઠાશ છે, નિમિત્તથી લાભ છે. જેમ કૂતરો ભટકે છે (એમ આ ભટકે છે). સમજાય છે કાંઈ? 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કૂકર આશાધારી' કોઈ મોટો કહો, કોઈ માન આપો, કોઈ ઠીક છે એમ કહો, મૂઢની દૃષ્ટિ પર ઉપર છે. એ કૂતરાની જેમ ટૂકડા માગે છે. સમજાય છે કાંઈ? આત્માનો પ્યાલો-ચૈતન્યમૂર્તિ રાગથી ભિન્ન જેની દૃષ્ટિ થઈ (એને) શું લેવું છે? ક્યાંથી લેવું છે? ક્યાંથી સંતોષ પ્રાપ્ત કરવો છે? કોની પાસે મોટાઈના અભિનંદન લેવા છે? સમજાય છે કાંઈ?

આ ઈ કહે છે, જુઓ! જોરથી તૃષ્ણારૂપી રોગ ફાટ્યો છે. કોઈ મને કહો ઠીક છે, હું ઠીક જાણું છું, હું ઠીક છું, હું અધિક છું, હું સાધુ છું, હું ત્યાગી છું, હું પંડિત છું, હું મોટો છું એવી તૃષ્ણાનો મિથ્યાદૃષ્ટિને રોગ લાગુ પડ્યો છે. **'દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે,...'** એનો વિશેષ અર્થ થશે, હોં! એકદમ શબ્દ નહિ ચાલે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પ્રથમ શ્રાવણ વદ ૧૪, સોમવાર તા. ૧૫–૦૮–૬૬**
**ગાથા –૪. પ્રવચન–૧૭**

આ 'સમયસાર'ની ચોથી ગાથા ચાલે છે. આજે તો ગુજરાતી છે. સમજાણું? જીવ અજીવ અધિકારની આ ચોથી ગાથા (છે). એમાં એમ કહે છે કે આ આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ પૂર્ણ પદાર્થ નિર્મળ છે. એનું રાગ અને પુણ્ય-પાપના ભાવથી ભિન્નપણું અને પોતામાં એકપણું પામવું એ સુલભ નથી. સમજાય છે કાંઈ? આત્મા પરમાત્મસ્વરૂપ છે. એવા પરમાત્મસ્વરૂપને આત્માના સ્વરૂપથી વિપરીત એવા પુણ્ય-પાપના વિકાર અને આ શરીરાદિ તો પર વિપરીત છે જ, પણ એ વિકાર પુણ્ય-પાપના ભાવથી ભગવાન પરમાત્મસ્વરૂપ ભિન્ન છે એવું પામવું સુલભ નથી. એટલે કે દુર્લભ છે. કેમ દુર્લભ છે?

કહે છે કે કામભોગ સંબંધી કથા એને અનાદિથી સુલભ થઈ પડી છે. સુલભ એટલે? સુ-લભ. સુખે કરીને પ્રાપ્ત. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ છે એનાથી કામ નામ ઈચ્છા અને રાગ, અને ભોગ નામ અનુભવવું. એ રાગનું થવું અને રાગનું ભોગવવું, એ એને અનાદિથી સુલભ છે. કેમકે તેની દૃષ્ટિ, ચૈતન્ય સ્વભાવ શુદ્ધ છે એના ઉપર નહિ હોવાથી મોહરૂપી ભૂત એને વળગ્યું છે. મોહ નામ મિથ્યાત્વ, વિપરીત માન્યતા. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિથી વિપરીત મિથ્યાત્વ ભ્રમને લઈને એને ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું સુલભ લાગે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કર્મનું આમાં ક્યાંય આવ્યું નહિ.

ઉત્તર :- કર્મની વાતેય ક્યાં છે આમાં? કર્મની વાતેય ક્યાં હતી? કર્મ કર્મને ઘરે રહ્યાં. પોતાનો સ્વભાવ આમ શુદ્ધ આનંદની ખાણ છે. આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું નિધાન છે. એની દૃષ્ટિ ન કરતાં, એનો વિષય ન કરતાં, એને લક્ષમાં ન લેતાં અનાદિ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વના ભૂતડાને લઈને, એ રાગ-દ્વેષનું કરવું અને ભોગવવું એ જ એનો વિષય થઈ પડ્યો છે. સમજાય છે કાંઈ? આ તો પહેલી બાર ગાથા પીઠિકા છે ને. બહુ ટૂંકામાં આ બધી વ્યાખ્યા કરી.

કામભોગ સંબંધી કથાની આ બધી વ્યાખ્યા ચાલે છે. કેમકે આત્મા ચૈતન્યના ભાન વિના, પોતાનું સ્વરૂપ પવિત્ર છે એના ભાન વિના અપવિત્રતાના પરિણામમાં મધ્યમાં પડ્યો છે, એમ કહે છે. સંસારના મધ્યમાં કીધું ને? ભાઈ! સંસારચક્રના મધ્યમાં પડ્યો છે ઈ. સમજાણું કાંઈ? અને તેથી એટલે કે આવા સ્વભાવની પવિત્રતાના લક્ષ ને દૃષ્ટિ ને રુચિ વિના એને પુણ્ય ને પાપના ભાવ જે વિકારી કરવું ને ભોગવવું એ જેનો, મિથ્યાદૃષ્ટિનો વિષય છે. એ મિથ્યાત્વ ભૂતડે વિપરીત માન્યતાએ એને હરખ-શોક ને રાગના ભોગવવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોડી દીધો છે. સમજાણું કાંઈ? એથી એને જગતના સંયોગો અને પુણ્ય-પાપના ભાવ સવાર થયા છે. સમજાણું કાંઈ? એને અનંત વાર શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ એવા ભાવો નિગોદથી માંડીને સર્વ જીવને પરલક્ષી પરનો વિષય કરનારા, થનારા એવા શુભ અને અશુભભાવોમાં એનું પરિવર્તન-પલટો અનંત વાર થઈ ચૂક્યો છે. સમજાણું કાંઈ?

હવે કહે છે, એ મોહરૂપી ભૂત એટલે કે આત્માનો આનંદ શુદ્ધ છે તેની જેને અંતર રુચિ નથી. ભગવાન આત્મા પૂર્ણ પવિત્ર સ્વરૂપ છે એની રુચિ, સ્વ આશ્રય, સ્વ વિષય નથી એને પર વિષય કરવો એવો મિથ્યાત્વભાવ (છે.) સમ્યગ્દર્શનનો વિષય સ્વવિષય છે. સમજાણું કાંઈ? સમ્યક્શ્રદ્ધા-સત્યશ્રદ્ધાનો વિષય સમ્યક્ ચૈતન્ય જ્ઞાયક ત્રિકાળ એ એનો વિષય છે.

મુમુક્ષુ :- સમકિતનો વળી વિષય હોય?

ઉત્તર :- વિષય ન હોય? પહેલાં કોઈ ન પાડતા હતા, પંડતિજી! પહેલા એમ કહેતા હતા, પહેલા અમે સમ્યગ્દર્શનનો વિષય કહેતા હતા ને? સમ્યગ્દર્શનનો વિષય ન હોય એમ છાપામાં આવતું હતું. લોકો બહુ વિરોધ કરતા હતા. અરે..! ભગવાન! ભાઈ! વિષય નામ ધ્યેય, ધ્યેય નામ લક્ષ. સમજાય છે કાંઈ? એમ તો કેવળદર્શનનો વિષય લીધો છે. નહિતર કેવળદર્શન તો મહાસત્તા સામાન્ય છે, છતાં એનો વિષય લીધો છે. વિષય સામાન્ય (છે). બધો સામાન્ય એનો વિષય છે. ભેદ પાડીને નથી. કેવળદર્શનનો વિષય સામાન્ય છે. વિષય છે, નથી એમ નહિ. નિર્વિકલ્પ દર્શનઉપયોગનો પણ વિષય લોકાલોક સામાન્ય એકસાથે છે. એમ ભગવાન આત્માની શ્રદ્ધા યથાર્થ કરે તો એ યથાર્થ શ્રદ્ધાનો વિષય દ્રવ્ય સ્વભાવ છે.

મુમુક્ષુ :- કોનું દ્રવ્ય?

ઉત્તર :- પોતાનું, કોઈ બીજાનું નહિ. નિજ પરમાત્મા. નિજ પોતાનું સ્વરૂપ સચ્ચિદાનંદ શુદ્ધ સિદ્ધ સમાન, એનું લક્ષ કરવું એ સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય-છે. એ અનાદિથી છૂટીને મિથ્યાદર્શન થયું એટલે સ્વરૂપથી વિપરીત માન્યતા થઈ છે. એથી એને રાગ અને વિકલ્પનું કરવું, શુભ પુણ્ય કે પાપ, અત્યારે બેય વાત છે, હોં! શુભ કે અશુભ બે ભાવ વિકાર છે એનું કરવું અને ભોગવવું એ મિથ્યાદષ્ટિનો વિષય છે. એ વિષયનો ઘેરો ઘાલે છે, કહે છે. શું કહે છે? જુઓ!

મોટું ભૂતડું '**બળદની જેમ ભાર વહેવડાવે છે...**' બળદને માથે જેમ ધોંસરે ભાર નાખે ને?

મુમુક્ષુ :- બળદ હોંશથી...

ઉત્તર :- આ પણ હોંશથી કરે છે. સમજાણું કાંઈ? પારકા કામ ઉપાડવાનો અને પુણ્ય-પાપના ભાવ ઉપાડવાનો મિથ્યાત્વભાવ, મિથ્યાત્વરૂપી પિશાચ એને આ બોજો વહેવડાવે છે.

મુમુક્ષુ :- શેનો બોજો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- આ પુણ્ય-પાપનો. અને પુણ્ય-પાપ આ કરું, આ કરું, આ કરું-આ કરું એવો મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વ ભૂતડાએ એને વિકારની સાથે જોડી દીધો છે. આહાહા..! ..લાલજી! સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- કર્મે જોડ્યો નહિ?

ઉત્તર :- કર્મની વાતેય ક્યાં છે? જુઓને! અહીંયાં આ શું કહે છે? મોટું ભૂત એની પાસે બળદની જેમ વહેવડાવે છે. આ તો મહાતત્ત્વ છે, ભાઈ! એની ઊલટી વાત કરે છે એમાં પણ અંતર સૂક્ષ્મતા છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદસ્વરૂપ સચ્ચિદાનંમૂર્તિ આત્મા છે. એ સિદ્ધ સ્વરૂપ-'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવું એનું પૂર્ણ આનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિ, એની દૃષ્ટિ તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ. તો સમ્યગ્દૃષ્ટિનો વિષય ચૈતન્ય થયો. એની દિશા આત્મા ઉપર વળી. પણ જેને એ વિષય અનાદિથી નથી, અનાદિથી નથી. ત્યારે અહીં આચાર્ય કહે છે, કામભોગ સંબંધી.. આ તો એટલે વિચાર આવ્યો કે આ બધું કાઢ્યું ક્યાંથી આટલું બધું? કામભોગ સંબંધી કથામાંથી આ વિસ્તાર કાઢ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આમ વસ્તુમાં અંતરમાં અતીન્દ્રિય આનંદની એ ગાંઠ છે. શેરડીની કાતળી હોય ને? શેરડી.. શેરડી સમજો છો? ગન્ના.. ગન્ના. એની વચલી કાતળી હોય. વચલી, હોં! ભોથા નહિ, હેઠલું નહિ, આગળા નહિ. આગળા, ભોથા સમજો છો? હેઠે હોય ભોથા અને ઉપર આગળા ખારા પાતળા હોય ને? બધું કાઢીને વચલી કાતળીમાં ઘણો રસ છે. એમ ભગવાન આત્મામાં અંતર સ્વભાવમાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે. આહાહા..! એવા અતીન્દ્રિય ભગવાન આત્માનો વિષય સમ્યક્ શ્રદ્ધાએ ન બનાવતા, મિથ્યાશ્રદ્ધાએ એનો વિષય બનાવ્યો રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ. એ કહે છે, એ કામભોગ સંબંધી કથામાંથી આ બધું કાઢ્યું છે.

ભગવાન આત્મા ઇચ્છા અને ઇચ્છાના ભોગ વિનાની ચીજ વીતરાગી જેનું સ્વરૂપ છે, આનંદ જેનું રૂપ છે, આનંદ-અતીન્દ્રિય આનંદ જેનું રૂપ આત્માનું છે. અકષાય જેનો સ્વભાવ છે, શાંત જેની, શાંતિ જેની મૂળ ચીજ છે અંદર. શાંતિ એટલે ચારિત્ર. જયસુખભાઈ! આ લોજીક ઝીણું છે, હોં! આ તમારા બધા ગપ્પા મારેલા હોય વકીલાતમાં. ઈ કહેશે કે નહિ. કાયદા બધા કહે છે ને? આ ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિ સમ્યક્ શ્રદ્ધા નહિ કરીને અનાદિ કાળનો એનો સ્વવિષય શ્રદ્ધાનો સમ્યક્નો છોડી દઈને મિથ્યાશ્રદ્ધા બનાવીને, કેમ બનાવ્યો? કે સ્વવિષય છોડ્યો. સમજાણું કાંઈ? આ તો ગુજરાતી છે ને એટલે આજ તો વધારે ભાષા પણ આવે ને. પેલા બે મહેમાન માંડ આવ્યા. કો'ક દિ' આવે એના માટે (હિન્દી કર્યું). શું થાય?

અહીં કહે છે કે ભાઈ! આ તો ધર્મકથા છે. ધર્મકથા એને કહેવાય છે, એ શબ્દોમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જેનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભળેલો ન હોય. પંડિતજી! આ આપણે શબ્દઆગમ લીધું ને? શબ્દઆગમ. એ શબ્દઆગમમાં-શબ્દમાં વિપરીતતા અને રાગ-દ્વેષ ન મળ્યા હોય એવા શબ્દોને શબ્દઆગમ કહે છે. આહાહા..! એ કથા શબ્દોની હોય એ શબ્દમાં પણ વાસ્તવિક સર્વજ્ઞ સ્વરૂપ આત્માનું છે, પવિત્ર આત્મધામ છે, એનો સ્વવિષય સમ્યક્ શ્રદ્ધાએ કરવો એવી ભાષા એ શબ્દઆગમમાં એવું આવે. શબ્દઆગમમાં રાગ કરવા જેવો છે, રાગ ભોગવવા જેવો અને પરવિષય કરવા જેવા છે, એ શબ્દઆગમમાં આવે નહિ. એને શબ્દઆગમ ન કહેવાય. આહાહા..! આચાર્યની કથનીની પદ્ધતિ, એમાં 'કુંદકુંદાચાર્ય' ગજબ વાત! એના મુખમાંથી શબ્દ નિકળો કે પાઠમાં લખેલો હોય. પંડતિજી! બે આવે છે ને? મુખ્ય.. શું કહેવાય? શું કીધું? મુખમાંથી નીકળે કે લખાણમાં હોય. બોલેલા કે લખાણમાં લખાયેલા. બેય પાઠમાં-બેય પ્રકારના શબ્દોમાં જેમાં વાસ્તવિક સર્વજ્ઞ સ્વરૂપ આત્માનું છે, એમાં અલ્પજ્ઞપણું પણ આવતું નથી, રાગ પણ નથી, નિમિત્તનો સંબંધ પણ એને નથી. એવી જે વાણી આવે એ વાણીમાં આત્માની અલ્પજ્ઞતા ઠીક છે, રાગ-દ્વેષ ઠીક છે, નિમિત્તનો સંબંધ કરવો ઠીક છે, એ શબ્દને શબ્દઆગમ કહેતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એથી આ આગમ છે વાચક, એ આગમમાં અહીં વસ્તુ બતાવે છે કે ભગવાન આત્મા આમ વસ્તુમાં અતીન્દ્રિય આનંદની ગાંઠ છે ને પ્રભુ આત્મા તો. એનો વિષય, એનું લક્ષ, એની રુચિ એના ધ્યેયને, સમ્યક્ શ્રદ્ધાનું જે ધ્યેય છે, એ જેણે અનાદિથી છોડી દીધું છે અને મિથ્યાશ્રદ્ધા કરી છે કે જે મિથ્યાશ્રદ્ધાનો સ્વવિષય ન હોય. સમજાણું કાંઈ? એ મિથ્યાશ્રદ્ધાનો વિષય પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, વ્યવહાર કામ શુભાશુભ એ મિથ્યાશ્રદ્ધાનો એકલો વ્યવહાર રાગ-દ્વેષ એ વિષય છે. સમજાણું કાંઈ? તેથી કહે છે, કે મોહરૂપી ભૂતડું એ સ્વસ્વભાવના વિષયથી એકલા પરવિષયમાં લાભ છે એવી માન્યતારૂપી મિથ્યાત્વ ભૂતડું. પરવિષયમાં લાભ છે, ભાઈ! આ સાંભળવું કે આમ કરવું કે આ જોવું કે ઈન્દ્રિયના વિષયમાં આમ કરું એમાં લાભ છે એ મિથ્યાત્વ ભૂતડે મનાવ્યું છે. આહાહા..! પ્રભુ! આ તો વાત એવી છે, હોં!

ભગવાન આત્માના સ્વરૂપનો વિષય, રુચિ, શ્રદ્ધા અનાદિથી છોડી, જેને સ્વભાવની રુચિ નથી એને પરભાવના વિષયની રુચિ છે એવો જે મિથ્યાત્વભાવ એનો વિષય પરમાં જ જાય છે. ઈ કહેશે, એ ભાર ઉપડાવે છે. મિથ્યાત્વ બોજો ઉપડાવે છે. પુણ્ય કરવું ને દયા કરવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, આ કરવું એકલું પર કરવું એવો મિથ્યાત્વનો ભાવ એ આ બોજો ઉપડાવે છે એને બળદની પેઠે ધોંસરે જોડી દે છે. ધોંસરુ સમજો છો? ધુરા. કાલે આપણે ભાઈ કહેતા હતા ને? ચીનુભાઈના ભાઈ આવ્યા છે ને. ચીનુભાઈના ભાઈ. આ ચીનુભાઈ ગુજરી ગયા ને. બહુ વિચાર ને મંથન બહુ કરતા હતા. ગુજરી ગયા. મંથન બહુ કરતા હતા. અહીંના એક એક શબ્દનું મંથન બહુ કરતા હતા. આ એના ભાઈ,

મહારાજ કહેતા હતા કે કોઈ કામ આવે ને સંસારનું? જેમ પેલો બળદ હોય ને? બળદ– બૈલ. ગાડું ઊંચું કરે ને? (આમ માથું નાખે). દોરડી ખેંચવી ન પડે. બળદ હોય ને? બે બળદ ઊભા હોય. એવી ટેવ પડી ગઈ એને કે ઓલું ધોંસરું ઊંચું કરે ત્યાં માથું નાખે. દોરી ખેંચે ને માથું નાખે તો ઠીક (આ તો ઊંચું કરે ત્યાં માથું નાખી દે). એમ અજ્ઞાનીને સંસારના કામ કંઈ આવી પડે ત્યાં પૂછે નહિ, (ઊલટું એમ કહે), મને પૂછો. આનું આમ થાય. શું છે પણ? આ બળદની જેમ ધોંસરામાં કેમ ઘૂસી જા છો? સમજાણું કાંઈ?

એમ અહીંયા કહે છે કે કંઈપણ જ્યાં શુભાશુભ ભાવના કર્તવ્ય અને કાંઈક સંયોગ આવ્યા (ત્યાં) ધોંસરું જોડી દીધું મિથ્યાત્વે કે મારા વિના ચાલે નહિ, મારે કરવું પડે, મારે કરવું પડે.

**મુમુક્ષુ** :- ...

ઉત્તર :- ધૂળમાંય બચવાનો નથી એમાં. ભઈ, આ તો મૂળ વસ્તુ છે. એમાં બાર ગાથામાં તો આખી પીઠિકા–આખા સમયસારનું માખણ ભરી દીધું. પછી તો એનો વિસ્તાર ૧૩થી ૪૧૫ સુધી છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે આમાં?

ભગવાન આત્મા પોતાની શુદ્ધ સ્વરૂપની વિશ્વાસ-દૃષ્ટિ છોડી દઈને એનો વિશ્વાસ-શ્રદ્ધા ગઈ છે પુણ્ય અને પાપના ભાવને કરવામાં. એથી એ મિથ્યાત્વરૂપી ભૂતડે એ પુણ્ય-પાપનો બોજો કરવાના કામ આ મારે કરવું પડે, એમાં હું છું, હું મોટો છું, મારે કરવું પડે, હું આચાર્ય છું, હું સાધુ છું, મારે આ કામ કરવા પડે, મારે આ રાગ કરવો પડે. એમ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી અનંત વાર.. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવની વિપરીત માન્યતાને લઈને મિથ્યાત્વરૂપી ભૂતડે એને વિકારી સાથે વળગાડી દીધા. વિકારના કામ કરવા અને ભોગવવા એની સાથે મિથ્યાત્વે વળગાડી દીધા. જુઓ! આ તો વળગાડી દીધું એ આપણી કાઠિયાવાડી ચોખ્ખી ભાષા છે. કહો, સમજાણું કાંઈ?

**'જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી...'** હવે કહે છે. જ્યારે સ્વવિષય છોડ્યો અને મિથ્યાભ્રમ ઉત્પન્ન કરીને પરવિષયમાં લાભ માન્યો એવું મિથ્યાત્વ થયું તો મિથ્યાત્વમાંથી તૃષ્ણા ફાટી. વિપરીત માન્યતાના વિષયમાં તૃષ્ણા ફાટી, તૃષ્ણા. જેમ પથ્થરમાંથી જ્વાળામુખી ફાટે છે ને? ડુંગરામાંથી. જ્વાળામુખી નથી કહેતા? પહાડમાં. એમ વિપરીત માન્યતામાં તૃષ્ણા ફાટી. આમ જાઉં, આમ જાઉં, આ લઉં, આ લઉં, આ કરું, આ કરું. વ્યવહારના વિષયને કરું, બનાવું, રચાવું એ તૃષ્ણા બહાર ઉપર જવા માટે ફાટી. ..લાલજી! આહાહા..!

કહે છે, જોરથી ફાટી નીકળેલી તૃષ્ણા. ભગવાન ચૈતન્ય તો શાંત સંતોષરૂપી આનંદમૂર્તિ (છે), એનો વિષય સમ્યક્શ્રદ્ધા એ તો રહી નહિ. એટલે મિથ્યાશ્રદ્ધાએ આમ તૃષ્ણા ફાટી, આમ ફાટી. આમ બનાવું, આ કરું, આ કરું. પરના કામ કરી દઉં, પરના કામ કરવા માટે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ કરું અને આવો રાગ પહેલો બાંધીને નક્કી કરી લઉં તો પછી આ કામ થશે. એવો કષાય કરી લ્યો પહેલો કે આ મકાન થાય. પહેલા આ નક્કી કરી લ્યો તો પછી પાઠશાળા થાય. ફલાણું નક્કી કરી લ્યો કે પછી આ થાય. શું કહે છે તું? બહારમાં થાય ન થાય એ શું તારે આધીન છે? સમજાણું કાંઈ? પણ મિથ્યાશ્રદ્ધાએ તૃષ્ણા ફાટીને બહારના અનેક પ્રકારના વિષયો-ઇન્દ્રિયોના વિષયો કરવા, એમાં એ તૃષ્ણા ચાલી ગઈ છે. સમજાય છે?

**'તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે,...'** આકુળતા પ્રગટ થઈ. પીડા. તૃષ્ણા થઈ ને? કે આ કરું, આ કરું, આ કરું. જૈન દ્રવ્યલિંગી સાધુ હોય ને તોપણ એને ઊંડે ઊંડે આ દયા પાળી લઉં, આ વ્યવહાર કરી લઉં, નિર્દોષ આહાર લઈ લઉં તો મારું સરખું રહેશે. લોકો પણ ઠીક કહેશે. નહિતર સદોષતા થશે. એની તૃષ્ણા વિકલ્પના રાગમાં જ જોડાઈ ગઈ છે. રતિભાઈ! આહાહા..! પછી શું કહે છે? એ પીડા પ્રગટ થઈ છે. તેથી તે દાહનો ઉપાય એમ જાણે છે કે.. ભાવાર્થમાં લીધું છે, ભાઈ! ભાવાર્થમાં લખ્યું છે. અને એ ન્યાય છે આમાં. જ્યારે મિથ્યાશ્રદ્ધા થઈ, સ્વસ્વરૂપની દૃષ્ટિ રહી નહિ કે હું આનંદ છું, મારે તો મારી ખાણમાંથી કાઢવું છે. મારે કાંઈ પુણ્ય-પાપમાંથી કાઢવું છે ને નિમિત્તમાંથી કાંઈ શાંતિ કાઢવી છે નહિ. સમ્યક્શ્રદ્ધા થતાં મારી શાંતિ, મારો આનંદ, મારો મોક્ષમાર્ગ એ બધો મારા સ્વરૂપમાં પડ્યો છે એમાંથી એકાગ્ર થઈને કાઢવો છે. સમજાણું કાંઈ? કહો, દાસ!

મિથ્યાશ્રદ્ધામાં દૃષ્ટિ જ્યાં મિથ્યા છે એટલે તૃષ્ણા ફાટી આમ. જ્વાળામુખી ફાટ્યો. પછી... શું કહે છે? એ દાહ જે થયો એનો ઉપાય એમ માને છે કે **'આકળો બની બનીને...'** આ શબ્દ પડ્યો છે ને? **'उत्तम्योत्तम्य'**. કાલે પણ ભાઈએ પ્રશ્ન કર્યો હતો. આજે પંડિતજીએ... **'उत्तम्योत्तम्य'** છે ને શબ્દ? ગભરાયેલો. પંડિતજીએ એવો શબ્દ લીધો કે છટપટાહટ કરે છે. આકુળિત થઈને આકુળતા. છટપટાહટ-આ કરી લઉં, આ કરી લઉં. બહારના કામ કરી લઉં, આવા કામ કરી લઉં, આટલી સગવડતા મેળવી લઉં, આટલી અગવડતા ટાળી દઉં.. સમજાય છે કાંઈ? સમજાય છે?

કહે છે, **'દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે,...'** અંતરંગમાં પીડા થઈ છે. આનંદની લૂટ થઈ. સમ્યક્શ્રદ્ધાનો વિષય ભગવાન આત્મા (થાય) તો તો આનંદ આવે દશામાં. હવે સમ્યક્ સ્વભાવની શ્રદ્ધા ન રહી, પુણ્ય-પાપના ભોગને કરવાની શ્રદ્ધા રહી એ મિથ્યાત્વમાંથી પીડા પ્રગટ થઈ. તૃષ્ણા ફાટી આ પરનું કરવામાં પીડા.. પીડા.. આકુળતા.. આકુળતા.. આકુળતા (ઊભી થઈ). અંતરમાં પીડા (થઈ), બહારની ક્યાં વાત છે. અંદરમાં કલ્પનાની ઝાળ, કલ્પનાની ઝાળ ઊભી કરે છે. આમ કરી દઉં, આ કરી લઉં, આ કરી લઉં. આને આમ બોલ્યો માટે આને ઠીક પડ્યું, આમ ન બોલ્યો માટે આને ઠીક ન પડ્યું. એમ બીજાનું સમાધાન કરવા એના વિકલ્પની ઝાળ ત્યાં રોકાઈ ગઈ. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, એનો ઉપાય એમ જાણે છે કે એ '**આકળો બની બનીને...**' એટલે આમ આતુરતાથી, આતુરતાથી આ ઝટ થાય ને, આને ઝટ બચાવું નહિતર મરી જાશે, આને ઝટ મારી નાખું તો નહિતર જીવતો રહેશે, આમ ઝટ બોલી નાખું, ઝટ બોલી નાખું ને તો પેલાની સત્તા ઓછી થઈ જશે, એની અધિકતા ઓછી થઈ જશે, આમ ઝટ બોલી નાખું તો એની અધિકતા ઓછી થશે. સમજાણું કાંઈ? આહાહા...! સૂક્ષ્મ વિષય છે. આહાહા..! એને લઈને '**આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને...**' જુઓ! ભાષા શું છે? કે તૃષ્ણાનો ઉપાય એમ માને છે કે આ બધું કરું, આ બધું કરું, આમ મેળવી લઉં, આમ કરું, સગવડતા મેળવી લઉં, અગવડતા છોડી દઉં એ બધો તૃષ્ણાનું સમાધાન કરવાનો ઉપાય એમ માને છે. ઉપાય માને છે. છે નહિ. સમજાણું કાંઈ?

'**મૃગજળ જેવા વિષયગ્રામને...**' ભાષા જુઓ! '**(ઈન્દ્રિયવિષયોના સમૂહને)...**' શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. પછી શુભ કે અશુભ અહીંયાં પ્રશ્ન નથી. અહીં તો સ્વવિષય ચૈતન્યનો વિષય જેણે શ્રદ્ધાનો છોડ્યો છે અને જેણે એકલી મિથ્યાશ્રદ્ધાનો વિષય એકલો પર જ બનાવ્યો છે, એને તો ભગવાનની વાણી પણ વિષયમાં જ જાય છે. આકરું પડે એવું (છે). પહેલાં લખાણું છે. એની ટીકા પણ થઈ છે. આવું કહે છે આ. હવે સાંભળને, ભગવાન! બાપુ! તારા ઘરની વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ઈન્દ્રિયોના વિષય ઉપર જે ઝાંવા નાખે છે. ઝાંવા સમજો છો? શું ભાષા છે? આપટા. આમ જાય છે. આમ અંતરમાં દૃષ્ટિ નથી એટલે એમાં એકાગ્ર થવાનો ઝાંવા રહેતો નથી. આ કરું, આ કરું, આ કરું.. આ તૃષ્ણા થઈ એના દાહને–પીડાને શમાવવાનો ઉપાય ભોગ લઈ લઉં કે આવું સાંભળી લઉં, અસંતોષ બતાવનાર પાસેથી મને ઠીક પડે એવું સાંભળી લઉં. જલસો બનાવીને હું ઠીક છું એવું લોકો મને કહે એમ સાંભળી લઉં. સમજાણું?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ખાતા નથી આ? .. ખબર નથી? કહો, સમજાણું આમાં? એ.. પ્રાણભાઈ! આહાહા..!

ભાઈ! તું પોતે મહાપ્રભુ છો ને! ભાઈ! તારી પ્રભુતા તને શ્રદ્ધામાં ન આવે તો તારો વિષય ક્યાંથી પ્રભુ બને? વિષય જ્યારે આ ન બન્યો, વિષય એટલે લક્ષ–ધ્યેય, તો મિથ્યાશ્રદ્ધાનો વિષય આ બધો પ્યાલો બહારમાં ફાટ્યો. સમજાય છે કાંઈ? '**આકળો બની બનીને...**' જુઓ! એક તો કહે છે, બધા વિષયો મૃગજળ જેવા (છે). અહીં ધ્રુવ સ્વરૂપ ભગવાન સમ્યગ્દર્શનનો આમ વિષય છે, ત્યારે મિથ્યાદર્શનનો વિષય ઈન્દ્રિયગ્રામના વિષયો બધા મૃગજળ જેવી તૃષ્ણા જેવા છે. આહાહા..! ક્યાંય એ તારું પૂરું પડશે જ નહિ. આમ શબ્દ સાંભળી લઉં, આમ રૂપ જોઈ લઉં, આમ કરી લઉં, આમ કરી લઉં.. ઈ પર તરફના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિષયમાં તને સંતોષ કોઈ દિ' થશે જ નહિ. અગ્નિમાં લાકડા નાખવાથી અગ્નિ કોઈ દિ' બુજાશે નહિ. એમ ભગવાન આત્માની અંતર દૃષ્ટિને બનાવ્યા વિના તું એકલા પુણ્ય-પાપ ને એના ફળના વિષયમાં જોડી દે કે આમાં આમ થાય તો ઠીક પડશે. ભોગ લઈ લઉં ને ઝટ તો એટલો સંતોષ થઈ જાય. ધૂળેય નહિ થાય. મિથ્યાદૃષ્ટિની માન્યતા એવી છે કે આમ ભોગ લઈએ પછી આપણે શાંત થઈ જશું. શું કહે છે આ? અવસ્થા કહે ને જ્યારે? ભુક્તભોગી. ભોગ ખુબ લીધા હોય ને પછી એનો સંતોષ લે. મૂઢ છો. દૃષ્ટિ મિથ્યાત્વ છે તારી. સમજાય છે કાંઈ? આપણે ખુબ ખાઈ લઈએ, ખુબ ખાઈ લઈએ. પછી..

મસ્તરામ હતા, મસ્તરામ બાવા. એક ફેરી ખાવાનું મન થયું. રીંગણાની કઢી. આ રીંગણા હોય ને? રીંગણા-બૈંગન. અહીંયાં એક બાવો હતો. હઠ. ભાન ન મળે. આમ તો રાજા માને કેટલાક. ... મસ્તરામની જગ્યા છે ત્યાં. એક ફેરી ખાવાની બહુ ઈચ્છા થઈ. કૂત્તા! તારે ખાવું છે? પછી બનાવ્યું. રીંગણાની કઢી. સથવાર હોય ને? સથવાર આવે. રીંગણા બહુ થાય. લાવ, બનાવ. એટલી ખાધી કે ઊલટી કરી. લે ખા. કૂતરા! આ રસ્તો છે? આ સંતોષ કરવાનો રસ્તો છે? શશીભાઈ! એ તો આકુળતા ઉત્પન્ન કરી. એ મિથ્યાશ્રદ્ધામાં પરના વિષયની સગવડતાથી સંતોષ માનનારા છે અને એની અગવડતા થાય તો દુઃખ માનનારા એને લઈને છે. સમજાણું કાંઈ? અને ઇન્દ્રિયોની તૃપ્તિ થશે. ખુબ ખાશું, પી લેશું, ભોગ જોઈ લેશું, બહુ જોઈ લ્યો. વેશ્યા ખુબ જોઈ લઈએ પછી આપણી તૃષ્ણા બંધ થશે. નહિ થાય, મિથ્યાત્વ તારું વધશે. તૃષ્ણા (ફાટશે). સમજાણું કાંઈ?

કહે છે, અરે..! વિષયગ્રામ મૃગજળ જેવા હોવા છતાં એને ઘેરો ઘાલે છે. પાંચ ઇન્દ્રિયના વિષયમાં ઝાપ મારે છે, આમ ઝાપટા મારે છે. અતીન્દ્રિય વિષય જે શ્રદ્ધાનો છે એ શ્રદ્ધાથી તો ભ્રષ્ટ છે. એથી ઇન્દ્રિયના વિષય તરફમાં તે ઝાપટા મારે છે. આમ કરું, આ ખાઉં, આ પી લઉં, આ ભોગવું.. એક વિષયને પણ ભિન્ન ભિન્ન વિવિધ રીતે ભોગવું. એક વિષયને પણ વિવિધ ભિન્ન ભિન્ન રીતે ભોગવું. સમજાય છે કાંઈ? એને મિથ્યાદૃષ્ટિના વિષયમાં પાંચ ઇન્દ્રિયના વિષયમાં જે મૃગતૃષ્ણા જેવા છે છતાં એના ઉપર ઝાપટા મારે છે. આ હો, આ હો, આ હો. અમારી કોઈ પ્રશંસા કરે, એવી કોઈ પ્રથા ચલાવે... સમજાય છે? બોલવાની, વાર્તાની, કથાની કે આ તો જ્ઞાની લાગે છે. લોકો અજ્ઞાની કહેતા હતા ને. એમ કરીને સંતોષ જગત પાસે મનાવવા એ પરના વિષય તરફનો ઝુકાવ અજ્ઞાનથી કરી રહ્યો છે. આહાહા..! સમજાણું?

**'અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે...'** હવે આટલી વાત થઈ. પોતે તો આમ કરે છે મિથ્યાશ્રદ્ધાને લઈને પરવિષય તરફમાં સંતોષ માનીને... સમજાય છે? પણ પરસ્પર આચાર્યપણું કરે છે કે જુઓ! ભાઈ! રાગ કરવો જોઈએ. રાગ કર્યા વિના કાંઈ વીતરાગ થવાતા હશે? કહો, આ ડોસા કેમ નથી આવ્યા? શું થયું? સમજાણું આમાં? એ રાગ અને રાગની વિકથાઓ, એ વિકથાઓ છે એ દર્શનભેદની કથા છે. રાગથી લાભ માનવો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકારથી લાભ માનવો, પાપથી લાભ માનવો, પુણ્યથી લાભ માનવો, પુણ્ય અને પાપના ફળની સગવડતાથી આપણને પુષ્ટી થશે, અગવડતાથી હાનિ થશે, એમ જે માનવું છે એ બધો મિથ્યાત્વનો રોગ છે. પણ પ્રરૂપણા કરનારા એવા અરસપરસ મળ્યા, એમ કહે છે. પરસ્પર આચાર્યપણું પણ કરે છે. જોઈએ, એમ થાતા હશે ધર્મ પાધરો? લ્યો, આ તો કહે છે, સમ્યગ્દર્શન પ્રગટ કરો, આત્માનો વિષય બનાવો, આત્માને વિષય બનાવો. એમ તરત બનતા હશે? એ.. લાલજી! જુઓ! અંદર પાઠ છે ને? '**परस्परमाचार्यत्वमाचरतो**' ઈ અચરાવે છે–આચાર્યપણું પણ કરે છે. આહાહા..! ઉપદેશ પણ એનો જૂઠો નીકળે છે એમ કહે છે, ભાઈ! આહા..! સમજાણું કાંઈ? એ શબ્દઆગમ એના મુખમાંથી ન આવે, એમ કહે છે. આહાહા..! જુઓને! આચાર્યની કથનપદ્ધતિ કેવી છે! કેટલું નાખે છે, કેટલું!! આપણને તો બહુ અંદર ઊંડું ઊંડું વિચારીએ તો ઘણું નાખ્યું છે એવું લાગે અંદર.

આચાર્યપણું પણ કરે છે, જુઓને! ભાષા કેટલી કરે છે! બોલે છે એમ કીધું ને? આમ કરો, આમ કરો. શાસ્ત્રના અર્થો ઊંધા કરી અને વીતરાગમાર્ગની લૂંટ થાય અને વિકારથી લાભ થાય એમ મનાવનારા શબ્દો એને નીકળે. એ.. શશીભાઈ! આહાહા..! કહે છે, પરસ્પર, હોં! પાછો પેલો હા પાડે. સાચી વાત છે, હોં! પહેલા જોઈએ રાગની મંદતા હોય તો કલ્યાણ થાય કે પાધરા એલ.એલ.બીની તમારી વાતું? અરે..! સાંભળને! એલ.એલ.બી.ની વાત નથી, અહીં તો એકડાના મીંડાની વાત છે પહેલી.

રાગ અને વિકલ્પથી પૃથક્ ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કર એ પ્રથમમાં પ્રથમ ધર્મ છે. એ સિવાય એક્કેય ડગલું આઘું ચાલે એવું નથી. તારા વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા બધા રણમાં, અરણ્યમાં રૂદન છે. ..લાલજી! અરે..! કઠણ વાત. કાલે કો'ક કહેતું હતું. બે કલાક આવ્યા ને? મેં કીધું, જુઓ! એક વાત એવી હતી... વાત નીકળી ને? .. આ પરની દયાનો ભાવ છે એ રાગ છે. અને રાગને ભગવાને વ્યભિચાર કહ્યો છે. ૨૦૩ ગાથા, નિર્જરા અધિકાર. ૨૦૩, ૨૦૩માં છે. નિર્જરા અધિકારની ૨૦૩ ગાથામાં વ્યભિચાર શબ્દ લીધો છે. આ તો સાક્ષી આપે છે. રામજીભાઈ બીજાને બતાવે ને. જજ ઈ વિના માને નહિ. માનતા નહોતા. ૨૦૩ ગાથા છે, જુઓ!

'**थिरमेगमिमं भावं उवलब्भंतं**' એનો અર્થ ટીકામાં લ્યો. અનિયત, અસ્થિર છે ને? જુઓ! '**અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે,...**' ઈ. પુણ્ય ને પાપ બધા વ્યભિચારી ભાવો છે. અતત્ ભાવ છે, અસ્થાયી ભાવ છે, અનિયત ભાવ છે. એટલા શબ્દો વાપર્યા છે. '**અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે, તે બધા પોતે અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેવાનું રહેઠાણ નહિ...**' જેને ઠરવું છે અંદરમાં એ ઠરવાનું સ્થાન એ શુભાશુભ છે નહિ. સમજાય છે કાંઈ? વ્યભિચાર, હોં! સેઠી! શુભ વિકલ્પને વ્યભિચાર કહ્યો છે. કેમકે સ્વભાવ નિર્મળાનંદ પ્રભુ (છે) એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાથે રાગની એકતા કરવી એનું નામ મિથ્યાત્વનું મૈથુન છે. મૈથુનમાં બેનું જોડાણ થાય.

(સંવત) ૧૯૯૫માં થોડી વાત આવી હતી ને? ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતા ને. ૧૯૯૫માં. આ વાત... માર્ગ તો માર્ગ આ છે. ત્યારે એ જરીક બોલ્યા હતા, અન્યને કઠણ ભારે પડે. ભારે પડે કે ન પડે, વસ્તુની સ્થિતિ એવી છે. વસ્તુ જ એવી છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ, એનાથી વિરુદ્ધ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ આદિના ભાવ એ રાગ છે (તેનું) સ્વભાવ સાથે એકત્વ કરવું એ મિથ્યાત્વનો વ્યભિચાર છે. બહારના વ્યભિચાર અનંત વાર છોડ્યા. આ અભ્યંતરનો વ્યભિચાર છોડ્યા વિના બહારનો વ્યભિચાર છોડ્યો એમ ઉપચારથી પણ કહેવાતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ એવો છે કે વસ્તુ જ એવી પોકાર કરે છે. આહાહા..! એમાં શું કરવું?

'સમંતભદ્રાચાર્ય' કહે છે, તું કહે છે કે આ વિરોધ આવે છે, વિરોધ આવે છે. જે નિત્ય તે અનિત્ય, એક તે અનેક, શુદ્ધ તે અશુદ્ધ. અરે..! વિરુદ્ધ થાય છે. પોકાર કરો તો કરો, વસ્તુ આવી છે. 'આપ્તમિમાંસા'માં 'જયચંદ્ર પંડિતે' અર્થ કર્યો છે, 'જયચંદ્ર પંડિતે'. એમણે 'આપ્તમિમાંસા'નો અર્થ કર્યો છે ને? પુસ્તક છે. પોકાર કરો તો કરો. ભગવાન! માર્ગ તો આવો છે. દુનિયા રાજી થાય તો માર્ગ બીજો થાય, કરાજી થાય તો બીજા થઈ જાય એમ છે નહિ.

અહીં તો કહે છે, અરે..! અજ્ઞાનીઓ! જેને સ્વવિષય નથી, જેની શ્રદ્ધામાં સ્વ ચૈતન્ય ભગવાન વસ્યા નથી, પોતાની સમ્યક્ શ્રદ્ધા-સમ્યગ્દર્શનની શ્રદ્ધામાં ભગવાન આત્મા વસ્યો નથી, એની શ્રદ્ધામાં વિકાર વસેલા છે. આહાહા..! અને વિકાર વસેલા છે માટે તેની કથનશૈલીમાં પણ રાગથી લાભ થાય, વિકારથી લાભ થાય, કરો, વિકાર કરતાં કરતાં બેડો પાર થઈ જશે. એકવાર શુભ કરતાં કરતાં, વ્યવહાર આચરણ કરતાં કરતાં ક્યારેક નિશ્ચય થઈ જશે. એવી અજ્ઞાનીઓની પ્રરૂપણા પરસ્પર આચાર્યપણું પણ કરે છે.

મુમુક્ષુ :- શુભભાવથી ક્ષાયિક સમ્યગ્દર્શન થાય..

ઉત્તર :- હા, એ વળી કહે છે. અરે..! ભગવાન! એ તો બહુ આઘે વયું ગયું. એ તો બહુ આઘે વયું ગયું. શુભજોગથી ક્ષાયિક સમકિત થાય. અરે..! પ્રભુ! શું કહે છો? ભગવાન! અત્યારે કોઈ ભગવાન નથી માટે અત્યારે તને આવું બોલવાનું (થાય છે). આ તો લૂંટ પડે છે. આહાહા..! ત્રિલોકનાથ પરમાત્માના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. કેવળજ્ઞાની પરમાત્મા મહાવીર રહ્યા નહિ, સીમંધર ભગવાન બિરાજે ત્યાં. એવા ભગવાનના વિરહમાં અરે..! પ્રભુ! આવી વાતું ચાલે. ન ચાલે, હોં! પણ શું થાય? શુભરાગથી ક્ષાયિક સમકિત થાય. અરે..! પ્રભુ! શું કહે છે તું? ભાઈ! આ બહુ સહન કરવું પડશે.

મુમુક્ષુ :- શુભરાગ બહુ ઊંચો હોય.

ઉત્તર :- ધૂળમાંય ઊંચો નથી. તીર્થંકરગોત્ર જે ભાવે બાંધે તેને ઝેર કહે છે. ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા અમૃતનો કંદ પ્રભુ છે. અતીન્દ્રિય અમૃતનો રસ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પ્રકૃતિ બંધનું કારણ ધર્મ ન હોય. બંધનું કારણ અધર્મ હોય. હાય.. હાય..! અર..ર..ર..! ભાઈ! ધર્મથી વિરુદ્ધ ભાવ એને પુણ્ય કહો કે અધર્મ કહો. ભાઈ! એ વસ્તુસ્થિતિ (છે). આકરો શબ્દ પડે તોપણ વસ્તુ તો એવી છે. સમજાણું કાંઈ? આહાહા..!

(સંવત) ૧૯૮૫માં એ શબ્દ આવ્યો હતો. હજારો માણસ. સંપ્રદાયમાં કહ્યો હતો, સંપ્રદાયમાં કહ્યો હતો. ૮૫, પોષ મહિનો. સભા મોટી. ત્યારે તો બહુ માન હતું ને! પ્રતિષ્ઠા (મોટી). પછી આ .. ઉઠ્યો. આ તો મુહપત્તિ કાઢી નાખી ને આપણે... ૮૫નો પોષ મહિનો. મોટી સભા. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. રાડ નાખી ગયા બધા, હોં! એક સાધુ બેઠો હતો (એ બોલ્યા), વોસરે.. વોસરે. વોસરે એટલે? આ અમારે ન જોઈએ, આ અમારે ન જોઈએ. એ ભાષા છે વોસરે. છોડી દઉં.. છોડી દઉં. ઊઠી ગયો, ભાગી ગયો. તમે ઉઠી ગયા એટલે આ સભા કાંઈ માને એવું નથી. અત્યારે તો મુહપત્તિ સહિત છે ને બધું. એ.. રતિભાઈ! ભાગી ગયા, ઉઠી ગયા. આ સભા તો બધી સાંભળે છે, જુઓ! તમે શું કીધું ઈ સાંભળ્યું નથી. તમે વોસરે.. વોસરે કહીને ઉઠી ગયા. પછી પાછળથી કીધું, તમારું કોઈએ સાંભળ્યું નથી. મફતમાં.. બેસી રહ્યા હોત તો વાંધો શું હતો? ન્યાં ક્યાં વાત ગરી ગઈ હતી? આહાહા...!

ભગવાન આત્મા, જેની દૃષ્ટિનો વિષય પરમાત્મા છે એવી જેને શ્રદ્ધા, ભાન નથી એનો વિષય પુણ્ય ને પાપ ને રાગ ને વિકાર ને પર જ એનો વિષય છે. એથી એ વિષયની જ સ્થાપના કરે છે. વિષય શબ્દે ભોગ બાયડીના, એ તો સ્થુળ વાતું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માની શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિનો વિષય છોડી અને જેણે વિકારની દૃષ્ટિ, પાપદૃષ્ટિ.. મિથ્યાદૃષ્ટિનો વિષય વિકાર છે. આવો ઉપદેશ માંહોમાહે કરે છે. હા, બરાબર છે, એમ જોઈએ, એમ હોય. એમ ને એમ પાધરા એલ.એલ.બી. થવાતા હશે? સાંભળને ભગવાન! હો, પણ ધર્મ નહિ એ. અને એનાથી કરતા કરતા ધર્મ થશે, ભાઈ! રાગ કરતા કરતા ધર્મ થાય? લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે? લસણ.. લસણ કહે છે? લહસૂન. લસણ, ડુંગળી–પ્યાજ. અમારે ડુંગળી કહે છે. અહીં સુધી ખાધી. કસ્તુરીનો ઓડકાર આવ્યો. ધૂળમાંય નહિ આવે. મૂઢ છો. એમ રાગ ને વિકાર કરતા કરતા ભગવાન આત્મસ્વભાવની દૃષ્ટિ પ્રગટે, ત્રણ કાળમાં ન આવે. પણ અજ્ઞાની માહોંમાહે આ મિથ્યાત્વને લઈને પરના વિષયથી સ્વવિષય પ્રાપ્ત થાય એવી પ્રરૂપણા આચાર્ય થઈને માહોંમાહે કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! એ કાઢ્યું એમાંથી. એ વાત એને રુચે છે ને? કામભોગ સંબંધી વિષય. વિષય એટલે પરવિષય. તો એ પરની વાત એવી જ કરે છે. એમ એમાંથી કાઢ્યું. ભાઈ, હિંમતભાઈ! કામભોગમાંથી આ બધું કાઢ્યું છે. જે જેને રુચ્યું તે બીજાને આમંત્રણ આપે.

**'પરસ્પર આચાર્યપણું પણ કરે છે...'** કાલે કહ્યું નહોતું? રાત્રે કહ્યું હતું ને? દેવચંદજીનું. નહિ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યક્રિયા રુચિ જીવડા ને ભાવ ધર્મ રુચિ હિન.

ઉપદેશ પણ તેહવાજી.. શું કરે જીવ નવીન રે ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ..

ભગવાન તો કેવળજ્ઞાનમાં બધું જાણે છે. ત્યાં ક્યાં સાંભળવું છે? પણ ભક્તોને એમ કે પ્રભુ! સાંભળો તો ખરા.

ભરતક્ષેત્રમાં નવપણો જી.. લાજ્યો દુષમકાળ.

જિન પૂર્વધર વિરહથી, દુલહો સાધન ચાલ્યો રે... ચંદ્રાનન જિન. સાંભળીએ અરદાસ.

હે નાથ! આવા સાધન મળ્યા. પ્રભુ! તારા વિરહે આ બધું ઊંધે કાન નખાઈ ગયું આ તો. .. લાલજી! ઊંધે કાન સમજ્યા? ઊંધું. 'જિન પૂર્વધર વિરહથી...' પ્રભુ! જિન વીતરાગ ને પૂર્વધરોનો અમને અહીંયાં વિરહ પડ્યો. સમજાય છે કાંઈ? આ ઊંધી પ્રરૂપણા શ્રદ્ધા કરનારાઓને પ્રભુ! વારનાર કોણ છે અત્યારે? આહાહા..! સમજાણું કાંઈ? એ વાડું વેલા ખાય, અમારે ક્યાં દલીલ કરવા જાવી? સાધુ અને આચાર્ય નામ ધરાવનારા પ્રભુ! તારા માર્ગથી વિરુદ્ધ કહે. પ્રભુ! અમારે ક્યાં દલીલ કરવી? સમજાણું કાંઈ? ઓહો..! માર્ગ પરમાત્માનો...

સર્વજ્ઞસ્વભાવી પ્રભુ, ભાઈ! એના આનંદરસની રુચિ તો કર, ભાઈ! એ રુચિ કર તો રુચિ અનુયાયી વીર્ય. રુચિ પ્રકારે, રુચિ પ્રમાણે વીર્યની સ્ફુરણા થઈને અંતરમાં એકતા થશે. પણ એની રુચિ કર્યા વિના એકલા શુભ ને અશુભની રુચિ કરવાથી.. રુચિ અનુયાયી વીર્ય, ઈ અહીં કહે છે. એમાં રુચિ વિકારમાં છે તો એનું વીર્ય ત્યાં જ ગતિ કરશે. સ્થાપશે પણ ઈ, કહેશે પણ ઈ, માનશે પણ ઈ. ...લાલજી! આહાહા..!

કહે છે, પ્રભુ! પરસ્પર આચાર્યપણું કરે છે. ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્યે' 'કુંદકુંદાચાર્ય'ના શબ્દોના પેટ ખોલી નાખ્યા છે. આહાહા..! કહો, સમજાણું આમાં? કેટલું એક શબ્દમાંથી (કાઢે છે)! અને એમાંથી નીકળે છે બધું, હોં! આ કામભોગ અનુબંધ શબ્દ પડ્યો છે ને. પંડિતજી! અનુબંધ. '**कामभोगानुबद्धा**' સંસ્કૃતમાં છે. '**कामभोगानुबद्धा**'. એટલે સંબંધ કરવો. આમ સંબંધ, આમ સંબંધ. એઈ..! ભાઈ! આમ નહિ, આમ સંબંધ કરે છે. ઈચ્છા ને રાગ ને દ્વેષ, લાંબુ લાંબુ ચાલતાં બહારના કામ. આમ સંબંધ કરાવનારી વાત છે. અહીંથી સંબંધ તોડાવનારી વાત છે અને અહીં સંબંધ કરાવનારી વાત છે. શબ્દ તે કેટલા આચાર્યના.. ઓહોહો..! સમજાણું કાંઈ? આ 'અમૃતચંદ્રાચાર્ય' અને 'કુંદકુંદાચાર્ય' સાક્ષાત્ પરમેશ્વર જેવા પંચમઆરામાં પાક્યા છે, લ્યો! એક કેવળજ્ઞાનનો અભાવ (છે), બાકી તો ઓ..હો..હો..!

એ તો 'પદ્મપ્રભમલધારીદેવે' કહ્યું નહિ? અરે..! એવા મુનિઓ અને ભગવાનમાં ફેર દેખે, અમે જડ છીએ, હોં! એમ કહ્યું છે. આપણે કળશ આવી ગયો ને? એવા મુનિઓ મહા અને પરમાત્મા સર્વજ્ઞ.. પહેલા ફેર દેખે એમ કહ્યું, પછી ન્યૂનતા થોડી છે એમ કહ્યું હતું. પહેલા શ્લોકમાં થોડી ન્યૂનતા છે, થોડો ફેર છે. પછી કહે છે, ફેર દેખનારા અમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જડ છીએ. ભગવાન વીતરાગસ્વરૂપે સંતો થઈ ગયા એને વીતરાગતા પૂર્ણ આવવાને કેટલી વાર છે? એ તો વચમાં પંચમકાળ આવી ગયો, જરી ધર્મશાળામાં-સ્વર્ગમાં રોકાવું પડશે. ન્યાંથી નીકળીને સંતો કેવળજ્ઞાન લેવાના છે. સમજાણું કાંઈ? આહા..! જેમ પચ્ચીસ ગાઉ ચાલતા સાંજ પડી જાય, સાંજ સોળ ગાઉએ. બાકી આઠ ગાઉ ચાલવું પડે તો સવાર પડી એટલે રસ્તો કાપી લેશે. એમ મુનિઓએ કામ તો અંદરમાં અનંત કર્યા. થોડો કાળ બાકી રહી ગયો અને સ્થિરતા બાકી રહી ગઈ. છૂટીને સ્વર્ગમાં ગયા છે. એ ધર્મશાળા છે ત્યાં. ત્યાંથી નીકળીને મનુષ્યનો ભવ નીકળ્યો (ત્યાં) આઠ વર્ષે સડસડાટ ચારિત્ર ને મુનિની દશા અંગીકાર કરી થોડા કાળમાં કેવળ લેશે. સમજાણું કાંઈ? એવી આ 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' મુનિની દશા સ્થિતિ પોકાર કરે છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! મૃગતૃષ્ણા જેવા.. એક કોર ભગવાન ધ્રુવ સ્વરૂપ, એમ કહે છે. ચિદાનંદ આમ કાતળી પડી છે ને. અનાદિઅનંત શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ... એનો વિષય છોડી, એની શ્રદ્ધા છોડી અને અહીં તે વિકારમાં ને પરમાં શ્રદ્ધા કરી, એ બધા વિષયો મૃગતૃષ્ણા જેવા છે. થોથેથોથા ઊભા રહેશે, કાંઈ તારી પાસે નહિ રહે. એમાં લાભ મનાવે છો. અરે..! પુણ્ય કરશે તો લાભ થાશે. ભગવાન પાસે જવાશે પછી સંભળાશે. અરે..! હાલ.. હાલ. ઊંધી તારી વાત છે. ભગવાન તો અહીં બેઠો છે. ન્યાં ભગવાન પાસે જા એ તો પુણ્યનું કારણ (છે). ભગવાન પાસે અનંત વાર ગયો. ભગવાન પાસે અનંત વાર ગયો પણ તેં વિકથા સાંભળી છે ત્યાં. ધર્મકથા સાંભળી નથી. કીધું નહિ? શ્રુત, પરિચિતમાં આવ્યું કે નહિ? ભાઈ! અનંત વાર તેં કામભોગની કથા સાંભળી. ભગવાન પાસે પણ કામભોગની કથા સાંભળી. એઈ..! એમ આવ્યું કે નહિ આમાં? કેમકે રાગની રુચિ રાખીને સાંભળ્યું છે. એનું પરિણમન રાગની રુચિમાં ભગવાનનું સાંભળે તોપણ એ પોતાના ભાવથી સાંભળે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રભુ કહે છે કે જેને રાગ અને પરવિષય તરફના ઝુકાવનો પ્રેમ થઈ ગયો છે ને, એ પર તરફના ઝુકાવની જ પ્રરૂપણા અને વાતું કરશે. એમ કહે છે અહીં તો. સેઠી! જેને સ્વ ભગવાન આત્મા અંતરમાં વળવાથી સ્વશ્રદ્ધા થાય અને સત્યતા પ્રગટે, પછી અંતરમાં સ્થિર થવાથી ચારિત્ર પ્રગટે. એ અંતર વલણ જોઈએ. એને ઠેકાણે મિથ્યાદૃષ્ટિનું વલણ જ બહારમાં છે. એટલે દુનિયાને પણ બહારના ઝુકાવના વલણની જ વાતું કરશે એકલી. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનચંદજી! આહાહા..! અરે..! વીતરાગમાર્ગ છે ક્યાંય? સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુઆત્માનો જેણે વિષય શ્રદ્ધા-દૃષ્ટિ કરી નથી ને, પ્રભુ! એને તો આ પુણ્ય-પાપનો વિષય રાગ જ જેને ધ્યેયમાં વર્તે છે અને તેથી તેની કથનશૈલી એ રાગને સ્થાપવાની (છે) અને પરસ્પર એ જ કરશે, એ જ કરશે. એને કામભોગની કથા કહે છે. આ પરસ્પર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આચાર્યપણું કરે છે. શું? કામભોગની કથાનું. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણું છે, હોં! જયસુખભાઈ! ઉપરટપકે કાંઈ હાથ આવે એવું નથી આમાં. આહાહા..! '**(અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે)**.' ખુલાસો કર્યો છે. પર તરફના વિષયમાં વળવું એ જ પહેલી દિશા ધર્મ છે અને પછી સ્વ તરફ વળાશે. અરે..! ભગવાન! જાવું પહેલું ઉગમણું, એ ચાલવા માંડે આથમણો. આથમણા હાલતા હાલતા ઉગમણું સહેલું પડશે. સહેલું પડશે સમજાય છે? નજીક આવશે. જાવું છે ઉગમણું-સૂર્ય તરફ-પૂર્વ (અને) જાય આમ. ભઈ, થોડું થોડું ચાલવા તો દો. ચાલવું કરતાં કરતાં ઉગમણું-સૂર્ય સન્મુખ થશે. સન્મુખ નહિ મુઠીયું વાળીને ઉંધુ પડશે, ઢસા છે ન્યાં. અહીં ઢસા આવે છે ઢસા. ઢસરડા થશે, ભાવનગર આમ રહી ગયું. ભાવનગર ઉગમણું રહી ગયું. ભાવનગર-અનંત આનંદનો કંદ એવું ભાવનગર અંતર સન્મુખમાં રહી ગયું છે. એનાથી વિમુખમાં રાગની ક્રિયા ને પુણ્ય દયા, દાન, વ્રતની ક્રિયા કરવાથી સ્વસન્મુખ જવાશે (એમ) બિલકુલ નહિ. સેઠી! આહાહા..! અહીં નજીક અમારે ઢસા (ગામ) છે ને. તેર કોસ ઢસા છે. ૨૬ માઈલ. અને આ ૧૯ માઈલ ભાવનગર છે. આ વચમાં છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ ભાવનગરની વાત છે. એ તો વાત કરે છે. અનંત આનંદકંદના સમાજરૂપ ભગવાન આત્મા ભાવનગર છે. અંતરમાં સન્મુખ જવું ઈ નગરમાં પહોંચવું છે. પરસન્મુખ જઈને, રાગ કરતા કરતા પરસન્મુખ જઈને અંદર નગરમાં પહોંચવું છે? અંદર નગરમાં પહોંચાય? આમ જતાં આમ જવાય? એમ કહે છે. પણ અજ્ઞાનીઓ આચાર્યપણું કામભોગ ને બહારના વિષયની વાત સ્થાપે છે. કહો, રતિભાઈ! આહાહા..!

'**તેથી..**' હવે કહે છે, આવા કારણોથી '**કામભોગની કથા તો સૌને સુલભ (સુખે પ્રાપ્ત) છે.**' જુઓ! સુખે (આવ્યું). સુલભ-સુખે પ્રાપ્ત છે. જુઓ! અંદર લખ્યું. સમજાણું કાંઈ? આવા કારણોથી. પોતે પણ વિકારના મધ્યમાં પડ્યો છે અને ચકરાવો લગાવ્યો છે અને તૃષ્ણા ફાટી છે અને બહારમાં દોડે છે અને કહેનારા પણ એવા એને મળે છે. અને પોતે બીજાને કહે અને તને કહેનારા બીજા પણ એવા જ મળે છે. સમજાણું કાંઈ? '**તેથી...**' આવા કારણોથી, એમ. અંદરમાં શબ્દ પડ્યા છે ને? કામભોગની કથા સૌને સુલભ છે એ તો સરવાળો લીધો. '**પણ...**' હવે લ્યે છે. સમજાણું? આ કારણે આત્માની વાત રાગથી પૃથક્ સાંભળવી દુર્લભ છે, સુલભ નથી. આવા કારણોમાં રોકાવાથી, એવા સંયોગોને પ્રાપ્ત થવાથી એનો ભાવ ત્યાં પડ્યો છે, એથી પરિભ્રમણ કરી રહ્યો છે. તૃષ્ણા ફાટીને આમ ગઈ છે. પરસ્પર વાતું કરે તો તેની પુષ્ટી કરે છે. માટે ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગથી રહિત એવો એકત્વ સ્વભાવ એ પામવો સુલભ નથી, મહા દુર્લભ છે. એ કેમ પમાય એ વ્યાખ્યા કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પ્રથમ શ્રાવણ ૦)), મંગળવાર તા. ૧૬-૦૮-૬૬**
**ગાથા-૪. પ્રવચન-૧૮**

આ 'સમયસાર'. જીવ-અજીવ અધિકાર ચોથી ગાથા ચાલે છે. અહીં સુધી કાલે આવ્યું છે, જુઓ! **'તેથી કામભોગની કથા તો સૌને સુલભ (સુખે પ્રાપ્ત) છે,...'** સુલભ-સુખે કરીને પ્રાપ્ત. ત્યાં સુધી આવ્યું છે. છે? ઘણાં કારણો કાલે આપ્યા. અનંત વાર સાંભળ્યું છે કેમ? પોતાનો સ્વભાવ પુણ્ય-પાપના રાગથી ભિન્ન હોવા છતાં અનાદિથી રાગ અને વિકારનું એણે વેદન કર્યું છે. તેથી એ બંધની કથા અથવા ઈચ્છા નામ રાગ અને ભોગ નામ ભોગવવું-એવા વિકારી ભાવનું કરવું અને વિકારી ભાવનું ભોગવવું એવી વાત અનંત વાર વેદનમાં આવી ગઈ છે. એ દશા વેદનમાં આવી ગઈ છે. તેથી તે વાત અનંત વાર સાંભળી છે અને પરિચયમાં આવી છે એમ કહ્યું. સમજાય છે કાંઈ? નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધી દિગંબર દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ ગયો, તેની વાત છે, હોં! સમ્યગ્દૃષ્ટિ અનુભવ કરીને નવમી ગ્રૈવેયક ગયા છે એ પણ અનંત ગયા છે. પણ આત્માના રાગનો વિકલ્પ જે છે તેનાથી ભિન્ન પોતાનું સ્વરૂપ અનુભવમાં પ્રત્યક્ષ થવા લાયક છે તેમ પ્રત્યક્ષ કર્યું નહિ અને રાગ ને પુણ્ય-પાપના ભાવ સાથે એકત્વ કરી અંતર વિકારનો કર્તા અને વેદન થઈને અનંત વાર એ બંધકથાનો ભાવ સાંભળ્યો છે, અભ્યાસમાં આવ્યો છે, આદત પડી ગઈ છે, ટેવાઈ ગયો છે, અનુભવમાં આવી ગયા છે. પંડિતજી! તમારે ટેવ શબ્દ આવે છે? કુટેવ. એવી ટેવ પડી ગઈ. પરિચયમાં કહે છે. આદત પડી ગઈ. સમજાય છે કાંઈ?

ત્યારે શું દુર્લભ છે? **'પણ...'** ઈ તો કાલે ઘણું ચાલ્યું હતું. હવે જરી શાંતિથી આ તો (સમજવાની વાત છે). અમારે આ ભાઈ તો સાંભળવા માટે રોકાણા છે. હવે આ દુર્લભ છે. શું? આવી વાત પુણ્ય-પાપના ભાવની અને કર્તા ને ભોક્તાની, એના વેદનની એવી વાત તો જીવોએ (સાંભળી છે. નિગોદના જીવોએ સાંભળી નથી પણ વેદન કર્યું છે તેથી તેણે સાંભળી છે, એમ કહેવામાં આવ્યું છે. **'પણ નિર્મળ...'** જે છેલ્લો શબ્દ છે તેને પહેલા લ્યે છે. **'નિર્મળ ભેદજ્ઞાન...'** પાઠમાં એમ છે **'निर्मलविवेकालोकविविक्तं केवलमेकत्वम्'**. આ શબ્દ પડ્યા છે. પંડિતજી! સંસ્કૃત ટીકામાં છેલ્લો શબ્દ. જુઓ! એમાં જરી માલ ભર્યો છે. આહા..!

ભગવાન આત્મા નિર્મળ ભેદજ્ઞાનરૂપી વિવેક. જુઓ! પાઠમાં વિવેક છે. અર્થમાં ભેદજ્ઞાન કહ્યું છે. ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ રાગથી અને પુણ્યથી ભિન્ન, મહાવ્રતાદિના રાગથી પણ ભિન્ન ભગવાન આત્મા છે, એવું નિર્મળ વિવેક-ભેદજ્ઞાન-નિર્મળ ભેદજ્ઞાન કર્યું નહિ. **'निर्मलविवेकालोक'** **'आलोक'**નો અર્થ કર્યો પ્રકાશ. ભાઈ! ગુજરાતીમાં પ્રકાશ છે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બરાબર છે, બરાબર છે. શું કહે છે? આ ભગવાન આત્મામાં એક પ્રકાશ નામનો ગુણ છે. ૪૭ ગુણ છે-શક્તિ છે-એમાં બારમી શક્તિ પ્રકાશશક્તિ છે. ગુણ છે ને? ૪૭ આવ્યા છે ને? જીવત્વ, ચિતિ-ચેતન, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ. બારમી શક્તિ છે. ૪૭ છે ને? અમારે સુડતાલીસ કહે છે, તમારી શું ભાષા છે? સૈંતાલીસ. અમારે સુડતાલીસ કહે છે. ચાર અને સાત. એમાં એક બારમી શક્તિ ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' લીધી છે. એવી એક પ્રકાશ શક્તિ આત્મામાં છે.

કહે છે, નિર્મળ ભેદજ્ઞાન-વિવેકરૂપી પ્રકાશથી 'ભિન્ન દેખવામાં આવે છે...' શબ્દ તો આ છે. અંદર સ્પષ્ટ નથી. અહીંયાં સ્પષ્ટતાની જરૂર તો છે. પહેલાં પણ લખ્યું હશે, 'જયચંદ્ર પંડિતે'. શું કહે છે? ભગવાન આત્મા, જે રાગ અને કષાયના ચક્રમાં એકત્વ થઈને પોતાનું નિજ સ્વરૂપ તિરોભૂત, તિરોભૂત-દૂર થઈ ગયું છે. પણ એનો સ્વભાવ છે કેવો? નિર્મળ વિવેક, નિર્મળ વિવેક(થી જણાય એવો છે). મનના સંગથી શુભ રાગાદિ ઉત્પન્ન થાય છે તેનાથી પણ ભિન્ન નિર્મળ વિવેક-ભેદજ્ઞાન પ્રકાશ. '**विविक्तं**'. તેનાથી ભિન્ન, ભિન્ન. જુઓ! '**विविक्तं**' એટલે ભિન્ન. '**દેખવામાં આવે છે...**' દેખવામાં આવે છે. '**आलोक**' છે ને? '**आलोक**' નો (અર્થ તો) પ્રકાશ થયો. '**विविक्तं**'-'**ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ...**' '**केवलमेकत्वम्**'. ભિન્ન આત્માનું માત્ર એકત્વ જ. શું કહે છે? પોતામાં એક પ્રકાશ નામનો અનાદિઅનંત ગુણ છે. જેમ આનંદગુણ છે, જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, સ્વચ્છતા ગુણ છે, પરમેશ્વરતા ગુણ છે એવી આત્મામાં અનંત શક્તિ છે. એમાં એક પ્રકાશ શક્તિ એવી છે કે જેનાથી આત્મા... જુઓ! આ વર્તમાનમાં વિરોધ ચાલે છે તેનો પણ આમાં ખુલાસો છે.

પ્રકાશ શક્તિ નામનો આત્મામાં એક ગુણ પડ્યો છે. એ ગુણનું કાર્ય શું? કે પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડી પોતાનો આત્મા પવિત્ર-શુદ્ધ-છે, એનું પ્રત્યક્ષપણે પ્રત્યક્ષતાથી, સ્વસંવેદન પ્રત્યક્ષ થઈને થવું એ પ્રકાશ નામના ગુણનું ફળ નામ કાર્ય છે. શાંતિથી સમજવું. આ જરી સૂક્ષ્મ વાત છે. આ 'સમયસાર' એટલે તો ચૌદ પૂર્વનો નિચોડ છે! કેવળજ્ઞાનનો કંદ આમાંથી કાઢ્યો છે. ભગવાન આત્મા કહે છે કે વિકલ્પથી પુણ્ય-પાપના ભાવ હો, પણ એ પોતાની ચીજ નથી. એનાથી ભિન્ન પોતાનો વિવેક રાગથી ભિન્ન કરીને આલોકન પ્રકાશનું પ્રત્યક્ષપણે આત્માનું સ્વસંવેદન થાય તે એનો સ્વભાવ એકત્વ થવું છે. પરથી ભિન્ન પડી પોતાના સ્વભાવમાં એકત્વ થઈને પ્રત્યક્ષ થવું, મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થવું, સ્વસ્વભાવનું પ્રત્યક્ષ થવું. અવધિ, મનઃપર્યય કોઈ ચીજ નથી, એ તો વચમાં એક ઋદ્ધિ આવે છે. એ સાધકદશામાં કામ નથી કરતી. સમજાય છે કાંઈ?

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જે અંદર પ્રગટ છે, પ્રગટ કરે છે તો એ જ્ઞાન દ્વારા આત્મા (પ્રત્યક્ષ થાય છે). પ્રકાશ શક્તિ છે. પ્રકાશ શક્તિનો અર્થ સ્વસંવેદન પ્રત્યક્ષ થવું, આ સ્પષ્ટ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શબ્દમાંથી જરી પ્રત્યક્ષ (કાઢ્યું). સમજાય છે કાંઈ? ભગવાન! તારી ચીજ એવી છે કે તું પ્રત્યક્ષ થા એવો તારો ગુણ છે. સમજાય છે કાંઈ? આત્મા પરોક્ષ રહે એવો એનામાં ગુણ જ નથી. આહાહા..! ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' આખા સમયસારની ટીકા અને શાસ્ત્રમાંથી કાઢીને ૪૭ શક્તિ વર્ણવી છે. ૪૭ ગુણ.. ગુણ. અનંત ગુણ છે પણ વર્ણન કેટલું કરે? એટલા અનંત ગુણ છે કે કેવળી પણ એક એક ગુણ એકસાથે કહે તોપણ એ કરોડ પૂર્વમાં પૂરું ન થાય. અનંતાઅનંત ગુણ આત્મામાં છે. એમાંથી ૪૭નો નમુનો બતાવ્યો. એમાં એક બારમી શક્તિ એવી બતાવી કે ભગવાન તારામાં પ્રકાશ નામની એક શક્તિ છે-ગુણ છે. એ ગુણનું કાર્ય, જ્યારે પ્રકાશ શક્તિ આત્માના આધારે રહે છે. ગુણ છે તે આધેય છે, ભગવાન આધાર છે. ભવગાન કોણ? આત્મા નિજ ભગવાન. ભગવાન આત્મા આધાર છે. પ્રકાશ શક્તિ તેમાં રહે છે. એવી અનંત શક્તિ રહે છે.

'**एक दव्वसिया गुणाः**'. એક દ્રવ્યને આશ્રયે ગુણ રહે છે. શ્વેતાંબરનું આ પદ આવ્યું. એક દ્રવ્યને આશ્રયે. આપણે પણ ત્યાં આવ્યું છે ને? ૯૩મી ગાથા, (પ્રવચનસાર). '**अत्थो खलु दव्वमओ दव्वाणि गुणप्पगाणि भणिदाणि।**' બોલો તમે, અમને બરાબર નથી આવડતું. '**अत्थो**' પદાર્થ છે તે દ્રવ્યમય છે અને દ્રવ્ય છે તે ગુણમય છે અને પર્યાય છે તે '**तेहिं पुणो पज्जाया**'. દ્રવ્ય અને ગુણ છે તેના આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય છે. એ 'પ્રવચનસાર'ના જ્ઞેય અધિકારની પહેલી ગાથા. મહાસિદ્ધાંત દ્રવ્ય-ગુણ-પર્યાયનો. સમજાય છે કાંઈ? '**अत्थो खलु दव्वमओ**' પદાર્થ છે તે દ્રવ્ય છે અને ગુણ છે તે '**गुणप्पगाणि**'. ગુણસ્વરૂપ છે, ગુણ છે. અને '**तेहिं पुणो पज्जाया**' એ દ્રવ્ય અને ગુણને આશ્રયે '**पज्जाया**' પર્યાય ઉત્પન્ન થાય છે. છએ દ્રવ્યની. છએ દ્રવ્યની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? '**तेहिं पुणो पज्जाया**' દ્રવ્ય અને ગુણના આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય છે.

(સંવત) ૧૯૭૮માં પહેલી વાર 'સમયસાર' વાંચ્યું ને? ભાઈ! ૭૮. અમે જંગલમાં વાંચવા જતા હતા. શરીર સુંવાળું હતું અને તડકામાં બહાર કપડું ખોલીને બેસતા હતા. અહીંયાં પાછા આવીએ ત્યાં લાલચોળ થઈ જાય. એટલે પૂછે કોઈ, ત્યાં તડકો હતો તો લુગડું ઓઢીને ક્યાં બેસે? જંગલમાં. શું વાચતા હતા? સમયસાર. સમયસાર એટલે સમજો છો? કીધું. પછી એને એના શાસ્ત્રમાંથી તે દિ' બતાવ્યું. ૨૮મા અધ્યયનની શ્વેતાંબરની એક ગાથા છે. '**दव्वाणं एकदव्वसया गुणाणं आस्सवो दव्वं**' ગુણનો આશ્રય દ્રવ્ય છે. '**एकदव्वसिया गुणाः**' દ્રવ્યમાં ગુણ રહે છે, ગુણનો આશ્રય દ્રવ્ય છે. '**गुणाणं आस्सवो दव्वं एकदव्वसिया गुणाः लखखणं पज्जवाणंसु**' પર્યાયનું એ લક્ષણ છે '...'. આપણે ૯૩ ગાથા સાથે મેળવણી છે. '...' ૨૮મા ઉત્તરાધ્યયનું સૂત્ર છે. આ પ્રવચનસારમાં છે, પેલું સમયસારમાં છે. આ પ્રવચનસારની વાત છે. ૯૩ ગાથા છે ને? હા, બસ ઈ.

'**अत्थो खलु दव्वमओ**' જગમોહનલાલજીને આપો.. ત્યાં એને બહુ કામ પડે છે. ૯૩.

**'अत्थो खलु दव्वमओ दव्वाणि गुणप्पगाणि भणिदाणि।'** ભગવાને કહ્યું છે એમ કહે છે. અને **'तेहिं पुणो पज्जाया'**. પર્યાય જે ઉત્પન્ન થાય છે છ દ્રવ્યમાં **'तेहिं पुणो'** દ્રવ્ય અને ગુણના આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય છે. **'पज्जयमूढा हि परसमया'** એકલી પર્યાયને, એટલું જ દ્રવ્ય માને તે મૂઢ જીવ છે. સમજાય છે કાંઈ? આ તો મહા 'પ્રવચનસાર', 'સમયસાર'! બાપુ! એક એક શ્લોકમાં તો ઘણું ભર્યું છે. બધા સિદ્ધાંત આવી ગયા. પર્યાય કઈ રીતે ઉત્પન્ન થાય છે (તે આવી ગયું). નિમિત્તથી નિમિત્તથી કહે છે એ બધી વાત ઊડી ગઈ. પંડિતજી! ભગવાન! ચીજ એવી છે, પ્રભુ! વાદવિવાદની કોઈ વસ્તુ નથી. **'तेहिं पुणो पज्जाया'** આવો શબ્દ શ્વેતાંબરના ૨૮મા અધ્યયનમાં આવ્યો હતો. એ પૂછતા હતા, શું વાંચો છો? 'સમયસાર' વાંચીએ છીએ. શું (વાંચ્યું)? મેં કીધું, દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત છે. ખબર નથી? કીધું. આ ૨૮મા અધ્યયનમાં નથી આવતું? **'गुणाणं आस्सवो दव्वं'** ગુણનો આશ્રય દ્રવ્ય છે. **'एकदव्वसिया गुणाः'** એક એક દ્રવ્યને આશ્રયે ગુણ રહે છે. **'लख्खणं पज्जवाणंसु'** પર્યાયનું લક્ષણ એ છે '...' અહીં કીધું ને? **'तेहिं पुणो पज्जाया'**. ત્યાં '...' કોઈ શબ્દ તો લીધો ને, આમાંથી નીકળ્યું છે તો. કોઈ તો લીધો હોય ને. સમજાય છે કાંઈ? એ આખી દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા છે.

પ્રત્યેક પદાર્થની પર્યાય-અવસ્થા ક્ષણે ક્ષણે જ્યારે થાય છે, એ બે કારણે ઉત્પન્ન થાય એમ કહે તો એ પ્રમાણનું કથન છે. આ નિશ્ચયનું કથન છે. નિશ્ચયના કથનમાં સ્વદ્રવ્યથી પર્યાય ઉત્પન્ન થાય એ નિશ્ચય છે. વ્યવહારના કથનમાં નિમિત્તથી ઉત્પન્ન (થાય), એમ વ્યવહારનું જ્ઞાન કરાવવા એમ કહે છે. પ્રમાણના કથનમાં બેય એકસાથે બે કારણે કાર્ય થાય છે, એમ કથન આવે છે. સમજાય છે કાંઈ? આ નિશ્ચયનું કથન છે. સાથે જ્યારે નિમિત્તનું કથન કરવું હોય તો બે કારણથી (ઉત્પન્ન થાય) એમ આવે. અહીં કહે છે.. ઈ આવે છે ને? 'અકલંકદેવ'માં. પર્યાય ... સ્વપર્યાય પરપર્યાય... સ્વપર પ્રત્યય, સ્વપર પ્રત્યય શબ્દ છે. બધું યાદ તો રહેતું નથી, ભાવ ખ્યાલમાં રહે. ઈ શબ્દ છે. ઈ છે પણ આ તો .. શબ્દ આવે છે. બે કારણનું ત્યાં આવે છે. સ્વપર પર્યાય ઉભયથી થાય એવું 'અકલંકદેવ'માં આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ. ઉત્પાદમાં. ઉત્પાદની વ્યાખ્યામાં આવે છે. ઉભય નિમિત્ત વશાત્. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવું છે. નિશ્ચયનું જ્ઞાન હોય ત્યારે નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરવું એ પ્રમાણનું જ્ઞાન છે.

અહીં કહે છે, પ્રત્યેક પદાર્થ પોતાની વર્તમાન અવસ્થા, એમાં છએ દ્રવ્ય છે, છએ દ્રવ્યમાં કોઈ ખાલી નથી. એક પરમાણુ લ્યો, એક આત્મા લ્યો, એક કાળાણુ લ્યો, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, આકાશ. પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. એક વાત. અહીંયાં શું કહે છે અધ્યાત્મની દૃષ્ટિમાં? ભગવાન આત્મા.. ભાઈ! પ્રભુ તો તારો

તો એવો છે કે નિર્મળ ભેદવિવેકજ્ઞાન-રાગથી પૃથક્ થઈને પોતામાં પ્રકાશ, નિજ સ્વરૂપ શુદ્ધ છે એવી પ્રકાશશક્તિને કારણે દ્રવ્ય સ્વભાવને કારણે નિજ (સ્વરૂપ) પ્રત્યક્ષ થાય છે. મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. પરોક્ષ તો પરની અપેક્ષાએ મતિ-શ્રુતને કહ્યું છે. તેથી (પરોક્ષ) છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈ! ભગવાન તો એવો છે કે તને પ્રત્યક્ષમાં સમ્યગ્દર્શન થયું તો મતિ-શ્રુતમાં પ્રત્યક્ષ થાય એવો તારો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તારી શક્તિ એવી છે. એ ગુણનો ગુણ પ્રકાશ નામનો ગુણ અંદર અનાદિઅનંત છે. જેમ આનંદ છે, જ્ઞાન છે, દર્શન છે, પ્રભુતા છે એમ પ્રકાશ નામનો ગુણ અનાદિઅનંત છે. એ ગુણનો ગુણ, ગુણનો ગુણ અર્થાત્ ગુણનું કાર્ય, ગુણનું કાર્ય અથવા ગુણની પર્યાય, કાર્ય કહો, પર્યાય કહો, ગુણનો ગુણ કહો.. સમજાય છે કાંઈ? ભગવાન! તારી ચીજ એવી છે કે તું રાગથી પ્રત્યક્ષ થાય તો ભેદજ્ઞાનમાં ચૈતન્યસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે તેને અહીંયાં ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

સમ્યગ્દષ્ટિમાં નિજ સ્વરૂપના અનુભવકાળમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. આહાહા..! હજી અત્યારે તો તકરાર (કરે છે) કે ચોથા ગુણસ્થાનમાં શ્રદ્ધા થાય ને આમ હોય છે. અરે..! હાલ.. હાલ. એવી શ્રદ્ધા તો અનંત વાર કરી. આગમની શ્રદ્ધા ને આગમ માનીએ છીએ ને છ દ્રવ્ય આમ છે, એ શ્રદ્ધા શ્રદ્ધા નહિ. સમજાય છે કાંઈ? ૧૭-૧૮ ગાથામાં આવે છે ને? ભાઈ! જેનું જ્ઞાન ન થયું એની પ્રતીતિ તો સસલાના શીંગડા સમાન છે. ૧૭-૧૮, સમયસાર. ટીકામાં લીધું છે. જેનું અંદર ભાન થયું કે આ આત્મા છે એવું પ્રત્યક્ષ જ્ઞાન ન થયું અને તેની પ્રતીતિ કરવી એ ગધેડાના શીંગડા સમાન છે. ગધેડાને શીંગડા નથી તો દેખાતા નથી તો પ્રતીતિ કઈ રીતે કરવી? સમજાય છે કાંઈ? ધીમે કહીએ છીએ, બહુ ઉતાવળથી નથી કરતા. માટે ધીમે ધીમે થોડો થોડો વિચાર કરવો. આ કથા આત્મકથા છે. ભાઈ! તેથી પહેલાં કહ્યું કે તેં આ વાત સાંભળી નથી. કદી સાંભળી નથી કે પરિચયમાં આવી નથી તો વેદનમાં તો ક્યાંથી આવે?

ભગવાન આત્મા '**નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે...**' લ્યો, ભાઈ! છે ને? સમજાણું કાંઈ? સ્પષ્ટ શબ્દ ઉપરથી લીધો છે. પણ અહીંયાં એમ કહ્યું ને? '**विविक्त**' ભેદ-તેનાથી જુદું '**केवलमेकत्वम्**' ભાસિત થવો. કેવળ એકનો ભાસ થવો. ભાસમાં મતિ-શ્રુતજ્ઞાનથી આ એકલો આત્મા શુદ્ધ છે, પૂર્ણ છે. પર્યાયમાં સ્વસંવેદનમાં પ્રકાશ શક્તિનું ફળ ઈ છે. સમજાય છે કાંઈ? બારમી પ્રકાશ શક્તિ છે ને? જુઓ! સ્વસંવેદનનો અર્થ ઈ લીધો છે, 'અમૃતચંદ્રાચાર્યે', હોં! એ વસ્તુ છે. આપણે ઘણીવાર લીધું છે. બારમી શક્તિ છે, જુઓ!

'**स्वयम्प्रकाशमान**' સંસ્કૃત છે. ત્યાં સંસ્કૃત હશે. ૪૭ શક્તિમાં. આપણે આધાર દેવો (પડે ને). રામજીભાઈ જજને આધાર દેતા હતા. તો તમને પંડિતને આધાર (આપવો પડે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને). પાછળ ૪૭ શક્તિ છે ને? '**स्वयम्प्रकाशमान**'. ગુજરાતી છે કે હિન્દી છે એમની પાસે? શક્તિ છે. બારમી જુઓ અહીંયાં છે. '**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.**' એ સંસ્કૃતમાં છે. '**स्वयम्प्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः**' આત્મામાં આવી પ્રકાશ શક્તિ અનાદિની પડી છે. પણ જ્યારે એ દ્રવ્ય અને ગુણનો આશ્રય-અવલંબન લ્યે છે, રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન કરી, ભેદજ્ઞાન કરી દ્રવ્યનું લક્ષ અને આશ્રય કરે છે તો એમાં ગુણનો આશ્રય આવી ગયો. દ્રવ્યનો આશ્રય કરવાથી રાગથી ભિન્ન પડવાથી સ્વસંવેદન સ્વયં પ્રકાશમાન-પોતાથી પ્રકાશ થાય છે. વ્યવહાર વિકલ્પ હતો ને રાગ હતો માટે પ્રકાશ થયો એમ નથી. વ્યવહાર હતો માટે સ્વનો પ્રકાશ પ્રત્યક્ષ થયો, એમ નથી. સ્વંય પ્રકાશમાન વિશદ. વિશદ નામ સ્પષ્ટ, સ્પષ્ટ નામ પ્રત્યક્ષ '**स्वसंवित्ति**'-નિજ અનુભવ. અમે સંસ્કૃતના શબ્દ બહુ નથી જાણતા. સ્પષ્ટ મૂક્યું છે. આહાહા..! પ્રત્યક્ષ જ લીધું છે. અર્થ કર્યો છે. પ્રત્યક્ષ લીધું છે. કાલે ૪૭ શક્તિનું છાપવામાં આવ્યું કાલે, ભાઈ! કાલે છપાણું અહીં, નહિ? ૪૭ શક્તિ. કાલે પાના નહોતા આવ્યા? ૪૭ શક્તિના આવ્યા? ના, 'કળશટીકા'ના આવ્યા. એ કળશટીકા ચાલે છે ને? ૪૫૦૦ કળશટીકા છપાય છે ને. કળશટીકા છે. હવે શક્તિનું છપાય છે.

કહે છે, ભગવાન આત્મા રાગની એકતાની વાત અને રાગની એકતાનો અનુભવ તો ભગવાન! તેં નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક ગયો તો અનંત વાર અનુભવમાં આવ્યો છે. પણ ભગવાન આત્મા સ્વયં પ્રકાશમાન '**विशदस्वसंवित्तिमयी**'. '**स्वसंवित्तिमयी**'. સ્વ આત્મા પોતાના અનુભવ, પ્રકાશ શક્તિથી પોતાનું વેદન કદી એણે કર્યું નથી. સમજાય છે કાંઈ? શબ્દ છેલ્લો છે, સમજ્યા ને? ભાઈ! પણ એને પહેલો કરીને પછી બતાવવું છે ને? '**नित्यव्यक्ततयान्तःप्रकाशमान**' પછી લેશે. એની સંધિ માટે. ટીકામાં પહેલું છે. સંધિ કરી ને. પેલું તો અનંત વાર પહેલું કહી ગયા ને. સમજાય છે કાંઈ?

આ ભગવાન આત્મા આવો છે કે એનો ગુણ જ એવો છે, ગુણનો ગુણી પણ એવો છે. જ્યારે પ્રકાશમાન પ્રત્યક્ષ થવું એવો ગુણ છે તો પ્રત્યક્ષ થવું, ગુણનું વ્યાપકપણું લો તો દ્રવ્યનું પણ પ્રત્યક્ષ, ગુણનું પણ પ્રત્યક્ષ અને પર્યાયનું પણ પ્રત્યક્ષ (થઈ ગયું). શું કહ્યું સમજાણું? ભારે ઝીણું, ભાઈ! પણ એ તો પ્રકાશ શક્તિ છે એ તો ગુણ છે. ગુણ તો દ્રવ્યને આધારે છે. જ્યારે રાગથી પૃથક્ થઈને પોતાના વેદનમાં પ્રત્યક્ષ આવ્યું તો પ્રકાશ શક્તિ દ્રવ્યમાં વ્યાપક છે, ગુણમાં વ્યાપક છે અને પર્યાયમાં વ્યાપક થઈ ગઈ. શું કહ્યું સમજાણું? ૪૭ શક્તિ એમાં ઉતરી છે. શું કહેવાય તમારે? ટેપ રેકોર્ડિંગમાં બહુ સ્પષ્ટ છે. પહેલા છપાણી છે એ બીજી, આ છપાણી એ બીજી છપાણી છે. ૪૭ શક્તિ બહાર આવશે. એક એક શક્તિમાં જેટલો સાર ભર્યો છે તો કહે છે કે ભગવાન! તું તો આત્મા છો ને, પ્રભુ! અને આત્મા છે એ પોતાથી પ્રત્યક્ષ ન થાય તો આત્મા કેવો? એમ કહે છે. પરના આશ્રયે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન થાય, પરના આશ્રયે જ્ઞાન થાય તો પરાધીન થઈ ગયું. એવો તારો સ્વભાવ જ નથી. આહા..! દેવીલાલજી! આહાહા..! તેથી પછી લેશે હજી, '**नित्यव्यक्ततयान्तःप्रकाशमानमपि**'. વસ્તુ એવી છે એમ પછી કહેશે. આ તો હજી પર્યાયના વેદનનું કહે છે.

કેવો છે ભગવાન? આ આત્મા વસ્તુ છે, બાળગોપાળ બધા શરીરમાં ભિન્ન ભગવાન બિરાજમાન છે. શરીર ભિન્ન છે, કર્મ ભિન્ન છે અને પુણ્ય-પાપના વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ તો આસ્રવતત્ત્વ છે. તેનાથી ભિન્ન ભેદજ્ઞાન કરવાથી, ત્યાંથી ખસીને અહીંયાં આત્મા તરફનો વિવેક થવાથી નિત્ય પ્રત્યક્ષ સ્વસંવેદન શક્તિથી આત્મા પ્રત્યક્ષ, પ્રકાશનું વેદન પ્રત્યક્ષ થાય છે એવો એનો ગુણ છે. તો એને ભેદજ્ઞાન થયું તો સમ્યગ્દર્શન થયું ત્યાં સ્વરૂપ આચરણ પણ વેદનની સાથે થઈ ગયું. શું કરે? વાદવિવાદ કરે સો અંધા. ભાઈ! સાંભળ તો ખરો. વાદવિવાદમાં શું છે? થોડો વખત માંડ મળ્યો. અનંત કાળે નિગોદમાંથી નીકળ્યો, પ્રભુ! આહાહા..! ક્યાં નિગોદ! નિત્યનિગોદમાંથી તો કોઈ જીવ ત્રસ નથી થયા એટલા જીવ પડ્યા છે. ઓહોહો..! ભગવાન! તું ક્યાં આવ્યો? ક્યાં ત્રસ પંચેન્દ્રિય અને જિનેશ્વરદેવની વાણી સાંભળવા સુધી તો પહોંચી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? એ તરફ હવે ભગવાનની સમીપ થઈને, જે તેં દૃષ્ટિમાં દૂર રાખ્યા છે, ભગવાન આત્માને તેં દૃષ્ટિમાં દૂર રાખ્યા છે અને... અહીં આગળ કહેશે, કષાયચક્ર ભાઈ! કહે છે ને? '**कषायचक्रेण**'. તેં રાગ સાથે એકત્વ કરીને ભગવાનને દૂર રાખ્યા છે અને તેં રાગને સમીપ રાખ્યો છે. શરીર, વાણીની વાત નથી. કારણ કે એકસાથે એક તત્ત્વ થઈ શકતા જ નથી. '**कषायचक्रेण सहैकीक्रियमाणत्वाद**' એ પાઠ પડ્યો છે. સમજાય છે કાંઈ?

ભગવાન! તેં તારા સ્વભાવને દૂર રાખ્યો અને જે તારો સ્વભાવ નથી એવા પુણ્યના વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિને સમીપ લઈને એકત્વ કરીને તું પડ્યો છો. વિકારને સમીપ રાખ્યો, ભગવાનને દૂર રાખ્યા. સમજાય છે કાંઈ? અમારી હિન્દી કાંઈ એવી આકરી નથી, ન સમજાય એવું, હોં! એટલે પછી બીજાને સંતોષ થાય. બહુ સાધારણ ગુજરાતી જેવી, હિન્દી બહુ એવી કાંઈ આકરી નથી. આ લોકો હિન્દી બોલે એ આપણને એવું આવડતું નથી. આપણને સાધારણ હિન્દી ભાષા આવડે. સમજાય છે કાંઈ? કોઈ બૈરાઓ સાધારણ હોય તો ન સમજે. અહીં આ ન સમજાય? ભાઈ! તારું સ્વરૂપ અંદર આવું છે, વસ્તુ (એવી છે). એ વસ્તુની સમીપતા તેં અનાદિથી છોડી દીધી છે અને પુણ્ય-પાપના વિકારની સાથે અનાદિથી એકત્વ કરીને સમીપ કરી નાખ્યા છે, વિકારને સમીપ કરી નાખ્યા છે. સમીપને દૂર કર્યું, દૂર હતા તેને સમીપ કર્યા. ભગવાન આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પ રાગ છે નહિ. સ્વભાવમાં વિકારનો અત્યંત અભાવ છે. અભાવને સ્વભાવની સમીપ કરી નાખ્યા કે એ જ હું છું. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ, આખી ઠંડી બરફની શીલા પડી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોય એમ પ્રભુ શરીરમાં-સાડા ત્રણ હાથમાં આખી વીતરાગી-ઠંડી શીલા પડી છે. એવી સમીપતા એની છોડીને અનાદિથી તેં પુણ્ય અને પાપના વિકાર સાથે એકત્વ કરીને સમીપ કરી નાખ્યા છે, બસ, એ જ સંસાર છે. ચાહે તો ત્યાગી હો, મહાવ્રતધારી હો, ભોગી હો પણ અંદરમાં રાગના એકપણાનો અનુભવ છે એ ત્યાગી નથી. ધર્મનો ત્યાગી અને (કષાયનો) ભોગી છે. ઈ કહે છે, કામભોગ બંધકથા. એ ભોગી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, આ '**નિર્મળ ભેદજ્ઞાન રૂપી પ્રકાશથી ભિન્ન દેખવામાં આવે છે...**' એટલું ભલે લ્યો, ભાઈ! ભલે સ્પષ્ટ શબ્દ ન લ્યો. પણ ભિન્ન દેખવામાં આવે છે એનો અર્થ શું? '**आलोक**' '**विविक्तं**' બે શબ્દ પડ્યા છે ને. પ્રકાશ અને ભિન્ન. બે શબ્દ પડ્યા છે ને? અહીંયાથી પૃથક્ જોયું. પેલું જે રાગથી એકપણું જોતો હતો, અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પથી એકપણું જોતો હતો તે ભેદ કરી નાખ્યો. પુણ્ય-પાપથી એકપણું જોતો હતો તો વિભક્ત જોયું. ટીકા કેવી છે! '**विविक्तं**'. '**ભિન્ન દેખવામાં આવે છે...**' ભગવાન આત્મા '**એવું માત્ર આ આત્માનું એકપણું જ...**' ભિન્ન આત્માનું એકત્વ જ અસુલભ છે એટલે સુલભ નથી. એ વાત અનંત વાર સાંભળી, વેદન કરી છે. આ પ્રભુ પોતાના સ્વભાવની સમીપ થઈને, રાગથી વિવિક્ત થઈને પોતાના સ્વભાવમાં એકત્વ થઈને નિજ સ્વસંવેદનમાં આત્માનો પ્રકાશ-વેદન કરવું એ એક જ વાત સુલભ રહી નહિ, એ અસુલભ છે.

સ્વભાવથી સુલભ છે પણ અનાદિ અનભ્યાસથી અસુલભ છે. પણ એવો અભ્યાસ કરવો અને એ ચીજ છે, એવી જરૂરિયાત પણ એને લાગી નહિ. અને જેની જરૂરિયાત લાગે તેનો પુરુષાર્થ કરે નહિ, એમ બને નહિ. શું કહ્યું સમજાણું? જેની જરૂરિયાત એના જ્ઞાનમાં લાગે એ તરફ વીર્યની સ્ફુરણા થયા વિના રહે નહિ. પણ એને અંદર રાગથી પૃથક્ કરવું અને મારી વસ્તુ પરથી ભિન્ન મારું વેદન કરવું, એ જ જરૂરિયાતવાળી ચીજ છે એમ એની રુચિ થઈ નહિ. સમજાય છે કાંઈ? તો રુચિ વિના (એનો પુરુષાર્થ ચાલ્યો નહિ). રુચિ અનુયાયી વીર્ય. રુચિ અનુસાર વીર્યની સ્ફરણા-ગતિ થાય છે. રુચિ જ ન હોય તો અંદરમાં ગતિ ક્યાંથી આવે? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આ વાત પહેલી સમજમાં આવે?

ઉત્તર :- આ વાત જ પહેલી છે. બીજી, પહેલી છે ક્યાં? કહો, સમજાય છે કે નહિ? પ્રાણભાઈ! થોડું થોડું. બહુ હોંશથી ન આવ્યું. સરસ વાત છે? આહાહા..!

ભાઈ! તારા ઘરની વાત છે ને. ભગવાન તેં તારું ઘર જોયું નથી. એમ કહે છે ને? અહીં તો જોયું એમ કહે છે, જુઓ! ભગવાન! પ્રભુ! તેં તો વિકારને જોયા. એ પામર ચીજ છે, જે વિકૃત છે. તારી ચીજમાં નથી. જે વિકારથી સ્વભાવ અત્યંત અભાવરૂપ બિરાજમાન છે. સમજાય છે કાંઈ? એવી વિકારની કથા તો તેં અનંત વાર સાંભળી. માંહોમાહે બધા

એમ જ કહે છે. નહિ, આમ છે, આમ છે. કરણાનુયોગમાં લખ્યું છે કે નહિ? વ્યવહાર કરવો, વ્યવહાર કરવો. ભગવાન! એ કરવું છે એ પરિણમન અનુભવની દૃષ્ટિ થઈ છતાં વીતરાગતા ન થાય ત્યારે આવો શુભભાવ મહાવ્રતનો, ભક્તિનો આવ્યા વિના રહેતો નથી. એનું પરિણમન જોઈને વ્યવહારનયથી કરો એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? બાકી ઈ લાભદાયક છે, એ વાત તો દર્શનભેદની કથા-વિકથા છે. એ કથા ધર્મકથા નહિ. એ કામભોગની કથા દર્શનભેદની કથા છે. સમ્યગ્દર્શનનો, સ્વતત્ત્વના સ્વાશ્રયનો નાશ કરનારી કથા (છે). રાગથી લાભ, રાગથી લાભ, પુણ્યથી લાભ, વ્યવહારથી લાભ. (રાગ) હો, પણ તેનાથી અંદર લાભ-દૃષ્ટિ થાય છે એ દર્શન ભેદની કથા છે, એ ધર્મકથા નહિ. લોકો કહે છે કે અમે ધર્મકથા સાંભળવા ગયા હતા. ભગવાન! ધર્મકથા કોને કહે એ વાત જરી (સમજવા જેવી છે).

ઈ કહે છે, એકત્વની કથા, પરથી ભિન્નપણાની કથા એ ધર્મની કથા છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ ભૂલ એટલી છે કે એ ભૂલનો એને પત્તો જ નથી લાગતો. કે કેટલી ભૂલ હું કરું છું. એવી ઓઘે ઓઘે... ઓઘે ઓઘે સમજો છો? બહુ વિચાર કર્યા વિના આમ ને આમ (ચાલે). ઘેંટા ચાલે ને? ઘેંટા. ભેડ.. ભેડ કહે છે ને? ભેડિયા. ઈ ચાલે તો એની પાછળ પાછળ ચાલ્યા જાય. પહેલો કૂવામાં પડે તો આમ ને આમ નજર હતી તો ઈ પણ કૂવામાં પડે.

એમ અનાદિ કાળથી અજ્ઞાની આત્મા, પોતાનો સ્વભાવ શું અને વિભાવ શું, શું થઈ શકે ને શું કરી શકું છું ને શું કરી રહ્યો છું, કંઈ ખબર નથી. ઓઘે ઓઘે હું ધર્મ કરું છું, આમ ને આમ થઈ જશે. ભગવાન આત્માના માર્ગમાં એમ ઓઘે ઓઘે ચાલવું ન ચાલે. સમજાય છે કાંઈ?

સ્વયં પ્રકાશમાન ભિન્ન જોવામાં આવતો માત્ર ભિન્ન આત્મા. માત્ર ભિન્ન આત્મા એટલે શું? માત્ર '**विविक्तं केवलमेकत्वम्**'. એમ શબ્દ પડ્યો છે ને? '**विविक्तं केवलमेकत्वम्**'. એકલો ભગવાન આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? શુભરાગની દિશા પર તરફ છે એ તરફથી છૂટીને, પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યપ્રભુ છે એ તરફ લઈ જવું અને ભેદજ્ઞાન કરી કેવળ એકત્વનો ભાસ થવો, દેખાવું, પ્રત્યક્ષ વેદનમાં આવવું એ વાત કદી એણે સાંભળી નથી. સમજાય છે કાંઈ? શાસ્ત્ર પણ ભણી ગયો. નવ નવ અંગ. નવ અંગ શું, નવ પૂર્વ. અગિયાર અંગ પણ અનંત વાર ભણ્યો. અગિયાર અંગ ભણ્યો. શું છે? એક અંગમાં.. સમજાય છે? આચારાંગમાં અઢાર હજાર પદ. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એક આચારાંગમાં અઢાર હજાર પદ. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એમ ડબલ સૂયગડાંગ, ડબલ ઠાણાંગ એવા ડબલ. અગિયાર અંગ ભણ્યો એમાં શું થયું? આત્મા ન થયો, ભગવાન! તું આત્મા ન થયો. સમજાય છે કાંઈ? એ શાસ્ત્રનું પરલક્ષી જ્ઞાન છે એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ પરાલંબી જ્ઞાન છે, તે પણ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય રાગથી ભિન્ન પડી પોતાનું પ્રત્યક્ષ વેદન કરી જ્ઞાન કર્યું, એ જ જ્ઞાન મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું...**' માત્ર એકલો આત્મા '**એકપણું જ છે...**' એ સાંભળ્યું નથી. અભ્યાસ કર્યો નહિ અને અનુભવમાં આવ્યું નથી. જોકે.. હવે કહે છે, કેવો છે? હવ વચ્ચે ચોથી લીટીનું આવે છે. '**इदं तु नित्यव्यक्त**' એનો અર્થ આવે છે. જોકે '**જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...**' જુઓ! પર્યાયમાં તે પ્રકાશ ન લીધો. પણ અંતરંગમાં તો પ્રકાશ ચૈતન્યજ્યોતિ અનાદિઅનંત બિરાજમાન છે. આહાહા..! જુઓ! સદા. સદા શબ્દ પડ્યો છે ને? '**नित्य**' છે ને? '**नित्य**'-સદા '**व्यक्ततया**'. '**व्यक्ततया**' એટલે પ્રગટરૂપે, પ્રગટરૂપે. '**व्यक्ततया**' એટલે પ્રગટરૂપે. '**અંતરંગમાં...**' '**व्यक्ततयान्तःप्रकाशमान**'. અંતરંગમાં પ્રકાશમાન છે ભગવાન આત્મા તો. દ્રવ્યસ્વરૂપે, ગુણસ્વરૂપે શુદ્ધ પ્રકાશનો પિંડ ભગવાન આત્મા પડ્યો છે. એકલો ચૈતન્યસૂર્ય. ચૈતન્યના પ્રકાશનો સૂર્યબિંબ આખો પડ્યો છે. દૃષ્ટિ ત્યાં નથી, દૃષ્ટિ રાગમાં છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે, હમણાં કહેશે. આહાહા..!

કહે છે, જોકે આ એકત્વ સુલભ નથી એમ કહ્યું, છતાં... છતાં કહે છે ને? ઐસા હોનેપર ભી. '**સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...**' કાલે ભાઈ! આવ્યું હતું ને? અંતરંગ પ્રગટ થયું. નહિ? અભ્યંતર અંતરંગ. અભ્યંતર અંગ પ્રગટ થયું. બપોરે આવ્યું હતું. 'નિયમસાર'. અભ્યંતર અંગ જે આત્મા શુદ્ધ ચૈતન્ય છે એ અંતરમાં એકત્વ થઈને પર્યાયમાં અભ્યંતર અંગ પ્રગટ થયું. સમજાય છે કાંઈ? આહાહા..!

ભાઈ! આ ધર્મકથા સ્વર્ગના દેવ ઉપરથી સાંભળવા આવે એ કેવી હશે! પહેલા દેવલોકનો દેવ શક્રેન્દ્ર અર્ધલોકનો સ્વામી, ઈશાનઈન્દ્ર ઉત્તરલોકનો સ્વામી. ત્રણ જ્ઞાન, ક્ષાયિક સમકિત શક્રેન્દ્રને છે. એ પણ ધર્મકથા સાંભળવા ભવગાન પાસે આવે છે. કેવી કથા હશે! સમજાય છે કાંઈ? સાક્ષાત્ ભગવાન બિરાજે છે ત્યાં શક્રેન્દ્ર કથા સાંભળવા જાય છે અત્યારે. બિરાજે છે એકાવતારી. એક ભવતારી છે. પતિ-પત્ની બેય. એકભવતારી છે. છેલ્લો મનુષ્યનો ભવ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં જવાના છે. શક્રેન્દ્રને ક્ષાયિક સમકિત છે અને ઈન્દ્રાણી પણ ત્યાં સમકિત પામ્યા છે. સ્ત્રીવેદ છે. ઉત્પન્ન થઈ ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી. ત્યાં સમકિત પામી છે. ઈન્દ્રાણી સ્ત્રી. અને બેય મનુષ્યભવમાં આવી મોક્ષમાં જવાના છે. ઈ ભગવાન પાસે જાય છે. સ્ત્રી તો ત્યાં થઈ ને. દેવ થયા પછી. સ્ત્રી મિથ્યાત્વ લઈને જાય છે. ત્યાં સમકિત થયું છે. અને આ સમકિત લઈને ગયા છે, શક્રેન્દ્ર સમકિત લઈને ગયા છે. સ્ત્રીને ત્યાં સમકિત થયું. કારણ કે સ્ત્રીપણે વેદ ઉત્પન્ન થાય તે મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થાય છે, સમકિતી તો ઉત્પન્ન થાય નહિ. પછી એની લાયકાત એવી છે (કે ત્યાં જઈને સમકિત પામે છે).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બેય એકભવતારી છે. મારે બીજું કહેવું છે. એ પણ અઢી દ્વિપમાં ભગવાન પાસે, અરે..! સંત કોઈ હોય તો (તેની પાસે) સાંભળવા આવે છે. ઓહો..! આ આત્મા..! આ..હા..! ધન્ય પ્રભુ! ધન્ય! એમ કહે. ભાઈ! વીતરાગી કથા અલૌકિક હોય છે. જેને સમ્યગ્દષ્ટિ ક્ષાયિક સમકિતી ત્રણ જ્ઞાનના ધણી સાંભળવા આવે છે. આહાહા..!

અહીં જરી સાંભળવું હોય તો.. કોઈ કામ નથી ને? હવે હું જાઉં? સાંભળવા જાઉં? શેઠ! બેટા! હવે કાંઈ કામ નથી ને? તો હું સાંભળવા જાઉં. ઠીક ત્યારે તારો સાંભળવાનો માર્ગ છેલ્લો અને આ કામ કરવાનો માર્ગ પહેલા. એ.. મલૂકચંદભાઈ! કાંઈ કામ નથી ને? બૈરાને પૂછે, કાંઈ કામ નથી ને? શાક-બાક આવી ગયું? શાકને શું કહે? હરિકાય. શાક-બાક આવી ગયું છે? માણસ શાક લઈ આવ્યો? બધું આવી ગયું? પાણી આવી ગયું? બધું આવી ગયું કે નહિ? તો હવે હું જાઉં? સારું. સાંભળવાનો નંબર છેલ્લો, આ નંબર પહેલો. સમજાય છે કાંઈ? આહાહા..!

ઈન્દ્રો ઉપરથી આટલા વૈભવની પ્રીતિ છોડીને (સાંભળવા જાય છે). મહારાજ! મુનિ હોય, મુનિ. જંગલમાં આત્મધ્યાની જ્ઞાની હોય. કાળું શરીર, કાળું. બાવળ, બાવળ-બબુલ હોય ને? કાંટા. નીચે બેઠા હોય. અંતર અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યા છે. ઈન્દ્ર નીકળ્યા હોય અને નજર પડે તો નીચે ઊતરી જાય. ઓળંગીને ન જાય. આહાહા..! ધન્ય પ્રભુ! ધન્ય! પણ તારી પાસે આ આટલો વૈભવ છે ને! શક્રેન્દ્ર, મોટો ઈન્દ્ર. એ નહિ, એ નહિ. અતીન્દ્રિય આનંદનું ઉગ્ર સ્વસંવેદન કરે છે એ ૠદ્ધિ મારે જોઈએ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

છ ખંડનો ધણી આમ હાથી ઉપર નીકળ્યો હોય. છન્નુ હજાર હાથી આદિ. અને કોઈ મુનિ આમ જંગલમાં જોવે. બાવળ નીચે કાંટા ઉપર બેઠા હોય. ઓહોહો..! જે અતીન્દ્રિય આનંદમાં અંદરમાં ઘૂસી ગયા છે. ધન્ય પ્રભુ! ધન્ય! ઊભા રહે. નીચે ઊતરે. આ અમારી ૠદ્ધિ હોવા છતાં ન જોઈએ. આપની પાસે ૠદ્ધિ છે તે અમારે જોઈએ. આહાહા..! બાપુ! આત્માના આનંદનો અનુભવ એ તો અલૌકિક ચીજ છે! સમજાય છે કાંઈ? એ દેવીદાસભાઈ!

અહીં આચાર્ય મહારાજ.. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય' કેવળીના પેટ ખોલીને ટીકા કરી છે! કહે છે, અરે..! ભગવાન! તારો આત્મા તો આવો છે. પ્રત્યક્ષ થાય છે અને એકત્વ થાય એવી જ તારી ચીજ છે. છતાં '**સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...**' આ દ્રવ્ય, દ્રવ્ય-વસ્તુની વાત ચાલે છે. '**સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે...**' આ આવ્યું. કષાયચક્ર-શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભભાવ. એ શુભરાગ આવ્યો તો એકત્વ થઈ ગયું. એનાથી મને લાભ થશે, લાભ થશે. અસ્તિત્વ ત્યાં વેદાઈ ગયું. અહીંયાં ભગવાન રાગના કષાયના વિકલ્પથી ભિન્ન સ્વભાવ પડ્યો છે એ આખા અસ્તિત્વને દૃષ્ટિમાંથી ખોઈને, એના અસ્તિત્વમાં પોતાની દૃષ્ટિ લગાવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દીધી. બસ, એવડો જ માન્યો. વસ્તુની ખબર નથી કે કોણ છે આત્મા.

'**કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે એકરૂપ જેવું...**' એકરૂપ જેવું, હોં! એકરૂપ થઈ નથી જતો. આહાહા..! વસ્તુ ભગવાન આત્મા રાગ સાથે એકરૂપ થઈ જાય, તદ્રૂપ થઈ જાય તો કદી છૂટા પડે નહિ. સમજાય છે કાંઈ? તેથી ભગવાન આચાર્યોએ પુણ્ય-પાપ દયા, દાન, પંચ મહાવ્રતના પરિણામને સંયોગીભાવ કહ્યા છે. કર્તા-કર્મ અધિકાર, ૬૯-૭૦ (ગાથા). સંયોગીભાવ કહ્યા છે. ૬૯-૭૦ ટીકાની. સંયોગીભાવ છે, પોતાનો સ્વભાવભાવ નહિ. સંયોગી. જેમ બીજી વસ્તુ સંયોગમાં છે એમ એ પણ સંયોગી ચીજ છે. તારો સ્વભાવ નહિ. એ સંયોગી ચીજ સાથે '**એકરૂપ જેવું...**' એમ ભાષા છે. ભાષા છે ને? '**कषायचक्रेण**'. ચક્રની સાથે. એટલે ચક્ર શબ્દ લીધો? આવી ગયું, હા, સાચી વાત છે. કષાયનો ચક્ર એટલે કષાયો. '**सहैकीक्रियमाणत्वादत्यन्ततिरोभूतं**' શું કહે છે? ભગવાન આત્મા પોતાના-અપના... અમારે અપનાને પોતાના કહે છે. પોતાનું સ્વરૂપ શુદ્ધ ધ્રુવ આનંદકંદ ચૈતન્ય અંતરંગમાં તો પ્રકાશમાન જ છે. છતાં, તોપણ એમ છે ને? '**તોપણ...**' એના ઉપર દૃષ્ટિ નહિ કરતાં રાગના વિકલ્પના સમૂહની સાથે '**એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી...**' કરવામાં આવે છે. એકરૂપ હોય એમ માન્યતામાં કરે છે. માન્યતા કરે છે. એકરૂપ થઈ નથી જતા. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જેમ પોતાના આનંદ અને જ્ઞાનથી તદાત્મ્ય સ્વરૂપ છે, એમ વિકલ્પ સાથે તદાત્મ્ય સ્વરૂપ કદી થતો નથી. એક સમયની પર્યાયમાં અનિત્યમાં તદાત્મ્ય છે એમ મિથ્યાદૃષ્ટિ માની લ્યે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ વાત. વાત તો એવી છે, પ્રભુ! શું થાય? સમજાય છે કાંઈ? 'આનંદઘનજી' કહે છે, કોને કહું? ક્યાં કહું? આ વાત શું ચીજ છે? કોણ સાંભળે? કોને કહું? અનુભવની વાત શું કરું? એમ કહે છે. કોણ સાંભળે? કોને કહું? ક્યાં માંડુ ચેલા? એમ કાંઈક છે. સમજ્યા ને? એક પદ છે. 'આનંદઘનજી' મસ્ત થઈ ગયા. જરી ફેર દેવ-ગુરુ-શાસ્ત્રમાં (રહી ગયો), પણ મસ્તી થઈ ગઈ થોડી. સમજાય છે કાંઈ?

કહે છે, 'શ્રીમદ્' પણ કહે છે, સિદ્ધાંત સંબંધી જ્ઞાન 'આનંદઘનજી'ને હતું. અને 'કુંદકુંદાચાર્ય' આત્મામાં ઘણાં સ્થિત હતા. 'કુંદકુંદાચાર્ય' તો છઠ્ઠી-સાતમી ભૂમિકા અંતર દશા ભાવલિંગ દશામાં પ્રગટ પરિણમન, પ્રગટ પરિણમન. આહાહા..! પરમેશ્વરે સ્વીકાર્યા, આત્માએ સ્વીકાર કર્યો. સમજાય છે કાંઈ? સામ્યને અંગીકાર કરે છે, હોં! હું સામ્યને અંગીકાર કરું છું. પ્રભુ! અમે વીતરાગી પર્યાય એવા ચારિત્રને અંગીકાર કરું છું. છઠ્ઠા ગુણસ્થાને કષાયનો કણ આવ્યો છે પણ એને ઓળંગી જઈએ છીએ, અમને એ આદરણીય નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, જે કષાય સાથે એકરૂપ (કરવામાં આવતું). બસ, આ મહાસિદ્ધાંત, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્મ અને શરીર સાથે તો કદી એક થતો જ નથી. માને ભલે, માને તો એ જૂઠ છે. મિથ્યાત્વમાં માની શકે છે. સ્વભાવ શુદ્ધ ભગવાન આત્મા દૃષ્ટિમાં પોતાનું પૂર્ણ અસ્તિત્વ નહિ લઈને, પોતાનું સ્વસંવેદન પ્રત્યક્ષ નહિ કરીને કષાયની સાથે એકત્વ જેવું માને છે. **'એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી...'** આહાહા..! સમજાય છે કાંઈ? તેથી, આ કારણે. તેથી એટલે આ કારણે. રાગ અને કષાયના પરિણામ સાથે ભગવાન આત્મા એકત્વ માને છે તેથી, એકત્વ માને છે તેથી ભગવાન અંતરંગમાં પ્રકાશમાન હોવા છતાં તિરોભૂત થઈ ગયો છે. સમજાય છે કાંઈ? **'અત્યંત તિરોભાવ પામ્યું છે...'** આહાહા..! સમજાય છે કાંઈ? **'(–ઢંકાઈ રહ્યું છે)...'** અત્યંત તિરોભાવ–જાણે વસ્તુ જ નથી. રાગ ને પુણ્યની ક્રિયા દયા, દાન, વ્રતાદિ બસ જાણે એ જ આત્મા. આહા..!

કહે છે, તિરોભૂત થઈ ગયો. ભગવાન અંતરંગમાં પ્રકાશમાન હોવા છતાં ઢંકાઈ ગયો, આડ મારી. સમજાય છે કાંઈ? 'પ્રભુ તારી પાસે રે.. હરિ નથી વેગળા જી. પ્રભુ તારી પાસે રે.. હરિ નથી' હરિ એટલે આત્મા, હોં! પાપં ઓઘં હરતિ ઈતિ હરિ. 'પંચાધ્યાયી'માં આવે છે ને? 'પંચાધ્યાયી'માં શ્લોક છે. હરિનો શ્લોક છે, 'પંચાધ્યાયી'માં. પાપં ઓઘં હરતિ ઈતિ હરિ આત્મા. 'પ્રભુ તારી હરિ નથી, વેગળા જી, પણ તને રે આવ્યો આડો રે અહંકાર..' તને આડો અહંકાર આવ્યો. વિકલ્પ ને રાગ હું (એમાં) તારો આત્મા ઢંકાઈ ગયો. સમજાય છે કાંઈ? બાકી ચાર વાતો અગિયાર અંગની કરે ને નવ પૂર્વની કરે ને લાખો માણસો રીઝવ્યાની ધૂન કરે, એમાં કાંઈ માલ નથી. બીજાને સમજાવવાનો વિકલ્પ પણ ધર્મી તો એમ માને છે કે મને લાભ નથી અને વિકલ્પથી પરને પણ લાભ નથી. વિકલ્પથી મારામાં બંધ થાય છે. આહાહા..! સમજાવવાનો વિકલ્પ ઉઠે તેનાથી પરને લાભ થાય એમ નથી માનતા અને વિકલ્પથી મને લાભ છે એમ માનતા નથી. સમજાય છે કાંઈ? પણ વચ્ચે એવો રાગ આવે છે તો કહે છે, એ રાગથી અજ્ઞાની એકત્વ માને છે. તેથી દ્રવ્ય ભગવાન આત્મા ઢંકાઈ ગયું છે પર્યાયમાં. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુને શું ઢાંકે? વસ્તુને આવરણ આવે છે? વસ્તુને આવરણ આવે એનો અર્થ કે વસ્તુનો અભાવ થઈ જાય. વસ્તુને આવરણનું નામ વસ્તુનો અભાવ. પર્યાયમાં આવરણ (હોય). પર્યાય વિકારમાં રોકાઈ ગઈ છે તો એ રોકાણી એટલું આવરણ થયું, પર્યાય એક અંશમાં. દ્રવ્યને આવરણ ક્યાં છે. દ્રવ્ય વસ્તુ તો એવી જ છે. આવરણ આવે તો દ્રવ્યનો અભાવ થઈ જાય. આહાહા..! તેથી કહ્યું, **'સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...'**

**'કષાયચક્ર સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે (–ઢંકાઈ રહ્યું છે)...'** હવે કેમ એમ થયું? **'તે–પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી...'** અનાત્મજ્ઞપણું, અનાત્મજ્ઞપણું. એ રાગને જ પોતાનો માને છે ઈ અનાત્મજ્ઞપણું. અનાત્માનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી. **'પોતામાં અનાત્મજ્ઞપણું...'** એ રાગ પુણ્ય, દયા, દાન,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્રત, ભક્તિ, પૂજા એ વિકલ્પની જાળ. તેનું જ્ઞાન. એ તો અનાત્મજ્ઞાન છે. આસ્રવનું જ્ઞાન અનાત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન આસ્રવથી ભિન્ન છે એવું એને જ્ઞાન નથી. '**(-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...**' અને આત્મજ્ઞાની જીવો મળે તો એની સંગતિ નામ એમને શું કહેવું છે એ લક્ષમાં લીધું જ નહિ. એવી વાત વિશેષ આવશે...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**શ્રાવણ સુદ ૧, બુધવાર તા. ૧૭-૦૮-૧૯૬૬**
**ગાથા-૪, ૫. પ્રવચન-૧૯**

'સમયસાર'. જીવ-અજીવ અધિકાર ચાલે છે. એમાં ચોથી ગાથા એવી છે કે અનંત કાળમાં, આત્મા રાગથી પૃથક્ છે એવી વાત એને સાંભળવા મળી નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ કષાયના ચક્રથી ભિન્ન છે. કર્મથી અને શરીરથી તો ભિન્ન છે જ. કષાયચક્રના ઉદયભાવના વિકલ્પ જે રાગ છે (તેની સાથે) અનાદિકાળથી અનાદિ અજ્ઞાની એકત્વબુદ્ધિ કરી રહ્યો છે. તેથી પોતાનો આત્મા કષાયચક્રમાં એકત્વ હોવાથી સ્વરૂપ ઢંકાઈ ગયું છે, ખ્યાલમાં આવતું નથી. વસ્તુ ઢંકાઈ ગઈ. ઢંકાઈ ગઈ સમજ્યા? તિરોભૂત થઈ ગઈ. કષાય પુણ્ય-પાપના વિકલ્પની સાથે એકત્વ થવાથી ભગવાન આત્મા રાગથી ભિન્ન છે, કષાયથી ભિન્ન છે એ વાત એને તિરોભૂત થઈ ગઈ, ઢંકાઈ ગઈ. ત્યાં સુધી આવ્યું છે.

'**તિરોભાવ પામ્યું છે (-ઢંકાઈ રહ્યું છે) તે...**' તિરોભૂત થવાથી '**પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી...**' શુદ્ધ ભગવાન આત્મા શુદ્ધ રાગ રહિત, પુણ્ય-પાપના વિકલ્પ રહિત. દેખો! અહીંયાં પહેલેથી લીધું છે. સમ્યગ્દર્શનમાં પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન આત્માનું ભાન થાય છે. ભાઈ! એમ આવ્યું ને એમાં? અહીં તો કહે, શુભરાગથી થાય છે, શુભરાગથી થાય છે. એમ નથી, પ્રભુ! અહીં તો કહે છે, કષાય નામ રાગ શુભ કે અશુભ, મુખ્ય તો શુભ સાથે અનાદિથી એકત્વ છે. કષાયની સાથે એકત્વ હોવાથી પોતાનો સચ્ચિદાનંદ પ્રભુ અનંત આનંદનો સ્વભાવ ઢંકાઈ ગયો છે, ઢંકાઈ રહ્યો છે. ખ્યાલમાં આવ્યો નહિ. તે ઢંકાઈ રહ્યો છે તે '**પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી...**' તેને આત્માનું તો ભાન નથી. રાગની એકત્વપણામાં પુણ્ય-પાપના વિકલ્પના ચક્રમાં એકત્વમાં પડ્યો છે. તો એને તો આત્મા શું છે એનું ભાન નથી. સમજાય છે કાંઈ? એમ કેમ માથું નાખ્યું છે? એ.. પોપટભાઈ! એમ કેમ ઝોલા ખાય છે? કહો, સમજાય છે આમાં? સભામાં તો ધ્યાન રાખવું જોઈએ ને.

શું કહે છે? '**પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (-પોતે આત્માને નહિ જાણતો હોવાથી)...**' એક વાત. '**અને બીજા આત્માને જાણનારાઓની...**' '**अनुपासना**' પાઠમાં તો એમ પાઠ છે ને. '**अनुपासना**' સેવા ન કરી. સેવાનો અર્થ શું? શું ભગવાનના સમવસરણમાં નથી ગયો? સેવા ન કરી એટલે શું પગ દાબવા એ છે? સેવા ન કરી એનો અર્થ શું? મુનિ ધર્માત્મા આત્મજ્ઞાન સંત મળ્યા, સમ્યગ્દૃષ્ટિ મળ્યા તો કહે છે કે એની સેવા નથી કરી, એમ કહે છે. એમાં છે ને? પંડિતજી! સંસ્કૃત જુઓ! '**अनुपासना**' '**परेषामात्मज्ञानामनुपासनाच्च**'. આત્મજ્ઞાનીની સેવા કરી નહિ. સેવાની વ્યાખ્યા શું? શું પગ દાબવા છે? શું એના શરીરની વૈયાવચ્ચ કરવી એ છે? અહીં તો કહે છે કે આત્મજ્ઞ પુરુષે આત્માનો રાગથી ભિન્ન અનુભવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યો છે. રાગ કષાયના ચક્રથી ભિન્ન પોતાનો સ્વીકાર કર્યો નહિ તે તેની સેવા કરી નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પગ દાબવા એ તો વ્યવહારની વાત છે. ઈ આવ્યું નહિ? આમાં આવ્યું છે. કાલે રાત્રે કહ્યું હતું. ૧૯ ગાથા પહેલાં આવ્યું છે. આચાર્ય કહે છે, જુઓ!

'**હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે,...**' પાનું-૫૨. ૧૯મી ગાથાની ઉપર. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. '**હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી, તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે;...**' જ્ઞાનનું તો નિત્ય સેવન કરે છે. છે? ૫૨ પાનું. અંદર ટીકા (છે). ટીકા જુઓ! '**ननु ज्ञानतादात्म्यादात्मा**' એની ટીકા છે. આ મૂળ સંસ્કૃત છે. પણ નીચે એનો અર્થ છે. 'હવે કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે,...' પંડિતજીને મળ્યું કે નહિ? જુદા નથી, આત્મા અને જ્ઞાન જુદા તો નથી. અને તમે કહો છો કે જ્ઞાનનું તો નિત્ય સેવન કરે છે અને આપ કહો છો કે આત્માએ જ્ઞાનનું સેવન કર્યું નથી. શિષ્ય પ્રશ્ન કરે છે. ક્યાં નથી કરી? આ સેવા, હોં! બીજી સેવા નહિ.

'**જ્ઞાનને નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?**' એવો શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? માથે કહ્યું હતું ને? '**સાધ્ય આત્માની સિદ્ધિ...**' આત્માની સેવા કરવી, ઉપર આવ્યું હતું ને? ૧૭-૧૮માં. આત્માની સેવા કરવી (એમ કહ્યું) તો આત્મા જ્ઞાનની સેવા તો અનાદિથી કરે છે. કેમ? કે આત્મા જ્ઞાનથી જુદો તો છે નહિ, આત્મા જ્ઞાનથી ભિન્ન તો છે નહિ તો આત્મા જ્ઞાનની સેવા તો કરે જ છે. (તો કહે છે), નહિ. સેવા કરો એમ આપે કેમ કહ્યું? શિષ્યે પ્રશ્ન કર્યો.

કહે છે, સાંભળો! '**જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...**' સેઠી! કેમ વાર લાગી? સમજાય છે કાંઈ? ઘરડા માણસ છે ને એટલે હળવે હળવે (આવે). ઘરડાને તમારે શું કહે છે? બુઢા. શું કહ્યું? જુઓ! '**એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...**' આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા અને જ્ઞાન તાદાત્મ્યસ્વરૂપ સ્વભાવ છે. તો શિષ્યે પ્રશ્ન કર્યો કે મહારાજ! આપ આત્માના જ્ઞાનની સેવા કરો, ઉપાસના કરો એમ કહો છો તો અમે તો માનીએ છીએ કે આત્મા અને જ્ઞાન તો તાદાત્મ્યરૂપ એકરૂપ છે. તો એમાં સેવા કરવી ક્યાં રહી? એ તો અનાદિથી સેવન કરે જ છે. આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી ભિન્ન તો એક સમય પણ રહ્યો નથી. તો આત્મા જ્ઞાનની સેવા કરે એમ કેમ કહ્યું? સમજાય છે કાંઈ? આ બહારની સેવાની વાત નથી, હોં! પરની સેવા કોઈ કરી શકતું નથી. પરના પગ દાબવા એ તો જડની ક્રિયા છે. જડને શું આત્મા કરી શકે છે? શરીરને હલાવી શકે છે? બોલી શકે છે આત્મા? બિલકુલ નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયાં તો (કહે છે), જ્ઞાનની સેવા. તો કહે છે, એક ક્ષણમાત્ર પણ જ્ઞાનની સેવા કરી નથી. કેમ? જુઓ! અહીંયાં પણ આવ્યું, ઈ જ આવ્યું, ભાઈ! '**સ્વયંબુદ્ધત્વ...**' કાં પોતાથી ભાન થાય. બે આવ્યા. આપણે અહીં આવ્યું એની સાથે મેળવવું છે. '**અથવા બોધિબુદ્ધત્વ (બીજાના જણાવવાથી જાણવું તે)–એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.**' સમજાય છે કાંઈ? નિસર્ગ અને અધિગમ. કાં પોતાથી જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે એમ ભાન થાય છે, કાં ગુરુથી કહેલું જ્ઞાનમાં લઈને તાત્કાલિક બોધ થયો તો ગુરુથી થયું, અધિગમથી થયું એમ કહેવામાં આવે છે. થાય છે તો પોતાથી જ, બેયમાં પોતાથી જ થાય છે. પણ ગુરુએ કહ્યું કે આત્મા રાગથી ભિન્ન સચ્ચિદાનંદ શુદ્ધ આત્મતત્ત્વ છે.

એ પાંચમી ગાથામાં 'કુંદકુંદાચાર્ય' લેશે. અમારા ગુરુએ અમારી ઉપર અનુગ્રહ કરીને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. એ પાંચમી ગાથામાં આવશે. 'કુંદકુંદાચાર્ય' કહે છે, અમારા ગુરુએ અને સર્વજ્ઞ પરમાત્માએ... પર-અપર ગુરુ, સંસ્કૃત ટીકા છે. પર ગુરુ સર્વજ્ઞથી, અપર ગુરુ ગણધરથી માંડી અમારા ગુરુ, પર-અપર ગુરુ. એમ પાંચમી ગાથામાં (આવશે), વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. દેખો! અમારા સર્વજ્ઞપ્રભુ પણ વિજ્ઞાનઘનમાં અંતર્મગ્ન છે. પાંચમી ગાથામાં છે. જુઓ! '**निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासनजन्मा**' આહાહા..! સંસ્કૃતમાં છે. સર્વજ્ઞ પરમાત્મા એ પર ગુરુ અને અપર ગણધરથી માંડી અમારા ગુરુ. કેવા હતા બધા? '**निर्मलविज्ञानघनान्तर्निमग्न**' દેખો! સર્વજ્ઞની સાથે પોતાના ગુરુ પણ '**निर्मलविज्ञानघनान्तर्निमग्न**' (કહ્યા). અમારા ગુરુ પણ એવા હતા (એમ) 'કુંદકુંદાચાર્ય' કહે છે. છે, જુઓ! '**निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृत**' અમારા ગુરુ તો નિર્મળ વિજ્ઞાનઘનમાં લીન હતા, ભગવાન પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં (લીન હતા). બધા સાથે લઈ લીધા. સર્વજ્ઞ, ગણધર અને પોતાના ગુરુ સંત. એ બધા વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. અમારી ઉપર કૃપા કરીને, જુઓ!

'**गुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासनजन्मा**' અમારા ગુરુએ.. આ એક શબ્દ લીધો છે, જુઓ! આ કહે છે ને, ષટખંડાગમની વાત કરે છે ને? ષટખંડાગમનું જ્ઞાન નથી. પણ આ તો કહે છે, અમારા ગુરુએ અમને એક શબ્દ દીધો, શુદ્ધાત્મ, શુદ્ધાત્મ, શુદ્ધાત્મ. દેખો! '**शुद्धात्मतत्त्वानुशासनजन्मा**' એવો અમારા ગુરુએ અને અમારા સર્વજ્ઞ પરમેશ્વરથી માંડી શુદ્ધાત્મતત્ત્વ પ્રસાદીથી અનુગ્રહ કરીને-કૃપા કરીને (આપ્યો). હું પાત્ર હતો એમ ન લીધું. પણ ગુરુએ અમારી ઉપર કૃપા કરીને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો તેનાથી અમારો આનંદનો વૈભવ ઉત્પન્ન થયો છે. આહાહા..! કેટલી વાત મૂકે છે એમાં એક શબ્દમાં અને એક એક ન્યાયમાં!

સર્વજ્ઞથી માંડી અમારા ગુરુ એ સર્વ નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન છે. ભલે છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે તોપણ વિજ્ઞાનઘન નિર્મળમાં અંતર્નિમગ્ન છે. રાગ છે એનો આદર નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પંચ મહાવ્રત આદિનો આદર નથી, એમાં નિમગ્ન નથી. મુનિ, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ આદિનો રાગ છે એમાં નિમગ્ન નથી. આહાહા...! સંત અમારા ગુરુ પણ એવા હતા એમ સાક્ષી આપે છે. ગુરુની ખબર પડી જાય કે આવા છે? ખબર પડી જાય. પંડિતજી! એક શબ્દમાં કેટલું લીધું છે, જુઓ! હજી પાંચેય બોલ અલૌકિક છે. આ તો આપણે શુદ્ધાત્મ ઉપરનું લેવું છે. અમારા ગુરુએ અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ દીધો. તેનાથી અમારા આનંદના અનુભવનો જન્મ છે, ઉત્પત્તિ છે. તેનાથી હું તમને આત્મા કહીશ. અમારા વૈભવથી તમને સમયસાર આત્મા કહીશ, એમ 'કુંદકુંદાચાર્ય' કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં કહે છે, '**પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી...**' ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપનો બોધ નહિ હોવાથી અને બીજી (વાત), '**બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...**' સેવાનો અર્થ, જે અમારા ગુરુ કે સંત જ્ઞાની સર્વજ્ઞથી માંડીને બધા, એ કહે છે કે તમારો આત્મા તો આસ્રવ વિકલ્પથી ભિન્ન છે. તેની દૃષ્ટિ કર તો આત્માની સેવા કરી કહેવાય. એમ ગુરુ અનંત તીર્થંકરોથી માંડીને બધા સંત લઈ લીધા. અનંત કેવળી, અનંત તીર્થંકરો, અનંત સંતો, અનંત આચાર્યો, અનંત ઉપાધ્યાયો. સમજાય છે કાંઈ? એ બધા વિજ્ઞાનઘન નિર્મળમાં અંતર્નિમગ્ન થઈ અમને તો અમારા ગુરુએ ઉપદેશ આપ્યો. શુદ્ધાત્મતત્ત્વ, શુદ્ધાત્મતત્ત્વ. એ શુદ્ધાત્મ તત્ત્વનું અમને ભાન થયું તો અમે અમારા ગુરુની સેવા કરી એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પોપટભાઈ! સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સેવા કોની કરવી છે? પગ દાબવા છે?

મુમુક્ષુ :- ગુરુને પગ ન હોય?

ઉત્તર :- ગુરુને પગ હોય નહિ, ગુરુને રાગ હોય નહિ. એઈ..! સેઠી! ગુરુને શરીર નથી, ગુરુને કર્મ નથી, ગુરુને નોકર્મ નથી, ગુરુને રાગ નથી. આહાહા..!

મુમુક્ષુ :- તો તો ગુરુની સેવા ન થઈ શકે.

ઉત્તર :- અહીંયાં સેવા આવ્યું ને? પંડિતજી! એને તો શરીર નથી, એને વાણી નથી, એને રાગ નથી, કર્મ નથી તો એની સેવા ન થઈ શકે એમ થયું અહીંયાં તો. ભગવાન! એની સેવાનો અર્થ એવો છે કે એ જે કહે છે, પ્રભુ! તારો આત્મા શુદ્ધાત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ (છે). રાગની ક્રિયાથી રાગના ભાવથી તદ્દન ભિન્ન છે. એવું જે એમણે કહ્યું એનો સ્વીકાર ન કર્યો તો એની સેવા કરી નહિ એમ કહેવામાં આવે છે.

આ સમયસાર એટલે એની ટીકાના એક એક શબ્દ મહા અમૃતથી ભર્યા છે. આ 'અમૃતચંદ્રાચાર્ય' છે. આ કોઈ વાર્તા નથી, કથા નથી. આ તો મહાન ભાગવત્ શાસ્ત્ર છે. પંડિતજી! એમાં ઈ આવ્યું છે. 'નિયમસાર' છે ને? છેલ્લી ગાથામાં લીધું છે. 'પદ્મપ્રભમલધારીદેવ'. આ ભાગવત શાસ્ત્ર છે. પાઠ લખ્યો છે, હોં! આ કાંઈ ઘરના શબ્દ નથી, ટીકામાં ઈ શબ્દ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. અહીં તો કોઈપણ શબ્દ શાસ્ત્રના આધારે (કહેવાય છે). એમાં લખ્યું છે, જુઓ! છેલ્લે લખ્યું છે, હોં! જુઓ! ભાગવત લખ્યું છે. (૧૮૭ ગાથાની ટીકા). '**આ (નિયમસાર શાસ્ત્ર) ભાગવત શાસ્ત્ર છે.**' સંસ્કૃતમાં છે. '**भागवतं शास्त्रमिदं**'. દેખો! સંસ્કૃત ટીકા. '**भागवतं शास्त्रमिदं निर्वाणसुंदरीसमुद्भव**' જુઓ! આ નિયમસાર છે. નિયમસાર કે સમયસાર બધા એક જ છે. ભાગવત શાસ્ત્ર છે આ. પેલા ભાગવત કહે છે ઈ નહિ, આ ભાગવત શાસ્ત્ર છે. સેઠી! સાત દિવસ ભાગવત શાસ્ત્ર વાંચે ને? સાત.. સાત. 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ કહે છે કે 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્ર ભાગવત શાસ્ત્ર છે. ભાગવત શાસ્ત્રનું વ્યાખ્યાન ચાલે છે. સમજાય છે કાંઈ?

કહે છે, આવું શાસ્ત્ર ભગવાન અમારા ગુરુએ અમને કહ્યું પણ એનો સ્વીકાર ન કર્યો તો ગુરુની સેવા અમે કરી નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! દિગંબર સંતોની વાણીમાં ક્યાંય ખંડ નહિ, ક્યાંય પૂર્વાપર વિરોધ નહિ એવી સત્ય (વાણી) આખા સત્યને ઊભું કરી દે છે. સમજાય છે કાંઈ? કહે છે, '**અન્ય આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી...**' જાણનારા આત્માની સંગતિ-સેવા નહિ કરી હોવાથી. જાણનારો એનો આત્મા છે કે એનું શરીર છે? સમજાય છે કાંઈ? વાણી છે? કર્મ છે? રાગ છે? રાગ જાણે છે? આત્માના જાણનારા, એ રાગથી ભિન્ન મારો આત્મા છે એવા શુદ્ધ આત્માને જાણનારાઓની અજ્ઞાનીએ સેવા કરી નહિ. અર્થાત્ એ કહે છે તે ભાવનો સ્વીકાર ન કર્યો. પોતામાં જ્ઞાન નથી અને જ્ઞાની કહે છે તેમાં સ્વીકાર (નહિ કરીને) અહંપદ છોડ્યું નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- સ્વયં જાને નહિ...

ઉત્તર :- દોઢ ડાહ્યો તમારે હિન્દીમાં કહે છે ને? સ્વયં તો જાણે નહિ અને બીજાની વાત ગ્રહણ કરે નહિ. આપણે દોઢ ડાહ્યો કહે છે ને? એક તો પોતે સમજે નહિ અને બીજા સમજનારાઓની સાંભળે નહિ. ભાઈ! સાંભળ તો ખરો શું ચીજ છે. ભાવને સાંભળવા, હોં! વાણી તો વાણી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**અન્ય આત્માને જાણનારાઓની સંગતિ...**' અહીં મૂળ પાઠમાં '**अनुपासनाच्च**' બસ (એટલું છે). સેવા ન કરી એટલું. સંગતિનો... પરિચય તો કર્યો પણ સેવા ન કરી એટલે એ શું કહે છે તેનો પરિચય તો ન કર્યો. સમજાય છે કાંઈ? સાંભળવા ગયો તો એવું લઈને આવ્યો કે રાગથી લાભ થાય છે, પુણ્યથી લાભ થાય છે. આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ રાગથી નિરાલંબન પોતાના સ્વભાવથી લાભ થાય છે. એવી વાત એમણે કહી તે પકડી નહિ. શાસ્ત્રમાં આમ લખ્યું છે ને બીજા શાસ્ત્રમાં (આમ લખ્યું છે). ધાર્યું હોય ને બહુ? ધારણા બહુ હોય એટલે (દલીલ કરે), બીજા શાસ્ત્રમાં લખ્યું છે ને. ઈ એને સાંભળવામાં વિઘ્ન નાખે છે. સમજાય છે કાંઈ? બીજામાં આવે છે કે નહિ? વ્યવહાર કારણ નથી આવતું? રાગ કારણ નથી આવતું? નિમિત્ત કારણ આવે છે કે નહિ? હેતુ કારણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવે છે કે નહિ? સાધન કારણ આવે છે કે નહિ? સાધન કહ્યું છે કે નહિ? આવું આવું લક્ષમાં રાખીને એણે સાંભળ્યું, તો કહેનારા કહે છે એવું સાંભળ્યું નહિ તો એણે સેવા કરી નહિ. સમજાય છે કાંઈ?

આમ નિજ આત્માનું ભાન ન થયું. ભગવાન આત્મા કષાયચક્રથી ભિન્ન છે એમ સ્વયંબુદ્ધ-નિસર્ગથી ભાન ન થયું અને જેને ભાન છે (ત્યાં) પોતાનું અહંપદ છોડીને, એ ભાવ કહે છે તે યથાર્થ છે એમ અંતરમાં રુચિપૂર્વક આદર, સ્વીકાર થયો નહિ તો પરની સેવા એણે કરી નથી. '**નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું,...**' આ કારણે.. એમ ભાઈ! આપણે .. કર્યો ને. આ કારણે... 'જયચંદ્ર પંડિતે' એમ લખ્યું છે. તેથી '**નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું,...**' અરે..! પણ ભગવાન પાસે ગયો ને? નથી સાંભળ્યું, પ્રભુ! ઈ સમવસરણમાં પણ ગયો બાહ્ય સમવસરણ. (ભગવાનની) ઋદ્ધિ જે કેવળજ્ઞાનની છે, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવાની જે ઋદ્ધિ સમૃદ્ધિ હતી એ વાત તને ખ્યાલમાં ન આવી. સમજાય છે કાંઈ? આહાહા..! તો ભગવાન પાસે ગયો તોપણ સાંભળ્યું નથી. સમવસરણમાં ગયો ને? અનંત વાર ગયો. સમજાય છે કાંઈ?

'**નથી પૂર્વ કદી પરિચયમાં આવ્યું...**' કોણ? આત્મા, હોં! ન પહેલા કદી આત્મા સાંભળ્યો. ન કદી પરિચય-અભ્યાસમાં આવ્યું. '**અને નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું.**' વેદનમાં આવ્યું નહિ. '**તેથી...**' આ કારણે '**ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.**' લ્યો. '**अत एकत्वस्य न सुलभत्वम्**'. સંસ્કૃતમાં છે. સમજાય છે કાંઈ? આ હિન્દી સહેલી છે, હવે કાલથી ગુજરાતીમાં થશે. આ તો પંડિતજી છે, બહારથી આવ્યા છે, અમારે ધન્યકુમારજી આવ્યા. કોઈપણ આવ્યા અમે ગુજરાતીમાં બોલીએ તો સમજે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન! તેં આત્માની વાત સાંભળી નહિ, હોં! શું કારણ? તને ભાન નથી અને જેને ભાન છે તેનો આદર કર્યો નહિ. તારો ભાવ રાખીને આદર કર્યો. હું સમજું છું ઈ બરાબર છે, હું સમજું છું ઈ બરાબર છે, મને ખબર છે, બરાબર છે. ઈ (ભાવ) રાખીને સાંભળ્યું તો એમનો ભાવ અંદર આવ્યો નહિ.

મુમુક્ષુ :- પોતાના જ ભાવનો આદર રહ્યો.

ઉત્તર :- એના ભાવનો આદર રહ્યો. સમજાય છે કાંઈ? પોપટભાઈ! આહાહા..! સમયસાર એટલે ભરતક્ષેત્રના ભગવાન! ભગવાનનું વાચક આ છે. ભગવાન આત્મા અને વાચક આ. વાચ્ય આત્મા અને વાચક આ. છેલ્લે કહેશે. પહેલા પણ કહ્યું હતું, ભાઈ! અભિધેય અભિધાન. વાચક-વાચ્ય. સમયસાર વાચક છે, આત્મા વાચ્ય છે. સાકર શબ્દ વાચક છે. સાકર. સાકરનો ગાંગડો એ વાચ્ય છે. એમ સમયસાર વાચક છે, ભગવાન આત્મા પૂર્ણાનંદ કંદ એ વાચ્ય છે. સમજાય છે કાંઈ? એવું આ સમયસાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક કહે છે. આ વાચ્ય છે. ધ્યેય થઈ ગયું શબ્દ. ભગવાન! વાચ્ય તો તારો આત્મા છે. પ્રભુ! તું આત્મા ઈ વાચ્ય છે અને એ તો વાચક છે. એક વિકલ્પ ઉઠ્યો ને? અંતર્જલ્પ એ પણ વાચક થઈ ગયો. વિકલ્પ ઉઠ્યો કે હું શુદ્ધ આનંદ છું, અભેદ છું એ વિકલ્પ ઉઠ્યો એ અંતર્જલ્પનો વાચક છે, વાચ્ય ભગવાન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, એમ આઠમી ગાથામાં આવશે. એમાં ઈ કહે છે કે ગુરુએ તને સંભળાવ્યું તો રાગને પ્રાપ્ત, નિમિત્તને, કર્મને પ્રાપ્ત હોય ઈ આત્મા નહિ એટલું બતાવ્યું. છેલ્લે એટલું ટૂંકું (બતાવ્યું).

ભગવાન! તારો આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. આટલું કહીને પછી એટલું કહ્યું કે ગુરુની વાણી એવી આવી તો ગુરુએ પણ વ્યવહારનય અનુસરવા લાયક નથી. કહેનારને પણ. અને સાંભળનારને પણ વ્યવહાર અનુસરવા લાયક નથી. શું કહ્યું? એના ખ્યાલમાં આવ્યું કે આ આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત છે. એવો વિકલ્પ આવ્યો. એ વિકલ્પને અનુસરવું નહિ. સમજાય છે કાંઈ? '**व्यवहारनयो नानुसर्तव्यः**'. એ આઠમી ગાથામાં છેલ્લે છે. એનો અર્થ કે તને ગુરુ બતાવે તો ગુરુએ પણ વ્યવહારનય અનુસરવા લાયક નથી. સમજાવવાનો વિકલ્પ આવી ગયો, બસ એટલું. અને સાંભળનારે પણ ભગવાન આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત તે આત્મા, એમ ભેદને પ્રાપ્ત એમ આવ્યું તો વિકલ્પ આવ્યો, વિકલ્પ આવ્યો. પણ હવે તારે વિકલ્પને અનુસરવાનું નથી. અનુસરવું આત્માને. આહાહા..! આઠમી ગાથાની ટીકામાં આમ લીધું છે. વિકલ્પ છે એ ભેદનો વાચક થઈ ગયો, અભેદને બતાવનારો. અભેદને બતાવે છે તો અભેદ વાચ્ય થયું. સમજાય છે કાંઈ? ભઈ, આ તો શાસ્ત્ર છે અને તે પણ સંતોના શાસ્ત્ર. દિગંબર મુનિઓના શાસ્ત્ર. ઈ જ શાસ્ત્ર છે, બીજા શાસ્ત્ર છે ક્યાં? અજ્ઞાનીના શાસ્ત્ર, શાસ્ત્ર નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એક એક શબ્દમાં કેટલી વાત ભરી છે!

કહે છે, એણે પોતાના આત્માને કષાયચક્રની સાથે એકત્વ કર્યું તો આત્મા ઢંકાઈ ગયો. તેથી પોતાના આત્માને જાણ્યો નહિ અને જાણનારને સ્વીકાર્યા નહિ. તેથી ભિન્ન આત્માનું એકત્વ સુલભ નથી. રાગ, વિકલ્પથી ભિન્ન પોતાનો અનુભવ (અને) એકત્વ-રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનું એકત્વ, અનુભવ સ્વસંવેદનથી અનુભવ થવો એવું એકત્વ સુલભ નથી. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર પર ચડી...'** જે કહ્યું તેનું વિશેષ (કહે છે). '**પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે. ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ...**' મોહકર્મનો ઉદય, હોં! ઉદયમાં જોડાયો. મોહકર્મ નહિ. મોહકર્મના ઉદયમાં જોડાયો. ઉદયરૂપી પિશાચે રાગમાં જોડ્યો. '**પિશાચ ધોંસરે જોડે છે. તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પીડિત થાય છે...**' આ બધું આવી ગયું છે. '**અને તે દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે;...**' બહારમાં દોડે છે. આ વિષય. વિકલ્પ.. આ.. આ.. આ... આ.. અતીન્દ્રિય ભગવાન આત્મા છે તેની તરફ ગતિ થતી નથી. '**તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે.**' વિષય શબ્દે પરસ્પર બહારનું લક્ષ કરાવવાની જ વાત કરે છે, અંતર્લક્ષ કરવાની વાત કરતા નથી. સમજાય છે કાંઈ? પરસ્પર પણ વિષયો નામ બાહ્ય પદાર્થ, બાહ્ય વિષય-આ ભગવાન ને આ દેવ ને આ ગુરુ ને આ શાસ્ત્રને જાણું. બાહ્ય વિષયોનો જ ઉપદેશ કરે છે.

'**એ રીતે કામ (વિષયોની ઈચ્છા) તથા ભોગ (તેમને ભોગવવું)-એ બેની કથા તો અનંત વાર સાંભળી...**' ઈચ્છા, પર તરફની દિશાની ઈચ્છા અને પર તરફની ઈચ્છાનો ભોગ, એવી વાત અનંત વાર સાંભળી, '**પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે.**' એ વાત તો ભગવાન! તને અનંતવાર સાંભળવા મળી.

'**પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન...**' સર્વ પરદ્રવ્યોથી ભિન્ન. જુઓ! સર્વ પરદ્રવ્યોથી નામ કર્મ, શરીર અને રાગ પણ ખરેખર પરદ્રવ્ય છે. અલ્પ પર્યાયનો પણ આદર નહિ, અલ્પ પર્યાય વ્યવહાર આત્મા છે. સમજાય છે કાંઈ? શરીર, કર્મ અજીવ છે અને રાગ વિકલ્પ દયા, દાનના વિકલ્પ છે એ આસ્રવતત્ત્વ છે, અનાત્મ દ્રવ્ય છે, પરદ્રવ્ય છે. અને એક સમયની પ્રગટ અવસ્થા છે તે વ્યવહાર આત્મા છે, અભૂતાર્થ છે. '**ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ...**' ભિન્ન એક ચૈતન્યચમત્કાર. જુઓ! ત્રિકાળ. '**એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ,...**' એ કથા શબ્દે ભાવ. સમજાય છે કાંઈ? '**અને જેમને તે જ્ઞાન થયું હતું...**' કથા શબ્દ પડ્યો છે ને એટલે લીધો છે. કામભોગ બંધ કથા. કથા તો વાતનો શબ્દ છે. એનો ભાવ. સમજ્યા?

'**અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ;...**' એનો સ્વીકાર કર્યો નહિ. અંતરમાં અભિમાન છોડીને, માન છોડીને, પૂર્વે જેટલું પરલક્ષે જાણ્યું-માન્યું તે બધાનું અભિમાન છોડીને. પરલક્ષી જેટલું જ્ઞાન, પરલક્ષી શ્રદ્ધા, પરલક્ષી આચરણ જેટલું કાંઈ છે એમાં કાંઈ લાભ નથી. લાભ નથી તો નુકસાન જ છે. બંધનું જ કારણ છે. સમજાય છે કાંઈ? પરાલંબી જ્ઞાન, પરાલંબી શ્રદ્ધા, પરાલંબી આચરણ બધું બંધનું જ કારણ છે. નિશ્ચય વિનાના વ્યવહાર રત્નત્રય વ્યવહારાભાસ પણ બંધનું કારણ છે. અને સમકિતીને પણ જેટલો વ્યવહાર ઉત્પન્ન થાય છે તે બંધનું જ કારણ છે. સમજાય છે કાંઈ? સાંભળ્યું નથી. જાણે આ બધા શેઠિયા ને પંડિત અમે. એ.. સેઠી! આ સેઠી તો ત્યાં મોટા અગ્રેસર હતા. જયપુર. તમારે માટે તો કહે છે ને દિવાનની બહેન સાથે પરણ્યા છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાનો આત્મા. બસ, આત્મા એને કહે છે. એકરૂપ ચૈતન્યચમત્કાર જેમાં સર્વજ્ઞપદ પડ્યું છે. સર્વજ્ઞસ્વભાવી ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચૈતન્ય ચમત્કાર, જેમાં અનંત કેવળજ્ઞાનની પર્યાય પડી છે. એવા ચૈતન્યચમત્કાર ભગવાન સર્વજ્ઞનો, એવા પોતાના સર્વજ્ઞ સ્વભાવની-નિજાત્માની વાત સાંભળી નહિ. પરિચયમાં આવી નહિ. '**માટે તેની પ્રાપ્તિ સુલભ નથી.**' લ્યો. એ ચોથી ગાથા થઈ. હવે પાંચ.

'**હવે આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ :-**' હવે આત્માને, પરમાત્મા 'કુંદકુંદાચાર્યદેવ' (કહે છે). પરમ આત્મા એટલે પરમસ્વરૂપ પ્રાપ્ત. સમજાય છે કાંઈ? કોઈ કહે કે પરમાત્મા કેમ કહ્યું? પરમ સ્વરૂપ પ્રાપ્તને પરમાત્મા કહે છે. ૧૪૪ ગાથામાં એ ભાષા છે. ૧૪૪ કર્તા-કર્મમાં છે ને? ભાઈ! ત્યાં પરમાત્મા કહ્યા છે, ભાઈ! વસ્તુ પ્રાપ્તને પરમાત્મા કહ્યા છે. ૧૪૪ છે. જુઓ! '**આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...**' ૨૨૯ પાનું. '**તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘનરૂપ, પરમાત્મારૂપ સમયસારને...**' પરમાત્મા સમયસારને '**જ્યારે આત્મા અનુભવે છે...**' જુઓ! '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**' ત્યારે સમ્યગ્દર્શનમાં યથાર્થ શ્રદ્ધાનમાં આવે છે. સમજાય છે કાંઈ? ભાવાર્થ ઉપર છેલ્લી લીટી છે. ટીકાની છેલ્લી બે-ત્રણ લીટી છે. હિન્દીમાં ૨૨૪ પાનું. ટીકા છે ને? '**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' એની છેલ્લી ત્રણ લીટી.

'**આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ કેવળ એક, આખાય વિશ્વ પર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય...**' આ તો બહુ... એક એકનો અર્થ તો જ્યારે ચાલશે ત્યારે કરીશું. '**વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને...**' પોતાનો આત્મા એ સમયસાર. '**જ્યારે આત્મા અનુભવે છે...**' ત્યારે તે જ વખતે તેને શ્રદ્ધા-સમ્યગ્દર્શન-કહેવામાં આવે છે. ત્યારે દેખાય. પહેલેથી માને એમ નહિ, એમ કહે છે. આહાહા..! ત્યારે દેખાય છે '**અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**' હજી તો અહીં સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનને.. અહીં પરમાત્મરૂપ સમયસાર આત્માનો અનુભવ કરે છે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહ્યું. કર્તા-કર્મ અધિકારની છેલ્લી (ગાથા) છે ને. વિકલ્પ છૂટી ગયો. હું અબદ્ધ છું, શુદ્ધ છું, અશુદ્ધ છું એવા વિકલ્પ છૂટીને પરમાત્માસ્વરૂપ અખંડ અભેદનો અનુભવ થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તે વખતે કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? તો પરમાત્મારૂપ સમયસાર આત્મા (છે). ક્યારે? અત્યારે. પરમાત્મા છે, પરમ સ્વરૂપે છે. તેની અંતર અનુભવમાં શ્રદ્ધા થાય તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ઓહોહો..!

આ દશા તો જાણે કોઈક બારમા ગુણસ્થાનની હશે એમ માને. આ તો હજી સમ્યગ્દર્શનના અનુભવમાં આવો પરમાત્મસ્વરૂપ અખંડ એક... વિશેષણ ઘણાં આપ્યા છે. એક અખંડ પ્રતિભાસમય અનંત વિજ્ઞાનઘન પરમાત્મારૂપ સમયસાર. આ ભગવાન આત્મા આવો શ્રદ્ધા અને જ્ઞાનમાં જ્ઞેય તે વખતે થાય છે. જ્યારે તેમાં એકાકાર થાય છે ત્યારે. ત્યારે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તે વખતે કહેવામાં આવે છે. આવી ... આત્મા છે ને રાગ છે,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનું નામ શ્રદ્ધા નથી. તે શ્રદ્ધાને શ્રદ્ધા કહેતા જ નથી. સમજાય છે કાંઈ?

આચાર્ય કહે છે, અમે અમારા વૈભવથી આત્મા કહીશું, હોં! ભગવાન કહે છે માટે કહીશું એમ નહિ, અમારા વૈભવથી કહીશું એમ કહે છે. કેમકે ભગવાને કહ્યું, પણ અમારા જ્ઞાનમાં ભાસ્યું છે એમ અમે કહીશું ને. અત્યારે તો કહેનાર હું છું. સમજાય છે કાંઈ? તો મારામાં જેવો અંતર અનુભવ-ભાસ થયો છે તે જ હું કહીશ. સમજાય છે કાંઈ? હવે આચાર્ય એની વાત કરે છે. '**જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ :-**' ત્યારે કોઈ કહે, મહારાજ! પણ સીધો આવો ઉપદેશ? આટલો મોટો? જીવોને આવો ઉપદેશ પહેલા આપ કરો છો? આટલો મોટો? થોડું બીજું તો કહો. કષાય મંદ થાય એવી કોઈ ક્રિયા કરો. અહીં તો કહે છે અમે જીવોને પરથી ભિન્ન અમારો વૈભવ જે પ્રગટ થયો છે તે જ વાત તમને કહીશું. સમજાય છે કાંઈ?

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेतव्वं।।५।।**
**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી,**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

એક એક શબ્દમાં બહુ ગંભીરતા, બહુ (ગંભીરતા).

**ટીકા :- 'આચાર્ય કહે છે...'** ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ પોતાની છઠ્ઠી ભૂમિકામાં વીતરાગદશામાં રમણ કરે છે અને વિકલ્પ આવ્યો છે. વિકલ્પ આવ્યો છે તો કહે છે કે '**જે કાંઈ મારા આત્માનો...**' જે કાંઈ મારા આત્માનો. સમજાય છે કાંઈ? '**આત્માનો નિજવૈભવ...**' જુઓ! આ વૈભવ. દુનિયાની લક્ષ્મી ને બંગલા ને ફંગલા ને ધૂળ વૈભવ-ફૈભવ છે નહિ. એઈ..! બાલચંદભાઈ!

મુમુક્ષુ :- બંગલાનું શું કરવું?

ઉત્તર :- એના ઘરે રહ્યા. ક્યાં ઘૂસી ગયા છે? એમાં ઘૂસી ગયા છે?

મુમુક્ષુ :- એના ઘરે રહ્યા?

ઉત્તર :- ઘરે જડમાં છે. બંગલા ક્યાં તારા છે? તારા છે? તારા હોય તો તારાથી જુદા ન રહે. જુદા રહે તે તારી ચીજ નહિ. સમજાય છે કાંઈ? આ નિજવૈભવ પોતાથી જુદો ન રહે તે વૈભવ પોતાનો છે. અહીં તો રાગ ને વ્યવહાર વિકલ્પ પણ નિજવૈભવ નહિ.

મુમુક્ષુ :- વ્યવહારે તો નિજવૈભવ...

ઉત્તર :- ના, ના. વ્યવહારે વૈભવ થોથા કહો, સમજાવવા માટે. એ.. સેઠી! આ પૈસાવાળા કરોડોપતિ ને ધૂળપતિ કહેવાય છે ને. ધૂળ છે. ધૂળ છે ને પુદ્ગલ છે. પુદ્ગલને ધૂળ કહો, પુદ્ગલ કહો, અજીવ કહો, અચેતન કહો, જડ કહો, જે કહો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન આત્માનો વૈભવ, આહાહા..! એ વૈભવ પર્યાય છે, હોં! વૈભવ પર્યાયની વાત છે. વૈભવ પર્યાયની વાત છે. આત્મા ત્રિકાળી છે એનો વૈભવ પ્રગટ્યો છે. પ્રગટ્યો છે ને આ તો? પોતાના આત્મામાં રાગથી ભિન્ન આનંદનો અનુભવ જે થઈ ગયો છે. પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, એવો પાઠ છે. પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન. અંદર છે. '**अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्मा**' આ પર્યાય પ્રગટ થઈ એની વાત છે. દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ આનંદકંદ છે જ. પણ અમારી પર્યાયમાં અમારો વૈભવ જે પ્રગટ થયો છે, અમારા અતીન્દ્રિય આનંદની ઝલક અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદન દશા ઉત્પન્ન થઈ છે એ અમારો વૈભવ છે. ઓહોહો..! આ ચેલા-ચેલીનો વૈભવ...

અહીં તો વિકલ્પ ઉઠ્યો છે એ પણ અમારો વૈભવ નહિ, એમ સાથે કહે છે. સમજાવવાનો વિકલ્પ આવ્યો એ અમારો વૈભવ નહિ. અમારો નિજવૈભવ નવો ઉત્પન્ન થયો છે એ નહિ. અમારા આત્મામાંથી ગુરુની કૃપાથી અમને વાણી મળી છે તેની અમે સેવા કરી હતી. સેવાનો અર્થ, એમાં ભાવ હતો તે અમે સમજી લીધો હતો. આહાહા..! સમજાય છે કાંઈ? એક એક શબ્દ બહુ આકરા છે.

કહે છે કે '**જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું...**' આખા ક્ષયોપશમભાવમાં આનંદાદિ જે પ્રગટ થયા છે તે બધાથી હું '**આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ...**' એ એકત્વ નામ ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદની પર્યાયથી અભિન્ન (તે) એકત્વ અને રાગથી વિભક્ત એવા આત્માને દર્શાવીશ, દર્શાવીશ. આ હું તો દેખાડીશ, કહે છે. વૈભવ નથી હોતો? દીકરીને કરિયાવર દે છે ને? અમારે કરિયાવર કહે છે. પાંચ-પચાસ હજાર, લાખ, બે લાખ (આપે). પછી સગાવહાલાને બોલાવે બધાને. કન્યાને આ આપવાનું છે, કન્યાને આ આપવાનું છે. ખાટલા પાથરે ને? ઢોલિયા પાથરે. કરે છે કે નહિ? શેઠ! બે હજાર તોલા સોનું દેવું છે, આટલું આ દેવું છે, આ કપડા, એક મોટર દેવી છે. અત્યારે મોટર છે, પહેલા ક્યાં હતી? બધો વૈભવ આખા કુટુંબને બતાવે. બોલાવીને બતાવે ને? કન્યાને આમ આપવાનું છે, કન્યાને આમ આપવાનું છે. પણ બધાને દેખાડવા માટે બોલાવે છે કે આ કન્યાને આપીએ છીએ.

અહીં ભગવાન કહે છે કે અમારો વૈભવ હે જીવો! તમને અમે દેખાડીએ છીએ! આહાહા...! જુઓ તો ખરા, એમ કહે છે. જોવા તો આવો. સમજાય છે કાંઈ? એ બધાથી, હું મારો વૈભવ જેટલો પ્રગટ થયો છે બધાને મારા ક્ષયોપશમથી, દૃષ્ટિથી, સ્થિરતાથી, આનંદથી, વીર્યથી જેટલું છે તે બધાથી હું એકત્વ-વિભક્ત આત્માને (કહીશ). મારો સ્વભાવ ભગવાન રાગથી પૃથક છે અને પોતાના શુદ્ધ સ્વભાવથી એક આત્મા છે. દ્રવ્ય છે તે સ્વભાવભાવાન છે. પોતાના શુદ્ધ સ્વભાવથી એકત્વ છે અને રાગથી પૃથક છે. ભગવાન આત્મા સ્વભાવવાન છે. તો એના શુદ્ધ ગુણ અને શુદ્ધ નિર્મળ મુનીની વીતરાગી પર્યાય એ અમારો વૈભવ,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ આત્માનો નિજ વૈભવ એકત્વ છે. અને વિકલ્પ આદિ અમને ઉઠે છે અત્યારે બોલવાના વખતમાં, શાસ્ત્ર લખવામાં એ વિકલ્પથી પણ મારો વૈભવ ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પ મેં કર્યો છે, વાણી હું કરું છું એ તો મારામાં છે જ નહિ. આહા..!

**'એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે.'** છે ને? ક્યાં આવ્યું? **'बद्धव्यवसायोऽस्मि' 'बद्धव्यवसायोऽस्मि'**. મેં પુરુષાર્થની જેટલી જાગૃતિ (કરી છે) એટલો મારો કહેવામાં પ્રયત્ન ચાલે છે. **'बद्धव्यवसायोऽस्मि' '(ઉદ્યમ, નિર્ણય) કર્યો છે.'** આવો આત્મા મારે કહેવો છે એવું મારા ભાવમાં ઘોલન વર્તે છે તે સમસ્ત પુરુષાર્થથી હું કહીશ. એ તો પહેલા બતાવ્યું. જુઓ! **'एकत्वविभक्तमात्मानं दर्शये'** ત્યાં ઈ આવ્યું. હવે જો હું દર્શાવું ત્યાં બીજો શબ્દ લીધો છે. એ તો સામાન્ય વાત કરી. પણ હવે જો દેખાડું, સાંભળો! કહે છે. દેખાડું તો પ્રમાણ કરજો. આહા..! ઉપાદાન અને નિમિત્તને એક કરે છે. દેખાડું તો હે શ્રોતા! અનુભવથી પ્રમાણ કરજો, હોં! અનુભવથી પ્રમાણ કરજો. અનુભવ પ્રમાણ એ જ સર્વ પ્રમાણમાં પ્રમાણ છે. સમજાય છે કાંઈ?

**'મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે.'** તો હું દેખાડીશ. બે શબ્દ એમાં લીધા છે. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण' 'जदि दाएज्ज पमाणं'**. એવો શબ્દ લીધો છે. હું ... કરું છું. હે જીવો! હું જેમ રાગથી પૃથક ભગવાન આત્માના આનંદવૈભવની સ્વસંવેદનની પ્રચુર દશામાં રહ્યો છું, આવી મુનિની દશામાં રહ્યો હું પરને કહીશ. પ્રભુ! પ્રમાણ કરજે, હોં! સમજાય છે કાંઈ? એ તો પહેલી ગાથામાં શરૂ કર્યું હતું કે હું સમયસાર કહીશ.

**'वंदित्तु' 'वंदित्तु'**ની વ્યાખ્યા 'અમૃતચંદ્રાચાર્યે' એટલી કરી છે કે અનંત સિદ્ધોને અમારી જ્ઞાનની પર્યાયમાં અમે સ્થાપ્યા છે. એનું નામ **'वंदित्तु'**. અમારી જ્ઞાનની દશામાં અનંત સિદ્ધોને અમારા આંગણે બિરાજમાન કર્યા છે અને મારા આત્મામાં અનંત સિદ્ધોને સ્થાપ્યા છે. શ્રોતાઓ! તમારી જ્ઞાનની પર્યાયમાં પણ તમારામાં અને મારામાં અનંત સિદ્ધોને સ્થાપું છું. ઓહોહો..! શ્રોતા એવા લીધા છે. સમજાય છે કાંઈ? **'वंदित्तु'**નો અર્થ 'અમૃતચંદ્રાચાર્યે' કર્યો છે. મારામાં અને પરમાં અનંત સિદ્ધોને સ્થાપીને, એમ લખ્યું છે. શું કહે છે? અમારી જ્ઞાનપર્યાયમાં અનંત સિદ્ધ આવી ગયા. સ્થાપીએ છીએ.

હવે અમારો રાગ કે અલ્પજ્ઞતા નહિ રહે. અમારું લક્ષ, દૃષ્ટિ આત્મા ઉપર છે. અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપ્યા તો દૃષ્ટિ ત્યાં ઢળી ગઈ-દૃષ્ટિ આત્મા ઉપર ગઈ. દૃષ્ટિ આત્મા ઉપર ગઈ છે તો અલ્પજ્ઞતા ને રાગ છે તે હવે નહિ રહે. અને શ્રોતાને કહે છે કે અરે..! શ્રોતા! અનંત સિદ્ધોને હું (તમારી) પર્યાયમાં સ્થાપુ છું. અરે..! ભગવાન! અમારી ક્ષયોપશમ પર્યાય બહુ અલ્પ છે ને. અરે..! સાંભળ તો ખરો. ના ન પાડ, ના ન પાડ. સમજાય છે કાંઈ? અનંત સિદ્ધ ભગવાન! આહા..! અનંત કેવળજ્ઞાની! અનંત કેવળજ્ઞાનીને ક્ષયોપશમ જ્ઞાનમાં સ્થાપે છે. આહાહા..! અહીં તો હજી કેવળજ્ઞાનના વાંધા. કેવળજ્ઞાન કઈ રીતે જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? ને કેવું હોય ને... અરે..! ભગવાન! અહીં તો પહેલી ચોટમાં અનંત કેવળીને પોતાની પર્યાયમાં સર્વજ્ઞોને સિદ્ધોને સ્થાપ્યા. તમારી પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપુ છું પછી સાંભળો. '**वंदित्तु सव्व सिद्धे वोच्छामि समयपाहुडम**'. પછી હું સમયસાર કહું છું. અહીં પણ સમયસાર કહું છું. સમજાય છે કાંઈ?

'**તે સર્વથી હું એકત્વ-વિભક્ત આત્માને...**' એવો કોણ? આત્મા. આત્મા એને કહે છે કે જે રાગાદિથી વિભક્ત છે અને પોતાના શુદ્ધ આનંદ આદિ સ્વભાવથી એકત્વ છે. એને આત્મા કહે છે. એવા આત્માનું અમારી પર્યાયમાં અમને ભાન થયું છે તેને, હું તમને કહીશ. મારી સાક્ષીથી કહીશ. ભગવાન આમ કહેતા હતા ને આમ હોતું હશે (એમ નહિ). સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં એમ આવે, '....' હે જંબુ! સુધર્મસ્વામી કહે છે, ભગવાન આમ કહેતા હતા એમ હું તને કહું છું. એવી ભાષા છે. પહેલો શબ્દ. પહેલા આચારાંગની. '...' હે આયુષ્યમાન શિષ્ય! ભગવાન એમ કહે છે કે... સાંભળ્યું છે કે નહિ? સાંભળ્યું છે. '...' હે આયુષ્યમાન શિષ્ય! સ્વયં મેં. મેં ભગવાન પાસે સાંભળ્યું એવું કહું છું. અહીં તો કહે છે, હું મારા અનુભવથી કહું છું. વાણીમાં ફેર છે, કથનશૈલીમાં ફેર છે. શાસ્ત્રની કથન પદ્ધતિમાં ફેર છે.

કહે છે, પોતાનો સ્વભાવ અમને સ્વસંવેદનમાં આવ્યો છે. ચાર કારણથી. એક સ્વસંવેદન... આગમની સેવા, અતિ નિસ્તુષ યુક્તિથી અન્યમતનું ખંડન અમારી દૃષ્ટિમાં આવી ગયું છે. અન્યમતના જેટલા પણ વિપરીત છે, અતિ નિસ્તુષ યુક્તિથી અમે ખંડન કરીને યથાર્થ વસ્તુ અમારી દૃષ્ટિમાં આવી ગઈ છે. સમજાય છે કાંઈ? આગમ, યુક્તિ.. સમજ્યા? ચાર બોલ છે ને? ગુરુ પરંપરા. ગુરુ પરંપરાનો ઉપદેશ. આગમેસવા, ગુરુ પરંપરાનો ઉપદેશ અને અમારું સ્વસંવેદન અને અન્યમતીનું એકાંત શું છે (તેનું) અતિ નિસ્તુષ તર્ક યુક્તિથી અમે ખંડન કરીને અમારા આત્માનો વૈભવ ઉત્પન્ન થયો છે. સમજાય છે કાંઈ? એ ચાર વાતથી હું કહીશ, એમ કહે છે.

'**એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય...**' '**કેવો છે મારો આ આત્માનો નિજવિભવ? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર...**' છે. એમ હવે આગમની વાત કરે છે. હવે આગમની વાત કરે છે, ભાઈ! નિજવૈભવ એટલું. '**આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર 'સ્યાત્' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતનાં પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે.**' સર્વજ્ઞની વાણી અમે સાંભળી તેની અમે સેવા કરી. ઉપાસના છે ને? ઉપાસના. પહેલી ઈ વાત કે સર્વજ્ઞના આગમ હોવા જોઈએ. છદ્મસ્થના અને અલ્પજ્ઞના કહેલા હોય, એ નહિ. સર્વજ્ઞને અનુસાર કહેનારા હોય. પહેલા સર્વજ્ઞ લીધા, ભાઈ! અહીં હજી વાંધા સર્વજ્ઞના. ધર્મનું મૂળ સર્વજ્ઞ. સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ જોવે છે તો અનિયત જોવે છે. જ્યારે એ નિમિત્ત આવશે, કેવું આવશે તો કેવી પર્યાય થશે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ ભગવાનને પણ અનિયત છે. આહાહા..! સમજાય છે કાંઈ? (પોતાની જેવા ભગવાનને) કલ્પી લીધા. પોતાને ખ્યાલ નથી કે ક્યારે પર્યાય થશે. એને પણ કેવી થશે એનો ખ્યાલ નથી. તો અનિયત થશે. અનિયતનો અર્થ શું? ત્રણ કાળના સમયમાં જે સમય છે અને તે સમયમાં જે નિમિત્ત છે, બેયનું સમ્યક્ જ્ઞાન કેવળજ્ઞાનમાં જ્ઞાન આવી ગયું છે. સમજાય છે કાંઈ? આઘુપાછું જ્ઞાન એને રહ્યું જ નહિ. કેવળજ્ઞાન દિવ્યજ્ઞાન! ઓહો..!

જેને ભગવાન અનંતચક્ષુ કહે છે. અનંતચક્ષુ 'પ્રવચનસાર'માં (આવે છે). કેવળજ્ઞાન અનંતચક્ષુ (છે.) આગમચક્ષુ, ઈન્દ્રિયચક્ષુ, અનંતચક્ષુ. સંતોને મુનિઓને આગમચક્ષુ છે. આગમના ભાવજ્ઞાનની આંખ ખુલી ગઈ છે. અને ઈન્દ્રિયનું જ્ઞાન, સાધારણ જીવને ઈન્દ્રિયજ્ઞાન છે. અવધિને પણ સાધારણ ઈન્દ્રિય છે એના ઈન્દ્રિયજ્ઞાનમાં, હોં! અવધિજ્ઞાન ભલે હો. અંતર ભાવજ્ઞાન, આગમજ્ઞાન અંતર નહિતર ઈન્દ્રિયજ્ઞાન, સર્વજ્ઞ અનંતચક્ષુ. અસંખ્ય પ્રદેશે અનંત નેત્ર ખુલી ગયા છે. અનંત કેવળજ્ઞાન, દર્શન આદિ અનંત ચતુષ્ટય એક સમયમાં (પ્રગટ થઈ ગયા છે). આખા ત્રણ કાળ ત્રણ લોક જેવા વ્યવસ્થિત છે એવા એક સમયમાં જ્ઞાનમાં આવી ગયા છે. એવા ભગવાનની મુખમાંથી જે વાણી નીકળી... છે?

'**પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર...**' ભગવાનની વાણી સમસ્ત વસ્તુની પ્રકાશક છે. સમજાય છે કાંઈ? આ શબ્દબ્રહ્મ છે ને? શબ્દબ્રહ્મ. આત્મા આત્મબ્રહ્મ છે. શબ્દબ્રહ્મ વાચક છે. '**'स्यात्' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતનાં પરમાગમ...**' છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની પરમાગમ વાણી નીકળી તેની ઉપાસનાથી અમારો જન્મ થયો છે. અમારો અંતર વૈભવ-દશા, હોં! પર્યાય. એ મોક્ષમાર્ગની પર્યાય. કોઈ કહે, અમને સમ્યગ્દર્શનની ખબર પડે? આ શું કહે છે મુનિ? આ પંચમઆરાના છે. અમારા વૈભવનો જન્મ ભગવાનની સેવાથી થયો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ થયા છે એમ અમે જાણીએ છીએ. એવા ઊંધું મારે. નિશ્ચય સમકિત જણાય નહિ માટે વ્યવહાર ક્રિયા કરો. અહીં તો કહે છે, તું સ્વાનુભવ કર. અમારા જ્ઞાનમાં અમારી વર્તમાન દશા આવી ગઈ છે. અમારી દશા, પરમાગમની સેવાથી અમને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને આનંદ પ્રગટ થયા છે એવી અમારી પર્યાય પ્રગટ થઈ છે, દ્રવ્યમાંથી પ્રગટ થઈ છે એવું અમને ભાન છે. સમજાય છે કાંઈ? પંચમકાળના મુનિ પોતાની દશાને, પ્રત્યક્ષ છે એમ કહે છે. આહાહા..! તેનાથી હું સમયસારને કહીશ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દ્વિતીય શ્રાવણ સુદ ૨, ગુરુવાર તા. ૧૮–૦૮–૬૬**
**ગાથા–૫ . પ્રવચન–૨૦**

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકાર ચાલે છે. એની પાંચમી ગાથા ચાલે છે. જુઓ! આચાર્ય શું કહે છે? 'કુંદકુંદાચાર્ય' મહારાજ એમ કહે છે કે હું તમને... પહેલા ગાથામાં તો એમ સાબિત કર્યું-સિદ્ધ કર્યું હતું કે મારા આત્મામાં અને પરના આત્મામાં અનંતા સિદ્ધને સ્થાપીને હું સમયસાર કહીશ. સમજાણું કાંઈ? પહેલી જ ગાથામાં એમ કહ્યું હતું કે હું '**वंदित्त**' અનંત સિદ્ધ ભગવાન, અનંત કેવળજ્ઞાનીઓને આત્માની પર્યાયમાં સ્થાપીને મારામાં અને શ્રોતાઓના જ્ઞાનની દશામાં-પર્યાયમાં અનંત સિદ્ધ કેવળજ્ઞાનીને સ્થાપીને હું સમયસાર કહીશ.

અહીં કહે છે કે એમાં શું કહેવાનું છે? રાગાદિ પુણ્યાદિ જે ભાવ છે એનાથી આત્મા આનંદસ્વરૂપ ભિન્ન છે. આત્મા પોતાના આનંદસ્વભાવથી એકત્વ છે અને રાગ ને વિકલ્પ, દયા, દાન, વ્રતાદિ વિકલ્પો વ્યવહાર એનાથી ભિન્ન છે. એવું સ્વરૂપ પરથી વિભક્ત, સ્વથી એકત્વ એ મારે કહેવું છે. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય'કહે છે, એકત્વ-વિભક્તને કહીશ. એ જ મોક્ષનો માર્ગ છે. ભેદજ્ઞાન. ભગવાન આત્મા અનંત અનંત શુદ્ધ આનંદ આદિ ગુણ સંપન્ન પોતાના નિર્મળ આનંદની દશાથી સ્વભાવથી અભેદ એકરૂપ અને વિકારથી પૃથક (છે). આ કરવાનું. જીવોને મોક્ષમાર્ગમાં પ્રયોજન આ છે. એ પ્રયોજન હું એકત્વ-વિભક્તનું કહીશ. એ મારા વૈભવથી કહીશ એમ કહે છે. સમજાય છે કાંઈ? ક્યો વૈભવ હશે?

એ કહે છે આચાર્ય, જુઓ! '**મારા આત્માનો નિજવૈભવ...**' એનાથી હું કહીશ. શું કહીશ? એકત્વ-વિભક્ત. એ દર્શાવીશ. '**એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે...**' હવે પહેલી વાત. મારા આત્માનો નિજવૈભવ. મારો આનંદ. પુણ્ય-પાપના ભાવથી જુદો મારો આનંદ એ મને અંતર પ્રગટ્યો છે એ મારા નિજવૈભવમાં નિમિત્ત કોણ હતું? કેમ પ્રગટ્યો છે? એમ કહે છે. '**આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતના પરમાગમની...**' સેવાથી મારા આત્મામાં (વૈભવ જન્મ પામ્યો છે). કારણ કે અર્હંતના પરમાગમમાં એ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ ભગવાનના પરમાગમમાં એ કહેવામાં આવ્યું છે. જુઓ! આ બધો સાર કહે છે. તારો આત્મા અનંત ગુણ આનંદકંદ સ્વરૂપ સ્વભાવથી અભિન્ન છે અને વિકારથી ભિન્ન છે. એમ ભગવાનના કહેલા પરમાગમમાં એ કહ્યું છે એની સેવાથી એટલે એના ભાવને સમજવાથી મને મારા આનંદનો વૈભવ ભેદજ્ઞાનનો પ્રગટ થયો છે. સમજાય છે કાંઈ?

એ આગમ કેવા છે? કે '**स्यात्**' પદની મુદ્રા-છાપ છે. અનેકાંત એમાં સ્યાત્-કથંચિત્ કહેવું. આત્મા વસ્તુએ શુદ્ધ છે, આનંદ છે, સંસારમાં પર્યાયે દુઃખ છે. એમ સ્યાત્‌થી આનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે તો અંતર ત્રિકાળમાં, દુઃખ છે તો વર્તમાન દશામાં. એમ સ્યાત્‌થી કહેવું એવી ભગવાનના પરમાગમની મુદ્રા-છાપ છે. એની સેવાથી આ જન્મ થયો છે. જુઓ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ એમણે કહી વાણી, એના બન્યા પરમાગમ. એ પરમાગમની મેં સેવા કરી. એનો અર્થ ઈ કે મેં તેનું કહેલું મારા અનુભવમાં લીધું. એ સેવા. આહાહા..! સમજાય છે કાંઈ? આ ત્રણ દિ' તો ગુજરાતી ચાલશે. મૂંઝાવું નહિ હવે. ઘણાં અજાણ્યા માણસ છે ને? ચાર દિ'. રવિવારથી ક્લાસ ચાલશે ત્યારે પાછું હિન્દી કરવું પડશે. આ તો હમણાં ત્રણ દિ' (ગુજરાતી ચાલશે). કહો, સમજાય છે કાંઈ?

'કુંદકુંદાચાર્ય' મહારાજ ફરમાવે છે, કહે છે કે હું જગતના જીવોને શરીર, વાણી, કર્મથી તો ભગવાન આત્મા જુદો (છે), પણ પુણ્ય-પાપના વ્યવહાર રત્નત્રયના રાગથી પણ ભગવાન આત્મા જુદો (છે). અને આત્મા અનંત આનંદ ગુણ આદિ સહિત છે એ એકત્વ. એ વાત તમને કહેવાની છે અને એ વાત ભગવાને પરમાગમમાં કહી હતી. એ પરમાગમમાં કહી હતી એની સેવાથી મને પરથી ભિન્ન અને સ્વના અનુભવનો આનંદ મને પ્રગટ થયો છે. એ મારો નિજવૈભવ છે. સમજાણું કાંઈ? ભગવાન પ્રત્યેનો બહુભાવ વિકલ્પ છે એ પણ મારો વૈભવ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

હું મારા નિજવૈભવથી કહીશ. વૈભવ એટલે મારી આનંદદશા, સમ્યક્‌દશા, સમ્યક્ ચારિત્રદશા, સમ્યક્ અનુભવ, સ્વસંવેદન પ્રચુર દશા. પ્રચુર નામ... પાઠ છે ને? ભાઈ! '**अमन्द**'. '**अमन्द**' મારો પ્રચુર સ્વસંવેદન, મારો આનંદભાવ એ મારો નિજવૈભવ છે. રાગાદિ વ્યવહાર ઉત્પન્ન થાય એ મારો નિજવૈભવ નથી. એમ પરમાગમમાં કહ્યું હતું, એમ મેં સેવ્યું છે એમ કહે છે. ભાઈ! આહાહા..! ભગવાન સર્વજ્ઞદેવના ત્રિલોકનાથના દિવ્યધ્વનિરૂપ પરમાગમમાં એમ કહ્યું હતું તે વૈભવ મને મારામાં પ્રગટ થયો છે. એણે પરમાગમમાં એમ કહ્યું હતું કે ભાઈ! તારું સ્વરૂપ તો આનંદ સચ્ચિદાનંદ પ્રભુ છો. એ રાગ વ્યવહાર વિકલ્પ જે છે દયા, દાન, વ્રતાદિનો એ વિકલ્પથી પણ તું પ્રાપ્ત થા એવો તું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગના અવલંબનથી તું પ્રાપ્ત થાય એવો તું નથી એમ પરમાગમે મને કહ્યું હતું. આહાહા..! અને પરમાગમે એમ કહેલું તેની મેં સેવા કરી. એમણે કહેલું એવો મેં ભાવ પ્રગટ કર્યો. પાઠ એમ છે ને? '**ઉપાસનાથી જેનો જન્મ છે.**' જુઓ! પાઠ એવો છે. '**सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनाजन्म**'. પણ એ શબ્દબ્રહ્મ કોણ? ભગવાનના કહેલાં પરમાગમ. અજ્ઞાનીઓની વાણી (નહિ). એની પહેલી વાત નથી લીધી, અજ્ઞાનીની વાણીને તોડીને મેં મારો વૈભવ પ્રગટ કર્યો છે એ પછી કહેશે. પહેલા અસ્તિથી સ્થાપ્યું છે. ભગવાનથી સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં પરમાગમ આવ્યા. એ પરમાગમમાં એ આવ્યું હતું એની મેં સેવા કરી. એમાં એ આવ્યું હતું. ભગવાન પાસે ગયા હતા. 'કુંદકુંદાચાર્ય'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મહારાજ 'સીમંધરપ્રભુ' પાસે (ગયા હતા). અહીં 'મહાવીર' ભગવાનની શાસનમાં પરંપરાએ એ માર્ગ ચાલ્યો આવતો હતો. પહેલી વાત તો આગમ મેં સાંભળ્યા. એ આગમમાં એમ કહેવામાં આવ્યું હતું... સમજાય છે કાંઈ? કે તારો પ્રભુ પૂર્ણાનંદનો સહજાનંદનો નાથ એ રાગથી, વિકલ્પથી, કર્મ, શરીરથી તો ભિન્ન છે પણ રાગના વિકલ્પ ગુણ-ગુણીનો ભેદ (અર્થાત્) હું એક ભગવાન આત્મા અને મારામાં અનંતા ગુણ રહ્યા છે, એવો જે વિકલ્પ નામ ભેદનો રાગ, એનાથી પણ તારું સ્વરૂપ જુદું (છે) એમ પરમાગમે મને કહ્યું હતું. આહાહા..! સમજાય છે કાંઈ? હિન્દી આવી ગયું. ચાર દિ' તો હિન્દી ચાલ્યું ને? એક દિ' ગુજરાતી ચાલ્યું.

ભગવાન આત્મા સચ્ચિદાનંદમાં, અમને નિમિત્ત હતું તો વીતરાગના પરમાગમ નિમિત્ત હતા, એમ કહે છે. એમાં પણ કહેલું પાછું એમ. પરમાગમમાં, ભગવાનના પરમાગમમાં, દિવ્યધ્વનિમાં ભગવાને આગમમાં એમ (કહેલું). પરમાગમ શબ્દ વાપર્યો છે ને? ભાઈ! સમજાય છે? પછી અર્થમાં કર્યો છે. શબ્દબ્રહ્મનો અર્થ પરમબ્રહ્મ. પરમબ્રહ્મને બતાવનાર શબ્દબ્રહ્મ. સમજાય છે કાંઈ? પરમબ્રહ્મ આત્મા, ભગવાન, આ શબ્દબ્રહ્મ વાણી. એ શબ્દબ્રહ્મને વ્યાપક કહે છે અને આ પરમબ્રહ્મને અંતરમાં અનંત ગુણમાં વ્યાપક એને પરમબ્રહ્મ કહે છે. એ પરમબ્રહ્મને બતાવનારી ભગવાનની શબ્દબ્રહ્મની જે વાણી. સમજાય છે કાંઈ? એની મેં સેવા કરી. સેવા એટલે વાણીની સેવા કરી હશે? ભગવાને વાણીમાં પરમાગમમાં અમને કહ્યું હતું, ભાઈ! તારો પ્રભુ તો પૂર્ણાનંદથી બિરાજમાન વિકારના વિકલ્પથી તદ્દન જુદો છે. એનો અનુભવ કર, એનું આનંદનું વેદન કર. એ તારો ધર્મ છે અને એ તારો નિજવૈભવ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આજે તો આ ગુજરાતી સમજાય છે કે નહિ? કેટલાક કહે, અમે અજાણ્યા છીએ. આજ તો હવે ગુજરાતી સહેલી ભાષા આવી. ભાવ તો જેમ હોય એમ આવે ને? ભાવ કાંઈ હળવા શી રીતે કરવા? આહાહા..!

અર્હંતના પરમાગમની ઉપાસનાથી... શબ્દબ્રહ્મ શબ્દ પડ્યો છે. શબ્દબ્રહ્મ એને કહીએ કે ભગવાન આત્મા પરમબ્રહ્મને બતાવનારી વાણીને શબ્દબ્રહ્મ કહીએ. એથી શબ્દબ્રહ્મનો અર્થ અર્થકારે પરમાગમ કહેવામાં લીધો છે. સમજાણું કાંઈ? (**'स्यात्'નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણ : અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર સર્વ ધર્મો...**' આત્માના અસ્તિ આદિ, આનંદ આદિ. '**નાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે.**' ભાઈ! વિશેષગુણ પણ તારામાં અનંત છે. સામાન્ય પણ અનંત છે. કેટલાક સામાન્યના નામ આપે છે, કેટલાક વિશેષના નામ આપે છે. બાકી કેટલાક સામાન્ય-વિશેષનું અનુમાન કરાવીને પૂર્ણ પરમાત્મા પોતાનું સ્વરૂપ છે તેને તે શબ્દબ્રહ્મ બતાવે છે. સમજાણું કાંઈ? '**(એ રીતે તે સર્વ વસ્તુઓના પ્રકાશક છે માટે સર્વવ્યાપી...**' શબ્દબ્રહ્મને '**સર્વવ્યાપી કહેવામાં આવે છે. અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે).**' દેખો! શબ્દબ્રહ્મ પાઠમાં પડ્યું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે તેનો અર્થ કર્યો. શબ્દબ્રહ્મની ઉપાસના.

શબ્દબ્રહ્મ કોને કહેવો? જે સર્વ પદાર્થના સામાન્ય ધર્મોને કહે, વિશેષને કહે અને કેટલાક ન કહેવાય તેનું અનુમાન કરાવે. આહા..! સમજાણું કાંઈ? એક એક શબ્દમાં કેટલી વાત ભરી છે! એમ ને એમ વાંચી જાય તો પત્તો ખાય એવું નથી. સમજાય છે કાંઈ? ઈ એક વાત કીધી. ચાર બોલ લેશે. મકાન વેચે ત્યારે ચતુર્દિશા નક્કી કરે છે ને? ભાઈ! મકાન વેચે ને? પછી ચાર દિશા લખે કે આ મકાન અમુક ગામમાં આ સ્થાનમાં (આવેલું છે). અને આપનાર ફલાણો અને એ મકાનની ચારે બાજુમાં આ દિશા. એ મકાન અધ્ધરથી છે અને આપનાર મફતલાલ છે, એમ નથી. એમ અહીંયાં વીતરાગની વાણી યથાર્થપણે હતી અને અમે તેના અનુભવનારા છીએ, એનાથી આ વૈભવ કહેલો છે. સમજાણું? ચાર દિશા કહેશે. આમાં પણ ચાર બોલ લેશે. આગમસેવા, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સાક્ષાત્ સ્વસંવેદન. સમજાય છે કાંઈ?

હવે બીજી વાત. '**વળી તે નિજવૈભવ કેવો છે?**' નિજવૈભવનો અર્થ-શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ને આનંદની દશાને નિજવૈભવ કહે છે. અહીં દ્રવ્ય-ગુણની વાત નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. અહીં તો જન્મ્યો, જન્મ્યો, પ્રગટ્યું, પ્રગટ્યું એની વાત છે. સમજાય છે કાંઈ? અમારા આત્મામાં પૂર્ણ શુદ્ધ આનંદ આદિ સમૃદ્ધિ તો પડી જ હતી, પણ અમે અમારી દશામાં-અવસ્થામાં પરમાગમની સેવાથી વૈભવનો જન્મ થયો છે. પર્યાયમાં-અમારી દશામાં-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, પરમઆનંદ આદિ દશા અમને પ્રગટ થઈ છે. એ નિજવૈભવ પર્યાયની વાત છે, હોં! નિજવૈભવ અવસ્થાની વાત છે. પ્રગટ થયેલાની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વળી તે નિજવૈભવ કેવો છે?**' આહાહા..! કેટલી વાત આચાર્યે નાખી છે ને! '**સમસ્ત જે વિપક્ષ...**' પાઠમાં છે ને? '**समस्तविपक्षक्षोदक्षम**'. '**क्षोदक्षम**' બસ, એટલી વાત છે ને. સમસ્ત વિપક્ષ-આત્માના સ્વભાવથી વિરુદ્ધ, અનેકાંતથી વિરુદ્ધ એકાંતના માનનારા જેટલા જૈનદર્શનથી વિરુદ્ધ દર્શનો છે. એને વિરુદ્ધ કહેનારા, એકાંત માનનારા વિપક્ષ નામ ભગવાને કહેલાંથી સમસ્ત વિપક્ષ. સમસ્ત વિપક્ષ. '**क्षोदक्षम**' '**તેમના નિરાકરણમાં સમર્થ...**' '**क्षोदक्षम**' એનું નિરાકરણ કરવામાં સમર્થ. સાંભળજો! ભાઈ! '**अतिनिस्तुषयुक्त्यवलम्बनजन्मा**'. આહા..! કહે છે, વિપક્ષ, જે આત્માના સર્વજ્ઞ સ્વભાવે કહેલો આત્મા, એમણે કહેલા વીતરાગી ભાવ, એમણે કહેલો નિમિત્તરૂપે રાગ, એમણે કહેલી સંયોગી ચીજો. બધું કથન જે ભગવાને કહ્યું એ અનેકાંત જેવું સ્વરૂપ છે એમ કહ્યું હતું. એનાથી વિરુદ્ધ કહેનારા એકાંતવાદીઓ જેટલા છે તે બધાને.. શું કહે છે? વિપક્ષની વ્યાખ્યા આટલી કરી. '**અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ...**' એ વિપક્ષની એટલી વ્યાખ્યા.

ભગવાન પરમાત્માથી વિપક્ષ અથવા અનેકાંત વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ છે એનાથી વિપક્ષ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિપક્ષ એટલે શું? '**અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલા સર્વથા એકાંતરૂપ નયપક્ષ...**' એને વિપક્ષ કહેવામાં આવે છે. કહો, શબ્દ છે કે નહિ અંદર? હવે, '**ક્ષોદક્ષમ**'. '**તેમના નિરાકરણમાં સમર્થ...**' ભગવાને કહેલો અનેકાંત ધર્મ. દ્રવ્યમાં ગુણ નહિ, ગુણમાં પર્યાય નહિ, પર્યાયમાં પર નહિ, પરમાં સ્વ નહિ, વિકારમાં ધર્મ નહિ, ધર્મમાં વિકાર નહિ–એવું જે અનેકાંત સ્વરૂપ પરમાત્માએ કહ્યું તેનાથી વિરુદ્ધ જેટલા કહેનારા પરમેશ્વરથી વિપક્ષ કે જેણે એકાંત મત ગ્રહણ કર્યો છે એમના નિરાકરણમાં સમર્થ. '**અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી...**' અમને અતિનિસ્તુષ અખંડ યુક્તિથી અમારા ખ્યાલમાં વાત આવી હતી. એ વાત એકાંતવાદીઓની જૂઠી છે. એ અમારી નિસ્તુષ અખંડ યુક્તિથી અમે નિરાકરણ કરીને એના અવલંબનથી અમારો નિજવૈભવ પ્રગટ થયો છે. સેઠી! આહાહા..! શું કહે છે?

સર્વજ્ઞ પરમેશ્વરે પરમાગમમાં આત્મા કહ્યો તેનાથી અજ્ઞાનીઓ વિરુદ્ધ કહેનારા છે. બધા મતો, હોં! વેદાંત હો, બૌદ્ધ હો બધા એકાંત મિથ્યાદષ્ટિ સ્વપક્ષથી વિપક્ષ કહેનારા છે, કહે છે. એની વ્યાખ્યા-વિપક્ષની વ્યાખ્યા 'જયચંદ્રજીએ' કરી. અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલા એકાંત પક્ષના જે મતો છે તેનું અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી. નિર્બાધ યુક્તિ. પર્યાય પોતાના સ્વભાવમાં ન હોય તો કાર્ય થતું નથી. દ્રવ્ય ત્રિકાળ ન હોય તો પર્યાય ત્યાંથી આવે નહિ. સમજાય છે? એવી નિર્બાધ યુક્તિ મેં પ્રગટ કરી. નિર્બાધ યુક્તિથી. અતિનિસ્તુષ-અતિ અખંડ. નિસ્તુષ, અતિ અખંડ, જેમાં છિલકા નહિ-ફોતરા નહિ, અખંડ વસ્તુ. જેમ ફોતરા સમજ્યા ને? છિલકા.. છિલકા. તુષ છે ને? અતિ નિસ્તુષ. અતિ ફોતરા વિનાની. એટલે ખંડ વિનાની. અતિયુક્તિ અખંડ યુક્તિથી કે માર્ગ આવો છે. એનાથી વિરુદ્ધ કહેનારા જૂઠા છે. એમ અમારા જ્ઞાનના અવલંબનમાં અન્યમતીની યુક્તિથી વિરુદ્ધ યુક્તિ ઉત્પન્ન થઈને એનું નિરાકરણ કર્યું છે. સમજાય છે કાંઈ? આહા..! અન્ય શું કહે છે એને ન સમજે અને એનું નિરાકરણ અંતર યુક્તિમાં ન આવે તો એમાં પણ કાંઈક છે, આમાં પણ કાંઈક છે. તો એની નિઃસંદેહ દશા-શ્રદ્ધા થાય નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ. અતિનિસ્તુષની વ્યાખ્યા કરી, અતિનિસ્તુષની વ્યાખ્યા કરી–નિર્બાધ. એમાં બાધા આવે નહિ. એવી યુક્તિના અવલંબનથી એકાંતપક્ષનું અમારા ન્યાયમાં નિરાકરણ કરી અને અમારો અંતર શુદ્ધ આનંદનો વૈભવ અમને પ્રગટ થયો છે. લ્યો, આ મુનિ કહે છે કે અમારો વૈભવ પ્રગટ થયો એનું મને ભાન છે. કેટલાક કહે છે, સમ્યગ્દર્શન, જ્ઞાન થાય એ ખબર પડે નહિ. મૂઢ છો?

મુમુક્ષુ :- એ તો એકલા સર્વજ્ઞના જ જાણવામાં આવે.

ઉત્તર :- શું કહે છે આ? પોતાના વૈભવ સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય એ પોતાને ખબર પડે, એમ 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. નિજવૈભવ મને પ્રગટ થયો છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંત કાળમાં નહોતો થયો તે પ્રગટ પર્યાયમાં થયો, એમ કહે છે. આહા..! એવી વાત આંધળી કરી મૂકી છે ને. નિશ્ચય સમકિતની આપણને ખબર પડે નહિ. હવે આ કરો ક્રિયા, વ્યવહાર.

મુમુક્ષુ :- બીજું જણાય છે ને પેલું જણાતું નથી.

ઉત્તર :- શું પણ ક્રિયા જણાય છે, કોણ જાણે છે? રાગની ક્રિયા ને જડની ક્રિયા સ્વપ્રકાશક જાણ્યા વિના પરપ્રકાશને જાણે કોણ? સમજાય છે કાંઈ? આ રાગ છે દયા, દાન, દેહની ક્રિયા જડ છે, આ જાણવાલાયક છે એ કોણ જાણે? એનાથી ભિન્ન આત્માનો અનુભવ સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું હોય તે સ્વને જાણતાં આ રાગાદિ પર છે એમ જાણે. સ્વપરપ્રકાશક હોય તે જાણે. એકલો આંધળો આત્માના ભાન વિના શું જાણે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાંઈ એક્કેય જાણતો નથી. અજ્ઞાનપણે માને છે. એ તો આપણે પહેલા બીજી ગાથામાં આવ્યું ને? '**पोग्गलकम्मपदेसट्ठिदं**' એ પરમાં સ્થિત થયો. પરને પોતાનું માનતો, પરને જાણતો પરિણમે છે. ઈ બીજી ગાથામાં આવી ગયું છે. પંડિતજી! પરસમયની વ્યાખ્યામાં. 'અમૃતચંદ્રાચાર્યે' બહુ ભરી દીધું છે. સમજ્યા? બીજી ગાથામાં આવી ગયું છે. એમાં આવી ગયું છે. સ્વભાવમાં એકતાબુદ્ધિ નથી '**ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો...**' દેખો! પોતાની સાથે એકપણે એક કાળમાં જાણતો રાગાદિ રૂપ પરિણમતો એવો તે '**પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' જાણતાનો અર્થ એને ખ્યાલ નથી પણ જ્ઞાનમાં સ્વભાવ એવો છે કે રાગને જાણે છે અને રાગરૂપે પરિણમે છે. એકપણે જાણે છે. રાગ-વિકલ્પ દયા, દાનાદિને એકપણે જાણતો પરિણમે છે. એ પરસમય મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

બે બોલ લીધા. એક તો પરમાગમની સેવા. એનાથી અમારા આત્માનો વૈભવ (પ્રગટ થયો છે). આહાહા..! પુણ્યના પરિણામ વ્યવહાર રત્નત્રય એ પણ અમારો વૈભવ નહિ, કહે છે. તો આ શરીર અમારા, આ શિષ્યો ને શિષ્યણીઓ ને મોટા મકાનો ને મોટા પાઠશાળાઓ એ અમારો વૈભવ. એ વૈભવ સંતોને ત્રણ કાળમાં નથી. આહાહા..! જાજા શિષ્યો હોય, જાજા પરિવાર હોય તો બહોળો વૈભવ કહેવાય. પણ એ વૈભવ જીવનો છે જ નહિ. અંદરમાં પુણ્યના પરિણામ વ્યવહાર પંચ મહાવ્રતના ઉત્પન્ન થાય એ પણ અમારો વૈભવ નથી, એમ કહે છે. અમારો વૈભવ છે? એ તો મેલ છે. સમજાણું કાંઈ? ઓહોહો..! એક એક શ્લોકમાં કેટલું ભર્યું છે ગંભીરપણે!

અમે તો અતિ નિસ્તુષ નિર્બાધ યુક્તિથી અન્યમતનું ખંડન કરીને અમે સ્વમતને માન્યો છે. સમજાય છે? પોપટભાઈ! આહા..! એનું આ રીતે ખોટું છે, એનું આ રીતે ખોટું છે. એ વખતે શ્વેતાંબર પંથ નીકળેલો હતો. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય'ના વખતમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


૧૦૦ વર્ષ થઈ ગયેલા. આ તો 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે પણ પાઠમાં એ છે ને. અમારો વૈભવ. '**સવિહવેણ**', '**સવિહવેણ**'. એ વૈભવની વ્યાખ્યા કરી. અમારો સ્વવૈભવ એનાથી હું તમને કહીશ. આહાહા..! અમારા અનુભવની સાથે તમને હું આત્મા કહીશ. આહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ-તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ...**' એ લોકોની ખોટી વાત છે. આ રીતે એકાંત (છે). એમ માની, એમ નિર્ણય કરી અને અમારા આત્માનો રાગથી પૃથક્ શાંતિને, આનંદને પ્રગટ કરતો વૈભવ અમને પ્રગટ થયો છે. અમને મોક્ષમાર્ગ પ્રગટ થયો એ અમારો વૈભવ છે, એમ કહે છે. અમને મોક્ષમાર્ગ પ્રગટ્યો છે, નિજવૈભવ પ્રગટ્યો છે એમ કોલકરારથી કહે છે. આહાહા..! ભગવાન જાણે નિશ્ચય સમકિત હોય કે નહિ. એ જ તો અજ્ઞાન બતાવે છે. સમજાય છે?

મુમુક્ષુ :- માની લીધું..

ઉત્તર :- જાણી તો ઠીક પણ અજ્ઞાનના ત્રણ દોષ છે ને? ત્રણ દોષ છે ને? પંડિતજી! વિમોહ, અનધ્યવસાય, સંશય ત્રણ છે ત્યાં અજ્ઞાન છે, અજ્ઞાન છે ત્યાં મિથ્યાત્વ છે. આમાં પ્રશ્ન ક્યાં છે? સમજાય છે કાંઈ? આહાહા..! હું તમને માર્ગ કહીશ, તે માર્ગ મારી દશામાં મને પ્રગટ્યો છે અને તે પ્રગટવામાં આ ત્રણ નિમિત્ત (છે). ભગવાનની વાણી નિમિત્ત થઈ છે અને એક અતિ નિસ્તુષ યુક્તિ પણ અમને નિમિત્ત થઈ છે. અન્યની (યુક્તિને) તોડી નાખીને અમે નિર્ણય પ્રગટ કર્યો છે. અને હવે ત્રીજું.

'**વળી તે કેવો છે?**' ભગવાન આત્માનો વૈભવ-સમૃદ્ધિ તો દ્રવ્ય-ગુણમાં પડ્યો છે, અનાદિઅનંત, પણ આ પ્રગટ થયેલા વૈભવની વાત કરે છે. અંતર સ્વભાવમાં તો પૂર્ણ પરમાત્મા અનંતા પડ્યા છે. શું કહ્યું? આત્મામાં અનંતા પરમાત્મા પડ્યા છે. પર્યાય જે છે ને? પરમાત્માની પર્યાય, સિદ્ધ પરમાત્મા, એની પર્યાય એક એવી સાદિઅનંત પરમાત્મા. એક સમયની પર્યાયનો વ્યય અને બીજા સમયે ઉત્પાદ, વ્યય ને ઉત્પાદ એવા અનંતા પરમાત્માની પર્યાય મારા અંતર દ્રવ્યમાં પડી છે. સમજાણું? એ તો અંતરનો વૈભવ. પણ પ્રગટ્યો (ઇ ક્યો)? ઈ તો દ્રવ્ય-ગુણ કહ્યા. અમે એને રાગથી પૃથક્ કરી સ્વભાવની એકતા દ્વારા અમારી દશામાં નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સ્વસંવેદનજ્ઞાન, નિશ્ચય ચારિત્ર, શાંતિ અને પરમઆનંદની અમૃતના સ્વાદની વૈભવ દશા અમને પ્રગટી છે. એ તમને કહેશું. એ અમને પ્રગટવામાં કોણ કોણ નિમિત્ત અને અમારું ઉપાદાન કોણ એ વાત કરે છે. સમજાણું આમાં?

હવે ખુબી જુઓ! એ અમારો વૈભવ કેવો છે? '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન...**' સર્વજ્ઞ પરમેશ્વર જે 'મહાવીર' આદિ પરમાત્મા થયા એ કેવા હતા? કે '**નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા...**' આત્માની વ્યાખ્યા કરી, ભાઈ! આત્મા કેવો? કે નિર્મળવિજ્ઞાનઘન. આત્મા કેવો? કે નિર્મળવિજ્ઞાનઘન. બસ. એવો વિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ! અંતર્નિમગ્ન (કહ્યું છે). પાછા સાધારણ મગ્ન નહિ, અંતર્નિમગ્ન. એટલે સાધારણ ચોથા, પાંચમા ગુણસ્થાનની વાત અહીંયાં નથી લેવી. કેવળીથી માંડી પોતાના ગુરુ સુધીની લેવી છે. કેવળજ્ઞાનીથી માંડીને પોતાના ગુરુ સુધી વિજ્ઞાનઘન જે આત્મા, વિજ્ઞાનઘન જે આત્મા, એમાં પરમેશ્વર અંતર્નિમગ્ન હતા. અમે કહીએ છીએ કે અમારા પરમેશ્વર વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. એક વાત.

'**પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિક...**' અને એમ માનીએ છીએ અને કહીએ છીએ કે ગણધરદેવ પણ વિજ્ઞાનઘનમાં આત્મામાં અંતર્નિમગ્ન હતા. અંતરમગ્ન હતા એટલું નહિ, અંતર્નિમગ્ન હતા. અમારા પરમેશ્વર એવા હતા. એમણે અમને કહ્યું છે એમ કહેશે, હોં! પરંપરાએ અમારા પરમેશ્વર પણ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. રાગમાં ને વ્યવહારમાં, વિકલ્પમાં હતા ને ભગવાનને સમવસરણ હતું એ કંઈ ભગવાન નહિ. આહાહા..! ભગવાન વાણી કરતા હતા એ ભગવાન એમ નહિ. ભગવાન એટલે કે વિજ્ઞાનઘન આત્મામાં નિર્મગ્ન તેને ભગવાન કહે છે. સમજાણું કાંઈ? ગણધર ને પણ એમ કરતાં કરતાં ગુરુ પર્યંત. આહાહા..! પર-અપર ગુરુ છે ને? અમારા ગુરુ પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા એમ કહે છે. પ્રભુ! તમારા નિજવૈભવની તો ખબર પડી ગઈ અને ગુરુની પણ તમને ખબર પડી ગઈ? પાંચમા આરામાં છદ્મસ્થ સાધુને? સાંભળને! સમજાય છે કાંઈ? જ્ઞાનની એટલી નિર્મળતા હોય છે કે જાતિસ્મરણમાં પણ સામે દેખાય નહિ ને જાણી લ્યે છે.

'ઋષભદેવ' ભગવાનનો આત્મા અને 'શ્રેયાંસકુમાર'નો આત્મા. પંડિતજી! ઈ આહાર લેવા ગયા, આહાર લેવા. કેમ દેવો ઈ ખબર ન પડે. કડ બાંધીને ભગવાન પાસે ગયા. ભગવાનને તો બાર મહિનાથી આહાર નહોતો. વિઘ્ન થઈ ગયું. એકદમ જાતિસ્મરણ. આ આત્મા આઠમા ભવમાં મારા પતિ હતા. હું એની પત્ની હતી. શું થયું આ? અવધિજ્ઞાન નથી ને, મનઃપર્યયજ્ઞાન નથી ને. સાંભળને! જાતિસ્મરણ પણ કેટલી તાકાત રાખે છે! આ શરીર ત્યાં હતું નહિ. એનો આત્મા અરૂપી દેખાતો નથી. આ શરીર તે દિ' નહોતું એને. તે દિ' સ્ત્રીનું શરીર હતું, આને પુરુષનું હતું. આ જ સૌ પહેલાં.. આમ વિચાર કરતાં કરતાં.. ઓહો..! આ મારા પતિ આઠમા ભવે હતા અને હું એની પત્ની હતી. અમે મુનિઓને આહાર આપ્યો છે. આહાહા..! એ કેમ યાદ આવ્યું? શેમાંથી યાદ આવ્યું? જાતિસ્મરણમાંથી. અરે..! જાતિસ્મરણમાં એટલી તાકાત! મતિજ્ઞાનની ધારણા, ધારણાનો બોલ સ્મૃતિ. પરોક્ષમાં સ્મૃતિ. સમજાય છે કાંઈ? સ્મૃતિ પરોક્ષ છે ને? પંડિતજી! સ્મૃતિ તો પરોક્ષજ્ઞાન છે. ધારણા પરોક્ષ છે. આહાહા..! બાપુ! પરોક્ષ પણ પ્રમાણ છે, પ્રમાણજ્ઞાન છે. આત્મા દેખાય નહિ ને તમે શું કરો છો? અમારા જ્ઞાને નક્કી કર્યું છે કે આ મારા પતિ આઠમા ભવે હતા. પ્રભુ! ત્યાં હવે એ શરીરેય નથી ને. આ શરીર બીજું છે, એ આત્મા અરૂપી છે. ધારણાની સ્મૃતિના નિશ્ચય નિઃસંદેહમાંથી આવ્યું કે આ મારા આઠમા ભવના પતિ હતા, હું એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પત્ની હતી. બન્નેએ મુનિને આહાર વ્હોરાવ્યો હતો, આ વિધિથી આપ્યો હતો, યાદ આવી ગઈ. લાવો રસ. શેરડીનો (રસ). ગન્ના. શેરડીનો રસ હતો ને? શું કહેવું છે?

એક મતિના ધારણાની સ્મૃતિનો હજી તો રાજા રાજકુમાર છે, સ્ત્રીના વિષયભોગમાં પડેલ છે, વૈભવમાં પડેલ છે, શરીર મહાસુંદર (છે). છેલ્લું શરીર છે–ચરમશરીર છે. આહાહા..! આમ ચોક્કસ છે. આ મારા પતિ આઠમા ભવમાં હતા. પણ પ્રભુ! અવધિજ્ઞાન નથી ને? અરે..! સાંભળને! મતિજ્ઞાનની ધારણાનો એક અંકુર પ્રગટ્યો. નિઃસંદેહ પ્રમાણજ્ઞાન કેવળજ્ઞાનને કબુલ કરે એવું જ્ઞાન પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? જીવની જ્ઞાનકળાની કેટલી કિંમત અને કેટલું માહાત્મ્ય છે એની જગતને માહાત્મ્યની મહિમા જ આવતી નથી. આ ને આ (બહારની મહિમા). જ્ઞાનનો એક અંશ પ્રગટ્યે એટલી તાકાત રાખે છે કે પોતાનું અને પરનું શું સ્વરૂપ તેનો નિર્ણય કરી શકે છે.

અહીં કહે છે, અમારા સર્વજ્ઞ પરમેશ્વર પછી ગણધર પછી અપરગુરુ અમારા ગુરુ. દેખો! અમારા ગુરુ પર્યંત. અપરની વ્યાખ્યા કરી. પરની વ્યાખ્યા સર્વજ્ઞ. અપર એટલે પછીથી માંડી અત્યાર સુધી. બધા પરંપરાના સંતો, અમારા ગુરુ પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા. સમજાણું કાંઈ? '**તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...**' હવે સીધો શબ્દ આવ્યો. આટલું તો આ સિદ્ધ કર્યું કે અમારો નિજવૈભવ રાગથી ભિન્ન ભગવાન અને અંતર આનંદથી અભિન્ન સ્વરૂપ જે ધર્મરૂપે પરિણમેલો આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપી વૈભવથી પ્રગટ્યો એમાં આ અમારા ગુરુ જે હતા, પરગુરુ પરમાત્મા, અપરગુરુ ગણધરથી માંડી અહીં (સુધી) એ બધા આત્મા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. ઓહોહો..! ક્યાં કેવળીઓ અને ક્યાં વર્તમાન 'કુંદકુંદાચાર્ય'ના ગુરુ, બધાને એકસરખા નાખ્યા છે. વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન. એક વાક્ય બધાને લાગુ પાડ્યું છે. દેખો! અંદર.

'**निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरु**' એટલી વ્યાખ્યા ચાલે છે. પછી '**प्रसादीकृत**' પછી. સમજાણું કાંઈ? આહાહા..! ...લાલજી! આ પંચમઆરાના મુનિ (આમ કહે છે). એ આપણને કાંઈ ખબર પડે? અરે..! હાલ! આંધળો છો? સમજાય છે કાંઈ? એવું લખે અંદર કે નિશ્ચય સમકિતની ખબર પડે નહિ, વ્યવહાર આપણે માનીએ છીએ એ સાચો છે. હવે વ્રત ને નિયમ એવું લઈ લ્યો. રખડો! એ... પોપટભાઈ! અહીં તો કહે છે, પરમગુરુ અમારા પરમેશ્વર, અપરગુરુ અમારા વર્તમાન ગુરુ પર્યંત બધા પરંપરાના લઈ લીધા. જુઓ! ધારાવાહી ગુરુની પરંપરા અમારે તૂટી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞથી જે માર્ગ ચાલ્યો આવે છે એ ગુરુએ અનુભવ્યો કરતાં.. કરતાં.. કરતાં અમારા ગુરુ સુધી પહોંચી ગયેલો માર્ગ છે. પણ તૂટ્યો નથી વચમાં, એમ કહે છે. આહાહા..! એમાં છે કે નહિ? કે ઉપરથી કહીએ છીએ?

મુમુક્ષુ :- ઉપરથી કહે તોપણ સાચું છે.

ઉત્તર :- ના, પણ આમાં છે એમાંથી કાઢીએ છીએ. આહાહા..!

અમારા ગુરુ પર્યંત. પર અપરગુરુ. બસ, એટલું. પર અપરગુરુની એટલી વ્યાખ્યા કરી. એ કેવા પર-અપર? કે નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન. એનું વિશેષણ કહ્યું. આહાહા..! તમારા ગુરુને ઓળખી લીધા તમે? પંચમહાવ્રતના વિકલ્પ પાળે છે ઈ નહિ? ના, એ નહિ. એ મુનિ છે જ નહિ. મુનિપણું તો વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્નપણું શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી નિમગ્નપણું એ મુનિપણું અને એ સાધુ છે. સમજાણું કાંઈ? આહાહા..!

હવે '**તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...**' હવે ગુરુ, પરાપર ગુરુ સુધી વ્યાખ્યા થઈ. હવે '**प्रसादीकृत**' '**प्रसादीकृत**' એ શબ્દ છે. '**તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...**' એમની મહેરબાની અમારા ઉપર થઈ છે. પ્રસાદી આપી અમને. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રસાદીરૂપ '**પ્રસાદરૂપે અપાયેલ...**' અને તે '**શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' ભાઈ! આ આત્મા આવો છે, ભાઈ! હોં! પ્રસાદ, પ્રસાદ કહે છે ને? પ્રસાદ-મહેરબાની કરી અને અનુગ્રહ (એટલે) અમારા ઉપર કૃપા કરી. આહાહા..! અમારા ગુરુએ અને સર્વજ્ઞદેવથી અત્યાર સુધી. એમના પ્રસાદરૂપ અપાયેલ '**જે શુદ્ધાત્મતત્ત્વનો...**' અહીં એક વ્યાખ્યા આટલી. શુદ્ધાત્મ તત્ત્વ. આટલી વ્યાખ્યા, આટલો ઉપદેશ (આપ્યો). આટલા આટલા બાર અંગ ને બધામાંથી આટલો ઉપદેશ તમને આપ્યો? અરે..! સાંભળને! અમારા સર્વજ્ઞ પરમેશ્વર પરગુરુ અને અપર ગણધરથી માંડી અત્યાર સુધી અમારા સંતો, ગુરુ, એમણે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. અનુગ્રહપૂર્વકની વ્યાખ્યા પછી કરશે.

'**તેમના પ્રસાદરૂપે અપાયેલ...**' અને શુદ્ધાત્મતત્ત્વ. જુઓ! કેટલાક કહે છે ને? 'જયધવલ' ને 'ધવલ' પહેલા નહોતા. 'જયધવલ' ને 'મહાધવલ' નહોતા ત્યાં સુધી એને વિશેષ સ્પષ્ટ જ્ઞાન નહોતું. અમને આ સમજ્યા માટે વિશેષ (સ્પષ્ટ જ્ઞાન થયું). અરે..! સાંભળને! શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ એમાં આખા બાર અંગ અને ચૌદ પૂર્વ આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધાત્મતત્ત્વનો. '**પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક...**' મહેરબાનીથી અમને (ઉપદેશ આપ્યો કે) ભાઈ! આ વસ્તુ છે. આત્મા આવો છે ને, પ્રભુ! એમ અમારા ઉપર મહેરબાની કરીને ગુરુએ અમને (ઉપદેશ આપ્યો).

જુઓ! બહુમાન કરે છે અંદર. સમજાણું કાંઈ? અમે એમ ને એમ ઝીલ્યું છે એમ નહિ. બુહમાનથી. ઓહો..! આ ગુરુ અંતર્મુખ વિજ્ઞાનઘન છે અને ઉપદેશમાં કહે છે કે શુદ્ધાત્મ તત્ત્વ તું છો. એમાં તો બધું આવી ગયું કે પર્યાય અશુદ્ધ છે. શુદ્ધાત્મ તત્ત્વનું (કહ્યું એમાં) પર્યાય અશુદ્ધ છે એનું જ્ઞાન આવી ગયું. અશુદ્ધ છે (તો) તેમાં નિમિત્ત રૂપે બીજી ચીજ કર્મ હોય એનું પણ જ્ઞાન આવી ગયું. અશુદ્ધ ટળીને સ્વભાવ શુદ્ધ છે તો શુદ્ધ તત્ત્વ પ્રગટ થઈ શકે છે તો દ્રવ્ય-ગુણ આવ્યા અને પર્યાય નવી પ્રગટે છે એ પર્યાય પણ એમાં આવી ગઈ. સમજાણું કાંઈ? શુદ્ધાત્મ તત્ત્વ કહેતા દ્રવ્ય, ગુણ અને પર્યાય-વિકારી અવિકારી અને નિમિત્ત બધું જ્ઞાન એમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'પ્રસાદરૂપ અપાયેલ...' 'અનુગ્રહપૂર્વક...'** ભાષા તો જુઓ! અમારા ઉપર મહેરબાની ગુરુએ કરી, હોં! અમારા ઉપર મહેરબાની કરી, હોં! શું કરી? કે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. બસ, ભગવાને આટલું જ તમને સંભળાવ્યું? એટલું જ? હા, એટલું. જે બાર અંગમાં કહેવાનું હતું તે અમને ભગવાને એક શબ્દમાં કહ્યું. સમજાણું કાંઈ? એ બાર અંગ ને ચૌદ પૂર્વમાં કહેવાનું (છે કે) શુદ્ધાત્મ તત્ત્વ છો, અશુદ્ધપણાના લક્ષે પડ્યો છો, સંયોગી ચીજ છે એના લક્ષે (પડ્યો છો) એ છોડી દે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપે બિરાજમાન છે એની દૃષ્ટિ કર. મિથ્યા ભ્રમનો નાશ થશે, સમ્યક્‌ની ઉત્પત્તિ થશે, અશુદ્ધતાની હાજરી છે તેનું જ્ઞાન થશે, નિમિત્તપણે કર્મ છે તેનું તને જ્ઞાન થશે. સમજાણું કાંઈ? ઉત્તમચંદભાઈ! લ્યો, આવો અમને ઉપદેશ આપ્યો. મોટી મોટી વાતો ને આટલા આટલા મોટા પડખા ને કેટલા ન્યાય ને કેટલી દલીલો... સાંભળને હવે. એ બધું શુદ્ધાત્મતત્ત્વમાં આવી જાય છે. એ.. પોપટભાઈ! લોકો નથી કહેતા? અમારા ગુરુએ મંત્ર આપ્યો. કાનમાં ફૂંક્યું. વાતું કરે. અહીં કહે છે કે અમારા ગુરુ અંતર્નિમગ્ન વિજ્ઞાનઘન આત્મામાં હતા, અમે કોલકરાર કરીને કહીએ છીએ, એમણે અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. આહાહા..! બસ, એટલી જ વાત તને કરી હશે? ..લાલજી! ભાઈ! માખણ હતું એ અમને આપ્યું. લ્યો, આવ્યું.

ગગનમંડળમેં ગૌઆ વિહાણી વસુધા દૂધ જમાયા,
માખણ થા સો વિરલા રે પાયા સંતો.. છાશે જગત ભરમાયા
અબધુ સો જોગી રે ગુરુ મેરા.. ઈણ પદ કા કરે રે નિવેડા
ઈન પદ કા કરે રે નિવેડા... ગંગનમંડળમેં ગૌઆ વિહાણી...

ગગનમંડળમાં આકાશવાણી નીકળી. વાણીમાંથી સાર લઈ લીધો અમે.

વસુધા દૂધ જમાયા, સહુ રે સુનો ભાઈ! વલોણું વલોવે તો.. સહુ રે સુનો..

વલોણું વલોવે છે ને? માખણ વલોણું નથી કરતા?

સહુ રે સુનો ભાઈ! વલોણું વલોવે તો તત્ત્વ અમૃત કોઈ પાયે,
અબધુ સો જોગી રે ગુરુ મેરા... ઈન પદ કા કરે રે નિવેડા...
ઈન પદ કા કરે રે નિવેડા, અબધુ સો જોગી ગુરુ મેરા...

સમજાય છે કાંઈ? એ 'આનંદઘનજી'એ કહ્યું છે. પેલા વલોણું તો વલોવે છે શાસ્ત્રનું, પણ એમાંથી માખણ કાઢવું જોઈએ એ ન કાઢતા એકલી છાશ કાઢી. છાશ સમજો છો ને? છાશ. પંડિતજી! મઠ્ઠા.. મઠ્ઠા. ભગવાન આત્મા... એ.. ન્યાલભાઈ! કાલે રાત્રે દાખલો આપ્યો હતો. કીધું, અહીંયાં અમારે એક શેઠ છે. બધા સાધુને કહે કે અમે તો કરી કરીને આપ્યું, લ્યો. તમે પણ કરી કરીને આપો છો. આહાહા..! અરે..! માર્ગ તો બાપા! છે તેમ રહેશે. દુનિયા ઊલટો કરશે એટલે કાંઈ માર્ગ થઈ જશે? સત્ય તો સત્ય જ રહેશે. સત્ય કોઈ દિ' અસત્ય થશે નહિ. અને અસત્યથી માર્ગ ટકશે? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે, ઓ..હો..! અમારા ગુરુએ પ્રસાદીથી અપાયેલ અનુગ્રહપૂર્વક ઉપદેશ. બે શબ્દ કહ્યા છે. '**प्रसादीकृत**' '**अनुशासनजन्मा**' '**अनुशासनजन्मा**' આહાહા..! ભાઈ! ભગવાન આત્મા તું તો રાગરહિત છો ને, પ્રભુ! તારી પર્યાયમાં રાગ છે પણ એ તારો સ્વભાવ નહિ, એ તારો સ્વભાવ નહિ. તું તો શુદ્ધાત્મા છો ને, ભાઈ! પૂર્ણાનંદનો નાથ છો ને. એમ અમારા ગુરુએ અમારા ઉપર કૃપા કરીને-મહેરબાની કરીને '**अनुशासन**' અમને શિખામણ દીધી. સમજાય છે કાંઈ? શેની? શુદ્ધાત્મતત્ત્વની.

અત્યારે કેટલાક કહે છે ને ઘણાં? ભાઈ! પંડિતજી! 'ટોડલમલજી'ને 'ધવલ'નું જ્ઞાન નહોતું. અત્યારે આવ્યું ને 'ધવલ'? એમ કે પહેલાં નહોતું. ફલાણાને નહોતું, 'રાજમલજી'ને નહોતું તો એની વાત પ્રમાણ કેમ માનીએ? આહાહા..! અરે..! ભગવાન! સાંભળ તો ખરો. 'ધવલ'માં, 'જયધવલ' ને 'સમયસાર' કંઈ જુદું કહે છે? બધામાં એક જ વાત કહે છે. આખા જૈનશાસનના ચાર અનુયોગમાં... સમજાય છે કાંઈ? દસ મિનિટ છે ને? પ્રકાશ આડો આવે છે, હોં! એ બધા શાસ્ત્રોએ, ચારે અનુયોગોમાં કેવળીઓએ કહેલું, છદ્મસ્થે કહેલું, અમારા ગુરુએ કહ્યું, શુદ્ધાત્મ તત્ત્વ. સમજાય છે કાંઈ? એક શુદ્ધાત્મ કહેતાં બધું આવી ગયું. શુદ્ધાત્મા. તો અશુદ્ધપર્યાયમાં છે એ પણ આવી ગયું, અશુદ્ધની દૃષ્ટિ છે એ પણ આવી ગઈ, અશુદ્ધ છે તો લક્ષ પરમાં છે તો કર્મ પણ આવી ગયા. બધી ચીજો છે. અહીં શુદ્ધાત્માનું ભાન થયું તો એ બાકી રહેલી અશુદ્ધતા અને નિમિત્તનું જ્ઞાન રહે છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન જ્ઞાન એ રહી જાય છે. બસ, એટલું. સમજાણું કાંઈ?

શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, હોં! અમને અનુગ્રહ કર્યો છે. આમ અનુશાસન. અમને અનુસરીને શિખામણ આપી, એમ કહે છે. અમને અનુસરીને એમ કહે છે. ભાઈ! આ આત્મા છે, હોં! આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તારો આત્મા તો આ છે, હોં! અંતર આનંદકંદ પ્રભુ છે ને. અમૃતની શિલા છે. અતીન્દ્રિય અમૃતની શિલા એ આત્મા. એમાં દૃષ્ટિ કર, અનુભવ કર એ તારો વૈભવ છે. આહાહા..! સમજાણું આમાં? અથવા પૂર્વ આચાર્ય અનુસાર ઉપજ્યું. ઉપરથી કાઢ્યું પછી. પેલું બધું આવી ગયું ને? અપરગુરુમાં આવ્યું. તેમનાથી અથવા પૂર્વાચાર્ય અનુસાર ઉપજ્યું એ પોતે નાખ્યું. અપરમાં ગુરુ સુધી લઈને એ સિવાય બીજા પણ આચાર્યો બધા આ જ ઉપદેશ કરતા હતા, એમ કહે છે. એ ઉપરથી લીધું.

'**તેનાથી જેનો જન્મ છે.**' જેનો એટલે મારા વૈભવનો. તેનાથી એટલે આવા અમારા ગુરુ જે વિજ્ઞાનઘન આત્મામાં નિર્મગ્ન હતા અમારા સંત ગુરુ, એમણે અમને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. એનાથી અમારી દશામાં અમને અનુભવદશા, આનંદની દશા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા અપને પ્રગટી એ અમારો વૈભવ છે. સમજાણું કાંઈ? કેટલી વાત કરે છે! પોતાને ખબર પડે એમ કહે છે. આ વૈભવ પ્રગટ્યો એ ખબર છે. ભગવાન આવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેતા હતા એ ખબર છે, અનંત તીર્થંકરનો આ માર્ગ છે એમ કહે છે, અમારા ગુરુ પણ અંતર્નિમગ્ન હતા એમ અમને નિશ્ચય થઈ ગયો, નિઃસંદેહ કહીએ છીએ, અમે પંચ મહાવ્રતના ધારી છીએ, જૂઠું બોલતા નથી. પંડિતજી!

આ તો સંતોની વાણી! દિગંબર મુનિ એટલે.. આ..હા..હા..! પરમેશ્વર પરમેશ્વર પરમેશ્વર!! ણમો લોએ સવ્વ આઈરિયાણં. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આયરિયાણં, ણમો લોએ સવ્વ ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહુણં. પાંચ પદ એક હારમાં છે. એક પંક્તિ. આમણે તો નાખ્યા ભગવાનથી માંડીને ગુરુ સુધી. બધા એક જ સરખા? ઓછા છે ને? ભાઈ! પેલું આવ્યું હતું ને? 'નિયમસાર'માં. નહિ, નહિ. 'નિયમસાર'માં આવ્યું હતું. ભગવાનમાં અને મુનિઓમાં ઉણપ દેખે છે (એ) જડ છે. એક શ્લોક આવ્યો છે. 'નિયમસાર'માં. આવ્યો હતો ને? અમે જડમતિ છીએ કે એમાં આંતરો દેખીએ છીએ. અહીં જુઓ, 'કુંદકુંદાચાર્ય' કહે છે. સમજાય છે કાંઈ? આંતરો ન જોયો. 'કુંદકુંદાચાર્ય' પોતે પોકાર કરીને કહે છે, 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી ન્યાય કાઢ્યો. વૈભવમાંથી. સમજાણું કાંઈ? અમે તો સર્વજ્ઞ પરમેશ્વર પરગુરુ અને અપર એનાથી પૂર્ણ દશા ન હોય એવા પણ અમારા ગુરુ, બધાને એક હરોળમાં-એક હારમાં નાખીએ છીએ. વિજ્ઞાનઘન ભગવાન, એમાં અંતર્નિમગ્ન. મુનિ છે ને! અંતર્નિમગ્ન છે. સમ્યગ્દૃષ્ટિ અને પાંચમા ગુણસ્થાનમાં વિજ્ઞાનઘન આત્મામાં મગ્ન છે, મગ્ન છે. વિશેષ નિમગ્ન નથી. અહીં તો મુનિની દશા લેવી છે ને. સમ્યગ્દૃષ્ટિ અને શ્રાવક મગ્ન થાય છે. આ નિમગ્ન છે. સમજાય છે કાંઈ? અહીં તો ચારિત્રની પ્રધાનતામાં અંતર્નિમગ્ન લ્યે છે. ચારિત્ર એટલે શું! ઓ..હો..હો..! પરમેશ્વરપદ! જ્યાં ભાવલિંગ પ્રગટ્યું અંદર વૈભવ, એની શું વાત કરવી! ઓ..હો..હો..! નમુનો જોવા ન મળે ચારિત્રની શું ચીજ છે (ત્યાં) કોને ખબર પડે શું ચીજ છે?

અહીં કહે છે કે, ભાઈ! અમારા ગુરુએ અમને શુદ્ધાત્મા ઉપદેશ આપ્યો. તેનાથી અમારો જન્મ છે. જન્મ અમારો એટલે ઓલા વૈભવનો. અમારું સમ્યગ્દર્શન નિશ્ચય, આત્માની અનુભવમાં પ્રતીતિ. અમારા આત્માનું સ્વસંવેદન અનુભવ અને અમારા આત્માની ચારિત્રદશા અને સાથે આનંદના સ્વસંવેદનનું, અતીન્દ્રિય આનંદનું વેદન એ અમારો વૈભવ, એ અમારો માર્ગ, એ અમારો મોક્ષમાર્ગ, એ અમારી દશા આવા ગુરુથી અમને મળેલી છે. સમજાય છે કાંઈ? આહાહા..! વચ્ચે શાસ્ત્ર તૂટી ગયા ને એના જ્ઞાનમાં ન રહ્યા એમ નથી કહ્યું. અમને તો ઠેઠથી ભગવાનથી માર્ગ ચાલ્યો આવે છે તે જ અમારા ગુરુએ કર્યો અને એ ગુરુ હતા એમાં અમને કહેલો છે. ભલે બીજો પંથ અંદરમાંથી નીકળી ગયો. સમજાય છે? અમને તો ઠેઠ વસ્તુ હતી એમાંથી આ વાત છે. એના સિવાયની બીજી વાત તે આ માર્ગની નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

ત્રણ બોલ થયા. હવે ચોથો. કેવો છે અમારો વૈભવ? **'નિરંતર ઝરતો-આસ્વાદમાં**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આવતો,...'** '**अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्मा**' ઓ..હો..હો..! 'અમૃતચંદ્રાચાર્યે' તો કંઈ ટીકા ગજબ કરી છે! આવો એક શબ્દ આ જે છે એવો શબ્દ અત્યારે આ સ્થિતિની મુનિદશા અને આ સ્થિતિની આત્માના વૈભવની દશાનું આ જે વર્ણન એવું વર્ણન, બીજે ક્યાંય નથી. કહે છે કે, અમારો નિરંતર ઝરતો. અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે ને ભગવાનઆત્મા? એનો અમને અનુભવ થયો છે, અનુભવ થયો છે. અનુ-સ્વભાવને અનુસરીને અમારી દશા-વૈભવ પ્રગટ્યો છે. તે કેવો છે? નિરંતર ઝરતો. જેમ ડુંગરમાંથી પાણી ઝરે પ્રવાહરૂપે અપ્રતિહત પડે એવું ને ખંડ ન પડે એવું ને ત્રડ ન પડે એવું. એમ અમારા આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે-વસ્તુ-એની અમારી અંતર અનુભવદૃષ્ટિ થઈ છે (તો) નિરંતર આનંદ આત્માની પર્યાયમાં ઝરે છે. આહાહા..! '**अनवरत**' નિરંતર ઝરતો. વ્યવહારના વિકલ્પો હોવા છતાં... આહાહા..! અમારો આનંદ નિરંતર અંદરથી ઝરે છે-પ્રગટ થાય છે. સમયે સમયે. આહાહા..! છઠ્ઠાની વાત કરે છે. ચોથાએ હોય છે પણ થોડો, મંદ. આ અમંદ (છે). આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં મંદ આનંદ હોય છે. થોડો અતીન્દ્રિય આનંદનો સ્વાદ હોય છે. અનંતાનુબંધીના અભાવ પૂરતો સ્વરૂપ આચરણની લીનતા હોય છે. એનું અહીંયાં કામ નથી. અહીં તો મુનિથી વાત લેવી છે. આહાહા..! પણ એમાં પેલી વાત જાય છે, હોં! સમ્યગ્દૃષ્ટિ અને પાંચમા ગુણસ્થાને પણ મંદ ઝરણું શાંતિનું, આનંદનું ઝરે છે ત્યારે તેને ચોથું અને પાંચમું ગુણસ્થાન કહેવાય છે. આહાહા..! આ તો કંઈની કંઈ વાત. ભગવાન! પ્રભુ! તારા માર્ગની વાત, તેં કહેલા તત્ત્વો.. અરે..! જગતને કાને ન પડે. કાને ન પડે ઈ વિચારે કે દિ', સાંભળે કે દિ', રુચે કે દિ' અને પરિણમાવે કે દિ'? સમજાણું કાંઈ? આ મુનિદશા જુઓ તો ખરા. આહાહા..!

'**નિરંતર ઝરતો-આસ્વાદમાંઆવતો,...**' એમ એની વ્યાખ્યા કરી. '**अनवरतस्यन्दि**' નિરંતર ઝરતો. પછી '**सुन्दरानन्दमुद्रित**'. '**સુંદર જે આનંદ તેની છાપવાળું...**' અમારું સ્વસંવેદન કેવું છે? જ્ઞાનનું સ્વસંવેદન કેવું છે? અતીન્દ્રિય આનંદની મહોરછાપવાળું છે. અતીન્દ્રિય આનંદની મહોર પડી છે એમાં. આ નથી કરતા? ટ્રેડ માર્ક, સિક્કો. એમ અમારું સ્વસંવેદન-અમારો વૈભવ કેવો છે? પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન. એવો શબ્દ છે. '**સુંદર જે આનંદ...**' સુંદર એટલે આ દુનિયાના રાગનો આનંદ ને ઈન્દ્રોનો એ નહિ. '**સુંદર આનંદ તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન,...**' સ્વસંવેદનની આટલી વ્યાખ્યા. સ્વસંવેદન કેવું? અમારું અંતર આત્માનું વેદન કેવું? કે સુંદર જે આનંદ તેની છાપવાળું. અને પ્રચુર સ્વસંવેદનવાળું. થોડું સ્વસંવેદન નહિ. પ્રચુર. મુનિ છે ને? છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. એવા વૈભવથી.. મને આ વૈભવ પ્રગટ્યો છે. એનાથી હું તમને વાત કરીશ. આવશે વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દ્વિતીય શ્રાવણ સુદ ૩, શુક્રવાર તા. ૧૯-૦૮-૬૬**
**ગાથા–૫, ૬. પ્રવચન–૨૧**

'સમયસાર'ની પાંચમી ગાથા ચાલે છે. આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું આ આત્માનું પરથી-રાગ, વિકલ્પથી ભિન્ન અને પોતાના આનંદ આદિ સ્વભાવથી એકત્વ એવા આત્માના વૈભવને હું કહીશ. મારા વૈભવથી ઉત્પન્ન થયેલા ભાવથી હું કહીશ, એમ કહે છે. સમજાણું કાંઈ? નિજવૈભવથી કહીશ. ભગવાને પરમાગમમાં કહેલું હતું અને પરંપરા સર્વજ્ઞ પરમેશ્વરે અને અમારા ગુરુ પર્યંત અમને જે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ અમારા ઉપર મહેરબાની કરીને અમને મળ્યો અને અમે યુક્તિથી પરવસ્તુની એકાંતતા અજ્ઞાનીઓની અમે યુક્તિથી ખંડન કરીને અમે અમારા નિજવૈભવને પ્રાપ્ત કર્યો છે. અને પ્રચુર સ્વસંવેદન. ભગવાન આચાર્યોએ સર્વજ્ઞથી પરંપરાએ કહેલું અમે સાંભળ્યું-શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ, એનું અમે વેદન કર્યું.

'પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન,...' પ્રચુર સ્વસંવેદન. પ્રચુર-'અપદ્ધ' શબ્દ છે. સ્વસંવેદનસ્વરૂપ રૂપ સ્વસંવેદન. અમને આત્માનો સમ્યગ્દર્શન, જ્ઞાનમાં તો સ્વસંવેદન આત્માનો અનુભવ મંદ હોય છે. સમજાય છે કાંઈ? ચોથા ગુણસ્થાનમાં, પાંચમા ગુણસ્થાનમાં આત્માના આનંદનો સ્વસંવેદનભાવ મંદ હોય છે, થોડો હોય છે. મુનિ પોતે કહે છે કે અમે આચાર્ય મુનિ છીએ એમ શબ્દ ન લેતાં, અમને એ આત્માનો નિજવૈભવ દશામાં, દશામાં-પર્યાયમાં પ્રગટ થયો છે એ પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે. આહાહા..! ઘણો જ અમને અતીન્દ્રિય આનંદના વેદનનો અનુભવ પ્રગટ થયો છે. સમજાય છે કાંઈ? એ સઘળા વૈભવથી હું કહીશ એમ કહ્યું. પહેલું આવી ગયું છે એ. અંદર શબ્દમાં-ટીકામાં પણ એમ છે. '**समस्तेनाप्ययं तमेकत्विभक्तमात्मानं**'. સમજાય છે કાંઈ? આ ગાથાથી શરૂ થાય છે હજી તો. હું કહીશ. શું કહીશ? એકત્વ-વિભક્ત (આત્મા). એ છઠ્ઠી (ગાથાથી) શરૂ થાય છે.

ભગવાન આત્મા અનંત આનંદ આદિ ગુણનો પિંડ પ્રભુ આત્મા છે. પુણ્ય-પાપના રાગરહિત અમારા સ્વરૂપનું અમને અભેદ રત્નત્રયરૂપ પરિણમન થયું છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભેદરત્નત્રય વ્યવહાર એ નિમિત્ત છે એ કંઈ મૂળ વસ્તુ નથી. ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ, એના આશ્રયે અમને અંતરમાં નિજ આનંદનું ઘણું વેદન, શાંતિનું, વીતરાગતાનું પ્રચુર સ્વસંવેદન, પ્રચુર સ્વસંવેદન. મુનિને યોગ્ય, આચાર્યને યોગ્ય જ દશા છે એ દશા અમને અમારી દશામાં અમારો વૈભવ પ્રગટ્યો છે. એ અમારો વૈભવ છે. આ વાણી કહેવી કે વિકલ્પ ઉઠવો એ કાંઈ અમારો વૈભવ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાણી નીકળવી કે વિકલ્પ અંદર થવો એ અમારો વૈભવ નથી. અમારો વૈભવ તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની નિધિ-ખાણ-એને અમે રાગથી પૃથક્ કરી અને સ્વભાવનો એકત્વનો અનુભવ કર્યો એટલે અમારી દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિશ્ચય રત્નત્રય, અભેદ રત્નત્રય, અભ્યંતર રત્નત્રય, રાગથી વ્યવહારથી નિરપેક્ષ રત્નત્રય એનું અમને વૈભવપણું પર્યાયમાં પ્રગટ થયું છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અભેદ રત્નત્રય છે?

ઉત્તર :- અભેદ રત્નત્રય છે આ.

મુમુક્ષુ :- છઠ્ઠે ગુણસ્થાને?

ઉત્તર :- છઠ્ઠે ગુણસ્થાને. પંડિતજી! પંડિતજી તો કહે, રામજીભાઈ પ્રશ્ન કરે છે.

દેખો! આમાં-'જયસેનાચાર્ય'ની ટીકામાં પણ ઈ શબ્દ છે. સમજાણું? જુઓ! '**तं एयत्तविहत्तं एकत्व-विभक्तं अभेदरत्नत्रयैकपरिणतं मिथ्यात्वरागादिरहितं परमात्मस्वरूपमित्यर्थः**' આપણે આધાર પણ (દઈએ છીએ). અભેદ રત્નત્રયને જ અહીંયાં પ્રચુર સ્વસંવેદન કહેવા માગે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છઠ્ઠે ને?

ઉત્તર :- છઠ્ઠે. ઈ બધા વાતું કરે, ભાઈ! શું કરીએ? કોનું કહેવું? ક્યાં (કહેવું)? એમ કહે છે ને? ભાઈ! સામાવાળા ઘણાં કહે છે. એ તો પંડિતજીએ સાંભળ્યું છે ને. પંડિતજી વાંચતા નથી. ખાતરી કરી લીધી છે. બહુ ગડબડ કરે. અરે..! ભગવાન! આત્માનું અતીન્દ્રિય આનંદનું વેદન આઠમે હોય. ભાઈ! આત્મા પોતે અનંત ગુણનો પિંડ આનંદ સહિત પિંડ છે. એનું જ્યારે અંતરમાં અનુભવ અને પ્રતીત, રાગથી પૃથક્ કરીને સ્વભાવમાં એકત્વ થાય તો જેટલા ગુણો છે તેના બધા ગુણોનો એક અંશ નિર્મળ પ્રગટ-વ્યક્ત થાય વિના રહે નહિ. આહા..! શું કહે? આખું દ્રવ્યસ્વરૂપ છે ને! પ્રભુસ્વરૂપ છે આમ. પરમાત્મસ્વરૂપ લીધું છે ત્યાં. અભેદરત્નત્રય પરિણતિ. મિથ્યાત્વ અને રાગથી રહિત પરમાત્મસ્વરૂપ એમ 'જયસેનાચાર્યે' શબ્દ લીધો, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમ આત્મસ્વરૂપ પૂર્ણ નિર્વિકલ્પ એકલો વીતરાગસ્વભાવનો પિંડ પ્રભુ આત્મા, એની અમને અભેદ રત્નત્રય પરિણતિ નિશ્ચય સ્વભાવના આશ્રયમાં નિશ્ચય સમ્યગ્દર્શન, સ્વઆશ્રયે સ્વસંવેદનજ્ઞાન, સ્વસ્વરૂપમાં લીનતારૂપ ચારિત્ર એવું પ્રચુર સ્વસંવેદનજ્ઞાન એને અભેદ રત્નત્રય કહેવામાં આવે છે. અને તે કહે છે કે એ સ્વસંવેદન અમને '**अमन्द**' છે, મંદ નથી. એમ કહીને પ્રથમ ભૂમિકામાં ચોથા ગુણસ્થાનમાં, પાંચમા ગુણસ્થાનમાં આત્માનું સ્વસંવેદનપણું આનંદનો અનુભવ હોય પણ એને મંદ હોય છે, થોડો હોય છે. આચાર્ય અને મુનિની દશામાં '**अमन्द**' હોય છે. તેથી ટીકામાં એમ શબ્દ વાપર્યો '**अमन्दसंविदात्मकस्वसंवेदनजन्मा**'. આહાહા..! એક એક શબ્દમાં તો આખું સિદ્ધાંત તત્ત્વ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભર્યું છે.

ભગવાન આત્મા એવો જે સુંદર આનંદ નિરંતર ઝરતો. છેલ્લો ચોથો બોલ ઈ છે. આસ્વાદમાં આવતો. ભગવાન આનંદનો ડુંગર છે, આનંદનો પર્વત છે આત્મા. જેમ પર્વતમાંથી પાણી ઝરે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય રસસ્વરૂપ પ્રભુ છે. સમજાય છે કાંઈ? એનું અમને અંતર્મુખ થઈને જે પ્રચુર આનંદ પ્રગટ્યો એ નિરંતર ઝરતો છે. આહાહા..! એ અંતર વિના ઝરતો છે. પાઠ છે ને સંસ્કૃતમાં? '**अनवरत**', '**अनवरत**'. અમારા મોટા પંડિતજી અહીંયા રાખ્યા છે. બરાબર એક એક અક્ષરનું.. સંસ્કૃત અહીં ન આવડે. ઈ લેશે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**નિરંતર ઝરતો–આસ્વાદમાં આવતો...**' '**अनवरतस्यन्दि**' એમ છે ને ઈ? એટલે કે અંદર આનંદનો અનુભવ. અતીન્દ્રિય પ્રભુ છે એની અમને દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું, ચારિત્ર થયું એનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ અમને આવ્યો. એ સુંદર જે આનંદ પાછો. એ અનુભવનું વેદન કઈ છાપવાળું છે? મહોરછાપ છે એમાં. '**સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદન...**' એકલું જાણવું.. જાણવું એમ નહિ. એ જાણવામાં પ્રચુર આનંદના અતીન્દ્રિય આનંદની મહોરછાપ પડી છે. આહાહા..! ..લાલજી! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. એકલા અધ્યાત્મના ઝરણાને બતાવનાર!

કહે છે, ભાઈ! જેનો સુંદર આનંદ. જગતની કલ્પનાનું સુખ ઈન્દ્રો આદિનું તો દુઃખ અને ઝેર છે. આ પરમાત્મા પોતે અતીન્દ્રિય આનંદનો રસ પ્રભુ એની સન્મુખતાની અમને ચારિત્રની દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વક અમારી રમણતા છે. તેથી કહે છે, સુંદર આનંદની મહોરછાપ પડી છે. એકલું વેદન વેદન કરે અને આનંદ ન હોય, એ આત્માનું વેદન છે જ નહિ. આહાહા..! આહાહા..! એ વેદનની છાપમાં સુંદર આનંદની મહોરછાપ છે. અતીન્દ્રિય આનંદનું વેદન ભેગું ન હોય તો એ સ્વસંવેદન જ નહિ. સ્વસંવેદનની વ્યાખ્યા સુંદર આનંદની મહોરછાપ છે. આહાહા..! જુઓને! '**सुन्दरानन्दमुद्रित**'. મુદ્રા–મહોર મારી છે ભગવાનના ઘરની–આત્માના ઘરની, હોં! અંદર. સમજાય છે કાંઈ? ભગવાન આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થતાં સમ્યક્ સ્વરૂપના આચરણરૂપે ચોથું ગુણસ્થાન પ્રગટતાં પણ એ સ્વસંવેદનમાં સુંદર આનંદની મહોરછાપ છે. આહાહા..! અને આ તો ચારિત્રની દશાવાળું સ્વસંવેદન છે. એથી કહે છે કે અમને તો '**अमन्द**' પ્રચુર સ્વસંવેદન (પ્રગટ થયું છે), એમાં સુંદર આનંદની છાપ મારી છે. આહાહા..! અરે..! વાત તે એના ઘરની વાત સાંભળવા મળે નહિ. એ કે દિ' વિચારે, કે દિ' રુચિ કરે અને કે દિ' પરિણમાવે. સત્‌ના વિરહ પડી ગયા. સમજાણું કાંઈ? બહારથી માંડી. આમ કરો ને આ કરો ને આ વ્યવહારશ્રદ્ધા ને વ્યવહાર આ. બાપા! વ્યવહાર તો બધું બંધનું કારણ વિકલ્પ છે. એ પણ નિશ્ચયનું આવું ભાન હોય ત્યારે કહેવાય. વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે. નહિતર વ્યવહાર–ફ્યવહાર કેવા? આંધળાને વ્યવહાર કેવા? નિશ્ચયના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાન નથી ત્યાં. કહો, દેવીલાલજી!

કહે છે, આ એવું પ્રચુર સ્વસંવેદન, '**તેનાથી જેનો...**' એટલે અમારા વૈભવનો પર્યાય છે. પર્યાયની વાત છે, હોં! આ. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. પણ અમારો વૈભવ, અમારી દશા અનુભવમાં આ પ્રકારે પ્રગટી છે. એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વૈભવ.. એમ કીધું છે. છેલ્લો શબ્દ છે ખરો ને. '**यः कश्चनापि ममात्मनः**'. છે ને? કોઈપણ પ્રકારે. ચાર તો મેં કહ્યા પણ કોઈ પ્રકારે કોઈ મુનિઓએ કોઈ શબ્દનો ખ્યાલ આવી ગયો હોય અને અમારું વેદન એમાં થયું હોય અમારે કારણે તો એ કોઈપણ પ્રકારે. એમ જે જે પ્રકારે અમારા જ્ઞાનનો વૈભવ છે... સમજાણું? તે સમસ્ત વૈભવથી દર્શાવું છે. તે બધા વૈભવથી દેખાડું (છું). બે શબ્દ આવશે. પહેલો કહેશે કે '**दाएहं**'-દેખાડું છું એટલી વાત. '**जदि दाएज्ज**'. દેખાડું છું અને જો આવી વાત, એમ કહે છે. '**जदि दाएज्ज**' જો દર્શાવું. સ્વયંમેવ પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું. તમારે હે શ્રોતાઓ! હું જે આ વાત કરું છું કે ભગવાન આત્મા અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ છે એને રાગથી પૃથક કરીને સ્વસંવેદનથી અનુભવીએ છીએ એ વાત તમને કહેશું. તમે પણ સ્વયંમેવ-તમારી મેળાએ (અર્થાત્) અમારા શબ્દો અને અમારા અવલંબન વિના. દર્શાવું એમ કહ્યું, દેખાડું એમ કહ્યું.. સમજાય છે? પણ જો દેખાડું તો, વાણી દ્વારા એ વાત આવે તો સ્વયંમેવ, હે આત્મા! હે શ્રોતાઓ! તમે તમારી મેળાએ પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા (કરજો). પાઠમાં આટલા શબ્દ વાપર્યા છે. સમજાય છે? '**स्वयमेव स्वानुभवप्रत्यक्षेण परीक्ष्य प्रमाणीकर्तव्यम्**' એટલા શબ્દ પડ્યા છે. આહા..! એક એક શબ્દમાં (ગંભીરતા છે). હે જીવો! તમારે કરવાનું છે તો આ છે. સમજાણું કાંઈ?

આ આત્મા બાળક હો, વૃદ્ધ હો, નારકી હો, નારકી તો અહીંયાં .. આવતા નથી, પણ કોઈપણ પ્રાણી હો તો અમે આ કહેશું એનો સાર તમારે ઈ સાંભળીને અંતરમાં ભગવાન આત્માને પોતાના અનુભવ-તારા જાતના આનંદના અનુભવથી પ્રત્યક્ષથી, હોં! પ્રત્યક્ષ કરજે. આહાહા..! એ રાગનું અવલંબન ન રહે. મનનું ન રહે સીધું મતિ-શ્રુતજ્ઞાન આત્માના વેદનને પકડતું સ્વનો આશ્રય લે એવા અનુભવને અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા, '**અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા...**' ભાષા જુઓ! બીજી રીતે એની પરીક્ષા છે નહિ. સમજાણું આમાં કાંઈ? ઝીણું પડે પણ સાંભળીને સમજવું તો પડશે કે નહિ એને? આહાહા..!

આખો પ્રભુ બિરાજે છે ને, ભાઈ! જેમાં અનંતા અનંત શુદ્ધ ગુણનો પિંડ વસ્તુમાં વાસ કરેલો છે. એ વસ્તુ આત્મા એમાં અનંતા અનંત ગુણોનો વાસ છે. એને વર્તમાન દશામાં એનો આશ્રય કરીને પ્રત્યક્ષપણે અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા, અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરજે. રાગ ને એકલા તર્કથી ને વિકલ્પથી આની પરીક્ષા થાય એવી નથી. આહાહા..! સેઠી!

અનુભવ રસ મેં રોગ ન સોગા, લોકવાદ સબ ભેટા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનુભવ રસ મેં રોગ ન સોગા, લોકવાદ સબ ભેટા,
કેવળ અચળ અનાદિ અબાધિત, શિવશંકર કા ભેટા,
અબધૂ અનુભવ કલિકા જાગી, મતિ મેરા આતમ સમરન લાગી.
મતિ મેરી આતમ સુમરન લાગી.
અબધૂ અનુભવ કલિકા જાગી,
અનુભવ રસ મેં રોગ ન સોગા, લોકવાદ સબ ભેટા,
દુનિયાના ઝઘડા દુનિયા પાસે રહ્યા.

'કેવલ અચલ અનાદિ અબાધિત, શિવશંકર કા ભેટા' શિવ (અર્થાત્) નિરુપદ્રવ સ્વરૂપ શંકર આનંદનો કંદ પ્રભુ. સમજાણું કાંઈ? એનું અંતર વેદન કરીને પ્રમાણ કરજે, અમે કહીએ તે વાતને, એમ કહે છે. આહાહા..! બહુ પણ જવાબદારી આપી એકદમ! દેવીલાલજી! ભાઈ! એકદમ કહો કે હળવેથી, વસ્તુ તો આ કરવા જેવી છે. સમજાણું આમાં?

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ રે...
ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં...

ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ છે. કહે છે કે હે જીવો! આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્યદેવ' ભલામણ (કરે છે). આહાહા..! ભાઈ! અહીં તો એવા જ જીવ લીધા છે, પ્રમાણ કરજે. બે વાત લીધી. હું દેખાડીશ એમ પહેલું કીધું. પહેલી સાધારણ વાત કરી. '**तं एयत्तविहत्तं दाएहं**' એટલું. પણ '**जदि दाएज्ज**' જો દેખાડવામાં આવે, તું ત્યાં સાંભળતો હો અને બેઠો હો તો પ્રમાણ કરજે. '**जदि दाएज्ज पमाणं**'. પ્રમાણ કરજે. ઈ પ્રમાણ કઈ રીતે? અનુભવ પ્રત્યક્ષપ્રમાણથી પ્રમાણ કરજે. અનુભુવ પ્રત્યક્ષ પ્રમાણ એ જ પ્રમાણ બધામાં પ્રધાન પ્રમાણ છે. બાકી બધા પ્રમાણ ગૌણ છે. સમજાણું? 'જયધવલ'માં આવે છે ને ઈ. શ્લોક છે ઈ. અહીં પણ કહેશે. .. પ્રધાન છે. બધા પ્રમાણમાં ધર્માત્માનો અનુભવ તે પ્રધાન પ્રમાણ છે. ઈ 'જયધવલ'માં શ્લોક છે. સમજાણું કાંઈ? અહીં ક્યાં બધા પુસ્તક ક્યાંથી હાજર હોય? એ 'જયધવલ'માં છે. બધા પ્રમાણોમાં સંતોનો અંતર અનુભવ તે પ્રધાન પ્રમાણ છે. એ પ્રમાણ કહે એમાં બધી વાત આવી ગઈ. (બાકી બધી) બાહ્ય વાતું છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે હે આત્મા! હે ભગવાન! અમે રાગના-પુણ્યના-વ્યવહાર રત્નત્રયના રાગથી ભિન્ન બતાવશું. અને ભગવાન આત્મા વસ્તુ એના અનંત અનંત શાંત, આનંદરસથી અભિન્ન છે એમ બતાવશું. આત્મા સ્વભાવથી અભિન્ન છે એમ કહે છે અને રાગથી તે ભિન્ન છે. એ કહેશું એમાં તમે તમારા અનુભવપ્રમાણથી પ્રત્યક્ષ હા કરજો. એકલી હા ને શ્રદ્ધા ને એમ નહિ, એમ કહે છે. મહારાજ ભગવાન કહે ઈ સાચી વાત છે, હોં! એમ નહિ. ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુધી ઈ વસ્તુ પ્રમાણ નથી, એમ છે. સમજાણું કાંઈ? ઈ આવશે. જુઓને! છઠ્ઠી ગાથામાં આવશે. એમ જ્ઞાયક જ્ઞાયક શુદ્ધ શુદ્ધ કરે એમ ન હોય. કહેશે છઠ્ઠી ગાથામાં. શુદ્ધ, એનું જ્યારે પરદ્રવ્યથી લક્ષ છોડી ઉપાસના કરે કે આ શુદ્ધ આત્મા જ્ઞાયક છે અને એવી દશા થાય ત્યારે એને શુદ્ધ છે. અજ્ઞાનીને આમ શુદ્ધ શુદ્ધ માને શુદ્ધ છે, એમ હોય શુદ્ધ? સમજાય છે કાંઈ? છઠ્ઠી ગાથામાં કહેશે. ભગવાન! આપ શુદ્ધ કોને કહો છો કે જેનો અમારે અનુભવ કરવો? ભાઈ! એ શુદ્ધ પ્રભુ આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી. પરદ્રવ્યનું લક્ષ છોડીને ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદની ઉપાસના-સેવા કરે ત્યારે એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. શુદ્ધની સેવા વિના આ શુદ્ધ છે એવો એને ખ્યાલ આવતો નથી. સેઠી! ભઈ, અહીં તો વાત ઊંચામાં ઊંચી જે સત્ય છે તે છે. એમાં અમે આત્મા માનીએ, આ માનીએ એમ વ્યવહાર-ફ્યવહારની વાત એમાં છે જ નહિ. આહાહા..!

કહે છે, અમે કહેશું પણ એનું ફળ તને આમ આવવું જોઈએ. '**પોતાના અનુભવ-પ્રત્યક્ષથી...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ રાગથી, વિકલ્પથી પરસન્મુખના વિકલ્પોની વાસનાથી સ્વસન્મુખ સ્વભાવથી ભગવાન ભરેલો આત્મા, તેના સન્મુખ થઈને અનુભવ પ્રત્યક્ષથી, પોતાના અનુભવથી, સામાનો અનુભવ નહિ, તારો અનુભવ તે પણ પ્રત્યક્ષ. એમ કે કંઈક લાગે છે. એમ નહિ. આહાહા..! પરીક્ષા, આ રીતે પરીક્ષા કરીને. આનંદસ્વરૂપ આ છે (એમ અનુભવ કરીને).

એટલે શું? પરથી વિભક્ત અને સ્વથી એકત્વ સ્વસ્વભાવથી દ્રવ્ય એકત્વ, વસ્તુ પોતાના શુદ્ધ સ્વભાવથી એકત્વ અભેદ છે, પરથી ભિન્ન છે. એવું તમારા પરીક્ષા કરીને પ્રમાણ કરવું. એટલે કે તમારી દશામાં એ દશા પ્રગટ થાય, પ્રમાણ પ્રત્યક્ષ અનુભવ, એ એમ અનુભવ થાય કે આ આનંદનું વેદન આવ્યું કે આ આખો આત્મા આનંદમય છે. સમજાય છે કાંઈ? એમ પરીક્ષા, અનુભવના પ્રમાણથી પરીક્ષા કરવી. 'શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે.' આવે છે ને?

વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પાવૈ વિશ્રામ,
રસ રસ રસ રસ રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ.

સમજાણું કાંઈ? રસ સ્વાદત. આત્માનો રસ. આત્માનો રસ કેવો હશે? આ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એવો રસ હશે? ભગવાન આત્મા મહા પરમાત્મા સ્વરૂપ જ સાક્ષાત્ પરમાત્મા છે. દ્રવ્ય એ તો સાક્ષાત્ દ્રવ્ય સ્વરૂપે પરમાત્મા છે. પર્યાયમાં સાક્ષાત્ કરવું એ પરમાત્મા વ્યક્ત છે. સમજાણું કાંઈ? 'વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પાવૈ વિશ્રામ'. વિકલ્પમાં વિશ્રામ પામ્યું. 'રસ સ્વાદત' આત્માના આનંદના રસના સ્વાદમાં સુખ ઊપજે. 'અનુભવ તાકો નામ' એવા અનુભવથી પ્રમાણ કરજે, કહે છે. સમજાણું કાંઈ? આ 'બનારસીદાસ'નો શ્લોક છે. ઓહોહો..! ગાથા તે પણ..! ચાર બોલથી અનુભવ થયો એમને. ત્રણ નિમિત્ત અને ચોથું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉપાદાન. નિમિત્તમાં પણ જ્ઞાન તો અમારું હતું ને, એમ કહે છે. અને વેદન થયું અમને એમાંથી અમારી દશા જન્મી. પર્યાય જન્મી. દ્રવ્યમાંથી પર્યાય જન્મી. આનંદ જન્મ્યો, સમ્યગ્જ્ઞાન જન્મ્યું, શાંતિ જન્મી, ઉત્પાદ થયો, દ્રવ્ય કાયમ રહ્યું એને આશ્રયે ઉત્પાદ થયો. એ અમારા વૈભવને અમે આમાં-શાસ્ત્રમાં કહેશું. અમે કહેશું તો આ પ્રમાણે તું પ્રમાણ કરજે. ઓહોહો..! પણ આ પંચમઆરાના સાધારણ પ્રાણીને પ્રભુ! તમે આટલી બધી જવાબદારી! સાંભળે અને આમ કરજો એટલી નાખો છો! એ.. દેવીલાલજી! એ તો કહે છે, આત્મામાં તારી યોગ્યતા છે. સાંભળ તો ખરો. ભગવાન આત્મા પરિપૂર્ણ આનંદથી છલોછલ લબાલબ ભરેલો છે. ભગવાન સિદ્ધને જે અનંત અનંત ચતુષ્ટયમાં અતીન્દ્રિય આનંદ એક સમયમાં અનંત આવે છે, બીજે સમયે એવો, ત્રીજે સમયે એવો, અનંત સમય એવો, એવો બધો અતીન્દ્રિય આનંદનો ઢગલો એ આત્માના આનંદગુણમાં પડ્યો છે. આહાહા..! અરે..! સ્વભાવ છે એનું શું કહેવું? જેનો સ્વભાવ છે એનું માપ શું? એને હદ શી? એની પરિમિતતા શી? એની વિપરીતતા શી? સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા મહિમાવંત સ્વભાવથી અભેદ અને રાગથી ભેદ કહીએ તો પ્રત્યક્ષ તું ભેદજ્ઞાન કરીને અનુભવ કરજે. આહાહા..! આટલી જવાબદારી! દેવીલાલજી! આમ ધારી લેજે ને વાત કરી લેજે ને પછી કહેજે, એમ નહિ. આહાહા..! જો ક્યાંય અક્ષરમાત્ર અલંકાર.. મૂળ પાઠ તો ઈ છે, **'चुक्केज छलं ण घेत्तव्वं'**. **'घेत्तव्वं'**માં અર્થ ભર્યો છે. **'घेत्तव्वं'**નો. શું કહે છે? આચાર્ય પોતે 'અમૃતચંદ્રાચાર્ય' **'घेत्तव्वं'**નો અર્થ કરે છે.

કાંઈક કહેતા કહેતા કોઈ શબ્દમાં, કોઈ અક્ષરમાં, કોઈ વિભક્તિમાં, અલંકારમાં કોઈ ફેર પડી જાય તો છલ ગ્રહણ કરવામાં સાવધાન ન થવું. પાઠ શું છે? **'यदि तु स्खलेयं तदा तु न छलग्रहणजागरूकैर्भवितव्यम्'**. **'जागरूक'**નો અર્થ શું? તને એ જાતનો ક્ષયોપશમ વર્તમાનમાં હોય અને તને ખ્યાલ આવી જાય કે આમાં ભૂલ્યા, શબ્દમાં ભૂલ્યા. એવો ખ્યાલ આવી જાય (તો) **'जागरूक'** ન થવું, અટકીશ નહિ ત્યાં. એમાં અમારી પ્રધાનતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? અમે જે અંતરની વાત કરીએ છીએ એ ભાવને તું અંદર મેળવજે. કોઈ વિભક્તિ, શબ્દો, શબ્દાર્થ, વ્યાકરણમાં ક્યાંય ભૂલ રહી જાય તો પાઠ એમ છે કે **'छलं ण घेत्तव्वं'**. તું ગ્રહીશ નહિ, પકડીશ નહિ. તેથી ટીકાકારે કહ્યું **'छलग्रहणजागरूकैर्भवितव्यम्'**. એમાં જાગતો ન રહીશ. ખ્યાલ તને આવી જાય (તો) છોડી દેજે એટલી વાત. સમજાણું કાંઈ? જીવનો ક્ષયોપશમ છે એ જાતનો વધારે કોઈનો એ કંઈ મૂળ ચીજ નથી. અને તારા ખ્યાલમાં જાય કે ગયા કાળનું આ વચનને આમ થઈ ગયું ને ઢીકણાનું આમ થઈ ગયું ને ફલાણાનું આમ થઈ ગયું, અક્ષર આમ થયો, યુક્તિમાં આમ લગાઈ ગઈ. તો કહે છે કે એ ઉપર તારો ક્ષયોપશમ હોય કદાચ પકડમાં (તો) **'छलं ण घेत्तव्वं'** પકડી રાખીશ નહિ, હોં! ત્યાં ઊભો ન રહીશ. સેઠી!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'જયસેનાચાર્યે' તો એમ કહ્યું કે પકડીને દુર્જનવત્ ત્યાં ઊભો ન રહીશ. દુર્જનવત્ એમ કહ્યું છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં દુર્જનવત (લખ્યું છે). 'અમૃતચંદ્રાચાર્યે' એટલું (કહ્યું કે) **'छलग्रहणजागरूकैर्भवितव्यम्'**. બસ, એટલું. મીઠી ભાષાથી (કહ્યું છે). ભાઈ! અમારે આત્માની વાત, વિકલ્પમાત્ર ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ એનાથી પાર પ્રભુ છે અને અનંત અનંત આનંદ આદિ શાંતિના સાગરથી ભગવાન અભેદ એકરૂપ પડ્યો છે. એ અમારે વાત કહેવી છે. એ વાતમાં તું જાગૃત થઈને અનુભવ કરજે. પણ કોઈ આવી ધારણામાં અટકી ગયો (અને) ત્યાં તારું લક્ષ રહ્યા કરશે તો પેલી વાત વાસ્તવિક છે એ તને પકડવામાં નહિ આવે. એ રહી જશે. ન્યાં હલવાઈ જઈશ. આ વ્યાકરણ ને ન્યાયશાસ્ત્રનું આવું એક શાસ્ત્ર છે ને એમાંથી આ ફેર પડ્યો ને ઢીકણું પડ્યું. સેઠી! આહાહા..! શબ્દ છે કેવો? **'जदि दाएज्ज पमाणं'** આમ એક બાજુ રાખી દીધું. **'चुक्केज्ज छलं ण घेत्तव्वं'**. ક્યાંય શબ્દોમાં, હોં! અનુભવમાં નહિ. એ તો પ્રમાણ બરાબર છે અમારા. પણ શબ્દમાં, વ્યાકરણમાં, વિભક્તિમાં, ભૂતકાળમાં ભવિષ્ય આવી ગયો અને ભવિષ્યમાં કોઈ વર્તમાનકાળ આવી ગયો, એવી કોઈ શબ્દમાં વાણી આવી (તો) **'છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.'** સાવધાન ન થઈશ. ખ્યાલમાં આવી જાય તને (તો) ઊભો ન રહીશ. એની મહિમા ન ગ્રહીશ, એની મહિમા ન ગ્રહીશ. આહાહા..! કેટલી વાત કહેવા માગે છે! તું એની મહિમામાં જજે, આવા મહિમામાં નહિ. અમને કેટલું બોલતા આવડ્યું. એટલું તો એમને બોલતા નથી આવડતું. શબ્દોની શૈલી નથી, ફલાણામાં આમ અલંકાર જોઈએ, આમ જોઈએ, આમ શબ્દ આમ છે ને આમ છે. બહુ સારી વાત છે, ભાઈ!

'કુંદકુંદાચાર્યે' એટલું કહ્યું, **'चुक्केज्ज छलं ण घेत्तव्वं'**, **'ण घेत्तव्वं'**. પકડી ન રાખીશ. ખ્યાલમાં તારા આવી જાય. એટલે આચાર્યે શબ્દ એવો જ મૂક્યો છે. સમજાણું કાંઈ? અમારી વાતમાં રાગ ને પુણ્યથી અને વિકારથી અને કર્મથી ને શરીરથી તદ્દન ભિન્ન, ભગવાન પોતાની ચીજમાં અનંત ગુણથી અભિન્ન રહીને પડ્યો છે પ્રભુ, એનો અનુભવ કરવાનું અમારે તો અહીં પ્રયોજન છે. એ સિવાય કોઈ પ્રયોજન નથી. અને અનુભવ થયો એને બધું આવી ગયું, એ કેવળજ્ઞાન લઈ લેશે.

એક ફેરી આવ્યા હતા ને? ખુબચંદજી! પ્રશ્ન થયો હતો. ઓલો આવે છે ને? પૂર્વ જ્ઞાન હોય એને ... થાય. પંડિતજી! 'તત્ત્વાર્થસાર'માં, 'તત્ત્વાર્થસૂત્ર'માં પૂર્વવિત. પૂર્વવિત હોય એ શ્રેણી માંડે. એમ કે શબ્દનું જ્ઞાન તો હોવું જોઈએ પહેલું. એ અને પ્યારેલાલ ભગત હતા ને? બેય આવ્યા હતા. બે-બે કલાક બેય આવતા. (સંવત) ૧૯૯૨ની સાલમાં. શબ્દોનું.. કીધું, શબ્દોનું નથી ભાઈ! અહીં શબ્દની વાત નથી. શબ્દનું જ્ઞાન જોઈએ એને. અરે..! શબ્દનું જ્ઞાન ન હોય અને અનુભવમાં ચડી જાય. સાંભળને! શબ્દનું જ્ઞાન એ તો પૂર્વવિત કહ્યું છે 'તત્ત્વાર્થસૂત્ર'માં, એ તો કોઈને બહુ ઉત્કૃષ્ટ જ્ઞાન ઉઘડી ગયું હોય તો એને માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત કરી છે. બાકી તો અંતરમાં સમિતિ, ગુપ્તિ એટલે કે રાગથી ભિન્ન અને સ્વભાવમાં-સ્વરૂપમાં એકાકાર એનું એને જ્ઞાન અંદર થઈ ગયું. એ જ્ઞાનમાં બધું જ્ઞાન આવી ગયું. કેવળજ્ઞાનને પકડવાનું, ઉત્પન્ન કરવાનું એ બીજડું છે. સમજાય છે કાંઈ? બીજું ભણતર આવડે ન આવડે, બોલતા આવડે ન આવડે, કહેતા આવડે ન આવડે, એની લહેજત ને... સમજાય છે ને? એ તો જડની દશા છે. વિકલ્પ ઉઠે છે એ આત્માને બંધનું કારણ છે, નુકસાનનું કારણ છે. બીજો સમજે તો એનાથી અહીં લાભ થાય એ વાત છે નહિ.

મુમુક્ષુ :- પ્રભાવના થાય.

ઉત્તર :- પ્રભાવના, કઈ પ્રભાવના? પ્રભાવના પોતાની થાતી હશે કે પરમાં થાતી હશે એ તો નિમિત્તની વાતું છે. વિકલ્પ ઉઠ્યો છે ઉપદેશનો, વાણી વાણીને કારણે, ઉપદેશ ઉપદેશને કારણે (થાય છે). વિકલ્પ ઉઠ્યો એ રાગસ્વરૂપ છે. એ રાગને કારણે સ્વને લાભ છે એમ નથી. એ રાગને કારણે પરને લાભ છે એમ નથી. આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! પેલા કહે, આપણે ખુબ પ્રભાવના કરો ને એમાંથી આપણને લાભ થાય. ન્યાં ઓલા ધર્મ ... એનાથી અહીં લાભ થાશે? દૃષ્ટિમાં જ મોટા શલ્ય છે. બીજા બહુ પામે, ને એમાંથી આપણને કાંઈક હિસ્સો મળે એમ હશે કે નહિ? આપણે રાગ કરીએ છીએ ને એમાં શુભભાવમાં મહાપુણ્ય બંધાઈ જશે અને એને લઈને આપણને કંઈક લાભ થઈ જશે. ધૂળેય નથી, સાંભળને! વિકલ્પ ઉઠ્યો છે એ બંધનું કારણ છે. એ અમારો વૈભવ નથી એમ પોતે પહેલું કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! અહીંયાં એવા '**શાસ્ત્રસમુદ્રના પ્રકરણ તો બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે;...**' પદાર્થ તો આ કાઢવો છે ને એ વેદન એ વસ્તુ કહેવાની છે. બાકી બીજી વાત ધારણા ઘણી હો, ઓછી હો એની સાથે કંઈ સ્વસંવેદનને સંબંધ છે નહિ. પ્રવીણભાઈ! અહીં તો સ્વસંવેદન એટલે આત્મા વસ્તુ પોતે પ્રભુ, એનું અંતર્મુખ થઈને વેદન કરવું એ અનુભવપ્રધાન સ્વપ્રમાણમાં મોટું પ્રમાણ આ છે. '**તેથી અર્થની પરીક્ષા કરવી.**' એ સ્વસંવેદનના અનુભવથી પરીક્ષા કરવી. આ આચાર્ય કહે છે એ કેમ છે, એ અંતરમાં અનુભવ કરી પરીક્ષા કરવી. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'આચાર્ય આગમનું સેવન,...'** ભગવાનના શાસ્ત્રોનું સેવન એટલે એ કહે છે તેવા ભાવનું અનુભવ, ભાન. '**યુક્તિનું અવલંબન,...**' વીતરાગ સિવાય એકાંત માનનારાઓ. તત્ત્વની સાથે મેળ ન ખાય એવાની સાથે યુક્તિના અવલંબન દ્વારા ખોટું સિદ્ધ કર્યું કે નહિ, આમ ન હોય. પર્યાય ન હોય એમ ન હોય, દ્રવ્ય ન હોય એમ ન હોય. વિકાર ન હોય એમ ન હોય. વિકાર ટળી શકે છે, પર્યાય પરિણમી શકે છે. વગેરે યુક્તિના અવલંબન દ્વારા. '**પરાપર ગુરુનો ઉપદેશ...**' પર નામ સર્વજ્ઞ પ્રભુ, અપર નામ ગણધરથી માંડી અમારા ગુરુ એનો ઉપદેશ અમને મળ્યો. '**અને સ્વસંવેદન...**' અમારો અનુભવ. '**એ ચાર પ્રકારે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ઉત્પન્ન થયેલ...**' જુઓ! ઉત્પન્ન થયેલા વૈભવની વાત છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. અમારા આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, અભેદ રત્નત્રય ઉત્પન્ન થયા છે એ પોતાના જ્ઞાનના વૈભવથી-મારા જ્ઞાનના વૈભવથી કહીશ. ભગવાને કહ્યું છે ઈ કહ્યું છે, પણ મને અહીં વેદનમાં આવ્યું હોય ત્યારે હું કહું ને. સમજાણું કાંઈ?

'આનંદઘનજી' એક વાર કહે છે, 'મનડો દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું' આગમથી કહું.

મનડો દુરારાધ્ય તેં વસિ આણ્યું, તે આગમથી મતિ આણું,
'આનંદઘન' પ્રભુ મારું આણું, તો સાંચૂ કરી જાણું હો,
હો કુંથુજિન-મનડું કિમ હી બાજે હો.

આગમ આગમધરને હાથે,

હાથમાં પડ્યા હોય આગમ, બોલતો હોય. 'આગમ આગમધરને હાથે' સર્પ જેમ વાંકો ચાલે.. સર્પ હોય ને સર્પ? એમ આ મનડું મારું વાંકું ચાલે છે. ફટ બહારમાં વયુ જાય છે. એવા મનને વશ કરવામાં નાથ! આપે વશ કર્યું. એ અમને ખબર છે પણ ઈ આગમથી જાણ્યું.

આનંદઘન પ્રભુ મારું આણું તો, આનંદઘન પ્રભુ મારું આણું તો
સાચું કરીને રે જાણું, કુંથુજિન મનડું કિમ હી ન બાજે..

પ્રભુ! હું અહીં મનથી રોકાઈને સ્થિર થાઉં ત્યારે મને ખ્યાલ આવે કે આપે મનને રુંધ્યું અને પરમાત્મા થયા. મારે માટે તો મારો અનુભવ કામ આવે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, શુદ્ધાત્માનું મારા વૈભવથી (કથન કરીશ). જુઓ! '**પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ! પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો...**' એ તો પછી અર્થમાં (એમ કહ્યું છે), દોષ ક્યાં દોષ જ નથી. '**અહીં પોતાનો અનુભવ પ્રધાન છે;...**' વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ તે પ્રધાન છે. '**તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો...**' અનુભવથી અંતરના જ્ઞાન દ્વારા અનુભવ કરો. બાળક, આઠ વર્ષની કન્યા પણ કરી શકે છે, એક દેડકો પણ અનુભવ કરી શકે છે. આહાહા..! આત્મા છે ને! આઠ વર્ષનું બાળક સ્ત્રી-કન્યા. એ કન્યા કે દિ' (હતી)? એ તો આત્મા છે અંદર. દેડકો આટલો. દદુર. દદુર શું કહે છે? મેંઢક. એ શરીર છે મેંઢક. આત્મા ક્યાં દેડકો હતો. સમજાય છે કાંઈ? ભગવાનની સમીપ આમ સાંભળતો હોય અંદર ઉતરી જાય. રાગ વિનાની મારી ચીજ ચિદાનંદ પ્રભુ અમે છીએ. એ દેડકા પણ.. સમજાય છે? અનુભવથી પ્રમાણ કરીને ભગવાનના વચન પ્રમાણ કરે છે. '**એમ કહેવાનો આશય છે.**' લ્યો. એ પાંચ ગાથા પૂરી થઈ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે આ છઠ્ઠીના લેખ ફર્યા ન ફરે. લોકોમાં કહેવાય છે ને? છઠ્ઠીના લેખ નથી કહેતા? એમ આ છઠ્ઠી ગાથાના લેખ જ્ઞાયકના ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું એ ભાવ જગતમાં ત્રિકાળ અફર રહે છે. ફર્યા ફરે નહિ. જુઓ! કુદરતે છઠ્ઠી ગાથા આવી ગઈ છે અહીંયાં. સમજાણું કાંઈ? ત્યારે પ્રશ્ન ઊપજે છે. '**कोऽसौ शुद्ध आत्मेति**'. બસ, આટલો પ્રશ્ન (છે). કોણ તે શુદ્ધ આત્મા? આપ જે કહો છે કે ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન, કર્મ-શરીર તો ક્યાંય અજીવ રહી ગયા પણ પુણ્ય-પાપનું આસ્રવતત્ત્વ છે એનાથી જુદો આત્મા અને પોતાના સ્વરૂપે શુદ્ધ. ભગવાન! શિષ્યને ઝંખના થઈ છે. '**कोऽसौ शुद्ध**' એવી શૈલી જ ઉપાડી 'અમૃતચંદ્રાચાર્યે'. નથી સમજવા માંગતો એને કહેવું, એ કહે છે કે મફત છે. એમ ધગશ છે. પ્રભુ! આ શું આપે કહ્યુ? આ શુદ્ધ આત્મા કોણ છે? શુદ્ધ આત્મા કોને કહો છો? એવી અંતરની (જિજ્ઞાસા થઈ છે). જુઓ! બીજું કાંઈ પૂછતો નથી. અમને કેમ પુણ્ય બંધાય? ને અમે કેમ સ્વર્ગમાં જઈએ? ને કેમ અમને ફલાણું મળે? કાંઈ નહિ.

મુમુક્ષુ :- દેવ-ગુરુ મળે..

ઉત્તર :- દેવ-ગુરુ-શાસ્ત્ર મળે એ પણ નહિ. '**कोऽसौ**'...

મુમુક્ષુ :- નિમિત્ત તો જોઈએ ને.

ઉત્તર :- એ નિમિત્ત અંદર આવી ગયું, ભગવાન. સમજાણું કાંઈ?

આ નિશ્ચયથી તો એવી વાત છે કે ધ્રુવ સ્વભાવ તે શુદ્ધ ઉપાદાન છે અને પર્યાય તે નિમિત્ત છે, વ્યવહાર છે માટે. એ જરી ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એ અર્થમાં પણ આવી ગયું. 'સીમંધર' ભગવાનની સ્તુતિ કરી છે ને શ્વેતાંબરમાં? ત્યાં એમ લીધું છે. એક જણો કો'ક કચ્છનો છે એણે એમ લીધું છે. વાત સાચી. પર્યાય છે ઈ વ્યવહાર છે અને વ્યવહાર છે તે નિમિત્ત છે. ત્રિકાળ દ્રવ્ય તે ઉપાદાન શુદ્ધ છે. ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ પ્રભુ આત્મા છે એને પર્યાયથી પ્રાપ્ત થાય. એ પર્યાય પોતે વ્યવહાર છે. નિમિત્ત છે પર્યાય. આહાહા..!

અહીં કહે છે, '**એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' જુઓ! જેનું સ્વરૂપ જાણવું જોઈએ. બીજું કાંઈ નહિ. બીજી અનેક વાતો હોય શાસ્ત્રમાં-ચાર અનુયોગમાં. અમારે તો પ્રભુ! આ શુદ્ધ આત્મા જેને જાણવો જોઈએ, જેને જાણ્યે કેવળજ્ઞાન થયે છૂટકો, મોક્ષ થયે છૂટકો. એ તે કોણ શુદ્ધ છે? આવો પ્રશ્ન અંતરની ઝંખનાથી કર્યો છે. કોઈની કોપીથી નહિ કે અત્યારે આત્માનું ચાલે છે તો આપણે આત્માનું પૂછો. કે જેથી એમ કહેવાય કે અમને આત્મા (જોઈએ છે). સમજાણું? બીજી રીતે કહીએ તો આચાર્ય મહારાજ એમ કહેવા માગે છે કે અમે કોઈને ઘેર કહેવા જાતા નથી. જે કોઈ એમ ઝંખના કરતા આવે છે કે શુદ્ધ તે શું છે? એને અમે કહીએ છીએ. દેવીલાલજી! આહાહા..!

મુમુક્ષુ :- કરુણાસાગર...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- કરુણાસાગર આ. પરાણે ઘરે દેવા જાતા હશે ત્યાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું કરે? ચાલતા ચાલતા વાત હોય નહિ. ઈર્યા સમિતિ. એઈ..! સેઠી! ઈર્યા સમિતિમાં છે. એ વખતે બોલવાનું હોઈ શકે નહિ. આહાહા..!

કહે છે, આ તો એક એક શૈલીમાં ઘણાં.. સમયસાર એટલે 'કુંદકુંદાચાર્ય'ના વચનો એટલે કેવળીના વચનો! સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન (છે), પ્રભુ! આ શુદ્ધ કોણ છે? આમાં શુદ્ધ કોને આપ કહો છો? શુદ્ધ ક્યા પ્રકારે કહો છો? શુદ્ધ કોને કહો છો? પ્રભુ! શુદ્ધ શું છે કે જેને જાણવો જોઈએ? જેને જાણવો જોઈએ. કહો, સમજાણું આ? આ શાસ્ત્રને જાણવા જોઈએ ને આ દ્વીપ સમુદ્ર જાણવા જોઈએ, એ વાત ન કરી. આ ભગવાન 'એગં જાણઇ સવ્વં જાણઇ'. એમ જે પૂછે છે **'એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-'** જુઓ! છે ને? **'शुद्ध आत्मेति चेत्'**. પ્રશ્ન છે. એવી જ શૈલી 'અમૃતચંદ્રાચાર્યે' ગોઠવી છે. 'શ્રીમદ્દે' પણ એમ ગોઠવી છે. છ પ્રશ્નમાં, 'આત્મસિદ્ધિ'માં. શિષ્યનો પ્રશ્ન અને ગુરુનો ઉત્તર, શિષ્યનો પ્રશ્ન અને ગુરુનો ઉત્તર. એવી શૈલી લીધી છે. સમજાણું કાંઈ? જેને ગરજ થઈને સાંભળવા માગે છે. સાંભળવા માગે છે, હોં! તૃષા લાગી હોય ને? એ સરોવરે આવે. સરોવર બીજા પાસે ન જાય. સમજાણું કાંઈ? એમ અહીંયાં તૃષા લાગી છે, પ્રભુ! આપ શુદ્ધ કોણ કહો છો? જેને જાણ્યે બધું જાણ્યું. જેને જાણ્યે બધું શ્રદ્ધ્યું, જેણે જાણ્યે બધું કલ્યાણ હાથમાં આવી ગયું. એ કોણ છે? એમ પ્રશ્ન થતાં એનો ઉત્તર (આપવામાં આવે છે).

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।**
**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

અહીંયાં પ્રમત્ત-અપ્રમત્ત કેમ લીધું? પોતાની દશામાં વર્તતા વાત કરે છે. નહિતર તો બે ભેદ પાડવા હોત તો સંજત-અસંજત પણ પાડી શકાય. સંજત-અસંજત આત્મા નથી, સયોગી-અયોગી આત્મા નથી એમ પણ પાડી શકાય. પણ પોતે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝુલે છે ત્યાંથી ઉપાડીને વાત કરે છે. સમજાણું કાંઈ? બે ભેદ પાડવા હોય તો અસંજત અને સંજત એવી બે પર્યાયો જ્ઞાયકમાં નથી. એમ કહી શકાય. સયોગી-અયોગી બે દશા નથી. એ તો એકરૂપ છે. પણ આ મુનિ પોતાની ભૂમિકામાં ઊભા છે ત્યાં છઠ્ઠે-સાતમે બતાવે છે. ત્યાં પ્રમત્ત-અપ્રમત્ત દશા જે આવે છે એનું લક્ષ નથી, જ્ઞાયકભાવનું લક્ષ છે. એને નિષેધ કરીને જ્ઞાયક ઉપર છે એમ પોતાની ભૂમિકામાં રહ્યા વાત કરી રહ્યા છે. સમજાણું કાંઈ? કારણ કે આમ પ્રમત્તપણું છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ને? વિકલ્પ આવે છે. વળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિકલ્પ છૂટીને અપ્રમત્ત થઈ જાય છે. એ તો પર્યાય વ્યવહારનયનો વિષય થઈ ગયો. પર્યાયનો વ્યવહારનયનો વિષય થઈ ગયો. એનો નિષેધ કરતાં, અમે એકલા જ્ઞાયક છીએ. સમજાણું કાંઈ? એવી ભૂમિકામાં રહ્યા છતાં અમે પ્રમત્ત-અપ્રમત્ત, પ્રમત્ત છ સુધી લીધું, અપ્રમત્ત સાતમેથી ચૌદ સુધી. આઠ આ અને છ આ (ગુણસ્થાન). બે ભાગલા પાડીને પોતે કહે છે, આ નહિ. પ્રમત્ત-અપ્રમત્ત નહિ. સાતમેથી ચૌદ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પહેલા કહ્યું, સાંભળ્યું નહિ. સાતથી ચૌદ ભેદ વ્યવહારનયનો વિષય છે.

મુમુક્ષુ :- કોઈપણ પર્યાય...

ઉત્તર :- બધી પર્યાયનો વિષય છે. સિદ્ધ પણ પર્યાયનો વિષય છે, નીચે શ્રુતજ્ઞાનની અપેક્ષાએ. એને પ્રમાણ થઈ ગયું, એની ક્યાં વાત છે. જેને નય હોય એને વિચારવાનું છે ને. સમજાણું કાંઈ? આહાહા..!

હવે એમાં 'અમૃતચંદ્રાચાર્ય' આત્માની વાત પહેલી સિદ્ધ કરતા જાય છે. સિદ્ધ તો જ્ઞાયકભાવ સિદ્ધ કરવો છે, હોં! જ્ઞાયકભાવ શુદ્ધ સિદ્ધ કરવો છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે. જ્ઞાયકભાવ એકરૂપ. એ જ્ઞાયકભાવને કહેવો છે છતાં એમાં આત્માની વાત સિદ્ધ કરતા જાય છે.

'**જે પોતે...**' ભગવાન આત્મા '**પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે,...**' અનાદિ સત્તારૂપ વસ્તુ છે. અણકરેલો અનાદિ સત્તા વસ્તુ છે, સ્વભાવ છે, અનાદિ હોવાપણે છે, અનાદિ હોવાપણે છે. આદિ વિના અનાદિ હોવાપણે છે. સમજાણું કાંઈ? કેવો છે આ ભાવ? અનાદિ હોવાપણે છે. પહેલા નહોતો, એમ છે? '**કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે,...**' ભવિષ્યમાં કદી નાશ થાય એવો નથી. અનાદિ સત્તા સ્વરૂપ છે, ભવિષ્યમાં નાશ ન થાય એવો છે. '**કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્યઉદ્યોતરૂપ...**' છે. કાયમ વર્તમાન પ્રગટ.. પ્રગટ.. પ્રગટ ઉદ્યોતરૂપ છે. અનાદિ સત્તા સ્વરૂપ છે, ભવિષ્યમાં નાશ થાય એવો નથી. વર્તમાન નિત્ય પ્રકાશમાન દ્રવ્ય સ્વભાવ કાયમ છે. સમજાણું કાંઈ? '**નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી...**' એ તો ખુલાસો કરે છે. સમજાણું? મૂળ તો આટલું છે. બસ, એટલું. '**नित्योद्योतो विशदज्योति**' '**नित्योद्योतो**' એટલું. હવે કોની વાત ચાલે છે આ? આ આત્માની.

ભગવાન આત્મા અનાદિ હોવાપણે સત્તાસ્વરૂપ છે. અનાદિ સત્તાસ્વરૂપ છે. એની સત્તા કોઈ દિ' નહોતી, કોઈએ કરી એમ નથી. અનાદિ હોવાપણે છે. અસ્તિત્વગુણ સિદ્ધ કર્યો, ભાઈ! કહે છે ને? અસ્તિત્વગુણનું શું કાર્ય? અસ્તિત્વગુણને કારણે કોઈ દ્રવ્ય નવું થાય નહિ અને એનો નાશ થાય નહિ. સદા રહે. છોકરાઓને, શું અસ્તિત્વગુણ? એઈ..! નહિ? અસ્તિત્વગુણનું આવડે છે ને? એનો અર્થ કે જે શક્તિને કારણે કદી ઉત્પત્તિ પણ ન થાય.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ એનો અર્થ છે. છે અનાદિ સત્તા એમ પહેલું સિદ્ધ કર્યું છે. છે.. છે.. છે. છે.. અનાદિ છે. છે અનંત, છે વર્તમાન. નાશ નહિ, છે વર્તમાન.

ત્રિકાળ વસ્તુ ભગવાન આત્મા અને **'સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે...'** પ્રકાશ પ્રત્યક્ષ પ્રકાશમાન જ્યોતિ. ચૈતન્યજ્યોત સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. દ્રવ્ય પ્રત્યક્ષ પ્રકાશમાન જ્યોતિ ચૈતન્યજ્યોત છે. સમજાણું કાંઈ? **'સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે...'** ન્યાંથી ઉપાડ્યું, જોયું! **'विशदज्योति' 'विशदज्योति'**. પ્રત્યક્ષ જ્યોતિ, ચૈતન્યજ્યોતિ. પ્રત્યક્ષ પણ જ્યોતિ શબ્દ અહીં વાપર્યો. સમજાણું? જ્યોતિ. અગ્નિની જ્યોતિ કહે છે ને? અગ્નિ. અગ્નિમાં મૂળ સ્વભાવ દાહક, પાચક અને પ્રકાશક છે. અગ્નિમાં મૂળ ગુણ દાહક, પાચક અને પ્રકાશક (છે). પાચક અનાજને પચવે, પ્રકાશક પરને પ્રકાશ કરે, દાહક બાળી નાખે. લાકડા આદિને બાળી નાખે. ભગવાન આત્મા વિશદ જ્યોતિ (છે). સમજાણું કાંઈ? શ્રદ્ધા દ્વારા આખા આત્માની જ્યોતિને પકડે. જ્ઞાનથી સ્વપર પ્રકાશે, ચારિત્રથી રાગનો નાશ કરી નાખે. એવી જ્યોતિને, અહીં પહેલો શબ્દ ઉપાડ્યો. **'विशदज्योति' 'विशदज्योति'** જ્ઞાનજ્યોતિ. પેલી જ્યોતિ તો અચેતન જડ જ્યોતિ છે. સમજાણું કાંઈ? વિશદ-સ્પષ્ટ નિત્ય ઉદ્યોત. વિશદ-સ્પષ્ટ જ્યોતિ જ્ઞાયક. એવો જે જ્ઞાયક, એવો જે ભગવાન જ્ઞાયક એકરૂપ. જુઓ! શબ્દ વાપર્યો.

**'एको'** એમ શબ્દ છે ને? **'ज्ञायक एको भावः'**. **'જ્ઞાયક એક 'ભાવ' છે,...'** દેખો! પર્યાય આદિ, ગુણભેદ આદિ અનેક છે એ નહિ. **'एको'** એક ભાવ, એક ભાવ. જ્ઞાયક. આદિ નહિ, અંત નહિ, નિત્ય સ્પષ્ટ જ્યોતિ ઉદ્યોતરૂપ પ્રત્યક્ષ અને તે એક ભાવરૂપ છે, એક ભાવ છે. સમજાય છે કાંઈ? આ મુદ્દાની રકમ અહીંથી શરૂ થાય છે. આહા..! કહે છે કે ભગવાન આત્મા જે તું શુદ્ધ પૂછે છો, એ શુદ્ધ કેવો છે? અનાદિ સત્તા (રૂપ છે), ભવિષ્યમાં કોઈ દિ' નાશ ન થાય, નિત્ય ઉદ્યોત વર્તમાન સ્પષ્ટ પ્રકાશ જ્યોતિ જ્ઞાયક એક ભાવ (છે). **'એક 'ભાવ' છે,...'** લ્યો, સમજાણું કાંઈ?

**'તે...'** હવે અવસ્થાની વાત કરે છે. આવો જ્ઞાયકભાવ ભગવાન એક સ્વરૂપે હોવા છતાં **'સંસારની અવસ્થામાં...'** હવે પર્યાય લ્યે છે. **'અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી)...'** કર્મના સંબંધની અપેક્ષાએ **'ક્ષીરનીરની જેમ...'** દૂધ અને પાણીની જેમ, હોં! દૂધ અને ધોળાશની જેમ નહિ. દૂધ અને ધોળાશ તો એક છે. દૂધ અને પાણી એક નથી. ક્ષીર અને નીર. ક્ષીર નામ દૂધ અને નીર નામ પાણી, બેય જુદી ચીજ છે. ભગવાન આત્મા ક્ષીર, કર્મ નીર-બે ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ આમાં? એ અનાદિ બંધ અપેક્ષાએ. એટલી વાત.

**'ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે...'** આ એની ઉપમા આપી. **'એકરૂપ હોવા છતાં,...'** બંધની અપેક્ષાએ બે ક્ષીર અને નીર, દૂધ અને પાણીની જેમ કર્મ સાથે એકરૂપ પર્યાયમાં સંબંધ હોવા છતાં. એકરૂપ પર્યાયમાં જાણે વિકાર અને પર સાથે એકરૂપ હોય એમ દેખાવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છતાં '**દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે...**' સમજાણું? '**द्रव्यस्वभावनिरूपणया**' એમાં પણ નિરૂપણ કર્યું છે, ભાઈ! ઓલામાં પણ '**निरूपणया**' ભાષા કરી છે. '**અપેક્ષાથી જોવામાં આવે...**' નિરૂપણ વાપર્યું છે ને ભાઈએ? 'ટોડરમલજી'એ નિરૂપણ વાપર્યું છે. આ ભાષા. બે પ્રકારે માર્ગ નિરૂપણ કરવાની રીત છે, બે માર્ગ નથી. નિરૂપણ શબ્દ વાપર્યો છે. સમજાણું?

ભગવાન આત્મા વસ્તુના સ્વભાવથી જોઈએ તો તો જ્ઞાયક તે જ્ઞાયક રહ્યો છે. એ કંઈ પુણ્ય-પાપના ભાવ અચેતન જે વિકાર છે તે રૂપે થયો નથી. એમ બતાવશે. જ્ઞાયક તે જ્ઞાયક ભાવ છે. શુભ-અશુભભાવ છે તે અચેતન છે, જડ છે. ચૈતન્યના નૂરના તેજનો એમાં અભાવ છે. શુભાશુભ ભાવરૂપે જ્ઞાયકભાવ થયો નથી. એવો ને એવો જ્ઞાયક છે એને અમે શુદ્ધ કેમ કહીએ છીએ એ વાત કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**દ્વિતીય શ્રાવણ સુદ ૪, શનિવાર તા. ૨૦-૦૮-૬૬**
**ગાથા-૬. પ્રવચન-૨૨**

આજે તો ચોખ્ખું ગુજરાતી ચાલશે. આ 'સમયસાર' શાસ્ત્ર છે, એનો જીવ-અજીવ અધિકાર છે. એની છઠ્ઠી ગાથા. શિષ્યનો એમ પ્રશ્ન છે કે જે આપ શુદ્ધ આત્માનું સેવન કરવાનું કહો છો તે શુદ્ધ તે કોણ છે? આ પ્રશ્ન છે પહેલો. આ આત્મા.. આ 'સમયસાર'ની શરૂઆતની પહેલી જ ગાથા છે. આ છઠ્ઠી ગાથાથી અહીંથી દ્રવ્ય-વસ્તુ શરૂ થાય છે. પાંચમી ગાથામાં કહ્યું હતું કે હું તમને શુદ્ધ આત્માનું એટલે પરથી જુદો અને સ્વથી એકત્વ એવા આત્માની વાત કરીશ. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે એવો તે આત્મા શુદ્ધ કોને આપ કહો છો કે જે જાણવો જોઈએ? જે જાણવો જોઈએ, જેનો અનુભવ કરવો જોઈએ, એ તે શુદ્ધ આપ કોને કહો છો? સમજાણું કાંઈ? એ પ્રશ્નના ઉત્તરમાં આ ગાથા ચાલે છે.

જેને અંતરમાં ધગશ થઈ છે. પ્રભુ! આ શુદ્ધ શુદ્ધ આત્મા જે તમે કહો છો એ શુદ્ધ છે કોણ કે અમારે એને જાણવો જોઈએ? અને એ જાણ્યે જ એનું કલ્યાણ થાય. એ વિના કલ્યાણ નથી. શાસ્ત્ર અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે, ચાહે તો પંચ મહાવ્રતના પરિણામની ક્રિયા પણ કરે, પણ આ આત્મા શુદ્ધ કોણ છે એને જાણ્યા વિના એનું કલ્યાણ થતું નથી. તો શિષ્યનો એમ પ્રશ્ન થયો કે આ શુદ્ધ આપ કોને કહો છો? એના ઉત્તરમાં કહ્યું.. જુઓ! ત્યાં (સુધી) આપણે આવી ગયું છે.

**'જ્ઞાયક એક 'ભાવ' છે,...'** અહીં સુધી (આવ્યું છે). ભગવાન આત્મા અનાદિ અકૃત્રિમ અવિનાશી ભવિષ્યમાં નાશ ન થાય એવો, વર્તમાન નિત્ય ઉદ્યોતરૂપ અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. સમજાણું? **'એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે,...'** ચૈતન્ય વસ્તુ એક સ્વભાવ એવો જ્ઞાયકભાવ છે. એવો ભાવ હોવા છતાં **'તે સંસારની અવસ્થામાં...'** એ અનાદિ સંસાર કર્મના નિમિત્તની અવસ્થામાં 'અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી)...' આપણે આ કાલે આવ્યું છે પણ ફરીને લીધું છે. **'ક્ષીરનીરની જેમ...'** દૂધ અને પાણીની પેઠે, દૂધ અને પાણીની પેઠે. દૂધ અને ધોળાશની પેઠે નહિ. ધોળાશ સમજ્યા? સફેદાઈ. સફેદાઈ અને દૂધની પેઠે નહિ. પણ દૂધ અને પાણીની પેઠે, ક્ષીર અને નીરની પેઠે. આત્મા અને કર્મનો સંબંધ ક્ષીર અને નીરની પેઠે છે. સમજાણું કાંઈ? એમ **'કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં...'** એક નામ ક્ષીર-નીરની પેઠે, આ રીતે એકરૂપ હોવા છતાં. અહીં સુધી કાલે આવી ગયું છે.

**'દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે...'** ભગવાન આત્માનો દ્રવ્ય સ્વભાવ શુદ્ધ સ્વભાવ જ્ઞાયકભાવ ત્રિકાળભાવ એવા દ્રવ્યસ્વભાવ વસ્તુસ્વભાવ અસલી કાયમ નિજ ચૈતન્ય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વરૂપની દૃષ્ટિએ જો જોવામાં આવે તો. અહીં સુધી આવ્યું છે. સમજાણું કાંઈ? જેનું મટવું કઠણ છે એવા કષાયચક્રનો ઉદય. કર્મ જે બાંધેલું છે એનો ઉદય તો આવશે. એનું મટવું કઠણ છે. ઉદયનું મટવું કઠણ છે, ઉદય તો આવશે. શું કહ્યું સમજાણું આમાં? ભગવાન આત્મા.. ધ્યાન રાખજો. આજે તો આ ગાથા પહેલી જ આવી છે. પછી કાલથી તો વળી તમારી હિન્દીની (વાત આવશે). આજે તો ગુજરાતી છે ને બધા. નવા નવા પણ ગુજરાતી છે આજે.

આ આત્મા કે જે શુદ્ધ કહો છો અને એને જ જાણવાથી કલ્યાણ છે, એવી જે ચીજ તે શુદ્ધ આપ કોને કહો છો? ત્યારે ગુરુ એનો ઉત્તર કહે છે કે ભાઈ! આત્મા જે અનાદિ છે, અનાદિ સત્તારૂપ છે, ભવિષ્યમાં નાશ થાય નહિ એવો અનંત છે અને વર્તમાન નિત્ય ઉદ્યોતરૂપ સ્પષ્ટ પ્રત્યક્ષ જ્ઞાનમય છે. એ આત્મા જ્ઞાયકભાવ એક વસ્તુ છે. એવી એક વસ્તુ અંદર જ્ઞાયકભાવપણે જે દૃષ્ટિનો વિષય છે, જેને શુદ્ધ કહેવામાં આવશે. એવો જે જ્ઞાયકભાવ તે દ્રવ્યસ્વભાવની અપેક્ષાથી જોઈએ તો એ ભગવાન આત્મા એના વસ્તુના સ્વભાવની અસલી નિજ અસલી ચીજથી જો જોઈએ તો જેમનું-કષાયચક્રનું મટવું કઠણ (છે). ઉદય આવે એ તો મટવો મુશ્કેલ. ઉદય તો આવશે. જેમ આ ચીજ અહીંયાં જ્ઞાયકભાવ છે એમ અહીંયાં કર્મ જે છે એનો ઉદય તો આવશે. એ ઉદયનું મટવું કઠણ છે એવા કષાયચક્ર. અહીંયાં મોહ ન લેતાં કષાયચક્ર આચાર્યે લીધો છે. નહિતર કષાયચક્રમાં તો મિથ્યાત્વ અને ચારિત્રમોહ, બેય મોહ આવી જાય છે. સમજાણું કાંઈ? જેનું ઉદયનું મટવું કઠણ છે, ઉદયનું મટવું કઠણ છે. ઉદય તો આવશે. એવો જે કષાયચક્ર. સાંભળજો ન્યાય, હોં! આ તો બહુ ઝીણી વાત છે.

આ મુદ્દાની રકમ અહીંથી શરૂ થાય છે. ભગવાન આત્મા જે જ્ઞાયક ભાવે એક સ્વરૂપે ક્ષીર નીરની જેમ કર્મની સાથે સંબંધ હોવા છતાં એ ભિન્નરૂપ જ્ઞાયકભાવે એક છે. એ ભગવાન આત્મા જેને ઉદયનું આવવું મટવું કઠણ છે, ઉદય તો આવશે. એના '**વિચિત્રતાના વશે...**' એને તાબે થયેલો ભાવ. સમજાણું કાંઈ? કર્મ ઉદય ભલે આવે. એ કંઈ જીવને વિકાર કરાવે છે એમ નથી. સમજાય છે કાંઈ? એ ઉદયની વિચિત્રતાના પ્રસંગમાં એને વશે થઈ જાય છે. જુઓ! આ મહાસિદ્ધાંત છે. દેવીદાસભાઈ! દેવીદાસ, દેવીલાલ. દેવીદાસ થઈ ગયા અમારે પેલા 'પોરબંદર'. એક શેઠિયા હતા. કહો, સમજાણું આમાં? ..ભાઈ!

કહે છે, ભગવાન! તારી વાત તો સાંભળ, ભાઈ! વસ્તુએ જ્ઞાયકમૂર્તિ દ્રવ્ય સ્વભાવ. આમ કર્મનો ઉદય મટવો કઠણ. કેમકે ઉદય તો આવશે. હવે તારી દૃષ્ટિ આમ જ્ઞાયક તરફમાં ન વળતાં આમ કર્મના ઉદયને તાબે થયેલો ભાવ-વશ થયેલો (ભાવ).. સમજાય છે કાંઈ? એ ઉદયની વિચિત્રતાના વશે થયેલો. આમ જ્ઞાયકભાવ એકરૂપ ચૈતન્ય છે તેની દૃષ્ટિ શુદ્ધ ઉપર શુદ્ધ છે, એ ન કરતાં એ કર્મના ઉદયનું થવું, મટવું એ તો કઠણ છે, ભલે હો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એને વશે પ્રવર્તતા. ભાષા એમ છે, જુઓ! સંસ્કૃતમાં. સમજાણું કાંઈ? છે ને? '**वैचित्र्यवशेन प्रवर्तमानानां**'. આ તો મહાસિદ્ધાંતો છે. આ ગાથા તો મૂળ શરૂઆતની છે. એ વાત જ એણે અનંત કાળમાં લક્ષમાં લીધી નથી. જ્ઞાયકભાવ ભગવાન જ્ઞાયકભાવ એ એણે લક્ષમાં, દૃષ્ટિમાં લીધો નથી. એનો એણે અનંત કાળમાં સમ્યગ્દર્શનનો વિષય એણે બનાવ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ ચૈતન્યજ્યોત પ્રભુ એવો જ્ઞાયકભાવ હોવા છતાં સંસારની દશામાં ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલ સાથે એક હોવા છતાં '**દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો...**' વસ્તુ વસ્તુ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાનનો સૂર્ય, એકલો જ્ઞાયકસૂર્ય એવી દૃષ્ટિએ જોઈએ તો. એટલું. તો તો પછી જાશે બીજે. '**સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેના સ્વભાવે પરિણમતો નથી...**' એમ કહેશે. સમજાય છે કાંઈ? એના દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો '**સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેના સ્વભાવે પરિણમતો નથી...**' ભાઈ! ક્રમસર લઈએ છીએ, હોં!

અહીં તો દ્રવ્ય જોવામાં આવે તો. વસ્તુ જે દ્રવ્ય જ્ઞાયકભાવ છે એને દ્રવ્ય સ્વભાવથી જોવામાં આવે તો. એ એક બાજુ રહ્યું. આ બાજુ ઉદય આવ્યો. કર્મના ઉદયનું મટવું કઠણ છે છતાં એના વિચિત્રતાના વશે થયો છે. એને તાબે થયો છે. સમજાણું કાંઈ? '**જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર...**' નવા જે પુણ્ય અને પાપના કર્મના પરમાણુ બંધન થાય એને ઉત્પન્ન કરવામાં નિમિત્તરૂપ 'સમસ્ત અનેકરૂપ...' પાછા શુભ-અશુભભાવ અનેક છે. અસંખ્ય પ્રકારના શુભ છે અને અસંખ્ય પ્રકારના અશુભ છે. કહે છે, ભગવાન આત્મા વસ્તુ જ્ઞાયકરૂપે પ્રભુ હોવા છતાં, હોવા છતાં કહે છે? હોને પર હિન્દીમાં. અમારે હોવા છતાં (કહે છે). આ તો ગુજરાતી છે ને. કાલથી હિન્દી જોઈને ચાલશે. જોઈને હજી કેમ છે બધા માણસો. કાલની વાત કાલ, એનો અર્થ એમ. આજે તો આ (ગુજરાતી ચાલે છે). આજ તો આ જ છે. આજ બધા ગુજરાતી છે ને. સાંજ સુધી. કાલની વાત કાલ.

ભગવાન આત્મા જ્ઞાયકભાવે દ્રવ્ય સ્વભાવે જ્ઞાયકભાવથી જોઈએ, દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો. બસ એટલું. આમ કર્મના ઉદયનું મટવું કઠણ છે છતાં તેને વશ થયેલો. કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તમાન, પ્રવર્તતા. ભગવાન આત્મા પોતાનો જ્ઞાયક સ્વભાવ શુદ્ધ ધ્રુવ (છે) એને અંતરમાં વશે-એને તાબે ન થતાં આમ કર્મના ઉદયની વિચિત્રતાના તાબે થયેલો પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર. બે લેવું છે ને? આમ એકરૂપ છે અને અહીં કર્મમાં બે ઉત્પન્ન થાય છે. નવા કર્મ પુણ્ય અને પાપરૂપે બંધાય, જડ. એને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભાશુભભાવ. આહાહા..! સમજાણું કાંઈ? આમ વસ્તુ જ્ઞાયક ચૈતન્ય લીધી. આ ફેરી તો પંદરમી વાર વંચાય છે ને એટલે વધારે (સ્પષ્ટીકરણ આવે છે). અમારા પંડિતજીની અહીં ઉપસ્થિતિ છે. એ પહેલી વાર છે. સમયસારમાં પહેલીવાર જ અહીંયાં છે. આ શરૂઆતમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઈ દિ' તમારી હાજરી નહોતી. સમજાય છે કાંઈ?

કહે છે, પ્રભુ! એ શુદ્ધ કોને કહેવો? નાથ! એમ શિષ્ય પોકાર કરે છે, હોં! અંતરથી ઝંખનાથી (પૂછે છે), પ્રભુ! આપ શુદ્ધ કોને કહો છો? કે જે શુદ્ધની સેવા કરવાથી અમારું કલ્યાણ થાય? એના ઉત્તરમાં કહે છે કે ભાઈ! શુદ્ધ કોને કહેવો એ સાંભળ. વસ્તુ ભગવાન આત્મા જ્ઞાયકની મૂર્તિ પ્રભુ છે, એ તો ચૈતન્યજ્યોત છે, ચૈતન્યની ગાંગડી છે, ચૈતન્યનો ધ્રુવ તારો છે. ચૈતન્યનો ધ્રુવ ધ્રુવ તારો (છે). આ ધ્રુવ તારો નથી કહેતા? આ ધ્રુવ તારો ચળતો નથી. 'આનંદઘનજી'એ એમ લીધું છે 'નિરખી ધ્રુવ કી તારી' એમ લખ્યું છે. 'નિરખી ધ્રુવ કી તારી'. ધ્રુવ ભગવાન આત્મા જ્ઞાયક એ ધ્રુવ તારો સમ્યગ્દર્શનમાં દેખાય છે. પ્રતીતમાં આવે છે એવી ધ્રુવ તારી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ધ્રુવ જ્ઞાયક સ્વભાવ, જેને અહીંયાં દ્રવ્ય સ્વભાવ કહ્યો, જેને માથે જ્ઞાયક એક ભાવ કહ્યો, સમજાય છે કાંઈ? એ કષાયચક્રના ઉદયની વિચિત્રતાના તાબે થયેલો વર્તમાન દશામાં. વસ્તુ તો વસ્તુ છે પણ તે વસ્તુના સ્વભાવ સન્મુખની શુદ્ધતાના ભાવને અનાદિથી ચૂકેલો કર્મના ઉદયના વિચિત્રતાના વશે તાબે થયેલો. દેખો! કોઈ એમ કહે કે કર્મને લઈને એમાં થાય છે. એમ અહીં ના પાડે છે. પોતે ઊલટો પુરુષાર્થ કરી કર્મના તાબે-વશે પોતે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એને વશે પ્રવર્તતા, ભગવાન આત્મા જ્ઞાયકરૂપ એકરૂપ એક સ્વભાવરૂપ દ્રવ્ય સ્ભાવરૂપ એને વશે, એનો આશ્રય, એના ધ્યેયમાં ન પ્રવર્તતાં આમ કર્મના ઉદયની સ્થિતિ તો છે એના વશે પ્રવર્તતા. સમજાણું કાંઈ? '**પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર...**' નવા જડ કર્મ જે પુણ્ય અને પાપને ઉત્પન્ન કરનાર. કરનાર એટલું. '**સમસ્ત અનેકરૂપ...**' જુઓ! અહીં ભગવાન એકરૂપ છે ને આ બાજુ? તો આમાં સમસ્ત શુભ-અશુભ ભાવો અનેકરૂપ છે. શુભ અને અશુભ-દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિના પરિણામ શુભ અને અશુભ અનેકરૂપ છે. એ સમસ્ત અનેકરૂપ, એમ વિશેષણ આપ્યું. કોને? શુભ અશુભભાવને. શુભ અને અશુભભાવ જે સમસ્ત અનેકરૂપ છે તે પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા, નવા કર્મને ઉત્પન્ન કરવામાં આ નિમિત્ત છે. દેવીલાલજી! આહાહા..! સમજાય છે કાંઈ?

એવા શુભાશુભ ભાવો, બસ. '**તેમના સ્વભાવે...**' કોણ? દ્રવ્ય સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો '**તેમના સ્વભાવે પરિણમતો નથી...**' કોના સ્વભાવે? શુભાશુભ ભાવે જ્ઞાયકભાવ થતો નથી. જુઓ! અહીં છે ને? ભાઈ! આ. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' એમાંથી (કાઢ્યું). એ પ્રમત્ત અપ્રમત્ત કેમ નથી? જ્ઞાયકભાવ ત્રિકાળ છે એ શુભાશુભ ભાવે થતો નથી માટે તે પ્રમત્ત-અપ્રમત્ત નથી, એમ આત્માને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? થોડું સમજાય એનો વાંધો નહિ પણ એને બરાબર જેમ છે તેમ જાણવું જોઈએ. જાજું ભલે ન હો પણ વાસ્તવિક તત્ત્વની મૂળ સ્થિતિ શું છે એ જો એના સમજમાં ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે તો બધું સમજવાનું ફોગટ જાય એવું છે. ક્યાં ગયા તારાચંદજી? અચ્છા, અચ્છા, જોયા. સાગરથી પંડિતજી આવ્યા છે. સમજાય છે કાંઈ?

કહે છે, દ્રવ્ય સ્વભાવ વસ્તુ સ્વભાવ જ્ઞાયક સ્વભાવ ચૈતન્ય ધ્રુવ તારાના સ્વભાવથી જોઈએ તો એ એક જ્ઞાયકભાવ, એક જ્ઞાયકભાવ દ્રવ્ય સ્વભાવભાવ, તે કર્મના વશે તાબે થયેલા નવા પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા અનેક સમસ્ત શુભાશુભ ભાવ, તે પણે જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ પરિણમતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો ગુજરાતી એવી બહુ આકરી નથી, હોં! થોડું થોડું સમજી લે. આ તો સમાધાન કરવું પડશે ને થોડું? કેમ? કહે છે, પ્રભુ! આ તો માલ, મૂળ રકમની વાત છે. એ મૂળ રકમ.. સમજાણું? 'આનંદઘનજી' એક ઠેકાણે કહે છે, ભાઈ! 'તલપદ પૂંજી મેં આપી સઘલીરે, તોહે વ્યાજ પૂરું નવિ થાય'. વ્યાજ અંદરમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ એવું વ્યાજ છે. ઓલી ચીજ તો બીજી છે આખી. 'મૂલડો થોડો ભાઈ વાજડો ઘણો રે.. કેમ કરી દીધો રે જાય...' એવું એક (આવે) છે.

ભગવાન આત્મા મૂળ રૂપ જે વસ્તુ છે એ તો જ્ઞાયક સ્વરૂપ છે. વસ્તુ દ્રવ્ય સ્વભાવ છે. એકરૂપ જ્ઞાયકભાવ છે. છતાં અનાદિ સંસાર અવસ્થામાં ક્ષીરનીરની પેઠે કર્મ પુદ્ગલો સાથે ક્ષીરનીરની પેઠે એક જેવું થઈ રહ્યું છે. એવા જીવને દ્રવ્યના સ્વભાવથી જોઈએ તો કર્મના ઉદયનું આવવું એ પુદ્ગલ દશા છે. એનો ઉદય આવવો એ મટે જ નહિ. એનો કાળ છે. પણ તેના વિચિત્રતાના વશે પ્રવર્તતા, એના વશે પ્રવર્તતા એને નવા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા એવા સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવો તેમના સ્વભાવે દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો શુભાશુભ ભાવના તેમના સ્વભાવે પરિણમતો નથી. સમજાણું કાંઈ? કહો, વકીલ! સમજાય છે કે નહિ આ? અમારા વકીલ છે. એલ.એલ.બી. કુચામણ. આ વકીલાત છે. એ બધી વકીલાત તો થોથા. સમજાણું આમાં?

ભગવાન આત્મા, કહે છે, ચાહે તે કર્મના વશે પડ્યો પોતે પોતાને કારણે અનેક પ્રકારના શુભાશુભ ભાવ પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા ભલે કરે પણ એ જ્ઞાયકભાવ તે ભાવે પરિણમતો નથી. સમજાણું કાંઈ? હવે આ ખુલાસો આવે છે, જુઓ! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'**. ભાઈ! હવે આવે છે આ. આટલું સ્પષ્ટીકરણ કરીને પછી **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** એ વાત સિદ્ધ કરે છે. હવે એ સિદ્ધ કરે છે, ભાઈ! સમજાણું કાંઈ? અમારે પેલા શબ્દોનો આધાર પણ લેવો પડે કેટલોક. જુઓને! .. પડ્યું છે. કહો, સમજાણું આમાં? આહા..!

કહે છે, ભગવાન! તું તો દ્રવ્ય વસ્તુ છે. વસ્તુ જોઈએ ને તો ચૈતન્ય ધ્રુવ તારો (છે). એવું જે જ્ઞાયક સ્વરૂપ, એવો જે દ્રવ્ય વસ્તુ સ્વભાવ ભલે એની વર્તમાન દશામાં કર્મના વિચિત્રતાને વશે પ્રવર્તતો નવા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા અનેક સમસ્ત શુભાશુભ ભાવપણે થાય છતાં જ્ઞાયકભાવ તે પણે થયો નથી. સમજાણું કાંઈ? ભારે ભઈ ! આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિદ્યા કેવી જાતની હશે? આ વીતરાગી વિદ્યા છે, ભાઈ! જેમાં આત્માની લક્ષ્મી આનંદની પ્રાપ્ત થઈ જાય એ લક્ષ્મી છે. ધૂળમાં તો ક્યાંય ન મળે બહારમાં. કહે છે, આહાહા..!

અરે..! 'અમૃતચંદ્રાચાર્ય'... વર્તમાનમાં 'કુંદકુંદાચાર્યે' તીર્થંકર જેવા કામ કર્યા, એના ગણધર જેવું કામ 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા (કરીને કર્યું છે). આ તે ટીકા છે! એકલા મર્મ ભર્યા છે. દિગંબર સંતો જેને સાક્ષાત્ છઠ્ઠી-સાતમી ભૂમિકાએ ઝુલતાં... અહીં કહે છે ને? આ કેમ કહ્યું? કાલે કહ્યું હતું કે એમ કેમ ન કહ્યું કે આ આત્મા સંજત-અસંજત નથી, સજોગ-અજોગ નથી, અરે..! સંસાર-સિદ્ધ નથી, ભાઈ! સંસાર-સિદ્ધ એ બે પર્યાય છે. જ્ઞાયકભાવમાં સંસાર-સિદ્ધ પર્યાયનો નિષેધ છે. છતાં ત્યાંથી કેમ ન લીધું? અથવા સંજત-અસંજત એમ કેમ લીધું? સંજત-અસંજતનો નિષેધ કરીને જ્ઞાયક કેમ ન લીધું? સજોગ-અજોગનો નિષેધ કરીને જ્ઞાયક કેમ ન લીધું? સંસાર અને સિદ્ધની પર્યાય પણ વ્યવહાર છે એનો નિષેધ કરીને જ્ઞાયકભાવ કેમ ન લીધો? પોતે ભૂમિકાએ પ્રમત્ત-અપ્રમત્તમાં વર્તે છે પણ કહે છે કે પ્રમત્ત અને અપ્રમત્તપણું એ જ્ઞાયકભાવ જે છે, એ શુભ અને અશુભભાવે દ્રવ્ય સ્વભાવ થયો નથી માટે જ્ઞાયક સ્વભાવ પ્રમત્ત-અપ્રમત્તપણે નથી. સમજાણું કાંઈ? આહાહા..! આહાહા..! શું કહ્યું સમજાણું આમાં?

આટલા સુધી તો અહીં વાત કરી. હવે સિદ્ધ તો અહીં કરવું છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**'. જ્ઞાયક ભગવાન આત્મા વસ્તુ વસ્તુ ચૈતન્ય ધ્રુવ તારો, એ વસ્તુ સ્વભાવથી જોઈએ તો એ જ્ઞાયકભાવ કર્મના તાબે થયેલા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા શુભાશુભ સમસ્ત ભાવો એ પર્યાયમાં હોવા છતાં.. અહીં પ્રવર્તતા, છે તો કીધું કે નહિ? સિદ્ધ તો કર્યું છે કે નહિ? તો એ હોવા છતાં જ્ઞાયકભાવથી જ્યાં જોઈએ તો શુભાશુભપણે એ જ્ઞાયકભાવ પરિણમ્યો નથી માટે તેને પ્રમત્ત-અપ્રમત્તપણું લાગુ પડતું નથી. સમજાય છે કાંઈ? પોપટભાઈ! આહાહા..! આ છઠ્ઠીના લેખની ગાથા છે. છઠ્ઠીના લેખ લખ્યા ફર્યા ન ફરે. એ તો ફરી પણ જાય, આ તો ફરે નહિ એવી વાત છે. એઈ..! સેઠી! આ તો કલ્પના કરે છે ને છઠ્ઠીના (લેખની).

અહીં કહે છે, ભગવાન! ભાઈ! તું જ્ઞાયક છો ને પ્રભુ! ચૈતન્યનો પુંજ છો ને. એકલો ચૈતન્યનો ધ્રુવ પુંજ છો પ્રભુ! એ ચૈતન્ય પુંજને ભલે કર્મ સાથે ક્ષીરનીરની પેઠે અવસ્થામાં એકમેક જેવો સંબંધ દેખાતો હોય છતાં અને એના દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો કર્મના તાબે થયેલી અવસ્થાના શુભાશુભ પરિણામ દેખાવા છતાં એ જ્ઞાયકભાવ શુભાશુભપણે થયો નથી માટે આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

ભાઈ! તું ચૈતન્યવસ્તુ છો. જ્ઞાયકભાવ ભગવાન જ્ઞાયક વસ્તુ છે. ભગવાન એ જ્ઞાયક વસ્તુ શુભાશુભ પરિણામે પર્યાયમાં થાય એટલે જ્ઞાયકપણું એ શુભાશુભપણે થયું છે? શુભાશુભ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો ખરેખર તો અચેતન છે. શું (કહ્યું)? ધ્યાન રાખજો. આ ખુલાસો કર્યો છે ને? કે **'શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી...'** 'જયચંદ્ર પંડિતે' બહુ સરસ અર્થ કર્યો છે. જ્ઞાયકભાવથી જડભાવ રૂપ થતો નથી. એટલે? આવો અર્થ પણ 'જયચંદ્ર પંડિતે' કર્યો, એવો અર્થ કરનારા પણ અત્યારે ઓછા (છે). પૂર્વના પંડિતો અંદરના મર્મને ખોલતા હતા. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, ભગવાન આત્મા ચૈતન્યજ્યોત ધ્રુવ એ અવસ્થામાં શુભાશુભપણે થયેલો હોવા છતાં એ જ્ઞાયકભાવ ત્રિકાળભાવ ધ્રુવભાવ સ્વભાવભાવ દ્રવ્ય સ્વભાવભાવ, એ શુભ-અશુભભાવે થયો નથી. એટલે કે શુભ અશુભ, ચૈતન્યના નુર જે છે, જ્ઞાયક એ ચૈતન્યના નુર ને ચૈતન્યનું પુર છે, દ્રવ્ય જે છે એ ચૈતન્યનું પુર છે, જ્ઞાનની જ્યોત છે, એ જ્ઞાનની જ્યોતનો અંશ પુણ્ય-પાપમાં આવ્યો નથી. આખી ચીજ તો આવી નથી પણ જ્ઞાનનું એક પ્રકાશનું કિરણ પણ શુભ અશુભભાવમાં આવ્યું નથી. કેમ? શુભ અને અશુભભાવ રાગ અને વિકાર છે. એ અચેતન છે. ચૈતન્યના જ્ઞાનાનંદ દ્રવ્ય ચૈતન્ય, ગુણ ચૈતન્ય, એનું ચૈતન્યનું એક કિરણ પણ શુભાશુભમાં આવતું નથી. અને શુભ ને અશુભભાવ ખરેખર તો જડ છે. એ ૭૨ ગાથામાં આવે છે, ભાઈ! **'विवरीय' 'असुचित्तं विवरीय दुक्खस्स कारणं'**. એ ૭૨ ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' મૂક્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યના પુર છે, ચૈતન્યના નુર છે, ચૈતન્યથી ભરપુર છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા ચૈતન્યના પુર ને નુર ને પિંડ ને ભરપુર સ્વભાવથી (ભરેલો) છે. એવો ભગવાન એનો જ્ઞાનનો એક અંશ પણ શુભાશુભ ભાવમાં આવતો નથી. તેથી એમને એક ન્યાયે અજ્ઞાન કહેવાય છે. કોને? શુભાશુભ ભાવને. અજ્ઞાન એટલે? એમાં જ્ઞાનનો અંશ, પ્રકાશનો અંશ નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાયક સિવાય પુણ્ય-પાપના ભાવ ને બીજા બધાં દ્રવ્યને અજ્ઞાન કહ્યાં છે. ભાઈ! અજ્ઞાન એટલે જ્ઞાનનો ગુણ નથી, જ્ઞાનનો પર્યાય નથી, જ્ઞાનનો અંશ એમાં નથી. આહાહા..! 'ધર્મદાસ ક્ષુલ્લકે' તો ભાઈ! અજ્ઞાન જ કહી દીધું. એક જ્ઞાયકજ્યોત સિવાય બધું અજ્ઞાન છે. ન્યાયથી કહ્યું છે એણે. સમજાણું કાંઈ? અજ્ઞાન એટલે મિથ્યાત્વ, એમ નહિ. ચૈતન્યપ્રભુ જ્ઞાનના નુર, જ્ઞાનના પુર, સ્વભાવથી ભરપુર એવો ભગવાન આત્મા જેવો છે તેવો અનાદિથી એવો ને એવો છે. એ શુભાશુભભાવ જે અચેતન છે, સ્વભાવથી વિપરીત છે, દુઃખરૂપ છે તે રૂપે જ્ઞાયકભાવ થયો જ નથી. સમજાણું કાંઈ? એટલે શું કહે છે?

**'તેમના સ્વભાવે...'** દ્રવ્ય સ્વભાવથી જોતાં પુણ્ય-પાપના સ્વભાવે. ભાષા પાછી એમ વાપરી છે, ભાઈ! તેમના સ્વભાવે. પુણ્ય-પાપનો સ્વભાવ જે છે, શુભાશુભ ભાવનો સ્વભાવ છે તે પણે જ્ઞાયકભાવ ભગવાન આત્મા એ એના સ્વભાવે થયો જ નથી. જ્ઞાયકભાવ વિભાવરૂપે થાય (એમ) ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? એટલે શુભ-અશુભભાવો-વિકારી પર્યાયો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'તેમના સ્વભાવે...'** એટલે તેના (સ્વરૂપે)-તેનો પર્યાયનો ભાવ, એ સ્વભાવ (રૂપે) થયો જ નથી. જ્ઞાયકભાવ એ રૂપે કોઈ દિ' આવ્યો જ નથી. '**(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)**...' ચૈતન્યનો પુંજ પ્રભુ શુભાશુભ ભાવ, જે ચૈતન્યના સ્વભાવથી અભાવભાવ છે તે રૂપે જ્ઞાયકભાવ કોઈ દિ' થયો નથી. સમજાય છે કાંઈ?

'**તેથી...**' જુઓ! '**તેથી...**' હવે અહીં સિદ્ધાંત આવ્યો. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' આ કારણે, આ કારણે. આટલા સુધી એના સિદ્ધાંત આપ્યા. અપ્રમત્ત-પ્રમત્ત નથી એ સિદ્ધ કરવા આટલા બોલ આપ્યા. સમજાણું કાંઈ? પ્રમત્ત-અપ્રમત્તપણું એના પર્યાયમાં ભેદમાં છે. એ શુભાશુભભાવે પરિણમ્યો છે માટે એના બે ભેદ પડી જાય છે. પર્યાય. જ્ઞાયકભાવ એ રૂપે થયો નથી. આવા તેમના એટલે શુભ અશુભભાવના સ્વભાવે નહિ થતો હોવાથી ભગવાન ચૈતન્યજ્યોત જે દર્શન-સમ્યગ્દર્શનનો વિષય છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. ભૂતાર્થ ભગવાન ભૂતાર્થ કહો કે જ્ઞાયકભાવ કહો કે એકભાવ કહો કે એ શુદ્ધ કહો. પણ એને શુદ્ધ ક્યારે કહેવામાં આવે? એ વાત વિશેષ લેશે. સમજાણું કાંઈ? રાજમલજી!

ભગવાન! તું તો એવો ને એવો પડ્યો છે ને પ્રભુ અંદર. તારે નવું કરવાનું નથી. શ્રદ્ધામાં જેવો છે તેવો દૃષ્ટિમાં અનુભવમાં લેવા જેવો છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા.. કહે છે, આ કારણે. તેથી એમ છે ને? છે ને? '**स्वभावेनापरिणमनात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति**' આવા કારણે ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રમત્ત-અપ્રમત્ત ભાવથી નથી. પ્રમત્ત-અપ્રમત્ત ભાવ વસ્તુ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

હવે '**एवं भणंति सुद्धं**' ત્રીજા પદનો અર્થ લેવો છે. આ મહાસિદ્ધાંતો છે. આ રીતની અંતર દૃષ્ટિ ખબર પડ્યા વિના એને સમ્યગ્દર્શન કોઈ દિ' ત્રણ કાળમાં થાય નહિ. સમજાણું કાંઈ? '**एवं भणंति सुद्धं**' હવે એનો અર્થ કરે છે, ત્રીજા પદનો. '**जाणगो दु जो भावो**' આ કારણે '**ण वि अप्पमत्तो ण पमत्तो**'. પ્રમત્ત-અપ્રમત્ત (રૂપે) જ્ઞાયકભાવ કોઈ દિ' થયો નથી. ન સમજાય એમ લક્ષમાં ન લેવું. એ તો ભગવાન આત્મા છે. એમ ન લેવું કે અમને (ન સમજાય). અરે..! આત્મા ત્રણ લોકનો નાથ એક સમયમાં કેવળજ્ઞાન લઈને તરે એવો છે એ આત્માને પામર કેમ મનાય? સમજાણું કાંઈ? વરાંકા. પંડિતજી! કાલે આવ્યું હતું ને? નદી.. નદી. જલરવવરા. નદી નહિ? દીન નદી ભગવાન આપના વિરહે રોવે છે, હોં! આહાહા..! રવ કરે છે-અવાજ કરે છે, અવાજ કરે છે. પ્રભુ! આપના અહીંયાં વિરહ પડ્યા. અહીંયાં કહે છે, પર્યાયમાં અહીં લક્ષ ગયું ને ભગવાનનો વિરહ પડ્યો. સમજાણું કાંઈ? આટલી વ્યાખ્યા તો બે પદની કરી. હવે ત્રીજા પદની.

'**તે જ...**' 'ઊર' એમ છે ને સંસ્કૃતમાં? પંડિતજી! '**एष**' છે, '**एष**'. '**एष एवाशेषद्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः शुद्ध इत्यभिलप्यते।**' જુઓ! આમાં જરી ખુબી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, હોં! જરીક ધીરેથી સાંભળવું. આહાહા..! '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' ખુબી જુઓ અહીંયાં! કહે છે કે આવો જે ભગવાન જ્ઞાયકભાવ વસ્તુ, એને અન્યદ્રવ્યના ભાવથી લક્ષ છોડીને, લક્ષ છોડીને અહીં ઉપાસવામાં આવતા દ્રવ્ય સ્વભાવની સેવા-ઉપાસનામાં આવતાં. શું કહે છે? '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે...**' ભાવ શબ્દે ત્યાં રાગ-દ્વેષ આદિ નથી. અન્યદ્રવ્ય. એનાથી જુદો ભિન્નપણે ઉપાસવમાં આવતો. પછી તો પરથી આમ લક્ષ છૂટ્યું, પરથી લક્ષ છૂટ્યું અને જ્ઞાયકભાવ આ છે એમ એની પર્યાયમાં સેવન થયું. પર્યાયમાં ઉપાસના કરવામાં આવી. રાગની (અને) નિમિત્તની ઉપાસનામાં પડ્યો હતો.. સમજાય છે કાંઈ? એના સંબંધના વશે પડ્યો હતો એ કર્મ આદિ '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.**' જુઓ! જરી ખુબી છે આમાં. જ્ઞાયક શુદ્ધ છે, શુદ્ધ છે એમ ક્યારે કહેવાય? ક્યારે કહેવાય? કે કર્મના લક્ષની રુચિ છોડી જ્ઞાયકના ભાવ તરફની વર્તમાન પર્યાય સેવવામાં આવે, શુદ્ધતાનું પર્યાય પરિણમન થાય ત્યારે શુદ્ધ પર્યાયના પરિણમનથી આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. શુદ્ધ તો દ્રવ્ય છે.

ફરીને કહીએ છીએ. અહીં ક્યાં આપણે વાત જવા દઈએ છીએ. ત્રણ-ચાર વાર ઘૂંટીએ છીએ. ફરીને, જ્ઞાયક શુદ્ધ છે, શુદ્ધ છે, પણ ઈ શુદ્ધ ક્યારે? એમ શુદ્ધ છે ધારણામાં લઈને એમ નહિ. એને શુદ્ધ છે જ નહિ. શુદ્ધ તે '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે...**' સેવવામાં આવતા. ઉપાસવામાં આવતા. આમ પર તરફનું લક્ષ રુચિ છોડી દઈ જ્ઞાયકભાવ એકરૂપ દ્રવ્યસ્વભાવ, જે પ્રમત્ત-અપ્રમત્તપણે શુભાશુભ ભાવે નથી થયો તેથી પ્રમત્ત-અપ્રમત્ત નથી એવો જ્ઞાયકભાવ પરથી લક્ષ છોડીને તેના તરફના શુદ્ધતાના સેવનથી સમ્યગ્દર્શન, જ્ઞાનની, શાંતિની પર્યાયના સેવનથી આ દ્રવ્ય શુદ્ધ કહેવામાં આવે છે. શુદ્ધ તો દ્રવ્યને કહેવું છે. પણ એ દ્રવ્ય શુદ્ધ ક્યારે? ક્યારે એના લક્ષમાં આવે? કે ભિન્ન પદાર્થ (છે) તેનું લક્ષ રુચિ છોડી આ તરફના જ્ઞાયકભાવમાં લક્ષ ગયું ત્યારે તેની વર્તમાન દશામાં શુદ્ધતા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યું એ દ્વારા આ આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે.

ફરીને, ફરીને. આપણે ન્યાં ઉતાવળ ક્યાં છે. સમજાય છે? કોઈ આમ લ્યે કે આત્મા તો શુદ્ધ છે ને, ભાઈ! પણ એ શુદ્ધ ક્યારે? એ તો શુદ્ધ છે પણ તારી દૃષ્ટિમાં શુદ્ધપણું પ્રગટે નહિ અને શુદ્ધપણાની સેવના ન કર ત્યાં સુધી આ શુદ્ધ છે એ તને ખ્યાલ ક્યાંથી આવ્યો? આહાહા..! સમજાય છે કાંઈ? એવી શૈલીએ વાત લીધી છે કે પર્યાયે અશુદ્ધતા બધી ત્યાં નથી મટતી. પણ એ પરદ્રવ્યના વશે જે પડેલો, રુચિમાં એના આશ્રયે (પડેલો), એનાથી ભિન્ન સેવવામાં, એનાથી લક્ષ છૂટું કરીને ભિન્ન સેવવામાં આવતો. સેવવામાં આવતો જ્ઞાયક. '**અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' કોણ? જ્ઞાયકભાવ. એ જ્ઞાયકભાવને આમ પરથી લક્ષ છોડીને અંતર જ્ઞાયકના લક્ષમાં જે શુદ્ધ દૃષ્ટિએ લક્ષમાં લીધો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંવેદને લક્ષમાં લીધો, સ્થિરતાએ લક્ષમાં લીધો એ શુદ્ધ પરિણતિએ પરિણમતો આત્મા, આ શુદ્ધ છે એમ એને માટે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં?

આ તો મહાસિદ્ધાંતો છે. સમયસાર એટલે ભરતક્ષેત્રનું અજોડ શાસ્ત્ર! વસ્તુને ખડી કરવામાં મહાસિદ્ધાંત! મહાસિદ્ધાંત!! ભાઈ! તારા દૃષ્ટિમાં, તારા જ્ઞાનમાં આ શુદ્ધ છે એવું ક્યારે ભાસે? તારી દશા પરના સેવનથી ખસી અને જ્ઞાયકભાવના સેવન માટે પર્યાયમાં નિર્મળતાથી ત્યાં લક્ષ કર ત્યારે નિર્મળતાની સેવાથી આ શુદ્ધ છે, એને માટે શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા વસ્તુ જે છે, જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ આનંદનો પિંડ એકલો છે, એને પરદ્રવ્યના લક્ષથી છૂટી સ્વદ્રવ્યના ધ્યેયના લક્ષે વર્તમાન પર્યાયથી એને સેવવામાં આવતા એમાં આનંદ આદિનું વેદન આવ્યું. એ વેદન દ્વારા આ આનંદથી, આખો આત્મા શુદ્ધ આનંદમય છે (એમ વેદાયું). એ શુદ્ધ આત્મા છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ વાત એવીને.

ઘણાં કહે છે, દ્રવ્ય તો શુદ્ધ જ છે ને, ભાઈ! દ્રવ્ય તો શુદ્ધ જ છે. બાપા! દ્રવ્ય શુદ્ધ છે એમ ક્યારે? તને એના જ્ઞાનમાં એ શુદ્ધતા ન આવે ત્યાં સુધી શુદ્ધ છે એમ તને ક્યાં આવ્યું છે? સમજાણું કાંઈ? આમાં છે ને? '**एयत्तणिच्छयगदो सुंदरो लोगे**'. રાગથી અને પરથી ભિન્ન પડી પોતાના દ્રવ્ય સ્વભાવમાં વર્તમાન પર્યાયથી એકત્વ થઈ અને જે દશા પ્રગટ થઈ એ શુદ્ધતા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ સમ્યગ્દર્શનમાં પણ શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપાચરણ એ દ્રવ્યની સેવા છે. એ વસ્તુ જ્ઞાયક ઉપરના ધ્યેયની સેવાથી ઉત્પન્ન થયેલી પર્યાય (છે). એ પર્યાયથી એને માલૂમ પડ્યું કે આ દ્રવ્ય શુદ્ધ છે. શુદ્ધ તો અહીં દ્રવ્યને સિદ્ધ કરવી છે, પર્યાયને સિદ્ધ કરવી નથી. સમજાણું કાંઈ?

અહીં તો '**एवं भणंति सुद्धं**' ને? કોને? જે '**जाणगो दु जो भावो**'. જે પ્રમત્ત–અપ્રમત્તપણે થયો નથી, શુભાશુભપણે પરિણમ્યો નથી માટે તે પ્રમત્ત-અપ્રમત્ત થયો નથી એવો જે જ્ઞાયકભાવ એને '**भणंति**' '**एवं भणंति**' એને કહીએ શુદ્ધ. ક્યારે? '**एवं**' એટલે પછી કીધું. '**एवं**'માંથી આ વ્યાખ્યા કાઢી. '**एष एवाशेषद्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः शुद्ध इत्यभिलप्यते।**' સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ! આ એક રતન હીરો છે એ બહુ કિંમતી છે. પણ એમાં નજરની ટગટગી વિના કિંમતીનો ખ્યાલ શી રીતે આવે? નજર એમાં ટગટગ ન થાય અને ક્યાંક ફરી હોય ત્યાં સુધી એને આ કિંમતી ચીજ ચકચકાટવાળી ખ્યાલ કેમ આવે? સમજાણું કાંઈ? એમ ચૈતન્યહીરો જ્ઞાયકભાવ એકભાવ શુદ્ધ છે એ શુદ્ધ તો એ દ્રવ્ય છે પણ એ ખ્યાલ ક્યારે આવે? કે પર તરફના ભાવ અને (પર) દ્રવ્યનું લક્ષ છોડી દઈ ભગવાન આત્માની સેવના (કરે). જુઓ! '**द्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः**'. ભગવાન આત્મા જ્ઞાયકભાવની સેવા કરવાથી, ઉપાસના કરવાથી. લ્યો, આ ઉપાસના આવી. આહાહા...! સમજાણું કાંઈ? લોકો કહે છે ને, સેવા.. સેવા (કરો). કોની ધૂળની સેવા કરે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કો'કની? સાંભળ તો ખરો. સ્વતંત્ર પદાર્થ છે એને કારણે પરિણમી રહ્યા (છે). એની સેવા તું ક્યાં કરવા જાતો હતો? આ સેવા છે. એ માટે તો બતાવવું છે. અરે..! પુણ્યનો રાગ ઊઠે, પરની સેવા અને દુઃખ ટાળવાનો એ રાગ એ પણ અસેવા છે. આહાહા..! આત્માની અસેવા છે. અસેવાનો અર્થ અમારા પંડિતજી બેઠા (એ વિશેષ કહેશે). અ કહો કે કુ કહો. ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, પ્રભુ! આ આત્મા છે ને? જે વસ્તુ જ્ઞાયકભાવે છે ને? જે વસ્તુ શુભાશુભ ભાવે થયેલી નથી એ છે ને? તેથી તે પ્રમત્ત-અપ્રમત્તપણે નથી થઈ એવી જે છે ને? એવી ચીજને શુદ્ધ છે એમ ક્યારે કહેવાય? આહાહા..! પરથી લક્ષ છૂટી અને આમ જ્યાં લક્ષ ગયું એટલે પર્યાયમાં નિર્મળતા પ્રગટ્યા વિના રહે નહિ. શુદ્ધ તો દ્રવ્ય છે. વસ્તુ શુદ્ધ છે, એકરૂપ જ્ઞાયકભાવ છે. પણ આમ અનેકપણાના લક્ષમાં જે રુચિ પડી હતી એ ખસીને આમ જ્યાં જ્ઞાયકભાવ એકરૂપ છે એ શુદ્ધ છે એમ જ્યાં દૃષ્ટિ થાય છે ત્યાં પર્યાયમાં-અવસ્થામાં મોક્ષમાર્ગ નિર્મળ પર્યાય પ્રગટ્યા વિના એની સેવા કરી અને આ શુદ્ધ છે એમ કહેવામાં આવતું નથી. સમજાણું કાંઈ? કહો હવે આમાં સમજાય છે કે નહિ? આમ સામે પુસ્તક પડ્યું છે. તમારી સામે શબ્દે શબ્દના (અર્થ થાય છે). ઘણાં વાંધા ઉઠાવે (છે) કે તમે ઉપર બેસો અને હેઠે (પુસ્તક રાખો છો). ભાઈ! બધી ખબર છે, બાપા! એ શાસ્ત્રનો અવિનય નથી. એ શાસ્ત્રના ભાવો જેવા છે એવા એને ખ્યાલમાં આવે એવો એક વિનય છે. એ ખાતર સામે શબ્દ છે. ભાઈ! બાપા! તું એમ ને એમ બીજી નજરે જો (એમ ન ચાલે). શું થાય? સમજાણું? ઉપરથી કહે તો આ ક્યાંનો અર્થ કરતા હશે? શેનો અર્થ આ કરતા હશે? એટલે એને ક્યાંય અંદરમાં મેળ ખાય નહિ. પંડિતજી! પ્રભુ! શું કરે? એને ખ્યાલમાં આવે કે આ શબ્દનો આ ભાવ કહ્યો અને એ ભાવ જ અહીં મેળ ખાય છે. બીજો મેળ ખાતો નથી. તેથી એ ખરેખર તો શાસ્ત્રને સમજવાનો એ વિનય છે. જેવો આશય કહેવો છે મુનિઓને, એવો જ આશય સમજવા માગે છે તે જ શાસ્ત્રનો વિનય છે. આહા..! ..લાલજી! બહુ ટીકા કરે છે, બહુ ટીકા. અરે..! ભગવાન! સાંભળ તો ખરો એમાં ન્યાય શું છે ઈ. શું કરે?

આ વાત તો કોઈ અલૌકિક છે! એના ઘરની, ઘરની વાતું સાંભળવી મુશ્કેલ છે. સમજાણું કાંઈ? એની જે રીત છે એને સમજવામાં પામવાની રીત છે એ સાંભળવી મુશ્કેલ પડી એને સમજે કે દિ' અને પરિણમે કે દિ'? આહાહા..! તારાચંદજી! છે? પુસ્તક છે કે નહિ સાથે? જુઓ! આ શેનો અર્થ થાય છે. આહાહા...! ભગવાન! તારે આ રીતે સમજ્યે છૂટકો છે, હોં! નહિતર બીજો ઉપાય નથી. બીજા બચાવ કરવા માગે કે આમ થાય ને તેમ થાય. જુઓ! અહીં તો ઊડી ગઈ વાત. શું ઊડી ગઈ? વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી, એ વાત આમાં ઊડી જાય છે. ધ્યાન રાખો. કઈ રીતે ઊડે છે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ! અહીં કહે છે, ક્યારે શુદ્ધ કહેવાય? છે તો શુદ્ધ દ્રવ્ય જ્ઞાયક. પણ આના ધ્યાનમાં ન આવે ત્યાં સુધી શુદ્ધ શી રીતે? એને શુદ્ધ ક્યાં આવ્યું જ્ઞાનમાં? ત્યારે એ ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય ધ્રુવ શુદ્ધ છે એ આ દ્રવ્ય શુદ્ધ છે (કે) એ આ દ્રવ્યના (-અન્યદ્રવ્યનું) લક્ષ અને રુચિને છોડી સીધું આનું લક્ષ કર્યું ત્યાં નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. એ વડે આ શુદ્ધ છે એમ જણાય છે. ત્યાં રાગ પહેલો અને ઉપાસના પછી એમ આવતું નથી. આહાહા...! આ વસ્તુનું સ્વરૂપ છે. એ સંતોએ કહ્યું છે ઈ ઘરનું નથી કહ્યું. સમજાણું કાંઈ? એ વસ્તુની જે મર્યાદા અનાદિ છે તે જ વર્ણન સંતોએ (કર્યું છે). દિગંબર સંતોએ ધર્મના થાંભલા રોપ્યા છે. આહાહા..! ધ્રુવધારા.. ધ્રુવધારા. 'દીપચંદજી' લખે છે, અમે તો આત્માના શ્રદ્ધાના, જ્ઞાનના, અનુભવના સ્તંભ–માણેક સ્તંભ રોપ્યા છે. સંતોએ માર્ગને સહેલો કરી દીધો છે. એમ લખ્યુ છે, હોં! સંતોએ માર્ગને સહેલો કરી દીધો છે. એ અમારા જ્ઞાનમાં આવી ગઈ છે વાત. અમે માણેક સ્તંભ રોપ્યા છે. આ લગન કરે ત્યારે નથી રોપતા? લગન કરે ત્યારે નહિ પેલું લાકડું (રોપતા)? ચાર પાંસડાવાળું હોય ને? ચાર ગતિમાં રખડવું છે ને. અમે માણેક સ્તંભ રોપીએ છીએ. ભગવાન આત્મા.. આવી જેને અંતર દૃષ્ટિ થઈ એને કેવળજ્ઞાન પામે છૂટકો છે. સમજાણું કાંઈ? એની કેવળજ્ઞાનની સંધિ તૂટે નહિ.

કહે છે, આવો જે આત્મા.. જુઓને! કેટલી વાત સિદ્ધ કરે છે! ઓ..હો..હો..! ટૂંકામાં પણ શબ્દ (કેવા આવ્યા છે)! 'શ્રીમદ્' એક વખતે કહે છે કે જ્ઞાનીઓના એક વાક્યમાં અનંત આગમ રહ્યા હશે એ કેમ હશે? એક પ્રશ્ન કર્યો છે. પંડિતજી! એક શબ્દ. જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ રહ્યા હશે એ કેમ હશે? એમ બીજાને પૂછ્યું છે. એ કેવી રીતે હશે? તમને બેસે છે? એમ કહે છે. જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ! આહાહા...! આ તો સંતોની વાણી છે. સર્વજ્ઞના સંતો અનુભવીને અનુભવીને વસ્તુસ્થિતિ કહી છે એમાંથી નીકળેલી વાણી છે. અફર વાણી. ફરે નહિ ત્રણ કાળ, ત્રણ લોકમાં. ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર જે કહે છે તે વસ્તુ છે એમ પોકાર કરે છે.

કહે છે કે આમ પહેલો રાગ મંદ હોય અને પછી સેવા આત્માની કરવામાં આવે એ વાત આમાં રહેતી નથી. કહો, સેઠી! શાસ્ત્ર પોકાર કરે છે, વસ્તુ પોકાર કરે છે. શાસ્ત્ર વાચક છે, વાચ્ય તો પદાર્થ છે. જ્ઞાયકભાવ એને શુદ્ધ કહીએ છીએ. કેમ? '**एवं भणंति**'. એ પ્રકારે. એ પ્રકારે એટલે? અશેષ બીજા દ્રવ્યના લક્ષને છોડી અને આ જ્ઞાયકભાવ તેનું લક્ષ કરીને એની પર્યાયમાં એનું સેવન કરવામાં આવે એટલે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પર્યાય વડે આ દ્રવ્ય શુદ્ધ છે તેમ જ્ઞાનીને ભાનમાં આવે છે. આહાહા..! વિકલ્પ વડે શુદ્ધ છે એ ખ્યાલમાં ન આવે. કેમકે એનું સ્વરૂપ એવું નથી. રાગના, કષાયના વ્યવહાર વડે નિશ્ચયની પ્રાપ્તિ થાય એ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં સ્વભાવને વશ છે. આમ વશ થયો. ઓલો આમ હતો, પરદ્રવ્યની ઉપાસનાથી ખસ્યો. જુઓ! '**एवाशेषद्रव्यान्तरभावेभ्यो**' પરદ્રવ્યનું આખું લક્ષ છૂટી ગયું. આમ સ્વભાવ ઉપર લક્ષ અને ધ્યેય ગયું. ધ્યેય ગયું ત્યારે પર્યાયમાં શુદ્ધતા આવી ત્યારે એ દ્રવ્યની ઉપાસના કરી, એમ કહેવામાં આવે. એ ઉપાસના કરનારને આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આહાહા..! દેવીલાલજી! આહાહા..! અરે..! ભગવાન! સંતોની રીત શું છે એ તને બેસે નહિ, એને સાંભળવાની રીતના પડખાની ખબર ન મળે અને એ કહે કે અમને ધર્મ થઈ જશે. ભાઈ! ધર્મ તે શી રીતે થશે? સમજાણું? સમાજનો મોટો ભાગ ભલે વિરોધ કરે પણ સત્ય તો જે સત્ય છે એમ રહેશે. સત્ય કંઈ બીજું નહિ થાય, ત્રણ કાળમાં ન થાય. કહે છે, અરે..! આહાહા..! ટીકા.

આ '**एवं भणंति**'માંથી કાઢ્યું. '**एवं भणंति**' કહીએ છીએ શુદ્ધ. અહીંયાં પરના લક્ષને છોડી ભગવાન આત્મા જે પ્રમત્ત-અપ્રમત્તપણે શુભાશુભ ભાવપણે થયો નથી. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્તપણું ભેદપણું લાગુ પડતું નથી. એવું જે જ્ઞાયકભાવનું એકપણું તેની સેવાથી એટલે તેના તરફના લક્ષથી જે નિર્મળ પર્યાય પ્રગટી તે એની સેવા. એ દ્વારા આ આત્મા જ્ઞાયક છે, શુદ્ધ છે એમ અહીંયાં કહેવા માગે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે જ...**' એટલે જે જ્ઞાયકભાવ છે તે જ. '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' અન્યદ્રવ્યોના ભાવ શબ્દે અહીં રાગાદિ નથી, ભાઈ! એઈ..! એમ નથી, અત્યારે અહીં એમ નથી. અહીં તો અન્યદ્રવ્યોના ભાવો એટલે અન્યદ્રવ્યનું આખું સ્વરૂપ. અન્યદ્રવ્યના ભાવ એટલે બીજે ઠેકાણે પુણ્ય-પાપ કહે છે એ અત્યારે કામ નથી. અહીંથી લક્ષ છૂટ્યું આખું અને અહીં ગયું, બસ એટલું. એટલે અન્યદ્રવ્યોનો ભાવ એટલે વિકારીભાવ ન લેવો. અન્ય દ્રવ્યોનું આખું સ્વરૂપ. એનાથી લક્ષ છોડી ભિન્નપણે ઉપાસવામાં આવતો એવી દશામાં આ ભિન્નપણે સેવ્યો ત્યારે આ શુદ્ધ છે એમ એની દૃષ્ટિમાં આવ્યો. એને જ્ઞાયકભાવને આ રીતે શુદ્ધ કહેવામાં આવે છે. વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દ્વિતીય શ્રાવણ સુદ ૫, રવિવાર તા. ૨૧-૦૮-૬૬**
**ગાથા-૬. પ્રવચન-૨૩ (હિન્દી)**

હિન્દીમાં. છઠ્ઠી ગાથા પહેલાં શિષ્યનો પ્રશ્ન છે. મહારાજ! 'અમૃતચંદ્રાચાર્યે' પ્રશ્ન-ઉત્તરની શૈલી રાખી છે કે શિષ્યનો પ્રશ્ન છે એનો ઉત્તર દેવામાં આવે છે. પહેલી ગાથા ખરેખર તો જ્ઞાયકભાવથી શરૂ કરે છે. તો શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! એ શુદ્ધ આત્મા કોને કહો છો? આપ શુદ્ધ આત્મા કોને કહો છો? કે જે શુદ્ધને જાણવાથી પોતાનું હિતનું પ્રયોજન સિદ્ધ થાય એ શુદ્ધ આપ કોને કહો છો? સમજાય છે કાંઈ? પહેલો જ પ્રશ્ન શિષ્યનો એ છે. '**कोऽसौ शुद्ध**' છે ને ઉપર શબ્દ? '**कोऽसौ शुद्ध आत्मेति चेत्**'. પ્રશ્ન જ અંદરમાંથી લીધો છે. 'અમૃતચંદ્રાચાર્યે' એવી શૈલી કરી છે. ભગવાન! બીજી ચીજ પછી. શુદ્ધ આત્માનું ભાન થવાથી આત્માને હિત થાય છે અને કલ્યાણની શરૂઆત ત્યાંથી થાય છે તો એ શુદ્ધ આત્મા કોણ છે? અને આપ શુદ્ધ કોને કહો છો? અને શુદ્ધ કઈ રીતે જણાય કે આ શુદ્ધ છે? સમજાય છે કાંઈ? જરીક સૂક્ષ્મ અધિકાર છે પણ ધ્યાન રાખવાથી સમજાય એવો છે.

એનો ઉત્તર કહે છે કે જ્ઞાયકભાવ. પાઠમાં એટલું છે. એનો અર્થ કરે છે 'અમૃતચંદ્રાચાર્ય'. જે સ્વયંસિદ્ધ વસ્તુ છે. સ્વયંસિદ્ધનો અર્થ અનાદિ સત્તા છે અને જેનો નાશ નથી થતો એવી અનાદિ સ્વયંસિદ્ધ વસ્તુ છે અને વર્તમાન ઉદ્યોતમાન પ્રકાશમાન વિશદ પ્રકાશ ચૈતન્યજ્યોતિ છે. સમજાય છે કાંઈ? એ એક ભાવ છે. એવો જ્ઞાયક એક ભાવ છે. અંતરંગ સ્વરૂપ અનાદિની સત્તા સ્વરૂપ, નાશ નહિ થનારો, વર્તમાનમાં નિત્ય ઉદ્યોતરૂપ નામ વર્તમાન ક્ષણિક નથી, નિત્ય પ્રકાશમાન અને વિશદ ચૈતન્યજ્યોતિ. વિશદ નામ જ્ઞાનજ્યોતિ સ્પષ્ટ પોતાના અનુભવમાં આવે એવી સ્પષ્ટ જ્ઞાનજ્યોતિ છે. સમજાય છે કાંઈ? એ એક જ્ઞાયકભાવ છે તેને જ્ઞાયકભાવ કહે છે. એક. પાઠમાં એક નથી, પાઠમાં જ્ઞાયકભાવ એમ લીધું છે. ટીકામાં એમાંથી કાઢ્યું એક જ્ઞાયકભાવ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, હોં! ગોદીકાજી! પાઠમાં તો એમ છે, જુઓ! '**जाणगो दु जो भावो**'. જ્ઞાયક ભગવાન આત્મા. ટીકાકારે એક કેમ કાઢ્યું? કારણ કે એની દશામાં અનેક ભાવ થાય છે. તેનાથી વિરુદ્ધ જ્ઞાયકભાવ એક છે. સમજાય છે કાંઈ? આ મુદ્દાની રકમની વાત ચાલે છે.

એક જ્ઞાયકભાવને શુદ્ધ કેમ કહ્યો? એની વ્યાખ્યા કરે છે. આવી જે જ્ઞાયકવસ્તુ ચૈતન્યજ્યોત ચૈતન્ય ધ્રુવ, ચૈતન્ય ધ્રુવ તારો. તારો સમજો છો? આ તારા હોય છે ને? ધ્રુવ તારો. એમ ચૈતન્ય જ્ઞાયક વસ્તુ એક સ્વરૂપ ધ્રુવ તારો. એને અહીંયાં જ્ઞાયકભાવ કહે છે. હવે એને શુદ્ધ કેમ કહે છે? ઈ સમજાવવા આ વિશેષ વાત લીધી. શું કહે છે? જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**સંસારની અવસ્થામાં...**' આવો જ્ઞાયકભાવ તત્ત્વ ભગવાન આત્મા વસ્તુ જ્ઞાયકભાવ અનાદિઅનંત નિત્ય ઉદ્યોત સ્પષ્ટ-વિશદ ચૈતન્યજ્યોતિ એવો એક જ્ઞાયકભાવ. હવે અવસ્થા લ્યે છે. '**સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી) ક્ષીરનીરની જેમ...**' દૂધ અને જળની પેઠે. પેઠે કહે છે? ભાંતિ. પેઠે આપણે ગુજરાતી છે. ક્ષીરનીરની જેમ એક નથી થઈ ગયા. પણ ક્ષીરનીરની જેમ. દૂધ અને એની સફેદાઈ તાદાત્મ્ય છે. એમ ક્ષીર અને નીર તાદાત્મ્ય નથી. સમજાય છે કાંઈ? જેમ જળ અને એની ઠંડક તાદાત્મ્ય છે, એકરૂપ છે. અને જેમ દૂધ અને સફેદાઈ એકરૂપ છે. એમ આત્મા અને કર્મ વચ્ચે નથી. આત્મા અને કર્મમાં ક્ષીર નીરની જેમ (સંબંધ છે). ક્ષીર નામ દૂધ અને નીર નામ જળ, એમ બે પ્રકારના ભિન્ન પદાર્થ છે. એમ ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે-નિમિત્ત, એકરૂપ હોવા છતાં. એની સાથે એકરૂપ દેખાય છે. બન્ને એકસાથે, હોં! એકસાથ ક્ષેત્રાવગાહી.

'**છતાં...**' આમ હોવા છતાં '**દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે...**' ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ શુદ્ધ આનંદઘન નિર્મળાનંદ ચૈતન્યપુર આનંદથી ભરપુર અને ચૈતન્યનો પિંડ પ્રભુ આત્મા (છે). એમ અંતર દ્રવ્ય સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો જેનું મટવું કઠણ છે. કોનું? '**કષાયચક્રના ઉદયની...**' ભગવાન જ્ઞાયકભાવ ધ્રુવભાવ એકભાવ છે. તેની સંસાર અવસ્થામાં કર્મની સાથે ક્ષીરનીરની જેમ એકપણું દેખાવા છતાં એમાં દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો. આવે તો કહે છે? આને પર. મોટી મોટી હિન્દી નથી આવડતી તમારી. અહીં તો સાધારણ (આવડે). સમજાય છે કાંઈ? નિજ દ્રવ્ય સ્વભાવ શુદ્ધ સ્વભાવ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવતાં. એ વાત ત્યાં રહી.

અહીંયાં કષાયનો ઉદય થવો, મોહનો ઉદય થવો એ મટવો કઠણ છે. અર્થાત્ ઉદય આવે જ છે. ઉદય આવે છે. આ બાજુ ભગવાન આત્મા જ્ઞાયક છે, આ બાજુ કર્મનો ઉદય આવે છે. સમજવાની આ ચીજ છે. છઠ્ઠી ગાથા મૂળ ચીજ છે. જેમાંથી સમ્યગ્દર્શનનો વિષય કોણ અને સમ્યગ્દર્શન કેમ થાય એ વાત છે. સમજાય છે કાંઈ? તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાયકભાવ શુદ્ધ ભાવ. શુદ્ધ કેમ કહે છે એ પછી કહેશે. જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ સંસારની અવસ્થા દૃષ્ટિએ જુઓ તો ઉદયનું મટવું કઠણ છે. કષાયનો કર્મનો ઉદય આવવો એ તો એની સત્તાનું હોવું એનું, મટવું કઠણ છે. એ દૂર નથી થઈ શકતું. પણ તે ઉદયની '**વિચિત્રતાના વશે...**' ભગવાન આત્મા નિજ જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યપ્રભુને વશ નહિ થઈને, એનો આશ્રય નહિ કરીને, એને તાબે નહિ થઈને કર્મના ઉદયને તાબે થઈને. છે? '**(ઉદયોની) વિચિત્રતાના વશે...**' કર્મથી થાય છે એમ નહિ. કર્મના ઉદયની વિચિત્રતા જે કર્મમાં છે તેને વશે. આત્મા એને વશ થઈ જાય છે. વશ થાય છે તો દોષ ઉત્પન્ન થાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ ચૈતન્યજ્યોત ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ એક સ્વરૂપે વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તરીકે હોવા છતાં સંસાર અવસ્થામાં કર્મનો ઉદય તો છે, મટવો કઠણ છે. કેમકે ઉદયની સ્થિતિ છે, જડની અવસ્થા થવી એ તો એની સત્તા છે પણ એને વશ થવું. સમજાય છે કાંઈ? પોતાનો ભગવાન આત્મા આનંદકંદના લક્ષથી ભ્રષ્ટ થઈને. સમજાય છે કાંઈ? પોતાનું ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ જ્ઞાયકના લક્ષથી ભ્રષ્ટ થઈને કર્મના ઉદયની સ્થિતિને વશ થવાથી, તાબે થવાથી, એને આધીન પોતાનો પુરુષાર્થ કરવાથી. '**પ્રવર્તતા...**' કર્મના ઉદયને વશ થઈને પ્રવર્તતા. શું? '**પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર...**' નવો બંધ જે પુણ્ય અને પાપ, શાતા-અશાતા, ઘાતિ-અઘાતિ એ પુણ્ય-પાપનો બંધ જે જડમાં થાય છે એ જડની ઉત્પત્તિમાં નિમિત્તરૂપ. કર્મના ઉદયને વશ થવાથી નવા કર્મ બંધનમાં નિમિત્ત થનારા '**પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો...**' જુઓ! અનેકરૂપ શુભ-અશુભ ભાવ. આત્મા કર્મને વશ થતાં નવા કર્મ બંધનમાં નિમિત્ત થનારી શુભાશુભ વિકારી પર્યાય ઉત્પન્ન કરીને શુભાશુભ રૂપ પર્યાયમાં-અવસ્થામાં થાય છે. છતાં '**તેમના સ્વભાવે પરિણમતો નથી...**' ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એ શુભાશુભ ભાવ જે નવા કર્મબંધનમાં નિમિત્ત છે અને કર્મના વશે ઉત્પન્ન કર્યા છે, પોતાની દશામાં શુભ-અશુભભાવ એ રૂપે જ્ઞાયકભાવ પરિણમતો નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સ્વરૂપ છે. એ જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનો ધ્રુવ તારો જે સમ્યગ્દર્શનનો વિષય એવો ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાયકભાવ એકરૂપ ભાવ ચૈતન્યની પ્રકાશમય જ્યોત, શુભાભાવભાવ રૂપે જ્ઞાયકભાવ દ્રવ્ય સ્વભાવ થતો નથી. સમજાય છે કાંઈ? અરે..! '**તેમના સ્વભાવે પરિણમતો નથી (જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)...**' અર્થાત્ સમજાય છે કાંઈ? ભગવાન આત્મા... ચૈતન્યજ્યોત છે એ પુણ્ય-પાપના બંધનને ઉત્પન્ન કરવામાં નિમિત્ત એવા શુભાશુભ ભાવ, એ ચૈતન્યના પ્રકાશના નુરનો એમાં અભાવ છે. શું કહ્યું? એ શુભ-અશુભભાવમાં ચૈતન્ય ભગવાન ચૈતન્યદ્રવ્ય, ચેતનદ્રવ્ય, ચૈતન્યભાવ અને એની ચૈતન્યનો નિર્મળ ઉપયોગ, એવી જ્ઞાનની પર્યાયનો એક અંશ શુભાશુભ ભાવમાં આવતો નથી. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ ગુજરાતી છે. સમજ મેં આતા હૈ? થોડું ગુજરાતી તો અંદર આવે ને.

કહે છે, શિષ્યે પ્રશ્ન કર્યો છે કે ભગવન્! આપ શુદ્ધ આત્મા કોને કહો છો કે જેને જાણવાથી પોતાનું કલ્યાણ થાય. એના ઉત્તરમાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે, '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' હજી એ ત્રણ પદનો અર્થ ચાલે છે. '**एवं भणंति सुद्धं**' પછી આવશે. આ તો હજી બે પદનો અર્થ ચાલે છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**' આ બે પદનો અર્થ ચાલે છે. જ્ઞાયકભાવ ધ્રુવભાવ... 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે કે નહિ?

ચેતનરૂપ અનૂપ અમૂરતિ, સિદ્ધ સમાન પદ મેરો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહા તમ ઘેરૌ.
ગ્યાનકલા ઊપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમકેરૌ.
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ વસેરૌ.

'કિયો પરસંગ' આ વશ થયો કહ્યું ને? 'બનારસીદાસ' કહે છે, મારું સ્વરૂપ તો સિદ્ધ સમાન જ છે. શુદ્ધ ધ્રુવ સ્વભાવ. પર્યાયથી નહિ, દ્રવ્યથી. પણ મારી પર્યાયમાં મોહનું માહાત્મ્ય કરીને, પરસંગ કરીને વિકારીપણું શુભાશુભ ભાવ થયા, પણ મારી ચીજમાં એનાથી ભિન્ન થઈને મને હવે જ્ઞાનકળા જાગી છે. જ્ઞાનકળા દ્વારા હું સમયસાર કહીશ, એમ 'બનારસીદાસ' કહે છે.

અહીં પણ આચાર્ય કહે છે, આ ભગવાન આત્મા જ્ઞાયકભાવ ધ્રુવભાવ. ભાઈ! પાઠમાં છે અપ્રમત્ત-પ્રમત્ત છે અને ટીકામાં છે પ્રમત્ત-અપ્રમત્ત. એ તો પદ્યની રચના માટે કહ્યું છે. અપ્રમત્ત-પ્રમત્ત. પણ ખરેખર તો પ્રમત્ત અને અપ્રમત્ત (છે). કેમકે આમ અનાદિનું પ્રમત્ત છે ને. પછી ભલે પ્રમત્ત એટલે પહેલેથી છઠ્ઠે. એટલે પ્રમત્ત-અપ્રમત્ત નથી, એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કહે છે કે, ભાઈ! ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ પ્રભુ એ શુભાશુભ ભાવ એની દશામાં-હાલતમાં-પર્યાયમાં-અંશમાં કર્મના ઉદયનું મટવું કઠણ છે, એ તો પરદ્રવ્યની સત્તા છે, પણ એને તાબે થઈને, એને વશ થઈને પોતાના ચૈતન્ય સ્વભાવના લક્ષથી ભ્રષ્ટ થઈને કર્મને તાબે થઈને જે પોતાની પર્યાયમાં નવા કર્મબંધનને કારણે શુભાશુભ ભાવપણે પર્યાય થાય છે. જ્ઞાયકભાવ એ રૂપે નથી થતો. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)**...' અર્થાત્ ચૈતન્યનો ગાંગડો, ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ એ પુણ્ય-પાપના વિકલ્પ તો અચેતન છે. અચેતનનો અર્થ અજ્ઞાન ભાવ છે. અજ્ઞાન ભાવનો અર્થ એમાં જ્ઞાનના નુરનો-તેજનો એક અંશ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો ચૈતન્યના નુર, ચૈતન્યપુર, સ્વભાવથી ભરપુર (છે). ગોદીકાજી! આ વાતેય કોઈ દિ' સાંભળી નથી. કહો, સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ પ્રભુ, એ પર્યાયમાં-અવસ્થામાં-વર્તમાન દશામાં કર્મનું નિમિત્ત હોવાથી, નિમિત્તને તાબે થવાથી, એને (-કર્મને) કારણે નહિ, પોતાની દશામાં શુભ અને અશુભ ભાવ થયા પણ એ શુભ-અશુભ ભાવ ચૈતન્ય ભગવાનના અભાવ સ્વભાવરૂપ ભાવ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન સમજાણું? ફરીને કહીએ. પહેલું કહ્યું હતું ને? આત્મા દ્રવ્ય પણ ચૈતન્ય છે, દ્રવ્ય ચેતન છે, ગુણ ચૈતન્ય છે, પર્યાય ચૈતન્યની દશા (છે). જ્ઞાયકનું પુર આ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપક થવું જોઈએ. એમ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય તો ચૈતન્ય સ્વરૂપ છે. એમાંથી પુણ્ય-પાપના ભાવ છે એ ચૈતન્યના અભાવસ્વભાવરૂપ છે. કેમકે એમાં ચેતનનો એક અંશ નથી. એ અચેતન છે, રાગ જડ છે. જડનો અર્થ પરમાણુ નહિ. વર્ણ, ગંધ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રસ, સ્પર્શવાળો પરમાણુ નહિ. પણ અજ્ઞાન, અજ્ઞાન નામ એમાં જ્ઞાનનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કાલે કહ્યું હતું. ૭૨ ગાથા. ભાઈ! ૭૨ છે ને? એમાં કહ્યું છે. ૭૨ જુઓ! વિપરીત છે. જુઓ!

'**णादुण आसवाणं**' ૭૨. ૭૨ કહે છે તમારે? બહત્તર. અમને એ નથી આવડતું. '**णादुण आसवाणं असुचित्तं च विवरीयभावं च**' જુઓ! '**विवरीयभाव**' ટીકામાં એ જડ છે એમ લખ્યું છે. સમજ્યા? '**(કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી,...)**' જુઓ! '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' ચોથી લીટી છે, ચોથી પંક્તિ. '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે (–કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે–) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા જ છે...**' આ વિપરીત એક શબ્દનો અર્થ છે. અશુચિનો અને દુઃખનો બીજો અર્થ છે. અહીં તો આપણે એનું આટલું કામ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યનું નુર પુર પુંજ છે. તો પર્યાયમાં–અવસ્થામાં શુભ અને અશુભભાવ છે એ અચેતન છે, ચૈતન્યથી વિપરીત છે. ચૈતન્ય છે તો આ અજીવ છે. આ ચૈતન્ય છે તો એ જડ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જડનો અર્થ રંગ, ગંધ, રસ, સ્પર્શ એ અહીંયાં નથી લેવો. પણ ચૈતન્યનું નુર–પ્રકાશનું કિરણ નીકળવું જોઈએ. પ્રકાશનું કિરણ નહિ નીકળીને, જે પુણ્ય–પાપના વિકલ્પ જડ છે, અચેતન છે, જ્ઞાનના નુરનો એમાં અભાવ છે. સમજાય છે કાંઈ? આ તો મૂળ ચીજ છે. આ સમજ્યા વિના એને સમ્યગ્દર્શન ત્રણ કાળમાં કદી થતું નથી. અને સમ્યગ્દર્શન વિના એના વ્રત ને નિયમ બધા એકડા વિનાના મીંડા છે. સમજાય છે કાંઈ? એકડા (વિના) રણમાં પોક, અરણ્ય રૂદન (છે).

ભગવાન આત્મા.. છઠ્ઠી ગાથા ઉપાડી છે અહીંયાં. મુનિ છે ને? તો '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' ત્યાંથી લીધું છે. નહિતર તો.. નહિતરની ભાષા શું છે? નહિ તો. સંજત–અસંજત નથી એમ પણ લઈ શકે છે. સયોગી–અયોગી નથી એમ પણ લઈ શકે છે, સંસારી–સિદ્ધ નથી એમ પણ લઈ શકે છે. સમજાય છે કાંઈ? પણ મુનિ પોતાની ભૂમિકામાં છઠ્ઠી–સાતમી ભૂમિકામાં ઝુલે છે. તો છઠ્ઠી–સાતમી ભૂમિકા જે પ્રમત્ત–અપ્રમત્ત છે એનો નિષેધ કરીને હું જ્ઞાયક છું એમ અનુભવ કરે છે તો ત્યાંથી લીધું કે હું પ્રમત્ત–અપ્રમત્ત નથી. સમજાય છે કાંઈ? પર્યાયનો ભેદ એ હું નહિ.

કહે છે, તેમના '**સ્વભાવે પરિણમતો નથી...**' કોણ? જે જ્ઞાયક સ્વરૂપ ભગવાન ધ્રુવ દ્રવ્ય સ્વભાવ વસ્તુ સ્વભાવ (પરિણમતો નથી) એ શુભ–અશુભ વિકલ્પ છે તે અચેતન છે, જડ છે, ચૈતન્યથી વિપરીત છે. તે ભાવે ચૈતન્ય સ્વરૂપ (નથી) વિકાર જે જડ છે તે ભાવે દ્રવ્ય સ્વભાવ એ રૂપે કદી પરિણમતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાય છે કે નહિ? એ.. દેવીલાલજી! આ શિષ્યનો પ્રશ્ન છે, પ્રભુ! આપ શુદ્ધ કોને કહો છો?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને એને જાણવાથી અમને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રાપ્ત થાય છે. પહેલા સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે એ ચીજ શું છે? એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે. કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! તારો જ્ઞાયક ચૈતન્યનુર તો અનાદિ છે એમ પડ્યો છે. પણ તારી સંસારદશામાં કર્મની અસ્તિ બીજી ચીજ છે એને તાબે થઈને તું એને વશ થઈને, પોતાનું વશપણું છોડી દીધું અને પરને વશ થઈને નવા કર્મ બંધનમાં તેં નિમિત્તપણું શુભાશુભ કર્યા. એ શુભ-અશુભ ભાવ વસ્તુ સ્વભાવથી જુઓ તો ભગવાન આત્મા શુભાશુભ ભાવરૂપ કદી થયો જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપ્રમત્ત પણ નહિ. એ શુભાશુભ ભાવને કારણે ભેદ પડે છે. પર્યાયભેદ છે. દ્રવ્યમાં નથી. પર્યાયભેદ દ્રવ્યમાં નથી. દ્રવ્ય સ્વભાવ એકરૂપ (છે). તેથી પહેલાં કહ્યું જ્ઞાયક ભાવ એક છે. આ ચૌદ ગુણસ્થાનના ભેદ અનેક છે.

અહીં તો હજી લેવું છે કે ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ જ્ઞાયકજ્યોત એ શુભાશુભ પર્યાયમાં થયો, વસ્તુએ નથી થયો. વસ્તુ જ્ઞાયક ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ શુભાશુભ રૂપે પરિણમતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**તેથી...**' આ કારણે તે '**પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી;...**' લ્યો, ભાઈ! પાઠમાં જે લીધું હતું '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' એનો અર્થ એવો લીધો. પહેલા પદનો અર્થ આટલો કર્યો. આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી કેમ? પ્રમત્ત-અપ્રમત્ત કેમ નથી? જ્ઞાયકભાવ ત્રિકાળ શુદ્ધ છે એ વર્તમાન પર્યાયમાં કર્મને વશ-તાબે થઈને શુભાશુભ પરિણામ નવા બંધમાં સંયોગ પણે એમાં કારણ (રૂપ) પોતે ઉત્પન્ન કરે છે, સ્વભાવની એકતા ઉત્પન્ન નથી કરતો. પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વભાવની એકતા ઉત્પન્ન નહિ કરીને નવા કર્મ બંધનમાં નિમિત્ત થાય એવા સંયોગમાં કારણ થાય એવા શુભાશુભ ભાવ, જે અચેતન છે, જે ચૈતન્યના નુરના પુરમાં એ ભાવ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ગાથા બરાબર એવી આવી છે. તમારો પહેલો દિવસ છે અહીંયાં. હજી તો શુદ્ધમાં વિશેષ લેવું છે.

કહે છે, આવો ભગવાન.. '**તેથી...**' આ કારણ દીધું. આટલા તો કારણ આપ્યા. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' એ સિદ્ધ કરવું છે. '**ण वि होदि**' આત્મા પર્યાયમાં જે પ્રમત્ત-અપ્રમત્ત છે એ જ્ઞાયકભાવ ત્રિકાળ પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ સાબિત કરવું છે, એમ સિદ્ધ કરવું છે. એ સિદ્ધ કરવામાં 'અમૃતચંદ્રાચાર્યે' પહેલી આટલી દલીલ લીધી. એઈ..!

મુમુક્ષુ :- જોરદાર છે.

ઉત્તર :- જોરદાર છે દલીલ? આ વકીલ છે ને એટલે કહે છે.

આટલું કહીને પ્રમત્ત-અપ્રમત્ત નથી એટલું સિદ્ધ કર્યું. ચંદુભાઈ! ભગવાન ચૈતન્યજ્યોત દ્રવ્ય સ્વભાવ. પર્યાયમાં શુભાશુભ પરિણામ નવા બંધમાં ઉત્પન્ન થનારી દશા જે પરવશે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે છે (તે) હો, પણ વસ્તુ સ્વભાવ એ રૂપે કદી થતો નથી. સમજાય છે કાંઈ? જ્ઞાયક ભાવ ચૈતન્યજ્યોત ધ્રુવ સ્વભાવ અનાદિઅનંત નિત્ય ઉદ્યોત વર્તમાન ક્ષણિક નહિ. આદિ નહિ, અંત નહિ, વર્તમાન ક્ષણિક નહિ. નિત્ય ત્રિકાળ ઉદ્યોતરૂપ પ્રભુ આત્મા એ વસ્તુ, એ શુભાશુભ પરિણામ રૂપે નથી થતી. તેથી તે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? તારાચંદજી! ઈન્દ્રમલજી! સમજાય છે કે નહિ? હિન્દી ભાષા, હવે આજે તો હિન્દીમાં આવ્યું. આહાહા..!

પ્રભુ! 'કુંદકુંદાચાર્ય'ને શિષ્યે પ્રશ્ન કર્યો. પ્રભુ! આપ શુદ્ધ કોને કહો છો? શુદ્ધ કોને કહો છો? શુદ્ધ કહેવામાં જે ઉત્તર આપ્યો એમાં પહેલા તો આ ઉત્તર આપ્યો કે ભગવાન આત્મા જ્ઞાયક ભાવ સ્વરૂપ જે દ્રવ્ય વસ્તુ અનાદિઅનંત પ્રભુ આદિ અંત વિના ને નિત્ય પ્રગટરૂપ, વસ્તુ તો પ્રગટરૂપ છે ને? વસ્તુ ક્યાં અપ્રગટ એટલે કે નથી. એવી ભગવાન ચીજ પ્રભુ આત્મા જ્ઞાયકજ્યોત પર્યાયમાં શુભાશુભ ભાવ થવા છતાં વસ્તુ એ રૂપે થઈ નથી. સમજાય છે કાંઈ? એક સમયની અનિત્ય તાદાત્મ્ય પર્યાય નિત્ય તાદાત્મ્ય ચૈતન્યમાં એકરૂપ કદી થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**તે જ...**' હવે આવ્યું. શુદ્ધની વ્યાખ્યા હતી. '**एवं भणंति**' ત્રીજા પદની વ્યાખ્યા કરે છે. '**एवं भणंति सुद्धं**'. એનો શું અર્થ છે? એમાં બહુ મર્મ છે. ભગવાન આત્મા એવો ને એવો જ્ઞાયક ભાવ એક સ્વાભાવરૂપ ત્રિકાળ પડ્યો છે. એ પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા શુભાશુભ ભાવરૂપે થતો નથી. '**તે જ...**' તે જ કોણ? જે અપ્રમત્ત-પ્રમત્ત નથી એવો જ્ઞાયકભાવ. '**તે જ...**' જે જ્ઞાયકભાવ વસ્તુ, જે પ્રમત્ત-અપ્રમત્ત શુભાશુભ પરિણામ રૂપે નહિ થવાથી પ્રમત્ત-અપ્રમત્ત નથી તે જ વસ્તુ. સમજાય છે કાંઈ? '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આ તો 'શુદ્ધ' કહેવાય છે.**' આ લીટીમાં આખો અનુભવ મૂકી દીધો છે. શું કહે છે? તે જ પ્રભુ જ્ઞાયકભાવ વસ્તુ સ્વભાવ સમસ્ત અન્યદ્રવ્ય (અર્થાત્) કર્મનું દ્રવ્ય, કર્મનો ગુણ, કર્મના ઉદયની પર્યાય એ બધું અન્યદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? કર્મ છે એ જડ છે, એના ગુણ જડ છે અને એનો ઉદય જડ છે. એનો ઉદય જડ છે. ઉદય જડ છે ને? એની પર્યાય છે ને? જડની પર્યાય છે ને? સમજાય છે કાંઈ?

કહે છે, '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવો...**' એની જે જડની પર્યાય, ઉદયની પર્યાય જડની, હોં! પોતાની પર્યાયમાં નહિ, જડની પર્યાય-કર્મની પર્યાય તેનાથી ભિન્નપણે, તેને જુદા કરીને '**ઉપાસવામાં આવતો...**' શું કહે છે? જ્ઞાયકભાવ એક સમયમાં શુદ્ધ ધ્રુવ છે, શુભાશુભ રૂપે થયો નથી એને અમે શુદ્ધ શા માટે કહીએ છીએ? કે એ જ્ઞાયકભાવ, પર જે અન્યદ્રવ્ય એના દ્રવ્ય, ગુણ અને પર્યાયનું લક્ષ છોડી, એના ભાવથી પૃથક થઈને પોતાનો સ્વભાવ જ્ઞાયક છે તેની ઉપર લક્ષ કરવાથી પોતાની પર્યાયમાં દ્રવ્યની સેવા થઈ. જે કર્મની સેવા કરતાં રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હતા, એ પોતાનો જ્ઞાયકભાવ છે તેની સેવા કરી-ઉપાસના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કરી. ઉપાસનાનો અર્થ પરદ્રવ્યથી લક્ષ છોડી જ્ઞાયક ભાવ ઉપર લક્ષ કર્યું તો પોતાની પર્યાયમાં **નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન,** ચારિત્ર જે પ્રગટ થયા તે ઉપાસના થઈ. ભાઈ!

'**તે જ...**' (અર્થાત્) જે જ્ઞાયકભાવ છે તે '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' આ અન્ય દ્રવ્યના ભાવમાં અહીંયાં વિકારી ભાવ ન લેવા. આ વિકારી અન્યદ્રવ્ય જે બીજે ઠેકાણે આવે છે (કે) અન્યદ્રવ્યના ભાવ વિકારી પરભાવ એ અહીં ન લેવા. અહીં તો ફક્ત અન્ય દ્રવ્યના દ્રવ્ય, ગુણ, પર્યાય અન્યદ્રવ્યના ભાવ (લેવા છે). આમ લક્ષ છે તે લક્ષ છોડી, પરદ્રવ્યનું લક્ષ છોડી જે બહિર્ પદાર્થ છે, આત્માથી બાહ્ય પદાર્થ છે તેનું લક્ષ છોડી, લક્ષ છોડી અંતર્મુખ લક્ષ કરવાથી (ભિન્ન ઉપાસના થાય છે). સમજાય છે કાંઈ? '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે...**' તેનાથી ભિન્નપણે. આમ જ્ઞાયક તરફ લક્ષ કરીને, પરનું લક્ષ છોડી નિજ જ્ઞાયકભાવનું લક્ષ કરી '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' સેવિત થતો. ત્યાં સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં જે શુદ્ધતા પ્રગટી છે તે શુદ્ધતા પ્રગટી છે તે દ્રવ્યની સેવા છે, એ દ્રવ્યની ઉપાસના છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સેવા ધર્મ.

ઉત્તર :- સેવા ધર્મ આ છે. સેવા ધર્મ કોણ બીજાની સેવા કરી શકે છે? ધૂળમાં? સ્વતંત્ર પદાર્થ છે એની પર્યાય કોણ કરી શકે? અહીં તો રાગની સેવા કરવી એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકનો ગાંગડો-વસ્તુ ચૈતન્યપુર ચૈતન્ય નુર આનંદનું પુર એવી જ્ઞાયક ચીજ છે એ પરદ્રવ્યનું લક્ષ... ઉપાસનાનો અર્થ પરદ્રવ્યથી ભિન્ન. પોતાના દ્રવ્યથી પરદ્રવ્ય જે છે એના અસ્તિત્વમાં જે લક્ષ હતું એ લક્ષ છોડીને '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' તેનાથી ભિન્નપણે સેવતા અર્થાત્ દ્રવ્ય તરફ લક્ષ થવાથી એની પર્યાયમાં સમ્યગ્દર્શન થયું અને મતિ-શ્રુતજ્ઞાનથી આત્મા પ્રત્યક્ષ થયો. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ કોને કહે છે? જ્યારે પોતાની પર્યાયમાં પરલક્ષ જે હતું એને છોડીને સ્વ ચૈતન્યનું લક્ષ કરીને પોતાની પર્યાયમાં શુદ્ધતા સમ્યગ્દર્શન થયું, મતિ-શ્રુતજ્ઞાન થયું, શાંતિનો અંશ-ચારિત્રનો અંશ પ્રગટ થયો એ દ્રવ્યની ઉપાસના કરી. તારાચંદજી!

સમયસાર ભરતક્ષેત્રમાં આવું શાસ્ત્ર અને ટીકા ક્યાંય નથી. સર્વજ્ઞ પરમાત્માના પેટ ખોલીને મૂકી દીધા છે. દિગંબર સંતો દિગંબર મુનિઓ ભાવલિંગી સંત હતા. ઓહોહો..! છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝુલનારા! તો કહે છે, એ નહિ, એ નહિ. એ છઠ્ઠી-સાતમી પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયના બે ભાગ પડી જાય છે એ નહિ. હું તો જ્ઞાયક છું.

જ્યારે પર્યાયબુદ્ધિથી ખસીને જ્ઞાયકબુદ્ધિ થઈ તો દ્રવ્યની ઉપાસના થઈ. કર્મના નિમિત્તના લક્ષમાં શુભાશુભ પરિણામ વિકારની સેવા હતી. વિકારની સેવા હતી, સંસારની સેવા હતી, પરિભ્રમણની સેવા હતી. સમજાય છે કાંઈ? એ જ્ઞાયક પ્રભુ ચૈતન્યદ્રવ્ય પરનું લક્ષ છોડી,

પરદ્રવ્યનું અને પરદ્રવ્યના ભાવનું, પરદ્રવ્ય, હોં! વિકારી પરિણામ નહિ, પણ પરનું લક્ષ છોડી અહીં દ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો પોતાની પર્યાયમાં વિકારરહિત શુદ્ધ દ્રવ્યની શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનમાં આત્મા મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. એ સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થયો એ સ્વસંવેદન થયું. તે અપેક્ષાએ કહ્યું કે આ આત્મા શુદ્ધ છે. સમજાય છે કાંઈ? અહીં તો દ્રવ્ય શુદ્ધ સિદ્ધ કરવું છે. પણ દ્રવ્ય શુદ્ધ કોને સિદ્ધ થાય છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં એક પ્રકાશ નામનો અનાદિઅનંત ગુણ છે. જેમ આનંદ ને જ્ઞાનગુણ છે એમ ચૈતન્યપુરમાં એક પ્રકાશ નામનો ગુણ છે. એ પ્રકાશગુણનું કાર્ય શું? કે આત્માને પ્રત્યક્ષ વેદનમાં પ્રત્યક્ષ થઈ જાય એનું નામ પ્રકાશ નામનો ગુણ છે. સમજાય છે કાંઈ? પ્રથમ સમ્યગ્દર્શનના કાળમાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. આહાહા..! સમજવાની ચીજ છે, હોં! વર્તમાનમાં ગડબડ બહુ ચાલે છે.

આચાર્ય મહારાજે બહુ ખુલાસો કર્યો છે. ભાઈ! પ્રભુ! તું તો જ્ઞાયક છો ને નાથ! તારી ચીજ તો ત્રિકાળ સ્વરૂપે ભરેલી પ્રભુ ચૈતન્ય છે ને. એ ચૈતન્યનાથ સનાથ એ કંઈ પુણ્ય-પાપના ભાવરૂપે વસ્તુ કદી નથી થતી. એ વસ્તુની, પરવસ્તુનું લક્ષ છોડી વસ્તુની દૃષ્ટિ જ્યારે થઈ તો ભિન્નપણે ઉપાસના કરવાથી ઉપાસિત થતો-સેવિત થતો. કોણ સેવિત થતો? પરથી ભિન્નપણે સેવિત થતો, નિજ દ્રવ્ય સેવિત થતો, નિજ દ્રવ્યમાં સમ્યગ્દર્શન થયું, જ્યાં પરનું લક્ષ છોડ્યું, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું સ્વસંવેદન જ્ઞાનમાં આત્મા આ શુદ્ધ છે, આત્મા આ શુદ્ધ છે એવું સ્વસંવેદનજ્ઞાનમાં પ્રસિદ્ધ થયું. સમજાય છે કાંઈ?

ફરીને. આ તો વાત કંઈ એક-બે વખતમાં પતે એવી નથી. આહાહા..! આ તો શાસ્ત્ર સિદ્ધાંત છે અને સિદ્ધાંત એ સંતોના કહેલા. સર્વજ્ઞના એક એક વચનમાં અનંત આગમ ભર્યા છે. એક શબ્દમાં અનંત આગમ ભર્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, ભગવાન! શિષ્યે પ્રશ્ન કર્યો કે પ્રભુ! શુદ્ધ કોને કહો છો? સાંભળ! ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાયક છે એ પરનું લક્ષ છોડી પોતાના લક્ષમાં આવ્યો, પોતાને ધ્યેય બનાવ્યો, પોતાને જ્ઞેય બનાવ્યો.. સમજાણું? તો બહિર્મુખ જે લક્ષ હતું, આમ બહિર્મુખ હતું એ અંતર્મુખ થયું. બહિર્મુખ દિશામાં લક્ષ હતું એ (અંતર્મુખ થયું). '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવો...**' એ બહિર્ છે. તેનાથી ભિન્નપણે. તો બહિર્પણાથી લક્ષ છોડી બહિર્પણાથી ભિન્ન થયો. અંતર્મુખ ગયો. અંતર્મુખ થવાથી દ્રવ્યનું લક્ષ થાય છે, દ્રવ્યનું ધ્યેય થાય છે, દ્રવ્ય જ્ઞાનમાં જ્ઞેય થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાજમલજી! ગાથા પણ પહેલી એવી આવી છે. આવી ગઈ. ગુજરાતી હતું તો કોઈ નહિ સમજ્યા હોય. હિન્દીમાં ફરીને લ્યો.

ભાઈ! આ તો પ્રથમ ચીજની વાત છે. પ્રથમ આત્માનું જ્ઞાન, સમ્યગ્દર્શન કઈ રીતે થાય એ ચીજ છે. સમજાય છે કાંઈ? ભગવાન 'કુંદકુંદાચાર્યે' શ્લોક કહ્યો અને ભગવાન 'કુંદકુંદાચાર્ય' તો પ્રભુ પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. પરમાત્મા ત્રિલોકનાથ 'સીમંધર'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રભુ વર્તમાન બિરાજે છે. એમની પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને પછી આ બધા શાસ્ત્ર બનાવ્યા છે. પોન્નુર હિલ. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ છે. વંદેવાસ ગામ છે તેનાથી પાંચ માઈલ છેટે પોન્નુર હિલ ટેકરી છે. સોનાની ટેકરી. એનું નામ પોન્નુર નામ સોનાની ટેકરી કહે છે. પોન્નુરનો અર્થ સોનું થાય છે. સમજાય છે કાંઈ? ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. ત્યાં આસપાસમાં તાડપત્ર બહુ છે અત્યારે. આ તો બે હજાર વર્ષ થઈ ગયા. તાડપત્ર ઉપર બધું લખ્યું. ઓહોહો..!

**'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धल्ल'** એ જ્ઞાયક પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ એકરૂપ. એકરૂપ કહ્યું ને પહેલાં? ભાઈ! જ્ઞાયક એક ભાવરૂપ. એક ભાવસ્વરૂપ. એ અનેક ભાવ ઉપર જે લક્ષ હતું તેનાથી ખસીને, બહિર્મુખ જે લક્ષ હતું તે અંતર્મુખ ગયું. અંતર્મુખ થયો તો દ્રવ્ય ધ્યેય થઈ ગયું, દ્રવ્ય જ્ઞેય થઈ ગયું અને એમાં ચારિત્રની સ્થિરતા થઈ ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે કે, '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે...**' જ્યાં પરથી ભિન્ન નામ પરનું જ્યાં લક્ષ છૂટી ગયું એનું નામ ભિન્નપણે. અને '**તે જ...**' તે જ છે ને? તે જ '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' ભગવાન આત્મા આઠ વર્ષની બાલિકાને પણ સમ્યગ્દર્શન થાય છે તો આ રીતે થાય છે અને દેડકાને પણ સમ્યગ્દર્શન થાય છે તો આ રીતે થાય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત મુનિ. જે સાક્ષાત્ પરમાત્મા પાસે ભરતક્ષેત્રમાંથી ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. વર્તમાન પ્રભુ અત્યારે બિરાજે છે એમની પાસે ગયા હતા. હજી ઘણાં વર્ષો રહેવાના છે. ઓહો..! 'અમૃતચંદ્રાચાર્યે' પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો. પ્રભુ! અમને પ્રશ્ન ઉઠ્યો છે કે શુદ્ધ કોને કહો છો? બીજો કોઈ પ્રશ્ન નથી કર્યો કે મહારાજ! અમને પુણ્ય કઈ રીતે બંધાય? અમને કષાયની મંદતા પહેલા કઈ રીતે થાય? અમારા વ્યવહારની પહેલા શુદ્ધિ કઈ રીતે થાય? એવો પ્રશ્ન (નથી કર્યો). આ પ્રશ્નકાર શિષ્યની પાત્રતા એવી છે કે પ્રભુ! મારે તો આત્મા શુદ્ધ આપ કહો છો એ કોણ છે? બસ, એ મારે જાણવું છે. કોઈ માન, સન્માન, આબરૂ, કીર્તિ કંઈ મારે જોઈતું નથી. મારે તો પ્રભુ! આપ શુદ્ધાત્મા કોને કહો છો? નાથ! આપ જ્ઞાયકભાવને શુદ્ધ કઈ રીતે કહો છો? મારે એ જોઈએ છે. આપ સમજાવો. એના ઉત્તરમાં મૂળ માર્ગ કહ્યો છે. મૂળ માર્ગ અનાદિ સનાતન, સનાતન સત્ય માર્ગ પ્રભુનો (આ છે).

કહે છે, ભાઈ! પ્રભુ! તું તો જ્ઞાયકભાવ રહ્યો છો ને અનાદિથી. અને તારી પર્યાયમાં ચાહે તો શુભાશુભ ભાવ હો, તેથી પ્રમત્ત-અપ્રમત્તના પર્યાયભેદ પડતા હતા. સમજાય છે કાંઈ? પણ શુભાશુભ ભાવરૂપે આત્મા જ નથી થયો, દ્રવ્ય નથી થયું તો દ્રવ્યમાં પ્રમત્ત-અપ્રમત્તપણું લાગુ પડતું નથી. લાગુ પડવું કહે છે ને? લાગુ પડવું કહે છે ને? ઘટિત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી થતું. સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે, **'તે જ સમસ્ત અન્યદ્રવ્યોના...'** શું કહે છે? **'અન્યદ્રવ્યોના ભાવોથી...'** અર્થાત્ અન્યદ્રવ્ય જે કર્મ આદિના દ્રવ્ય-ગુણ-પર્યાય ઉદયના ભાવોથી લક્ષ છોડીને, ભાવોથી ભિન્નપણે, ભાવોથી ભિન્નપણે. જે એના તાબે થતો હતો તેનાથી ભિન્નપણે. પરનું બહિર્મુખ લક્ષ છોડીને, બહિર્મુખનું લક્ષ છોડી ભિન્નપણે ઉપાસવામાં આવતો. એનો અર્થ અંતર્મુખ દૃષ્ટિ અને જ્ઞાન કર્યું, વર્તમાન જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યું ધ્રુવને, વર્તમાન શ્રદ્ધામાં ધ્યેય બનાવ્યું દ્રવ્યને. એવા દ્રવ્યના ધ્યેય અને લક્ષથી જે પોતાની પર્યાયમાં દ્રવ્યની સેવા થઈ અર્થાત્ જે પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થતા હતા, તે જ દ્રવ્યના લક્ષે, દ્રવ્યની સેવાથી સમ્યગ્દર્શન, સમ્યક્ શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન સ્વસંવેદન અને સ્વરૂપના આનંદનો અંશ, સ્થિરતાનો અંશ અનંત ગુણનો, જેટલા ગુણ છે એ અનંત ગુણનો પિંડ જે દ્રવ્ય છે તેની સેવા કરવાથી, એકત્વ કરવાથી અનંત ગુણની વ્યક્તતા શુદ્ધતાનો અંશ સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

તેથી સર્વ ગુણાંશ તે સમકિત, એમ કહેવામાં આવ્યું છે. સર્વ ગુણાંશ તે સમકિત. સમજાય છે કાંઈ? એમ કેમ કહ્યું? કે ભગવાન આત્મા અનંત ગુણ જેટલા છે.. કેટલા અનંત ગુણ છે? સમજાય છે કાંઈ? જીવની સંખ્યાથી, સિદ્ધની સંખ્યાથી સંસારી જીવની સંખ્યા અનંતગુણી છે. એની સંખ્યાથી પરમાણુ અનંતગુણી સંખ્યા છે. એની સંખ્યાથી ત્રણ કાળના સમય અનંતગુણા છે. એની સંખ્યાથી આકાશના પ્રદેશ અમાપ અનંતગુણા છે. એનાથી પણ અનંતગુણા એક જીવના ગુણ છે. આહાહા..! એટલા અનંત ગુણનો સ્વભાવ છે એમાં સંખ્યા શું છે? આહા..!

આ ચીજ તો સાંભળી નથી કદી. પહેલાં કહ્યું હતું ને? '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' તેં વાત સાંભળી છે, વિકલ્પ કરવા, ભોગવવા, રાગ કરવો, ભોગવવો. બસ, આમ પુણ્ય કરવું ને આમ દયા પાળવી. એ કરવું ને ભોગવવું તેં મિથ્યાદૃષ્ટિપણે સાંભળ્યું છે. ભગવાન પાસે ગયો તો ઈ કથા તેં સાંભળી છે. કેમ? કે તારી રુચિમાં તો રાગ બહિર્મુખ વિકલ્પ પડ્યો છે. એમાં તારી રુચિ છે તો તેં ભગવાન પાસે પણ એ વાત સાંભળી. ભગવાનનું કહેલું શું છે, એને તેં સ્પર્શ કર્યો નહિ. તેં અડવા ન દીધું, સ્પર્શવા ન દીધું. સમજાય છે કાંઈ? તારાચંદજી! આહાહા..! શાસ્ત્ર વાંચી નાખ્યા, અગિયાર અંગ વાંચી નાખ્યા. વાંચી નાખ્યા સમજ્યા કે નહિ? વાંચીને... તારે ઘરે. નવ પૂર્વ વાંચી નાખ્યા. પણ શું છે? ભગવાન આત્માને શુદ્ધ કેમ કહે છે? અને ક્યા પ્રકારે તે શુદ્ધનો અનુભવ થાય છે? સમજાય છે કાંઈ? એ વાત એણે રુચિમાં લીધી નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે, **'અન્યદ્રવ્યોના ભાવોથી...'** અહીં પુનરુક્તિ દોષ નથી લાગતો. સમજાય છે? કોઈ કહે કે બે, પાંચ વાર કેમ કહે છે? અહીં તો લાખ વાર વાત આવે છે. અંદરની ભાવના છે ને. એ વસ્તુને પુનરુક્તિ નથી લાગતી. કેમકે વારંવાર અંદર એકાગ્રતા કરવી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, વારંવાર એકાગ્રતા થવી એ પુનરુક્તિ નથી પણ શુદ્ધિની વૃદ્ધિ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ બહિર્‌નું લક્ષ પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-દશામાં કરતો હતો. તો કહે છે કે ભિન્નપણે. પરદ્રવ્યના ભાવથી ભિન્નપણે. પરનું લક્ષ છૂટી ગયું, પોતામાં લક્ષ થઈ ગયું. નિજ જ્ઞાયક સ્વરૂપમાં લક્ષ આવ્યું તો પર્યાયમાં એ દ્રવ્યની સેવા થઈ. એનું લક્ષ કર્યું તો એની સેવા થઈ. પરનું લક્ષ કર્યું તો રાગ-દ્વેષની સેવા થઈ. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ તો ધીમે ધીમે ચાલે છે. આ વાત એવી છે. જરી એને વિચાર પણ રહે ને.

ભગવાન આત્મા.. કહે છે, ભિન્નપણે. પરનું લક્ષ છૂટવાથી '**ઉપાસવામાં આવતો...**' સેવવામાં આવતો. અર્થાત્ સ્વ અંતર્મુખ લક્ષ, ધ્યેય કર્યું તો એની-દ્રવ્યની સેવા કરી. એનો આદર કર્યો. જે પરનો આદર હતો, કર્મના ઉદયના લક્ષમાં વિકારનો આદર હતો, બહિર્મુખી વૃત્તિઓનો આદર હતો, બહિર્મુખી વૃત્તિ સમજ્યા? શુભાશુભ ભાવ, એનો આદર હતો, તેનું લક્ષ છોડી.. એનો આદર ગયો, અહીંયા અંતર્મુખ લક્ષ કર્યું તો આત્માનો આદર થયો. આત્મા જ્ઞાયકભાવનો આદર થયો, લક્ષ થયું, ધ્યેય થયું.. ક્યારે? કે એની પર્યાયમાં શુદ્ધતાનો આત્માનો પ્રત્યક્ષ અનુભવ થયો. આહાહા..! આત્માના સમ્યગ્દર્શનના પ્રથમ સમયમાં મતિ-શ્રુતજ્ઞાનમાં આત્માને પકડવામાં પ્રત્યક્ષ થઈ જાય છે. જે મતિ અને શ્રુત પરાલંબી જ્ઞાન હતું... સમજાણું? પરાલંબી હતું તે લક્ષ છૂટ્યું. વર્તમાન શ્રદ્ધા, જ્ઞાનમાં પરાલંબીપણું હતું એ તો મિથ્યાશ્રદ્ધા (હતી). પરાલંબી પુણ્ય-પાપની શ્રદ્ધા મિથ્યાશ્રદ્ધા, પુણ્ય-પાપનું જ્ઞાન મિથ્યાજ્ઞાન, મતિ-શ્રુતમાં પુણ્ય-પાપનું જ્ઞાન મિથ્યાજ્ઞાન એકાંત જ્ઞાન, પરપ્રકાશનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સમજાય છે કાંઈ?

એ રીતે ભગવાન આત્માએ... ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના અર્થ કરતાં ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' એ પણ સંત મુનિ દિગંબર ભાવલિંગી સંત છે, કહે છે કે પરભાવની સેવા છૂટી ગઈ. ભિન્નતા કરી, પોતામાં આવ્યો તો 'ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.' ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આમ ને આમ દ્રવ્ય શુદ્ધ છે, શુદ્ધ છે બોલે એમ નહિ. પોતાની દૃષ્ટિ એમાં લગાવી અને શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ સંવેદન થયું, આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન થયું તો એ દશામાં આ આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આહાહા..! એ તો શુદ્ધ જ છે પણ પર્યાયમાં શુદ્ધતા દ્વારા અંદરમાં લક્ષ ન કર્યું ત્યાં સુધી એને આ શુદ્ધ છે એમ પ્રતીતમાં, અનુભવમાં આવ્યું નથી. પર્યાયમાં અંદર ગુલાંટ ખાઈને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ ઉત્પન્ન થયા એવી શાંતિ દશા પ્રત્યક્ષ જ્ઞાન ને સમ્યગ્દર્શન, એવી દશા થઈ એ ઉપાસના (કહેવાય છે). એનાથી આ દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. નહિતર એ દ્રવ્ય શુદ્ધ છે, શુદ્ધ છે એને કહેવાતું નથી. વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દ્વિતીય શ્રાવણ સુદ ૬, સોમવાર તા. ૨૨-૦૮-૬૬**
**ગાથા-૬. પ્રવચન-૨૪**

છઠ્ઠી ગાથા ચાલે છે. જુઓ! આ 'સમયસાર'ની શરૂઆત જ અહીંથી થાય છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજે એમ કહ્યું કે અમને આત્માનો ઉપદેશ, સર્વજ્ઞ પરંપરાથી અમારા ગુરુ પર્યંત જે અમને ઉપદેશ મળ્યો તેનાથી અંતર આત્મઋદ્ધિ આત્મવૈભવ આનંદસહિતની જે દશા અમને ઉત્પન્ન થઈ છે તે વૈભવથી હું 'સમયસાર' કહીશ. સમજાય છે કાંઈ? ઉપદેશ મળ્યો અને અન્યમતની એકાંતતાનું અત્રુટ યુક્તિથી ખંડન કરીને અમારી આત્મસન્મુખતામાં અમારી શાંતિ અને આનંદનો વૈભવ અમારી અવસ્થામાં ઉત્પન્ન થયો છે. અને તર્કથી, આગમથી, અન્યમતીના ખંડનથી અને પોતાના અનુભવથી (આ આત્મવૈભવ દર્શાવીશ). એમ વાત કરી. અમારો આત્મા શુદ્ધ આનંદકંદ જે દ્રવ્ય હતું, દ્રવ્ય હતું એનો અંતરમાં જ્ઞાયકભાવનો આશ્રય લઈને અમારી વર્તમાન દશામાં પ્રચુર સ્વસંવેદનરૂપ સ્વસંવેદન પ્રગટ થયું છે. પ્રચુર-ઘણું.. મુનિ છે ને! પ્રચુર-ઘણું સવસંવેદનરૂપ સ્વસંવેદન પ્રગટ થયું છે. આહાહા..! આવો અમારા ચૈતન્યનો વર્તમાન આનંદ અને સ્વવેદનની ભૂમિકામાં રહીને હું 'સમયસાર' સંભળાવું છું, એમ કહે છે. સેઠી!

શિષ્યનો પ્રશ્ન થયો, પ્રભુ! મૂળ શુદ્ધ જે આપ કહો છો અને આપને પણ સર્વજ્ઞથી આપના ગુરુ પર્યંત જે શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ મળ્યો એ શુદ્ધ કોણ છે? જુઓ! મૂળ પ્રયોજનભૂત રકમની અહીંયાં વાત છે. સમજાય છે કાંઈ? એ શુદ્ધ કોણ છે કે જે શુદ્ધને જાણવાથી, જાણ્યું એમ કહેવામાં આવે છે? બીજું બધું જાણે પણ શુદ્ધને ન જાણે તો કંઈ જાણ્યું નહિ. સમજાય છે કાંઈ? ભગવાન! એ શુદ્ધ કોણ છે કે જેને જાણવાથી જ્ઞાન થયું અને જેને જાણવાથી આત્મા સફળ થયો? આહાહા..! સેઠી! સમજાય છે કાંઈ? મૂળ પ્રયોજનભૂત રકમની વાત પૂછે છે. આ વાત અનંત કાળમાં એને મિથ્યાદૃષ્ટિનું મોટું પાપ અને સમ્યગ્દૃષ્ટિનો મોટો ધર્મ એવી મહિમા અને મિથ્યાત્વનું મોટું પાપ છે, એનો અનંત કાળમાં ખ્યાલ આવ્યો નથી.

કહે છે, ભગવાન! એ શુદ્ધ કોને કહે છે? તો કહે છે, સરવાળો લીધો કે ભગવાન આત્મા જે જ્ઞાયકસ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, દ્રવ્યસ્વભાવ છે, ચૈતન્યના નુર અને પુર સ્વભાવ છે. એ સ્વભાવ વર્તમાન શુભાશુભ ભાવરૂપ પર્યાયમાં દેખાય છે, પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં, તો ભગવાન જ્ઞાયક સ્વભાવ જે છે એ શુભાશુભ પરિણામરૂપ થયો જ નથી. સમજાય છે કાંઈ? એ શુભાશુભ ભાવરૂપ થયો જ નથી એવો જ્ઞાયકભાવ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપને પરદ્રવ્યથી ભિન્ન, કર્મ આદિનું લક્ષ છોડીને પરદ્રવ્યથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભિન્ન... શું કહ્યું? જુઓ! 'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...' આ શબ્દમાં જરી.. ઓલામાં સેવિત થતો એમ શબ્દ છે. પેલામાં પણ એવું લખ્યું છે, સેવિત થયો. આ તો ઉપાસવામાં આવતો. પંડિતજી! પંડિતજીને પૂછ્યું હતું.

મુમુક્ષુ :- હોતા હુઆ, ઠીક છે.

ઉત્તર :- હોતા હુઆ, ઠીક છે. 'જયચંદ્ર પંડિતે' પહેલા સામાન્ય અર્થ કર્યો છે, પણ આ અર્થ સારો છે. શું કહ્યું?

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયક જે ચૈતન્યભાવ ધ્રુવ છે તે શુભ અશુભભાવરૂપે થયો નથી તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત કહેવામાં આવતું નથી. બીજી દૃષ્ટિએ કહીએ તો એકલો જ્ઞાયકભાવ જ પર્યાયની દૃષ્ટિ વિના, અવસ્થાના લક્ષ વિના જ્ઞાયકભાવ છે તે જ દ્રવ્યસ્વભાવ છે. સમજાય છે કાંઈ? એમાં કોઈ પુણ્ય-પાપનો ઉદયભાવ કે ઉપશમભાવ કે ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવ પર્યાય, જ્ઞાયકભાવ જે દૃષ્ટિનો વિષય છે એમાં એ આવતા નથી. સમજાય છે કાંઈ? અહીંયાં તો પહેલા એટલું સિદ્ધ કર્યું કે અશુદ્ધતા નથી એમ પહેલાં સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? તો અશુદ્ધતાનો અર્થ જ એ થયો કે પ્રમત્ત-અપ્રમત્ત નથી તો ચૌદેય ગુણસ્થાનના ભેદ અંદરમાં નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ પૂર્ણાનંદ પ્રભુ, એ શુભાશુભ રાગરૂપે થયો નથી તો ભેદરૂપે થયો નથી, ચૌદ ગુણસ્થાન રૂપે થયો નથી. સમજાય છે કાંઈ? એવા જ્ઞાયકભાવને પરદ્રવ્યથી ભિન્ન પોતામાં ઉપાસવામાં આવતો. અહીં વજન છે. પંડિતજીને કહ્યું તો પંડિતજી કહે, સ્વાશ્રય ઠીક છે. સ્વાશ્રિત ... ઉત્પન્ન થાય છે ને? **'ઉપાસવામાં આવતો...'** પોતાથી પુરુષાર્થ કરીને ઉપાસવામાં આવતો. એઈ..! સમજાય છે કાંઈ? કોઈ કર્મનું મંદપણું થયું કે આમ થયું તો અમારો આત્મા ઉપાસિત થયો, એમ નથી. સમજાય છે કાંઈ? શું કહે છે?

**'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...'** અન્યદ્રવ્યના ભાવ, હોં! અહીંયાં વિકારની વાત નથી. જડ કર્મ, એની શક્તિઓ, એની વર્તમાન ઉદયભાવની દશા એ બધા જડ ભાવ છે. તેનાથી ભિન્નપણે. અર્થાત્ જે કર્મનો ઉદય છે એ જડભાવ છે. જડની પર્યાય છે. એનું જે લક્ષ હતું.. જડભાવથી ભિન્ન, પરથી ભિન્ન, એના ઉપરથી લક્ષ ઉઠાવી નિજ જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ છે તેને પરભાવથી ભિન્નપણે ઉપાસવામાં આવતો. પોતાની સેવા પોતાથી કરતો થકો. આહાહા..! પંડિતજી કહે, હોતા હુઆમાં સ્વઆશ્રિત આવે છે. એમાં સ્વઆશ્રિત છે, પંડિતજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અમારે અંદરથી એ જ કાઢવું હતું.

ભગવાન આત્મા કોઈ વિકલ્પ હતો કે નિમિત્ત હતું કે કર્મમાં કોઈ મંદતા થઈ તેથી આત્મા ભિન્ન લક્ષ કરીને ઉપાસવામાં આવ્યો, એમ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાયક પ્રભુ ધ્રુવ સ્વરૂપ, એ પરના લક્ષમાં પર્યાયબુદ્ધિમાં હતો, પર્યાયની અંશ બુદ્ધિમાં હતો તો પરનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લક્ષ હતું. સમજાય છે કાંઈ? જ્યારે પરનું લક્ષ છૂટ્યું તો પર્યાયબુદ્ધિ છૂટી ગઈ. તો નિજ જ્ઞાયક ભાવ જે શુદ્ધ છે તેને ઉપાસતો થકો, પોતાના સ્વભાવની સેવા કરતો થકો તે દ્રવ્યને શુદ્ધ કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? દ્રવ્યને હોં! કહેવું તો છે જ્ઞાયકને શુદ્ધ પણ એને શુદ્ધ ક્યારે કહેવામાં આવે? કે એ તરફનું લક્ષ કરી પોતાની પર્યાયમાં દ્રવ્યને સેવતો થકો, ઉપાસતો થકો જ્યારે આવી વીતરાગી પર્યાય-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની, શાંતિની અને આનંદની પર્યાયથી આત્માને સેવતો થકો, ઉપાસતો થકો (પરિણમે છે) ત્યારે દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પર્યાયની શુદ્ધિ અહીંયાં નથી લેવી. પર્યાયની શુદ્ધિ તો પૂર્ણ થાય ત્યારે છે. પણ અહીંયાં દ્રવ્યના લક્ષે જે પર્યાયની શુદ્ધિ થાય છે તે અલ્પ થાય છે. સમજાય છે કાંઈ? તો પર્યાયની શુદ્ધિ દ્રવ્યના લક્ષે થઈ. પૂર્ણ શુદ્ધિ નથી થઈ. (જો એમ હોય તો) દ્રવ્ય પર્યાયમાં પૂર્ણ શુદ્ધ થઈ જાય. એમ નથી. સમજાય છે કાંઈ? અહીં તો દ્રવ્યને શુદ્ધ કઈ રીતે કહે છે? પર્યાયમાં શુદ્ધ છે એ તો પૂર્ણ થાય ત્યારે શુદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? પણ ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્યબિંબ પ્રભુ, જેમાં અનંત અનંત સિદ્ધ પરમાત્માની પર્યાય સાદિઅનંત જેટલી પર્યાય છે તે બધી આત્મામાં પડી છે. પણ એનો ભેદ નથી. એક ભગવાન જ્ઞાયકભાવ એકરૂપ એ તરફ લક્ષ કરીને પોતાની પર્યાયમાં દ્રવ્યને સેવતો થકો, ઉપાસિત કરતો થકો પોતાના પુરુષાર્થથી, પોતાના આત્માની સેવા કરતો થકો દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ઝીણું છે, ચુનીભાઈ! તમારે હજી અભ્યાસ કરવો પડે એવું છે. ચુનીભાઈ છે. શશીભાઈ! આ અમારે મોઢ છે. મોટા અભ્યાસી હતા, હોં! મોઢ. રાણપુરના વૈષ્ણવ. ગુલાંટ ખાઈ ગયા. વૈષ્ણવથી પલટી ગયા. બહુ હોંશિયાર છે. વૈષ્ણવ. બધું છોડી દીધું. આ માર્ગ છે. બહુ વિચારક છે. સમજાય છે કાંઈ? આ તો વૈષ્ણવ છે તો વૈષ્ણવનો દૃષ્ટાંત આપ્યો. સમજાય છે કાંઈ?

આત્મા કોઈ વૈષ્ણવ નથી કે કોઈ જૈનની પર્યાયનું એમાં નામ નથી લખ્યું. વૈષ્ણવ તો જ્ઞાન સ્વપરનું પ્રકાશક છે એ અપેક્ષાથી આત્માને વૈષ્ણવ કહે છે. આખા લોકાલોકને જાણવાની શક્તિ રાખે છે અને પ્રગટ થતાં આખા લોકાલોકને જાણે છે એ અપેક્ષાથી આત્માને વિષ્ણુ કહેવામાં આવ્યો છે. શાસ્ત્રમાં પાઠ છે, હોં! અમારા ઘરની વાત નથી કરતા. જ્ઞાન વ્યાપકત્વ. બસ, ઈ. સમજાય છે કાંઈ? આવી એક સમયની વ્યાપકતા, એવી અનંતી વ્યાપકતાની પર્યાય અંદર ગુણમાં પડી છે. આહાહા..! એક સમયની વ્યાપકતા નામ લોકાલોકને જાણે એ તો એક સમયની જ્ઞાનની અવસ્થાનું સામર્થ્ય છે, એવી અનંતી અવસ્થાનું સામર્થ્ય અંદર જ્ઞાનગુણમાં પડ્યું છે. એવો એક ગુણ નહિ પણ એવા અનંત ગુણનું એકરૂપ જ્ઞાયક ચિદાનંદ ભગવાન તે તરફ લક્ષ કરી શુભાશુભ ભાવરૂપે થયો નથી તો તારે હવે શું છે? એમ કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, ભાઈ! એ શુભાશુભ ભાવરૂપ તો થયો જ નથી. તો શું તારે શુભભાવ ઉપર લક્ષ કરવું છે? વસ્તુ તો એ રૂપે થઈ જ નથી. થઈ નથી એને તારે દૃષ્ટિમાં લેવું છે? સમજાય છે?

ભગવાન આત્મા ભેદરૂપ થયો નથી. બીજી ભાષાએ કહીએ તો દ્રવ્ય છે એ પર્યાયમાં આવ્યું જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એઈ..! ઈ વાત છે. દ્રવ્ય જે છે-વસ્તુ છે, એક સમયના સ્વભાવનો પિંડ અને એક સમયની પર્યાયમાં આવ્યો જ નથી. પર્યાયમાં આવી જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય અને એક સમયની પર્યાય દ્રવ્યમાં ઘૂસી જાય તોપણ પર્યાયનો નાશ થઈ જાય. સમજાય છે કાંઈ? ભગવાન એક સમયનો પ્રભુ, જે ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત (છે). સમજાય છે કાંઈ? આશ્રય કરવાવાળી પર્યાય છે, પણ દ્રવ્યમાં એ પર્યાયનો ભેદ નથી. સમજાય છે કાંઈ? આશ્રય કરવાવાળી- (જેમાં) ઉપાસવામાં આવે છે એ તો પર્યાય છે, સેવા કરે છે એ પર્યાય છે પણ જેની સેવા કરવી છે એમાં એ પર્યાય નથી. પ્રગટ પર્યાયરૂપ નથી. બધી પર્યાયની શક્તિરૂપ દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. આ વાત પહેલી છે. સમ્યગ્દર્શન કેમ થાય છે, કઈ રીતે થાય છે તેને એણે લક્ષમાં જ કદી લીધું નથી. જે મહાન ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થાય છે. એ વિના કોઈ ત્યાગ, વૈરાગ્ય.. સમજાય છે? બધું રણમાં અરણ્ય રૂદન જેવું છે.

ભગવાન આત્મા એક સમયમાં, કહે છે, જ્ઞાયકપણે પ્રભુ પૂર્ણ પડ્યો છે ને! તારો વિશ્વાસ તારા સ્વભાવ ઉપર જવાથી, તારી સ્થિરતા સ્વભાવ ઉપર થવાથી અને તારું જ્ઞાન જ્ઞેયને પકડવાથી જે દ્રવ્યનું સેવન થયું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયથી સેવન થયું ત્યારે દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. શુદ્ધની અંશ પર્યાય, પૂર્ણ શુદ્ધ નહિ. સમજાય છે કાંઈ? શુદ્ધ જ્ઞાયકપણાને પકડવાથી પર્યાયમાં અલ્પ શુદ્ધતા થાય છે. જો અલ્પ શુદ્ધતા ન આવે તો દ્રવ્યને સેવ્યું છે અને દ્રવ્ય દૃષ્ટિમાં લીધું છે એમ થયું જ નથી. આહાહા..! તારાચંદજી! સમજાય છે કાંઈ? આ તો સાદી ભાષામાં વાત છે. એવું સંસ્કૃત કે વ્યાકરણ નથી. આહા..!

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ (છે). પણ એ પૂર્ણાનંદ એકરૂપ શુદ્ધ કેમ કહ્યું? પહેલા જ્ઞાયક કહ્યું. તો જ્ઞાયક તો **'एवं भणंति सुद्धं'**. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो'** જ્ઞાયકભાવ. એને પછી ટીકામાં એક લીધો. જ્ઞાયકભાવ શબ્દમાંથી 'અમૃતચંદ્રાચાર્યે' (એમ કાઢ્યું કે) જ્ઞાયકભાવ એક છે, એક છે. એ શુભાશુભ પરિણમન રૂપે નથી થતો તો અપ્રમત્ત-પ્રમત્ત(રૂપ) અનેકપણું એમાં ન આવ્યું. એકમાં અનેક ન આવ્યું. એમ સિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ? અને એ એક સ્વરૂપ છે એની જ્યારે સેવા કરી, પર્યાય તે તરફ ઝુકીને દ્રવ્ય સ્વભાવની સેવા કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થઈ, અભેદ રત્નત્રયની પર્યાયને ઉપાસવામાં આવ્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ત્યારે એ આત્માને શુદ્ધ કહેવામાં આવ્યો. ત્યારે એના ખ્યાલમાં આ શુદ્ધ છે એમ આવ્યું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અશુદ્ધની એકતા હોય અને શુદ્ધ દ્રવ્ય લક્ષમાં આવે, એમ કોઈ દિ' થઈ શકે નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? રાગ અને નિમિત્તમાં એકતા હોય અને આ જ્ઞાયક શુદ્ધ છે, શુદ્ધ માને છે એમ બની શકે નહિ. ગોદિકાજી! સૂક્ષ્મ વાત છે. ધર્મ-સમ્યગ્દર્શનની વાત પહેલી છે. એ વિના એનું જ્ઞાન સમ્યક્ નહિ અને એ વિના એના વ્રત ને પડિમા-ફડિમા બધું એકડા વિનાની મીંડા છે.

મુમુક્ષુ :- ચારિત્ર નહિ?

ઉત્તર :- ચારિત્ર ક્યાંથી આવ્યું? ક્યાં સ્થિર થવું છે? ક્યાં રોકાવું છે એ ચીજ ક્યાં છે, કેવી છે એ તો ખ્યાલમાં આવ્યું નથી. સમજાય છે કાંઈ? કહો, દેવીલાલજી!

કહે છે, '**ઉપાસવામાં આવતો...**' સ્વતંત્ર આત્મા નિમિત્ત અને રાગની અપેક્ષા છોડીને, છોડીને નિજ જ્ઞાયકભાવની અપેક્ષા કરીને પોતાની પર્યાયમાં દ્રવ્યને ઉપાસવામાં આવતો '**શુદ્ધ' કહેવાય છે.**' ત્યારે શુદ્ધ એના ભાનમાં આવે છે. કહેવાય છે એ તો શબ્દ છે. સમજાય છે કાંઈ? ત્યારે આ શુદ્ધ છે એમ એના ભાનમાં આવે છે. લ્યો, ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. એ ત્રણ પદનો અર્થ થયો. ચોથું પદ રહી ગયું છે.

જુઓ! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' ત્રણ પદ આવ્યા. ત્રણ પદમાં બે નયનો નિષેધ કર્યો. કઈ? શુભાશુભ ભાવનો નિષેધ થયો.. ભાઈ! શુભાશુભ ભાવ એ વિકાર છે. તો અસદ્‌ભુત વ્યવહારનયનો એ વિષય છે. અસદ્‌ભુત વ્યવહાર બે પ્રકારના છે. એક ઉપચારિત, એક અનુપચારિત. જે રાગ ખ્યાલમાં આવે છે તે અસદ્‌ભુત ઉપચાર. અને ખ્યાલમાં નથી આવતો છતાં હોવો જોઈએ, કેમકે રાગ જ્યારે બુદ્ધિપૂર્વક ખ્યાલમાં આવે છે તો ત્યાં સ્થુળ ઉપયોગ છે તો અહીંયાં અબુદ્ધિપૂર્વક ખ્યાલમાં નહિ આવનારો કષાય છે. એમ જાણવું એ અસદ્‌ભુત અનુપચારનો વિષય છે. જાણવામાં આવ્યું કે છે. બસ, એટલું. અસદ્‌ભુત ઉપચારનો વિષય છે. ન જણાયો તે અસદ્‌ભુત અનુપચારનો વિષય છે. બેયનો અહીંયાં નિષેધ કર્યો. સમજાય છે કાંઈ?

અધ્યાત્મની વ્યવહારની ચાર નય છે. સદ્‌ભુત, અસદ્‌ભુત. અને સદ્‌ભુતના બે ભેદ-ઉપચાર અને અનુપચાર. અને અસદ્‌ભુતના બે ભેદ-ઉપચાર અને અનુપચાર. છે તો ચારેય વ્યવહાર. ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ છે, જ્ઞાયક છે એમ પરથી લક્ષ છોડી સ્વનું લક્ષ કરી દ્રવ્યની ઉપાસના કરી. અનાદિથી રાગની ઉપાસના કરતો હતો. પુણ્ય-પાપ ને વિકલ્પની ઉપાસના કરતો હતો. ત્યાં સુધી તો એ અશુદ્ધ લક્ષનો અનુભવ મિથ્યાદૃષ્ટિનો હતો. સમજાય છે કાંઈ? જ્યારે એ પુણ્ય-પાપનું લક્ષ પર ઉપર છે એ લક્ષ પણ છોડી દીધું. લક્ષ છોડી દીધું તો શુભાશુભ ભાવનું લક્ષ છૂટી ગયું. છૂટી ગયું તો લક્ષ આવ્યું દ્રવ્ય ઉપર. જ્ઞાયક ચૈતન્યપ્રભુ પોતાના સ્વભાવ ઉપર લક્ષ કરવાથી પર્યાયમાં એની સેવા થઈ, સેવના થઈ એ દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? તો બે નયનો નિષેધ થયો. અસદ્‌ભુત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપચાર, અનુપચાર. લ્યો, આવી ગયું ને?

રાગ વિકાર છે એ જરી ખ્યાલમાં આવે છે તે અપેક્ષાએ અસદ્‌ભુત ઉપચાર કહે છે. ખ્યાલમાં આવવા છતાં જાણવું કે આ છે. તે ઉપચાર. ખ્યાલમાં નહિ આવનારો, છે અસદ્‌ભુત, વસ્તુમાં નથી. પણ છતાં ખ્યાલમાં આવ્યો એને ઉપચાર કહ્યું. ખ્યાલમાં નથી આવતો એને અનુપચાર કહ્યું. બેયનો અહીંયાં નિષેધ થઈ ગયો. હવે ચોથા બોલમાં સદ્‌ભુત ઉપચારનયનો નિષેધ કરે છે. હવે આવશે. ચોથા પદમાં સદ્‌ભુત ઉપચારનયનો નિષેધ કરે છે. સાતમી ગાથામાં સદ્‌ભુત અનુપચારનયનો નિષેધ કરશે. સમજાય છે કાંઈ? આ બાર ગાથામાં આખા સમયસારનું બીજ પડ્યું છે. અને પંચાધ્યાયીકારે જે ચાર નય કાઢી છે ઈ આ બાર ગાથામાંથી કાઢી છે. ખરેખર તો છઠ્ઠી અને સાતમીમાંથી જ ચાર નય કાઢી છે. તારાચંદજી! 'પંચાધ્યાયી'માં છે ને? ઈ અહીંથી કાઢી છે. નવા માણસને જરી શબ્દ કઠણ પડે પણ ખ્યાલમાં રાખવું કે કંઈક છે, કંઈક કહે છે. એમ તો સમજવું ને? સદ્‌ભુત, અસદ્‌ભુત.

કહે છે, જુઓ! અપ્રમત્ત નથી. સેવતા શુદ્ધ કહેવાય છે. એવી દૃષ્ટિ જ્યારે થઈ તો અસદ્‌ભુત બે પ્રકારનો વિકાર આત્મામાં નથી. એવો અસદ્‌ભુત પર્યાયમાં છે એનો નિષેધ થઈ ગયો. હવે ચોથા પદનો અર્થ આજે ચાલશે. '**णादो जो सो दु सो चेव**'. જ્ઞાત થયો તે જ્ઞાયક જ છે. જ્ઞાત થયો તે જ્ઞાયક જ છે, બીજો નથી. એટલા શબ્દનો અર્થ હવે કરશે. સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ! ચોથા પદનો અર્થ ચાલે છે.

'**વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન...**' અગ્નિને દહન કહે છે. બાળે છે ને એ અપેક્ષાએ દહન કહે છે. બાળનાર અગ્નિ, બળવા યોગ્ય પદાર્થને આકારે થાય છે. છતાં એ બળવાયોગ્ય પદાર્થરૂપ નથી થઈ. અગ્નિ તો દહન છે, બાળે છે એમ કહ્યું અને દહન છે તે બળવાયોગ્ય પદાર્થને આકારે અગ્નિ થઈ છે. બળવા યોગ્ય પદાર્થરૂપ અગ્નિ નથી થઈ. સમજાય છે કાંઈ? આ દૃષ્ટાંત છે. આચાર્યે 'અમૃતચંદ્રાચાર્યે' દૃષ્ટાંત દીધું. પાઠની વાત દૃષ્ટાંત દ્વારા સહેલી થાય છે. સુગમતાથી સમજાય. પાઠ તો સૂક્ષ્મ છે તો 'અમૃતચંદ્રાચાર્ય' દૃષ્ટાંત દઈને (સમજાવે છે કે) પ્રભુ! 'કુંદકુંદાચાર્ય' અહીંયાં એમ કહે છે, '**णादो जो सो दु सो चेव**'. જે જ્ઞાયકભાવ પ્રસિદ્ધ છે, જ્ઞાયક.. જ્ઞાયક.. (એનો અર્થ એમ થયો કે) જ્ઞાયક પરને જાણે છે. તો એ જ્ઞાયકમાં પરને જાણે છે એમ આવ્યું તો શું એ પરાધીન છે એટલું? પરને જાણ્યું એટલું જ્ઞેયને આધીન થયું? તો એટલી અશુદ્ધતા એને લાગુ પડી કે નહિ? લાગુ કહે છે ને? લાગુ પડી કે નહિ? નહિ. એ સિદ્ધ કરવું છે. અગ્નિનું દૃષ્ટાંત દીધું.

અગ્નિ જે છે એ બળવાયોગ્ય લાકડીને બાળે છે. તો શું બાળનાર અગ્નિ બળવા યોગ્ય પદાર્થને આકારે થઈ છે? હા. પણ એ આકાર અગ્નિનો આકાર છે, પરનો આકાર નથી. સમજાય છે કાંઈ? બળવાયોગ્ય પદાર્થનો આકાર એમાં આવ્યો જ નથી. એવી થઈ ગઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ખરી પણ એ તો પોતાના આકારમાં અગ્નિની પર્યાયમાં અગ્નિ એવી થઈ છે. અગ્નિની અવસ્થા બળવાયોગ્ય પદાર્થની અવસ્થારૂપ નથી થઈ. સમજાય છે કાંઈ? આ તો દૃષ્ટાંત છે, હોં! સિદ્ધાંત તો પછી આત્મામાં ઉતારવો છે. '**णादो जो**' જણાયો, જ્ઞાયક જણાયો તે છે. પરને જાણે છે એવું આવ્યું ને અંદર? જાણનાર.. જાણનાર.. એમ આવ્યું ને? સાંભળ તો ખરો. અગ્નિ પર બળવાયોગ્યને બાળે છે એમ કહ્યું. તેના આકારે થવાથી, બળવા યોગ્યના આકારે (થાય છે).

જુઓ! છાણા હોય છે ને? છાણાને શું કહે છે? ગોબર. જંગલમાં સૂકાઈ જાય ને? એને અમારે ત્યાં અડાયા કહે છે. ... અડાયા ત્યાં ને ત્યાં સૂકાઈ જાય અને થાપે એને છાણા કહે છે. લાવે ને? પછી થાપે એને છાણા કહે છે. અને જે જંગલમાં સૂકાઈ જાય એને અડાયા કહે છે. અડાયા એટલે ન્યાં ને ન્યાં સૂકાઈ જાય. ત્યાં ને ત્યાં સૂકાઈ ગયેલા. એને જો અગ્નિમાં નાખે તો અગ્નિ એને બાળીને અગ્નિ એના આકારે થઈ જાય છે. અડાયા આમ હોય ને? છાણનું-ગોબરનું. કોલસો લ્યો. અહીં તો છાણાનો આકાર બહુ સરસ લાગે છે. એ સૂકાયેલા જોવે તો ખબર પડે. અગ્નિ હોય તો અગ્નિ એવા જ આકારે થઈ જાય છે. બળવાયોગ્ય પદાર્થને આકારે થાય છે. પણ એ બળવાયોગ્ય પદાર્થને આકારે પોતાની પર્યાય થઈ છે. પર રૂપે નથી થઈ. એ બળવા યોગ્ય પદાર્થના આકારરૂપ નથી થઈ. આકાર નામ એ રૂપે નથી થઈ. અગ્નિનો પોતાનો જે સ્વભાવ છે તે પોતાના આકારે તે આકારરૂપ થઈ છે. પોતાની પર્યાયમાં તે આકારરૂપ થઈ છે. પરની પર્યાયના આકારરૂપ થઈ છે એમ નથી. જુઓ! સૂક્ષ્મ છે, શશીભાઈ!

'**વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી...**' જુઓ! આકારે થવાથી એમ તો કહ્યું. પણ કોણ તે આકારે થવાથી? અગ્નિ. અગ્નિ આકારરૂપ થઈ છે. '**અગ્નિને દહન કહેવાય છે...**' દહન કહેવાય છે-બાળે છે એમ કહેવાય છે. બાળે છે. અહીં જ્ઞાયક કહેવો છે ને? જ્ઞાયક-જાણનારો. એમ દહન કહેવાય છે. '**તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...**' એ ચીજની આકૃતિ અહીંયાં નથી આવી. અહીંયાં તો અગ્નિની પોતાની પર્યાય છે. દાહ્યકૃત પરપદાર્થની અશુદ્ધતા અગ્નિને લાગુ નથી પડતી. સમજાય છે કાંઈ? ગુજરાતીમાં તો અમારે બે-ચાર-પાંચ ભાષા આવે. (હિન્દીની) બહુ આવે નહિ. એકાદ ખાસ હોય તે આવે. છે કે નહિ? એ આકારે થઈ નથી, સમજ્યા ને? પરનો આકાર પરમાં રહ્યો, સ્વનો આકાર સ્વમાં આવ્યો. એ પોતાના આકારરૂપ થઈ છે. પરને આકારે થવા છતાં પોતાના આકાર રૂપ થઈ છે, પરના આકાર રૂપ થઈ નથી. '**તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી...**' એટલું સિદ્ધ કર્યું, બસ. કારણ કે અગ્નિ પરને બાળતી હોવા છતાં અગ્નિ પોતાની પર્યાયમાં પરના આકારરૂપ પોતાની પર્યાય રૂપ થઈને રહી છે. પરની પર્યાયરૂપ થઈને આકાર રૂપ થઈ છે એમ નથી, આ દૃષ્ટાંત સિદ્ધાંતને સરળ કરવા માટે (કહ્યો).

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી...'** જુઓ! જ્ઞાનમા રાગાદિનું જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? એ રાગ પણ જ્ઞેય છે, હોં! ભગવાન આત્મા નિજ જ્ઞાયકનું ભાન થયું તો સ્વપરપ્રકાશક જ્ઞાન થયું. એમાં જે રાગ છે એ તો... પહેલા અસદ્‌ભુતના બે કહ્યા હતા. હવે રાગના જ્ઞાનની વાત કરે છે કે જેવો રાગ આવે છે, જે બારમી ગાથામાં કહેશે, **'तदात्वे'** જાણેલો પ્રયોજનવાન. જ્ઞાન જે છે તે સ્વને જ્ઞાન જાણે છે અને રાગ આવ્યો તેને જાણ્યો. રાગ સંબંધી જે જ્ઞાન છે તે જ્ઞાન પરિણમ્યું. રાગ-જ્ઞેયાકારે થયું. પણ જ્ઞાન જ્ઞેયાકારે (થયું છતાં) રાગરૂપ થઈને જ્ઞેયાકાર નથી થયો.

ફરીને, **'જ્ઞેયાકાર થવાથી...'** અહીં જ્ઞેયાકારના શબ્દમાં પર તો ઠીક પણ અહીં અમારે રાગ લેવો છે. સૂક્ષ્મ. જ્ઞાનમાં જેવો રાગ આવે છે એવું જ્ઞાન તે સંબંધીના જ્ઞાનનું અહીંયાં પરિણમન થાય છે. પણ એ જ્ઞેયાકાર નામ રાગરૂપ થઈને રાગના જ્ઞાનરૂપ થયું, એમ નથી. રાગનું જ્ઞાન જ્ઞાનરૂપ થઈને રાગનું જ્ઞાન (થયું છે). જ્ઞાનાકારરૂપ રહીને જ્ઞેયાકારરૂપ થયું છે.

ફરીને, જેમ અગ્નિ પરને આકારે થઈ છે છતાં પરની પર્યાયરૂપ થઈને થઈ નથી. પોતાની પર્યાયના આકારરૂપ થઈને થઈ છે. એમ ભગવાન આત્મા જ્ઞાયક જે છે... એવો અવાજ થયો કે જ્ઞાયક. તો અહીંયાં એવા જ પ્રકારે **'જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકતા પ્રસિદ્ધ છે...'** શું કહે છે? જાણે છે એ પ્રસિદ્ધ છે. રાગને જ્ઞાયક જાણે છે એવી વાત પ્રસિદ્ધ છે. વ્યવહાર રાગને જાણે છે એવી વાત પ્રસિદ્ધ છે. **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** રાગકૃત અશુદ્ધતા નથી. રાગ છે તો જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ થઈ છે એમ નથી. સમજાય છે કાંઈ? પોતે જ્ઞાનસ્વરૂપ ભગવાન તેને પોતાનું જાણવું થયું. એમાં જ્ઞાયકતા છે તો પરને, રાગાદિને પણ જાણે છે ને? જાણો. એમાં શું થયું? શું રાગરૂપ થઈને જ્ઞાનરૂપ જ્ઞેયાકાર થયો છે? રાગરૂપ થઈને જ્ઞાન જ્ઞેયાકારે થયું છે? જ્ઞાન (જ્ઞાના)કારરૂપ રહીને રાગને જાણે છે. ભાઈ! સૂક્ષ્મ (છે). મૂળ ગાથા છે ને એટલે સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ફિરસે.

ઉત્તર :- ફરીને. શું કહેવાય ઈ? વન્સ મોર. ઈ વન્સ મોર છે અમારે. સમજાય છે કાંઈ? એ તો અમે પણ તદ્દન મૂકતા નથી, હોં! બે-ચાર, પાંચ વખત કહ્યા વિના.

વસ્તુ ચૈતન્ય જ્ઞાયકની ઉપાસનાથી શુદ્ધ કહ્યો. તો જ્ઞાનમાં જ્ઞાયક નામ પ્રસિદ્ધ થયું. જાણનારો છે, જાણનારો છે. તો જાણનારો રાગને જાણે છે, વિકારને જાણે છે એમ પ્રસિદ્ધ થયું. થાઓ. પણ આત્મા, જેવી રીતે અગ્નિ બળવાયોગ્યને આકારે થવા છતાં અગ્નિના આકારરૂપે થઈ છે એમ ભગવાન આત્મા રાગને જાણે છતાં, જ્ઞેયના આકારરૂપે જાણવા છતાં જ્ઞાનના આકારરૂપે થઈને રાગને જાણે છે. એ જ્ઞાનના આકારરૂપ થઈને જાણે છે. રાગરૂપ થઈને જાણે છે એમ નથી. સમજાય છે કાંઈ?

પ્રમાણનું કહ્યું છે ને? પ્રમાણજ્ઞાનને સદ્‌ભુત ઉપચારનયનો વિષય કહ્યું છે. 'પંચાધ્યાયી'માં

ચાર નય ઉતારી છે ને? તો બે તો પહેલાં કહી. હવે ત્રીજી એવી રીતે ઉતારી છે કે સ્વપરપ્રકાશક પ્રમાણજ્ઞાન એ સદ્‌ભુત ઉપચારનયનો વિષય છે. છે પ્રમાણ પણ વિષય છે સદ્‌ભુત વ્યવહારનયનો. સાંભળો! પર્યાય છે ને. શું કહ્યું? ભગવાન આત્મા, પોતાનું જ્ઞાન થયું અને રાગનું (જ્ઞાન) થયું તો પ્રમાણજ્ઞાન થયું, પ્રમાણજ્ઞાન. સમજાય છે કાંઈ? નિશ્ચય અને વ્યવહાર બેનું જ્ઞાન (તે) પ્રમાણજ્ઞાન. તો પ્રમાણજ્ઞાનને ત્યાં (સદ્‌ભુત વ્યવહારનયનો વિષય કહ્યો છે ઈ) અહીંથી લીધું છે. આ ચોથા પદમાંથી. પ્રમાણજ્ઞાનને સદ્‌ભુત ઉપચારનય કહે છે. કેમ? કે જ્ઞાન પોતાનું છે એટલે સદ્‌ભુત. પણ ઈ એને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. સૂક્ષ્મ પડશે થોડું. લક્ષમાં તો લેવું પડશે કે નહિ?

પ્રમાણજ્ઞાન છે તે પર્યાય છે. સ્વને અને પરને જાણનારી પર્યાય છે. તો પ્રમાણ પોતે સદ્‌ભુત ઉપચારનયનો વિષય છે. કેમકે સદ્‌ભુત જ્ઞાન તો પોતાનું છે, પોતાની હયાતી છે તો પરને જાણે છે. અને પોતાની (પર્યાય) છે તે સદ્‌ભુત થયું. પણ પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. તો ખરેખર એ પરને જાણતું નથી, પોતાની પર્યાયને જાણે છે. આહાહા..! થોડું થોડું પણ સમજવાની વસ્તુ છે, હોં! સૂક્ષ્મ પડે પણ આ સમજ્યા વિના એના કોઈ દિ' આરા નથી. મરી જાય ને ફીટી જાય હજાર હજાર વર્ષ તો... સમજાય છે કાંઈ? મહાવ્રત પાળે ને વ્રત પાળે. છે ક્યાં મહાવ્રત? અનુભવની દૃષ્ટિ વિના, સમ્યગ્દર્શન વિના આવ્યા ક્યાંથી? સમજાય છે કાંઈ?

કહે છે કે સમ્યગ્દૃષ્ટિને નિજદ્રવ્યની ઉપાસની થઈ તો શુદ્ધ છે એમ દૃષ્ટિમાં આવ્યો. તો જ્ઞાનમાં સ્વપરપ્રકાશકપણું છે. જ્ઞાનમાં સ્વપરપ્રકાશક છે તો રાગ બાકી છે તેને જાણે છે. જેવો રાગ આવ્યો, જેવી દયાનો ભાવ (આવ્યો), જેવો વિકલ્પ આવ્યો તે પ્રકારનું અહીંયાં જ્ઞાન થાય છે. પણ એ પ્રકારનું જ્ઞાન થવા છતાં તે જ્ઞેયરૂપ થઈને એ જ્ઞાન નથી થયું. તે પોતાના જ્ઞાયકપણે થઈને ઈ જ્ઞાન થયું છે. જેમ અગ્નિને દાહ્યયોગ્ય પદાર્થની અશુદ્ધતા લાગુ પડતી નથી, એમ ભગવાન આત્મા પોતાને જાણે છે, સાથે રાગને જાણે છે તો રાગ છે તો જાણ્યું, એવી અશુદ્ધતા સ્વપરપ્રકાશક (જ્ઞાનમાં) ધર્મીને લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ?

ફરીને. આમાં પુનરુક્તિ લાગતી નથી. થોડી થોડી વાત ફરીને આવે છે. જુઓ! '**તેવી રીતે**...' અગ્નિના દૃષ્ટાંતે. '**જ્ઞેયાકારક થવાથી**...' જેવો રાગ આવ્યો, વિકલ્પ આવ્યો, દયાનો આવ્યો.. સમજ્યા? અને જ્ઞાનીને તો કોઈ રૌદ્રધ્યાનના પણ પરિણામ થાય છે. સમજાય છે? પાંચમે ગુણસ્થાને હોય છે કે નહિ? છઠ્ઠે નથી હોતો. છઠ્ઠે આર્ત્તધ્યાન હોય છે. તો કહે છે, જે પ્રકારનો અશુભ રાગાદિ છે કે શુભ રાગાદિ છે તે સમયે જ્ઞાન પોતાની જ્ઞાયકતાથી પોતાને જાણે છે અને પરને જાણવાની પર્યાયરૂપ પરિણમવું એનો સ્વભાવ છે. પણ એ રાગ આવ્યો અને જ્ઞેય છે, તેની અસ્તિ છે તો અહીંયાં જ્ઞાનનું એ રૂપ પરિણમન અસ્તિ થયું એમ નથી. રાગ છે કે પરવસ્તુ છે તો અહીંયાં જ્ઞાનનું પરપ્રકાશકરૂપ પરિણમન થયું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ નથી. પોતાના સ્વભાવમાં જ્ઞાયકપણે જ્ઞાન પ્રસિદ્ધ થયું તે પોતાની પર્યાયથી પ્રસિદ્ધ થયું છે. પરને કારણે પ્રસિદ્ધ થયું છે એવી અશુદ્ધતા એને સ્વપરપ્રકાશમાં લાગુ પડતી નથી. ચંદુભાઈ! થોડું પણ જેમ છે તેમ સમજવું પડશે. એ સમજ્યા વિના સત્ય જ્ઞાન થયા વિના સત્યનો જવાબ નહિ મળે. વસ્તુ એવી સત્ છે. સમજાય છે કાંઈ? તો જેવું સ્વરૂપ છે એવી રુચિ અને જ્ઞાન ન થાય તો સત્ જવાબ નહિ આપે કે હું આવો શુદ્ધ છું, એવો અનુભવ નહિ થાય. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન '**જ્ઞેયાકાર થવાથી...**' આ તો પહેલા વ્યવહાર લીધો, હોં! રાગ છે એવો આકાર અહીંયા થયો. '**તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' રાગને જાણવો, પરને જાણવું, સ્વને જાણવું અને પરને જાણવું એવું જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' એ રાગ છે તે જાણવું થયું, એવી પરાધીનતાની અશુદ્ધતા જ્ઞાનને નથી. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતે વચન ભેદ ભ્રમ ભારી,' 'બનારસીદાસ'નો શ્લોક છે.

સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી
જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપ પરરૂપા ભાસી.

'બનારસીદાસે' તો બહુ કામ કર્યા છે, બહુ! અનુભવી પુરુષ હતા. સમજ્યા? ગૃહસ્થાશ્રમમાં હો, એમાં શું છે? એ ગૃહસ્થાશ્રમમાં છે જ નહિ. સમકિત તો પોતાની પર્યાયમાં, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? તો કહે છે, 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી'. ઈ અમારી શક્તિ છે. 'તાતે વચનભેદ ભ્રમ ભારી' ત્યારે કહે કે એને જાણ્યું, આને જાણ્યું, એને જાણ્યું. એવા વચનના ઘણાં ભેદ પડી જાય છે. 'જ્ઞેયશક્તિ દ્વિવિધા પરકાશી, સ્વરૂપા..' જ્ઞેયશક્તિ દ્વિવિધ પ્રકાશી. 'સ્વરૂપા પરરૂપા ભાસી'. પણ ભાસ્યું પોતામાં. સમજાય છે કાંઈ? આહાહા..! જેની દૃષ્ટિ પોતાના જ્ઞાયક ઉપરથી પોતાની ઉપાસનાથી જે શુદ્ધતા પ્રગટ થઈ તેના દ્વારા શુદ્ધ આત્મા છે એમ ભાસ થયો, તેના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક પર્યાય પરિણમે છે. જેવો રાગ છે, જેવો દયા ભાવ છે, જેવો વિકલ્પ ઊઠે છે તે પ્રકારનું જ્ઞાન જ્ઞેયાકારરૂપ થાય છે. પણ તે જ્ઞેય નામ રાગરૂપ થાય છે એમ નથી. પોતાના જ્ઞાનની પર્યાયરૂપ થઈને પરિણમે છે. આહાહા..! જ્ઞેયને ભિન્ન પાડીને, જ્ઞેયને ભિન્ન રાખીને. બીજી ભાષાએ કહીએ તો સમ્યગ્દૃષ્ટિ વ્યવહાર રત્નત્રયને-પરજ્ઞેયને ભિન્ન રાખીને, પરસંબંધી જે પોતાનું જ્ઞાન તે રૂપ જ્ઞાન પરિણમે છે. પર છે તો પરિણમ્યું છે એવી અશુદ્ધતા જ્ઞાયકને લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ? આરે..! ભારે વાત ભાઈ! આવો માર્ગ હશે? બહુ આ તો ભાઈ ઝીણું છે. એક માણસ કહે, ઝીણું બહુ કાંતો છો. એમ કહેતા હતા. ઝીણું સમજ્યા? દોરો હોય ને? દોરો. બારીક. સુતર નથી આવતું? સુતર. ૧૨૦ નંબરનું બહુ ઝીણું, બહુ ઝીણું. પણ ભગવાન! તારો સ્વભાવ જ સૂક્ષ્મ છે, સાંભળ તો ખરો. તારું દ્રવ્ય સૂક્ષ્મ, તારા ગુણ સૂક્ષ્મ, તારી પર્યાય સૂક્ષ્મ. આહાહા..! અને સ્વપરપ્રકાશક તારો સ્વભાવ પણ ઝીણો છે. સાંભળ તો ખરો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારું અસ્તિત્વ તારે નક્કી કરવું છે કે નહિ? સેઠી! આહાહા..!

જે મુખ્ય પહેલા કરવાનું છે એની તો દરકાર નથી. અને એ સિવાયનું બીજું (કરે છે). પહેલાં આમ કરો, રાગ મંદ કરો, આવી ક્રિયા કરો. હવે એ તો અનંત વાર કર્યું, તારા સ્વરૂપના ભાન વિના. એમાં જન્મ-મરણના અંત આવ્યા નહિ. સમજાય છે કાંઈ? લોકો તો બહારથી જુએ. આને સ્ત્રી છે, એને પુત્ર થાય છે. ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી છે. એને દીકરા થાય છે. હંમેશાં ભોગ લે છે. હવે સાંભળ તો ખરો. એ ભોગ લે છે આત્માનો. અને તું ત્યાગી થઈને, રાગમાં એકત્વબુદ્ધિ છે તો તું ભોગવે છે વિકારને. એટલો ફેર છે. ઈ આવે છે ને? પંડિતજી! ઈ આવે છે. નારકી નહિ? 'નારકીકૃત બાહ્ય દુઃખ ભોગત, અંતર સુખ કી ગટાગટી'. પહેલીવાર શેઠ આવ્યા હતા ને? તો બોલ્યા હતા. શેઠને કાંઈ ખબર ન મળે. આપણે તો જેવું છે તેવું (કહીએ). જિજ્ઞાસાથી બિચારા પણ ખબર નહિ. પહેલા બોલ્યા. પહેલા (સંવત) ૨૦૦૧ની સાલમાં આવ્યા હતા. ૨૧ વર્ષ થયા. પહેલા ગટાગટી બોલ્યા તો થયું, આ શું કહે છે? અમને તો એમ કે શ્લોક સાંભળ્યો નહિ હોય. 'નારકી બાહ્યકૃત દુઃખ ભોગત, અંતર સુખ રસ ગટાગટી'. નારકી, સાતમી નરકનો નારકી. અપરિઠાણા રવરવ નરકનો નારકી સમ્યગ્દૃષ્ટિ છે. ત્યાં સમ્યગ્દર્શન લઈને નથી જતો અને સમ્યગ્દર્શન લઈને નીકળતો નથી. પણ વચ્ચેના કાળમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. રવરવ નરકમાં અપરિઠાણા નરકમાં પડ્યો છે, અત્યારે છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે, બાહ્યકૃત દુઃખ દેખાય છે પણ અંદરમાં જરી દુઃખની પર્યાય થાય છે, અસહનશીલતાની, તેનું પણ અહીં જ્ઞાન કરે છે. તો એ દુઃખની પર્યાય છે તેથી જ્ઞાન થાય છે એમ નથી. શું કહ્યું સમજાણું?

જ્ઞાન પોતાના જ્ઞાયકપણાથી પ્રસિદ્ધ પ્રભુ પોતાનું પણ જ્ઞાન કરે છે, પરનું પણ જ્ઞાન કરે છે. પણ પરનું જ્ઞાન કરવા છતાં પર છે તો પરના જ્ઞાનરૂપ થાય છે એમ નથી. નિજ અસ્તિત્વની ભૂમિકામાં પોતાના અસ્તિત્વમાં જેવું પોતાનું જ્ઞાન કરે છે, તેવું પરનું (જ્ઞાન) પણ પોતાના અસ્તિત્વમાં પરરૂપ નહિ થઈને, પોતારૂપ રહીને સ્વપરપ્રકાશક જ્ઞાન જ્ઞેયના આકારે, પોતાનો જ્ઞાનાકાર પોતાથી પોતાને કારણે થયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે,.. આ તો પહેલી ગાથાઓ તો બાર ગાથામાં આખું સમયસાર ભરી દીધું છું. પીઠિકા લખી છે, પીઠિકા. 'જયચંદ્ર પંડિત' (કહ્યું કે) આ બાર ગાથા પીઠિકા છે, પીઠિકા. પીઠિકા સમજ્યા? ઝાડ હોય ને? એનો ઓટલો બનાવે ને? ઓટલો બનાવે. પછી ફળફૂલ થાશે.

કહે છે,.. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' 'કુંદકુંદાચાર્ય' પરમેશ્વરના પુત્ર! પેલા કહે છે ને? ઈશ્વરનો પુત્ર. ઈસુ... ઈસુ. આ પરમેશ્વરના પુત્ર છે. શાસ્ત્રમાં લખ્યું છે, ભાઈ! ગૌતમને સર્વજ્ઞના પુત્ર લખ્યું છે. 'ધવલ'માં પાઠ છે. શાસ્ત્રમાં બધું લખ્યું છે, શાસ્ત્રમાં બધું પડ્યું છે. કોઈપણ શબ્દ નીકળે છે તે શાસ્ત્રમાં છે એમ ખ્યાલમાંથી નીકળે છે. સર્વજ્ઞના પુત્ર કહ્યા છે અને સમ્યગ્દૃષ્ટિને પણ કહ્યું છે ને? 'તે જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન.' તે પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુત્ર થઈ ગયા. લઘુપુત્ર છે, ગૌતમ મોટા પુત્ર છે. સમજાય છે કાંઈ? સંતો કેવળજ્ઞાનીના પુત્ર છે, સર્વજ્ઞના પુત્ર છે. સર્વજ્ઞની પર્યાય અલ્પકાળમાં થશે. એને થશે. સર્વજ્ઞ થશે, એકાદ ભવ બાકી છે. અત્યારે સ્વર્ગમાં ગયા છે. 'કુંદકુંદાચાર્ય' સ્વર્ગમાં ગયા છે. પંચમકાળ હતો. વિકલ્પનો નિષેધ કરીને ગયા છે. અને જે ભાવનો રાગ આવે છે તે પ્રકારનું જ્ઞાન પોતાની સત્તાથી, પોતાના અવલંબનથી કરતું થકું તેને રાગકૃત જ્ઞાનમાં રાગનું જાણવું થયું તો રાગ છે તો (જાણ્યું) એટલી પરાધીનતા સ્વપરપ્રકાશક જ્ઞાનમાં છે, એમ નથી. સમજાય છે કાંઈ? બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. એક શબ્દ ફરે તો આખું (ફરી જાય એવું છે). આ કાંઈ કોઈ વાત નથી. એક શબ્દ પણ આઘોપાછો થઈ જાય તો તત્ત્વ ફરી જાય છે.

કહે છે, '**જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' કેમ? કારણ આપે છે. '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' જુઓ! જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકરૂપે જણાયો. ભાઈ! આહાહા..! રાગાદિ છે તેને જાણવું તો જ્ઞેયાકાર અવસ્થામાં પણ રાગને જાણવું થયું તે પોતાની પર્યાયમાં થયું. તે જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાયો. એ જ્ઞાયકરૂપે જણાયો છે. રાગરૂપે જણાયો નથી. આહાહા..! જ્ઞાયકરૂપે. અહીં તો દ્રવ્ય અભેદ લેવું છે ને. સમજાય છે? આ તો ભગવાનની ભાગવત કથા છે. 'નિયમસાર'માં લીધું છે. 'નિયમસાર'માં છેલ્લી ગાથામાં 'પદ્મપ્રભમલધારીદેવે' લીધું છે કે આ 'નિયમસાર' ભાગવત શાસ્ત્ર છે. ટીકામાં છે, હોં! 'નિયમસાર'માં. 'નિયમસાર' ભાગવત છે તો આ તો ભાગવતનું ભાગવત છે. આહાહા..!

કહે છે કે, '**જ્ઞેયાકાર અવસ્થામાં...**' ભાષા શું છે? કે અગ્નિ દાહ્યના આકારની અવસ્થામાં પણ અગ્નિ જ છે. પોતાના આકારે જુઓ તોપણ અગ્નિ જ છે. એમ જ્ઞેયાકાર રાગાદિ વિકલ્પ છે તેનું જ્ઞાન અહીંયાં થયું એ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકરૂપે જણાય છે, જ્ઞાયકરૂપે જણાય છે. રાગરૂપે જણાય છે એમ નથી.

'**તે સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ,...**' જુઓ! એ તો સ્વપ્રકાશનમાં પણ જ્ઞાયકરૂપે ભાસે છે. પાછો દૃષ્ટાંત આપશે, હોં! આની માટે. ભગવાન જ્ઞેયાકાર અવસ્થામાં, જેમ અગ્નિ બળવાયોગ્ય વસ્તુના આકારે થવા છતાં અગ્નિરૂપ જ ભાસે છે અને અગ્નિથી જુઓ તોપણ અગ્નિ અગ્નિરૂપે ભાસે છે. એમ ભગવાન આત્મા રાગાદિનું જ્ઞાન કરવાના કાળમાં પણ જ્ઞાયકરૂપે જ ભાસે છે. સ્વપ્રકાશનના કાળમાં પણ એ જ્ઞાયકરૂપે જ ભાસે છે. પરપ્રકાશનના કાળમાં રાગરૂપ ભાસે છે એમ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ખુબી તો ઈ છે કે જેવી સમયે સમયે ઉપાદાનમાં પર્યાય થાય છે... સમજાણું? તે પોતાથી થાય છે. નિમિત્ત છે તો થાય છે એમ નહિ. નિમિત્ત છે તો થાય છે એમ નહિ. તેમ અહીંયાં અંદરમાં વ્યવહાર પણ નિમિત્ત છે. વ્યવહાર પણ નિમિત્ત છે. શુદ્ધ ઉપાદાનની પર્યાય સ્વભાવના આશ્રયે પ્રગટ થઈ. વ્યવહાર નિમિત્ત છે. તો કહે છે કે વ્યવહાર છે તો એનું જ્ઞાન થયું એમ નથી. ભાઈ! આહાહા..! એ વ્યવહાર છે તો નિશ્ચય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થયો, શુદ્ધિ થઈ એમ તો નથી જ. પણ વ્યવહાર છે તેનું જ્ઞાન કર્યું તો વ્યવહાર છે તો જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! ચંદુભાઈ!

ફરીથી. અહીં તો એવી વસ્તુ છે કે પોતાનો ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ કેમ કહ્યો? કે પોતાની સેવા સન્મુખ થઈને કરી, ઉપાસવામાં આવ્યો. પર્યાયને અંતરમાં વાળી સેવી કરી. શુદ્ધતા પ્રગટ થઈ. તો કહે છે કે જ્ઞાયકને જાણવું પ્રસિદ્ધ છે ને? તો પરને જાણવું એમ પ્રસિદ્ધ થયું કે નહિ? રાગાદિને જાણે છે એવી પ્રસિદ્ધતા રાગથી થઈ કે નહિ? નહિ. રાગના કાળે પણ જ્ઞાન જાણતું થકું રાગનું સ્વરૂપ છે એવા પોતાના જ્ઞેયાકારે પરિણમવા છતાં જ્ઞાયકપણે જ પ્રસિદ્ધ થયો છે. રાગપણે પ્રસિદ્ધ થયો જ નથી. આહાહા..! બહુ પણ ઝીણું, ભાઈ! ..લાલજી! આ તો મહાસિદ્ધાંતો છે. આ કોઈ વાર્તા કથા નથી. સર્વજ્ઞના પેટ ખોલીને મૂકી દીધા છે.

જ્ઞેયાકાર થવાથી ભગવાન આત્માને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે ને? તો કહે છે, ના. તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. રાગ છે તો અહીંયાં પરનું જ્ઞાન થયું એમ નથી. એ તો રાગનું જ્ઞાન તે સમયે પોતાની જ્ઞાનની પર્યાયરૂપ પરિણમનના કાળમાં પરિણમન થયું છે. પોતાના જ્ઞાયકની પ્રસિદ્ધિથી પ્રસિદ્ધ થયું છે. રાગથી પરપ્રકાશનું જ્ઞાન પ્રસિદ્ધ થયું છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

બીજી વાત કહે છે કે પોતાનું જ્ઞાન પોતાના આશ્રયે સ્વપરપ્રકાશક થયું તે પોતાની પર્યાયમાં પ્રસિદ્ધિ થઈ છે. તે પર્યાયમાં એ રાગ હતો તેનું જ્ઞાન રાગના કાળમાં તે સંબંધીનું જ્ઞાન જાણતું સ્વપરપ્રકાશકની પર્યાય સ્વતઃ પ્રગટ થાય છે. તે સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી જ્ઞાયકની પ્રસિદ્ધિ કરે છે. રાગ છે તો જ્ઞાન થયું એમ નથી. વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એમ નથી. આહાહા..! અને વ્યવહાર છે તો તેને નિમિત્ત કહ્યું, પણ નિમિત્ત છે તો નિમિત્તનું જ્ઞાન અહીંયા થયું એમ પણ નથી.

મુમુક્ષુ :- .. પણ જ્ઞાન પણ નહિ.

ઉત્તર :- જ્ઞાન નહિ. ભાઈ! જ્ઞાનનો સ્વતઃ તે સમયે સ્વપરપ્રકાશક સામર્થ્યનું કાર્ય છે. 'જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી'. પરરૂપા ભાસી પણ પરરૂપ થઈને ભાસી નથી. અને પર છે તેથી સ્વની પરપ્રકાશક પર્યાય અહીંયાં થઈ છે એમ નથી. ભારે ઝીણું, ભાઈ! ભગવાન! તારી ચીજ જ એવી છે કે તારે સમજ્યે છૂટકો છે. એ વિના કલ્યાણનો અંશ પ્રગટ નહિ થાય. સમજાય છે કાંઈ?

**'જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** હવે દૃષ્ટાંત દેશે. દીપક કર્તા અને પ્રકાશ તેનું કર્મ છે. એમ ભગવાન આત્મા જ્ઞાયક કર્તા અને પરપ્રકાશકની પોતાની પર્યાય પોતાથી થઈ તે પોતાનું કર્મ છે. રાગ એનું કાર્ય નથી. એ વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## દ્વિતીય શ્રાવણ સુદ ૮, મંગળવાર તા. ૨૩-૦૮-૬૬
## ગાથા-૬. પ્રવચન-૨૫

આ 'સમયસાર'ની છઠ્ઠી ગાથા ચાલે છે. છઠ્ઠી કહે છે ને? શું કહે છે? શિષ્યે એવો પ્રશ્ન કર્યો હતો કે પ્રભુ! આપે, પરમાત્મા આદિ સંતોએ જે શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો હતો તેનાથી આપે શુદ્ધાત્માનો અનુભવ કર્યો, તો એ શુદ્ધાત્મા આપ કોને કહો છો કે જેને જાણવાથી આત્માનું કલ્યાણ થાય? અને એ જાણ્યા વિના કદી કલ્યાણ થતું નથી. એવો શિષ્યનો પ્રશ્ન (છે). કોઈ બીજો પ્રશ્ન નથી કર્યો. આપ શુદ્ધ કોને કહે છે કે જેને જાણવાથી આત્માનો મોક્ષમાર્ગ પ્રગટ થાય અને મોક્ષ થાય?

તેના ઉત્તરમાં ત્રણ પદમાં એમ કહ્યું કે, ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત એક સ્વરૂપે પ્રભુ બિરાજમાન ધ્રુવ, તે આત્મસ્વભાવ શુભ અશુભભાવરૂપે થતો નથી. શુભ અશુભભાવ કર્મ રૂપે થતો નથી, તો શરીરરૂપ થાય છે એ તો પ્રશ્ન જ નથી. પણ એની એક સમયની તાદાત્મ્ય વિકારી શુભાશુભ પર્યાય છે તે રૂપે ભગવાન આત્મા કદી થયો નથી. સમજાય છે કાંઈ? શરીર રૂપે, કર્મ રૂપે, પર રૂપે કે એક સમયની અવસ્થા રૂપે, પર રૂપે તો કદી થયો નથી. પણ ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકજ્યોત જે સમ્યગ્દર્શનનો વિષય (છે), તે આત્મા ધ્રુવ ચૈતન્ય જ્ઞાયક શુભાશુભ રાગરૂપે નથી તો આત્મા પ્રમત્ત-અપ્રમત્તપણે નથી. પ્રમત્ત-અપ્રમત્તપણે નથી તો એ જ આત્માને પરદ્રવ્યનું લક્ષ છોડી નિજ સ્વભાવનું લક્ષ કરીને પોતાની પર્યાયમાં આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયથી સેવન થયું તે આત્માને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ તો ત્રણ પદનો અર્થ આપણે થઈ ગયો. હવે ચોથા પદની વ્યાખ્યા છે. 'જ્ઞાત તે તો તે જ છે' એ છે ને ચોથું પદ? '**णादो जो सो दु सो चेव**'.

ફરીને. '**શુદ્ધ' કહેવાય છે.**' ત્યાં સુધી આવી ગયું. દૃષ્ટાંત દીધો હતો તે ફરીથી. સૂક્ષ્મ વિષય છે પણ એને લોકોએ જાણવો તો પડશે ને? '**વળી દાહ્ય (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...**' અગ્નિ બળવાયોગ્ય પદાર્થને બાળે છે. તે આકારે અગ્નિ થવાથી અગ્નિને દહન કહેવાય છે. '**તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...**' તોપણ બળવાયોગ્ય પદાર્થના આકારરૂપે થવા છતાં પરના આકારરૂપે થઈ નથી. સમજાય છે કાંઈ? એ તો અગ્નિ પોતાના આકારરૂપે જ થઈ છે. અગ્નિ અગ્નિ રૂપે રહી છે. અગ્નિ બળવા યોગ્ય પદાર્થના આકારરૂપ થવા છતાં અગ્નિ અગ્નિ રૂપ રહી છે, અગ્નિ ઇંધનરૂપ નથી થઈ. બળવાયોગ્ય પદાર્થરૂપ અગ્નિ કદી નથી થઈ. આ દૃષ્ટાંત થયું. સમજાય છે કાંઈ?

'**તેવી રીતે જ્ઞેયાકાર થવાથી...**' ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર (અર્થાત્)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેવા રાગ-દ્વેષ આદિ છે તેવું પોતાની જ્ઞાનની પર્યાયમાં તે સંબંધી પોતાના જ્ઞાનાકાર રૂપે જ્ઞાન પરિણમે છે. સમજાય છે કાંઈ? આ તો અંતરનો વિષય છે, ભાઈ! ઈ સૂક્ષ્મ છે. એમ બાહ્ય ક્રિયાકાંડ કરવાથી કે આમ કરવાથી તેમ કરવાથી તત્ત્વની પ્રાપ્તિ નથી થતી.

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપમાં જ્ઞેયાકાર થવાથી જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, પ્રસિદ્ધ છે. છતાં એ '**જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' તોપણ જ્ઞાયકભાવ એ જ્ઞેયની પર્યાયરૂપ કદી થયો નથી. સમજાય છે કાંઈ? અગ્નિ બળવાયોગ્ય પદાર્થના આકારે થવા છતાં તે અગ્નિ ઈંધનના કે બળવા યોગ્ય પદાર્થના આકાર રૂપ થઈ નથી. અગ્નિ તો પોતાના આકારે પરિણમે છે તો પરના કારણે તેને અશુદ્ધતા લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ સમ્યગ્દર્શન એવી વસ્તુ છે કે એ તો આત્મા જાણ્યો.. મિથ્યાત્વ એ સંસાર અને સમ્યગ્દર્શન એ મોક્ષ, એમ છે. મિથ્યાત્વ તે જ સંસાર છે. અપરિમિત સંસાર. પછી થોડા રાગ-દ્વેષ રહે છે એ તો પરિમિત સંસાર છે. થોડો સંસાર છે. અને સમ્યગ્દર્શન છે, એ દ્રવ્ય મુક્તસ્વરૂપ છે તો મુક્તનો અનુભવ ભાનમાં આવ્યો તો આત્મા મુક્ત જ છે. થોડા રાગ-દ્વેષ રહે છે એ તો અલ્પ છે. એને અહીંયા ગણતરીમાં ન લ્યો તો એ રાગ-દ્વેષ એ જ્ઞાનના જ્ઞેય તરીકે રહી જાય છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે એ રાગ-દ્વેષ જે છે તે જ્ઞાનમાં જણાયા તો જ્ઞાન જ્ઞેયાકાર રૂપ થયું. જ્ઞેયાકાર થયો તો જ્ઞેયને કારણે થયું કે પોતાને કારણે જ્ઞાનાકાર જ્ઞેયાકારરૂપની પોતાની પ્રસિદ્ધિમાં જ્ઞાનાકાર પોતાને કારણે થયો છે. અરમચંદજી! આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત, તેની વર્તમાનમાં જ્ઞેયને જાણવાથી જ્ઞાયકપણાની પ્રસિદ્ધિ છે. પણ પ્રસિદ્ધિ હોવા છતાં... હિન્દીમાં અમારે થોડો શબ્દફેર આવે છે. તમારી ખબર નથી પડતી. હોનેપર ભી, હોવા છતાં એ સમજી લેવું. કારણ કે અભ્યાસ નથી. જે શબ્દ આવડે છે ઈ આવડે છે, સાધારણ હિન્દી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય અંગાર. જેમ અગ્નિ અંગારો છે, એ અગ્નિ પરાકાર થઈ છતાં અગ્નિ બળવાયોગ્ય પદાર્થની પર્યાયનો આકાર છે તે પર્યાયના આકાર રૂપે થઈ નથી. પોતાના આકાર રૂપે થઈ છે. એમ ચૈતન્ય અંગારો ભગવાન ચૈતન્યજ્યોત રાગાદિને જાણવા છતાં રાગરૂપે જ્ઞાન નથી પરિણમ્યું. રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન, એ જ્ઞાન જ્ઞેયાકારપણે જેવા જ્ઞેય રાગાદિ છે તેવા પોતાના જ્ઞાનાકારપણે જ્ઞાન પરિણમ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! રાગથી પાર, શરીરથી પાર, કર્મથી પાર, એ ચીજની દૃષ્ટિ કર્યા વિના એનું કલ્યાણ કદી થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે '**તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને...**' એ ભાવને એટલે કોણ? જ્ઞાયકપણાને. '**જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે '**તોપણ જ્ઞેયકૃત...**' નામ જણાવાયોગ્ય જે પદાર્થ છે તો અહીંયાં જ્ઞાનરૂપ પરિણમન થયું છે, એવી અશુદ્ધતા એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાગુ પડતી નથી. પૈસા-બૈસા તો પુણ્યને લઈને મળી જાય, આ પુરુષાર્થ વિના મળતું નથી એમ કહે છે. આહાહા..! શું કહે છે? જુઓ! '**જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' રાગરૂપ જ્ઞાનનું પરિણમન થયું જ નથી. જ્ઞાનનું પરિણમન જ્ઞાનાકારની સ્વપર્યાયપણે પરિણમન થયું છે. સમજાય છે કાંઈ? '**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં...**' રાગાદિ વિકલ્પાદિ જે જ્ઞેય છે તેની અવસ્થાને જાણવાલાયક પોતાનું જ્ઞાન થયું તો જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયકપણે જણાયો, તે અવસ્થામાં જાણનારો જ્ઞાયકપણે જણાયો. તે જાણનારો જ્ઞાયકપણે જણાયો, જાણનારો જ્ઞેય રૂપે જણાયો એમ નથી. સમજાય છે કાંઈ?

જેમ અગ્નિ બાળવાના કાળમાં પણ અગ્નિપણે પ્રસિદ્ધ થઈ છે. અગ્નિપણાના ભાવપણે અગ્નિ પ્રસિદ્ધ થઈ છે. એમ જ્ઞાયક ભગવાન આત્મા રાગાદિ, પુણ્યાદિ, વ્યવહાર વિકલ્પાદિ જે જ્ઞેય છે તે આકારે પોતાની જ્ઞાનપર્યાયમાં પરિણમવા છતાં જ્ઞાયકપણું તે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જ્ઞાયકપણે જણાયો, ભાઈ! આહાહા..! એ રાગરૂપે અને વ્યવહાર રૂપે જ્ઞાયક નથી થયો. વ્યવહાર રૂપે જણાયો નથી. જ્ઞાયક જ્ઞાયકરૂપે જણાયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાન જ્ઞેયનું કરવા છતાં જ્ઞેય રૂપે થયું નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ પછી, ઈ બીજી વાત છે. એ હજી બીજી વાત છે, પછી. હજી તો અહીં આટલું લેવું છે. પછી બીજી વાત આવશે. એ બીજા બોલમાં આવશે. આ તો એક એક શબ્દ મહાસિદ્ધાંત છે!

કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકરૂપે જણાયો, એટલી વાત. તે સમયે પણ જ્ઞાયકપણે જ્ઞાયક પ્રસિદ્ધ થયો છે. જ્ઞેયરૂપે પ્રસિદ્ધ નથી થયો. સમજાય છે કાંઈ? હવે '**સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ...**' હવે આવ્યું. સમજાય છે કાંઈ? એકલું સ્વરૂપ લીધું છે, ભાઈ! સ્વરૂપ શુદ્ધ જ્ઞાયક. સ્વ એકલું સ્વરૂપ ચૈતન્યપ્રભુ અભેદ જ્ઞાયકમૂર્તિ '**સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં...**' સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં. ધીમે ધીમે પણ સમજવાની વસ્તુ તો આ છે. બાકી બધી વાતું. અગિયાર અંગ ને નવ પૂર્વ ભણી ગયો. એમાં થયું શું? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા... સવારમાં ભગવાન આત્મા પેલામાં બહુ આવતું હતું, નહિ? ૫૦મી ગાથામાં. ક્ષાયિકભાવનો નિષેધ કરવો હતો ને. આહાહા..!

અહીં કહે છે, ભાઈ! આ ચૈતન્યજ્યોતે પ્રભુ આત્મા બિરાજમાન છે ને. એના અસ્તિત્વની-મોજૂદગીની પ્રતીતિ ક્યારે થાય છે? એના અસ્તિત્વની પ્રતીતિ ક્યારે થાય છે? કે પોતાના જ્ઞાનમાં એ રાગાદિના જ્ઞેયાકાર રૂપે જ્ઞાન થવા છતાં જ્ઞાન તો પોતાને કારણે જ્ઞાનરૂપ થયું છે. જ્ઞેયાકારે પરિણમન થવા કાળે જ્ઞાયકપણે જણાય છે, જ્ઞાયકપણે જણાય છે. જ્ઞાયક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગપણે જણાય છે એમ નથી. સમજાય છે કાંઈ? '**તે સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં...**' હવે થોડું એનાથી પણ સૂક્ષ્મ છે. ભગવાન આત્મા સ્વરૂપ પ્રકાશનની અવસ્થા... અવસ્થા-પર્યાય, ભગવાન આત્મા સ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્યારે સમ્યક્જ્ઞાન મતિ-શ્રુતજ્ઞાન અને સમ્યગ્દર્શનના કાળમાં મતિ-શ્રુતજ્ઞાનથી જ્યારે જ્ઞેય થયો, સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં, પોતાની મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જ્ઞેય થયો તો સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં... સમજાય છે કાંઈ? '**પણ...**' '**સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ...**' પણ કેમ કહ્યું? જ્ઞેયાકાર જ્ઞાનાકાર થવા છતાં જ્ઞાયક તો જ્ઞાયકપણે જણાયો. જ્ઞાયક તો જ્ઞાયકપણે જણાયો છે. રાગપણે જ્ઞાયક પ્રસિદ્ધ થયો એમ નથી. હવે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ '**દીવાની જેમ,...**' દીવાની જેમ '**કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે...**' કર્તા-કર્મનું એકપણું હોવાથી જ્ઞાયક જ છે. ધ્યાન રાખજો! ભગવાન આત્મા દીવાની જેમ. દીવાનો દૃષ્ટાંત આપશે.

'**(જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે).**' એમ ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞેયનું જ્ઞાન કરવાના કાળમાં પણ જ્ઞાયક જ્ઞાયકપણે-જ્ઞાનપણે પ્રસિદ્ધ થયો, રાગપણે નહિ. પછી સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ '**પોતે જાણનારો...**' છે, સ્વયં જાણનારો છે '**માટે પોતે કર્તા...**' આહાહા..! 'પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.' જુઓ! શું કહે છે? ભગવાન આત્મા પોતાને જાણનારો આત્મા તે કર્તા. અને જાણનારો જ્ઞાયક કર્તા તેણે પોતાને જાણ્યો. જ્ઞાયકને જાણ્યો. જ્ઞાયક કર્તા અને જ્ઞાયકને જાણ્યો. જ્ઞાયકને જાણ્યો તે એનું કર્મ. કર્મ નામ કાર્ય. આહાહા..! પહેલી ગાથાઓમાં ઘણું સમાવી દીધું છે. જડનું કાર્ય આત્માનું, પરનું કાર્ય આત્માનું મહા (મિથ્યાત્વ છે). હજી તો ચર્ચા (એવી કરે કે) આત્મા બીજાને સમજાવી શકે કે નહિ? અરે..! ધૂળમાંય સમજાવી (શકે નહિ). ભાષા જડની છે કોણ સમજાવી શકે? સમજાય છે કાંઈ?

અહીં તો અંદર વિકલ્પ ઉઠે એનો જ્ઞાતા (છે). વિકલ્પના જ્ઞેયાકારપણે જ્ઞાન થયું તો ત્યાં જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ છે. વિકલ્પની નહિ, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ પ્રભુ અનંત ચૈતન્યજ્યોતથી ભરેલો ભરપુર પ્રભુ, એની જ્ઞાનની દશામાં જ્ઞેય નામ રાગ, હોં! તો રાગ તો એનું કર્મ નહિ, રાગ એનું કાર્ય નહિ પણ રાગને જાણનારી પર્યાય થઈ તે પણ અહીંયાં કર્તાનું ખરું કર્મ નહિ. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યપ્રભુ પોતાના શુદ્ધ સ્વરૂપ પ્રકાશન કાળમાં, સ્વરૂપના પ્રકાશન કાળમાં અર્થાત્ નિર્વિકલ્પ અનુભવના કાળમાં (જ્ઞાયકપણે જ પ્રસિદ્ધ થાય છે). વિકલ્પના કાળમાં પણ જ્ઞેયાકારનું જ્ઞાન પોતાથી થયું તો જ્ઞાયક તે સમયે જ્ઞાયકપણે જ પ્રસિદ્ધ થાય છે. રાગપણે પ્રસિદ્ધ નથી થતો. હવે સ્વરૂપ પ્રકાશનના કાળમાં પણ.. સમજાય છે કાંઈ? જ્યારે નિર્વિકલ્પ શુદ્ધઉપયોગથી સ્વરૂપ પ્રકાશન કરે છે ત્યારે પણ.. આહાહા..!

**'સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ...'** રાગની પ્રકાશન અવસ્થા, પરની પ્રકાશન અવસ્થા તે પર્યાયની અત્યારે વાત નથી. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત અભેદની પ્રકાશન અવસ્થામાં પણ **'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું...'** અનન્યપણું-અનેરાપણું નહિ. અનન્યત્વ, અનન્યત્વ-અનેરાપણું નહિ હોવાથી **'જ્ઞાયક જ છે...'** કેમ? કે **'પોતે જાણનારો...'** ભગવાન આત્મા જ સ્વરૂપ પ્રકાશન કાળમાં જાણનારો (છે). સમજાય છે કાંઈ? શશીભાઈ! ઝીણું બહુ પણ, હોં! આહાહા..! અરે..! ભગવાન! તું એવો સૂક્ષ્મ છો. એવો અનુભવ કર્યા વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શન વિના જે કાંઈ કરે એ બધું ચાર ગતિમાં રખડવાનું કારણ છે. લાલચંદજી!

કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો તારું સામર્થ્ય! તારું સામર્થ્ય. ભગવાન આત્મા જ્યારે પોતાને જાણે છે તો સ્વયં જાણનારો કર્તા, સ્વયં જાણનારો છે તેથી સ્વયં કર્તા (છે). અને પોતાને જાણ્યો. જુઓ! રાગને નહિ, પરને નહિ, એકલી પર્યાયને જાણી એમ નહિ, ભાઈ! સ્વરૂપ પ્રકાશનના કાળમાં.. ઓહોહો..! માણસને સૂક્ષ્મ પડે ને એટલે એમ કહે, આ પંડિતાઈની વાત છે. એમ કહે, એ તો બધું જાણપણું (થયું), મૂળ અમારે કરવું શું ઈ કહોને. આ રાગ કરો ને દયા કરો ને ભક્તિ કરો. હવે ધૂળેય નથી સાંભળને! કરવાનું આ કર્તવ્ય છે. સમજાય છે કાંઈ? એને ખ્યાલમાં આવે ને. ખ્યાલમાં આવે એ ઠીક પડે અમારે. એ તો અનાદિથી ખ્યાલમાં આવે છે. એમાં છે શું? ઈ તો પર ખ્યાલમાં આવે છે. તારો આત્મા ક્યાં ખ્યાલમાં આવ્યો ઈ વખતે. સમજાય છે કાંઈ? નિજ આત્માની પ્રસિદ્ધિ થયા વિના તારા કલ્યાણના બીજનો અંકૂરો ક્યાંથી આવશે?

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સ્વરૂપ પ્રકાશનના કાળમાં જાણનારો પણ આતમા કર્તા અને જાણ્યો પણ પોતાને. સમજાય છે કાંઈ? સ્વરૂપ પ્રકાશનની અપેક્ષાએ **'પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.'** આત્મા જ કાર્ય થયું-કર્મ થયું. સમજાય છે કાંઈ? ઓલામાં પણ આવે છે ને? નહિ? 'પ્રવચનસાર'માં ૯૬ ગાથામાં. દ્રવ્યની સિદ્ધિ કરવા. ત્યાં દ્રવ્યની સિદ્ધિ કરવા માટે. દ્રવ્યની સિદ્ધિ કરવામાં ઉત્પાદ-વ્યય અને ગુણ-પર્યાય છે તે કર્તા છે, દ્રવ્ય કર્મ છે. જ્ઞેય અધિકાર, ૯૬ ગાથા, 'પ્રવચનસાર'. ખબર છે કે નહિ? ચંદુભાઈ! થોડું થોડું યાદ છે. ઈ ઠીક કહ્યું. પૂછે તો ક્યાં છે? અરસપરસ સિદ્ધ કરે છે. દ્રવ્યને આધારે ગુણ-પર્યાય છે અને દ્રવ્યનું કાર્ય ગુણ-પર્યાય છે. અને બીજી રીતે કહીએ તો ગુણ-પર્યાય કર્તા અને દ્રવ્ય કર્મ. ગુણ-પર્યાય આધાર અને દ્રવ્ય આધેય. ગુણ-પર્યાય સાધન અને સાધ્ય આ દ્રવ્ય. આમ લઈએ તો દ્રવ્ય સાધન અને ગુણ-પર્યાય સાધ્ય. આમ લઈએ તો ગુણ-પર્યાય સાધન અને આ (દ્રવ્ય) સાધ્ય. એમ ૯૬ ગાથામાં જ્ઞેયને સિદ્ધ કરવા 'અમૃતચંદ્રાચાર્યે' આવી ટીકા લીધી છે. સમજાય છે કાંઈ? સ્વતંત્ર પદાર્થ સિદ્ધ કરવો છે ને. પરની સાથે કાંઈ સંબંધ નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો એમ કહ્યું કે ભગવાન આત્મા સ્વરૂપ સ્વરૂપ સ્વરૂપ સ્વ-રૂપ પ્રકાશનની દશામાં અર્થાત્ અનુભવના કાળમાં આત્મા સ્વરૂપ અનુભવની નિર્વિકલ્પ દશાના કાળમાં પોતાના શુદ્ધઉપયોગથી આત્માનો અનુભવ થયો તે જ કાળે જ્ઞાયક ભાવ પોતાનો કર્તા અને જ્ઞાને જ્ઞાયકભાવને જાણ્યો તે જ્ઞાયકભાવ તેનું કર્મ છે. ભારે ઝીણું, ભાઈ! આ તો કર્તા-કર્મનું અંદર નાખ્યું. ચંદુભાઈ! આહાહા..! પહેલા થોડો એવો અર્થ લેતા કે રાગને જાણે એવી જ્ઞાનપર્યાય. પણ ઈ કર્તા-કર્મમાં આવી ગયું, ભાઈ! આવશે. અહીં તો એકલું અભેદ (લેવું છે). જ્ઞાનપર્યાય જણાણી ને? રાગ નહિ, વ્યવહાર નહિ. જાણવામાં આવી ઈ કાર્ય અને આત્મા કર્તા. પણ ઈ પણ ભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? પહેલા એવો અર્થ (લેતા હતા). અહીં તો આત્મા જાણનારો સ્વરૂપ પ્રકાશનના કાળમાં કર્તા પણ ભગવાન આત્મા અને પોતાને જાણ્યો, પોતાને જાણ્યો માટે પોતે જ કાર્ય થયું. કર્મ ઈ આત્મા. કર્તા પણ આત્મા અને કર્મ પણ આત્મા. બેય અભેદ થઈ ગયા. પહેલાં બીજું કહ્યું હતું. ... સમજાય છે કાંઈ? સમજાય એવું છે, હોં! ન સમજાય એવું નથી. ન સમજાય એવું છે જ નહિ. એ તો એને અંદરમાં આ અમને ન સમજાય, એવી એને શલ્ય દૃષ્ટિ સમજવા નથી દેતી. અને એટલી પાત્રતા ન હોય કે શું કહે છે એ ન સમજાય? પછી રુચિ કરવી અને પરિણમન કરવું એ બીજી વસ્તુ છે. પણ શું રીત છે, કઈ વિધિ છે, શું પ્રકાર છે? સ્વરૂપની દૃષ્ટિ કરવામાં શું રીત છે, એ રીત પણ ખ્યાલમાં ન લે તો રીતનો પ્રયોગ કેવી રીતે કરશે? સમજાય છે કાંઈ? અને પ્રયોગ અંદર કર્યા વિના એને અનુભવ થયો નથી અને સમ્યગ્દર્શન થાય નહિ.

કહે છે, ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ પ્રભુ એ સ્વસ્વરૂપની દશામાં સ્વ સ્વરૂપના પ્રકાશન કાળમાં.... અવસ્થામાં લીધું ને? ભાઈ જુઓ! અવસ્થામાં લીધું. '**સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં...**' સમજાણું કાંઈ? '**स स्वरूपप्रकाशनदशायां**' એમ છે. સંસ્કૃતમાં છે. પહેલા ઈ લીધું હતું '**यतो हि तस्यामवस्थायां**'. રાગને જાણવા આદિની '**अवस्थायां ज्ञायकत्वेन यो ज्ञातः स स्वरूपप्रकाशनदशायाँ**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ નિર્વિકલ્પ અભેદ (છે). એવા અભેદના પ્રકાશન કાળમાં આત્મા જ્ઞાયક તે કર્તા અને પોતાને જાણ્યો તે જ્ઞાયક જ તેનું કર્મ-કર્તવ્ય-કામ થયું. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો હજી પરદ્રવ્યના કામ કરવા, પરદ્રવ્યનું કરી શકીએ છીએ. એ.. ગોદીકાજી! આ મકાન-બકાન બને છે, કોણે બનાવ્યા? આ ગોદીકાજીએ બનાવ્યું, એમ લોકો કહે છે. એઈ..! પોપટભાઈ! લોકો કહે છે કે આ મોટું મકાન બનાવ્યું. પાંચ લાખનું જયપુરમાં ગોદીકાજીએ બનાવ્યું, એમ કહે છે. (લોકમાં) બોલણી છે? આહાહા..! એ.. સેઠી! શું થયું? પર્યાયથી બન્યું છે એના કારણે, તારાથી બિલકુલ નહિ. આત્માનું એ વ્યવહારકર્મ પણ નથી. વ્યવહારકર્મ તો જ્ઞાયકભાવ દ્રવ્ય અને પર્યાય નિર્મળ એ વ્યવહારકર્મ થયું. એટલો ભેદ પડ્યો ને? ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મા જ્ઞાયકપણું એ સ્વભાવ કર્તા અને વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન રાગરહિત પર્યાય થઈ એ એનું કર્મ. એ એકમાં વ્યવહારે ઉપચારથી કહેવું ત્યારે આ પ્રકારે કર્તા-કર્મ થાય છે. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપના પ્રકાશન કાળમાં અનુભવના કાળમાં શુદ્ધ જ્ઞાતાનો ભેદ છોડીને એકલા સ્વરૂપ પ્રકાશનની શુદ્ધઉપયોગની અવસ્થાના કાળમાં સ્વયં કર્તા, સ્વયં જાણનારો-ભગવાન જાણનારો આત્મા જ કર્તા (છે) અને સ્વયં પોતાને જાણ્યો. આત્મા કર્તા અને પોતાને જાણ્યો, તે જ તેની તે વસ્તુ છે. તેથી સ્વયં કર્મ છે. આહાહા..! અભેદ બતાવવું છે ને. સમજાય છે કાંઈ?

પહેલા વિકલ્પ હતો તેનું જ્ઞાન થયું તોપણ જ્ઞાનાકાર જ્ઞાન થયું છે, વિકલ્પાકાર નહિ. એમ પહેલાં કહ્યું. હવે સ્વરૂપ પ્રકાશન કાળમાં '**जो सो दु सो चेव**' ટીકામાં એમાંથી કાઢ્યું છે. સમજાય છે કાંઈ?

ટીકા તે કાંઈ ટીકા છે ને! 'અમૃતચંદ્રાચાર્ય' આહાહા..! અમૃત અમૃત ટીકા. આવી ટીકા કરનારા. આવી સર્વોત્કૃષ્ટ ટીકા બીજે ક્યાંય નથી. વસ્તુના મૂળ મર્મને વાચ્યને વાચકપણે પ્રગટ કરવું... અનુભવ થાય. મોક્ષમાર્ગની દશા થાય છતાં એની ક્ષયોપશમ દશામાં આવું પ્રગટ કરવું, બહુ વિશિષ્ટ ક્ષયોપશમ છે! સમજાય છે કાંઈ? છે તો દિગંબર મુનિ જંગલમાં વસનારા. આહાહા..! વનવાસી, આત્મવાસી.

ભગવાન આત્મા કહે છે, જ્યારે રાગાદિ છે, પુણ્ય-પાપનો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એમાં પણ જ્ઞાન સ્વપરપ્રકાશક છે તો જ્ઞાયકપણે જ્ઞાન રહ્યું છે. જ્ઞાયકપણે જણાય છે, જ્ઞાયકપણે જ્ઞાન જણાય છે, રાગપણે નહિ. હવે સ્વરૂપ પ્રકાશન અપેક્ષામાં પોતાના સ્વરૂપ અનુભવમાં આવ્યો તો આત્મા સ્વયં કર્તા અને પોતાને જાણ્યો એ તેનું કર્મ. આહાહા..! સમજાય છે કાંઈ? રાજમલજી! બુદ્ધિવાળાને આ પકડવા જેવી વાત છે. આહાહા..! '**પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.**' કાર્ય-કર્મ. '**(જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે...)**' ઘટપટ પ્રકાશનના કાળમાં દીપક ઘટપટ રૂપે થયો છે? દીપક તો દીપક જ રહ્યો છે.

'**(અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં...)**' જુઓ! સમજાય છે કાંઈ? ઈ ખુલાસો કર્યો છે. '**प्रदीपस्येव**' છે ને? ખુલાસો પછી એનો ને એનો આવવો જોઈએ ને. કર્તા-કર્મનું અભેદનું આવવું જોઈએ ને. આ તો દૃષ્ટાંત (છે). '**प्रदीपस्येव**'. '**स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव**'. એનું અંદર કાઢવું જોઈએ ને કે '**प्रदीप**' એટલે શું? દીવો. પ્રદીપ કહે છે ને દીવાને? દીવો ઘટપટના પ્રકાશન કાળમાં દીવો દીવા રૂપ રહીને પ્રકાશે છે. એ દીવો ઘટપટ રૂપ થતો નથી. અને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશે છે. શિખા. '**(પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે,...)**' એની પર્યાયની વાત છે. જડની છે ને. પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે એટલે એ શિખાને પ્રકાશે એનો અર્થ-ભાવ આખો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દીવો છે. આખી જ્યોતિ લીધી. ભાઈ! ઈ આખી જ્યોતિ છે. પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશે છે. આખો દીવો. એની અવસ્થામાં પણ દીપક જ છે '(અન્ય કાંઈ નથી, તેમ જ્ઞાયકનું સમજવું).' લ્યો. સમજાય છે કાંઈ? **'प्रदीप कर्तृकर्मणोरनन्यत्वात् ज्ञायक एव'**. આહાહા..!

ભાઈ! એ વસ્તુ એવી છે અને એ રીતે એની રીત છે, બીજી રીત ક્યાંથી આવે? કોઈને એમ લાગે કે આ તો બહુ સૂક્ષ્મ છે. અમારે શું કરવું? પણ આ કરવું. સમજાય છે કાંઈ? આ કર્યા વિના કોઈ દિ' એનો નિવેડો આવવાનો નથી. લાખ વાતું કરે.. એ 'છ ઢાળા'માં આવ્યું ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. અમરચંદજી! 'છ ઢાળા'માં આવે છે કે નહિ? ભાઈ! તને ચીજની ખબર નથી. શું વસ્તુ છે, કર્તા કોણ છે, કર્મ કેવું છે એની ખબર નથી અને તને ધર્મ થઈ જશે? ક્યાંથી ધૂળમાં ધર્મ થશે? ધૂળમાં એટલે પુણ્ય પણ સારું નહિ બંધાય એમ કહે છે.

સમ્યગ્દર્શનના કાળમાં જે શુભભાવ આવે છે અને એ પુણ્ય બંધાય છે તે બીજી જાતના છે. અનંત કાળમાં નથી બંધાણા એવી ઈ જાત છે. સમજાય છે કાંઈ? આ તો મૂળ ચીજની ખબર નહિ, મૂળ ચીજ કઈ રીતે પ્રાપ્ત થાય તેની ખબર નથી, મૂળ ચીજ પ્રાપ્ત થાય તો શું થાય તેની ખબર નથી. સમજાય છે કાંઈ? મૂળ ચીજની પ્રાપ્તિ કાળે દશા કેવી હોય છે અને એ દશામાં દશાવાન કઈ રીતે પ્રતીતમાં આવે છે (એની ખબર ન મળે). મૂળ ચીજ આ છે. કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- પોતે જાણનારો અને પોતાને જ જાણે.

ઉત્તર :- પોતે પોતાને જાણનારો અને પોતે પોતાને જણાયો. પોતે પોતાને જણાયો. પોતે સમજ્યા ને? ભાષા અમારી ગુજરાતી આવી. પોતે પોતાને જાણ્યો અને પોતાને જણાયો. જાણનારો આત્મા અને જણાયો તે પણ આત્મા. આહાહા..! કહો. ભાવાર્થ થોડો લેવો છે કે નહિ? પૂરેપૂરો? લ્યો. રાજકોટમાં આ બધું મૂકી દીધું હતું. હવે શું કહે છે? જુઓ! 'જયચંદ્ર પંડિત'. ટીકાનો ભાવાર્થ ગૂઢ છે તે ચાલતી ભાષામાં લખે છે. 'જયચંદ્રજી પંડિત' ચાલતી ભાષામાં લખે છે, હોં! એમાં પણ ઘણો મર્મ છે. કેટલાક તો મૂળ વાંચે, અર્થ સમજે નહિ અને પછી ભાવાર્થ તો પંડિતે કર્યો છે, આપણે શું? એ પણ પંડિત અને આપણે પણ પંડિત. ટીકામાંથી કાઢી શકે નહિ અને ભાવાર્થ છે એમાં મર્મ છે એને વાંચે નહિ. પત્તો લાગે નહિ. સમજાય છે કાંઈ? એક પંડિત હતા. એને કહ્યું,

**भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।**
**आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।**

બોલો, અર્થ કરો. અમે ટીકા-બીકા નથી જોતા. બહુ સારુ, કરો અર્થ. **'भूदत्थेणाभिगदा'** ભૂતાર્થ **'णाभिगदा'**. અરે..! ભગવાન! શું કરે છે તું? રામસ્વરૂપ નહિ? કોણ? શું નામ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુજરી ગયા. એ તો બિચારા ગુજરી ગયા. નામ લઈએ છીએ. ગુજરી ગયા છે ને. હવે ક્યાં છે. રામપ્રસાદજી. એ તો બિચારા ગુજરી ગયા. હયાતી હોય તો નામ ન લેવાય. ગુજરી ગયા બિચારા, હોં! અહીંયાં આવ્યા હતા. પછી તો પાછળથી કહે, અમારી અને તમારી બધી એકસરખી (વાત છે). કીધું, બાપુ! બહુ ફેર છે. સમન્વય કરવા માટે (કહેતા હતા). બાપુ! સમન્વય નહિ થાય, ભાઈ! વાતમાં બહુ ફેર છે. કહે, '**भूदत्थेणाभिगदा**' ભૂતાર્થથી નહિ જાણેલા તત્ત્વ. ભાઈ! ન જાણ્યાની વાત જ નથી. ટીકા તો જુઓ. ટીકા અમે બધી ભણેલા છીએ. અમે પણ પંડિત છીએ. ટીકામાંથી સમજે નહિ અને ભાવાર્થમાં એનો મર્મ ખોલ્યો છે તે વાંચે નહિ. જુઓ!

**ભાવાર્થ :- 'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.'** ઈ શબ્દ (છે). ભગવાન આત્મામાં અશુદ્ધતા સ્વદ્રવ્યના આશ્રયથી આવતી નથી. અશુદ્ધતા, સ્વદ્રવ્ય અને ગુણમાં મલિનતા (નથી). રાગ-દ્વેષ, દયા, દાન, વિકલ્પ જે થાય, ભ્રાંતિ, મિથ્યાત્વ, અવ્રત, રાગાદિ એ અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી આવે છે. એમ કહીને શું કહે છે? કે પરદ્રવ્યનું નિમિત્ત છે તેના આશ્રયે થાય છે. સ્વદ્રવ્યના આશ્રયે અશુદ્ધતા થતી નથી. સમજાય છે કાંઈ? સંયોગથી એમ કહ્યું છે, જુઓ! પરદ્રવ્યના સંયોગના લક્ષે અશુદ્ધતા પર્યાયમાં મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે.

'**તેમાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી,...**' પણ જ્ઞાયકભાવ જે દ્રવ્ય છે તે સંયોગના લક્ષે શુભાશુભ પરિણમન જે કહ્યું હતું તે થાય છે સંયોગથી, (પણ) દ્રવ્ય તે રૂપ નથી થતું. સમજાય છે કાંઈ? '**માત્ર પરદ્રવ્યના નિમિત્તથી...**' જ્યાં સંયોગથી કહ્યું હતું એ નિમિત્ત લીધું. '**માત્ર પરદ્રવ્યના નિમિત્તથી...**' જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ દ્રવ્ય તો દ્રવ્ય જ છે. પણ માત્ર પરદ્રવ્યના સંયોગથી કહ્યું હતું, હવે કહ્યું નિમિત્તથી. '**અવસ્થા મલિન થઈ જાય છે.**' આત્માની પર્યાય-અવસ્થા-હાલત-દશા મલિન થઈ જાય છે. વસ્તુ તો વસ્તુ રહે છે, વસ્તુ મલિન થતી નથી. આ તો સમજાય છે કે નહિ? આ તો સીધી ચાલતી ભાષામાં (આવે છે). 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં બહુ ગૂઢ છે તો એને ચાલતી ભાષામાં લખ્યું છે.

'**દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે...**' વસ્તુ જે વસ્તુ જ્ઞાયકભાવ ત્રિકાળ છે તે દ્રવ્યની દૃષ્ટિથી જુઓ, દ્રવ્ય શુદ્ધ છે તેની દૃષ્ટિથી જુઓ તો '**દ્રવ્ય જે છે તે જ છે...**' સમજાય છે કાંઈ? '**અને પર્યાય (અવસ્થા) દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.**' અવસ્થામાં-હાલતમાં-દશામાં જોવાથી મલિન દેખાય છે. વસ્તુદૃષ્ટિથી જુઓ તો દ્રવ્ય જે છે તે છે, તે મલિન થયું નથી. '**પર્યાય (અવસ્થા) દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.**' મલિન જ શબ્દ પડ્યો છે, હોં! ઉપરમાં કહ્યું કે '**દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે...**' વસ્તુ તો જ્ઞાયક ચૈતન્યજ્યોત દ્રવ્યદૃષ્ટિથી જે છે તે જ છે. પર્યાયદૃષ્ટિથી-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અવસ્થાદષ્ટિથી-હાલતથી જુઓ (તો) **'મલિન જ દેખાય છે.'** મલિન પર્યાય. અહીંયાં સંસારની વાત છે ને. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ, શુભાશુભ પરિણામ, દયા, દાન, વ્રત એ બધી અશુદ્ધ પર્યાય છે. પર્યાયદષ્ટિથી જુઓ તો મલિન છે.

**'એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે,...'** ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાયકત્વ-જાણપણું-જાણનારો એટલો માત્ર સ્વભાવ છે. 'અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે...' તેની દશા... દ્રવ્ય તો છે ઈ છે, જ્ઞાયક, પણ એની દશા અનાદિકાળથી કર્મના સંગથી રાગ, દયા, દાન, પુણ્ય-પાપ, કામ, ક્રોધથી મલિન છે **'તે પર્યાય છે.'** એ અવસ્થા છે. વસ્તુ તો વસ્તુ છે. આ પર્યાયમાં-અંશમાં-એક સમયની દશામાં. એક સમયની દશા.

મુમુક્ષુ :- સંગતિની અસર છે.

ઉત્તર :- સંગની અસર નહિ. સંગતિનું લક્ષ કરે છે. અસર-ફસર નહિ. ઈ સંગ કરે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' ઈ સ્તુતિમાં આવે છે, સ્તુતિમાં.

કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ
અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.

એકલી અગ્નિ હોય તો ઘણ નથી મારતા. પણ અગ્નિ લોઢાની સંગતિ (કરે છે), એમાં ઘૂસી જાય છે (ત્યારે) ઘણ પડે છે. એમ એકલો આત્મા પોતાનો સંગ કરે તો એમાં રાગ-દ્વેષ થતા નથી, દુઃખ થતું નથી. ઘણ પડતા નથી. પણ તે પોતાના સ્વભાવનું લક્ષ છોડીને પરના સંગનું લક્ષ કરે છે તો ચાર ગતિના ઘણ સહન કરવા પડે છે. સમજાય છે કાંઈ? એમાં છે, અર્થમાં તો ઘણું આવે છે પણ અર્થ કરે કોણ? એમ ને એમ હાંકે જાય. જાઓ! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'. વાંચી જાય. પાછા કહે...

મુમુક્ષુ :- ઈ તો જયમાલામાં આવે તો બોલી જવાય.

ઉત્તર :- બોલી જવાય. સમજાય છે કાંઈ?

**'પર્યાય (અવસ્થા) દષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.'** વર્તમાન અવસ્થામાં ઉપર લક્ષ (કરી) જુઓ તો રાગ-દ્વેષ મલિન જ છે. કર્મમાં નહિ, કર્મને કારણે નહિ. તારી દશા જ મલિન છે. આહાહા..! મલિન છે. કેટલાક કહે છે, સોનગઢવાળા શુદ્ધ શુદ્ધ સિદ્ધ સમાન (કહે છે). અરે..! સાંભળ તો ખરો કે સિદ્ધ સમાન કઈ રીતે કહીએ છીએ. એ તો દ્રવ્ય અપેક્ષાએ વાત છે. પર્યાયમાં મલિન છે. આહાહા..! એ તો બસ શુદ્ધ શુદ્ધ સિદ્ધ (સમાન છે). જાઓ, થઈ ગયા સિદ્ધ. ક્યાંથી થઈ ગયો? સાંભળ તો ખરો. દ્રવ્ય 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો'. સમજાય છે કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક દ્રવ્યથી તો શુદ્ધ જ છે. (દ્રવ્ય)રૂપે તો મલિન થયો જ નથી. દ્રવ્ય ક્યાંથી મલિન થાય? એક સમયની દશા-હાલત કર્મનો સંયોગ-નિમિત્તના લક્ષે મલિનતા એમાં પોતાથી આવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાથી આવી છે. વિકાર પર્યાય પોતાથી થઈ છે. એની પર્યાયમાં છે. પરનું શું કામ છે? પર ચીજ પરમાં રહી.

મુમુક્ષુ :- દોષ કોનો?

ઉત્તર :- દોષ કર્મનો છે ને? તારે તો મહંત રહેવું છે. 'ટોડરમલે' કહ્યું છે, તારે તો મહંત રહેવું છે અને દોષ તું કર્મ ઉપર નાખે છો. જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. એમ એમાં લખ્યું છે. (તો પાછા એમ કહે), જ્યાં ત્યાંથી આવું કાઢે છે. પણ વસ્તુ એવી છે. તું તો મહંત રહેવા માગે છે. અને દોષ થાય તો (એમ કહે છે કે) આવો કર્મનો ઉદય આવ્યો, ઉદય આવ્યો તો અમારે વિકાર કરવો પડ્યો. ઠીક!

એક મોટો પંડિત હતો, પંડિત. બાળકોને-વિદ્યાર્થીને મારતો હતો. અરે..! પણ શું કરો છો? (તો કહે), તમને ખબર નથી, 'ગોમ્મટસાર' તમે જોયું નથી. ચારિત્રમોહનો ઉદય આવે તો ક્રોધ થયા વિના રહેતો નથી. બહુ સારુ શીખ્યો. સમજાય છે કાંઈ? વિદ્યાર્થીને મારે. પણ આ શું મારે છો? બિચારા નાના છોકરાઓ છે. (તો કહે), તમને ખબર નથી. 'ગોમ્મટસાર' જોયું છે તમે? 'ગોમ્મટસાર' જોયું છે? ચારિત્રમોહથી વિકાર થાય છે. તારાચંદજી! અરે..! ભગવાન! એમ નથી. તું વિકાર કરે છે તો થાય છે. ચારિત્રમોહથી વિકાર થાય એમ કરીને બચાવ કરે છો? મૂઢ! કદી તારું છૂટશે નહિ. આ તો સાંભળ્યું છે, હોં! એક માણસ કહેતો હતો. બનેલો બનાવ છે. અણબનાવની વાત નથી, બનેલી છે. નામ ઠામ નહિ દઈએ. મારતા હતા. કહે, તમે 'ગોમ્મસાર' જોયું છે? જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય છે, દર્શનાવરણીથી દર્શન રોકાય છે, અંતરાય (કર્મથી) વીર્યનો વિકાસ નથી થતો. .. વિકાસ થાય છે. તમને ખબર નથી? આ 'ગોમ્મટસાર' શીખ્યા. મીંડા શીખ્યા છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે...**' તેની પોતાની પર્યાયમાં '**મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે,...**' લ્યો, વસ્તુની દૃષ્ટિથી જોવામાં આવે તો વસ્તુ તો જ્ઞાયકપણું, ભાવ સ્વભાવપણું જ છે. સ્વભાવવાન સ્વભાવપણાથી છે. જ્ઞાયક ચૈતન્યભાવથી અનાદિથી ભરેલો છે. '**કાંઈ જડપણું થયું નથી.**' જુઓ! ઈ શબ્દ લીધો. ટીકામાં છે ને? જડપણું થયું નથી એનો અર્થ એ શુભાશુભ રાગરૂપે જ્ઞાયકપણું થયું નથી. જ્ઞાયકપણું ચૈતન્યજ્યોત વસ્તુ ચૈતન્યની ગાંગડી છે તે શુભાશુભ પરિણામ રૂપે થઈ નથી, જડ થઈ નથી.

'**અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે.**' જુઓ! પહેલા બે વાત કરી. અહીંયાં આ ગાથામાં વસ્તુની દૃષ્ટિને મુખ્ય કરીને કહ્યું છે. જુઓ! મુખ્ય કરીને કહ્યું છે. પ્રધાન નામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુખ્ય. પર્યાયને ગૌણ કરીને કહ્યું છે. પર્યાયનો અભાવ કરીને નહિ. આહાહા..! **'જે પ્રમત્ત–અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.'** દ્રવ્યની દૃષ્ટિ, દ્રવ્ય-વસ્તુ જ્ઞાયકની દૃષ્ટિ કરાવવા વસ્તુની દૃષ્ટિ કરો, એ પ્રધાન દૃષ્ટિ છે. એ પ્રધાન કરીને કહ્યું છે કે **'પ્રમત્ત–અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.'** જુઓ! **'એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...'** જુઓ! ગૌણ આવ્યું, અભાવ નહિ. ખુબી છે. વસ્તુ શુદ્ધ અખંડ છે તેને મુખ્ય કરીને નિશ્ચય કહ્યું. મલિન પર્યાય આદિને.. અહીં મલિનની વાત છે, નહિતર બધી પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યું છે. સમજાય છે કાંઈ? **'અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...'** પર્યાયમાં મલિનતા છે, પુણ્ય-પાપના વિકાર છે પણ એ વસ્તુ દૃષ્ટિમાં એ પર્યાયને ગૌણ કર્યા વિના મુખ્યનું લક્ષ નામ દૃષ્ટિ થતી નથી. પર્યાયમાં મલિનતા છે તેને ગૌણ કર્યા વિના, હોવા છતાં ગૌણ નામ લક્ષ છોડ્યા વિના દ્રવ્યની દૃષ્ટિ થતી નથી. સમજાય છે કાંઈ? 'જયચંદ્ર પંડિતે' બહુ સારું લખ્યું છે. 'સમયસાર'નો આવો અર્થ કરનારા ઈ વખતમાં મળ્યા. અત્યારે તો ગડબડ કરી નાખે એવી આ વસ્તુ છે.

મુમુક્ષુ :- મોટું સમયસાર તૈયાર થાય છે.

ઉત્તર :- મોટું સમયસાર તૈયાર થાય છે, ઘરનું નાખશે. ગોટા. અહીં તો એક ન્યાય ફરે તો આખું તત્ત્વ પલટી જાય છે. એવી વસ્તુ છે. સમજાય છે કાંઈ?

**'અશુદ્ધતા...'** મલિનતા છે ખરી, પર્યાયમાં-અવસ્થામાં ઉદયભાવ છે. મિથ્યાત્વનો, રાગનો ઉદય, હોં! અસિદ્ધભાવ. જીવની પર્યાયમાં ઈ અશુદ્ધતા છે પણ દ્રવ્યદૃષ્ટિમાં એને ગૌણ કરી નાખી. **'ગૌણ છે, વ્યવહાર છે,...'** ગૌણ છે ઈ વ્યવહાર છે એમ નથી કહ્યું. અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વ્યવહાર છે એમ નહિ. અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. સમજાય છે કાંઈ? ડુંગર ઉપર જવું હોય તો તળેટીને ગૌણ કરવી પડે છે. લક્ષ છોડવું પડે છે. તમે હમણાં ગયા કે નહિ? અહીંયા ગૌણ કરવું (પડ્યું). છે તો ઘર જ. એમ ભગવાન આત્મામાં મલિનતાની પર્યાય છે પર્યાય તળેટીમાં. તેને ગૌણ છે. દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. ન્યાં નથી રહેવાનું, જાવું છે અંદર દ્રવ્યમાં.

**'વ્યવહાર છે,...'** અશુદ્ધતા ગૌણ છે, અશુદ્ધતા વ્યવહાર છે. આટલા શબ્દ લેવા. અશુદ્ધતા **'અભૂતાર્થ છે,...'** આગળ આગળ ચાલીએ. અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. કઈ અપેક્ષાએ? દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે અને અભૂતાર્થ છે. વજન અહીં છે, અભૂતાર્થ છે. છે જ નહિ. દ્રવ્યદૃષ્ટિમાં અશુદ્ધતા છે જ નહિ. સમજાય છે કાંઈ? **'અસત્યાર્થ છે,...'** જુઓ! અસત્યાર્થનો અર્થ છે જ નહિ, એમ નહિ. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ અશુદ્ધતાને ત્રિકાળની દૃષ્ટિ કરાવવા, ત્રિકાળ ભૂતાર્થની દૃષ્ટિમાં વ્યવહાર હોવા છતાં, મલિનતા હોવા છતાં અસત્ય છે. એ ત્રિકાળ સત્ય છે તો અસત્ય છે, એમ. છે નહિ એમ નહિ. આહાહા..! એણે બહુ સ્પષ્ટ કરી નાખ્યું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અભૂતાર્થ-અ નામ નહિ, છતો અર્થ. એમ શબ્દાર્થ છે. દ્રવ્યદૃષ્ટિમાં વસ્તુ જે છે અભેદ એકાકાર (છે). એ દૃષ્ટિમાં વ્યવહાર અશુદ્ધતા અભૂત અર્થ છે. એ પદાર્થ છે જ નહિ. છે નહિ ત્યાં સુધી તો ઠીક, પણ અસત્યાર્થ છે (એમ કહ્યું). બે શબ્દ જુદા પાડ્યા. છતો નથી. એટલે? છે જ નહિ. અસત્ય છે. છે નહિ, અસત્ય છે. સમજાય છે કાંઈ? વસ્તુદૃષ્ટિમાં-દ્રવ્યદૃષ્ટિમાં મલિનતા પર્યાયમાં છે તેને ગૌણ, વ્યવહાર, અભૂતાર્થ-છે નહિ, અસત્યાર્થ છે, '**ઉપચાર છે.**' અસત્યાર્થનો અર્થ લેશે. છે તો શુદ્ધાશુદ્ધ ધર્મ આત્માની પર્યાય છે. પર્યાય એની છે. એમાં છે, નથી એમ નહિ. અશુદ્ધતા ન હોય તો સ્વભાવના આશ્રયે અશુદ્ધતાનો નાશ કરવો રહેતો નથી. બાબુલાલજી! અહીંના નામથી બહુ ઉડાવી દે છે. અરે..! ભગવાન! તેં સત્ય વાત સાંભળી નથી. સાંભળવા નથી માગતા. આહાહા..!

ભાઈ! વસ્તુના સ્વરૂપની દૃષ્ટિની અપેક્ષાએ તેને અસત્યાર્થ કહ્યું છે. પર્યાયની દૃષ્ટિથી તો પહેલા કહ્યું. '**પર્યાય (-અવસ્થા) દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.**' મલિન છે. સમજાય છે કાંઈ? આ આત્મકથા છે. જરી સૂક્ષ્મ પડે એવી (છે) પણ એ તો એના પ્રભુની કથા છે ને! મલિનતા બિલકુલ નથી એમ કહેવાવાળો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યમાં નથી પણ પર્યાયમાં પણ વિકાર નથી, અશુદ્ધતા નથી. જેમ દ્રવ્ય શુદ્ધ છે તેવી પર્યાય શુદ્ધ છે (એમ માનનાર) મૂઢ છે. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. અસત્યાર્થને-છે તેને નહિ માનનાર અસત્યાર્થ દૃષ્ટિ છે. કહો, તારાચંદજી! છે કે નહિ? પણ દ્રવ્યદૃષ્ટિમાં અસત્યાર્થ છે.

હવે, '**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે,...**' સામે સામે લીધું. પહેલી અશુદ્ધતા હતી ને? હવે (કહે છે), વસ્તુદૃષ્ટિ છે તે શુદ્ધ છે. અખંડ જ્ઞાયક અભેદ સ્વરૂપ શુદ્ધ છે, '**અભેદ છે,...**' એકરૂપ છે. સમજાય છે? '**નિશ્ચય છે,...**' તે જ નિશ્ચય દ્રવ્યદૃષ્ટિ નિશ્ચય છે. વસ્તુ એકરૂપ અખંડ તે જ નિશ્ચય છે. તે '**ભૂતાર્થ છે,...**' છતો પદાર્થ છે, તે જ છતો (છે). છતાને શું કહે છે? વિદ્યમાન પદાર્થ છે. તે જ વિદ્યમાન પદાર્થ છે અને '**સત્યાર્થ છે,...**' દ્રવ્યદૃષ્ટિ સત્યાર્થ છે. અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાથી અસત્યાર્થ છે અને દ્રવ્ય સત્યાર્થ છે. સમજાય છે કાંઈ? '**પરમાર્થ છે.**'

મુમુક્ષુ :- ... અશુદ્ધતા..

ઉત્તર :- ના, ના. અશુદ્ધતા ક્યાં આવી? અભેદ દ્રવ્ય એકલું. વળી આ ગોટો ક્યાંથી આવ્યો? અભેદની ક્યાં વાત, એકલું દ્રવ્ય અભેદ શુદ્ધ અભેદ છે. અશુદ્ધતા ક્યાં આવી? અહીં અશુદ્ધતા પર્યાયમાં નાખી દીધી.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાયને ... કરીને..

ઉત્તર :- નહિ, નહિ, નહિ. ખોટું છે. કોણે કહ્યું?

મુમુક્ષુ :- .. છે ને?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- **ના, ના.** કોણે કહ્યું? બધું ખોટું છે, ઈ તો પાખંડ છે.

એક દ્રવ્ય સ્વભાવ. દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ છે કહ્યું ને? દ્રવ્ય એટલે વસ્તુ. એક સમયમાં ત્રિકાળ વસ્તુ તે શુદ્ધ છે. સમજાય છે કાંઈ? એ અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ, સત્યાર્થ અને પરમાર્થ છે. આહાહા..! દ્રવ્યદૃષ્ટિમાં પર્યાય આવી ગઈ એમ નહિ. મલિન પર્યાય નહિ અને નિર્મળ પર્યાય પણ નહિ. વસ્તુ ત્રિકાળ જ્ઞાયક છે જે શુભાશુભ રૂપે થઈ નથી એવી ચીજ છે તે જ સત્યાર્થ છે. સમજાય છે કાંઈ? કેમ સુરેન્દ્રનાથજી! આ સમજવું પડશે.

અહીં તો (કહ્યું), '**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે,...**' અભેદ એટલે વિકાર સહિત નહિ. દ્રવ્યદૃષ્ટિ વસ્તુ તે અભેદ અને શુદ્ધ છે. ભેદ કેવો એમાં? '**નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે;...**' આ કારણે, માટે '**આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી...**' લ્યો. વસ્તુ જ્ઞાયક સ્વરૂપ ભગવાન પ્રમત્ત-અપ્રમત્ત નથી એનો ખુલાસો કર્યો. '**તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.**' હવે ચોથા પદનો ખુલાસો જે ટીકામાં આવ્યો હતો તે પોતે કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દ્વિતીય શ્રાવણ સુદ ૯, બુધવાર તા. ૨૪-૦૮-૬૬**
**ગાથા-૬. પ્રવચન-૨૬**

.. ચાલતી ભાષામાં 'જયચંદ્રજી પંડિતે' એનો ખુલાસો (કર્યો છે). અહીં સુધી આવ્યું છે. '**પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.**' ત્યાં સુધી આવ્યું છે. એઈ.. સેઠી! ભાવાર્થ. શું કહ્યું સમજાણું? આત્મા જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ નિશ્ચય ભૂતાર્થ સત્યાર્થ ઈ એક જ વસ્તુ છે. એની દૃષ્ટિમાં વર્તમાન પર્યાય ગૌણ કરીને અભૂતાર્થ કહીને અસત્યાર્થ કહીને હેય કહેવામાં આવી છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય ધ્રુવ અનંત ગુણની એકરૂપ વસ્તુ, એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ? એને અહીંયાં ભૂતાર્થ કહ્યું છે. ભૂતાર્થ નામ છતો પદાર્થ. છતો શબ્દ કહે છે ને? વિદ્યમાન. છતો શબ્દ નથી આવતો? પંડિતજી! છતો શબ્દ નથી આવતો? હિન્દીમાં નથી આવતો. વિદ્યમાન. છતો એટલે છે. પરિપૂર્ણ જ્ઞાયક ભૂતાર્થ ભૂત.. ભૂત.. ભૂત વિદ્યમાન અર્થ ત્રિકાળ. તે જ નિશ્ચયનયનો વિષય, તેને સત્યાર્થ કહેવામાં આવ્યો છે. ઈ કહે છે. જુઓ! એક વાત થઈ ગઈ.

હવે '**જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે...**' ત્યાંથી શરૂ થાય છે. ભગવાન આત્મા જાણનાર છે '**તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે...**' એ તો વ્યવહારથી સમજાવ્યું છે, હોં! જ્ઞેયનું પ્રતિબિંબ કંઈ જ્ઞાનમાં પડતું નથી. પણ જ્ઞાનની પર્યાયમાં જેવું જ્ઞેય છે તેવો સ્વ જ્ઞાન આકાર પોતાની પર્યાયમાં જ્ઞાન થઈ જાય છે. તો કહે છે કે '**ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે...**' જેવો રાગ આવ્યો, વિકલ્પ છે તો એ સંબંધી પોતાનું જ્ઞાન જ્ઞાનાકાર થઈને પોતાને જ્ઞાનરૂપ જણાવે છે. રાગરૂપ નહિ, વ્યવહાર રૂપ નહિ. શશીભાઈ! આ છઠ્ઠી ગાથા સૂક્ષ્મ (છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞેય આવ્યું નહિ. પોતાની જ્ઞાનની પર્યાય જ્ઞેય સંબંધનો જે પોતાનો પરપ્રકાશનો ભાવ હતો તે પોતામાં પોતાથી આવ્યો. પરથી આવ્યો જ નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે...**' શું? જેવા પુણ્ય-પાપના ભાવ, દયા, દાનનો રાગ આવ્યો તો એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાંથી જ્ઞેયાકાર જ્ઞાન, જ્ઞેયાકાર જ્ઞાન પોતાના આકારરૂપ થયું છે. જ્ઞેયાકાર રૂપ થયું નથી. '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...**' ચાહે તો જ્ઞેયનું જ્ઞાન અહીંયાં થયું તે જ્ઞાન પોતાનું છે. એ જ્ઞેયનું જ્ઞાન થયું તો એના કારણે અશુદ્ધતા આવી ગઈ એમ નથી, એ તો નિજ જ્ઞાયકે જ પોતાથી પોતાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાણ્યો અને પોતામાં પોતાના અસ્તિત્વમાં પોતાના સામર્થ્યથી રાગને, વ્યવહારને જાણ્યો તો તે પરની અશુદ્ધતા પરને કારણે અશુદ્ધતા આવી, એમ નથી. સમજાય છે કાંઈ? લાલચંદજી! આ સૂક્ષ્મ વિષય છે. ગાથા ઈ આવી ગઈ છે. સહેજે આવી ગઈ છે, હોં! ચાલતા ચાલતા. ૧૧થી શરૂ થઈ છે. શ્રાવણ સુદ ૧૧. પહેલી શ્રાવણ સુદ ને? ત્યારે 'સમયસાર' શરૂ (થયું). સભામાં આ ૧૫મી વાર શરૂ થયું છે.

કહે છે, '**જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું...**' જેવું જ્ઞેય-રાગાદિ જ્ઞાનમાં ભાસિત થયા '**તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં...**' જાણનારો હું છું એમ અનુભવ કરતાં '**જ્ઞાયક જ છે.**' એ જ્ઞાયક કંઈ રાગરૂપ થયો નથી. વ્યવહાર રૂપે થયો નથી, નિશ્ચય રૂપ પોતાની... પોતાને જાણીને પરરૂપ જાણવાની પર્યાય રૂપ રહીને જ્ઞાયક જ રહ્યો છે, પરરૂપ થયો નથી. બહુ સૂક્ષ્મ.

'**આ હું જાણનારો છું...**' હવે અભેદ કરે છે. '**આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી**' **એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે તે જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે...**' પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો. શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ઉપર લક્ષ કરીને અભેદનો અનુભવ પર્યાયમાં થયો તો કહે છે, '**પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે...**' જાણવાની ક્રિયાનો.. ભાઈ! અહીંયાં ક્રિયા લીધી, જાણવાની ક્રિયા. પણ જાણવાની ક્રિયા થઈને તેનો કર્તા જ્ઞાયક (છે). '**અને જેને જાણ્યું...**' જેને જાણ્યું. જ્ઞાયકે જાણ્યું. જ્ઞાયક જ કર્મ થયું. જાણનારો પણ કર્તા અને જણાયો આત્મા એ પણ કર્મ. સૂક્ષ્મ છે. અભેદ થઈ ગયો, અભેદ.

મુમુક્ષુ :- જિસકો જોઈએ.

ઉત્તર :- હા, જિસકો જોઈએ, શબ્દમાં ફેર છે. ફેર છે, ફેર છે. ખ્યાલમાં છે. મેં અર્થ બીજો કર્યો ને. ત્યાં જિસનેની જગ્યાએ જિસકો જોઈએ. શબ્દમાં ફેર (છે). મેં તો અર્થ આમ કર્યો ને. જિસકો કર્યો. શબ્દમાં જિસને છે તે જિસને ન જોઈએ. '**જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે.**' એમ શબ્દ હોવો જોઈએ. સમજાય છે કાંઈ? અર્થમાં એમ કહ્યું હતું કે જેને નામ આત્માને. આત્મા જ્ઞાયકસ્વરૂપ અભેદ તે જાણનારો. તે જ જણાયો. જાણનારો પણ તે જ, અને જાણવામાં આવ્યો તે જ. તેનું નામ અભેદ કહેવાય છે. સમજાય છે કાંઈ?

'**આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.**' એવો ભગવાન જ્ઞાયકત્વ સ્વભાવમાત્ર એ શુદ્ધ છે. '**આ શુદ્ધનયનો વિષય છે.**' આ શુદ્ધનયનો વિષય છે અર્થાત્ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! '**અન્ય પરસંયોગજનિત ભેદો છે...**' પોતાની પર્યાયમાં પ્રમત્ત-અપ્રમત્ત આદિ ભેદ છે '**તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' શું કહે છે? જુઓ! ભગવાન આત્મા પોતાનો જ્ઞાયક ત્રિકાળ શુદ્ધ ધ્રુવની દૃષ્ટિ કરવાથી જ્ઞાયક પણ આત્મા અને જણાયો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે પણ આત્મા. હવે કહે છે કે જેટલા પર્યાયમાં-અવસ્થામાં ભેદ પડે છે '**તે બધા અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' ભાષા જુઓ! આત્મામાં ચૌદ ગુણસ્થાન, રાગાદિ ભાવ, પ્રમત્ત-અપ્રમત્તભાવ, એ સંયોગજનિત ભેદનો વિષય વ્યવહારનયનો વિષય છે. પહેલા અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો, ભાઈ! કેમ કહ્યું? તેની પર્યાય છે તો અશુદ્ધદ્રવ્યાર્થિક પહેલા કહ્યું. શું કહ્યું સમજાણું? પહેલા અશુદ્ધદ્રવ્યાર્થિક કેમ કહ્યું? નહિતર છે તો એ વ્યવહારનયનો વિષય. જ્ઞાયક જે એકસ્વરૂપ ત્રિકાળ છે, શુદ્ધ ધ્રુવ તે શુદ્ધનયનો વિષય (છે) અને તેનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. અને એ જ્ઞાયકમાં જેટલા વર્તમાન પર્યાયમાં ભેદ દેખાય છે, ગુણસ્થાન રાગાદિ ભેદ, એ સંયોગજનિત ભેદ તે બધો ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો (વિષય છે). ઈ કેમ લીધું? એ દ્રવ્ય તો પોતાનું એકરૂપ છે. તે જ દ્રવ્ય પર્યાયમાં અશુદ્ધ દ્રવ્ય પોતાની પર્યાયમાં પોતાને કારણે ભેદરૂપ થયું છે. તે બતાવવા અશુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય કહેવામાં આવ્યું છે. સમજાણું કે નહિ?

ફરીથી. આપણે અહીં પુનરુક્તિ લાગતી નથી. અહીંયાં '**અન્ય પરસંયોગજનિત ભેદો છે...**' ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાયકસ્વરૂપ તે જ દૃષ્ટિનો વિષય, તે જ અભેદ. એની પર્યાયમાં ભેદ દેખાય છે ને? ચોથું ગુણસ્થાન, પાંચમું ગુણસ્થાન, છઠ્ઠું ગુણસ્થાન, રાગાદિ, પ્રમત્ત-અપ્રમત્ત ભેદ દેખાય છે ને? એ ભેદ ખરેખર તો સંયોગના લક્ષે સંયોગના નિમિત્તે પોતામાં ભેદ પડી જાય છે. એ પોતામાં પડે છે ઈ બતાવવા તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય બતાવ્યો. એ દ્રવ્ય જ પોતાની પર્યાયમાં અશુદ્ધપણે ભેદરૂપે થયું છે. પુસ્તક સામે છે કે નહિ? ઈ માટે તો પુસ્તક રાખીએ છીએ કે ક્યા શબ્દનો શું અર્થ થાય છે. સમજાય છે કાંઈ? લોકો ટીકા તો કરે છે કે નીચે પુસ્તક (રાખે છે). ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! અરે..! પ્રભુ! તને શું ચીજ છે એ સમજવા, શબ્દમાં શું વાચ્ય છે તે વાચ્ય કહેવામાં સમજાય તો (એને) શાસ્ત્રનો વિનય કહેવામાં આવ્યો છે. ઈ ખરો વિનય છે. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા સમ્યગ્દર્શન અથવા શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ એકાગ્ર થતાં એકરૂપ જેનો વિષય-ધ્યેય છે. ત્યારે કહે છે કે આ પર્યાયભેદ દેખાય છે ને? એની દશામાં સંયોગજનિત-સંયોગના લક્ષે થવાવાળા, એમાં દેખાય છે ને? તો સંયોગજનિત ભેદ એમ કહીને બધા અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો (વિષય છે) એમ કહી દીધું. સંયોગ કર્મના નિમિત્તના સંગમાં જે ભેદ પડી જાય છે, પોતાના પુરુષાર્થથી, દ્રવ્યની પોતાની પર્યાયમાં તો એને અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો. 'જયચંદ્ર પંડિતે' હિન્દીમાં ચાલતી ભાષામાં પણ વાસ્તિકતા મૂકી છે. લોકો એમ ન સમજી જાય કે આત્માની પર્યાયમાં એ પર્યાય પરથી થઈ છે, પરથી થઈ છે અથવા પરમાં છે એમ ન સમજી લે. એમ નથી. ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદપ્રભુ એ શુદ્ધ દ્રવ્યનો વિષય છે અને આત્માની ઉપાસના કરવાથી તેને શુદ્ધ કહ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો પર્યાયમાં ભેદ છે ને? આ ગુણસ્થાન છે, રાગ છે, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ આદિ છે, અશુદ્ધતા છે, જ્ઞાનગુણ આદિની પર્યાય હિણી છે, વીર્ય હિણું છે, રાગાદિ વિપરીત છે, દર્શન હિણું છે એ શું છે? એ ભેદ સંયોગના લક્ષે (થયેલા છે). સંયોગજનિત શબ્દ પડ્યો છે. સ્વભાવજનિત નથી એમ બતાવવા વાત છે. આ કહ્યું ને? સ્વભાવજનિત નથી. ઈ અપેક્ષાએ સંયોગજનિત કહ્યું. સંયોગજનિત કહીને સ્પષ્ટ કરે છે કે તે બધા અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. એ દ્રવ્ય જ પોતાની પર્યાયમાં અશુદ્ધપણે પરિણમ્યું છે. માટે ખુલાસો કર્યો. સમજાય છે કાંઈ? સંયોગજનિત જે શબ્દ પડ્યો છે એ સ્વભાવજનિત નથી તેટલું બતાવવા (કહ્યો). અને સંયોગજનિતનો અર્થ, સંયોગના લક્ષે એના આશ્રયે ચૌદ ગુણસ્થાનના ભેદ પડે છે, ચોથું, પાંચમું, છઠ્ઠું એ બધા ભેદ છે. એ ભેદ અથવા રાગાદિ ભેદ છે, તે બધા ભેદરૂપ.. જુઓ! '**તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' એ દ્રવ્ય જ પોતાની પર્યાયમાં અશુદ્ધપણે પરિણમ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થઈ. પોતામાં ઉત્પન્ન થઈ ઈ બતાવવા કહ્યું. પોતામાં પોતાથી દ્રવ્ય શુદ્ધ છે, પર્યાયને અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી કહ્યું કે દ્રવ્ય જ પોતાની પર્યાયમાં ભેદરૂપ પરિણમ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? અમરચંદજી!

ભગવાન! ઈ પર્યાય નથી? પર્યાય છે, ભેદ છે, ગુણસ્થાનભેદ છે. જો ભેદ ન હોય તો તીર્થનો નાશ થઈ જાય. તીર્થ પણ ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધિ વધે ઘટે એ બધો વ્યવહારનો વિષય છે. જ્ઞાયકનો તો એક વિષય છે. શુદ્ધનયનો દૃષ્ટિનો (વિષય તો) એક અભેદ અખંડાનંદ જ્ઞાયક વિષય છે. તેની સાથે ભેદ જે ગુણસ્થાનના છે એ અશુદ્ધદ્રવ્યાર્થિક છે. દ્રવ્ય જ અશુદ્ધપણે થયું છે. નહિ કે કર્મથી અશુદ્ધપણું થયું છે. ઈ બતાવવા માટે સબ ભેદરૂપ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં સમજાય છે એટલે આ કહેવાય છે એમાં. કહો, રાજમલજી!

'**અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ...**' હવે ખુલાસો કર્યો. જુઓ! '**અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ...**' વર્તમાનમાં જેટલા ભેદ પડે છે, દયા, દાન, વ્રતના વિકલ્પ કે ગુણસ્થાનભેદ એ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં, '**શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે...**' એ પર્યાયાર્થિક જ છે. સમજાય છે કાંઈ? આ તો મર્મની વાત છે. મૂળ ચીજની વાત છે. ઉડાવી દે કે ભેદ છે જ નહિ તો પ્રમાણનો વિષય પૂરો નથી થતો. સમજાય છે કાંઈ? અને દ્રવ્યનો વિષય અભેદ છે, જો એનું લક્ષ ન કરે તો જ્ઞાયકથી-નિજ તત્ત્વથી જે દૃષ્ટિ ઉત્પન્ન થવી જોઈએ તે થતી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ...**' એટલે? અર્થાત્ દ્રવ્યમાં પોતાના દ્રવ્યની પર્યાયમાં જ્ઞાયક તો દ્રવ્ય શુદ્ધ જ છે, એ દૃષ્ટિ તો થઈ પણ પર્યાયમાં ભેદ રહે છે, રાગ-દ્વેષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્પન્ન થાય છે, ગુણસ્થાનભેદ થાય છે તેને અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી કેમ કહ્યું? કે પોતાનું દ્રવ્ય પોતાથી સંયોગજનિતના લક્ષે અશુદ્ધપણે થયું ઈ બતાવવા અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. અને એ અશુદ્ધદ્રવ્યાર્થિક પણ શુદ્ધ દૃષ્ટિની અપેક્ષાએ પર્યાયાર્થિક છે. પર્યાયાર્થિક જ છે. તારાચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ક્યાં આ તો સાદી ભાષા છે. આ કાંઈ કોઈ સંસ્કૃત, વ્યાકરણની એવી નથી અમારી પાસે. આ તો સાદી સહેલી ભાષાથી વાત છે. છે?

આત્મા એક સમયમાં ભૂતાર્થ સત્યાર્થ ત્રિકાળ જે કહ્યો તે તો દૃષ્ટિનો વિષય, શુદ્ધનયનો વિષય (થયો). તો એમાં કાંઈ બાકી રહ્યું કે નહિ? કે આટલો જ આત્મા છે? સમજાય છે? તો કહે છે, પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-દશામાં ચારેય એક બોલ છે. સંયોગના લક્ષે જે ભેદ પડે છે, સ્વભાવના લક્ષે ભેદ શું કરવા પડે? તો સંયોગજનિત કહેવામાં આવ્યું. સ્વભાવજનિત નહિ. સંયોગજનિત ઉત્પન્ન થયા. એમાં નિમિત્તનું લક્ષ કરવાથી ભેદ પડી ગયો. ગુણસ્થાનનો, દયા, દાનનો, વ્યવહાર રત્નત્રય આદિનો (ભેદ) એ બધો અશુદ્ધદ્રવ્યાર્થિક છે. પોતાની પર્યાય પરિણમી છે માટે અશુદ્ધદ્રવ્યાર્થિક છે. અને '**અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં...**' ત્રિકાળ જ્ઞાયકની દૃષ્ટિમાં '**પર્યાયાર્થિક જ છે...**' પર્યાય જ છે. અશુદ્ધદ્રવ્યાર્થિક કહો, પર્યાય જ છે. એ તો અશુદ્ધદ્રવ્યાર્થિક કેમ કહ્યું હતું? કે દ્રવ્ય પોતાની પર્યાયમાં પોતાથી અશુદ્ધ થયું છે તેથી અશુદ્ધદ્રવ્યાર્થિક કહેવામાં આવ્યું છે. આહાહા..! પાનાચંદભાઈ! એણે પ્રશ્ન કર્યો હતો ને સંયોગજનિતનો?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બધા ચૌદેય ગુણસ્થાન. આત્મામાં બધા ભેદ પડે છે માટે પર્યાયદૃષ્ટિનો વિષય છે. ભાઈ! સમજાય છે કાંઈ? આ તો મૂળ મુદ્દાની રકમ છે ને. શરૂઆત અહીંથી થાય છે.

કહે છે, ભગવાન! ભગવાન કહે છે પણ અત્યારે તો તને સંબોધન કરીને 'ભગવાન' કહીએ છીએ, હોં! પ્રભુ! તારી ૠદ્ધિ કેવી છે સાંભળ તો ખરો! તારી ૠદ્ધિ તો અંદર એકરૂપ અખંડાનંદ છે એ તારું દ્રવ્ય શુદ્ધનયનો વિષય અને સમ્યગ્દર્શનનો વિષય છે. પણ એટલામાં આખું દ્રવ્ય આવી ગયું? નહિ. કહ્યું ને કે નય છે. તો નય એક અંશને પકડે છે. ભલે શુદ્ધનય હો પણ નય છે ને? નયે તો એક અંશને પકડ્યો છે, ત્રિકાળ ધ્રુવ અંશને પકડ્યો છે. બીજો અંશ બાકી રહે છે કે નહિ? બ્રહ્મચારીજી! બીજો અંશ રહે છે કે નહિ? પ્રમાણ છે ઈ? નય નય છે. નય એક અંશને પકડે છે. તો શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ એક અંશે ધ્રુવ અભેદને પકડ્યો છે. એક અંશ આવ્યો. તો બીજો અંશ છે કે નહિ? સમજાય છે કાંઈ? બીજો અંશ છે, જે વ્યવહારનયનો વિષય છે એ તો દ્રવ્ય પોતાથી અશુદ્ધરૂપે પરિણમ્યું છે તે બતાવવા અશુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય કહેવામાં આવ્યું છે. અને તેનું સ્પષ્ટીકરણ કરતાં (કહ્યું કે), જ્યારે શુદ્ધ દ્રવ્યને શુદ્ધનયનો વિષય કહ્યો તો પર્યાય અશુદ્ધ રહી ગઈ

છે. એ '**અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ...**' પર્યાય અને રાગાદિ તો વ્યવહારનયનો વિષય છે જ. પણ અશુદ્ધદ્રવ્યાર્થિક જે પર્યાય પોતાની પરિણમી ઈ અપેક્ષાએ આમાં અશુદ્ધ કહ્યું તે પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં, ત્રિકાળ જ્ઞાયકની દૃષ્ટિમાં '**પર્યાયાર્થિક જ છે...**' વર્તમાન અવસ્થા જ છે. સમજાય છે કાંઈ? '**તેથી વ્યવહારનય જ છે...**'

ત્રણ બોલ લીધા. જુઓ! અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું તેને પર્યાયાર્થિક કહ્યું, તેને વ્યવહાર કહ્યો. ત્રણ અપેક્ષા આવી. કઈ ત્રણ અપેક્ષા? એક તો ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યને પકડ્યો, એક અંશને-શુદ્ધને-ધ્રુવને-જ્ઞાયકને, તો એ શુદ્ધનયનો વિષય થયો. તો હવે એક અંશ ભેદનો બાકી છે કે નહિ? તો એનો ભેદ એનામાં છે ઈ બતાવવા અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. એ અશુદ્ધદ્રવ્યાર્થકને વર્તમાન અંશ છે તો એને પર્યાયાર્થિક કહ્યું અને એ અંશ ત્રિકાળનો અભેદનો ભેદ છે તેને વ્યવહાર કહ્યો. સમજાય છે કાંઈ? '**તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.**' એવો આશય-અભિપ્રાય સમજવો. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અહીં એમ પણ જાણવું...**' હવે વિશેષ ખુલાસો કરે છે. '**કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે...**' દ્રવ્યને શુદ્ધનયનો વિષય બનાવ્યો તો અશુદ્ધતા એમાં છે જ નહિ એમ નથી. '**સ્યાદ્વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો.**' શું કહે છે? ધ્રુવને ભૂતાર્થ કહ્યો. જ્ઞાયક ત્રિકાળને સત્યાર્થ કહ્યો, ભૂતાર્થ કહ્યો, પરમાર્થ કહ્યો. તો પર્યાયને અશુદ્ધને અભૂતાર્થ અસત્યાર્થ છે, છે જ નહિ એમ ન સમજવું. અસત્યાર્થ કહ્યું હતું. ત્રિકાળ જ્ઞાયકની અપેક્ષાએ દૃષ્ટિના વિષયમાં ભૂતાર્થ છે ઈ અપેક્ષાએ પર્યાયને અશુદ્ધતાને અસત્યાર્થ કહ્યું, અભૂતાર્થ કહ્યું, અપરમાર્થ કહ્યું. પણ એનો અર્થ એમ નથી કે છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ન સમજાય તો રાત્રે પૂછવું. હવે તો ચાલે છે ને. રાત્રે બધી વાત પૂછવી. છોડવી નહિ, છેડવી. છેડવી અંદરમાં કે શું કહે છે. લાલચંદજી! કોઈ વાત છોડવી નહિ. કોઈ વાત છોડવી નહિ. બધી વાતનું સ્પષ્ટીકરણ થવું જોઈએ.

કહે છે, ભગવાન આત્માને શુદ્ધ કહ્યો, અભેદ કહ્યો. તો અશુદ્ધનયનો વિષય સર્વથા અસત્યાર્થ નથી. પહેલા એ કહ્યું હતું, '**ववहारोऽभूदत्थो**' આગળ આવશે. વ્યવહાર અભૂતાર્થ છે. હમણાં આવી ગયું, માથે આવી ગયું ને? '**અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે,...**' ભગવાન આત્મામાં રાગાદિ ગુણસ્થાનભેદ અસત્યાર્થ કહ્યા એ અસત્યાર્થ સર્વથા ન માનવું. ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કહ્યા છે. સમજાય છે કાંઈ? સમજાણું? '**અશુદ્ધનયને...**' વર્તમાનમાં અશુદ્ધતા પોતાની પર્યાયમાં મેલ છે, રાગ છે, ભેદ છે. સર્વથા જૂઠું ન માનવું. '**કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે...**' સ્યાદ્વાદ પ્રમાણે '**શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે...**' શું કહ્યું? જેવો ત્રિકાળ શુદ્ધ જે વસ્તુનો ધર્મ છે, તેવો જ અશુદ્ધતા પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો પર્યાયમાં એનો ધર્મ છે. કર્મનો ધર્મ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, **'સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે...'** જેમ જ્ઞાયક અભેદ શુદ્ધ ચિદાનંદ પ્રભુ જેવો વસ્તુનો ધર્મ છે એવો જ અશુદ્ધતા વસ્તુનો ધર્મ છે. પેલો સામાન્ય (છે) અને આ અંશ છે એટલો ફેર છે. છે તો બન્ને વસ્તુના ધર્મ. બન્ને વસ્તુએ ધાર્યા છે. ધર્મ કેમ કહે છે? અભેદ અને રાગાદિ ભેદ, એ વસ્તુએ ધારણ કર્યા છે. વસ્તુમાં ધારણ (થયેલા) છે, વસ્તુમાં છે. કર્મના કારણે નહિ, કર્મમાં નહિ. સમજાય છે કાંઈ? તારાચંદજી! 'જયચંદ્ર પંડિત' કેટલું સ્પષ્ટ કરે છે. શું કહ્યું? જુઓ!

**'સ્યાદ્વાદ પ્રમાણે...'** પ્રમાણ લેવું છે ને? એકલો અભેદ અંશ જ છે અને પર્યાય નથી? સ્યાદ્વાદ કથંચિત્ અપેક્ષાથી અભેદને સત્યાર્થ કહ્યો અને ભેદને અસત્યાર્થ કહ્યું. તો સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા બન્ને વસ્તુના ધર્મ છે. **'અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે;...'** ભાષા જુઓ! કેટલું સ્પષ્ટ કરે છે! જે ત્રિકાળ જ્ઞાયક છે એ પણ વસ્તુનું સત્ત્વ છે, સત્નું સત્ત્વ છે. તેવી રીતે અશુદ્ધતા પણ સત્નું જ સત્ત્વ છે. સમજાય છે કાંઈ? આ ગાથા તો બધા વચ્ચે તો હમણાં વંચાય છે. નહિતર કોઈ વખતે કોઈ હોય અને કોઈ ન હોય. આ તો બધાની વચ્ચે કુદરતી ગાથા આવી છે. સમજાય છે કાંઈ? આ તો બધા છે, ૨૫૦ માણસો આવી ગયા. શું છે એનો અર્થ સમજવો જોઈએ કે નહિ?

દૃષ્ટિના વિષયમાં વ્યવહારને અસત્યાર્થ કહ્યું તો સર્વથા અસત્યાર્થ છે એમ ન માનવું. કેમ? **'વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે;...'** અશુદ્ધતા, મલિનતા, રાગ-દ્વેષતા, ભેદ એ વસ્તુનું સત્ત્વ છે. વસ્તુમાં છે. વસ્તુનો ધર્મ છે, વસ્તુએ ધારી રાખ્યા છે. આહાહા..! એ કર્મે અશુદ્ધતા ધારી રાખી છે એમ નહિ. અશુદ્ધતા કર્મનો ધર્મ છે એમ નહિ. સમજાય છે કાંઈ? શુદ્ધતા અશુદ્ધતા વસ્તુનો ધર્મ છે. સ્યાદ્વાદ પ્રમાણે બન્ને વસ્તુના ધર્મ છે. વસ્તુનો ધર્મ વસ્તુનું સત્ત્વ છે, વસ્તુનો ધર્મ વસ્તુનું સત્ત્વ છે. જેમ અભેદ એકાકાર સમ્યગ્દર્શનનો વિષય વસ્તુનું સત્ત્વ છે, તેવો જ અશુદ્ધતા, મલિનતા, વિકારતા, મિથ્યાત્વ, રાગાદિ ભાવ વસ્તુનો ધર્મ છે અને વસ્તુનું સત્ત્વ છે.

મુમુક્ષુ :- વિભાવિક શક્તિ?

ઉત્તર :- વિભાવિક શક્તિની અહીં વાત નથી. વિભાવિક શક્તિ તો ત્રિકાળ છે. એ તો સિદ્ધમાં પણ છે. ઈ વાત અહીંયાં નથી. વિભાવિક શક્તિ પરને આધીન થઈ છે એ પર્યાયની વાત છે. ઈ પર્યાયની વાત છે. વિભાવિક શક્તિ ત્રિકાળ છે. એ વિભાવિક શક્તિ ત્રિકાળ તો સિદ્ધમાં પણ છે. પણ વિભાવિક શક્તિ પોતાથી કર્મના નિમિત્તના લક્ષે ભેદરૂપે જે થઈ છે તે પોતાનો ધર્મ-પર્યાય ધર્મ છે. આ પર્યાય ધર્મની વાત ચાલે છે. વિભાવિક શક્તિ તો ત્રિકાળ ગુણ છે. સમજાય છે કાંઈ? વિભાવિક તો ત્રિકાળ ગુણ છે. એ ગુણ નિમિત્તના લક્ષે વિકારરૂપ થયો અને બીજા ગુણ પણ સાથે વિકારરૂપ થયા ને? એકલો વિભાવિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

(ગુણ) ક્યાં (થયો છે)? શ્રદ્ધા, ચારિત્ર, આનંદ એ બધા પર્યાયમાં વિકારરૂપ થયા છે. એ વસ્તુનું સત્ત્વ છે. એ વસ્તુનું પર્યાયનું-અવસ્થાનું સત્ત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'એ જ ફેર છે.'** હવે જુઓ! ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ અભેદ જે અંતર એકાકાર થઈને શુદ્ધતાનું સેવન કરવાથી જે શુદ્ધ લક્ષમાં આવ્યો તે એક સત્ત્વ છે. પણ શુદ્ધતા જે પ્રગટ થઈ અને પર્યાયમાં ભેદ આદિ છે, એ ભેદ છે ને? શુદ્ધતા પણ ભેદ છે. સમજાય છે કાંઈ? તો એ ભેદ અને અશુદ્ધતા, એ ભેદને પણ અશુદ્ધતા કહે છે, એ વસ્તુનો ધર્મ છે. **'અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે;...'** પોતાનું સત્ત્વ છે, કર્મનું સત્ત્વ નથી. પુણ્ય અને પાપ, દયા ને દાન, મિથ્યાત્વ ને અજ્ઞાન, રાગ ને દ્વેષ, એ વસ્તુનું સત્ત્વ છે, વસ્તુની પર્યાયનું સત્ત્વ છે, સત્‌નું સત્ત્વ છે. સત્‌નું એ સત્ત્વ અભેદ, એક બીજું સત્ત્વ ભેદ. એક સત્ત્વ શુદ્ધ, એક સત્ત્વ અશુદ્ધ. સમજાય છે કાંઈ?

કહે છે, ફેર એટલો જ છે કે **'અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.'** આ. અશુદ્ધતા સ્વદ્રવ્યના આશ્રયે થતી નથી. પરના લક્ષે... પંડિતજી! **'परसंग एव'** ત્યાં આપણે કોઈકે પૂછ્યું હતું. પંડિતજી કહે, **'पर एव'** નહિ. અમે તો પહેલેથી કહીએ છીએ **'पर एव'** નહિ, **'परसंग एव'**. પંડિતજીએ પણ કહ્યું હતું. **'परसंग एव'**. પરથી નહિ. ત્યાં ૨૭૮ ગાથામાં એમ આવે છે. બહુ ગડબડ કરે છે. એમાં પણ બહુ ગડબડ થઈ ગઈ ને અત્યારે. પરદ્રવ્યને કારણે આત્માને વિકાર થાય છે. જુઓ! એમ નથી. ૨૭૮ ગાથા છે ને? સ્ફટિક મણિ. સ્ફટિક મણિ જેમ પોતાથી સ્વચ્છ છે તો પોતાથી લાલ નથી થતો. પરદ્રવ્યથી લાલ થાય છે એવો ત્યાં પાઠ છે. એનો અર્થ શું? કે પોતાની પર્યાયમાં સફેદાઈ છોડીને લાલ આદિ ઝાંય પડે છે તે પરદ્રવ્યના સંગથી થાય છે. થાય છે પોતામાં. એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્ફટિક રત્ન જેવો નિર્મળાનંદ પ્રભુ દૃષ્ટિનો વિષય શુદ્ધ ચૈતન્ય-સ્ફટિક છે પણ પર્યાયમાં રાગ-દ્વેષ આદિ વિકાર થાય છે **'परसंग एव'** પરનો સંગ કરવાથી પોતાની પર્યાયના સત્ત્વમાં અશુદ્ધતા ઉત્પન્ન થાય છે એટલો ફેર છે. એ અશુદ્ધતા સ્વસંગથી ઉત્પન્ન થઈ નથી.

મુમુક્ષુ :- સંગદોષ?

ઉત્તર :- ના, સંગદોષ નહિ. દોષ તો એનો જ છે. અહીં તો પરનો સંગ (કરે છે). ચૈતન્યનો સંગ કરે તો તો શુદ્ધતા ઉત્પન્ન થઈ જાય. પણ પરનું લક્ષ છે. પરના લક્ષે.. જુઓને! એટલો ફેર કહ્યો ને? વસ્તુનું સત્ત્વ તો બન્ને છે. શુદ્ધ પણ સત્ત્વ છે, અશુદ્ધ પણ સત્ત્વ છે. સામાન્ય પણ સત્ત્વ છે, વિશેષ પણ સત્ત્વ છે. ધ્રુવ પણ સત્ત્વ છે, ઉત્પાદ-વ્યય પણ સત્‌નું જ સત્ત્વ છે અને સત્‌ ધારણ કર્યું છે. નિજ સત્‌ ધારણ કર્યું છે, પરે નહિ. **'અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.'** બસ. પરદ્રવ્યના લક્ષે,

આશ્રયથી ઉત્પન્ન થાય છે.

**'અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે...'** એ પરના સંગથી ઉત્પન્ન થનારા રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વ્યવહાર હેય કહ્યું. કેમ? 'કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે...' વિકાર સંસાર છે. અશુદ્ધનયનો વિષય સંસાર છે. પુણ્ય-પાપ, કામ, ક્રોધ, દયા, દાનના જે વિકલ્પ છે એ અશુદ્ધનયનો વિષય સંસાર છે. તે જ સંસાર છે. તેનાથી સંસારની ઉત્પત્તિ થાય છે. સંસરણ ઈતિ સંસાર. 'પ્રવચનસાર'માં પાઠ છે. ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપમાંથી ખસીને-સંસરણ થઈને વિકાર કરે છે તે જ સંસાર છે. સમજાય છે કાંઈ? **'અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે;...'** વિકારી ભાવ અશુદ્ધનયનો વિષય એ સંસાર (છે). સંસાર તો ક્લેશ છે. સંસાર શબ્દે વિકારી ભાવ. બાયડી, છોકરા સંસાર નથી. બાયડી, છોકરા પરદ્રવ્ય છે. એમાં પોતાનો સંસાર ક્યાંથી આવ્યો? પોતાની પર્યાયનો સંસાર પરમાં ક્યાંથી આવ્યો? પોતાની પર્યાયમાં જે અજ્ઞાનથી રાગ-દ્વેષ, ભ્રમ અને મિથ્યાત્વ કરે છે એ જ સંસાર છે. પોતાની દોષની પર્યાય પોતાની પર્યાયમાં રહે છે કે દોષની દશા પરમાં રહે છે? બાયડી, છોકરા સંસાર, આ શરીર સંસાર છે? બંગલા સંસાર છે? ધૂળ મોટી પાંચ લાખ-દસ લાખના બંગલા કરે છે. શરીર સંસાર છે? આ તો ધૂળ છે. આ સંસાર હોય તો દેહ છૂટે ત્યારે બધું પડ્યું રહે છે. તો સંસાર પડ્યો રહ્યો અને મુક્તિ થઈ જશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંથી મટે? મૂઢ થઈ જાય. શરીર, સ્ત્રી, કુટુંબ, મકાન, આબરુ, કીર્તિ, ઝવેરાત, કપડા એ જો સંસાર હોય તો દેહ છૂટવા કાળે બધું છૂટી જાય છે. તો એનો અર્થ કે સંસાર છૂટી ગયો. એની મુક્તિ થવી જોઈએ. એ સંસાર નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એની પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ છે તે સંસાર છે. ઉદયભાવ એ સંસાર છે. આહાહા..! .. પણ છે પોતાનો ને? છે પોતામાં ઈ સંસાર છે. સમજાય છે કાંઈ? પરલક્ષે કર્યો કોણે? પોતે. બસ, વાત ઈ છે. સમજાય છે કાંઈ?

**'અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે.'** વિકાર, વિકાર, વિકાર. નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધી ગયો, જૈન દિગંબર મિથ્યાદૃષ્ટિ સાધુ. પુણ્ય-પાપનો ભાવ એ તો સંસાર છે. શુક્લલેશ્યા કરી. નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પણ સંસાર હતો. એ દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિને બાહ્યથી સ્ત્રી, કુટુંબ કાંઈ નથી. અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા પાળે પણ એમાં મિથ્યાત્વ-રાગ એ મારી ક્રિયા છે, રાગ ઉપર દૃષ્ટિ છે અંદર જે રાગભાવ છે એ જ સંસાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ સંસાર એણે છોડ્યો નથી. બહારથી તો છોડી દીધું. હજારો રાણી છોડી. રાજકુમાર બાળબ્રહ્મચારી હો. એમાં શું થયું? ભગવાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા શુદ્ધ ચિદાનંદનું અવલંબન લઈને અશુદ્ધતાનો વ્યય કરવો જોઈએ એને ઠેકાણે અશુદ્ધતાનો આદર કર્યો. સ્વભાવનો આદર નથી, અશુદ્ધતાનો આદર છે. અશુદ્ધતાનો આદર છે એ જ મિથ્યાત્વ અને એ જ સંસાર છે. સમજાય છે કાંઈ? પોતાનો સંસાર પરમાં રહે?

એક દૃષ્ટાંત આપ્યો છે, ભાઈ! પેલામાં છે. અરીસામાં દેખાય છે ને? અરીસામાં. અહીંયાં મેલ છે. એમાં દેખાય. અરીસામાં મેલ દેખાય ને? મેલ. મેલ સમજ્યા? શરીરનો મેલ. ડાઘ લાગી જાય છે. તો ત્યાં દેખાય. ત્યાં અરીસામાં ઘસે છે? મેલ તો અહીંયાં છે. સમજાય છે કાંઈ? એમ બાયડી, છોકરા, દુકાન-બુકાન સંસાર છે, એ છોડી દો. પણ એ તો પરચીજ છે. એમાં શું થયું? તારો સંસારનો ડાઘ તો તારી પર્યાયમાં છે. ડાઘ સમજ્યા? ડાઘ કહે છે? ડાઘ-મેલ. ડાઘ કહે છે? ડાઘ. ઈ દાખલો આપ્યો છે, હોં! અરીસો ઘસે? એમ બાયડી છોડો, છોકરા છોડો, ધૂળ છોડો. તારો કાળ ચાલ્યો જશે. એ સંસાર નથી. શરીરને જીર્ણ કરો, અપવાસ કરી કરીને પાતળું કરો. ઈ પાતળું થાય એમાં તારો સંસાર ક્યાં? સમજાય છે કાંઈ? રાગને પોતાનો માનવો અને સ્વભાવને દૃષ્ટિમાંથી છોડવો તેનું નામ મિથ્યાત્વ અને એનું નામ સંસાર. મુખ્ય સંસાર મિથ્યાત્વ છે, રાગ-દ્વેષ સંસાર ગૌણ છે. જે મિથ્યાત્વ છે, એક રાગને પોતાનો માનવો અથવા એક અંશ જેટલી વર્તમાન વ્યક્તતા છે-જ્ઞાનની વ્યક્તતા ક્ષયોપશમ, દર્શનની વ્યક્તતા ક્ષયોપશમ, વીર્યની વ્યક્તતા ક્ષયોપશમ, રાગની વિપરીતતા ઉદય, એટલો હું છું તેના ઉપર દૃષ્ટિ છે તે મિથ્યાત્વ છે, તે જ સંસાર છે. સમજાય છે કાંઈ? ભારે સૂક્ષ્મ, ભાઈ! સમજાણું? ભાઈ! પંડિતજી! સમજાય છે? શું કહે છે? કેટલો ખુલાસો કર્યો છે !

ભાઈ! અશુદ્ધતા અને શુદ્ધતા બેય આત્માના જ ધર્મ છે, આત્માએ ધારણ કર્યા છે. અશુદ્ધતા કોઈ બીજાએ ધારણ કરી છે એમ નથી. તો વસ્તુના બેય ધર્મ છે. એમાં ફેર કેટલો? કે અશુદ્ધતા પરસંગથી ઉત્પન્ન થઈ છે તે સંસાર છે, વિકાર છે. અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે. એ રાગ અને પુણ્ય વિકલ્પને પોતાના માની, પોતાના અસ્તિત્વમાં છે પણ એટલો હું છું એમ માનવું એ સંસાર છે, ક્લેશ છે. ચાર ગતિમાં તેથી દુઃખ ભોગવે છે. નિગોદમાં પણ એમ કહ્યું. સમજ્યા? ભાવકલંક પઉરા. 'ગોમ્મટસાર'માં પાઠ છે. નિગોદમાં કેમ રહ્યો? ભાવકલંક પઉરા. પ્રચુર ભાવકલંક, એમ કહ્યું છે. કર્મ-ફર્મ નહિ, કર્મ તો પરચીજ છે. નિગોદનો સંસાર.. નિગોદનો જીવ તો દ્રવ્યે શુદ્ધ છે એ શુદ્ધનયના વિષયની તો એને ખબર નથી પણ પર્યાયમાં ભાવકલંક પઉરા. ભાવકલંક પ્રચુર જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે તે જ એનો સંસાર છે. સમજાય છે કાંઈ? તેથી તે ત્યાં દુઃખ ભોગવે છે, કર્મને કારણે નહિ. આહાહા..! શું કહ્યું? જુઓ!

**'અશુદ્ધનયનો વિષય સંસાર છે...'** અશુદ્ધનયનો વિષય ક્યાં રહ્યો? અશુદ્ધનયનો વિષય ક્યાં રહ્યો? કર્મમાં રહ્યો? પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ અને ભ્રમણા એ અશુદ્ધનયનો વિષય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. અહીં શુદ્ધનયનો વિષય ત્રિકાળ અને અશુદ્ધનયનો પોતામાં પર્યાયનો વિષય બતાવવો છે. '**અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય...**' જુઓ! પરનો સંગ, લક્ષ છોડે ત્યારે સંસાર છૂટે છે. જુઓ! આવ્યું ને? શું આવ્યું? '**જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે...**' પરદ્રવ્યનું લક્ષ છોડી... ઈ પહેલા આવ્યું ને એમાં? પરદ્રવ્યનું લક્ષ છોડી, એમ આવ્યું ને એમાં? છઠ્ઠી ચાલે છે ને? જુઓ! ... ક્યાં આવ્યું? ઉપાસિત. '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' એનો અર્થ અહીંયાં થાય છે.

આત્મામાં જેટલા ભેદ વિકાર આદિ છે તે જ સંસાર છે, ક્લેશ છે, દુઃખ છે. એ અશુદ્ધનયનો વિષય પોતાની પર્યાયમાં છે. તેનાથી તો સંસારમાં ચાર ગતિમાં કે નિગોદ આદિમાં દુઃખ ભોગવવું પડે છે. જ્યારે પરદ્રવ્યથી ભિન્ન પડે. જુઓ! અહીંયાં આવ્યું. 'જ્યારે પોતે પરદ્રવ્યથી...' પાછું એમ કહ્યું છે, જ્યારે. એમ નહિ કે જ્યારે કર્મ મંદ પડે ત્યારે અને તારી કાળલબ્ધિ પાકે ત્યારે. એ તો તારો પુરુષાર્થ ત્યાં લાગી ગયો તો તારી કાળલબ્ધિ પાકી ગઈ છે. સમજાય છે કાંઈ? છે તો કાળલબ્ધિ પણ કાળલબ્ધિનું એણે લક્ષ કરવાનું નથી. આત્માનું લક્ષ કરવાનું છે. સમજાય છે? કેસરીચંદજી! આ વખતે વખત બહુ થઈ ગયો, હોં!

'**જ્યારે...**' આ શબ્દ પડ્યો છે. '**પોતે...**' જુઓ! પોતે એમ લીધું છે. પોતાથી '**પરદ્રવ્યથી ભિન્ન થાય...**' પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય છે. પોતાના પુરુષાર્થથી પરદ્રવ્યનું લક્ષ જે અનાદિનું છે તેનાથી જે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે એ ક્લેશ છે, દુઃખ ભોગવે છે. જો દુઃખ ભોગવવું છોડવું હોય તો પરદ્રવ્યનું લક્ષ સ્વયં છોડે છે. સમજાય છે કાંઈ? '**જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે...**' ત્યારે ક્લેશનું સ્વામીપણું છૂટી ગયું તો ક્લેશ પણ છૂટી જાય છે. રાગથી રહિત જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ તો જે રાગાદિ છે તેનું સ્વામીપણું છૂટી ગયું. પછી સ્વરૂપની સ્થિરતા કરીને એ ક્લેશ પણ છૂટી ગયો. તો ક્લેશ છૂટવાથી સુખી થાય છે. '**ક્લેશ મટે.**'

'**એ રીતે દુઃખ મટાડવાને...**' ભાષા જુઓ! '**એ રીતે...**' આ પ્રકારે '**દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.**' શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. પર્યાયનો ઉપદેશ ગૌણ કરવાનો છે. કારણ કે તેનાથી તો ક્લેશ ભોગવે છે. સમજાય છે કાંઈ? પુસ્તક છે કે નહિ? બધા પાસે છે. ઈ શબ્દના અર્થ થાય છે. '**શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.**' ભગવાન, તારો શુદ્ધ ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે તેની દૃષ્ટિ કર, તારા મિથ્યાત્વનો ક્લેશ નાશ પામી જશે અને એમાં સ્થિરતા કર (તો) અસ્થિરતાનો ક્લેશ નાશ પામી જશે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. સમજાય છે કાંઈ? કહો, નેમિદાસભાઈ!

મુમુક્ષુ :-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- ઈ તો આવી ગયું ને? પરદ્રવ્યનું લક્ષ છોડવું. ઉપદેશનું પણ લક્ષ છોડવું. એમ છે કે નહિ? પરદ્રવ્યથી ભિન્ન થાય છે. પરદ્રવ્યમાં શું બાકી રહ્યું? શબ્દ પણ પરદ્રવ્ય રહ્યા, કર્મ પણ પરદ્રવ્ય રહ્યા, રાગ પણ ખરેખર પરદ્રવ્ય છે. એનું લક્ષ છોડીને સ્વભાવમાં આવવું. પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરીને સ્થિર થવું એ જ એનું કર્તવ્ય દર્શન અને ચારિત્ર છે. જ્ઞાન સાથે થઈ ગયું. સમજાય છે કાંઈ? આહાહા..! મૂળ ચીજનો પત્તો નહિ અને ઉપર ઉપરથી પાંદડા તોડે. પાંદડા તોડે સમજો છો? પત્તા. મૂળ તો એવું ને એવું સાજું. આંબલી હોય છે ને? શું કહે છે? આંબલી-ઈમલી. આટલા પાન. ઘણાં તોડી નાખ્યા. સૂકાઈ જશે. શું સૂકાઈ જશે? મૂળ સાજું છે. બધું પાંગરી જશે. અમારી ભાષામાં પાંગરી કહે છે. પલ્લવિત થાય છે. બે મહિનામાં પાંગરી જશે. અંકૂરો તો ઊગે પણ બે મહિનામાં એવી ને એવી. જેનું મૂળ કાપી નાખ્યું, કરોડો પાંદડા હોય, બે માસ, પંદર દિવસમાં તો સૂકાઈ જશે.

એમ જેણે મિથ્યાત્વરૂપી મૂળ સંસારને કાપી નાખ્યો પછી થોડો ચારિત્રનો દોષ રાગ-દ્વેષાદિ રહ્યા એ છૂટી જશે, સૂકાઈ જશે. પણ રાગ-દ્વેષ મંદ કરવાનો પ્રયત્ન કરતા કરતા કરતા અનંત કાળ ગયો. સમજાય છે કાંઈ? પણ મૂળ કાપ્યું નહિ તો સંસાર છૂટ્યો નહિ. સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ! અહીં ‘જયચંદ્રજી પંડિતે’ એમાંથી ચાલતી ભાષામાં શબ્દાર્થ કર્યો. સમજી જાય એવી ભાષામાં.

**‘શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી.’** એમ ન સમજવું કે અસત્યાર્થ (કહ્યું એટલે) પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત છે જ નહિ. એમ ન સમજવું. છે, એમ ન સમજવું કે.... **‘અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી.’** એમ આત્માની પર્યાયમાં વિકાર છે જ નહિ. એમ ન સમજવું. સમજાય છે કાંઈ? કેટલા પડખાથી વાત કરે છે! એકાંત વેદાંત ન થઈ જાય, એકાંત રાગનો આશ્રય ન કરી લે, શુદ્ધનો આશ્રય કરે, રાગને લક્ષમાં રાખે. આહાહા..! સમજાય છે કાંઈ?

મૂળ દરકાર કરી નથી. ન સમજાય એવી ચીજ નથી. એ તો અંતર્મુહૂર્તમાં... આગળ કહે છે, અંતર્મુહૂર્તમાં અનુભવ થઈ શકે છે. એટલી તાકાત એનામાં છે. અંતર્મુહૂર્તમાં કેવળ લઈ શકે છે, અંતર્મુહૂર્તમાં તો કેવળ લઈ શકે છે. અનાદિ નિગોદનો જીવ મનુષ્ય થઈને આઠ વર્ષનો થઈને કેવળ પામે. અનાદિસાંત નિગોદ અને સાદિઅનંત સિદ્ધ. વચ્ચે આઠ વર્ષ મનુષ્યના. ઓહોહો..! સમજાય છે કાંઈ? અનાદિસાંત નિગોદ. નિગોદમાંથી નીકળ્યો અને આઠ વર્ષ મનુષ્યના. સાંભળ્યું ને સાંભળીને અંદરથી પાવર ફાટ્યા! જેમ તળાવમાં બહુ પાણી ભર્યા હોય પછી એક લીટી કરે થોડી ત્યાં સડસડાટ પાણી નીકળે. એમ ભગવાન આત્મામાં આનંદ આદિ છલોછલ પૂરા ભર્યા છે. એમ આઠ વર્ષમાં એકાકાર થઈ કેવળ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પામીને મોક્ષમાં જાય છે. સાદિઅનંત સિદ્ધ, અનાદિસાંત નિગોદ, વચમાં આઠ વર્ષ (મનુષ્યના). એટલી તાકાત આત્મામાં છે. રાત્રે કોઈએ પ્રશ્ન કર્યો હતો ને? શેઠે, લાલચંદજી શેઠ. પ્રશ્ન કર્યો હતો ને? નિગોદમાંથી નીકળ્યો એમાં શું પુરુષાર્થ કર્યો? એમાં શું પુરુષાર્થ? એ તો રાગ મંદ છે. અહીંયા આવીને પુરુષાર્થ કર્યો. બહાર નીકળ્યો તો મોક્ષમાં કારણ થયું એમ છે જ નહિ. એ તો રાગની મંદતા થઈ તો મનુષ્ય થયો. બસ, એટલી વાત. એમાં કાંઈ નથી. એ તો અભવિ પણ થાય છે. મનુષ્ય અભવિ છે કે નહિ? ઈ પણ મુનિપણું પાળે છે, બાહ્ય ક્રિયાકાંડ (કરે છે). નવમી ગ્રૈવેયક જાય એવી ક્રિયા (કરે છે). એમાં શું થયું? ઈ આત્મા ત્યાંથી નીકળ્યો. પછી અંતરમાં અંતરમાં શુદ્ધ ચિદાનંદ ભગવાન... સમજાય છે કાંઈ?

ઈ વાત આવે છે ને? 'ભરત' ચક્રવર્તીના પુત્ર, નહિ? કેટલા છે? દસ હજાર? 'ભરત'ના. કેટલા? દસ હજાર કે કેટલા? એકસાથે દસ હજાર નિગોદમાંથી નીકળ્યા ને? બોલતા નથી. કેટલા? દસ હજાર. 'દ્રવ્યસંગ્રહ'માં છે. દસ હજાર. ૯૨૭ બીજા. .. એ બીજા છે. આ તો દસ હજાર રાજાના પુત્ર થયા. બોલે નહિ. ભાષા નહિ. 'ભરત'ને એમ થયું કે આ બોલતા કેમ નથી? અમારે ઘરે આવ્યા. રાજકુમાર તરીકે પુણ્યવંત છે. જુઓ તો મહાતેજ છે. બોલતા નથી. પહેલેથી બોલતા નથી. 'દ્રવ્યસંગ્રહ'માં છે. ભગવાન પાસે ગયા, 'ભરત' અને બધા પુત્ર સમવસરણમાં (ગયા). પ્રશ્ન કર્યો, પ્રભુ! આ અમારે ઘરે આવ્યા. ઓહો..! બોલતા નથી. ભાષા નથી. ભગવાન કહે છે, હમણાં બોલશે. બોલ્યા તો એ બોલ્યા, ભગવાન! દીક્ષા દો. પહેલાવહેલા બોલ્યા. જિંદગીમાં પહેલી વાર. 'દ્રવ્યસંગ્રહ'માં પાઠ છે. 'ભરત' પ્રભુને પૂછે છે, પ્રભુ! આ અમારે ઘરે આવ્યા, હું ચક્રવર્તી. દસ હજાર પુત્ર. રાજકુમાર મણિરત્નની પૂતળી જોઈ લ્યો. આહાહા..! કોઈ .. નથી, મૂરખ નથી. બોલતા નથી. 'ભરત'! દિવ્યધ્વનિમાં આવ્યું, હમણાં બોલશે. દસ હજાર. પ્રભુ! અમે સંસારથી દુઃખી છીએ. દીક્ષા આપો. દીક્ષિત થઈ ગયા અને કેવળ પામીને મોક્ષમાં ચાલ્યા ગયા. આહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્માની તાકાત પડી છે. પૂર્ણાનંદ પ્રભુ. વિશ્વાસ નથી, એને વિશ્વાસ નથી. ક્યાંથી કેવળજ્ઞાન આવશે ને ક્યાંથી સિદ્ધપદ થશે? ભગવાન! તારી પાસે બધું પડ્યું છે. જુઓ!

કહે છે કે અશુદ્ધતા છે પણ શુદ્ધતા પૂર્ણ પડી છે. એનું ભાન કરીને અશુદ્ધતાનો નાશ કરવા શુદ્ધનયનો ઉપદેશ દેવામાં આવ્યો છે. આહાહા..! જુઓ! શબ્દ શું પડ્યા છે? **'આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી.'** (એમ) એકાંત નથી. દ્રવ્યમાં નથી. સર્વથા નથી એમ કેમ કહ્યું? કે દ્રવ્યમાં અશુદ્ધતા નથી. પર્યાયમાં અશુદ્ધતા છે. કથંચિત્ અશુદ્ધતા નથી. શેમાં? કે દ્રવ્યમાં નથી. પર્યાયમાં છે, પોતાને કારણે છે. આહાહા..! **'એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે;...'** જુઓ! મિથ્યાત્વ દઢ થાય છે. રાગ-દ્વેષ પોતાની પર્યાયમાં છે, પોતાના સત્ત્વમાં છે. અને જ્યાં શુદ્ધનયનો ઉપદેશ સત્યાર્થ કહ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને એને અસત્યાર્થ કહ્યું તો બિલકુલ અસત્યાર્થ માની લે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ? વિકાર દેખાય છે એ તો કર્મનો છે, કર્મનો છે, અમારે શું? મૂઢ છો, મરી જઈશ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- શાસ્ત્રમાં એવું લખ્યું નથી.

મુમુક્ષુ :- કરણાનુયોગના શાસ્ત્રમાં મોટા અક્ષરે લખ્યું છે.

ઉત્તર :- મોટા અક્ષરે લખ્યું હોય તો શું થયું? 'ગોમ્મટસાર' છે ને? પંડિતજી! આટલા ચાર ભાગ છે ને? એમાં મોટા અક્ષરમાં છે. આટલા આવે છે. 'ગોમ્મટસાર' ચાર ભાગ, પાંચ ભાગ આવે છે. મોટા અક્ષરે લખ્યું હોય તો શું લખ્યું છે એમાં? એ તો નિમિત્ત બતાવ્યું છે કે જ્યારે રાગ-દ્વેષ થાય ત્યારે ચારિત્રમોહનો ઉદય છે. એટલું બતાવ્યું છે. પણ શું ઉદયમાં રાગ-દ્વેષ થયા છે? જડના ઉદયમાં થયા છે? જડના ઉદયની સત્તા જડની છે. ઉદયની પર્યાય જડની છે અને રાગ-દ્વેષ ચૈતન્યનો આભાસ છે, વિકાર છે. શું એમાં થયા છે? કેસરીચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... દે છે. ઠીક કહે છે શેઠિયા. વાંક નહિ. શેઠિયા ચોખ્ખા છે, મહંત છે. દોષ પોતાનો અને લગાવવો કર્મ ઉપર. તું તો મહંત રહેવા માગે છો. એમ લખ્યું છે, હોં! કેસરીચંદજી! 'ટોડરમલજી'એ લખ્યું છે. તું તો મહંત રહેવા માગે છે અને તારો દોષ કર્મ ઉપર નાખે છે. મરી જઈશ. જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. સમજાય છે કાંઈ? છે કે નહિ? ક્યાં છે? કેટલામે પાને છે? ૩૨૩? ૩૧૬.

**'વળી તત્ત્વનિર્ણય ન કરવામાં કાંઈ કર્મનો દોષ તો છે નહિ પણ તારો જ દોષ છે.'** (એમ કહે કે), નિર્ણય કરવો છે, શું કરીએ? કર્મ નિર્ણય કરવા નથી દેતા. નિર્ણય કરવાનો ભાવ (છે પણ) કર્મ નિર્ણય કરવા દેતા નથી. એ દોષ તો તારો જ છે. 'તું પોતે તો મહંત રહેવા ઇચ્છે છે...' કેસરીચંદજી!

મુમુક્ષુ :- શેઠિયાનો કાંઈ દોષ હોય?

ઉત્તર :- શેઠ કહેવા કોને? આ શેઠ કહેવા કોને? એ તો લખ્યું નથી આપણે શેઠિયાએ? પોતાના સ્વરૂપનું સાધન સમજે તો શેઠ, બાકી બધા અનુચર. બધા ભિખારી છે. સમજાય છે? એમાં છે. પુસ્તક નથી. ઈ પુસ્તકમાં છે. પેલું પુસ્તક આપ્યું હતું ને? દીપચંદ શેઠિયાનું ભક્તિનું. એમાં છે. આપ્યું હતું. એમાં એમ છે, બે ઠેકાણે છે. પોતાનું સ્વરૂપ સંભાળે તે શેઠ. પોતાનું સ્વરૂપ સંભાળે તે શેઠ. બાકી બધા અનુચર ભિખારી છે. કેસરીચંદજી! શબ્દ છે. પુસ્તક નથી. એક્કેય નથી. બધા રાખીએ છીએ, પણ અહીંયાં કેટલા રાખે? આવ્યું? 'ગુણીજન સંભાળે સોહી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી... મારા જ્ઞાન.'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ શેઠિયાના દીકરાનો નાનો દીકરો મરી ગયો હતો. મડદું પડ્યું હતું. છોકરાની માં, એના દીકરાની વહુ, શેઠિયાએ કહ્યું, તમારે રડવું છે? દીકરો મરી ગયો. મોટા ગૃહસ્થનું ઘર. રડવું છે? ના, પિતાજી. ઘરમાં ૩૦ માણસો. હું બોલું છું ઈ ગાઓ. મડદું પડ્યું છે. ઈ ગાયું. જુઓ! પહેલેથી ઈ આવ્યું છે.

'ગુણીજન વંદું શ્રી અરિહંત સિદ્ધ, પાઉં તો શાંતિ જીવમેં જી.. મારા જ્ઞાન.' આ બાયું રોવે છે ને? મારો દીકરો, મારો દીકરો નથી કરતા? મરે ત્યારે એમ કહે, મારો દીકરો. મારા પેટ.. મારા પેટ. બાયું રોવે બહુ. એઈ.. સેઠી! મરે ત્યારે (બોલે), મારા પેટ. હવે તારા પેટ ક્યાં હતા? પેટ તો ધૂળનું છે. ધૂળમાં ક્યાંથી આવી તું? અહીં તો કહે છે, 'પાઉં તો શાંતિ જીવ મારા જ્ઞાન.. ગુણીજન સંભાળે સોઈ છે શેઠ.' છોકરાની માં બોલતી હતી. ગૃહસ્થનું ઘર. બધા આવ્યા. રોવો છો શું? પછી બધા ગાયન બોલે. રોવાનું શું? એ તો સ્થિતિ પૂરી થઈ ગઈ, ચાલ્યો ગયો. એમાં શું છે? દ્રવ્યની સ્થિતિ કોઈ પલટાવી શકે છે ત્રણકાળમાં ઇન્દ્ર નરેન્દ્ર? શું કરવું છે તારે? રડવું છે? 'ગુણીજન સંભાળે સોહી શેઠ, અન્ય તો અનુચર જાણજો જી.. મારા જ્ઞાન..' અન્ય તો અનુચર જાણજો. 'ગુણીજન દુઃખ સુખ છે જી વિલાપ, આતમસુખ જીતીયો જી.. મારા જ્ઞાન..' આ સ્ત્રીનું ગાયન છે, મોટું, હોં! બીજે ઠેકાણે.

એમ અહીંયાં કહે છે, જુઓ! '**જિનઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ.**' વિકાર કર્મ કરાવે છે એમ દોષ કાઢે છો? '**તારે વિષયકષાયરૂપ જ રહેવું છે માટે આવું જૂઠું બોલે છે.**' લખ્યું છે. તારે વિષયકષાયરૂપ રહેવું છે માટે જૂઠું બોલે છે. કર્મ અમને દોષ કરાવે છે. દોષ તું કરે છો અને પર ઉપર નાખે છો? આવી અનીતિ જિનાજ્ઞામાં? જિનઆજ્ઞા માને તો આવું સંભવે નહિ. અશુદ્ધતા પોતાની પર્યાયમાં છે. સમજાય છે? એને છોડાવવા શુદ્ધનો ઉપદેશ દેવામાં આવ્યો છે. પણ અશુદ્ધતા છે જ નહિ એમ કહેવાનો ઉપદેશ નથી. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**દ્વિતીય શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર તા. ૨૫–૦૮–૬૬**
**ગાથા–૬, ૭. પ્રવચન–૨૭**

'સમયસાર'ની છઠ્ઠી ગાથાનો છેલ્લો અધિકાર થોડો બાકી છે. ક્યાં સુધી આવ્યું છે ખબર છે? '**આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે;...**' શું કહે છે? છઠ્ઠી ગાથામાં એમ કહ્યું, જે જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ એકરૂપ છે તેને જ આત્મા કહે છે. અને તેનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. એમાં કર્મના સંગથી જે આત્માની પર્યાયમાં અશુદ્ધતા છે, ગુણસ્થાનભેદ છે તેને અહીંયાં અસત્યાર્થ કહ્યું હતું. અસત્યાર્થ કહ્યું હતું. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ સત્યાર્થની અપેક્ષાથી અશુદ્ધતાનો ભાવ, મલિન ભાવ અને ગુણસ્થાનભેદ ભાવ બધાને અસત્યાર્થ કહ્યું હતું. તો એમ સર્વથા અસત્યાર્થ છે એમ ન માની લેવું. સમજાય છે કાંઈ? આકાશના ફૂલ જેવી ઈ વસ્તુ નથી. આત્મામાં મલિનતા છે, પર્યાયમાં રાગ-દ્વેષ વિકાર છે. એ તો જ્ઞાયકની શુદ્ધની દૃષ્ટિ કરાવવા અશુદ્ધતાને અસત્યાર્થ કહીને ગૌણ કહીને વ્યવહાર કહીને તેનો નિષેધ કર્યો છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**માટે સ્યાદ્વાદનું શરણ લઈ...**' સ્યાદ્વાદનો અર્થ પોતાની પર્યાયમાં મલિનતા છે, ગુણસ્થાનભેદ છે એવું લક્ષ રાખીને '**શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ.**' આમ જ્ઞાનમાં લાવીને પછી જ્ઞાયકસ્વભાવ શુદ્ધનયનો આશ્રય કરવો જોઈએ. પર્યાયમાં અશુદ્ધતા છે જ નહિ અને ગુણસ્થાનભેદ છે જ નહિ એમ માનતાં શુદ્ધનયનો આશ્રય થઈ શકતો નથી. સમજાય છે કાંઈ? '**સ્યાદ્વાદનું શરણ લઈ...**' પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે, મલિનતા છે, વસ્તુનો એ પર્યાયનો અશુદ્ધ ધર્મ છે. એમ સ્વીકાર-લક્ષમાં લઈને પછી શુદ્ધનયનો આશ્રય કરવો. જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ છે તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- શરણ લેવાનો અર્થ?

ઉત્તર :- શરણનો અર્થ દૃષ્ટિ કરવી. જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરવી, અભેદ ઉપર દૃષ્ટિ કરવી, ભેદને લક્ષમાંથી છોડી દેવા. સમજાય છે કાંઈ? એકરૂપ સામાન્ય ચૈતન્ય જ્ઞાયક પરમસ્વભાવ, એક સ્વભાવનો આશ્રય કરવો એનું નામ એનું શરણ લીધું કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું.**' પૂર્ણ શુદ્ધ દશા થઈ ગઈ પછી સ્વભાવ તરફનું એકત્વ ઢળવું છે એ રહેતું નથી. જ્યાં સુધી અપૂર્ણ દશા છે ત્યાં સુધી શુદ્ધનયનું એટલે સ્વભાવ તરફ ઢળવું રહે છે. જ્યારે પૂર્ણ દશાની પ્રાપ્તિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ જાય, પછી શુદ્ધનયનું આલંબન રહેતું નથી. '**જે વસ્તુસ્વરૂપ છે તે છે-એ પ્રમાણદૃષ્ટિ છે.**' પછી તો સામાન્ય અને વિશેષ બેને જાણવું એ પ્રમાણજ્ઞાન છે અને એ પ્રમાણજ્ઞાન જ વીતરાગભાવ છે. તેને ફળ કહ્યું છે. '**આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.**' છઠ્ઠી ગાથા બહુ દિવસ ચાલી. હવે સાતમી ગાથા એનાથી પણ સૂક્ષ્મ (છે). સમજાય છે કાંઈ? હવે અહીંયાં થોડો છઠ્ઠીનો ખુલાસો કરે છે.

'**અહીં, (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે...**' ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય સ્વભાવ જે અંતર આશ્રય કરવાથી સમ્યગ્દર્શનનો વિષય (થાય છે) તે ભાવ પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું. સમજાણું? એમાં ભેદ નથી. ગુણસ્થાનભેદ નથી, અશુદ્ધતા નથી. '**ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે.**' (પ્રમત્તના) છ અને (અપ્રત્તના) આઠ (ગુણસ્થાન) '**પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે;...**' આહાહા..! શું કહ્યું? ગુણસ્થાનના ભેદ પણ અશુદ્ધનય વર્તમાન પર્યાયમાં ભેદ (છે તે) ભેદદૃષ્ટિનું અશુદ્ધનયનું કથન છે. જાણવા લાયક છે, આદરવા લાયક નથી. સમજાય છે કાંઈ? એક ચૈતન્ય વસ્તુ જ્ઞાનભંડાર પરમાત્મા પોતાનો નિજ એક સ્વભાવ તે જ શરણ લેવા યોગ્ય ઉપાદેય અને તે એક જ આધાર છે. સમ્યગ્દર્શનનો એ જ આધાર છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

ગુણસ્થાનભેદ અશુદ્ધનયની કથનીમાં છે. કથનીનો અર્થ અશુદ્ધનયનો વિષય છે. પણ એ અશુદ્ધનયના વિષયનો આશ્રય કરવાથી તો રાગ થાય છે, બંધ થાય છે. એમાં આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થતા નથી. તેથી અહીંયાં તે ગુણસ્થાનભેદને અને મલિનતાને ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ તેને અસત્યાર્થ અભૂતાર્થ કહ્યું છે. પણ સ્યાદ્વાદનું શરણ લઈને શુદ્ધનયનો આશ્રય કરવો. તેનો અર્થ કે પર્યાયમાં અશુદ્ધતા છે, ભેદ છે એમ લક્ષ કરીને જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરવી. સમજાય છે કાંઈ? પર્યાયમાં છે જ નહિ, કંઈ છે જ નહિ એમ માનીને શુદ્ધનયનું શરણ થતું જ નથી. ઈ (વાત) ત્યાં રહી. હવે સાતમી ગાથા જરી એનાથી સૂક્ષ્મ છે.

હવે શિષ્ય તરફથી પ્રશ્ન થાય છે. શિષ્ય પણ હવે તો આટલું સમજે છે. મહારાજ! આ જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય તે જ સમ્યગ્દર્શનનો વિષય (છે). બધી ક્રિયાકાંડ, ભેદ, રાગાદિ, છ કારક ને છ કારકની પર્યાયના ભેદ બધું વ્યવહારનયનો વિષય થઈ ગયો. સમજાય છે કાંઈ? એક જ્ઞાયકભાવ આપ કહો છો તો અમને તો એક શંકા થાય છે. શિષ્ય કહે છે. '**દર્શન, જ્ઞાન, ચારિત્ર-એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે,...**' ભગવાન અશુદ્ધતા તો એક બાજુ રહી, ચાલો. શિષ્ય કહે છે. શિષ્યને એટલો ખ્યાલ આવ્યો. પ્રશ્ન કરે છે, જુઓ! '**दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति चेत्**'. મહારાજ! વિકારની દશા છે, ગુણસ્થાનભેદની દશા છે એ તો આપ અશુદ્ધ (કહો છો), ત્રિકાળ શુદ્ધનો આશ્રય કરાવવા તેને અસત્યાર્થ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહ્યું. ત્રિકાળ સત્યાર્થ છે અને ભેદ અસત્યાર્થ છે એમ કહ્યું. તો અમને તો એવી શંકા થાય છે, તમે તો અશુદ્ધ કહ્યું પણ એક આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ પ્રકારના ધર્મ છે અને **'એ તો ત્રણ ભેદ થયા;...'** આત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા ત્રણ ભેદ થયા અને **'એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે...'** ઈ પ્રશ્ન કર્યો. ભેદરૂપ ભાવથી અશુદ્ધતા આવે છે કે નહિ? પરની અશુદ્ધતા એક બાજુ રહો. નિર્મળ ત્રિકાળ જ્ઞાયકની અપેક્ષાએ અશુદ્ધતા પુણ્ય-પાપના મલિનભાવ એ તો ગૌણ કરીને તમે છોડી દીધા. અસત્યાર્થ કહીને ત્રિકાળ જ્ઞાયકને સત્યાર્થ કહ્યો. આ એકમાં ત્રણ (ભેદ) કરવા એ પણ અશુદ્ધ છે. એ પણ ભેદ થઈ ગયો. ભેદ પણ અશુદ્ધ થઈ ગયો. સમજાય છે કાંઈ? ભગવાન એકસ્વરૂપ છે તેમાં દર્શન, આ જ્ઞાન, આ ચારિત્ર એવા પ્રભુ! ભેદ પાડવા એમાં પણ અશુદ્ધતા આવે છે. છે ને? **'એ તો ત્રણ ભેદ થયા; એ ભેદરૂપ ભાવોથી...'** અભેદ એકાકારમાં ભેદભાવોથી તો અશુદ્ધતા આવે છે. તેના **'ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-'** સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ.

સાધારણ અશુદ્ધતા કાઢી નાખી, કર્તા, કર્મ વિકારના એ પણ કાઢી નાખ્યા, શુદ્ધની પર્યાય હું કરું છું અને મારું કાર્ય છે એવો પણ ભેદ નહિ. સમજાય છે કાંઈ? પણ આ આત્મા એક સ્વરૂપ છે તેમાં ત્રણ બોલથી તો દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે તો ત્રણવાળો આત્મા છે એમ તો કહેવામાં આવે છે કે નહિ? દર્શનને પ્રાપ્ત હોય, જ્ઞાનને પ્રાપ્ત હોય, ચારિત્રને પ્રાપ્ત હોય ત્રણેને પ્રાપ્ત હોય એટલો ભેદ તો આવે છે કે નહિ? એટલાથી ભેદ આવ્યો તો અમને તો લાગે છે અશુદ્ધતા થઈ. એનો ઉત્તર કહે છે કે એ અશુદ્ધતા જ છે. સાંભળ! સમજાય છે કાંઈ? ગાથા.

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

નીચે હરિગીત.

**ચારિત્ર દર્શન જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

એની ટીકા. છઠ્ઠી ગાથાથી પણ જરી સૂક્ષ્મ છે. આ સદ્ભુત વ્યવહારનયનો, અનુપચાર સદ્ભુત વ્યવહારનયનો નિષેધ કરે છે. છઠ્ઠી ગાથામાં અસદ્ભુત વ્યવહારનયનો નિષેધ કર્યો અને સદ્ભુત ઉપચારિકનો નિષેધ કર્યો. અહીંયાં સદ્ભુત અનુપચાર-ગુણ-ગુણી ભેદ અને પર્યાયભેદ એ અનુપચાર સદ્ભુત વ્યવહાર છે. તેનો પણ અહીંયાં નિષેધ કરે છે.

**ટીકા :- 'આ જ્ઞાયક આત્માને...'** ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત ચૈતન્યસૂર્ય એકલો એક સ્વભાવ, એ આત્માને. જુઓ! **'જ્ઞાયક આત્માને...'** એક સ્વભાવ જ્ઞાયક સ્વભાવરૂપ આત્માને **'બંધપર્યાયના નિમિત્તે...'** બંધના પર્યાયના નિમિત્તથી **'અશુદ્ધપણું તો દૂર રહો,...'**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અશુદ્ધતાને તો કાઢી નાખી છે. અશુદ્ધતા તો દૂર રહો. કારણ કે એ કંઈ સમ્યગ્દર્શનમાં આશ્રય કરવા લાયક નથી. સમજાય છે કાંઈ? અશુદ્ધતા જે છે એ આશ્રય કરવા લાયક નથી. એને અશુદ્ધતા કહીને દૂર રહો, અસત્યાર્થ કહો એ ઠીક. **'પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...'** જુઓ! ભગવાન આત્મા એક જ્ઞાયક સ્વભાવ એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? પહેલા જ્ઞાયક એકરૂપ ચૈતન્યસ્વભાવનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. તેથી સમ્યગ્દર્શનનો વિષય જે એકરૂપ જ્ઞાયક તે સત્યાર્થ છે. અને ગુણસ્થાનભેદ અને મલિન દશા, દયા, દાન, વ્રતાદિના પરિણામ આદિ શુભ એ બધા અસત્યાર્થ છે. સ્વભાવની દૃષ્ટિ કરાવવા. પણ અહીંયાં કહે છે કે એકરૂપ ભગવાન આત્મા સત્યાર્થ છે. તેમાં ત્રણ ભેદ પાડવા એ અસત્યાર્થ છે, વિદ્યમાન નથી, સત્ય નથી. ભાઈ! આહાહા..! લાલચંદજી! ખુલાસો આવશે, હોં! બધાનો ખુલાસો (આવશે). એકદમ છોડી નહિ દઈએ. હજી બે-ત્રણ વાર, ચાર વાર લઢણ કરીને (કહીશું). આ તો લઢણની વાત છે ને અંતરની.

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એક સમયમાં જ્ઞાયકજ્યોત (છે). અશુદ્ધતાની વાત તો દૂર રહો તેને તો આપે અસત્યાર્થ કહ્યું. આચાર્ય કહે છે અમે તો (એમ કહીએ છીએ) એક સ્વરૂપ ભગવાન આત્મા, એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પણ વિદ્યમાન નથી. એ એકમાં ત્રણ નથી. એકમાં ત્રણ થાય એ અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? વિદ્યમાન નથી એમ કહ્યું ને? વિદ્યમાન નથી કહો કે અસત્યાર્થ કહો કે છે જ નહિ એમ કહો. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય એકરૂપ અનંત ગુણરૂપ એકરૂપ એ જ આત્મા અને તેને જ્ઞાયક કહ્યો અને તે જ સત્યાર્થ છે એમ કહ્યું. તે જ સાચું સ્વરૂપ છે એમ કહ્યું. સમજાય છે કાંઈ? અને એમાં દર્શન, જ્ઞાનના ભેદ પાડવા, દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડવા, એક સ્વભાવમાં ત્રણના ભેદ પાડવા એ અભેદમાં ભેદ દેખાતો નથી. અને અભેદની દૃઢ શ્રદ્ધા કરાવવા, ભેદનું એકાંત નિરાકરણ કરાવવા માટે, એ ભેદ છે એકાંત છે તેનું નિરાકરણ કરાવવા, અંતર જ્ઞાયક અભેદની દૃષ્ટિ કરાવવા જ્ઞાયકમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી, છે જ નહિ.

(આ) વાંચીને એક સાધુ હતો. સાતમી જોઈ. આ ગાથા જોઈ. અરે..! જ્ઞાનીને દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી તો શું જડને દર્શન, જ્ઞાન, ચારિત્ર છે? અરે..! ભગવાન! ભાઈ! સમજાય છે કાંઈ? 'નિયમસાર'માં લીધું હતું ને? આપણે રેકોર્ડિંગમાં આવ્યું હતું. ૪૧ ગાથામાં. આત્મામાં ક્ષાયિકભાવ નહિ. ત્યાં એક સ્થાનકવાસી સાધુ હતા એણે વાંચીને (કહ્યું), ક્ષાયિકભાવ નહિ? ક્ષાયિકભાવ તો સિદ્ધમાં પણ છે. ભગવાન! સાંભળ તો ખરો. અરે..! ભાઈ! અહીં અભેદમાં ભેદ નથી એ બતાવવા (કહ્યું). ત્યાં 'નિયમસાર'માં શુદ્ધભાવ અધિકાર છે. ત્યાં ૪૧મી ગાથામાં એમ લીધું છે. ક્ષાયિકભાવ નથી આત્મામાં. કેમકે એ પર્યાય છે. ત્રિકાળ દ્રવ્યમાં એ પર્યાય-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ફર્યાય નહિ. આહાહા..! પરમેશ્વરનો માર્ગ સમજવામાં બહુ પ્રયત્ન જોઈએ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, કે ભગવાન આત્મા જ્ઞાયકભાવમાં અશુદ્ધતા અને ગુણસ્થાનભેદ ને પ્રમત્ત-અપ્રમત્ત ને શુભાશુભ રાગ એને તો આપે અસત્યાર્થ કહી દીધા. અને ઈ અપેક્ષાથી અસત્યાર્થ છે. કેમકે ત્રિકાળમાં નથી. એક સમયની ભેદ દૃષ્ટિને અસત્યાર્થ કહી દીધું. પણ અહીં તો આચાર્ય કહે છે કે અમે એકમાં ત્રણ (ભેદ) પાડવા એને અમે જૂઠ કહીએ છીએ. સમજાય છે કાંઈ? 'એને...'નો અર્થ આત્માને. આત્માને છે ને? **'આ જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને...'** એને એટલે? આત્માને. ભગવાન આત્માને **'દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ...'** પણ કેમ લીધું? અશુદ્ધતાનો તો નિષેધ કર્યો. ભેદનો અને અશુદ્ધતાનો, ગુણસ્થાનભેદનો તો નિષેધ કર્યો પણ ગુણના ભેદ પણ એમાં નથી. સમજાય છે કાંઈ? **'એને...'** એને નામ આત્માને. અહીં તો શબ્દે શબ્દનો અર્થ ચાલે. નહિતર તો... એને નામ આત્માને. **'દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ...'** પણનો અર્થ શું? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપમાં અશુદ્ધતા અને ભેદ વિકલ્પના ભેદ અને ગુણસ્થાનના ભેદ તો નહિ પણ એક સ્વરૂપ ભગવાન આત્મા અભેદરૂપ આત્માની દૃષ્ટિ અભેદ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. એવા સમ્યગ્દૃષ્ટિને અથવા ધર્મ (કરવા)વાળાને અભેદ ઉપર લક્ષ કરાવવા એ અભેદમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..!

ભગવાન આત્મામાં કર્મ, શરીર, પરદ્રવ્ય તો છે જ નહિ. એક વાત. એ અપેક્ષાથી, આત્માની અપેક્ષાથી પર, કર્મ, શરીરને અસત્યાર્થ કહ્યું. ભાઈ! શું કહ્યું? ધ્યાન રાખો. ઈ વાત ભાવાર્થમાં આવશે. આત્માની અપેક્ષાથી શરીર, કર્મ, બધા દ્રવ્ય અદ્રવ્ય છે, અસત્યાર્થ છે. નિજ સ્વરૂપ સત્યાર્થ છે તેની અપેક્ષાથી તે અસત્યાર્થ છે. તેની અપેક્ષાએ ભલે સત્યાર્થ હો. સમજાય છે કાંઈ? પણ નિજ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, નિજ આત્માની અપેક્ષાથી આ સત્ય છે તો પેલા અસત્ય છે. એની અપેક્ષાથી. અને ત્રિકાળ જ્ઞાયકભાવ સત્ય છે તો અશુદ્ધનો ભેદ પણ અસત્ય છે. હવે પોતાની પર્યાયમાં આવ્યા. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય તો...

ભગવાન આત્મા એક સ્વરૂપે બિરાજમાન પ્રભુ, એની અપેક્ષાથી તો એક સમયની પર્યાયમાં કર્મ, શરીર આદિ છે જ નહિ. એક સમયની પર્યાયમાં પણ એ નથી. કોણ? કર્મ, શરીર, વાણી, ભગવાન, પરમેશ્વર આદિ પર. પોતાની એક સમયની અવસ્થામાં પણ નથી. એ અપેક્ષાથી આ સત્ય છે તો ઈ અસત્ય છે. બીજું, એની અશુદ્ધતા, મલિનતા પુણ્ય-પાપની પર્યાયમાં છે, ગુણસ્થાનભેદ છે, ત્રિકાળ જ્ઞાયકભાવની અપેક્ષાથી તે સત્યાર્થ છે તો પેલા અસત્યાર્થ છે. હવે, એકરૂપ જ્ઞાયક સ્વભાવની અપેક્ષાથી, એકરૂપ જ્ઞાયક સ્વભાવ સત્યાર્થ છે. અને એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડવા તે અસત્યાર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહ્યું? જુઓ!

**'એને...'** ભગવાન આત્માને. છે ને ભાઈ એમાં? બરાબર સમજી લેવું, હોં! નહિતર ત્યાં બહારમાં લોકો ગડબડ કરશે. કહેશે, શું લાવ્યા? વસ્તુ એવી છે ને એટલે લોકોને (એમ લાગે), શું નથી? દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી? જૂઠા છે? કઈ અપેક્ષાથી સાંભળ તો ખરો, પ્રભુ! રાગ-દ્વેષ નથી? શું રાગ-દ્વેષ વિના આત્મા સિદ્ધ થઈ ગયો? સાંભળ તો ખરો. જેમ પોતાની ચીજમાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં, નિજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નથી. તો પોતાના સત્યની અપેક્ષાએ એ બધું અસત્ય થયું. પોતાના દ્રવ્યની અપેક્ષાથી બધા દ્રવ્ય અદ્રવ્ય થયા. પોતાના ક્ષેત્રની અપેક્ષાથી બધા ક્ષેત્ર અક્ષેત્ર થયા, પોતાની પર્યાયના કાળની અપેક્ષાથી અકાળ થયા, પોતાના ભાવની અપેક્ષાથી બધા ભાવ અભાવ થયા. અભાવ થયા-આ ભાવ નહિ, અભાવ થયો. આહાહા..! સમજાય છે કાંઈ? એ એક બાજુ રાખો.

હવે રહ્યા એક દ્રવ્યમાં બે ભાગ. એક દ્રવ્યમાં બે ભાગ. સામાન્ય અને વિશેષ. પરની સાથે કાંઈ નહિ, એને કાઢી નાખ્યા. એક પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય. તો પર્યાયમાં જેટલી અશુદ્ધતા છે, મલિનતા છે, ગુણસ્થાનભેદ છે ઈ છે ખરા, પણ ત્રિકાળ જ્ઞાયકની અપેક્ષાથી તેને અસત્યાર્થ કહ્યા, અભૂતાર્થ કહ્યા. ત્રિકાળ જ્ઞાયકને ભૂતાર્થ સત્યાર્થ કહ્યું, વિદ્યમાન કહ્યું તો પર્યાયને અવિદ્યમાન કહ્યું. ગુણસ્થાનભેદને અવિદ્યમાન કહ્યું. અવિદ્યમાન કહો, અસત્ય કહો, અભૂતાર્થ કહો. ભગવાન જ્ઞાયક આત્માને વિદ્યમાન કહો, સત્યાર્થ કહો, ભૂતાર્થ કહો. સમજાય છે કાંઈ?

હવે તો એવી ગાથા આવી છે કે ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી. આહાહા..! રાડ નાખે ને માણસો. અસત્યાર્થ છે. અવિદ્યમાનનો અર્થ અસત્યાર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાયક એકરૂપ સ્વભાવ, એકરૂપ સ્વભાવ એ ભૂતાર્થ અને સત્યાર્થ છે. અને એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડવા તે અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? ખરેખર જ્ઞાયકની અપેક્ષાએ તે ભેદ અવસ્તુ છે. ભાઈ! ભગવાન જ્ઞાયક સ્વરૂપ એકરૂપની અપેક્ષાએ ગુણભેદ, આ એકરૂપ સ્વભાવ વસ્તુ છે તો અનેકરૂપ ભેદ એ અવસ્તુ છે. એકરૂપ સત્યાર્થ છે તો અનેકરૂપ ભેદ પાડવા તે અસત્યાર્થ છે. એકરૂપ વિદ્યમાન છે તો અનેકરૂપ અવિદ્યમાન-નથી. એમ પહેલી લીટીમાં લીધું. લીટી સમજ્યાને? પહેલી પંક્તિ. સમજાય છે? એ.. કેસરીચંદજી! ઘણાં વર્ષે આવ્યા છે. ત્યાં સ્વાધ્યાય કરતા હતા કે નહિ? કરતા હતા. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અભેદમાં ભેદ દેખાય તો અભેદ દેખાતો નથી. અભેદની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. તો અભેદમાં ભેદ છે જ નહિ, અસત્યાર્થ છે. અભેદની દૃઢ શ્રદ્ધા કરાવવા, ભેદનું એકાંત નિરાકરણ કરાવવા અભેદ જ છે, ભેદ નથી (નિશ્ચય). અભેદની દૃઢ શ્રદ્ધા કરાવવા, અને અભેદમાં લક્ષ કરાવવા અભેદમાં ભેદ નથી એમ વ્યવહારનયથી

કહ્યું કે નિશ્ચય અભેદ છે તેમાં ભેદ છે તે વ્યવહાર છે, અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? કેમ? હવે કારણ આપે છે. ઉડાવી દીધું. કેમ ઉડાવી દીધું આટલું? અરે..! ભગવાન! તમે તો ક્યાં લઈ જાવ છો! સમજાય છે કાંઈ? પરદ્રવ્ય ઉડાવી દીધા, પોતામાં નથી. વિકલ્પ આદિ મલિનતા પોતામાં નથી, ઉડાવી દીધી. હવે ગુણભેદ પણ નથી, ઉડાવી દીધા. ક્યાં લઈ જાઓ છો તમે? આહાહા..! મણિભાઈ! આ ... છે, પ્રભુ! તારી અભેદ વસ્તુ દેખાડવા અને અભેદ દૃષ્ટિ થયા વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. પરના આશ્રયે થતું નથી, અશુદ્ધને આશ્રયે થતું નથી, ગુણ-ગુણી ભેદના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, નેમિચંદજી! તમારા નેમિચંદજી ગુજરાતીવાળા. હિન્દીવાળા નેમિચંદજી.. ભારે વાત આવી! છે ને, જુઓને, છે ને ભાઈ! આ વસ્તુ સત્ય છે. સત્ય છે, હોં! મુનિના મુખમાંથી નીકળ્યું, સર્વજ્ઞથી કહેલું અને વસ્તુની સ્થિતિ બતાવનારું. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન! તું તો જ્ઞાયક છો ને! આગળ છેલ્લે લેશે. એક સ્વભાવ અનુભવતો. એક સ્વભાવ. આગળ લેશે ને? એક સ્વભાવ છે ને છેલ્લે? ભાઈ! છેલ્લો શબ્દ છે. છેલ્લો એટલે આખિર. એક સ્વભાવ, એક સ્વભાવ. એવો અનુભવ કરવાવાળાને ભેદ દેખાતો નથી. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવમાં એકાકાર થવાથી અભેદમાં ભેદ દેખાય તો અભેદ રહેતો નથી. સમજાય છે કાંઈ? અભેદમાં અનંત ગુણ છે. એકરૂપ વસ્તુમાં અનંત ગુણ છે. આ તો ત્રણથી વાત કરી છે. પણ એક ઉપર લક્ષ કરવાથી અનંત ખ્યાલમાં આવે અને અનંત ખ્યાલમાં આવે તો એક ખ્યાલમાં આવે એમ થતું નથી. અનંત જ્યાં ખ્યાલમાં આવ્યા ત્યાં ભેદ ઉત્પન્ન થઈ ગયો, વિકલ્પ ઉત્પન્ન થઈ ગયો. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ભેદના આશ્રયે થતું નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? અર્થાત્ જ્ઞાયકભાવ એ જ આત્મા સત્ય છે. એમાં ગુણભેદ કરવા તે અસત્ય છે, એમ કહેવું છે. ઓહો..હો..!

કહે છે, ભગવાન! અશુદ્ધતા તો દૂર રહો, પરદ્રવ્ય તો દૂર રહો. પરદ્રવ્ય તો દૂર જ છે. તો દૂર રહો. હવે અશુદ્ધતા એની પર્યાયમાં છે એ પણ દૂર રહો. આહાહા..! પણ એક સ્વરૂપમાં ત્રણ ભેદ પાડવા તે દૂર રહો. એ નહિ. આહાહા..! લાલચંદજી! આવી વસ્તુ છે. હવે આ સાંભળવા મળે નહિ લોકોને. અને એમ ને એમ ધર્મ થઈ જાય, ધર્મ થઈ જાય.. શું કરે? ખ્યાલેય નથી કે કેવી રીત છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની રીત શું છે, કળા શું છે. સમજાય છે કાંઈ? એ રીત પણ સાંભળવા મળે નહિ તો પ્રયોગ ક્યારે કરે અને અનુભવ ક્યારે થાય? માની લે, માનો તો માને. અનાદિથી માને છે, કોણ એને રોકે છે? સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના મુખમાંથી વાણી આવી છે તે જ સંતો કહે છે અને એમ જ છે. પ્રભુ! તું તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ વસ્તુ છો ને. અનંત ગુણરૂપ એક, એક. એકનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એ અપેક્ષાથી એકમાં ભેદ પાડવો કે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ દર્શન છે, આ જ્ઞાન છે, ચારિત્ર છે એ ભેદ પાડવા એ જૂઠા છે. એ વિદ્યમાન નથી, એ અસત્યાર્થ છે. આહાહા..! અમરચંદજી! અરે..! ભગવાન! તારી એકરૂપ (ચીજ), એક્કો, એક્કો કહે છે ને? એક્કો જીતે છે ને? તમારામાં શું આવે છે? એક્કો. શું કહેવાય આ? ગંજીપો અમારે કહે. ગંજીપામાં એક્કો. એમાં પેલો ક્યો? હુકમનો એક્કો. એવું આવે છે કે નહિ? આ હુકમનો એક્કો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં એકરૂપ અભેદને અહીંયાં સત્યાર્થ આત્મા કહ્યો છે. સત્યાર્થ આત્મા ઈ છે. ગુણભેદ અસત્યાર્થ આત્મા (છે), ભાઈ! આહાહા..! વિકાર તો અસત્યાર્થ આત્મા (છે) પણ ગુણભેદ અસત્યાર્થ આત્મા, એમ કહે છે. આહાહા..! ભગવાન ચૈતન્યપ્રભુ પરમાત્મા નિજ સ્વરૂપે બિરાજમાન એકરૂપ. એની અપેક્ષાથી ત્રણ ભેદ વિદ્યમાન જ નથી ને. છે જ નહિ ને. કોણ કહે છે કે છે? અરે..! પ્રભુ! શું ઊડાવો છો? એક બાજુ કહો છો કે એક આત્મામાં અનંતા અનંત ગુણ. કેટલી વાત કરો છો, આમ ત્રણ કાળ ને આમ સિદ્ધ ભગવાનના દ્રવ્યથી સંસારી જીવ અનંતગુણા, સંસારીજીવથી અનંતગુણા પુદ્ગલ, એનાથી અનંતગુણા ત્રિકાળના સમય, એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ, એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ. આટલી એક બાજુ વાત કરે. (પાછા એમ કહે), નહિ, નહિ, સાંભળ! એ.. ચંદુભાઈ! આ ઈંજેક્શન બીજી જાતના છે. આહાહા..! આ સાતમી ગાથા આપણે ત્યાં નથી વાંચી. છઠ્ઠી વાંચી, અગિયારમી અને પંદરમી ત્રણ હમણાં વાંચી.

કહે છે, ભગવાન આત્મા... આ તો શાંતિની વસ્તુ છે. વસ્તુ તરફ એકરૂપતા ઉપર દૃષ્ટિ થયા વિના એકાગ્રતા થતી નથી. એકાગ્રતામાં એક લક્ષ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ? ક્યાં ગયા સુરેન્દ્ર? મુંબઈમાં ચાલે છે ને બહુ. સમ્યગ્દર્શનમાં પર્યાય ભેગી હોય ને પર્યાય ભેગી હોય એ દ્રવ્ય કહેવાય. ઈ ચર્ચા ચાલે છે ત્યાં. સમજાણું કાંઈ? આખું દ્રવ્ય લેવું, પર્યાય સહિતનું દ્રવ્ય લેવું. એ દ્રવ્ય તો પ્રમાણનો વિષય થયો. અહીં તો એકલા દ્રવ્યના વિષયની (વાત છે).

મુમુક્ષુ :- એમ નથી કહેતા, ... તો પ્રમાણ..

ઉત્તર :- તો ભેદનું જ્ઞાન કરે છે, ભેદ જ્ઞાન કરવા લાયક છે. અભેદ તો દૃષ્ટિ કરવા લાયક છે એમ થયું.

મુમુક્ષુ :- હજી તો વિચાર..

ઉત્તર :- ના, ના. બિલકુલ વિચારવા જેવું નથી. અભેદ એક દૃષ્ટિનો વિષય છે. એમાં ભેદ આવતા જ નથી. ભેદ પર્યાય છે તે જાણવા લાયક છે, આશ્રય કરવા લાયક નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભેદરૂપ પર્યાય ત્રિકાળીમાં નથી, અભેદરૂપ પર્યાય તો..

ઉત્તર :- પણ અભેદ કઈ પર્યાય? ક્યાં છે? અભેદ પર્યાય છે ક્યાં? પર્યાય છે તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ ભેદ છે. ક્ષાયિકભાવ પર્યાય તે પણ ભેદ છે. ત્રિકાળ જ્ઞાયકની અપેક્ષાથી અંશ પર્યાય એ ભેદ છે. ભેદ છે તે વ્યવહારનયનો વિષય, પર્યાયનયનો વિષય છે. એ તો કાલે આવ્યું હતું ને? અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયને પર્યાયનો કહીને વ્યવહારનયનો વિષય કહ્યો છે. સમજાય છે કાંઈ? અમુલખચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહે છે, પણ અજ્ઞાની માને છે કે નથી, એમ નહિ. ... અશુદ્ધતા છે એમ લક્ષ રાખીને એને અસત્યાર્થ કહેવું. ત્રિકાળને સત્યાર્થ કહેવું. અને એકમાં ભેદ દેખાતા નથી માટે તેને એક કહેવું. એ અપેક્ષાથી ભેદને અસત્યાર્થ કહેવું છે. ભેદ છે ખરા પણ એ વ્યવહારનયનો વિષય થઈ ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવો વ્યવહાર છે જ નહિ ત્રણ કાળમાં. બધું ખોટું છે. એ તો પહેલાં કહ્યું ને. સ્યાદ્વાદનું શરણ લઈને કહેવું એ તો પહેલા શરૂઆતમાં આવી ગયું. પર્યાયમાં છે, અશુદ્ધતા છે, પર્યાય પોતે ભેદ છે. ૧૧મી ગાથામાં એમ કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે. તો વ્યવહારમાં પર્યાય પણ અભૂતાર્થ આવી ગઈ છે. પોતાની પર્યાય અભૂતાર્થ છે. કેમ? પર્યાયનો આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાથી. પર્યાય નથી એમ નહિ. સમજાય છે કાંઈ? વેદાંત સાથે એક્કેય વાત મળતી નથી. અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે. કોઈની સાથે મળતી નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં સર્વજ્ઞથી કહેલું એની સાથે કોઈનું કિંચિત્ મળતું નથી. સમજાય છે કાંઈ? સમન્વય બીજા સાથે કરે એવી ચીજ છે જ નહિ.

મુમુક્ષુ :- .. ન્યારો છે?

ઉત્તર :- ભગવાનનું .. ન્યારો છે. પેલું કહે છે ને? મથુરાનો પિંડ, એમ કાંઈક કહે છે. મથુરાના પેંડા? પેંડા કહે છે? પેંડા? પંડ્યા. એનો પંડ્યો જુદો છે. પેડા કહે છે, હોં! પેડા કહે છે. પંડિતજી કહે છે, પેડા કહે છે. મેં પેડા સાંભળ્યું છે. એને .. છે ને. સાંભળ્યું છે. મથુરામાં શેઠને ઘરે ઉતર્યા હતા ને. એમ ભગવાનના ઘરના પેંડા જુદી જાતના છે.

કહે છે, સાંભળ! પરદ્રવ્ય છે. (મારી) પોતાની અપેક્ષાથી નથી. પોતાની અપેક્ષાથી નથી. એની અપેક્ષાથી છે. અશુદ્ધતા ત્રિકાળ જ્ઞાયક શુદ્ધની અપેક્ષાથી નથી, એની અપેક્ષાથી છે. એમ એક જ્ઞાયકસ્વભાવમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અભેદમાં નથી. પણ ભેદ કરવાથી વિકલ્પ ઊઠે છે તો વિકલ્પથી ભેદ છે. પણ તે આશ્રય કરવા લાયક નથી. તેથી તેને દર્શન, જ્ઞાન, ચારિત્રને અસત્યાર્થ, અવિદ્યમાન, જૂઠા કહ્યા છે. વિદ્યમાન નથી કહો, અસત્યાર્થ કહો, જૂઠા કહો, અભૂતાર્થ કહો–બધી એક વાત છે. પણ આ અપેક્ષાથી, હોં! અરે..!

**'કારણ કે...'** હવે કારણ આપે છે. **'અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી...'** શું કહે છે? ભગવાન આત્મા અનંત ધર્મવાળો છે, અનંત ગુણવાળો છે. પ્રભુ અનંત ગુણસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એવો એક ધર્મી. ધર્મી એક વસ્તુ. અનંત ધર્મોવાળા, અનંત ગુણવાળા. ધર્મ શબ્દ કેમ લીધો છે? ધારી રાખ્યા છે તે અપેક્ષાથી. ગુણ-ગુણમાં લોકોને એમ થઈ જાય કે ગુણ કોઈ બીજી વસ્તુ છે, દ્રવ્ય કોઈ બીજી વસ્તુ છે. દ્રવ્ય ગુણોને ધારે છે તો તેને ધર્મી શબ્દ લીધો છે. ધર્મીએ ધર્મને ધાર્યા છે. અનંત ધર્મવાળો એક ધર્મી. અનંત ધર્મોવાળા. ભગવાન આત્મામાં અનંત ધર્મ છે. જ્ઞાન, દર્શન, અસ્તિત્વ, વસ્તુત્વ (આદિ) અનંત ધર્મ છે. જુઓ! અનંત આવ્યું, ભાઈ! અનંત આવ્યું, અનંત. ભગવાન આત્મા... '**અનંત ધર્મોવાળા...**' અહીં તો આપણે અત્યારે એકમાં અનંત લેવું છે ને સામે. અનંત ધર્મોવાળા. કોણ અનંત ધર્મોવાળા? એક ધર્મી, એક આત્મા, એક વસ્તુ. એમાં જે નિષ્ણાત નથી. એને જે જાણતો નથી, એમાં નિપુણ નથી. એક ધર્મી એમાં અનંત ધર્મોવાળા, અનંત ગુણવાળા, અનંત ગુણો ધરનાર, એને ધરનારો ધર્મી. એમાં જે નિષ્ણાત નથી (એટલે કે) અનાદિનો અજ્ઞાની.

'**એવા નિકટવર્તી શિષ્યજનને...**' અંતેવાસી શિષ્ય લીધા છે. સંસ્કૃતમાં '**अंतेवासिजनस्य**'. '**अंतेवासिजनस्य**'માં મર્મ છે. જ્ઞાની કોઈને સંભળાવવા બહાર નથી જતા. જિજ્ઞાસુ થઈને સમજવા આવ્યો છે, અંતેવાસી. ક્ષેત્રથી નજીક છે અને સમજવાને લાયક અંતેવાસી નજીકમાં છે. સમીપમાં. અંતે એટલે સમીપમાં રહેવાવાળા. સમીપમાં અંતેવાસી, સમીપમાં વાસ કરનારા.

મુમુક્ષુ :- એક જ ઓરડામાં રહેનારા...

ઉત્તર :- ઓરડા-બોરડા નહીં. એમ કહે છે કે એક ઓરડીમાં બે રહે છે? પણ સાંભળવા આવ્યો છે, જિજ્ઞાસા છે, ધર્મલોભી છે. સમજાય છે કાંઈ? ધર્મ સમજવાનો લોભી છે. ઈ આવે છે ને? 'ટોડરમલ'માં. ધર્મલોભી જીવને જોઈને જરી શુભરાગ આવે છે તો આચાર્ય ઉપદેશ કરે છે. એમ... જુઓ! શિષ્યની એટલે યોગ્યતા છે કે ગુરુની આવી વાણી સાંભળવા માટે સમીપ છે. સમજાય છે કાંઈ? જ્યાં ગુરુ રહે છે ત્યાં સાંભળવા આવ્યો છે એમ બતાવે છે.

બીજી વાત, અંતેવાસી. સમીપમાં વસનારો છે તો એને કહે છે. મહારાજ! આત્મા કોને કહે છે? આત્મા કોને કહે છે? એક ધર્મી-અનંત ધર્મનો ધરનાર આત્મા કોને કહો છો? એ ધર્મીને સમજતા નથી, ધર્મીને તો સમજતા નથી, દ્રવ્યને સમજતા નથી. અનંત ધર્મવાળો, ધર્મ ધરનાર એકને તો સમજતા નથી. તો અંતેવાસી શિષ્યોને... સમજાય છે? એમાં તો દેશનાલબ્ધિ, જ્ઞાની બધું લાગુ પડે છે. જ્ઞાનીની દેશનાલબ્ધિ હોય, સમ્યગ્દર્શન પામવાની લાયકાતમાં. તે માટે ત્યાં અંતેવાસી શબ્દ લીધો છે. આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. માર્મિક અધ્યાત્મથી આખું શાસ્ત્ર ભર્યું છે. એમાં 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. આ ક્ષેત્રમાં ભરતમાં આવી ટીકા કરનાર કોઈ (નથી). એવી ટીકા! સાક્ષાત્ પરમાત્માના હૃદય દોહ્યા છે. દોહ્યા સમજ્યા? ભેંસની આઉમાં દૂધ હોય ને? આમ ખેંચ્યું છે. આમ દૂધ ન નીકળે, હોં! આ

ખાડો છે ને ખાડો? એમાં આંચળ લે અને આ અંગુઠાનું એમાં જોર આપે તો દૂધ નીકળે. આમ આમ કરે તો નીકળતા હશે ન્યાં? સમજાય છે કાંઈ? આ ખાડો છે ને ખાડો? એમાં આંચળ લે પછી આમ કરે. એમ સુતર્કથી જે અંદર ભાવ ભર્યા છે એને 'અમૃતચંદ્રાચાર્યે કાઢ્યા છે. સમજાય છે કાંઈ?

કહે છે, અનંત ધર્મવાળો એક ધર્મી. ધર્મી એટલે દ્રવ્ય. ધર્મવાળો. અનંત ધર્મવાળો એક ધર્મી. જુઓ! ભેદ કર્યો. '**જે નિષ્ણાત નથી...**' એક ધર્મીમાં નિષ્ણાત નથી, જ્ઞાનેય નથી, ખ્યાલેય નથી શું ચીજ છે. '**એવી નિકટવર્તી શિષ્યજનને...**' અંતેવાસીનો અર્થ કર્યો છે. નિકટવર્તી શિષ્ય. ક્ષેત્રથી નિકટ છે અને સમજવાની લાયકાત પણ હવે નિકટ છે. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? એવા જ લીધા છે, બીજા નહિ. એવા શિષ્યજનને. શિષ્યજનને એક (વચન નથી). શિષ્યજનને. પંડિતજી! બહુવચન. શિષ્યોને. ઘણાં શિષ્યોને એટલે એક નહિ પણ ઘણાં છે. '**ધર્મીને ઓળખાવનારા...**' જુઓ! હવે ઓળખાવવું શું છે? ધર્મી–દ્રવ્ય. ધર્મી નામ દ્રવ્ય બતાવવું છે, આત્મા બતાવવો છે. '**ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે...**' સમજાય છે? '**तदवबोधविधायिभिः कैश्चिद्धर्मैं**' એમ છે ને? '**कैश्चिद**' શબ્દ પડ્યો છે. '**कैश्चिद**' છે. '**कैश्चिद**' એટલે કોઈ ધર્મ. કેટલાક ધર્મ, બધા ધર્મ નહિ. ખાસ ખાસ મુખ્ય ધર્મથી બતાવવું છે. અસ્તિત્વ છે ને વસ્તુત્વ છે એ કંઈ નહિ. ખાસ ધર્મ એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ખાસ છે, ખાસ છે. '**कैश्चिद**' '**કેટલાક ધર્મો વડે, ઉપદેશ કરતા...**' '**अनुशासतां**'નો અર્થ છે. '**अनुशासतां**' '**આચાર્યોનો–જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે...**' ભગવાન આત્મા ધર્મી છે અને અનંત ગુણ ધર્મ છે. બેય અભેદ છે, અસંખ્ય પ્રદેશમાં અભેદ છે. કોઈ ધર્મના પ્રદેશ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે અને ધર્મીનું ક્ષેત્ર ભિન્ન છે એમ છે નહિ. અસંખ્ય પ્રદેશમાં ભગવાન આત્મા જ્યાં આત્મા છે ત્યાં અનંત ગુણ છે, અભેદ છે. પ્રદેશભેદ નથી, ક્ષેત્રભેદ નથી, નામભેદ છે. ઈ કહેશે. સમજાય છે કાંઈ?

'**જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે...**' સ્વભાવથી અભેદ છે, હોં! '**તોપણ નામથી ભેદ ઊપજાવી...**' જુઓ! સમજાય છે કાંઈ? '**व्यपदेशतो**' એમ પાઠ છે. સ્વભાવ '**स्वभावतोऽभेदेऽपि व्यपदेशतो भेदमुत्पाद्य**' '**व्यपदेश**' સમજ્યા? કથન કરવામાં '**વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે,...**' ભાઈ! જ્ઞાની શબ્દે આત્મા, હોં! જ્ઞાની શબ્દે અહીંયાં આત્મા લેવો. આત્માને '**દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે.**' એકરૂપ પદાર્થને અનંત કાળમાં અનાદિથી જેણે જાણ્યો નથી. એવા અનંત ધર્મવાળા એક ધર્મીને–દ્રવ્યને નહિ જાણનાર, તેને જ્ઞાની નિકટવર્તી શિષ્યને એક ધર્મીમાં નામમાત્ર ધર્મના ભેદ કરીને વ્યપદેશ કરીને. નામમાત્ર. ત્યાં ભેદ થઈ નથી જતા. અંદરમાં ભેદ નથી થઈ જતા. અનંત ગુણરૂપ ભગવાન એમાં આ જ્ઞાન ને દર્શન–એમ કરતાં ત્યાં ભેદ નથી થઈ જતા. જેમ આ સુખડની લાકડી છે, સુખડ. સુખડ છે ને? સુખડની છે. સુગંધ, સુંવાળી, ગોળ એવી શક્તિ એકસાથે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સુંવાળી છે. સુંવાળી કહેતા એમાં સુંવાળપ ભિન્ન થઈ જાય છે? એકસાથે છે. એમ ભગવાન આત્મા અનંત ગુણરૂપ એક છે. એક ગુણ ભિન્ન બતાવ્યો તો કાંઈ એક ગુણ જુદો નથી પડી જતો. સમજાય છે કાંઈ? માખણ ગાથા છે, હોં! ૬, ૭ બધી ગાથા એવી કોઈ આવી ગઈ છે. શ્રાવણ સુદ ૧૧ શરૂ થયું છે. આજે એક માસ થઈ ગયો. શ્રાવણ સુદ ૧૧ શરૂ થયું છે. ગુરુવાર. આજે ક્યો વાર થયો? ગુરુવાર. ૨૯ દિવસ થયા. ગુરુવારથી શરૂ થયું છે. શ્રાવણ સુદ ૧૧ પહેલી ગાથા (ચાલી).

કહે છે, ભગવાન! અંતેવાસી શિષ્યને ધર્મી દ્રવ્ય વસ્તુ શું છે તેની ખબર નથી. નિષ્ણાત નથી, ખ્યાલ નથી. તેને આચાર્યો ઉપદેશ કરતા થકા (કહે છે), ધર્મ ધર્મીનો સ્વભાવમાં તો ભેદ નથી. 'નામથી ભેદ ઉપજાવી...' જુઓ! કથનભેદ કરીને. 'વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે...' આત્માને દર્શન છે. શ્રદ્ધા કરે ઈ આત્મા, જ્ઞાન કરે ઈ આત્મા, રમણતા કરે એ આત્મા. રાગ-બાગ કરે એ આત્મા નહિ. રાગને તો કાઢી નાખ્યો. સમજાય છે કાંઈ? આ તો કહે, આત્મા કોણ? હાલે-ચાલે ઈ આત્મા. ત્રસ કોને કહે છે? હાલે-ચાલે તે ત્રસ. અને સ્થિર રહે તે સ્થાવર. એવી વ્યાખ્યા ચાલતી હતી ને? એમ નથી. અહીં તો આત્મા એને કહે છે, હાલે-ચાલે તો ક્યાંય રહી ગયું. એમાં રાગ-દ્વેષ પણ ક્યાં છે? પણ એને ગુણભેદ પણ વ્યવહારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- વ્યવહારમાત્ર..

ઉત્તર :- વ્યવહારમાત્રથી કહ્યું ને? જુદું પડતું નથી માટે. નામ કરવા પડે છે. નામ કરવા કે આ આત્મા દર્શન, આ જ્ઞાન, આ ચારિત્ર. એમ કથનમાત્ર. વ્યવહારના કથનમાત્રથી એને સમજાવવામાં આવે છે. વ્યવહારમાત્રનો અર્થ નામમાત્ર કહ્યું ને? છે ને? **'નામથી ભેદ ઉપજાવી વ્યવહારમાત્રથી...'** ફક્ત નામ સંજ્ઞાભેદથી. નામભેદ છે ને? નામભેદે ભેદ છે ને? સ્વભાવભેદ નહિ. આત્મા તો દર્શન, આત્મા તો જ્ઞાન, આત્મા તો ચારિત્ર એમ નામભેદ થઈ ગયા ને? સ્વભાવભેદ નહિ. અસંખ્ય પ્રદેશમાં સાથે છે. પણ નામભેદ કરીને વ્યવહારમાત્રથી જ એમ ઉપદેશ છે કે આત્માને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. વ્યવહારથી છે.

**'પરંતુ પરમાર્થથી જોવામાં આવે...'** એનો અર્થ કરે છે. વિદ્યમાન નથી. વિદ્યમાન નથી કારણ કે એમ કરીને ઉપાડ્યું છે ને? પહેલાં કહ્યું ને? **'જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...'** નથી એનું આ કારણ આપ્યું. કારણ કે એમ કરીને એ વાતને સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? આ તો બરાબર લક્ષ વિના સમજાય પણ નહિ. વાત એવી છે. કોઈ કથા હોય ને તો ધ્યાન રાખે કે ધ્યાન ન રાખે તો થઈ જાય પૂરી. આ તો ભગવાનની કથા છે. ભગવાન આત્મા... કહે છે, **'પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને...'** અનંત ભેદોને **'એક દ્રવ્ય પી ગયું હોવાથી...'** અનંત ભેદ એક અભેદમાં બધા આવી ગયા. પી ગયા અંદરમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- વર્તમાન પર્યાય પણ આવી ગઈ.

ઉત્તર :- **નહિ, નહિ.** ક્યાં આવી ગઈ છે? અભેદ થઈ ગયા એમાં. પર્યાય શબ્દે અહીંયા ભેદ છે. પર્યાય શબ્દે અહીં ભેદ છે. પર્યાય શબ્દે ગુણ અને પર્યાય બધા દ્રવ્યમાં એકાકાર છે. વર્તમાન પર્યાય છે એ નહિ. અભેદમાં ભેદ નથી. અભેદ ભેદને પી ગયું છે. પાણી પીવે છે ને? તો મોઢું મોટું અને પાણી નાનું. એમ એક દ્રવ્ય અનંત ગુણભેદને પી જાય છે. એક દ્રવ્યમાં બધા સમાઈ ગયા છે, બાકી રહેતા નથી. સમજાય છે કાંઈ? અહીં પર્યાયનો અર્થ ભેદ છે.

'**પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે...**' એક છે એવું '**કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું...**' શું કહે છે? અનંત ગુણ છે તો ગુણદીઠનો સ્વાદ ભિન્ન છે. વસ્તુદષ્ટિએ એક છે, ગુણ સ્વભાવથી ભેદ છે. '**એક છે એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું...**' જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, ચારિત્રનો બધાનો ભેદ આસ્વાદ છે. એકરૂપ એટલું, બસ. '**કાંઈક-મળી ગયેલા...**' એટલે કે કોઈ કોઈક ગુણ થઈ ગયો નથી. ગુણ (બીજા) ગુણરૂપ નથી થયો. ગુણ તો ગુણ ભિન્ન જ છે. પણ એકરૂપ દ્રવ્યની અપેક્ષાથી બધા અભેદ છે. સમજાય છે કાંઈ? તેથી એકરૂપ, બસ એટલું. '**કાંઈક-મળી ગયેલા...**' એટલે દરેક ગુણનો સ્વાદ ભિન્ન ભિન્ન છે. દ્રવ્યનો એકરૂપ છે, દ્રવ્યની અપેક્ષાથી. '**કાંઈક-મળી ગયેલા...**' સર્વ ગુણો એક જ ગુણરૂપ થઈ ગયા છે એમ નહિ. દ્રવ્યની અપેક્ષાથી એકરૂપ અભેદ છે. ભિન્ન ભિન્ન સ્વાદ છે. એકમેક મળી ગયેલો આસ્વાદ. '**અભેદ એક સ્વભાવી...**' જુઓ! ભગવાન આત્મા અભેદ, એનો ખુલાસો કર્યો. પાઠમાં છે ને? '**किञ्चिन्मिलितास्वादभेदमेकस्वभावमनुभवतो**'. ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય. કિંચિત્ એકમેક મળી ગયેલા. સર્વથા એકરૂપ નથી થયા. ગુણ એકરૂપ નથી થયા, દ્રવ્યરૂપે એક છે એમ કહે છે, ભાઈ! દ્રવ્યરૂપે એક છે. બધા ગુણ અનંત છે તો અનંત ગુણ એકરૂપ થઈ ગયા, ગુણ એકરૂપ થઈ ગયા એમ નહિ. દ્રવ્યરૂપે એક છે.

'**એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ, એકસ્વભાવી...**' વસ્તુનો તો એણે ખુલાસો કર્યો છે. પાઠમાં વસ્તુ શબ્દ નથી. પાઠમાં એટલું છે. '**अभेदमेकस्वभावमनुभवतो**' બસ. મૂળ તો વસ્તુનો અનુભવ કહેવો છે ને એટલે પછી વસ્તુ એમ ખુલાસો કર્યો. અભેદ એક સ્વભાવ વસ્તુનો.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ એકરૂપ વસ્તુ. પાઠમાં એટલું છે કે અભેદ એક સ્વભાવ અનુભવ કરવાવાળો. અનુભવ કરવાવાળો. અનેક શબ્દ નથી. જ્ઞાની શબ્દ પહેલા પડ્યો હતો ને? એનો અર્થ કર્યો કે જ્ઞાનીને આ નથી. એમ કહ્યું હતું ને? જ્ઞાનીને ત્રણનો અનુભવ નથી એમ બતાવવું છે.

પંડિત પુરુષને એટલે જ્ઞાનીપુરુષને-આત્માને '**દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી,...**' આહાહા..! એકરૂપ વસ્તુની દૃષ્ટિમાં અભેદના દર્શનમાં જ્ઞાનીને-વિવેકીને-ધર્મીને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાયનું લક્ષ અભેદ ઉપર છે તો ધર્માત્માને અથવા આત્માને દર્શન નથી, જ્ઞાન નથી, ચારિત્ર નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનીપુરુષને '**દર્શન પણ નથી,...**' ઓલો રાડ નાખે. એક સાધુ હતો. આ શું કહે છે? જ્ઞાનીને દર્શન નથી, જ્ઞાન નથી, ચારિત્ર નથી. જ્ઞાની જડ છે? જડને દર્શન, જ્ઞાન, ચારિત્ર હશે? અરે..! સાંભળ તો ખરો. ભગવાન આત્મા એક સ્વરૂપની દૃષ્ટિ કરવાવાળા આત્માને એક સ્વભાવ અભેદનો અનુભવ કરવાવાળા આત્માને એમાં-અભેદમાં ભેદ દેખાતો નથી. અભેદમાં ભેદની શ્રદ્ધા છોડાવવા અભેદમાં અભેદની દૃઢ શ્રદ્ધા કરાવવા કહે છે કે ધર્મીને ત્રણ બોલ અંદરમાં દેખાતા જ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાન, દર્શન, ચારિત્ર (એવા) ગુણભેદ અભેદમાં નથી દેખાતા. સુરજમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંદર છે એ તો ભેદ છે, વ્યવહાર છે.

મુમુક્ષુ :- અનંત ગુણ દ્રવ્યાત્મક એક વસ્તુ...

ઉત્તર :- એક વસ્તુ લીધી છે. કહ્યું ને? એક વસ્તુ.

મુમુક્ષુ :- અનંત પર્યાયમાં વર્તમાન પર્યાય આવી ગઈ ને?

ઉત્તર :- ના, ના. પર્યાય નથી આવી. પર્યાય આવી નથી. અહીં તો અંદર ગુણ આવ્યા છે. ગુણને અહીં પર્યાય કહી છે. સમજાય છે કાંઈ? વાર છે. સમજાણું કાંઈ? સામે પ્રશ્ન ઉઠે છે એટલે વાર છે એમ કહું છું. સમજાણું કાંઈ? એ.. હીરાલાલજી! અહીં તો ભઈ વાત એવી છે.

અહીં તો ગુણભેદ નથી. જ્ઞાન છે, જ્ઞાન ગુણ છે, ગુણ છે? ના. કોણ કહે છે ગુણ છે? દર્શન છે? સમ્યગ્દર્શન છે અંદર? ના. સમ્યગ્દર્શન ત્રિકાળ શ્રદ્ધા, હોં! ના. ચારિત્ર છે એમાં? ના. સમજાય છે કાંઈ? પર્યાયભેદ તો પેલામાં કાઢી નાખ્યા. ભાઈ! એ તો અશુદ્ધતામાં ચૌદ ગુણસ્થાન અને પર્યાયભેદ કાઢી નાખ્યા. સમજાય છે કાંઈ? અહીં તો ગુણભેદ નહિ. પર્યાય તો, ચૌદ ગુણસ્થાન તો છઠ્ઠી ગાથામાં કાઢી નાખ્યા. બધા ચૌદ ગુણસ્થાન નહિ. ચૌદ ગુણસ્થાન અને નિર્મળ પર્યાય પણ નહિ. સમજાય છે કાંઈ? એ તો અશુદ્ધનયનો વિષય છે.

મુમુક્ષુ :- ગુણસ્થાનની પર્યાય..

ઉત્તર :- ગુણસ્થાનની પર્યાય ચૌદમાં નથી? એ પ્રકારની એની પર્યાય છે કે નહિ? સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો અભેદમાં ભેદ દેખાતા નથી તો અભેદ એક ભગવાન જ્ઞાયક જ છે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દ્વિતીય શ્રાવણ સુદ ૧૧, શુક્રવાર તા. ૨૬-૦૮-૬૬**
**ગાથા-૭. પ્રવચન-૨૮**

વસ્તુ છે એવો આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે. પણ એનો વિષય-ધ્યેય અભેદ ચૈતન્યસ્વરૂપ એકરૂપ એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનનો વિષય કહો કે શુદ્ધનયનો વિષય કહો (બેય એકાર્થ છે). સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** કહે છે કે, ભગવાન આત્મા '**આ શુદ્ધ આત્માને કર્મબંધના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે...**' કર્મનું નિમિત્ત અને તેના લક્ષે ભેદ, પર્યાયના ભેદ પડે છે. પ્રમત્ત-અપ્રમત્ત આદિ ચૌદ ગુણસ્થાન, નિમિત્તના લક્ષે, નિમિત્તના આશ્રયે એક ચીજમાં ચૌદ પ્રકારના ભેદ પડે છે તે પણ અહીંયાં નિષેધ કરવામાં આવ્યા છે કે એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનનો હેતુ શુદ્ધ આત્મા એ ચૌદ ગુણસ્થાનની પર્યાયરૂપ આત્મા નથી. સમજાય છે કાંઈ? '**એ વાત તો દૂર જ રહો...**' હવે કહે છે કે ભગવાન આત્મા એક સમયમાં એક સ્વરૂપી અભેદ અનંત ગુણનો પિંડ, એમાં આ પર્યાય-તેરમું ગુણસ્થાન ને ચૌદમું ગુણસ્થાન ને બધા ભેદ છે એ તો પર્યાય છે એને કાઢી નાખ્યા. એ શુદ્ધ આત્મામાં નથી. સમજાય છે કાંઈ?

કર્મના નિમિત્તથી... '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' એવું ભગવાન 'કુંદકુંદાચાર્ય'નું વચન (છે) એમાં પર્યાયના ભેદ તો કાઢી નાખ્યા. વસ્તુ અભેદ ચૈતન્યપ્રભુ, એમાં એ પર્યાય નથી. એ પર્યાયને આત્મા જ કહેતા નથી, એમ અહીંયાં કહે છે. છેલ્લે લીધું ને? ચૌદમા ગુણસ્થાને છેલ્લે પુદ્‌ગલ પરિણામ. ૬૮ ગાથા છેલ્લે. પંડિતજી! 'મોહજોગ...' બોલ્યા હતા ને? 'ગોમ્મટસાર' મોહજોગ ... ચૌદ ગુણસ્થાન મોહ ને જોગથી ઉત્પન્ન થયા છે. સમજાય છે કાંઈ? મોહનો બારમા સુધી, જોગ તેર અને ચૌદ. ભલે જોગ છે અને ચૌદમામાં નથી. પણ એ મોહ જોગથી ચૌદ ગુણસ્થાનના ભેદ પડે છે. 'ગોમ્મટસાર'માં પણ એમ લીધું છે. તો એનો અહીંયાં નિષેધ કર્યો. સમજાય છે કાંઈ? આટલા ચૌદ પર્યાયભેદ વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? ઓ..હો..!

'**એ વાત તો દૂર જ રહો, પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી;...**' ભગવાન આત્મા, એમાં સમ્યગ્દર્શન-દર્શન, જ્ઞાન અને ચારિત્ર ગુણ, છે અનંત ગુણ, અહીંયાં મુખ્ય ત્રણ લીધા છે. એમાં આત્મામાં જેને આત્મા શુદ્ધનયનો વિષય કહે છે, સમ્યગ્દર્શનનું ધ્યેય કહે છે એવા આત્મામાં પર્યાયભેદ તો નથી પણ ભગવાન આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદ પણ એમાં નથી. સૂક્ષ્મ વિષય છે. ૬-૭ સાતમી ગાથા આખા 'સમયસાર'નો સ્તંભ છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ... દર્શન પર્યાય છે એમ જ્ઞાન પણ પર્યાય છે.

ઉત્તર :- અહીં ગુણની વાત છે. અહીં પર્યાયની વાત નથી. પર્યાય તો પહેલા કહી દીધું ને. ચૌદ ગુણસ્થાન પર્યાય એ દ્રવ્યમાં છે જ નહિ. અહીંયાં તો આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર જે ગુણ છે એ ગુણભેદ પણ વસ્તુમાં અભેદમાં નથી. સમજાય છે કાંઈ?

આ નય છે ને? ભાઈ! નય છે, આ શુદ્ધનય છે. તો નયનો વિષય આખું દ્રવ્ય ન હોઈ શકે. પંડિતજી! નય છે ને? નય તો અંશ છે. ચાહે તો સામાન્યનો વિષય હો પણ એ નય છે. તો નયમાં એક અંશ સામાન્ય ત્રિકાળ અભેદ આવે છે. એની પર્યાયસહિત લો તો પ્રમાણનો વિષય થઈ જાય છે. સમજાય છે? એ શુદ્ધનયનો વિષય પર્યાય નહિ. શુદ્ધનયનો વિષય ગુણ-ગુણીનો ભેદ પણ નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણરૂપ વસ્તુ છે. એમાં ગુણ-ભેદ છે પણ અભેદમાં એ ભેદ દેખાતા નથી. ગુણ છે. ગુણ હોં! પર્યાય નહિ. પર્યાયને કાઢી નાખી પહેલા છઠ્ઠી ગાથામાં. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં નિમિત્તથી જે ચૌદ ભંગ પર્યાયના થાય છે એ તો અશુદ્ધનયની કથનીમાં આવ્યા. એ અશુદ્ધનયનો વિષય આત્મામાં છે જ નહિ. આહાહા..! અને અહીંયાં તો વિશેષ (કહે છે), એ વાત તો દૂર રહી. પર્યાયના ભેદની વાત તો દૂર જ રહી ગઈ. પરંતુ ભગવાન આત્મામાં એકરૂપ સમ્યગ્દર્શનનો વિષય અભેદ, જે શુદ્ધનયનો અંશ વિષય, જેને પર્યાયના અંશની અપેક્ષાથી અંશી-સામાન્ય પણ કહે છે, બાકી છે તો સામાન્ય પણ એક અંશ. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ!

પ્રમાણનો વિષય બે-સામાન્ય અને વિશેષ. એ પ્રમાણનો વિષય બે છે. નયના વિષયમાં બે આવતા નથી, નયના વિષયમાં એક જ અંશ આવે છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે શુદ્ધનયનો વિષય અથવા સમ્યગ્દર્શનનો વિષય જે આત્મા, એમાં ચૌદ ગુણસ્થાનના ભેદની વાત તો દૂર રહો, એ તો છે નહિ, પણ એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ નથી. એકરૂપ વસ્તુમાં ત્રણ ભેદ વિદ્યમાન જ નથી. આહાહા..! અમરચંદજી! સૂક્ષ્મ વિષય છે, પ્રભુ! આ વિષય એવો છે. એકરૂપ સામાન્ય ચૈતન્ય. ઉત્પાદ-વ્યયની બધી પર્યાય વ્યવહારનો વિષય થઈ ગયો. ઉત્પાદ-વ્યયની પર્યાય, કેવળજ્ઞાનની ઉત્પત્તિ એ પણ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? ધ્રુવ એક સમયમાં સામાન્ય જે અભેદ એકરૂપ છે એમાં એ પર્યાયના ભેદ તો કાઢી નાખ્યા. એ દૃષ્ટિનો વિષય નહિ. શુદ્ધનયનું ધ્યેય નહિ-વિષય નહિ. પણ ભગવાન આત્મા એકરૂપ સ્વરૂપ પ્રભુ, જે શુદ્ધનયનો વિષય અંતર પરમાત્મા-કારણ પરમાત્મા, કારણ પરમાત્મા 'નિયમસાર'ની અપેક્ષાએ કારણ જીવ. સમજાય છે કાંઈ? જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ એમાં ત્રણ ભેદ પણ નથી. 'ચારિત્રના પણ...' શબ્દ પડ્યો છે ને? ચૌદ ગુણસ્થાન તો નહિ પણ ગુણભેદ પણ નહિ. તેથી 'પણ' લીધો છે. એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'પણ' આગળ વધારે છે. સમજાય છે કાંઈ?

પ્રભુ આત્મા એકરૂપ પરમાત્મા. 'દ્રવ્યસંગ્રહ'માં પણ લીધું છે ને? ભાઈ! બંધ અને મોક્ષ એ એનું સ્વરૂપ જ નથી. બંધ અને મોક્ષ એક સમયની પર્યાય એ જીવનું સ્વરૂપ જ નથી, એમ લીધું છે. 'પરમાત્મ પ્રકાશ'માં તો એકદમ લીધું છે, ઉત્પાદ-ફુત્પાદ, વ્યય-બ્યય એનું સ્વરૂપ જ નથી. આહાહા..! હમણાં બધા વ્યાખ્યાન થઈ ગયા ને. અંદર પડ્યા છે, નીકળે ત્યારે ખરા. સમજાય છે કાંઈ?

આત્મા ઉત્પાદ્-વ્યય છે એક સમયની અવસ્થા સંસાર કે સિદ્ધ એ પણ વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? ધ્રુવ એકરૂપ સ્વરૂપનો કંદ પિંડ અભેદ. એમાં પર્યાયભેદ તો છઠ્ઠી ગાથામાં કાઢી નાખ્યા. વિષય સૂક્ષ્મ છે, ભાઈ! સમજી શકાય એવો છે, ન સમજી શકાય એવો નથી. ભગવાન આત્મા એક સ્વરૂપે પ્રભુ અભેદ (છે), એમાં ભેદ છે જ નહિ, ભેદ વિદ્યમાન જ નથી. કેમ? કારણ આપે છે. વસ્તુ ભગવાન આત્મા અનંત ધર્મસ્વરૂપ એક ધર્મી છે. અનંત ગુણરૂપ એક ગુણી છે. અનંત ગુણરૂપ એક ગુણી છે. અનંત ધર્મ.. ધર્મ શબ્દ કેમ વાપર્યો છે? એ ધર્મ એણે ધાર્યો છે એ અપેક્ષાથી. અશુદ્ધતાને પણ ધર્મ કહ્યો છે. ધર્મ નામ પોતાની આત્માની પર્યાયમાં ધાર્યો છે. અશુદ્ધતા પણ ધર્મ છે. એ પહેલા છઠ્ઠીમાં આવી ગયું હતું. વસ્તુનું સત્ત્વ. છઠ્ઠીમાં આવ્યું હતું ને? ભગવાન આત્મા જેવું સત્ત્વ ત્રિકાળ શુદ્ધ ધ્રુવ પોતે ધાર્યું છે, એમ પર્યાયમાં અશુદ્ધતા સંસારભેદ પણ પર્યાય પોતે ધારી છે, એનો ધર્મ છે, એણે ધાર્યો છે.

અહીંયાં તો સમ્યક્ શુદ્ધનયનો વિષય બતાવવો છે. '**ववहारोऽभूदत्थो**' ૧૧મી ગાથામાં આવશે. વ્યવહાર બધોય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયકને શુદ્ધનય કહે છે. શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે. સમજાય છે? પણ અહીંયાં અધ્યાત્મમાં '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થને જ શુદ્ધનય કહેવામાં આવ્યું છે. શું કહ્યું સમજાણું? '**ववहारोऽभूदत्थो**' પર્યાય, ગુણભેદ બધું અભૂતાર્થ છે. છે જ નહિ એક ન્યાયે, ત્રિકાળની અપેક્ષાથી. પર્યાયની એપક્ષાએ ભલે હો. સમજાય છે? વ્યવહારને અભૂતાર્થ કહીને '**ववहारोऽभूदत्थौ भूदत्थो देसिदो दु सुद्धणओ**'. શુદ્ધનયનો વિષય એમ ન લીધું, ભાઈ! ભૂતાર્થ એકરૂપ ત્રિકાળ સ્વભાવ, એને ભગવાન આચાર્ય કહે છે, એને જ અમે શુદ્ધનય કહીએ છીએ. નય તો જ્ઞાનનો અંશ છે પણ એ વસ્તુ એનો વિષય છે. છતાં એ વિષય અને વિષયી બે ભેદ પણ અધ્યાત્મમાં નથી. અભેદ છે. પાઠ એવો છે. '**भूदत्थो देसिदो**' ભૂતાર્થને કહ્યું શુદ્ધનય. ભૂતાર્થ એમ આવ્યું ને? પંડિતજી! ભૂતાર્થ. જ્ઞાનની પર્યાય છે. નય અંશ છે. નય જ્ઞાનનો એક અંશ છે. પ્રમાણ નહિ. નય પ્રમાણ નથી. પ્રમાણ તો એક સમયમાં જ્ઞાન સામાન્યને જાણે, ભેદને અને વિશેષને એકસાથે જાણે તેને પ્રમાણ કહે છે. હવે જે પ્રમાણજ્ઞાન છે તેનો ભાગ છે-અવયવ છે તે નય છે. તો ચાહે તો શુદ્ધનય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હો કે વ્યવહાર હો, પણ પ્રમાણનો એ ભાગ છે. એમાં અહીંયાં શુદ્ધનય જે છે, તો ભગવાન 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે, '**भूदत्थो सुद्धणओ**'. ભૂતાર્થ એક સમયમાં અભેદ સ્વરૂપ છે તેને અમે શુદ્ધનય કહીએ છીએ.

મુમુક્ષુ :- શુદ્ધનયનો વિષય નથી કહેતા?

ઉત્તર :- નહિ. અહીંયાં વિષય નથી કહેતા. સમજાય છે કાંઈ? અહીં તો ઈ બતાવવું છે. પણ એ વસ્તુ જ ત્રિકાળ જ્ઞાયકરૂપ ધ્રુવ એક સ્વરૂપે અભેદને જ અમે શુદ્ધનય કહીએ છીએ. જાણનારો અને જણાય એવા બે ભેદ અધ્યાત્મમાં છે જ નહિ. નય કહો કે નયનો વિષય, એ બેયને એક જ કહ્યા છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્મા શુદ્ધનયનો વિષય જે અભેદ ચૈતન્યજ્યોત, જેને આશ્રયે સમ્યગ્દર્શન (થાય છે). આશ્રયથી તો પર્યાય ઉત્પન્ન થાય છે પણ પર્યાય ઉત્પન્ન થાય છે ત્રિકાળ અભેદને આશ્રયે. ભેદના આશ્રયે ઉત્પન્ન નથી થતી. નિમિત્તના આશ્રયે, ચૌદ ગુણસ્થાન ભેદના આશ્રયે કે ગુણ-ગુણીના ભેદને આશ્રયથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નવી પર્યાય તેના આશ્રયે ઉત્પન્ન નથી થતી. સમજાય છે? તો કહે છે, ગુણસ્થાનભેદ તો દૂર રહો, પણ.. (ગુણના ભેદ નથી). કેમ? વસ્તુ તો અનંત ગુણરૂપ એક ધર્મી છે. વસ્તુ તો એક છે. સામાન્ય સ્વરૂપ એક છે.

'**પરંતુ...**' સમજાણું? 'પરમાત્મ પ્રકાશ'માં ધ્રુવ એક જીવનું સ્વરૂપ એમ લીધું છે. ઉત્પાદ-વ્યય સ્વરૂપ નહિ. વ્યવહાર છે ને? તો અભૂતાર્થ કહીને કાઢી નાખ્યું. એકરૂપ સ્વરૂપ. 'દ્રવ્યસંગ્રહ'માં પણ એમ છે. એ દૃષ્ટાંત આવે છે, પુરુષનો. પુરુષ છે તેને બાંધ્યો છે. અહીંયાં (પગે) બાંધ્યો છે. છૂટી ગયો. એ તો એક સમયની પર્યાય છે. એ પુરુષનું વાસ્તવિક સ્વરૂપ નથી. પુરુષ તો એકાકાર છે. એક સમયનો બંધ અને છૂટ્યો એ વાસ્તવિક સ્વરૂપ (નહિ), એ તો એક સમયની દશા થઈ. ભગવાન અનાદિઅનંત એકરૂપ એમાં એક સમયનો બંધ અને એક સમયના બંધનો વ્યય, એ તો પર્યાય છે, વ્યવહારનય. વસ્તુ અનાદિઅનંત એકરૂપ છે તે વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વેદાંત થઈ જાય એમ લોકોને લાગે.

પર્યાય છે ખરી. એકરૂપ પરમાત્મ સ્વરૂપમાં પર્યાયનો અભાવ છે. અને એમાં અનંત ગુણ હોવા છતાં એક ધર્મી છે. એક ધર્મી છે. હવે શું કહે છે? '**પરંતુ વ્યવહારી જન ધર્મોને જ સમજે છે.**' અનાદિનો અજ્ઞાની પ્રાણી, ધર્મી એકરૂપ વસ્તુ, ધર્મી એકરૂપ વસ્તુ શું છે તેને સમજતો નથી. દ્રવ્યનું એને અનાદિથી લક્ષ જ નથી એમ કહે છે. ભગવાન આત્મા ધર્મી અનંત ગુણરૂપ એક, એનું એને અનાદિથી લક્ષ નથી, ખ્યાલ નથી. તો એ '**ધર્મીને નથી જાણતા;...**' જુઓ! '**ધર્મોને જ સમજે છે.**' ધર્મોને જ સમજે છે. જ્ઞાન, આ જાણવું, જાણે, માને ... તો એ ધર્મીને નહિ જાણીને ધર્મને જ જાણે છે. જાણવું-દેખવું એવો ધર્મ-ગુણને જાણે છે. ધર્મીને નથી જાણતા. '**તેથી...**' આ કારણે, આ કારણે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'વસ્તુના કોઈ...'** વસ્તુના કોઈ **'અસાધારણ ધર્મોને...'** ખાસ ધર્મોને. અસ્તિત્વ આદિ બીજા તો અનંત છે એ નહિ. એના ખાસ ધર્મ જે બીજામાં નથી અને એમાં પણ ખાસ ખાસ મુખ્ય ધર્મને **'ઉપદેશમાં લઈ...'** આચાર્ય ઉપદેશમાં લઈ **'અભેદરૂપ વસ્તુમાં પણ...'** વસ્તુ તો એકરૂપ છે. કાલે લાકડીનું દૃષ્ટાંત આપ્યું હતું. એકરૂપ જ છે. સમજ્યા? પર્યાય ભેદ ન રાખો. પણ એમાં સુંવાળપ, સુંવાળું કહે છે ને? મુલાયમ, સુગંધ એવા ગુણના એમાં ભેદ નથી. એ તો અસંખ્ય પ્રદેશમાં એકરૂપ છે. આ સુંવાળું છે, આ સુગંધ છે એવા નામભેદ કરીને કહી શકાય છે. એમાં ભેદ છે નહિ.

એમ ભગવાન આત્મા અનંત ગુણરૂપ એકરૂપ વસ્તુ છે. તો કહે છે, એમાં–અભેદરૂપ વસ્તુમાં પણ **'અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં પણ...'** વસ્તુ અભેદ છે તોપણ **'વસ્તુમાં પણ...'** એમ લીધું છે ને? **'ધર્મોના નામરૂપ ભેદને...'** જુઓ! 'ધર્મોના નામરૂપ ભેદ...' એ તો પાઠમાં આવ્યું હતું. નામથી ભેદ કરીને, પાઠ આવ્યો હતો. નામથી ભેદ, કથનથી ભેદ કરવો, વાણીમાં. આ જ્ઞાન, આ દર્શન એમ નામથી ભેદ કરીને. ટીકામાં આવ્યું હતું. ચાલતી ભાષામાં સ્પષ્ટ કર્યું છે. લોકો સંસ્કૃત ન સમજે. સંસ્કૃતની ગૂઢતા (ન સમજે) એટલે ચાલતી ભાષામાં (કહ્યું છે). **'ધર્મોના નામરૂપ...'** નામ. ધર્મી તો અભેદ એકરૂપ છે. નામ લઈને, સંજ્ઞા લઈને કહ્યું કે આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર તે આત્મા. **'ઉત્પન્ન કરી...'** **'નામરૂપ ભેદને ઉત્પન્ન કરી...'** ભેદ છે નહિ અંદર.

**'એવો ઉપદેશ કરવામાં આવે છે...'** એવો ઉપદેશ કરવામાં આવે છે **'કે જ્ઞાનીને...'** જ્ઞાની એટલે આત્મા. આત્માને **'દર્શન છે,...'** આત્માને **'જ્ઞાન છે,...'** આત્માને **'ચારિત્ર છે.'** એવા અભેદ સ્વરૂપમાં ભેદ નથી, વસ્તુ તો અભેદ છે પણ અભેદનું લક્ષ અને દૃષ્ટિ અનાદિકાળથી અજ્ઞાનીને નથી. એ ધર્મીને–અભેદને લક્ષમાં લેતા નથી તો ભેદથી એને સમજાવે છે. ભાઈ! આ જાણે ને? જાણે છે કોણ? ઈ જાણે તે આત્મા. શ્રદ્ધા કોણ કરે છે? શ્રદ્ધા કરે છે તે આત્મા. સ્થિરતા કરે છે તે આત્મા. એવા ગુણ–ગુણીના ભેદ નથી, નામભેદથી ઉત્પન્ન કરીને કહ્યું. આત્મામાં.. જ્ઞાની એટલે આત્મા, દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! દેવીલાલજી! પર્યાયનું શું થયું? ગુણભેદ વિલય થઈ ગયા. ગુણભેદથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. રાગી પ્રાણી છે (તેથી). હમણાં બધા ખુલાસા કરશે, હોં! બહુ સરસ સ્પષ્ટીકરણ (આપ્યું છે). પાઠમાં છે તેને ચાલતી ભાષામાં કહ્યું છે.

**'આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે...'** આ અર્થ છે. આમ ભગવાન આત્મા એકરૂપ અભેદ ચૈતન્યમૂર્તિ એક સ્વરૂપ પ્રભુ અભેદમાં ભેદ કરવામાં આવે છે. અભેદમાં ભેદ કરવામાં આવે છે. **'તેથી તે વ્યવહાર છે.'** અભેદમાં ભેદ કરવો એ વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આહાહા..! ભારે ઝીણી વાત, ભાઈ! લોકો શાંતિથી સમજવા માગે તો સમજી શકાય એવી વસ્તુ છે, ન સમજાય એવી વસ્તુ નથી. સમજાણું? પણ પોતાની કલ્પનાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે માની રાખ્યું છે એ દૃષ્ટિથી શાસ્ત્ર સાંભળે અને વાંચે તો ક્યાંય પત્તો લાગે નહિ. તારાચંદજી! આ તો મૂળ રકમની વાત છે.

ભગવાન આત્મા... કહે છે, **'આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે...'** અભેદમાં એકરૂપમાં અનેકપણાનું નામ લઈને દર્શન, જ્ઞાન, ચારિત્ર એમ કહે છે તો વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? વ્યવહાર થયો તો એ અસત્યાર્થ થઈ ગયો. અસત્યાર્થ થયો તો અભૂતાર્થ થયો, અભૂતાર્થ થયો તો અભેદમાં છે નહિ. ભાઈ! અભેદમાં નથી એમ થયું. આહાહા..! ભગવાન આત્મા એકરૂપ સ્વભાવમાં ભેદ કરીને કહેવું તે અંદરમાં છે જ નહિ. વ્યવહાર કહો કે અંદરમાં છે જ નહિ. અહીં તો ગુણ નહિ. દ્રવ્યમાં ગુણ નથી, ગુણીમાં ગુણ નથી. એકરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પરમાર્થથી વિચારવામાં આવે તો...'** એક દ્રવ્ય, અનંત પર્યાય નામ ભેદો, અનંત જે ગુણના ભેદ **'અભેદરૂપે પીને બેઠું છે...'** એકરૂપ ધર્મીમાં અનંત ગુણ તો પડ્યા છે, પીને બેઠું છે. એનાથી ભિન્ન નથી. સમજાય છે કાંઈ? આ તે ધર્મ કઈ રીતનો? લોકો ધર્મ ધર્મ કરે છે પણ ધર્મ ક્યાંથી થાય છે અને ધર્મી કેવો છે એના ખ્યાલ વિના ધર્મ કઈ રીતે થાય? આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ જે ફરમાવે છે એવી વસ્તુ અહીંયાં 'કુંદકુંદાચાર્યે' સ્પષ્ટ કરીને મૂકી છે. ભાઈ! ભગવાન તો આમ કહે છે અને એમ છે. પ્રભુ! આત્મામાં જે શુદ્ધનયનો વિષય છે એમાં કર્મ તો નથી,... રાડ નાખે છે. કર્મ નથી? સાંભળ તો ખરો! કર્મ અત્યારે નથી. અરે..! સાંભળ તો ખરો. અરે..! કર્મ નહિ? એમ રાડ પાડે છે. ભગવાન! કર્મ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહારનયનો વિષયનો સંબંધ છે, વસ્તુમાં કર્મ-બર્મ નથી. વસ્તુમાં કર્મ નથી, વસ્તુમાં શરીર નથી પણ વસ્તુમાં પર્યાયના ભેદ નથી અને વસ્તુમાં ગુણ-ગુણીના ભેદ નથી. ભગવાન! તારે (સમજવું પડશે). લાલચંદજી! આહાહા..!

આ તો પ્રભુનો માર્ગ છે, ભાઈ! તું પરમેશ્વર છો. તારી ચીજ પરમેશ્વરથી પૂરી ભરેલી પડી છે. એમાં વર્તમાન શુદ્ધનયનો વિષય કરવાથી-ધ્યેય કરવાથી વર્તમાન... સમજાણું? વર્તમાન પરનું લક્ષ છોડી પોતાના દ્રવ્યનું લક્ષ કરવાથી એ શુદ્ધનયનો વિષય છે એમાં વર્તમાન કર્મ, શરીર ત્રણકાળમાં નથી. અને ચૌદ ગુણસ્થાનના ભેદ પણ વર્તમાન શુદ્ધનયનો અભેદના વિષયમાં છે જ નહિ. એ ઉપરાંત ગુણી ભગવાન એકરૂપમાં ગુણ વિદ્યમાન છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે કઠણ પડે માણસને. ત્યારે કોનામાં ગુણ હશે? બીજામાં હશે કો'કમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં ગુણ લેવા. પર્યાય શબ્દે ભેદ લેવો. ભેદ. પર્યાય શબ્દે ભેદો. અનંત ધર્મના ભેદ. એક ધર્મીમાં અનંત ધર્મના ભેદ સમાઈ ગયા છે. પીને બેઠું છે, ભિન્ન નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું? **'પરમાર્થથી વિચારવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે...'** પર્યાય તો પહેલા કાઢી નાખી. ચૌદ ગુણસ્થાન આદિ તો અશુદ્ધનયની કથનીમાં કાઢી નાખ્યા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ... થાય ત્યારે કે અત્યારે?

ઉત્તર :- આ અત્યારે. જગજીવનભાઈ! અત્યારે. એમ ત્રિકાળ શુદ્ધનયનો વિષય ભગવાન અત્યારે... અત્યારે કહે છે ને? અભી. વર્તમાનમાં આ ભગવાન આત્મા અભેદ શુદ્ધ શુદ્ધનયનો વિષય વર્તમાનમાં છે. કરે એને છે. કરે એને શું? એ તો રાગને ને પુણ્ય ને ભેદને માને છે તો માનો, એ તો અનાદિનો વિષય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'પરમાર્થથી વિચારવામાં આવે તો...'** એક ભગવાન આત્મામાં અનંત પર્યાય નામ ભેદો **'અભેદરૂપે પીને બેઠું છે...'** અભેદમાં બધું ભર્યું છે. **'તેથી તેમાં ભેદ નથી.'** આ કારણે તેમાં–અભેદમાં ભેદ નથી. આટલો ખુલાસો કર્યો. હવે શિષ્ય તરફથી એક શંકા ઉઠાવી. જુઓ! એમાં ઘણો મર્મ છે. **'અહીં કોઈ કહે કે...'** અહીંયા કોઈ કહી શકે છે, કહી શકે છે, કારણ કે જ્યારે ગુણીમાં ગુણભેદ પણ નથી એમ જ્યારે કહો છો ત્યારે કોઈ કહી શકે છે કે **'પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે,...'** એ બધા ગુણો પણ દ્રવ્યના જ ભેદ છે, વસ્તુમાં છે, એ ગુણો વસ્તુમાં છે. વસ્તુમાં જ્ઞાન, દર્શન, આનંદ ગુણ છે. કોઈ બહારમાં નથી. શિષ્યનો પ્રશ્ન છે. સાંભળો! પ્રશ્નકારનો હેતુ શું છે એ પહેલાં સાંભળો. પ્રશ્નકાર એમ કહે છે કે ભગવંત! કોઈ કહે કે પર્યાયભેદ પણ દ્રવ્યના જ ભેદ, વસ્તુના ભેદ છે. વસ્તુ છે એના જ બધા ગુણ છે, વસ્તુના જ ગુણ એના જ ભેદ છે.

**'અવસ્તુ તો નથી;...'** શું કહે છે? વસ્તુમાં ગુણ છે એ અવસ્તુ નથી, અવસ્તુ નથી. અવસ્તુ કોને કહે છે? કે પોતાની અપેક્ષાથી બધી વસ્તુ અવસ્તુ છે, પર (છે). અવસ્તુને વ્યવહાર કહો. શિષ્ય કહે છે કે અવસ્તુને વ્યવહાર કહો. અવસ્તુનો અર્થ, જે પોતામાં નથી તે બીજી વસ્તુને તમે વ્યવહાર કહીને અવસ્તુ કહો. જરી ગૂઢ અર્થ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો વસ્તુનો સ્વભાવભાવ છે ને. અભેદનો ભાવ અંદર પડ્યો છે, પહેલાં કહે છે. અને અવસ્તુ તો એને કહીએ કે જે એમાં ન હોય. શરીર, કર્મ, પરપદાર્થ નથી તો પોતાની અપેક્ષાથી એને અવસ્તુ કહો. તો અવસ્તુને વ્યવહાર કહો. અવસ્તુને વ્યવહાર કહો. વ્યવહાર કહીને એને અવસ્તુ કહો. પણ આ તો અંદરમાં છે. સમજાય છે કાંઈ? નટુભાઈ! આ બહુ ઝીણું છે, હોં! તમારી વકીલાત કરતાં. વકીલાતમાં તો ગોળા મારે આડાઅવળા. રામજીભાઈ ના પાડે છે કે એમ નહિ. મારે આડાઅવળા. કહો, સમજાણું? આ બધા જીતી જાય છે. જુઓને! હમણાં જીત્યા ને ક્યાંક મોટા પૈસા મળ્યા. શું કહ્યું સમજાણું કાંઈ? ત્યાં તો ચાલે, અહીં ચાલે એવું નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા... શિષ્યના મુખમાં પ્રશ્ન એમણે ને એમણે ઉઠાવ્યો. કોણે? 'જયચંદ્રજી' પંડિતે પ્રશ્ન ઉઠાવ્યો. **'અહીં કોઈ કહે કે...'** એમ કરીને ઉઠાવ્યો. **'અહીં કોઈ કહે કે...'** કેમ? કે એ ગુણ તો પોતામાં છે. વસ્તુમાં છે. એ કંઈ પરમાં નથી અને પર નથી. તો કહે છે, કે ગુણ અને ભેદ પણ દ્રવ્યના જ પ્રકાર છે, દ્રવ્યની ચીજ છે, પદાર્થની એ ચીજ છે. ગુણ જ્ઞાન, દર્શન એ પદાર્થની ચીજ છે. અવસ્તુ નથી. અવસ્તુનો અર્થ, એ પર નથી. સમજાય છે કાંઈ? અવસ્તુનો અર્થ એ પર નથી. એ વસ્તુમાં છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એ અહીં છે-વસ્તુમાં છે. વસ્તુમાં છે તેને વ્યવહાર કેમ કહો? વસ્તુમાં ન હોય, પર હોય તો એને અવસ્તુ કહો. અવસ્તુને વ્યવહાર કહો. સેઠી! સમજાય છે કાંઈ?

ગુણ પણ, એવા ભેદ પણ દ્રવ્યના જ ભેદ છે. **'અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** જુઓ ભાષા. અવસ્તુને વ્યવહાર કહો. પોતામાં ચીજ ન હોય અને પર હોય તો એને અવસ્તુ કહીને વ્યવહાર કહો. સમજાય છે? પ્રશ્નકારનો પ્રશ્ન 'જયચંદ્રજી પંડિતે' ઉઠાવ્યો છે. પોતાના દ્રવ્યની અપેક્ષાથી પોતાનું દ્રવ્ય છે. પોતાના દ્રવ્યની અપેક્ષાથી પરવસ્તુ અદ્રવ્ય છે. પોતાની વસ્તુની અપેક્ષાથી પોતાની વસ્તુ છે. અને પોતાની વસ્તુની અપેક્ષાથી પોતા સિવાય બધી ચીજ અવસ્તુ છે. સમજાય છે કાંઈ? તો અવસ્તુ છે, પોતામાં નથી એવી અવસ્તુને વ્યવહાર કહો. સમજાય છે કાંઈ? રાજમલજી! આહાહા..! **'અવસ્તુ તો નથી; તો તેને...'** અવસ્તુ નથી. એ તો પોતામાં છે. પોતામાં જ્ઞાન, દર્શન, આનંદ છે. અવસ્તુ નથી. પોતામાં નથી એમ નથી. **'તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** આ પ્રશ્નનું રૂપ સમજ્યા? પ્રશ્નકારનો શું હેતુ છે એ સમજો છો? પ્રશ્નકાર કહે છે, પ્રભુ! આત્મા છે. એમાં જ્ઞાન, દર્શન, આનંદ છે, છે. નથી એમ નહિ. પરવસ્તુ જે શરીર, કર્મ, રજકણ એ તો આત્મામાં છે જ નહિ. શરીર, કર્મ, વાણી એ તો આત્મામાં છે જ નહિ. આત્મામાં નથી તેને તમે વ્યવહાર કહો. કેમકે એ આત્મામાં નથી તો અવસ્તુ (થઈ). આત્માની અપેક્ષાથી અવસ્તુ (છે). અવસ્તુને વ્યવહાર કહો. સમજાય છે કાંઈ? ધીમેથી સમજવું પણ બરાબર સમજવું, હોં! પંડિતજી! બરાબર છે?

જુઓ! પ્રશ્નકારમાં કેટલું મૂક્યું છે! ભગવાન આત્મા છે ને પ્રભુ? આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ નથી? છે ને. તો છે એને તમે વ્યવહાર કેમ કહો? એમાં ન હો એ વસ્તુને તમે વ્યવહાર કહીને અવસ્તુ કહો. સ્વ દ્રવ્યની અપેક્ષાથી પરને અદ્રવ્ય કહો. સ્વ વસ્તુની અપેક્ષાથી પરને અવસ્તુ કહો. સ્વ કાળની અપેક્ષાથી પરને અકાળ કહો. સ્વ ગુણ-ભાવની અપેક્ષાથી પરને અભાવ કહો. અહીંની અપેક્ષાથી પરને અવસ્તુ કહો અને અવસ્તુ કહીને તેને વ્યવહાર કહો. નિશ્ચય સ્વમાં છે અને વ્યવહાર પર છે એવી વસ્તુ છે, મહારાજ! શિષ્ય પ્રશ્ન કરે છે. સમજાય છે કાંઈ? પોતામાં છે તેને નિશ્ચય કહો, પોતામાં નથી તેને વ્યવહાર કહો. મહારાજ! પોતામાં તો છે ને? જ્ઞાન, દર્શન, આનંદ છે ને. તો વ્યવહાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહો તો અવસ્તુ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

**'અવસ્તુ તો નથી;...'** એમ શબ્દ છે. પોતામાં છે, અવસ્તુ નથી. એટલે પોતામાં નથી એમ નથી, પોતામાં નથી એમ નથી. પોતામાં છે તો તેને અવસ્તુ કેમ કહી? ઈ અવસ્તુ નથી. તો એને વ્યવહાર કેમ કહો છો? મહારાજ! આપની વાત કઠણ બહુ પડે છે. સમજાય છે? **'તો તેને વ્યવહાર...'** છે **'તેને વ્યવહાર કેમ કહી શકાય?'** એમાં ન હોય (એવા) પરને વ્યવહાર કહો. સ્વઆશ્રય નિશ્ચય પરાશ્રય વ્યવહાર. સમજાય છે કાંઈ? પર બધો વ્યવહાર છે. **'કેમ કહી શકાય?'** એવો શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે?

**'તેનું સમાધાન :-'** આ એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી અંદર કે આ શું કહે છે. તારાચંદજી! બાપુ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. એના એક એક શબ્દમાં મર્મ છે. એક શબ્દ એમ ને એમ વાંચી જાય એવી આ ચીજ નથી. એક માણસ એમ કહેતો હતો કે તમે કહો છો કે સમયસાર બહુ... મેં તો ૧૫ દિવસમાં આખું સમયસાર વાંચી લીધું. બહુ સારુ, ભાઈ! વાંચી નાખ્યું. નવ તત્ત્વની વાત છે, એમાં શું? વાત તો નવ તત્ત્વની છે. ૧૫ દિ'માં વાંચી લીધું. કીધું, ૧૫ દિ' શું ચોવીસ કલાક વાંચે તો આઠ દિવસમાં ખલાસ થઈ જાય. એમાં શું છે પણ? 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' અમારે એક દલપતરામ કવિ થઈ ગયા. દલપતરામ કવિ. ક.દ.ડા. કદડા એટલે કવિ દલપતરામ ડાહ્યાભાઈ. અમારા વખતમાં પહેલા હતા, હોં! અમારા વખતમાં નહોતા, અમારી પહેલા. એ કહેતા હતા કે 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' સમજ્યા? ગુજરાતી. વાંચે પણ વિચાર કરે નહિ કે શું વસ્તુ છે. મનન કરે નહિ, મિંઢવણી કરે નહિ તો સમજે નહિ સાર. શું કહેવું છે એ સાર સમજે નહિ. બરાબર છે? ભાઈ!

આ પ્રશ્ન કર્યો એનું સ્વરૂપ સમજ્યા? પ્રશ્નકારનું પ્રશ્ન કરવાનું રૂપ શું છે? કે જ્યારે ભગવાન એમ કહ્યું કે ભગવાન! આત્મા અનંત ગુણનું એકરૂપ છે ને. એ એકરૂપમાં સર્વ ધર્મોને પી ગયું છે, એકમાં. તો એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ભેદ કરવા, નામથી ભેદ કર્યા છે તો એને વ્યવહાર કહે છે. ભગવાન! વ્યવહાર તો (એને કહીએ કે) એનામાં ગુણ ન હોય, એમાં હયાતી ન હોય, એમાં મોજૂદગી ન હોય તે પરચીજને તમે વ્યવહાર કહી શકો છો. પણ પોતામાં તો પ્રભુ છે ને. સમજાય છે કાંઈ? આત્મા છે તો જ્ઞાન, દર્શન, આનંદ એ બધું છે ને. છે તેને આપ વ્યવહાર કેમ કહી શકો? વ્યવહાર તો પોતામાં ન હોય તેને આપ વ્યવહાર કહો. સમજાય છે? આ પ્રશ્નનું રૂપ. અમારા શેઠ ઠંડા માણસ છે ને. નહિતર વન્સ મોર કરે છે કેટલીક વાર. ફરી કહો. નહિ? આ તો હજી પ્રશ્નનું રૂપ બાંધ્યું.

'જયચંદ્ર પંડિતે' શાસ્ત્રમાંથી કાઢીને (સ્પષ્ટ કર્યું છે). **'ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**दंसणं णाणं। ण वि णाणं ण चरित्तं ण दंसणं**' એમ જ્યારે આપે કહ્યું તો પ્રભુ! શું તેમાં એ નથી? ઈ પાઠમાં છે, હોં! પાઠમાંથી (કહ્યું છે). નથી? આપ તો એને વ્યવહાર કહો છો. '**ववहारेणुवदिस्सदि णाणिस्स**' આત્માને. '**णाणि**' એટલે આત્મા. આત્માને વ્યવહારથી કહે છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. મહારાજ! એ ગુણ તો છે ને? ગુણ છે તેને વ્યવહાર કેમ કહ્યું? ન હોય તેને વ્યવહાર કહો. પરને વ્યવહાર કહો, સ્વમાં છે તેને વ્યવહાર કેમ કહો છો? આ તો આશંકા છે, હોં! આપ ખોટું બોલો છો એમ વાત નથી. શંકા તો એને કહે કે તમે કહો છો તે વાત ખોટી છે. આશંકા (એટલે) આપ શું કહો છો મને સમજાતું નથી. સમજાય છે કાંઈ? મહારાજ! આપ કહો છો એ વાત તો સાચી છે, પણ અમને બેસતી નથી. કેમ? કે આપ કહો છો કે ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર છે જ નહિ. તો શું અંદર નથી? છે કે નથી? છે ને. તો તમે કહો છો કે એને વ્યવહાર કહો. વ્યવહાર તો ક્યારે કહેવાય? કે એમાં ન હોય તો વ્યવહાર કહો. એમાં ન હોય એવી પરચીજને વ્યવહાર કહે છે. સ્વ વસ્તુને વ્યવહાર કેમ કહ્યું? સમજાય છે કાંઈ?

'**તેનું સમાધાન :- એ તો ખરું છે...**' તારી વાત તો એક અપેક્ષાથી ઠીક છે. પોતામાં છે તેને વ્યવહાર ન કહેવાય. પરમાં છે તો પોતાની અપેક્ષાથી પર નથી તો એને વ્યવહાર કહો. એ અપેક્ષાથી તારી વાત ઠીક છે. પણ અમારો અભિપ્રાય બીજો છે. '**પણ અહીં...**' જુઓ હવે. સમજાણું? '**પણ અહીં દ્રવ્યદષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ '**ववहारेणुवदिस्सदि णाणिस्स**' આત્માને '**चरित्त दंसणं णाणं। ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજે '**અહીં દ્રવ્યદષ્ટિથી અભેદને પ્રધાન કરી...**' આ ત્રણ શબ્દ લેવા. દ્રવ્ય એટલે વસ્તુ. તેની દષ્ટિથી અભેદ અભેદ-એકરૂપને '**પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ...**' શું (કહે છે), જુઓ! અભેદદષ્ટિમાં એકરૂપ વસ્તુમાં ભેદને. અંદર જ્ઞાન, દર્શન છે. પણ એને ગૌણ કહેવાથી જ, ભેદનું લક્ષ છોડવાથી '**ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' શું કહે છે? વસ્તુની અભેદ દષ્ટિમાં ભેદને ગૌણ કરવાથી. ભેદ એને સાથે બતાવે તો અભેદની દષ્ટિ તો થઈ નહિ. અભેદમાં ભેદ જોવા જાય તો વ્યવહાર થઈ જશે. અભેદદષ્ટિમાં દેખાતા નથી, અભેદમાં ભેદ દેખાતા નથી. અભેદમાં ભેદ દેખાતા નથી. અને અભેદમાં જો ભેદ કહે તો અભેદ દેખાતો નથી. અભેદમાં ભેદને ગૌણ કરવાથી. ભેદ અંદર હોવા છતાં, હોનેપર કહે છે ને? હોવા છતાં ગૌણ કરવાથી. અભાવ નહિ, એમાં ગુણનો અભાવ નથી. અમારી ભાષા બહુ એવી નથી આવતી, ભાઈ! સાધારણ આવે છે. આ તો તમે બધા હિન્દી છો એટલે (હિન્દીમાં ચાલે છે).

'**અભેદદષ્ટિમાં...**' ભગવાન આત્મા એક સ્વરૂપની દષ્ટિમાં, દ્રવ્યદષ્ટિમાં અભેદને એકને મુખ્ય કરીને ભેદને ગૌણ કરીને, ભેદ હોવા છતાં તેને ગૌણ કહેવાથી જ '**અભેદ સારી**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**રીતે માલૂમ પડી શકે છે.**' સમજાય છે કાંઈ? આહાહા..! શાંતિથી વિચાર ન કરે, મનન ન કરે. શું વસ્તુની સ્થિતિ છે? એકદમ માની લે કે એકાંત છે. ભઈ, શું એકાંત? સાંભળ તો ખરો. અરે..! ભગવાન! તને દૃષ્ટિનો વિષય છે શું છે, કેમ છે એની ખબર નહિ અને તું ક્યાંથી રુચિ કરીશ અને ક્યાંથી શ્રદ્ધા અને સમકિત થશે? સમજાય છે કાંઈ? હીરાલાલજી! ભીલવાડા. આવી ચીજ છે, ભાઈ!

કહે છે, ભગવાન! ભગવાને 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે દ્રવ્યદૃષ્ટિમાં, '**દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી...**' જુઓ! એને મુખ્ય કરીને અને '**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી...**' બે ભાષા લીધી. મુખ્ય કરીને. પ્રધાન શબ્દ વાપર્યો છે. એકરૂપ અભેદની દ્રવ્યદૃષ્ટિમાં અભેદને મુખ્ય કરીને. જુઓ! અભેદને મુખ્ય કરીને, હોં! '**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી અભેદ સારી રીતે...**' એકરૂપ ચીજ દૃષ્ટિમાં સારી રીતે આવે છે. દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિથી–વસ્તુદૃષ્ટિથી અભેદને–એકરૂપને પ્રધાન કરી ઉપદેશ આપ્યો છે અને અભેદમાં ભેદને ગૌણ કરવાથી અભેદ સારી માલૂમ પડે છે. અભેદમાં ભેદને ગૌણ કરીને અભેદ સારી રીતે માલૂમ પડે છે. પણ અભેદમાં ભેદ રાખીને લક્ષ કરે તો અભેદ માલૂમ પડતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ! આ વાત આવી છે. આહાહા..!

ભાઈ! પ્રભુ! આ તો આત્માના ઘરની વાત છે. આ વાતમાં એવી કોઈ ગંભીરતા છે તો કહે છે, ભગવાન! '**ભેદને ગૌણ કહેવાથી...**' કહેવાથી જ. અભેદમાં જો ભેદ કહે તો અભેદ માલૂમ નથી પડતું. દ્રવ્યદૃષ્ટિથી અભેદદૃષ્ટિ કર્યા વિના, અભેદને મુખ્ય કર્યા વિના, ભેદ ગૌણ કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! હજી તો સમ્યગ્દર્શન અભેદને મુખ્ય કરે ત્યારે થાય છે. અહીં તો હજી સમ્યગ્દર્શન રાગથી થાય છે ને કષાયની મંદતાથી થાય છે ને નિમિત્તથી થાય છે, એમ ક્યાંયના ક્યાંય ગપ ચાલે છે. અમરચંદજી! કેમકે આ વાત બહાર આવીને. ચાલતી નથી એટલે લોકોને મૂંઝવણ થઈ ગઈ કે આ મારી વાત ચાલતી નથી. ના પાડે છે આમ નહિ, આમ નહિ. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ!

તારી ચીજ તને પ્રાપ્ત કરાવવા એકરૂપને પ્રાપ્ત કરાવવા અભેદને મુખ્યપણે પ્રાપ્ત કરાવવા એમાં જ્ઞાન, દર્શન, આનંદ હોવા છતાં ગૌણ કરી નાખ્યું. લક્ષ છોડાવી દીધું. લક્ષ છોડાવીને અભેદ સારી રીતે દૃષ્ટિમાં આવે માટે અભેદમાં ભેદ નથી એમ કહીને અભેદની દૃષ્ટિ કરાવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? પુસ્તક હાથમાં રાખ્યું હોય તો (ખબર પડે). એના માટે પુસ્તક રાખીએ છીએ, ભાઈ! એક એક શબ્દનો શું અર્થ છે. નહિતર તો અમને ખબર નથી પ્રભુ! નીચે શાસ્ત્ર ને ... પણ બીજો ઉપાય નથી. શાસ્ત્રનો વિનય, એમાં જે ભાવ કહેવો છે તે સમજે ઈ જ ખરેખર શાસ્ત્રનો વિનય છે. આમ ... પગે લાગે પણ એમાં કહેવું છે એની તો ખબર નથી તો વિનય ક્યાં આવ્યો તારો? બાબુભાઈ! આહાહા..! અરે..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન! અને શાસ્ત્રકારે જે અભિપ્રાયથી કહ્યું છે તે જ એને શબ્દમાંથી વાચ્ય ખ્યાલ આવે તો જ શાસ્ત્રનો વિનય કર્યો. આહાહા..! શું કરે?

કહે છે, 'અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.' જુઓ! સારી રીતે. એકરૂપ દ્રવ્યદષ્ટિ કરાવવા એકરૂપ દષ્ટિ થયા વિના એકાગ્ર થતો નથી. એકમાં એકાગ્ર થયા વિના સમ્યગ્દર્શન થતું નથી.

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।११।।**

૧૧મી ગાથામાં લીધું. અહીંથી શરૂ કર્યું છે, ત્યાં વિશેષ કહેશે. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ નામ અભેદ. અભેદનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. અભેદમાં ભેદને ગૌણ કરી વ્યવહાર કહ્યું છે. શું કહ્યું? જુઓ!

'**તેથી...**' તેથી (કહ્યું) પાછું. હવે વ્યવહાર કેમ કહ્યું એનો ખુલાસો કરે છે. '**અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી...**' આ કારણે. '**ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.**' ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યું છે. અભાવ કરીને વ્યવહાર નહિ. સમજાય છે કાંઈ? એમાં પ્રધાન કરીને કહ્યું હતું ને? અહીં ગૌણ કરીને (કહ્યું). દ્રવ્યદષ્ટિથી વસ્તુદષ્ટિથી અભેદને મુખ્ય કરી ઉપદેશ આપ્યો. '**અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' એટલો સિદ્ધાંત કહ્યો. આ કારણે ભેદને ગૌણ કરીને. ભગવાન! અભેદમાં જ્ઞાન, દર્શન આદિ ભેદ તો છે. પણ એવું લક્ષ કરે તો વ્યવહાર થઈ જાય છે, વિકલ્પ ઉત્પન્ન થાય છે. આત્માનું પ્રયોજન સિદ્ધ થતું નથી. ગુણીમાં ગુણનું ભેદ લક્ષ કરવાથી પોતાનું પ્રયોજન સમ્યગ્દર્શન પામવું એ સિદ્ધ નથી થતું. સમજાય છે કાંઈ? આહાહા..! ફરીથી?

'**भूदत्थमस्सिदो खलु**' અહીં દ્રવ્યદષ્ટિ લીધી છે. દ્રવ્યદષ્ટિ કહો કે '**भूदत्थ**' કહો, એ તો એક જ વાત છે. દ્રવ્યદષ્ટિથી અભેદને મુખ્ય કરીને ઉપદેશ આપ્યો. '**અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ...**' એમાં ગૌણ કરવાથી જ, લક્ષ છોડવાથી જ '**અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' ભેદનું લક્ષ છોડવાથી જ અભેદ બરાબર માલૂમ પડી શકે છે.

મુમુક્ષુ :- જ કહ્યું છે.

ઉત્તર :- જ છે ને. '**કહેવાથી જ**' ઈ કહ્યું ને? ગૌણ કરવાથી જ. મુખ્યમાં વળી ગૌણ સાથે લઈ લે, મુખ્યમાં સાથે લઈ લે તો અભેદ માલૂમ કઈ રીતે પડ્યો?

ભગવાન આત્મા એક સ્વરૂપે પ્રભુ અભેદ છે તેમાં ભેદ ગૌણ કરવાથી જ, એને ગૌણ કરી નાખવા, ભેદ તરફનું લક્ષ છોડી દેવાથી જ અભેદ દષ્ટિમાં આવે છે. સમજાય છે કાંઈ? અહીં તો કહ્યું, અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ. અભેદમાં ભેદ કરે તો અભેદ માલૂમ ક્યાંથી પડે? ગૌણ કહેવાથી જ અભેદ ચૈતન્યપ્રભુ એકરૂપ સારી રીતે જેવું સ્વરૂપ છે એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ? રાજમલજી! આહાહા..! આ તો બરાબર શ્લોક આવ્યો છે તમારે. ૬-૭ ગાથા. આહાહા..!

ભાઈ! મૂળ ચીજની પ્રાપ્તિ અભેદની દૃષ્ટિથી થાય છે. અહીંયાં આમ લીધું છે. 'પદ્મનંદી'માં એમ લીધું છે, '**भूदत्थमस्सिदो खलु**' મુનિપણું હોય છે, ત્યાં એમ લીધું છે. ત્યાં .. આ છે. ત્યાં પણ એમ લીધું છે. અહીં સમ્યગ્દૃષ્ટિથી ઉપાડ્યું છે. 'પદ્મનંદી આચાર્ય'માં ઈ જ ગાથા છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ। भूदत्थमस्सिदो खलु**' મુનિપણું-યતિ એમ કાંઈક શબ્દ છે. યતિપણું સાધુપણું પણ ચારિત્રદશા પણ અભેદના આશ્રયથી ઉત્પન્ન થાય છે. જેમ સમ્યગ્દર્શન અભેદના આશ્રયે ઉત્પન્ન થાય છે તેમ ચારિત્ર પણ પંચ મહાવ્રતના વિકલ્પથી ઉત્પન્ન નથી થતું. પંચ મહાવ્રત વિકલ્પ, રાગ છે, પર નિમિત્ત છે. ચારિત્ર પણ '**भूदत्थमस्सिदो खलु**'. અભેદ ચિદાનંદ પ્રભુનો ઉગ્રપણે આશ્રય લેવાથી. પહેલો આશ્રય લીધો એમાં સમ્યગ્દર્શન થયું. પછી ઉગ્રપણે આશ્રય લેવાથી ચારિત્ર પ્રગટ થાય છે. પંડિતજી કેટલા મોટા પંડિત છે. બધા બ્રહ્મચારી આવા નથી હોતા. એ તો પંડિત છે. સમજાય છે કાંઈ? ત્યાં 'પદ્મનંદી'માં એમ લીધું છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी**' લીધું ને? ત્યાં '**भूदत्थमस्सिदो**' મુનિ હોય છે એમ લીધું છે. 'પદ્મનંદી'માં. અભેદના આશ્રયે સમ્યગ્દર્શન, અભેદના આશ્રયે સમ્યગ્જ્ઞાન, અભેદના આશ્રયે ચારિત્ર, અભેદના આશ્રયે શુક્લધ્યાન, અભેદના આશ્રયે કેવળજ્ઞાન. સમજાય છે કાંઈ? આહા..! આવી વસ્તુ પ્રભુ! કહે છે, અભેદરૂપ છે ને ભગવાન! આમ અંતરમાં દૃષ્ટિ કરવી તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. આહાહા..!

'**તેથી ભેદને ગૌણ કરીને...**' શિષ્યે પ્રશ્ન કર્યો હતો ને? એમાં ભેદ છે તો તેને વ્યવહાર કેમ કહો છો? અવસ્તુને વ્યવહાર કહ્યો. પરવસ્તુ પોતાની અપેક્ષાથી અવસ્તુને વ્યવહાર કહો. અમારી વસ્તુમાં છે તેને તમે વ્યવહાર કેમ કહો છો? એનો ઉત્તર આપ્યો કે ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યું છે. સમજાય છે કાંઈ? તેનો અભાવ કરીને તેમાં છે જ નહિ, એમ નથી કહ્યું. છે પણ અભેદની મુખ્યતા દૃષ્ટિ કરાવવા ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. જેમ બીજી વસ્તુને અવસ્તુને વ્યવહાર કહીએ છીએ એમ ભેદરૂપ ગૌણ કર્યું તો વસ્તુમાં એ ભેદ છે જ નહિ. ભાઈ! આહાહા..! અભેદમાં ભેદને અવસ્તુ કહી છે. અભેદને વસ્તુ કહી. સમજાય છે કાંઈ? '**ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.**' સમજાય છે કાંઈ? હવે વિશેષ વાત છે. વખત થઈ ગયો છે. થોડી લાંબી વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દ્વિતીય શ્રાવણ સુદ ૧૩, શનિવાર તા. ૨૭-૦૮-૬૬**
**ગાથા-૭. પ્રવચન-૨૯**

૭મી ગાથા ચાલે છે એનો ભાવાર્થ. શું કહ્યું? જુઓ! છઠ્ઠી ગાથામાં. છઠ્ઠી ગાથા કહે છે? છઠ્ઠી ગાથામાં એમ કહ્યું કે જ્ઞાયક એક ભાવ જ આત્મા શુદ્ધ દ્રવ્ય નયનો વિષય છે. શુદ્ધનય નિશ્ચયનયનો વિષય એકલો જ્ઞાયકભાવ ધ્રુવભાવ સ્વભાવભાવ પરમપારિણામિકભાવ (છે). એમાં ગુણસ્થાનભેદ અને રાગ શુભાશુભ પરિણામના કારણ પ્રમત્ત-અપ્રમત્ત ભેદ પણ ગૌણ કરી નાખ્યા. એ પર્યાય એમાં નથી. પર્યાયને ગૌણ કર્યા વિના દ્રવ્યની-અભેદની દૃષ્ટિ યથાર્થ થતી નથી. સમજાય છે કાંઈ? પર્યાયને કાઢીને, એમ નહિ. કાલે એવો પ્રશ્ન આવ્યો હતો કે પર્યાયને છોડી દો. છોડે શું? પર્યાય છે ને. પર્યાયનું લક્ષ છોડવું. ભેદનું, પર્યાયનું લક્ષ છોડી એકલો જ્ઞાયકભાવ છે એની દૃષ્ટિ કરવી. તેથી અહીંયાં પર્યાયનયને અભૂતાર્થ અસત્યાર્થ કહી હેય કહ્યું છે.

અહીંયાં સાતમી ગાથામાં એનાથી આગળ લીધું. ભગવાન આત્મા અનંત ગુણરૂપ સ્વરૂપ (છે). એમાં ગુણ-ગુણીનો ભેદ કરવો એ પણ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાયકભાવ.. પાઠ લીધો છે ને? '**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो**'. જ્ઞાયક શુદ્ધ એકરૂપ સ્વભાવમાં ત્રણ ભેદ કરવા તે વ્યવહાર થઈ ગયો. ભેદ વ્યવહાર થઈ ગયો. વ્યવહાર થયો તો વ્યવહાર પર્યાયનયનો વિષય થઈ ગયો. સમજાય છે કાંઈ? તો કહે છે, ગૌણ કરી નાખ, વ્યવહારને ગૌણ કરી નાખ, ભેદનું લક્ષ છોડી દે. એકલો જ્ઞાયકભાવ છે એની દૃષ્ટિ કરી આત્માનો અનુભવ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ?

અહીંયાં સુધી આપણે આવ્યું છે. '**તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.**' ભેદ નથી એમ નહિ. પણ અભેદમાં દૃષ્ટિ કરાવવા ભેદને સાથે લે તો ભેદની દૃષ્ટિ તો વ્યવહાર થઈ ગઈ. ગુણભેદનું લક્ષ તો વિકલ્પ થઈ ગયો. એમાં નિર્વિકલ્પ દૃષ્ટિનો અનુભવ થતો નથી. ભેદને ગૌણ કરી તેને વ્યવહાર કહ્યો. ગૌણ કરી વ્યવહાર કહ્યો. '**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' હવે અહીંયાં મહા તાત્પર્ય આવ્યું.

'**અહીં એવો અભિપ્રાય છે કે,...**' અહીંયાં એ અભિપ્રાય છે કે.. શાસ્ત્ર બરાબર તપાસો. '**ભેદદૃષ્ટિમાં...**' ત્યાં 'ભી' ન જોઈએ. 'ભી' છે? ગુજરાતીમાં નથી. આમાં છપાઈ ગયું છે, હિન્દીમાં છપાયું છે. 'ભી' ન જોઈએ. '**અહીં એવો અભિપ્રાય છે કે...**' અહીં ક્યાં? ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ કોને કહે છે? એ છઠ્ઠી ગાથામાં આવી ગયું. પરદ્રવ્યનું લક્ષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છોડી નિજ દ્રવ્યનું લક્ષ કરી પર્યાયમાં ઉપાસનીય ભાવ થયો, દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયથી દૃષ્ટિ થઈ, લક્ષ થયું. તો ઉપાસના દ્રવ્ય ઉપર આવી. પરદ્રવ્યનું લક્ષ છોડી નિજ દ્રવ્ય ઉપર લક્ષ આવ્યું. એનો અર્થ કે પોતાની વર્તમાન પર્યાયમાં જે પર ઉપર લક્ષ હતું તેને છોડી દે. એનો અર્થ કે તે પર્યાયને અંતરમાં વાળ. તો જ્યાં બહારનું લક્ષ છૂટી ગયું અંતરમાં આવ્યો તો સામાન્ય દ્રવ્ય ઉપર એનું લક્ષ રહ્યું. સમજાય છે કાંઈ? આહાહા..!

વસ્તુ છે, વસ્તુ. એક સમયમાં શુદ્ધ ધ્રુવ. પર્યાય પણ છે. અહીંયાં કહે છે કે પ્રમત્ત-અપ્રમત્ત ભાવનું લક્ષ છોડી દે. અર્થાત્ એવો શબ્દ આવ્યો હતો ને? કે પરદ્રવ્યનું.. સમજાણું? ઉપાસવામાં આવતો. '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.**' અર્થાત્ ભગવાન આત્મા પરદ્રવ્ય નામ બહિર્મુખ જે વૃત્તિ હતી, વસ્તુ આખી અંતર્મુખ છે, એની અહીંયાં પર્યાયમાં વર્તમાનમાં બહિર્મુખ દૃષ્ટિ હતી તે મિથ્યાદૃષ્ટિ હતી. તેને અસ્તિત્વ માનતો હતો. ભેદને અથવા એ અંશને અથવા રાગને પોતાનું અસ્તિત્વ માની મિથ્યાદૃષ્ટિ, પર્યાયબુદ્ધિ-મિથ્યાદૃષ્ટિ હતો. પરદ્રવ્યનું લક્ષ છોડી અંતર્મુખ થયો, અહીંથી લક્ષ છોડી અંતર્મુખ થયો, અંતર્મુખ થયો તો એ દૃષ્ટિ-એ પર્યાય દ્રવ્ય ઉપર-સામાન્ય ઉપર ગઈ. સમજાય છે કાંઈ? એવી ઉપાસના થઈ. અંતર સામાન્યમાં ગઈ તો પર્યાયમાં નિર્મળતા થઈ. નિર્મળતા, દ્રવ્યના લક્ષે નિર્મળતા થઈ. પરના લક્ષે બાહ્યમાં વિકાર ઉત્પન્ન થતો હતો. ભાઈ! આહાહા...! સમજાય છે કાંઈ?

કહે છે કે પ્રભુ આત્મા ધ્રુવ જે એક સ્વરૂપ છે, સામાન્ય દ્રવ્ય એક સ્વભાવ નયનો વિષય છે ને અહીંયાં? તો અહીંયાં જે વિષય પરદ્રવ્ય હતું તેનાથી ખસી અંતરમાં આવ્યો, અંતરમાં જ્યાં લક્ષ થયું તો પર્યાયમાં એકતા થઈ. નિર્મળતા થઈ એ નિર્મળતા દ્વારા આ આત્મા શુદ્ધ છે એમ લક્ષમાં આવ્યું. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એ સાતમીમાં વિશેષ કાઢી નાખ્યું. કહે છે કે આત્મા ગુણી છે અને એમાં ગુણ છે એમાં મુખ્ય તો દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. એમ ભેદ કરીને (કહ્યું). વસ્તુમાં ભેદ નથી. નામથી ભેદ ઉત્પન્ન કર્યા. એમ શબ્દ છે. નામથી, કથનથી. આ દર્શન, આ જ્ઞાન. વસ્તુમાં તો એક છે. નામથી કથન કરવાથી લક્ષ થાય તો ભેદ થઈ ગયો. તો એને ગૌણ કરી નાખ, લક્ષને ગૌણ કરી નાખ, ગુણ-ગુણીના ભેદનું લક્ષ ગૌણ કરી નાખ. એકલો ગુણી જ્ઞાયક છે તે તરફ ઢળવાથી ભેદને વ્યવહાર કહીને, ભેદને ગૌણ કરીને, ગૌણ કરીને વ્યવહાર કહ્યો. ભેદને વ્યવહાર કહીને ગૌણ કર એમ નથી. શબ્દમાં ઘણો ફેર છે. પહેલા આવ્યું હતું ને? '**દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી...**' પ્રધાન છે તો અભેદ કર એમ નહિ, અભેદને પ્રધાન કર. નિશ્ચયને પ્રધાન કરી. સમજાય છે કાંઈ? નિશ્ચયને પ્રધાન કરીને એમ નહિ. નિશ્ચય તો સ્વદ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે છે. પણ અભેદને પ્રધાન કરી એને મુખ્ય કરી, એને નિશ્ચય કહ્યું. અને ગુણ-ગુણીના ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. આહાહા..! ભારે વાત ભાઈ! આ સમાજને.. આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત એવી છે કે અંતરથી વાત (બેઠા વિના) એનો નિવેડો આવતો નથી. અમરચંદજી! આહાહા..!

ભગવાન! અહીંયાં નિશ્ચયને મુખ્ય એમ અહીંયાં નથી લીધું, ભાઈ! અભેદને મુખ્ય લીધું છે. વાતમાં ફેર છે. નિશ્ચયને મુખ્ય કહે તો નિશ્ચય તો નિજ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે નિશ્ચય છે અને પર વ્યવહાર છે. પણ અહીંયાં મુખ્યને નિશ્ચય કરીને એટલે મુખ્યને-અભેદને નિશ્ચય કરીને, અભેદને પ્રધાન કરી. એકરૂપ સ્વરૂપ છે તેને પ્રધાન કરી અને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. સમજાય છે કાંઈ? ભેદને ગૌણ કરીને એને વ્યવહાર કહ્યો છે. ધીમે ધીમે સમજવું, હોં! પણ આ સમજ્યા વિના એનો નિવેડો નથી. લાખ શાસ્ત્ર વાંચી નાખે, સમજ્યા? અગિયાર અંગ અનંત વાર ભણી ગયો, નવ પૂર્વ ભણ્યો. પણ એ ચીજ જ્ઞાયકસ્વરૂપ એકરૂપ અભેદ છે તેનું લક્ષ અને દૃષ્ટિ કર્યા વિના અને ગુણભેદના વ્યવહારને ગૌણ કરી અર્થાત્ એનું લક્ષ છોડી અભેદની અંતરમાં દૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનનો વિષય એ સામાન્ય દ્રવ્ય છે.

'**અહીં એવો અભિપ્રાય છે...**' હવે કહે છે કે '**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' જુઓ! આ કહેવું છે. જો આત્માની પર્યાય ઉપર લક્ષ રહે, ગુણસ્થાન ઉપર લક્ષ રહે, પ્રમત્ત-અપ્રમત્ત ઉપર લક્ષ રહે તો નિર્વિકલ્પ અનુભવ નથી થતો. નિર્વિકલ્પ દશા નથી થતી. આ ગાથાઓ એવી ઝીણી સૂક્ષ્મ છે. મૂળ રકમની વાત છે. સમજાય છે કાંઈ? વાણિયા મૂળ રકમ કહે છે કે નહિ? મૂળ રકમ લાવો, વ્યાજ તો બહુ લીધું. પાંચ લાખ આપ્યા છે... મૂળ રકમ કહે છે ને? મુદ્દલ. પાંચ લાખ આપ્યા છે, લાવો. છ આના લેખે વ્યાજ તો બહુ ખાધું, રકમ લાવો. એમ ભગવાન મૂળ રકમ જ્ઞાયકભાવ. સમજાય છે? એ કેમ કહ્યું? '**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' સાંભળજો, હોં! આ ચાર પંક્તિમાં તો બહુ ભરી દીધું છે. જ્યાં સુધી એનું પર્યાય ઉપર લક્ષ રહેશે એ ભેદ છે. ગુણ-ગુણીનું લક્ષ રહેશે એ પણ ભેદ છે.

'**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' ભેદદૃષ્ટિમાં રાગરૂપ વિકલ્પની દશા, વિકારી દશા થાય છે. ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને પ્રયોજન નિર્વિકલ્પ દશા કરવાનું છે. એમ નથી કહ્યું કે આ દ્રવ્ય છે અને પર્યાય છે એમ જાણવું. એમ નહિ. આ દ્રવ્ય છે, સામાન્ય દ્રવ્ય છે, એની પર્યાય છે એમ નહિ. પ્રયોજન સિદ્ધ કરવું છે. પ્રયોજન સિદ્ધ કરવું એટલે શું? નિર્વિકલ્પ દૃષ્ટિની દશા પ્રગટ કરવી છે. એ.. ચુનીભાઈ! ઝીણું છે આ, હોં! થોડું થોડું સાંભળવું. સાંભળે રાખવું. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એકરૂપ અભેદ (છે). એવી દૃષ્ટિ થયા વિના નિર્વિકલ્પ દશા નથી થતી. નિર્વિકલ્પ દશા વિના પોતાનું હિત સિદ્ધ નથી થતું. આહાહા..! સમજાય છે કાંઈ? ભઈ, આ વાત તો એવી છે કે એકલા શાસ્ત્રનું વાંચવું કે ભણવું એવી ચીજ નથી. આ તો અંતરની ચીજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એવી (વાત) ૬માં, ૭માં મૂકી છે 'કુંદકુંદાચાર્યે' (કે) એ અનુભવની વસ્તુ છે. પાંચમી ગાથામાં કહ્યું ને કે હું કહીશ તો અનુભવથી પ્રમાણ કરજે. અમારા વૈભવથી કહીશ, પ્રમાણ કરજે. નકાર ન કરતો. સ્વાનુભવ પ્રત્યક્ષ કરીને પ્રમાણ કરજે. અંતરમાં વળીને 'આ આત્મા' એમ અનુભવ કરવો. એમ પાંચમી ગાથામાં કહ્યું હતું. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ સ્વરૂપની એકતાની વીતરાગ દશા, વીતરાગ દશા (નથી થતી). નિર્વિકલ્પ કહો કે વીતરાગ દશા કહો. ભેદદૃષ્ટિમાં રાગની દશા થાય છે અને રાગમાં એકત્વપણે રોકાઈને અનાદિકાળથી એમાં રોકાઈને રખડે છે. સમજાય છે કાંઈ? તેથી ત્યાં કહ્યું ને? પર્યાયમૂઢા પરસમયા. જ્ઞેય અધિકાર, પહેલી ગાથા. (પ્રવચનસાર).

**अत्थो खलु दव्वमओ दव्वाणि गुणप्पगाणि भणिदाणि।**
**तेहिं पुणो पज्जाया पज्जयमूढा हि परसमया।।९३।।**

એક સમયની પર્યાય ઉપર લક્ષ રાખવાવાળો, ભેદ ઉપર લક્ષ રાખવાવાળો પરસમય મૂઢ છે. એમાં મોટી તકરાર થઈ છે ને. શ્વેતાંબરના એક યશોવિજય છે. આમાંથી ભૂલ કાઢી છે. પર્યાયમૂઢા પરસમયા હોય તો વેદાંત થઈ જશે. એવી ભૂલ કાઢી છે. ૯૩ ગાથા. સમજાણું? પર્યાય એની નથી? પર્યાય નથી તો એને તમે પર્યાયમૂઢ કહો છો? અરે..! ભગવાન! પર્યાયમૂઢા. એક સમયની પર્યાયમાં પોતાનું સર્વસ્વ માનવાવાળો મૂઢ છે એમ કહે છે. આહાહા..! એકલી સમયની પર્યાય માને છે, તેને જ આત્મા માને છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય જે અખંડાનંદ પ્રભુ છે તેની દૃષ્ટિ સહિત પર્યાયને જાણવી તે તો દૃષ્ટિનો વિષય કરીને જાણ્યો તો એ તો પ્રમાણનો વિષય થઈ ગયો. મોટી ચર્ચા થઈ છે. યશોવિજયજીએ દિગંબરની ૮૪ ભૂલ કાઢી છે. ભૂલ કાઢી છે, ૮૪ ભૂલ. એમાં એક બોલ આ કાઢ્યો છે. ૯૩ ગાથાનો કાઢ્યો છે. તમે કહો છો કે પર્યાયમૂઢ તો વેદાંત થઈ જશે. દ્રવ્ય ક્યાં ગયું? પર્યાયમૂઢ તો દ્રવ્ય એકલું રહ્યું, ધ્રુવ એકલું રહ્યું. એ તો વેદાંત છે. સમજાય છે કાંઈ? પણ એમ કહેવાનો આશય નથી ત્યાં. ત્યાં તો જ્ઞેયની પૂર્ણ દશા અને એક સમયની દશા, એક સમયની દશામાં લીન છે તે મૂઢ છે. સમજાય છે કાંઈ? પર્યાયમૂઢા પરસમયા. ભારે વાત, ભાઈ!

અહીં કહે છે કે આવી '**ભેદદૃષ્ટિમાં...**' પર્યાયદૃષ્ટિમાં, ગુણસ્થાનભેદની દૃષ્ટિમાં, ગુણ-ગુણીની ભેદદૃષ્ટિમાં '**નિર્વિકલ્પ દશા નથી થતી...**' નિર્વિકલ્પ સમજ્યા? સ્વભાવ તરફ રાગરહિત સ્વભાવમાં એકત્વ થવું, રાગરહિત સ્વભાવમાં એકત્વ થવું એ ભેદદૃષ્ટિથી નથી થતું. એ ગુણસ્થાનભેદ કે ગુણ-ગુણી ભેદની દૃષ્ટિથી નિર્વિકલ્પ દૃષ્ટિ નથી થતી. આહાહા..! '**અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે.**' આ જુઓ, સિદ્ધાંત. ભેદ જોવાથી રાગ થાય છે અને પર્યાય જોવાથી રાગ થાય છે એમ નહિ. કેમકે ભેદને જોવાથી અને પર્યાયને જોવાથી રાગ થતો હોય તો કેવળી તો બધું જોવે છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો ઉપયોગ ઓછો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે અને રાગી પ્રાણી છે. નીચલી દશામાં ઉપયોગ મંદ છે અને રાગ છે. જુઓ!

**'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...'** ઓહોહો..! **'સરાગીને...'** ભાષા આ છે. એમ નથી કે ભેદને જાણવો કે પર્યાયને જાણવી એ રાગનું કારણ છે. એમ નથી. એમ હોય તો કેવળજ્ઞાની બધાને જાણે છે. તો એમને પણ રાગ થવો જોઈએ. જાણવાથી રાગ ક્યાં થાય છે? પણ **'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** રાગવાળો પ્રાણી છે તો ભેદના લક્ષમાં, પર્યાયના લક્ષમાં રાગી પ્રાણી છે તો રાગની ઉત્પત્તિ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભેદ તો વસ્તુની વસ્તુ(સ્વરૂપ) છે. અભેદ અને ભેદ વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્ય અભેદ છે અને પર્યાય ભેદ, બેય વસ્તુનું સ્વરૂપ છે. છતાં ભેદની દષ્ટિમાં સરાગને કારણે રાગી પ્રાણી હોવાને લીધે, મોહને કારણે પોતાની દશામાં પર તરફની વિકલ્પદશા છે તેથી ભેદ ઉપર લક્ષ કરવાથી, પર્યાય ઉપર લક્ષ કરવાથી સરાગીને વિકલ્પ રહ્યા કરે છે. જુઓ! જરી ફેર છે. ભાષા એટલી મૂકી છે 'જયચંદ્ર પંડિતે'. નહિતર ભેદથી વિકલ્પ થાય છે એમ નહિ. તારાચંદજી! ભેદથી વિકલ્પ થાય છે એમ નહિ. ભેદથી વિકલ્પ થાય તો પર્યાય એનો ધર્મ છે તો કેવળજ્ઞાની બધું જોવે છે. દ્રવ્ય-પર્યાય બધું જોવે છે. પણ સરાગીને અહીંયાં નિર્વિકલ્પ દશા (થતી નથી). ઉપયોગ મંદ છે, રાગ છે તો ભેદ ઉપર લક્ષ કરવાથી, પર્યાય ઉપર લક્ષ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે, રાગ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નથી થતું. આહાહા..!

મુમુક્ષુ :-..

ઉત્તર :- નહિ, રાગી છે માટે. રાગી છે માટે રાગ ઉત્પન્ન થાય છે એમ કહ્યું ને? છદ્મસ્થ બારમા ગુણસ્થાન સુધી છે. રાગી છે માટે રાગ થાય છે. શબ્દ આટલા પડ્યા છે. ભેદને અને પર્યાયને જોવે છે માટે રાગ થાય છે એમ નહિ. છદ્મસ્થ છે માટે (રાગ થાય છે એમ પણ નહિ). છદ્મસ્થ તો બારમા ગુણસ્થાન સુધી છે. રાગી છે માટે ભેદ ઉપર લક્ષ કરવાથી વિકલ્પ થાય છે. સિદ્ધાંત આખો મોટો ફેર. સમજાય છે કાંઈ? કાલે છોડી દીધું હતું. શું કહે છે? આ શું કહે છે, સાંભળો ને! કહીએ છીએ. વાત તો ચાલે છે. આ શું કહીએ છીએ? બે-ત્રણ વાર આવ્યું.

સરાગી-રાગી પ્રાણી છે. એનો તો અર્થ ચાલે છે. પહેલા પણ કહ્યું, રાગી પ્રાણી છે, રાગવાળો જીવ છે તો રાગવાળાને કારણે ભેદ અને પર્યાય ઉપર લક્ષ હશે તો રાગ જ ઉત્પન્ન થશે. સમ્યગ્દર્શન કદી થશે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો માખણની ચીજ છે. સમજાય છે કાંઈ? ... ટીકા છોડી દીધી હતી. એકદમ લેવા જેવી નથી, કીધું. વાંચી જાવ, એક મિનિટમાં પૂરું થઈ જાય. ભાઈ! ભાષાને પૂરી કરવી છે? પુસ્તકને પૂરું કરવું છે? કે એનું પ્રયોજન શું છે એ પૂરું કરવું છે? સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન! રાગી પ્રાણી છે ને? તો રાગને કારણે ભેદ અને પર્યાય ઉપર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લક્ષ કરવાથી એને રાગ થાય છે. રાગને કારણે, હોં! રાગી છે માટે. '**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે...**' રાગીને રાગની મોજૂદગીમાં ઉપયોગ મંદ છે તો પર્યાય અને ભેદ ઉપર લક્ષ જાય છે તો રાગીને રાગ ઉત્પન્ન થાય છે. માટે એને અભેદ દૃષ્ટિ કરાવવા.. જુઓ! '**માટે..**' માટે, આ કારણે '**જ્યાં સુધી રાગાદિક મટે નહિ...**' જ્યાં સુધી, જ્યાં સુધી રાગાદિ, દ્વેષાદિ પૂર્ણ દૂર ન થાય, નાશ ન થઈ જાય '**ત્યાં સુધી...**' ત્યાં સુધી. જ્યાં સુધી રાગીને રાગને કારણે ભેદ ઉપર અને પર્યાય ઉપર લક્ષ કરવાથી રાગ ઉત્પન્ન થાય છે માટે, તે કારણે. '**માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ...**' જ્યાં સુધી એને રાગનો અભાવ થઈને વીતરાગ ન થાય ત્યાં સુધી '**ભેદને ગૌણ કરી...**' જ્યારે રાગાદિ બિલકુલ ન થાય ત્યાં સુધી '**ભેદને ગૌણ કરી...**' ગુણ-ગુણી ભેદ અને પર્યાયના લક્ષને ગૌણ કરી '**અભેદરૂપ...**' અભેદરૂપ ત્રિકાળ જ્ઞાયક એકસ્વરૂપ એવો '**અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**' આહાહા..! સમજાય છે કાંઈ?

જ્યાં સુધી રાગ છે તો રાગીનો રાગ, ભેદ ઉપર અને પર્યાય ઉપર લક્ષ કરવાથી અનાદિનું એનું લક્ષ ત્યાં છે. રાગી છે તો રાગ ઉત્પન્ન થાય છે. હવે કરવું છે સમ્યગ્દર્શન. અથવા વીતરાગ દશા અથવા નિર્વિકલ્પ દશા. દશા નિર્વિકલ્પ કરવી છે તો પર્યાય અને ગુણભેદ ઉપર લક્ષ હોવાથી નિર્વિકલ્પ દશા નથી થતી. કેમકે રાગી પ્રાણી છે. ભેદ ઉપર લક્ષ કરવાથી રાગ જ ઉત્પન્ન થશે. પર્યાય ઉપર લક્ષ કરવાથી રાગ જ ઉત્પન્ન થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આ માખણની વાત (છે), માખણ છે. 'આનંદઘનજી' કહે છે, એકમાં કહ્યું હતું ને?

ગગન મંડલ મેં ગઉઆ વિઆણી, વસુધા દૂધ જમાયા,
ગગન મંડલ મેં ગઉઆ વિઆણી, વસુધા દૂધ જમાયા,
માખન થા સો વિરલા પાયા, સંતો છાશે જગત ભરમાયા.

આનાથી ધર્મ થાય, પર્યાયનું લક્ષ કરીને ધર્મ થાય, રાગનું લક્ષ કરીને ધર્મ થાય, ભેદનું લક્ષ કરીને ધર્મ થાય, એમ અનાદિથી માન્યું છે.

ગગન મંડલ મેં અધબીચ કૂબા, ઉહાં હે અમીકા બાસા,
ગગન મંડલ મેં અધબીચ કૂબા, સંતો ઉહાં હૈ અમીકા બાસા,
સગુરા હોવે સો ભરભર પીવે, સંતો નગુરા જાવે પ્યાસા.

સમજાય છે કાંઈ? લાલચંદજી! 'ગગન મંડલ મેં અધબીચ કૂઆ' અધ્ધર કૂવો. આ આત્મા તો અધ્ધર છે. નીચે આલંબન નહિ, ઉપર આલંબન નહિ, કોઈ આલંબન નહિ. 'ગગન મંડલમેં અધબીચ કૂબા, ઉહાં હૈ અમીકા બાસા' અંદરમાં અમૃત ભર્યું છે. અતીન્દ્રિય અમૃત.

અમીકા બાસા, સગુરા હોવે સો ભરભર પીવે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંતો નગુરા જાવે રે પ્યાસા, અવધૂ સો જોગી ગુરુ મેરા.
ઈન પદકા કરે રે નિવેડા, ઈન પદકા કરે રે નિવેડા,
અવધુ સો જોગી રે ગુરુ મેરા.

સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અમૃતનો કુંડ અભેદ ચૈતન્યપ્રભુ મૂર્તિ છે. સમજાય છે કાંઈ? એને ભેદ અને પર્યાયનું લક્ષ છોડાવીને દ્રવ્ય ઉપર ગુરુએ દૃષ્ટિ કરાવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાદવિવાદ કરે સો અંધા, સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. રાગી પ્રાણી છે માટે ભેદ અને પર્યાય ઉપર લક્ષ જવાથી એને રાગ ઉત્પન્ન થશે. એ તો અનાદિથી ઉત્પન્ન થાય છે. એમાં નવું શું કર્યું? સમજાય છે કાંઈ? એને અભેદ દૃષ્ટિ, જ્યાં સુધી રાગાદિ દૂર ન થઈ જાય. જ્યાં સુધી રાગની વિકલ્પની ધારાનો અભાવ ન થાય '**ત્યાં સુધી ભેદને ગૌણ કરીને અભેદરૂપ...**' અંતરમાં એકાકાર થવા '**અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**' અંતરમાં એકરૂપ પ્રભુ જ્ઞાયકભાવ તરફ દૃષ્ટિ કરાવી અભેદનો અનુભવ કરાવ્યો છે. અભેદનો અનુભવ એનો અર્થ ભેદનો અનુભવ જે રાગનો હતો એ અભેદ ઉપર ગયો તો અનુભવ અભેદનો (થયો એનો) અર્થ અભેદમાં એકાકાર થયો તો નિર્વિકલ્પ શ્રદ્ધા અને આનંદની પર્યાય પ્રગટ થઈ. અભેદ આખી ચીજ એક સમયમાં અનુભવમાં નથી આવતી. પણ એ ભેદનો અનુભવ હતો, રાગ અને વિકલ્પનો હતો તો અહીંયાં નિર્વિકલ્પ દ્રવ્ય તરફ એકાગ્ર થયો તો નિર્વિકલ્પ જે અનુભવ થયો, એ અભેદનો અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ (થયો). જુઓ! અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ. વસ્તુ જે ત્રિકાળ અભેદ છે તે જુદી વાત, ભાઈ! આ તો અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ. પર્યાયની વાત કરે છે. સમજાય છે કાંઈ?

વસ્તુ તો અભેદ છે. એ આખી ચીજનો એક સમયમાં અનુભવ નથી આવતો. પણ એ ભેદનો જે અનુભવ હતો, પર્યાય ઉપર લક્ષ (હતું), સંયોગ ઉપરનું (લક્ષ) તો ક્યાંય રહી ગયું. રાગ, કર્મ ઉપર ને એવા ઉપર ને તેવા ઉપર, પણ એક અંશ ઉપર લક્ષ હતું, એનો અંશ, હોં! રાગી છે તો રાગ ઉત્પન્ન થયા વિના રહે નહિ. '**જ્યાં સુધી એ રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી...**' ત્યાં સુધી એનું લક્ષ ત્યાંથી છોડાવ્યું છે. '**અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ...**' શું કહે છે? અંતરમાં અભેદ તો ત્રિકાળી દ્રવ્ય છે પણ જ્યાં ભેદનો અનુભવ છૂટી ગયો તો અભેદ ઉપર આવ્યો તો પર્યાયમાં અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. પર્યાય દ્રવ્યમાં એકત્વ થઈ તો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું વેદન થયું. તે જ મોક્ષમાર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્યાં સુધી રાગાદિક વિકાર પર્યાય પૂર્ણરૂપે અભાવ ન થાય ત્યાં સુધી ભેદનું લક્ષ છોડાવી ગૌણ કરી, અભેદ ચૈતન્યમાં અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભેદ ચીજમાં એકાકાર થવું એ અભેદ નિર્વિકલ્પ અનુભવ છે. એ નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આવી ગયા છે. આહાહા..! સેઠી! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એક સમયમાં?

ઉત્તર :- એક સમયમાં. જે સમયે થયું તે સમયે દર્શન, જ્ઞાન, ચારિત્ર એકસાથે છે. આનંદ પણ સાથે છે, બધા (ગુણ) સાથે છે. અનંત જેટલા ગુણ છે તેટલામાં જ્યારે અભેદમાં એકાકાર થયો, પર્યાય એકાકાર થાય છે પણ એ પર્યાય પર તરફના લક્ષમાં હતી તો રાગીને કારણે રાગ ઉત્પન્ન થતો હતો. તો રાગનો અનુભવ એ તો મિથ્યાદૃષ્ટિ અનાદિથી કરે જ છે. નવું શું કર્યું એણે? જ્યાં સુધી રાગીને રાગ રહે છે ત્યાં સુધી રાગનો અભાવ કરાવવા અભેદનો અનુભવ કરાવ્યો. ચૈતન્ય એકરૂપ છે તે તરફ એકાકાર થાય તે તને નિર્વિકલ્પ અનુભવપર્યાય થશે. એમાં તારું પ્રયોજન સિદ્ધ થશે. સમજાય છે કાંઈ?

મુમક્ષુ :- આ ધર્મ...

ઉત્તર :- આ ધર્મ છે. એક સમયમાં આખું અભેદ દ્રવ્ય નહિ આવે. પણ આખા દ્રવ્યની બધી પર્યાય જેટલા ગુણ છે તેના અંશ, જેટલા ગુણ છે તેનો વ્યક્ત અંશ, અનંત (ગુણનો) વ્યક્ત અંશ એક સમયમાં આવશે. વેદન એક સમયમાં (આવે છે).

**'અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.'** દ્રવ્યનું વેદન નથી થતું. દ્રવ્યનું વેદન નથી થતું. દ્રવ્ય તો ધ્રુવ છે. પણ ધ્રુવમાં એકાકાર થવાથી પર્યાયમાં નિર્વિકલ્પ વેદન થાય છે. સમજાય છે કાંઈ? ધ્રુવનું જ્ઞાન થાય છે, પણ વેદન નથી થતું. આખું દ્રવ્ય વેદનરૂપ પર્યાયમાં આવી જાય? તો બીજે સમયે શું વેદવું? આહાહા..! સમજાય છે કાંઈ? થોડું સમજવું, ધીમેથી સમજવું પણ યથાર્થ સમજવું. કેમ અમરચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ વસ્તુ છે. ભગવાન આત્મા એક સ્વરૂપે સામાન્ય ધર્મ જેનો છે, જેને અહીંયાં દ્રવ્યાર્થિક (નયનો વિષય કહ્યો). દ્રવ્ય એટલે સામાન્ય, દ્રવ્ય એટલે સામાન્ય. સામાન્ય વિશેષ તદત્વ પ્રમાણ. સામાન્ય અને વિશેષ બે પ્રમાણના વિષય છે. એમાંથી સામાન્ય દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક છે એની દૃષ્ટિ કરાવી. કારણ કે ભેદ ઉપર લક્ષ તો અનાદિનું છે. રાગી પ્રાણીને ભેદ અને પર્યાય ઉપર લક્ષ કરવાથી તો રાગ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? બહુ સરસ વાત છે. પાઠમાં એમ છે, હોં! એમાંથી કાઢ્યું. છે ને? **'न ज्ञायकः शुद्ध'** ત્રણ નથી, જ્ઞાયક શુદ્ધ છે એમાંથી કાઢ્યું. એકરૂપ ભગવાન ત્રણ ભેદ પણ (નહિ). ભેદની દૃષ્ટિ, ભેદ કહો, વ્યવહાર કહો (એ છોડાવ્યો છે). સમજાય છે કાંઈ?

એ 'તત્ત્વાર્થ સાર'માં લીધું છે ને? ભાઈ! હમણાં લીધું ને. 'તત્ત્વાર્થ સાર' છે. આ તો (સંવત) ૧૯૮૮ની સાલમાં ઘણી ચર્ચા થઈ હતી. અમારી પાસે તો ઘણાં આવતા હતા ને. પોપટલાલ આવ્યા હતા. પોપટલાલ. ભોગીભાઈના બાપ, નહિ? ભાઈ! વડવાવાળા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


૧૯૮૮ની સાલ. અમે બહાર રહેતા હતા, નદીને કાંઢે, આરોગ્ય ભુવન. રાજકોટ. જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' 'તત્ત્વાર્થસાર'માં ૩૯ માં ગાથામાં કહે છે.

**अनुप्रवृत्तिः सामान्यं द्रव्यं चैकार्थवाचकाः।**
**नयस्तद्विषयो यः स्याज्ज्ञेयो द्रव्यार्थिको हि सः।।३९।।**

દ્રવ્ય નામ વસ્તુનું પણ છે અને વસ્તુનો સામાન્ય સ્વભાવમાં એક સ્વભાવનું પણ છે. જ્યારે પ્રમાણના વિષયમાં દ્રવ્ય નામ ઉચ્ચારાય છે ત્યારે એનો અર્થ વસ્તુ એમ કરવો જોઈએ. આખી વસ્તુ-દ્રવ્ય અને પર્યાય બેય. પરંતુ જ્યારે નયના પ્રકરણમાં દ્રવ્યાર્થિક ઈત્યાદિ કહ્યું હોય ત્યારે તે દ્રવ્યનો અર્થ સામાન્યાત્મક ધર્મ એમ જ કરવો જોઈએ. આ તો (સંવત) ૧૯૮૮ની સાલમાં ચાલ્યું હતું. કેટલા વર્ષ થયા? ૩૪ પહેલા રાજકોટમાં હતા અમે. ભાઈ! આવ્યા હતા ને? પોપટલાલભાઈ. આરોગ્ય ભુવનમાં. આવ્યા હતા, એક પારસી ભગત હતો. સાથે ઘણાં બધા હતા. બહાર રહેતા હતા ત્યાં આવ્યા હતા. સામાન્ય જુદું છે, વિશેષ જુદું છે. એક દ્રવ્ય આખું દ્રવ્ય છે એ પ્રમાણનો વિષય છે. પણ જે અહીં દ્રવ્યાર્થિકનો વિષય જે દ્રવ્ય છે, દ્રવ્યાર્થિકનું દ્રવ્ય તે દ્રવ્ય-પર્યાય નહિ. દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય સામાન્ય છે. જુઓ! અહીં પાઠમાં કહ્યું છે. અનુપ્રવૃત્તિ કહો, સામાન્ય કહો, દ્રવ્ય કહો. '**नयस्तद्विषयो**'. સામાન્ય એક અંશ છે. સમજ્યા?

દ્રવ્યનો અર્થ સામાન્ય કરવો જોઈએ. અનુપ્રવૃત્તિ, સામાન્ય.. અહીં તો બીજા બોલ લેવા છે. દ્રવ્ય, નિત્ય, ધ્રુવ ઈત્યાદિ શબ્દોનો એક સામાન્યાત્મક ધર્મ (અર્થ) કરવો જોઈએ. '**व्यावृत्तिश्च विशेषश्च पर्यायश्चैकवाचकाः**' વ્યાવૃત્તિ, વિશેષ, પર્યાય, અનિત્ય. અનિત્ય અને ભેદ. અહીં તો અમારે લેવા હતા. આ ભેદ આવ્યું છે ને? ભેદ. ભેદ ઈત્યાદિ શબ્દોનો અર્થ એક જ થાય છે. વસ્તુ અભેદ દ્રવ્યની જેમ એક અંશ છે. પર્યાયને ગ્રહણ કરનારા જ્ઞાનને પર્યાયાર્થિક કહે છે. ભેદને ગ્રહણ કરનારને પર્યાયનય કહે છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, **'જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી...'** ભેદ શબ્દે અનિત્યતા, પર્યાય, ગુણ-ગુણી ભેદ એ બધો પર્યાયનયનો વિષય છે. એમાં બે વચ્ચે વાંધા છે ને? ગુણાર્થિકનય કેમ કહ્યું નહિ? એક દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય અને ગુણાર્થિકનય, ત્રણ જોઈએ. એવી મોટી ચર્ચા છે. નહિ, ગુણભેદ કરીને કહેવું તે પર્યાયનયનો વિષય થઈ ગયો. ઈ તો અહીંયાં કહ્યું, અનંત ગુણરૂપ એકરૂપ એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. પણ એમાં એક આ ગુણ, એક આ ગુણ એમ ભેદ કરીને કહેવું એ પર્યાયનયનો વિષય થઈ ગયો. આ અહીંયાં કહે છે. ભારે વાતું, ભાઈ! આવું બધું સમજવું પડે ને ગડબડ ઊઠી મોટી. બાબુભાઈ! ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ સ્વરૂપ સામાન્ય, હોં! એ દ્રવ્યાર્થિકનયનો વિષય. જ્ઞાયકભાવ એ દ્રવ્યાર્થિનયનો વિષય દ્રવ્ય. એમાં ભેદ પાડવા, ગુણ-ગુણીનો ભેદ પર્યાયનયનો વિષય છે. ત્રીજા ગુણાર્થિકની જરૂર નથી. બે વચ્ચે મોટી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચર્ચા છે. શ્વેતાંબર અને દિગંબર વચ્ચે. ભાઈ! આ તો વાત અંતરની છે. એમ તકરાર કરે અને વાદવિવાદે પાર નહિ પડે.

અહીંયાં કહે છે જ્યાં સુધી રાગી પ્રાણી છે અને રાગ છે તે છોડાવવા '**ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**' અભેદ ઉપર ઢળી જાઓ, અભેદ ઉપર ઢળી જાઓ. એકાકાર અભેદ ઉપર થાઓ એમાં તારું પ્રયોજન સિદ્ધ થશે. '**વીતરાગ થયા બાદ...**' જુઓ! રાગ થતો હતો ત્યાં સુધી તો અભેદનો અનુભવ કરાવ્યો. કારણ કે શુદ્ધનયનું અવલંબન જ્યાં સુધી રાગ છે તો આ બાજુ ઢળવું-ઝુકવું રહે છે. રાગ રહ્યો નહિ પછી આ બાજુ ઢળવું રહેતું નથી. સમજાય છે કાંઈ? '**વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...**' પછી શું રહ્યું? અભેદનું જ જાણવું રહ્યું અને પર્યાયનો ભેદ છે તેનો જ્ઞાતા થઈ ગયો. પછી એને ગૌણ-મુખ્ય કરવાનું રહ્યું નહિ. જુઓ!

'**ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**' જુઓ! આ શબ્દમાં તર્ક છે. વીતરાગ થયા બાદ ભેદાભેદ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે. વીતરાગ થઈ ગયો, કેવળજ્ઞાન (થયું) તો અભેદને પણ જાણે છે અને ગુણભેદ અને પર્યાયભેદને પણ જાણે છે. જાણવામાં કોઈ રાગનું કારણ નથી. '**ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**' જુઓ! આ એક શબ્દ પડ્યો છે. આ બાજુ ઢળવું છે. આમ ઢળવું છે ત્યાં સુધી શુદ્ધનયનું અવલંબન છે. પણ જ્યાં ઢળવું જ ન રહ્યું, પૂર્ણ થઈ ગયો, વીતરાગ થઈ ગયો પછી અહીંયાં વળવું રહેતું નથી. અભેદનો અનુભવ કરવો પછી રહ્યો નહિ. પૂર્ણ થયો, અભેદની પૂર્ણ દશા થઈ ગઈ. સમજાય છે કાંઈ? આ ચાર પંક્તિમાં બહુ ભર્યું હતું એટલે છોડી દીધું હતું. પોણો કલાક થયો એમાં. જુઓ! સમજાય છે કાંઈ?

ભાઈ! આ તો અંતરની ચીજ છે, બાપુ! પ્રભુ! સામાન્ય અંશ જે છે, ધ્રુવનો અંશ છે, નિત્ય અંશ છે એ તો અહીંયાં શુદ્ધનયનો વિષય છે. અહીં તો વિષય અને વિષયી બે ભેદ પણ નથી પાડ્યા. ૧૧મી ગાથામાં. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. સામાન્ય જે છે તે જ શુદ્ધનય છે, બસ. વિશેષ છે તે વ્યવહારનય. સમજાણું? વિશેષ પર્યાય, પર્યાય એની, હોં! એ વ્યવહારનય. અભૂતાર્થ કહી દીધું છે, ભાઈ! એમાં લીધું છે ને. ૧૧મી ગાથા. 'જયચંદ્રજી પંડિતે' મોટો અર્થ કર્યો છે. જુઓ! (ભાવાર્થ). '**અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે-શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે.**' શુદ્ધનયનો વિષય અભેદ એકાકાર નિત્ય દ્રવ્ય છે. છે ૧૧મી ગાથા? ભાવાર્થ, ૧૧મી ગાથાનો ભાવાર્થ. '**શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે. તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.**' નથી એમ કહેવું જોઈએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળા ભેદરૂપ અનિત્યને...'** જુઓ! ભેદરૂપ અનિત્ય (કહ્યું છે). એ લોકો પર્યાયની ના પાડે છે. ભેદરૂપ અનિત્ય. પર્યાય છે તે ભેદરૂપ અનિત્ય છે. **'ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક...'** ક્ષેત્રથી એક. સમજ્યા? ગુણથી એક પર્યાયથી **'અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે...'** એમ નથી. એમાં ઘણો અર્થ છે, આવશે ત્યારે ચાલશે. સમજાય છે કાંઈ? એ એક કહે છે, સર્વવ્યાપક કહે છે, અભેદ કહે છે, નિત્ય કહે છે. એમ નથી. અહીં તો પર્યાયનું લક્ષ કરવાથી રાગ થાય છે માટે પર્યાયને અનિત્યતાને ભેદને અસત્યાર્થ કહ્યું છે. પણ એ નથી એમ નહિ, વસ્તુ છે. સમજાય છે કાંઈ? પણ છે, છતાં એ શુદ્ધનયનો વિષય નથી. સમજાય છે કાંઈ? શુદ્ધનયનો વિષય તો અભેદ એકાકાર નિત્ય દ્રવ્ય છે, નિત્ય દ્રવ્ય છે, પર્યાય નહિ. સમજાય છે કાંઈ? અમરચંદજી! આ બરાબર સમજવાની વસ્તુ છે, હોં! મૂળ ચીજ આ છે. બધું સમજે પણ આ સમજે નહિ ત્યાં સુધી એની રુચિ દ્રવ્ય ઉપર જાશે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... સત્યની વાત છે અહીંયાં તો. અહીં તો નિત્ય દ્રવ્ય ઉપર જાય. ઠીક પ્રશ્ન કરે છે. સ્પષ્ટીકરણ કરવા માટે.

અહીંયાં શું કહે છે? નિશ્ચય નામ, અહીંયાં નિશ્ચય નામ અભેદ દૃષ્ટિ કરવી. અભેદને અહીં નિશ્ચય કહે છે, ભેદને વ્યવહાર કહે છે. ભેદનો વ્યવહારનો પક્ષ તો અનાદિનો છે. એને શું કરવો છે? હું એક સમયનો અંશ છું, હું પર્યાય છું, હું આવડો છું, હું આવડો છું. જ્ઞાનનો વિકાસનો અંશ છે, દર્શનનો વિકાસ અંશ છે, વીર્યનો વિકાસ અંશ છે અને મોહમાં રાગ-દ્વેષની વિપરીતતા છે. એટલા અંશમાં આત્મા માને છે એ તો પર્યાયબુદ્ધિ થઈ. એ ભેદબુદ્ધિને છોડાવવા અભેદબુદ્ધિ કરાવવાનું પ્રયોજન છે. છોડાવીને ભેદનું લક્ષ છોડાવી અભેદ ઉપર, ચૈતન્યપ્રભુ અભેદ એકાકાર નિત્ય, હોં! એમાં અનિત્ય ન આવ્યું, પર્યાય ન આવી, પર્યાય અભૂતાર્થમાં ગઈ, વ્યવહારમાં ગઈ. આહાહા..! ગૌણ કરે છે, અભાવ નથી. પર્યાયનો અભાવ નથી. ગૌણ કરીને ત્યાં નિત્ય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવી છે. આહાહા..! આ બધું સમજવા કરતા કરવા માંડે કાંઈક એટલે બિચારા ઠેકાણે પડી જશે, એમ માને. માણસને આ દ્રવ્ય ને આ અભેદ ને એ અભેદની દૃષ્ટિ કરવી ને એમાં ભેદને ગૌણ કરવા, શું કહે છે આ? સમજાય છે કાંઈ? સમજવું કઠણ પડે એટલે અનાદિથી બીજો રસ્તો પકડી લીધો છે. આ કરો, આ કરો, આ કરો, કષાય મંદ કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત પાળો, અણુવ્રત લો. છે, રાગ મંદ હો પણ મિથ્યાદૃષ્ટિ સહિત રાગ મંદ છે. અનાદિકાળની છે એવી ને એવી દશા છે.

મુમુક્ષુ :- કાંઈ આંતરો નહિ પડે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- જરી, આંતરો સૂક્ષ્મ એક સમયનો પણ નહિ. આહાહા..!

અહીં તો કહે છે, આ કેમ કરાવ્યું? કે રાગી પ્રાણી છે તો રાગને કારણે ભેદ ઉપર લક્ષ કરવાથી, પર્યાય ઉપર લક્ષ કરવાથી રાગની ઉત્પત્તિ થાય છે અને એમાં લાભ માને છે તો મિથ્યાત્વ સહિતનો રાગ થયો. અને એ ભેદદષ્ટિનું એકાંત નિરાકરણ કરવા.. એવો શબ્દ છે ઓલામાં, ભાઈ હોં! પહેલા એમ છે. ઈ થોડું આપણે નથી નાખ્યું. નથી નાખ્યું. કેટલામું છે? સાતમી.

**'અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે. અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય? તેનું સમાધાન :- એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.'** નથી આવ્યું, હોં! ઈ આમાં છે, મારામાં લખ્યું છે, હોં! થોડું નીચે લખ્યું છે. લખ્યું હતું, ઓલામાંથી કાઢ્યું હશે. 'સ્વામી કાર્તિકેય'. અભેદમાં ભેદ દેખાતા નથી. અભેદમાં એકાકાર કરવા ભેદનું એકાંત નિરાકરણ કરાવવા. 'સ્વામી કાર્તિકેય'માં છે. એ પણ 'જયચંદ્ર પંડિત'નો જ અર્થ છે. ભેદનું એકાંત નિરાકરણ કરવા માટે, એકાંત ભેદ ઉપરનું લક્ષ છોડાવવા ત્યાં અભેદને દ્રવ્ય કહ્યું છે અને અભેદનું લક્ષ કરાવ્યું છે. ત્યાં બહુ સારી વાત છે. બે-ત્રણ પાના ભરીને છે. 'સ્વામી કાર્તિકેય'માં. સમજાણું કાંઈ? સ્વામી કાર્તિકેયનું (પુસ્તક) ત્યાં છે, અહીં નથી. મારી પાસે અહીં નથી. જુઓ! અહીં લખ્યું છે. અભેદદષ્ટિમાં એ વિષય નથી. તેથી અભેદનયની દઢ શ્રદ્ધા કરાવવા કહ્યું. પર્યાયનય છે તે વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી ભેદબુદ્ધિનું એકાંત નિરાકરણ કરવા માટે આ કહ્યું છે એમ જાણવું. એમ એમાં છે. ખ્યાલ છે ક્યાંક છે ખરું. સમજાય છે કાંઈ? શું કહ્યું?

અહીંયાં અભેદની દષ્ટિ કરાવી તે એકાંત ભેદનું નિરાકરણ કરવા માટે. એકાંત ભેદ છે એટલી જ વસ્તુ છે એમ નહિ. એકાંત ભેદ છે, પર્યાય છે એવડી જ વસ્તુ છે એમ નથી. ચંદુભાઈ! એકાંત ભેદનું નિરાકરણ કરવા, અભેદ ઉપર દષ્ટિ લગાવવા ભેદને અભૂતાર્થ કહ્યું છે. સમજાય છે કાંઈ? નથી એમ નહિ. વ્યવહારનયનો વિષય પર્યાય છે. વ્યવહારનયનો વિષય ગુણ-ગુણીભેદ છે, નથી એમ નહિ. પણ એકાંત ઉપર દષ્ટિ પડી છે તેનું નિરાકરણ કરવા, અભેદ તરફ ઝુકાવવા ભેદને અસત્યાર્થ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ ત્યાં હશે લાંબુ, કાઢ્યું છે? એમાં ઘણું લાંબુ છે. ત્યાં એમ નથી કે આ ભેદ છે તે અસત્યાર્થ કહ્યું માટે વસ્તુનું સ્વરૂપ નથી, પર્યાય નથી એમ નથી. જુઓ! અહીં આ કહ્યું છે.

એ જ આશયથી અધ્યાત્મ કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો અને ગૌણને વ્યવહાર કહ્યો. વ્યવહારને ગૌણ કહ્યો એમ નહિ. નિશ્ચયને મુખ્ય કહ્યો એમ નહિ. મુખ્યને નિશ્ચય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું. બહુ સરસ વાત લીધી છે. મુખ્ય કહો કે અભેદ કહો. ગાથા છે-૩૧૧-૩૧૨. ૩૧૧-૩૧૨ ગાથામાં એનું ઘણું સ્પષ્ટીકરણ છે. અહીંયાં બહુ ચાલ્યું હતું. પહેલા એ આવ્યા હતા ને? કોણ ઈ? ઈસરીમાં રહેતા હતા. છોટેલાલજી. અને વર્ણી. વર્ણીજી ગુજરી ગયા. સુમેરચંદ વર્ણી. અહીં આવ્યા હતા. ઘણી ચર્ચા થઈ હતી. જુઓ! ઈ વખતે કબુલ કરે, પાછા ફરી જાય. વળી જ્યાં બીજો સંગ મળે તો ફરી જાય. ભાઈ! અમારે ભાઈ પણ કાલે કહેતા હતા કે અહીંયાં બરાબર .. લાગે ને બહાર જાય ત્યાં ફરી જાય. વળી વિચાર આવે કે તપસા નિર્જરા છે ને? તપસા નિર્જરા છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ સમજવું અને શ્રદ્ધા કરવી, તત્ત્વ નિર્ણય કરવો. તત્ત્વ નિર્ણય કરવો એ જ ઉપાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે કે વ્રત, તપ પાળે, દયા, દાન કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે પણ જ્યાં સુધી તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી સમકિત નથી થતું. એ કારણ જ નથી. સમજાય છે કાંઈ? ક્યાં છે એઈ? તત્ત્વ નિર્ણયનો અધિકાર ક્યાં છે? આપણને કાંઈ બધું યાદ છે? નવમામાં ક્યાંક છે. સમજાણું? ત્યાં સુધી તેનો-તત્ત્વ નિર્ણયનો અધિકારી નથી. એમ લખ્યું છે, હોં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- થોડો શુદ્ધ છે જ નહિ. સમ્યગ્દર્શન એ જ શુદ્ધ છે. પૂર્ણ શુદ્ધ ચારિત્ર સહિત વીતરાગતા થાય તે શુદ્ધ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું લે? પણ શુદ્ધતા સમ્યગ્દર્શન લે? એ શુદ્ધતા છે. રાગની શુદ્ધતા છે જ નહિ. ઠીક, પ્રશ્ન તો કરે ને. કેટલામે પાને છે? ૨૬૫. સાતમા અધિકારમાં આવ્યું. અહીંયાં આવ્યું, '**જુઓ! તત્ત્વવિચારની મહિમા! તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે,...**' ભલે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ કરે. '**ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચરણાદિ કરે છતાં તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી...**' ભાઈ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'. 'ટોડરમલે' તો શાસ્ત્રનો નિચોડ કાઢીને કહ્યું છે. ઘરની કોઈ વાત નથી કરી, હોં! કોઈ ભલે જૂઠા ઠરાવે, પોતાના અભિમાનથી. અભિમાનથી. '**તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચરણાદિ કરે,...**' બસ, વ્યવહાર કરો. '**છતાં તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વવિચારવાળો એ વિના પણ...**' શાસ્ત્રના અભ્યાસ વિના, વ્રત, તપાદિક વિના, દેવાદિકની પ્રતીતિ વિના '**સમ્યક્ત્વનો અધિકારી થાય છે.**' સમજાય છે કાંઈ? પહેલા તત્ત્વનો નિર્ણય કરવો એ જ ઉપાય છે. એ તો કરવો નથી અને બીજામાં લાગી જાય. સ્વતંત્ર છે, અનાદિથી કરે છે એમાં શું થયું?

મુમુક્ષુ :- ન થાય ત્યાં સુધી તો...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- ન થાય તો આ નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો એ નથી?

મુમુક્ષુ :- તત્ત્વવિચાર કરવો એમાં જાણે શુભભાવ આવતો જ નથી.

ઉત્તર :- તત્ત્વવિચારમાં શુભભાવ વિકલ્પ નથી આવતા? 'મોક્ષમાર્ગ પ્રકાશક' છે ને? જુઓ! એમાં છે. સાતમામાં છે. તમારે આવશે ને એમાં? એમાં છે જુઓ! ૨૬૦ પાને. તમારે બપોરે આવશે.

'જુઓ! તત્ત્વવિચારનો મહિમા! તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે,...' તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે. દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ કરે. ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક, નિયમાદિક પાળે, તપશ્ચરણાદિ કરે તેને તો સમકિત થવાનો અધિકાર નથી. અધિકાર નથી. એને તો રાગનું કર્તૃત્વબુદ્ધિ પડી છે.

મુમુક્ષુ :- કરોડો રૂપિયાના દાન કર્યા ને મંદિર બંધાવ્યા નહિ?

ઉત્તર :- ધૂળમાંય મંદિર બંધાવ્યા નથી. કોણ બંધાવે છે?

'**તત્ત્વવિચારવાળો એ વિના પણ...**' એ વિના પણ, એ વિના એટલે કોણ કોણ? દેવાદિકની પ્રતીતિ ન કરે, પહેલી. અંતરદૃષ્ટિમાં આવી ગયું. શાસ્ત્રનો અભ્યાસ ન કરે, વ્રતાદિક ન પાળે, તપશ્ચરણાદિક ન કરે છતાં.. સમજ્યા? '**એ વિના પણ સમ્યક્ત્વનો અધિકારી થાય છે.**' બીજી વાત છે.

'**વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**' જુઓ! આખું પ્રમાણ થઈ ગયું. પછી સ્વભાવ તરફ ઢળવું રહ્યું નહિ, અભેદ તરફ ઢળવું રહ્યું નહિ. ત્યાં નયનું અવલંબન રહ્યું નહિ. ત્યાં તો ભેદાભેદનું જ્ઞાન થઈ જાય છે. જ્યાં સુધી રાગનો પૂર્ણ અભાવ ન થાય ત્યાં સુધી અભેદ ઉપર ઝુકાવ કરીને શુદ્ધનયનો અનુભવ કરવાની વાત કરી છે. એનાથી આત્માનું પ્રયોજન સિદ્ધ થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોંની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com